
# પ્રવચનસાર પ્રવચન

## ભાગ ૫



ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# પ્રવચનસાર પ્રવચન

(ભાગ–૫)

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પ્રવચનસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ઈ.સ. ૧૯૬૮-૬૯ની સાલના શબ્દશઃ સળંગ પ્રવચનો)

(ગાથા-૧૨૩ થી ૧૭૨)

પ્રકાશક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

મુંબઈ

| વિક્રમ સંવત ૨૦૮૦ | વીર સંવત ૨૫૫૦ | ઈ. સન ૨૦૨૪ |
| --- | --- | --- |


**પ્રકાશન**

શ્રી જંબુદ્વીપ દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ, સોનગઢ, તા. ૨૫-૧-૨૦૨૪



**પ્રાપ્તિ સ્થાન**

૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪

૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com, email-info@vitragvani.com



**ટાઈપ સેટિંગ**

**પૂજા ઈમ્પ્રેશન્સ**

ભાવનગર

મો. ૯૭૨૫૨૫૧૧૩૧

## પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

ઉપરોક્ત મંગલાચરણમાં શાસનનાયક મહાવીરસ્વામી બાદ શ્રી ગૌતમ ગણધરને નમસ્કાર કરી જેમને ત્રીજા નંબરે નમસ્કાર કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ વર્તમાન જૈનશાસનના શાસનસ્તંભ છે, જેમણે મૂળ મોક્ષમાર્ગને શાસ્ત્રમાં જીવંત રાખી અનેકાનેક ભવ્ય જીવો પર અસીમ ઉપકાર કર્યો છે. સાંપ્રત જૈનસમાજ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવથી સુચારુરૂપે પરિચીત છે જ. તેમ છતાં તેમના પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને તેઓશ્રી પ્રત્યે ઉપકાર વ્યક્ત કર્યા વિના રહી શકાતું નથી. શ્રીમદ્ ભગવત્ કુંદકુંદઆચાર્યદેવ પ્રણીત પંચ પરમાગમોમાં 'પ્રવચનસાર' શાસ્ત્ર 'દ્વિતીય શ્રુતસ્કંધ'નાં સર્વોત્કૃષ્ટ આગમોમાંનું એક છે. ભગવાન કુંદકુંદાચાર્યના મહિમા દર્શાવતાં અનેક શિલાલેખો આજે પણ મોજૂદ છે. તેમનાં લખેલાં શાસ્ત્રો સાક્ષાત્ ગણધરદેવનાં વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે.

મહાવિદેહક્ષેત્રમાં વિદ્યમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની પ્રત્યક્ષ દિવ્ય દેશના સાંભળી ભરતમાં આવીને ભગવાન કુંદકુંદાચાર્યદેવે અનેક શાસ્ત્રોની રચના કરી છે. જિનશાસનના અનેક મુખ્ય સિદ્ધાંતોનાં બીજ આ 'પ્રવચનસાર' શાસ્ત્રમાં રહેલાં છે. અતઃ આ 'પ્રવચનસાર' ગ્રંથ છે એ ભગવાન શ્રી સીમંધરસ્વામીના દિવ્ય સંદેશા જ છે. ત્રણ વિભાગમાં વિભાજીત થયેલ આ ગ્રંથમાં વસ્તુ સ્વરૂપને સમજાવતાં મૂળભૂત સિદ્ધાંતોનું પ્રતિપાદન થયેલ છે, જે મુમુક્ષુજીવને મહામિથ્યાત્વરૂપી અંધકારને નષ્ટ કરવા માટે દિવ્ય પ્રકાશ સમાન જ છે.

મહા મિથ્યાત્વથી પ્રભાવિત આ દુષમકાળમાં આવા સર્વોત્કૃષ્ટ પરમાગમોનાં સિદ્ધાંતો સમજવાનું અજ્ઞાનીજીવોનું ક્યાં સામર્થ્ય હતું? પરંતુ ભરતક્ષેત્રના અહોભાગ્યે તથા ભવ્યજીવોને તારવા, આ મિથ્યાત્વના ઘોર તિમિરને નષ્ટ કરવા એક દિવ્ય પ્રકાશ થયો! એ છે કહાન ગુરુદેવ!! પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનાં એક અજોડ રત્ન છે! જેમણે સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા ગૂઢ પરમાગમોના રહસ્યોને ઉકેલ્યા. જેમનાં ઘરમાં આગમો ઉપલબ્ધ હતાં તેમને પણ આગમો ઉકેલવાની શક્તિ નહોતી, એવા આ દુષમકાળમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ પ્રભાવના યોગે ઘરે-ઘરે મૂળભૂત પરમાગમોનાં સ્વાધ્યાયની પ્રણાલિકા શરૂ થઈ. દ્રવ્ય, ગુણ, પર્યાય, ઉત્પાદ્, વ્યય, ધ્રૌવ્ય, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત ઈત્યાદિ અનેકાનેક વસ્તુસ્વરૂપને સ્પષ્ટ કરતાં સિદ્ધાંતોનો પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રકાશ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં વચનાનુસાર 'પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનો એક અચંબો જ છે. પૂજ્ય ગુરુદેવશ્રીને શ્રુતની લબ્ધિ હતી. પંચમકાળે નિરંતર અમૃતઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે.' ઈત્યાદિ અનેકાનેક બહુમાનસૂચક વાક્યો પૂજ્ય ગુરુદેવશ્રીની અસાધારણ

પ્રતિભાને વ્યક્ત કરે છે. એવાં ભવોદધિતારણહાર, નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક મૂળ પરમાગમો ઉપર પ્રવચનો આપી દિવ્ય અમૃતધારા વરસાવી છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવું એ આ મનુષ્યજીવનનો અમૂલ્ય આનંદસભર અવસર છે. પ્રસ્તુત ગ્રંથમાં શ્રી પ્રવચનસાર પરમાગમ ઉપર, ઈ.સ. ૧૯૬૮-૬૯માં ચાલેલ પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવેલ છે. તૃતીય ભાગમાં જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપનની ૭૪ થી ૯૬ ગાથા સુધી ચાલેલા ૨૯ પ્રવચનોને સમાવિષ્ટ કરવામાં આવેલ છે.


પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબ સાઈટ (**www.vitragvani.com**), **vitragvani app, vitragvani YouTube channel** જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલે પાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે આ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કરકમળમાં સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી સુધીરભાઈ શાહ, સુરત તથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ, મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com ઉપર ઉપલબ્ધ છે.

પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા, મુંબઈ



ભગવાનશ્રી કુંદકુંદાચાર્ય દેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે

અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં  એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૧૨૭ | ૧૫–૦૧–૧૯૬૯ | ગાથા–૧૨૨–૧૨૩ | ૦૦૧ |
| ૧૨૮ | ૧૬–૦૧–૧૯૬૯ | ગાથા–૧૨૩–૧૨૪ | ૦૧૪ |
| ૧૨૯ | ૧૭–૦૧–૧૯૬૯ | ગાથા–૧૨૪ | ૦૨૮ |
| ૧૩૦ | ૧૮–૦૧–૧૯૬૯ | ગાથા–૧૨૪–૧૨૫ | ૦૪૨ |
| ૧૩૧ | ૧૯–૦૧–૧૯૬૯ | ગાથા–૧૨૫–૧૨૬ | ૦૫૩ |
| ૧૩૨ | ૨૦–૦૧–૧૯૬૯ | ગાથા–૧૨૬ | ૦૬૭ |
| ૧૩૩ | ૨૧–૦૧–૧૯૬૯ | ગાથા–૧૨૬ | ૦૭૯ |
| ૧૩૪ | ૨૨–૦૧–૧૯૬૯ | ગાથા–૧૨૬, શ્લોક–૭–૮ | ૦૯૪ |
| ૧૩૫ | ૨૩–૦૧–૧૯૬૯ | ગાથા–૧૭૨, શ્લોક–૯ | ૧૦૬ |
| ૧૩૬ | ૨૪–૦૧–૧૯૬૯ | ગાથા–૧૭૨, બોલ–૧–૨ | ૧૨૦ |
| ૧૩૭ | ૨૫–૦૧–૧૯૬૯ | ગાથા–૧૭૨, બોલ–૧ થી ૩ | ૧૩૩ |
| ૧૩૮ | ૨૬–૦૧–૧૯૬૯ | ગાથા–૧૭૨, બોલ–૪–૫ | ૧૪૯ |
| ૧૩૯ | ૨૭–૦૧–૧૯૬૯ | ગાથા–૧૭૨, બોલ–૬–૭ | ૧૬૫ |
| ૧૪૦ | ૨૮–૦૧–૧૯૬૯ | ગાથા–૧૭૨, બોલ–૮–૯ | ૧૭૮ |
| ૧૪૧ | ૨૯–૦૧–૧૯૬૯ | ગાથા–૧૭૨, બોલ–૯–૧૦ | ૧૯૦ |
| ૧૪૨ | ૩૦–૦૧–૧૯૬૯ | ગાથા–૧૭૨, બોલ–૧૧–૧૨ | ૨૦૨ |
| ૧૪૩ | ૩૧–૦૧–૧૯૬૯ | ગાથા–૧૭૨, બોલ–૧૨–૧૩ | ૨૧૪ |
| ૧૪૪ | ૦૧–૦૨–૧૯૬૯ | ગાથા–૧૭૨, બોલ–૧૩–૧૪ | ૨૨૬ |
| ૧૪૫ | ૦૨–૦૨–૧૯૬૯ | ગાથા–૧૭૨, બોલ–૧૬–૧૭ | ૨૩૮ |
| ૧૪૬ | ૦૩–૦૨–૧૯૬૯ | ગાથા–૧૭૨, બોલ–૧૮ | ૨૫૦ |
| ૧૪૭ | ૦૪–૦૨–૧૯૬૯ | ગાથા–૧૭૨, બોલ–૧૮–૧૯ | ૨૬૨ |

| | | | |
|---|---|---|---|
| ૧૪૮ | ૦૫–૦૨–૧૯૬૯ | ગાથા–૧૭૨, બોલ–૨૦ | ૨૭૪ |
| ૧૪૯ | ૦૬–૦૨–૧૯૬૯ | ગાથા–૧૯૨ | ૨૮૬ |
| ૧૫૧ | ૧૧–૦૫–૧૯૬૯ | ગાથા–૧૭૨–૧ | ૨૯૯ |
| ૧૫૨ | ૧૨–૦૫–૧૯૬૯ | ગાથા–૧૭૨–૨–૩ | ૩૧૧ |
| ૧૫૩ | ૧૩–૦૫–૧૯૬૯ | ગાથા–૧૭૨–૨–૪ | ૩૧૫ |
| ૧૫૪ | ૧૪–૦૫–૧૯૬૯ | ગાથા–૧૭૨–૪–૬ | ૩૩૦ |
| ૧૫૫ | ૧૫–૦૫–૧૯૬૯ | ગાથા–૧૭૨–૭–૮ | ૩૪૫ |
| ૧૫૬ | ૧૭–૦૫–૧૯૬૯ | ગાથા–૧૭૨––૭–૯ | ૩૫૯ |
| ૧૫૭ | ૧૮–૦૫–૧૯૬૯ | ગાથા–૧૭૨–૯ થી ૧૧ | ૩૭૨ |
| ૧૫૮ | ૧૯–૦૫–૧૯૬૯ | ગાથા–૧૭૨––૧૧–૧૨ | ૩૮૬ |
| ૧૫૯ | ૨૦–૦૫–૧૯૬૯ | ગાથા–૧૭૨––૧૨–૧૩ | ૪૦૦ |
| ૧૬૧ | ૨૨–૦૫–૧૯૬૯ | ગાથા–૧૭૨––૧૬–૧૮ | ૪૧૩ |
| ૧૬૨ | ૨૩–૦૫–૧૯૬૯ | ગાથા–૧૭૨––૧૮–૧૯ | ૪૨૬ |
| ૧૬૩ | ૨૫–૦૫–૧૯૬૯ | ગાથા–૧૭૨––૧૯–૨૦ | ૪૪૦ |

ॐ

श्रीवीतरागाय नमः

# પ્રવચનસાર પ્રવચન

(ભાગ-૫)

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પ્રવચનસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ઈ.સ. ૧૯૬૮ની સાલના શબ્દશઃ પ્રવચનો)

**પોષ વદ ૧૨, બુધવાર, તા. ૧૫.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૨૨-૧૨૩, પ્રવચન-૧૨૭**

આ પ્રવચનસાર. જ્ઞેયતત્ત્વ (પ્રજ્ઞાપન). જ્ઞેય એટલે જ્ઞાનમાં જણાવાલાયક તત્ત્વ. એનું શું સ્વરૂપ છે? દ્રવ્યકર્મનો અકર્તા. આત્મા જડકર્મનો કર્તા નથી એ વાત અહીં સિદ્ધ કરી છે. સમજાણું કાંઈ? જડકર્મ બંધાય પરિણામ પ્રમાણે છતાં એનો આત્મા કર્તા નથી. પરિણામ પ્રમાણે એટલે? જેવો શુભાશુભભાવ આત્મા કરે એટલા પ્રમાણમાં સામે કર્મ બંધાય. ત્યાં એમ બંધાય. .. એટલા પ્રમાણમાં બંધાય, પણ છતાં એનો કર્તા આત્મા નથી. આહા..હા..! જેટલા પરિણામ પોતાના છે શુભાશુભભાવ, એ પ્રમાણે કર્મના રજકણો પોતાથી પોતામાં બંધાય છે. સમજાણું કાંઈ? શુભાશુભ પરિણામ જેટલા, દયાના સાધારણ પરિણામ હોય તો એટલા પ્રમાણમાં પુણ્યના પરમાણુ-રજકણ બંધાય. એ બંધાય પોતાથી. પણ એ પ્રમાણમાં બંધાયને. દયાના પરિણામ થોડા હોય અને વિશેષ પુણ્યના પરમાણુ-રજકણ બંધાય એમ હોય છે? સમજાણું કે નહિ? એ જેટલા પ્રમાણમાં શુભ-અશુભ પરિણામ પોતાની પર્યાયમાં પોતાથી થાય છે, એ જ પ્રમાણમાં કર્મ પોતાથી કર્મરૂપે થાય છે. છતાં એ કર્મની પર્યાયનો કર્તા આત્મા નથી. સમજાણું કાંઈ? આત્મા નથી. એ તો જડની પર્યાય છે.

જુઓ, ટીકા ૧૨૨ની. '**પ્રથમ તો આત્માનો પરિણામ ખરેખર પોતે આત્મા જ છે,...**' જુઓ, એ આત્માના પરિણામ શુભ હોય, અશુભ હોય કે શુદ્ધ હોય. શું કહ્યું?

શેઠી! આત્માના પરિણામના કેટલા પ્રકાર કહ્યા? આ હમણા કહ્યાને. શુભ. એ તો હજી કહ્યાને. એ કહ્યા પછી તમને પૂછ્યું. એ ખબર નથી. થોડું સાંભળે છે. થોડું લક્ષ ત્યાં જાય છે. હમણાં કહ્યું કે પરિણામના ત્રણ પ્રકાર છે એમ કહ્યું. પછી તમને પૂછ્યું. સમજાણું કાંઈ? આત્માના પરિણામ ત્રણ પ્રકારના છે—શુભ, અશુભ અને શુદ્ધ. એ અહીં કહે છે. પરિણામ કહો, ભાવ કહો, એની પર્યાય કહો એ ત્રણ પ્રકારના છે. તો કહે છે કે આત્માના પરિણામ ખરેખર સ્વયં આત્મા છે. એ પરિણામ આત્મા જ છે. શુભ પરિણામ પણ આત્મા છે, અશુભ પરિણામ પણ આત્મા છે અને શુદ્ધ પણ આત્મા છે. સવારની વાત અને બપોરની વાતમાં બહુ ફેર. સમજાણું કાંઈ? અહીં તો પરદ્રવ્યથી ભિન્ન એટલું બતાવવું છે. ચાહે તો મિથ્યાત્વભાવ હોય તોપણ એ આત્માના જ પરિણામ અને આત્મા જ છે. સમજાણું કાંઈ? ચાહે તો દયા, દાનના પરિણામ હોય એ આત્માના છે તો એ આત્મા જ છે. ચાહે તો આનંદના પરિણામ, શુદ્ધ સમ્યગ્દર્શન આનંદના પરિણામ હોય તોપણ આત્માનું પરિણામ આત્મા જ છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**પ્રથમ તો...**' મૂળ વાત એમ કહેવી છે કે, એમ કહે છે. '**આત્માનો પરિણામ...**' ભગવાન આત્મા વસ્તુ જે છે ત્રિકાળ એની પર્યાય, પરિણામ, ભાવ, અવસ્થા સ્વયં આત્મા જ છે. પરિણામ એ જ આત્મા છે. એક આત્માથી... શુભાશુભભાવ તન્મય જડ કાઢ્યું આજે સવારમાં. અહીં તો આત્માના પરિણામ આત્મા જ છે. એ વાત જુદી અને આ વાત જુદી. અહીંયા તો એની પર્યાયમાં થાય છે એનું જ્ઞાન કરાવે છે. સમજાણું કાંઈ? કારણ કે એ કર્મથી થાય છે અને કર્મમાં થાય છે એમ નથી. શુભ, અશુભ, શુદ્ધ પરિણામ કર્મથી થાય છે કે કર્મમાં થાય છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

તો કહે છે કે '**આત્માનો પરિણામ...**' ત્રણ પ્રકારના. એ ખુલાસો કરશે. '**ખરેખર પોતે...**' નામ '**પોતે જ આત્મા છે,...**' રાગ-દ્વેષના પરિણામ થયા એ આત્મા જ છે. સુખ-દુઃખના ભાવ થયા. કલ્પનામાં સુખ-દુઃખ થાયને? આ સુખ છે, આ દુઃખ છે... તો સુખ-દુઃખ કલ્પનાના પરિણામ આત્મા જ છે. આત્માનો ભાવ આત્મા જ છે. સમજાણું કાંઈ? આ તો જ્ઞાનપ્રધાન કથન છેને. 'કારણ કે **પરિણામી પરિણામના સ્વરૂપનો કરનાર હોવાથી...**' જુઓ, કેમકે પરિણામી નામ પદાર્થ, પરિણામી નામ પદાર્થ દ્રવ્ય, જે વસ્તુ દ્રવ્ય એ પરિણામી કહેવામાં આવે છે. કાલે બે વાત કહી હતી એમાં. કાલની વાત યાદ ન રહેને. પરિણામી જે દ્રવ્ય છે તે સહજસ્વભાવની અપેક્ષાએ તેને પરિણામી કહ્યો અને પરિણમતો નથી, પર્યાયમાં આવતો નથી એવી દૃષ્ટિની અપેક્ષાએ પરિણામીને અપરિણામી કહ્યો. એવું કાલે કહ્યું હતું. કાલની વાત ક્યાંથી યાદ રહે? સમજાણું કાંઈ?

અહીં એ કહેવું છે કે પરિણામી વસ્તુ ત્રિકાળી વસ્તુ જે પરિણામી છે તે પદાર્થ. તેને પર્યાયની અપેક્ષાએ દ્રવ્યદૃષ્ટિની અપેક્ષામાં પરિણામીને અપરિણામી કહેવામાં આવે છે. સમજાણું

કાંઈ? પણ અહીં એ વાત નથી લેવી. અહીંયા તો ભગવાન આત્મા કાયમી, અસલી પરિણામ વસ્તુ પરિણામી વસ્તુ એ '**પરિણામના સ્વરૂપનો કરનાર હોવાને લીધે...**' પોતાના શુભ, અશુભ, શુદ્ધ ત્રણ પ્રકારના '**પરિણામના સ્વરૂપનો કરનાર હોવાને લીધે પરિણામથી અનન્ય છે;...**' આત્મા પરિણામથી અનન્ય છે. કાલે કહ્યું હતું. અનન્યનો અર્થ કર્યો હતો કાલે. જુદો નથી, ભિન્ન નથી. કાલે કહ્યું હતુંને? અનન્યનો અર્થ ભિન્ન નથી. સમજાણું કાંઈ?

પરિણામી પોતાના પરિણામનું સ્વરૂપ '**પરિણામના સ્વરૂપનો...**' જુઓ, ભાષા પાછી. એ પરિણામનું જે સ્વરૂપ છે શુદ્ધ, અશુદ્ધ. અશુદ્ધના બે પ્રકાર શુભ (અને અશુભ). એમ કરનાર હોવાથી. પરિણામી પરિણામનું સ્વરૂપ એનો કરનાર હોવાને લીધે પરિણામથી પરિણામી અનન્ય છે. પરિણામી પરિણામથી અનન્ય છે. પરિણામી પરિણામથી અભેદ છે, તન્મય છે. છે? પાનાચંદજી! ક્યાં છે? બતાવો તો ખરા જોડેવાળા ભાઈ! એને ખબર ન પડે. માથે ... કહો, સમજાણું કાંઈ? આ ચોપડામાં નામા જોવા હોય તો આમ કેવા કાઢે સરેરાટ આમ. ફટ... ફટ... ફટ... ત્યાં આગળ રસ છેને રસ. આહા..હા..! કેટલી વાત કરી જુઓને! '**અને જે તેનો તથાવિધ પરિણામ...**' અને તેનો એટલે આત્માનો '**તથાવિધ પરિણામ...**' એ અર્થાત્ શુભ, અશુભ અને શુદ્ધ તથાવિધ-તે પ્રકારનો. જે પ્રકારનો થવાનો હોય એ તથાવિધ તે પ્રકારના પરિણામ. સમજાણું કાંઈ? તે પ્રકારનો. જે પ્રકારના થવાના છે એ પ્રકારના, એમ. જુઓને, તથારૂપ પરિણામ. તે પ્રકારના જે થવાના હતા તે-તથા પ્રકારના પરિણામ. શુભ, અશુભ કે શુદ્ધ ત્રણે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો કર્મની અહીં અમારે ભાષા ભલે ન હોય. એ છે તો એમ જ. પણ તથાવિધ-તે પ્રકારના, એમ. જે પ્રકારના પરિણામનું સ્વરૂપ તે પર્યાયમાં થયું તે પ્રકારનું સ્વરૂપ પરિણામ તે જીવમયી ક્રિયા છે. જીવમયી જ ક્રિયા છે. તે જીવની જ ક્રિયા છે. કેટલા શબ્દ લીધા જુઓ! '**પરિણામી પરિણામના સ્વરૂપનો કરના હોવાને લીધે પરિણામથી અનન્ય છે; અને જે તેને તથાવિધ પરિણામ...**' જે સમયના જે પરિણામ, જે સમયના, જે ક્ષણના જે પરિણામ શુભ, અશુભ કે શુદ્ધ એ પરિણામ '**જીવમયી જ ક્રિયા છે,...**' એ આત્માની ક્રિયા છે. એ કોઈ પરમાણુની ક્રિયા, જડની ક્રિયા છે નહિ. સમજાણું કાંઈ? દયા, દાનનો ભાવ એ શુદ્ધ જીવની ક્રિયા છે પુણ્ય. હિંસા, જૂઠું, ચોરીના પરિણામ તે જીવની અશુભ ક્રિયા છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જીવની શુદ્ધ પરિણામમયી ક્રિયા છે. સમજાણું કાંઈ?

'**કારણ કે સર્વ દ્રવ્યોને...**' સર્વ પદાર્થ. હવે સર્વ પદાર્થ લીધા. પહેલા લીધું હતું તે આત્માના બધા લીધા હતા. સમજાણું? પહેલા આત્માની વ્યાખ્યા કરી હતી. હવે '**સર્વ દ્રવ્યોને પરિણામલક્ષણ ક્રિયા આત્મયપણે સ્વીકારવામાં આવી છે;...** ' લ્યો એ

આત્માપણે એટલે પોતાપણે. ઓલો આત્મા એટલે આ આત્મા (દ્રવ્ય) એમ નહિ. સર્વ દ્રવ્યની. પહેલા લીધો આત્મા. પહેલા લીધો આત્મા અને આત્માના પરિણામ પરિણામીનું સ્વરૂપ હોવાથી અનન્ય છે. કેમકે જીવમયી ક્રિયાનો પ્રકાર... આત્મા જીવ છે. હવે એ જીવ કેમ છે? એમાં સર્વ દ્રવ્યનું દૃષ્ટાંત. છ દ્રવ્યના. કે '**સર્વ દ્રવ્યોમાં...**' બધા દ્રવ્ય. ઓલામાં તો એકલો આત્મા જ લીધો હતો. સર્વ દ્રવ્યો—આત્મા હોય, પરમાણુ હોય એક પોઈન્ટ. '**પરિણામલક્ષણ ક્રિયા...**' પરિણામલક્ષણ ક્રિયા. સર્વ પદાર્થની એ સમયની પરિણામલક્ષણ ક્રિયા '**(પોતામયપણે) સ્વીકારવામાં આવી છે;...**' જેમ આ એક પરમાણુ. જુઓ, એ તો જડ છે. ઘણા રજકણનો પિંડ છે આ તો. આ આત્મા નથી. એ આત્મામાં છે જ નહિ. આ તો ભિન્ન છે. તો એના એક-એક પરમાણુ, પોતાના પરિણામલક્ષણ એવી જે ક્રિયા થાય છે એ ક્રિયા એની પોતાની છે એમ સ્વીકારવામાં આવી છે. એવી ક્રિયા પરમાણુની પરમાણુમાં છે એમ સ્વીકારવામાં આવી છે. આત્માથી એમ થાય એમ નથી. સમજાણું કાંઈ?

ભાષા હોય છેને ભાષા. જુઓ, ભાષા પરમાણુ છે માટી અજીવ. તો એની જે પર્યાય છે એ મય સ્વીકારવામાં આવી. સર્વ દ્રવ્યોના પરિણામ એ મય સ્વીકારવામાં આવ્યા છે. એ ભાષાની પર્યાય જડમય છે તો જડમાં સ્વીકારવામાં આવી છે. એ પરિણામ આત્માથી થયા છે, આત્મામાં છે કે એ પરિણામ આત્માથી થયા અને આત્મામય છે એમ નથી. કહો, સમજાણું કાંઈ?

'**સર્વ દ્રવ્યોને પરિણામલક્ષણ ક્રિયા આત્મમયપણે સ્વીકારવામાં આવી છે;...**' પ્રત્યેક આત્મા, પ્રત્યેક પરમાણુ અને ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ છ દ્રવ્ય ભગવાને જોયા છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે છ દ્રવ્ય જાતિએ, સંખ્યાએ અનંત (જોયા છે). ભગવાને જે અનંત દ્રવ્ય જોયા તો સર્વ દ્રવ્યના પરિણામ એક ક્ષણની અવસ્થા તેના સ્વરૂપે સ્વીકારવામાં આવે છે. જેના જે પરિણામ તે તે દ્રવ્યના સ્વીકારવામાં આવ્યા છે. બરાબર છે? કેટલો ભેદ બતાવે છે જુઓ! '**સર્વ દ્રવ્યોને પરિણામલક્ષણ ક્રિયા...**' પાછું એમ છેને? '**આત્મમયપણે...**' આત્માપણે છેને? આત્મામય છેને? છેટી ક્યાં છે? લક્ષણ કહ્યું પછી. '**સર્વ દ્રવ્યોને પરિણામલક્ષણ ક્રિયા...**' પછી શું છે? બફમ થઈ જાય છે. આત્મમયી.. જુઓ છોકરો કહે છે. આત્મામયી. તો આત્મામયીનો અર્થ શું? આત્માની.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પોતાના આત્માની.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બસ. આત્મા શબ્દ લીધો છેને. મય. પોતામયી. પોતામયી. પોતાસ્વરૂપમય છે એ. સમજાણું કાંઈ? આ તો બહુ ધ્યાન રાખે એ માટે જરી... ન ધ્યાન રાખેને. વળી ક્યારે પૂછશે? ક્યાં લખ્યું છે?

'**સર્વ દ્રવ્યોને...**' નામ સર્વ દ્રવ્યોને '**પરિણામલક્ષણ ક્રિયા આત્મમયી** (પોતામયપણે) **સ્વીકારવામાં આવી છે;...**' આ પરમાણુની પર્યાય પરમાણુપણે સ્વીકારવામાં આવી છે. આત્માના પરિણામની ક્રિયા આત્મામય સ્વીકારવામાં આવી છે. ધર્માસ્તિ પદાર્થની ક્રિયા પરિણામ એ ધર્માસ્તિના દ્રવ્યમય ક્રિયા સ્વીકારવામાં આવી છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે! પ્રવચનસાર. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દ્રવ્યની સ્થિતિ. સર્વદ્રવ્ય .. આટલી વાત મારે કરવી છે પણ સર્વ દ્રવ્યના પરિણામ જે છે એ એના છે એમ સ્વીકારવામાં આવે છે. એમ આત્માના પરિણામ આત્મામય સ્વીકારવામાં આવ્યા છે. શુદ્ધભાવ હો, અશુભભાવ હો, કે શુભ હો. ધર્મ પરિણામ હો કે અધર્મ શુભાશુભ પરિણામ હોય, પણ આત્મામય પોતાની સ્વીકારવામાં આવી છે. એ ક્રિયા કોઈ બીજાની છે, બીજાથી થઈ છે એમ સ્વીકારવામાં આવતું નથી. કહો, સમજાણું કાંઈ?

'**અને વળી જે (જીવમયી) ક્રિયા છે...**' હવે જીવમય આવ્યું. એ સાધારણની વાત પહેલા કરી દીધી. '**અને વળી જે (જીવમયી) ક્રિયા છે...**' જીવમય એટલે આત્મામય. જુઓ, જીવ અને આત્મા બેય એક શબ્દ વાપર્યો છે. એ કોઈ જીવ જુદો અને આત્મા જુદો એમ નથી. '**જે (જીવમયી) ક્રિયા છે...**' કૌંસમાં લેવું પડ્યું. '**આત્મા વડે સ્વતંત્રપણે પ્રાપ્ય હોવાથી કર્મ છે.**' શું કહ્યું? કાર્ય સિદ્ધ કર્યું. કે આત્મા પોતાનો શુભ-અશુભભાવ અને શુદ્ધભાવની ક્રિયારૂપ પોતાથી થાય છે એ જીવમયી-આત્મામયી ક્રિયા હોવાથી આત્મા પોતાના શુભ, અશુભ, અશુદ્ધ અને શુદ્ધ પરિણામ આત્મા દ્વારા, કર્તા દ્વારા સ્વતંત્રપણે પ્રાપ્ય નામ પહોંચે છે માટે તેને કર્મ કહેવામાં આવે છે. ક્રિયાને કર્મ કહેવામાં આવે છે. કેમકે એ પોતા વડે પુણ્ય-પાપના ભાવને અને ધર્મભાવને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રભાવને અથવા શુભ-અશુભભાવને પોતા વડે સ્વતંત્રપણે, આત્મા વડે સ્વતંત્રપણે એ ક્રિયાને પહોંચે છે, પ્રાપ્ત કરે છે. તો એ ક્રિયાને કર્મ કહેવામાં આવે છે. સ્વતંત્રપણે કર્તા છે. કોઈની અપેક્ષા નથી. કર્મ છે તો શુભ થાય છે, કર્મનો અભાવ હોય તો શુદ્ધ થાય એમ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ?

આત્મામાં ધર્મની પર્યાય થઈ તો કર્મનો અભાવ થઈને એટલી અપેક્ષા રાખીને થઈ એમ નથી. એમ આત્મામાં શુભ-અશુભભાવ થયો તો કર્મના ઉદયની અપેક્ષા રાખીને કર્તા થઈને વિકારી પરિણામ જીવ કરે છે એમ નથી. સમજાણું કાંઈ? ભારે ભાઈ આમાં. જિનેન્દ્રજી! સમજાય છે કે નહિ? આહા..હા..! સાંભળવા લાવ્યા છે, એને બહુ રસ છે. કે અમારી સાથે લાવ્યા. સાંભળવા લાવ્યા છે. આહા..હા..! ભગવાન આત્મા પોતાની પુણ્ય-પાપ અને શુદ્ધભાવની ક્રિયા પોતા વડે, પોતા વડે. નિમિત્ત વડે નહિ, પર દ્વારા નહિ, સંયોગ દ્વારા નહિ, કોઈનો સંબંધ થયો એ વડે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સંબંધ થયો એ દ્વારા નહિ. પોતાના સંબંધ દ્વારા થયું છે એમ કહે છે. સ્વતંત્ર શબ્દ વાપર્યો છે. અહીં સ્વતંત્રનો અર્થ સ્વતંત્રપણે કરે તે કર્તા. નીચે લીધું છે જુઓ. નીચે લીધું છે જુઓ નોટ. '**પ્રાપ્ય = પ્રાપ્ત થવા યોગ્ય.**' બે અર્થ કર્યા જુઓ, '**(જે સ્વતંત્રપણે કરે, તે કર્તા;...**' જુઓ, અર્થ. અને '**કર્તા જેને પ્રાપ્ત કરે—પહોંચે, તે કર્મ.)**' બેય અર્થ એમાં આવી ગયા. સમજાણું કાંઈ? આ તો તત્ત્વની વાસ્તવિકતા શું છે, એ જ્ઞેય શું વાસ્તવિકપણે. જ્ઞેય એટલે આત્મા તો જ્ઞેય છે. પરમાણુ જ્ઞેય, છએ દ્રવ્ય જ્ઞેય છે કે નહિ? તો છએ દ્રવ્યનું જ્ઞેયપણું જ્ઞાનમાં યથાર્થપણે આવનાર. તો જ્ઞેયનું યથાર્થ પોતાનું શું સ્વરૂપ છે એ બતાવે છે. જુઓ! કેટલી સ્પષ્ટતા કરી દીધી છે લ્યો! ઓહો..હો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈ શું? તારા પરિણામ તે કાળે તથાવિધના પરિણામને... એ પરિણામસ્વરૂપ એનો કર્તા .. હોવાથી.. કર્તાની વ્યાખ્યા સ્વતંત્રપણે કર્તા હોવાથી.. ધર્મની વ્યાખ્યા કે એને તું પહોંચી જાય છે, પ્રાપ્ત કરે છે એ કારણે તેને ધર્મની પર્યાયને પણ કર્મ કહેવામાં આવે છે અને શુભાશુભ પરિણામને પણ કર્મ નામ કાર્ય કર્મ કહેવામાં આવે છે. કાર્ય છે. સમ્યગ્દર્શનની પર્યાયરૂપી પરિણામ પોતાની જીવમયી ક્રિયા હોવાથી, સ્વતંત્રપણે કર્તા હોવાથી તે સમ્યગ્દર્શનના પરિણામને પામે છે માટે સમ્યગ્દર્શનને કર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? હવે સવારનું પકડે અને પછી આ પકડે તો એવું લાગે. શું છે? આ તો પણ કાલનું હતું. ઠીક છે. જુઓ, કૈલાસચંદજી આ સાંભળે છે ... આવી ગયું. કૈલાસચંદજી છેને અહીંયા? બુલંદશહર. એક હજાર રૂપિયા ભેટ આપ્યા. .. છે કે નહિ? જુઓ. પ્રવચનસાર સાંભળીને. કૈલાસચંદજીને રસ ઘણો છેને? તો એક હજાર રૂપિયા ભેટ આપું છું કહે. સમજાણું કાંઈ? જુઓ, આ પ્રવચનસાર. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગદેવ તેના સિદ્ધાંતનો સાર. શેઠ!

કર્મ. શું કહે છે જુઓ, '**(જીવમયી) ક્રિયા...**' એટલે કે શુભ, અશુભ અને શુદ્ધ એવા પરિણામ જીવમયી ક્રિયા. તે આત્મા વડે... કર્તા આત્મા છે. આત્મા વડે સ્વતંત્રપણે ધર્મની પર્યાય કે શુભાશુભ અધર્મની પર્યાય. એ આત્મા કર્તા સ્વતંત્રપણે પ્રાપ્ય, એ પોતાના કર્મને પહોંચી વળે છે. એ રાગાદિભાવને, દયા-દાનના ભાવને કે શુદ્ધ ધર્મભાવને આત્મા પોતાથી પ્રાપ્ત પહોંચી વળે છે. તો તે પરિણામને કર્મ કહેવામાં આવે છે. કહો, શેઠી! બરાબર છે. આ તો ઘૂંટાવીએ છીએ બે-ત્રણ-ચારવાર. ... છે. સમજાણું કાંઈ? આત્મા જીવમયી ક્રિયા-આત્મામયી ક્રિયા હોવાથી. કઈ આત્મામય ક્રિયા? શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ અને અશુભભાવ હિંસા, જૂઠું, ચોરી, કામ, ક્રોધનો ભાવ અને શુદ્ધભાવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, આનંદની પર્યાયનો ભાવ. સમજાણું કાંઈ? એવી જે જીવમયી ક્રિયા. એ ત્રણે જીવમયી ક્રિયા છે.

'**તે આત્મા વડે સ્વતંત્રપણે પ્રાપ્ય...**' નામ પહોંચી વળે છે. આત્મા તેને સ્વતંત્રપણે પોતાની પર્યાયને પહોંચે છે. ઓહો..હો..! જુઓ, ઓલામાં આવ્યુંને. અંતરંગકારણ.. ગોમ્મટસારમાં આવ્યું. અંતરંગ કારણ દર્શનમોહનો અભાવ.. ઠીક! હવે ઓલા કહે કે અંતરંગ કારણ તો પોતાનું પરિણામ અને .. ઉપચારથી ગુરુનો ઉપદેશ. ..મી ગાથા. ઉપચારથી. ક્યાં શું છે કઈ અપેક્ષાએ... આગ્રહ નથી. .. એ જ્ઞેયતત્ત્વ છેને. સ્વતંત્ર તત્ત્વ છે. દ્રવ્ય પોતાનો આત્મા પોતાની પર્યાયને સ્વતંત્રપણે, ધર્મની પર્યાય હોય કે શુભાશુભભાવની પર્યાય હોય એ પોતે સ્વતંત્રપણે પ્રાપ્ત કરે છે, એ તેને પહોંચી જાય છે. સમજાણું કાંઈ? કોણ કરે? એ કર્મ છે. આત્માનું એ કર્મ છે. ધર્મપર્યાય આત્માનું કર્મ છે. સમજાણું કાંઈ? અને શુભાશુભ પરિણામ પણ આત્માનું કર્મ છે. ત્રણેને કર્મ શબ્દ કહ્યા છે. ...

પરિણામી પોતાનું પરિણામ સ્વરૂપ.. પરિણામ સ્વરૂપ. ... હોવાથી જ્ઞાનસ્વરૂપ કરનાર હોવાથી એ અનન્ય પરિણામ છે પોતાથી. દરેક દ્રવ્યની જે પરિણામ ક્રિયા છે તે પોતાથી સ્વીકારવામાં આવી છે. પોતાથી સ્વીકારવામાં આવી છે, બીજાથી થઈ એમ સ્વીકારમાં આવી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીંયા એ પર્યાય પોતાની છે એટલો સ્વીકાર કરે છે. પરથી ભિન્ન છે. એમાં સ્વભાવની વાત જ્યારે ચાલે તો તો સ્વભાવ ભગવાન આત્મા ત્રિકાળ જ્ઞાતા-દષ્ટા સ્વભાવનો જ્યાં અનુભવ થયો તો એ શુભ-અશુભ વિકલ્પનો તો જ્ઞાતા-દષ્ટા છે. એ શુભ-અશુભ વિકલ્પ છે તે પુદ્ગલ સાથે તન્મય છે. અહીં ભિન્ન પડ્યો, રાગથી ભિન્ન પડ્યો, ભિન્ન થયો તો રાગને પરમાં નાખી દીધો. પોતાને જ્ઞાતા-દષ્ટા બનાવી દીધો. સમજાણું કાંઈ?

'**માટે...**' આ કારણે '**પરમાર્થથી આત્મા પોતાના પરિણામસ્વરૂપ...**' માટે પરમાર્થે આત્મા પોતાના પરિણામસ્વરૂપ. પરિણામ શબ્દે શુભ-અશુભ બેય. '**એવા તે ભાવકર્મનો જ કર્તા છે,...**' જુઓ, એ ભાવકર્મનો જ કર્તા છે. '**પરંતુ પુદ્ગલપરિણામસ્વરૂપ દ્રવ્યકર્મનો નહિ.**' પોતાના પરિણામસ્વરૂપ કર્મનો કર્તા છે. જડ પુદ્ગલનો બનીને આત્મા જ્ઞાનાવરણીય બંધાય છે, બાંધે છે એમ નથી. આહા..હા..! એમ આવે છે કે નહિ? જ્ઞાનની અશાતના કરનારો જીવ પોતાના પરિણામનો કર્તા છે અને એ પરિણામને આત્મા પહોંચે છે એમ કહે છે. છ પ્રકારે જ્ઞાનાવરણીય બંધાય છે. તો છ પ્રકાર છે જ્ઞાનની અશાતના કરવી, જ્ઞાનને વિઘ્ન કરવું. સમજાણું? જ્ઞાનનો દ્વેષ કરવો, દુર્વિનય. જેની પાસેથી મળ્યું હોય એ છુપાવવું એવો ભાવ જે આત્મા કરે છે તો એ ભાવ આત્મા જ સ્વતંત્રપણે કરે છે અને એ ભાવને પહોંચે છે. અને એ વખતે જે જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે તો નિમિત્તમાં આત્મા એ છ પ્રકારે જ્ઞાનાવરણીયનો ભાવ કર્યો, તો એ આત્માથી કર્મનો બંધ થયો એમ નથી. પુદ્ગલ કર્મ પોતાની પર્યાયને, પોતાના પરિણામને કરનાર સ્વીકારવામાં આવ્યો. સમજાણું કાંઈ? આહા..હા..! .. પ્રવચનસાર. આટલું સ્પષ્ટ છે. એમાં પણ ગડબડ કરે. '**પુદ્ગલપરિણામસ્વરૂપ**

**દ્રવ્યકર્મનો નહિ.**' લ્યો!

'**હવે અહીં એમ પ્રશ્ન થાય કે (જીવ ભાવકર્મનો જ કર્તા છે તો પછી) દ્રવ્યકર્મનો કોણ કર્તા છે?**' એ કર્તા કર્તા કોણ? એ વખતે બરાબર જ્ઞાનાવરણીય બંધાય, દર્શનાવરણીય બંધાય. જુઓ, જેટલા પરિણામ દયાના, એટલા પરમાણુ શાતાના બંધાય છે, એમ હિંસાના પરિણામ અશાતાના બંધાય છે. એ બંધાય એ પરિણામનો કર્તા કોણ? કર્મના રજકણની પર્યાય જે થાય છે શબ્દરૂપ એનો કર્તા કોણ? જડને ખબર છે કે હું આમ થાઉં? આત્મા એનો કર્તા છે કે નહિ? ..નું શું કામ છે? એના પર્યાયના પરિણમનનો કાળ જ એવો છે. તથાવિધ પરિણામ એ પણ કર્મના તથાવિધ પરિણામ છે.

'**તો તેનો ઉત્તર આ પ્રમાણે છે :— પ્રથમ તો પુદ્ગલનો પરિણામ ખરેખર પોતે પુદ્ગલ જ છે,...**' જુઓ, એ આત્માની વાત લીધી, હવે પુદ્ગલની વાત લે છે. જ્ઞાનાવરણીય આદિ જે પુદ્ગલકર્મ બંધાય છે. તો એ પુદ્ગલ પરિણામ ખરેખર પોતે પુદ્ગલ છે. એ પરિણામ પુદ્ગલ જ છે. એમાં એ કહ્યું હતુંને કે આત્માના પરિણામ ખરેખર આત્મા છે એમ કહ્યું હતું. પહેલી લીટીમાં. એજ અહીં કહ્યું. પુદ્ગલના પરિણામ જે કર્મ બંધાણું એ કર્મરૂપી પર્યાય તે પુદ્ગલના પરિણામ ખરેખર પોતે પુદ્ગલ છે એ કર્મ જ છે. જ્ઞાનાવરણીયની પર્યાય જે બંધાણી, પુદ્ગલની પર્યાય તે પુદ્ગલ જ છે. આત્માથી બંધાણી નથી. જુઓ, અપ્પા કત્તા વિકત્તા.. આત્મા પરનો કર્તા અને આત્મા પરનો ભોક્તા. પરકર્મનો કર્તા તો આત્મા નથી. પોતાના વિકારી પરિણામ કરે અને ધર્મની પર્યાય કરે, બસ. વિકારીને ભોગવે અને અવિકારીને ભોગવે. પરનો કર્તા નથી, પરનો ભોક્તા નથી. લ્યો એ કાલે આવ્યું હતુંને ટીકામાં નહિ? એ કહે છે કે આત્મા ખાતો નથી, પીતો નથી. લ્યો! સોનગઢમાં એમ કહે છે. આત્મા ખાતો નથી. કોણ ખાય છે? કોણ ખાય પીવે? આ .. પરમાણુની જે પર્યાય છે એ પરમાણુથી એ (પરિણામ) અભિન્ન છે. એ પરમાણુથી એ પરિણામ અભિન્ન છે. તે પરમાણુની પર્યાય છે. જુઓ.

'**પુદ્ગલનો પરિણામ ખરેખર પોતે પુદ્ગલ જ છે,...**' દાળ-ભાત આવે છે. જુઓ, દાળ-ભાત હોયને. એય..! શું કહે છે? રોટલી લ્યો. રોટલી-રોટલી. આ રોટલીનો ટૂકડો લ્યો. રોટલીના રજકણ જે છે તે પર્યાયપણે ઉપર-નીચે થઈને ટૂકડો થાય એ પરિણામનો કર્તા પુદ્ગલ છે અથવા તે પરિણામ પુદ્ગલ જ છે. તે પરિણામ પુદ્ગલ છે, તે પરિણામ આત્મા નથી. એ માટે તો કહે છે અહીંયા. આ તો બહારની વાત ક્યાં? પણ એટલા પ્રમાણમાં કર્મ બંધાય, જેટલા પ્રમાણમાં પરિણામ થાય તેટલા બંધાય તોપણ એનો કર્તા નથી. એમાં બહારની વાત તો ક્યાં આવી? આહા..હા..! ભારે વાત ભાઈ! ... આવી સરસ સ્પષ્ટ વાત. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માએ સ્પષ્ટ કરી દીધી. સમજાણું કાંઈ? જુઓ, કુંદકુંદાચાર્યે કેટલું... ઓહો..હો..! જંગલમાં રહીને વીતરાગ ભાવ અંદરમાં ઝૂલતા હતા. વિકલ્પ આવ્યો.

.. ભગવાન! પુદ્ગલના પરિણામ પુદ્ગલથી થયા છે. એટલે પુદ્ગલના પરિણામ તો પુદ્ગલમય છે. એ પુદ્ગલ જ છે. એ પુદ્ગલમય એમ નથી.

'**પુદ્ગલનો પરિણામ ખરેખર પોતે પુદ્ગલ જ છે,...**' પંડિતજી! એ ઓલાની સાથે મેળવ્યું છે. '**કારણ કે પરિણામી પરિણામના...**' એ પરમાણુ પરિણામી છે. પરમાણુ. કર્મના પરમાણુ પરિણામી છે. એ '**પરિણામના સ્વરૂપનો કરનાર...**' પોતાની બંધની પર્યાય જે પરમાં થઈ, પોતાના સ્વરૂપમા પરિણામોથી '**પરિણામથી અનન્ય છે;...**' તે પરિણામી પુદ્ગલ પોતાના પરિણામથી એકમેક છે. આત્માથી ભિન્ન છે. આહા..હા..! '**અને જે તેનો તથાવિધ પરિણામ છે...**' જુઓ, અહીંયા પણ તથાવિધ પરિણામ લીધા જોયું! તે પ્રકારના એના પરિણામ છે ત્યાં. અભેદ છે ત્રિકાળ... જાણવાના પરિણામ .. પરિણામ તથાવિધ, .. તથાવિધ તે પ્રકારના. '**તેનો તથાવિધ પરિણામ છે તે પુદ્ગલમયી જ ક્રિયા છે,...**' કર્મ જે બંધાણા એ કર્મની ક્રિયા છે, પુદ્ગલની ક્રિયા છે. આત્માની ક્રિયા નથી. '**કારણ કે સર્વ દ્રવ્યોને...**' અહીંયા પાછું બધાનો અર્થ. જુઓ, અહીં સિદ્ધ કરવું છે પુદ્ગલનું, ત્યાં સિદ્ધ કરવું છે આત્માનું. પણ સર્વ દ્રવ્યનું દૃષ્ટાંત આપ્યું હતું. અહીંયા પણ સર્વ દ્રવ્ય લીધું.

'**સર્વ દ્રવ્યોને...**' જગતમાં જેટલા પદાર્થ ભગવાને અનંત દીઠા તેને '**પરિણામસ્વરૂપ ક્રિયા પોતામય હોય છે એમ સ્વીકારવામાં આવ્યું છે;...**' સમજાણું કાંઈ? ઓહો..હો..! એ રોટલીના એક-એક પરમાણુ, દાળ-ભાતના એક-એક પરમાણુ એક-એક. એની જે પર્યાય આમ થાય છે, ટૂકડા થાય છે. તે એક એક પરમાણુથી તે પરિણામ અનન્ય છે. એ પરિણામની ક્રિયા પરમાણુથી થઈ છે. અને પરમાણુ પરિણામથી અનન્ય છે એટલી વાત. આત્માથી થઈ નથી.

મુમુક્ષુ :- દાંતથી ન થઈ?

ઉત્તર :- દાંત પણ નહિ. દાંત વળી કેવા? દાંતની પર્યાય દાંતથી થઈ, પુદ્ગલની પર્યાય પુદ્ગલથી થઈ. રોટલીની પર્યાય રોટલીથી થઈ, દાંતની પર્યાય દાંતથી થઈ. દાંતની પર્યાયથી રોટલીનો ટૂકડો થયો એમ નથી. એમ કહે છે. .. ના પાડી. એય..! શેઠી! દાંત છે એ જડના પરિણામ છે. એ દાંતના પરમાણુના પરિણામ આમ-આમ થાય છે તો એ પરિણામ પરમાણુ જડની સાથે અનન્ય છે. એ પુદ્ગલે કર્યું તે. આ દાંતના પરમાણુ સાથે અનન્ય છે. રોટલીની પર્યાય રોટલીના પરમાણુ સાથે અનન્ય છે. એની સાથે અનન્ય નથી. બધું ભિન્ન-ભિન્ન છે.

મુમુક્ષુ :- નજરે દેખાય છેને.

ઉત્તર :- ક્યાં નજરે દેખાય છે? ભાન વિનાનો જોવે છે. અહીં તો એમ કહે છે કે અમે તો એમ નથી જોતાં. અમે તો એમ જોઈએ છીએ કે પરિણામ પરિણામીથી થયા એમ અમે તો જોઈએ છીએ. ભારે વાત! સમજાણું કાંઈ? આહા..હા..!

**'સર્વ દ્રવ્યને પરિણામસ્વરૂપ ક્રિયા પોતામય હોય છે...'** પોતામય હોય છે, પોતામય હોય છે. **'એમ સ્વીકારવામાં આવ્યું છે;...'** જુઓ, સમજાણું કાંઈ? દાળ, ભાત, રોટલીના એક-એક પરમાણુ પોતાના પરિણામથી તન્મય હોવાથી અને એ તથાવિધ પરિણામ પુદ્ગલમય હોવાથી પુદ્ગલના છે. અને એ પરિણામ એના છે એવો સ્વીકાર તે પોતાના આત્માથી થયો. રાગ થયો વિકલ્પ. સમજાણું? પણ વિકલ્પના પરિણામ પોતાથી સ્વીકારવામાં આવ્યા. અહીં તો એ લીધુંને? વિકલ્પના પરિણામ પોતાથી સ્વીકારવામાં આવ્યા છે અને જડની પર્યાયના પરિણામ જડથી સ્વીકારવામાં આવ્યા. એય..!

ચોખાનો એક-એક રજકણ પોતાની પરિણામરૂપી ક્રિયા લક્ષણવાળી ક્રિયાથી તન્મય છે. પાણીના પરમાણુથી ચોખા ચડે છે એમ વસ્તુમાં છે નહિ. એક-એક પરમાણુ સ્વતંત્ર છે. સમજાણું કાંઈ? ભારે સ્પષ્ટ કર્યું જુઓ. એક-એક પરમાણુ ... દાંત ચાલે છે એ પર્યાય તથાવિધ પરિણામ, તે પ્રકારના પરમાણુમાં .. એ પરિણામની ક્રિયા એની જડમાં રહે છે. પુદ્ગલ એ પુદ્ગલ હોં! એ પુદ્ગલ નહિ. રોટલીની પર્યાયનો પુદ્ગલ એનાથી ભિન્ન છે. દરેક પરમાણુ ભિન્ન છે તો વળી આ શું? ઓહો..હો..! સમજાણું કાંઈ? દાંતની પર્યાયથી રોટલીનો ટૂકડો થયો એમ સિદ્ધાંત ના પાડે છે. એમ છે નહિ. પ્રવચનસાર છેને? દિવ્યધ્વનિનો સિદ્ધાંત કહો. સમજાણું? સિદ્ધાંત કહો કે સિદ્ધ થયેલી વસ્તુ કહો. આહા..હા..! સમજાણું કાંઈ? .. ભાઈ! સિદ્ધાંત પા કલાક કહ્યું. સિદ્ધાંત આમ કહે છે. ઓહો..! મહારાજ તો પા કલાક તો દરરોજ ગાથા બોલે છે. એમ કહેતા હતા તે દિ'. ૭૭માં. તે દિ'. એ તો બધું ભૂલી ગયા. પા કલાક સિદ્ધાંતની ગાથા... સિદ્ધાંત એમ કહે છે, સિદ્ધાંત એમ કહે છે. સમજાણું કાંઈ? ગાથા વિના બોલે છે મહારાજ. ભારે! .. પછી બધું ફરી ગયું. છે કે નહિ હવે? છે કે નહિ? ... કહો, સમજાણું કાંઈ?

**'સર્વ દ્રવ્યો...'** જગતમાં ભગવાને જેટલા દ્રવ્ય જોયા છે. કેવળજ્ઞાની પરમાત્માએ જેટલા અનંત પરમાણુ, અનંત આત્મા જોયા તે બધા પરિણામ પોતાની પર્યાય જે એ સમયે થાય છે, તે પુદ્ગલની પર્યાય પુદ્ગલમાં છે, આત્માની પર્યાય આત્મામય છે. કોઈની પર્યાય કોઈથી થઈ છે એમ ત્રણ કાળમાં બનતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! તત્ત્વ અનંત છે તો અનંતપણે કેમ રહે? અનંત એ સમયની પર્યાય જે .. છે એનો કર્તા છે અને એ એની ક્રિયા અને એ એનું કર્મ છે. આત્મા જડના પરિણામનો કર્તા છે એમ ત્રણ કાળ, ત્રણ લોકમાં નથી. આહા..હા..! પણ આ તો ... તો બહુ કામ કરે છે. રાત-દિવસ. શેઠ! તમારે તો બીડીનું ઘણું કામ ચાલે છે. કેટલી મોટરું ચાલે છે? જાવ મોટર લઈ જાવ. પાંચ લાખ બીડી ત્યાં, પાંચ લાખ બીડી.. કોણ કરે? આહા..હા..! એક-એક બીડીના એક-એક પરમાણુ પોતાની વર્તમાન જે પર્યાય પરિણામ થાય છે તે પરમાણુ સાથે તન્મય છે. તો એ પરિણામ એ પરમાણુની ક્રિયા છે. જ્ઞાનચંદજી! તમારી ક્રિયા નથી એમ કહે છે. આ શું કહે છે? જુઓને.

**'સર્વ દ્રવ્યોને પરિણામસ્વરૂપ ક્રિયા પોતામય હોય છે એમ સ્વીકારવામાં આવ્યું છે;...'** જુઓ, બીડીના એક-એક પરમાણુ પુદ્‌ગલ છે કે નહિ? આ રૂપિયાના પરમાણુ પણ દ્રવ્ય, બીડીનો એક-એક રજકણ દ્રવ્ય. એક-એક. બીડી તો અનંત રજકણનો પિંડ છે. અને શું કીધું? પૈસો તમારો. રૂપિયો. આ નોટ. નોટ તો અનંત પરમાણુનો પિંડ છે. પણ એક-એક પરમાણુની એ સમયમાં જે પર્યાય, જે પરિણામ, જે અવસ્થા, જે ક્રિયા થાય છે તેનો કર્તા તે પરમાણુ છે, બીજો નહિ. એમ વસ્તુનું સ્વરૂપ એવું છે. જિનેશ્વર કહે છે દેખો! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો ત્રણ કાળમાં ભગવાને કહેલો સિદ્ધાંત છે. માને નહિ એટલે (કહે), જુઓ, અમે આમ કરીએ છીએ. ધૂળેય નથી કરતો. અભિમાન કરે છે. શું કરે છે? તારા સિવાય કોઈ પરદ્રવ્યના પરિણામ તારે આધીન છે? એ પરિણામ સ્વતંત્રપણે એ પુદ્‌ગલ, આત્મા પોતાના જે પરિણામ થયા તેનો સ્વતંત્રપણે કર્તા અને તેને કર્મ કહેવામાં આવે છે. અહીં તો કહે છે કે જડકર્મના પરિણામ થાય બંધન એ તારું કાર્ય નથી. સમજાણું કાંઈ?

**'અને વળી જે (પુદ્‌ગલમયી) ક્રિયા છે તે પુદ્‌ગલ વડે સ્વતંત્રપણે...'** જુઓ, એ કર્મના બંધનના એક-એક પરમાણુ પોતે સ્વતંત્રપણે (થાય છે). આત્માએ રાગ-દ્વેષ કર્યો તો કર્મને પરિણામરૂપ થવું પડ્યું એમ નથી. **'પ્રાપ્ય હોવાથી કર્મ છે. માટે પરમાર્થથી પુદ્‌ગલ પોતાના પરિણામસ્વરૂપ એવા તે દ્રવ્યકર્મનું જ કર્તા છે,...'** જુઓ, **'પરંતુ આત્માના પરિણામસ્વરૂપ ભાવકર્મનું નહિ.'** જુઓ, અહીં નાખ્યું. બેય નાખ્યું. કર્મ અને પુદ્‌ગલ આ માટી છે માટી. તો આ પરિણામ જે થાય છે એ અવસ્થા-અવસ્થા. એ અવસ્થાનો કર્તા પરમાણુ છે, આત્મા નહિ. અને કર્મના પરિણામનો કર્તા કર્મ છે. પર્યાય એમાં થાય છે એ. એ આત્માનો ભાવકર્મ રાગ-દ્વેષનો કર્તા નથી. આહા..હા..! એમ છે.

**'આત્માના પરિણામસ્વરૂપ ભાવકર્મનું નહિ.'** આહા..હા..! કર્મનો ઉદય થાય તે જડનું પરિણામ છે. એ જડના પરિણામનો કર્તા એ પુદ્‌ગલ છે. એ પરિણામ આત્માના વિકારી પરિણામનો કર્તા નથી. બિલકુલ નથી. વિકારી પરિણામ થાય છે તે પોતાથી, પોતામાં, પોતાને કારણે સ્વતંત્ર થાય છે. ખબર નથી શું ચીજ છે, શું થાય છે? આંધળે આંધળા કરો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી ત્યાં. ધર્મ કોને કહે, પરિણામ કેમ થાય એની તો ખબર નથી. ક્યાંથી ધર્મ થયો? કહો, સમજાણું કાંઈ? કર્મ જે જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મ છેને? કહે છે કે એ પુદ્‌ગલના પરિણામ છે. અને એ પરિણામ પુદ્‌ગલની ક્રિયા છે. અને પુદ્‌ગલ સ્વતંત્રપણે એ કર્મની પર્યાયનો કર્તા છે. એ કર્તા હોય એનો, પણ આત્માના વિકારી પરિણામનો કર્તા પુદ્‌ગલ છે એમ નથી. સમજાણું કાંઈ? પ્રેમચંદજી! ભાવ કર્યોને તમે કે આમ કરવું છે. એ ભાવપાપ. એ પાપનો કરનાર જીવ છે. કર્મથી થયું એમ નથી એમ કહે છે. શું કરીએ ભાઈ!

અમને કર્મનું જોર છે તો ભાવ આવે છે. મૂઢ છે? કોણ કહે છે તને એવું? કોણે કીધું તને આવું? ભગવાન તો કહે છે કે કર્મના પરિણામ કર્મ કરે છે. તારા પરિણામનો કર્તા કર્મ છે જ નહિ. ભગવાન તો એમ કહે છે, ભગવાનના શાસ્ત્રો એમ કહે છે, ભગવાનના સંતો, સાધક એમ કહે છે. સમજાણું કાંઈ? તારી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના પણ ઠેકાણા નથી. સમજાણું કાંઈ?

'**પરંતુ આત્માના પરિણામસ્વરૂપ ભાવકર્મનું નહિ.**' સમજાણું કાંઈ? **તેથી (એમ સમજવું કે)...**' એક લીટી છે આગળ એ બાજુ. '**તેથી (એમ સમજવું કે) આત્મા આત્મસ્વરૂપે પરિણમે છે,...**' જુઓ, ભગવાન આત્મા પોતાના પરિણામસ્વરૂપે પરિણમે છે. આત્મસ્વરૂપે પરિણમે ભાષા લીધીને? પુણ્ય-પાપને એ બધું આત્મસ્વરૂપે છેને. '**પુદ્‌ગલસ્વરૂપે નથી પરિણમતો.**' કર્મની પર્યાયપણે આત્મા કોઈ દિ' થતો નથી. થતો નથી. ભિન્ન-ભિન્ન છે બધું.

'**હવે, શું તે સ્વરૂપ છે કે જે-રૂપે આત્મા પરિણમે છે—તે કહે છે :—**' ગાથા-૧૨૩. શું એ ચૈતન્યનું સ્વરૂપ છે કે જે એ સ્વરૂપપણે આત્મા થાય છે, પોતાની પર્યાયપણે થાય એ શું છે? એમ શિષ્યનો પ્રશ્ન છે. ૧૨૩.

**परिणमदि चेदणाए आदा पुण चेदणा तिधाभिमदा।**
**सा पुण णाणे कम्मे फलम्मि वा कम्मणो भणिदा।।१२३।।**
**જીવ ચેતનારૂપ પરિણમે; વળી ચેતના ત્રિવિધા ગણી;**
**તે જ્ઞાનવિષયક, કર્મવિષયક, કર્મફળવિષયક કહી. ૧૨૩.**

સમજાય એવી વાત છે હોં, ન સમજાય એવી વાત નથી. કેમ સમજાય છે કે નહિ? એય..! નરેશ! સમજાય છે કે નહિ? છોકરાઓએ રહેવાનું છેને પાછળ-પાછળ?

ટીકા. એ ટીકાનો અન્વયાર્થ લઈએ. કે '**આત્મા...**' આ આત્મા '**ચેતનારૂપે પરિણમે છે.**' જુઓ, ભાષા! આત્મા તો પોતાની ચેતના. જાણવું-દેખવું, રાગ અને હરખ-શોક એવી ચેતનારૂપે થાય છે. બસ. આત્મા કાં જ્ઞાન-દર્શન-આનંદરૂપે હોય અને કાં પુણ્ય-પાપના ભાવરૂપે ચેતના પરિણમે. પોતાની ચેતનાપણે થાય છે. પરની ક્રિયાપણે આત્મા કદી થયો નથી. સમજાણું કાંઈ? અંદર શબ્દાર્થ? '**આત્મા ચેતનારૂપે પરિણમે છે. વળી ચેતના ત્રણ પ્રકારે માનવામાં આવી છે;...**' ભગવાને ચેતનાના ત્રણ પ્રકાર કહ્યા છે. ક્યા ત્રણ? એક '**તેને જ્ઞાન સંબંધી,...**' કઈ? ખુલાસો આવશે. હું જ્ઞાન છું, હું આનંદ છું, એવી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચેતના, સમ્યગ્દર્શન ધર્મ. હું પુણ્ય-પાપથી ભિન્ન, પરથી ભિન્ન, પોતાના આનંદસ્વરૂપથી અભિન્ન—એવી દૃષ્ટિ થતાં પોતામાં આનંદ અને શાંતિ અને સમ્યગ્દર્શનના પરિણામ થયા તે જ્ઞાનચેતના પરિણામ કહેવામાં આવે છે. ધર્મને જ્ઞાનચેતના પરિણામ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હું શુદ્ધચિદાનંદ સ્વરૂપ છું. જ્ઞાનાનંદ જ્ઞાનજ્યોતિ છું. ચૈતન્યસૂર્ય હું છું. હું રાગ નથી,

પુણ્ય નહિ, પાપ નહિ, શરીર નહિ. એવા સ્વભાવનું ભાન થતાં જે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને શાંતિ વીતરાગી પર્યાય થાય તેને જ્ઞાનચેતના, ધર્મચેતના, ધર્મપર્યાય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ત્રણ બોલ છેને? જ્ઞાનસંબંધી, કર્મસંબંધી. નીચે ખુલાસો કરશે. કર્મ શબ્દે પુણ્ય-પાપના ભાવ એ કર્મચેતના. શુભ, અશુભ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ તે કર્મચેતના છે, વિકારી પરિણામ છે. એ કર્મચેતનારૂપે પણ આત્મા થાય છે. સમજાણું કાંઈ? જડકર્મ નહિ. શુભ-અશુભભાવ, દયા, દાન, વ્રતના શુભભાવ તે કર્મચેતના છે, વિકારી પરિણામ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ અશુભ વિકારી કર્મચેતના પરિણામ છે. એ આત્મા એ પરિણામપણે થાય છે. સમજાણું કાંઈ?

**'અથવા કર્મના ફળ સંબંધી એમ કહેવામાં આવી છે.'** જુઓ, ખાવા-પીવાનું ફળ આત્મામાં નથી આવતું એમ કહે છે. પોતામાં સુખ-દુઃખની કલ્પના થાય છે કલ્પના, કે આ પૈસા છે તો હું સુખી છું. પૈસાથી સુખ નથી મૂઢ છે એ તો. પૈસા તો જડ છે. પણ હું સુખી છું એવી કલ્પના કરે છે તે દુઃખ છે. તે દુઃખને કર્મફળચેતના કહેવામાં આવે છે. કર્મ એટલે જડ નહિ. પોતાના વિકારી પરિણામનું ફળ એ છે. અરેરે! સમજાણું કાંઈ? કલ્પના કરે છેને કે હું સુખી છું. અરે! પ્રતિકૂળતા તો હું દુઃખી. એ સુખ-દુઃખની જે કલ્પના છે તે કર્મફળચેતના છે. કર્મના ફળરૂપ છે. કર્મના વિકારી પરિણામ એના ફળરૂપ છે એ. સમજાણું કાંઈ? એ આત્માના પરિણામ આત્મા કરે છે સ્વતંત્રપણે. પરને કારણે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રોટલીના જડમાં આવ્યું. આત્મામાં શું આવ્યું? આહા..હા..!

મુમુક્ષુ :- .. શરીરમાં આવ્યું?

ઉત્તર :- શરીરમાં આવે ક્યાંથી? કોઈમાંય આવ્યું નથી, શરીરમાંય આવ્યું નથી. રોટલાના પરિણામ એનું ફળ એમાં આવ્યું. શરીરના પરિણામનું ફળ શરીરમાં આવ્યું. આત્માના પરિણામનું ફળ આત્મામાં આવ્યું. બહુ વાત! ભગવાનની તત્ત્વદૃષ્ટિ સમજવી અને એ સમજ્યા વિના ધર્મ ત્રણ કાળમાં થતો નથી. સમજાણું કાંઈ?

જુઓ, ટીકા છેને? **'જેથી ચૈતન્ય તે આત્માનું સ્વધર્મવ્યાપકપણું છે...'** ચૈતન્ય જે ગુણ છે ત્રિકાળ એ આત્માના સ્વધર્મવ્યાપક. પોતાના ધર્મમાં વ્યાપક-ફેલાવ-વિસ્તાર છે. ભગવાન આત્મા એમાં ચૈતન્ય વ્યાપક છે. ફેલાવો-વિસ્તાર. આત્મામાં કોઈ જડપણું છે કે વિકારપણું છે એમ નથી અંદરમાં. ચૈતન્યપણું છે. વસ્તુનો ચૈતન્યપણે વિસ્તાર થયો છે. સૂર્ય પોતાના પ્રકાશમાં ફેલાયેલો છે. બરાબર છે? એમ આત્મા પોતાના ચૈતન્યગુણમાં ફેલાયેલો છે. **'તેથી ચેતના જ આત્માનું સ્વરૂપ છે,..'** જુઓ, તેથી એ ચેતના, એ આત્મા વસ્તુ, ચૈતન્ય ગુણ અને એની ચેતના એના પરિણામ થવા તે ચેતનાનું સ્વરૂપ છે. **'તે-રૂપે (ચેતનારૂપે) ખરેખર આત્મા પરિણમે છે.'** ચેતના જાગૃતરૂપે કે અજાગૃતરૂપે ચેતના... જાગૃતરૂપે સમ્યગ્દર્શન,

અજાગૃતરૂપે પુણ્ય-પાપના ભાવ અને હરખ-શોક કહ્યો. એ રૂપે આત્મા થાય છે. સમજાણું કાંઈ?

**'આત્માનો જે કોઈ પણ પરિણામ હોય તે સઘળોય ચેતનાને ઉલ્લંઘતો નથી...'** શું કહે છે? આત્માના જે પરિણામ છે શુદ્ધ ધર્મના અને પુણ્ય-પાપના અશુદ્ધ, એ પોતાના પરિણામ પોતાની ઓળંગીને બીજામાં રહેતા નથી. સમજાણું કાંઈ? **'આત્માનો જે કોઈ પણ પરિણામ...'** પરિણામમાં ત્રણે લઈ લેવા. શુભ, અશુભ, શુદ્ધ. **'તે સઘળોય ચેતનાને ઉલ્લંઘતો નથી...'** ભગવાન આત્માની ચેતના પુણ્ય-પાપપણે ચેતાવ, હરખ-શોકપણે ચેતાવ કે આનંદપણે ચેતાવ, એ પરિણામ આત્માને ઉલ્લંઘતો નથી. આત્માની પર્યાય પરમાં જતી નથી. ઓહો..હો..! ભારે વાત! હરખ થઈ જાય છે નહિ? **(અર્થાત્ આત્માનો કોઈ પણ પરિણામ ચેતનાને જરાય છોડતો નથી-ચેતના વગરનો બિલકુલ હોતો નથી)—એમ તાત્પર્ય છે.'** ભગવાન આત્મા પોતાના શુદ્ધધર્મના પરિણામ હોય કે પુણ્ય-પાપના પરિણામ, એની ચેતનાને આત્મા છોડતો નથી-ઓળંગતો નથી, છૂટો થતો નથી. પોતાના પરિણામમાં તન્મય છે. એ ચેતનના પરિણામના ત્રણ પ્રકાર એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૧૩, ગુરુવાર, તા. ૧૬.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૨૩-૧૨૪, પ્રવચન-૧૨૮**

પ્રવચનસાર. ૧૨૩. ટીકાનો છેલ્લો ભાગ છે. **'વળી ચેતના...'** છેને ત્યાં? છે? પન્નાલાલજી ૧૨૩. નીચે. નીચે છે. ત્યાં નહિ. આ ગુજરાતી. શું કહે છે? જુઓ, આ આત્મા છે તે ત્રણ પ્રકારે પરિણમન કરે છે. એ ત્રણ પ્રકારનું પરિણમન તે આત્મા જ છે એમ અહીં સિદ્ધ કરવું છે. આત્મા ત્રણ પ્રકારે પરિણમન કરે છે પર્યાયમાં-અવસ્થામાં. એ પરમાં નથી અને પરથી નથી. પરમાં નથી એ પરિણમન અને પરથી નથી પોતામાં. આત્મા પોતાનો ત્રણ પ્રકાર... જુઓ, **'ચેતના જ્ઞાનપણે,...'** એ આત્મા ચેતના જ્ઞાનપણે પરિણમન કરે **'કર્મપણે...'** એટલે વિકારી પરિણામપણે કે **'કર્મફળપણે એમ ત્રણ પ્રકારે...'** આત્મા ચેતનાનું પરિણમન કરે છે. તે આત્મા જ છે. ત્રણે મળીને ત્રણેને આત્મા જ કહે છે અહીંયા તો. સમજાણું કાંઈ? કેમકે પરદ્રવ્યથી ભિન્ન પોતાની પરિણતિમાં ત્રણ પ્રકાર હોય છે તે આત્મા છે એમ

અહીંયા સિદ્ધ કરવું છે.

'**ત્યાં, જ્ઞાનપરિણતિ...**' છે? આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે તે જ્ઞાનપરિણતિ, જ્ઞાનરૂપી પર્યાયથી પરણમે છે, ધર્મરૂપે પરિણમે છે. શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાયકસ્વભાવ હું છું એવી દૃષ્ટિમાં જે સમ્યગ્જ્ઞાનરૂપ આત્માનું પરિણમન થાય છે, દર્શનરૂપ થાય છે, શાંતિરૂપ થાય છે તેને જ્ઞાનપરિણતિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? તે ધર્મપરિણતિ છે. ચૈતન્ય સ્વભાવ જ્ઞાનમૂર્તિ એવી અંતર દૃષ્ટિ કરીને જે પોતે જ્ઞાનરૂપ થવું, રાગરૂપ નહિ, હરખ-શોકરૂપ નહિ. એકલા જ્ઞાન, જ્ઞાનનું પરિણમન થવું તેમાં દર્શન, ચારિત્ર, શાંતિ, ચારિત્ર એટલે આનંદ. એ બધી પરિણતિ નામ પર્યાયને ત્યાં જ્ઞાન પરિણતિ, જ્ઞાનની અવસ્થા, જ્ઞાનની દશા તે આત્મા છે એમ અહીંયા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાનપરિણતિ (જ્ઞાનરૂપે પરિણતિ)...**' એટલે અવસ્થા, દશા. '**તે જ્ઞાનચેતના,...**' તે જ્ઞાનચેતના. ચેતના જ્ઞાનસ્વભાવ તો ત્રિકાળ છે. પણ એ તરફની દૃષ્ટિમાં જે શુદ્ધ જ્ઞાનનું પરિણમન સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન, શાંતિ, આનંદ આદિની અવસ્થા થવી જેનું નામ ધર્મ છે, જેનું નામ મોક્ષનો માર્ગ છે એવી જ્ઞાનરૂપી પરિણતિ તે આત્માની છે. આત્મા તે રૂપે થાય છે. સમજાણું કાંઈ? ભારે! બીજી '**કર્મપરિણતિ...**' પુણ્ય-પાપનો શુભ-અશુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, કામ, ક્રોધનો ભાવ. તે બે ભાવને કર્મ કહેવામાં આવે છે. તો કર્મપરિણતિ, વિકારીભાવને કર્મપરિણતિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ પણ આત્મા જ છે. અહીં તો એ સિદ્ધ કરવું છે. સવારમાં શું આવ્યું હતું?

મુમુક્ષુ :- પુદ્‌ગલ.

ઉત્તર :- પુદ્‌ગલ. વ્યવહારથી જે કહ્યું હતુંને. એની પર્યાયમાં છે. અહીંયા એના નિશ્ચયમાં છે એમ સિદ્ધ કરવું છે. નિશ્ચય નામ સ્વપર્યાય એમ. દ્રવ્ય-ગુણમાં નથી. ત્રિકાળી ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્યજ્યોત એમાં તો પુણ્ય-પાપ, વિકલ્પ હરખ-શોકનો ભાવ, દયા, દાન કે પુણ્ય-પાપના શુભ-અશુભભાવ છે નહિ, પણ એની પર્યાયમાં છે. જે ત્યાં વ્યવહારથી કહ્યું હતું. તે અહીંયા પોતાની પર્યાયમાં નિશ્ચયથી છે એમ કહેવામાં આવ્યું છે. ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિથી તે ત્રિકાળ દ્રવ્ય-ગુણમાં નથી, પણ પર્યાયમાં છે એ અપેક્ષાએ વ્યવહારથી સત્ય છે એમ કહેવામાં આવ્યું હતું. નિશ્ચયથી છે તે સ્વભાવની અનુભવની દૃષ્ટિમાં પોતામાં પોતાથી નથી. પોતામાં અને પોતાથી એ છે નહિ. સમજાણું કાંઈ? અહીં આત્માની પર્યાયમાં રાગાદિનું પરિણમન થાય છે તો આત્મા જ છે એવું પરથી ભિન્ન સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

'**કર્મપરિણતિ તે કર્મચેતના,...**' શેઠી નથી આવ્યા લાગતા. વાર લાગે એને. દયા, દાન, વ્રત, ભક્તિ, શુભ, અશુભભાવ તેને અહીંયા કર્મ-કાર્ય, આત્માનું વિકારી કાર્યરૂપ કર્મચેતના કહેવામાં આવે છે. કારણ કે એની પર્યાયમાં થાય છે અને એની પર્યાયના અસ્તિત્વમાં એમાં

જ સમાપ્ત છે. બહારમાં છે નહિ. બહારથી થયું નથી અને બહારમાં એ છે નહિ. પોતાની પર્યાયને છોડી બહારમાં એ ભાવ છે નહિ. સમજાણું કાંઈ? કર્મપરિણતિનું શું? સમજાણું? જડકર્મ છે તેની તે પરિણતિ તેનું નામ કર્મપરિણતિ. પોપટભાઈ!

મુમુક્ષુ :- પુણ્ય-પાપના ભાવ.

ઉત્તર :- પુણ્ય-પાપના ભાવ. આમ ધ્યાન રાખો અહીંયા. કર્મપરિણતિ અહીં જડની પરિણતિની વાત નથી ચાલતી. જડની પરિણતિની વાત અહીં છે જ નહિ.

મુમુક્ષુ :- બીજી...

ઉત્તર :- બીજી .. અહીં વાત જ નથી. પોતામાં પોતાને ભૂલીને અથવા અસ્થિર કરીને જે પોતાની પર્યાયમાં શુભ-અશુભભાવ છે તે કર્મપરિણતિ કહેવામાં આવે છે. બંધના ભાવને કર્મપરિણતિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? તીર્થંકરગોત્ર જે ભાવે બંધાય એ ભાવ પણ કર્મપરિણતિ છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ જ્ઞાન-ચૈતન્યપરિણતિ, ધર્મપરિણતિ નથી.

અને '**કર્મફળપરિણતિ તે કર્મફળચેતના છે.**' હરખ-શોક એ વિકારનું ફળ હરખ-શોકની દશા તે કર્મફળચેતના છે. હરખ-શોક. ખુશ થવું, દિલગીર થવું, નારાજ થવું, અરતિ કરવી, રતિ કરવી તે ભાવ કર્મફળ, વિકારી પરિણામનું એ ફળ છે, એનું નામ કર્મફળચેતના કહેવામાં આવે છે. એપણે આત્મા જ પરિણમે છે. એ કર્મફળચેતનાને કાંઈ કર્મ કરાવે છે કે કર્મથી કર્મફળચેતના થઈ એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલી વાત! એક બાજુ કહે એક વિકલ્પમાત્ર તીર્થંકર એ પુદ્‌ગલના પરિણામ. આત્માના નહિ. અહીં કહે કે એ આત્માના પરિણામ. જડના નહિ. સમજાણું કાંઈ? કઈ અપેક્ષાએ એ સમજવું જોઈએને. અહીંયા તો પોતાની પર્યાયમાં વિકાર અને હરખ-શોક થાય છે એ પોતાથી. જુઓ, એ પરને ભોગવે છે એમ ન આવ્યું એમાં. શરીરને, અનાજને, ખાન-પાન, મોસંબીને, દાળ-ભાતને આત્મા ખાય છે? ખાતા નથી? નથી ખાતા? ત્યારે કોણ ખાય છે? જડ ખાય છે?

મુમુક્ષુ :- જડ ખાય છે.

ઉત્તર :- જડ ખાય છે. એ જડની પર્યાય જડમાં થાય છે. શું આત્મામાં થાય છે? એ તરફનો જે હરખ છે કે આ ઠીક છે તે રાગને ભોગવવો તે જીવ છે. એ રાગ જીવ ભોગવે છે. પરને તો ભોગવતો નથી. સમજાણું કાંઈ? અને વીંછી અહીં કરડ્યો વીંછી, સર્પ. એનો તો ભોક્તા તો આત્મા છે જ નહિ. એ તો જડની પર્યાય છે. પણ એમાં અણગમો થયો, દ્વેષ થયો ઉંહું..હું... એવા દ્વેષનું એ કર્મફળ છે. પોતાના વિકારી પરિણામનું ફળ એ છે એને ભોગવે છે. સમજાણું કાંઈ? વીંછીના કરડને આત્મા ભોગવતો નથી. લ્યો! કોણ ખાય છે? રાતે શું કહ્યું હતું? થાળી ખાયને. વટલોપી જાય. વટલો એટલે.. આહા..હા..! અરે ભગવાન! કોણ કોને ખાય ભગવાન! એ આત્મા પોતામાં હરખ-શોક કરે છે તેનો તે ભોક્તા છે. આ કર્મચેતના કર્તાની વાત છે, આ ભોક્તાની વાત છે, એ જ્ઞાતાની વાત છે.

ત્રણ બોલ છે. સમજાણું કાંઈ?

આત્મા પોતાનું ચૈતન્ય શુદ્ધસ્વરૂપ તેને જાણીને જ્ઞાતા-દૃષ્ટાપણે પરિણમન થાય એ પોતાની જ્ઞાનપરિણતિ, તે ધર્મપરિણતિ છે, જ્ઞાતા-દૃષ્ટાનું પરિણામ છે. તે ધર્મપરિણામ છે. અને રાગ-દ્વેષ વિકલ્પ જે દયા, દાન, વ્રત આદિ કામ, ક્રોધના પરિણામ થાય તે કર્મચેતના છે. તે કર્મ નામ કાર્ય. તે કર્તાની ચેતના છે. કર્તાપણું, પણ એ કર્તા રાગ અને પુણ્ય-પાપનો કર્તા છે. સમજાણું કાંઈ? અને ભોક્તામાં... ભોક્તા, હરખ-શોકનો ભોક્તા. કોઈ ચીજનું લક્ષ કરીને હરખ થઈ જવો અને નારાજ થવું એવો વિકલ્પ હરખ-શોકની દશા તેરૂપે પરિણમનારો આત્મા કર્મફળ ચેતનામાં પરિણમ્યો એમ કહેવામાં આવે છે. પણ પરની પરિણતિ કરે છે અને પરને ભોગવે એમ તો આત્મામાં છે નહિ એમ કહે છે. બરાબર છે?

મુમુક્ષુ :- સિદ્ધની વાત છેને.

ઉત્તર :- આ આત્માની વાત. સિદ્ધની ક્યાં છે? સિદ્ધમાં તો કર્મફળચેતના છે જ ક્યાં? સમજાણું કાંઈ? સિદ્ધમાં તો એકલી જ્ઞાનચેતના પૂર્ણાનંદનો અનુભવ છે. પૂર્ણાનંદ... પૂર્ણાનંદ... જેવો હતો તેવો પર્યાયમાં થઈ ગયો. હતો એવો થઈ ગયો. ખલાસ થઈ ગયું. અહીંયા હતો એવો થોડો થયો અને થોડો સાથે રાગ અને હરખપણે પરિણમે છે એ પણ એની દશા છે એમ અહીંયા ગણવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? તીખા મરચા આવે છેને? તીખાને શું કહે છે? ચરપરી. તો કહે છે કે તીખાને આત્મા ભોગવતો નથી એમ કહે છે. માત્ર તીખાશની જડદશા તેનું લક્ષ કરીને ઉં..હું..હું.. બહુ તીખું થયું, એવો જે દ્વેષ કરે છે અથવા બહુ તીખાશ બહુ સારું છે, એવો રાગ કરે છે તો એ રાગ-દ્વેષનો ભોક્તા છે. મરચાનો, ગોળનો, સાકરનો, શેરડીનો રસ. શેરડી સમજ્યા? ગન્ના. શેરડીના રસનો ભોક્તા આત્મા નથી એમ કહે છે.

મુમુક્ષુ :- તો શેરડી ખાવી કે ન ખાવી?

ઉત્તર :- કોણ ખાય? હમણા ગયા હતા છોકરાઓ બધા. રસ પીવા નહિ? અહીંયા આપણે બોર્ડિંગ. અહીં. શું કહેવાય આ નાનું ગામ? સુરકા. સુરકા પટેલ છેને. પૈસા દેવા આવશો તો પીવા આવશો નહિ કહે. અમથો પીવો હોય તો આવો. એમ બિચારા એ માણસને. જો તમે પૈસા દેવાના હોય બોર્ડિંગના છોકરાને પીવા માટે, તો આવશો નહિ. પીવા આવવું હોય તો આવજો. ઓલાને આપ્યા હતા પૈસા. સમજાણું કાંઈ? તો શું રસ આત્મા પીવે છે? રસ શું કહ્યું? શેરડીનો રસ નથી આવતો? શેરડી સમજો છો ભાઈ નરેશ? એ શેરડી નથી સમજતા? શેરડીનો સાંઠો હોય છે. એનો રસ કાઢે છેને સંચાથી પીલીને. તો એ રસ આત્મા પીવે છે? નહિ. રસ સંબંધી રાગ કરે છે, પ્રેમ કરે છે. તે પ્રેમનો ભોક્તા છે. સમજાણું કાંઈ? અને અફીણ આદિ આવે તો ઉં..હું..હું.. તો અફીણનો ભોક્તા આત્મા નથી. તો એ સંબંધીનો અણગમો, દ્વેષની પરિણતિ જેને અહીંયા કર્મફળચેતના કહે છે તે પોતાની પર્યાયમાં

પોતાની પર્યાયનો ભોક્તા છે. પરની પર્યાયનો ભોક્તા નથી. સમજાણું કાંઈ?

સુંવાળું શરીર જુએ છે. જુઓ સુંવાળું શરીર છેને? તો શું એનો ભોક્તા આત્મા છે? બાળકને ચુંબતા નથી? તો એ ચુંબનની પર્યાયનો ભોક્તા આત્મા છે? રાગ કરે છે કે આહા..હા..! બાળક સુંદર છે. એવો રાગ કરે છે એ રાગનો ભોક્તા છે, વિકારનો ભોક્તા છે. સમજાણું કાંઈ? તો રાગને કરનાર તે કર્મચેતના અને રાગમાં પ્રેમથી અનુભવ કરવો તે કર્મફળચેતના. તે દુઃખરૂપ ચેતના. એ જ્ઞાનચેતના, એ આનંદચેતના સુખરૂપ. અને રાગ, પુણ્ય-પાપના રાગને કરવા અને તેને ભોગવવા તે દુઃખરૂપ ચેતના. એ દુઃખરૂપ ચેતના પણ પોતાની પર્યાયમાં છે તેને આત્મા કહે છે. સવારમાં તો દુઃખ પરિણામ જીવનું નથી, એ તો જડનું છે એમ કહેવામાં આવે છે. ભારે વાત ભાઈ! એ સ્વભાવ ત્રિકાળ ચિદાનંદજ્યોત છે એવો ભગવાન આત્મા કદી દુઃખરૂપ થયો જ નથી, રાગરૂપ થયો જ નથી. તે સ્વભાવની દૃષ્ટિની વાત છે. સમજાણું કાંઈ? ત્યાં પર્યાયમાં થાય છે તેને ગૌણ કરીને સ્વભાવની દૃષ્ટિ કરાવી છે. અહીં પર્યાયને મુખ્ય કરીને પર્યાયમાં છે એમ બતાવ્યું છે. સમજાણું કાંઈ?

હવે ૧૨૪. 'હવે **જ્ઞાનનું, કર્મનું અને કર્મફળનું સ્વરૂપ** વર્ણવે છે :—' ૧૨૪.

**णाणं अट्ठवियप्पो कम्मं जीवेण जं समारद्धं।**
**तमणेगविधं भणिदं फलं ति सोक्खं व दुक्खं वा।।१२४।।**

નીચે હરિગીત.

**છે 'જ્ઞાન' અર્થવિકલ્પ, ને જીવથી કરાતું 'કર્મ' છે,**
**તે છે અનેક પ્રકારનું, 'ફળ' સૌખ્ય અથવા દુઃખ છે. ૧૨૪.**

આહા..હા..! એવી કોઈ જમીન હશે કે જે જમીનમાં જવાથી આત્મા મરી જાય છે અને દુઃખી થાય એવી કોઈ જમીન હશે? પાનીપતમાં નથી કહેતા? પાનીપત નહિ? પાનીપત સમજો છોને? પાનીપત. કુરુક્ષેત્ર. ત્યાં જાય એની બુદ્ધિ બગડી જાય. એ સાચી વાત છે? ખોટી વાત છે. મૂઢ માને છે. સમજાણું કાંઈ? એમ અમુક ક્ષેત્રમાં જવાથી પોતાને નુકસાન થશે. એ માન્યતા સાચી છે? એ કહે છે કે તારા પરિણામમાં તારાથી થાય છે, પરથી થતું નથી. મૂઢ માને છે એવા અજ્ઞાની. પાપી જીવ એમ માને છે. આહા..હા..! કોઈ મકાન એવું નથી હોતું કે જે મકાન લીધું તેમાં એક પછી એક બધા મરી જાય? જુઓ, અમારે મકાન હતુંને ખુશાલભાઈનું ઉમરાળે. ઉમરાળામાં. તો એક મકાનના ધણી મરી ગયા ઘણા વર્ષ પહેલાં. અમને ખબર છે. ૫૬ની સાલમાં હોં. મગનભાઈ. મોટા વકીલ હતા. એના મોટા ભાઈ હતા. એનું નામ ભૂલી ગયા. એનો ભાઈ હતો નાનો મગન. મરી ગયો. પછી લોકોને વહેમ પડી ગયો કે.. પછી એ રહેતા નહિ. વેચી નાખ્યું. તો અમારે ખુશાલભાઈ છેને મોટા એણે લઈ લીધું. તો એને બીજાએ ભ્રમ ઘાલ્યો. આ તો ભ્રમમાં માને નહિ. પરથી કાંઈ થતું નથી. શું છે? મરે કોણ? પછી જમણ કર્યું જમણ. જમાડ્યા. તો નીચે જરી રાતે એંઠવાડ હોયને.

દાળ-દાળ. દાળ જમીન ઉપર હોયને મીંદડી-બિલાડી. અંદર બે ખાવા આવી. જુઓ, ભાઈ આ ભૂતડા આવ્યા. કાંઈ ભૂતડું બુતડું કાંઈ નથી. જુઓ તો ખરા મીંદડું હશે. એમ... ભૂતડું ક્યાં હતું કહે? અહીં જોવે તો નીચે મીંદડી હતી. મીંદડી સમજ્યા? બિલાડી. એ દાળ નીચે ખાતા-ખાતા એંઠું રહી ગઈ હોય. આવા ને આવા ભ્રમણા. પછી તો ભૂતમહેલ એનું નામ પાડી દીધું. ભૂતિયો મહેલ. કાગળમાં લખે. ક્યાં? ભૂતિયા મહેલની પાસે. લોકો અજ્ઞાની તે કેવા. સમજાણુંને? પછી કોઈ ભાડે ન આવે. ભાડે સમજ્યા? શું કહે છે? ભાડે ન આવે, ખાલી રહે. પછી વેંચી નાખ્યું. તો બ્રાહ્મણે લઈ લીધું. ૫૧૦૦માં ૭૮માં લીધું. ૭૮ની સાલમાં લીધું હતું. ૫૧૦૦ અને પછી અત્યારે તો ૩૦-૪૦ હજારનો. સાડા ચાર હજારે વેંચી નાખ્યું. ઓલા બ્રાહ્મણે પછી ગરી અને વહેમ કાઢ્યો. અંદર ખોદી થોડું. એક હાડકું હતું એ કાઢી નાખ્યું. વહેમ માટે કોઈ છોકરા.. હાડકા સમજ્યાને? અંદર હાડકાની પૂતળી હતી નીચે. તો નાખી દીધી. હવે કાંઈ નથી. એ મકાન વાપરે છે. કાંઈ નથી થતું. મૂઢ જીવોની માન્યતા, અજ્ઞાનીઓની ભ્રમણા કેટલી? સમજાણું કાંઈ? કે આ ક્ષેત્રથી આ થાય છે અને આ ક્ષેત્રથી આ થાય છે. ધૂળેય નથી થતું, સાંભળને!

મુમુક્ષુ :- ..ક્ષેત્રથી દુઃખ થાય છે.

ઉત્તર :- ક્ષેત્રથી દુઃખ થાય કે પોતાથી દુઃખ થાય? એ તો બીજાને. હતું ક્યાં કાંઈ? એક બ્રાહ્મણ છે. સમજાણું કાંઈ? એ અહીં કહે છે જુઓ, પોતાની પર્યાયરૂપ પરિણમનારો પરનો છે નહિ અને પરથી નથી.

'**અન્વયાર્થ :- અર્થવિકલ્પ...**' અર્થવિકલ્પ છે? '**(અર્થાત્ સ્વ-પર પદાર્થોનું ભિન્નતાપૂર્વક યુગપદ્ અવભાસન)...**' અર્થ નામ પદાર્થ. તે સ્વ-પર. સ્વ અને પર. એના અર્થની વ્યાખ્યા થઈ. એ પદાર્થનું ભિન્નતાપૂર્વક ભિન્ન-ભિન્ન ભાસન, એ અવભાસન તે વિકલ્પ છે. શું કહે છે સમજાણું કાંઈ? અર્થ નામ પદાર્થ. એમાં આવશે હોં ટીકામાં. ટીકામાં આવશે લ્યો! '**તે જ્ઞાન છે; જીવ વડે જે કરાતું હોય તે કર્મ છે,...**' જુઓ, જીવ વડે પુણ્ય-પાપનો ભાવ કર્યો તે કર્મચેતના. જીવ વડે વિકારીભાવ, શુભ-અશુભભાવ તે કર્મચેતના છે. સમજાણું કાંઈ? '**તે અનેક પ્રકારનું છે; સુખ અથવા દુઃખ તે કર્મફળ કહેવામાં આવ્યું છે.**' લ્યો! આત્માની પર્યાયમાં ભ્રમણા કરે છે અને ભ્રમણાનો અનુભવ કરે છે તે સુખ-દુઃખની કલ્પના તે કર્મફળચેતના છે. એ પોતાથી છે, પરથી છે નહિ.

'**ટીકા :- પ્રથમ તો,...**' એમ કહેવામાં આવે છે. '**અર્થવિકલ્પ તે જ્ઞાન છે.**' જુઓ, ક્યાંય કોઈ દિ' સાંભળ્યું હતું કે અર્થવિકલ્પ તે જ્ઞાન? શું કહે છે? અર્થ એટલે પૈસો હશે? પહેલી વાત એ છે કે, એમ. મૂળ વાત એ છે કે '**અર્થવિકલ્પ તે જ્ઞાન છે.**' હવે અર્થ અને વિકલ્પ બેનો.. અર્થ વિકલ્પ તે જ્ઞાન. હવે અર્થ કોને કહે છે? વિકલ્પ કોને કહે છે? એનો અર્થ કરે છે. '**અર્થ એટલે શું? સ્વ-પરના વિભાગપૂર્વક રહેલું વિશ્વ તે અર્થ.**'

જુઓ, આત્મા સ્વ અને એ સિવાય બધું પર. તે બે મળીને અર્થ કહેવામાં આવે છે. અર્થ નામ પદાર્થ. પોતાનો આત્મા સ્વ અને પોતાથી પર તે પર. સમજાણું કાંઈ? અર્થ, વિકલ્પ, જ્ઞાન ત્રણ શબ્દ પડ્યા છે. તો અર્થ શું? વિકલ્પ શું અને એનું જ્ઞાન શું? તો કહે છે કે અર્થ નામ '**સ્વ-પરના વિભાગપૂર્વક...**' જુઓ, આત્મા સ્વ અને શરીરાદિ પર. તે બે થયા. તો સ્વ અર્થ અને પર અર્થ. બેનો વિભાગ ભેદપૂર્વક જે રહેલું. બેનું ભેદપૂર્વક. બે એકરૂપ રહેલા એમ નથી. સમજાણું કાંઈ? વિશ્વ કોને કહે છે? કે સ્વ અને પરથી ભિન્નપૂર્વક રહેનાર તેને વિશ્વ કહે છે, તેને અર્થ કહે છે. અર્થ નામ પદાર્થ. તો પદાર્થ બે પ્રકારના—એક સ્વ અને પર. તો સ્વ ભગવાન આત્મા સ્વ અને પર-શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર, ભગવાન ઈશ્વર નિગોદ જીવ આદિ બધું. સ્વ અને પર બેના ભાગપૂર્વક, વિવેકપૂર્વક, વહેંચણી પૂર્વક, ભિન્ન રહેનાર, બે એકરૂપ રહેનાર નહિ. સમજાણું કાંઈ?

'**વિશ્વ...**' નીચે. '**સમસ્ત પદાર્થો—દ્રવ્યગુણપર્યાયો.**' નીચે નોટ. વિશ્વ નામ સમસ્ત પદાર્થો. અર્થ નામ પદાર્થ. એટલે કે દ્રવ્ય-ગુણ-પર્યાય. દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે શક્તિ, પર્યાય એટલે અવસ્થા. '(**પદાર્થોમાં સ્વ ને પર એવા બે વિભાગ છે.**' બે ભાગ છે, બે પ્રકાર છે. '**જે જાણનાર આત્માનું પોતાનું હોય તે સ્વ છે...**' જે જાણનાર આત્માનું પોતાનું હોય તે સ્વ છે. '**બીજું બધું પર છે.**)' સમજાણું કાંઈ? અહીં તો સ્વ જ્ઞાનગુણ પોતાનો છે અને રાગાદિ બધું પર છે. અને બધું પર છે. એવા અર્થનો વિકલ્પ, બેનું ભાસન થવું, બેનું ભિન્ન-ભિન્ન છે એવું ભાસન થવું તેનું નામ વિકલ્પ નામ અર્થનો વિકલ્પ, પદાર્થનું ભેદપૂર્વક જ્ઞાન તેને અહીંયા અર્થ વિકલ્પ જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અડધો કલાક કેમ મોડા આવ્યા? શરીરનું કારણ હશે કાંઈક. કહો, સમજાણું કાંઈ? અડધો કલાક થઈ ગયો. ગાથા ચાલી ગઈ.

અર્થ વિકલ્પ નામ... અર્થ નામ પદાર્થ સ્વ અને પર. એકલો સ્વ જે છે એમ નહિ એમ કહે છે. એકલો પર છે એમ નહિ. ભગવાન આત્મા સ્વ છે અને રાગાદિ બધું પર છે. અર્થવિકલ્પ જ્ઞાન કહેવું છેને અહીં?

મુમુક્ષુ :- રાગ વિકલ્પ નહિ?

ઉત્તર :- રાગ પણ પર છે. અહીં વિકલ્પનો અર્થ રાગ નથી. વિકલ્પનો અર્થ બેનું ભેદપૂર્વક જ્ઞાન તેનું નામ વિકલ્પ. વિકલ્પ નામ રાગ નથી. વિ-કલ્પ, વિશેષે જ્ઞાન. સ્વનું અને પરનું બેનું જ્ઞાન તેનું નામ વિકલ્પ કહે છે. એ વિકલ્પ જ્ઞાનનું સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધીમેથી કહીએ છીએને. ધીમેથી ચાલે છેને. ક્યાં આપણે ઉતાવળ થાય છે આમાં કાંઈ? શાંતિથી જુઓ. અર્થવિકલ્પ તે જ્ઞાન એમ આવ્યું. જ્ઞાનચેતના, કર્મચેતના, કર્મફળચેતના. ત્રણેની વ્યાખ્યા છે. તો પહેલા જ્ઞાનચેતનાનો અર્થ શું? તો કહે છે કે જ્ઞાનચેતના એટલે કે અર્થવિકલ્પ તે જ્ઞાન. તો અર્થવિકલ્પ જ્ઞાનનો અર્થ? કે અર્થ નામ સ્વ અને પર બે પદાર્થ,

એનું અવભાસન. બેનું અવભાસન તે વિકલ્પ. એવું જે જ્ઞાન, તેને જ્ઞાનચેતના કહે છે. સમજાણું કાંઈ?

ફરીને. '**પ્રથમ તો,...**' એમ આવ્યુંને? '**અર્થવિકલ્પ તે જ્ઞાન છે.**' અર્થવિકલ્પ તે જ્ઞાન છે. હવે એનો અર્થ. '**ત્યાં, અર્થ એટલે શું?**' અર્થ એટલે શું? '**સ્વ-પરના વિભાગપૂર્વક...**' સ્વ-પરના બે વિભાગ છે, સ્વ-પરનો બે ભિન્ન ભાવ છે. એવું '**રહેલું વિશ્વ...**' એ વિશ્વને અર્થ કહે છે. સ્વ-પરથી ભિન્નપણે રહેનાર બે પદાર્થને વિશ્વ કહે છે. એકકોર સ્વ અને એકકોર પર બધું. સમજાણું કાંઈ? '**તેના આકારોનું અવભાસન તે વિકલ્પ.**' જુઓ, '**અવભાસવું તે; પ્રકાશવું તે; જણાવું તે; પ્રગટ થવું તે.**' જુઓ, વિકલ્પની વ્યાખ્યા. તેના આકારો એટલે તેના સ્વરૂપ, તેનું સ્વરૂપ. કોનું સ્વરૂપ? પોતાનું સ્વરૂપ ચૈતન્ય શુદ્ધ અને રાગાદિ અને શરીરાદિનું સ્વરૂપ પર. તે બેનું સ્વરૂપ જેવું છે તેવું અવભાસન, ભાન થવું એનું નામ વિકલ્પ કહે છે. તે વિકલ્પ જ્ઞાનનો સ્વભાવ છે. ઘડીકમાં વિકલ્પ આવે રાગ. અહીં બીજી વાત ચાલે છેને. એ વિકલ્પ રાગ એની અહીં વાત નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સ્યાદ્વાદ..

ઉત્તર :- એમ હોય? જેમ હોય એમ કરવું એનું નામ (સ્યાદ્વાદ) જેવો અર્થ કરવો હોય એમ નહિ. જેમ છે એમ કરવું તેનું નામ સ્યાદ્વાદ છે. જેવો કરવો હોય એવો એનું નામ સ્યાદ્વાદ નથી. જેવો છે તેવો અર્થ કરવો તેનું નામ સ્યાદ્વાદ છે. તો રાગને વિકલ્પ કહે છે એ તો કર્મચેતના અને કર્મફળચેતનામાં જાય છે. સમજાણું કાંઈ? એ નહિ અહીંયા. અહીંયા તો આત્મા ચિદાનંદ સ્વરૂપ અને રાગદિ પર. સ્વ અને પરથી બે ભાગરૂપે રહેનાર સમસ્ત વિશ્વ નામ પદાર્થ તેનું અવભાસન, તેનું ભાન થવું તેનું નામ વિકલ્પ. તે જ્ઞાનનું ભાન થવું તેનું નામ જ્ઞાન વિકલ્પ કહે છે.

'**અને દર્પણના નિજ વિસ્તારની માફક...**' લ્યો! જુઓ દૃષ્ટાંત. '**દર્પણના નિજ વિસ્તારની...**' દર્પણ છેને દર્પણ? અરીસો. '**વિસ્તારની માફક (અર્થાત્ જેમ દર્પણના નિજ વિસ્તારમાં સ્વ ને પર આકારો એકીસાથે પ્રકાશે છે તેમ)...**' જુઓ, દર્પણ છે અરીસો. તો દર્પણ પણ દેખાડે છે અને બીજો પદાર્થ શું છે એ પણ દેખાડે છે. સામે પાણી હોય, અગ્નિ હોય, બરફ હોય. એમાં દેખાય એ અગ્નિ નથી અંદરમાં. અંદરમાં જે દેખાય છે તે બરફ, અગ્નિ નથી. એ તો અરીસાની પર્યાય છે. અરીસો પણ દેખાય છે અને અરીસાની જે પર્યાય એકરૂપે પરિણમે છે એ પણ દેખાય છે. સ્વપરનો વિભાવ. '**દર્પણના નિજ વિસ્તારમાં...**' જેમ દર્પણનો નિજ વિસ્તારમાં '**સ્વ ને પર આકારો એકીસાથે પ્રકાશે છે તેમ) જેમાં યુગપદ્ સ્વ-પર આકારો અવભાસે છે એવો જે અર્થવિકલ્પ તે જ્ઞાન.**' આહા..હા..! ભાઈ શાંતિથી આ તો સમજવાની ચીજ છે. સમજાણું કાંઈ?

એક બાજુ એમ કહે છે કે ભાઈ જે દર્પણ છેને દર્પણ? એ દર્પણ જે આખા દર્પણરૂપ

દળ છે, એ જે સ્વપરની આકૃતિનું અહીંયા જે પરિણમન છે પરિણમન, તે પર્યાયરૂપ આખું દળ નથી થયું. સમજાણું કાંઈ? એની પર્યાય એવી થઈ છે. જે એક સમયની ઉપર સ્વચ્છતાની પર્યાય તેમાં સ્વ દર્પણ અને પર એ, એનું જે પર્યાયમાં ભાસન તો એક સમયની દશા અને આખું દળ જે દર્પણરૂપી દળ એ એક સમયની પર્યાયમાં કદી આવ્યું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પણ અંશરૂપે એનું પરિણમન છે તો જ્ઞાનચેતના એની છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

જેમ દર્પણ છે અરીસો. તો અરીસાની પર્યાયમાં-અવસ્થામાં એ અરીસો શું છે એ પર્યાયમાં જણાય છે, પરિણમન થાય છે અને બીજી ચીજ શું એનું પણ પરિણમન છે. એ તો એક સમયની પર્યાયમાં એમ છે. આખા અરીસાનું દળ એરૂપે થઈ ગયું છે? એમ ભગવાન આત્મા જ્ઞાનરૂપી અરીસો ત્રિકાળી દળ, ત્રિકાળી દળ એ તો છે એ છે. એની ઉપર એક સમયની પર્યાયમાં સ્વ અને પરનું જ્ઞાનરૂપી ચેતનાનું પરિણમન થયું તે એક સમયની પર્યાયના ભાવને ચેતના જ્ઞાન કહે છે. સ્વ અને પરનું ભાસન થવું, પર્યાયમાં સ્વપરનું જ્ઞાન થવું તે પર્યાયને જ્ઞાનચેતના કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પણ એ જ્ઞાનચેતના પર્યાય છે. તે આત્મા છે એમ અહીં સિદ્ધ કરવું છેને? સમજાણું કાંઈ? .. સિદ્ધ કરવું હોય ત્યારે તો એક સમયના સ્વપરના ભાસનરૂપી પર્યાય અરીસાના દળમાં પર્યાય નથી. ભગવાન આત્મા દળ ઘન પડ્યો છે એમાં એક સમયની ચેતના પરિણતિ એમાં છે જ નહિ. શું કહ્યું? સમજાણું કાંઈ?

ફરીને. આ તો દર્પણનું દૃષ્ટાંત આવ્યુને? '**દર્પણના નિજ વિસ્તારની માફક (અર્થાત્ જેમ દર્પણના નિજ વિસ્તારમાં સ્વ ને પર આકારો એકીસાથે પ્રકાશે છે તેમ)...**' દર્પણની ઉપલી દશામાં. ઉપલી દશા છેને એ? અંતર આખા દળની દશા છે એ? દર્પણનું આખું દળ જે પડ્યું છે તેની ઉપરની દશામાં અરીસો શું છે અને પર શું છે એનું ભાસન થાય તે એક સમયની પર્યાય, એ દર્પણનો વિસ્તાર. '**સ્વ ને પર આકારો એકીસાથે પ્રકાશે છે તેમ)...**' એમ ભગવાન આત્મા ધ્રુવ દળ ત્રિકાળ ચૈતન્યબિંબ છે તેની એક સમયની પર્યાયમાં સ્વ-પરનું ભાસન થવું, આકાર નામ સ્વરૂપને અવભાસે છે તેનું નામ અર્થ વિકલ્પ. પદાર્થનું ભેદપૂર્વક જ્ઞાનભાસન થવું તેનું નામ જ્ઞાનચેતના કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? તેની પર્યાય સિદ્ધ કરવી છેને અહીંયા તો? જ્ઞાનચેતના, કર્મચેતના અને કર્મફળચેતના.

ખરેખર તો જ્ઞાનચેતના એક સમયની પર્યાય છે તે ત્રિકાળી દળમાં નથી. અહીંયા ત્રિકાળી દળ જે ચૈતન્યઘન છે એમાં એક સમયની પર્યાય એમાં નથી, પણ પર્યાય પર્યાયમાં છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! તત્ત્વ તે કેટલું ભર્યું છે! કેટલા વિસ્તારરૂપ છે! અહીં તો નિજવિસ્તાર એક સમયની પર્યાયને કહ્યો. એમ કહ્યુંને વિસ્તારની માફક. વિસ્તારમાં સ્વ અને પર આકારો ભાસે છે એમ છેને? પર્યાયની વાત છે. આહા..હા..! દર્પણ અરીસો

છેને અરીસો આખો? શીશો સમજો છો ભાઈ? અરીસો-અરીસો. શું કહે છે? આઈના. તો દળ હોય છેને મજબુત દળ. તો આખું દળ (એની) ઉપરની અવસ્થામાં-અરીસાની અવસ્થામાં અરીસો પણ જણાય છે અને સામે અગ્નિ હોય, બરફ હોય એ પણ જણાય. એ એક સમયની ઉપજતી અવસ્થામાં જણાય છે. એમ ભગવાન આત્મા આખું જ્ઞાનદળ પડ્યું છે. એની એક સમયની અવસ્થામાં સ્વ અને પર એવું ભાસન થવું તેનું નામ જ્ઞાનચેતના કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં વિકલ્પનો અર્થ બેનું ભાસન નામ વિકલ્પ. બેનું ભાસન. સ્વ અને પર બેનું. એ વિકલ્પ. રાગ વિકલ્પની અહીં વાત નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભેદજ્ઞાન. સ્વ-પરનું ભાન થવું એ જ વિકલ્પ. બીજો ગુણ છે તે નિર્વિકલ્પ છે. દર્શનગુણ આદિ છે તે નિર્વિકલ્પ છે. કેમકે સ્વ-પરના એમાં બે ભાગ નથી. અસ્તિ રાખે છે. બીજો ગુણ અસ્તિપણું રાખે છે. તો અસ્તિપણું એટલું, પણ એ દર્શનગુણ પોતાને કે આનંદગુણ, આનંદગુણ પોતાને નથી જાણતા અને આનંદગુણ સાથે જ્ઞાન છે તેને નથી જાણતો. તો સર્વ ગુણને નિર્વિકલ્પ કહ્યા. નિર્વિકલ્પનો અર્થ તેને બેનો ભાસ નથી એ અપેક્ષાએ નિર્વિકલ્પ કહ્યો. અને જ્ઞાનની પર્યાયમાં સ્વ-પરનું ભાસન થવું એની અપેક્ષાએ જ્ઞાનની પર્યાયને વિકલ્પ, અર્થનો વિકલ્પ, સ્વપરપદાર્થનું ભાસન તેનું નામ અર્થવિકલ્પજ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ પ્રોફેસરો મારા ત્યાં બોલેને એક કલાક, બે કલાક બધા ધ્યાન રાખે. ઓલા પાસ, નાપાસ ન થાય માટે.

મુમુક્ષુ :- એ તો સહેલું છે.

ઉત્તર :- સહેલું કાંઈ ધૂળમાંય નથી. એ ભલે. સહેલું તો આ છે. કે જેથી છે એવું આ થાય છે એમ. ઓલું નથી એવા ગપ્પા મારે આડાઅવળા. એ તો એમ ન કહેવાય ઓલો વિજ્ઞાનનો હોય.

મુમુક્ષુ :- એ સંયોગની વાત કરે.

ઉત્તર :- સંયોગની. આ તો વસ્તુની સ્થિતિ છે. વસ્તુની સ્થિતિ છે આ. એ તો એની કલ્પનાએ જે કાંઈ ધોરણ બાંધ્યા હોય એ પ્રકારે, ધોરણ બાંધ્યા ધોરણને સમજાવે છે. એ ધોરણ હોય છેને શું? એમાં તો આઠમી ચોપડી એને ધોરણ કહે છે. વર્ગ. ધોરણ અમારે કહે છે. સાતમું ધોરણ, છઠ્ઠું ધોરણ કહે. સમજાણું? ત્યાં એમાં બહુ ધ્યાન રાખે. કેમકે પંદર દિવસ પછી પરીક્ષા આવવાની છે. ધ્યાન રાખો. પછી ભલે ભૂલી જાય, પણ એ વખતે બહુ ધ્યાન રાખે. આ તો બરાબર પોતાની ચીજ છે. તો એના ભાવમાં શું કહે છે? કેવો ભાવ છે? કેવો ભિન્ન? શું કહે છે એનો ખ્યાલ તેને બરાબર મેળવવો જોઈએ. સમજાણું કાંઈ? આ કાંઈ વાર્તા સાધારણ વાત નથી, ભાઈ!

ભગવાન આત્મા જ્ઞાનનો પિંડ તો છે જ. ભગવાન આત્મા જ્ઞાનનું દળ અને પિંડ તો,

ધ્રુવ તો ત્રિકાળ છે જ. પણ એની વર્તમાનદશામાં, વર્તમાન હાલતમાં, વર્તમાન પર્યાયમાં સ્વ આત્મા તે જ્ઞાનપર્યાય અને પર—બધાનું એક સમયમાં ભાસન થવું એનું નામ વિકલ્પ કહે છે. અર્થ નામ સ્વપરપદાર્થ અને બેનું ભાસન એ વિકલ્પ. અર્થવિકલ્પને જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! લ્યો '**એવો જે અર્થવિકલ્પ તે જ્ઞાન.**' લ્યો! સમજાણું કાંઈ? એ જ્ઞાનચેતનાની વ્યાખ્યા કરી. જ્ઞેયતત્ત્વ છેને. તો આત્મા પણ જ્ઞેય છેને. તો આત્મા જ્ઞેયમાં દ્રવ્ય તો ત્રિકાળી છે. એની પર્યાયમાં ત્રણ પ્રકારના પરિણમન છે એ જ્ઞેયતત્ત્વનું સ્વનું સત્ત્વ છે. સમજાણું કાંઈ? આવે છેને ભાઈ! અશુદ્ધ પણ સ્વનો ધર્મ છે, સ્વનું સત્ત્વ છે. નહિ કે પરનું છે. પણ એ તો સ્વભાવમાં નથી એ દૃષ્ટિ જ્યાં થઈ તો પરમાં છે એમ કહેવામાં આવ્યું. કેમકે નીકળી જાય છે, રહેતું નથી, કાયમી ચીજ નથી. તો અસત્ત્વ કહેવામાં આવે છે. પણ એવા સત્ત્વમાં-પર્યાયમાં નથી એમ નથી. અશુદ્ધતા પણ જીવનું સ્વધર્મ છે. ધર્મ નામ અશુદ્ધતા પણ ધારી રાખી છે આત્માએ. એ અશુદ્ધતા ધારણ કરી છે આત્માએ. જડે અશુદ્ધતા ધારણ કરી છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! લ્યો એ પહેલા પેરેગ્રાફની વ્યાખ્યા થઈ.

'**જેમાં યુગપદ્...**' યુગપદ્ આવ્યુંને? એક સાથે. '**સ્વ-પર...**' સ્વ આત્મા અને પર રાગાદિ બધું '**આકારો અવભાસે છે...**' તેનું સ્વરૂપભાસન થાય એવો અર્થ વિકલ્પ તેને જ્ઞાન કહેવામાં આવે છે. એ જ્ઞાનચેતના તે ધર્મ છે. જ્ઞાનચેતનામાં આનંદ છે. સમજાણું કાંઈ? રાગચેતનામાં દુઃખ છે. રાગચેતનામાં દુઃખ છે, કર્મચેતનામાં દુઃખ છે. અને કર્મફળ હરખ-શોક ભોગવવામાં દુઃખ છે, પણ છે તો પોતાની પર્યાયમાં. કોઈ કહે છેને કે ભાઈ સુખ-દુઃખ તો શરીરનો ધર્મ છે. આત્માનો નહિ. કહો, સમજાણું કાંઈ?

'ખોરી ખોરીને બાળશે રે જેમ લોઢું ગાળે લુહાર રે.' આવે છેને. 'પ્રાણીયા ભજી લેને કીરતાર આ તો સત્‌નો છે સંસાર.' એ તો પહેલી ચોપડીમાં આવતું. 'પ્રાણીયા ભજી લેને કીરતાર.' કીરતાર એટલે ભગવાન આત્મા હોં! કીરતારનો અર્થ. એ તો નિશાળમાં આવતું હતું. 'પ્રાણીયા ભજી લેને કીરતાર આ તો સત્‌નો છે સંસાર. ખોરી ખોરી બાળશે જેમ તને લોઢું ગાળે લુહાર રે પ્રાણીયા...' ખોરી-ખોરીને આ (એટલે) વાંસડા નાખીને. ટાંગો નીચે પડશે તો પાછો નાખશે. એય..! પછી અહીં તૂટી જાયને આ. આ ગળી જાય વધારે. લાકડા-બાકડા નાખે તો આ ગળી જાય તો આ છૂટું પડી જાય. હાથ એકકોર પડી જાય. વાંસડા વડે આમ નાખે અંદર. આપણે જોયું છે હોં ઉપરથી. કાંઈ અંદર થોડું જોયું? આ એક ..જરીક જોયું છે. ત્યાં મોટર ઉભી રહી હતી. કુદરતી ત્યાં શું થયું હતું? બેટરી કાંઈક બંધ થઈ હતી. ત્યાં જરી. માગશર સુદ પાંચમ જતા હતાને ત્યાં. ભાવનગર. ત્યારે આમ બાળતા હતા વાંસડા નાખીને. એવું આવતું હતું ચોપડીમાં ભણવામાં. સમજાણું? 'ભજી લેને કીરતાર આ તો સત્‌નો છે સંસાર.' મરી ગયા પછી .. 'ખોરી ખોરીને બાળશે જેમ લોઢું

ગાળે લુહાર.' લોઢું હોય છેને લોઢું? લોઢાને લુહાર ગાળે કે નહિ અગ્નિથી? ધમણ કરતાં-કરતાં. એમ તારા શરીરના રજકણ તો જડ છે. એ કાંઈ તારા નથી, તારામાં નથી, તારાથી આવ્યું નથી, તારું થઈને રહ્યું નથી. બરાબર છે? તારું થઈને રહ્યું છે અહીંયા? ભગવાનજીભાઈ! આ શરીર તમારું થઈને રહ્યું છે? એ તમારું થઈને રહ્યું નથી. શરીર શરીરનું થઈને રહ્યું છે એમ કહે. શરીર શરીરપણે થઈને રહ્યું છે. આત્મા થઈને શરીર રહ્યું નથી. નક્કી કરો. કહો, માણેકચંદજી! બરાબર છે? શરીર શરીરપણે રહ્યું છે. શરીર શરીરપણે રહ્યું છે. શરીર પોતામાં પોતાથી રહ્યું છે. શરીર આત્મામાં છે જ નહિ. આત્માને કારણે શરીર રહ્યું જ નથી. આહા..હા..! બરાબર છે? આ સ્ત્રી, કુટુંબ બધાનો આત્મા છે એ પણ એનો થઈને રહ્યો છે. તારો થઈને રહ્યો છે? તારો થઈને રહ્યો છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય નથી રહેતો. એનો થઈને રહ્યો છે. તારો થઈને રહ્યો છે. તારો થઈને રહ્યો હોય તો તારામાં ઘૂસી જાય અંદર. કહો, બરાબર છે? આહા..હા..! મકાનના એક-એક પરમાણુ મકાનના પરમાણુ એનાથી રહ્યા છે. એ અજીવથી અજીવ રહ્યો છે. શું અજીવ જીવથી રહ્યો છે? અને અજીવ જીવ થઈને રહ્યો છે? અજીવ જીવથી રહ્યો છે અને અજીવ જીવ થઈને રહ્યો છે? બેમાંથી કોણ છે? આહા..હા..! પોપટભાઈ! કેમ હશે આ? છ છોકરા છોકરા થઈને રહ્યા હશે? તમારા થઈને નથી રહ્યા? તમારા થઈને રહ્યા હોય તો સાથે ગરી ગયા હોય અંદર. અહીં સાથે રહેવા જોઈએ અંદર. કાંઈ તમારા આત્મા થઈને રહ્યા છે એ? એના થઈને રહ્યા છે એ તો. આહા..હા..!

એમ કહે છે કે સ્વ-પરપદાર્થ તો પોતપોતાથી છે. એ જ્ઞાનનું ભાન કરે છે કે હું જ્ઞાનાનંદ છું અને આ શરીરાદિ પર પરપણે રહ્યા છે. બેનું જ્ઞાન કરવું તેને જ્ઞાનચેતના કહેવામાં આવે છે. તેનું નામ ધર્મ. આહા..હા..! એક જણો કહે કરવું-ધરવું કાંઈ નહિ. મહારાજ! મજા બહુ આવે. આગ્રામાં કહેતા હતા. એક લાંબા હતા બિચારા બાબુલાલજી. એને બિચારાને ખબર ન મળે. પણ, બાપુ! ભગવાન! કરવું-ધરવું શું? પરનું કાંઈ કરવું છે? કાંઈક કરો. અરે ભગવાન! શું કરે ભાઈ? એક-એક પોઈન્ટ રજકણ છે પોતાથી હાલેચાલે છે. તારા થઈને એ રહ્યા છે? આંગળી તારી થઈને રહી છે? તારી થઈને રહે તો એ અરૂપી થઈ જાય. સમજાણું? અને આત્મા એનો થઈને રહ્યો છે? જો આત્મા એનો થઈને રહે તો એ શાશ્વત ચીજ થઈ જાય. એનો કદી નાશ થાય નહિ. આત્માનો નાશ નથી, તો આત્મા એનો થઈને રહે તો એ શાશ્વત થઈ જાય. જડ આત્મા થઈને રહે તો આત્મા જડ થઈ જાય. બરાબર હશે? છગનભાઈ! ભાઈ! આને રાખીએ તેમ રહે. સાચી વાત હશે?

મુમુક્ષુ :- રાખતા આવડવું જોઈએને.

ઉત્તર :- ધૂળેય રાખતા આવડ્યો નથી. રાખે કોણ મૂઢ? અને રાખે તેમ રહે? એનો

થઈને રહે તો પછી તું રાખ તો રહે એ આવ્યું ક્યાંથી? જડ જડનું થઈને અને આત્મા (પોતાનો) થઈને રહ્યો છે. હવે તું રાખ તો રહે એવું ક્યાં રહ્યું ત્યાં? એ તો એનો થઈને રહ્યો. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- બધી વ્યવસ્થા...

ઉત્તર :- વ્યવસ્થા બધી એમાં રહે છે. ઓહો..હો..! ભગવાન! અહીં તો જ્ઞાનચેતનાની વાત ચાલે છેને. તું તો જાણન-દેખન સ્વપરનો... પર પરપણે રહ્યું છે, સ્વ સ્વપણે રહ્યું છે. એને તું તો જાણવા-દેખવાની ક્રિયા એવું જ્ઞાનચેતના સ્વરૂપ તારું છે. બીજી કોઈ ચીજ તારી નથી. બીજી તારાથી થાય અને તું એ રૂપે થા એમ ત્રણ કાળમાં બનતું નથી. આહા..હા..! એવો ભ્રમ અજ્ઞાનીનો છે. ભૂતડું વળગ્યું છે તને ભૂત. ભૂત હોય છે કે નહિ? વ્યંતર નથી હોતા ભૂતડા? ભ્રમનું ભૂત તને વળગ્યું છે. તો પરની હું રક્ષા કરું અને પરનું ધ્યાન રાખું તો રહે અને ધ્યાન ન રાખું તો ન રહે. મિથ્યાત્વ ભ્રમનું તને ભૂત વળગ્યું છે. એ કાઢી નાખ એમ કહે છે. જ્ઞાનચેતનામાં એ છે નહિ. આહા..હા..!

જેમ તું રહ્યો છો અને પર જેમ રહ્યો છે. પરથી. બસ બેનો ભેદજ્ઞાનનો વિકલ્પ બે છે એવો વિકલ્પ, ભાસન એનું નામ જ્ઞાનચેતના છે. એ જ્ઞાનચેતનામાં એમ આવ્યું કે એ મારાથી રહ્યો એમ આવ્યું? તો મારાથી આવ્યું તો હું સ્વ અને એ પર એમ આવ્યું કે નહિ? સ્વપર યુગપદ્ જાણવાની વાત છે કે નહિ? સ્વપર યુગપદ્ જાણવાની વાત આવી કે નહિ? જુઓ, **'યુગપદ્ સ્વ-પર આકારો અવભાસે છે...'** એક સાથ યુગપદ્. સ્વ સ્વપણે હું રહ્યો છું, પર પરપણે રહ્યો છે. પરપણામાં હું નથી ગયો અને પરપણું મારામાં આવ્યું નથી અને મારાથી પરપણું રહે છે એમ નથી. એ તો એને કારણે રહ્યું છે. હું મારાથી રહ્યો છું, પર પરથી રહ્યો છે. એવું અંતરમાં સમ્યગ્જ્ઞાનનું હોવું તેનું નામ અર્થવિકલ્પ જ્ઞાન, જ્ઞાનચેતના કહેવામાં આવે છે. જે કદી અનંતકાળમાં કર્યું નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

બીજું. હવે કર્મચેતના. કર્મચેતનાની વ્યાખ્યા. **'આત્મા વડે કરાતું હોય તે કર્મ છે.'** આત્મા વડે કરવામાં આવતું તે કર્મ. જુઓ, આત્મા વડે કરે તે કર્મ. જુઓ. શું શરીર આત્મા વડે થાય છે? કર્મબંધ આત્મા વડે થાય છે? **'આત્મા વડે કરાતું હોય તે કર્મ છે. પ્રતિક્ષણ તે તે ભાવે ભવતા-થતા-પરિણમતા આત્મા વડે ખરેખર કરાતો એવો જે તેનો ભાવ તે જ, આત્મા વડે પ્રાપ્ય હોવાથી, કર્મ છે.'** વિશેષ ખુલાસો કર્યો. પ્રત્યેક ક્ષણે. સમય-સમયમાં પ્રતિક્ષણ. ખુલાસો પછી કૌંસમાં કર્યો 'ક્ષણે ક્ષણે'. પ્રતિક્ષણ તો સંસ્કૃતમાં એમ જોડી દીધું, મૂકી દીધું. પણ બીજો અર્થ ન આવે તો એ જ શબ્દ મૂકવો પડેને. નહિતર બીજો શબ્દ હળવો થઈ જાય. પ્રતિક્ષણ-સમય-સમયે. આત્મામાં સમયે-સમયે. જુઓ, ભાષા! તે તે ભાવે. સમય સમયના તે તે ભાવે રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, કામ, ક્રોધ વિકલ્પ આદિ. **'ભવતા...'** તે તે ભાવે થતા, તે તે ભાવે થતા, તે તે ભાવે પરિણમતા. કેટલા અર્થ કર્યા!

ઓહો..હો..! આત્મા દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ તે પ્રતિક્ષણે તે તે ભાવે, તે તે પર્યાયે '**ભવતા-થતા-પરિણમતા આત્મા વડે ખરેખર...**' જુઓ, એ પુણ્ય-પાપના ભાવ-કર્મ આત્મા વડે કરાતા હોવાથી. કોઈ કર્મ વડે કરાય છે એમ નથી. ભાઈ! કર્મ મંદ હોય તો દયાનો ભાવ થાય છે, કર્મ તીવ્ર હોય તો પાપના ભાવ થાય છે—એમ છે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? અરે! શું સ્વપર ચીજ છે? એનો શું બોધ છે? શું ચીજ છે એની કદી ઓળખાણ કરી જ નથી. ચોર્યાસી લાખમાં દુઃખી... દુઃખી... દુઃખી... ઘાણીમાં પીલાય એવી અનંતગુણી પીડા છે એને. ભાન નથી... ભાન નથી... ભાન નથી... ઓહો..હો..! સમજાણું કાંઈ?

એ ચુડામાં એક કંદોઈ ગાંઠિયા બનાવતો હતો. ગાંઠિયા અને ભજીયા. ગાંઠિયા નથી કહેતા? શું કહે છે? ચણાના લોટના. તો તેલ મોટી કડાઈમાં પડ્યું હતું. ધગ... ધગ... ધગ... ઉપર સાપ ચાલ્યો જાતો હતો ઉપર. એને ધુમાડો લાગ્યો તો પડ્યો. અડધો પડ્યો તેલમાં અડધો રહ્યો બહારમાં. તો એ જૈન હતો. કંદોઈ કુંવરજીભાઈ હતા. આવ્યા હતા. તો એણે એ લોઢાનું હથિયાર હતું ગાઠિયા કરવાનું, એનાથી આમ કરીને બહાર કાઢી નાખ્યો. આમ કાઢ્યો. અડધો પડ્યો તેલમાં. બહાર જેવો કાઢ્યો એવો ભઠ્ઠીમાં ઘૂસી ગયો. ભઠ્ઠીમાં ઘૂસી ગયો. આહા..હા..! દુઃખી પ્રાણી દુઃખના ડુંગરમાં પેસે છે એની એને ખબર નથી. આહા..હા..! બહુ દુઃખ થયુંને. અડધો દાઝી ગયો. તો એને આમ બહાર કાઢી નાખ્યો. કાઢતા જ ભઠ્ઠી ઝળ-ઝળ સળગતી હતી નીચે. એમાં ઘુસી ગયો. એ તો બિચારા જૈન હતા. અરેરે..! આહા..હા..! બધું બંધ કરી દીધું. એમ અજ્ઞાની થોડો દુઃખમાં દાઝે છે અને વિશેષ દુઃખમાં ગરે છે. સમજાણું કાંઈ? એ કર્મચેતના વિકારની અગ્નિમાં પેસે છે. આત્મા વડે કરાયેલું તે કર્મ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૧૪, શુક્રવાર, તા. ૧૭.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૨૪, પ્રવચન-૧૨૯**

૧૨૪ ગાથા. બીજો પેરેગ્રાફ છે. શું કહે છે? જુઓ. **'આત્મા વડે કરાતું હોય તે કર્મ છે.'** કાલે આવ્યું હતું એ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભૂમિકા .. એ આવ્યું હતું. કાલે એ આવી ગયું હતું, પણ આખા પેરેગ્રાફ માટે ફરીને લઈને છીએ.

**'આત્મા વડે કરાતું હોય તે કર્મ છે.'** એ વ્યાખ્યા સિદ્ધાંત. આત્મામાં પુણ્ય-પાપના ભાવ અને શુદ્ધ આનંદનો ભાવ... આત્મા વસ્તુ શુદ્ધ ચિદાનંદસ્વરૂપ એમાં પુણ્ય-પાપના ભાવ એ પણ આત્મા વડે કરાતું કાર્ય છે અને આત્મા પોતાનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એનો આશ્રય કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ આનંદ ધર્મરૂપી કાર્ય એ પણ આત્મા વડે કરાતું ધર્મરૂપી કર્મ નામ કાર્ય છે. સમજાણું કાંઈ? સમજાણું કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હોય, બેય એનું કર્મ. કર્મ નામ કાર્ય. એ આત્મા વડે કરાતું કર્મ. કર્મ નામ કાર્ય. જડકર્મની અહીં વાત નથી. પરમાણુ જે બંધાય છે એ તો જડનું કાર્ય છે. આત્માનું નથી. આત્મા પોતાનું શુદ્ધ આનંદસ્વરૂપ ભૂલીને પુણ્ય-પાપના ભાવ જે ભાવ થાય છે શુભ, અશુભ, દયા, દાન, કામ, ક્રોધાદિ ભાવ, તે આત્મા વડે કરાતું થકું આત્માનું કાર્ય, વિકારકાર્ય છે. સમજાણું કાંઈ? અને ભગવાન આત્મા પોતાનો શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદ તેના વડે આશ્રય કરીને જે આત્મામાં ધર્મરૂપી કાર્ય. ધર્મ નામ શુદ્ધ આનંદનું કાર્ય જે છે તે આત્મા વડે કરાતું કર્મ નામ કાર્ય છે. તે ધર્મકાર્ય છે. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ? લાદીનું કાર્ય નહિ, (પોતાના) ભાવની વાત છે. છે?

**'પ્રતિક્ષણ...'** જુઓ! **'પ્રતિક્ષણ (ક્ષણે ક્ષણે)...'** સમયે-સમયે, ક્ષણે-ક્ષણે **'તે તે ભાવે...'** પુણ્ય-પાપના ભાવ કાં શાંતિ, આનંદનો ભાવ. ધર્મ, આત્મા આનંદમૂર્તિ એનો આનંદરૂપી ધર્મ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આનંદરૂપી ધર્મ **'તે તે ભાવે...'** તે તે અવસ્થાએ **'ભવતા-થતા-પરિણમતા આત્મા વડે ખરેખર કરાતો એવો જે તેનો ભાવ તે જ,...'** એકલા સિદ્ધાંતો છેને, જરી ઝીણા પડે. ભગવાન આત્મા આ શરીર, વાણી, મન તો જડ છે. એની સાથે તો કોઈ સંબંધ છે નહિ. કર્મ સાથે... કર્મ જડ છે, અજીવ છે એની સાથે... હવે એની પર્યાયમાં થાય છે એની વાત છે. સવારમાં બીજી વાત હતી, અત્યારે બીજી છે. સમજાણું કાંઈ? સવારમાં તો, જે પુણ્ય-પાપના વિકલ્પ જે છે, રાગાદિ છે એ તો આત્મા

સ્વભાવમાં-ત્રિકાળ સ્વભાવમાં એકમેક નથી. તે કારણે તે પુદ્‌ગલની સાથે એકમેક છે. એવું ભિન્ન કરીને બતાવ્યું છે. અત્યારે તો એની પર્યાયમાં, એની દશામાં, એની અવસ્થામાં આત્મા પોતાનો પુણ્ય-પાપના વિકારીભાવ કે શુદ્ધ આત્માનો આનંદરૂપી ધર્મભાવ એ ભવતા-એ ભાવે થતાં-પરિણમતા આત્મા... એ ભાવે આત્મા પરિણમે છે. વિકારભાવરૂપનો ધર્મભાવરૂપ. એ આત્મા વડે ખરેખર કરાતો હોવાથી. '**તેનો ભાવ તે એવો જે ભાવ તેનો ભાવ તે આત્મા વડે પ્રાપ્ય હોવાથી...**' આત્મા એ વિકારી પરિણામને કે આત્માનો ધર્મ વીતરાગી સમ્યગ્દર્શનભાવને આત્મા પામે છે, આત્મા તેને પહોંચે છે માટે તેને કર્મ કહેવામાં આવે છે. આહા..! સમજાણું કાંઈ? ભારે ભાઈ! ધર્મની વ્યાખ્યાને.

અહીં તો આત્મામાં જે પર્યાયમાં, અવસ્થામાં, હાલત, દશામાં શુભ કે અશુભ, પુણ્ય કે પાપનો ભાવ એ પણ આત્મા ભવતા, આત્મા એ વડે પરિણમે છે અને એ ભાવને આત્મા જ પહોંચે છે, પ્રાપ્ત કરે છે તે કારણે એ પુણ્ય-પાપના ભાવ આત્માનું કર્મ નામ કાર્ય કહેવામાં આવ્યું છે. અને એ જ આત્મા પોતાનો શુદ્ધ આનંદમૂર્તિ એનો આશ્રય કરીને અંતરમાં ધર્મ પર્યાય, શાંતિની, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની, આનંદની જે પર્યાય છે, આત્મા એ ભાવે પરિણમતો થકો આત્મા તે ભાવને પહોંચે છે, માટે એ ભાવને કર્મ નામ કાર્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? લ્યો હજી નહિ. હજી થોડું થયું? કહ્યુંને જુઓ.

મુમુક્ષુ :- તમારી ભાષામાં તો બોલે છે.

ઉત્તર :- તમારી ભાષામાં તો બોલીએ છીએ. આ બાળક માટે તો સીધું બોલતા હતા. રામજીભાઈ કહે, આ હિન્દી ક્યાંથી ચાલ્યું? આહા..હા..!

કહે છે કે આત્મા અંદર વસ્તુ છેને આત્મા. આ શરીર, કર્મ જડ એનાથી તો ભિન્ન છે. આ અજીવ અજીવમાં છે, જીવ જીવમાં છે. ખલાસ થઈ ગયું? હવે એ જીવ છે, આત્મા કહો કે જીવ કહો. એ આત્મા છે તે પોતાના પરિણામરૂપી કર્મ, કર્મ નામ કાર્ય. તો એ પરિણામના બે પ્રકાર. એક પુણ્ય-પાપરૂપી-અશુદ્ધ પરિણામરૂપી કાર્ય અને એક શુદ્ધ આત્માના સ્વભાવના લક્ષે નિર્મળ પરિણામરૂપી કર્મ નામ કાર્ય. એ કર્મમાં આત્મા ભવતા, આત્મા થતાં, આત્મા પરિણમતો હોવાથી તે કર્મ છે અને એ કર્મ આત્માથી પમાય છે. કોઈ (દ્રવ્ય)કર્મથી પમાય છે એમ નથી. આત્માના પુરુષાર્થ વડે પુણ્ય-પાપના વિકલ્પ જે વિકારી પરિણામ છે એ પણ આત્મા વડે પ્રાપ્યરૂપી કર્મ નામ કાર્ય છે અને આત્મા વડે શુદ્ધ ચિદાનંદ હું છું એવો અનુભવ કરીને શુદ્ધ આનંદ અને સમ્યગ્દર્શનની પર્યાયરૂપી કર્મ તેને આત્મા પહોંચે છે, આત્મા પ્રાપ્ત કરે છે. એ કારણે સમ્યગ્દર્શન ધર્મની પર્યાયને કર્મ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાય છે કે નહિ? માણેકચંદજી! ભાઈ! નરેશજી! સમજાણું ને થોડું થોડું? થોડું થોડું સમજે. આહા..હા..!

અરે ભગવાન! તારી ઘરની ચીજમાં શું થાય છે એ વાત બતાવે છે પરમાત્મા. ભાઈ!

તું તો તારી પર્યાયને પામે છે. તું બીજા કર્મની, જડની કોઈ બીજી પર્યાયને પ્રાપ્ત કરે એવું તારામાં છે જ નહિ. અને બીજા પણ પરમાણુ આદિ જગતના જે પદાર્થ છે તે પોતાની વર્તમાન પર્યાયરૂપી કર્મ નામ પરિણામરૂપી કાર્યને તે પ્રાપ્ત કરે છે અને એ રૂપે પરિણમે છે. આહા..! સમજાણું કાંઈ?

તો કહે છે, **આત્મા વડે પ્રાપ્ય હોવાથી, કર્મ છે.**' એ તો સિદ્ધાંત કર્યો. પછી '**પ્રતિક્ષણ (ક્ષણે ક્ષણે) તે તે ભાવે ભવતા-થતા-પરિણમતા...**' ક્ષણે-ક્ષણે, સમયે-સમયે પુણ્ય-પાપના ભાવ હોય કે શુદ્ધ ધર્મ ભાવ હોય. તે ક્ષણે-ક્ષણે ભાવે ભવતા નામ થતાં, ભવતા નામ પરિણમતા. આત્મા વડે ખરેખર. '**આત્મા વડે ખરેખર કરાતા એવો જે તેનો ભાવ...**' એટલે તેનો ભાવ '**તે જ, આત્મા વડે પ્રાપ્ય હોવાથી,...**' પ્રાપ્ય નીચે કર્યું છે. નીચે નોટ છે. '**આત્મા પોતાના ભાવને પ્રાપ્ત કરે છે—પહોંચે છે તેથી તે ભાવ જ આત્માનું કર્મ છે.**' એ આત્માનું કાર્ય છે. આત્મા શરીરનું કાર્ય કરે, હાથ ઉંચા કરે એ આત્મામાં નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આત્મા પોતામાં પોતાની દશામાં કાર્ય કરી શકે છે. પરની દશામાં કાર્ય કરતો નથી અને પોતાનું કાર્ય કરવામાં પરથી સહાય લેતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો અધ્યાત્મભાવ છે, ભાઈ! બહુ ગૂઢભાવ છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ અંતરની વાત, વસ્તુ શું છે અને શું સત્ય છે એ બતાવે છે. તે સત્ય પરમેશ્વર છે. આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ શુદ્ધ સિદ્ધ સમાન પરમાત્મા આત્મા છે. એ આત્મા નિગોદથી લઈને... અનંત જીવને છેને? અનંત જીવ છે. તો દરેક આત્મા પોતાની પર્યાયમાં, પોતાની દશામાં જ્યારે પુણ્ય-પાપરૂપી કર્મ કરે છે એટલે કાર્ય કરે છે, તો એ કાર્યને પોતાનો આત્મા જ પહોંચે છે. કોઈ કર્મની મદદ મળી તો વિકારના પરિણામ થયા એમ નથી. અને ભગવાન આત્મા પોતાથી જ ધર્મની પર્યાય શુદ્ધ આનંદની (એટલે) પુણ્ય-પાપના વિકલ્પથી રહિત પોતાનું નિર્મળ પરિણામ-ધર્મરૂપી પરિણામમાં પરિણમતો, ભવતા, થતા હોવાથી, આત્મા વડે કરાતા હોવાથી, આત્મા તે ધર્મની પર્યાયને પહોંચે છે તે કારણે તે પર્યાયને કર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ તો બાળક સમજી જાય એવી વાત છે. ભાષા તો એવી સાદી આવે છે. કોઈ એવી ઝીણી નથી. આહા..હા..!

મુમુક્ષુ :- આત્મા છેને.

ઉત્તર :- બધા આત્મા છે. ભગવાન છે અંદર. સમજાણું કાંઈ? આહા..હા..! જ્ઞાનનો તો પુંજ આત્મા છે. એકલું કેવળજ્ઞાન એમાંથી નીકળે છે કેવળજ્ઞાન. તો અનંતી-અનંતી કેવળજ્ઞાનની અવસ્થા જેમાં પડી છે એવા કેવળજ્ઞાનનો એમાંથી પ્રવાહ વહે છે. એવો ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? જ્યાં સુધી પોતાના સ્વરૂપનું ભાન નથી ત્યાં સુધી તો પુણ્ય-પાપના રાગને વિકારને આત્મા કરે છે અને એ એનું કર્મ છે, બસ એટલું. જ્યારે આત્માનું ભાન થયું કે હું જ્ઞાનાનંદ શુદ્ધ ધ્રુવ છું, ચૈતન્ય છું. એવા ભાનમાં નિર્મળ પરિણામરૂપી કાર્યને

આત્મા પહોંચે છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ આ.

**'અને તે (કર્મ)...'** કર્મ એટલે? કાર્ય. વિકારીભાવ હોય કે ધર્મભાવ હોય એ બેયને કર્મ કહેવામાં આવ્યા છે. કર્મ નામ કાર્ય, કાર્ય નામ દશા. તે કર્મ એક પ્રકારનું હોવા છતાં... પુણ્ય-પાપ અને ધર્મ પર્યાય એ કર્મ, બસ એમ. એવો **'એક પ્રકારનું હોવા છતાં, દ્રવ્યકર્મરૂપ ઉપાધિની નિકટતાના સદ્‌ભાવ...'** જડકર્મની નિમિત્તતાની હયાતીમાં લક્ષ કરતાં, સદ્‌ભાવની હયાતીમાં, પુણ્ય અને પાપના ભાવ એની નિકટતાના સંબંધથી ઉત્પન્ન થાય છે. અને અસદ્‌ભાવ. નિકટ કર્મના નિમિત્તનો અસદ્‌ભાવ. એની અસદ્‌ભાવની સમીપમાં અહીંયા આત્મામાં નિર્વિકારી નિર્દોષ આત્મધર્મના પરિણામ ઉત્પન્ન થાય છે. કારણ અનેક પ્રકારના છે એ. અનેકનો અર્થ એક વિકારરૂપે અને એક અવિકારરૂપે એ અનેક પ્રકાર. વિકારના અનેક પ્રકાર એમ નથી. ફરીને. આહા..હા..!

ભગવાન આત્મા એક એક આત્મા, એક એક દ્રવ્ય-વસ્તુ પોતાના પરિણામ નામ દશામાં, અવસ્થામાં કર્મ નામ વિકારીરૂપ પરિણામ પરિણમો કે ધર્મરૂપી પરિણામપણે વિકારરહિત, આનંદરૂપે હો, તો કહે છે કે એ કર્મ આત્માનું છે અને આત્મા એને પહોંચે છે અને આત્મા પ્રાપ્ત કરે છે. અને એ કર્મ એક જ પ્રકારનું છે. કર્મ શબ્દે કાર્યની અપેક્ષા એક છે, પણ કાર્યના બે ભેદ છે. દ્રવ્યકર્મ ઉપાધિ, જડકર્મના નિમિત્તની ઉપાધિથી જે આત્મામાં પુણ્ય-પાપના ભાવ થાય છે તે જડકર્મની ઉપાધિ નિમિત્ત. નૈમિત્તિક પોતાનો વિકારીભાવ. પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ એ દ્રવ્યકર્મના નિમિત્તની ઉપાધિના સમીપમાં થતો વિકારીભાવ. એ એક ભાવ. અને અસદ્‌ભાવ-દ્રવ્યકર્મની ઉપાધિનો અસદ્‌ભાવ. કર્મની ઉપાધિનો અભાવ ત્યાં થયો અને અહીંયા આત્મામાં પોતાને કારણે શુદ્ધ વીતરાગી જ્ઞાત-દૃષ્ટાનું પરિણામ ઉત્પન્ન થવા તે નિર્વિકારી પરિણામ છે, તે ધર્મપરિણામ છે. પેલા વિકારી પરિણામ છે. તો કર્મ નામ કાર્યની અપેક્ષા એક, છતાં બે પ્રકાર પડી ગયા. એક વિકારી કાર્ય, એક અવિકારી કાર્ય. કહો, વજુભાઈ! આહા..હા..! ન્યાયથી તો વાત કરે છે, પણ હવે એને દરકાર ન મળે કોઈ દિ' અનંતકાળથી. **'न्यायवयम'** માર્ગ છે ભગવાનનો. પણ ન્યાયથી સમજે નહિ તો શું કરે? અનંતકાળ થયો એને. અનેક પ્રકારના છે. સમજાણું? શું અનેક પ્રકારનું કહ્યું? શેઠી!

મુમુક્ષુ :- પાપ અને પુણ્ય, સુખ-દુઃખ

ઉત્તર :- હા. ધીમેથી બોલેને એટલે અંદર આવી ગયું પાછું. અશુદ્ધ અને શુદ્ધ બે થઈને અનેક પ્રકાર એમ. સમજાણું કાંઈ? બધા શેઠિયાઓની પરીક્ષા લેવી પડે (કે) આ બધા શું સમજે છે કેટલું અંદરથી. ઓલામાં જવાબ દેવો હોય તો ધડાક-ધડાક દે એમાં. પોપટભાઈ! લાદીના કેટલા છાંટ નાખે? કેટલા ધૂળ નાખે? નાખે છેને શું કહેવાય એને? લાદીમાં છાંટ હોયને જુદી-જુદી? શું નાખે એ કહેવાય? કાંકરી. ત્યાં તો મોટો.. એ ખબર પડે એને લ્યો તરત. એ જોયું હતું તમારું હોં જામનગર. ત્યાં ઉતર્યા હતાને કોક વઢવાણવાળા છે. વજુભાઈ.

હા ત્યાં ઉતર્યા હતા અમે. એ બધી લાદીઓ આમ હતી. અત્યારે આ છાંટવાળી અને આ છાંટવાળી, આ છાંટવાળી. ત્યાં એના મકાનમાં ઉતર્યા હતા. ગામમાં જવા પહેલા રાતે ત્યાં ઉતર્યા હતા. આવો ધંધો પોપટભાઈનું છે આ બધું. એ છાંટ-બાંટ કરી શકતો હશે આત્મા?

મુમુક્ષુ :- એ આત્મા ન કરે, આત્માની બુદ્ધિ કરે.

ઉત્તર :- બુદ્ધો કરે નહિ. અહીં તો એ કહે છે કે આત્માની બુદ્ધિ પોતાના પરિણામને કરે. પરના પરિણામને ત્રણ કાળ, ત્રણ લોકમાં કરે નહિ. આહા..હા..! અરે શું થાય?

અહીંયા તો બે પ્રકાર લેવા છે. સવારમાં બીજી વાત હતી. સમજાણું કાંઈ? સવારમાં તો એ હતુંને ૬૨ ગાથા હતીને? ૬૩-૬૪. એ તો સ્વભાવની વાત કરી સવારમાં. જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદમૂર્તિ પ્રભુ જ્ઞાનથી તન્મય છે, આનંદથી તન્મય એકરૂપ છે. તો એના પરિણામમાં તો આનંદ અને જ્ઞાન-દર્શન થવા એ તેના પરિણામ છે. પુણ્ય-પાપના વિકલ્પ જે ઉઠે છે. દયા, દાન એ એના પરિણામ નથી, એ એના સ્વભાવમાં નથી. એ એના સ્વભાવમાં નથી એ અપેક્ષાએ. તે પરિણામ વિકારી પરિણામ છે. પુદ્‌ગલના નિમિત્તની સાથે ઉત્પન્ન થાય છે, તે છે તો ઉત્પન્ન થાય છે, ન હોય (તો નથી થતા) એટલે એની સાથે ગયા.

ધર્મસ્વભાવની દૃષ્ટિમાં એકલો ચૈતન્ય પ્રભુ પોતાના સ્વભાવનો આશ્રય કરીને જ્ઞાતા-દૃષ્ટા, આનંદના પરિણામ ઉત્પન્ન કરે એ એનો ભાવ છે. વિકલ્પ એનો ભાવ નથી. એ સ્વભાવની દૃષ્ટિની વાત હતી. અહીંયા તો પરથી ભિન્ન આત્મા પોતાના પરિણામમાં વિકારપરિણામ કરો કે ધર્મપરિણામ કરો એ પરિણામને આત્મા પહોંચે છે અને એ આત્માનું કામ છે. એટલી વાત અહીં સિદ્ધ કરવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો અપૂર્વ વાતું છે, બાપુ! શું થાય? એણે કોઈ દિ' અનંતકાળમાં એ સત્ત્વ ભિન્નતા શું છે અને અભિન્ન કેમ માને છે એની એને ખબર નથી. ખીચડો કરીને માને અને મિથ્યાત્વને સેવે અને માને કે મેં ધર્મ કર્યો. સ્વતંત્ર પ્રાણી તે અનાદિનો એમ રખડે છે ઓહો..હો..!

મુમુક્ષુ :- ... જુદાં છે.

ઉત્તર :- બેય જુદાં છે. પુણ્ય-પાપના ભાવ તે અધર્મભાવ છે. પણ એ અધર્મભાવ પણ આત્મા તેને કરે છે એ અહીં સિદ્ધ કરવું છે. એ ભાવ કોઈ કર્મ કરાવે છે કે કર્મનું જોર છે તો પુણ્ય-પાપના ભાવ થાય છે-એમ નથી. કર્મ પરદ્રવ્ય છે, જડ છે, એ તો અજીવ છે, માટી છે, ધૂળ છે, પુદ્‌ગલ છે. આત્મા પોતાની વર્તમાનદશામાં શુભ-અશુભભાવ એવું જે કાર્ય નામ કર્મ, પોતા વડે આત્મા જ તેને પ્રાપ્ત કરે છે. બે જ પ્રકાર પુણ્ય-પાપ અને ધર્મ. તો કહે છે કે કર્મ એક પ્રકારના, કાર્યરૂપે એક પ્રકાર હોવા છતાં કાર્યના બે પ્રકાર થઈ જાય છે. કર્મના નિમિત્ત સંબંધમાં આવે છે. એ પરિણામ જે છે તે પુણ્ય-પાપના છે. અને એનો સંબંધ છોડીને સ્વભાવના સંબંધે જે પરિણામ થાય છે તે કર્મના અસદ્‌ભાવમાં તે પરિણામ થાય છે તે ધર્મના પરિણામ, આનંદના પરિણામ, શાંતિના પરિણામ તે એક પ્રકાર

અને એક આ વિકારી પરિણામ. એમ કર્મ એક પ્રકારે હોવા છતાં એના બે પ્રકાર થઈ ગયા. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, સમજાય છેને ભાઈ? જિનેન્દ્રજી! આ તો સાદી ભાષા છે. તમારા હિન્દીમાં ચાલે છે હવે તો. આ શેઠ આવ્યા ત્યારે પાછી ગુજરાતી ચાલતી હતી પહેલા. હવે એ હોય એ ખરું. હમણા વળી ચાલે છે આ. કારણ કે ઝીણું આવે તો ન ચાલે. આમાં તો ભાષા ચાલે. બહુ ઝીણું ઉત્પાદ, વ્યય અને ધ્રુવ આવતું ત્યારે હિન્દી ભાષા જ આવડે નહિ આપણને. અન્વય અને વ્યતિરેક. એવી ભાષા શાસ્ત્ર તો ભાઈ શાસ્ત્રની વાત કરે. અનાદિ સર્વજ્ઞની ધ્વનિમાંથી ગણધર સંતોએ, મુનિઓએ જે શાસ્ત્રો રચ્યા. ગણધર દેવ, મુનિ... ભગવાનની દિવ્યધ્વનિ નીકળી એમાંથી શાસ્ત્ર ગણધરે રચ્યા. એમાંથી આ બધા શાસ્ત્ર બનાવ્યા. સમજાણું કાંઈ?

'**દ્રવ્યકર્મરૂપ ઉપાધિના નિકટતાના...**' નામ સમીપમાં. જુઓ, કર્મનું સમીપપણું જેને કલ્પ્યું તેને વિકારી ભાવ થયા અને એનું લક્ષ છોડીને નિર્મળ પરિણામ ધર્મના કર્યા. જ્ઞાનસ્વરૂપ હું આનંદ છું. એને આશ્રયે જે નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ એટલે ચારિત્ર, એ અવિકારી પરિણામરૂપ ચારિત્ર એ દર્શન અને જ્ઞાન. એ કર્મની નિકટતાનો અસદ્‌ભાવ. અણહયાતી. આત્માના સ્વભાવની હયાતીથી જે પ્રગટ થયા તે ધર્મ પરિણામ છે, શુદ્ધ પરિણામ છે. મોક્ષના માર્ગના પરિણામ છે, એ પરિણામ આત્મા કરે છે, આત્મા પરિણમે છે, આત્મા એ પરિણામને પહોંચે છે. માટે તેને કર્મ કહેવામાં આવે છે. આહા..હા..! હવે અહીં ઘૂંટાય તો આવું છે, પણ છતાં ...

બસ? હવે ફળ. હવે ફળની વાત આવી. પહેલા જ્ઞાનચેતનાની વાત આવી હતી કાલે. આજ કર્મચેતનાની વાત અને હવે કર્મફળચેતના બીજી. ત્રણ પ્રકારે આત્મા પરિણમે છે. '**તે કર્મ વડે નિપજાવવામાં આવતાં...**' જુઓ, તે કર્મ વડે. તે કર્મ કોણ? ઓલું કાર્ય. કોણ કાર્ય? શુદ્ધ પરિણામ અને અશુદ્ધ પરિણામ. સમજાણું કાંઈ? આત્મામાં જે ધર્મનો શુદ્ધભાવ હોય અને અશુદ્ધ હોય. '**તે કર્મ વડે નિપજાવવામાં આવતાં જે સુખ-દુઃખ તે કર્મફળ છે.**' સુખ-દુઃખ તે કર્મફળ છે. '**ત્યાં, દ્રવ્યકર્મરૂપ ઉપાધિની નિકટતાના અસદ્‌ભાવને કારણે જે કર્મ હોય છે, તેનું ફળ અનાકુલત્વલક્ષણ પ્રકૃતિભૂત સૌખ્ય છે;...**' જુઓ, નિપજાવવામાં આવતાં જે સુખ-દુઃખ કર્મફળ. જુઓ, ત્યાં દુઃખ અને સુખ. સુખ આત્માનું અને દુઃખ. પુણ્ય-પાપના વિકલ્પ બેયને દુઃખ કહે છે. ફરીને શાંતિથી. અહીં તો વિશેષ લઈશું હોં. એમ ને એમ મૂકી દેવાનું નથી.

'**તે કર્મ વડે...**' તે કર્મ નામ જે આત્મામાં કર્મના અસદ્‌ભાવથી ઉત્પન્ન થયેલા ધર્મ પરિણામ તે એક કર્મ-કાર્ય. અને કર્મની નિકટતાથી ઉપજેલો પુણ્ય-પાપનો ભાવ તે કર્મ. '**તે કર્મ વડે નિપજાવવામાં આવતાં...**' તે કર્મ. શુભ અને અશુભ બેય કર્મ. એના ભાવને કીધું છેને કર્મ? આત્મામાં શુદ્ધભાવ ધર્મનો અંદર હોય કે અશુદ્ધ. બેય કર્મ કહ્યુંને? કાર્ય. તો '**તે કર્મ વડે નિપજાવવામાં આવતાં...**' એક સુખ આત્માનું, એક દુઃખ શુભ-અશુભભાવનું.

મુમુક્ષુ :- .. સ્વભાવિક છે.

ઉત્તર :- સ્વભાવિક છે. આગળ આવશે. આગળ આવશે. હવે આગળ આવશે. આ તો હજી સિદ્ધાંત મૂકે છે. સમજાણું કાંઈ?

**'જે સુખ-દુઃખ તે કર્મફળ છે.'** શું કહે છે? કે આત્મા પોતાનું શુદ્ધ આનંદસ્વરૂપ એની જે દૃષ્ટિ કરીને આનંદરૂપી પરિણામરૂપી કર્મ કર્યું કર્મ. તેનું ફળ સુખફળ છે, આનંદફળ છે, શાંતિફળ છે. એ કર્મનામ આનંદના કર્મરૂપી ફળ આનંદરૂપ છે. અને પુણ્ય-પાપના ભાવ દુઃખરૂપભાવ છે, પુણ્ય-પાપનો ભાવ અશુદ્ધભાવ છે તે કર્મ છે તે કર્મનું ફળ દુઃખ છે. આહા..હા..! દુઃખ ક્યું? બહારના દુઃખની વાત નથી હોં! કે આ પ્રતિકૂળ સંયોગ મળે એ દુઃખ છે જ નહિ. પ્રતિકૂળ સંયોગ, અનુકૂળ સંયોગ કોઈ ચીજ છે જ નહિ.

મુમુક્ષુ :- આકુળતા છે.

ઉત્તર :- આકુળતા. જે પુણ્ય-પાપના ભાવ થયા શુભ કે અશુભ એ અશુદ્ધ. બેય ભાવ અશુદ્ધ. એ અશુદ્ધ તે વિકારી પરિણામ કર્મ, તેનું ફળ દુઃખ. તેનું ફળ દુઃખ. અને આત્મામાં ધર્મ પરિણામ શુદ્ધ ચૈતન્યમૂર્તિનું અવલંબન કરીને નિર્વિકારી નિર્દોષ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના આનંદરૂપી કર્મ થયું તેનું ફળ સુખ.

**'ત્યાં, દ્રવ્યકર્મરૂપ ઉપાધિની નિકટતાના અસદ્‌ભાવને કારણે જે કર્મ હોય છે,...'** જુઓ હવે. **'તેનું ફળ અનાકુળત્વલક્ષણ પ્રકૃતિભૂત સૌખ્ય છે;...'** જુઓ, નીચે પ્રકૃતિ કરી છેને સ્વભાવભૂત. આત્મા પોતાનું શુદ્ધ ધ્રુવ ચિદાનંદસ્વરૂપ નિત્યાનંદ ભગવાન, નિત્યાનંદ પ્રભુ એવી દૃષ્ટિ કરીને જે અતીન્દ્રિય આનંદરૂપી પરિણામ જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહેવામાં આવે છે. અતીન્દ્રિય આનંદરૂપી કર્મ, કર્મ નામ કાર્ય તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. એ કર્મનું ફળ. કર્મ શબ્દે આત્મા આનંદમૂર્તિની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતારૂપી કર્મ તેનું ફળ શું? જુઓ, **'ઉપાધિની નિકટતાના અસદ્‌ભાવને કારણે...'** ત્યાં કર્મના નિમિત્તનો અસદ્‌ભાવ છે. જે કર્મ હોય નામ નિર્વિકારી કાર્ય હોય છે. તેનું ફળ અનાકુળતા લક્ષણ જે સ્વભાવભૂત સુખ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા કર્મના નિમિત્તના સંબંધનું લક્ષ છોડીને... પોતાના આત્મામાં અતીન્દ્રિય આનંદ પરિપૂર્ણ ભરપૂર ભર્યો છે. જેમ સાગર પાણીથી ભર્યો છે એવો આત્મા અતીન્દ્રિય આનંદથી ભરપૂર ભર્યો છે. એવી અંતર દૃષ્ટિ કરીને જે આનંદ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે આનંદ છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર એ દુઃખ નથી. સમજાણું કાંઈ? જો **'सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः'** એમ આવે છેને? તત્ત્વાર્થસૂત્રનું પહેલું સૂત્ર. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર તે મોક્ષમાર્ગ. એનો અર્થ શું? એ આત્મા પરમાનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન એની અંતર દૃષ્ટિ કરીને જે સમ્યગ્દર્શન પ્રગટ, નિર્મળ પ્રગટ કર્યું, જ્ઞાનનું જ્ઞાન પ્રગટ કર્યું અને જ્ઞાનસ્વરૂપમાં રમણતારૂપ ચારિત્ર પ્રગટ કર્યું તે કર્મના નિકટના અભાવમાં

'**અનાકુળત્વલક્ષણરૂપ...**' એ મોક્ષમાર્ગનું ફળ સુખ છે. આહા..હા..! કહો, માણસ કહે છેને કે ધર્મ કરવામાં દુઃખ થાય છે. અરે મૂઢ! ધર્મની તને ખબર નથી. ધર્મ તો આનંદરૂપ છે. અતીન્દ્રિય આનંદ. સમજાણું કાંઈ? જુઓ, આ મુનિ છેને. આહા..હા..! લોકો દયા ખાય એની. અરેરે! એની મા છેને. કાલે આવ્યું હતુંને .. નહિ? ભજનમાં હતું. આ તેની પૂર્વની માતા છે. તે જોઈને ખાય છે. પાછળ જોવે છે ખ્યાલ આવી ગયો. કહે અરે..! જાતિસ્મરણ થઈ ગયું. પછી છોડી દે છે. સંથારો કરી લે છે. અહીં તો જુઓ પહેલા દુઃખ છે? નથી દુઃખ ભાઈ! તને ખબર નથી. મુનિ તો એને કહે છે કે જેને આત્માના આનંદનો સમ્યગ્દર્શન પહેલા અનુભવ થયો અને ઉપરાંત સ્વરૂપમાં લીનતા આનંદરૂપી કાર્ય વિશેષ થઈ ગયું. તો એ કર્મનું ફળ એ આનંદરૂપી કર્મ નામ મોક્ષમાર્ગનું ફળ તો સુખ છે. અતીન્દ્રિય આનંદ સુખ છે, ત્યાં કષ્ટ છે નહિ. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કષ્ટ એ તો દ્વેષ છે. કષ્ટ આહા..હા..! બહુ દુઃખ થયું. એ તો કષ્ટ આર્તધ્યાન છે. એ આર્તધ્યાન ધર્મ છે? પ્રતિકૂળતા આવે અને ઠીક ન લાગે એ તો આર્તધ્યાન થયું. આર્તધ્યાન નામ પાપભાવ છે. એ ધર્મ છે? ખબર નથી શું કરે?

અહીંયા તો કહે છે કે જે આત્મામાં કર્મની નિકટતાના અભાવના કાળમાં, પોતાથી શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા એની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ, વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી સ્વસંવેદન જ્ઞાન, વીતરાગી પરિણામ જે નિર્મળ થયા તે આત્માનું કાર્ય. શુદ્ધકાર્ય. એ શુદ્ધકાર્યનું ફળ સુખ છે. જુઓ, '**અનાકુળત્વલક્ષણ પ્રકૃતિભૂત સૌખ્ય છે;...**' સ્વભાવિક સુખ છે. આત્માના આનંદનું સુખ છે. સમજાણું કાંઈ? આ ધર્મ કરે અને અતીન્દ્રિય આનંદનો સ્વાદ ન આવે તો કહે છે, ધર્મ નથી એમ કહે છે. એ ધર્મ નથી, એ તો અધર્મ છે. ધર્મ ક્યાંથી લાવ્યો તું? ધર્મ તો એને કહે છે પરમેશ્વર, વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવ. ચક્રવર્તી અને ઇન્દ્રોની સમક્ષમાં પરમાત્માની વાણી નીકળી સમવસરણમાં. ધર્મ એને કહીએ કે જે આત્માનું કાર્ય છે. તો કાર્યનો અર્થ છે કે કર્મના અસદ્ભાવમાં આત્મા સ્વયં શુદ્ધ આનંદની પ્રાપ્તિનું કાર્ય કરે છે તે કાર્યનું ફળ સુખ છે. સ્વભાવિક સુખ છે, આનંદનું સુખ છે, અતીન્દ્રિય આત્માના આનંદનો સ્વાદ છે. એનું નામ ધર્મ અને ધર્મનું ફળ કહેવામાં આવે છે. ચોથે ગુણસ્થાને હોં સમકિતીને પણ. શું કરે? સમજાણું કાંઈ? બહુ ટૂંકામાં સંકેલ્યું છે. લોકો કહે એકલું કર્મ (એટલે) વિકારી પરિણામ એમ નહિ. અહીં તો ભગવાન કાર્ય કરે તે કર્મ. તો કાર્ય તો મોક્ષમાર્ગનું કાર્ય છે અને પુણ્ય-પાપના ભાવનું પણ કાર્ય છે. તો કહે છે કે મોક્ષમાર્ગનું કાર્ય તો કર્મની નિકટતા દૂર થઈ, અસદ્ભાવ થઈ ગયો. પોતાના સ્વભાવને આશ્રયે શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ હું છું એવો સમ્યક્ અનુભવ-સમ્યગ્દર્શન અને જ્ઞાનનું વેદન-જ્ઞાન સ્વસંવેદન અને જ્ઞાનસ્વરૂપ ભગવાનમાં લીનતા-રમણતા તે ત્રણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે આત્માનું કર્મ છે. કર્મ નામ

કાર્ય છે. આત્માનું કાર્ય છે. આત્મા એ કાર્ય કરે છે અને એ કર્મનું ફળ અનાકુળ લક્ષણ એવું સ્વભાવિક સુખ છે. આત્માનું સ્વભાવિક સુખ એ અકર્મનું ફળ છે. આહા..હા..! છે એમાં? છે કે નહિ? જે લખાણ છે એનો અર્થ થાય છે કે નહિ?

ભાઈ! આ તો ભગવાનનું શાસ્ત્ર છે. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેણે એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણ્યા. ભગવાન કેવળજ્ઞાન પામ્યા. ત્રણ કાળ, ત્રણ લોક એક સમયમાં જોયા. ભગવાને છ દ્રવ્ય જોયા, નવ તત્ત્વ જોયા. એણે કેવળજ્ઞાનમાં જાણ્યું, એવું વાણીમાં આવ્યું. વાણી તો વાણી જડ છે. વાણીમાં આવ્યું. ભાઈ! પ્રભુ! તું આત્મા છેને. તો આત્મા તો પોતાની પર્યાયને પ્રાપ્ત કરે. શું બીજાની દશાને પામે? અને એ આત્મા પોતાની પર્યાયનું કાર્ય, પર્યાય કહો કે કાર્ય કહો કે કર્મ કહો, તેને પ્રાપ્ત કરે. અને એ પ્રાપ્ત કરવાના પ્રકાર બે. એક પુણ્ય-પાપની પર્યાયને પામે એ પણ કર્મ, એનું ફળ દુઃખ. આહા..હા..! એ શુભભાવ દયા, દાન, વ્રતના પરિણામ શુભભાવ કર્મનું ફળ દુઃખ. એ સમયે જ દુઃખ. સમજાણું કાંઈ? અને એ પુણ્ય-પાપના રાગરહિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ જે આત્માથી કર્યા, આત્માએ પ્રાપ્ત કર્યા તે અનાકુળ લક્ષણ સુખ. તે મોક્ષમાર્ગનું કર્મરૂપી કાર્ય તેનું અનાકુળ લક્ષણ સ્વભાવિક સુખ છે. સ્વભાવિક સુખ છે. તે કર્મ નામ કાર્યનું ફળ સ્વભાવિક સુખ છે. સમજાણું કાંઈ?

**'પ્રકૃતિભૂત સૌખ્ય છે;...'** ઓહો..હો..! બહુ ભરી દીધું થોડામાં હોં. આખો મોક્ષમાર્ગ છે. એ મોક્ષમાર્ગ નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ, વીતરાગી પર્યાય. એ વીતરાગી ભાવસ્વભાવ ત્રિકાળ પ્રભુ એની સમીપમાં થયેલો, કર્મનું સમીપપણું દૂર થયું કર્મને કારણે. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા પોતાના સ્વભાવના ધ્યેયથી જે શુદ્ધ દર્શન-જ્ઞાન-ચારિત્રના કાર્યરૂપી પરિણામ કર્યા તેનું ફળ તો સ્વભાવિક આનંદનું મળવું, આનંદનો અનુભવ થવો તે તેનું ફળ છે. કહો, સમજાય છે કાંઈ? ફરીને વાંચવું જોઈએ, વિચારવું જોઈએ. ભાઈ! આ તો અપૂર્વ માર્ગ છે, બાપુ! આ કાંઈ કોઈનો માર્ગ નથી. વસ્તુનો સ્વભાવ છે આવો એવું ભગવાને કહ્યું છે. જેવો વસ્તુનો સ્વભાવ છે એવો ભગવાને જાણ્યો, એવો ભગવાને કહ્યો. સમજાણું કાંઈ? 'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં.' નથી આવતું? સાંજ-સવાર બોલતા નથી? સાંજ-સવાર ગડીયો બોલે, કાંઈ ભાન ન મળે. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ... શું કેવળી પણ્ણંતો ધમ્મો પણ? કેવળી પણ્ણંતો ધમ્મો એ કે ભગવાન આત્મા ચૈતન્યબિંબ, જ્ઞાનનું બિંબ, આનંદનો કંદ આત્મા છે એની અંતર સન્મુખ થઈને સ્વભાવમાંથી શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પ્રગટ કરી તે તેનું કાર્ય છે, તે તેનું કર્મ છે, તે તેનો મોક્ષનો માર્ગ છે, તે ધર્મ છે અને એ ધર્મનું ફળ સ્વભાવિક સુખ છે. પછી નહિ હોં! એ જ કાળે, એમ કહે છે. આહા..હા..!

**'અને દ્રવ્યકર્મરૂપ ઉપાધિની નિકટતાના સદ્‌ભાવને કારણે...'** જે કર્મ જડ છે એનું લક્ષ કરીને. જે કર્મ, કર્મ એટલે પુણ્ય-પાપના ભાવ. તે છે શુભ-અશુભભાવ. એ શુભ-

અશુભભાવ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના શુભભાવ. હિંસા, જૂઠું, ચોરી, કામ-ક્રોધનો ભાવ એ શુભ-અશુભભાવ, એ અશુદ્ધભાવ તે કર્મ છે. **'તેનું ફળ વિકૃતિભૂત દુઃખ છે...'** જુઓ, વિકારભૂત.

મુમુક્ષુ :- શુભ અન અશુભ બેય દુઃખ?

ઉત્તર :- એ બેય દુઃખ છે. સુખ ક્યાં હતું ધૂળમાં? શેઠિયા સુખી એ તો વળી ક્યાંય રહી ગયું. ધૂળમાંય સુખી નથી. કોણ કહે છે? એય..! આ શેઠિયા રહ્યા બધા. આ રહ્યા બધા પૈસા ઘણા લાખોપતિ. નહિતર કહેને અમારી સામે. આ બધા ૪૦-૪૦ લાખ, ૫૦-૫૦ લાખ, ૬૦-૭૦ લાખ પડ્યા છે બધા જુઓને આ મોટા પિંડલા પડ્યા છે રૂપિયા એના ઘરે ધૂળના. એ તો ધૂળના છે. એમાં એના કે દિ' હતા એ? એય..! લ્યો આ પૈસાવાળા રહ્યા. જુઓને એં..એં.. થઈ ગયું. ઓલા પચ્ચીસ લાખ સલવાણા.

મુમુક્ષુ :- મોટી રકમ સલવાઈ જાય તો થાય તો ખરુંને.

ઉત્તર :- ત્યાં સલવાણા છે. નવ લાખનું મકાન સલવાણું છે નાઈરોબીમાં એનું. ભગવાનભાઈનું. એ વાત કરતા હતા. હવે ત્યાંથી આવશે કે નહિ? અહીંયા આવ્યા એ આવ્યા. હવે ત્યાંથી આવશે કે નહિ એ ચિંતા. એય..! જુઓને દુઃખી છે કે સુખી?

મુમુક્ષુ :- .. ચિંતા હોયને. મળે એની શું...

ઉત્તર :- અરે કેટલી વાર બેઠા હોય તો અમારા ફાવાભાઈની જેમ થઈ જાય છે એ. આમ પડી જાય છે. ખ્યાલ આવે કે હં.. ચિંતાએ ચડી ગયા ક્યાંક. વિકલ્પ હોય વિકલ્પ એ જાતના. આહા..હા..! ધૂળ હોય તોપણ શું અને ધૂળ ન હોય તોપણ શું? એનાથી કાંઈ સુખ-દુઃખ છે નહિ. એનાથી હું સુખી છું એવું માનનાર મૂઢ મિથ્યાદૃષ્ટિ અજૈન છે. તેને ભગવાન જૈન કહેતા નથી, એમ કહે છે અહીંયા.

મુમુક્ષુ :- સુખ માને છે.

ઉત્તર :- સુખ માન્યું. નથી અને માન્યું. બીજી વાત એ. હવે પૈસા એકકોર રાખો.

હવે આત્મામાં પાપભાવ થયો. હિંસા, જૂઠું, વિષય, ભોગવાસના. ભોગની વાસના, વિષયની કલ્પના એ મને સુખ છે એ માન્યતા મિથ્યાદૃષ્ટિ મૂઢની છે. કહ્યુંને. પહેલા પૈસામાં અને સ્ત્રીનું સુંદર શરીર માખણ જેવું કુણું એ મને સુખનું કારણ છે એમ માનનાર જડથી સુખ થાય એમ માનનાર મૂઢ જીવ છે, મિથ્યાદૃષ્ટિ છે, અજૈન છે, તેને વીતરાગની આજ્ઞાની શ્રદ્ધા નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એ ઉપરાંત હવે બીજી વાત. અને પોતાને ભાવ થયો ભોગનો, રાગનો, વિષય-વાસનાનો, ક્રોધ-માન-માયા-લોભનો એ સુખરૂપ છે, એ મને ઠીક છે એમ માનનારો મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. તો મિથ્યાદૃષ્ટિનો એ ભાવ એ એનું કર્મ છે અને એનું ફળ તે ક્ષણે દુઃખ છે. છે દુઃખ અને માને છે સુખ. ત્રીજી વાત.

હવે પુણ્યની. પરમાં સુખ માન્યું, પાપના ભાવમાં સુખ માન્યું, હવે પુણ્યના ભાવ.

ખેતશીભાઈ! આહા..હા..! ભાઈ! આ તો પરમાત્માની વાણી, ગંભીર વાણી છે. જે ત્રણ જ્ઞાનના ધણી ઈન્દ્રો, ત્રણ જ્ઞાનના ધણી ઈન્દ્રો, શક્રેન્દ્ર અને ઈશાનેન્દ્ર, સુધર્મ દેવલોક અને ઈશાન દેવલોક, સુધર્મ દેવલોકમાં ૩૨ લાખ વિમાન. ઈશાનમાં ૨૮ લાખ વિમાન માથે. એના લાડા અર્ધલોકના સ્વામી સાંભળતા હતા એ વખતની આ વાણી છે. સમજાણું કાંઈ? અને ચાર જ્ઞાનના ધણી ગણધર સમવસરણમાં સંતોના અગ્રેસર બિરાજે છે. ભગવાનની વાણી નીકળી એ કુંદકુંદાચાર્ય સાંભળીને આવ્યા અને આ બનાવ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! ગૂઢ વાત છે, પ્રભુ! જરી સમજવામાં એને પુરુષાર્થ કરવો પડે. સમજાણું કાંઈ? છોકરો સારો છે, પુણ્યશાળી છે, મારે દશ લાખનું મકાન છે, એમ હું સુખી છું પૈસાથી, અનુકૂળતાથી. એ તો મૂઢ છે. જડમાં સુખ છે? તારા જડમાં? માટી, ધૂળમાં? એ તો મૂઢ છે. હવે પાપભાવ થયો એમાં. ઠીક પડે છે મને. પાપમાં સુખ છે? પરિણામ પાપમાં? મૂઢ છે. પાપ પરિણામનું ફળ તો દુઃખ છે.

હવે આવ્યું પુણ્ય. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાનો વિકલ્પ જે વૃત્તિ ઉઠે છે. આનંદકંદમાં ઉલટી. એ ઉલટી વૃત્તિ છે તે પુણ્ય છે. તે પુણ્ય વિકાર છે, વિકાર એ દુઃખરૂપ છે. આ એને સુખ માનવું મિથ્યાદૃષ્ટિ છે. તેને તત્ત્વની શ્રદ્ધા નથી. નવ તત્ત્વની શ્રદ્ધા એને છે જ નહિ. દુઃખતત્ત્વને સુખતત્ત્વ માને, આનંદતત્ત્વને દુઃખરૂપ માને. એને તત્ત્વની શ્રદ્ધા ક્યાં છે? સમજાણું કે નહિ? એય..! મોહનભાઈ! એ કહે છે જુઓ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ સુખ છે ક્યાં? સુખ કોણે કહ્યું? તમે કહો છો, અમે ક્યાં કહીએ છીએ.

મુમુક્ષ :- .. એ વધારે સમજાય.

ઉત્તર :- એ કહ્યુંને. કે વૃત્તિ ઉઠે છે કે નહિ? શુભ વિકલ્પ ઉઠે છેને? એમ જીવને ન મારું, એને દુઃખ ન દઉં, આમ દાન કરું, આમ પૂજા કરું, આમ ભગવાનનું નામ લઉં- તો વૃત્તિ ઉઠે છે તે શુભભાવ છે. એ શુભભાવ આત્માનું કર્મ છે. કર્મ નામ કાર્ય છે અને એનું ફળ દુઃખ છે. જુઓ, કહે છેને. વિકૃતિભૂત દુઃખ. આત્મા આનંદથી (ભિન્ન) વિકૃતિભૂત દુઃખ છે. આહા..હા..! કરો નક્કી ભાઈ અહીંયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ કરે છે? આ તો આવે છે તો આવે છે. સમજે છે જ્ઞાની કે આવે છે. આવે છે એને જાણે છે કે છે. એનો વિકલ્પ આવે છે. રાગ છે, જાણે છે કે દુઃખ છે. મારું સ્વરૂપ એનાથી ભિન્ન છે. એમ જ્ઞાની પોતાને દુઃખરૂપ નથી જાણતા. આહા..હા..!

મુમુક્ષુ :- ...થી દુઃખ થાય.

ઉત્તર :- આ શું લખ્યું ત્યારે? જુઓ, એમાં અર્થ કરો. વિકલ્પ દુઃખ છે તે વૃત્તિ ઉઠે છે, ભાઈ! આ કરું, આમ કરું, સુખ દઉં, બીજાને દુઃખ ન દઉં, પૈસા ખર્ચું, આ કરું,

તે કરું, નામ સ્મરણ કરું. એ બધી વૃત્તિ ઉઠે છે. એ તો વૃત્તિ છે, વિકલ્પ છે, શુભ છે. શુભભાવ તે આત્માનું કર્મ છે. કર્મ નામ કાર્ય છે અને એનું ફળ એ જ સમયે દુઃખ છે. વિકૃતિભૂત દુઃખ, આત્માના આનંદથી વિપરીત દુઃખ છે.

મુમુક્ષુ :- એ તો આકુળતા જ રહે છે.

ઉત્તર :- આકુળતા જ છે.

પણ આત્માના આનંદથી દૂર રહ્યો. તો આનંદથી દૂર તો દુઃખ છે. તો પહેલા આનંદમાં આવ્યું પહેલી વાત તો. જે શુદ્ધભાવ છે... આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ ત્રિકાળી આનંદનો નાથ, નિત્યાનંદ પ્રભુ નિત્ય ચૈતન્ય ભગવાન એવી એની ચીજ છે. એવી ચીજ(નો) સ્વીકાર કરીને જે દૃષ્ટિ સમ્યગ્દર્શન થયું અને સમ્યગ્જ્ઞાન થયું અને સમ્યક્ ચારિત્ર વિકારી દશા થઈ. તે તેનું કર્મ છે, તે કાર્ય છે. તેનું ફળ અનાકુળ લક્ષણ, પ્રકૃતિભૂત, સ્વભાવભૂત, આત્માના આનંદભૂત, આનંદફળ છે. કહો, સમજાણું કાંઈ? ભાઈ! સમજવામાં સૂક્ષ્મ વાત છે. અનંતકાળથી એણે સમજણ કરી જ નથી. ઉંધી સમજણ કરીને માની રાખ્યું કે અમે ધર્મ કરીએ છીએ. એમ હેરાન થઈ ગયો. સમજાણું કાંઈ? ધર્મચંદજી! સમજાય છે કે નહિ? આ તો હિન્દી ભાષા છે. નરેશ અને આ બધા નરેન્દ્ર ને આવ્યા છેને બાળકો. તો એના માટે હિન્દી થઈ ગઈ લ્યો! રામજીભાઈ કહેતા હતા કે કેમ આમ? ભાઈ હવે કોણ જાણે એમ ચાલ્યું. આ હિન્દી લોકો આવ્યા છે થોડા વળી. આ શિખરચંદજી પણ ગુજરાતી નહોતા સમજતા. કહે આ ઠીક આવ્યું. આહા..હા..! આ તો નીકળવાની હોય તો એ નીકળે. એ કાંઈ ભાષા આત્માથી થાય છે? જડની ભાષા છે, ભાઈ! આહા..હા..! કેટલું સમાડ્યું છે આમાં! ઓહો..હો..! જૈનશાસનની રીત, વીતરાગમાર્ગની રીત અને એનાથી ઉલટી બેય વાત સમાડી દીધી છે એમાં. સમજાણું કાંઈ? ઓહો..હો..!

કહે છે કે આત્મા નિજસ્વરૂપ ભગવાન એના સ્વરૂપમાં, પોતાના નિજસ્વરૂપમાં, સ્વ-રૂપ, પોતાના નિજસ્વરૂપમાં તો આનંદ અને જ્ઞાન ભરેલો છે. અતીન્દ્રિય આનંદનો કંદ ભગવાન આત્મા છે. એવો આત્મા પોતાનો આશ્રય છોડીને કર્મના, નિમિત્તના લક્ષે-સંબંધમાં પુણ્ય-પાપના ભાવ કરે છે તે પુણ્ય-પાપના ભાવ પોતાનું જ કર્મ છે અને એનો આત્મા જ એને પહોંચે છે. તો તેને કર્મ કહેવામાં આવે છે. તો એ કર્મચેતના કહી. એ રાગ અને પુણ્ય-પાપમાં ચેતાઈ ગયો આત્મા એ કર્મચેતના. અને એનું ફળ વિકૃત દુઃખ છે. એ જ ક્ષણે દુઃખ છે. આત્માનો આનંદ એનાથી ઉલટો વિકલ્પ છે, એ જ સમયે દુઃખ છે. એનું ફળ તો દુઃખ છે. ઓહો..હો..! શુભભાવનું ફળ એ સમયે દુઃખ છે. હવે એ કહે શુભ કરતાં-કરતાં અમને શુદ્ધ થઈ જશે, ધર્મ થશે. મરી જઈશ ક્યાંય નિગોદમાં જઈશ સાંભળને માળા. એય..! પોપટભાઈ! અહીં તો રોકડી વાત છે. અહીં તો પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ ધોધમાર સભામાં એમ કહે છે. અત્યારે બિરાજે છેને પરમાત્મા. મહાવિદેહમાં બિરાજે છે સીમંધરપ્રભુ,

પાંચસો ધનુષનો દેહ, કરોડપૂર્વનું આયુષ્ય. એના મુખેથી નીકળેલી વાણી છે. સમજાણું કાંઈ? અહીં આવીને આ શાસ્ત્ર બનાવ્યું. ભગવાન તો એમ કહે છે, ભગવાન તો એમ માને છે અને અનુભવ કરે છે. ભગવાને તો એની વાણીમાં એમ કહ્યું. સમજાણું કાંઈ? ઓહો..હો..! આકરું માણસને ભારે પડે માળે. વ્રતનો ભાવ એ દુઃખરૂપ! ભગવાનની પૂજાનો ભાવ દુઃખરૂપ! ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં...

મુમુક્ષુ :- .. લાગે છે.

ઉત્તર :- ધૂળેય લાગતી નથી. ભાન કે દિ' છે એને? ણમો અરિહંતાણં...

મુમુક્ષુ :- ક્યાંય ગયો હોય...

ઉત્તર :- એ વળી પછી. ન ગયો હોય એની વાત હવે અહીં તો. રહ્યો એની વાત. ણમો અરિહંતાણંમાં રહ્યો હોય. ણમો અરિહંતાણં... પણ એ વિકલ્પ અને શુભરાગ છે. અને રાગનું ફળ ત્યાં દુઃખ તે ક્ષણે જ છે એમ કહે છે. ક્યાંય ગયોની વાત નથી. એ તો અશુભમાં ગયું. પોપટભાઈ! એ લાદીમાં વયો જાય તો વળી અશુભભાવ થઈ જાય. ભગવાનજીભાઈ! એ તો ઓલો લાદીમાં વયો જાય તો. પણ એની વાત જ નથી. એ તો અશુભભાવ થઈ ગયો. એ અશુભભાવ અને એનું ફળ દુઃખ. અને અહીં તો ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં. પરદ્રવ્ય છેને? પરદ્રવ્યનો વિકલ્પ ઉઠે તો સ્મરણ આવે છે. ભગવાન નિર્વિકલ્પ આનંદકંદ પ્રભુ આત્મા તો છે. એ વૃત્તિ ઉઠી છે તે શુભ છે અને શુભ આત્માનું કાર્ય છે અને એ કાર્યનું ફળ દુઃખ છે. આહા..હા..! એય..! નિહાલચંદભાઈ! છે એમાં છે? પુસ્તકમાં છે જુઓ.

હે ભગવાન! આ વસ્તુની સ્થિતિની મર્યાદા છે. આ કોઈ કલ્પનાની, કોઈ પક્ષની વાત નથી. જૈનધર્મ કોઈ પક્ષ નથી. જૈનધર્મ કોઈ વાડો નથી. જૈનધર્મ વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? કહે છે કે ભગવાન એમ કહે છે. ભાઈ! તારો આત્મા બે પ્રકારના કાર્યમાં જોડાય છે. બે પ્રકારનો અર્થ શુભ-અશુભભાવરૂપી એક કાર્ય અને એક શુદ્ધરૂપી કાર્ય. બેમાં જોડાય છે તો બેને કર્મ કહેવામાં આવે છે. અને બેય કાર્યને તું પહોંચી વળ્યો છો. કોઈ કર્મને કારણે થયું કે કોઈ ગુરુએ કહ્યું માટે થયું કે નિમિત્ત ખોટું મળ્યું માટે તે ભાવ થયો—એમ નથી. તો શુભ-અશુભભાવ તારું કાર્ય છે એ જ ક્ષણમાં આકુળતાનું દુઃખ એ જ ક્ષણે છે. સમજાણું કાંઈ? જુઓ! ઓહો...હો..! ગાથા તે ગાથા છેને.

'**તેનું ફળ અનાકુલત્વલક્ષણ પ્રકૃતિભૂત સૌખ્ય છે; અને દ્રવ્યકર્મરૂપ ઉપાધિની નિકટતાના સદ્ભાવને...**' હોં. નિકટતાના સદ્ભાવમાં કરનારો તો આત્મા છે. અહીં તો નિમિત્તપણું સિદ્ધ કર્યું એટલું. '**કારણે જે કર્મ હોય છે,...**' પુણ્ય-પાપના ભાવ, શુભ-અશુભભાવ એ '**તેનું ફળ વિકૃતિભૂત...**' '**વિકારભૂત.**' નીચે નોટ. '**(દુઃખ વિકારભૂત છે, સ્વભાવભૂત નથી.)**' આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય છે, એ ભાવ જે છે તે ચૈતન્યનો ભાવ હોય તો એમાં રૂપી કેમ બંધાય? સમજાણું કાંઈ? શુભ-અશુભભાવ

છે તે ચૈતન્યનો સ્વભાવ હોય તો એનું ફળ રૂપી કેમ બંધાય અને એનું ફળ બાહ્ય સંયોગ મળે? તો ખરેખર શુભ-અશુભભાવ છે પર્યાયનું, પણ સવારમાં કહ્યું કે તે અચેતન છે. ચૈતન્યની જાતનો નથી. કેમકે અચેતનનું ફળ રૂપી, કર્મ બંધાય છે અને કર્મબંધનના ફળમાં જડ આદિ સંયોગ મળે છે. એમાં આત્મા તો ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? ઓહો..હો..!

અહીં તો કહે છે કે '**દ્રવ્યકર્મરૂપ ઉપાધિની નિકટતાના સદ્‌ભાવને કારણે જે કર્મ હોય છે,...**' કાર્ય નામ પુણ્ય-પાપનું ફળ, પુણ્ય-પાપભાવ. '**તેનું ફળ વિકૃતિભૂત દુઃખ છે. કેમ કે ત્યાં સૌખ્યના લક્ષણનો અભાવ છે.**' ઓહો..હો..! અસ્તિ-નાસ્તિ કરી. અસ્તિ-નાસ્તિ કરી, અનેકાંત કર્યું. ભગવાન! તારા આનંદસ્વરૂપથી ઉલટા જેટલા પુણ્ય અને પાપ, શુભ-અશુભ થાય છે તે વિકૃતસ્વરૂપ દુઃખ છે. કેમ? કે અનાકુળ આનંદનો એમાં અભાવ છે. પરમાં તો સુખ છે નહિ ધૂળમાં. પરમાં દુઃખ પણ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- પરને એટલે એ પૈસા ક્યાં પર છે?

ઉત્તર :- પૈસા પર નથી તો શું એના બાપના છે? એના બાપના ન કહેવાય. એના છે? એના બાપ પાસે ક્યાં હતા? પૈસા બાપ પાસે ક્યાં હતા? એટલા હતા તમારા બાપ પાસે? એના બાપ પાસે નહોતા, એના બાપ પાસે નહોતા. બાપ પણ નથી ત્યારે વળી પૈસા ક્યાંથી આવ્યા? આહા..હા..! પૈસા જડના છે. પૈસા જડ થઈને રહ્યા છે કે ચૈતન્ય થઈને રહ્યા છે? એટલું સિદ્ધ કરો પહેલા. પૈસા છે એ જડ થઈને રહ્યા છે કે ચૈતન્ય થઈને રહ્યા છે?

મુમુક્ષુ :- જડ થઈને રહ્યા છે, પણ જીવને ... દે છે.

ઉત્તર :- ધૂળમાંય દેતી નથી. મૂઢ માને છે. સમજાણું કાંઈ? મુસાફર નીકળ્યો વચમાં ક્યાંક ઢગલો જોયો તો કહે મારો છે. પણ તારો ક્યાંથી થયો? એ તો જડ છે.

મુમુક્ષુ :- ... ધૂળ થઈ જાય છે.

ઉત્તર :- ધૂળ થઈ જાય છે. વાત તો એવી છે. એ તો વાત કરી. પાપની વાત તો ઠીક, પણ એ પુણ્યની વાત જગતને બહુ ખટકે છે. હાય..! હાય..! અરે! દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો વિકલ્પ ઉઠે છે તે શુભભાવ તે ધર્મ નથી? હા, અનંતવાર ધર્મ નથી. અને એ ભાવનું ફળ દુઃખ એ ક્ષણે છે. પછી વળી પુણ્ય બંધાઈ જાય, શુભથી પુણ્ય બંધાઈ જાય અને પુણ્યથી સંયોગ મળે. એ તો પર વસ્તુ છે એની સાથે તારે ક્યાં સંબંધ છે? તારો સંબંધ તો ભાવમાં દુઃખ થયું એ સંબંધ છે તારામાં. કહો, પોપટભાઈ! આહા..હા..! અહીંયા અંદર આવ્યુંને. બે પ્રકાર પાડ્યાને જુઓ.

'**આ પ્રમાણે જ્ઞાનનું, કર્મનું અને કર્મફળનું સ્વરૂપ નક્કી થયું.**' લ્યો! જ્ઞાનચેતના ભગવાન આત્મા પોતાના આનંદરૂપે થાય તે જ્ઞાનચેતના. પુણ્ય-પાપ અને આનંદરૂપે પરિણમે છે તે કર્મચેતના. અને એનું દુઃખ-પુણ્ય-પાપનું દુઃખફળ અને આનંદનું સુખફળ એ કર્મફળચેતના છે. ત્રણેનો સિદ્ધાંત નક્કી કર્યો. વિશેષ લેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૧૫, શનિવાર, તા. ૧૮.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૨૪-૧૨૫, પ્રવચન-૧૩૦**

અરે! અમારું આ ક્યાં ગયું ત્યારે આ બધું દયા, દાન, વ્રત, ભક્તિ અમે કરીએ છીએ. કોણ કરે? ભાઈ! સાંભળ તો ખરો. સમજાણું કાંઈ? ભગવાન તો ચૈતન્યજ્યોત સૂર્ય છે આત્મા. ચૈતન્યજ્યોત સૂર્ય. તો એમાંથી નિર્મળ કિરણ નીકળે તે ચૈતન્યની પર્યાય. તો નિર્મળ પર્યાયમાં સ્વ જેવું છે એવું જ્ઞાયક ત્રિકાળ છું એમ જાણવું અને રાગાદિ, શરીરાદિની જેવી ક્રિયા જે રૂપે, જે પ્રકારે થાય છે, એ રૂપે એ રૂપ નહિ થતાં, પોતામાં રહીને જાણવું એનું નામ જ્ઞાનચેતના કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઓલી વાત સમજાણી નહિ.

ઉત્તર :- કઈ વાત સમજાણી નહિ? કઈ વાત સમજાણી નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, બે કીધાને સ્વ. બેય વાત આવી ગઈને.

સ્વ એકકોર રામ અને એકકોર ગામ. આત્મા રામ ચૈતન્ય ભગવાન શુદ્ધ જ્ઞાનાનંદની મૂર્તિ તે આત્મા. તો એ જે સ્વરૂપે છે તે સ્વરૂપે જ્ઞાનમાં જણાય તેનું નામ જ્ઞાન. આવ્યુંને જુઓ. '**જેમાં સ્વ તે સ્વ-રૂપે અને પર તે પર-રૂપે...**' દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધનો રાગ એ તો રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પરને પરરૂપે, સ્વને સ્વસ્વરૂપે. રાગરૂપ, શરીરરૂપ ન થતાં પરને પરરૂપે પોતામાં રહીને પોતાનું અને પરનું જેવું સ્વરૂપ છે એમ જાણવું એનું નામ જ્ઞાનચેતના કહેવામાં આવે છે. પરસ્પર ભેળસેળ વિના. ભેળસેળ. એકબીજા.. પુણ્યનો ભાવ રાગ છે એને પોતામાં ન મેળવતા અને પોતાનું જ્ઞાન છે તેને રાગમાં ન મેળવતાં. ભારે માર્ગ. આ તો એવો માર્ગ છે પ્રભુનો. જન્મ-મરણરહિત આત્મા છે અને જન્મ-મરણનો ભાવ જે છે એનાથી પણ આત્મા રહિત છે. આહા..હા..! જેવું એનું સ્વરૂપ છે તેને તે સ્વરૂપે જાણવું. સમજાણું કાંઈ? અને રાગાદિ છે, દુનિયા છે, છ દ્રવ્ય છે, લોકાલોક છે, લોકાલોક છે. પોતાથી પર લોકાલોક છે. તો પરને પરરૂપે જાણવું. પરરૂપે જાણવું એનું જ્ઞાન અને સ્વને જાણવું એવું જ્ઞાન (એમ) બે પ્રકાર નથી અંદર. પણ એ જ્ઞાનની દશામાં જેવું સ્વસ્વરૂપ છે એમ જાણવું, પરરૂપે જાણવું એવો સ્વભાવભાવ પ્રગટ થાય તેનું નામ ભગવાન જ્ઞાનચેતના, પોતાનું જ્ઞાન અને પોતાની સ્થિતિ જેવી છે એવો અનુભવ કર્યો. આ એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ? ભારે!

આ ભગવાન ભગવાન કરીએ તે દિ' ધર્મ ક્યાં બેઠો હશે? ભગવાન... ભગવાન... ભગવાન...

મહાવીર... મહાવીર... મહાવીર... મહાવીર... ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... તો કહે છે કે ણમો અરિહંતાણં એ તો એક જડની વાણી નીકળે છે અને અંદર વિકલ્પ ઉઠે છે તે વિકૃતભાવ. તો તેને તે રૂપે જાણવું અને એનાથી ભિન્ન ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે તો જ્ઞાન આનંદસ્વરૂપે જાણવું લ્યો! એમ સ્વને અને પરને ભેળસેળ નામ એક કર્યા વિના ભિન્ન-ભિન્ન થઈને, ભિન્ન-ભિન્ન રાખીને. '**એકી સાથે પ્રતિભાસે...**' વિકલ્પ છેને. '**એકી સાથે પ્રતિભાસે...**' પહેલા પોતાનું જ્ઞાન અને પછી રાગાદિનું જ્ઞાન એમ નહીં. સમજાણું કાંઈ? તેનું નામ જ્ઞાન કહે છે. લ્યો! એનું નામ જ્ઞાન કહે છે. શાસ્ત્ર વાંચવા અને શાસ્ત્ર ભણ્યા તેને જ્ઞાન કહેતા નથી. સમજાણું કાંઈ? શું કહેવાય એ? આ પહેલો પેરેગ્રાફ. પહેલા પેરેગ્રાફની હજી વ્યાખ્યા થઈ. સમજાણું કાંઈ? કહો, હવે તો પૂરું થયું કે નહિ? હજી એને પૂરું નથી થયું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ છે લ્યો!

શું છે? તમે વાંચો શું છે? વાંચવામાં ડર લાગે છે. '**જેમાં...**' જેમાં એટલે? જ્ઞાનમાં. જેમાં છેને જેમાં? તો જેમાં એટલે જ્ઞાનમાં. લ્યો! ઠીક શબ્દ ફેરવ્યો. લ્યો! જેમાં એટલે કે જ્ઞાનમાં. પોતાની જ્ઞાનદશા, સમ્યગ્જ્ઞાનદશા. જેમાં એટલે જ્ઞાનમાં. '**સ્વ તે સ્વ-રૂપે...**' ભગવાન આત્મા તો જ્ઞાનાનંદસ્વરૂપ છે, તો જ્ઞાનાનંદસ્વરૂપે જ્ઞાન ભાસવું, તે સ્વરૂપે અંતર જ્ઞાન થવું અને પર તે પર રૂપે. રાગ દયા, દાન, વ્રત, ભક્તિ, શરીરની ક્રિયા એ પર તે પરરૂપે. '**જેમાં...**' જેમાં એટલે શું? જ્ઞાનમાં. '**જેમાં સ્વ તે સ્વ-રૂપે અને પર તે પર-રૂપે (પરસ્પર ભેળસેળ વિના,...**' ઓહો..! માણસ કહે છેને કે વ્યવહાર છેને અમારે વ્યવહાર. અહીં તો કહે છે કે વ્યવહારના જે દયા, દાન, દેવ-ગુરુ-શાસ્ત્ર એની શ્રદ્ધાનો જે વિકલ્પ છે એ અને આત્માનું જ્ઞાન બે ભિન્ન કરીને જાણવા. ભિન્ન થઈને જાણવું તેનું નામ જ્ઞાનચેતના છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો વિશેષ સ્પષ્ટીકરણ થાય છે. વસ્તુ તો એવી છે એ તો ઘણીવાર કહ્યું.

જ્ઞાનચેતના તેને કહે છે ધર્મચેતના અથવા સમ્યગ્જ્ઞાન. ધર્મનું જ્ઞાન અને અધર્મનું જ્ઞાન. પોતાનો આત્મા જેની જ્ઞાનદશામાં, જ્ઞાનની દશામાં પોતાનું જ્ઞાન અને તે સ્વરૂપનું જ્ઞાન અને એ શ્રદ્ધા-જ્ઞાન એનું પણ જ્ઞાન, ધર્મનું જ્ઞાન. પોતાનું જ્ઞાન અને પોતાની પર્યાયનું જ્ઞાન. જે સ્વરૂપે છે તે સ્વરૂપે તેનું જ્ઞાન અને પુણ્ય-પાપ વિકલ્પ, શરીર, વાણી, મનની ક્રિયા લોકાલોક જે રૂપે, જે સ્વરૂપે તે છે એ જેમાં પ્રતિભાસે, એક સાથે પ્રતિભાસે તેનું નામ જ્ઞાન કહેવામાં આવે છે. કહો, શોભાલાલજી! હવે તો ઘણું સ્પષ્ટ થઈ ગયું. એય..! દેવાનુપ્રિયા! નરેશજી! સમજાણું કે નહિ? દેવાનુપ્રિયાનો અર્થ સમજો છો? દેવાનુપ્રિયા શું કહે છે? મનુષ્યને દેવાનુપ્રિયા કહે છે. મનુષ્યપણું દેવને વલ્લભ છે. દેવને મનુષ્યપણું વલ્લભ છે. પ્રિય. તો એમ

કહે છે કે હે દેવાનુપ્રિયા! દેવને વલ્લભ મનુષ્યદેહ છે. ક્યારે અમને મનુષ્યપણું મળે અને અમે આત્મસાધન કરીને મોક્ષ પામીએ. માટે મનુષ્યને દેવાનુપ્રિય કહે છે. સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં બહુ આવે છે શાસ્ત્રમાં. આહા..હા..!

અહીં તો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યગંજ, ચૈતન્યપુંજ, આનંદકંદ એ રૂપે આત્મા છે. આત્મા એ રૂપે છે. આત્મા રાગરૂપ કે પુણ્યરૂપ કે શરીરરૂપ નથી. તો એવા આત્માને આ રીતે પોતાના જ્ઞાનમાં જાણવો, જ્ઞેય કરીને જાણવો અને પોતાની પર્યાયમાં નિર્મળતા જે શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એને પણ એમ જાણવી. અને એ જ્ઞાનમાં રાગાદિ દયા, દાનના વિકલ્પ-રાગ, શરીરની ક્રિયા છે તને તે રૂપે. એકબીજામાં ભેળસેળ ન કરીને, ભિન્ન-ભિન્ન રાખીને, જેવું ભિન્ન છે એમ રાખીને પોતામાં જ્ઞાન થવું એ જ્ઞાનનું નામ ભગવાન જ્ઞાનચેતના, ધર્મજ્ઞાન, સમ્યગ્જ્ઞાન, આત્મજ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એક બોલ થયો.

બીજો. '**જીવથી કરાતો ભાવ તે (જીવનું) કર્મ છે.**' જીવથી કરાતો ભાવ. જીવથી કરવામાં આવતો ભાવ કર્મ. '**તેના મુખ્ય બે પ્રકાર છે : (૧) નિરુપાધિક (સ્વાભાવિક) શુદ્ધભાવરૂપ કર્મ, અને (૨) ઔપાધિક શુભાશુભભાવરૂપ કર્મ.**' શું કહ્યું? જ્ઞાનચેતનામાં પહેલા નિરૂપાધિક શુદ્ધભાવ આવી જાય છે, પણ અહીંયા કાર્ય તરીકે વર્ણન કરીને જુદું પાડી દીધું. શું કહ્યું સમજાણું? ભગવાન આત્મા પોતાનું સ્વરૂપ જેવું છે એવું જાણ્યું. રાગાદિનું જેવું છે એવું જાણ્યું. તે ભાવને આત્માની જ્ઞાનચેતના કહી, તેને અહીંયા કર્મચેતના શુદ્ધભાવ કર્મચેતના તેને જ કહેવામાં આવે છે. કેમકે એ આત્માનું કાર્ય છે. સમજાણું કાંઈ? ક્યું કાર્ય છે? જુઓ, '**જીવથી કરાતો ભાવ તે (જીવનું) કર્મ છે.**' ભગવાન આત્માથી બંધાતું, રચાતું, કરાતું થકું તે કાર્ય. તે કાર્યના બે પ્રકાર મુખ્ય. પેટા ભેદ એના ઘણા છે.

'**નિરુપાધિક શુદ્ધભાવ...**' પુણ્ય-પાપના રાગરહિત પોતાનો શુદ્ધ ચૈતન્યમૂર્તિ તેનો શુદ્ધોપયોગરૂપી કર્મ, શુદ્ધ ઉપયોગરૂપી કર્મ, શુદ્ધભાવરૂપી કર્મ, શુદ્ધભાવરૂપી કાર્ય તેનું નામ શુદ્ધભાવ કર્મચેતના કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ગિરધરભાઈ! ઝીણું બહુ ઝીણું છે. કોઈ દિ' સાંભળ્યું નથી અને દરકાર ક્યાં કરી છે? દુનિયાની હાયોવોય... મરી ગયો એમ કરીને. એમ ધર્મને બહાને પણ હાયવોય... આખો દિ'. આ ભક્તિ કરીને પૂજા કરી ને વ્રત કર્યા ને દયા પાળીને એ હાયવોય..

મુમુક્ષુ :- હાયવોય..

ઉત્તર :- આકુળતા. કહો, સમજાણું કાંઈ? આકુળતા છે કે નહિ? શું છે? કાનપુર જાય તો લાખો રૂપિયા લે છે. એ આકુળતા છે? રૂપિયાની નહિ. રૂપિયા તો એના ઘરમાં રહ્યા. આકુળતા આ છે. આ લાવો... એ લાવો... એ લાવો... એ લાવ અને આવ. મારું સ્વરૂપ જાવ. આહા..હા..! આરે આરે દુનિયા! એય..! પોપટભાઈ!

ભગવાન આત્મા... કેવી વાત કરી છે! આ જ્ઞેયની વ્યાખ્યા છે. તો આત્મા જ્ઞેય છે,

જ્ઞાનમાં જાણવા લાયક. તો એ જ્ઞેય આત્મા કેવો છે? એ તો શુદ્ધ જ્ઞાનાનંદની મૂર્તિ આત્મા છે. અતીન્દ્રિય આનંદનો રસ આત્મા. તો એવું જે સ્વરૂપ જીવનું છે એવું જ્ઞાનમાં આવવું અને એ જ્ઞાનમાં રાગાદિ, પુણ્યાદિ આવવા એ જ્ઞાનચેતના. તેને જ અહીંયા શુદ્ધ કર્મચેતના કહેવામાં આવે છે. કેમકે કાર્ય તરીકે કરવામાં આવ્યો છેને? આત્માએ કર્યો છેને? રચ્યો છેને? હું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું એવું શુદ્ધ ઉપયોગનું કાર્ય, પુણ્ય-પાપના વિકલ્પ જે છે એ નહિ. શુદ્ધભાવનો જેવો આત્મા છે એવું કાર્યનું પરિણમન શુદ્ધભાવ સિદ્ધનું હોવું, તે શુદ્ધભાવરૂપી પોતાનું કાર્ય છે કે જેને ધર્મ કહે છે. એ શુદ્ધભાવ કર્મમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે એવી જાય છે. સમજાણું કાંઈ? લ્યો!

'**જીવથી કરાતો ભાવ તે કર્મ છે.**' જીવથી, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવી વીતરાગી પર્યાય, શુદ્ધ નિર્દોષદશા જીવથી કરાતો થકો તે કર્મ છે. કર્મ નામ કાર્ય. સમજાણું કાંઈ? આહા..હા..! '**તેના મુખ્ય બે પ્રકાર છે :**' હવે ત્યાં તો પહેલા શુદ્ધની વાત કરી, પણ અહીં બે પ્રકાર. '**(૧) નિરુપાધિક (સ્વાભાવિક) શુદ્ધભાવરૂપ કર્મ,...**' ભગવાન આત્મા પોતાનું ચૈતન્યબિંબ પ્રભુ એની દૃષ્ટિ, લક્ષ કરીને શુદ્ધભાવ, પુણ્ય-પાપના વિકલ્પ નામ રાગથી રહિતભાવ. એવો શુદ્ધભાવ એ નિરુપાધિકભાવ, સ્વભાવિકભાવ. તે સ્વભાવિકભાવ જીવથી કરાતો થકો જીવનું શુદ્ધભાવરૂપી કાર્ય છે. (એને) શુદ્ધભાવ કર્મચેતના કહે છે. સમજાણું કાંઈ? '**અને (૨) ઔપાધિક શુભાશુભભાવરૂપ કર્મ.**' દયા, દાન, વ્રત, ભક્તિનો શુભરાગ અને હિંસા, જૂઠું, ચોરી, રળવા, કમાવાનો ભાવ પાપરાગ—બેય ઔપાધિકભાવ જીવથી કરાયેલો અશુદ્ધભાવ. તે અશુદ્ધભાવ કર્મચેતનાભાવ. દુઃખ. દુઃખ તો પછી એનું ફળ કહેશે. કર્મચેતનાભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**આ કર્મ વડે નીપજતું...**' આવા કાર્ય વડે ઉપજતા '**સુખ અથવા દુઃખ...**' સુખ શબ્દે આનંદ, દુઃખ શબ્દે સુખ-દુઃખની કલ્પના. શું કહ્યું? '**આ કર્મ વડે નીપજતું...**' આ કર્મ એટલે? ભગવાન આત્મા પોતાના શુદ્ધસ્વભાવથી શુદ્ધભાવરૂપી કર્મ તેનું ફળ સુખ. તેનું ફળ તે સમયે સુખ, તે ક્ષણે. ભગવાન આત્મા પોતાની પુંજી આનંદ, જ્ઞાન, ઘન એના ઉપર દૃષ્ટિ કરીને જે શુદ્ધભાવનું પરિણમન કર્યું, તે શુદ્ધભાવરૂપી કર્મ, શુદ્ધભાવરૂપી કર્મ, એનું ફળ એ જ ક્ષણે આનંદ. તેનું ફળ સુખ. સમજાણું કાંઈ? અને દુઃખ. શુભ-અશુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ અને હિંસા, જૂઠું, ચોરી, કમાવવું, રળવું, વ્યાજ ઉપજાવવા એવા પાપભાવ બેય કર્મ છે. છે? એ કર્મ. એનું ફળ દુઃખ. એ જ સમયે દુઃખ. ગિરધરભાઈ! એ જ સમયે દુઃખ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બેય. શુભાશુભ બેય.

સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથ પરમાત્માએ જે આત્મા જોયો, એવો આત્મા જ્યારે

જ્ઞાનમાં આવે છે ત્યારે તેને સમ્યગ્દર્શન-જ્ઞાન થાય છે. એ સમ્યગ્દર્શન-જ્ઞાન પોતાનું કાર્ય છે, અને એનું ફળ એ જ ક્ષણે આનંદ છે. અને જે સમયે પુણ્ય અને પાપના ભાવ થાય છે, જીવથી કરાયેલો. જીવથી, કર્મથી નહિ. જે સમયે અંદર દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા એ હું કરું એવો વિકલ્પ ઉઠે છે અને રળવું-કમાવવું, પૈસા લઉં-દઉં દાનમાં દઉં વગેરે એવો જે શુભ-અશુભ વિકલ્પ છે તે જીવથી કરાયેલું ઉપાધિરૂપ કાર્ય તે સમયે દુઃખરૂપ છે. ભગવાનજીભાઈ! હવે એ પાપ કરે તો નરકમાં જાય અને દુઃખ ભોગવે. પુણ્ય કરે તો સ્વર્ગમાં જાય, સુખ ભોગવે. એવું તો અહીં કહ્યું નથી. શુદ્ધભાવ કરે તો મોક્ષમાં જાય, આનંદ ભોગવે. હવે ક્યાં જાય? સાંભળને. પોતે ક્યાં જાય ક્યાં હવે? પોતાનું સ્વરૂપ ભગવાન જે અંદરમાં રાગને અડતો નથી, શરીર તો જડ-માટી-ધૂળ છે. એવી ચીજ પોતામાં છે અને પોતાના જ્ઞાનનું કાર્ય, શુદ્ધભાવનું કર્મ એ જ સમયે સુખરૂપ છે, એ જ સમયે આનંદ છે. ધર્મીનો ધર્મ એને કહે છે કે આત્મા શુદ્ધ પરમાત્મા છે એની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિનું કાર્ય કરે, એમાં આનંદ આવે તે ધર્મનું કાર્ય અને તે ધર્મનું ફળ. સમજાણું કાંઈ? શું કહ્યું?

'**આ કર્મ વડે નીપજતું સુખ આથવા દુઃખ તે કર્મફળ છે. ત્યાં, દ્રવ્યકર્મરૂપ ઉપાધિમાં જોડાણ નહિ હોવાને લીધે...**' પોતાના શુદ્ધસ્વરૂપમાં જોડાણ નામ એકાગ્રતા હોવાથી '**નિરુપાધિક શુદ્ધભાવરૂપ કર્મ થાય છે,...** ' ઉપાધિ વિનાના શુદ્ધભાવ, વીતરાગીભાવ. ઓહો..હો..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનથી માંડીને પછી, પહેલા બધી જગ્યાએ... જેટલી શુદ્ધતા, પવિત્રતા, પુણ્ય-પાપ વિનાની પોતામાં પવિત્રતા પ્રગટ થઈ શુદ્ધ વીતરાગીદશા તે શુદ્ધભાવ કાર્ય છે. અને '**તેનું ફળ તો અનાકુળતા જેનું લક્ષણ છે એવું સ્વભાવભૂત સુખ છે;...**' તેનું ફળ તો તે ક્ષણે આનંદ છે, સ્વભાવભૂત સુખ છે. સમજાણું કાંઈ?

'**અને દ્રવ્યકર્મરૂપ ઉપાધિમાં જોડાવાને લીધે...**' ભગવાન આત્મા પોતામાં જેટલું જોડાણ-એકાગ્ર નથી થતો એટલું કર્મના નિમિત્ત તરફનું લક્ષ કરીને શુભ અને અશુભભાવ કરે છે, પુણ્ય અને પાપનો ભાવ કરે છે, પ્રશસ્ત રાગ અને અપ્રશસ્ત રાગ કરે છે, તે ઉપાધિક શુભાશુભભાવ. એ ઉપાધિ શુભ-અશુભભાવ છે બેય. '**જે ઔપાધિક શુભાશુભભાવરૂપ કર્મ થાય છે, તેનું ફળ વિકારરૂપ દુઃખ છે...**' આમાં ક્યાંય સુખ ન આવ્યું. શુભભાવ હોય તો દુઃખ છે, અશુભભાવ હોય તોપણ દુઃખ છે. પોપટભાઈ! આહા..હા..! અહીં તો હજી અશુભભાવથી નવરો થતો નથી. આખો દિ' હોળી કરે અને પછી જાય મરીને જાય નરક અને નિગોદ. આહા..હા..! અરે! એની દયા એણે ન કરી હોં! એની પોતાની દયા નથી. અરેરે! હું ક્યાં જઈશ? શું થશે? શરણભૂતને શોધ્યો નહિ. લ્યો! શરીર, વાણી, મન, પૈસા ધૂળ તો ક્યાંય રહી ગઈ. એ તો સ્મશાનની રાખ બહાર છે કહે છે. આહા..હા..! પણ તારામાં પુણ્ય અને પાપ જે થાય છેને. એ પણ કહે છે કે આત્માની શાંતિ લૂંટાય છે. તે ઉપાધિભાવ છે અને શુભ-અશુભભાવ તો દુઃખરૂપ છે. શુભમાં સુખ અને અશુભમાં

દુઃખ એમ નથી લીધું. બે ભાગ નથી પાડ્યા. ભગવાનજીભાઈ! એક જ. આહા..હા..! લાલજીભાઈ! એ સાંભળવા ન મળે એ વિચાર કે દિ' કરે? આહા..હા..! ભાઈ! તું કોણ છો? ક્યાં છો? તું કોણ છો? ક્યાં છો? હું આત્મા છું. ક્યાં છો? હું તો જ્ઞાન અને આનંદમાં છું. શું આત્મા રાગમાં અને પરમાં હોય? પરમાં હોય તો પરરૂપ થઈ જાય અને પોતાનું રૂપ ભિન્ન રહે નહિ. સમજાય છે કાંઈ? લોકોને તો એવું લાગે માણસ બિચારાને. અરે! આ બધું ભાઈ! બાપુ! મારગડા છે ભાઈ! તે સાંભળ્યો ન હોય એટલે શું થાય?

એ આજે આવ્યું છે લ્યો! એય..! આમ કરીને ઉડાવી નાખ્યું, એકાંત કરી નાખ્યું, લોપ કરી નાખ્યો. માટે એનો વિરોધ તો આપણે કરવો જ જોઈએ. ઠીક ભગવાન! બાપુ! શું .. ત્યારે! આહા..હા..! ભાઈ! માંડ માર્ગ આવ્યો છેને તું. આહા..હા..! તમે વિરોધની ના પાડો છો? બરાબર વિરોધ કરવો જોઈએ. એમના જેવો તો કોઈએ આગમનો વિરોધ-લોપ કર્યો જ નથી. આહા..હા..! અરે ભગવાન! શું તું કરે છે ભાઈ! તને તારી ખબર નથી, તને પરની ખબર નથી. આહા..હા..! આંધળો પોતાની વાતું ન જાણે, પોતાને ન જાણે એ પરને શી રીતે જાણે? આહા..હા..! ભાઈ! અનંત સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથનું કથન અને વસ્તુનું સ્વરૂપ એવું છે. લ્યો આ અમારા પંડિતજી છે. વકીલ છેને વકીલ? એય..! પોપટભાઈ! જુઓ શું કહે છે? જુઓ, સાંભળ તો ખરા ભગવાન!

અહીં તો શુભભાવને તો દુઃખરૂપ કહ્યો. એ શુભભાવ આત્મામાં સાધન થઈને આત્મ સાધ્ય થઈ શકે (એમ બને નહિ). દુઃખ સાધન, આનંદ સાધ્ય, દુઃખ કારણ, આનંદ કાર્ય. ત્યારે કહ્યું છેને શાસ્ત્રમાં? ભાઈ! એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે, પ્રભુ! એ કષાયની મંદતાનો (ભાગ) ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને આવું હોય છે એનું જ્ઞાન કરાવવા માટે એ ભૂમિકામાં એમ જ હોય છે બીજું નહિ. એટલું જ્ઞાન કરાવવા માટે કહ્યું છે. બાકી નહિ કે એનાથી આત્મામાં લાભ થાય. આહા..હા..! વસ્તુ તો એવી છે. પોકાર કરો તો કરો. સમજાણું કાંઈ? બીજી કોઈ વસ્તુ હોઈ શકે નહિ.

કહે છે, જડ કર્મના સંબંધમાં શુભ અને અશુભભાવ. આહા..હા..! પંચ મહાવ્રતનો ભાવ, ભગવાનના નામ સ્મરમણનો ભાવ. કહે છે કે શુભભાવ છે. આત્માથી કરાયેલો છે અને દુઃખ છે. વ્યવહારરત્નત્રયનો ભાવ દુઃખ છે. આ રાડ નાખે છેને. અરે ભગવાન! ભાઈ! એમ રહેવા દે બાપા! આ કાળ છે. આંખ મીંચાશે બાપુ કોઈ શરણ નહિ રહે હોં! આહા..હા..! ભગવાન શરણ છેને પૂર્ણાનંદ પ્રભુ એ ત્રણ કાળમાં કદી દુઃખરૂપ થયો જ નથી, શુભરૂપ થયો જ નથી. એવી ચીજ છે એ. એવી ચીજની દૃષ્ટિમાં શુભ-અશુભભાવ થાય, પણ એ પરરૂપ છે અને દુઃખરૂપ છે. એમ ધર્મી પોતાના જ્ઞાનમાં રહીને, પોતાના આનંદમાં રહીને શુભભાવ દુઃખરૂપ એમ જાણે છે. પરમાં એક થયા વિના. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેનું ફળ વિકારભૂત દુઃખ છે...'** ઓહો..હો..! કહો, શોભાલાલજી! ત્યાં પાંચ-પાંચ

લાખ પેદા કરે છે અને સાંભળે છે તો કહે દુઃખ છે એમ કહે છે. અને પૈસા દાનમાં દીધા. લ્યો ભાઈ! પચાસ હજાર. અહીં દે દશ હજાર, અહીંયા દે છે. લ્યો! એ ભાવ ક્યો? કે એ ભાવ શુભ છે. શુભ શું છે? હવે દુઃખરૂપ છે. ભારે વાત! છે કે નહિ અંદર? ગિરધરભાઈ! આહા..હા..! અરેરે! અનંતકાળથી કાળ આવ્યોને માળે ગુમાવી દીધો આમ ને આમ હોં. ઓલા આંધળાનો દાખલો આવે છેને. ગામમાં પેસવું હોય ત્યારે ગઢ છે ગામનો. ગઢ. ગઢ સમજ્યાને? કોટ-કોટ. તો દરવાજો આવે તો ઘૂસી જાવું એમાં. ત્યારે કહે પણ અમને દરવાજો ન દેખાય તો શું કરવું? તો જે કોટ છે એને હાથ અડાડીને જાવું. કરતાં-કરતાં દરવાજો આવે ત્યાં. જ્યાં દરવાજો આવ્યો ત્યાં ખંજવાળ આવી. ચાલતા-ચાલતા (કરી). ઉભો રહીને જો કરે તો... જ્યાં દરવાજો આવ્યો ત્યાં હાથ લઈ લીધો તો દરવાજો નીકળી ગયો, પાછો હાથ દઈ દીધો. ત્યાં બીજો દરવાજો આવ્યો. ચાર દરવાજા હોયને. ત્યાં વળી માથે ખંજવાળ આવી કાંઈક. એ દરવાજો નીકળી ગયો, હવે ત્રીજો આવ્યો તો પથરો વાગ્યો જરી. ચાલતા-ચાલતા પાછો કરે. જો ઉભો રહીને કરે તો તો વાંધો નહિ. અરે ભગવાન! નગરમાં પ્રવેશ કરવાનો કાળ તો તને આવ્યો નહિ. એમ છે. આહા..હા..! 'કારણ કે **તેમાં અનાકુળતા નથી પણ આકુળતા છે.**' શુભભાવ અને અશુભભાવ, પુણ્યભાવ અને પાપભાવ બેય આકુળતા છે. જેમાં દુઃખ જ છે, આનંદ નથી. કહો, '**આ રીતે...**' એટલે આ પ્રકારે '**જ્ઞાન, કર્મ...**' કાર્ય '**અને કર્મફળનું સ્વરૂપ કહ્યું.**' લ્યો! એ ત્રણેનું સ્વરૂપ કહ્યું.

'**હવે જ્ઞાન, કર્મ અને કર્મફળને આત્માપણે નક્કી કરે છે :—**' જુઓ, અહીં તો જ્ઞેયનો અધિકાર છેને. તો પોતાની પર્યાયમાં પરિણમન એનું છે. જ્ઞાનચેતના પણ આત્માનું પરિણામ છે અને શુદ્ધભાવ પણ આત્માનું પરિણામ છે અને શુભ-અશુભભાવ કર્મ પણ આત્માના પરિણામ છે અને શુદ્ધભાવના આનંદરૂપ ભાવ એ પણ આત્માના પરિણામ છે અને શુભાશુભ પરિણામનું દુઃખ એ પણ આત્માનું પરિણામ છે. કોઈ પરનું નથી. પરમાં નથી એમ કહે છે. ૧૨૫.

> अप्पा परिणामप्प परिणामो णाणकम्मफलभावी।
> तम्हा णाणं कम्म फलं च आदा मुणेदव्वो।।१२५।।

નીચે.

> **પરિણામ-આત્મક જીવ છે, પરિણામ જ્ઞાનાદિક બને;**
> **તેથી કરમફળ, કર્મ તેમ જ જ્ઞાન આત્મા જાણજે. ૧૨૫.**

મેળ કર્યો છેને.

ઓહો..હો..! અધિકાર તો અધિકાર છેને. જાદવજીભાઈ! ભગવાનનો અધિકાર છે. એનો અન્વયાર્થ. અન્વયાર્થ છેને અંદર? '**આત્મા પરિણામાત્મક છે;...**' શબ્દાર્થ થાય છે અંદરમાં. ભગવાન આત્મા પરિણમન સ્વરૂપ છે. વસ્તુ ધ્રુવ તરીકે છે પણ પલટે છે, પલટે છે, બદલે

છે. જેમ જળ જળરૂપે રહીને તરંગ ઉઠે છે તરંગ-મોજા. એમ ભગવાન આત્મા પરિણામાત્મક સ્વરૂપ છે, બદલવા સ્વરૂપે છે, પરિણામસ્વરૂપ છે, પલટવા સ્વરૂપે છે. સમજાણું કાંઈ? '**પરિણામ...**' પરિણામના ત્રણ પ્રકાર '**જ્ઞાનરૂપ, કર્મરૂપ અને કર્મફળરૂપ થાય છે.**' કહો, બરાબર છે? પરિણામના ત્રણ પ્રકાર. જ્ઞાનરૂપ પરિણામ. સ્વપરનું જાણવારૂપ જ્ઞાનચેતના પરિણામ, એક કર્મપરિણામ, શુદ્ધભાવરૂપી પરિણામ અને એક શુભાશુભભાવરૂપી પરિણામ અને કર્મફળ. કહો, શુદ્ધભાવનું આનંદરૂપી ફળ, શુભાશુભભાવનું દુઃખરૂપ ફળ. એ પરિણામ છે, તે બધા પરિણામ છે. દુઃખ તો કોઈ સંયોગથી નથી થતું એમ કહે છે. તે પરિણામમાં શુભાશુભભાવ તે દુઃખ છે. સમજાણું કાંઈ? શરીરમાં રોગ થાય, નિર્ધનતા હોય, વીંછીનો કરડ હોય એ દુઃખ નથી. કેમકે એ પરિણામ આત્માનું નથી એમ કહે છે, ભાઈ! એ દુઃખ નથી. દુઃખ તો પોતાનું પરિણામ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમ અણગમો લાગે એ પરિણામ છે આત્માના. દુઃખરૂપ એ આત્માના પરિણામ છે. શુભાશુભભાવ તે દુઃખરૂપ આત્માના પરિણામ છે. એ પરપરિણામથી દુઃખ થાય છે એમ નથી. અને આનંદ પરિણામ છે પોતાનું. એ શુદ્ધજ્ઞાનચેતના અથવા શુદ્ધભાવચેતના તે કર્મ તે પોતાનું પરિણામ છે અને એમાં આનંદ આવે એ પણ પોતાનું પરિણામ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સ્પર્શ્યા વિના છે.

ઉત્તર :- પરથી સુખ નથી, પરથી દુઃખ નથી, પરમાં પોતાનું દુઃખ નથી. પોતાના પરિણામમાં સુખ-દુઃખ પોતામાં છે એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! આ પૈસાવાળા સુખી એમ કહે છે. અહીં તો કહે છે કે પૈસાવાળા સુખી એ વાત જ જૂઠી છે. પણ એના પરિણામમાં જે કલ્પના છે તે દુઃખ છે એ પરિણામ સાચા છે. સમજાણું કાંઈ? આહા..હા..! પૈસાવાળા સુખી એમ મૂઢ કહે છે, પાગલ, ગાંડા. એમ ભગવાન કહે છે. એય..! ત્યારે કહે સુખ છેને? એ એની કલ્પનામાં જે માન્યું છે કે આ હું સુખી એ કલ્પના અશુભભાવ છે, તે દુઃખ છે. કહો, દીકરા-દીકરીના સુખ, પૈસાના સુખ, મકાનના સુખ, ઢગલા સુખ. ઓહો..હો..! એય..! એમાં તો વળી છ-છ છોકરા. સમજ્યાને. છ મોટા હુશિયાર. હા એને તો હુશિયાર છે એ. આને બે જરી.. પણ છ-છ છોકરા. ઓલા રામજીભાઈને છ છોકરા મોટા. રામજી હંસરાજ. કહો, આને છ પાછા બધા એવા, વેપારમાં મશગુલ દુઃખમાં. આહા..હા..! રામજી હંસરાજ. બે અઢી કરોડ રૂપિયા. છ છોકરા. આમ યોદ્ધા જેવા બધા જુઓ, ઓહો..હો..! કેવા? કે દુઃખરૂપ. સમજાણું કાંઈ? વાત કરે તો એવું લાગે કે આહા..હા..! જયપુરમાં ગયા હતા જયપુર. ત્યાં મકાન છે એનું? બે કરોડ રૂપિયા. એક વર્ષમાં બે કરોડનું ઓલું નીકળે છે. રેલમાંથી શું કહે છે એને? થાંભલા. બે કરોડના. હવે દશ કરોડના કરશે. એક વર્ષમાં દશ કરોડ. ત્યાં લઈ ગયા હતા એકવાર. આઠ દિવસ. શું છે? .. આ શું છે? .. નીચે થાંભલા. બે કરોડના થાંભલા બનાવીએ છીએ. દશ કરોડના એક વર્ષે બનાવવા છે.

બે ભાઈઓ. આહા..હા..! શું કરવું છે આ? બનાવવું છે, વેચવું છે. શું વેચવું છે? પરિણામ. પોતાનો અશુભભાવ વેચે. એ પોતાથી અશુભભાવ કરાતો ભાવ છે. એ ચીજ એની બનેલી નથી. શોભાલાલજી! આહા..હા..!

પોતાથી કરાયેલો એમ આવ્યુંને? અશુભભાવ બંધાય છે અને તે દુઃખી છે. દુનિયા એને સુખી કહે. ગાંડા માણસો. ગાંડા જરીક એનાથી વધારે ગાંડો હોય એને બહુ હુશિયાર કહે. અફીણ બહુ કડવું હોય તો સારું કહે. એમ નથી કહેતા? અફીણ સાધારણ હોય અને અફીણ બહુ કડવું હોય તો બહું સારુ અફીણ છે. એમ બહુ પૈસાવાળા હોય બહુ દુઃખી હોય એને લોકો સુખી કહે. કરવું શું આનું? આહા..હા..! અહીં તો આચાર્ય મહારાજ સ્પષ્ટ કરીને કહે છે. ભગવાન! એ પૈસાના સંબંધમાં તને મમતાનો ભાવ થયો, અશુભભાવ, એ તો તારા પરિણામ છે. એ (જડના) પરિણામ તારા નથી અને એ તારાથી થયું નથી.

મુમુક્ષુ :- એની મહેનતના પરિણામ.

ઉત્તર :- મહેનતના પરિણામ ત્યાં ક્યાં મહેનત ધૂળના પરિણામ? તારા મહેનતના પરિણામ અશુભભાવ. મહેનત કરી તો સંચો બનાવ્યો, ધૂળ બનાવી. એય..! આ પથરા બનાવે. આ અમારે ગોકળભાઈ છે તે લોઢા બનાવે. એમ હશે? લોઢું બનાવતા હશે? ઓલા ભાઈ હતા અમારે જેઠાલાલ એ સોનું. બધા જડ બનાવતા હશે? પરિણામ બનાવે છે અશુભભાવ. એમ ભગવાન કહે છે. પાપભાવ, દુઃખભાવ, અધર્મભાવ. આહા..હા..! ભારે વાત ભાઈ! કહો, ભગવાનજીભાઈ! તમારે ઓલા બે-પાંચ-દશ કરોડ રૂપિયા.. ખુરશીએ બેઠા હોય. રૂપાની ખુરશી હોય અને પાછળ સુંવાળો તકીયો નાખ્યો હોય. એક અહીં તકીયો, એક અહીં, એક અહીં. ભીંસ ન પડે. મોટી ખુરશી હોય ને કરે છેને આરામ? એક અહીં વળી નાખે શું કહેવાય એ? લાલ. કહે છે નહિ? નીચે આમ રાખે, એક અહીં રાખે. ભગવાન કહે છે કે સાંભળ તો ખરો, પ્રભુ! એ પરિણામની ક્રિયા તારી નથી અને તારાથી બની નથી, પણ એ વખતે તારા અશુભ પરિણામ થયા એ દુઃખરૂપભાવ છે તારો અને એ પરિણમન તારું છે. એ પરની ચીજથી નહિ. હવે એ અશુભભાવ દુઃખરૂપ છે તેને સુખરૂપ માનવું તત્ત્વદૃષ્ટિથી ભૂલ છે.

મુમુક્ષુ :- સુખ તો .. માને છે.

ઉત્તર :- કાંઈ ધૂળમાંય માનતા નથી. દુઃખી છે. કોણ માને છે? બીજો પણ એમ કહે કે આ સુખી છે તો મૂઢ છે. તત્ત્વની ખબર નથી એને. જે તત્ત્વ દુઃખરૂપ છે તેને સુખરૂપ કહે એ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. એ પણ માને છે કે અમે સુખી છીએ. એ પણ મૂઢ છે. દુઃખના પરિણામને સુખરૂપ માનવા એ મૂઢ છે, ગાંડો છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ છે. અમારે નિહાલભાઈ ડોસા છે ખરાને. પણ શું કરે? ઓલા છોકરા હોય તો કહેવું પડે. કાંઈ કરતા હોય તો. ઠીક બાપુ! ઠીક કરો છો. પણ દુઃખી છે એમ

કહે છે. પહેલું માખણ ન ચોપડે એને. આહા..હા..!

જે દુઃખરૂપ તત્ત્વ છે તેને સુખરૂપ માને તો મિથ્યાદષ્ટિ અજ્ઞાની જૈનદર્શનથી વિરૂદ્ધ તત્ત્વ છે. અને એને બીજા કહે કે આ સુખી છે. મૂઢ છે, મિથ્યાદષ્ટિ છે. બરાબર છે? અને શુભભાવ કરે છે. અહીં તો અશુભ તો ક્યાંય રહી ગયું. એ પણ દુઃખભાવ છે. એ માને કે અમને ધર્મ થાય છે. તો મિથ્યાદષ્ટિ છે. તો બીજા એમ માને કે આ સારો શુભધર્મ કરે છે, તેનાથી સુખ મળશે. તો મૂઢતત્ત્વ છે, વિપરીત દષ્ટિ છે. કહો, બરાબર છે? શેઠ! બરાબર છે કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એય..! તમને તો બે શેઠિયાઓને બુંદેલખંડના બાદશાહ કહે. બુંદેલખંડના બાદશાહ લ્યો! શોભાલાલ અને ભગવાનદાસ. ગાંડા તે પણ. ગાંડા ગામ જુદા હોય છે? ગાંડાના જ ગામ છે બધા. કોણ હુશિયાર? આહા..હા..!

જુઓ, આવ્યુંને? **'આત્મા પરિણામાત્મક હૈ;...'** આત્મા કહ્યુંને? **'પરિણામ જ્ઞાનરૂપ, કર્મરૂપ અને કર્મફળરૂપ થાય છે.'** એટલી વાત. **'તેથી જ્ઞાન, કર્મ અને કર્મફળ આત્મા છે.'** એ તો આત્માના પરિણામ આત્મા છે. જુઓ, અહીંયા એ વાત અહીંયા એમ નથી કરવી કે એ જ્ઞાયક ચિદાનંદ એટલો આત્મા. એમ નથી કહેવું. અહીં તો સર્વ દ્રવ્ય, ગુણ અને પર્યાય એના છે એમ બતાવવું છે. સમજાણું કાંઈ? જ્ઞાની જાણે છે કે મારામાં જેટલા રાગ પરિણામ આવ્યા તે દુઃખરૂપ છે અને મારા શુદ્ધસ્વરૂપનું ભાન તે સુખરૂપ. તો જ્ઞાનપરિણામ છે તે દુઃખરૂપ એવું જ્ઞાન કરે છે, પણ પોતાનું છે એમ માનતા નથી. સમજાણું કાંઈ? અને એ પરિણામ મારાથી થયા છે, પરથી નહિ. આહા..હા..! ભાઈ! કર્મ જેટલો ધક્કો મારે એટલા પરિણામ કરવા પડે. શું અમારે પાપના ભાવ કરવા છે? એટલું કર્મ જોર મારે. ખોટું છે કહે. તારી દલીલ ખોટી છે. તારું વર્તમાન પરિણામ પરરૂપે તું પરિણમો છો, તારું કર્તવ્ય છે, તું કરે છે તો થાય છે અને બીજા ઉપર નાખે છે. મોટો મિથ્યાદષ્ટિ મૂઢ છે. સમજાણું કાંઈ?

**'ટીકા :-'** ટીકા છેને એ? **'પ્રથમ તો આત્મા ખરેખર પરિણામસ્વરૂપ જ છે,...'** ટીકાનો પહેલો બોલ છે? મૂળ વાત તો એ છે કે. પ્રથમનો (અર્થ). મૂળ અને સાચી વાત તો એ છે કે **'આત્મા ખરેખર પરિણામ સ્વરૂપ જ છે,...'** બદલવું, પલટવું સ્વરૂપ જ આત્માનું છે. નિત્ય રહીને, ધ્રુવ રહીને બદલવું એવા પરિણામસ્વરૂપ જ આત્મા છે. એ સામાન્ય વાત કરી. **'કારણ કે 'પરિણામ પોતે આત્મા છે' એમ (૧૨૨મી ગાથામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવે) પોતે કહ્યું છે;...'** ૧૨૨ ગાથામાં આમ લીધું છે. સમજાણું કાંઈ? મૂળ ૧૨૨માં આવ્યુંને? જુઓ, **'પરિણામ ખરેખર પોતે આત્મા જ છે,...'** જુઓ, ૧૨૨ આવી. **'ટીકા :- પ્રથમ તો આત્માનો પરિણામ ખરેખર પોતે આત્મા જ**

છે, કારણ કે **પરિણામી પરિણામના સ્વરૂપનો કરનાર હોવાને લીધે પરિણામથી અનન્ય છે,...**' ટીકા ૧૨૨. એ તો આવી ગયું છે આપણે. આહા..હા..!

એક જણો કહે. ઓલા બિચારા આવ્યા હતાને વડોદરાથી. વેજલકાના કે અમે એક સાધ્વી પાસે ગયા. એ બધી વાત એવી વાત સાચી લાગે. પણ આ અપવાસ કરીએ તો એ તપસ્યા અને તપસ્યા એ નિર્જરા અને નિર્જરા એ ધર્મ. એમાં તો ના ન પડાય કહે. ઓલો કહે, તમે માનો એમ નથી. લે! આ અમે માનીએ એમ નથી ત્યારે શું છે? આ અપવાસ કરે છે બિચારા. અપવાસ આઠ-આઠ દિ'ના લાંઘણું. આઠ દિ'ના અપવાસ અને અપવાસ એ તપસ્યા અને તપસ્યા તે નિર્જરા, નિર્જરા તે ધર્મ અને ધર્મ તે મોક્ષનું કારણ. ત્યારે એક છોકરો હતો, એક બાળક. આમ છે? એવી વાત છે જ નહિ. અમને એ વાત ન બેસે. વેજલકાના છે. શું નામ? ધરમશીભાઈના.

મુમુક્ષુ :- વડોદરા...

ઉત્તર :- હા, એ. ધરમશીભાઈનો દીકરો. કે અમને તો તપસ્યા તમે કહો એ તપસ્યા નહિ. ... નવા આવ્યા. થોડા નજીક આવો. .. પહેલા નજીક આવવું જોઈએ. નજીક કહે તો નજીક આવવું જોઈએ.

આત્મા જે છે, વસ્તુ જે છે એ વસ્તુ ધ્રુવ કાયમ રહીને પર્યાયમાં પરિણમે છે, બદલે છે. જેમ જળ છે એ જળરૂપ રહીને એમાં તરંગ ઉઠે છે તરંગ મોજા, એમ આત્મા આત્મારૂપ રહીને એમાં બદલે છે, પરિણમે છે. સમજાણું કાંઈ? પરિણામસ્વરૂપ છે. એ ભગવાન કુંદકુંદાચાર્ય એણે કહ્યું. '**અને પરિણામ ચેતનાસ્વરૂપ હોવાથી...**' એ આત્મા ભગવાન આત્માનો પરિણમવાનો, બદલવાનો, પલટવાનો સ્વભાવ હોવાથી તેનું ચેતનાસ્વરૂપ... ચેતનાસ્વરૂપ એ ત્રણ પ્રકાર. '**જ્ઞાન, કર્મ અથવા કર્મફળરૂપે થવાના સ્વભાવવાળો છે,...**' જુઓ, આત્મા ધ્રુવ ચૈતન્ય ભગવાન એ તો ધ્રુવ અને પલટવું, બદલવાનો સ્વભાવ હોવાથી આત્મા ત્રણરૂપ પરિણામ કરે છે. ત્રણરૂપ પરિણામ નામ, પર્યાય નામ બદલવું કરે છે. એક ધર્મરૂપી પરિણામ. હું શુદ્ધ ચિદાનંદ આત્મા આનંદકંદ છું એવું જ્ઞાનનું પરિણામ એ જ્ઞાનચેતનાનું ધર્મરૂપ પરિણામ અને એક શુભ-અશુભભાવ. દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના શુભાશુભભાવ એ પોતાના પરિણામ તે કર્મચેતના. શુભભાવ, અશુભભાવ તે કર્મચેતના, તે દુઃખરૂપ ચેતના. એ પણ આત્માના પરિણામ છે. આહા..હા..! અને એક શુદ્ધભાવ. ભગવાન આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ એ શુભ-અશુભભાવથી ભિન્ન પોતાનો શુદ્ધભાવ, નિર્મળ વીતરાગીભાવ, ચૈતન્યનું અવલંબન લઈને દયા, દાન, વિકલ્પથી પૃથક્ થઈને પોતાનું શુદ્ધભાવરૂપી કર્મ તે પોતાનું પરિણામ છે. શુદ્ધભાવરૂપી કાર્ય તે પોતાનું પરિણામ છે. સમજાણું કાંઈ? અને કર્મફળ. એ થવાનો સ્વભાવ છે એમ કહે છે. અને પોતાના શુદ્ધભાવ શુદ્ધ ચિદાનંદ આત્મા એનું અવલંબન લઈને જ્ઞાતા-દૃષ્ટા આનંદનું જે પરિણામ થયું તેનું ફળ આનંદ છે. અને પુણ્ય-પાપના ભાવ થયા શુભ-

અશુભ, વ્રત-અવ્રત, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા વિકલ્પ આવે છે તે કર્મચેતના છે, તેનું ફળ દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પરિણામસ્વરૂપ હોવાથી, ચેતનાસ્વરૂપ હોવાથી જ્ઞાન, કાર્ય અને (એના) ફળરૂપ સ્વભાવવાળો છે. જુઓ, સ્વભાવવાળો ભાઈ કીધો. અશુદ્ધભાવ પણ સ્વભાવવાળો. આહા..હા..! ભગવાન આત્મા પોતાનું ચિદાનંદ સહજાનંદ મૂર્તિ એવો અંતરમાં અનુભવ કરીને જ્ઞાનાનંદના પરિણામ થાય તે પોતાના સ્વભાવવાળું પરિણામ છે અને શુભાશુભભાવ હોય, પુણ્ય-પાપના ભાવના થાય એ પણ પોતાના સ્વભાવવાળું દુઃખરૂપભાવ છે અને શુદ્ધભાવ એ સ્વભાવથી પરિણમનવાળા સુખરૂપભાવ છે. સમજાણું કાંઈ?

'**કારણ કે ચેતના તે-મય હોય છે...**' જુઓ, ભગવાન આત્માની ચેતના તે-મય. એક જ્ઞાનરૂપ, પોતાના આનંદરૂપ અને એક શુભાશુભભાવરૂપ એવી ચેતના, તે-મય, તે-સ્વરૂપે થાય છે. પરિણામ કરે છે તો એ-રૂપે થાય છે. '**માટે જ્ઞાન, કર્મ અને કર્મફળ આત્મા જ છે.**' જુઓ, માટે જ્ઞાનચેતના પણ આત્મા, શુદ્ધભાવ પણ આત્મા અને શુભ-અશુભભાવ પણ આત્માની પર્યાયમાં દુઃખરૂપ થાય છે તેને પણ આત્મા કહેવામાં આવે છે. ત્રણ આત્માના પરિણામ છે તો આત્મા કહેવામાં આવે છે. શુદ્ધ આત્મા બીજી વાત છે. પણ અહીંયા આત્માની પર્યાયમાં થાય છે એ કારણે તેને આત્મા કહે છે. તેમાં પુણ્ય-પાપના ભાવ એ હેય છે, દુઃખ છે અને શુદ્ધ ચૈતન્યભાવનો આદર એવો શુદ્ધભાવ છે તે આદરણીય છે, તે ધર્મ છે. બાકી પુણ્ય-પાપભાવ એ દુઃખરૂપ છે, હેય છે, છોડવાલાયક છે. છે પોતાનું પરિણામ. એવી વાત અહીં સિદ્ધ કરી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૨, રવિવાર, તા. ૧૯.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૨૫-૧૨૬, પ્રવચન-૧૩૧**

પ્રવચનસાર. જ્ઞેયતત્ત્વ અધિકાર. ૧૨૫. જુઓ, શું કહે છે? હિન્દી ચાલશે. શું કહે છે હવે? જુઓ, ૧૨૫. ક્યાં સુધી આવ્યું છે? શેઠી! ખબર નથી. ફરીને લઈએ જુઓ ટીકા પહેલેથી. ટીકા-ટીકા. એ પેરેગ્રાફ ચાલ્યો છે પહેલા. '**ટીકા :- પ્રથમ તો...**' એમ. મૂળ વાત એ છે કે. '**આત્મા ખરેખર પરિણામસ્વરૂપ જ છે,...**' આત્મા ખરેખર પરિણામ સ્વરૂપ જ છે. અહીંયા પર્યાયથી વાત લેવી છેને? ૩૨૦ ગાથા જેવી અહીંયા વાત નથી.

એ તો દૃષ્ટિના ધ્રુવ સ્વભાવની અપેક્ષાએ વાત છે. અહીંયા પરિણામસ્વભાવ પર્યાયદૃષ્ટિની અપેક્ષાએ વાત છે. આત્મા જે આત્મા છે તે પરિણામ ખરેખર પરિણામ સ્વરૂપ, ખરેખર પરિણામ સ્વરૂપ છે. છે શેઠી? 'કારણ કે **'પરિણામ પોતે આત્મા છે'...'** તે પરિણામ આત્મા છે. કઈ અપેક્ષાએ વાત ચાલે છે એ વાત સમજવી જોઈએને. એ ૩૨૦ ગાથામાં ધ્રુવ તો ધ્રુવ છે. ધ્રુવ પરિણમતું નથી, પર્યાય પરિણમે છે. એ બીજી વાત, આ બીજી વાત. સમજાણું કાંઈ? આ આત્મા ખરેખર નિશ્ચયથી પરિણામસ્વરૂપ જ છે. બદલવા સ્વરૂપ છે, પલટવા સ્વરૂપ છે. કેમ? કે પરિણામ સ્વયં આત્મા છે. તે પરિણામ જ આત્મા છે. અહીં તો એમ છે.

મુમુક્ષુ :- ઉત્પાદ-વ્યય...

ઉત્તર :- ઉત્પાદ-વ્યય, વળી પરમાત્મપ્રકાશની ગાથા લે કે ઉત્પાદ-વ્યય વ્યવહારનય છે અને નિશ્ચય સ્વરૂપે ધ્રુવ છે. એ વાત અત્યારે નથી. સમજાણું કાંઈ? અહીંયા તો પરદ્રવ્યથી પોતાનું સ્વરૂપ આત્માનો પિંડ બતાવવો છે. સમજાણું કાંઈ?

કહે છે કે **'એમ (૧૨૨ ગાથામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવે) પોતે કહ્યું છે;...'** કે પરિણામ-પર્યાય આત્મા છે. આત્માના પરિણામ સ્વભાવ છે અને પરિણામ એ આત્મા જ છે. **'અને પરિણામ ચેતનાસ્વરૂપ હોવાથી...'** એ પરિણામ નામ પર્યાય નામ અવસ્થા એ ચેતનાસ્વરૂપ હોવાથી **'જ્ઞાન, કર્મ અથવા કર્મફળરૂપે થવાના સ્વભાવવાળો છે,...'** જુઓ, શું કહે છે? ભગવાન આત્મા પરિણામ-પરિણામ બદલવાનો સ્વભાવ હોવાથી જ્ઞાનચેતનારૂપ પણ પરિણમે છે. હું શુદ્ધ જ્ઞાનાનંદ છું એવી જ્ઞાનરૂપી પર્યાયરૂપે પરિણમે છે, ધર્મ પર્યાયરૂપે પરિણમે છે, શુદ્ધ પર્યાયપણે પરિણમે છે. સમજાણું કાંઈ? અને કર્મ. કર્મ શબ્દે શુદ્ધભાવરૂપી કર્મરૂપે પણ પરિણમે છે અને અશુદ્ધભાવરૂપી કર્મરૂપે પણ પરિણમે છે, એ કર્મમાં બે લેવું. સમજાણું કાંઈ? કર્મચેતના એમ કહ્યુંને? જ્ઞાનચેતના, કર્મચેતના, કર્મરૂપચેતના-થવાના સ્વભાવવાળો. એટલે કે આત્મા ધ્રુવ ચિદાનંદ સ્વરૂપ હોવા છતાં પણ પોતાના પરિણામમાં પલટવાનો, બદલવાનો અવસ્થા થવાનો સ્વભાવ છે. તો એ અવસ્થા ત્રણ પ્રકારની હોય છે. સમજાણું કાંઈ? એક જ્ઞાનચેતના, એક કર્મચેતના, એક કર્મફળ ચેતના. તો જ્ઞાનચેતનાનો અર્થ હું શુદ્ધ જ્ઞાનરૂપ છું, પુણ્ય-પાપના વિકલ્પ પણ નહિ, હરખ-શોક પણ નહિ, પર તો હું નથી. એવું પોતામાં શુદ્ધજ્ઞાન... પરિણમનમાં જ્ઞાનની ચેતના, સમ્યગ્દર્શનરૂપી ભાવ, સમ્યગ્જ્ઞાનરૂપી ભાવ, સમ્યક્ શાંતિરૂપી ભાવ, આનંદરૂપી ભાવ. સમજાણું કાંઈ?

અને કર્મચેતના. કર્મના બે પ્રકાર. તો કહે જ્ઞાનચેતનામાં શુદ્ધભાવરૂપી કર્મ આવી ગયું છે, પણ ત્યાં ચેતના જ્ઞાનરૂપ જ કહેવું હતું. અહીંયા કર્મરૂપ કહેવું છે. કર્મચેતનાના બે પ્રકાર--એક શુદ્ધભાવરૂપી કર્મ, એક અશુદ્ધભાવરૂપી કર્મ. અશુદ્ધભાવના બે પ્રકાર—શુભ અને અશુભ. સમજાણું કાંઈ? કર્મચેતનારૂપ આત્મા થાય છે એ સ્વભાવ એનો છે, એમ કહે છે અહીં

તો. જુઓ. થવાના સ્વભાવવાળો છે. શુદ્ધભાવરૂપી પરિણમન એ પણ એનો સ્વભાવ છે, શુદ્ધભાવ-શુદ્ધોપયોગ. પુણ્ય-પાપના વિકલ્પ છે તે અશુદ્ધ છે. તેનાથી ભિન્ન પોતાનો આત્મા શુદ્ધ ઉપયોગરૂપ, શુદ્ધભાવરૂપ, શુદ્ધ ઉપયોગ કાર્યરૂપ પરિણમવું એવો આત્માનો સ્વભાવ છે. અને શુભ અને અશુભ જે અશુદ્ધ વિકાર પરિણામ છે, કર્મ છે તે કાર્ય છે. એમ થવાનો પણ આત્માનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? સ્વભાવનો અર્થ સ્વ-ભવનં સ્વભાવ. પર્યાયમાં થવું એ સ્વભાવ. ત્રિકાળી સ્વભાવની એ વાત નથી. વજુભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

અને એક કર્મ છે તે ત્રણ પ્રકારના થયા—એક શુદ્ધભાવરૂપી કર્મ. કર્મ નામ કાર્ય, એક અશુભભાવરૂપી કર્મ, એક શુભભાવરૂપી કર્મ. ત્રણેને અહીંયા કર્મચેતના કહેવામાં આવી છે. એ કર્મચેતનારૂપ થવું એ પણ સ્વભાવ છે. સમજાય છે કાંઈ? ગિરધરભાઈ! અને કર્મફળચેતના. કર્મફળમાં બે ભેદ. એક શુદ્ધભાવરૂપી કર્મ, તેનું આનંદરૂપી ફળ, એ ભાવરૂપે થવાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? અને શુભ-અશુભભાવ જે અશુદ્ધ તે કર્મનું ફળ દુઃખરૂપ છે. એ દુઃખરૂપ થવાનો પણ એનો સ્વભાવ છે. પરિણાવું સ્વભાવ. પરિણામ સ્વભાવની વાત ચાલે છેને? કહો, રતિભાઈ! મિથ્યાત્વ ભાવરૂપ પરિણમવું એ પણ એનો સ્વભાવ છે એમ કહે છે. અને ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ વિકારરૂપ પરિણામપણે પરિણમવું તે પરિણામ સ્વભાવ છે એમ કહે છે. પરિણામ સ્વભાવ હોં! આહા..હા..! સમજાણું કાંઈ? પરની સાથે કાંઈ સંબંધ નથી અહીં એટલું લેવું છે. આહા..હા..!

'**કારણ કે ચેતના તે-મય હોય છે.**' કેમકે ચેતના તે સ્વરૂપે છે. તે સ્વરૂપે નામ પરિણામ સ્વરૂપ આત્માનું. જ્ઞાનચેતના, શુદ્ધ જ્ઞાનરૂપ પરિણમન ધર્મનું, શુદ્ધભાવરૂપી ચેતના કાર્ય અને અશુભભાવ-શુભભાવરૂપી અશુદ્ધ ચેતના કાર્ય અને કર્મ. સુખનું વેદન, આનંદનું વેદન, શુદ્ધભાવરૂપી કર્મ એનું ફળ આનંદનું વેદન તે મય આત્મા છે. તે મય આત્મા થાય છે. '**ચેતના તે-મય હોય છે.**' એકાગ્ર થવું તે મય થઈ જાય છે. ભારે વાત! સમજાય છે કાંઈ? પરની સાથે કાંઈ સંબંધ નથી. શરીર શરીરમાં રહ્યું, કર્મ કર્મમાં રહ્યું, વાણીમાં વાણીમાં રહી. આત્મા પોતાના પરિણામસ્વરૂપ હોવાથી ભગવાન આત્માનો પરિણમવાનો સ્વભાવ હોવાથી જ્ઞાનચેતનારૂપ તન્મય થાય છે, શુદ્ધભાવરૂપ અને અશુદ્ધભાવરૂપ તે પરિણમન થઈને તન્મય થાય છે અને સુખના-આનંદના ફળરૂપે અને દુઃખના ફળરૂપ આત્મામાં પરિણમન થાય છે. '**(અર્થાત્ ચેતના જ્ઞાનમય, કર્મમય અથવા કર્મફળમય હોય છે). માટે...**' માટે. જુઓ, કહ્યું હતુંને એ માટે અમારી ગુજરાતી ભાષા બે અક્ષરમાં ચાલે છે. તમારી ઈસલિયે ચાર અક્ષરમાં ચાલે છે. કઈ ભાષા ટૂંકી?

મુમુક્ષુ :- એ તો એક શબ્દે...

ઉત્તર :- એક શબ્દે પણ બીજા શબ્દમાં ફેર હોય. અંગ્રેજીમાં એવા શબ્દ ઘણા આવે છે. અહીં હોય થોડો શબ્દ અને લાંબા-લાંબા અંદર. એ, જી, એફ આવે છેને કાંઈક? અહીં

આવે તે, ત્યાં ઓલામાં લાંબુ આવે. એની ભાષા પ્રમાણે આવેને. કહો, સમજાય છે કાંઈ? .. ગુજરાતી..

માટે જ્ઞાન અને કાર્ય અને ફળ આત્માના છે. કહો, બરાબર છે? આહા..હા..! કેવું કથન! પુણ્ય-પાપમાં સવારમાં કથન. કે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ તે આત્મા નથી. એ તો અણાત્મા અજીવ છે. શોભાલાલજી! આહા..હા..! એ તો દ્રવ્યસ્વભાવની દૃષ્ટિમાં એમ છે. સ્વભાવ ચિદાનંદ ભગવાન આત્મા પોતાના સ્વભાવમાં દૃષ્ટિ કરી, તે સ્વભાવમાં સંસાર અવસ્થામાં પણ પુણ્ય-પાપ વિકલ્પરૂપ આત્મા છે જ નહિ. સમજાણું કાંઈ? પુણ્ય-પાપરૂપી કદી આત્મા વસ્તુસ્વરૂપ છે એ થયો જ નથી. અહીંયા તો પરિણામની વાત ચાલે છે. તો પરિણામમાં ત્રણ પ્રકારના પરિણામ એ પરિણામ તન્મય પરિણામમાં છે. સમજાણું કાંઈ? જુઓ, અશુભભાવ પણ આત્મા જ છે, શુભભાવ આત્મા જ છે. વ્રતના પરિણામ શુભ એ આત્મા છે. અવ્રતના પરિણામ અશુભ એ આત્મા છે. મિથ્યાત્વ પરિણામ એ આત્મા છે કર્મચેતના અને મિથ્યાત્વનું ફળ દુઃખ તે આત્મા છે. સમજાણું કાંઈ? અહીં સુધી તો કાલે આવ્યું હતું. અહીં સુધી તો કાલે આવ્યું હતું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ કહ્યુંને કાલે. કાલે તો ઘણું ચાલ્યું. શુદ્ધભાવમાં કાલે કહ્યુ હતુંને. કાર્ય કહ્યુંને. હમણાં પણ કહ્યું. તમે ધ્યાન નથી રાખતા. મગર-ફગર નહિ. એ ધ્યાન નથી રાખ્યું. એ કહ્યું. કાલે કહ્યું અને અત્યારે પણ કહ્યું. તમને ખ્યાલ નથી. તમારું લક્ષ નથી. અંદર બીજી વાત ચાલતી હોય.

મુમુક્ષુ :- અંદર ઉતરી નથી.

ઉત્તર :- ઉતરી નથી કે પકડી નથી. હમણા કહ્યું અને કાલે પણ કહ્યું હતું કે જ્ઞાનચેતના અને શુદ્ધભાવ કર્મમાં શું ફેર છે? હમણા પણ કહ્યું કે જ્ઞાનચેતના એ પોતાનું આનંદસ્વરૂપ જ્ઞાન ત્રિકાળ એની એકાગ્રતા. જ્ઞાનમાં એકાગ્રતા તે જ્ઞાનચેતના. ત્યાં કાર્ય ન લેવું. ચેતના જ્ઞાનમાં એકાગ્રતા થવી એટલી વાત. છે તો એ પણ કાર્ય. પણ એ કાર્ય અહીં ન લેવું. ત્યાં કાર્યની મુખ્યતા નથી. જાણન-દેખન ક્રિયા તે ચેતના, તે જ્ઞાનચેતના. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય તે જ્ઞાનચેતના. અને તેને જ કાર્યરૂપ ગણીને, કર્મ નામ કર્તવ્ય, કાર્યરૂપ ગણીને શુદ્ધભાવરૂપી કર્મ તેને શુદ્ધભાવ કર્મચેતના કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કાર્ય થયુંને? કાર્યની અપેક્ષાએ ભગવાન આત્મા પોતાનો શુદ્ધ ચિદાનંદમૂર્તિ એની દૃષ્ટિ કરીને, એકાકાર થઈને શુદ્ધભાવરૂપ પુણ્ય-પાપના રાગરહિત પવિત્રભાવરૂપ, વીતરાગભાવરૂપ, કર્તા થઈને કર્મ નામ કાર્ય કર્યું તેનું નામ શુદ્ધભાવ કર્મચેતના કહેવામાં આવી છે. સમજાણું કાંઈ? અને એ સમયે જે શુભ અને અશુભભાવ થાય, શુભ અને અશુભ કે અશુદ્ધ તે અશુદ્ધ કર્મચેતના છે. તો અશુદ્ધ કાર્યરૂપી ચેતના તેનું પરિણામ છે તે આત્મા જ છે. આત્માથી જુદી ચીજ

નથી. તે પરિણામ બીજામાં થયા નથી અને એ પરિણામ બીજાથી થયા નથી માટે આત્મા કહ્યો છે. શું? સમજાણું કાંઈ?

જે જ્ઞાનચેતના અને શુદ્ધભાવ ચેતના અને અશુદ્ધભાવ ચેતના અને આનંદની ચેતના અને દુઃખની ચેતના તે આત્મા જ છે. કેમકે તે આત્માના પરિણામ આત્મા જ છે. તે પરિણામ બીજાથી થયા નથી અને તે પરિણામ બીજામાં થયા નથી. સમજાણું કાંઈ? ભારે વાતું! આ તો બધું ઊંડું ઉતરે તો સમજાય એવું છે હોં! ઉપરથી ત્યાં ગપ્પા માર્યા એવું સંસારમાં ચાલે કાર્યકર્તા થઈને. એવું અહીં ચાલે નહિ. ત્યાં તો ચાલે બધું. કેમ? વજુભાઈ! ત્યાં કર્તાહર્તા છેને વઢવાણમાં. એ ત્યાં ચાલે. આ તો તત્ત્વ ઝીણી વાત છે. આહા..હા..! કોણ કરે? ભગવાન! અહીંયા તો કહે છે કે બહુ તો સંકલ્પ-વિકલ્પનો કર્તા હોય અને કાર્ય હોય. અને પરનું કાર્ય કરે અને પરથી તારામાં કાર્ય થાય એવું જ્ઞેયસ્વરૂપ નથી. આ જ્ઞેયનો અધિકાર ચાલે છે. ક્યો અધિકાર ચાલે છે? જ્ઞેય. તો આત્મા જ્ઞેય છે. જ્ઞાનમાં જાણવાલાયક જ્ઞેય. તો એ જ્ઞેયનો શું સ્વભાવ છે? એ જ્ઞેયનો એવો સ્વભાવ છે કે પરિણામમાં, દ્રવ્ય તો ધ્રુવ શુદ્ધ છે, પરિણામમાં ચાહે તો જ્ઞાનરૂપી ધર્મ પરિણમન કરો, ચાહે તો શુદ્ધભાવરૂપી કાર્ય કરો, ચાહે તો અશુદ્ધભાવરૂપી કાર્ય કરો, ચાહે તો શુદ્ધભાવના ફળરૂપી આનંદરૂપી પરિણમન કરો, ચાહે તો અશુદ્ધભાવના પરિણમન દુઃખરૂપ પરિણમન કરો. બસ એટલી સીમા છે ત્યાં. ભગવાનજીભાઈ! ત્યાંથી આગળ જઈને એક અંશ પણ પરદ્રવ્યની ક્રિયા કરે એમ નથી અને એક અંશ પણ તારામાં રાગાદિ આવે, પરદ્રવ્યથી આવ્યું એમ નથી. દેવાનુપ્રિયા! સમજાણું કાંઈ? આહા..હા..! એ વાત થઈ હતી. એ વાત કાલે થઈ ગઈ હતી.

'**આ રીતે...**' આ પ્રકારે. '**ખરેખર શુદ્ધદ્રવ્યના નિરૂપણમાં...**' આ શુદ્ધ શબ્દે પરથી સંબંધ વિના એટલો શુદ્ધ. એ ત્રિકાળ શુદ્ધ દ્રવ્ય એ વાત અહીં નથી. સમજાણું કાંઈ? ભારે કથની ફેર! '**આ રીતે ખરેખર શુદ્ધદ્રવ્ય...**' શુદ્ધદ્રવ્ય કહેતા પરદ્રવ્યના સંબંધ વિનાની ચીજ તેને શુદ્ધ દ્રવ્ય કહે છે. ચાહે તો શુભ-અશુભપણે હો કે ચાહે તો શુદ્ધભાવ હોય, પણ એ છે શુદ્ધ દ્રવ્ય. શુદ્ધ દ્રવ્યનો અર્થ પરની અપેક્ષા રહી નથી અને પરથી થયો નથી અને એ ભાવ પરમાં થયો નથી. પરથી ભિન્ન પોતાનું શુદ્ધ દ્રવ્ય. શુદ્ધ નામ પરથી ભિન્ન એટલું શુદ્ધ. શુદ્ધ નામ પુણ્યપાપરૂપ અશુદ્ધ-અશુભથી ભિન્ન એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ૧૮૯માં આવે છેને ભાઈ! પાછળ નહિ? શુદ્ધદ્રવ્ય. એ શુદ્ધદ્રવ્ય. પોતાનો આત્મા ભિન્ન એટલો શુદ્ધ છે. એ શુદ્ધદ્રવ્ય અહીં એમ ન લેવું કે ત્રિકાળી શુદ્ધદ્રવ્ય. એ તો અહીં પરિણામની વાત ચાલે છે. પરિણામની વાત ચાલે છે. તો પરિણામની પર્યાય ત્રણે પ્રકારની પોતામાં છે, પરની સાથે સંબંધ નથી. તે અપેક્ષાએ તેને શુદ્ધ દ્રવ્ય પર્યાયદૃષ્ટિએ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

'**આ રીતે ખરેખર શુદ્ધદ્રવ્યના નિરૂપણમાં...**' નિરૂપણ જુઓ શબ્દ આવ્યો કથન. સમજાણું? શુદ્ધદ્રવ્ય નિરૂપણ આવ્યું. નિરૂપણ આવ્યું. જુઓ નિરૂપણ આવે છે શબ્દ. આપણે

ઓલું નિરૂપણ.. નિરૂપણ ઓલું મોક્ષમાર્ગપ્રકાશકમાં. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના નિશ્ચયથી શુદ્ધદ્રવ્ય નિરૂપણ. શુદ્ધદ્રવ્ય નામ પરનિમિત્તની-(પર)દ્રવ્યના સંબંધ વિનાની અપેક્ષા વિના પોતાના પરિણામ પોતાથી છે એવી કથનની શૈલીને શુદ્ધ દ્રવ્યનું કથન કહેવામાં આવે છે. ઓહો..હો..! ક્યાં ફેર! ૩૨૦ ગાથા આવી રાજકોટ.

મુમુક્ષુ :- ... આવો અર્થ કરવો...

ઉત્તર :- આ લખે છે નથી ત્યાં કહ્યું? એ આત્મા છે ત્રણેય? માથે કહ્યું કે નહિ ત્રણેય આત્મા છે. બહારથી ક્યાં છે? પાઠ ક્યા છે જુઓ. '**તેથી કરમફળ, કર્મ તેમ જ જ્ઞાન આત્મા જાણજે.**' ચોથું પદ છેને? જુઓ, '**आदा मुणेदव्वो**' '**आदा मुणेदव्वो**' '**आदा मुणेदव्वो**' છેને? એ આત્મા જાણવો. એ અશુદ્ધ પરિણામરૂપ, શુદ્ધ પરિણામરૂપ અને જ્ઞાનપરિણામ રૂપ '**आदा**' જાણવો-આત્મા જાણવો. સમજાણું કાંઈ? પુસ્તક છે કે નહિ? નાગરભાઈ! વાંચો જરી. અહીંયા શું ચાલે છે આ? ઘણા વર્ષ થઈ ગયા માણસને. શુદ્ધ દ્રવ્યના કથનમાં '**પરદ્રવ્યના સંપર્કનો અસંભવ હોવાથી...**' પરદ્રવ્યના સંબંધનો, સંગનો અસંભવ હોવાથી... ભગવાન આત્મા પોતાની પર્યાયમાં શુદ્ધભાવરૂપ પરિણમો, અશુદ્ધભાવરૂપ હો, શુભ-અશુભરૂપ હો, આનંદરૂપ હો, દુઃખરૂપ હો, પણ પરદ્રવ્યના સંગનો તો અભાવ છે. કહો, રતિભાઈ! સમજાય છે કાંઈ?

'**પરદ્રવ્યના સંપર્કનો અસંભવ હોવાથી અને પર્યાયો દ્રવ્યની અંદર પ્રલીન થઈ જતા હોવાથી...**' લ્યો! '**અત્યતં લીન થઈ જવું; મગ્ન થઈ જવું; અલોપ થઈ જવું; અદશ્ય થઈ જવું.**' એટલા અર્થ કર્યા. શું કર્યું? શું કહ્યું? ભગવાન આત્મા પોતાનું દ્રવ્યસ્વરૂપ ધ્રુવ તો કાયમ રાખીને, પોતાના પરિણામમાં ત્રણ પર્યાયરૂપે પરિણમે છે એમાં પરદ્રવ્યનો સંગ નથી. અને એ પર્યાય આત્મામાં અભેદ છે. આત્માથી જુદી નથી. સમજાણું કાંઈ? અહીં જ્ઞાનપ્રધાન કથન છે. ત્યાં દ્રવ્યના ભેદરૂપ કથન છે, પર્યાયદષ્ટિથી કથન છે. પર્યાયદષ્ટિ સમજ્યા? વસ્તુ દ્રવ્ય શુદ્ધધ્રુવરૂપ છે. પર્યાય આવે-જાય મારે કોઈ સંબંધ નથી. અહીં એવી વાત નથી. કેમકે પર્યાય આવે-જાય તો નીકળે છે એમાં અને જાય છે એમાં એ વાત લેવી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા... એક-એક આત્માનું પોતાનું સ્વરૂપ પોતાના પરિણામમાં એની સમાપ્તિ થાય છે. શુદ્ધરૂપી પરિણમો વસ્તુના લક્ષે, અશુદ્ધરૂપે પરિણમો પરના લક્ષે, પણ પરના સંગ વિનાના એ પરિણામ છે. અને જે ધર્મરૂપી પરિણામ આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાનરૂપ પરિણામ થયા એ પણ કર્મના અભાવના-સંગ વિનાના પરિણામ છે. સમજાણું કાંઈ? '**પર્યાયો દ્રવ્યની અંદર પ્રલીન થઈ જતા હોવાથી આત્મા શુદ્ધદ્રવ્ય જ રહે છે.**' લ્યો! એ શુદ્ધ દ્રવ્ય એકલું. એટલે ઓલી પર્યાયે શુદ્ધ દ્રવ્ય કીધુંને આખું અભેદ, એમ. દ્રવ્ય શુદ્ધ. પરની સાથે કાંઈ સંબંધ નથી. '**આત્મા શુદ્ધદ્રવ્ય જ રહે છે.**' લ્યો ૧૨૫

થઈ.

'**હવે, એ રીતે જ્ઞેયપણાને પામેલા...**' જુઓ! એ રીતે. '**જ્ઞેય બનેલો; જ્ઞેયભૂત. (આત્મા જ્ઞાનરૂપ પણ છે, જ્ઞેયરૂપ પણ છે. આ જ્ઞેયતત્ત્વપ્રજ્ઞાપન અધિકારને વિષે અહીં દ્રવ્યસામાન્યનું નિરૂપણ ચાલે છે, તેમાં આત્મા જ્ઞેયભૂતપણે સમાવેશ પામ્યો છે.)**' જ્ઞેય છેને આત્મા? જ્ઞાનમાં આખા લોકાલોક જ્ઞેય છે એમ સ્વપણ જ્ઞેય છે. સ્વજ્ઞેય અને પરજ્ઞેય. તો આત્મા સ્વજ્ઞેય પોતામાં જાણવાલાયક આત્મા છે પોતાને. એમ '**જ્ઞેયપણાને પામેલા આત્માની શુદ્ધતાના નિશ્ચય દ્વારા જ્ઞાનતત્ત્વની સિદ્ધિ થતાં શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિ (-અનુભવ, પ્રાપ્તિ) થાય છે એમ તેને અભિનંદતા થકા (અર્થાત્ આત્માની શુદ્ધતાના નિર્ણયને પ્રશંસતા થકા—ધન્યવાદ દેતા થકા), દ્રવ્ય સામાન્યના વર્ણનનો ઉપસંહાર કરે છે :-**' હવે શુદ્ધ લેશે.

**कत्ता करणं कम्म फलं च अप्प त्ति णिच्छिदो समणो।**
**परिणमदि णेव अण्णं जदि अप्पाणं लहदि सुद्धं।।१२५।।**
**'કર્તા, કરમ, ફળ, કરણ જીવ છે' એમ જો નિશ્ચય કરી**
**મુનિ અન્યરૂપ નવ પરિણમે, પ્રાપ્તિ કરે શુદ્ધાત્મની. ૧૨૬.**

નીચે છે નોટ. ''**કર્તા, કરણ વગેરે આત્મા જ છે' એવો નિશ્ચય થતાં બે વાત નક્કી થઈ જાય છે : એક વાત તો એ કે 'કર્તા, કરણ વગેરે આત્મા જ છે, પુદ્ગલાદિ નથી અર્થાત્ આત્માને પરદ્રવ્ય સાથે સંબંધ નથી';...**' એક વાત. '**બીજી વાત એ નક્કી થાય છે કે અભેદદૃષ્ટિમાં કર્તા, કરણ વગેરે ભેદો નથી, એ બધુંય એક આત્મા જ છે અર્થાત્ પર્યાયો દ્રવ્યની અંદર ડૂબી ગયેલા છે.**'' ભેદ પડતો નથી. પરથી ભિન્ન પડતાં પોતાની પર્યાયનો ભેદ પડતો નથી, અભેદ થઈ જાય છે.

'**અન્વયાર્થ :- જો શ્રમણ...**' નામ સાધુ. ''**કર્તા, કરણ, કર્મ અને કર્મફળ આત્મા છે' એવા નિશ્ચયવાળો થયો થકો અન્યરૂપે ન જ પરિણમે, તો તે શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરે છે.**' હવે એનો બંધ અધિકાર અને મોક્ષ બે અધિકાર લેશે. એમ અધિકાર છે. માથે એકલું શુદ્ધનું લીધું છે. શુદ્ધરૂપે પરિણમે એ. '**ટીકા :- જે પુરુષ એ રીતે 'કર્તા, કરણ, કર્મ અને કર્મફળ આત્મા જ છે'...**' હવે આટલું મેળવ્યું જોયું! કર્તા વિકારી પરિણામનો કર્તા આત્મા, વિકારી પરિણમનનું કરણ આત્મા, વિકારી પરિણામ આત્માનું કર્મ અને સુખ-દુઃખાદિના વિકારી પરિણામ આત્મા. ભેગું ન લેવું. '**એમ નિશ્ચય કરીને ખરેખર પરદ્રવ્યરૂપે પરિણમતો નથી,...**' અમથો તો પરદ્રવ્યરૂપે તો પરિણમે છે જ ક્યાં? '**તે જ પુરુષ, પરદ્રવ્ય સાથે સંપર્ક જેને અટકી ગયો છે...**' પરદ્રવ્ય સાથે સંસર્ગ રોકાઈ ગયો છે. '**દ્રવ્યની અંદર પર્યાયો જેને પ્રલીન થયા છે એવા શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરે છે; પરંતુ અન્ય કોઈ (પુરુષ) એવા શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરતો**

**નથી.**' પોતાના આત્માને પામે છે. ભલે પરિણામ એવું હોય, પણ દ્રવ્ય ઉપર લક્ષ છે તો આ પરિણામ પોતાના જ છે એવો નિશ્ચય કરનારો દ્રવ્ય ઉપર લક્ષ કરીને શુદ્ધ આત્માને પામે છે. એમાં બંધ અને અબંધ બેય વાત લેશે. '**તે સ્પષ્ટ રીતે સમજાવવામાં આવે છે :—**' જુઓ. આ આવે છેને આમાં. આ તો શબ્દાર્થ થયો. તમારો એમ પ્રશ્ન રહે છે કે શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરે છે એટલે એટલો દ્રવ્ય પરથી ભિન્ન એટલો કે એટલો શુદ્ધ આત્માનુભવ ઉપલબ્ધ કરે છે. એ પ્રશ્નનો ખુલાસો નહોતો. પણ પહેલું પરથી ભિન્ન અનુભવ કરે કે પર સાથે મારે સંબંધ નથી, એનું લક્ષ દ્રવ્ય ઉપર જાય છે અને શુદ્ધને પ્રાપ્ત કરે છે એમ. બે ભિન્ન છે એમાં. સમજાણું કાંઈ? કાલે બે અર્થ કર્યા હતાને? પહેલા અશુદ્ધનો અને પછી શુદ્ધનો.

ભગવાન આત્મા પોતાના જ શુદ્ધ અને અશુદ્ધ પરિણામનો કર્તા, કર્મ આદિ નિશ્ચય કરે તો પરનો સંગ અને પરના લક્ષની ત્યાં જરૂર રહી નહિ. તો પોતાના પરિણામ શુદ્ધભાવ પરથી ભિન્ન શુદ્ધ હોય તો ત્યાં શુદ્ધ અને અશુદ્ધ પરિણામ પોતાથી કર્તાકર્મ છે એવો નિશ્ચય થયો. અને જ્યારે કર્તાકર્મ આદિ અશુદ્ધ નિશ્ચય થયો અને શુદ્ધ નિશ્ચય પોતાથી છે. તો એ દ્રવ્ય શું છે? એ દ્રવ્ય ઉપર લક્ષ જાય છે તો એકલા શુદ્ધનો જ અનુભવ કરનાર રહી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**જે પુરુષ...**' એ ટીકા ફરીને. કર્તા હું, કરણ પણ મારું સાધન. મારાથી. વિકારી-અવિકારી બધામાં હું. કર્તા પણ હું, કાર્ય પણ હું અને કર્મફળ પણ હું. એવો નિશ્ચય કરીને ખરેખર પરદ્રવ્યરૂપે પરિણમતો નથી. પર સાથે એનો સંબંધ રહેતો નથી. એક વાત. જુઓ, બે વાત લખી છેને નીચે? એક વાત. ગુજરાતી છેને જુઓ, '**અભેદદષ્ટિમાં કર્તા, કરણ વગેરે ભેદો નથી...**' એનું કર્તા અને કર્મ નથી. અભેદ દષ્ટિ થાય છે ત્યાં. સ્વભાવની દષ્ટિ થતાં આ હું કર્તા છું એ તો રહેતું નથી એટલે શુદ્ધ પરિણમન થાય છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! આ ભાષા જ ન મળે ત્યાં માણસને શું થાય? ઓલા તો એકેન્દ્રિયની દયા પાળો, તસ્સ મિચ્છામી દુક્કડમ કરો. જીવિયા વવરોવિઆ. પણ જીવિયા વવરોવિઆ આ થાય છે. કહે છે કે તારું શુદ્ધ પરિણામ પરથી હોય અને અશુદ્ધ પરથી હોય તારા જીવતરનો નાશ થાય છે. અશુદ્ધ પરિણામ પરથી થાય અને શુદ્ધ પરથી થાય, તારી જીવન શક્તિ નાશ થાય છે. સમજાણું કાંઈ? મારા પરિણામ મારાથી થાય છે, એવો વિકાર કરનાર હું... પછી અવિકાર લેશે. વિકારનો કરનાર પણ હું, વિકારનું કારણ નામ સાધન પણ હું અને વિકારનું કાર્ય પણ હું અને વિકારનું સમ્મુચય કર્મ લ્યો, શુભ-અશુભભાવનો કર્તા પણ હું અને શુભ-અશુભભાવના ફળનો ભોક્તા પણ હું, સમુચ્ચય. સમજાણું કાંઈ?

'**જે પુરુષ એ રીતે 'કર્તા, કરણ, કર્મ અને કર્મફળ આત્મા જ છે'...**' '**એ રીતે...**' એમ કહ્યું છેને? ઉપર કહ્યું હતું એ. '**એમ નિશ્ચય કરીને ખરેખર પરદ્રવ્યરૂપે**

**પરિણમતો નથી, તે જ પુરુષ, પરદ્રવ્ય સાથે સંપર્ક જેને અટકી ગયો છે...**' પરદ્રવ્યનો સંગ નામ સંબંધ જેને રોકાઈ ગયો છે... રોકાઈ ગયો છે અને '**દ્રવ્યની અંદર પર્યાયો જેને પ્રલીન થયા છે...**' આ બાજુ લક્ષ થતાં પર્યાયો દ્રવ્ય સાથે અભેદ થઈ. '**એવા શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરે છે;...**' આત્મા નામ અનુભવને, આનંદને ઉપલબ્ધ કરે છે એમ કહે છે. '**પરંતુ અન્ય કોઈ (પુરુષ) એવા શુદ્ધ આત્માને...**' પરથી મારામાં થાય છે એમ માનનારો બીજો માણસ પોતાના તરફ દૃષ્ટિ નહિ કરતો હોવાથી આત્માને પામતો નથી. સમજાણું કાંઈ? એની દૃષ્ટિ તો એમાં રહી. એ કર્મ મારામાં શુભભાવ કરાવે, દૃષ્ટિ તો ત્યાં રહી અને વિકાર પણ પર કરાવે ત્યાં રહી દૃષ્ટિ. સમજાણું કાંઈ? તો પોતાથી પરિણામ શુદ્ધ અને અશુદ્ધ મારાથી થાય છે એમ માનનાર પોતાના દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી એ કર્તા-કર્મ આદિ જે ભેદ છે. શુદ્ધનું અને અશુદ્ધનો જે ભેદ છે એ રહેતો નથી. ભારે ભાઈ!

મુમુક્ષુ :- શુદ્ધ અને અશુદ્ધ...

ઉત્તર :- શુદ્ધ અને અશુદ્ધ બેયનો કર્તાકર્મ ભેદ નથી રહેતો એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધું શુભ અને અશુભ બેય. અંદર આવી ગઈને. પછી આવી ગઈ એટલે અભેદ દૃષ્ટિ થઈ એમ કહે છે. એકલો આત્મા દૃષ્ટિમાં રહ્યો. દૃષ્ટિમાં ભેદ ન રહ્યો. શુદ્ધનો કર્તા અને અશુદ્ધનો કર્તા કે બેય કાંઈ ન રહ્યું એમ કહે છે. પહેલા પર્યાયમાં નક્કી કર્યું, પછી દૃષ્ટિ છોડીને દ્રવ્ય ઉપર દૃષ્ટિ થઈ. ભેદ ન રહ્યો. હું કર્તા છું કે હું આ શુદ્ધનું કે અશુદ્ધનું કાર્ય છું એ કાંઈ રહ્યું નહિ. દૃષ્ટિમાં એકલો આત્મા રહ્યો. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!.. ઝીણું તો છે.

'**તે સ્પષ્ટ રીતે સમજાવવામાં આવે છે :—**' જુઓ, '**જ્યારે અનાદિસિદ્ધ પૌદ્‌ગલિક કર્મના બંધનરૂપ...**' જુઓ, અહીં પણ એ કહ્યું જોયું! '**પૌદ્‌ગલિક કર્મના બંધનરૂપ...**' અનાદિસિદ્ધ છે. નવો નથી. આત્માની સાથે જડકર્મનો સંબંધ અનાદિસિદ્ધ છે. '**પૌદ્‌ગલિક કર્મના બંધનરૂપ ઉપાધિની નિકટતાથી ઉત્પન્ન થયેલ...**' નિકટતાથી ઉત્પન્ન થયેલ. એનાથી ઉત્પન્ન થયેલ એમ નહિ. '**ઉપરાગ વડે જેની સ્વપરિણતિ રંજિત હતી...**' '**ઉપરાગ = કોઈ પદાર્થમાં, અન્ય ઉપાધિની સમીપતાના નિમિત્તે થતો ઉપાધિને અનુરૂપ વિકારી ભાવ; ઔપાધિક ભાવ; વિકાર; મલિનતા.**' એટલે વિકારી. સ્વ ઉપરાગ વડે મલિનતા વડે. રાગ-દ્વેષની મલિનતા વડે. '**સ્વપરિણતિ...**' પોતાની પર્યાય '**રંજિત...**' વિકૃત, મલિન એવો હું. જુઓ, આ વિચાર કરે છે કે હું પરથી ભિન્ન છું એવો પહેલા વિચાર કરે છે. આહા..હા..!

'**હું—જાસુદપુષ્પની નિકટતાથી ઉત્પન્ન થયેલા ઉપરાગ (લાલાશ) વડે...**' સ્ફટિકમણિમાં લાલ અને કાળા ફૂલની નિકટતાથી ઝાંયપણે જે અંદર ઉઠે છે એવી સ્વપરિણતિ.

**'જેની સ્વપરિણતિ રંજિત (-રંગાયેલી) હોય...'** જેમ સ્ફટિક રંગાયેલો દેખાય છે કાળા, લાલ, ફૂલની ઝાંયથી. ઝાંયથી. છે તો પોતાની પર્યાય હોં એ ઝાંય. એ નિકટતા ફૂલની છે તો લાલ દેખાય છે તો સ્ફટિક લાલ પર્યાયમાં થયો. એમ **'સ્ફટિકમણિની માફક— પર વડે આરોપાયેલા વિકારવાળો...'** એ વિકાર પર વડે આરોપાયેલો છે. જુઓ, **'(નવા અર્થાત્ ઔપાધિકરૂપે) કરાયેલા. (વિકારો સ્વભાવભૂત નહોતા પણ ઉપાધિના નિમિત્તે ઔપાધિકરૂપે (નવા) થયેલા હતા.)'** લ્યો! જે પરિણામ સ્વભાવરૂપે પરિણમે છે એમ નક્કી કર્યું હતું પહેલા, એ સ્વભાવ છે એમ કહ્યું હતું. અહીંયા કહે છે કે એ નિમિત્તથી ઉત્પન્ન થયો. નિમિત્તથી થયો નથી, પણ નિમિત્તના લક્ષે ઉત્પન્ન થયેલો ઉપાધિભાવ છે. પણ થયો છે મારાથી. હું એનો કર્તા, હું એનું સાધન, હું એનું કાર્ય, હું મારું ફળ. પરને કારણે નથી. એમ પરથી પોતાનો ભિન્ન પહેલા નિર્ણય કરે કે અનાદિથી નિગોદથી લઈને હું વિકારી પરિણામનો કરનારો હતો. સમજાણું કાંઈ?

**'આરોપાયેલા વિકારવાળો...'** હવે ભાષા. ખરેખર સ્વભાવમાં વિકાર નથી, પણ નિમિત્તના સંગે આરોપાયેલા વિકારવાળો હું હતો, પણ મારા કારણે હું હતો, પરને કારણે નહિ. અરે! આ ક્યાં નવરા માણસ નવરા? ઉપરથી મળી જતું હોય.

મુમુક્ષુ :- એની સમજણ કરવાનો અવકાશ જ ક્યાં હતો?

ઉત્તર :- ક્યાં હતો? અપવાસ કરી નાખો, પોષા કરી નાખો, ચોવિહાર કરો, કંદમૂળ ન ખાઓ. થઈ ગયો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી, સાંભળને. હજી તો હું આહાર છોડું છું અને મેં ગ્રહણ કર્યો એ માન્યતા જ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? શું આત્માએ આહાર ગ્રહણ કર્યો હતો કે આત્મા છોડે? શું કરે? હું છોડું છું. ભ્રમ થયો એને. હું કોણ? કે આત્મા. છોડે કોને? કે એને. એને છોડું એનો અર્થ શું? તારામાં હતો એ? તે છોડું છું. તને ભ્રમ થઈ ગયો. મિથ્યાત્વની પુષ્ટિ થઈ. માને કે મેં અપવાસ કર્યો અને તપસ્યા થઈ અને નિર્જરા થઈ અને ધર્મ થયો અને મોક્ષનો માર્ગ થયો. બંધનો, મિથ્યાત્વનો માર્ગ થયો અને માને છે કે મોક્ષનો માર્ગ થયો હવે. સમજાણું કાંઈ? આહા..હા..!

વિકાર પરિણામ મારાથી થયા છે. નિમિત્ત પરચીજ તો નિમિત્તમાત્ર છે. સ્ફટિકમણિની પર્યાયમાં સ્વભાવ એવો છે. કાળા, રાતા, લીલારૂપે થવું એ પર્યાયનો સ્વભાવ છે. પરથી થયો એમ નથી. આહા..હા..! જ્યારે સ્વભાવની દૃષ્ટિ કરવી હોય. (ગાથા) ૨૭૮ ભાઈ! બંધ અધિકાર. ત્યાં તો સ્ફટિકમણિ રાગાદિથી પરદ્રવ્ય વડે કહ્યું છે, આત્મા વડે નહિ. એ બીજી વાત છે. એ તો દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ વાત.

મુમુક્ષ :- એ તો એ જ કરે છે.

ઉત્તર :- એ જ કરે છે. અહીં તો એ જ કરે છે એમ લેવું છે. ત્યાં ૨૭૮માં એમ લેવું છે કે સ્ફટિકમણિમાં લાલ આદિ ઝાંય છે એ પરદ્રવ્યની છે, સ્ફટિકની નથી. એમ ભગવાન

સ્વભાવ દૃષ્ટિમાં રાગાદિ છે એ પરદ્રવ્યના આરોપ અને વિકાર છે, પોતાનો નહિ. પરદ્રવ્યથી કરાયેલો છે એમ કહે છે ત્યાં. સ્વદ્રવ્યથી કરાયેલો છે? સ્વદ્રવ્ય સ્વભાવથી કરાયેલો છે? આહા..હા..! એ બીજી વાત છે, આ બીજી વાત છે. આ તો એના પરિણામમાં એની પર્યાયથી એનાથી થયો છે અને એમાં થયો છે, એનાથી થયો છે, એના સાધનથી થયો છે. એનું કાર્ય વિકાર છે એમ સિદ્ધ કરવું છે. અરે ભાઈ! સમજાણું કાંઈ?

એનું એ દૃષ્ટાંત લ્યો! ત્યાં પણ સ્ફટિકમણિ. ત્યાં સ્ફટિકમણિ ... હતું નહિ? .. જુઓ પરદ્રવ્ય વડે રાગાદિ હોય છે. આવે છેને શબ્દ? નહિ. એ બીજી વાત છે. એ વિકાર પોતાનો સ્વભાવ નથી, વસ્તુના સ્વભાવ દ્વારા વિકાર થાય છે એમ નથી. તો ત્યાં વિકારની ઝાંય પરને કારણે થઈ કેમકે નિમિત્ત અને નિમિત્તથી થયેલું કાર્ય પોતામાં નથી. એ અપેક્ષાએ ત્યાં પરદ્રવ્યથી કરાયેલો રાગ એમ કહેવામાં આવે છે. અહીં તો પર્યાયની વાત કરે છે. આહા..હા..! કેટલી અપેક્ષાઓ સમજવી માણસને! તકરાર કરે તકરાર. ચર્ચા કરો. ભાઈ! શેની ચર્ચા ભાઈ! કઈ અપેક્ષાએ કહ્યું છે? અને સત્‌ની સિદ્ધિ કેમ થાય? એમ નક્કી કર્યા વિના કઈ નયનું કથન છે? વ્યવહારનું છે? પર્યાયનું છે? ભેદનું છે? કે અભેદનું છે? કે નિશ્ચયનું છે કે શુદ્ધ નિશ્ચયનું છે? સમજાણું કાંઈ?

અહીં કહે છે કે અરે! હું. જુઓ, હું. એમ વિચાર કરે છે. અનાદિથી. અનાદિથી પૌદ્‌ગલિક કર્મનું બંધન. જુઓ, એમાં નવું નહિ એમ. પોતે નિમિત્ત એણે સિદ્ધ કર્યું. પહેલા પણ ઈતરઈતર દોષ નહિ એમ આવ્યું હતું. ત્યાં અનાદિ દ્રવ્ય કર્મ સિદ્ધ કર્યું છે પહેલા. અનાદિ બંધ. પછી વિકાર થયો, પછી વિકાર.. હું '**સંસારી હતો,...**' જુઓ, મારી પર્યાયમાં કર્મના સંગે-નિકટતાથી મારામાં, મારાથી સ્વપરિણતિ રાગ અને વિકાર હતો. એવો હું, હું સંસારી હતો. પણ મારે કારણે સંસારી હતો. નિગોદમાં પણ નિગોદ જીવ મારાથી હું નિગોદમાં રહેનારો હતો. સમજાણું કાંઈ? હવે ત્યાં મન નથી, સંજ્ઞી નથી તો એને તો કર્મના જોરે ત્યાં રહેવું પડેને નિગોદમાં?

મુમુક્ષુ :- તમે બધા પરદ્રવ્યની ના પાડી છે.

ઉત્તર :- પરદ્રવ્યની ના. સંબંધ જ નથીને. નિમિત્ત હોય પણ એનો અહીં સંબંધ નથી.

મુમુક્ષુ :- તેનો સંપર્ક જ નથી એને.

ઉત્તર :- તેનો એમાં અભાવ છે, આનો આમાં અભાવ છે.

'**હું સંસારી હતો.**' ભાષા જુઓ, ધર્મ સમજનારો એમ કહે છે હોં! સમજ્યા વગરને આ હોતું નથી. આત્મા પરથી ભિન્ન અને રાગથી ભિન્ન પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ થઈ, ભાન થયું, તો એ વિચારે છે કે ઓહો..! હું અનાદિથી જડકર્મના સંબંધ-નિકટતા એના લક્ષે વિકારરૂપ હું જ પરિણમ્યો હતો. હું જ પરિણમ્યો હતો. બીજાનો દોષ નથી. કર્મનો દોષ નહોતો. એ સમયે પણ વિકારનું પરિણમન મારું મારાથી થયું છે. પરનો દોષ છે નહિ. સમજાણું કાંઈ?

**'ત્યારે પણ (અજ્ઞાનદશામાં પણ) ખરેખર મારું કોઈ પણ (સંબંધી) નહોતું.'** જુઓ, અજ્ઞાનદશામાં પણ ખરેખર મારા કોઈ સંબંધમાં હતું જ નહિ. હું તો એકલો જ હતો. વિકાર કરીને હું સંસારી હતો ત્યારે પણ હું એકલો, પરને કારણે સંસાર પર્યાય થઈ એમ નથી. ઓહો..હો..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નિમિત્ત?

ઉત્તર :- નિમિત્ત એને ઘરે રહ્યું. નિમિત્ત આનો અભાવ છે. એ નિમિત્ત ક્યાં કરે છે? એ તો કીધુંને પહેલું? નિકટ હો, હો તો એને કારણે થયું છે? પરિણામ રંજિત પોતાને કારણે થયું. ભલે આરોપિત કહ્યું. વસ્તુનો સ્વભાવ નથી એ. વિકારનો આરોપ મારાથી થયો છે, મેં કર્યું હતું તો હું વિકારી છું, હું પરિણમ્યો હતો, એવો સંસારી હું હતો. ઓહો..હો..! નિગોદથી માંડીને જ્યાં સમ્યગ્દર્શન થયું તો કહે છે કે અનાદિ વિકારના પરિણામ કરનાર હું જ હતો, હું જ સંસારી હતો. વિકાર કોઈ પરથી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'ત્યારે પણ હું એકલો જ કર્તા હતો,...'** કર્તા હતો. છેને? ૧૦૦મી ગાથાનો ભાવાર્થ કર્યો. કરનાર હું હતો. એ વખતે પણ હું જ વિકાર કરનારો હતો. અહીં અત્યારે કર્તા વિકારી લેવું છે.

મુમુક્ષુ :- અનાદિ સંસાર

ઉત્તર :- અનાદિ સંસાર છે. ઓહો..હો..! વિચાર કરે છે ધર્મી. બનારસીદાસમાં તો એમ આવે છે. ૪૯ ભંગ લીધા છેને. કોણ કરે? કોણે કર્યું? બધું ભ્રમ હતું. મેં કર્યું જ નથી. અહીં તો કહે કર્યું હતું મેં. વિકારી પરિણામ અનાદિથી દોષરૂપભાવ મેં જ કર્યા હતો. હું જ સંસારી હતો. પોતાને કારણે સંસારી હતો. બીજાને કારણે નહિ. સમજાણું કાંઈ? દશ મિનિટ છે. આ ગાથા આવી. એ ગાથા આવી. આહા..હા..! શું કહે છે? શું કહે છે સમજાણું? કહે છે કે ધર્મી જ્યારે પોતાના શુદ્ધસ્વરૂપના પુણ્ય-પાપના રાગથી ભિન્ન પોતાના આત્માનો આનંદનો અનુભવ કરે છે તો ધર્મી એમ વિચારે કે અનાદિથી મારા અપરાધથી મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ભાવ મેં કર્યા. કોઈએ કરાવ્યા નથી. સમજાણું કાંઈ? ધર્મ સમજવાના કાળે, ભગવાન આત્મા પુણ્ય-પાપના રાગથી ભિન્ન, કર્મ, શરીરથી ભિન્ન પોતાની ચીજને જ્યાં ઓળખી અને હું આનંદ અને શુદ્ધ ચિદાનંદસ્વરૂપ છું એવું સમ્યગ્દર્શન થયું, તો ધર્મી એમ વિચારે છે કે અનાદિથી હું રાગમાં હતો તે મારા કારણે હતો. વિકાર કોઈ બીજાએ કરાવ્યો અને બીજાથી મને સંસાર થયો એમ નથી. સમજાણું કાંઈ?

**'હું એકલો...'** ભાષા જુઓ, બીજાના સંગ વિના એકલો વિકારને કરનારો હું છું. બે નથી. કહે છેને એ, હળદર અને ફટકડી બે મળીને લાલ રંગ થાય છે. એમ કર્મ અને આત્મા બે મળીને વિકાર થાય છે. આહા..હા..! એ સમયસારમાં છે. એ કહે છે રતનચંદજી. રતનચંદજી એ નાખે છે. એકલો આત્માનો કહેવો એ પણ વિરોધ છે, એકલા કર્મનું કહેવું એ પણ વિરોધ છે એમ કહે છે. અહીં કહે છે એકલો મારો છે અને યથાર્થ છે. કહો, સમજાણું કાંઈ? મારાથી

વિકાર મારા અપરાધથી 'અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા.' બીજો કોઈ હેરાન કરાવનારો નથી. કર્મ-ફર્મ. 'કર્મ બિચારૈ કૌન ભૂલ મેરી અધિકાઈ' આવે છે કે નહિ? એ ભગવાનની સ્તુતિમાં આવે છે. 'કર્મ બિચારૈ કૌન ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાઈ.' એકલા અગ્નિ ઉપર ઘણ નથી પડતા. અગ્નિ લોઢાના ગોળામાં પેસે છે તો ઘા પડે છે. એણે કર્મનો સંગ કર્યો, નિમિત્તનો સંગ કર્યો તો મારામાં અપરાધ થયો. તો મારા ઉપર ઘા પડે છે ચાર ગતિના દુઃખનો. સમજાણું કાંઈ? 'કર્મ બિચારૈ કૌન' એ તો જડ છે. આ મોટી અત્યારે ઝંઝટ ચાલી છે જૈનમાં. બીજાના ઈશ્વરકર્તા, આપણે કર્મ કર્તા. બીજાને ઈશ્વર કરે, આપણે કર્મ કરે એમ ચાલવું ભાઈ લ્યો! કર્મ કરે એમ. 'દીકરી ને ગાય દોરે ત્યાં જાય.' નથી કહેતા? 'દીકરી ને ગાય દોરે ત્યાં જાય.' એમ કર્મ દોરે ત્યાં જાય. કર્મનું રમકડું છે. એક આવ્યા હતા દરબારીલાલ કોઠીયા. કર્મનું રમકડું છે. હેં પંડિતજી! તમે લખ્યું હતુંને? કર્મનું રમકડું છે આત્મા? કર્મ રમાડે તેમ રમવું. જાદુગર હોયને જાદુગર? એ દોરી ખેંચેને. આમ પૂતળું હોયને પૂતળું? એમ-એમ. પાંચ-પચ્ચીસ પૂતળા હોયને પછી એક દોરી હોય છે. આમ-આમ કરે તો પૂતળું આમ કરે. એમ કર્મ દોરી જેમ લડાવે તેમ લડવું. એકેન્દ્રિયમાં, બે ઈન્દ્રિયમાં, ત્રણ ઈન્દ્રિયમાં જાય. એમ છે નહિ. એમ નથી. સમજાણું કાંઈ?

આ તો સમ્યગ્દષ્ટિ. ભાઈ! અહીં તો એ વાત છે. સમ્યગ્દષ્ટિ ધર્મ થયા પછી આ વાતનો વિચાર કરે એમ કહે છે. આમ જ્ઞાન જાણે છે. આવું જ્ઞાન આવું જાણે છે. સમજાણું કાંઈ? ગડબડ... ગડબડ... એટલી. આહા..હા..! એ રીતે જાણે છે. અનાદિથી મારા અપરાધથી હું સંસારી હતો. એવું સમ્યગ્જ્ઞાનમાં એમ જાણે છે. આહા..હા..! એમ નથી જાણતા કે કર્મ છે તો મને વિકાર થયો. એક તો એમ કહે છે, જુઓ! શાસ્ત્રમાં તો એમ છે કે ભાવકર્મનો જે કર્તા છે તે મિથ્યાદષ્ટિ છે અને ભાવકર્મ જો કર્મ ઉપર નાખી દે તો ઉપાદાન કર્તા રહેતું નથી. સોનગઢવાળાને 'સર્પે છંછુદર ગળી ગયો' એવી વાત છે. શું કહ્યું સમજાણું કાંઈ? જો વિકારનો કર્તા આત્માને કહે તો અજ્ઞાન થઈ જાય છે. શાસ્ત્રે તો એમ કહ્યું કે વિકાર કરે તે અજ્ઞાની છે. અને જો એમ માને વિકાર કર્મે કર્યો તો એણે ઉપાદાનથી કર્યું એમ રહેતું નથી. શું કરવું હવે?

મુમુક્ષુ :- ફસાઈ ગયો.

ઉત્તર :- ફસાઈ ગયો એમાં. એમ કહે છે લખાણમાં. એય..! એને ખબર છે નહિ હમણા આવ્યું હતુંને તમારે એમાં? આજ નથી લાવ્યો. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે '**હું એકલો જ ઉપરક્ત ચૈતન્યરૂપ સ્વભાવ વડે સ્વતંત્ર હતો...**' જુઓ, કર્તાની વ્યાખ્યા છેને? ત્યારે પણ હું કર્તા. રાગ-દ્વેષ-મિથ્યાત્વનો, મિથ્યાત્વનો રાગ-દ્વેષનો, વિષય-વાસનાનો, હું એકલો '**ઉપરક્ત ચૈતન્યરૂપ સ્વભાવ વડે...**' જુઓ, ચૈતન્યરૂપ પર્યાય વડે '**સ્વતંત્ર હતો, (અર્થાત્ સ્વાધીનપણે કરતો હતો);...**' વિકારનો કર્તા કોઈ

બીજો હતો નહિ. ઓહો..હો..! જુઓ, સમ્યગ્દર્શન ધર્મનું ભાન થયું એ વખતે ધર્મી એમ માને છે કે અનાદિથી હું રખડ્યો એ પોતાના અપરાધથી રખડ્યો છે અને એ અપરાધનો હું સ્વતંત્રપણે કર્તા છું. અપરાધનો સ્વતંત્રપણે હું કર્તા છું. પરની અપેક્ષા રાખીને કર્તા હોય તો સ્વતંત્રપણું રહેતું નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..! એમ નાખ્યું છે. કર્મનો ઉદય આવે એવું થાય. જુઓ, ભાઈ! અને ક્રમબદ્ધમાં પણ એમ થાય છેને? ક્રમબદ્ધમાં જેવો કર્મનો ઉદય આવે એમ થાય છે. એવું કોણે કહ્યું તને? સમજાણું કાંઈ? ક્રમબદ્ધમાં જે આવવાનો હોય રાગ તે આવશે. અમારો પુરુષાર્થ શું કામ કરે? એમ નથી. ક્રમબદ્ધની દૃષ્ટિવાળાની તો પોતાના જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ છે તો એ દૃષ્ટિને કારણે ક્રમસર આવનાર ભાવનો જ્ઞાતા-દૃષ્ટા છે. એને એવું (બોલવાનો) હક છે કે ક્રમમાં જે થવાનું હોય તેને હું જાણું છું. મારી યોગ્યતા છે તો એમ થયું. એવી યોગ્યતા છે તો એમ થયું. એ પણ પર્યાયની વાત છે. પણ દ્રવ્યદૃષ્ટિ જ્ઞાયક થયો તો પર્યાયની યોગ્યતા છે એમ જાણ્યું એનું નામ યોગ્યતા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'હું એકલો જ ઉપરક્ત ચૈતન્યરૂપ સ્વભાવ વડે...'** જુઓ, ચૈતન્યસ્વભાવ વડે. એ મિથ્યાત્વભાવ, રાગ-દ્વેષભાવ ચૈતન્યસ્વભાવરૂપ ઠીક! **'સ્વતંત્ર હતો...'** લ્યો! એ કર્તા થયો. અને **'હું એકલો જ કરણ હતો,...'** જુઓ, એ વિકારના સાધનમાં હું એકલો હતો. થોડા કર્મના દોકડા ૨૫, ૫૦ અને ૫૦ દોકડા વિકારના, નિમિત્તના ૫૦ દોકડા. હું એકલો મારા કર્મનો .. સમજાણું કાંઈ? આ પ્રશ્ન અમારે બહુ ચાલતો હતો. ૮૩ની સાલ પહેલા. સમજાણું કાંઈ? દામોદર શેઠે કાઢ્યો હતો. એ કહે કે મહારાજ! તમે વિકારના પરિણામમાં એમ રાખો કે ૪૯ દોકડા કર્મના અને ૫૧ દોકડા વિકારના પોતાના પુરુષાર્થના. બહુ જોર કરે તો એટલું. પણ અહીં રહેવા દો. કર્મથી બિલકુલ ન થાય એમ નથી. ૫૧ દોકડા પુરુષાર્થના, ૪૯ દોકડા કર્મના. એકેય દોકડો નહિ કીધું. દોકડા સમજો છો? શું કહે છે? ટકા. ૫૧ ટકા અહીંના અને ૪૯ ટકા કર્મના. અહીં કહે કે સો એ સો ટકા જીવના. એક ટકો પણ કર્મનો નહિ. ધર્મી એમ નક્કી કરે છે. પહેલાની વાત છે જુઓ, આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પછી એવો વિચાર કરે છે. સોએ સો ટકા સ્વતંત્રપણે મારા કર્મથી. જુઓ, એકલા કર્મ. **'એકલો જ...'** શબ્દ પડ્યો છે. પાછળ છેને? એકલો જ. એ તો એમાં પણ કર્તામાં એકલો હતો. **'કારણ કે હું એકલો જ ઉપરક્ત ચૈતન્યરૂપ સ્વભાવ વડે સાધકતમ હતો;...'** હું મારા વિકારનો કરનારો એકલું મારાથી થાય છે. પરથી નહિ. સમજાણું કાંઈ? ધર્મી થયા પછી એવી વસ્તુની સ્થિતિ છે એવું સ્વયં જ્ઞાન કરે છે. અરે! કર્મનું જોર હતું તો હું રખડ્યો. એવી વાત નથી. થયાને? એ બે બોલ થયા. હવે કર્મની વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૩, સોમવાર, તા. ૨૦.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૨૬, પ્રવચન-૧૩૨**

આ પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ અધિકાર. ૧૨૬મી ગાથા ચાલે છે. જુઓ, ધર્મી જીવ પોતાના આત્માનો શુદ્ધ આનંદસ્વરૂપ, જ્ઞાયકસ્વરૂપ પુણ્ય-પાપના, વ્યવહારના વિકલ્પથી ભિન્ન પડીને પોતાના આત્માનો અનુભવ થાય છે તો આત્માની પ્રાપ્તિ તેને થઈ. સમજાણું કાંઈ? અનાદિકાળથી પુણ્ય અને પાપનો વિકલ્પ હતો તે જ પ્રાપ્તિ હતી. મિથ્યાદૃષ્ટિમાં પોતાનું શુદ્ધ આનંદ જ્ઞાયકસ્વરૂપ એની પ્રાપ્તિ નહોતી તો પુણ્ય-પાપનો રાગ દયા, દાન, વ્રત, ભક્તિની પ્રાપ્તિ, તે પ્રાપ્તિ હતી. એ તો મિથ્યાદૃષ્ટિમાં અશુદ્ધની પ્રાપ્તિ હતી. સમજાણું કાંઈ? જ્યારે સમ્યગ્દર્શન થયું. ભાન થયું. હું તો આત્મા જ્ઞાનાનંદ છું. દેહની ક્રિયામાં હું નથી, વાણીમાં હું નથી, કર્મમાં હું નથી. પણ પોતામાં શુભ-અશુભભાવ જે પર્યાયમાં થાય છે એમાં પણ હું નથી, એ મારામાં નથી. એવો ભગવાન આત્મા સમ્યગ્દર્શનમાં ધ્રુવ શુદ્ધ વિષય કરીને, ધ્યેય બનાવીને, ચૈતન્ય ત્રિકાળી જ્ઞાયકભાવને ધ્યેય બનાવીને-ધ્યાનનો વિષય બનાવીને જે પોતાની પર્યાયમાં શુદ્ધતાની પ્રાપ્તિ કરી તેમાં આત્મા ઉપલબ્ધ થયો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? તો એ આત્મા એવો વિચાર કરે છે કે ઓહો..! હું અનાદિકાળથી દ્રવ્યકર્મના સંબંધમાં વિકારી પરિણામનો કર્તા હું જ હતો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કેટલા ટકા?

ઉત્તર :- સો ટકા. સો ટકા સમજો છો? થોડા. થોડા ટકા કર્મના અને થોડા ટકા આત્માના- એમ નથી. ધર્મની દૃષ્ટિ થઈ અને પોતાના ચિદાનંદ સ્વરૂપની શુદ્ધતાની પ્રાપ્તિ થઈ તો ધર્મ થયો. તો ધર્મ થયો એ ધર્મી એમ વિચારે કે હું અનાદિથી કર્મના સંબંધે જેમ સ્ફટિકમણિમાં કાળા, લાલ ફુલના સંગે કાળી, લાલ ઝાંય પોતામાં પોતાને કારણે થાય છે. એમ મારા આત્મામાં મારી ચીજને હું ભૂલીને કર્મનો સંબંધ અંતર દૃષ્ટિ કરીને પુણ્ય-પાપ મિથ્યાત્વ આદિના ભાવ કર્યા એ પોતામાં, પોતાથી કર્તા થઈને કર્યો છે. એમાં પરની કોઈ અપેક્ષા છે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમ્યક્ એકાંત જ છે. નિરપેક્ષ આવ્યુંને જુઓ, આવ્યું.

**'એવો હું—જાસુદપુષ્પની નિકટતાથી ઉત્પન્ન થયેલા ઉપરાગ વડે જેની સ્વપરિણતિ રંજિત હોય એવા સ્ફટિકમણિની માફક—પર વડે આરોપાયેલા વિકારવાળો હોવાથી, સંસારી હતો, ત્યારે પણ ખરેખર મારું કોઈ પણ (સંબંધી) નહોતું. ત્યારે પણ હું એકલો જ કર્તા હતો, કારણ કે હું એકલો જ ઉપરક્ત ચૈતન્યરૂપ સ્વભાવ**

**વડે સ્વતંત્ર હતો;...'** સમજાણું કાંઈ? આહા..હા..! મિથ્યાત્વભાવ પુણ્યને ધર્મ માનવો, પાપના ભાવમાં રાજી-ખુશી થવું, નિમિત્તની અનુકૂળતામાં પોતાની પ્રસન્નતા થવી, પ્રતિકૂળતામાં ખેદ થવો—તે બધા મિથ્યાદૃષ્ટિના લક્ષણ છે. સમજાણું કાંઈ? એવા મિથ્યાત્વભાવમાં પણ હું પોતાથી વિકારી પોતાના અપરાધથી થયો હતો. 'અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા.' સ્વતંત્રપણે હું વિકારનો કરનારો એકલો. એકલો. થોડો ભાગ પોતાનો અને થોડો ભાગ કર્મનો એમ છે નહિ. એકલું આવ્યુંને જુઓ.

મુમુક્ષુ :- અનેકાંત .. કર્મનું પૂરેપૂરું...

ઉત્તર :- બિલકુલ નહિ. એ અત્યારે નહિ. એ સ્વભાવની દૃષ્ટિ જ્યારે થઈ એ પછીની વાત છે. સ્વભાવ ચિદાનંદ આનંદનો અનુભવ થયો તો પછી વિકાર થયો એ મારામાં નથી. તેના કર્મનું કાર્ય છે એમ કરીને કાઢી નાખે છે. પોતામાં મેળવતા નથી. પંડિતજી! આરે આરે. પોતાનો આત્મા જ્યાં સુધી સ્વરૂપનું ભાન નહોતું તોપણ મારા અપરાધથી જ હું વિકારનો કરનાર હતો. ભાન નહોતું તો વિકાર બીજાએ કરાવ્યો, કર્મે કરાવ્યો એમ નથી. પણ જ્યારે સ્વભાવની દૃષ્ટિ ચાલતી હોય ત્યારે, એ પછી આવશે. હું શુદ્ધ ચૈતન્ય ધ્રુવ છું. હું તો આનંદનો, જ્ઞાનદર્શન પર્યાયને જ કરનાર છું. વિકાર છેને? કે મારા દ્રવ્યમાં નથી, મારા ગુણમાં નથી, મારી પર્યાયમાં પણ નથી. સમ્યગ્દૃષ્ટિ ધર્મી પોતાના શુદ્ધ સ્વભાવના અવલંબને જે આત્માની પ્રાપ્તિ, ઉપલબ્ધિ, અનુભવ થયો તો અંદરમાં એમ માને છે કે રાગ જે વ્યવહાર, દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ છે એ મારી પર્યાયમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો પરનું કાર્ય છે, હું જાણનાર છું. સમજાણું કાંઈ? પણ જ્યારે અજ્ઞાની હતો ત્યારે પણ મારા અપરાધથી મેં વિકાર કર્યો હતો. એમાં બીજાનો કોઈ અપરાધ છે નહિ. કે કર્મનો ઉદય આવ્યો, કર્મનો ઉદય આવ્યો તો મને વિકાર કરવો પડ્યો એમ નથી. જ્ઞાની થયા પછી અજ્ઞાનીભાવમાં વિકાર દૂર કરનારો હું સ્વતંત્ર હતો એવો વિચાર કરે છે. આહા..હા..! મોટી ગડબડ અત્યારે તો ચાલે છે. કર્મથી વિકાર થાય. નિમિત્ત આવ્યું તો વિકાર કરવો પડે. મૂઢ છો? કોણે કહ્યું તને? સમજાણું કાંઈ? પંડિતજી! અહીં તો રોકડી વાત છે. સાચી વાત છે. આહા..હા..!

**'હું એકલો જ કર્તા હતો,...'** જુઓ, સમજાણું કાંઈ? એ કર્તા હતો અને એ કર્મ મારું જ છે. **'હું એકલો જ કરણ હતો,...'** કેમ? હવે કરણ આવ્યું. છે? એ વિકારનું કારણ નામ સાધન પણ હું જ હતો. કર્મ કારણ છે અને વિકાર મેં કર્યો એવો જ્ઞાની જ્ઞાન થયા પછી એવો વિચાર નથી કરતા. વિચાર કરતા હતા અને કરે છે તો એમ જ કે હું જ કરણ હતો તો મિથ્યાભ્રાંતિ પુણ્યનો વિકલ્પ જે રાગ એનાથી ધર્મ માનતો હતો અને મારા સ્વભાવથી હું છૂટતો હતો તો એ વિકારમાં સાધન હું જ હતો. કર્મ થોડું સાધન છે અને વિશેષ સાધન હું છું એમ બે ભાગ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'હું એકલો જ કરણ હતો, કારણ કે હું એકલો જ ઉપરક્ત ચૈતન્યરૂપ સ્વભાવ**

વડે...' જુઓ, મલિન પુણ્ય-પાપ મિથ્યાત્વ, એવા મલિન પુણ્ય-પાપ મિથ્યાત્વભાવના રંગથી **'ચૈતન્યરૂપ સ્વભાવ વડે...'** રાગનો ભાવ, મિથ્યાત્વનો ભાવ મલિન **'ચૈતન્યરૂપ સ્વભાવ વડે સાધકતમ હતો;...'** સમજાણું કાંઈ? આ બીજો બોલ થયો નહિ? ઓલો કર્તા પછી. કર્મ સિદ્ધ થયા પછી. સમજાણું કાંઈ? આહા..હા..! પાછળ બીજા કર્તાકર્મ લે છે. અહીં કર્તા અને કરણ લીધું છે. કરણ સમજો છો? મિથ્યાત્વભાવ અને અજ્ઞાન પુણ્ય-પાપના ભાવ એ દોષ (હતા) એનું કરણ નામ કારણ-સાધન હું જ (હતો). હું જ હતો. એમ કહે છે. અત્યારે નહિ. સમ્યગ્દૃષ્ટિ થયા પછી વિચાર કરે છેને? સમજાણું કાંઈ? કર્તા પણ હું અને સાધન પણ હું. બીજું સાધન નથી. ભાઈ! કર્મના ઉદયનો થોડો ટકા હોય. ટકા કહે છેને? અમારે દોકડા કહે છે દોકડા. સો દોકડા હોય છેને સો દોકડા. પચાસ દોકડા એના અને પચાસ દોકડા આત્માના, વિકાર કરવામાં. એમ છે નહિ. બિલકુલ નથી.

મુમુક્ષુ :- ભાગીદારી...

ઉત્તર :- ભાગીદારી-ભાગીદારી કોઈની સાથે નહિ. હિસ્સેદારી. થોડો ભાગ એનો અને થોડો હિસ્સો પોતાનો. એમ મિથ્યાત્વમાં પણ બીજાનો થોડો ભાગ છે એમ છે જ નહિ. આહા..હા..! સ્વતંત્રતાનું ભાન થયું તો પરતંત્રના કાળે પણ હું સ્વતંત્રપણે વિકારનો કરનાર હતો એમ જાણ્યું. સમજાણું કાંઈ?

**'કારણ કે હું એકલો જ...'** પાછળ. એ કરણ આવી ગયું. કરણ. પછી કર્મ. **'હું એકલો જ કર્મ હતો,...'** મારા કાર્યમાં એકલું જ મારું કાર્ય હતું. પુણ્ય-પાપના ભાવ, મારા દોષરૂપભાવ મિથ્યાત્વરૂપ ભાવ તે કાર્ય, એ કાર્ય કરવામાં હું એકલો હતો. એ મારા કાર્યમાં બીજો કરણનો સાથ હતો અને કાર્ય મારું એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ છે? આહા..હા..! **'કારણ કે હું એકલો જ ઉપરક્ત ચૈતન્યરૂપે...'** મલિન ચૈતન્યરૂપે **'પરિણમવાના સ્વભાવને લીધે આત્માથી પ્રાપ્ય હતો;...'** સમજાણું કાંઈ? આત્માથી પ્રાપ્ય હતો. ઓલું કર્મ છેને કર્મ? આત્માથી પ્રાપ્ય હતો. મિથ્યાત્વભાવ અને પુણ્ય-પાપના ભાવ, મલિનભાવ આત્માથી પ્રાપ્ય હતો. આત્મા તેને પહોંચતો હતો, આત્મા તેને પ્રાપ્ત કરતો હતો. કર્મથી વિકાર થતો હતો એમ નથી. કહો, પંડિતજી! બહુ ગડબડ થાય છે. કર્મથી થોડું થાય છે. જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય છે. જ્ઞાનાવરણીય કેમ કહ્યું? ગોમ્મટસારમાં કેમ કહ્યું? જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનને રોકે છે. બિલકુલ ખોટું છે. અહીંયા કહે છે કે એમ છે જ નહિ. જ્ઞાનાવરણીય જડ છે એ તો પરની પર્યાયમાં જ્ઞાનાવરણીય છે. શું પોતામાં ઘુસી ગઈ છે? સમજાણું કાંઈ?

ગોમ્મટસારમાં એમ આવે છે કે નહિ? દર્શનમોહને કારણે મિથ્યાત્વ થાય છે. જ્ઞાનાવરણીય કારણે જ્ઞાન (રોકાય છે). એ તો વ્યવહારનયનું, અસદ્‌ભૂત વ્યવહારનયનું કથન છે. નિમિત્તનું કથન, નિમિત્ત જણાવવાનું કથન છે. એવું વસ્તુનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? ઓહો..!

અપરાધ કરે પોતે અને નાખે બીજા ઉપર. કર્મે કર્યું. કર્મમાં એટલું જોર આવ્યું ભાઈ શું કરીએ? અમારું મગજ કામ ન કર્યું, કર્મથી. કર્મથી છે? કોણ કહે છે? તારો અપરાધ તે કર્યો. એમ ધર્મી પોતાના અનુભવના કાળે, આત્માના ભાનના કાળમાં હું શુદ્ધ ચૈતન્ય આનંદ છું, રાગ પણ નહિ, પુણ્ય પણ નહિ, દેહની ક્રિયા મારી નથી. હું તો જ્ઞાતા-દૃષ્ટા હું છું, એ મારો સ્વભાવ છે. એવા કાળે પૂર્વનો વિચાર કરે છે. હું મારા વિકારી પરિણામને પ્રાપ્ત થયો, મેં એને પ્રાપ્ત કર્યો. કર્મે પ્રાપ્ત કર્યું એમ નથી.

'**અને હું એકલો જ સુખથી વિપરીત** લક્ષણવાળું,...' જુઓ હવે. ચોથો બોલ. હું એકલો જ. 'એકલો જ' એમ શબ્દ પડ્યો છે. '**હું એકલો જ સુખથી વિપરીત લક્ષણવાળું,...**' આહા..હા..! શું કહે છે? એ શુભ-અશુભભાવ છેને? શુભ-અશુભભાવ તે દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે અને એનાથી (વિપરીત) પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ તે દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? તે '**સુખથી વિપરીત...**' આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ સુખથી વિપરીત. શુભ-અશુભભાવ એ આનંદથી વિપરીત દુઃખરૂપભાવ. ''**દુઃખ' નામનું કર્મફળ હતો—**' કર્મફળનો અર્થ શું? કે મારામાં જે શુભ-અશુભભાવરૂપી કર્મ નામ વિકારી ભાવ થયો તેનું ફળ દુઃખ એને કાળે છે. એ દુઃખના ફળને ભોગવનારો હું જ છું. સમજાણું કાંઈ? મેં જ દુઃખનો ભાવ ઉત્પન્ન કર્યો છે. આહા..હા..!

મુમુક્ષુ :- દુઃખમાં કર્મ હોય તો નહિ?

ઉત્તર :- બિલકુલ નહિ. કર્મ જડમાં રહ્યું. પરદ્રવ્ય, પરદ્રવ્યમાં રહ્યું. પોતે પોતામાં રહ્યો. કોઈ કોઈમાં આવતું-જાતું નથી. આહા..હા..! ભગવાન! તારી ચીજમાં તેં અપરાધ કર્યો છે એમ કહે છે. સમજાણું કાંઈ? શું? એ જ્ઞાની-ધર્મી, ધર્મ સમજ્યા પછી પૂર્વની વિચારદશામાં શું હતો એ વિચાર કરે છે. હું અનંતકાળથી પોતાના આનંદસ્વરૂપને ભૂલીને હું શુભ-અશુભભાવ જે કર્મનું ફળ... કર્મના ફળનો અર્થ? જડકર્મ નહિ. પુણ્ય-પાપરૂપી કર્મ નામ કાર્ય, શુભ-અશુભભાવ એનું ફળ દુઃખ, એ જ સમયે. સમજાણું કાંઈ? છે શબ્દ? કર્મફળ હતું. કર્મફળનો અર્થ? મારો શુદ્ધ ચૈતન્ય ભગવાન એનો આશ્રય ન લેતા, નિમિત્તનો આશ્રય લઈને શુભ અને અશુભ, દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ કર્યો, અશુભભાવ કર્યો. એ કર્મ છે, કર્મ નામ ભાવકાર્ય છે. એ ભાવકર્મનું ફળ દુઃખ છે. કર્મના ફળનો અર્થ જડકર્મનું ફળ દુઃખ છે એવી વાત અહીંયા છે જ નહિ. આહા..હા..! ઓહો..હો..! સમજાણું કાંઈ?

કહે છે, '**હું એકલો સુખથી વિપરીત...**' હું એકલો. મારું આનંદસ્વરૂપ ભગવાન એને ભૂલીને, તેથી સંસરણ કરીને-તેનાથી હટીને જે પુણ્ય-પાપના ભાવ પૂર્વે કર્યા. મહાવ્રતના ભાવ કર્યા, અવ્રતના ભાવ કર્યા.-એ બધા પુણ્ય-પાપના ભાવ એ પોતાના પુણ્ય-પાપના ભાવનું, કર્મનું ફળરૂપ એ છે. કોણ? હરખ-શોક. સમજાણું કાંઈ? કર્મ, કર્મ પણ પોતાના પુણ્ય-પાપના

ભાવ, મિથ્યાત્વ અને શુભાશુભભાવ એ પોતાનું કર્મ. કર્મ નામ કાર્ય. એ જ કર્મનું એ જ ક્ષણે સુખ-આત્માનું આનંદ એનાથી વિપરીત દુઃખરૂપ દશાને ભોગવનારો પણ હું જ હતો. '**પરિણમવાના સ્વભાવ વડે નિપજાવવામાં આવતું હતું.**' જુઓ, '**ઉપરક્ત ચૈતન્યરૂપ પરિણમવાના સ્વભાવ વડે...**' મલિન ચૈતન્યરૂપ પરિણમવાથી. ઓહો..હો..! દુઃખકર્તા છે એ શુભ-અશુભભાવ બધા?

મુમુક્ષુ :- પૈસાદારની વાત જુદી છે.

ઉત્તર :- પૈસાદાર શું? પૈસાદાર કોણ છે પૈસાદાર? કોણ પૈસાદાર છે? જડદાર છે કોઈ? પૈસાવાળા છે કોણ? પૈસા તો જડ છે. એય..! શેઠ! કોણ છે પૈસાવાળું? જડ છે. પૈસાવાળો જડ હોય. જડનો સ્વામી જડ હોય છે. ભેંસનો સ્વામી પાડો હોય છે. એમ પૈસાને મારા માને તો જડ છે. પૈસા તારા કેવા? એ તો જડ ભિન્ન ચીજ છે. પોપટભાઈ! આહા..હા..! અહીં તો કહે છે કે પૈસાદાર તો નહિ, પણ પુણ્ય-પાપ ભાવવાળો હું છું એ મિથ્યાત્વભાવ છે. હું પુણ્ય-પાપભાવવાળો છું એ મિથ્યાત્વભાવ છે. પણ એ મિથ્યાત્વભાવમાં આનંદસ્વરૂપથી ઉલટી જે દુઃખરૂપદશા તે ફલને મેં જ પ્રાપ્ત કર્યું છું. એ દુઃખરૂપનું ફળ મારું જ છે. બીજાનું છે નહિ. આહા..હા..! સંયોગ નહિ, પ્રતિકૂળ સંયોગ દુઃખ નથી. પ્રતિકૂળ સંયોગ અને દરિદ્રતા, રોગ, લક્ષ્મી ન મળવી, ક્ષુધા-તૃષા થવી એ દુઃખ નથી. તે દુઃખ નથી. એ તો પરસામગ્રી છે. પરસામગ્રીમાં પોતાનું દુઃખ રહેતું નથી અને પરસામગ્રીથી પોતામાં દુઃખ થતું નથી. સમજાણું કાંઈ?

અહીંયા તો કહે છે કે ભગવાન આત્મા હું તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ છું. તો એ ક્ષણે પૂર્વે આત્માનું જ્યારે ભાન નહોતું તો મારા આનંદસ્વરૂપથી ઊલટું વિપરીત.. વિપરીત છેને? જુઓ વિપરીત. એનાથી વિપરીત. આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે, નિત્યાનંદ ભગવાન આત્મા છે. એનાથી વિપરીત શુભ અને અશુભભાવ. પૂર્વે નવમી ગ્રૈવેયક ગયો તો મહાવ્રતનો ભાવ શુભ હતો, નરકમાં ગયો તો અશુભ હતો. પણ શુભ-અશુભભાવ બેય દુઃખરૂપ હતા. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! રાડ નાખી જાય લોકો તો ઓહો..હો..! વ્રત-વ્રત. અરે વ્રત શું? વ્રતમાં આમ કરું, તેમ કરું એ તો વિકલ્પ છે. એ વ્રત તો રાગ છે, રાગ દુઃખ છે. એમાં આત્મા ક્યાંથી આવ્યો? શાંતિભાઈ! બરાબર છે? સમજાણું કાંઈ? લ્યો આ વ્રતનો વિકલ્પ દુઃખ છે એમ કહે છે. નહિ? એ નગ્નમુનિ થવાના હતા. એ સામે બેઠા છેને પાછળ? દિલ્હીના છે. બૈરા છે. બધું છે. દેશભૂષણ પાસેને? કોની પાસે? વિદ્યાનંદ. હા વિદ્યાનંદ. એ વિદ્યાનંદ છેને? એની પાસે નગ્ન સાધુ થવાના હતા. દુઃખી થઈશ. ભાન નથી શું ચીજ છે. એય..! હુકમચંદજી! બહુ શાંત માણસ છે હોં. મનને શાંતિ મળે. એ વખતે વૈરાગ્ય એવો થઈ ગયો કે સાધુ થઈ જાઉં. પણ ભાન વિના સાધુ કેવા? બુદ્ધિ વિનાના બાવા હોય, ભવસાગરમાં ડૂબી મરે. બુદ્ધિ તત્ત્વદૃષ્ટિ તો છે નહિ, આત્મજ્ઞાન છે નહિ અને લ્યો થઈ

ગયો સાધુ. ક્યાંથી સાધુ થયો? સમજાણું કાંઈ? 'માણસ હોના મુશ્કેલ હૈ તો સાધ કહાંસે હો? સાધુ હુઆ તો સિદ્ધ હુઆ કહણી ન રહી કોઈ.' ઓહો..હો..! તે નિજપદ. સાધુપદ 'ણમો લોએ સવ્વ સાહુણં.' આહા..હા..! જેને એક પોણી સેકન્ડથી વધારે નિદ્રા પણ નથી આવતી. પોણી સેકન્ડથી વધારે નિદ્રા આવી જાય તો મુનિપણું રહેતું નથી.

મુમુક્ષુ :- પંચમકાળમાં એમ જ હોય.

ઉત્તર :- પંચમ કાળ કે ચોથો કાળ. સાકર ઝેર થાય કોઈ દિ'? સમજાણું કાંઈ? સાકર ઝેર થાય? પંચમ કાળમાં સાકર કડવી થઈ જાય. ચોથા કાળમાં સાકર મીઠી થાય એમ હોય છે? પંડિતજી! આહા..હા..! અરે ભગવાન! અહીં તો કહે છે. આહા..હા..! મુનિ! ઓહો..હો..! દશા. આત્મ સમ્યગ્દર્શનનો આનંદ, એ ઉપરાંત પ્રચુર આનંદનું સ્વસંવેદન. જેને ભગવાન આચાર્ય કહે છે. એ છ ઢાળામાં આવે છેને? છ ઢાળામાં પિછલી રયણી. હા. 'ભૂમાંહિ પિછલી રયનિમેં કછુ શયન એકાસન કરન.' કેટલી? એક સેકન્ડની અંદરમાં નિદ્રા આવે છે. છઠ્ઠે ગુણસ્થાને નિદ્રા, અલ્પકાળ જ છઠ્ઠા ગુણસ્થાનનો છે. એકદમ અપ્રમત્તદશા. મુનિને તો એક દિવસમાં હજારોવાર અપ્રમત્ત, પ્રમત્તદશા આવે છે. એનું નામ ભાવલિંગી સંત અને મુનિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં કહે છે, અરે! હું પૂર્વે શુભ-અશુભભાવ જે થયો એ મારા આનંદનું વિપરીત દુઃખરૂપ ફળ હતું. આહા..હા..! સમજાણું કાંઈ? **'સુખથી વિપરીત લક્ષણવાળું...'** જુઓ! **'દુઃખ નામનું કર્મફળ હતો—કે જે ઉપરક્ત ચૈતન્યરૂપે પરિણમવાના સ્વભાવ વડે...'** જુઓ, બે ભાષા લીધી. ધર્મી પૂર્વે શુભભાવમાં દુઃખ માનતા હતા અને શુભભાવને મેલો માનતા હતા. ભાઈ! મેલું આવ્યુંને બે વાર? બેવાર આવ્યુંને જુઓ. ઉપરક્ત. મને ધર્મ પ્રાપ્તિ પહેલા શુભભાવ જે હતા તે દુઃખરૂપ હતા અને મલિન હતા. મલિન હતા. તો દુઃખ અને મલિન એવા રાગનું ફળ તો હું જ હતો. હું જ હતો. બીજા કોઈથી કરાયેલો નહોતો. આહા..હા..! સમજાણું કાંઈ?

**'નિપજાવવામાં આવતું હતું.'** લ્યો. **'ઉપરક્ત ચૈતન્યરૂપે પરિણમવાના...'** મેલી ચૈતન્યરૂપી અવસ્થા હોવાના સ્વભાવે ઉત્પન્ન કરવામાં આવતો હતો. કહો, શેઠી! છે? એ અજ્ઞાનની વાત કરી. હવે જ્ઞાનની. જ્ઞાની, ધર્મી પોતાના આત્માનો અનુભવ થયા પછી, સમ્યગ્દર્શન આત્માના આનંદનો અનુભવ થયો. પુણ્ય-પાપના વિકલ્પથી રહિત, શરીરની ક્રિયાથી રહિત. એ પરક્રિયા જડ છે. શુભાશુભભાવ પણ અચેતન ખરેખર છે. એ સવારમાં આવ્યું હતું. અહીંયા તો એની પર્યાયમાં છે, એ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? પણ ભાન થયા પછી પૂર્વના દોષનો અપરાધ મેં કર્યો હતો.

**'હવે વળી,..'** અને હવે. અને હવે. સમ્યગ્દર્શન થયા પછીની વાત હવે કરે છે પોતાની. સમજાણું કાંઈ? સુખી ક્યાં હતો? પૈસા-બૈસા કમાવવામાં દુઃખી હતો. એ મહાવ્રત પાળવામાં

દુઃખમાં આવ્યો હતો એમ કહે છે. એય..! અઠ્યાવીશ મૂળગુણ મેં પાળ્યા હતા તે દુઃખ હતું એમ કહે છે. એ વિકલ્પ છે, રાગ છે, આનંદથી ઉલટી દશા છે, દુઃખ છે, મેલ છે. રાગથી રંજિત થયો અંગારા જેવો શુભભાવ છે. આહા..હા..!

મુમુક્ષુ :- રાગ આગ કહ્યુંને.

ઉત્તર :- રાગ છે. 'રાગ આગ દાહ...' એ છ ઢાળામાં આવે છે. દૌલતરામ. છ ઢાળામાં. 'રાગ આગ દાહ.' દહે છે. શુભભાવ પણ આગ છે. ભગવાન આત્મા અનાકુળ આનંદ શાંતરસનો પિંડ છે. શીતળતા... શીતળતા... ભગવાન અનાકુળ નિર્વિકાર આનંદસાગર એ તો એનું શીતળસ્વરૂપ છે. એની છાયા પણ શીતળ નીકળે છે પર્યાયમાં. અને રાગ શુભ કે અશુભ હોય તે અગ્નિ છે, ભઠ્ઠી છે. એ ભઠ્ઠી પણ મેં ઉપાર્જી હતી એમ કહે છે. મારો જ દોષ હતો. સમજાણું કાંઈ? ઓહો..હો..! વસ્તુ કેવી છે અને કેવી નથી એની ખબર નથી. દૃષ્ટિની ખબર નથી, ધ્રુવની ખબર નથી.

ધર્મદાસ કહેતા હતા. ધર્મદાસ ક્ષુલ્લક થયાને ક્ષુલ્લક થઈ ગયા. .. ઓહો..હો..! 'ભેદ જ્ઞાન તે જ્ઞાન છે અને બાકી બુરો અજ્ઞાન, ધર્મદાસ સાચી લિખે હેમરાજ તુમ માન. ભેદ જ્ઞાન તે જ્ઞાન હૈ બાકી બુરો અજ્ઞાન, ધર્મદાસ ક્ષુલ્લક સાચી લિખે, હે હેમરાજ તું માન.' ધર્મદાસ ક્ષુલ્લક થયા છે. સમ્યગ્જ્ઞાન દીપિકા અને સ્વાત્માનુભવમનન બે બનાવ્યા છે. સંવત્ ૧૯૪૮. સમજાણું કાંઈ? 'ભેદજ્ઞાન તે જ્ઞાન હૈ.' એ પુણ્ય-પાપનો રાગ દુઃખરૂપથી ભિન્ન પોતાના આત્માના આનંદસ્વરૂપનું જ્ઞાન અને ભાન એ જ્ઞાન છે. બીજું જ્ઞાન (તો) જ્ઞાન નથી, પણ શાસ્ત્રજ્ઞાન પણ જ્ઞાન નથી. પંડિતજી! મારે ભારે વાત! શાસ્ત્રનું જ્ઞાન એ તો પરવસ્તુથી થયું છે. એ ક્યાં આત્માનું જ્ઞાન છે? છોટાભાઈ! રાડ નાખે હોં બધા. બિચારાએ સાંભળ્યું ન હોય આ. અરે! સોનગઢે તો વ્યવહારનો નાશ કરી દીધો. અરે ભગવાન! ભગવાન! સાંભળ તો ખરો પ્રભુ! એ રાગાદિ ભાવ તારામાં નથી, પ્રભુ! અને રાગથી લાભ માને તો મિથ્યાત્વભાવ છે, દુઃખના ભાવનો વેપાર કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! તો જ્ઞાની પહેલાનો વિચાર કર્યો. હું પૂર્વમાં મિથ્યાત્વથી અજ્ઞાન, કષાય, યોગનો કરનાર કર્તા નહોતો સ્વતંત્રપણે અને એ વિકાર, મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને વ્રતના વિકલ્પનું કરણ નામ સાધન પણ હું હતો અને એ કાર્ય પણ મારું હતું અને ફળ પણ મારું છે. બીજાનો કોઈ અધિકાર નથી.

'**હવે વળી,...**' હવે ચાલ્યું. '**અનાદિસિદ્ધ પૌદ્ગલિક કર્મના બંધનરૂપ ઉપાધિની નિકટતાના નાશથી...**' જુઓ, મેં મારા સ્વભાવનો પુરુષાર્થ કર્યો તો કર્મની ઉપાધિનો નાશ એને કારણે થયો. ધર્મી સમ્યગ્દૃષ્ટિ એમ વિચારે છે કે '**અનાદિસિદ્ધ પૌદ્ગલિક કર્મના...**' અહીંયા અનાદિસિદ્ધ લીધું છે. '**કર્મના બંધનરૂપ ઉપાધિની નિકટતાના નાશથી જેને સુવિશુદ્ધ સહજ સ્વપરિણતિ પ્રગટ થઈ છે...**' જુઓ, આ ધર્મ. ધર્મી જીવ વિચારે છે કે અમારી '**સુવિશુદ્ધ સહજ સ્વપરિણતિ...**' હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદ એવી અંતરમાં

અનુભવ સહિતની પ્રતીતિ તે સ્વવિશુદ્ધ સ્વભાવપરિણતિ છે. રાગ નથી, પંચમહાવ્રત આદિનો રાગ એ મારી પરિણતિ નથી. ધર્મી એમ જાણે છે કે એ રાગાદિ પરિણતિ મારી નથી. સમજાણું કાંઈ? છે એમાં? જુઓ, પાઠ તો જુઓ. એમાં શું આવ્યું?

મુમુક્ષુ :- આ અનેકાંત છેને.

ઉત્તર :- અનેકાંતનો અર્થ શું? સ્વપરિણતિથી છું અને પરપરિણતિથી નથી. એનું નામ અનેકાંત છે. સમજાણું કાંઈ? એકાંતે જ હું એવો છું. શું કહ્યું? જુઓ.

'**સુવિશુદ્ધ સહજ સ્વપરિણતિ પ્રગટ થઈ છે એવો હું—**' ભાન થાય છે. સમ્યગ્દૃષ્ટિને ભાન થાય છે? પોતાને પોતાની ખબર પડે કે હું ધર્મ પામ્યો? કહે, હા. એમ કહે છે. આહા..હા..! કહો, હુકમચંદજી! અરે! સમ્યગ્દર્શન, ભાવ સમ્યગ્દર્શન અને ભાવચારિત્રની કેમ ખબર પડે? ભાવલિંગની કેમ ખબર પડે? એ તો અરૂપી છે. અરે! સાંભળ તો ખરો. શું કહે છે? હું. સમ્યગ્દૃષ્ટિ કહે છે, હું '**સુવિશુદ્ધ સહજ સ્વપરિણતિ પ્રગટ થઈ છે એવો હું...**' છોટાભાઈ! છે? ક્યાંથી ખબર પડી? અરે આત્મા શું ન જાણે? એ તો જ્ઞાનમાં પ્રમેય જાણવામાં ન આવે? પોતાનું દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ અને નિર્મળ પર્યાય પ્રમેય છે પ્રમેય. જ્ઞેય. એમાં જ્ઞાન જાણે છે. પ્રમેય જ્ઞાનને જાણે છે. પ્રમેયને જ્ઞાન જાણે છે અને જ્ઞાનમાં પ્રમેય આવ્યા વિના રહેતો નથી. પ્રમેયનો સ્વભાવ એવો છે. શુદ્ધ પરિણતિ પણ પ્રમેય છે કે નહિ? તો પ્રમેય ગુણ આત્મામાં છે કે નહિ? તો પ્રમેય ગુણ ત્રણેમાં વ્યાપક છે કે નહિ? દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ, શુદ્ધ પરિણતિ. તો ત્રણેમાં ગુણ વ્યાપે છે. તો જ્ઞાન પ્રમેયને બરાબર જાણે છે, પ્રમેય જ્ઞાનમાં બરાબર જણાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો એકે-એક વાંધા. શુદ્ધતાની ખબર ન પડે. આપણે આ દ્રવ્ય ક્રિયા કરો, બસ એમાં ભાવ થઈ જાશે. ભાવ છે કે નહિ એ આપણને ખબર ન પડે. હવે આંધળો છો? પ્રગટ છે અને તું કહે મને ખબર ન પડે. એ નથી. સમજાણું કાંઈ?

આચાર્ય મહારાજ કુંદકુંદાચાર્ય તો બહુ સખત બોલે છે. એમ ન સમજે તો મૂઢ છે? અજ્ઞાની છે કે આંધળો છો? શું દેખનારને તું નથી જોતો? પર જોવે છે? દેખનાર ભગવાન આત્મા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને દેખનારને ન દેખે? પર દેખાય? શું કહો છો તમે? સમજાણું કાંઈ? ઓહો..હો..! આચાર્યે ટીકા કેવી કરી જુઓને! કુંદકુંદાચાર્ય ભગવાન પાસે ગયા હતા, સીમંધર પરમાત્મા પાસે. આઠ દિન રહ્યા હતા. પરમાત્મા તો મોજુદ છે અત્યારે. સીમંધર પરમાત્મા મોજુદ છે. સંવત્ ૪૯માં ગયા હતા. આઠ દિન રહ્યા હતા. ભાવલિંગી સંત છે, ચારિત્રવંત છે. પ્રચુર આનંદની ખાણમાં પડ્યા હતા અને ત્યાંથી આવીને આ બનાવ્યું. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય. મદ્રાસથી આ બાજુ છેને ૮૦ માઈલ પોન્નુર હીલ. પોન્નુર હીલ. વંદેવાસથી પાંચ માઈલ. મદ્રાસથી આ બાજુ ૮૦ માઈલ પોન્નુર હીલ ટેકરી છે. સોનાની ટેકરી. ત્યાં કુંદકુંદાચાર્ય રહેતા હતા. ત્યાંથી ભગવાન પાસે ગયા હતા અને ત્યાંથી

આવીને આ શાસ્ત્ર બનાવ્યું છે. પોન્નુર હીલ. સમજાણું કાંઈ?

કહે છે, ઓહો..! ધર્મી જીવને પોતાનું સુવિશુદ્ધસહજ સ્વભાવિક નિર્મળ. જુઓ આમાં સુવિશુદ્ધ વાપર્યું છે. ઓલામાં સુવિશુદ્ધિ. શુભમાં વિશુદ્ધિ વાપરે છે. અહીંયા સુવિશુદ્ધ, સુવિશુદ્ધ. સમજાણું કાંઈ? ધર્મીને પોતાનો જ્ઞાનસૂર્ય ચૈતન્ય ભગવાન આનંદમૂર્તિ પ્રભુ એવું દૃષ્ટિમાં અનુભવમાં આવ્યું તો, કહે છે કે મારી પર્યાયમાં સુવિશુદ્ધ સ્વભાવિક '**સુવિશુદ્ધ સહજ (-સ્વાભાવિક) સ્વપરિણતિ...**' એ મારી પરિણતિ નિર્મળ મને પ્રગટ થઈ છે. કહો, શેઠી! જાણી શકે કે નહિ? એ કહે ભાવની આપણને ખબર ન પડે. બીજાની ખબર ન પડે. માળા આંધળો છો તું?

ભગવાન આત્મા સહજાનંદની મૂર્તિ પ્રભુ સિદ્ધસ્વરૂપ એવા જ્યાં પુણ્ય-પાપના દુઃખરૂપ વિકલ્પથી ભિન્ન થઈને મારામાં મારી સુવિશુદ્ધ સ્વભાવિક સ્વપરિણતિ, સ્વપરિણતિ-પોતાની દશા, પોતાની અવસ્થા પ્રગટ થઈ છે. પ્રગટ થઈ છે. એમ લખ્યું છેને? શું કહે છે અમૃતચંદ્રાચાર્ય. દિગંબર મુનિ, નવસો વર્ષ પહેલાં કુંદકુંદાચાર્યના શ્લોકની ટીકા કરનારા. પંચમ આરામાં કુંદકુંદાચાર્યે તીર્થંકર જેવું કામ કર્યું અને અમૃતચંદ્રાચાર્યે ગણધર જેવું કામ કર્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? સંત-મુનિ દિગંબર જંગલમાં વસતા મસ્તી આનંદમાં હતા. વિકલ્પ આવ્યો તો પુસ્તક બની ગયું. મારું પુસ્તક મારું કાર્ય નથી. મેં પુસ્તક બનાવ્યું એમ મને ગાળ ન દેશો. એ પ્રવચનસારમાં છેલ્લે આવી ગયું. મેં નથી બનાવ્યું. એ તો જડની પર્યાય થઈ. હું ક્યાં બહાર નીકળું છું? મારા જ્ઞાનમાંથી હું વિકલ્પમાં આવ્યો છું? અને હું પરમાણુની પર્યાયમાં આવ્યો છું તો હું બનાવું? છોટાભાઈ! મેં તો આ બનાવ્યું એમ કહે છે.

આ બધા વખારું બનાવે છેને વખાર. શું કહેવાય આ? સંચા. શું કહેવાય ભાષા એની? ફેક્ટરી. ફેક્ટરી. સંચા-સંચા, કારખાના. હા કારખાના. એવું .. નથી આવતુંને ક્યાંય એવું? વ્યવસાય-વ્યવસાય મોટા કારખાનામાં કરે છેને. આહા..હા..! જુઓ, શું કહે છે? ધર્મી જીવને પોતાની શુદ્ધ પરિણતિ પ્રગટ થઈ એનું ભાન થાય છે. ભગવાનને પૂછવું ન પડે. હે ભગવાન! તેં શું જોયું છે મારું? તેં જે જોયું એવું અમે જોઈએ છીએ. ભગવાન તો કેવળજ્ઞાની છે. એક સમયમાં જેવું જગત છે એવું ભગવાન તો જોવે છે. તારી પર્યાયમાં શંકા છે તો ભગવાન શંકા જોવે છે. હે ભગવાન! હું ભવિ છું કે અભવિ છું? પ્રભુ! આપ કહો. તો તને શંકા છેને? તો ભગવાન જાણે છે કે તને શંકા છે. ભવિ-અભવિનું તને ભાન નથી. સમજાણું કાંઈ? જુઓ! એ ધર્મીની મસ્તી. આહા..હા..!

કહે છે, ઓહો..! હું આત્મા ભગવાન દ્રવ્ય અને ગુણથી ભરેલો શુદ્ધ છું. અને મેં એનો આશ્રય લઈને અને પુણ્ય-પાપના રાગથી ભિન્ન થઈને પોતાની સ્વભાવિક વિશુદ્ધ સ્વપરિણતિ પ્રગટ કરી છે. પરિણતિ કોઈ ત્રિકાળ નથી. શું કહે છે? ધર્મની પરિણતિ ત્રિકાળ નથી. ત્રિકાળ તો દ્રવ્ય અને ગુણ છે અને શુદ્ધ પરિણતિ નવી પર્યાય પ્રગટ થાય છે. આહા..હા..!

સમજાણું કાંઈ?

શબ્દ શું છે? '**સ્વપરિણતિ પ્રગટ થઈ છે એવો હું—**' એવો હું. ઓલા કહે છે કે અરે ભાઈ! ભાવલિંગની આપણને ખબર ન પડે. અહીં તો મુનિ કહે છે, ભાવલિંગ છે એની મને ખબર પડે છે. કહે છે કે નહિ પંડિતજી? આપણને ભાવલિંગની ખબર ન પડે. એ ક્રિયા કરે છે એને જુઓ કે બસ ચોખ્ખો આહાર-વિહાર, નિર્દોષ આહાર-પાણી લેતા હોય. સમજાણું? તો એના ઉપરથી માનવું કે તે સાધુ છે. એમ છે નહિ. ક્રિયાકાંડ તો પરની-જડની થઈ. રાગની મંદતા હોય તોપણ દુઃખરૂપ ભાવ છે. અહીં તો શુદ્ધ-વિશુદ્ધ સ્વપરિણતિ પ્રગટ થઈ એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

'**એવો હું...**' છેને? હવે કર્મની નિકટતાનો નાશ થયો. મારાથી મારા કારણે સુવિશુદ્ધ સહજ સ્વપરિણતિ પ્રગટ થઈ. '**એવો હું—જાસુદપુષ્પની નિકટતાના નાશથી...**' જેમ સ્ફટિકમાં જાસુદપુષ્પનો સંબંધ હતો એ સંબંધ છૂટી ગયો. '**જેને સુવિશુદ્ધ સહજ સ્વપરિણતિ પ્રગટ થઈ હોય...**' કોની? સ્ફટિકની. સ્ફટિક છે એ તો સ્વચ્છ નિર્મળ છે. એનો જાસુદના પુષ્પની નિકટતા સંબંધમાં લાલ અને કાળી ઝાંય હતી. જાસુદનું ફૂલ દૂર થવાથી કાળી, લાલ ઝાંય એમાં રહી નહિ. શુદ્ધ નિર્મળ થઈ ગઈ. સ્ફટિકની પર્યાય શુદ્ધ નિર્મળ થઈ, પરિણતિ નિર્મળ થઈ. સમજાણું? '**એવા સ્ફટિકમણિની માફક—**' જુઓ, ભાષા. સ્ફટિકમણિ છે, સમજાણું કાંઈ? એ તો નિર્મળ છે. સ્ફટિકમણિ આવે છેને ભાઈ! .. નથી કીધું? 'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ રે, શ્રી જિનવીરે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ રે. જેમ નિર્મળતા રે સ્ફટિક તણી.' સ્ફટિક નિર્મળ છેને? સ્ફટિક નિર્મળ છે. તો એની પરિણતિ-એની પર્યાય પણ નિર્મળ થઈ. 'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી.' જેમ સ્ફટિક નિર્મળ. 'તેમ જીવ સ્વભાવ રે.' હું શુદ્ધ ચૈતન્ય સ્ફટિક જેવો આત્મા છું. 'શ્રી જિનવીરે ધર્મ પ્રકાશિયો.' શ્રી જિનવીર ત્રિલોકનાથ પરમાત્મા સો ઈન્દ્રોના પૂજ્ય પ્રભુ એના મુખથી એવો ધર્મ પ્રગટ થયો. અકષાયભાવ. એ વ્રત વિકલ્પાદિ છે એ તો કષાયભાવ છે. એનાથી રહિત આત્માની શુદ્ધ પરિણતિ અકષાયભાવ તેને ભગવાને ધર્મ કહ્યો. સમજાણું કાંઈ? પહેલી સ્ફટિકની વાત છે હવે.

'**જેને સુવિશુદ્ધ સહજ સ્વપરિણતિ પ્રગટ થઈ હોય...**' કોની? સ્ફટિકની. '**એવા સ્ફટિકમણિની માફક— પર વડે આરોપાયેલો વિકાર જેને અટકી ગયો છે...**' જુઓ, મારામાં હું પરના લક્ષે જે વિકાર કરતો હતો તે વિકારનો મારામાં અભાવ થઈ ગયો છે. વિકાર મારામાં છે જ નહિ. આહા..હા..! વિકાર જે નિમિત્તથી થતો હતો એ આરોપ દેતા હતા કે મારો વિકાર છે. હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું. સમજાણું કાંઈ? જ્ઞાનપ્રકાશ, આનંદમૂર્તિ પ્રભુ હું છું. એવી દૃષ્ટિને કારણે મારામાં નિર્મળતા પ્રગટ થઈ છે. સમજાણું કાંઈ? વિકારનો આરોપ હતો તે છૂટી ગયો, વ્યય થઈ અને નિર્મળ પર્યાય પ્રગટ થઈ. ધ્રુવતા કાયમ રહી

ગઈ. 'उत्पादव्ययध्रौव्ययुक्तं सत्' જુઓ, સમજાણું કાંઈ? 'उत्पादव्ययध्रौव्ययुक्तं सत्' તત્ત્વાર્થસૂત્રમાં આ સૂત્ર છે. 'षट् द्रव्यलक्षणं हिं' જાસુદપુષ્પના સંગના અભાવે જેવી સ્ફટિકમણિની નિર્મળતા પ્રગટ થઈ છે, એમ મારામાં કર્મનો નાશ એમાં થયો. મારામાં મારી સ્વશુદ્ધ પરિણતિ પ્રગટ થઈ છે. સમજાણું કાંઈ?

'**એવો હોવાથી એકાંતે મુમુક્ષુ છું;...**' જુઓ લ્યો! હું એકાંત કેવળ મોક્ષાર્થી છું. આહા..હા..! જુઓ ધર્મી! હું રાગનો અર્થી નથી, હું નિમિત્તનો અર્થી નથી, હું તો મોક્ષનો જ અર્થી છું. આ મુમુક્ષુ. સમજાણું કાંઈ? ક્યાં ગયા દીપચંદજી? બેઠા છોને? બસ બેય ભેગા થઈ ગયા. જુઓ આ. એ પણ નગ્ન મુનિ થવાના હતા, આ પણ મુનિ થવાના હતા. બેય રહી ગયા. એ સોનગઢવાળા .. પણ મુનિપણું છે ક્યાં? સાંભળ તો ખરો. એય..! ચેતનજી! હજી સમ્યગ્દર્શન કોને કહેવું અને સમ્યગ્દર્શનનું ધ્યેય શું છે અને સમ્યગ્દર્શન પ્રગટ થાય તો શું શું થાય છે? અને થાય છે તો કોનો નાશ થાય છે? ખબર જ નથી. સમજાણું કાંઈ? વાત તો એવી છે, ભગવાન! આહા..હા..! શું કહે છે? જુઓ, '**એકાંત મુમુક્ષુ છું,...**' શું કહે છે? હું તો એકાંત... શુદ્ધતાનો જ મોક્ષનો જ કામી છું. હું તો પૂર્ણ મોક્ષાર્થી છું. હું પૂણ્યાર્થી, વ્યવહારાર્થી, વિકલ્પ અર્થી, નિમિત્ત અર્થી હું નથી. આહા..હા..! અરે! ગૃહસ્થાશ્રમમાં રાજમાં પડ્યો હોય, ચક્રવર્તી, છ ખંડનો ધણી ચક્રવર્તી કહે છેને. હું તો મુમુક્ષુ છું. આ રાગનો પણ અર્થી નથી, સ્ત્રીનો અર્થી નથી અને ભોગનો અર્થી નથી, લક્ષ્મીનો અર્થી નથી, પુણ્યનો અર્થી નહિ, પરનો અર્થી નહિ. હું એકાંત મોક્ષનો અર્થી છું. આહા..હા..! હોય, એના ઘરે રહ્યો. આત્મામાં શું છે? એમ કહે છે. સમજાણું કાંઈ? હું તો બિલકુલ પૂર્ણાનંદરૂપી મોક્ષનો અર્થી છું. સમજાણું કાંઈ? બહુ જ નાખ્યું છે. ઓહો..હો..!

'**એવો હોવાથી...**' કેવો હોવાથી? કે શુદ્ધ પરિણતિ મારી સમ્યગ્દર્શન-જ્ઞાન પરિણતિ પ્રગટ થઈ છે અને વિકારનો અભાવ થયો છે એ કારણે હું. અસ્તિ-નાસ્તિ કરી છે. '**એકાંતે...**' એકાંતે-એક આત્માના મોક્ષનો અર્થી છું. સમજાણું કાંઈ? સંસાર અવસ્થામાં પણ હું એકલો જ વિકાર કરનારો દુઃખી હું એકલો હતો. બરાબર છે? શું ઓલા તમારા છોકરાને કાંઈક થાતું હતું આપતા હતા કાંઈ? બાપુજી! મને .. સપના આવે છે માઠા બહુ. શું વહેંચે? આપે કાંઈ? એકલો દુઃખી થાય. બરાબર છેને. લ્યો આ ઊભા હતા બધા મોટા ત્યાં લાડા જેવા. આ સપના આવે છે સપના. મોટો મોટોને? સૌથી મોટો. એને પ્રેમ બહુ. થઈ ગયું, જાવ સરખું થઈ ગયું. કુદરતે પુણ્ય ઉદય આવ્યો ને ફરી ગયું. આહા..હા..!

શું કહે છે જુઓ, એવો હું મુમુક્ષુ. આહા..હા..! ધર્મી જીવ તો પુણ્યનો અર્થી નથી, વ્યવહારનો અર્થી નથી એમ કહે છે. એય..! હોય, વ્યવહાર હોય તો એ તો જાણવાલાયક છે અને પોતાની પર્યાયમાં એનાથી તો મુક્તદશા છે વ્યવહારથી તો. આહા..હા..! સમજાણું કાંઈ? એવું માણસને લાગે. વ્યવહારના અર્થીએ આમ ગળે પકડ્યું હોયને પુણ્યની ક્રિયાને.

એટલે અરરર! હાય..હાય.. અમારું તો બધું..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની પાસે છે નહિ તો શું કરે? હાય.. હાય.. અમારું આ બધું માન્યું હતુંને. તો શું ધૂળ માને છે? સાંભળ તો ખરો. અનાદિથી રાગની ક્રિયા કરે છે અને દુઃખમાં જાય છે. દુઃખ ભોગવે છે. એનાથી મુક્ત થઈને એની અહીં વાત છે. સમજાણું કાંઈ? એમ હોવાથી '**હમણાં પણ (-મુમુક્ષુદશામાં અર્થાત્ જ્ઞાનદશામાં પણ)...**' જુઓ, મુમુક્ષુદશામાં એટલે જ્ઞાનદશામાં. પહેલી અજ્ઞાનદશા હતી. ત્યારે પણ હું કર્તા, કર્મ અને કરણ અને ફળરૂપ હું જ હતો. દુઃખનો કર્તા, શુભાશુભનો કર્તા, શુભાશુભનું સાધન, શુભાશુભ કાર્ય અને શુભાશુભનું ફળ દુઃખ. એ ક્ષણે પણ હું હતો, અત્યારે પણ હું મારી જ્ઞાનદશામાં મોક્ષનો માર્ગ પ્રગટ કરું છું. જુઓ અહીં.

'**ખરેખર મારું કોઈ પણ નથી.**' આહા..હા..! વર્તમાન મુમુક્ષુમાં મારું કોઈ પણ નથી. શરીર મારું નથી, કર્મ મારું નથી, કુટુંબ મારું નથી, આ રાગ ઉત્પન્ન થાય એ મારો નથી. મારું હોય એ જુદું પડે નહિ, જુદું પડે એ મારું છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અમૃતચંદ્રાચાર્યે અમૃત રેડ્યા છે અમૃત. સમજાણું કાંઈ? એ આવે છેને ભાઈ! શ્રીમદ્‌માં આવે છે. 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત, સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્‌ગુરુ ભગવંત, રે ગુણવંતા જ્ઞાની અમૃત વરસ્યા રે પંચમ કાળમાં.' એ અમૃત વરસ્યા રે આ દુકાળમાં. એમ કહે છે. આહા..હા..! એમાં સુકાળ થયો એમ કહે છે. જુઓને એક એક લીટી કેટલી! આહા..હા..! વાચકને વાચ્ય શું શું છે? સમજાણું કાંઈ? એ કહે છે જુઓ, આ ક્રિયા કરે છેને, આ તપ કરે છેને, વ્રત કરે છેને. હવે તપ-વ્રત કેવા? છે તો અશુભરાગ હોં. અને એમાં તું ધર્મ માન તો મિથ્યાત્વ છે. વ્રત-તપ કેવા તારી પાસે મિથ્યાદૃષ્ટિમાં? એય..! પોપટભાઈ!

કહે છે '**ખરેખર મારું કોઈ પણ નથી.**' ઓહો..! મારું છે એ તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ મારું છે. ખરેખર મારી ચીજમાં કોઈ મારું નથી અને મારો સંબંધ પણ કાંઈ છે નહિ. જુઓ, શું કહે છે? મારો નથીનો અર્થ? વ્યવહાર પણ મારો નથી એમ કહે છે. નહિ, મારું છે જ નહિ. હું તો જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ, એની પરિણતિ શુદ્ધ, એની સિવાય મારી કોઈ ચીજ છે જ નહિ. આહા..હા..! જુઓ, ધર્મી ધર્મની પરિણતિવાળાનો ભણકાર. સમજાણું કાંઈ? '**હમણાં પણ હું એકલો જ કર્તા છું,...**' છે? હમણાં પણ હું, મારા સમ્યગ્દર્શન-જ્ઞાન શાંતિરૂપી વીતરાગી પર્યાયનો હું એકલો કર્તા છું. પહેલા અજ્ઞાનદશામાં વિકારનો, મિથ્યાત્વનો એકલો કર્તા હતો, અત્યારે પણ હું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે વીતરાગી દશા આત્માને અવલંબને થઈ તેનો એકલો કર્તા છું. રાગ મંદ થયો તો સમ્યગ્દર્શન થયું એવું મારામાં છે જ નહિ. હું એકલો કર્તા છું. નહિતર તો રાગ કર્તા થઈ જાય અને સમ્યગ્દર્શન કાર્ય થઈ જાય.

સમજાણું કાંઈ? કષાયની મંદતા અને રાગ કર્તા થઈ જાય, પરિણતિ કાર્ય થઈ જાય એમ છે નહિ.

જુઓ, '**હમણાં પણ હું એકલો જ કર્તા છું, કારણ કે હું એકલો જ સુવિશુદ્ધ ચૈતન્યરૂપ સ્વભાવ વડે સ્વતંત્ર છું...**' સ્વતંત્ર કર્તા સિદ્ધ કરે છે અહીં. '**હું એકલો જ સુવિશુદ્ધ ચૈતન્યરૂપ...**' ઓલામાં 'ઉપરક્ત ચૈતન્યરૂપ' આવ્યું હતું. ઉપરક્ત ચૈતન્યરૂપ સ્વભાવ, અહીંયા સુવિશુદ્ધ ચૈતન્યરૂપ સ્વભાવ. મલિન કાઢી નાખ્યું. સમજાણું કાંઈ? ખરેખર હું એકલો જ... સમજાણું? સુવિશુદ્ધ. એ સુવિશુદ્ધમાં સમ્યગ્દર્શન-જ્ઞાન વીતરાગી પર્યાય આવે છે તેને વિશુદ્ધ કહે છે. નિશ્ચય મોક્ષમાર્ગને સુવિશુદ્ધ કહે છે. વ્યવહાર મોક્ષમાર્ગ તો મેલ છે, વ્યવહાર મોક્ષમાર્ગ દુઃખ છે. અરેરે! મારામાં છે નહિ અને મારા સંબંધમાં એની સાથે કાંઈ નથી. જુઓ કેટલી વાત! સમજાણું કાંઈ? સ્વતંત્ર છું. મારું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્વિકારી પરિણામ કરવામાં હું સ્વતંત્ર છું. સમજાણું કાંઈ? '**(અર્થાત્ સ્વાધીનપણે કરું છું);...**' પરની અપેક્ષા રાખીને સમ્યગ્દર્શન-જ્ઞાન થયું છે એમ નથી. એવો સ્વતંત્રતાનો પોકાર સમ્યગ્દષ્ટિ પોતાના ધર્મનો કર્તા છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૪, મંગળવાર, તા. ૨૧.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૨૬, પ્રવચન-133**

આ શાસ્ત્રનું નામ પ્રવચનસાર છે. ભગવાન સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવને એક સમયમાં ત્રણ કાળ જાણવાનું જે સર્વજ્ઞ પદ મળ્યું, એમાં જે વાણી નીકળી ૐ ધ્વનિ દ્વારા, આ એનો સાર છે. એનું નામ પ્રવચનસાર. સમજાણું કાંઈ? પ્ર-વિશેષે, વચન-પ્રધાન દિવ્યધ્વનિ ભગવાનની ઉઠી, દિવ્યધ્વનિનો સાર એમાં છે, એ માટે એનું નામ પ્રવચનસાર કહે છે. એ જ્ઞેયતત્ત્વ અધિકાર છે. બીજો પેરેગ્રાફ જુઓ. છે? '**હવે વળી,...**' શું કહે છે? ધર્મી જ્યારે થાય છે આત્મા ત્યારે તેનો વિચાર છે એ વાત ચાલે છે કે આત્મા શરીર કર્મ જે જડ છે એનાથી તો ભિન્ન છે, પણ અંદર પુણ્ય, પાપનો, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ અને કામ, ક્રોધ, માન, માયા, લોભ વિકલ્પ આદિ થાય છે એનાથી પણ આત્મા ભિન્ન છે. કર્મ અને શરીર એ અજીવતત્ત્વ છે અને દયા, દાન, વ્રત પરિણામ તે આસ્રવતત્ત્વ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગ એ બધું પાપ આસ્રવ તત્ત્વ છે અને દયા, દાન, વ્રત, ભક્તિ,

પૂજાનો વિકલ્પ એ પુણ્ય આસ્રવતત્ત્વ છે. એનાથી આત્મા ભિન્ન છે. એવું અંતરમાં જ્ઞાનાનંદ સ્વરૂપની દૃષ્ટિ કરીને અનુભવમાં આત્માનો આનંદ આવે છે ત્યારે આ આત્મા પૂર્ણાનંદ છે એવી પ્રતીતિ થાય છે તેનું નામ સમ્યગ્દર્શનરૂપી ધર્મ કહેવામાં આવે છે. એવી વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા સત્ શાશ્વત. વસ્તુ શાશ્વત છેને? આદિ-અંત છે? છે એ છે. તો એમાં જ્ઞાન અને આનંદ આદિ અનંતગુણ પણ એવા ઠસોઠસ ભર્યા છે. ૪૭ શક્તિ આવે છેને. એવી અનંત શક્તિઓ ગુણરૂપ અનાદિ-અનંત અવિનાશી શક્તિઓ પડી છે આત્મામાં. એવી આનંદ આદિની શક્તિમાં અંતર રાગથી, વિકલ્પથી ભિન્ન થઈને અંતર દૃષ્ટિ કરવી અને આત્માના અનુભવમાં અનુસરવું, વીતરાગી શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન અને વીતરાગી રમણતાનો ભાવ એનું નામ ભગવાન ધર્મ કહે છે. એ ધર્મ થયા પછી શું વિચાર કરે છે એ વાત ચાલે છે. ધર્મી શું વિચારે છે? એ પહેલા આવી ગયું છે.

હું પહેલા પણ નિગોદથી લઈને એકેન્દ્રિય, પંચેન્દ્રિય આદિમાં હતો ત્યારે હું જ વિકારનો કર્તા થઈને મેં વિકારનું કાર્ય કર્યું, વિકારનું સાધન થયો અને વિકારના દુઃખનું ફળ મેં જ ભોગવ્યું. સમજાણું કાંઈ? એ વાત પહેલા ચાલી ગઈ આપણે. આ એનાથી ભિન્ન વાત ચાલે છે. એમ ચાલ્યું કે હું ધર્મ સમજતા હું આનંદ છું, હું તો જ્ઞાનાનંદ જ્ઞાનની જ્યોત સૂર્ય ચિદાનંદ છું. મને અને પુણ્ય-પાપના વિકલ્પને કદી સ્પર્શ થયો નથી. કેમકે પુણ્ય-પાપ વિકલ્પ છે એ જ્ઞાનસ્વભાવથી ભિન્ન છે અને જ્ઞાનસ્વભાવથી રીતા-ખાલી છે. સમજાણું કાંઈ? અને હું જ્ઞાન અને આનંદથી ભરેલો છું. અનાદિકાળમાં હું કોઈ દિ' રાગરૂપ થયો જ નથી અને રાગ મારારૂપ કદી થયો નથી. સમજાણું કાંઈ? હું અનંતકાળમાં શરીરરૂપ પણ થયો નથી અને શરીર મારારૂપે થયું નથી. એમ ધર્મી અંતરદૃષ્ટિ કરે છે. અને રાગ મારારૂપે રહ્યો નહિ અને હું રાગરૂપ રહ્યો નહિ. છતાં પોતાના ભાન વિના હું અનાદિકાળથી પુણ્ય-પાપના વિકલ્પનું કાર્ય કરતો હતો એ મારી અજ્ઞાનદશા હતી. એ વિકારનો કર્તા હું જ હતો. કોઈ કર્મથી વિકાર થયો છે, બીજી ચીજ છે તો અમને વિકાર કરાવે છે—એમ નથી. એમ ધર્મી પૂર્વનો વિચાર કરે છે. સમજાણું કાંઈ? એ વાત ચાલી કે નહિ? શેઠી!

અને વિકારનું પરિણામ દુઃખરૂપ. શુભ-અશુભભાવ. શુભ કે અશુભ બેય દુઃખરૂપ છે. મેં અનાદિકાળથી દુઃખનો અનુભવ કર્યો. આત્માનું ભાન થયો એ વિચાર કરે છે. ઓહો..! મેં એકેન્દ્રિયથી લઈને નવમી ગ્રૈવેયક સુધી સ્વર્ગના અનંતભવ કર્યા તો શુભ-અશુભ ભાવ પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ કર્યા અને એ દુઃખરૂપ થયો. કેમકે એ રાગ છે. મેં તો અનાદિકાળથી દુઃખ ભોગવ્યું એ મારો રાગ અને વિકારનું ફળ દુઃખ હતું. એ દુઃખનો અનુભવ થયો. એ દુઃખના અનુભવમાં કોઈની અપેક્ષા નથી. હું એકલો દુઃખનો અનુભવ કરતો હતો. શોભાલાલજી! આહા..હા..! મારું સ્વરૂપ અતીન્દ્રિય આનંદમય હોવા

છતાં પણ મારી મને ખબર નહોતી તો મેં એ શુભ-અશુભભાવ અને પરચીજ મારી અને હું એનો એવી માન્યતામાં હું દુઃખી થઈ રહ્યો હતો. એ દુઃખનું ફળ મેં ભોગવ્યું છે. કોઈ બીજાને કારણે દુઃખ ભોગવ્યું છે એમ નથી અને મારું દુઃખનું ફળ કોઈ બીજું ભોગવે એમ પણ નથી. ગોદિકાજી!

હવે. હવે હું ધર્મી થયો છું એમ કહે છે. ધર્મ થયો જુઓ. જ્યાં સુધી ધર્મ નહોતો ત્યાં સુધી અધર્મનું પણ ભાન નહોતું. આહા..હા..! ભગવાન આત્મા શાશ્વત જ્ઞાન, આનંદની શક્તિનો પૂંજ પ્રભુ આત્મા. મારી મને ખબર નહોતી અને મારું સ્વરૂપ પરરૂપ તો થયું નહોતું, છતાં હું પરરૂપ થયો એવી મારી માન્યતા હતી. એ માન્યતાનો કર્તા પણ હું હતો અને એ માન્યતાનું કરણ નામ સાધન પણ હું હતો અને એ માન્યતાનું કાર્ય પણ મેં કર્યું હતું અને એ માન્યતાનું દુઃખરૂપ ફળ પણ મેં ભોગવ્યું હતું. સમજાણું કાંઈ? ભારે ઝીણી વાત, ભાઈ! આહા..હા..!

હવે વિચાર કરે છે કે હું તો હજી ધર્મી થયો છું. કેવો ધર્મી થયો? જુઓ, **'હવે વળી, અનાદિસિદ્ધ પૌદ્ગલિક કર્મના બંધનરૂપ ઉપાધિની નિકટતાના નાશથી...'** જે કર્મ નજીક હતા એ મારી અનુભવદૃષ્ટિ મને થઈ તો કર્મનો પણ નાશ એને કારણે થયો. હું તો આત્મા છું. કેવો? જુઓ, **'જેને સુવિશુદ્ધ સહજ (-સ્વાભાવિક) સ્વપરિણતિ પ્રગટ થઈ છે...'** ધર્મી વિચાર કરે છે. શું કહે છે? અરે! હું ભગવાન આત્મા ચિદાનંદ, સહજાનંદ મૂર્તિ સિદ્ધસમાન જેવું ભગવાન સર્વજ્ઞે દીઠું અને જેવું એણે પ્રગટ કર્યું એવો જ હું છું. એવો મને અનુભવ થતાં **'સુવિશુદ્ધ સહજ...'** મારામાં નિર્મળ સુવિશુદ્ધ સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિ અને આનંદ પોતાની પર્યાયમાં સ્વપરિણતિ પ્રગટ થઈ છે. મારી દશામાં શુદ્ધ દશા પ્રગટ થઈ છે એ મારી ધર્મદશા છે. ઝીણી વાત છે, ભાઈ! અનંતકાળથી એણે પોતાની ચીજ શું છે એની ખબર લીધી નથી અને એનાથી બહાર. ભગવાન અંદર, શોધે બહાર. એ દૃષ્ટાંત આપ્યું હતુંને? એક બાઈનું નહિ? એક ડોશી હતી. એની સોઈ ખોવાણી. સોઈ સમજો છોને? એ સુઈ. તો અંધારામાં ખોવાઈ ગઈ. તો અંધારમાં જડી નહિ. ખોવાણી હતી ત્યાં. બહાર અજવાળું હતું અજવાળું. શું બહેન! શું ગોતો છો? કહે, સોઈ. ખોવાણી ક્યાં છે? કે અંધારામાં. પણ ત્યાં દેખાતી નથી એટલે અહીં શોધું છું. પણ ત્યાં દેખાતી નથી અને અહીં શોધે તો ક્યાંથી મળે? ભોગીલાલભાઈ! પડી ગઈ અંધારમાં સોઈ. પણ ત્યાં દેખાતી નથી. તો ક્યાં શોધે? અજવાળામાં. પણ છે નહિ ને ક્યાં શોધે? શોભાલાલજી! સોઈ હોય છેને સીવવાની.

એમ આત્મા પુણ્ય-પાપના વિકારની માન્યતામાં ખોવાઈ ગયો છે અને ત્યાંને ત્યાં શોધે છે પાછો. સમજાણું કાંઈ? પુણ્ય-પાપનો વિકલ્પ જે છે શુભાશુભભાવ તે અંધારું છે. એમાં આત્મા ખોવાઈ ગયો. એની દૃષ્ટિ કરીને પોતાના આત્માનું ભાન ન રહ્યું. અને ત્યાં ને ત્યાં

શોધે છે. એમાંથી કાંઈ નીકળશે? શુભભાવમાંથી આત્મા નીકળશે? ..માંથી નીકળશે? એમ દયા, દાન, શુભભાવ ઘણા કરું છું તો નીકળશે. ત્યાં ક્યાં છે તે નીકળે? આત્મા ત્યાં છે જ નહિ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા તો શુભ-અશુભ પરિણામ વિકલ્પથી ભિન્ન મારી ચીજનો મને પત્તો લાગ્યો તો શું થયું મારામાં? '**સુવિશુદ્ધ સહજ સ્વપરિણતિ પ્રગટ થઈ છે...**' ભાષા છે. બીજી લીટી છે. છે ભાઈ? લાલુભાઈ! બીજી લીટી. એ બીજી લીટીમાં સર્વસ્વ ભરી દીધું છે.

ધર્મી એમ વિચારે છે કે મારામાં. જુઓ બીજી લીટી છે ત્યાં. '**જેને સુવિશુદ્ધ સહજ (-સ્વાભાવિક) સ્વપરિણતિ પ્રગટ થઈ છે એવો હું—**' એવો હું. આહા..હા..! બરાબર દેખાડ્યું છેને? સમજાણું કાંઈ? આહા..હા..! મેં મારી શોધ કરી, મારામાં મેં શોધ કરી. પરરૂપ તો હું કદી થયો નથી. અને મારા સ્વરૂપમાં પરરૂપ કદી આવ્યું નથી. જે પુણ્ય-પાપ, શુભ-અશુભભાવ છે તે આસ્રવતત્ત્વ છે તે મારા જ્ઞાયકતત્ત્વમાં તો આવ્યા નથી. અને મારું જ્ઞાયક ચિદાનંદ તત્ત્વ ધ્રુવ અખંડાનંદ પ્રભુ છે એ આસ્રવરૂપ કદી થયો જ નથી. એવી દૃષ્ટિ મને થઈ તો હું '**સુવિશુદ્ધ સહજ (-સ્વાભાવિક) સ્વપરિણતિ...**' નિર્મળ વીતરાગીદશા, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે શુદ્ધ ત્રિકાળી સ્વભાવને આશ્રયે મારી પરિણતિ પ્રગટ થઈ. પહેલા પરિણતિ શુદ્ધ નહોતી, પહેલા અશુદ્ધ અવસ્થા હતી, પુણ્ય-પાપની મલિન અવસ્થા હતી. એને છોડીને મારા સ્વભાવનો આશ્રય લઈને મારામાં '**સુવિશુદ્ધ સહજ (-સ્વાભાવિક) સ્વપરિણતિ...**' નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન આનંદદશા સ્વપરિણતિ-પોતાની પર્યાય પોતામાં પ્રગટ થઈ છે. તેનું નામ ધર્મ કહે છે. આહા..હા..! આ તો સાદી ભાષા છે. કાંઈ એમાં અઘરું નથી. આહા..હા..!

ઓલા કહે, ભાષા બહુ સરળ છે. હિન્દી પણ તમારી બહુ સરળ છે. અમારા જેવી હિન્દી નથી. અમને તો તમારા જેવું હિન્દી આવડતું નથી. અમને થોડું-થોડું એવું બોલી લઈએ. નહિતર અમે તો કાઠિયાવાડી છીએ. એટલે હિન્દીમાં એમ કે તમારી ભાષા બહુ સરળ છે. અહીં .. ખરાને. સમજાણું કાંઈ? ભાઈ! આમાં કાંઈ ભણતર કે બહુ મોટા પંડિત હોય તો સમજાય એવી કોઈ ચીજ નથી આ. આ તો અંતરની રુચિ જેને હોય તે સમજી શકે છે. આઠ વર્ષનું બાળક પણ કેવળજ્ઞાન લઈ શકે છે. ભગવાન તો એમ કહે છે. આઠ વર્ષનું બાળક કેવળજ્ઞાન લઈને મોક્ષે જાય છે. આત્મામાં ભરેલું પડ્યું છેને. શું બહારથી લાવવું છે? સમજાણું કાંઈ? ન સમજે તો નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો દિગંબર જૈન સાધુ થઈને. પણ પોતાનું સ્વરૂપ શું છે એનું ભાન કર્યું નથી. તો હું જ પોતાની ભૂલથી, મિથ્યાત્વભાવથી ચોર્યાસીમાં દુઃખી થઈને રખડ્યો. જુઓ, એમ કહે છે. નવમી ગ્રૈવેયક ગયો ત્યાં હું દુઃખી હતો એમ કહે છે. આ તમારા પૈસાવાળા તો દુઃખી છે જ. એ તો દુઃખી છે જ. પોપટભાઈ! પણ એ પૈસાને લઈને નહિ ભાઈ! એ મારા એવી મમતાને લઈને. આહા..હા..! એ મમતા દુઃખ

છે. એ ચીજ નહિ. એ ચીજમાં દુઃખ નથી, આમાં દુઃખ નથી. પોતાની પર્યાયમાં, એ ચીજ મારી નથી (છતાં) પોતાની માને છે તો અસત્ય માન્યતાનું તેને દુઃખ છે. આહા..હા..! ગોદિકાજી! એને કહ્યું હતું હોં, હમણા જ કહ્યું હતું મેં. એને કહ્યું કે ભાઈ! સોળ લાખ તમે ખર્ચ્યા તો કોઈ ધર્મ થશે એમ અમે તમને નથી કહેતા હોં. સાંભળો. ..ભાઈ! સોળ લાખ બે દિવસમાં હોં! પાંચ લાખ તો ખર્ચ્યા. ધર્મ નથી હોં. સોળ લાખ તમારા નહોતા, એ તો જડના હતા. એય..! ગોદિકાજી! એમાં જો રાગની મંદતા કરી હોય તો શુભભાવ છે, પુણ્યભાવ છે. ધર્મ કિંચિત્ નથી.

મુમુક્ષુ :- કિંચિત્ નથી?

ઉત્તર :- જરીએ નહિ. એ તો એમ કહે છે જુઓ. કેમ ગોદિકાજી! સંભળાવ્યું હતું એને. અહીંયા, તમે પૈસાવાળા હો, બહુ પૈસા ખર્ચે માટે ધર્મી થઈ જાય, એવું માખણ-બાખણ અહીં નથી.

મુમુક્ષુ :- એમ કહેશો તો કોઈ વાપરશે નહિ.

ઉત્તર :- કોણ વાપરતું હતું? એ તો રાગની મંદતા થઈ અને જેને આત્મા રાગથી ભિન્ન અને પૈસા, અજીવથી ભિન્ન એવી દૃષ્ટિ હોય તેને તૃષ્ણા ઘટ્યા વિના રહે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! મારા પૈસા તો ક્યાં, શરીર ક્યાં, વાણી ક્યાં? એ તો મારા છે જ નહિ. પણ રાગાદિની તીવ્રતા, મંદતા ઉત્પન્ન થાય છે તે મારામાં નથી. હું તો એનાથી ભિન્ન છું. એવી દૃષ્ટિ કરનારને તૃષ્ણા ઘટ્યા વિના રહે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભાઈ! એને ખબર નથી. પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞદેવ ઇન્દ્રોની ઉપસ્થિતિમાં, ગણધરોની હાજરીમાં, ધ્વનિ વડે એ વાત આવી છે. લોકોને ખબર નથી. સંપ્રદાયમાં જન્મ્યા છતાં ખબર નથી. માટે શું ચીજ બદલાઈ જાય છે? બીજારૂપ થઈ જાય છે?

અહીંયા કહે છે જુઓ, હું. છે? હું. સ્વપરિણતિ પ્રગટ થઈ એવો હું છું. ઓહો..! મારો ચિદાનંદ ભગવાન મારી પાસે જ હતો. મેં દૂર દૂર ગોતતો હતો. પોતાને છોડીને બહારમાં ગોતતો ફરતો હતો. ઓહો..હો..! મૃગની ડુંટીમાં કસ્તુરી ગંધાતી હતી પણ જાણે બહારથી આવતી હોય એમ ગોતે છે. ત્યાં કસ્તુરી નથી. સમજાણું કાંઈ? તમારા ..ભાઈ વ્યાખ્યાન સાંભળવા આવ્યા હતા હોં ત્યાં. એ કહે, ભારે ભાઈ વ્યાખ્યાન! આ તો સાંભળવા જેવું છે. કીધું, ઠીક બાપા એને કહી તો ગયા ... ત્રણવાર આવ્યા હતા. વ્યાખ્યાનમાં, ..માં, મહોત્સવમાં અને .. અને રથયાત્રામાં ચાર વાર. કહે વાત તો.. આહા..હા..! ભાઈ! તમે સમજો તો ખરા. પૈસાવાળા અને આ બધા ધૂળવાળા માટે મોટા થઈ ગયા. કોણ કહે છે તમને મોટા? અહીં તો ભગવાન મોટા એને કહે છે. જુઓ આ મોટાની વાત ચાલે છે. હું શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ એવી દૃષ્ટિ કરીને મારા સુવિશુદ્ધ, સુ નામ ભલી શુદ્ધતા, એવી સ્વપરિણતિ નિર્મળ નિર્વિકારી આનંદની દશા મને પ્રગટ થઈ એવો હું છું. ભગવાનજીભાઈ!

ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ઠીક પણ ભગવાનજીભાઈને યાદ કર્યા.

ઉત્તર :- આ બધા પૈસાવાળા કહે છેને માણસો.

મુમુક્ષુ :- આની સાથે મેળ નથી.

ઉત્તર :- મેળ નથી. બધા ધૂળવાળા, પૈસાવાળા ત્યાં. કોઈ પાસે ૪૦ લાખ, ૫૦ લાખ અને ૬૦ લાખ સાંભળીએ છીએ આ બધા પાસે. ધૂળમાંય નથી. પૈસો કે દિ' તારો (હતો)? અજીવવાળો આત્માને માનવો એ મૂઢ છે એમ કહે છે. અજીવવાળો માનવો એ તો ઠીક, પણ પુણ્ય-પાપનો વિકલ્પ જે રાગ છે એ રાગવાળો આત્મા માનવો એ મૂઢ છે. કેમકે રાગ વિકાર છે અને આત્મા ભિન્ન છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે **'એવો હું—જાસુદપુષ્પની નિકટતાના નાશથી જેને સુવિશુદ્ધ સહજ સ્વપરિણતિ પ્રગટ થઈ હોય એવા સ્ફટિકમણિ...'** સ્ફટિકમણિનું દૃષ્ટાંત આપ્યું. સ્ફટિકમણિ હોય છેને સ્ફટિકમણિ? તો એની પાસે કાળા, રાતા ફૂલ પડ્યા હોય તો રાતી, કાળી ઝાંય પડે છે. પણ ફૂલ નીકળી જાય તો કાળી, રાતી ઝાંય રહેતી નથી. સમજાણું કાંઈ? કાલે કહ્યું હતું ગુજરાતી ભાષામાં નહિ? યશોવિજયનું. 'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ રે, શ્રી જિનવીરે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ રે.' પુણ્ય-પાપનો વિકલ્પ છે એ રાગ-કષાય છે. એનો અભાવ અને આત્માની શાંતિની ભાવ દશા એનું નામ ભગવાન ધર્મ કહે છે. આહા..હા..! એવી દશા અમને પ્રગટ હો. એમ ધર્મી કહે છે. ધર્મીને ખબર પડે છે એમ કહે છે. ભગવાનને પૂછવા જાવું કે હે મહારાજ! હું ધર્મ પામ્યો કે નહિ? એમ નથી. જુઓ, **'સ્વપરિણતિ પ્રગટ થઈ હોય...'** છે? **'એવા સ્ફટિકમણિની માફક—પર વડે આરોપાયેલો વિકાર જેને અટકી ગયો છે...'** સ્ફટિકમણિમાં જેમ કાળા, રાતા ફૂલની ઝાંયની દેખાતી હતી એ કાળા, રાતા ફૂલનો અભાવ થયો અને પોતામાં કાળા, રાતાનો આરોપ જે હતો, સ્ફટિક તો સફેદ હતો, કાળી, રાતી ઝાંયનો આરોપ હતો એ મારામાંથી નીકળી ગયો. કાળા, રાતા એટલે શું? કર્મનો નાશ થયો, મારો પુરુષાર્થ થયો તો કર્મનો નાશ થયો. તો મારી પર્યાયમાં લાલ નામ શુભભાવ અને કાળા નામ અશુભભાવ—એ વિકારનો આરોપ મેં કર્યો હતો તે છૂટી ગયો. એ મારું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

જુઓ, **'આરોપાયેલો વિકાર જેને અટકી ગયો છે...'** ઓહો..હો..! ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદસ્વરૂપ, એની દૃષ્ટિ કરતાં પુણ્ય-પાપના જે કાળા, રાતા ફૂલની ઝાંય જે સ્ફટિકમાં દેખાતી હતી, તે ફૂલ દૂર થઈ ગયું તો પોતામાં ઝાંય પણ દૂર થઈ ગઈ. એમ આત્મા હું મારા શુદ્ધ સ્વરૂપની સમીપમાં આવ્યો અને કર્મનું સમીપપણું, લક્ષ છૂટી ગયું તો કર્મ પણ નાશ થયો, તે પ્રકારના દર્શનમોહ આદિ. અને એ પ્રકારના જે વિકાર પુણ્ય-પાપના લાલ અને કાળો રંગ જેવો હતો એ મારો હતો એવો જે આરોપ હતો તે છૂટી ગયો. પંડિતજી!

આહા..હા..! કહો, ગોદિકાજી! લ્યો! આમ ધર્મ થાય છે. મંદિર બનાવી દીધું, પૈસા ખર્ચી નાખ્યા માટે ધર્મી થઈ ગયો. શું કરે એને? પત્થરનું આમ લગાવી દે. શું કહેવાય? તકતી-તકતી. બહુ તકતી, કેવી પત્થરની કરી? કેવું નામ આવ્યું છે? બરાબર આવ્યું છેને? ત્રણ પેઢીના આવ્યા છેને? ચાર પેઢીના આવ્યા છેને? ફલાણા-ફલાણાના હસ્તે, ફલાણા-ફલાણા સ્મરણ માટે, ફલાણા-ફલાણાએ દીધા. એટલે આઠ-આઠ નામ નાખે એમાં. શું કરવું છે તારે? કેટલું માન લેવું છે? તારું પુણ્ય તો ક્યાંય ગયું, પાપદૃષ્ટિ થઈ. બહારમાં પ્રસિદ્ધ થવાનો ભાવ થયો તને. સમજાણું કાંઈ? દાખલારૂપ થવા માટે કરે છે એ? બીજો એમાંથી દાખલો લે એ બીજું. પણ એનો ભાવ તો એ કે બીજા કરતાં પ્રસિદ્ધિમાં આવું. બીજાએ બે લાખ ખર્ચ્યા તો હું પાંચ લાખ ખર્ચું છું. બીજાએ થોડું ઝેર પીધું છે તો હું વધારે ઝેર પીઉં. એવી મમતા કરે છે. પોપટભાઈ! ભાઈ! અહીં તો એવી વાત છે.

જુઓ, અહીં કહે છે. **'આરોપાયેલો વિકાર જેને અટકી ગયો છે...'** એ પુણ્ય-પાપનો વિકલ્પ મારામાં હતો એમ માન્યું હતું, એ મારી દૃષ્ટિ શુદ્ધ થઈ, એ વિકાર દૂર થઈ ગયો. એ વિકાર મારામાં નથી. શું કહ્યું સમજાણું કાંઈ? ધર્મીને થોડો જે શુભ વિકલ્પ આદિ થાય છે દયા, દાનનો. તો ધર્મી કહે છે કે એનો ભાવ તો મારામાં છે જ નહિ. હું તો એને જાણનાર-દેખનાર છું. એ ભાવ તો મારામાં રોકાઈ ગયો છે. મારામાં છે નહિ. ભાઈ! આહા..હા..! કેવી વાત નાખી છે!

ભગવાન આત્મા ચૈતન્યજ્યોત એવી જ્યાં અંતર દૃષ્ટિ થઈ, તો કહે છે કે એ વિકારના પરિણામ મારા હતા એવો જે મિથ્યાદૃષ્ટિપણે આરોપ કરતો હતો, એ સમ્યગ્દર્શન થતાં આરોપ છૂટી ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનાનંદ પ્રભુ શુદ્ધ સ્વભાવી આત્મા અવી અંતરમાં પ્રતીત-અનુભવ થયો, તો કહે છે કે હું સ્ફટિકમણિમાંથી જેમ કાળા, રાતા ફૂલની ઝાંય જેમ નીકળી ગઈ, એ સ્ફટિકમાં છે જ નહિ, એમ મારો સ્ફટિક ચૈતન્યમૂર્તિ, મારો ચૈતન્યમૂર્તિ સ્ફટિક, એવો હું પુણ્ય-પાપનો રાગ-રંગનો આરોપ હું મારા મિથ્યાત્વભાવમાં કરતો હતો, મારા સ્વભાવની દૃષ્ટિ મને થઈ, ધર્મીને સમ્યગ્દર્શન થયું તો એ આરોપ મારામાંથી નીકળી ગયો. તે ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આટલો ફેર. આટલો ફેર છે. અજ્ઞાનભાવમાં હું જ. અનાદિ અજ્ઞાનભાવમાં હું જ. હું જ કર્તા થઈને. વિકારી પરિણામનો મારામાં આરોપ કરતો હતો. સ્વરૂપમાં નહોતો, શુદ્ધતામાં નહોતો. આ મારું છે એમ હું આરોપ કરતો હતો. એ મિથ્યાત્વભાવ હતો. બીજા તત્ત્વને હું બીજા તત્ત્વમાં મેળવતો હતો એ જ મિથ્યાત્વભાવ હતો. વીતરાગ માર્ગ ભાઈ! અલૌકિક માર્ગ છે. આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલો માર્ગ છે. આ કોઈ કલ્પિત કહ્યો એવી વાત નથી.

તો કહે છે કે કેટલી ભાષા ભાઈ કહી! વિકાર રોકાઈ ગયો એમ કહ્યું. સમ્યગ્દર્શન થયું, આત્માનો અનુભવ થયો તો વિકાર મારામાં છે એવો આરોપ મટી ગયો. એ વ્યવહાર મારામાં

છે એમ રોકાઈ ગયું એમ કહે છે. કષાયની મંદતાનો ભાવ સમકિત દષ્ટિને હોય છે, પણ એ મારામાં છે એ દષ્ટિ છૂટી ગઈ. મારામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા આનંદકંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનો રસ, એવી પોતામાં શુદ્ધતાની દષ્ટિની શુદ્ધ અવસ્થા થઈ, તો હું પુણ્ય-પાપનો વિકલ્પ જે આરોપ કરતો હતો એ છૂટી ગયો. એ મારું નથી. જાણું છું. જેમ છે એમ જાણું છું. જેવું જગત જડ છે એવું હું જાણું. પણ મારું છે એવું રહ્યું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એવું નિજ સ્વભાવમાં એમ છે જ. હું કદી થયો જ નથી. માન્યું હતું મેં. એ માન્યતામાં મને સ્વભાવની દષ્ટિ થઈ એ તો જ્ઞાનમૂર્તિ ભગવાન આત્મા છે. જ્ઞાનાનંદ ભગવાન છે. તો પુણ્ય-પાપનો આરોપ હું મારામાં કરતો હતો. મારા સમ્યગ્દર્શનથી એ છૂટી ગયું. મારામાં નથી. આહા..હા..! તો શરીરની ક્રિયા હું કરું છું અને વાણી હું બોલું છું એવું તો એમાં રહેતું નથી. સમજાણું કાંઈ? ભોગીદાસભાઈ! ઓહો..હો..!

'**એવો હોવાથી એકાંતે મુમુક્ષુ છું;...**' જુઓ, હું તો એકાંત મુમુક્ષુ છું. સમ્યગ્દષ્ટિ, ધર્મી એમ પોતાને માને છે. હું તો એકલો મોક્ષનો અર્થી છું. એકાંત નામ કોઈ રાગનો પક્ષ છે, પુણ્યનો પક્ષ મારામાં છે એમ મારામાં નથી. હું તો એકાંત શુદ્ધતાનો આદર કરનારો છું અને પૂર્ણ શુદ્ધતાનો હું અભિલાષી છું. બસ. એક પક્ષ મારી શુદ્ધતાનો હું અભિલાષી છું એમ કહે છે. સમકિતી પોતાની ધર્મની પરિણતિ જોઈને રાગનો પણ કામી નથી. એ તો રોકાઈ ગયો એમ કહે છે. મારી શુદ્ધતા ચાલે છે એ પૂર્ણ થશે જ. બીજ ઉગી તો પૂનમ થશે જ. બીજ ઉગે તો પૂનમ થશે જ. મારી દષ્ટિ રાગ અને પુણ્યથી ભિન્ન થઈને મારું સમ્યગ્દર્શનરૂપી બોધબીજ પ્રગટ થયું છે. બોધબીજ કહે છેને? આહા..હા..! અરે ભગવાન! ત્રિલોકનાથ પરમાત્માનું શું કથન છે એ સાંભળવામાં ન આવે. તો એ સમજે ક્યારે? વિચારે ક્યારે? અને રુચિ કરીને પરિણમન ક્યારે કરે? એમ ને એમ બહારમાં ગોતતા ગોતતા અનંતકાળ ગયો, કોઈ મળ્યું નથી. એમ કહે છે કે અરે! હું તો એકાંત. કેવળ મોક્ષાર્થી. કેવળ મોક્ષ. એકલો શુદ્ધ પૂર્ણ છું એ જ મારું પ્રયોજન છે. બિલકુલ રાગાદિનું પ્રયોજન, વ્યવહારનું પ્રયોજન મને છે નહિ. નિમિત્ત મેળવવું એ મારામાં છે નહિ એમ કહે છે. આહા..હા..!

'**હમણાં પણ (-મુમુક્ષુદશામાં અર્થાત્ જ્ઞાનદશામાં પણ) ખરેખર મારું કોઈ પણ નથી.**' છે? હું તો જ્ઞાનાનંદ ચિદાનંદ જ્ઞાતા-દષ્ટા એમાં હમણાં કોઈ મારું નથી. રાગ મારો નથી, શરીર મારું નથી, કર્મ મારા નથી તો સ્ત્રી-કુટુંબ મારે એ તો છે નહિ. ઓહો..હો..! આ મારા... આ મારા... આ મારા... કેટલા મારા .. હશે ત્યાં? દીકરો મારો, બાયડી મારી, છોકરા મારા, પૈસા મારા, આ મારા... આ મારા... આ મારા... મારા-મારા કેટલા મારા કર્યા તેં? ભોગીલાલભાઈ! કેટલા મારા તેં ગ્રહણ કર્યા છે? વિકલ્પ મારા, દયા મારી, વકીલ

મારા, આ મારા, આ મારા. કેટલા મારા? જ્ઞાનાનંદ એ તારો નહિ? અને આ તારો? કહે છે કે હું એકલો જ. **'ખરેખર મારું કોઈ પણ નથી.'** સમ્યક્ ભાન થતાં જ્ઞાનાનંદમૂર્તિ પ્રભુ આત્મા, અનાદિ-અનંત એવો જ રહ્યો છે. કદી અજીવ થયો નથી અને અજીવ આત્મામાં કદી થયો નથી. અજ્ઞાન જ્ઞાનપણે થયો નથી. રાગાદિ અજ્ઞાનભાવ છે. અજ્ઞાન નામ એમાં જ્ઞાન નથી. પુણ્ય-પાપના ભાવમાં જ્ઞાન-ચૈતન્યનો અંશ નથી. તે અજ્ઞાન પોતામાં કદી થયું નથી અને હું કદી અજ્ઞાનરૂપ થયો જ નથી. સમજાણું કાંઈ? મારું કોઈ પણ નથી. ઓહો..હો..!

હું તો જ્ઞાનાનંદ શુદ્ધ દ્રવ્યસ્વભાવ પરમાનંદની મૂર્તિ વીતરાગપિંડ પ્રભુ આત્મા છે. એનો વિકલ્પ આદિ મારું કાંઈ છે જ નહિ. આહા..હા..! જુઓ, આ સમ્યગ્દૃષ્ટિનું લક્ષણ. આ ચોથા ગુણસ્થાનના હોં! આ સમ્યગ્દૃષ્ટિ. ચોથાની વાત. પછી પાંચમાની વાત તો બીજી રહી. આહા..હા..! શ્રાવક તો કોઈ બીજી દશા છે. સમ્યગ્દર્શન પછી પણ સ્વરૂપની શાંતિ ઘણી વધી જાય છે, આનંદની વૃદ્ધિ થઈ જાય છે, ત્યારે પાંચમા ગુણસ્થાનનો શ્રાવક કહેવામાં આવે છે. આહા..હા..! મુનિની તો વાત શું કરવી? મુનિ તો અંતર આનંદની લહેરમાં ઝૂલતા હોય, અતીન્દ્રિય આનંદના મોજા અંદરમાંથી ઉઠતા હોય. જેમ દરિયામાં-સમુદ્રમાં તરંગ ઉઠે છે એમ આત્મા આનંદમાં એટલો ડૂબી ગયો છે. .. અંતર આનંદ... આનંદ... આનંદ... અતીન્દ્રિય આનંદનો ઉગ્ર સ્વાદ આવી ગયો. તો મારો વિકલ્પ પણ નથી. પંચ મહાવ્રતનો વિકલ્પ પણ મારો નથી એમ કહે છે. આહા..હા..! કહો, શાંતિભાઈ! આહા..હા..!

**'હમણાં પણ હું એકલો જ કર્તા છું,...'** જુઓ, હમણાં પણ હું એકલો જ કર્તા છું. કોને? ધર્મને. મારી સમ્યગ્દર્શનદશા, મારું સમ્યગ્જ્ઞાન અને મારી વીતરાગી શાંત દશા એનો હું એકલો જ કર્તા છું. એ રાગ-કષાયની મંદતા હતી તો મને સમ્યગ્દર્શન થયું એમ નથી. ગૂઢ વાત છે, ગંભીર ભાવ છે. વીતરાગના કહેલા પ્રવચનનો સાર છે, સિદ્ધાંતનો સાર છે. ભાઈ! ગંભીર વાત છે. આહા..હા..! કહે છે **'હું એકલો જ કર્તા છું,...'** કોનો? મારી ધર્મની પરિણતિનો. ઉપર આવ્યુંને? જુઓ આવ્યું. **'સુવિશુદ્ધ ચૈતન્યરૂપ સ્વભાવ વડે સ્વતંત્ર છું...'** છે? હું તો પરમાનંદ મૂર્તિ પ્રભુ એની નિર્મળ પર્યાય કરવામાં હું વર્તમાન કર્તા સ્વતંત્ર છું. હું સ્વતંત્ર છું. શુદ્ધ ધર્મ પરિણતિ કરવામાં સ્વતંત્ર છું. ઓહો..હો..! કોઈ નિમિત્ત મળ્યું તો થયું એમ મારામાં છે જ નહિ. આહા..હા..!

**'(અર્થાત્ સ્વાધીનપણે કરું છું);...'** લ્યો! એ કર્તાની વ્યાખ્યા આવી. કોનો કર્તા? અજ્ઞાનમાં પુણ્ય-પાપનો કર્તા હતો એ જ્ઞાનાનંદમાં મારી ધર્મની પર્યાયનો કર્તા છું હવે. રાગનો કર્તા નથી અને રાગની સાથે મારે કોઈ સંબંધ નથી. એ ગૃહસ્થાશ્રમમાં પડ્યો છ ખંડનો રાજા ચક્રવર્તી. ભરતચક્રવર્તી, ઋષભદેવના પુત્ર, છન્નું હજાર સ્ત્રી, છન્નું કરોડ પાયદળ. મારું તો કોઈ નથી. બેઠા છેને. કોઈ બેઠું નથી. હું તો મારા સ્વભાવમાં બેઠો છું. આહા..હા..! સમજાણું કાંઈ? મારા સ્વભાવથી જે શુદ્ધ પરિણતિ થઈ એનો હું કર્તા છું. એ વિકલ્પ આવ્યો એનો

પણ કર્તા નથી અને પરની ક્રિયાનો કર્તા તો ત્રણ કાળમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! અપૂર્વ વાત છે, પ્રભુ! અનંતકાળથી તેને સત્ય વાત કાને પડી નથી. સત્ય વાત. સત્ય શું. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા જેણે સમવસરણના મધ્યમાં ઈન્દ્રો મોટા અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર અને ઈશાન ઈન્દ્ર એકાવતારી. એક ભવે મોક્ષ જનારા છે શક્રેન્દ્ર અને ઈશાન ઈન્દ્ર. એની સમક્ષ ભગવાનની આ વાણી નીકળી. સમજાણું કાંઈ?

અરે ભાઈ! ભગવાન આત્મા ધર્મ પામે છે, પણ એવી એની દૃષ્ટિ થઈ જાય છે કે હું તો મારા શુદ્ધ પુણ્ય-પાપના વિકલ્પથી રહિત શુદ્ધ પરિણતિ-દશાનો હું કરનારો, રચનારો છું. એકલો રચનારો છું પાછો અને સ્વતંત્ર રચનારો છું. એકલો એટલે બીજાની સાથે નહિ. સ્વતંત્ર હું છું, પરાધીન નથી. હું સ્વતંત્ર પોતાનો શુદ્ધ ભગવાન આત્મા એની શ્રદ્ધા અને વીતરાગી પરિણતિનો કરનારો સ્વતંત્ર હું કર્તા છું. એમ સમ્યગ્દૃષ્ટિ પોતાની શુદ્ધદશાનો કર્તા થાય છે. કહો, સમજાણું કાંઈ? તો હવે આ શું તમારા કહેવાય બધા? સંચા. એય..! ભગવાનજીભાઈ! શું કહેવાય એ બધા? ફેક્ટરી. જુઓ, એને ફેક્ટરી છે શું કહેવાય એ? પ્લાસ્ટિકની ફેક્ટરી મોટી થાણામાં. કેટલા લાખોની. આને ફેક્ટરી ત્યાં છે પથરાની, લાદીની. અહીં તો કહે છે કે ફેક્ટરી-બેક્ટરી જડની છે, તારી નથી, લે. સમજાણું કાંઈ?

ધર્મની દૃષ્ટિ થઈ તો ધર્મી કહે છે કે મારે કોઈની સાથે સંબંધ નથી. હું કોઈનો કર્તા જ નથી. ફેક્ટરી મેં બનાવી છે. મૂઢ છો? ફેક્ટરી બની માટે મૂઢ થયો? મારી બનાવી માટે મૂઢ થયો. એ તો જડની પર્યાય છે. પરમાણુ અજીવ છે. એ અજીવ પલટીને એ દશા થાય છે. શું તું પલટીને એમાં ઘૂસી જાય તો એ ક્રિયા થાય છે? પોપટભાઈ! કેમ ગોદિકાજી! એ મકાન તમે બનાવ્યા છે? નહિ. ભગવાન! એમ છે નહિ પ્રભુ! તારી પ્રભુતા કોઈ રાગ કરવામાં છે નાથ? તારી પ્રભુતા, શું પરનું કરવું એ તારી પ્રભુતા છે? એમ નથી. એમ કહે છે ભાઈ! તારી પ્રભુતા, તારી અધિકતા, તારી ઈશ્વરતા, તારી પરમેશ્વરતા તો શુદ્ધતા પ્રગટ કરવી એમાં તારી પરમેશ્વરતા છે. સમજાણું કાંઈ? તો કહે છે. બહુ ..માં ભરી દીધું છે. થોડામાં-ગાગરમાં સાગર ભરી દીધો છે.

'**કારણ કે હું એકલો જ સુવિશુદ્ધ ચૈતન્યરૂપ સ્વભાવ વડે સ્વતંત્ર છું...**' જુઓ, હું સુવિશુદ્ધ ચૈતન્યસ્વરૂપ સ્વભાવ વડે સ્વતંત્ર છું. એ રાગની ક્રિયા, પુણ્યની ક્રિયા કરવામાં સ્વતંત્ર છું એ કર્તા હું છું જ નહિ એમ કહે છે. આહા..હા..! એય..! બાબુજી! શું થયું? શું તમે ઝવેરાતનો ધંધો કરો છો? એ બહુ કહેતા હતા. પિતાજી કહેતા હતા. ઓહો..હો..! ભગવાન! તું જેવો છો એનો કર્તા છો. શું રાગરૂપ તું છો? શું અજીવરૂપ તું છો? જે રૂપ છો એનો કર્તા છો. .. એની પરિણતિનો કર્તા છો. આહા..હા..! માર્ગ એવો છે, ભગવાન! તારે માનવો પડશે. આ દૃષ્ટિ થયા વિના તારું કલ્યાણ કદી થશે નહિ. લાખ વાત કરે. એવી વાત છે. આ તો વીતરાગનો માર્ગ છે. વીતરાગ દૃષ્ટિ થયા વિના રાગનું પોતાપણું છૂટે નહિ

અને પરની રચના હું કરું એવી કર્તાપણાની બુદ્ધિ નાશ થશે નહિ. સમજાણું કાંઈ? આહા..!

**'સુવિશુદ્ધ ચૈતન્યરૂપ સ્વભાવ...'** જુઓ, ચૈતન્યસ્વભાવ કહ્યોને? ચૈતન્યસ્વભાવ (વડે) સ્વતંત્ર છું. રાગભાવ ચૈતન્યસ્વભાવ છે? પુણ્યભાવ દયા, દાન, વ્રતના વિકલ્પ તે ચૈતન્યસ્વભાવ છે? એ તો વિભાવસ્વભાવ છે. ચૈતન્યરૂપ સ્વભાવ. જુઓ, **'ચૈતન્યરૂપ સ્વભાવ વડે સ્વતંત્ર છું...'** એ કર્તા થયો. **'હું એકલો જ કરણ છું,...'** હવે કરણ. હવે સાધન કોણ? કે અમારી ધર્મપર્યાયનું સાધન કોણ? તો કહે છે કે ભાઈ! કષાયની મંદતા હોય, નિમિત્ત અનુકૂળ હોય એ બધા સાધન છે. કહે છે કે એ સાધન નથી. ધર્મી એ સાધનને માનતા નથી. ધર્મી શું કહે છે? જુઓ, **'હું એકલો જ કરણ છું,...'** કરણ નામ સાધન. **'કારણ કે હું એકલો જ સુવિશુદ્ધ ચૈતન્યરૂપ સ્વભાવ વડે સાધકતમ છું;...'** ઓહો..હો..! હું તો જ્ઞાનાનંદ સ્વભાવ શુદ્ધ પોતાના સ્વભાવનો સાધક થઈને પોતાની પર્યાયનું કારણ તો હું જ છું. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે પોતાના ધર્મ પરિણામ તેનું સાધક નામ કરણ તો હું જ છું. ઓહો..હો..! જુઓ, પંચાસ્તિકાયમાં વ્યવહાર સાધન કહ્યું. અહીં ના પાડે છે. એ તો જ્ઞેયનું જ્ઞાન કરાવ્યું છે. અમે નથી માનતા. એવું ક્યાં લખ્યું છે? હવે લખ્યું છે. આ શું કહે છે? પુણ્ય-પાપનો આરોપ કર્યો હતો તે છોડી દીધો. મારામાં છે નહિ. તો છે નહિ તો જાણનારો રહ્યો કે નહિ? સમજાણું કાંઈ? એ કહે છે રતનચંદજી. એ વિકલ્પ છે, નિમિત્ત છે, સાધન છે વ્યવહાર, તો તેનું જ્ઞાન કરવા માટે કહ્યું એવું ક્યાં છે? એમ પૂછે છે. આ રહ્યું. નથી કહ્યું?

હું શુદ્ધ ચૈતન્યવસ્તુ અનાકુળ આનંદરસકંદ પ્રભુ આત્મા, વીતરાગી સ્વભાવનો પિંડ છું. એવી દૃષ્ટિમાં સુવિશુદ્ધ પરિણતિનું કરણ નામ સાધન તો હું જ છું. રાગની મંદતા નિમિત્તથી જે સાધન કહ્યું હતું એ હું નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..! આ તો હજી ભાષા શું કહે છે એ યાદ રાખવી મુશ્કેલ છે, તો અંદર પુરુષાર્થ કરવો.. બહારમાં તો ધમાધમ કરીને જાણે કે ઓહો..હો..! શું કરી નાખ્યું મેં! રથયાત્રા, મોટી શેત્રુંજયની જાત્રા ને, શું કહેવાય તમારે આ? સમ્મેદશિખરની જાત્રા. શરીર ઊંચે-નીચે જાય એ તો જડની પર્યાય છે. એમાં કદાચ રાગની મંદતાનો ભાવ હોય તો એ તો પુણ્ય પરિણામ છે. એ ધર્મ નથી એમ કહે છે. ધર્મ પરિણતિ તો પોતાની શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મામાંથી નીકળેલી દશા, એનું સાધન હું જ છું. એ નિમિત્ત અને બાહ્ય સાધન નથી એમ કહે છે. સાધન નથી તેને સાધન કહેવું એ વ્યવહારનયનું લક્ષણ છે. લખણ એટલે? લક્ષણ. સમજાણું કાંઈ?

પાગલનું લક્ષણ છે. સ્ત્રીને મા કહી દે અને માને સ્ત્રી કહે એ પાગલના લક્ષણ છે. સમજાણું કાંઈ? આહા..હા..! કપડા સરખા જોઈને એને એમ થઈ જાય કે મારી સ્ત્રી છે એમ થઈ જાય. સમજાણું કાંઈ કપડા સરખા જોવે. પણ કપડા સરખા હોય તો પણ માતા જુદી છે અને આ બીજી છે. કપડા તો કોઈએ પહેરી લીધા હોય. એક ગામમાં એવું થયું

હતું, ભાઈ! એની માતા હતી તે સ્ત્રીના કપડા પહેરીને સૂઈ ગઈ હતી. એની સ્ત્રી બહાર કપડા ધોવા ગઈ. તો આને કામવાસના થઈ. એને થયું કે આ મારી સ્ત્રી છે. ખાટલામાં સૂતી હતી એની નવી મા. નવી મા હોં. સગી મા તો નહોતી. આમ ઠેબુ માર્યું. બાઈ સમજી ગઈ માતા. કેમ બેટા! વહુ ન્હાવા ગયા છે. ઓલા કપડા જોઈને એમ થયું. ઓલી સમજી ગઈ. કેમ દીકરા! કેમ બેટા! વહુ ગયા છે ન્હાવા. આહા..હા..! આ મારી મા. કપડાથી હું ભૂલી ગયો. સમજાણું કાંઈ? એમ પ્રશસ્ત રાગ અને વિકલ્પ જ્યાં થયો તો એને એમ થયું કે આ આત્મા એવો. અરે! એ કપડું રાગનું છે, તારું નથી. પ્રશસ્ત રાગ થયોને ભગવાન પાસે આહા..હા..! અમને ધર્મ થયો. ધૂળેય ધર્મ નથી, સાંભળ તો ખરો. વાત તો એવી છે ભાઈ આ.

મુમુક્ષુ :- ... સંભાળ રાખનારા માણસો.

ઉત્તર :- કોણ સંભાળ રાખે છે? કોણ રાખે છે? ભોગીભાઈ નામ કોનું છે અહીંયા? કહો, કોનું? લાવો, કોનું નામ છે? શરીર કોને કહેવું? ઓલો પ્રશ્ન પછી. શું નાકને શરીર કહેવું? આંખને? આનું નામ કાન છે, આનું નામ આંખ છે, આનું નામ નાક છે, આનું નામ મોઢું છે, હાથ અને પગ, એમાં શરીર કોને કહેવું? એ તો નામ આપ્યું છે મફતનું. આહા..હા..! લ્યો! ભોગીભાઈ કોનું નામ છે? આત્માનું નામ છે? આત્મા તો જ્ઞાનાનંદસ્વરૂપ ચૈતન્યમૂર્તિ છે. તો રાગ પણ એનો નથી, પુણ્ય પણ નથી, પુણ્યનું ફળ ને મીલના માલિક ક્યાંથી આવ્યા? એય..! ભોગીલાલભાઈ! વાત તો એવી છેને ભાઈ! વાત તો એમ છે. એમ માને છૂટકો છે હોં પરથી ભિન્ન કરીને. નહિતર જન્મ-મરણ નહિ ટળે. વાત એવી છે. એ ચુડેલ છે. ચુડેલને જો પોતાનો માનીશ તો લોહી ચુસી જાશે. એમ રાગ અને પરચીજને મારી માનીશ તો તારી શાંતિ ચૂસી લેશે એ. ધર્મનો નાશ થશે તને. સમજાણું કાંઈ? આહા..હા..!

નાની ઉંમર હતીને, કીધુંને એકવાર? આસો મહિનામાં ગયા હતા અમે પાલેજ. અહીં દુકાન હતી. ૧૩ વર્ષની ઉંમર. ૫૯ની સાલ. ૪૬માં જન્મ. તો ત્યાં ગયા. નાની ઉંમર. પાલેજમાં દુકાન હતીને. તો અમે પહેલા વહેલા ગયા હતા તો આસો સુદ પૂનમ હતી. ત્યાં બાજુમાં જિન છે સાથે. રતિભાઈ ગયા? વણકર. ભંગી હતા. ત્યાં ઓલા રાતે. અમારી નાની ઉંમર. ૧૩ વર્ષની ઉંમર. ગયા. કીધું, કોણ કરે છે આ? તો ત્યાં ન જવા દેવા માટે મારા બધા કુટુંબીઓ એમ કહે કે ત્યાં ચુડેલ નાચે છે. માટે ત્યાં ન જાવું. ઓય માળે ચુડેલ ક્યાં હશે? ચુડેલ સમજ્યા? ભૂતડી હોય છેને? ભૂતડી વ્યંતર. ચુડેલ છે માટે તમારે બાળકોએ ત્યાં ન જવાય. હશે, કીધું, ખબર નહિ. પછી જ્યારે ધંધા કરતા... કરતા... કરતા.. કોઈ માણસને માલ આપ્યો હતો. તો ઉઘરાણી લેવા અમે ગયા અંદર. કે એલા અહીં તો રાતે તો.. કહે અહીં તો બાયું ભેગી થઈને નાચે. શું કહેવાય આપણે? રાસડા લેતી હતી. અરે! અમને તો કોઈ કહે કે અહીં ચુડેલ છે. સમજાણું કાંઈ? ચુડેલ સમજો છો? આપણે ચુડેલ

તો કહે છે. ચુડેલ સમજો છો? વ્યંતરી હોય છેને વ્યંતરી? ભૂતડી. એમ રાગ અને પરવસ્તુ ભૂતડી છે. મારું માનીશ તો ચુડેલ તારી શાંતિ લૂંટી જશે.

જુઓ, સમકિતી કેમ માને છે? '**હું એકલો જ કરણ છું,...**' મારા શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધા, જ્ઞાનનું સાધન હું જ છું, કર્તા પણ હું જ છું. નથીની વાત નથી કરી. હું સાધન છું એમાં આવી ગયું. છે? બસ, '**હું એકલો જ કરણ છું, કારણ કે એકલો જ સુવિશુદ્ધ ચૈતન્યરૂપ સ્વભાવ વડે સાધકતમ છું;...**' લ્યો! અને '**હું એકલો જ કર્મ છું,...**' જુઓ, હવે ત્રીજી વાત. શું કહે છે? હું એકલો જ કર્મ છું એ શું કહે છે? હું આત્મા પુણ્ય-પાપ વિકલ્પ રાગથી ભિન્ન (છું એવા) પોતાના સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને વીતરાગતા દશા પ્રગટ કરી એ મારું કાર્ય છે, એ મારું કર્મ છે, એ મારું કર્તવ્ય છે, એ મારી કાર્યવાહી છે. બીજી કોઈ કાર્યવાહી મારી નથી. આહા..હા..! છેને જુઓ, '**હું એકલો જ કર્મ છું, કારણ કે હું એકલો જ સુવિશુદ્ધ ચૈતન્યરૂપે પરિણમવાના સ્વભાવને લીધે આત્માથી પ્રાપ્ય છું;...**' હું આત્માથી પ્રાપ્ય છું. મારા આત્માથી મેં શુદ્ધ પરિણામ પ્રાપ્ત કર્યા છે. ધર્મની પર્યાય નિમિત્તથી પ્રાપ્ત નથી થઈ, રાગથી પ્રાપ્ત નથી થઈ. મારા આત્માથી, હું શુદ્ધ ચિદાનંદ સ્વભાવ, મારાથી મારા શુદ્ધ પરિણામ-વીતરાગી ધર્મ તેણે મેં જ પ્રાપ્ત કર્યા છે. તો એ વીતરાગી પરિણામ એ જ મારું ધર્મ, એ જ મારું કાર્ય છે. બીજું કોઈ મારું કાર્ય નથી. કહો, ગોદિકાજી! જડનું કામ નહિ એમ કહે છે. ઓહો..હો..!

પછી '**આત્માથી પ્રાપ્ય છું; અને હું...**' ચોથો બોલ. હવે ફળ લે છે ફળ. '**હું એકલો જ અનાકુળતાલક્ષણવાળું, 'સુખ' નામનું કર્મફળ છું—**' જુઓ, જરી એમાં શું કહે છે? અનાદિથી હું પોતાને ભૂલીને મેં શુભ-અશુભ પરિણામ કર્યા હતા તો એનું ફળ એ સમયે આકુળતા એ મારો ભાવ હતો, અજ્ઞાનભાવમાં. સમજાણું કાંઈ? અનાદિ આત્માના ભાન વિના શુભાશુભભાવ જે કર્મ પોતાનો વિકારીભાવ તેને પોતાનો માનીને શુભાશુભનું ફળ એ જ ક્ષણે દુઃખ નામ આકુળતા હતી. શુભ-અશુભનું ફળ એ સમયે દુઃખ હતું. શુભભાવ પણ દુઃખરૂપ છે અને અશુભભાવ પણ દુઃખરૂપ છે એમ કહે છે. આહા..હા..! ત્યારે હવે શું થયું? કે અનાકુળતાલક્ષણવાળું સુખ. ઓહો..! હું શુભ-અશુભ પરિણામ જે વ્યવહાર એનાથી ભિન્ન થઈને પોતાના આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને વીતરાગ પર્યાય પ્રગટ કરી એ તો અનાકુળતા લક્ષણ સુખ છે. તે સુખ છે. કોનું ફળ છે? કર્મફળ છે. કોનું? કર્મફળ. કર્મનો અર્થ જે શુદ્ધભાવરૂપી મારું કાર્ય થયું એનું ફળ આનંદ છે. અરે! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ અતીન્દ્રિય આનંદ થયો... શુદ્ધભાવ થયો તે અતીન્દ્રિય આનંદફળ સહિત થયો છે. શુભભાવ છે એ દુઃખરૂપ દશા છે, વિકૃત દશા છે. એ શુભભાવ મારું કર્મ, તો એનું ફળ દુઃખ છે. શુદ્ધભાવ મારું કર્મ એનું ફળ સુખ છે. સુખ કયું? અનાકુળ આનંદ લક્ષણ.

સુખ .. લોકો કહે છે એ તો દુઃખ છે.

મુમુક્ષુ :- લોકો કહે છે સુખ..

ઉત્તર :- લોકો કહે એમાં ધૂળમાં કહે છે. લોકો તો પૈસામાં, બાયડીમાં અને સંસારમાં કહે છે. એ તો મહામૂઢ છે. પણ આ તો પરિણામ શુભ થયા, પાપના પરિણામ થયા, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગવાસના, ક્રોધ, માન, માયા સંકલ્પ-વિકલ્પ-અશુદ્ધ પરિણામ એ અજ્ઞાનીનું કાર્ય અને એ સમયે એને અજ્ઞાનનું દુઃખ છે. એ કર્મના ફળના દુઃખ છે એમાં. અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ છે તે શુભ છે. એ અજ્ઞાનીનું કર્મ નામ કાર્ય છે. તેનું ફળ દુઃખ છે એ સમયે. પછી નહિ. સંયોગ મળે-મળે એની વાત અહીં નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! હું કાંઈ દુઃખરૂપ આત્મા છું? હું તો આનંદરૂપ છું. ધર્મનીની દૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિમાં તો આત્મા અનાકુળ આનંદમય આત્માની પ્રાપ્તિ થઈ છે. તો મારો શુદ્ધભાવ જે શુદ્ધભાવ... નિર્મળ પરિણતિ કહીને જુઓ.

**'અનાકુળતાલક્ષણવાળું સુખ...'** જુઓ, છેને? **'અને હું એકલો જ અનાકુળતાલક્ષણવાળું, સુખ નામનું કર્મફળ છું—'** કર્મનો અર્થ? શુદ્ધભાવ જે થયો, શુદ્ધ પરિણતિ, શુદ્ધ પરિણતિ, નિર્મળ દશા તે કર્મ, તેનું ફળ આનંદ ભાઈ! માળે આ રોકડીયું છે એમ કહે છે. શુભ-અશુભભાવ કરનારને પણ તે ક્ષણે દુઃખ છે અને શુદ્ધભાવ કરનારને તે ક્ષણે આનંદ છે. પોતાનો આનંદ હોં! તે કલ્પનાના સુખની વાત નથી. કહો, મહેન્દ્રજી! આમ ભગવાન ફરમાવે છે, ભાઈ! વસ્તુની સ્થિતિ (છે અને) સમકિતી પોતાને એમ માને છે એમ કહે છે અહીં તો. ધર્મી થયો. પોતાને ધર્મભાવ જે પ્રગટ થયો, તો જે શુદ્ધ ચૈતન્યમૂર્તિની દૃષ્ટિ, શ્રદ્ધા, જ્ઞાન કરીને નિર્મળ પરિણતિ થઈ તે કર્મ. તો કર્મ નામ કાર્ય, એનું ફળ અનાકુળ આનંદ. તે ક્ષણે. તે ક્ષણે. વળી પાપ કરશે, પ્રતિકૂળતા આવશે નરકમાં. એ તો પછી સંયોગની વાત. એની અહીંયા વાત ક્યાં છે? પુણ્યભાવ કરશે અને સ્વર્ગ મળશે, પછી સુખી થશે. ધૂળમાંય નથી સાંભળ તો ખરો.

મુમુક્ષુ :- .. રોકડીયો

ઉત્તર :- શાહુકાર રોકડીયો ધર્મ કરે. ઉધાર કરે નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા જ્યારે અજ્ઞાનમાં હતો ત્યારે શુભ-અશુભભાવનું કર્મ નામ કાર્ય માનતા હતા. આરોપ હતો કે એમાં અને તે દુઃખ ભોગવતો હતો. તે દુઃખ. શુભ-અશુભભાવમાં દુઃખ? શું શુભભાવમાં આત્માનો આનંદ છે? હમણાં હું ધર્મી થયો. હું તો આત્મા છું. રાગ અને પુણ્યના ભાવથી ભિન્ન છું. તો એનાથી ભિન્ન થયો તો પોતાની શુદ્ધ દશા પ્રગટ થઈ. નિર્મળ વીતરાગી પરિણતિ થઈ તે પોતાનું કર્મ છે, પોતાનું કાર્ય છે, પોતાની કાર્યવાહી છે. એનું ફળ શું? અનાકુળ આનંદ. આત્માની શાંતિનો આનંદ. એ મારા શુદ્ધભાવરૂપી કર્મનું એ ક્ષણે ફળ છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે કે નહિ એમાં? જુઓ, આ એનો

અર્થ થાય છે. વાત તો એવી છે. આ વાંચતા પણ આવડે નહિ. ભોગીલાલભાઈ! ઓલા ચોપડા વાંચતા આવડે. આ વાંચતા પણ આવડે નહિ. આ તો ભગવાનનો ચોપડો છે. ઓલા કહે છેને ધર્મરાજાનો ચોપડો. એમાં પછી કેટલા પુણ્ય-પાપ નીકળે (એ પ્રમાણે) નરક-સ્વર્ગ લઈ જાય. કોઈ લઈ જાતું નથી, સાંભળ તો ખરો. આ ધર્મરાજાનો ચોપડો છે સર્વજ્ઞ પરમાત્માનો કહેલો.

કહે છે કે, ભગવાન! તને જો ધર્મ થયો હોય પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન પડીને, એ પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન થયો તો કાંઈ દશા પ્રગટે કે નહિ? પોતાના સ્વભાવને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિની અવસ્થા જે પ્રગટ થઈ એ તારું કર્મ છે. એ તારું કર્તવ્ય છે અને એ કર્મનું ફળ તે ક્ષણે અતીન્દ્રિય આનંદનું વેદન એ તારું ફળ છે. શેઠી! આ કર્મફળ એટલે ઓલા જડની વાત અહીંયા નથી. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ? એક છોડી કહેતી હતી. કે ઓલા કોણ મહારાજ? નહિ કાલે નહોતું કોક આવ્યું? કોની છોડી હતી? બોટાદવાળાની. કે આ મહારાજને ઓળખે છે તું? કે હા. છોડી બે વર્ષની હતી. 'સમજાય છે કાંઈ?' એ મહારાજ છે આ. અને એક આ ભાઈ તમારા આપણા નહિ? જગજીવન. જગજીવનભાઈવાળા. જગજીવ બાવચંદ. એના .. દીકરી નથી. એ દલુનો દીકરો દલીચંદ. આ જગજીવન બાવચંદ. એના દીકરાનો દીકરો છે બે વર્ષનો, અઢી વર્ષનો. કે એ મહારાજ કોણ? 'સમજાય છે કાંઈ?' એ આ મહારાજ છે. કોકે કહ્યું હતું. અમદાવાદમાં કોકે કહ્યું નહોતું ત્યાં? કે ઓલા 'સમજાય છે કાંઈ?' એ મહારાજ કે દિ' આવશે? કહે. વિસામો લઈએ છીએને એમ કે સમજાય છે કાંઈ? એ કહે કે એ 'સમજાય છે કાંઈ?' એ મહારાજ કે દિ' આવશે. એ વિસામાનું વાક્ય છે. સમજાણું કાંઈ?

જેમ પહેલા સાબલે મધ્યે કરતાને? જૂના માણસ સાહેબને ભલી મતિ થાય એમ બોલતા. ભાષા એવી હતી ટૂંકી. અમારા મામા કહેતા. સાબલે મધ્યે, એમ કહેતા. સાબલે મધ્યે. પછી મેં એક ફેરી પૂછયું હતું મારા મામાને. ઘણા વર્ષ પહેલા. ૭૦ વર્ષ થયા. કે મામા! આ શું તમે બોલો છો? કહે મને કાંઈ ખબર નથી. એ તો સાબલે મધ્યે સૌ કહે છે. બીજાને પૂછયું તો કહે એનો અર્થ એવો છે કે સાહેબને ભલી મતિ થાય જે. ઓય મારે કીધું. સાબલે મધ્યેનો અર્થ એવો છે. લલ્લુભાઈ! આ તો ઝીણી વાત છે હોં. અમારા મામા હતા વૃદ્ધ. ગૃહસ્થ હતા. કીધું, મામા! આ શું તમે કહો છો? મને કાંઈ ખબર નથી. બીજાને પૂછયું કે આ શું કહે છે? કહે સાહેબને ભલી મતિ થાય. એ વિસામાનું વાક્ય છે. એમ 'સમજાય છે?' એ વિસામાનું વાક્ય છે. અને સમજાય ત્યારે આત્માને વિસામો મળે. બાકી વિસામો મળતો નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૫, બુધવાર, તા. ૨૨.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૨૬, શ્લોક-૭-૮, પ્રવચન-૧૩૪**

આ જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન. ૧૨૬. '**આ રીતે બંધમાર્ગમાં...**' છે? પેરેગ્રાફ છે. પહેલા આવ્યુંને એનો સરવાળો કરે છે. આત્મા પોતાનું સ્વરૂપ જ્ઞાનમય શુદ્ધ ચૈતન્ય છે એનો અનુભવ કરીને પોતાના આત્માને પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન કર્યો. સમજાણું કાંઈ? તો એવો આત્મા પુણ્ય-પાપ, શરીરથી ભિન્ન થયો તો આત્માનો અનુભવ થયો. આત્મા આનંદ, જ્ઞાનસ્વરૂપ છે. એવું સમ્યગ્દર્શન જ્ઞાનમાં ધર્મી વિચાર કરે છે કે અનાદિકાળથી અજ્ઞાનમાં વિકાર હું જ કરતો હતો. અને હું જ પરની અપેક્ષા વિના વિકારનું સાધન પણ હું હતો, વિકારનું કાર્ય પણ મારું અને વિકારના દુઃખનું ફળ પણ મારું. એમ ભૂતકાળનો વિચાર કરે છે. હવે વર્તમાન. હવે તો હું મારા શુદ્ધ ધર્મની પર્યાયનો કર્તા એ કર્તા છું. અને એ જ મારું સાધન, શુદ્ધ સ્વભાવનું સાધન પણ હું જ છું અને શુદ્ધ સ્વભાવનું કાર્ય પણ હું છું અને શુદ્ધ સ્વભાવનું ફળ અનાકુળ આનંદરૂપી શાંતિ આનંદ-સુખનો અનુભવ કરનારો પણ હું છું. કોઈ પરની અપેક્ષા નથી. કહો, સમજાણું કાંઈ?

'**આ રીતે બંધમાર્ગમાં...**' જુઓ, અનાદિ-અનંત વાત લઈ લીધી. અનાદિ-અનંત. '**બંધમાર્ગમાં તેમ જ મોક્ષમાર્ગમાં આત્મા એકલો જ છે...**' એકલો જ છે. બંધ પણ હું એકલો કરતો હતો અને અત્યારે મોક્ષનો માર્ગ પણ હું એકલો જ કરું છું. બીજાની અપેક્ષા એમાં નથી. .. બે કારણ કાર્યનું આવે છે. કાર્યનું બે કારણ. એ તો બીજું કારણ છે એનું જ્ઞાન કરાવે છે. વસ્તુની સ્થિતિ તો એવી છે. હું એકલો જ બંધના માર્ગને વિષે અને મોક્ષના માર્ગને વિષે અથવા મોક્ષમાર્ગ. એકલો જ માર્ગમાં .. '**એમ ભાવનાર...**' અનુભવનાર '**આ પુરુષ પરમાણુની માફક...**' જુઓ, એક પરમાણુ પરથી તદ્દન ભિન્ન છે. એવો મારા આત્મા પરદ્રવ્યથી બિલકુલ ભિન્ન છે. મારા આત્માને અને કર્મ, શરીર આદિ પરદ્રવ્યથી બિલકુલ સંબંધ નથી.

'**એકત્વભાવનામાં ઉન્મુખ હોવાથી (અર્થાત્ એકત્વને ભાવવામાં તત્પર-લાગેલો-હોવાથી),...**' હું તો જ્ઞાયક ચિદાનંદ છું, રાગથી પર છું અને સ્વભાવથી અભિન્ન છું. એમ પોતાના સ્વભાવમાં તત્પર હોવાથી. જુઓ, આ આત્માનું કાર્ય. ચૈતન્યબિંબ છે. એમાં સંકલ્પ-વિકલ્પ, .. હું આવો છું, હું આવો નથી. એવા વિકલ્પનો પણ એમાં અવકાશ નથી. એ તો એનાથી ભિન્ન છે. એવો આત્મા '**બંધમાર્ગમાં તેમ જ મોક્ષમાર્ગમાં આત્મા એકલો જ છે એમ ભાવનાર આ પુરુષ પરમાણુની માફક એકત્વભાવનામાં ઉન્મુખ હોવાથી**

(અર્થાત્ એકત્વને ભાવવામાં તત્પર-લાગેલો-હોવાથી), **તેને પરદ્રવ્યરૂપ પરિણતિ બિલકુલ થતી નથી;...'** તેને પરદ્રવ્યની પરિણતિ નામ અવસ્થા, વિકારી અવસ્થા પણ એમાં બિલકુલ થતી નથી. બિલકુલ નથી. ત્યારે પંડિતજીએ કહ્યુંને કે પૂરાની વાત છે. પૂરાની જ વાત છે સમ્યગ્દર્શનમાં. સમજાણું કાંઈ? ચૈતન્ય જ્ઞાયકપુંજ પ્રભુ પૂર્ણાનંદ એ તો અનાદિ એવો છે જ. સવારમાં કહ્યું હતું. એણે માની રાખ્યું હતું કે હું રાગ છું, હું પુણ્ય છું એવી માન્યતા હતી. એ માન્યતા સ્વરૂપની દૃષ્ટિ કરીને માન્યતા છૂટી ગઈ. તો જેવો છે એવો રહી ગયો. જ્ઞાનઘન છે, ચૈતન્યપુંજ આત્મા છે એ રહી ગયો. એ એકલો હું પરપરિણતિથી રહિત છું. વિકારી પરિણમન વ્યવહાર પરિણતિથી હું રહિત છું. સમજાણું કાંઈ?

**'પરિણતિ બિલકુલ થતી નથી,...'** શુદ્ધ સ્વભાવ ચૈતન્ય જ્ઞાયક એમાંથી તો શુદ્ધતા જ પ્રગટે છે. અશુદ્ધતા બિલકુલ થતી નથી. સમજાણું કાંઈ? **'બિલકુલ થતી નથી,...'** બિલકુલ થતી જ નથી. **'અને, પરમાણુની માફક (અર્થાત્ જેમ અકત્વભાવે પરિણમનાર પરમાણુ પર સાથે સંગ પામતો નથી તેમ),...'** એકલો પરમાણુ બીજા પરમાણુની સાથે સંબંધ પામતો નથી. એવો હું એકલો આત્મા પરની સાથે બિલકુલ સંગ પામતો નથી. પોતાના સ્વભાવથી, પોતાના આત્માની સાથે મારો સંબંધ છે, પરની સાથે બિલકુલ નથી. એવી સમજ રાખનાર, ભાવના ભાનાર, અનુભવ કરનાર, અંતર્મુખ તત્પર રહેનાર એવો આત્મા.. **'એકત્વને ભાવનાર પુરુષ...'** હું એકલો છું. બેકલો છું જ નહિ. પરની સાથે બિલકુલ સંબંધ નથી. મારું સ્વરૂપ જ પરથી તદ્દન ભિન્ન છે એવો એકલો ભાવ સમજનાર, ભાનાર, અનુભવ કરના, સ્વસન્મુખમાં તત્પર થનારો **'પર સાથે સંપૃક્ત થતો નથી;...'** રાગાદિ પર સાથે કાંઈ સંબંધ નથી. ઝીણી વાત છે. તદ્દન ગોળો ભિન્ન છે અંદર. એવો ભિન્ન છે એને ભિન્ન કરીને અનુભવ્યો. અહીં જ્ઞેયનો એવો જ સ્વભાવ છે એમ બતાવે છે. આત્મા જ્ઞેય-જ્ઞાનમાં જણાવાલાયક આત્મા જ્ઞેય એવો જ છે. પરની સાથે મારે કાંઈ નથી. પર્યાયમાં પરનો સંબંધ કરતો હતો, માન્યતા કરતો હતો ત્યારે પણ પર તો પરની પરિણતિમાં જ તત્પર હતો. એ કર્મ આદિ, શરીર આદિ એ તો એની પરિણતિમાં જ તત્પર હતો. મેં પરનો સંગ કર્યો તો પરપરિણતિ પોતાથી થઈ કે પોતાની પરિણતિ પરથી થઈ એમ તો હતું નહિ. સમજાણું કાંઈ?

**'તેથી પરદ્રવ્ય સાથે અસંપૃક્તપણાને લીધે...'** પરદ્રવ્ય સાથે બિલકુલ સંબંધ નથી એ કારણે. આત્મા શું બોલે? શું મન સાથે સંબંધ કરે? શું વિકલ્પ કરે? આત્માની સાથે તો કાંઈ સંબંધ છે જ નહિ.

મુમુક્ષુ :- અનાદિકાળ..

ઉત્તર :- આ અનાદિ આત્માની વાત કરે છે. .. રાખે તો. ભાષા ભાષાથી થાય છે, શબ્દ શબ્દથી થાય છે, શ્વાસ શ્વાસથી થાય છે, સંકલ્પ-વિકલ્પ આદિ થાય છે. મારે એની સાથે બિલકુલ સંબંધ નથી. અત્યારે-અત્યારે વર્તમાન. સમજાણું કાંઈ? એવું અંતર પરથી ભિન્ન

પોતાનું સ્વરૂપ સન્મુખ તત્ત્વમાં એકલો હું મારામાં છું. બિલકુલ રાગનો સંબંધ મને છે નહિ. ઓહો..હો..! સમજાણું કાંઈ? આપ તો કહેતા હતાને કે દશમા ગુણસ્થાન સુધી રાગ થાય છે.

મુમુક્ષ :- ગુણસ્થાન...

ઉત્તર :- .. જોયું છે. તો ત્યાં ૯૫ની સાલમાં એમ થયું હતું. જુઓ, રાગ નહિ... રાગ નહિ.. રાગ નહિ.. અરે! માળો મૂઢ છે તું? રાગ નહિ. એમ કહ્યું હતું એણે. પત્રમાં આવ્યું હતું. આ લોકો કેવા મૂઢ... દશમા ગુણસ્થાન સુધી રાગ જ્ઞાનીને હોતો નથી. જ્ઞાનીને રાગ હોતો નથી. સાંભળને! આત્મામાં રાગ છે જ નહિ. રાગ કેવો? એ તો માન્યતા એની દૃષ્ટિ, જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ પોતાનો મહાપદાર્થનું અસ્તિત્વ એ તરફની દૃષ્ટિ ન હોય તો રાગ મારો છે એમ માને છે. તો કાંઈ રાગ થઈ જાય છે? રાગ તો ક્ષણે... ક્ષણે... ક્ષણે... પલટે છે. જ્ઞાતા-દૃષ્ટા તો ત્રિકાળ એવો ને એવો રહે છે. સમજાણું કાંઈ?

કહે છે કે મારે પરની સાથે અસંપૃક્ત-બિલકુલ સંબંધ નથી. કોણ સમજાવે? કોણ સમજે? એમ કહે છે. ભગવાન શું બોલે? બાહ્ય ચેષ્ટાથી આત્મા છે એમ માને એ તો અજીવને જીવ માને છે. એ તો જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાનગમ્ય છે, જ્ઞાનમાં લીન છે. એ કોઈ શરીરમાં આવે છે કે આ વાણી નીકળે એ આત્માથી છે? બિલકુલ નહિ. છે એક દુનિયાએ પરદ્રવ્ય અને સ્વદ્રવ્યથી સંબંધ એવો માન્યો છે. આહા..હા..! મારે રાગની સાથે બિલકુલ સંબંધ નથી. સમજાણું કાંઈ? એવા અસંપૃક્ત સુવિશુદ્ધ હોય છે. **'સુવિશુદ્ધ હોય છે.'** પોતાની નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિમાં પરિણમન કરનાર છે. સમજાણું કાંઈ? સુવિશુદ્ધ. લો.

**'વળી, કર્તા, કરણ, કર્મ અને કર્મફળને આત્માપણે ભાવતો થકો...'** નિર્વિકારી પરિણામ, સમ્યગ્દર્શનના પરિણામનો કર્તા હું, સમ્યગ્દર્શનના પરિણામનું કાર્ય મારું, સમ્યગ્દર્શન પરિણામનું કરણ હું, સમ્યગ્દર્શનનું ફળ આનંદ હું—એવા ચારપણે **'ભાવતો થકો તે પુરુષ પર્યાયોથી સંકીર્ણ (-ખંડિત) થતો નથી;...'** જુઓ, અભેદ થઈ ગયો. અંતરદૃષ્ટિમાં નિર્મળ પર્યાયનો હું કર્તા, નિર્મળ પર્યાય મારું કાર્ય, નિર્મળ પર્યાય કરણ અને નિર્મળ પર્યાય ફળ આવું—એવો ભેદ પણ રહેતો નથી. **'કર્મફળને આત્માપણે ભાવતો થકો...'** જુઓ, એ ચાર પર્યાયો ભેદ છે એને આત્માપણે અભેદ—ભેદને નહિ ભાવતો થકો. સમ્યગ્દૃષ્ટિ ભેદને ભાવતા નથી. જુઓ, હો...હો.. ભલે હો. પોતાનું અભેદ ચિદાનંદસ્વરૂપ એની ભાવના અથવા એ તરફની એકાગ્રતા થાય છે. રાગ અને એ તરફની એકાગ્રતા થતી નથી. સમજાણું કાંઈ?

ઈન્દ્ર ૩૨ લાખ વિમાન અને અસંખ્ય દેવનો સ્વામી કહેવાય. એ તો બોલવા માટે છે. એ સ્વામી છે સહજાત્મસ્વરૂપનો. રાગનો સ્વામી નથી તો ઈન્દ્રાણીનો સ્વામી ને વિમાનનો સ્વામી આત્મા (ક્યાંથી હોય)? ઘીના ઘડાની પેઠે બોલવાની ચીજ છે. આવ્યું હતુંને? ઘીનો ઘડો. ઘીનો ઘડો છે તે માટીમય છે, ઘીમય નથી. ઘીનો ડબ્બો. હોય છેને ઘી? ઘીનો ડબ્બો

છે તે ડબ્બામય છે, પતરામય છે, પીત્તળમય છે, ઘીમય નથી. સમજાણું કાંઈ? કહેવામાત્ર છે. મારે રાગ સાથે સંબંધ છે જ નહિ. પોતાનું શુદ્ધ સ્વરૂપ પરદ્રવ્યથી ભિન્ન અને પોતાના કર્તાકર્મના ભેદથી પણ ભિન્ન. ભેદ પણ ભાસતો નથી એમ કહે છે જુઓ. '**કર્મફળને આત્માપણે ભાવતો થકો...**' એમ. છેને? જુઓ નીચે લખ્યું છે. '**સમ્યગ્દૃષ્ટિ જીવ ભેદોને નહિ ભાવતાં અભેદ આત્માને જ ભાવે છે—અનુભવે છે.**' એમાંથી કાઢ્યું. આત્માપણે ભાવતો. આત્માપણે જાણતો, આત્માપણે અનુભવતો. શું? પર રાગાદિ પરિણતિ તો નથી, પણ એ આનંદ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા પરથી પૃથક્ કરી સ્વ અનુભવ થયો, કર્તા હું, કર્મ હું, કાર્ય કરવામાં (કરણ હું), ફળ હું એમ આત્માપણે ભાવતો. ભેદપણે ભાવતો એમ નહિ. સમજાણું કાંઈ? એ ચાર ભેદપણે ભાવતો એમ નહિ. આત્માપણે ભાવતો. આહા..હા..! સમજાણું કાંઈ?

એટલે કે ધર્મીની ભાવના નિમિત્ત મેળવવું એ નહિ, રાગને મેળવવો એ નથી, નિમિત્તને છોડવું એ નથી, રાગને છોડવો એ નહિ, રાગરૂપ પરિણમવું નહિ. અને પોતાના જ્ઞાનંદસ્વભાવની સાથે સંબંધ કરીને કર્તા, કરણ ને કાર્ય ને ફળનો અનુભવ તે ચાર છે-એમ આત્માપણે ભાવતા. એટલે કે એ પર્યાયમાં ભેદ છે એ તરફનું લક્ષ નથી. અભેદ ભગવાન એકરૂપ છે. આત્માપણે કહ્યુંને? આત્માપણે ભાવતો. ચાર ભેદપણે ભાવતો નથી, આત્માપણે ભાવતો. ઝીણી વાત છે, ભાઈ! અંદરનો માર્ગ પરથી તદ્દન નિરાળો છે. સમજાણું કાંઈ?

'**આત્માપણે...**' સમજતો, જાણતો, ભાવતો, અભેદની એકાગ્રતા કરતો લ્યો! વસ્તુસ્વભાવ ચૈતન્ય અભેદ, પરથી તો ભિન્ન, પોતાની નિર્મળ પર્યાયના કર્તા, કર્મ, કરણ ફળ એનાથી પણ ભિન્ન એવો આત્મા, તેની સન્મુખ થઈને ભાવે છે. સમજાણું કાંઈ? '**તે પુરુષ પર્યાયોથી સંકીર્ણ (-ખંડિત) થતો નથી;...**' શું કહ્યું? પહેલામાં એમ કહ્યું હતું કે તે પુરુષ પરપરિણતિરૂપે થતો નથી. એમ કહ્યું હતુંને? રાગરૂપે થતો નથી. પહેલામાં એમ કહ્યું કે પરદ્રવ્ય નામ રાગરૂપે થતો નથી. બીજામાં એમ કહ્યું કે નિર્મળ પર્યાય તે પર્યાયના ભેદરૂપ થતો નથી. સમજાણું કાંઈ? કહો, શેઠી! શું કહ્યું પણ? આવો માર્ગ! ભાઈ! તું જ્યાં હોય ત્યાં તારો ધર્મ માર્ગ હોયને. જ્યાં તું હોય, તારું સ્વરૂપ હોય ત્યાં માર્ગ હોય. તું ન હોય ત્યાં માર્ગ કેમ હોય? કહે છે કે રાગાદિમાં તો તું નથી, તો તારો માર્ગ એમાં નથી. હવે એક સમયની પર્યાયના ભેદમાં ક્યાં આખો આત્મા આવી ગયો? સમજાણું કાંઈ? એક સમયની પર્યાયમાં આખો આત્મા ક્યાં આવ્યો? આત્મા તો અભેદ છે. ધર્મી અભેદ ઉપર દૃષ્ટિ રાખીને પોતાના આત્માની ભાવના કરે છે. પરની અને પર્યાયની ભાવના કરતો નથી. લ્યો, સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! આ વાત તો લોકોને એવી (લાગે). અજાણ્યાને એવું થાય કે આહા..હા..! આ શું છે? શું આ તે? પછું આવું જે નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય...

મુમુક્ષુ :- વ્યવહાર કીધુંને.

ઉત્તર :- વ્યવહાર-વ્યવહાર તો કરતો આવ્યો છે અનાદિથી. શું છે પણ હવે? આહા..હા..!

ભાઈ! તારી ચીજ છેને. ઘન. જ્ઞાનઘન છેને, ચૈતન્યબિંબ છેને. લોકાલોકથી પણ અનંતગુણા હોય તોપણ જાણી શકે એવો તારો જ્ઞાનસ્વભાવ પિંડ છે. સૌથી ઉપર. સૌથી ઉપર અને સૌથી ભિન્ન. સમજાણું કાંઈ? સૌથી ઉપર એટલે? પરથી જુદો. રાગ, શરીર, વાણી, મન પરથી જુદો અને પોતાના સ્વરૂપથી પરિપૂર્ણ. ભગવાન આત્મા એવી ભાવના કરનારને પરરૂપ પરિણતિ થતી નથી, પર્યાય ઉપર લક્ષ રહેતું નથી. '(-ખંડિત) **થતો નથી;...**' જુઓ, પર્યાયથી ખંડિત થતો નથી. કે નિર્મળ પર્યાયનો હું કર્તા અને નિર્મળ પર્યાય મારું કાર્ય, નિર્મળનું સાધન હું એકલો. એકલો હોં. સમ્યગ્દર્શનનું સાધન.. ક્ષાયિક સમકિત હોય તોપણ એનું સાધન હું એકલો. ભગવાનની સમીપ ક્ષાયિક સમકિત હતું તોપણ સાધનમાં હું એકલો જ હતો. ભગવાન હતા તો મને ક્ષાયિક સમકિત થયું એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! હજી તો વાત શું કહે છે? એક પંડિત આવ્યો હતો કહે, આ શું કહે છે? એવી વાત કરે છેને. કિશનગઢનો. કિશનગઢનો નહિ? ..ગઢનો. ઘણા વર્ષ થયા. આ મહારાજ શું વા (-હવા) સાથે વાત કરે છે? બોલે છે અને કહે કે આત્મા બોલી શકતો નથી. બોલે છે અને કહે બોલી શકે નહિ. શું કહે છે આ? પંડિત હતા પંડિત હોં! પછી બીજે દિવસે સાંભળ્યું. કાંઈક છે ખરું. ત્રીજા દિવસે સાંભળ્યું તો કહે, અરે! આ વાત તો બીજી લાગે છે. ભાઈ! કહેનારો તે આત્મા નથી, કહે તે આત્મા નથી, આ સાંભળે તે આત્મા નથી. આહા..હા..! ભારે! પંડિતજી! આ અપેક્ષા રાખીને સાંભળે તો સ્વભાવમાં કોઈની અપેક્ષા છે? ગજબ વાત છે, ભાઈ! આખો પરમેશ્વર છે. જેનો સ્વભાવ, જેનો સ્વભાવ અનંત-અનંત અમાપ આકાશ. કોઈ એક સેકન્ડમાં જાણી લે તોપણ એની જ્ઞાનની પરિમિતતા નથી હોતી, અપરિમિતતા રહે. પર્યાયમાં હોં! એવા ભગવાનના સ્વભાવમય મહાપદાર્થ, તે પદાર્થ કોને કહે? કોને સંભળાવે? ગોદિકાજી! કોઈ એમ કહે છે. આ વાત કહે છે અને વળી કહે, ભાઈ! વાણીમાં તું શું જોવે છો? વાણી થાય એને જોવે છે કે આત્મા એમાં આવે એને જોવે છે? સમજાણું કાંઈ? તો વાણીમાં સ્વપર વાર્તા કહેવાની તાકાત છે, આત્માની અપેક્ષા રાખ્યા વિના.

મુમુક્ષુ :- એકલો જ છેને. બીજા કોઈ નથી.

ઉત્તર :- બધા એકલા જ છે. સમજાણું કાંઈ? આત્માની અપેક્ષા રાખ્યા વિના વાણી પોતાથી નિર્મળ... એ પર્યાયમાં વાણીની પર્યાયમાં પોતાની સાથે તદ્રૂપ થઈને અને પરની સાથે અતદ્રૂપ થઈને સ્વપરની વાર્તા વાણી કહે છે. આત્મા નથી કહેતો. આત્મા શું કહે? આત્મા તો જ્ઞાનમૂર્તિ અંદર ગુપ્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એક માણસ ગુંગો હોય, બહેરો હોય, ગુંગો હોય. સમજાણું કાંઈ? આંધળો હોય. સાકર લ્યો સાકર. બોલો ગુંગાજી! કેવો સ્વાદ? કોને સંભળાવે? સમજાણું કાંઈ? એક નહોતો ભાઈ આવ્યો? એક છોકરો નહોતો આવ્યો? ઘણા વર્ષ પહેલાં એની મા લઈને આવી હતી બાર વર્ષનો છોકરો. બાર વર્ષનો. ભગવાનભાઈ! પહેલેથી આંધળો, પહેલેથી બહેરો, પહેલેથી મુંગો.

.. ઢોર જેવો. ઢોર પણ કાંઈક સમજે. સમજાણું કાંઈ? પશુ હોય છેને. અહીં એની મા લાવી હતી. એમ કે મહારાજના આશીર્વાદ મળી જાય તો કાંઈક થઈ જાય. બધા એમ આવેને ઘણા આશા લઈને. બહેરો, મુંગો અને આંધળો—ત્રણેય. જન્મ્યા પછી કાંઈ સાંભળ્યું નથી, જન્મ્યા પછી કાંઈ જોયું નથી, જન્મ્યા પછી કાંઈ બોલ્યો નથી. આહા..હા..! કપુરભાઈ! એને ભાષા વિના ઠીક નથી પડતું. ભાષા તો તારામાં છે નહિ. કેમ તને ઠીક ન પડે? હું ઉપદેશ દઉં તો મને ઠીક પડે. હું ઉપદેશ ન દઉં તો મને ઠીક પડે નહિ. ઉપદેશ કોણ દે? ભાષા તો ભાષા છે. એ આત્મામાં છે નહિ. આત્મા અરૂપી જ્ઞાનઘન છે, ગુપ્ત છે. એ ભાષાથી લઉં, ભાષાને જોવામાં આંધળો, પરને જોવામાં આંધળો, પોતાને જોવામાં એકાગ્ર. સમજાણું કાંઈ? પોતાની વાર્તા કહેવામાં પણ મુંગો. કોણ? આત્મા. પોતાની વાર્તા કહેવામાં મુંગો. એય..! બાબુજી! આહા..હા..! સમજાણું કાંઈ? પોતાની વાર્તા કહેવામાં પણ આત્મા મુંગો છે. આહા..હા..! જ્ઞાનમય છે. એને કોઈ શું વાર્તા કરે?

એવો હું આત્મા પરથી ભિન્ન એકલો છું અને મારી પર્યાયમાં પણ ભિન્નતા દેખાય છે તો હું ખંડિત નથી. હું તો અખંડ અભેદ ચૈતન્ય છું એનાથી ખંડિત નથી થતો. એવા આત્માને ભાવનારો પોતાના અભેદને જ ભાવે છે. નિમિત્તને નહિ, નિમિત્ત બનાવો, ... એવી ભાવના તો છે નહિ. રાગ બનાવો, રાગ બનાવો એવી ભાવના તો નથી. નિર્મળ પર્યાયના ભેદની ભાવના પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ અલૌકિક માર્ગ છે. 'હરિનો રે માર્ગ છે શૂરાનો, કાયરના નહિ કામ જોને. હરિનો રે માર્ગ છે શૂરાનો. પ્રભુનો રે માર્ગ છે શૂરાનો, એ કાયરના નહિ કામ જોને. પ્રથમ પહેલા મસ્તક મૂકી, વળતા લેવું નામ જોને.' એ શરીર પણ નહિ, રાગ પણ નહિ, બોલે કોણ? સાંભળે કોણ? હું તો આવો છું. આહા..હા..! એય..! વકીલ ન બોલી શકે? એટલો ભણ્યો છેને. ભગવાન! વકીલ એ આત્મા ક્યાં? બોલે એ આત્મા નહિ. બોલે એ બીજો. બોલે એ બીજો, આત્મા નહિ. બીજો સમજો છો? દૂસરા. બોલે એ બીજો. બીજો છે. આહા..હા..! લ્યો! બોલે એ બે ખાય. સમજાણું કાંઈ? શોભાલાલજી!

બે બ્રાહ્મણ હતા. કાકો-ભત્રીજો બે. તો ગામમાં ચડી ગયા નાના ગામમાં. તો .. બ્રાહ્મણ છે લોકો. લાડવા બનાવ્યા પાંચ. પાંચ લાડવા ચુરમાના જમવા માટે. પછી કહે ખાનાર બે છે. ખાવા કેમ? કાકો કહે બોલે એ બે ખાય અને ન બોલે એ ત્રણ ખાય. આહા..હા..! પછી આમ થઈ ગયો, ચુપ થઈ ગયો. લોકો કહે કે આ તો મરી ગયા લાગે છે. કાંઈ બોલતા નથી. નાખો ઠાઠડીમાં. ઠાઠડી સમજો છો? ઠાઠડી બાંધી. બાંધીને લઈ ગયા ઓલા.. સમવસરણ ભાઈ યાદ આવે છે. સ્મશાનમાં-સ્મશાનમાં. સ્મશાનમાં લઈ ગયા. ઓલો સ છેને સ. આહા..હા..! સ્મશાનમાં લઈ ગયા અને જ્યાં નાખ્યા માથે લાકડા. અને પાંચ જણા આવ્યા હતા એને ઉપાડીને. પાંચ જણા. તો એક બોલ્યો કાકો કે ઉઠ બે તારા અને ત્રણ મારા. અથવા બે

મારા અને ત્રણ તારા. બોલ્યો ત્રણ એ. બે મારા અને ત્રણ તારા. અરે! આ ભૂતડું થયું લાગે છે. સમજાણું કાંઈ? ઓલા પાંચ જણા આવ્યા હતા. બે મારા અને ત્રણ તારા. ખાવા માંડ. ઓલા લાડવાની વાત હતી પણ અહીં પાછા ઓલા પાંચ. ઓલા કહે, હવે ભાઈસાહેબ ભૂતડા આવશો નહિ. આહા..હા..! એમ બોલે એ બીજો. આત્મા નહિ. ભગવાન ચૈતન્યસ્વરૂપ... આહા..હા..!

જુઓ, અહીં તો શું કહે છે? પર્યાયથી ખંડિત થાય એ પણ બીજો. બોલે એ બીજો, પરપરિણતિ કરે એ બીજો અજીવ. આહા..હા..! સમજાણું કાંઈ? રાગરૂપ પરિણતિ કરે એ તો અજીવ. એ બીજો, જીવ નહિ. અહીં તો ભગવાન જીવસ્વભાવ અખંડ અભેદ એમાં પર્યાયનો ખંડ કરે એ પણ અજીવ, એ જીવ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ કહે છે જુઓ, ભાષા કેવી લીધી છે? **'આત્માપણે ભાવતો થકો...'** ચાર અંગમાં ભેદ ન કરતો, એકપણે ભાવતો એમ. અહીં એવો અર્થ છે. છે નીચે નોટમાં? બગડો છે નીચે જુઓ. **'સમ્યગ્દૃષ્ટિ જીવ ભેદોને નહિ ભાવતાં અભેદ આત્માને જ ભાવે છે—અનુભવે છે.'** આહા..હા..! **'અને તેથી પર્યાયો વડે સંકીર્ણ નહિ હોવાને લીધે...'** ઓલામાં પર વડે સંકીર્ણ નહિ થવાને લીધે, એમ હતું. સમજાણું કાંઈ? અહીં **'પર્યાયો વડે સંકીર્ણ નહિ હોવાને લીધે સુવિશુદ્ધ હોય છે.'** ઓહો..હો..!

અહીં તો એમ કહ્યું કે કોઈ શાસ્ત્ર ભણે તો આત્મા સમજાય એવી ચીજ નથી એમ કહે છે. પર્યાયનો ભેદ કરવો એ પણ નથી. આહા..હા..! એવી દૃષ્ટિ થયા વિના સાધુ થઈ જાય, વ્રતધારી થઈ જાય. દુઃખી થાય છે દુઃખી. સહનશક્તિ ન હોય તો ખેદ-ખેદ થઈ જાય. સમજાણું કાંઈ? સહજપણે અભેદ આનંદનો અનુભવ કરતાં-કરતાં અલ્પ રાગ રહી ગયો એ પણ પરરૂપ છે. એમ અંતરમાં એકાગ્ર થઈને વિશેષ અંતર ચારિત્ર પ્રગટ થયું તો નગ્નદશા એવી થઈ જાય છે. નગ્નદશા એમ થઈ જાય છે. પણ નગ્નદશા એકલી કરી અને રહી ગયો, અંદરમાં ભગવાનને નગ્ન કરવાનું રહી ગયું. ભેદની ભાવના છોડીને, રાગની પરિણતિ છોડીને એકલી ભાવના... એ તો મૂળ પુરુષ તો રહી ગયો. સમજાણું કાંઈ? આકરું કામ છે.

લ્યો! **'સુવિશુદ્ધ હોય છે.'** એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. એ સુવિશુદ્ધની પર્યાય. અભેદ ઉપર દૃષ્ટિથી એકરૂપ ચૈતન્યની ભાવનાથી પર્યાયમાં સુવિશુદ્ધતા. સુવિશુદ્ધ-ખાસ વિશુદ્ધતા પ્રગટ થાય છે એનું નામ ધર્મ અને મોક્ષમાર્ગ છે. કહો, પંચ મહાવ્રતનો વિકલ્પ ઉઠે એમ ન કહ્યું જુઓ. સુવિશુદ્ધ. સમજાણું કાંઈ? પહેલી તો હજી વાત સમજવી કઠણ પડે. શું કહે છે? માથું ફરી જાય. આહા..હા..! ઓલું તો સહેલુંસટ અપવાસ કરી નાખો. લાવો કરી નાખીએ આઠ અપવાસ, લાવો કરી નાખીએ લ્યો આઠ અપવાસ. અત્યારે તો બહુ ચાલે છે. આઠ-આઠ વર્ષનો છોકરો આઠ-આઠ અપવાસ કરે. પછી વખાણ થાય, ફોટા લે. ઓહો..હો..! મરી જાય આમ ને આમ. અરે! ભગવાન! તારી ચીજ તો ક્યાં છે? આહા..હા..!

અભેદની ભાવના છોડીને, નિમિત્ત ને રાગ આ લીધું ને મૂક્યું એવી ભાવના કરી એ તો મિથ્યાત્વભાવ છે. મિથ્યાત્વની પુષ્ટિ કરે છે અને માને છે કે અમને ધર્મ અને નિર્જરા થાય છે. કોણ કરે? અને એ બીજાથી સમજાય એવી ચીજ છે નહિ. સમજાણું કાંઈ?

'**(હવે શ્લોક દ્વારા આ જ આશયને વ્યક્ત કરતાં...**' વ્યક્ત નામ પ્રગટ. '**શુદ્ધનયનો મહિમા કરવામાં આવે છે :)**' શુદ્ધનય નામ વસ્તુ. શુદ્ધનય લીધું છે. પરંતુ નયનો વિષય એ શુદ્ધનય. અભેદ ચિદાનંદ. અભેદ કહ્યુંને છેલ્લે? અખંડ અભેદ ધ્રુવ તે શુદ્ધનયનો વિષય કહો કે શુદ્ધનય કહો એને. એને શુદ્ધનય કહો. એકલો આત્મા '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।**' ભૂતાર્થ ત્રિકાળ જ્ઞાયક અભેદ આત્મા તેને પરમાત્મા શુદ્ધનય કહે છે. નહિતર શુદ્ધનય તો જ્ઞાનનો એક અંશ છે. અને વિષય પરિપૂર્ણ અભેદ છે. એવો પણ ભેદ અહીં ન લેવો. સમજાણું કાંઈ? નિશ્ચયનયનો વિષય પરિપૂર્ણ, તો વિષય અને વિષયવાન બે ભેદ થઈ ગયા. નય વિષય કરનારો અને વિષય દ્રવ્ય બે થઈ ગયા. એમ નથી. સમજાણું કાંઈ? '**भूदत्थमस्सिदो खलु**' ૧૧મી ગાથા. ભૂતાર્થ-ભૂતાર્થ. મહા આનંદની ખાણ, જ્ઞાનનો ભંડાર. સમજાણું કાંઈ? એવો આત્મા પોતાથી જ પ્રગટ થાય છે. એની મહિમા કહે છે જુઓ. પાઠ. પ્રથમ .. લ્યો નીચે લેશે, નહિ?

द्रव्यान्तरव्यतिकरादपसारितात्मा
सामान्यमज्जितसमस्तविशेषजातः।
इत्येष शुद्धनय उद्धतमोहलक्ष्मी-
लुण्टाक उत्कटविवेकविविक्ततत्त्वः।।७।।

ઓહો..હો..! સમજાણું કાંઈ? નીચે.

'**જેણે અન્ય દ્રવ્યથી ભિન્નતા દ્વારા આત્માને એક બાજુ ખસેડ્યો છે...**' એ બાજુ ખસેડ્યો છે. ખસેડ્યો છે. 'ખસેડ્યું' છેને ગુજરાતી? ખસેડ્યો એટલે દૂર કર્યો. જેણે પોતાને રાગથી, પરથી ખસેડ્યો. એમાં હું નથી. સમજાણું કાંઈ? '**જેણે અન્ય દ્રવ્યથી ભિન્નતા દ્વારા...**' રાગાદિ, નિમિત્તાદિ પરદ્રવ્યથી જુદાપણા વડે '**આત્માને એક બાજુ ખસેડ્યો છે...**' અભેદ કરી દીધો છે દૃષ્ટિમાં. એક બાજુ ખસેડ્યો છે. '**(અર્થાત્ પરદ્રવ્યોથી અલગ દર્શાવ્યો છે)...**' શુદ્ધનય કહે છેને આ? શુદ્ધનયની વ્યાખ્યા છે. '**તથા જેણે સમસ્ત વિશેષોના સમૂહને સામાન્યની અંદર મગ્ન કર્યો છે...**' જેટલી સમસ્ત પર્યાયો છે એ દ્રવ્યની અંદર ડૂબી ગયેલા દર્શાવ્યા. ભેદ રહેતો નથી. નિર્મળ પર્યાયો સામાન્યમાં લીન થઈ ગઈ, ડૂબી ગઈ, અભેદ થઈ ગઈ. આહા..હા..!

'**—એવો જે આ, ઉદ્ધત મોહની લક્ષ્મીને લૂંટી લેનારો...**' કેવો છે શુદ્ધનય? જુઓ, શશીભાઈ! કેવી નહિ, એ કેવો? એમ કીધુંને? શુદ્ધનય કેવો? અથવા ભૂતાર્થ સ્વભાવભૂત જ્ઞાનનું લક્ષણ આવે છે એ નય અથવા વસ્તુ કેવી છે? **ઉદ્ધત મોહની લક્ષ્મી...**' મોહની

શોભા, મિથ્યાત્વની શોભા. બાદશાહી ગુણસ્થાન. મિથ્યાત્વની શોભા હતી અમારી. નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક બાદશાહ મિથ્યાત્વ. આહા..હા..! કહે છે '**સમસ્ત વિશેષોના સમૂહને સામાન્યની અંદર મગ્ન કર્યો છે—એવો જે આ, ઉદ્ધત મોહની લક્ષ્મી...**' ઉદ્ધત મોહની લક્ષ્મી. મોહે ઉદ્ધતપણું કર્યું હતું. તો એ તરફના લક્ષથી પોતાના આત્મા-પરમાત્માને ભૂલી ગયો હતો. સમજાણું કાંઈ? ઉદ્ધત. આ છોકરાને ઉદ્ધત નથી કહેતા? કોઈને ગણે નહિ. ઉદ્ધત-ઉદ્દંડ. ઉદ્દંડ કહે છે. કોઈને ગણે નહિ, કોઈને ગણે નહિ. બાપને પણ ત્રણ પેઢીનું સંભળાવી દે. એ બાપની સામે. જોયું છેને એક અહીં. નામ અપાય નહિ. સમજાણું? છોકરો એનો ગાળ દીધી એના બાપને. એનો બાપ અમલદાર મોટો હોં! અમલદાર મોટો. અમે અંદર હતા. એનો બાપ અમલદાર, મોટો વહીવટદાર. એનો દીકરો. ભૂંડાબોલી ગાળ. પોલીસને પકડો કહે. એમાં પણ પકડો કે પકડ. શું છે? એમ કરી એમાં ભૂંડું બોલ્યો. હાય! હાય! ફાટી ગયા કાન. એમ મોહલક્ષ્મી મહાઉદ્ધત છે. ભગવાન આત્માને ગણતો નથી, તિરસ્કાર કરે છે. તિરસ્કાર કરે છે. સમજાણું કાંઈ?

ઉદ્ધત અને મોહલક્ષ્મી. એની શોભા છે. એ એની શોભા. કઈ શોભા? રાગને પોતાનો માને એ એની શોભા છે. એ શોભા. શેઠી! લ્યો! એની ઋદ્ધિ છે એ. મોહની એ ઋદ્ધિ છે કે રાગને પોતાનો માને. એ કોઈને ગણે નહિ. પણ રાગ તારામાં છે જ નહિને અને મારામાં રાગ છે નહિ તો શું માને છે? માને છે. છે અમારામાં. છે નહિ તો કોને થાય? એવો મિથ્યાદષ્ટિનો મિથ્યાત્વ મોહ ઋદ્ધિને લૂંટનારો છે. એને લૂંટનારો આત્મદ્રવ્ય છે. શુદ્ધનય કહ્યુંને? આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્યાં અંતર્મુખ થઈને ચૈતન્યની સંભાળમાં જ્યાં ગયો તો એ ચૈતન્ય કેવી ચીજ છે? અથવા એ શુદ્ધનય કેવી ચીજ છે? એ ઉદ્ધત મોહની શોભા-ઋદ્ધિને લૂંટનારા છે, નાશ કરનાર છે. બહુ ઉદ્ધતને નાશ કરનાર છે કહે છે. આહા..હા..! કદી ગણ્યું જ નથી કે પરમાત્મા બિરાજે છે અંદર. ચૈતન્ય ભગવાન બિરાજે છે આત્મા. એણે કદી ગણ્યો જ નથી. હું પામર છું, હું ભિખારી છું, હું રંક છું, હું રાજા છું, મનુષ્ય છું, પૈસાવાળો છું. એવું ક્યાંથી મૂઢ લાવ્યો? ઉદ્ધતમોહ. હું આનંદકંદ છું, અભેદ છું એમ ન લાવીને આ શું લાવ્યો તું? શોભા બતાવે જુઓ, હું આટલો પૈસાવાળો માટે જુઓ મને. જુઓ મારા ઘરે મકાન. મકાનમાં મડદું હતું. જુઓ આટલું મારું મકાન. અહીં જાળી આ.. આ.. એ બતાવવા આવ્યો હતો તે દિ' મરી ગયો. ઓલો નહિ ખીમચંદ? રાજકોટમાં ફોટોગ્રાફી. ફોટોગ્રાફી. ૮૯ની સાલ. કેટલા વર્ષ થયા? ૩૬. એણે પહેલા મકાન બનાવ્યું ૬૦ હજારનું. ફોટોગ્રાફીમાં. ૬૦ હજારનું. એ વખતે ૬૦ હજાર હોં! ૩૬ વર્ષ પહેલાં ૬૦ હજારનું બનાવ્યું. મોટો ફોટોગ્રાફર હતો. અમે નદીને કાંઠે બહાર હતા. તો એ મરી ગયો એમ. એમ ખબર પડતાં પડતાં એનો મિત્ર હતો જૂનાગઢનો દિવાન આવ્યા હતા. બતાવ્યા હતા. પછી મળ્યા તો .. સૂઈ જાવ. સૂઈ જાવ. .. સૂઈ ગયા. મરી ગયા. સમજાણું કાંઈ?

અમે નદીને કાંઠે હતા. વનેચંદ હતા. આરોગ્યભવન. સંઘવીનું મકાન. અમે નીકળ્યા આમ માથે. માણસ મોટું. ગૃહસ્થ માણસ. આબરૂદાર ઘણા માણસ. આ સાટમ-સાટમ ઓઢાડી હતી ઠાઠડી ઉપર. સાટમ સમજો છો? સાટમને શું કહે છે? રેશમી કપડું ઉંચું. તો અમે આઘેથી ત્યાંથી જોતા હતા કે ઓહો..હો..! કોણ છે આ? કીધું. પછી તો એક આવ્યા હતા ગુલાબચંદ. એ મકાન બતાવતા-બતાવતા મરી ગયો. તારું મકાન ક્યાં હતું ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? અને બીજાએ કહ્યું એને, ભાઈ! આ મહારાજનો જોગ છે જુઓ. માણસ કેટલું ૩-૩ હજાર માણસ આવે છે. ત્યાં અમારે ચોમાસું હતુંને ૮૯માં. ૩-૩ હજાર માણસ. એ કહે સાચી વાત છે. હું એક-બેવાર મહારાજના દર્શન કરી આવ્યો છું, સાંભળી આવ્યો છું. પણ જ્યોતિષે કીધું છે. વૈદને શું ભાન હોય? જ્યોતિષે કીધું છે કે તારું ૮૪ વર્ષનું આયુષ્ય છે. ૪૮મું ચાલતું હતું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ૪૮મું ચાલતું હતું અને ૮૪ બતાવ્યું હતું.

ઉત્તર :- બતાવ્યું હતું અને ૪૮મું ચાલતું હતું. એટલે પછી લાભ લઈશું. શું કરું મારે આ.. એ થઈ ગયા ૪૮. આમ ચોગડો અને આઠડો ફરી ગયો. આઠ આમ અને ચાર.

મુમુક્ષુ :- ઉલટું થઈ ગયું.

ઉત્તર :- ઉલટું થઈ ગયું? આહા..હા..! એમ જ હતું. વૈદ શું કરે? આહા..હા..! અરે! મોહની લક્ષ્મીની શોભા તો જુઓ! એમ કહે છે. પણ એને લૂંટનારો ભગવાન આત્મા છે એમ કહે છે, નાશ કરનારો એમ કહે છે. આહા..હા..! એવો અવસર મળે, ટાણા થાય અને કહે હમણાં નહિ.. હમણાં નહિ... હમણાં નહિ પછી વાત. હમણાં નહિ પછી વાત. હમણાં નહિ તો એ હમણાં કે દિ' આવશે. અત્યારે નહિ... અત્યારે નહિ... અત્યારે નહિ... તો અત્યારે ક્યારે આવશે? કહો, ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- મોટા થાશું ત્યારે.

ઉત્તર :- પછી વાત કરીશું મોટા થઈએ ત્યારે. એ સાચી વાત. મારા બાપા ક્યાં નાના-નાના હતાને અહીં આવતા હતા? મોટા થયા પછી આવે છે. એમ કહે ઓલા. શું કરવા એમ કહે. તમે બાપા ૬૫-૭૦ આવ્યા હતાને. એટલા તો થવા દ્યો અમને. આરે! મોહની લક્ષ્મી એ એની શોભા. હવે એનાથી મોટી અધિકાઈ બતાવે. આમ તર્ક કરતા આવડે છે હોં. તમે ૬૫ વર્ષે આવ્યા છો કે નહિ મહારાજ પાસે? પછી નિવૃત્તિ લીધી છેને? બધા પૈસા-બૈસા રળીને ગયા ત્યારે. અમને એટલા તો થવા દ્યો. મરી જઈશ પણ એટલા થયા વિના. એવી મોહરૂપી લક્ષ્મી મિથ્યાત્વની શોભા. જુઓ, લૂંટનારો ભગવાન આત્મા છે. અરે! હું ચિદાનંદ આત્મા. મારી પાસે રાગ કેવો? વિકાર કેવો? ભેદ કેવો? હું તો અભેદ ચિદાનંદ સ્વરૂપ છું. સમજાણું કાંઈ? એવી દૃષ્ટિમાં લૂંટી લેનારો છે. '**लुण्टाक**' છેને? લૂંટનારો. એ મોહને તો લૂંટનારો છે. આહા..હા..! મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ. જે મિથ્યાત્વની શોભાથી મોહ

પડ્યો હતો તેને લૂંટનારો ભગવાન ચૈતન્યબિંબ જ્ઞાયક પરથી ભિન્ન, પર્યાયથી ખંડિત નથી, પરથી ભિન્ન, પર્યાયથી ખંડિત નથી. પરથી એ જુદો, અભેદ એકાકાર. એવી દૃષ્ટિ કરીને મોહને તો લૂંટનારો આત્મા છે. બધું લૂંટી લે છે. સમજાણું કાંઈ? કેટલાક કહે છે કે લૂંટારા એટલે? માણસ એવો હોયને ચોર તો ઘરેણું બધું લઈ લે, કપડા પણ લઈ લે. સમજાણું કાંઈ?

એક ચોરી થઈ હતી ઘણા વર્ષ પહેલા. સ્ટેશન ઉપર. એક આદમી નીકળ્યો તો એ ચોરે બધું લઈ લીધું અને કપડા પણ લઈ લીધા. હવે જાવું ક્યાં? કપડા લઈ લીધા. ધોતી ને બધું લઈ લીધું માળાએ. હાય.. હાય.. અહીંયા બન્યો હતો બનાવ સ્ટેશન જતા. બધું તો લઈ લીધું પણ ધોતી પણ લઈ લીધી. પણ ધોતી તો હશે રૂપિયા, બે રૂપિયાની લાવને હવે. ચોરીને શું કરીશ? લૂંટારો એક ચોર. હવે બિચારો બેસી રહ્યો આમ ને આમ. કોઈ નીકળે તો કહેને ભાઈ કપડું એક આપો. કપડું એક આપો. મારે ગામમાં જાવું છે. ઘણા વર્ષની વાત છે. આ તો લૂંટારો એક રાગનો અંશ ન રહેવા દે એમ કહે છે. બધું નાગા કરી દે. સમજાણું કાંઈ? રાગનો એક અંશ તીર્થંકર ગોત્ર બાંધે એ તારો કે નહિ? ચાલ ચાલ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધ બિંબ એવી અંતર અભેદ દૃષ્ટિ થઈ કહે છે કે મોહનો તો લૂંટનારો એ છે. ભગવાન મોહને રાખનારો તો નહિ. રાખનારો નહિ, રક્ષા કરનારો નહિ, પણ લૂંટનારો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શુદ્ધનય. એમાં '**ઉત્કટ વિવેક વડે...**' જુઓ, '**ઉત્કટ વિવેક વડે...**' ઉગ્ર વિવેક વડે. રાગથી ભિન્ન, ભેદથી ભિન્ન. ઉત્કટ વિવેક વડે ભેદજ્ઞાન. '**તત્ત્વને (આત્મસ્વરૂપને) વિવિક્ત કર્યું છે.**' લ્યો! શુદ્ધ એકલું અલગ. તદ્દન ગોળો ભિન્ન. નાળિયેરમાં ગોળો હોય છેને? નાળિયેર સમજો છોને? શ્રીફળ. ગોળો છૂટો થઈ જાય છેને. કાચલીની સાથે સંબંધ નથી. રાતડની સાથે સંબંધ નથી ખરેખર તો. .. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા કર્મની કાચલીની સાથે સંબંધ નથી. કાચલી સમજો છોને? કઠણ હોય છે. નાળિયેરમાં કઠણ. લાલ છાલ પણ ઓલી પાતળી હોય છેને કઠણ શ્રીફળમાં. આ ઉપરની છાલ છે. એની ઉપર હોય છેને છાલ? આઠ કર્મ કાચલી છે અને પુણ્ય-પાપ વિકાર એ લાલપ-મેલ છે. બધાને નાશ કરી દીધા. મારામાં કાંઈ છે જ નહિ. '**ઉત્કટ વિવેક વડે તત્ત્વને વિવિક્ત કર્યું છે.**' પરથી ભિન્ન પાડી દીધો. સમજાણું કાંઈ? એવો શુદ્ધનય અથવા ભગવાન અભેદસ્વરૂપની દૃષ્ટિ કરનારા બધું લૂંટી લ્યે. જાવ દુશ્મનો! બધું લૂંટી લીધું તમારું. નાશ થઈ જાવ. એક પણ સંતાન તારો રહે નહિ. જુઓ, સમજાણું કાંઈ? તારું સંતાન ચાલે એમ નથી. .. મારું સંતાન ચાલે. સમજાણું કાંઈ?

'**(હવે શુદ્ધનય વડે શુદ્ધ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરનાર આત્માનો મહિમા શ્લોક દ્વારા કરી, દ્રવ્યસામાન્યના વર્ણનની પૂર્ણાહુતિ કરવામાં આવે છે :)**' લો. સામાન્યનું

વર્ણન આવ્યું ને? ૩૨૬. ૮ ઔર ૨૬ ૩૪ હુઆ.

इत्युच्छेदात्परपरिणतेः कर्तृकर्मादिभेद-
भ्रान्तिध्वंसादपि च सुचिराल्लब्धशुद्धात्मतत्त्वः।
सञ्चिन्मात्रे महसि विशदे मूर्च्छितश्चेतनोऽयं
स्थास्यत्युद्यत्सहजमहिमा सर्वदा मुक्त एव।।८।।

એનો અર્થ. '**એ રીતે પરપરિણતિના ઉચ્છેદ દ્વારા...**' શું કહે છે? કર્મ અને શરીરાદિની અને રાગાદિની પરિણતિથી ભિન્ન. પરદ્રવ્ય પરિણતિ. એ પરદ્રવ્ય પરિણતિ છે, રાગાદિ વિકલ્પાદિ પરદ્રવ્ય પરિણતિ છે. પોતાની પરિણતિ નથી. એમ '**પરપરિણતિના ઉચ્છેદ દ્વારા...**' આહા..હા..! હવે પુણ્ય-પાપનો વિકલ્પ પર્યાયમાં થાય છે એને પરપરિણતિ કહે છે. પોતાની પરિણતિ નથી. એવો ચિદાનંદ ભગવાન, જ્ઞાનનો પુંજ, પરપરિણતિનો તેમજ નાશ દ્વારા.. કહેશે. ઉચ્છેદ દ્વારા કીધુંને? જુઓ. '**પરપરિણતિના ઉચ્છેદ દ્વારા...**' નાશ કર્યો. પોતાના અભેદસ્વભાવની દૃષ્ટિ કરવાથી રાગરૂપ તો પરિણતિ થઈ નથી, રાગનો છેદ કરી દીધો. છેદ કરી દીધો-નાશ કરી દીધો. નાશ દ્વારા લ્યો ઠીક!

'**તેમ જ કર્તા, કર્મ વગેરે ભેદો હોવાની જે ભ્રાંતિ તેના પણ નાશ દ્વારા...**' લ્યો. હું કર્તા, હું કર્મ એવા ભેદનો પણ નાશ. ભેદ કેવો વસ્તુમાં? વસ્તુ તો અભેદ છે. કર્તા, કાર્ય, કરણ, ફળ '**વગેરે ભેદો હોવાની જે ભ્રાંતિ...**' જુઓ, ભેદ હોવાની ભ્રાંતિ. ભેદની ભ્રાંતિ. ભગવાન અભેદ ચિદાનંદસ્વરૂપમાં ભેદ ક્યાંથી આવ્યો? ઓહો..હો..! અભેદ અખંડાનંદ પ્રભુ એમાં, કહે છે કે કર્તા, કર્મ અને એવો ભેદ ક્યાંથી આવ્યો? ભેદની ભ્રાંતિ છે તને. સમજાણું કાંઈ? ભેદની ભ્રાંતિ એના પણ નાશ વડે. બેયનો. ઓલાનો ઉચ્છેદ, આનો ભ્રાંતિનો નાશ. '**આખરે જેણે શુદ્ધ આત્મતત્ત્વને ઉપલબ્ધ કર્યું છે—**' રાગની પરિણતિથી ભિન્ન થઈને નાશ કરી દીધો. રાગની પરિણતિનો નાશ કર્યો. કથની પદ્ધતિ તો એવી આવેને. નહિતર કહે કે રાગનો નાશ કરવો એ પણ નામમાત્ર આત્મામાં છે એમ આવે છે. પણ સમજાવવાની શૈલીમાં જ્ઞાનપ્રધાનમાં એમ આવે છે. સમજાણું કાંઈ? નહિતર રાગનો નાશ કરવો એ આત્મામાં છે જ નહિ. આવ્યું છે? ૩૪ ગાથા. સમયસાર ૩૪ ગાથા. રાગ અને વિકલ્પનો અને મિથ્યાત્વનો આત્મા નાશ કરે એવો પરમાર્થે નાશનો કર્તા આત્મા છે જ નહિ. ઓહો..હો..! કેમ કરે? છે જ નહિને નાશ કેમ કરે? પોતાના શુદ્ધ સ્વરૂપથી કદી હટ્યો જ નથી. કોનો નાશ કરે? કાં તો વ્યય કરે, કાં તો ઉત્પાદ કરે. ઉત્પાદ-વ્યયથી તો ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? રાગ, પુણ્ય-પાપના ભાવનો નાશ કરે. તો નાશ કોણ કરે? નાશનો કર્તા આત્મા છે? નામમાત્ર કર્તા કહેવામાં આવે છે. જ્ઞાયકસ્વભાવ છે. જ્ઞાયકસ્વભાવ છે તો રાગ ગ્રહણ નહોતો કર્યો. ગ્રહણ નથી કર્યો તો છોડ્યો ક્યાંથી? એ તો ઉત્પન્ન ન થયો, તેને અહીં નાશ કર્યો એમ કહેવામાં આવે છે. શબ્દ શું કરે? શબ્દની શૈલી એવી ભાષા ..

**'આત્મતત્ત્વને ઉપલબ્ધ કર્યું છે—'** લ્યો! જેણે ભ્રાંતિનો નાશ કર્યો, પરપરિણતિનો નાશ કર્યો. એ વડે પોતાના શુદ્ધ આત્મતત્ત્વને પામ્યો. **'એવો આ આત્મા, ચૈતન્યમાત્રરૂપ વિશદ (નિર્મળ) તેજમાં લીન રહ્યો થકો,...'** જુઓ. આહા..હા..! ચૈતન્યમાત્રરૂપ વિશદ. ચૈતન્યમાત્રરૂપ વિશદ. આ આત્મા અને ચૈતન્યમાત્ર વિશદ. **'(નિર્મળ) તેજમાં લીન રહ્યો થકો...'** એ આત્મા દ્રવ્ય લીધો, ચૈતન્યમાત્ર એનો સ્વભાવ લીધો. આત્મા પોતાના દ્રવ્યમાં ચૈતન્યમાત્ર સ્વભાવમાં લીન રહ્યો થકો. **'પોતાના સહજ (સ્વાભાવિક) મહિમાના પ્રકાશમાનપણે સર્વદા મુક્ત જ રહેશે.'** એ મુક્ત જ છે. પર્યાયથી મુક્તિ થઈ. સમ્યગ્દર્શનમાં પણ મુક્ત થયો. મુક્ત રહેશે એવો ને એવો. સમજાણું કાંઈ? બહુ સરસ. પ્રકાશ, મહિમાના પ્રકાશમાં સર્વદા મુક્ત જ રહેશે. પૂર્ણ મુક્તિ કહો કોઈને. ખરેખર તો પર્યાયની મુક્તિ થાય છે અને બંધ પણ પર્યાય છે. વસ્તુની દૃષ્ટિમાં તો બંધ-મુક્ત છે જ નહિ. એવો આત્મા સદા બિરાજમાન રહે છે. આ એનું નામ આત્મા કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૬, ગુરુવાર, તા. ૨૩.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૭૨, શ્લોક-૯, પ્રવચન-૧૩૫**

પ્રવચનસાર. ૧૨૬નો છેલ્લો શ્લોક છે. **'હવે શ્લોક દ્વારા નવા વિષયનું—દ્રવ્યવિશેષના વર્ણનનું—સૂચન કરવામાં આવે છે :'** ઉપોદ્‌ઘાત છે.

द्रव्यसामान्यविज्ञाननिम्नं कृत्वेति मानसम्।
तद्विशेषपरिज्ञानप्राग्भारः क्रियतेऽधुना।।९।।

'એ રીતે...' ઉપર કહ્યુંને? **'દ્રવ્યસામાન્યના જ્ઞાનથી મનને ગંભીર કરીને,...'** જુઓ, છ દ્રવ્યની વ્યાખ્યા અથવા દ્રવ્ય સામાન્યની વ્યાખ્યા અત્યાર સુધીમાં ઘણીવાર કરી. તેને **'જ્ઞાનથી મનને ગંભીર કરીને, હવે...'** દ્રવ્ય ગંભીર કરીને એનો અર્થ શું? જ્ઞાન એટલું હોય તો ધીરજ કરીને. નવું જ્ઞાન ઉપાર્જવા માટે લક્ષ કરે છે એમ કહે છે. **'હવે દ્રવ્યવિશેષના પરિજ્ઞાનનો પ્રારંભ કરવામાં આવે છે.'** વિસ્તારપૂર્વક જ્ઞાનનો પ્રારંભ કરવામાં આવે છે. લ્યો! એ ૧૨૬ ગાથા **'(શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસાર શાસ્ત્રની**

**શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત તત્ત્વદીપિકા નામની ટીકામાં જ્ઞેયતત્ત્વપ્રજ્ઞાપનને વિષે દ્રવ્યસામાન્યપ્રજ્ઞાપન સમાપ્ત થયું.'**

૧૭૨ ગાથા. શિષ્યનો પ્રશ્ન છે. 'હવે ત્યારે જીવનું, શરીરાદિ...' મનનું, વચનનું, કરવું, કરાવવું, અનુમોદન આત્મામાં છે જ નહિ. એમ કહ્યું. સમજાણું કાંઈ? એ ૮૬ ગાથાથી ચાલે છે અમારે. શરીર, વાણી, મન એનો આત્મા કર્તા નથી, કરાવનાર નથી, સંમત નથી, અનુમોદન કરનારો નથી. સમજાણું કાંઈ? એ તો એને કારણે થાય છે, જડને કારણે. આત્મા એનો કર્તા, કરણ અથવા કારણ પણ નથી. શરીર, વાણી, મનની જે ક્રિયા થાય છે એનો આત્મા કારણ પણ નથી. સમજાણું કાંઈ? નિમિત્તકારણ ખરું કે નહિ? કે કારણ જ નથી. ત્યાં શું કહેવાય? નિષેધ કરી દીધો છે. પોપટભાઈ! વાણીનું કારણ નથી આત્મા. નિમિત્ત કારણ વિના વાણી બને છે? નિમિત્ત વિના શરીર ચાલે છે? કહે હા. શરીર, વાણી અને મન ના અહં કર્તા, ન અહં કરાવતા. અનુમોદનાર-હું એનો પ્રયોજક નથી. એવો આત્મા શરીર, વાણી, મનની વ્યવસ્થામાં આમ થાય.. આમ થાય.. એવો હું પ્રયોજક, જોડનારો અથવા એની વ્યવસ્થા કરનારો હું નથી. શોભાલાલજી! કોનો? આ શરીર, મન, વાણીનો. તો આ ધંધાની વ્યવસ્થા કરનાર તો છે કે નહિ? લ્યો! ઘરે બેસજો. કાનપુર જાવ તો પૈસા મળે. ઘરે બેસવાથી પૈસા મળે?

મુમુક્ષુ :- પૈસા જ કે દિ' મળે?

ઉત્તર :- લે. ભાઈ! ઘણા પૈસા લેવા જાય છે ત્યાં. અહીં કહે છે કે આત્મા પરની વ્યવસ્થાનો કરનાર તો નથી, પણ શરીર, વાણી, મનની વ્યવસ્થા કરનાર પણ નથી. સમજાણું કાંઈ? આમ આંખ ઉંચી-નીચી થવી, આંખથી જોવું, કાનથી આમ આમ કરવું—એવી વ્યવસ્થાનું કારણ આત્મા છે જ નહિ.

મુમુક્ષુ :- સાંભળે મુનિનું કથન.. સમજે કે દિ'?

ઉત્તર :- સાંભળવાથી આત્મા જણાતો જ નથી. સમજાણું કાંઈ? એનું જ્ઞાન સાંભળવાથી થતું નથી અને એને સાંભળવાથી જ્ઞાન થતું નથી. ગોદિકાજી! એ જ વિશેષ આવશે પછી. આપ કહો છો, ભગવાન! શિષ્ય પૂછે છે જુઓ. એવી સંધિ કરી છેને અમૃતચંદ્રાચાર્યે? મહારાજ! શરીર, વાણી, પુદ્ગલ એકઠા થયા આમ સાફસુફ કરે છે, સાબુથી પાલીશ કરે છે. સમજાણું કાંઈ? કાનમાં મેલ હોય તો કાઢી નાખે છે, સાફ કરે, નાકમાંથી આમ છીંક ખાય, બળખા હોય તો કાઢી નાખે છે. કહે છે કે નહિ. એનું કારણ આત્મા છે જ નહિ. આ શ્વાસ ચાલે છે એનો આત્મા કર્તા, કરાવતા, અનુમોદનાર અને કારણ છે જ નહિ. ઓહો..હો..! શું મહેન્દ્રજી! શું છે શેઠી!

મુમુક્ષુ :- ગળે નથી ઉતરતું.

ઉત્તર :- ગળે ન ઉતરે તો કાંઈ વાંધો નહિ. ગળે નથી ઉતરતું. ગળું તો પોતામાં છે

જ નહિ. જ્ઞાનમાં ઉતારવું જોઈએ. ગળાની કાંઈ જરૂર નથી. ગળું તો ચાલે છે. ગળામાં આમ થવું કે આમ થવું એ ક્રિયાનું કારણ આત્મા છે જ નહિ. છે? આહા..હા..! જુઓ, પૂછો ગોદિકાને ઓલું થયું હતું ત્યારે. એ વખતે તો સરખું રાખવાનું ધ્યાન નથી રાખતા. કાંઈ નથી ચાલતું. એની ક્રિયા જડની પોતાથી થાય છે. એમાં આત્મા બિલકુલ કારણ નથી. ભાઈ! આજે ખાવા-પીવાનો ખ્યાલ ન રાખ્યો તો આમ થયું. નિર્દોષ સ્વચ્છ પથ્ય આહાર લીધો હોત તો આમ ન થાત. આ વાતમાં કાંઈ માલ નથી. આહા..હા..! એવી વાત પહેલા ખૂબ ચાલી છે. ૧૬૦ ગાથાથી. પછી આ ૧૭૨ ગાથામાં શિષ્ય પ્રશ્ન કરે છે કે તમે બધું કાઢી નાખ્યું તો આત્મા છે કોણ? એવો આત્મા તે કોણ છે? આ બધું થાય છે તો એનું કારણ નથી. થાય છે એનું કારણ પણ નથી. તો છે કોણ?

'**હવે ત્યારે જીવનું, શરીરાદિ સર્વ પરદ્રવ્યોથી...**' જુઓ, શરીર આદિ લીધુંને શરીરથી માંડીને. શરીર, વાણી, મન, ખાવું, પીવું બધી ક્રિયા હોં! ખાવા-પીવાની બધી ક્રિયા. '**સર્વ પરદ્રવ્યોથી વિભાગના સાધનભૂત,...**' પરદ્રવ્યથી ભિન્નના કારણભૂત-સાધનભૂત. '**અસાધારણ સ્વલક્ષણ શું છે...**' અસાધારણ પોતાનું સ્વલક્ષણ શું છે? એવો શિષ્યે પ્રશ્ન કર્યો લ્યો! ઓહો..હો..! આત્મા ખાતો-પીતો નથી? તો કોણ ખાય? જડને જડ ખાય? કોઈ ખાય નહિ. સાંભળ તો ખરો. સમજાણું કાંઈ? માર ખાધો, લ્યો એમ નથી કહેતા? બગાસું ખાધું, છીંક ખાધી. એમ આવે છે કે નહિ? શું ખાધું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. નહિ. એવું માર ખાય એ નહિ. એ તો અંદરમાં રાગ ખાધો. રાગની એકતા કરી. આ માર ખાધો એમ નથી કહેતા? એણે બહુ માર ખાધો ચોરે. કોણ માર ખાય? શરીર એનું નથી, મારવાવાળાની જે લાકડી છે એ શરીરને અડતી નથી તો માર ખાય કોણ? શેઠી! ગળે નથી ઉતરતું એમ નહિ, જ્ઞાનમાં ઉતારવું.

'**શરીરાદિ સર્વ પરદ્રવ્યોથી...**' કાંઈ બાકી રાખ્યું? જુઓ, શબ્દ શું પડ્યો છે? પોતા સિવાય એક કર્મનું રજકણ, પરમાણુ, દાળ, ભાત, રોટલી, શરીર, કરણ, કર્મ, કારણ, મન, વાણી, દેહ. સમજાણું કાંઈ? તો સર્વદ્રવ્ય. પોતાના આત્માથી પર સર્વદ્રવ્ય. '**વિભાગના...**' એની ભિન્નતા. આત્મા ને પરદ્રવ્યની ભિન્નતા. જુદાઈના સાધનભૂત-કારણભૂત અસાધારણ લક્ષણ જ્યારે એમાં જ હો. બીજામાં હોય નહિ. એવું '**સ્વલક્ષણ શું છે...**' પોતાનું લક્ષણ શું છે કે જેનાથી આત્મા જણાય? '**તે કહે છે :—**' લ્યો! ૧૭૨ ગાથા.

**अरसमरूवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं।**
**जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं।।१७२।।**

એ ૪૯ ગાથામાં આવી ગયું હતું. સમયસાર. આવી ગયુંને? એ ગાથા જ છે. આ ગાથા. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ અને ધવલ. ધવલમાં પણ

છે. આ ગાથા બધામાં છે. લખી છે. સમજાણુ કાંઈ? લ્યો હવે એની એ છેને? ૧૭૨.

**છે ચેતનાગુણ, ગંધ-રૂપ-રસ-શબ્દ-વ્યક્તિ ન જીવને,**
**વળી લિંગગ્રહણથી નથી અને સંસ્થાન ભાખ્યું ન તેહને. ૧૭૨.**

આહા..હા..! હરિગીત છે પાછળ. અન્વયાર્થ-પહેલા શબ્દાર્થ. '**જીવને અરસ,...**' એમાં રસ નથી. એ આપણે ૪૯ ગાથામાં આવી ગયું. પણ આ બીજી ઢબથી લે છે. અલિંગગ્રહણમાં ટૂંકું ત્યાં થયું. અહીંયા અલિંગગ્રહણના ૨૦ બોલ લેશે. રસરહિત છે, '**અરૂપ,...**' છે. ભગવાનમાં રૂપ નથી, ગંધ નથી, અગંધ છે, '**અવ્યક્ત,...**' છે. સ્પર્શ નથી. આ તો અવ્યક્ત અને સ્પર્શ નથી એમ બે લેવું. '**ચેતનાગુણવાળો,...**' છે. જાણવું... જાણવું... જાણવું... જાણવું... દેખવું એવા ગુણસહિત છે. એનાથી રહિત છે, આનાથી સહિત છે. રસગુણથી રહિત છે, ચેતનાગુણસહિત છે. જુઓ, અસ્તિ-નાસ્તિ કરી. '**અશબ્દ,...**' છે. આત્મામાં શબ્દ નથી. આત્મા શબ્દ બોલતો નથી. સમજાણું કાંઈ? શબ્દનું કારણ પણ નથી. એ પરમાણુમાં લીધું છે. પરમાણુ એકને?

મુમુક્ષુ :- એનું કારણ છે.

ઉત્તર :- કારણ કહ્યું છે. છેને. પરમાણુમાં શબ્દ નથી, પણ શબ્દનું કારણ એમ ત્યાં કહ્યું છે પંચાસ્તિકાયમાં. સમજાણું કાંઈ? શું કહ્યું? કોણ? પરમાણુ એક પોઈન્ટ રજકણ એ શબ્દ નથી. શબ્દ તો અનંત પરમાણુની પર્યાય છે. એક પરમાણુ શબ્દ નથી, પણ શબ્દનું કારણ છે. આત્મા તો શબ્દરહિત છ અને શબ્દનું કારણ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શું છે? શેઠી! '**અલિંગગ્રહણ (લિંગથી બાહ્ય)...**' બહારના કોઈપણ ચિહ્ન દ્વારા નહિ જણાવાયોગ્ય એવો આત્મા છે. ઓહો..હો..! એના ૨૦ બોલ લેશે. '**અને જેને કોઈ સંસ્થાન કહ્યું નથી...**' કોઈ આકાર નથી કહ્યો એમ જાણો. આચાર્ય કહે '**जाणहि**' જાણો.

હવે '**ટીકા :- આત્મા...**' રસની વ્યાખ્યા કરે છે. '(૧) **રસગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...**' શું કહે છે? આત્મામાં ખાટો-મીઠો આદિ જે રસ છે. એ રસગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી... સ્વભાવવાળો હોવાથી. સમજાણું? '**આત્માને પુદ્‌ગલદ્રવ્યથી વિભાગના સાધનભૂત...**' છે. અરસ છેને? તો અરસનું પુદ્‌ગલના '**રસગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...**' હોવાથી કરતા-કરતા ક્યાં લઈ ગયા જુઓ, '**સર્વ સંસ્થાનના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...**' હોવાથી પાછળ આવે છે. પાંચમા આંકડા પછી. '**આત્માને પુદ્‌ગલદ્રવ્યથી વિભાગના સાધનભૂત...**' કોણ? આ '**अरसम्**'. '**अरसम्**' છેને? એ '**अरसम्**' '**પુદ્‌ગલદ્રવ્યથી વિભાગના સાધનભૂત...**' '**अरसम्**' આદિ. અસંસાર.. નીચે છે. શું કહ્યું સમજાણું?

ભગવાન આત્મા '**રસગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...**' હોવાથી શું થયું? કે આત્માને પુદ્‌ગલદ્રવ્યથી વિભાગના સાધનભૂત છે. અરસપણું આત્માને પુદ્‌ગલદ્રવ્યથી

વિભાગના સાધનભૂત છે. સમજાણું કાંઈ? રસ છેને ખાટો-મીઠો? એ આત્મામાં નથી. આવા અરસ હોવાથી અરસપણું પુદ્ગલદ્રવ્યથી ભિન્નતાનું કારણ છે. રસ નથી તો અરસપણું પુદ્ગલદ્રવ્યના અભાવરૂપ આત્મા છે. છે નીચે જુઓ, સાત આંકડા છે એમાં. હોવાથી જુઓ, અહીંયા હોવાથી છે, પછી સાતમામાં હોવાથી છે. પછી સાત ન લેવું. આત્માને **'અરસપણું, અરૂપપણું, અગંધપણું, અવ્યક્તપણું, અશબ્દપણું, અલિંગગ્રાહ્યપણું અને અસંસ્થાનપણું છે.'** એ પુદ્ગલદ્રવ્યના વિભાગના સાધનભૂત અરસપણું આદિ છે. સમજાણું કાંઈ? છે કે નહિ એમાં? તો આ બોલ્યા એ પ્રમાણે કોણ બોલે? બોલો આવડે છે કે નહિ આ? શું કહ્યું?

અરસપણું... અભાવરૂપ સ્વભાવવાળો આત્મા હોવાથી એ અરસપણું આત્મામાં નથી. રસગુણના અભાવરૂપ સ્વભાવવાળો આત્મા હોવાથી એ અરસપણું, પુદ્ગલદ્રવ્યનું ભિન્નપણાના સાધનભૂત અરસપણું આત્મામાં છે. આત્મામાં અરસપણું છે. આત્મામાં અરસપણું છે. છે એમાં. આત્મામાં અરસપણું છે. તો અરસપણું પુદ્ગલદ્રવ્યથી ભિન્ન પાડવાનું સાધન છે. છે એમાં? એમાં છે. ક્યાં છે? વાંચો. પછી બોલાવો બધાયને. સાત આંકડા નીચે પછી તદ્દન.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ... નહિ... નહિ... એ લાદીમાં કરો અહીં ન ચાલે. પહેલો સાતડો. પહેલા સાત છે કે નહિ? એ. એ બરાબર નક્કી કરવું. સમજાણું કાંઈ? શેઠિયા બધાને .. ક્યાંથી ક્યાં? એય..! શેઠી! શું કહ્યું જુઓ.

**'અરસપણું,...' 'રસગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...'** અરસપણું એમ લેવું જુઓ. અરસ છે એમાં જુઓ, **'अरसम्'** એમ. **'રસગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...'** નીચે પછી લીટી કેટલી બે, ત્રણ, ચાર, પાંચ, છ અને સાતમી. અરસપણું એ આત્માને.. નહિ ઉપર. .. છઠ્ઠી લીટી. **'આત્માને પુદ્ગલદ્રવ્યથી વિભાગના સાધનભૂત (૧) અરસપણું,...'** છે. પુદ્ગલદ્રવ્યથી ભિન્ન કરવાનું અરસપણું સાધન છે. હવે આ તો સીધી-સાદી વાત છે. એમાં શું છે? બોલવું પડે તો કઠણ પડે. કહે છે કે રસગુણ... આત્મા, ખાટો-મીઠો આદિ જે રસગુણ છે એનો અભાવ-સ્વભાવ હોવાથી **'अरसम्'** પુદ્ગલદ્રવ્યથી આત્માને ભિન્ન પાડવાનું સાધન છે. અરસપણું પુદ્ગલથી ભિન્ન પાડવાનું સાધન છે. કેમકે એ રસગુણ એમાં છે નહિ. સમજાણું કાંઈ?

પહેલા અરસ લીધો. જુઓ. આત્માનો આનંદરસ છે એમાં જડ રસગુણનો તો અભાવ છે. ખાટો-મીઠો રસ આત્માને લાગે છે કે નહિ? કેમ સવારમાં આંબલી કે લીંબુ ખાટા હોય,એક-એક લીંબુના પાણી નથી પીતા? આત્માને ખાટો લાગે છે કે નહિ? આત્માને ખાટાનું જ્ઞાન થાય છે કે આ ખાટું છે. પણ આત્મા નક્કી કોણ કરે છે કે આ ખાટો છે. તો ખાટાના સ્પર્શ વિના ખાટાનો નિર્ણય કરે? ખાટાને સ્પર્શ વિના? ખાટો રસ રાખો દૂર. આ ખાટો,

આ ખાટો. ક્યાંથી ખાટો નક્કી કર્યો તેં? વાત એવી છે. સ્પર્શે કોને? આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, ભગવાન કેવા છે એવી આ ગાથા બહુ ઊંચી છે. એક વાત.

'(૨) **રૂપગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...**' રૂપગુણ. એમાં કાળા-ધોળા સુંદરતા કાંઈ છે નહિ. એવા રૂપગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી અરૂપત્વ, અરૂપત્વપણું, અરૂપત્વપણું, એમ. ત્યાં અરસ લીધો છેને? તો આ અરૂપત્વપણું, આત્માને પુદ્‌ગલદ્રવ્યથી વિભાગનું સાધન છે. સમજાણું કાંઈ? ત્રીજો બોલ. '(૩) **ગંધગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...**' ગંધગુણ જે છે સુગંધ, દુર્ગંધ, આ ફૂલઝાડ ને. સમજાણું કાંઈ? '**ગંધગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...**' ગંધત્વ, અગંધત્વ, અગંધત્વ એવો પુદ્‌ગલરૂપથી ભિન્ન સાધનપણું છે. અગંધપણું પુદ્‌ગલથી ભિન્ન સાધનપણું છે. સમજાણું કાંઈ? હજી આજ તો વાંચીને ન આવ્યા હોય. આજ કીધું છેને. પછી હવે વાંચશે ઘરે. આજે કઈ ગાથા શરૂ કરવાની છે એ કોઈ કહ્યું નહોતું એટલે વાંચ્યું ન હોય. વાંચીને આવે તો પણ ઝટ પકડાય નહિ. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

'**ગંધગુણના અભાવરૂપ સ્વભાવવાળો...**' ભગવાન આત્મા અગંધત્વને કારણે આત્મા અગંધત્વને કારણે... ગંધગુણના અભાવ સ્વભાવવાળો અને અગંધત્વને કારણે પુદ્‌ગલથી ભિન્ન થવાનું સાધન છે. અગંધપણું પુદ્‌ગલથી ભિન્ન થવાનું સાધન છે. છેને એમાં? સમજાણું કાંઈ? અને '(૪) **સ્પર્શગુણ વ્યક્તતાના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...**' એ અવ્યક્તનો અર્થ એવો કર્યો અહીંયા. ઓલું ત્યાં અવ્યક્તનું બીજું કહ્યું હતું ૪૯મી ગાથામાં. થોડું સ્પર્શ રહી ગયુંને? તો હવે સ્પર્શપણું સ્પષ્ટ કર્યું. સ્પર્શગુણરૂપ. સમજાણું કાંઈ? સ્પર્શ છેને? ઠંડું, ઉનું, સુંવાળું, કર્કશ, ભારે, હળવું એવા સ્પર્શગુણના અભાવસ્વભાવરૂપ આત્મા હોવાથી અસ્પર્શત્વગુણ, અસ્પર્શત્વગુણ અથવા અવ્યક્તતા ગુણ પુદ્‌ગલથી ભિન્ન કરવાના સાધનભૂત છે. અસ્પર્શત્વ અથવા અવ્યક્તત્વ પુદ્‌ગલથી ભિન્ન કરવાનું સાધન છે. નથી એમાં? શું છે? .. નથી આવી ઠીક. કહો, સમજાણું કાંઈ?

પછી. '(૫) **શબ્દપર્યાયના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...**' જુઓ, એ પર્યાય છે. ગુણ નથી. ઓલા ચાર ગુણ હતા. રસ, રૂપ, ગંધ અને સ્પર્શ એ તો ગુણ લીધા હતા. આ શબ્દ પર્યાય છે. અનંત પરમાણુની પર્યાય ધ્વનિ ઉઠે છે. શબ્દ. સમજાણું કાંઈ? '**પર્યાયના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...**' અશબ્દત્વ, અશબ્દત્વ. આત્મામાં અશબ્દત્વ છે તે પુદ્‌ગલથી ભિન્ન કરવાનું સાધન છે. હવે એ મોટી તકરાર ચાલે છે. શું ભગવાનની વાણી નથી? ભગવાન બોલતા નથી? ભગવાનની વાણી કારણ નહિ? ભગવાન વાણીનું કારણ નથી. તો પહેલા એમ લઈ લીધું. એ મોટી તકરાર કરે છે રતનચંદજી. નહિ. એ આવ્યું છે ખાણિયા ચર્ચામાં ભાઈ! ખાણિયા ચર્ચામાં. શબ્દ ભગવાનની વાણી છે. ભગવાનના કે કારણે શબ્દમાં પ્રમાણતા આવે છે. શબ્દમાં પ્રમાણતા ભગવાનને કારણે આવે છે. પરને કારણે શબ્દની

પ્રમાણતા શબ્દમાં આવે છે. એ વિના શબ્દ... બીજા બોલેને. પરમાણુમાં.. ભગવાન જે સર્વજ્ઞપદ છે એની સાથે એ વાણી નીકળે તો વાણીમાં પ્રમાણતા ભગવાનને કારણે આવે છે. એય..! શિખરચંદજી! શું? શું કહ્યું?

મુમુક્ષુ :- વ્યવહારથી

ઉત્તર :- છે જ નહિ પણ એ વ્યવહાર. શબ્દની પર્યાયમાં આત્મા કારણ છે જ નહિ. પહેલા, નીચેની દશામાં કારણ નથી તો સર્વજ્ઞ કારણ છે એમ વાત નથી. એ તો પહેલા આવી ગયું છે. સમજાણું? ૧૬૦ છેને ૧૬૦ જુઓ. ૧૬૦. એ પાનું નીકળ્યું લ્યો. જુઓ ૧૬૦ ગાથા છે. ૧૬૦.

**णाहं देहो ण मणो ण चेव वाणी ण कारणं तेसिं।**

**कत्ता ण ण कारयिदा अणुमंता णेव कत्तीणं।।१६०।।**

છાપવામાં ભૂલ થઈ ગઈ છે. આમાં કેમ થઈ ગયું? ભૂલ થઈ ગઈ.

૧૬૦ ગાથા. '**ण चेव वाणी**' અહીં તો આપણે એ લેવું છે. '**कत्ता ण ण कारयिदा अणुमंता णेव कत्तीणं**' જુઓ, સમજાણું કાંઈ? કારણ નથી. હું કારણ નથી.

મુમુક્ષુ :- .. કર્તા નથી, કરાવનારો નથી.

ઉત્તર :- નહિ. કારણ નથી. પણ કોઈનું કરે કોણ? ચારેયનો નિષેધ છે. સર્વથા નિષેધ છે જુઓ. ત્રણેય પરદ્રવ્ય છે, પુદ્ગલ ... જુઓ. પુદ્ગલદ્રવ્ય અનેક પરમાણુનો પિંડ છે. નીચે છે. અહીંયા ઠીક. '**તેમના કારણપણાનો પક્ષપાત છોડીને હું આ અત્યંત મધ્યસ્થ છું.**' જુઓ, પહેલાથી લઈ લીધું. ૧૬૦. ૧૬૦ છેને? '**શરીર, વાણી અને મનને હું પરદ્રવ્યપણે સમજું છું; તેથી તેમનાં પ્રત્યે મને કાંઈ પણ પક્ષપાત નથી,** (તે) **બધાંય પ્રત્યે હું અત્યંત મધ્યસ્થ છું.**' '**ખરેખર હું શરીર, વાણી અને મનના સ્વરૂપના આધારભૂત એવું અચેતનદ્રવ્ય નથી;...**' એમ. '**હું સ્વરૂપ-આધાર વિના પણ (અર્થાત્ હું તેમના સ્વરૂપનો આધાર હોયા વિના પણ) તેઓ ખરેખર પોતાના સ્વરૂપને ધારે છે.**' લ્યો! મારા સ્વરૂપના અવલંબન અને આધાર વિના પણ શરીર, વાણી અને મનનું પરિણમન થાય છે. છે? જુઓ, '**ખરેખર હું શરીર, વાણી અને મનના સ્વરૂપના આધારભૂત એવું અચેતનદ્રવ્ય નથી; હું સ્વરૂપ-આધાર વિના પણ (અર્થાત્ હું તેમના સ્વરૂપનો આધાર હોયા વિના પણ) તેઓ ખરેખર પોતાના સ્વરૂપને ધારે છે.**' વાણી એના સ્વરૂપને ધારણ કરે છે મારા આધાર વિના, મારી અપેક્ષા વિના. હું આત્મા સર્વજ્ઞ થયો કે જ્ઞાન, મતિ-શ્રુત થયો એવી અપેક્ષા રાખ્યા વિના વાણી પોતાને આધારે ઉત્પન્ન થાય છે, આત્માને આધારે નહિ. આહા..હા..! મોટી તકરાર. એમ કહે. ભગવાનની વાણી? એ તો નિમિત્તથી કથન છે. ભગવાનની વાણી? વાણી કેવી? ભગવાનની જડ વાણી? ભગવાનની વાણી છે તો ભગવાન જડ? જડની વાણી છે. આહા..હા..! એક જણો કહે અરર! ભગવાનની

વાણીને જડની કહે છે, જીભ નહિ મળે. ભગવાન જીભ જ આત્મામાં નથી તો મળે ક્યાંથી? આહા..હા..! શેઠી!

મુમુક્ષુ :- એ તો જુદું કહે.

ઉત્તર :- એ ભલેને જુદું કહે. એક સાધુ હતાને. ઘણા વર્ષ પહેલાની વાત નથી? એક સાધુ હતા. તો સાધુને વંદન ન કરે. સાધુપણું નથીને. આ સ્થાનકવાસીમાં પણ સાધુપણું છે જ ક્યાં? તો એ સાધુ નથી. કોઈ ગૃહસ્થ હતો. એને વંદન નહોતા કરતા. એણે જોયું કે વંદન નથી કરતા. બેસી ગયા. કોણ છે એ? ચરમશરીરી છે. એમ કહ્યું. ચરમશરીરી છે? ઠીક એ સમજ્યો કે મને છેલ્લું શરીર હોય, આ કહે ચરમશરીરી છે. હવે તને શરીર નહિ મળે, એકેન્દ્રિયમાં જઈશ .. એય..! તમારા સુંદરવોરાના અપાસરે. પગે ન લાગ્યા એટલે આમ નજર ગઈ. એને કેટલાક નહોતા લાગતા એવો ખ્યાલ હતો. ઓલો એક અમુલખ હતો અમુલખ? અમુલખ ને? અમુલખ નહિ ઓલા? ઓલી દેવી આવતી હતી નહિ ઉંટ દેવી. એનો બનેવી. મલુકચંદ. મલુકચંદ. મલુકચંદ. એ મલુકચંદ સાધુને નહોતા માનતા. આ ગુલાબચંદભાઈને. મલુકચંદ. એ ૭૦-૭૧ની વાત છે. ૭૦-૭૧ની વાત છે. પછી આમ જોવે. હવે પગે કોણ લાગે એના ઉપર નજર રાખવી. અને પગે કોઈ ન લાગે એટલે (કહે) કોણ છે એ? ચરમશરીરી છે કોઈ? એટલે ચરમશરીર સમજાણું? છેલ્લું શરીર. ત્યારે ઓલો જાણે કે છેલ્લું શરીર છે? એટલે કે છેલ્લું શરીર છે, હવે એકેન્દ્રિયમાં જશે એમ. એવી ભાષા કરે. ઓહો..હો..! તને વંદન કરે કે ન કરે એનાથી શું કામ છે? સમજાણું કાંઈ?

અહીં તો કે છે કે વાણી જે છે એ મારા સ્વરૂપ આધાર વિના શરીર અહીં રહે છે. હું આત્મા છું તો આ ગળું ટટ્ટાર રહે છે એમ નથી એમ કહે છે. ટટ્ટાર સમજ્યા? આત્મા નીકળી જાય તો પડી જાય મડદું (થઈ જાય) એમ આત્મા છે તો આમ કડક રહે છે. નીકળી જાય તો નીચે પડી જાય છે. અહીં કહે છે કે એ રહે છે એ મારા આધાર વિના રહે છે. મારા કારણે કડક રહે છે એમ છે જ નહિ. આહા..હા..!

**'તેઓ ખરેખર પોતાના સ્વરૂપને ધારે છે.'** હું શરીર, વાણી, મનનો પક્ષપાત છોડીને અત્યંત મધ્યસ્થ છું. લ્યો ઠીક! અચેતનદ્રવ્ય નથી. **'હું શરીર, વાણી અને મનના આધારભૂત એવું અચેતનદ્રવ્ય નથી; હું કારણ વિના...'** જુઓ, **'હું કારણ વિના પણ તેઓ ખરેખર કારણવાળાં છે.'** વાણી કારણવાળી છે. મારા કારણ સિવાય એ પોતાને કારણે વાણી નીકળે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ કર્તા. એમ લઈ લેવું. એ ... પ્રયોજક એટલે કર્તા, કરાવતા. ખરેખર અનુમોદન કરનાર હું નહિ. લ્યો! આહા..હા..! પ્રયોજક નથી. મારી વ્યવસ્થા હોય તો યોજના કરું વાણીની. કેમકે જગતમાં જડની ક્યાં ખામી છે? તો સત્યવાણી બોલોને. જૂઠું શું કામ બોલો છો?

મુમુક્ષુ :- એમ શાસ્ત્રમાં આવે છે.

ઉત્તર :- હા એ કહું છુંને. એ આવ્યું છેને. આવે છેને. એ આજ કેમ કહ્યું? એ તો બધી વાણી. કોણ વાણી કહે? આહા..!

અહીં તો કહે છે કે આ શરીર અને વાણી અને મન એ ત્રણે જડ છે. તો જડને કરનાર, કરાવનારો હું છું જ નથી. હું તો ચિદાનંદ, જ્ઞાતા-દૃષ્ટા આત્મા છું. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા સચ્ચિદાનંદ જ્ઞાનાનંદ મૂર્તિ અતીન્દ્રિય આનંદકંદ હું છું. વાણીનો કર્તા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અને શબ્દપર્યાય જે થાય છે. આ તો જડ છે. એ શબ્દપર્યાયનો હું કર્તા નથી, કરાવનાર નથી, સંમત નથી અને હું પ્રયોજક નથી. વાણી તો જડ છે. જડની પર્યાયમાં હું ચેતન ક્યાંથી આવ્યો? ભગવાન ચૈતન્ય તો વાણીથી ભિન્ન ચિદાનંદ, સચ્ચિદાનંદ, જ્ઞાનાનંદની મૂર્તિ છે. આહા..હા..! બહુ અભિમાન કરેને. હું આમ બોલું. સમજાણું કાંઈ? ધીમેથી બોલવું, જોરથી બોલવું. કૈલાસચંદજી બોલતા હતાને પહેલા? કોણ બોલે? ભગવાન! તું તો ચૈતન્યમૂર્તિ આનંદકંદ છેને? શું વાણીમાં તું પ્રવેશ કરે છે? વાણી તો જડ છે, અજીવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે અભિમાન જગતને.

કહે છે કે '**શબ્દપર્યાયના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...**' સ્પર્શગુણનો એમાં અભાવ છે. ઓલી શબ્દપર્યાયનો અભાવ છે. ભગવાન જ્ઞાનાનંદમૂર્તિ સત્... સત્... સત્... સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદનો પિંડ છે. આહા..હા..! પોતાને ખબર નથી હું કોણ છું? અને બીજાની પંચાત કરવા જાય. સમજાણું કાંઈ? આવ્યુંને તમારે ભજનમાં આવ્યું હતુંને? 'આપા નહીં જાના તુને કૈસે જ્ઞાન ધારી રે, આપા નહીં જાના.' આત્મા સચ્ચિદાનંદ જ્ઞાનાનંદ મૂર્તિ અતીન્દ્રિય આનંદરસ છે. એની તો ખબર નથી. કેવો તું જ્ઞાનધારી? 'આપા નહીં જાના તુને કૈસે ધર્મ ધારી રે' ધર્મનો ધારી. ધર્મ કર્યો. ધૂળમાંય ધર્મ નથી, સાંભળ તો ખરો. તારી ચીજ શું છે અને તારામાં શું છે એની તો તને ખબર નથી. દૌલતરામજીનું ભજન છે. દૌલતરામજીનું. સમજાણું કાંઈ?

'**શબ્દપર્યાયના અભાવરૂપ સ્વભાવવાળો...**' ભગવાન આત્મા છે. અવાજ ઉઠે છે એ તો જડનો છે. લોકો નથી કહેતા? શ્વાસ પણ તારો સગો નથી. એમ નથી કહેતા? અમારે કાઠિયાવાડમાં બોલે છે. શ્વાસ પણ તારો સગો નથી. કેમકે શ્વાસ ચાલતો હોય અને રોકાઈ જાય તો એને ચલાવી દો. જડમાં તારી શક્તિ હોય તો. અહીં નાભીથી શ્વાસ જ્યારે બંધ થઈ જશે. દેહ છૂટવાને કાળે નાભીથી છૂટી જાશે. ખ્યાલ આવશે કે શ્વાસે એનું સ્થાન, ઘર છોડી દીધું એમ બોલે છે આપણે. શ્વાસે એનું સ્થાન છોડી દીધું છે. આત્માએ છોડી દીધું છે? શેઠ! શું કહે છેને? તમારામાં પણ કાંઈક કહેતા હશે? શ્વાસ છેને શ્વાસ? એનું ઘર-સ્થાન અહીં છેને? ... સ્થાન છોડી દીધું એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એમ બોલે છે. અમારે અહીં શ્વાસે સ્થાન છોડી દીધું. આમ હોય છે

નાભીથી અહીંયા. એ તો જડ છે. એ તો પરમાણુ જડ માટીની દશા છે. શું શ્વાસ તારે લઈને ચાલે છે અને શ્વાસ તારો રોક્યો રોકાય છે? તો ખ્યાલ આવી જાય મરણનો કે હવે શ્વાસ અહીંથી ખસી ગયો. તો ચલાવી દો, શ્વાસને નીચે લાવી દો. નાભીમાં લાવી દો. ધૂળમાંય લાવી શકે નહિ. તું તો જ્ઞાનાનંદ, જ્ઞાનસ્વરૂપ ચૈતન્યમૂર્તિ છો. આહા..હા..! સમજાણું કાંઈ?

**'શબ્દપર્યાયના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...'** **'પુદ્‌ગલદ્રવ્ય વિભાગથી સાધનભૂત...'**ના છે. એ તો. એ શબ્દની પર્યાયથી ભગવાન ભિન્ન છે. એવો આનંદકંદ છે. એ શબ્દપર્યાયરહિત અશબ્દત્વ, અશબ્દત્વ એ પુદ્‌ગલદ્રવ્યથી ભિન્નતાનું કારણ છે. અશબ્દત્વ. શબ્દત્વ નથી માટે, શબ્દપર્યાયનો અભાવ છે માટે અશબ્દત્વ પુદ્‌ગલદ્રવ્યથી ભિન્ન થવાનું સાધન છે. સમજાણું કાંઈ? સાતમો બોલ. **'તે બધાંને કારણે (અર્થાત્ રસ-રૂપ-ગંધ વગેરેના અભાવરૂપ સ્વભાવને કારણે) લિંગ વડે અગ્રાહ્ય હોવાથી...'** ચિહ્ન વડે તો ગ્રાહ્ય થતો નથી. સમજાણું? અલિંગ શબ્દ પડ્યો છેને વચ્ચે? એવો થોડો અર્થ કર્યો. વિશેષ તો ઘણું આવશે. **'રસ-રૂપ-ગંધ વગેરેના અભાવરૂપ સ્વભઆવને કારણે લિંગ વડે અગ્રાહ્ય હોવાથી...'** એ વાત.

**'અને (૭) સર્વ સંસ્થાનોના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...'** આકાર પણ ક્યાં છે? આ શરીરનો આકાર એમાં છે? આ તો માટીનો આકાર છે. આહા..હા..! ખબર નથી પોતે બાદશાહ ચૈતન્ય કોણ છે અંદર. આ તો શરીરનો જડનો માટીનો આકાર છે, ધૂળનો છે. 'ખોરી ખોરીને બાળશે રે જેમ...' આવે છેને? ભજનમાં આવે છે ભજનમાં. 'લોઢું ગાળે લુહાર રે, પ્રાણીયા ભજી લેને કિરતાર.' બધી વાતું ગાયન. વસ્તુ શું તેનું ભાન ન મળે. રાગડા તાણે. સમજાણું કાંઈ? 'પ્રાણીયા ભજી લેને કિરતાર, આ તો સત્‌નો છે સંસાર.' એમ કહે. 'ખોરી ખોરીને બાળશે જેમ તને લોઢું ગાળે લુહાર રે પ્રાણીયા.' વાંસડા વાંસડા વડે નથી બાળતા? ગળી જાય, આ પગ નીચે પડી જાય. આ સાંધાથી તૂટીને નીચે પગ પડી જાય. બાળનારા વાંસડો કરી વળી પગ નાખે અગ્નિમાં. ઓલા હાથ અહીંથી ખડી જાય. પણ આ તો જડ છે તો ખડે જ ને, બળે જ ને. જુદું પડે. એક દ્રવ્ય નથી, આ અનંત દ્રવ્ય છે. આ તો અનંત પરમાણુનું પિંડ શરીર છે. આત્મા છે નહિ. આહા..હા..!

કહે છે કે **'અભાવરૂપ સ્વભાવને કારણે લિંગ વડે અગ્રાહ્ય હોવાથી અને (૭) સર્વ સંસ્થાનોના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...'** લ્યો! **'આત્માને પુદ્‌ગલદ્રવ્યથી વિભાગના સાધનભૂત...'** લ્યો! કોણ? નહિ.. નહિ.. કહીને હવે હકાર કરે છે. **'(૧) અરસપણું,...'** આત્મામાં અરસપણું છે, રસપણું નથી. તો અરસપણું પુદ્‌ગલદ્રવ્યથી ભિન્ન સાધન છે. **'અરૂપપણું,...'** અરૂપી ભગવાન આત્મા છે. રૂપ તો છે જ નહિ એમાં. કાળો, રાતો, લીલો રંગ એ તો જડનો છે. આત્મા તો અરૂપી છે. એમાં રૂપ છે? છે જ નહિ.

અને '**અગંધપણું,...**' અગંધપણાને કારણે એમાં ગંધ છે નહિ. સુગંધ-દુર્ગંધ તો જડની છે. આત્મામાં ગંધ કેવી? અને '**અવ્યક્તપણું,...**' અસ્પર્શ છે. અસ્પર્શપણાને કારણે, '**અશબ્દપણું, અલિંગગ્રહણપણું...**' લ્યો! '**અને અસંસ્થાનપણું છે.**' એ કારણે પુદ્‌ગલ. હવે બસ આ એક બોલ આવ્યો. પુદ્‌ગલદ્રવ્યથી ભિન્નપણાનું સાધન અરસપણું, અગંધપણું, અવ્યક્ત, અશબ્દપણું વગેરે પરથી ભિન્ન પડવાનું સાધન એટલું લીધું.

હવે '**પુદ્‌ગલ તેમજ અપુદ્‌ગલ એવાં સમસ્ત અજીવદ્રવ્યોથી વિભાગનું સાધન...**' જુઓ હવે. હવે તો રાગ, દયા, દાન, ભક્તિ જે ઉઠે છેને અંદરમાં? શુભ-અશુભભાવ એ પણ વિકાર રાગ છે. એ આત્મા નથી. આહા..હા..! એ તો સચ્ચિદાનંદ મૂર્તિ આત્મા છે. સત્‌-શાશ્વત જ્ઞાન અને આનંદ. પુણ્ય-પાપનો વિકલ્પ રાગ છે જ નહિ. ભાઈ! ઓલું પહેલા જડથી ભિન્ન પડવાનું સાધન કહ્યું, હવે પુદ્‌ગલ અને અપુદ્‌ગલ બધું. અપુદ્‌ગલ એટલે ધર્માસ્તિ આદિ, વિકલ્પ આદિ એ બધું. '**સમસ્ત અજીવદ્રવ્યોથી વિભાગ...**' નામ ભિન્નનું સાધન તો '**ચેતનાગુણમયપણું છે;...**' ચેતનાગુણમય, ભગવાન તો જાણવા-દેખવામય સ્વભાવ છે. જ્ઞાતા-દ્રષ્ટા ભગવાન આત્મા છે. જેની આંખમાં જ્ઞાન અને દર્શન ભર્યું છે. આહા..હા..! કહો, રતિભાઈ! આ શું છે? આ ડાહ્યા માણસ બધી વ્યવસ્થા કરે, કામ કરતા હશે. હુશિયાર હશે ત્યારે કે નહિ? આહા..હા..!

ભગવાન! તારી ચીજ જડથી તો ભિન્ન છે, પણ તારી ચીજ રાગ અને પુણ્ય અને વિકલ્પના ભેદથી પણ ભિન્ન છે, ભાઈ! એવી ચીજનો અનુભવ કરવો એનું નામ ધર્મ અને સમ્યગ્દર્શન છે. એ વિના જન્મ-મરણ કદી મટશે નહિ. ચોર્યાસીના અવતાર ઘોદા ખાઈને મરી જાય. રાજા થાય તો ભિખારી થાય અને ભિખારી થાય તો રાજા મરીને નરક, નિગોદમાં જાય. આત્મા પરથી ભિન્ન એવો અનુભવ અને દૃષ્ટિ ન થાય ત્યાં સુધી સંયોગભાવ છૂટતા નથી.

'**ચેતનાગુણમયપણું છે;...**' જુઓ ભાષા! ભગવાન આત્મા જાણવું ગુણમય, ગુણમય અભેદ હોં. ચેતનાગુણવાળો એમ નથી. કેટલું કહ્યું સમજાણું? ચેતનાગુણવાળો નહિ. એ તો ભેદ થઈ ગયો. ચેતનાગુણમય. ચેતનાગુણસ્વરૂપ. ચેતનાગુણસ્વરૂપ જ આત્મા છે. ચેતનાગુણવાળો નહિ. ચેતનાગુણવાળો તો વ્યવહાર થઈ ગયો. તો આત્મા ચેતનાગુણવાળો નહિ, ચેતનાગુણમય. સમજાણું કાંઈ? ભગવાન એકલા જ્ઞાન, જાણવા-દેખવામય સ્વભાવમય હોવાથી પરથી તદ્દન રાગથી, પુણ્યથી, પાપથી, પરથી તદ્દન ભિન્ન છે. ઓહો..હો..! '**અને તે જ, માત્ર સ્વજીવદ્રવ્યાશ્રિત હોવાથી...**' જુઓ! '**અને તે જ, માત્ર સ્વજીવદ્રવ્યાશ્રિત...**' પોતાનું દ્રવ્ય પાછું હોં. બીજો જીવ બીજો ભિન્ન રહ્યો. બીજા આત્માનો બીજો. આ તો સ્વજીવદ્રવ્ય એમ કહ્યુંને? પોતાનું સ્વજીવદ્રવ્ય એને આશ્રિત હોવાથી. કોણ? ચેતનામયગુણ. ચેતના જાણવું-દેખવું, જાણવું-દેખવું, જાણવું-દેખવું બેહદ સ્વભાવ. એવો લક્ષણવાળો હોવાથી સ્વજીવદ્રવ્યાશ્રિત

હોવાથી **'સ્વલક્ષણપણું ધરતું થકું,...'** સ્વજીવ પોતાનું જીવદ્રવ્ય એને આશ્રિત ચૈતન્યમય હોવાથી તે સ્વલક્ષણપણું ધરતું થકું. ચેતના જે પોતાનું લક્ષણ છે તેને ધારણ કરતો થકો આત્મા.

**'આત્માનો શેષ અન્યદ્રવ્યોથી વિભાગ સાધે છે.'** લ્યો! ભગવાન આત્માનો... ઓહો..હો..! પુણ્ય-પાપનો વિકલ્પ ઉઠે છે એનાથી પણ ભિન્ન છે. સમજાણું કાંઈ? ભારે! પોતાની પુંજીમાં માલ શું છે એની ખબર નથી. જડની પુંજી સંભાળે. એટલા લાખ થયા. લાખ-લાખ-રાખ. પાંચ લાખ થયા, દશ લાખ થયા, વીસ લાખ થયા, પચ્ચીસ લાખ, પચાસ લાખ.

મુમુક્ષુ :- ધર્મી...

ઉત્તર :- કોઈ રાજ કરતું નથી. ધર્મી રાજ ક્યાંથી કરે? રાગમાં ધર્મી નથી તો રાજમાં ક્યાંથી આવ્યા? રાગમાં ધર્મી નથી તો રાજમાં ક્યાંથી આવ્યા? શેઠ! ગોદિકાજી! આહા..હા..! ભગવાન તો રાગરહિત અખંડાનંદ, સચ્ચિદાનંદ. સચ્ચિદાનંદમાં શું આવ્યું? રાગ આવ્યો? પુણ્ય આવ્યું? સત્-શાશ્વત જ્ઞાન અને આનંદમય છે એ તો. એમાં રાગ ન આવ્યો? પણ ભાન થયું તો ભાનમાં છે એ તો. ધર્મી પોતાના જ્ઞાતા-દૃષ્ટામાં છે. ધર્મી રાગમાં, દયામાં, દાનમાં, વિકલ્પમાં-પરમાં છે નહિ. એમ કહે છે. આહા..હા..! વ્યવહારથી મુક્ત છે. આવ્યું છેને બંધ અધિકારમાં? દયા, દાન ભક્તિ આદિનો વિકલ્પ ઉઠે છે એ કોઈ ચૈતન્યમય નથી. ચૈતન્યમય નથી. ચૈતન્યનું ભાન થયું તો એમાં એ નથી. રાગથી પણ ભિન્નપણું છે. એ તો કહ્યુંને પહેલા? એ તો પુદ્‌ગલથી પણ ભિન્ન. પુદ્‌ગલથી ભિન્ન, અપુદ્‌ગલ રાગાદિથી પણ ભિન્ન છે. અરે! એ આત્મા કેવો છે એણે સાંભળ્યો નથી. સાંભળે નહિ, સમજે નહિ અને વિચાર કરે નહિ ને ધર્મ થઈ જશે. ધૂળમાં ધર્મ છે બહારમાં? સમજાણું કાંઈ? **'માત્ર સ્વજીવદ્રવ્યાશ્રિત હોવાથી...'** ઓલામાં હોવાથી આવ્યું હતુંને સ્વભાવ હોવાથી પુદ્‌ગલદ્રવ્યના વિભાગનું કારણ. આ હોવાથી **'સ્વલલક્ષણપણું ધરતું થકું...'** એમ. જાણવું-દેખવું એવો સ્વભાવ પોતાનો છે. તેને ધારણ કરતો થકો. **'આત્માનો શેષ અન્યદ્રવ્યોથી વિભાગ સાધે છે.'** કહો, સમજમેં આયા?

હવે અલિંગગ્રહણ. **'અલિંગગ્રાહ્ય એમ કહેવાનું છે ત્યાં જ અલિંગગ્રહણ એમ કહ્યું છે તે ઘણાં અર્થોની પ્રતિપત્તિ (પ્રાપ્તિ પ્રતિપાદન) કરવા માટે છે.'** જુઓ, સમજાણું કાંઈ? અલિંગગ્રહણ કહ્યુંને? અલિંગગ્રહણ. આ તો અધ્યાત્મશાસ્ત્ર છે. અલિંગગ્રહણ કેમ કહ્યું? નહિતર અલિંગગ્રાહ્ય એમ કહેવામાં આવ્યું છે. અલિંગગ્રાહ્ય. લિંગથી ગ્રહણ કરવાલાયક નથી એમ. એટલું કહેવું છે. અલિંગગ્રાહ્ય. લિંગથી, ચિહ્નથી ગ્રાહિત થાય. તો એટલા અર્થ હોય તો તો ગ્રાહ્ય બરાબર છે. પણ અલિંગગ્રહણ કહેવામાં અલિંગગ્રહણના ઘણા અર્થો એમાં સમાઈ જાય છે. ઘણા અર્થ સમાઈ જાય છે. એક અલિંગગ્રહણના ૨૦ બોલ લેશે. ઓહો..હો..!

ભગવાન આત્મા. સમજાણું કાંઈ? '**અલિંગગ્રહણ એમ કહ્યું છે તે ઘણાં અર્થોની પ્રતિપત્તિ (પ્રાપ્તિ પ્રતિપાદન)**...' એમાં છે એમ કહેવા માટે છે.

હવે અલિંગગ્રહણનો પહેલો અર્થ. '(૧) ગ્રાહક...' ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ જ્ઞાયકમૂર્તિ '**એવા જેને લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ થતું નથી**...' ભગવાન આત્મા ઇન્દ્રિય વડે જાણતો જ નથી. આ ઝીણો બોલ છે થોડો. ૨૦ બોલ ઝીણા આવશે. સમજાણું કાંઈ? '**જેને**...' આત્માને '**લિંગો વડે**...' ચિહ્નો વડે '**કે ઇન્દ્રિયો વડે**...' અહીંયા લિંગનો અર્થ ઇન્દ્રિયો. આ શ્રોત ઇન્દ્રિય વડે જાણવું થતું નથી. આ શ્રોત ઇન્દ્રિય વડે આત્માનું જ્ઞાન નથી થતું એમ કહે છે. અથવા આત્માને-જેને ઇન્દ્રિય વડે જાણવું નથી થતું. ઓહો..હો..! એ આત્મા તો જ્ઞાનથી જાણે છે, ઇન્દ્રિયથી જાણતા નથી. આહા..! ઇન્દ્રિય તો જડ છે. ભગવાન આત્મા તો ચૈતન્ય છે. ઓહો..હો..! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- .. જ્ઞાન અને ઇન્દ્રિયથી તો લક્ષ છૂટે છે.

ઉત્તર :- છૂટે શેનું પણ એમાંથી? પર ઉપર લક્ષ જાય. આ ઇન્દ્રિયથી થયું, શ્રોત ઇન્દ્રિયથી સાંભળ્યું. સાંભળનાર શ્રોત ઇન્દ્રિયથી જાણનાર છે જ નહિ. ઇન્દ્રિયથી જાણે એવો આત્મા છે જ નહિ એમ કહે છે. જાણવું નથી થતું. સમજાણું કાંઈ? કાનથી સાંભળવાથી આત્મા જણાતો નથી. અથવા તેનાથી જાણતો નથી. તેનાથી જાણતો નથી. ઇન્દ્રિયથી જાણતો જ નથી. ઓહો..હો..! જ્ઞાન પર્યાય ભગવાન પોતાની પર્યાયમાં પોતાથી જાણે છે. ઇન્દ્રિયથી જાણે છે આત્મા? ઇન્દ્રિય તો જડ છે, પર છે. પર વડે પોતાને જાણે છે? બિલકુલ નહિ. આહા..હા..! કહો, '**જેને લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ (-જાણવું) થતું નથી**...' આ સ્પર્શ છેને સ્પર્શ ઇન્દ્રિય? સ્પર્શ ઇન્દ્રિય વડે આત્મા જાણતો નથી. સ્પર્શ ઇન્દ્રિય વડે આત્મા જાણતો નથી.

મુમુક્ષુ :- ટાઢું-ઉનું જાણે નહિ?

ઉત્તર :- ટાઢું-ઉના વડે જાણે નહિ. એ જ્ઞાન નથી. આહા..હા..! શું કહે છે સમજાણું? સ્પર્શ વડે જાણતો જ નથી. સ્પર્શ વડે જેટલું જ્ઞાન થાય તે જ્ઞાન યથાર્થ જ્ઞાન છે જ નહિ એમ કહે છે. શું કહ્યું સમજાણું? સ્પર્શ વડે ઠંડુ-ઉનું એવું જણાય તો એ જ્ઞાન જ્ઞાન જ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? સ્પર્શ વડે જણાયું તો એ સ્પર્શ વડે જાણતો જ નથી. સ્પર્શ વડે જણાય એ આત્મા જ નથી એમ કહે છે. શ્રોત વડે જાણતો જ નથી. તો શ્રોત વડે જણાય એ આત્મા જ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. સમજાણું કાંઈ? ભગવાન પોતાના લક્ષે પોતાને જાણે છે, એવું એનું સ્વરૂપ છે. શ્રોત ઇન્દ્રિય વડે જાણતો જ નથી. જેનું ઇન્દ્રિય વડે જાણવું થતું જ નથી. ઓહો..હો..! એવો ભગવાન શ્રોત ઇન્દ્રિયથી જેને જાણવું થતું જ નથી. કાન વડે જેને જાણવું

થતું જ નથી.

મુમુક્ષુ :- પણ ગુરુનો ઉપદેશ તો કાન વડે...

ઉત્તર :- એ ગુરુના ઉપદેશ વડે આત્મા જણાતો જ નથી. પોપટભાઈ! આહા..હા..! હવે બહારની ચીજ કહે પણ આ વડે, નિમિત્ત વડે જાણે એ આત્માનું જ્ઞાન જ નથી. એ આત્મા જ નથી એમ કહે છે. આહા..હા..! જુઓ, ભગવાનની વાણી. સંતોની ધ્વનિ જુઓ.

કહે છે... કોઈ વખતે અલિંગગ્રહણમાં હતા કે નહિ? શેઠી! કોઈ વખતે હતા થોડા (બોલમાં). થોડા પછી આવ્યા હતા. થોડું ચાલ્યા પછી આવ્યા હતા. ખબર છે. ત્યાં છોકરા બોલાવે તો ઝટ જાવું પડે પાછું. અહીં આવો... અહીં આવો... કહો, સમજાણું કાંઈ? શું કહ્યું? **'જેને...'** એટલે આત્માને **'લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ (-જાણવું) થતું નથી...'** આહા..હા..! કહે છે કે સ્પર્શ વડે આત્મા જાણતો નથી. સ્પર્શ વડે જણાય છેને? જોકે એ તો સ્પર્શ વડે જણાતો નથી. જણાય છે પોતાની પર્યાય. પણ પરલક્ષી પર્યાય જે જણાય તે આત્મા જ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આત્મા શું ચીજ એની ખબર નથી. એમ ગંધ વડે આત્મા જાણતો જ નથી. સુગંધ આવે છેને. જણાય છેને. કહે ના એ જ્ઞાન જ નથી. એ વડે, નિમિત્ત વડે, નિમિત્ત છે અને અશુદ્ધ ઉપાદાનથી જાણ્યું તો એ આત્મા જ નથી. એ આત્મા જ નથી. શું કહ્યું સમજાણું?

રૂપનું જ્ઞાન થયું. આ રૂપ ઇન્દ્રિય નિમિત્ત છે. અહીં રૂપ વડે એને જાણવું થતું જ નથી. રૂપ વડે જાણવું થતું જ નથી. પણ જાણે છેને રૂપ? કે એ રૂપને જાણ્યું, તો ઇન્દ્રિયથી જાણ્યું નથી. પોતાની પર્યાયથી (જાણ્યું), પણ એ પર્યાય પણ આત્માની નથી. રૂપ વડે જાણવાની પર્યાય આત્માની નથી. આહા..હા..! એમ કહે છે. ગંભીર ભાવ છે. કહો, સમજાય છે કાંઈ? એમ રસ. આ જીભ વડે આત્માને જાણવું થતું જ નથી. જીભ વડે ખાટા-મીઠાનું જ્ઞાન થાય છેને? કે ના. એ જ્ઞાન આત્માનું નથી. સમજાણું કાંઈ? એ કારણે આત્મા અલિંગગ્રહણ છે. **'આ રીતે આત્મા અતીન્દ્રિયજ્ઞાનમય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૭, શુક્રવાર, તા. ૨૪.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૧ થી ૨, પ્રવચન-૧૩૬**

પ્રવચનસાર. ૧૭૨ ગાથા ચાલે છે. પહેલો બોલ આવ્યો પહેલો. પહેલો છેને? આ પ્રકારે, જુઓ. ૧૭૨. ગાથા થઈ ગઈ છે, શેઠી! ૧૭૨. એ તો બરાબર છે. ગુજરાતી છે. જુઓ, શું કહે છે? પહેલો આ આત્મા કેમ જણાય? જે આત્મા છે આત્મા એનું ચૈતન્ય લક્ષણ છે. ૧૭૨ ગાથા નહિ આવડે એને કાઢતા? શેઠી! ૧૭૨ ગાથા મળીને? હવે એ શબ્દ ક્યાંથી વંચાય છે બોલો? એ ક્યાંથી કાઢે? ગાથા જ માંડ નીકળી ત્યાં. કહો, સમજાણું કાંઈ? જુઓ આ પ્રકારે છે કે '(૧) **ગ્રાહક (-જ્ઞાયક) એવા જેને લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ (-જાણવું) થતું નથી...**' શું કહે છે? આ આત્મા જે છે તેને ઇન્દ્રિય વડે જાણવું થતું જ નથી. તેનું નામ આત્મા કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ શ્રોત ઇન્દ્રિય છે શ્રોત ઇન્દ્રિય એ જડ છે. અને અંદર ભાવઇન્દ્રિય ખંડ છે. તો કહે છે કે ઇન્દ્રિયથી જાણવું થતું નથી એવો આત્મા છે. એ તો અતીન્દ્રિય જ્ઞાનથી જણાય એવું જ્ઞાન છે એનું.

ફરીને. જેને એટલે જેને. જેને. '**લિંગો વડે...**' લિંગ નામ ઇન્દ્રિય વડે. પાંચેય ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી તેનું નામ અલિંગગ્રહણ છે. આહા..હા..! જુઓ વાત. આ કાન વડે આત્મા સાંભળે ને જાણે એવો આત્મા જ નથી એમ કહે છે. દિવ્યધ્વનિ સાંભળીને જાણે એ પોતાના આત્માનું જાણવું છે જ નહિ. એવી વાત છે, ભાઈ! આત્મા પોતાનું અતીન્દ્રિય જ્ઞાન જે છે એનાથી આ જણાય છે. ઇન્દ્રિયથી જાણતો જ નથી. ઓહો..હો..! જુઓ, એનું નામ આત્મા. ઇન્દ્રિય વડે જેટલું જણાય છે એ બધા વ્યવહાર, અભૂતાર્થ, જૂઠો ભાવ કહેવામાં આવે છે. આહા..હા..! ઝીણી વાત છે. અનંતકાળમાં ભિન્ન આત્મા. જુઓ પહેલા એ જ લીધું છે. ૩૧માં પણ એમ લીધું હતું. '**जो इंदिये जिणित्ता**' તો ઇન્દ્રિયથી જણાય એવો આત્મા જ નથી. જે કાને શબ્દ પડે છે એ તો જડ છે, માટી. શબ્દ પણ જડ છે અને એ પર્યાયમાં કહે છે એવો ખ્યાલ આવ્યો. એ આત્માનો ખ્યાલ નથી. આત્માની દશાનો ખ્યાલ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, શોભાલાલજી!

જેને એટલે જેને લિંગ નામ ઇન્દ્રિયો. પાંચે ઇન્દ્રિય. કાનથી પણ સંભળાય નહિ એવો આત્મા છે. તેને કાનથી જણાય એમ નથી. ચક્ષુથી જણાય એવો આત્મા નથી. ચક્ષુથી જણાય એ તો રૂપ આદિ છે અને શબ્દ આવ્યો કદાચિત્ કે 'આત્મા' એમ કાનમાં. તો કાનમાં આવ્યું તો જ્ઞાન થયું. એ આત્માના લક્ષે જ્ઞાન નથી થયું. એ જ્ઞાન જ નથી. એનાથી આત્માનું જાણવું થયું જ નથી એમ કહે છે. ભારે વાત ભાઈ! આ વસ્તુ. ઓહો..હો..! કહો, શેઠી!

શું કહેવું? જયપુરમાં સાંભળ્યું નથી અને અહીં સાંભળવું કઠણ પડે. ઓહો..હો..! ચૈતન્ય ભગવાન એ તો જ્ઞાનાનંદ મૂર્તિ છે. એ કાનથી કેમ જણાય અને આંખથી કેમ જણાય અને નાકથી જણાતો નથી. નાકથી જેનું જાણવું નથી થતું. નાકથી જેનું જાણવું નથી થતું, રસથી જેનું જાણવું નથી થતું. આ જીભ વડે રસથી જાણવામાં નથી આવતો. અને સ્પર્શ વડે જેને જાણવું નથી થતું. આ તો પરદ્રવ્ય જડ છે અને ખંડ-ખંડ ઇન્દ્રિય એ પણ ખરેખર પરદ્રવ્ય છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાનની વાત મોટી-મોટી. કાન પણ ઉત્પાદ છે, જડ છે, માટી છે. આ ક્યાં આત્મા છે?

મુમુક્ષુ :- શબ્દ સાંભળ્યો.

ઉત્તર :- શબ્દ સાંભળે એ જ્ઞાન આત્માનું નથી. એ આત્માનું જાણવું થયું નથી. પરનું જાણવું થયું તે બંધનું કારણ છે. એવી વાત આકરી છે. આહા..હા..! સમજાણું કાંઈ? જે ઇન્દ્રિયો વડે જણાતો નથી તો ઇન્દ્રિયથી કાર્ય કરે એમ તો છે જ નહિ. તો ઇન્દ્રિયથી પરને જાણે કે આ જીવ છે, નિગોદ છે, એકેન્દ્રિય છે, બે ઇન્દ્રિય છે. ઇન્દ્રિયોથી. સમજાણું કાંઈ? તોપણ કહે છે કે એનું પણ યથાર્થ જ્ઞાન એને નથી. અતીન્દ્રિય જ્ઞાનમયથી જ્યારે જાણવાનું થાય તો પર પણ અતીન્દ્રિય જ્ઞાનથી જણાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? જરી ધીરજની વાત છે. ધર્મ કોઈ એવી સૂક્ષ્મ ચીજ છે. લોકોને સાંભળવા મળતી નથી.

અહીં તો કહે છે કે એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય જીવ કે દેવ-ગુરુ-શાસ્ત્ર. એ કાનથી સાંભળ્યું કે આ જીવ છે કે આ દેવ-ગુરુ-શાસ્ત્ર છે. ભગવાન કહે છે એ વાત તને ખ્યાલમાં આવી એ તારું જાણવું નથી. આહા..હા..! એ પરનું જાણવું તો બંધનું કારણ છે. વીતરાગ માર્ગ જગતને... નિર્દોષ માર્ગથી તદ્દન ભિન્ન... ભગવાન એ તો કહે છે કે **'જેને લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે...'** નામ પાંચેય ઇન્દ્રિય હોં! કાન, ચક્ષુ, ઘ્રાણ, રસ અને સ્પર્શ-એનાથી જાણવું નથી થતું. **'તે અલિંગગ્રહણ છે;...'** લિંગ નામ ચિહ્ન વડે, ઇન્દ્રિયો વડે જેને જ્ઞાન નથી થતું, જાણવું નથી થતું તો એ અપેક્ષાએ અલિંગગ્રહણ છે. લિંગથી જાણવામાં ન આવે એવું અલિંગગ્રહણ છે. આહા..હા..! એ શાસ્ત્રને સાંભળવા આદિનું જ્ઞાન એનાથી આત્મા જણાતો જ નથી. એ જાણવું જ નથી. આહા..હા..! કહો, શાંતિભાઈ! ભારે વાત ભાઈ! તારી ચીજ તો અખંડાનંદ ભગવાન છેને. અખંડ ચૈતન્યમૂર્તિ છેને. એ તો અંતર અતીન્દ્રિય જ્ઞાનથી તેને જાણવું થાય છે. અતીન્દ્રિય જ્ઞાનથી એને જાણવું થાય છે. સમજાણું કાંઈ? બહુ ઝીણું.

એવી વાત આચાર્યોએ એટલી સ્પષ્ટ અલ્પ શબ્દોમાં ગાગરમાં સાગર ભરી દીધો. આ એક-એક અલિંગગ્રહણ શબ્દોના ૨૦ બોલ છે. એક-એકના વર્ણન કરે છે. કહે છે કે ઇન્દ્રિય

વડે કામ તો તું નથી કરી શકતો, કેમકે ઇન્દ્રિય જડ છે, માટી છે. તેના વડે આવું કામ કરે કે એનાથી પરની દયા પાળી શકે એમ છે નહિ. સમજાણું કાંઈ? ઓહો..હો..! તો ઇન્દ્રિય વડે શુભભાવ થાય એમ પણ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? શુભભાવ થતો જ નથી પરથી. આહા..હા..! રાગાદિની વાત ક્યાં રહી? પણ પોતામાં જ્ઞાન જે થાય એ જ્ઞાન ઇન્દ્રિયથી જાણવું થયું તે જ્ઞાન આત્માનું નથી. એ બંધનું કારણ છે. ઓહો..હો..! શુભભાવ બંધનું કારણ, અશુભભાવ બંધનું કારણ, પણ ઇન્દ્રિયથી જાણવું જ્ઞાન એ બંધનું કારણ. અબંધ-સ્વરૂપી ભગવાનનું જ્ઞાન નથી. સમજાણું કાંઈ? 'અલખ નામ ધુની લગી ગગનમેં' અલખ નામ. ઇન્દ્રિયોથી જણાય નહિ. અલખમાં એ શબ્દ છે. સમજાણું કાંઈ? 'અલખ નામ ધુની લગી ગગનમેં, મગન ભયા મન મેરા, સુરત ધારી, આસન ધારી...' આવે છેને કાંઈક શબ્દ. ભૂલી ગયા થોડું. 'દેખ્યા અલગ દેદારા.' અંતર અતીન્દ્રિય જ્ઞાન વડે આત્માનું જ્ઞાન થાય. ચિદાનંદ ભગવાન આ છે, આનંદસ્વરૂપ છે, જ્ઞાનની મૂર્તિ છે—એવું પોતાના અતીન્દ્રિય જ્ઞાનથી જાણવું થાય તેનું નામ ભગવાને આત્માનું જ્ઞાન, અતીન્દ્રિય જ્ઞાન, સમ્યગ્જ્ઞાન, બંધનું અકારણભાવ તેને જ્ઞાન કહે છે. ઓહો..હો..! અહીં તો જ્યાં હજી કાંઈક પરની દયા પાળી તો કહે અમે કર્યું. પરનું જાણપણું થયું તો કહે મને જ્ઞાન થયું. જાદવજીભાઈ! ભારે વાતું નીકળી. આ તો બહુ અવલદોમની નીકળી નહિ!

શું લખે છે જુઓને. એમાં છે કે નહિ? છે? ગ્રાહક નામ જ્ઞાયક. ગ્રાહક છેને એમાં ગ્રાહ્ય. પછી ગ્રાહ્ય આવશે. ગ્રાહક જાણનાર. 'જેને...' એટલે જેને. જાણનારને જેને. જુઓ, જાણનારને... જાણનારને લિંગો વડે જાણવું નથી થતું. જાણનારને લિંગો વડે જાણવું નથી થતું. આહા..હા..! પાંચ ઇન્દ્રિય તો જડ છે. પહેલા તો એ વાત છે કે પોતાના જ્ઞાનની પર્યાયમાં સાંભળવામાં આવે છે અને જ્ઞાન થાય છે એ પણ પોતાની પર્યાયથી થયું છે, પર્યાયથી. ઇન્દ્રિયોથી નહિ. સમજાણું કાંઈ? સાંભળવાથી જે જ્ઞાન થાય છે એ તો સાંભળવાથી નહિ, શબ્દ નહિ, ઇન્દ્રિયથી નહિ. એ વિશેષ જ્ઞાનની પર્યાય જે જણાય છે એ સમયે. એ ઇન્દ્રિય હું નહિ, ઇન્દ્રિયથી નહિ, શબ્દ હું નહિ, શબ્દથી નહિ. પોતાની પર્યાયથી પોતામાં જણાય છે. એ પણ પોતાના આત્માનું જ્ઞાન નથી. સમજાણું કાંઈ?

હજી ફરીને કહે છે. કહ્યુંને. કે જે આ શબ્દ સાંભળવામાં આવ્યો શબ્દ. શબ્દ જડ છે અને આ કાન જડ છે. એને ખ્યાલ આવ્યો. તો ખ્યાલની પર્યાય આત્માની પર્યાયમાં આવી છે. કે આ જડની પર્યાય નથી. આ તો ભિન્ન તત્ત્વ છે, અજીવ તત્ત્વ છે. શબ્દ અજીવ તત્ત્વ છે. તો અજીવ તત્ત્વની પર્યાયથી, કાનની પર્યાયથી જ્ઞાનની પર્યાય થઈ નથી. અને એ જ્ઞાનની પર્યાય થઈ એ પણ આત્માને જાણવું થયું તે જ્ઞાન નથી. સમજાણું કાંઈ? આહા..હા..! હજી તો વાંધા અહીં. ઇન્દ્રિય હોય તો જાણવામાં ન આવે. નિમિત્ત-ઉપાદાન. ઓલું શુદ્ધ ઉપાદાન અને નિમિત્ત. એના વાંધા. વાંધા સમજો છો? શું કહે છે? ઝઘડા. જુઓ, ભાઈ!

ઈન્દ્રિય ન હોય તો જણાય? તો ભગવાન કહે છે કે ઈન્દ્રિય છે તો જાણવામાં આવે છે તો તારું સામાન્ય જ્ઞાન અને વિશેષે શું કર્યું. વિશેષે શું કર્યું? ઈન્દ્રિયથી જણાય તો એ સમયે તારું વિશેષ ત્યાં છે કે નહિ? આહા..હા..! સામાન્ય ત્રિકાળી જ્ઞાયક ચૈતન્યમૂર્તિ છે ધ્રુવ. તે વર્તમાનમાં વિશેષરૂપે પરિણમે છે, વિશેષરૂપે થાય છે. જે વિશેષરૂપે થયું તે ઈન્દ્રિયથી અને શ્રવણથી નહિ. અને એ વિશેષરૂપ થયું તે પણ આત્માનું જાણવું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જેને જાણવાથી જાણવું થાય એમાં આનંદ થાય, જેમાં અતીન્દ્રિય આનંદ થયો હોય, અતીન્દ્રિય શાંતિ થઈ હોય, સર્વ દ્રવ્યના જેટલા ગુણ છે એની શક્તિની વ્યક્તતા આવી હોય તેને આત્માનું જાણવું થયું એમ કહેવામાં આવે છે. આહા..હા..! અરે..! શાંતિથી, ધીરજથી શું તત્ત્વ છે તેને સાંભળે નહિ, વિચારે નહિ. એમ ને એમ અનાદિકાળ ચોર્યાસી લાખના અવતારમાં ચાલ્યા ગયા. સમજાણું કાંઈ?

મિથ્યાત્વનો પ્રવાહ, મિથ્યા ભ્રમના પ્રવાહમાં રમતા, ડોલતા ચાલ્યો ગયો ચોર્યાસીના અવતારમાં. હજી નક્કી નથી કર્યું કે મારું જ્ઞાન મારાથી થાય છે કે પરથી એ પણ નક્કી નથી. સમજાણું કાંઈ? કે શબ્દ કાને પડ્યો તો મને જ્ઞાન થયું શબ્દથી. એ તો વાત જ નથી. કાન છે તો મારામાં જ્ઞાનની વિશેષ પર્યાય થઈ એમ તો છે જ નહિ. પણ વિશેષ પર્યાયમાં જે કાન અને શબ્દ નિમિત્ત પડે છે એ વડે જે જ્ઞાન થયું એ જાણવું આત્માનું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પરલક્ષી જ્ઞાનમાં.

ઉત્તર :- હા, પરલક્ષી, વિપરીત, પરાધીન, પરાશ્રય, બંધનું કારણ છે. જે જ્ઞાનમાં અબંધ પરિણામ-પર્યાય પ્રગટ ન થાય, આનંદ પ્રગટ ન થાય, અતીન્દ્રિય આનંદની દશાનો અંકુર ન હોય, એ જાણવું આત્માનું છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કોના માટે કર્યું છે આ? પંચમ આરા માટે કહ્યું કે નહિ? કે ચોથા આરા માટે કહ્યું છે આ? ત્રણે કાળમાં ભગવાન આત્મા અલિંગ નામ પાંચ ઈન્દ્રિયોથી પોતાને જાણવું થાય એવો આત્મા છે જ નહિ એમ કહે છે. એવો આત્મા છે જ નહિ. તમે માનો કે પાંચ ઈન્દ્રિયથી મને જાણપણું થયું તો એ આત્મા જ નથી. તને આત્માની ખબર નથી. તને આત્માની શ્રદ્ધા અને આત્મા કેવો છે એની પ્રતીત પણ નથી. અને આત્માની પ્રતીત વિના તારી બધી પ્રતીત જૂઠી છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! શું કહે છે? સાચા દેવ, સાચા ગુરુ, સાચા શાસ્ત્ર. સાચા દેવ, સાચા ગુરુ, સાચા શાસ્ત્ર. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર જે સંભળાવે છે અને જાણે છે એ તો મિથ્યા જ્ઞાન, મિથ્યા શ્રદ્ધા, મિથ્યા આચરણ. પણ સુદેવ, સુગુરુ અને સુશાસ્ત્ર જે સંભળાવે છે અને કહે છે એ વડે સાંભળવામાં આવ્યું અને જે જ્ઞાનદશા થઈ એ આત્માનું જાણવું છે જ નહિ. સમજાણું કાંઈ? વજુભાઈ! ભારે મોંઘુ કરી દીધું. ભાઈ વયા ગયા? છે હજી. નિહાલભાઈ! બહુ મોંઘુ કરી મૂક્યું.

શું છે? જુઓ, એમાં પાઠ છે કે નહિ? શું છે પહેલો બોલ? જુઓ. આપણે કાંઈ ઉતાવળ નથી કે ઝટ ચાલવું એમ. '**ગ્રાહક (-જ્ઞાયક)**...' પોતાનો આત્મા જાણનાર જ્ઞાયક. જાણનાર. '**જેને**...' જાણનારો જેને. '**જેને લિંગો વડે**...' લિંગ નામ ઇન્દ્રિયો વડે ગ્રહણ નામ જાણવું નથી થતું. જાણવું નથી થતું. એ રીતે અલિંગગ્રહણ છે. '**આ રીતે આત્મા અતીન્દ્રિયજ્ઞાનમય છે**...' જુઓ, એ તો અતીન્દ્રિયજ્ઞાનમય છે. આહા..હા..! હવે એવું જ્ઞાન થયા વિના નવ તત્ત્વ અને જડનું જ્ઞાન પણ સાચું કહેવામાં આવતું નથી. આહા..હા..! ભારે માર્ગ ભાઈ! આ તો મુનિઓ નવસો વર્ષ પહેલા થયા. અતીન્દ્રિય જ્ઞાન. એ ભગવાને કહ્યું એવું શબ્દમાં આવ્યું, એવું ટીકાકારે સ્પષ્ટ કર્યું. ભાઈ! ધર્મનું જ્ઞાન તો એને કહે છે કે પોતાનો ચિદાનંદ સ્વભાવ જે અતીન્દ્રિય છે એ અતીન્દ્રિય જ્ઞાન વડે આત્માનું જ્ઞાન થાય, તેનું નામ જ્ઞાન અને ધર્મ અને શાંતિ અને સમકિત કહેવામાં આવે છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? એકલા ઇન્દ્રિયથી જાણે તો કહે છે કે એનાથી પોતાને જાણવું થયું જ નથી. એ જાણવું આત્માનું નથી. એ તો જડનું જાણવું છે. સમજાણું કાંઈ?

'**અતીન્દ્રિયજ્ઞાનમય છે**...' કેવો છે આત્મા? અતીન્દ્રિયજ્ઞાનમય. જે અતીન્દ્રિય જ્ઞાનમય છે તે ઇન્દ્રિયજ્ઞાનથી કેમ જણાય? સમજાણું કાંઈ? આહા..હા..! શહેરોમાં તો કઠણ પડે આવું લીધું હોય તો. પણ અહીં તો શાંતિથી, ધીમેથી સમજે છે. કહે છે કે ભગવાન! તું તો ઇન્દ્રિયથી પર છોને. અને ખંડ-ખંડ ઇન્દ્રિય જે છે એક-એક ખંડ ઇન્દ્રિય એનાથી જે જ્ઞાન થાય છે એ પણ ખરેખર પરદ્રવ્ય છે. શરીરાદિના અવયવો આ બધા પાંચ છે એ પણ પરદ્રવ્ય છે અને ખંડ-ખંડ ઇન્દ્રિય જે જ્ઞાન એક-એકનું કરે છે એ પણ ખરેખર પરદ્રવ્ય છે. તો પરદ્રવ્યથી પોતાને જાણવું થાય એ જાણવું પોતાનું છે જ નહિ. સમજાણું કાંઈ? એ તો અતીન્દ્રિય જ્ઞાનથી જણાય એવો અતીન્દ્રિયજ્ઞાનમય છે. સમજાણું કાંઈ? એ જે જ્ઞાનનો અંશ જે નિર્મળ રાગ અને ઇન્દ્રિયની અપેક્ષા છોડીને પુણ્ય દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પનો આશ્રય છોડીને, સમજાણું કાંઈ? અને ખંડ ખંડ ઇન્દ્રિયના ક્ષયોપશમ જ્ઞાનનો અંશ જે પરલક્ષી છે એનું પણ લક્ષ છોડીને, અતીન્દ્રિય જ્ઞાનની દશા વડે આત્મા અતીન્દ્રિય છે તો એનાથી જણાય છે. સમજાણું કાંઈ? ... '**भूदत्थमस्सिदो खलु**' લ્યો વાત એ આવી.

ચિદાનંદ ભગવાન અતીન્દ્રિયજ્ઞાનમય સ્વરૂપ તે અતીન્દ્રિય જ્ઞાનની પર્યાયથી જણાય તે જ્ઞાન આત્માનું છે, તે ધર્મજ્ઞાન છે, તે સમ્યગ્જ્ઞાન છે, તે મોક્ષના કારણરૂપ સત્ય-સાચું જ્ઞાન છે. બાકી બધું જૂઠું જ્ઞાન છે. કહો, સમજાણું કાંઈ? ગ્રાહકને ગ્રહણ ઇન્દ્રિય વડે નથી થતું. જાણનારને ઇન્દ્રિયથી જાણવું નથી થતું. ઓહો..હો..! જુઓને કેવી ભાષા મૂકી છે! ભગવાન જાણનારને ઇન્દ્રિયથી જાણવું નથી થતું. આહા..હા..! એક શબ્દે પણ ચૌદ પૂર્વનો સાર. એગં જાણહિ સવ્વં જાણહિ. આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું. આત્મા એવો છે એવું ન જાણ્યું એણે કાંઈ જાણ્યું નથી. હજી પહેલો બોલ ચાલે છે હોં હજી. ઓલું લાંબુ લાંબુ ચાલે

છેને જાણે (એટલે) કાંઈક બીજી લીટી ચાલતી હશે. આહા..હા..!

'**આ રીતે આત્મા અતીન્દ્રિયજ્ઞાનમયી છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' શું કહે છે? અલિંગગ્રહણમાં એવા ભાવની પ્રાપ્તિ થાય છે. એવો ભાવ એમાંથી નીકળે છે. અલિંગગ્રહણ એમાં પહેલો અર્થ. લિંગ નામ ઈન્દ્રિયો વડે જાણનારને ઈન્દ્રિય વડે જાણવું થતું નથી એમ અલિંગગ્રહણમાંથી અર્થ નીકળે છે. એવો અલિંગગ્રહણમાંથી અર્થ નીકળે છે. કહો, સમજાણું કાંઈ? જેમ જગત છે તો એમાંથી એમ નીકળે છે કે આખું વિશ્વ એમ નીકળે છે. જગત છે. જુઓ, જગત છે એમ કહે છેને? તો જગત છેનો અર્થ શું થયો? આખું વિશ્વ છે. આખું વિશ્વ છે એવો અર્થ નીકળે છે. એમ અલિંગગ્રહણમાં એવો અર્થ નીકળ્યો કે જાણનારો ભગવાન તેને ઈન્દ્રિયો વડે જાણવું નથી થતું એવું અલિંગગ્રહણ. લિંગ નામ ઈન્દ્રિય વડે જેને જ્ઞાન નથી થતું. ગ્રહણ એટલે જ્ઞાન નથી થતું. ગ્રહણ નથી થતું. 'અ' પહેલા આવ્યો. લિંગ વડે જેને જાણવું 'અ' નામ નથી થતું. તેનું નામ અલિંગગ્રહણ આત્મા કહેવામાં આવે છે અને એ અલિંગગ્રહણમાંથી એવો જ અર્થ નીકળે છે. સમજાણું કાંઈ? સાધારણ સમાજ, મગજ ન મળે અને પછી બહારથી માંડે. જન્મ-મરણ નહિ મટે તારા. ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- આમાં કઠણ પડે.

ઉત્તર :- કઠણ છે?

મુમુક્ષુ :- આમાં કઠણ પડે મગજ આમાં માણસને...

ઉત્તર :- પણ આમાં તો સહેલું હવે ઘુંટી-ઘુંટીને તો કહેવાય છે. શું કહેવાય છે એમ ખ્યાલમાં તો લેવું જોઈએને? આહા..હા..!

વસ્તુ છે. વસ્તુ છે જ્ઞાનમૂર્તિ. એ વસ્તુ પરનો આશ્રય કરીને, જાણે એ જ્ઞાનનું જ્ઞાન કહેવાય? જે અતીન્દ્રિય જ્ઞાનમય ચીજ જ છે. ભગવાન તો અતીન્દ્રિય જ્ઞાનમય આત્મા છે. આનંદકંદ સચ્ચિદાનંદ તો એ અતીન્દ્રિય જ્ઞાનથી જણાય છે એવો જ આત્મા છે એમ કહે છે. ઈન્દ્રિયથી જાણે એને અમે આત્મા કહેતા જ નથી, અનાત્મા છે. એ તો અનાદિકાળથી જાણે છે. એ કાંઈ આત્મા છે? આત્મા હોય તો એમાંથી આનંદ આવવો જોઈએ. જન્મ-મરણથી મુક્ત હોવો જોઈએ. જન્મ-મરણ એમાં છે જ નહિ અને જન્મ-મરણનો ભાવ પણ એમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અને જન્મ-મરણનું અને રાગનું જ્ઞાન કરવું એ જ્ઞાન પણ આત્માનું નથી. આહા..હા..!

જે જ્ઞાનમાં પોતાનું જાણવું થાય, એ જ્ઞાનમાં ભલે પર જણાઈ જાય અતીન્દ્રિયજ્ઞાનમાં, એ જ્ઞાનને આત્મા કહે છે. ભારે! પાગલ જ ઠરાવે હોં આ બધા. આ બધા પાગલ હશે કહેશે. હોય પાગલ પોતે. પણ અહીંયા ક્યાં ઈન્દ્રિય વિના જણાય છે? એટલું પણ સમજતા નથી? પાગલ છો એમ કહે. પરમાત્મપ્રકાશમાં કહ્યું છે. દુનિયા ધર્મીને પાગલ કહે છે અને

ધર્મી જગતને પાગલ માને છે. પાગલ છે. પરમાત્મપ્રકાશમાં યોગીન્દ્રદેવે લીધું છે. યોગીન્દુ એમ લખ્યું છે. સમજાણું કાંઈ? યોગીન્દુ. યોગીન્દ્ર નહિ એમ વળી. એમ નહોતું આવ્યું ક્યાંક? પાઠમાં આવ્યું હતું. આહા..હા..! કહે છે કે લક્ષ એકવાર (કર). પર છે અને પર છે તો મારામાં જ્ઞાન થયું એ વસ્તુમાં છે નહિ. હું છું તો મારામાં જ્ઞાન થયું. આહા..હા..! હું છું, ત્રિકાળ અતીન્દ્રિય આનંદનો પિંડ જ્ઞાયકમૂર્તિ હું છું તો મારા અતીન્દ્રિય જ્ઞાનથી મારું જ્ઞાન થયું. તો ઈન્દ્રિય છે તો મને જાણવું થયું. નહિ. એ જ્ઞાનને જ્ઞાન જ કહેતા નથી. તેને અજ્ઞાન કહે છે, બંધનું કારણ. ઓહો..હો..! રાડ નાખેને. હજી તો જ્યાં દયા, દાનના પરિણામ બંધનું કારણ, ધર્મ નહિ કહે ત્યાં રાડ નાખે. એય..! રાડ નાખે. અરરર..! આ સોનગઢવાળાએ શું કર્યું? સોનગઢવાળાની વાત છે કે આ ભગવાનની વાત છે? કહો, વજુભાઈ! એ કહે, દયા, દાન, વ્રત, ભક્તિ એ પરિણામ શુભ છે, બંધનું કારણ છે, ધર્મ નથી. તેને ધર્મ માને તો મિથ્યાદૃષ્ટિ મૂઢ પાખંડી છે. ત્યાં રાડ નાખે. હાય! હાય! અરર! અમારું.. હવે સાંભળને. એ તો રાગ છે. રાગનો તો નિષેધ છે, પણ અહીં તો ઈન્દ્રિયથી જાણવું થયું એ પણ જ્ઞાન નથી, ધર્મ નથી, અધર્મ છે. સાંભળ તો ખરો. તને ખબર ક્યાં છે? ભગવાન અતીન્દ્રિય બિરાજમાન પરમાત્મા પોતે છે. આહા..હા..! પરમાત્મા પોતે છે. સાક્ષાત્ સ્વયં પરમાત્મા છે. અપ્પા સો પરમ અપ્પા. તારણસ્વામીમાં બહુ આવે છે. અપ્પા સો પરમ અપ્પા. એ પણ તમને ક્યાં ખબર છે? એ પડ્યા છે વાડામાં. એ સમાજભૂષણ જાવ. બિરૂદ આપી દે. કેમ શોભાલાલજી! ખબર ક્યાં હતી?

મુમુક્ષુ :- એ તો દેનારને નહોતીને.

ઉત્તર :- પણ પુસ્તકમાં તો છે કે નહિ એમાં? પુસ્તક વાંચેને. વખત ક્યાં છે? એય..! માણેકચંદજી! એમાં લખ્યું છે તારણસ્વામીએ ઘણા પુસ્તકમાં. અપ્પા સો પરમ અપ્પા એમ શબ્દ છે. આત્મા જ પરમાત્મા છે. તારો પરમાત્મા બાહ્યમાં છે નહિ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા... પણ અરે! જેને એક દાંતણ વિના ચાલે નહિ, પાણી વિના ચાલે નહિ, રાગ વિના ચાલે નહિ, સ્ત્રીના સંગ વિના ગમે નહિ, મકાન ઠીક ન હોય તો (ગોઠે નહિ). ગોઠે નહિને શું કહે છે? ગોઠે નહિને તમારી હિન્દી ભાષામાં શું કહે છે? રુચે નહિ. તમારી ભાષા નથી આવડતી? સારું ન લાગે. કહો, સમજાણું કાંઈ? ફલાણું હોય તો સારું લાગે. અરે ભગવાન! તારામાં સારું પૂરું પડ્યું છે. તું તો સચ્ચિદાનંદમૂર્તિ પરમાત્મા છો. તને તો તારા વિના ચાલે નહિ એમ હોય. પર વિના ચાલે એવો જ તું છો. આહા..હા..! સમજાણું કાંઈ? સરખી ઉંઘ ન આવે તો આકુળતા. ધાર્યા હોય કે પૈસા પેદા થશે પાંચ લાખ ને પચાસ હજાર થાય તો આકુળતા. સમજાણું? આકુળતા... આકુળતા... આકુળતા... આકુળતા... આહા..હા..! રોટલી સરખી થઈ નહિ, આજે દાળ સરખી થઈ નથી, ફલાણું થયું નથી. આજનો દિ'. લોકો નથી કહેતા? ભોજન બગડે તો દિ' બગડે એમ કાંઈક કહે છેને. અથાણું

બગડે તો... શાક બગડે તો દિવસ બગડે. સમજ્યાને? શાક કહે છેને આ. શાક બગડે તો દિવસ બગડી ગયો આજે. અને અથાણું અથાણું હોય છેને? આચાર. અથાણું બગડે તો વર્ષ બગડે. બાયડી બગડે તો ભવ બગડે.

મુમુક્ષુ :- પોતે બગડે તો?

ઉત્તર :- આ પોતે બગડે તો અનંતા ભવ બગડે. આહા..હા..! એમ કહે છે હોં પોપટભાઈ! એવું નથી કહેતા? સારું શાક હોયને શાક બરાબર આમ. અડદની દાળ અને બરાબર સદડી કરી પાણીવાળી અંદર. ચુરમાના લાડવા અને પતરવેલીયા. આ ચડાવતો. ઓહો..! આજનો દિ' સફળ થયો. એમાં જો સરખાઈ ન હોય તો આખો દિ' બગડ્યો. પણ તારો દિ' બગડ્યો એ તો કહે પહેલો. તારું જ્ઞાન તારાથી થવું જોઈએ અને એને ઠેકાણે પરથી માને છે અને રાગથી ધર્મ માને છે તો તારો કાળ બગડ્યો, તારા બધા ભવ બગડ્યા. સમજાણું કાંઈ? આહા..હા..! શશીભાઈ! દીકરો મરી જાય તો રોવે, દીકરી રાંડે તો રોવે. કેટલાને રોવું છે તારે હવે? તું મરી ગયો એને રોવે છે કે નહિ તું?

મુમુક્ષુ :- એ તો બીજા રોવેને.

ઉત્તર :- 'ભાવ મરણે કાં અહો રાચી રહો' ન આવ્યું? શ્રીમદ્‌માં આવ્યુંને ભાઈ! ભગવાનજીભાઈ! 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે કાં અહો રાચી રહો, લક્ષ્મી અને અધિકાર વધતા શું વધ્યું તે તો કહો, શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો, વધવાપણું સંસારનું નર દેહને હારી જવો.' આટલી વાત કરે ત્યાં જાણે વૈરાગ્ય છે. એ વાત નથી આ. અહીં તો તત્ત્વ છે કે એ ચીજથી હું વધી ગયો. 'નર દેહને હારી જવો એનો વિચાર નહિ અહોહો! એક પળ પણ તમને હવો, સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો. સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે.' સુખ નાશ થાય છે. ટળે એટલે નાશ અમારી કાઠિયાવાડી ભાષા છે. સુખ પ્રાપ્ત કરતા સુખનો નાશ થાય છે આત્માના આનંદનો. 'સુખ પ્રાપ્ત કરતા સુખ ટળે છે લેશ એ લક્ષે લહો, ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે કાં અહો રાચી રહો?' હવે પુણ્ય અને પાપના વિકલ્પથી લાભ થાય છે એ મૃત્યું તારું થાય છે. ક્ષણે ક્ષણે તારું મૃત્યુ થાય છે ભગવાન! તને ખબર નથી. આ ઇન્દ્રિયથી જ્ઞાન થયું અને અમે જ્ઞાની થયા. મને જ્ઞાન થયું. બીજાથી હું વધી ગયો. સમજાણું કાંઈ? ધર્માત્મા હોય તેને બહુ જ્ઞાન ન હોય. અતીન્દ્રિય જ્ઞાનનો અનુભવ થયો, બીજું વિશેષ જ્ઞાન ન હોય. સમજાણું કાંઈ? અને પોતાને વિશેષ જ્ઞાન થાય. અમને જ્ઞાન વધી ગયું. ધૂળે વધ્યું નથી, સાંભળને. ઝેર વધ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, પ્રશ્નનો ઉત્તર દેતા આવડે ફડાક-ફડાક. ઓહો..હો..! જ્ઞાન વધી ગયું ભાઈ! એય..! વજુભાઈ! અહીં તો કહે વધ્યો નથી. દુઃખ વધ્યું છે. આહા..હા..! ગજબની વાત છેને. ઓલા મૂળચંદભાઈ ગજબની-ગજબની કરે છે વાત ઘણીવાર નહિ. મૂળચંદકાકા. આ આપણા મંદિર-મંદિર થયાને. પૈસા લાખો-કરોડો. જ્યાં જાય દાન લાખ,

બે લાખ ખરડો થાય. હમણા આ ઘાટકોપર મકાન બનાવ્યું. ઓહો..હો..! કહે કાનજીસ્વામી તો ગજબના કામ કરે છે. કોણ કરે? જ્યાં હોય ત્યાં બબ્બે લાખના મંદિર, બબ્બે ત્રણ-ત્રણ લાખના. ખરડો થાય તો અડધા કલાકમાં લાખ, અડધા કલાકમાં બે લાખ. ઓલા બિચારા માથા ફોડે તો થાય નહિ. એટલા લખાવો... એટલા લખાવો... એટલા તો લખાવો... હવે કોણ લખાવે? થવાનું હોય તે થાશે. કરને હવે તું. સમજાણું કાંઈ? આહા..હા..!

અરે ભગવાન! કહે છે કે કોઈ શુભભાવ થયો તો આત્માને લાભ થયો એ મરણ છે તારું. ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણ છે. આહા..હા..! અને શાસ્ત્રનું જ્ઞાન સાંભળવાથી થયું, એનું મને જ્ઞાન થયું એ અભિમાન મારી નાખશે તને. ભાઈ! તે જ્ઞાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવે છેને આઠ પદ? જાતિમદ, વિદ્યામદ, શ્રુતમદ, તપમદ. તપ થોડું કર્યું, આહાર ન લીધો બે-ચાર દિવસ, આઠ દિવસ, તપ કર્યું. ધૂળેય તપ નથી, સાંભળ તો ખરો. લાંઘણ છે. લાંઘણ છે. મિથ્યાત્વનું સમયે સમયે બંધન થાય છે. હું જ્ઞાનાનંદ ભિન્ન છું. પરનું ગ્રહણ-ત્યાગ મારામાં છે જ નહિ. રાગને હું કદી ગ્રહ્યો જ નથી. તો રજકણને કદી સ્પર્શ્યો પણ નથી. રાગને તો એક સમયે સ્પર્શે છે પર્યાયે. દ્રવ્યમાં તો એક સમય પણ સ્પર્શ્યો નથી. તો પરને તો એક સમય પણ સ્પર્શ્યો નથી. હું છોડું છું. મિથ્યાત્વનું પોષણ કરે છે. મૃત્યુ ક્ષણે ક્ષણે થાય છે એમ કહે છે. આહા..હા..! ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણ. ભાષા જુઓ! ૧૬ વર્ષે કહ્યું શ્રીમદ્ રાજચંદ્રે. શાંતિભાઈ! ૧૬ વર્ષ. ૩૩ વર્ષે દેહ છૂટી ગયો. ૧૬ વર્ષે કહ્યું હતું જગત પાસે. ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણ તારું થાય છે તને ખબર નથી. દેહ છૂટશે. દેહ છૂટશે તો બાહ્ય મરણ લોકો કહેશે. તારું મરણ થાય છે? હા, ક્ષણે ક્ષણે. ઈન્દ્રિયોથી કામ લે છે, મેં કામ લીધું. ઈન્દ્રિયોથી જ્ઞાન થયું એ મને જ્ઞાન થયું, (ક્ષણે ક્ષણે) ભયંકર મરણ છે. તારું જીવન એનાથી છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ! આ કેટલી વાત નાખે છે એમાં! એમાં છે જુઓ! પાંચ ઈન્દ્રિય વડે જ્ઞાન એ જ્ઞાન નથી. આત્મા તો અતીન્દ્રિયજ્ઞાનમય છે. કહો, પશુને સમ્યગ્દર્શન થાય છે પશુને. ભાષા બોલતા આવડતી નથી. સમજાણું કાંઈ? વિશેષ કોઈ સ્પષ્ટીકરણ કરવાનો ક્ષયોપશમ નથી. પોતાનું અતીન્દ્રિય જ્ઞાન ભગવાન તેને પકડીને જે જ્ઞાનની દશા પ્રગટ થઈ તે અતીન્દ્રિય જ્ઞાનમય આત્મા છે. એ આત્મા થયો, એ આત્મા થયો. આત્મા તો હતો, પણ પર્યાયમાં આત્મા થયો. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

આ તો કાંઈક બે-ચાર શાસ્ત્રો આવડે, પુસ્તકો આવડે તો કહે, અમને જ્ઞાન થયું. કેટલું જ્ઞાન થયું? નિર્મળ ઘણું જ્ઞાન કહે લ્યો! ધૂળમાંય નિર્મળ નથી. એય..! વજુભાઈ! આ તો અજરપ્યાલાની વાત છે. 'અજર પ્યાલા પીવો મતવાલા કિન્હી અધ્યાત્મ વાસા, આનંદઘન ચેતન વ્હે ખેલે દેખે લોક તમાશા. આશા ઓરનકી ક્યા કીજે.' દુનિયા કેમ માને કે દુનિયા કેમ મોટાઈ દે? દુનિયા દુનિયાને ઘરે રહી. મોટાઈ એને ભાન ક્યાં છે? આ મૂઢ પાસે તારે

રજિસ્ટર લેવું છે. રજિસ્ટરને? શું કહેવાય? સર્ટિફિકેટ. પ્રમાણપત્ર. ભાઈ અમારી ભાષા ઠીક. એની પાસે છે? મૂઢ જીવો પાસેથી તારે પ્રમાણપત્ર લેવું છે? કે તું મોટો જ્ઞાની. એની પાસેથી લેવું છે? પોપટભાઈ! એ કહે છે, આત્મામાંથી પ્રમાણપત્ર મળે છે. આહા..હા..! કહો, જિનેન્દ્રજી! આ તમારા માટે હિન્દી થાય છે હોં. નહિતર તો આ ગુજરાતી. થોડું હલવો કીધું ભાઈ હવે થોડું. સાથે થોડું લઈ જાય હિન્દી સમજે તો. આહા..હા..! ભગવાનના માર્ગમાં એવી ચીજ છે. એવી ચીજ બીજે ક્યાંય હોતી નથી. આહા..હા..!

એક અલિંગગ્રહણમાંથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. તો એનું જ્ઞાન તો અતીન્દ્રિય જ્ઞાનથી જ્ઞાન થાય તેનું નામ જ્ઞાન કહે છે અને એનું નામ આત્માનું જાણવું થયું. આત્માને જાણવું થયું. આત્માને જાણવું થયું, પરથી આત્માને જાણવું થયું એમ છે જ નહિ. એક બોલ થયો. એક બોલની વ્યાખ્યા થઈ. કાલે ચાલી હતી. પોણો કલાક આજે ચાલી. થોડી જુદી-જુદી રીતે ચાલે છેને. અહીં તો સ્વાધ્યાય વિશેષ થાય. એમાં શું છે. સમજાણું કાંઈ? બહાર એવું ન ચાલે બહાર નીકળે એટલે. આવી માંડે તો ઓલા કહે, આ શું માંડે છે આ? બિચારા સાધારણ માણસ, ધર્મની ખબર ન મળે અને ઊંધે રસ્તે કુગુરુએ ચડાવી દીધા. કુગુરુએ ઉલટે રસ્તે ચડાવી દીધા. જાવ રખડી મરો. આહા..હા..!

ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા એની દિવ્યધ્વનિમાં, આગમમાં એમ આવ્યું. ભગવાન! તને અમારી વાણી સાંભળવાથી જે જ્ઞાન થયું એ ઇન્દ્રિયથી જ્ઞાન થયું. તારું જાણવું એનાથી છે જ નહિ. ભગવાન એમ કહે છે. આહા..હા..! ભગવાન કહે છે કે જે વાણી અમારી નીકળી, અમારી કહે એ પણ વ્યવહાર છે, એ વાણી તને કાનમાં સાંભળવામાં આવી અને એનાથી તને જ્ઞાન થયું એ આત્માનું જાણવું છે જ નહિ. ઓહો..હો..! શું કહો છો? પ્રભુ! તમારી વાણી સાંભળવાનું જ્ઞાન પણ છોડી દેવું? આહા..હા..! સમજાણું કાંઈ? એય..! ભગવાનભાઈ! **'આત્મા અતીન્દ્રિયજ્ઞાનમય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'**

હવે બીજો બોલ. બીજો. એ બીજો બોલ. બગડો છેને બગડો? '(૨) **ગ્રાહ્ય...**' જ્ઞેય. જુઓ, આ અધિકાર શું છે? જ્ઞેય અધિકાર. તો આત્મા જ્ઞાનમાં જ્ઞેય આવવાલાયક એવો છે. આત્મા જ્ઞાનમાં અતીન્દ્રિય જ્ઞાનથી ગ્રહણ કરવામાં આવે એવો આત્મા જ્ઞેય છે. આત્મા જ્ઞેય છે, પ્રમેય છે, જ્ઞાનના વિષયમાં આવનારો, પ્રમાણના વિષયમાં આવનારો. પોતાના જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય જણાય એવું જ્ઞેય છે, પણ એ જ્ઞેય કેવું હોય? અતીન્દ્રિય જ્ઞાનથી જણાય એવું એ જ્ઞેય છે. આહા..હા..! ઇન્દ્રિયથી જાણવું થયું એ જ્ઞેય સ્વજ્ઞેય છે જ નહિ. જ્ઞેય અધિકાર છે કે નહિ? જ્ઞેયતત્ત્વ. જ્ઞેયનો ભાવ. તો આત્માનો ભાવ, આત્મા જ્ઞેય છે જ્ઞાનમાં આવવા લાયક પ્રમેય છે. અને એનો ભાવ? એનો ભાવ એ કે ઇન્દ્રિયથી જણાય તે જ્ઞેયતત્ત્વ નથી. ઇન્દ્રિયથી જાણવું તે સ્વજ્ઞેયતત્ત્વ નથી. એમ આવ્યુંને ભાઈ! ઇન્દ્રિયથી જાણવું થયું તે સ્વજ્ઞેયતત્ત્વ નથી. આહા..હા..! અતીન્દ્રિય જ્ઞાનથી જણાય એ આત્મા સ્વજ્ઞેયતત્ત્વ છે.

કઠણ પડે. અમારે ભગવાનજીભાઈએ કબુલ કર્યું કે કઠણ પડે છે. આ ચીજ છે. કઠણ પડે કે મોળી પડે કે કોરી પડે. આહા..હા..!

લોક અભિમાન કર્યું. ઇન્દ્રિયથી જાણવું થયું, સાંભળવાથી થયું, વાંચવાથી થયું. એનું અભિમાન છોડ. નહિતર એ તારું જ્ઞાન મિથ્યાત્વભાવ છે તને. આહા..હા..! સમજાણું કાંઈ? અજીવને જીવ માનવો... એ સ્વજ્ઞેય પરથી જણાય એવી ચીજ જ નથી. એ તો અજીવથી જાણવું થયું એમ થયું. સમજાણું કાંઈ? પરજ્ઞેયથી પોતાનું જ્ઞેય જાણવામાં આવ્યું એમ છે જ નહિ. વસ્તુસ્વરૂપ એવું નથી. ભારે કામ ભાઈ! હજી તો બિચારા ઓલા બહારથી આમ કરો, એમ કરો, આમ બરાબર દયા પાળો, ધ્યાન રાખો. આ એક જરીક લક્ષમાં શું આવ્યું હતું અહીંયા? પહેલું ઉપડ્યું ત્યારે? કે આ જ્ઞાન સ્વથી જ્ઞાન થાય છે... તો આ જે ઇન્દ્રિય છે એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય અને એ જીવ અને જડનો સંયોગ તેને મેં માર્યું, તેને મેં બચાવ્યો, આ જ્ઞેયનું એ જ્ઞાન થયું, આ જ્ઞેયમાં એ જ્ઞાન થયું. જ્ઞાન થયું હોં! એ જ્ઞાન સાચું નથી. બચાવવું અને મારવું એ તો છે જ નહિ. આહા..હા..! ભારે પણ વાત તે પણ છેને. આ પંચેન્દ્રિય જીવ છે, એકેન્દ્રિય જીવ નિગોદ, બટાટા, શક્કરિયા છે. એ છે એવું જે જ્ઞાન થયું તે જ્ઞાન જ નથી. તેને બચાવવા કે મારવા એ તો આત્મામાં છે જ નહિ. ઓલી તો પરદ્રવ્યની પર્યાય છે. સમજાણું કાંઈ? શું કહે છે ગંભીર, જુઓ તો? ઓહો..હો..!

ઓલા અનંત નિગોદના જીવ. ત્યાં ઓલાને એમ થાય આહા..હા..! આપણને જ્ઞાન થયું અનંત નિગોદનું. પણ એક બટેટામાં અનંત જીવ છે. ભગવાને કહ્યું અને એવું બીજામાં છે જ નહિ. એવું બીજામાં નથી. આપણે મોટા છીએ લ્યો! સમજાણું કાંઈ? એને શું કહે? અમારે કીધાને ઓલા વકીલ હતા, આ જુઓને ભાવનગરમાં દામોદર વકીલ. ૭૭માં પહેલા ગયા, દામોદર વકીલ હતા. આપણે રાયચંદ ગાંધીની દીકરી આપ્યા હતાને એના દીકરા વેરે. પછી આવે બધા. આવે તો ખરા નાના-મોટા. એ થોડા દિ'માં ગુજરી ગયા. ત્યાં હતા. બહુ વૃદ્ધ હતા વકીલ. એ વૈષ્ણવ હતા વૈષ્ણવ. અને આ દીકરી આપેને જૈનની. એ આવ્યા. ૭૭માં ગયા હતાને પહેલા? પહેલા ૭૭માં ભાવનગર આવ્યા હતા. ત્યારે કહે કે મહારાજ! અમને મિથ્યાદૃષ્ટિ કહે આ જૈન લોકો. એમ કેમ કહે છે? હવે એને શું કહેવું એ વખતે? કીધું, એમ છે. ભાઈ! કીધું જુઓ, બટેટા, શક્કરિયામાં અનંત જીવ છે. તો એ જીવ તમે માનતા નથી એ અપેક્ષાએ કહે છે. વકીલ હતા. બહુ વૃદ્ધ થઈ ગયેલા. ૭૭ની સાલ છે. ૨૩ ને ૨૫ = ૪૮ વર્ષ થયા. સમજાણું કાંઈ? દીકરી લેવા-દેવાનો તો જૈન સાથે સંબંધ હોયને એ બધા દશાશ્રીમાળીને. ઘરે કન્યા આવે સ્થાનકવાસીની અને એની કન્યા કેટલીક સ્થાનકવાસીમાં જાય. કહે મહારાજ! અમને આ મિથ્યાદૃષ્ટિ કહે. દામોદરભાઈ કહે. વકીલ વૃદ્ધ બહુ હોં! .. બહુ શાંત. ધીરજથી કહે હોં! આમ કેમ કહે છે કહે? કીધું, એમ છે કે એમાં

અનંત જીવ છેને. એ અનંતને તમે માનતા નથી એથી એ મિથ્યાત્વી કહે છે. ભગવાને એમાં અનંત જીવ કહ્યા છે. એક-એક શરીરમાં. અને એ તો માને નહિ એ માટે મિથ્યાત્વી કહે છે. પણ અહીં તો કહે છે કે એ જીવ માને અને આ જાણ્યા એ જ્ઞાન પણ મિથ્યાત્વ છે. આહા..હા..! એય..! વજુભાઈ! આપણને બીજા કરતા તો જ્ઞાન વિશેષ થયુંને. એમ કહે. એ લોકોને એટલું જ્ઞાન નથી, આપણને એટલું થયું કે અનંતા નિગોદના જીવ છે, અનંતા સિદ્ધના જીવ છે. બે ઇન્દ્રિય આટલા, ત્રણ ઇન્દ્રિય આટલા, ચૌ ઇન્દ્રિય આટલા. સાંભળને હવે. એય..! અરે! અહીં તો કહે છે કે દેવ-ગુરુ ને શાસ્ત્ર તરફનું જ્ઞાન થયું એ જ્ઞાન આત્માનું નથી, એ જાણવું આત્માનું નથી અને એ જ્ઞેયસ્વરૂપની સ્થિતિ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- દેવ, ગુરુનો વિનય.

ઉત્તર :- દેવ, ગુરુનો વિનય એ વિનય છે. પોતાનું સ્વરૂપ અતીન્દ્રિય જ્ઞાનથી અનુભવવું તે મહાવિનય છે. એવો વિનય છે તો વિશેષ એવો વિકલ્પ આવ્યા વિના રહે જ નહિ. સમજાણું કાંઈ? જુઓ કેટલું ..

હવે બીજો બોલ. 'ગ્રાહ્ય...' ઓલા 'ગ્રાહક...' હતા. ગ્રાહક. પહેલામાં ગ્રાહક, બીજામાં ગ્રાહ્ય. ગ્રાહ્ય નામ જ્ઞેય. ગ્રાહ્ય નામ જાણવામાં આવે એવો જ્ઞેય. **'ગ્રાહ્ય એવા જેનું...'** એટલે જેનું **'લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ થતું નથી...'** કહો, પહેલામાં તો એમ આવ્યું કે તેને ઇન્દ્રિયો વડે જ્ઞાન નથી થતું. સમજાણું કાંઈ? અહીં કહ્યું કે **'જેનું લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ થતું નથી...'** લ્યો! આ ભગવાન આત્મા છે, તીર્થંકરનો આત્મા છે. એ ઇન્દ્રિયો વડે જાણવામાં ન આવે એમ કહે છે. **'જેનું લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ થતું નથી...'** આહા..હા..! જેને ઇન્દ્રિયો વડે નથી થતું પણ અહીં તો જેને ઇન્દ્રિય દ્વારા જ્ઞાન નથી થતું. **'જેનું લિંગો વડે...'** જ્ઞાન. આત્માનું લિંગ-ઇન્દ્રિય વડે જ્ઞાન થતું નથી. સમજાણું કાંઈ? **'ઇન્દ્રિયો વડે ગ્રહણ થતું નથી...'**

મુમુક્ષુ :- કોઈ આત્માનું?

ઉત્તર :- કોઈ આત્માનું. અરિહંતનો આત્મા, કોઈ આત્મા. પોતાથી ઇન્દ્રિય વડે જણાતો નથી અથવા એ આત્મા ઇન્દ્રિય વડે જણાતો નથી. જ્ઞેય એવો જે આત્મા ઇન્દ્રિય વડે પરને અને સ્વને જાણવામાં નથી આવતો. અહીં તો પહેલામાં લીધું કે ઇન્દ્રિય વડે જ્ઞાન નથી થતું. આ જેનું ઇન્દ્રિયો વડે જ્ઞાન થતું નથી. બીજાને પણ, જેનું બીજાને પણ ઇન્દ્રિયો વડે જ્ઞાન નથી થતું. બીજાને આત્માનું ઇન્દ્રિય વડે જ્ઞાન થતું નથી. સમજાણું કાંઈ?

**'ગ્રાહ્ય એવા જેનું, લિંગો વડે...'** આત્માનું જ્ઞાન **'ઇન્દ્રિયો વડે ગ્રહણ થતું નથી...'** આ તો આત્માને જ્ઞાન... પહેલામાં એ આવ્યું કે જેને ઇન્દ્રિય વડે જ્ઞાન નથી થતું. હવે જેનું ઇન્દ્રિયો વડે જ્ઞાન નથી થતું એમ. બેમાં ફેર છે આખો. ઉગમણો-આથમણો. આહા..હા..! જેને ઇન્દ્રિય વડે જ્ઞાન થતું નથી અને જેનું ઇન્દ્રિયો વડે જ્ઞાન થતું નથી બીજા આત્માઓનું,

અરિહંતોનું, કે ભાઈ આ અરિહંતનો આત્મા છે, તો એનું જ્ઞાન ઈન્દ્રિયો વડે આ આત્માને થતું નથી.

મુમુક્ષુ :- સમવસરણમાં ભગવાન...

ઉત્તર :- એના વડે જ્ઞાન થતું જ નથી. ભગવાન સમવસરણમાં બિરાજતા હોય એ જાણે છે એ જ્ઞાન ઈન્દ્રિય વડે થયું તો એણે આત્માને જાણ્યો જ નથી. કારણ કે એ અતીન્દ્રિય આત્મા છે. તો અતીન્દ્રિય આત્મા અતીન્દ્રિય વડે જ જણાય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વિષય કઠણ છે.

ઉત્તર :- વિષય કઠણ અને બહુ સરળ. સર્વજ્ઞ પરમાત્મા વીતરાગ પરમાત્મા એનું બીજાને જ્ઞાન ઈન્દ્રિય વડે નથી થતું. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ સમવસરણમાં બિરાજમાન હોય. વર્તમાન બિરાજમાન છે મહાવિદેહક્ષેત્રે સીમંધર ભગવાન. તો કહે છે કે અમારું જ્ઞાન તને ઈન્દ્રિય વડે નથી થતું. કહો, પોપટભાઈ! ઝીણું પડે એવું છે એટલે હળવે હોંકાર આપે. નહિતર વળી પાછું જવાબ પૂછે તો? એમ તો સૌને મભમ રાખીને રખાય. એમ નહિ. કેમ? ભગવાનજીભાઈ! આહા..હા..!

કહે છે, 'જેનું...' એટલે આત્માનું. જેનું એટલે જેનું એટલે જિસકા. જેનું એટલે જિસકા, આત્માનું ઈન્દ્રિય વડે... એટલે કોઈપણ આત્મા અરિહંતનો કે સિદ્ધનો. કોઈ કહે અમે સિદ્ધને જાણ્યા. શી રીતે? કે સાંભળ્યું હતું કે આવો આત્મા. કહે નહિ એ આત્મા એવી રીતે જાણવામાં આવતો નથી. તને અતીન્દ્રિયપણું પ્રગટ થયા વિના 'એ અતીન્દ્રિય છે' એવું તને ખરેખર જણાતું જ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? પારેખ! આવું ઝીણું છે. ભારે ઝીણું! અરિહંતને ઓળખવા માટે કાંઈ ઈન્દ્રિયો કામ ન કરે એમ કહે છે. પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ વીતરાગદેવને ઓળખવા માટે ઈન્દ્રિયો કામ ન કરે. ઓહો..હો..! એ તો અતીન્દ્રિયજ્ઞાનથી ભગવાન જણાય છે. પોતાનો આત્મા પણ બીજાને અતીન્દ્રિયજ્ઞાનથી જણાય છે, આ આત્મા પણ બીજાને અતીન્દ્રિયજ્ઞાનથી જણાય છે. ઈન્દ્રિયથી નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

ગ્રાહ્ય નામ જ્ઞેય. જિસકા નામ જેનું. લિંગો વડે-ઈન્દ્રિયો વડે એનું. ઈન્દ્રિયો વડે એનું જાણવું નથી થતું. ઈન્દ્રિયો વડે એનું જાણવું નથી થતું. ઈન્દ્રિયો પર છે તો પર વડે આત્મા જણાતો નથી. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! કેવી વાત પણ. 'આનંદઘન કહે મારું આણો તો સાચું કરીને જાણું.' એમ આવ્યું છે ભાઈ! આનંદઘનજીમાં આવે છે. સમજાણું કાંઈ? આહા..! 'મનડું .. રાજ્ય તે વશ આવ્યું તે આગમથી મતિ આણું, આનંદઘન કહે મારું આણો તો સાચું કરીને જાણું, હો કુંથુજિન મનડુ કિમ હીન બાજે. મનડું કિમ હીન બાજે, હો કુંથુજિન મનડું કિમ હીન બાજે. ભગવાન મનડું દોરા રાજ તે વશ આણ્યું તે આગમકી મતિ આણું.'

આગમથી જાણું. 'મન દોરા રાજ તે વશ આણ્યું તે આગમથી મતિ આણું. આનંદઘન પ્રભુ મારું કરું તો તારું સાચું કરીને મેં જાણ્યું.' અહીં અતીન્દ્રિય જ્ઞાન થયું તો તમે સાચા અતીન્દ્રિય જ્ઞાનવાળા છો એમ જાણ્યું. સમજાણું કાંઈ? ...નથી એ આત્માનો સ્વભાવ એ જ્ઞેયસ્વભાવ છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૮, શનિવાર, તા. ૨૫.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૧ થી ૩, પ્રવચન-૧૩૭**

પ્રવચનસાર ચાલે છે. પ્રવચનસાર એટલે શું? સર્વજ્ઞ પરમાત્મા અરિહંતદેવ જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણવામાં આવ્યા. આત્મામાં સર્વજ્ઞસ્વભાવ તો છે. આત્મા દેહથી ભિન્ન છે આ તો જડ છે, એનાથી ભિન્ન આત્મા એમાં સર્વજ્ઞસ્વભાવ પડેલો છે. એનું પરમાત્માએ અંતરમાં ધ્યાન કરી, એકાગ્ર કરીને સર્વજ્ઞપદ જે શક્તિરૂપે હતું તેને વ્યક્તરૂપ પર્યાયમાં-અવસ્થામાં પ્રગટ કર્યું. એને પરમાત્મા અરિહંત કહેવામાં આવે છે. શેઠી! આ દેહ આ તો માટી છે, જડ છે, આ તો પુદ્ગલ છે. વાણી પુદ્ગલ છે, અંદર કર્મ જે આઠ છે. જ્ઞાનાવરણીય આદિ જે કર્મ છે એ પણ જડ, અજીવ, માટી, ધૂળ છે. એની અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિ, કરૂણાના ભાવ થાય એ બધા પુણ્યરૂપી વિકારભાવ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, વાસનાના ભાવ થાય એ પાપરૂપી વિકારભાવ છે. એ પુણ્ય અને પાપ બેય આસ્રવતત્ત્વ છે અને આત્મા એ આસ્રવતત્ત્વથી અને કર્મ અને શરીરથી ભિન્ન છે.

મુમુક્ષુ :- ક્યારે?

ઉત્તર :- અત્યારે. ક્યારે શું? સમજાય છે કાંઈ? એ વાત ચાલે છે. અત્યારે, અહીં અત્યારે એવો છે. કીધું નહિ? કહ્યું હતું પહેલું. ઓલું દેવચંદજીનું નહોતું? સ્તુતિમાં આવે છેને. પ્રભુની સ્તુતિ કરે છે દેવચંદજી થયા ખતરગચ્છમાં. એણે સ્તુતિ પ્રભુની કરી. પરમાત્મા બિરાજે છેને મહાવિદેહક્ષેત્રમાં. સીમંધર ભગવાન આદિ વીસ તીર્થંકર બિરાજે છે. અત્યારે મોજુદ છે. એની સ્તુતિ એમ કરતા કહ્યું. 'પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગ દેખતા હો લાલ. પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગ દેખતા હો લાલ, નિજસત્તાએ સૌને શુદ્ધ પેખતા હો લાલ.' હે નાથ! આપ સર્વજ્ઞ પરમાત્મા છો અને આપે બધા ત્રણકાળ ત્રણલોક જોયા છે. પ્રભુ! આ આત્માને અને દરેક આત્માને નિગોદમાં હો, બટાટા, શક્કરકંદમાં. એક કણી આટલી હોય રાઈની, એમાં અસંખ્ય તો ઔદારિક શરીર છે અને એક શરીરમાં સિદ્ધ થયા એથી અનંતગુણા જીવ છે. એ એક-એક જીવ શુદ્ધ સત્તાએ છે, અંદર ચિદાનંદ મહા ભગવાન

છે. પુણ્ય-પાપના વિકલ્પો શરીર અને કર્મથી રહિત પરમાત્માએ આત્માને શુદ્ધ સત્તાસ્વરૂપ જોયો છે. કોઈ દિ' અભ્યાસ નહિ અને એ વિના માથાફોડ કર્યા કરે, ધર્મ થાય નહિ. જ્યાં સુધી આત્મા શું છે એનું જ્ઞાન અને દર્શન ન કરે ત્યાં સુધી ધર્મ કિંચિત્ ત્રણકાળમાં થાય નહિ. સમજાય છે કાંઈ? એ માટે અહીંયા કહે છે, ભગવાને આત્માને અલિંગગ્રહણ—લિંગ દ્વારા ન જણાય એવો જોયો છે. એ ચાલે છેને અલિંગગ્રહણ. પહેલો બોલ આવ્યો હતો જુઓ. પહેલો ફરીને ગુજરાતી લઈએ. પહેલો બોલ છે.

'ગ્રાહક...' એ ગ્રાહક છે. કેવો છે આ આત્મા? જ્ઞાયક-જ્ઞાયક-ગ્રાહક-જાણનાર-જાણનાર. એ રાગવાળો, પુણ્યવાળો નથી એ તો જાણનાર છે. જાણનાર **'એવા જેને...'** એ જાણનાર એવા જેને **'લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ (-જાણવું) થતું નથી...'** દેખો, જરી ઝીણી વાત છે બહુ. ભાઈ! અનંતકાળમાં પરમાત્માએ કહ્યો એ આત્મા જાણવાનો એણે પ્રયત્ન કર્યો જ નથી. બાકી બધું કર્યું. પાપ અનંતવાર કર્યા, પુણ્ય અનંતવાર કર્યા, તો પુણ્ય-પાપના ફળ તરીકે ચાર ગતિમાં ગયો. પણ પુણ્ય અને પાપના રાગરહિત ચિદાનંદ કોણ છે આત્મા પરમેશ્વરે કહેલો તે, એની એને શ્રદ્ધા અને જ્ઞાનની શક્તિ શું છે એનું એણે ભાન કર્યું નહિ. જુઓ, અહીંયા શું કહે છે? કહે છે કે આત્મા એને અમે કહીએ પરમેશ્વર કહે છે કે જેને ઇન્દ્રિય દ્વારા જાણવું થતું નથી. એવી વાત છે. એણે કોઈ દિ' પત્તો અને જાણવાનો પ્રયત્ન કર્યો નથી.

**'ઇન્દ્રિય વડે ગ્રહણ (-જાણવું) થતું નથી...'** શું કહે છે? ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ ચૈતન્ય છે એને ઇન્દ્રિય દ્વારા જાણવું થતું નથી. એ અતીન્દ્રિય આત્મા છે. સમજાય છે કાંઈ? મૂળ અત્યારે આ વાત જ મૂળ સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શન શું અને એનો વિષય શું એ વાત જ પડી રહી છે. બહારથી માંડીને થોથા પાપ, પૈસા ખર્ચવા કાં ધમાધમ કરવી, ધર્મને નામે ધમાધમ, પણ ધર્મ ક્યાંથી થાય એની ખબર નથી. એ અહીં કહે છે કે ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યજ્યોત, ચૈતન્યસૂર્ય, ચૈતન્યબિંબ. જેમ આ સૂર્ય છે એ પરમાણુનો પિંડ છે, તો આ જ્ઞાનનો પિંડ છે, જ્ઞાનનો પુંજ છે. એવો જ્ઞાયક. ભગવાન કહે છે કે એ જ્ઞાયકજીવ એને.. એમ ઇન્દ્રિય દ્વારા જાણવું થતું જ નથી. આ ઇન્દ્રિયો દ્વારા જાણે તે આત્મા જ નહિ એમ અહીંયા ભગવાન કહે છે. ઝીણી વાત ભાઈ! આહા..હા..! કહો, ચંદુભાઈ! એ ઝીણી વાત છે હોં! એ બહારથી ઈશ્વર કરી દે એવું નથી આમાં કાંઈ. કોઈ ભગવાન ભગવાન આપી દે. સમજાણું કાંઈ? કોઈ કર્તા-બર્તા છે નહિ. સ્વતંત્ર સત્‌ચિદાનંદ આત્મા અનાદિ-અનંત આત્મા સ્વતંત્ર છે. એવા અનંત આત્માઓ સ્વતંત્ર સહજપણે સિદ્ધ છે. સિદ્ધ છે એટલે હયાતીમાં છે એમ. જુઓ, કહે છે કે કેવો આત્મા છે? કે એને ઇન્દ્રિય દ્વારા જાણવું થતું નથી. આહા..હા..! જે ઇન્દ્રિય આ જડ માટી આ તો ઇન્દ્રિય છે એ અખંડ ઇન્દ્રિય એ કાંઈ ભાવઇન્દ્રિય દ્વારા શબ્દરૂપ આદિ જે જાણે એ ખંડ ઇન્દ્રિય અને જડ ઇન્દ્રિય બેય

આત્મા નહિ. એના દ્વારા જાણવું થાય એ આત્માનું જ્ઞાન નહિ, એમ કહે છે ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..! કેમકે એ તો અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ છે. એ તો અંતરના જ્ઞાનની દશા દ્વારા-સ્વસંવેદન જ્ઞાન દ્વારા અતીન્દ્રિય જ્ઞાનથી જાણવામાં આવે એવો આત્મા છે. આત્મા જ એવો છે એમ કહે છે અહીં. શું કીધું? દેખો! આ તો એકદમ લોજિક અને અધ્યાત્મનું રહસ્ય વીતરાગના માર્ગનું છે. એવું અનંતવાર અનંતકાળમાં જૈન સાધુ અનંતવાર થયો, શ્રાવક અનંતવાર થયો, પણ આત્મજ્ઞાન કર્યું નહિ. આત્મજ્ઞાન વિના બધા થોથા નીકળ્યા ચાર ગતિના અવતાર. સમજાણું કાંઈ?

'**(-જ્ઞાયક) એવા જેને...**' ઓલું હિન્દી ચાલતું. આ તમને ઠીક પડશે અત્યારે ગુજરાતી કરશનભાઈ! ઓલું હિન્દી જરી આમાંથી... આજે ગુજરાતી આવ્યું થોડું. છે શબ્દ પહેલો? હા એ. પહેલી લીટી. જ્ઞાયક એવો ચૈતન્યરૂપ પ્રભુ જાણનાર... જાણનાર... ચૈતન્યજ્યોત એને ઇન્દ્રિય દ્વારા જાણવું થતું નથી. ઇન્દ્રિય દ્વારા જણાય તે આત્મા નહિ. આહા..હા..! ભારે ભગવાન! કહો, સમજાણું કાંઈ? કહે છે કે એ રીતે જાણવું ઇન્દ્રિયથી થાય એ આત્મા નહિ. કેમ? ઇન્દ્રિયો પર છે, જડ છે, ખંડ ઇન્દ્રિય પણ અંશ છે. એ દ્વારા જાણવું થાય એ જ્ઞાન દુઃખરૂપ છે. આહા..હા..! એ ઇન્દ્રિય દ્વારા જેને જાણવું થતું નથી તેથી અલિંગગ્રહણ છે. અલિંગ. લિંગ નામ ઇન્દ્રિયના ચિહ્નો દ્વારા જેને ગ્રહણ નામ જાણવું, અ નામ નહિ. અલિંગગ્રહણ એટલા શબ્દનો અર્થ છે. ઇન્દ્રિયો નામ લિંગ, ગ્રહણ નામ જાણવું, ઇન્દ્રિય દ્વારા જેને જાણવું થતું નથી એવા આત્માને અલિંગગ્રહણ કહેવામાં આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- દુઃખ જ છે. પરનું જ્ઞાન (એમાં) રાગ છેને અંદર ભેગો? આત્માનો આનંદ ન આવ્યો ભેગો. અતીન્દ્રિય જ્ઞાન દ્વારા જાણે તો આનંદ આવે તો એ આત્મા કહેવાય. એકલું પર દ્વારા જાણે તો વિકલ્પાત્મક રાગની કલુષિતતા સહિતનું જ્ઞાન દુઃખરૂપ છે. કહો, આ વકીલાત-બકીલાતનું જ્ઞાન દુઃખરૂપ છે.

મુમુક્ષુ :- .. ભવિષ્યમાં.

ઉત્તર :- ભવિષ્યમાં નહિ, અત્યારે. ધૂળમાંય મોટો નથી પૈસાને લઈને. એ તો પૂર્વના પુણ્યને લઈને મળે છે.

મુમુક્ષુ :- પણ રોટલા મળે છેને.

ઉત્તર :- મળ્યા. એ તો ઓલા બારિસ્ટર નથી? આપણે ગીરજાશંકરભાઈ બારિસ્ટર છે રોટલા ઘરના ખાય છે. નથી જોયા રાજકોટ? બેરિસ્ટર થયેલો છે ઓલો ગીરજાશંકર. કોઠારી શું કહેવાય એ? જોયા છેને અમે. બેરિસ્ટર થયેલ. ગ્રાહક ન મળે કોઈ, કોઈ અસીલ આવે નહિ. પણ એના બાપના પૈસા છે તો ખાય છે. એ તો પૂર્વના પુણ્ય હોય તે પ્રમાણે મળે. કાંઈક ભાણ્યા માટે મળે એમ છે નહિ. અને એ ભણેલું જ્ઞાન એ જ્ઞાન જ નથી, અહીં તો

કહે છે આચાર્ય. કારણ કે જે જ્ઞાનથી ભવનો અભાવ ન થાય અને જે જ્ઞાન આત્માને સ્પર્શીને ન થાય તેને જ્ઞાન કહેતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ અહીં વાત મુદ્દાની રકમની વાત ચાલે છે. શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન નહિ એમ કહે છે અહીં તો. કાન તો માટી છે આ. કાન જડ છે, આ માટી પુદ્ગલ છે. પુદ્ગલ-અસ્તિકાય ભગવાન કહે છે આને. છ દ્રવ્ય છેને. આત્મા, પુદ્ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ-છ દ્રવ્ય ભગવાને જોયા છે કેવળજ્ઞાનમાં. એમાં આ પુદ્ગલ છે. તો આ દ્વારા જ્ઞાન થાય એ આત્માનું કહેવાય? એ તો જડ પર છે. અને સાંભળવાનો શબ્દ પડે છે આ માટી. આ અવાજ ઉઠે છે એ અવાજ છે. એ કાને પડે એથી જ્ઞાન થાય? એ જ્ઞાનની પર્યાય એને થવાની, આ શબ્દ અને કાનથી નહિ, જે થાય તે પણ જ્ઞાન આત્માનું નહિ, તે પણ જ્ઞાન દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? કહો, શાંતિભાઈ! ભારે વાત! અરે! વીતરાગનો માર્ગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે અનંતકાળમાં (કહ્યો). એ સિવાય કોઈ કહે બીજા, બધી કલ્પિત વાતું બધાની છે. સર્વજ્ઞ પરમેશ્વર એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જોયા એવા ભગવાન થઈ ગયા, વર્તમાનમાં બિરાજે છે, ભવિષ્યમાં અનંત થશે. એ પરમાત્માએ એમ કહ્યું કે ભાઈ! તું આત્મા છોને. વસ્તુમાં જ્ઞાન, આનંદ પડ્યો છેને. જ્ઞાન અને આનંદ પડ્યો છેને. એ જ્ઞાન અને આનંદને પ્રગટ કરવા માટે એટલે તારી શક્તિની પ્રગટતા કરવા માટે પરદ્રવ્યની અપેક્ષા હોઈ શકે નહિ. શેઠી! આહા..હા..!

કહે છે કે '**આ રીતે આત્મા અતીન્દ્રિયજ્ઞાનમય છે...**' આહા..હા..! અત્યારે. લક્ષ ઈન્દ્રિયનું છોડી દઈ, ખંડ ઈન્દ્રિય દ્વારા-અંશ જ્ઞાનના ઉઘાડ દ્વારા આમ શબ્દરૂપ જે જણાય એ લક્ષ છોડી દઈ અને અતીન્દ્રિય ત્રિકાળ જ્ઞાનાનંદમૂર્તિ છું અને અંતરમાં જ્ઞાનની દશા દ્વારા ત્રિકાળ આત્માને સ્પર્શે તેથી જે જ્ઞાન થાય તેને ભગવાન સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સાચું જ્ઞાન કહેવામાં આવે છે અને એ જ્ઞાન મોક્ષનો માર્ગ છે. કહો, પોપટભાઈ! આહા..હા..! અરે! ક્યાં માર્ગ અને ક્યાં લોકો અથડાય બિચારા. આવો મનુષ્યદેહ ચાલ્યો જશે ફૂ થઈને. હાથ ન જો આવ્યો આત્મા શું ચીજ છે એ, ભગવાન કહે છે તે રીતે, (તો) થોથા જન્મ-મરણના અનંતકાળ કર્યા એવા કરશે પાછા. એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, બટાટા, શક્કરકંદ અને નરક અને નિગોદ. વકીલ! નામ શું ભાઈ! મગનભાઈ! સમજાય છે કાંઈ? કહો, શિખરચંદજી! આહા..હા..!

પ્રભુ કહે છે, ભાઈ! તું તો અલિંગગ્રહણ છોને નાથ! આહા..હા..! તું નિર્વાણનાથ છો હોં! આહા..હા..! તારું સ્વરૂપ પ્રભુ! શરીર દ્વારા જણાય નહિ, ઈન્દ્રિયો દ્વારા જણાય. કારણ કે શરીરના અવયવો એ બધા ઈન્દ્રિયો છે આ બધી અને ખંડ ઈન્દ્રિયનો અંશ જ્ઞાન છે એ અંશ ઉપર લક્ષથી જ્ઞાન થાય એ કાંઈ તારું જ્ઞાન નથી. કારણ કે ખંડખંડ ઈન્દ્રિય ખરેખર તો પરવસ્તુ છે. આહા..હા..! પુણ્યના વિકલ્પ દ્વારા જણાય નહિ આત્મા. આહા..હા..! એ

તો વળી આગળ સ્થૂળ થઈ ગયું. આગળ આવશે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય, પૂજા, દાન આદિના એ શુભભાવ છે, વિકલ્પ છે. એ આત્માનું જ્ઞાન નહિ, એ આત્માનો સ્વભાવ નહિ. આહા..હા..! એમાં તો ધર્મ માન્યો આ દુનિયાએ. સમજાય છે કાંઈ? ભગવાન ત્રિલોકનાથ કહે છે કે એ શુભભાવથી પણ આત્માને ધર્મ અને કલ્યાણ થાતું નથી, પણ ઈન્દ્રિયોથી જાણવું થાય તે જ્ઞાનથી પણ આત્માનું જ્ઞાન અને કલ્યાણ થતું નથી. એય..! ધીરૂભાઈ તંબોળી! સમજાય છે આ? આહા..હા..!

ભગવાન સનાથ છેને. નિરપેક્ષ તત્ત્વ છેને. જેને પરની અપેક્ષા જ નથી. ઈન્દ્રિયો અને મન અને રાગની અપેક્ષા જ નથી. એવું ચિદાનંદસ્વરૂપ અંતર્મુખ અતીન્દ્રિય જ્ઞાનથી પૃથક્ જણાય એ જ્ઞાનને સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને તે જ્ઞાનને વીતરાગી પર્યાય અને ધર્મ કહેવામાં આવે છે. આમ છે તેને આ સમજે છૂટકો, નહિતર મરી જાય તોપણ ધર્મ થાય એવો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો આપણે બોલ આવી ગયો છે. જરીક આ ગુજરાતી લીધું.

જુઓ, હવે બીજું '(૨) **ગ્રાહ્ય (જણાવાયોગ્ય) એવા...**' હવે જણાવાયોગ્ય. ઓલો જાણનાર એમ હતું. '**(જણાવાયોગ્ય) એવા જેનું,...**' એટલે આત્માનું. '**લિંગો વડે એટલે કે ઈન્દ્રિયો વડે ગ્રહણ (-જાણવું) થતું નથી...**' ઓલામાં એમ હતું કે ઈન્દ્રિય દ્વારા એને જાણવું થતું નથી. સમજાય છે? અહીં ઈન્દ્રિય દ્વારા એને જણાતું નથી. '**જેનું લિંગો વડે એટલે કે ઈન્દ્રિયો વડે ગ્રહણ (-જાણવું) થતું નથી...**' બીજાઓ એને જાણે કે પોતે જાણે, (પણ) ઈન્દ્રિય વડે જાણી શકતા નથી. સમજાણું કાંઈ? '**(જણાવાયોગ્ય) એવા જેનું, લિંગો વડે એટલે કે ઈન્દ્રિયો વડે ગ્રહણ (-જાણવું) થતું નથી...**' એવો ભગવાન આત્મા અતીન્દ્રિયજ્ઞાનમય છે. સમજાય છે? એ આનો અર્થ બીજો કરશે. '**તે અલિંગ્રહણ છે; આ રીતે આત્મા ઈન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી...**' એમ કહે છે. કોઈ એમ કહે કે ભગવાન આવે છે, જુઓ એને દિવ્યધ્વનિ નીકળે છે, સમવસરણ છે, ઈન્દ્રો પૂજા કરે છે, ભગવાનની ઈન્દ્રો પૂજા કરે છે માટે અમે એના આત્માને જાણ્યો. કે એનાથી આત્મા જણાય નહિ. સમજાણું કાંઈ? એ તો બહારની વિભૂતિ અને આ જડની પર્યાયની વાત છે. ઈન્દ્રિય દ્વારા આત્મા પ્રત્યક્ષ થઈ શકે એવો એ વિષય છે નહિ. આહા..હા..! આંખ દ્વારા (પ્રત્યક્ષ) થઈ શકે ભગવાન? આ આંખ તો પર છે, આ તો માટી છે. કાન માટી છે, આ તો જડ-માટી છે. આ તો અજીવ જડની દશાઓ છે આ બધી. પરમાણુ છે, આ રાખ છે એ ઉડી જશે ફૂ થઈને. એ ક્યાં આત્મા છે? આ ઈન્દ્રિય દ્વારા જેને જણાવાયોગ્ય તે ઈન્દ્રિય દ્વારા જણાતો નથી. જણાવાયોગ્ય તે ઈન્દ્રિય દ્વારા જણાતો નથી. ભારે વાત ભાઈ!

પહેલામાં એમ હતું કે ઈન્દ્રિય દ્વારા જેને જાણવું થતું નથી એને. ઈન્દ્રિય દ્વારા જેને

જાણવું થતું નથી. બીજામાં ઇન્દ્રિય દ્વારા જે જણાતો નથી. આહા..હા..! ન્યાયથી ભાઈ સમજે તો આ તો વીતરાગનો માર્ગ એવો છે સૂક્ષ્મ છે ભાઈ! અનંતકાળમાં એણે આ વાસ્તવિક તત્ત્વનું શરણ લીધું નથી. બહારમાં તો પાપ, પાપ અને પાપ એકલા છે. સંસાર ખાવા, પીવા, ભોગ, વિષય આદિ. એને છોડીને કોઈ દયા, દાન, ભક્તિ, વ્રતાદિના ભાવ કરે તો એ પણ પુણ્ય છે, વિકલ્પ છે, ધર્મ નહિ. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? ધર્મ તો એને કહે છે પરમાત્મા કે જે ઇન્દ્રિય દ્વારા જણાવાયોગ્ય જ જ્ઞેય નથી. આ જ્ઞેય છેને પોતે. ચાલે છે એ જ્ઞેય અધિકાર છેને? જ્ઞેય અધિકાર છે. જ્ઞાનમાં જણાવાયોગને જ્ઞેય કહે છે. જ્ઞાન જાણવાલાયક છે અને જ્ઞાન જેને જાણે તે જણાવાલાયકને જ્ઞેય કહે છે. તો ભગવાન આત્મા જ્ઞેય, આત્મા જ્ઞેય, એ જણાવાયોગ્ય છે એ ઇન્દ્રિય દ્વારા જણાવાયોગ્ય નથી. પહેલું એમ કહ્યું હતું કે ઇન્દ્રિય દ્વારા એને જાણવું થતું નથી. હવે કહે છે કે ઇન્દ્રિય દ્વારા જેનું જ્ઞાન થતું નથી. બેમાં ફેર છે કે નહિ કાંઈ? અરેરે! શું ફેર? છે?

'(જણાવાયોગ્ય)...' એવો જે જ્ઞેય એટલે આત્મા. **'જેનું, લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ (-જાણવું) થતું નથી...'** આહા..હા..! કાને સાંભળ શબ્દો એથી જ્ઞાન થાય આત્માનું, એમ નહિ. આહા..હા..! બીજી વાત તો એમ કહે છે કે આ ઇન્દ્રિયોથી જાણ્યું કે આ ભગવાન આત્મા આવો છે એમ કાને પડ્યો શબ્દ અને એને ખ્યાલ આવ્યો. કહે છે કે એ દ્વારા પણ આત્માનું જ્ઞાન થતું નથી. ભાઈ! ઝીણું બહુ. આહા..હા..! કાને શબ્દ પડ્યો પરમાત્માની, દિવ્યધ્વનિ, વીતરાગદેવનો કે મુનિઓ સાચા સંતનો. કે ભાઈ! તું ચિદાનંદ આત્મા છો. આ કાન છે આ તો જડ એ નિમિત્તથી. એને અંદર ખ્યાલ આવ્યો કે આ આમ કહે છે. એ જ્ઞાન પણ આત્માનું નહિ. એ દ્વારા આત્મા જણાય એવો નથી એમ કહે છે. પરલક્ષી જ્ઞાન, પરાધીન જ્ઞાન, પરસત્તાવલંબી જ્ઞાન તે સ્વસત્તાવલંબી જ્ઞાનનું કારણ છે જ નહિ. આહા..હા..! આવી વાત ભારે ભાઈ! ન્યાય સમજાય છે કાંઈ? ન્યાય એટલે 'નિ' ધાતુ છે. નિ-લઈ જવું. લોજિક છેને? નિ. ન્યાય-નિ દોરી જવું, લઈ જવું. જેવું વસ્તુનું સ્વરૂપ છે તેને જ્ઞાનમાં તે પ્રકારે દોરી જવું એનું નામ ન્યાય કહેવામાં આવે છે. તો આ ભગવાન ન્યાય કહે છે કે ભાઈ! તું ઇન્દ્રિયો દ્વારા જણાય એવો તું નથી. આહા..હા..! એય..! શોભાલાલજી! ભગવાન! તને તારી ખબર નથી પ્રભુ! એમ કહે છે. આહા..હા..! તું તો ઇન્દ્રિયના પ્રત્યક્ષનો વિષય જ નથીને. કહે કે આંખ દ્વારા જાણીએ, કાન દ્વારા જાણીએ, ફલાણા દ્વારા જાણીએ, ભાઈ! ભગવાન! પર દ્વારા જણાય એવો તું છો જ નહિ. કહો, પરની ક્રિયા દ્વારા તો જણાય નહિ, પણ પર દ્વારા થતાં જ્ઞાનથી જણાય નહિ એવો છે એમ કહે છે. આહા..હા..! ભારે વાતું ભાઈ! 'અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યા નહિ અભિમાન.' આવે છેને શ્રીમદ્‌માં? અનંતકાળથી આથડ્યો વિના ભાન. ખબર ન મળે શું ચીજ છે. સાધુ થયો, મુનિ થયો,

વ્રત ને આ કરું, તે કરું, પણ એ બધી ક્રિયાકાંડી રાગી. એ ધર્મ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? પોપટભાઈ! ભારે કામ!

અહીં તો ભગવાન કહે છે કે ભાઈ! તું ઇન્દ્રિય દ્વારા જણાવાયોગ્ય છે નહિને. આહા..હા..! ત્યારે શી રીતે જાણવો? બાપુ! તારું સ્વરૂપ અતીન્દ્રિય જ્ઞાન એનાથી તું જણાવાલાયક છો. અંદર અતીન્દ્રિય જ્ઞાન, મન અને વિકલ્પની પાર અતીન્દ્રિય જ્ઞાન દ્વારા તું જણાવાલાયક એ જ્ઞેય છો. અતીન્દ્રિજ્ઞાન દ્વારા તું જણાવાલાયક જ્ઞેય છો. આહા..હા..! એવો જ એનો સ્વભાવ છે, પણ એની કોઈ દિ' ખબર કરી નથી. આ જણાય અતીન્દ્રિય જ્ઞાન દ્વારા ત્યારે તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન, ચોથું ગુણસ્થાન કહેવામાં આવે છે. શ્રાવક અને સાધુ તો હજી ક્યાંય રહ્યા. એ તો કોને કહેવા એ તો લોકોને ખબર પણ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, શેઠી! બે બોલ આવી ગયા છે. હજી તો તમારે તો પૂરું ક્યાં થાય છે બેમાં તે? ફિર લાવો ફિર લાવો એમ કહે છેને. કલસે વિશેષ આયા આજ થોડા. ગુજરાતીમેં થા આજ.

'**ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' શું કહે છે? અલિંગગ્રહણ છેને શબ્દ? અ-લિંગ અને ગ્રહણ. એમાંથી આવો અર્થ નીકળે છે એમ. અલિંગગ્રહણમાંથી આવો ભાવ નીકળે છે—એવા અર્થની પ્રાપ્તિ થાય છે. સમજાણું કાંઈ? '**ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી...**' ઇન્દ્રિયથી જણાય, મનથી જણાય, રાગથી જણાય. ના ભગવાન! તારામાં ન હોય એનાથી તું ન જણાય, એમ કહે છે. ઇન્દ્રિયો કાંઈ તારામાં નથી, આ તો જડની છે, પરની છે. સમજાય છે? રાગ વિકાર છે, પુણ્ય-પાપનો વિકલ્પ એ રાગ છે, એ વિકાર છે. એ તારામાં નથી, વસ્તુમાં નથી. વસ્તુમાં હોય તો રાગ ટળીને વીતરાગ થઈ શકે નહિ. ન્યાય સમજાય છે? દયા, દાન, વ્રત, ભક્તિનો, પૂજાનો રાગ એ વિકલ્પ-રાગ છે. એ તારામાં નથી. કેમકે તારામાં હોય તો જુદો પડી શકે નહિ. વીતરાગ થતા રાગ રહેતો નથી. માટે એ રાગથી પણ તું જણાય એવો નથી. આહા..હા..! પણ અહીં તો કહે છે કે કોઈ ઇન્દ્રિય દ્વારા જ્ઞાન થાય એનાથી જણાવાલાયક તું નથી. આહા..હા..! તારું જાણવું, તારું જાણવું અથવા તું જણાવાયોગ્ય, અંતરની અતીન્દ્રિય જ્ઞાન દ્વારા જણાવાયોગ્ય છો. એવો જે જ્ઞેય નામ આત્મદેવનો ભગવાને સ્વભાવ જોયો અને કહ્યો છે. આહા..હા..! ન્યાય સમજાય છે કાંઈ? અહીં ન્યાયની વાતથી વાત છે, બાપુ! આમ મચરડી-કચરડીને મનાવું એ માર્ગ વીતરાગનો ન હોય. ન્યાયથી વસ્તુ સિદ્ધ થાય સત્યની કસોટીએ ચડીને. તે સત્યને સત્ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બે બોલ તો થયા હતા આપણે.

ત્રીજો આજે. '(૩) **જેમ ધુમાડા દ્વારા અગ્નિનું ગ્રહણ થાય છે...**' હવે અનુમાન લીધું છે ભેગું, ઓલું પ્રત્યક્ષ સાથે. જેમ પર્વત ઉપર અગ્નિ હોયને ત્યારે ઓલો ધુમાડો દેખાય. તો એમ થાય કે ધુમાડો હોય ત્યાં અગ્નિ હોય. પાછું એટલું ખરું કે અગ્નિ હોય અને ધુમાડો

ન હોય, પણ ધુમાડો હોય ત્યાં તો અગ્નિ હોય જ. સિદ્ધાંત એનો છે એ. અગ્નિ હોય અને ધુમાડો ન હોય. એકલી અગ્નિ થઈ ગઈ હોય, (પણ) ધુમાડો ન હોય. પણ ધુમાડો દેખીને અનુમાન થાય કે ઠીક આ ધુમાડો છે ત્યાં અગ્નિ હોવી જોઈએ. એ અનુમાન આમ થઈ ગયું.

કહે છે '**ધુમાડા દ્વારા અગ્નિનું ગ્રહણ...**' એટલે જાણવું થાય છે '**તેમ લિંગ દ્વારા એટલે કે ઈન્દ્રિયગમ્ય દ્વારા...**' ઈન્દ્રિયોથી અનુમાન દ્વારા આત્મા જણાય એવો છે નહિ. આહા..હા..! કહો, પોપટભાઈ! આમાં ક્યાંય સાંભળ્યું નહોતું ત્યાં એટલામાં. હતું નહિ. પૈસા રળવા અને કમાવવા અને મરવું. બીજું શું છે? રળવું અને મરવું. આહા..હા..! ભાવમરણ છે, ભાઈ! તને ખબર નથી પ્રભુ! સર્વજ્ઞ પરમેશ્વર કહે છે, ઈન્દ્રિયથી અનુમાન કરીને પ્રત્યક્ષ થાય.. જેમ ધુમાડો હોય તો અગ્નિ દેખાય, એમ ઈન્દ્રિયના પ્રત્યક્ષ ચિહ્ન દ્વારા કે જો આમ બોલે છે અને આમ ચાલે છે એ માટે આત્મા, એમ ઈન્દ્રિયથી અનુમાન થઈને આત્મા જણાય એવો આત્મા છે નહિ. એ વાત ખોટી. એ .. હાથ નથી આવતા, ઢીંકણું એ બધી વાતું કરીને. એ બધી ખબર છેને. સમજાણું કાંઈ? એ તો આ જડ ચાલે છે. ... પરમાણુની દશા છે. ડોક્ટર છેલ્લી સ્થિતિ હોય તો કહે પલ્સ પકડાતા નથી. એથી કરીને આત્મા છે એમ જણાતો નથી. એ તો આમાં છે કે નહિ એ વાત. પણ આત્મા કેવો છે? ઈન્દ્રિય પ્રત્યક્ષના અનુમાન દ્વારા જણાય એવો આત્મા નથી. આહા..હા..! સમ્યગ્દર્શન એમ ન થાય એમ કહે છે. આત્માનો અનુભવ ઈન્દ્રિય પ્રત્યક્ષ અનુમાન દ્વારા થાય એવો આત્મા નથી. આહા..હા..! ભારે વાત ભાઈ!

'**જેમ ધુમાડા દ્વયારા અગ્નિનું...**' જાણવું થાય. ગ્રહણ એટલે જાણવું. '**તેમ લિંગ દ્વારા એટલે કે ઈન્દ્રિયગમ્ય દ્વારા (ઈન્દ્રિયથી જણાવાયોગ્ય ચિહ્ન દ્વારા) જેનું ગ્રહણ (-જાણવું) થતું નથી...**' ઈન્દ્રિયથી પ્રત્યક્ષ જાણે છે. જુઓ આ પ્રત્યક્ષ છેને આ. આ જુઓ આટલા અપવાસ કરે તો શરીર જીર્ણ થઈ ગયું. માટે એને આત્માની શ્રદ્ધા છે. ખોટી વાત છે. તેને આત્માની ખબર નથી. સમજાણું કાંઈ? જુઓને, પેટ મળી ગયા અપવાસ કરી કરીને પંદર-પંદર-વીસ દિવસના. શરીર જીર્ણ થઈ ગયું છે. ઈન્દ્રિયગમ્ય પ્રત્યક્ષ દેખાય છે કે કાંઈક તપ કર્યું એણે અને તપ કર્યું માટે એને ધર્મ થયો એમ તને લાગે છેને? ભગવાન ના પાડે તને ખબર નથી એની.

મુમુક્ષુ :- બધી વાત ખોટી પડે?

ઉત્તર :- ખોટી હોય તો ખોટી જ પડેને. સાચી હોય તો સાચી રહે. દુનિયા માને એટલે કાંઈ સાચી થઈ જાય? આમ થઈ જાય કે આહા..હા..! જો ભાઈ! શરીર જીર્ણ થઈ ગયું. માટે એણે તપસ્યા બહુ કરી, ધર્મ બહુ થયો. કહે છે કે એ ઈન્દ્રિયના અનુમાન ગમ્યથી આત્મા કેવો અંદર વર્તે છે એવું જ્ઞાન થઈ શકતું નથી. હવે એવા તો છ-છ મહિનાના અપવાસ

અનંતવાર કર્યા છે, નવમી ગ્રૈવેયક ગયો ત્યારે. સાંભળ્યું નથી? 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો ફિર પીછો પટક્યો.' આત્માના સમ્યગ્દર્શનના ભાન વિના એવી ક્રિયાકાંડના દ્રવ્યેન્દ્રિયોના દમન અને સંયમ દ્વારા 'દ્રવ્ય સંયમ સે ગ્રૈવેયક પાયો.' નવમી ગ્રૈવેયક થાય છે. આખો (લોક) છેને આ લોક? એ પુરુષના આકારે છે. ભગવાને પુરુષના આકારે લોકને જોયો છે આ ચૌદ બ્રહ્માંડ, ચૌદ રાજલોક. એમાં ગ્રૈવેયક ગ્રીવાના ઠેકાણા નવ પાસડા છે. ૩૧ સાગરની સ્થિતિ દેવની, અનંતવાર ગયો ત્યાં. શરીરના ચામડા ઉતરડીને ખાર છાંટ્યા અને ક્રોધ ન કર્યો, શુક્લલેશ્યા એ દ્વારા સ્વર્ગમાં ગયો અનંતવાર. એ ધર્મ નહિ. આહા..હા..! કેમકે એ તો ઈન્દ્રિયની ક્રિયાઓ તે બધી જાણી. એ આત્માની ક્રિયા તને ખબર નથી. એ રાગ અને દેહની ક્રિયા અનુમાનથી થાય કે આને તો ઘણો રાગ મંદ પડી ગયો છે હોં! અને શરીર બહુ જીર્ણ થઈ ગયું છે. માટે ઈન્દ્રિયથી જાણતા તને આ આત્માને ધર્મ થયો એમ તું કરવા જા કે અનુમાન કરવા જા તો એ અનુમાન થઈ શકે એવું નથી. સમજ્યા? અભવિ પણ એવું તો અનંતવાર કરે છે.

એક આંબેલ અને એક અપવાસ, બે આંબેલ અને એક અપવાસ, ત્રણ આંબેલ અને એક અપવાસ. જાય સો સો કરીને ઉપર. શરીર પછી જીર્ણ થઈ જાય. કહે છે કે આમ દેખાણુંને જુઓને. આહા..હા..! પ્રત્યક્ષ દેખાય છેને આ. પાધરા પેટ મળી ગયા છે માટે એને કાંઈ ધર્મ થયો આત્મામાં. કોણે કહ્યું તને એવું? એ તો જડની ક્રિયા છે. એમાં રાગ મંદ થયો એ પણ તેં કે દિ' જાણ્યો? સમજાય છે? રાગ અને પરના જાણવા વિનાનું એકલું જ્ઞાન આત્માનું થઈ અને સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ આવે, એને ભગવાન આત્માને જાણ્યો અને ધર્મ થાય એમ કહેવામાં આવે. બાકી બધી ધુળધાણી અને વા પાણી છે. સમજાણું કાંઈ? એમ કહે છે. આના આટલું વાંચતા આવડે છેને. આટલું બોલતા આવડે છેને. એવું બોલતા આવડે માટે એને આત્મા જાણ્યો લાગે છે. એમ ન જણાય બાપા! એ વાણી જડ છે. એ જડના ઈન્દ્રિય પ્રત્યક્ષના અનુમાનથી આત્મા એવો છે એ તને ન જાણવામાં આવે ભાઈ! આહા..હા..! શિખરચંદજી! બહુ ઝીણું ભાઈ! બિચારા લોકો બહારથી માંડીને બેઠા હોય કાંઈક, જિંદગી ચાલી જાય એમ ને એમ. વીતરાગ પરમેશ્વર કહે છે, ઈન્દ્રિયગમ્યથી અનુમાન થાય અને એનાથી આત્મા જણાય એવો આત્મા છે જ નહિ. ઈન્દ્રિયગમ્યના અનુમાન દ્વારા આને આવું થયું માટે આને ધર્મ થયો એમ જણાવાલાયક આત્મા છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કાંતિભાઈ!

આ હમણા ઝીણું આવે છે બહુ. થોડા દિ' છેને પાછું. કીધું, થોડું થોડું લઈએ. તેર દિ' પછી ઉઠવું છેને અહીંથી. ખરા આ લીધો. સવારમાં કર્તાકર્મ ચાલે છે. આહા..હા..! ભાઈ! તું ઈન્દ્રિયોના અનુમાનથી આ કાન, આંખના અનુમાનથી જોતા. આહા..હા..! કેવી ભાષા કરે છેને આ? શાસ્ત્રભાષા. માટે નક્કી એને આત્મજ્ઞાન છે. અને આ કેવી તપસ્યા

કરી છે? શરીરમાં જીર્ણતા કરી, માટે એને આત્મધર્મ છે. ભાઈ! એમ ન થાય. એ ઇન્દ્રિયના અનુમાનનો વિષય આત્મા નથી. એ તો અતીન્દ્રિય જ્ઞાનથી જણાય એવો આત્મા છે. સમજાણું કાંઈ? અને જેણે અતીન્દ્રિય જ્ઞાનથી આત્મા જાણ્યો, એ બીજાના આત્માને અતીન્દ્રિય જ્ઞાનથી જાણે. એવી બહારની ચેષ્ટાથી નહિ. એમ ન જણાય. આહા..હા..! એની દૃષ્ટિ અને એનું જ્ઞાન જુદી જાતનું છે. બીજો પણ અતીન્દ્રિય જ્ઞાન જેને થયું છે સમ્યગ્દર્શન, તે બીજાના આત્માને પણ અતીન્દ્રિય જ્ઞાન દ્વારા જાણે. અનુમાન દ્વારા જાણી શકે એમ છે નહિ. એમ કહે છે. હજી તો ઘણા બોલ આવશે. ઓહો..હો..!

કારણ કે આત્મામાં એવો પ્રત્યક્ષ નામનો ગુણ પડ્યો છે. લ્યો આ તો ઇન્દ્રિય પ્રત્યક્ષથી જણાય એવો નથી, પણ જ્ઞાનપ્રત્યક્ષથી જણાય એવો છે. આત્મામાં ભગવાને અનંત ગુણ વર્ણવ્યા છે. પરમાત્માએ સંખ્યાએ અનંત. (કાળે) રહેવાના અનંત એમ નહિ. કાળે અનંત એ તો અનાદિ-અનંત રહેશે. પણ સંખ્યાએ અનંત. આત્મા ભગવાન જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, પ્રભુત્વ એવી એક સ્વચ્છત્વ નામનો ગુણ ભગવાને જોયો છે. એની સાથે પ્રકાશ નામનો ગુણ ભગવાને જોયો છે. આત્મામાં પ્રકાશ નામનો ગુણ ભગવાને જોયો છે. કે પ્રત્યક્ષ પ્રકાશગુણનું કાર્ય શું? કે આત્મા સીધો અંદર મતિ અને શ્રુતજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ થઈ શકે એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત. અહીં નીચે પ્રત્યક્ષ થઈ જાય? હવે સાંભળ તો ખરો. નીચે પ્રત્યક્ષ ન થાય તો પૂર્ણ કેવળજ્ઞાન થાશે કે દિ'? બીજ ઊગે ત્યારે એને પૂનમ થાય. તો બીજમાં ચંદ્રનો અંશ આવે છે કે નહિ? બીજમાં ચંદ્રનો અંશ આવે છે કે કાગડીનો અંશ આવે છે?

મુમુક્ષુ :- ધોળાશથી અંદર..

ઉત્તર :- ધોળાશનો અંશ જ્યાં આમાં આવે છે, એ વધીને પછી પૂનમ થાય છે. એમ સમ્યગ્દર્શનમાં ચોથા ગુણસ્થાન. શ્રાવક તો હજી ક્યાંય દશા રહી. કોને કહેવો શ્રાવક એને ખબર નથી. વાડાના શ્રાવક એ શ્રાવક ન કહેવાય. કોથળીમાં ભર્યા હોય કરિયાતા અને માથે લખે સાકર, (તો) કરિયાતા મીઠા થઈ જતા હશે? કોથળીમાં કરિયાતું. કરિયાતું સમજ્યા? ક્યા કહતે હૈ તમારે કિરાતા. તમારે હિન્દીમાં કિરાતા કરતે હૈ. કિરાતા હોય અને ઉપર લખે ૪૦ રૂપિયાની સાકર શેર મણ. નામ લખ્યું એટલે મીઠા થઈ જાય? એમ ઉપરથી આ શ્રાવક છીએ અને અમે સાધુ છીએ. ઉપર લખ્યા કોથળી ઉપર નામ, પણ અંદર આત્માની શ્રદ્ધા, જ્ઞાનનું તો ભાન નથી. મિથ્યાત્વના ઝેર તો પડ્યા છે અંદર. કહો, વજુભાઈ! એ દયાના, દાનના પરિણામ પુણ્ય છે એ ધર્મ છે, આ પાપના પરિણામ થાય એમાં મજા પડે છે એ બધું મિથ્યાત્વું ઝેર છે. સમજાય છે? પરમાં સુખ છે, ઇન્દ્રિયોમાં સુખ છે, વિષયમાં સુખ છે, ભોગમાં સુખ છે, પૈસામાં સુખ છે, આબરૂમાં સુખ છે—એ મિથ્યાદૃષ્ટિની માન્યતા મિથ્યાત્વના ઝેર ચડ્યા છે. કાળો નાગ એને કરડ્યો છે, કહે છે, મિથ્યાત્વનો. ભોગીલાલભાઈ! આવું

છે ભગવાનનું કથન બાપુ! આહા..હા..!

અહીં સુખ છે. ત્યાં સુખ છે તારું? તારું સુખ ત્યાં છે? ભગવાન આત્મા સચ્ચિદાનંદ પોતે છેને. સત્-શાશ્વત, જ્ઞાન અને આનંદનો ભંડાર છે. અહીં સુખ છે... અહીં સુખ છે... અહીં સુખ છે... એટલે? કે અહીંથી ઠીક થશે, અહીંથી ઠીક થશે. એમ બીજી ભાષા લઈએ તો. પુણ્ય કરશો તો ઠીક થશે, આ કરશો તો ઠીક થશે, આ શરીરની ક્રિયા જીર્ણ કરી નાખશો તપસ્યાથી તો ઠીક થશે. એનો અર્થ કે પરમાં સુખ છે અને પરથી ઠીક થાય છે. એ માન્યતા મિથ્યાત્વના ઝેર ચડી ગયા છે. સમજાય છે કાંઈ? કહો, શામજીભાઈ! ઈન્દ્રિયના અનુમાન દ્વારા ન જણાય એમાં આટલા બધા ઘણા ભંગ પડે છે. એ ભગવાન આત્મા ઈન્દ્રિયના અનુમાનથી નહિ જણાય, ઈન્દ્રિયના પ્રત્યક્ષથી તો નહિ જણાય, પણ ઈન્દ્રિય પ્રત્યક્ષના અનુમાનથી પણ જણાવાલાયક નથી. એવો પ્રત્યક્ષ અતીન્દ્રિય છે.

**'એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** **'જેનું ગ્રહણ (-જાણવું) થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા ઈન્દ્રિપ્રત્યક્ષપૂર્વક...'** ઈન્દ્રિયપ્રત્યક્ષપૂર્વક **'અનુમાનનો વિષય નથી...'** ઓલામાં ઈન્દ્રિય પ્રત્યક્ષ એકલું લીધું હતું, આ હવે અનુમાન ભેગું લીધું. આહા..હા..! ઓલામાં પહેલા એ જણાય એવો નથી એમ કીધું. હવે આ ઈન્દ્રિય પ્રત્યક્ષપૂર્વક અનુમાનથી જણાય એવો નથી એમ. પહેલા બોલમાં એમ હતું કે જેને ઈન્દ્રિયથી જ્ઞાન થતું નથી. એ અતીન્દ્રિય જ્ઞાનવાળો છે. બીજામાં એમ થયું કે ઈન્દ્રિયથી તે જણાવાલાયક નથી, ઈન્દ્રિયોથી પ્રત્યક્ષ જણાવાલાયક નથી. ત્રીજામાં એમ થયું કે ઈન્દ્રિય પ્રત્યક્ષપૂર્વક અનુમાનનો એ વિષય નથી. આહા..હા..! બહુ આ તો ભાઈ! વીતરાગનો માર્ગ તો લોજિક ન્યાયથી છે. સમજે તો સમજે, બાકી એમાં અનંતકાળથી કાળ ગાળ્યો ત્યારે સમજ્યો નહિ અને ધર્મ થયો નહિ. સમજાણું કાંઈ?

આ રીતે આત્મા ઈન્દ્રિયોથી જણાવાયોગ્ય ચિહ્ન દ્વારા એટલે કે ઈન્દ્રિયપ્રત્યક્ષપૂર્વક અનુમાનનો વિષય નથી. **'એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** શેમાંથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે? શેઠી! શું એવા અર્થની પ્રાપ્તિ થાય છે? લ્યો! આ ઘણીવાર કહેવાઈ ગયું. કાલે પણ કહ્યું હતું. અલિંગગ્રહણ. અલિંગગ્રહણ. લિંગ નામ ઈન્દ્રિય પ્રત્યક્ષના અનુમાનથી ગ્રહણ નામ જાણવું, અ નામ થતું નથી. અલિંગગ્રહણમાં આવો અર્થ ભરેલો છે. શેઠી! એ ધ્યાન બહુ રાખતા નથી. ઉપરથી અદ્ધરથી ને અદ્ધરથી. કેટલીવાર અર્થ કર્યા છે? આ શબ્દ અ-લિંગ અને ગ્રહણ. ત્રણ શબ્દ છે. આત્મા અલિંગગ્રહણ છે. એના ૨૦ અર્થ છે. એક અ-લિંગગ્રહણ એના ૨૦ અર્થ. એમાં આ ત્રીજો બોલ ચાલે છે હજી તો. એવા તો ૧૭ બોલ બીજા બાકી છે. સમજાણું કાંઈ? ઈન્દ્રિય પ્રત્યક્ષનું અનુમાન કરે. આણે જુઓ, આ દયા પાળે છે કેટલી. એક નીચે જોઈને ચાલે, કોઈ જીવને દુઃખ ન આપે, વળી લોચ કરાવે છે, ઉના પાણી પીવે છે, શરીર જીર્ણ થાય છે, બાયડીનો ભોગ લેતા નથી, સ્ત્રીનો સંગ કરતા નથી. આવું ઈન્દ્રિય પ્રત્યક્ષમાં દેખાય છેને આવું? કે એવા અનુમાન દ્વારા આત્મા શું છે

એવો ધર્મની પ્રતીત તને થઈ શકતી નથી. એવા તો અભવિ પણ અનંતવાર કરે છે. આહા..હા..! કરશનભાઈ! ધર્મ બીજી જાતનો છે. કોઈ ભગવાન ઈશ્વર આપી દે એવું નથી. એ ઈશ્વરની મહેરબાની થાય. ઈશ્વર કહે ગુનો તું કર અને હું ટાળું તો તને લાભ થાય એવું ક્યાંથી આવ્યું? તું તને ભૂલ્યો અને એ ભૂલ મારે ટાળવી? હું ધણી છું એનો? ભૂલનો ધણી તો તું છો. મેં ભૂલ કરાવી છે? હું તારો કર્તા છું તારી ચીજનો? હું તો સ્વતંત્ર છું.

અનાદિ-અનંત સચ્ચિદાનંદ ભગવાન શાશ્વત અનાદિ-અનંત તત્ત્વ છે. સ્વયંસિદ્ધ છે. સ્વયં પોતાથી છે, કોઈ પરથી નથી. એવો આત્મા જ્યારે એવો સ્વયંસિદ્ધ છે. તો એમાં ગુણો જે જ્ઞાન, દર્શન, આનંદના પણ સ્વયંસિદ્ધ અનાદિ છે. હવે એની પર્યાય એટલે અવસ્થામાં ધર્મ-અધર્મ દશામાં થાય છે. તો દશામાં જે અધર્મ છે એ તું કરે છો. રાગને પોતાનો માની પુણ્યથી લાભ થાય, પાપથી સુખ થાય અને શાંતિ છે, ઇન્દ્રિયોના વિષયોમાં ઠીક પડે છે, કોઈ આબરૂ-બાબરૂ ગાય તો મને ઠીક પડે છે—એ બધી માન્યતા તારી મિથ્યાત્વની તેં કરી છે. તે મિથ્યાત્વની માન્યતા તેં કરી, તારે ટાળવાની છે. શેઠી! હે ભગવાન! આપજો. નથી આવતું ઓલા? સિદ્ધા સિદ્ધિ મમં દિસંતું. લોગસ્સમાં આવે છે. પણ એનો અર્થ સિદ્ધાસિદ્ધં મમં દિસંતુ દેખાડો એટલે આ સિદ્ધપદ મને દેખાડો અંદરમાં એમ. આ હું સિદ્ધ સમાન છું એમ જાણું અંદર, એ સિદ્ધ સમાન એ સિદ્ધપદ દેખાડ્યું એમ કહેવામાં આવે છે. પોપટભાઈ આવે છે કે નહિ? લોગસ્સ બોલ્યા હતા કે નહિ? ગડિયા બહુ હાંક્યા હતા. એ પહેલા સમજ્યા વિના તો એવું જ હોયને અનંતકાળથી. સિદ્ધાસિદ્ધિ મમ દિસંતુ. શું પણ? સિદ્ધા શું? સિદ્ધિ શું? મમ શું? અને દિસંતુ શું? એ ચારના અર્થ શું? માળા હજી તને ભગવાનની સ્તુતિ કરતા નથી આવડતું. ભગવાન કોણ છે અને .. તારું શું એની તો તને ખબર નથી. શેની સ્તુતિ તું કર?

કીધું નહોતું એક ફેરી? તકરાર હતી વાણિયામાં. લીંબડી. દશા-વીશાની તકરાર. દશાશ્રીમાળી-વિશાશ્રીમાળી છેને અહીં બધા. તો એને તકરાર થઈ તો દશાશ્રીમાળી બોલવા માંડી લોગસ્સ. આ લોગસ્સ. લોગસ્સમાં આવ્યું હતું કે વિહુય રયમળા. એય..! કાંતિભાઈ! ઘણા વર્ષની વાત છે હોં તમારી લીંબડીની. તમારા ગામની. એક ડોશી હતા સ્થાનકવાસી. એને દશા-વીશાની તકરાર હતી. અપાસરા ખાતર. તકરાર, માળા સમજે નહિ અને તકરાર કરે. પછી લોગસ્સ આવ્યો. વિસા રોઈમળા આવ્યું. વિસા રોઈમળા આવ્યું. વિહુઈ રયમળા છેને? વિસા રોઈ મળ્યા. ઓલા કહે કે આ પાઠમાં તો ભગવાનની સ્તુતિ છે લોગસ્સ ઉજ્જોયગરે. એમાં વિસા રોઈ મળ્યા ક્યાંથી આવ્યું? કે આ છે. હું તો આ શીખી છું. એય..! પણ જુઓ તો ખરા. વિસા રોઈ મળ્યા આમાં ન હોય. શું છે ત્યારે આ? તો કહે વિહુય રયમળા. હવે એની અર્થની ખબર ન મળે. હવે અર્થની ખબર ન મળે (તો) જ્ઞાન તો ક્યાંથી લાવવા અને શ્રદ્ધા ક્યાંથી લાવવી? વિહુય નામ હે પરમાત્મા વિ-વિશેષે, હુય-ધુઈ. આપે વિશેષ ધુઈ

નામ ટાળ્યા છે રયમળા. રજ નામ આઠ કર્મની રજકણ ઝીણી ધૂળ અને મળ નામ પુણ્ય-પાપના દયા, દાન, વ્રતના જે પુણ્ય-પાપના ભાવ એ મેલ છે. એ રજ અને મેલ આપ ટાળીને વીતરાગ થયા છો. અને વિસા રોઈ મળ્યા આવ્યું લ્યો! ઓલું લઈને બેસેને ઓલું ઘડિયાળું. શું કહેવાય એ? શું નામ અહીં ઘડિયાળ બાયું લઈને બેસતી. રેતી પૂરી થઈ જાય એટલે આ ઉઠ્યા, સામાયિક થઈ ગઈ. ધૂળમાંય સામાયિક નથી, સાંભળને. હજી આત્મા કોણ છે? આત્મામાં શું થાય છે? રાગ શું છે? પુણ્ય શું છે? પાપ શું છે? પર શું છે? એનાથી ભિન્ન તું કોણ છો? એના ભાન વિના ક્યાંથી સામાયિક આવી તારે? હજી તો સમ્યગ્દર્શનના ઠેકાણા નહિ ને સામાયિક આવી ગઈ. સામાયિકમાં તો સમ-આય—સમતાનો લાભ. સમતાનો લાભ એટલે? આત્મા આનંદમૂર્તિ પુણ્ય-પાપના રાગ વિનાનો અંતર અનુભવ કરીને દૃષ્ટિમાં્ રમે અને શાંતિ અવિકારી પ્રગટ થાય તેને ભગવાન સામાયિક કહે છે. લાવ્યો ક્યાંથી સામાયિક? કહે. એય..! નિહાલભાઈ! સમ આય. આવે છેને. 'ઈક' એ પ્રત્યય છે. સમ-સમતા તો વીતરાગભાવનો લાભ થાય અંદર.

તો આ તો હજી ક્રિયાનો ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... કરીને કાઉસગ્ગ એ બધો વિકલ્પ છે, રાગ છે. ભગવાનનું સ્મરણ કરતો હોય તો રાગ છે. આ તો વિકલ્પ છે, પર તરફની વૃત્તિ છે. એવું કરતા નથી આવડ્યું? ભગવાનનું સ્મરણ કરતા નવમી ગ્રૈવેયક અનંતવાર ગયોને? માળા સાંભળ તો ખરો. એ રાગ અને પુણ્ય-પાપના વિકલ્પથી રહિત અખંડાનંદ ચૈતન્યવસ્તુ પૂર્ણાનંદ જેમાં સર્વજ્ઞપદ પડ્યું છે અને છે તેની પ્રાપ્તિ છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. કેવળજ્ઞાન થાય છે એ કાંઈ બહારથી આવતું નથી. પ્રાપ્તની પ્રાપ્તિ, છે એમાંથી પ્રગટ થાય છે. કેવળજ્ઞાનો કંદ આત્મા છે. એવી દૃષ્ટિ કરીને અનુભવમાં વીતરાગી દૃષ્ટિ અને વીતરાગી પર્યાયની પ્રાપ્તિ ન કરે તેને સામાયિક અને પડિક્કમણા અને પોષા હોતા નથી. ભારે વાતું ભાઈ! એય..! શેઠી! પોષા કર્યા. શેના પોષા? આ ચોવીસ કલાક ન ખાધું. આ એમ ને એમ પોષો કોણે કીધો ત્યારે? પોષામાં તો પુષ્ટિ હોવી જોઈએ. પુષ્ટિ. શેની? ધર્મની, શાંતિની. કે કષાયની પુષ્ટિ? તો હજી તો કષાયરહિત આત્મા કોણ છે એની તો તને ખબર નથી અને ક્યાંથી પોષો થઈ ગયો તને? એય..! રામજીભાઈ! કર્યા હશે કે નહિ? ઘણાંય કર્યા છે પહેલાં. કેમ ભગવાનભાઈ!

આ તો પરમાત્મા ત્રિલોકનાથ ચૈતન્ય પ્રભુ. સર્વજ્ઞદેવે આત્મા જોયો, એવો જ આત્મા શુદ્ધ સત્તાએ આનંદકંદ છે. એ રાગથી અને ઈન્દ્રિયગમ્યથી ન જણાય, એ વિકલ્પથી જણાય એવો નથી, એ વિકલ્પ તે તેનું સ્વરૂપ જ નથી. એવો અતીન્દ્રિય જ્ઞાન દ્વારા જણાય તેવી દશા પ્રગટ થાય તેને ભગવાન સામાયિક-સમ્યગ્દર્શનની સામાયિક પહેલી કહે છે. હજી સમ્યગ્દર્શનની સામાયિક પ્રગટ્યા વિના શાંતિની વ્રતની સામાયિક પાંચમાની, છઠ્ઠા ગુણસ્થાનની ક્યાંથી આવી સામાયિક તને? શાંતિભાઈ! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન સામાયિક છે, એક

સમ્યગ્જ્ઞાન સામાયિક છે, એક દેશ અંશે સામાયિક છે, એક સર્વ અંશે સામાયિક છે. એમ સામાયિકના ચાર પ્રકાર છે. વેપાર કરવો તો શીખે છે કે નહિ? તો આ શીખવું પડશે, સમજવું પડશે. માલ લેવા જાય તો શીખવું પડે કે નહિ? દુકાને માલ લેવા જાય કાપડનો ત્યાં .. જેવો ઉભો રહે. આ ૫૦ રૂપિયા લ્યો કાપડ આપો. પણ ક્યું કાપડ? એ મને ખબર નથી. મૂઢ છો માળા? કાપડ તો આ બધું ૫૦ હજારનું પડ્યું છે. કાપડ લેવા આવ્યો છું હું, ૫૦નું આપો. ક્યું? મને ખબર નથી. તો ખબર વિના શું દેવું પણ તને? શિયાળાનો દિ' તો લેવા આવ્યો છો તે જાડું લેવા આવ્યો છો? પાતળું લેવા આવ્યો છો? મલમલ લેવા આવ્યો છો? કે આલપાત લેવા આવ્યો છો? કહે તો ખરો. મને ખબર નથી. મૂઢ છો, લોકો પણ કહે. એમ ધર્મ માટે તારે શું જોવે છે? મારે આત્મા જોવે છે. આત્મા કેવો છે ખબર છે? કહે એ મને કાંઈ ખબર નથી. બહુ સારી વાત છે. શોભાલાલજી! શું કરે?

શાકભાજીની દુકાને જાય લ્યો બે રૂપિયા લઈને શાકભાજી લેવા. ક્યું શાક? પચાસ જાતનું છે. મને ખબર નથી. પણ શું આપવું પણ તને મારે? પણ તારવ તો ખરો, જુદું તો પાડ કે પચાસમાંથી આ દૂધી અને કારેલા બે, આ નહિ. એમ આત્મા શરીર, વાણીથી જુદો, પુણ્ય-પાપના રાગથી જુદો આ આત્મા એમ જુદો પાડ્યા વિના તને જાણવામાં આવશે શી રીતે? આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં આંધળું ચાલે નહિ, ત્યાં જાણ્યા વિના ન જાય. અહીં જાણ્યા વિના આંધળું અહીં. આત્મા ક્યાં ધર્મ શું હશે? કોણ જાણે ધર્મ શું હશે? દેરાસરમાં જઈએ અને ભગવાનની સ્તુતિ કરીએ એ ધર્મ. ઓલામાં બેસીએ ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... સામાયિક કરીએ એ ધર્મ. ધર્મની પર્યાયની વ્યાખ્યા શું?

મુમુક્ષુ :- .. તો લાભ થાય.

ઉત્તર :- લાભ થાય, રાગનો થાય પુણ્યનો. નામસ્મરણ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યમાં તારો લાભ છે ત્યાં? વિકલ્પ છે, વૃત્તિ ઉઠે છે. આ ભગવાન છે અને આ ભગવાન છે એ તો વૃત્તિ ઉઠે છે, પુણ્ય છે, વિકાર છે, દુઃખ છે. ઝીણી વાત છે. જેટલી વૃત્તિ ઉઠે છે એ બધી દુઃખ છે, કષાયભાવ છે. ભલે પુણ્ય હો કે પાપ હો. ભાઈ! પરમાત્મા પોતે તો પુણ્ય-પાપની વૃત્તિ વિકલ્પ વિનાનો છે. એવા આત્માનું અંતર જ્ઞાન અતીન્દ્રિય દ્વારા થાય એ સિવાય બીજો કોઈ ઉપાય છે નહિ. આહા..હા..! ભારે! જુઓ, અનુમાનને કાઢી નાખ્યું બધું ભાઈ! જુઓ. કે આ શાસ્ત્ર બોલતા આવડે છે આને, પંડિત છે મોટો, આણે અપવાસ કર્યા આટલા. કેટલો આખો દિ' કર્મકાંડમાં પડ્યો જ છે આખો દિ'. નવરો જ થતો નથી. શાસ્ત્ર-સ્વાધ્યાય કરે, અપવાસ કરે, ઉણોદરી, ઓળી કરે. એવું બધું કર્યા જ કરે છે. બાપુ! એ તો પરની ક્રિયા છે, ભગવાન! આત્મા તો જ્ઞાનની મૂર્તિ અરૂપી ચિદ્ઘન છે. એના જ્ઞાનના ભાન વિના આવી ક્રિયા દ્વારા આત્મા છે અને આત્માને લાભ થયો એ અનુમાન થઈ શકતું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, બધાનું. એ કહે છે અહીંયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના, અનુમાન પણ નહિ એમ ના પાડે છે. હજી આવશેને. હજી હવે આવશે. પોતે અનુમાનનો વિષય નથી એકલો અને બીજાને વિષય અનુમાનથી કરે એવો પણ નથી. આ પણ ન કરી શકે અને એ પણ ન કરી શકે. પ્રત્યક્ષથી જાણે, પછી અનુમાન થાય, પછી અનુમાન હોય. પ્રત્યક્ષપૂર્વક અનુમાન. અનુમાનપૂર્વક પ્રત્યક્ષ નહિ. પણ પ્રત્યક્ષ અનુમાન થાય કે ઠીક આવું થયું માટે હવે કેવળજ્ઞાન પામશે એમ અનુમાન કે નક્કી આવો છે એમ અનુમાન કરે પછી. પ્રત્યક્ષ થયા વિના અનુમાન હોય નહિ એમ કહે છે ભાઈ! અનુમાન તો વ્યવહાર છે. પ્રત્યક્ષ તે નિશ્ચય છે. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- આવી બોલચાલ વિના...?

ઉત્તર :- બોલચાલ વિના. આહા..હા..! એવો એ જ્ઞાનનો સ્વભાવ છે. બોલચાલ કર્યું અને અનુમાન કર્યું માટે તે નક્કી કર્યું છે એમ નહિ. શું કહ્યું અમારા પંડિતજીએ? પ્રશ્ન કર્યો.

મુમુક્ષુ :- આત્મા ..

ઉત્તર :- એ તો વ્યવહારની વાતું છે. એ વ્યવહારની વાતું બધી અભૂતાર્થ છે. અહીં તો પોતે જ્ઞાનાનંદ છે, પોતાના અતીન્દ્રિયથી અનુભવ થયો, જાણ્યો ત્યારે બીજાનો પણ અતીન્દ્રિય આત્મા કેવો છે એ જાણી શકે. અજ્ઞાની બીજાના આત્માને જાણી શકે એમ છે નહિ. અરિહંતની ઓળખાણ. જુઓને, પરમાત્મા ત્રિલોકનાથ દેવ એને પણ કોણ ઓળખે? એમ કહે છે. ભાઈ! આહા..હા..! ભગવાન! સુન તો સહી બાપુ! આ તો માર્ગ વીતરાગના છે. આ કાંઈ કોઈ પક્ષના નથી. સર્વજ્ઞ પરમાત્મા સિવાય એ વાત બીજે ક્યાંય હોઈ શકે નહિ. વીતરાગ સિવાય ક્યાંય માર્ગ આવો હોઈ શકે નહિ ત્રણકાળમાં. સમજાણું કાંઈ? વાડાવાળાને ખબર નથી તો અન્યમાં તો છે ક્યાં? અહીં તો કહે છે. અરિહંતને કોણ ઓળખે? કે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય એનું અહીં જ્ઞાન થયું પોતાને પોતાનું, ત્યારે તે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયવાળો આ આત્મા છે એમ ઓળખે. એમ કહે છે અહીંયા તો. સમજાણું કાંઈ? એ સ્વનું જ્ઞાન થાય યથાર્થ ત્યારે તે પરનું જ્ઞાન યથાર્થ કરી શકે. એમ કહે છે અને એમ છે. શોભાલાલજી! ઝીણી વાત છે, બાપુ! આહા..હા..! 'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.' સમવસરણના મધ્યમાં પરમાત્મા ઇન્દ્રોની સમક્ષમાં પરમાત્મા તો બિરાજે છે. સીમંધર ભગવાન મહાવિદેક્ષેત્રમાં પાંચસો ધનુષનો દેહ, કરોડ પૂર્વનું આયુષ્ય છે. તીર્થંકર બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં જમીન ઉપર હોં! દૂર પણ બહુ દૂર. તમારા રોકટે-બોકેટ ત્યાં કામ ન કરે. ધૂળની ધૂળ. એય..! શોભાલાલજી! એ વળી ગપ્પ ચાલ્યું લ્યો રોકેટ અહીં જઈ આવ્યું, ધૂળ જઈ આવ્યું, ચંદ્ર. હવે સાંભળ તો ખરો હવે. ચંદ્ર ક્યાં રહ્યું? શું છે હવે એ પૂરો પત્તો તો લાગવા દે. ત્યાં એ પહેલા એય..! ભગવાને આગમમાં આમ કીધું. નીકળ્યું બીજું. કાંઈ નીકળ્યું

નથી, સાંભળને હવે. સમજાય છે કાંઈ? ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. તીર્થંકર તરીકે સીમંધર આદિ વીસ વિહરમાન કહેવાય છેને. અને લાખો કેવળીઓ બિરાજે છે અત્યારે મનુષ્યદેહે ત્યાં. પણ કહે છે... આહા..હા..! અરે! પોતાનું સ્વસંવેદન જ્ઞાન રાગરહિત અને સ્વતંત્ર ન જાણ્યું, તો એ પરનો આત્મા અરિહંતનો આત્મા, આ કેવળજ્ઞાની જીવ છે આ આત્મા એમ શી રીતે એણે પ્રતીત કરી? કહે છે. ઓહો..હો..!

આનંદઘનજીમાં નહોતું કહ્યું? આનંદઘનજીમાં કહ્યું હતુંને કુંથુનાથની સ્તુતિમાં. 'કુન્થુ જિન મનડું કિમ હી બાજૈ હો, જિમ જિમ જતન કરી નૈ રાખૂં, તેમ તેમ અલગૂ ભાજૈ હો. કુન્થુ જિન મનડું કિમ હી બાજૈ. મનડો દુરારાધ્ય તેં વશ આણ્યું, તે આગમથી મતિ આણૂં આનંદઘન પ્રભુ મ્હારો આણો, તો સાચૂં કરિ જાણૂ હો. કુન્થુજિન.' હું રાગરહિત થઈને આત્માને આરાધું ત્યારે મને ખબર પડે કે તમે આરાધ્યો છે. ભાઈએ એમ કહ્યું છે. આહા..હા..! 'મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, તે આગમથી મતિ આણૂં.' .. મારું આ પોતાને પોકારે છે હોં અંદર તો. આનંદઘન પ્રભુ મારું આણું તો સાચું કરીને રે જાણું. પોતે રાગરહિત અતીન્દ્રિયનું ભાન થાય ત્યારે ભગવાન અતીન્દ્રિય થયા એમ જ્ઞાન સાચું હોય. એમ કહે છે. આરેરે! ભારે વાતું બાપા! વીતરાગ માર્ગની શૈલી તે અલૌકિક છે, બાપુ! એ રચના વીતરાગે કરી અને વીતરાગે કહ્યું, અલૌકિક વાતું છે એ. સામાન્ય તરીકે માણસો વાંચી અને સમજી જાય એવી એ ચીજ નથી. સમજાય છે કાંઈ? વાડામાં જન્મ્યા એટલે અમે થઈ ગયા જૈન. એમ નથી, એમ કહે છે પરમેશ્વર તો. વસ્તુના સ્વરૂપને રાગ અને વિકલ્પથી પર, ઇન્દ્રિયના જ્ઞાનથી પર-એનું જ્ઞાન કરે તેને અહીંયા જૈન કહેવામાં આવે છે. એ જૈન થયો એ જિનને ઓળખે એમ કહે છે. જિનને ઓળખે. એય..! ..ભાઈ! આ પંડિજીનો પ્રશ્ન. પણ અનુમાન, ભાષાથી અનુમાન. અહીં તો કાઢી નાખ્યું છે બધું. આહા..હા..!

'સ્વપર પ્રકાશક શક્તિ હમારી, સ્વપર પ્રકાશક શક્તિ હમારી, તાતૈ વચન ભેદ ભ્રમ ભારી.' ભગવાન આત્મા સ્વપરપ્રકાશક સ્વભાવ છે. એવું જ્યાં અંતરથી ભિન્ન પડીને ભાન થયું ત્યારે પરમાત્માનું જ્ઞાન આવું છે એવું એને સાચું થઈને વ્યવહાર સાચો થઈ જાય. સમજાણું કાંઈ? આકરી વાત છે, બાપા! એ બહારથી કોઈ લઈ જાય એવો માલ નથી આ. આ તો માથા સાટે માલ છે. રાગ અને ઇન્દ્રિયથી થતાં જ્ઞાન અને ઇન્દ્રિયથી થતો અનુમાન કર્યું આવો છો... આવો છો... મૂક પડતું માળા. એ દ્વારા આત્મા જણાય? ભગવાન આત્મા ચિદાનંદમૂર્તિ પ્રભુ, જેના જ્ઞાન કરવા માટે જેને ઇન્દ્રિય અને પરના અનુમાનની અપેક્ષા નથી. એવો ભગવાન નિરપેક્ષ ચૈતન્ય ભગવાન એનું જ્ઞાન તો નિરપેક્ષ પોતાથી જ થાય છે. ત્યારે એ બીજા આત્માઓનું જ્ઞાન, અરિહંત આદિનું જ્ઞાન આવું છે તો એ અનુમાન કરીને સાચું છે. અહીં પ્રત્યક્ષ કહ્યું એ. એય..! શાંતિભાઈ!

શ્રીમદ્‌માં આવે છે એક પત્ર એવું. સર્વજ્ઞનું પણ કોઈપણ .. પ્રત્યક્ષ થયા વિના... એવો

પત્ર એક આવે છે. હા, એ તો ચાલ્યા આવતા તીર્થંકર સર્વજ્ઞોને પણ પ્રત્યક્ષપણું મળ્યા વિના કેવળીઓ છે એમ નક્કી કરી શકે નહિ. સમજાણું કાંઈ? ભાઈ! વાત તો જેમ છે એમ ઝીણી આવશે. એ કાંઈ દુનિયાએ પકડી એવી આ નથી. માર્ગ તો આ છે. જે દિ' કબુલવો, માનવો હશે તે દિ' આ માનશે તે દિ' કલ્યાણ થશે. બાકી ધૂળધાણી અને વાપાણી હોં. આ સાધુ થઈને મરી જાય ક્રિયા કરી કરીને. પણ આ રાગરહિત અને પરના જ્ઞાનરહિત ચિદાનંદ છે એવું સમ્યગ્દર્શન નહિ પ્રગટ કરે ત્યાં સુધી એક ભવ એનો મટતો નથી. શેઠી! આ તો ઈન્દ્રિય પ્રત્યક્ષ અનુમાનનો વિષય નથી. સમજ્યાને? પછી તો એ લેશે. એકલા અનુમાનનો જ વિષય નથી. એમ કહે છે. પોતે અનુમાતા પણ નથી અને અનુમેય પણ નથી એમ કહેશે ભાઈ! પછી એ શબ્દ આવશે. અનુમાન કરનારો પણ નથી અને અનુમાન કરીને બીજા જાણે એવો એ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આ રીતે આત્મા ઈન્દ્રિયપ્રત્યક્ષપૂર્વક અનુમાનનો વિષય નથી એવા અર્થની...'** અર્થની સમજાણું? અલિંગગ્રહણમાંથી આવો ભાવ નીકળે છે. અલિંગગ્રહણમાં વાચ્ય આવો છે. અલિંગગ્રહણ એ તો વાચક શબ્દ થયો શબ્દ, પણ એનો વાચ્યભાવ આવો નીકળે છે. છેને ત્રીજો? લ્યો ત્રણ બોલ થયા. ચોથો બોલ કહેવાશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૯, રવિવાર, તા. ૨૬.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૪-૫, પ્રવચન-૧૩૮**

પ્રવચનસાર, ૧૭૨ ગાથા. ત્રણ બોલ ચાલ્યા. ચોથો બોલ છે. શું ચાલે છે આ? આ આત્મા જે દેહમાં બિરાજે છે. જેનું ચૈતન્ય અને આનંદ સ્વરૂપ છે ત્રિકાળી. આ દેહ છે એ તો જડ છે, માટી છે. કર્મ અંદર છે આઠ કર્મ, જે આ શુભ-અશુભભાવ કરે એવા પુણ્ય-પાપ બાંધે રજકણો એ પણ એક જડ છે, એ આત્મા નથી. એમ એમાં પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય એ પણ રાગ વિકાર-આસ્રવ મલિનભાવ છે. એ આત્મા નથી. આત્મા એ રાગની ક્રિયાઓ અને જડની અવસ્થાઓથી તદ્દન ભિન્ન છે. એ આત્માને જાણવાનું શું સ્વરૂપ છે જાણવું. અને એ જાણે એને અનુભવ થાય અને એને આત્માનો આનંદ પ્રાપ્ત થાય એ જન્મ-મરણથી મુક્ત થાય. આવા આત્માને જાણ્યા વિના જન્મ-મરણના ચોર્યાસીના રખડપાટીના દુઃખ એને મટે નહિ. ચાહે તો શુભભાવ કરે

દયા, દાનના તો... આ પૈસા આદિ ધૂળના ધણી કહેવાય છેને આ શેઠિયાઓ? એય..! પોપટભાઈ! આ પાંચ-પચાસ લાખ મળ્યા, આ કરોડપતિ થયા, આ ધૂળના પતિની વાતું કરે છેને જગત? એ ધૂળ છે, ધૂળના સ્વામી થાય છે એ ચૈતન્યને ભૂલી જાય છે એમ કહે છે. કહો, બરાબર છે?

આ તો અંતરમાં શરીરનો સ્વામી થાય છે અને જડ ચૈતન્ય(ના ભેદને) ભૂલી જાય છે એ પણ મૂઢ જીવ છે. કારણ કે શરીર એનું સ્વરૂપ નથી. અંતરમાં પુણ્ય અને પાપના વિકલ્પોનો વિકાર વૃત્તિ ઉઠે છે એનો સ્વામી થાય છે એ પણ મૂઢ છે એ વિકારરહિત આત્માને જાણતો નથી. કહો, સમજાય છે કાંઈ? અહીં આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ નામ શાશ્વત છે, અણકરાયેલી ચીજ છે, છે એને કર્તૃત્વ હોઈ શકે નહિ. છે, અનાદિતત્ત્વ છે. એનો સ્વભાવ જ્ઞાન અને આનંદ આદિ શાંતિથી ભરેલું એનું સ્વરૂપ છે. કહે છે કે એ આત્મા એવો છે તેથી પુણ્ય-પાપના ભાવથી સમજાય નહિ, જણાય નહિ, ધર્મ થાય નહિ. શોભાલાલજી! આહા..હા..! એને અહીંયા આપણે ત્રણ બોલ આવી ગયા છેને? ફરીને થોડું લઈએ. થોડું-થોડું.

પહેલો બોલ એમ કહ્યો હતો કે આત્માને ઈન્દ્રિયોથી જાણવું થતું નથી. ઝીણી વાત છે. આ ભગવાન આત્મા સત્ નામ શાશ્વત જ્ઞાનાનંદસ્વરૂપ અને પાંચેય ઈન્દ્રિયો છે જડ. કાન, આંખ, નાક, જીભ, સ્પર્શ. એમ અંદર ભાવ ઈન્દ્રિય ખંડખંડ છે કે જેનાથી અંશે એક એક વિષય જણાય. તેનાથી આત્માને જાણપણું, જાણન, જ્ઞાન થતું નથી. નવરંગભાઈ! પાંચ ઈન્દ્રિયો દ્વારા જ્ઞાન આત્માને થતું નથી. કેમ? કે આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય છે. પુણ્ય-પાપના વિકલ્પ તો નહિ, એ તો ક્યાંય બહાર રહી ગયા. એ તો વિકાર છે. આત્મા ચૈતન્યરત્નાકર અનંતગુણની ખાણ આત્મા છે એ પાંચ ઈન્દ્રિયથી જાણવું એને થતું નથી એવી જાતનો એ આત્મા છે. એ પાંચ ઈન્દ્રિય નિમિત્ત થઈને જે જાણવું થાય એ જાણવું આત્માનું નથી. એ પરનું જ્ઞાન દુઃખરૂપ અને અણાત્માનું જ્ઞાન છે. ભારે વાત ભાઈ! આકરી ભારે. શું કહે છે આ? શું કહે છે એ પકડાવું કઠણ. શેઠી!

ચૈતન્યમૂર્તિ અરૂપી વસ્તુ પદાર્થ છે સત્-શાશ્વત. એ જ્ઞાનના સ્વભાવથી ભરેલો, અતીન્દ્રિય આનંદના રસથી ભરેલું તત્ત્વ છે. ભરેલું એટલે? જેમ કોથળીમાં દાણા ભર્યા હોય એમ નથી કાંઈ. પણ જેમ સાકરમાં મીઠાશ છે, દૂધમાં ધોળાશ છે, એમ આત્મામાં જ્ઞાન અને આનંદરૂપી સ્વભાવ ભરેલો જ છે. શું છે આ? એવું આત્માનું જ્ઞાન એણે અનંતકાળમાં ચોર્યાસીના અવતારમાં રખડતા એક સમય પણ કર્યું નથી. કાં તો સંસારના કામકાજ ધંધા આ કર્યા, આ હોળી કરી, આ કરી. શોભાલાલજી! આ પૈસા પેદા કર્યા, ધૂળ કરી, રાગ કરી, વિષય, ભોગ, વાસના અને આ કર્યું ને હોળી સળગે કષાયની. કાં તો બહુ તો ધર્મને નામે આવે તો દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાના ભાવ થાય એ પણ વિકાર અને દુઃખરૂપ છે, એ

કાંઈ આત્મા વસ્તુ નથી. સમજાણું કાંઈ? એ આત્માને પામવાની એ રીત ને કળા અને એ માર્ગ જ નથી. કેમકે એ રાગાદિની ક્રિયા રાગનું સ્વરૂપ એના સ્વરૂપમાં છે નહિ. સમજાય છે કાંઈ? ઈન્દ્રિયોથી જાણે એવો એ આત્મા જ નથી.

પછી ઈન્દ્રિયોથી જણાય એવો એ આત્મા નથી. બીજો બોલ એમ છે. એ જ્ઞેય છે-જ્ઞાનમાં જણાવાલાયક છે, પણ તે ઈન્દ્રિયોથી જણાય એવો એ આત્મા જ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? બે બોલ આ કહેવાઈ ગયા છે આપણે. ત્રીજો બોલ. ઈન્દ્રિય પ્રત્યક્ષના ચિહ્નથી, અનુમાન દ્વારા આત્મા જણાય એવો આત્મા નથી. કોઈનું શરીર જીર્ણ થયું અપવાસ કરવાથી કે બહુ જાણપણાનું-શાસ્ત્રનું જાણપણું થયું અને બોલવા માંડે અને હજારો લાખો માણસને આમ કહેવા માંડે એ જે ઈન્દ્રિય પ્રત્યક્ષથી અનુમાન કરવાલાયક એ ચીજ છે. એનાથી આત્મા છે એમ જણાય એવો નથી. સમજાય છે કાંઈ? એમ કે આ તો બહુ ભણેલો છે, બહુ તપસ્યા કરનાર છે, મહિના-મહિના બબ્બે મહિનાના અપવાસ કરનાર છે, માટે એ ધર્મી છે, માટે એનો આત્મા ધર્મ પામ્યો છે એવું એનું સ્વરૂપ છે નહિ. આહા..હા..! આકરી ભાઈ વાતું. એની જાત શું છે એની ખબર નથી. એ તો અનંતવાર સાધુ થયો, ત્યાગી થયો, હજારો રાણીને છોડી, પણ આ આત્મા અંદર ચિદાનંદ પૂર નૂર જ્ઞાનનું પૂર છે. સચ્ચિદાનંદ જ્ઞાન, સચ્ચિદાનંદ-સત્-શાશ્વત ચીજ એટલે જ્ઞાન અને આનંદ. એ ચીજને પ્રાપ્ત કરવાની રીત શું છે એ કળા એણે સાંભળી જ નથી. એ ભક્તિ, વ્રત ને પૂજા, દાન, દયાના ભાવ એ બધા શુભ પુણ્યરૂપી રાગ અને વિકારરૂપી દુઃખ છે. શોભાલાલજી! ભારે વાત ભાઈ! એ દ્વારા એમ થાય કે ઠીક આણે બહુ અપવાસ કર્યા અને બહુ તપસ્યાઓ કરી, માટે તે આત્મા એને જાણવામાં આવી ગયો અને એનો ખ્યાલ આવે કે આ આત્મા છે. એમ જણાય એવો નથી. એ તો ક્રિયાકાંડ બહારની થઈ. નવરંગભાઈ! સમજાણું કાંઈ?

ઈન્દ્રિયોના પ્રત્યક્ષપૂર્વક અનુમાનનો આત્મા વિષય નથી. એ ત્રીજો બોલ કાલે આવી ગયો ઘણો. હવે આ ચોથો બોલ છે આજે. ચોથો છે ચોગડો. આ ત્રણનું વિશેષણ આવી ગયું એટલે બહુ લાંબું ન કર્યું. હવે ચોગડો છેને? '(૪) **બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ જેનું ગ્રહણ થતું નથી...**' આહા..હા..! અરે! ભગવાન! તું ચિદાનંદમૂર્તિ પ્રભુ છો. ભાઈ! તું બીજા દ્વારા અનુમાનથી તને કોઈ જાણી જાય એવો તું છો જ નહિ. બીજા દ્વારા માત્ર લિંગ દ્વારા. માત્ર. અનુમાન કરીને. અનુમાનથી કે આ આત્મા છે. એ અનુમાનનો વિષય જ આત્મા નથી. આહા..હા..! ક્યાં સુધી લીધું? શરીર, વાણી, મન આ જડ, માટી. એની ક્રિયાઓ અવસ્થાઓ રૂપાંતર થાય એ દ્વારા આત્મા જણાય કે આત્માને ધર્મ થાય એમ નથી. તેમ અંદરમાં પુણ્ય અને પાપની વૃત્તિઓ ઉઠે એ દ્વારા આત્મા જણાય અને એ દ્વારા આત્માને ધર્મ થાય. જણાય કહો કે ધર્મ થાય એમ એટલી વાત છે.

પણ અહીંયા તો કહે છે કે ભાઈ! તું શાંતિ કર, શાંતિથી જો. આ ભગવાન આત્મા

અંદર વસ્તુ છે ચૈતન્યરત્નાકર. ચૈતન્યરત્નાકર. આ દરિયો મોટો જેમ કાંકરાથી ભર્યો... પણ સ્વયંભૂરમણસમુદ્ર છેલ્લો છે. અસંખ્ય દ્વિપ સમુદ્ર છે. અને છેલ્લો એક સ્વયંભૂરમણ સમુદ્ર જેની વેળુ એકલી રત્નથી ભરેલી છે. એકલા રત્નનો દરિયો છે એ. આમાં એમ નથી કે ઓહો..હો..! ત્યાં રત્ન હશે તો મળશે. અહીંયા હોય તો લઈએ. એની વાત નથી અહીં. આ તો વસ્તુની સ્થિતિ જાણવા કે સ્વયંભૂરમણ, સ્વયંભૂ, દરિયો મોટો છે. આ જંબુદ્વીપ છે આપણે રહીએ એમાં એ એક લાખ યોજનનો. લાખ યોજનનો લાંબો પહોળો આ. ચકરાવો ત્રણ ગુણો વધારે હોય. જે ચીજ હોયને એનાથી પરિધિ ત્રણ ગુણી ઝાઝી હોય. એવો આ એક દ્વીપ, બીજો દ્વીપ, ત્રીજો દ્વીપ એવા દ્વીપની પાછળ સમુદ્ર, સમુદ્ર પાછળ દ્વીપ, દ્વીપની પાછળ સમુદ્ર એમ અસંખ્ય દ્વીપ, સમુદ્ર છે. સ્વયંભૂ રમણ. એમાં એકલા રતનો જ ભર્યા છે. ત્યાં કાંઈ કામના નથી કોઈને. અહીં હોય તોપણ કાંઈ કામના નથી.

મુમુક્ષુ :- ઘરેણામાં જડવા..

ઉત્તર :- ઘરેણા માટી-ધૂળ. માળા તારી શોભા તે તારાથી હોય કે હાડકાની શોભાથી, અગ્નિથી હોય? અગ્નિ શું, તમારા શું કીધા? દાગીના. આહા..હા..! અરે! ભગવાન!

અહીં તો કહે છે કે ભગવાન! તું કોણ છો એ તને ખબર નથી. ભાઈ! તારું જ્ઞાન જ તારે માટે કરવું રહી ગયું છે. બાકી બધું જગતનું ડહાપણ કરીને મરી ગયો અનંતવાર. સમજાય છે કાંઈ? મહિના-મહિનાના પાંચ-પાંચ લાખની પેદાશું મોટા ગવર્નર, મોટા આવા ધૂળધાણી એવા મોટા થયા અનંતવાર. ભગવાન આત્મા. આહા..હા..! શું કહે છે? દેહની ક્રિયા જડની આ તો માટી છે. એ દ્વારા આમ કરીને બેઠો છે અને આમ બેઠો છે, આમ બેઠો છે માટે એ ધર્મી છે માટે આત્માને જાણ્યો છે એવા લિંગ દ્વારા આત્મા જણાય એવો છે નહિ. હોય અજ્ઞાની, આમ કરીને બેસે તો અંદર શુભરાગ હોય કોઈ વિકલ્પ. એ વિકલ્પ છે એ રાગ છે. છતાં એને માને કે મને આમાંથી ધર્મ થયો. મિથ્યાદૃષ્ટિ મૂઢ પોતાના સ્વભાવને ભૂલી, રાગની ક્રિયાને ધર્મ માની ચાર ગતિમાં રખડી રહ્યો છે. સમજાણું કાંઈ?

ત્યારે અહીં તો બહુ જ વાત ટૂંકી લેશે. એ તો અનુમાન થઈ શકે એવો જ આત્મા નથી. આહા..હા..! છે? '**બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા...**' એ પ્રત્યક્ષ થઈને પછી અનુમાનથી જણાય એ જુદી વાત છે. 'માત્ર' શબ્દ પડ્યો છે. આ તો મહા અધ્યાત્મ શાસ્ત્ર છે. આ કાંઈ વાર્તા કથા નથી કે જેથી શબ્દોમાં ગંભીરતા ઓછી હોય. મહાગંભીર વસ્તુ છે. ચૈતન્ય ભગવાન આત્મામાં અરૂપી આનંદઘન પ્રભુ સમજવા માટે મહાગંભીર અને અલૌકિક અપૂર્વ ચીજ છે. એને આ શબ્દો-કહેનારા શબ્દો પણ અપૂર્વ ગંભીર શબ્દો છે. સમજાય છે કાંઈ? કહે છે કે ભગવાન આત્મા '**બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ જેનું ગ્રહણ થતું નથી...**' માત્ર અનુમાનથી જ જાણી શકાય આત્મા એમ છે નહિ એવો આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? તત્ત્વાર્થસૂત્રમાં આવે છે. આપણે વાંચ્યું હતુંને. ૫૧ બોલ આવે છેને ભાઈ! એ અનુમાન

કરાવ્યું છે પ્રત્યક્ષ એનું. પ્રત્યક્ષ હોય તો. જેમાં કમરો છે એક મોટો ઓરડો. ઓરડો બંધ હોય અને એક જ બારણું હોય. એ બારણું બંધ રાખ્યું હોય અને એક સંગીત અંદર સંગીતકાર એવા બધા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પ્રત્યક્ષ વિનાનું અનુમાન હોય જ નહિ. એથી અહીં કહે છે. એ ઓરડામાં એક સંગીતકાર હોય છે. એક વગાડતો હોય એ દેખાતો નથી બહાર માણસ વટેમાર્ગુ નીકળનારને. પણ એની દેશીની હલક, એની દેશીની હલક. વીણા છેને વીણા? એને વગાડવાની જે આમ હલક હોય છેને. આપણે જોયું નોતું તે દિ' દિલ્હીમાં નહિ? દિલ્હીમાં છેને ભાઈ! રેડિયો હાઉસ. રેડિયો હાઉસમાં ગયા હતા જોવા એક ફેરી. દિલ્હીમાં છે અંદર. અંદર બાઈ હતી, બીજા ત્રણ-ચાર આદમી હતા. આખી ભીંતમાં કાણા હતા. એ ત્યાં ભીંત હતીને (એમાં) કાણા. શું કે અહીંનો અવાજ ત્યાં ચારેકોર પોગે. બે-પાંચ.. એ વગાડતા હતા. પણ આ તો બંધ બારણું હતું હોં. પછી અમે જરીક ઉઘાડીને જોયું કોણ છે. એ બારણું બંધ હોય અને સંગીતકાર એવો કળાબાજ હોય કે જેનો તાર જ્યાં આમ આંગળી પડે તો આમ થણગણાટ. એવો તાર કે એના દ્વારા બારણું જોડે બંધ (હોય તોય) વટેમાર્ગુને ખ્યાલ આવે કે કોઈ સંગીતકાર જબ્બર છે. એની દેશીની હલક, દેશીની હલક અને હલકમાં એની દેશીની ગંભીરતા એક એવી હોય કે એ ન દેખે તોપણ ઓલાને ખ્યાલ આવે કે અંદર જબ્બર સંગીતકાર છે, પણ એ બધું અનુમાન થયું. પહેલો ક્યાંક નક્કી કરેલું છે પ્રત્યક્ષમાં. સમજાણું કાંઈ?

શાસ્ત્ર એમ કહે છે જુઓ, જેમ આ ધુમાડો હોય તો અગ્નિ છે એમ દેખાય છે કે નહિ? અગ્નિ હોય ત્યાં ધુમાડો ન પણ હોય, પણ ધુમાડો હોય ત્યાં તો અગ્નિ હોય જ. ધ્યાન રાખો જરી ન્યાય છે. કે ધુમાડો છે હવે એ .. માટે અગ્નિ છે એમ અનુમાનથી થયું. તો અનુમાનથી જે ચીજ થવાયોગ્ય છે તે કોઈને પ્રત્યક્ષ થવા લાયક હોય જ. શું કીધું સમજાણું? જેને અનુમાનથી... આ વ્યવહાર થયો એટલે કોઈને નિશ્ચય થાય એવું હોય જ એમ કહે છે. શું કહેવાય છે સમજાય છે કાંઈ? હોય જ ત્યાં. આમ દેખાય છે કે એ ડુંગરે ધુમાડા નીકળે. કાંઈ અગ્નિ દેખાણી નથી. પણ ધુમાડા એના દ્વારા... આવ્યું હતુંને આપણે જુઓને. પહેલા આવી ગયું હતું ત્રીજામાં. '**ધુમાડા દ્વારા અગ્નિનું ગ્રહણ થાય છે તેમ લિંગ દ્વારા એટલે કે ઈન્દ્રિયગમ્ય દ્વારા જેનું ગ્રહણ થતું નથી...**' એમ અનુમાનથી ધુમાડા દ્વારા એનો નિર્ણય કરવો, એવી રીતે આત્મા અનુમાન દ્વારા નિર્ણય થઈ શકે ઈન્દ્રિયના પ્રત્યક્ષ વિષયથી એવો નથી. અહીં તો બીજું કહેવું છે કે જેને એમ અનુમાનથી જે થઈ શકે છે આ ધુમાડો ત્યાં અગ્નિ, તો ત્યાં જોડેલો રહેલો કોઈ આદમી હોય એને 'ધુમાડો ત્યાં અગ્નિ' કરવાની જરૂર નથી એને. એને તો અગ્નિ પ્રત્યક્ષ દેખાય છે. સમજાય છે કાંઈ?

જેનું જે સત્‌નું અથવા જે જ્ઞાનમાં જ્ઞેય જણાય તે જ્ઞેયનું જ્ઞાન જાણનાર છે અને જ્ઞેય

જણાવાયોગ્ય છે, પછી પોતે જણાવાયોગ્ય અને પર પણ જણાવાયોગ્ય. એમાં જે જ્ઞેય અનુમાનથી જણાય છે તે જ્ઞેય કોઈને પ્રત્યક્ષ છે. પ્રત્યક્ષ કોઈને ન હોય તો અનુમાનથી જણાવાયોગ્ય પણ હોય નહિ. સમજાણું કાંઈ? એમ એકલા અનુમાનમાત્રથી આત્મા જણાય એવો નથી. એ પ્રત્યક્ષ થઈ શકે એવો આત્મા છે. આહા..હા..! શું કીધું? ફરીને હજી. એના મારગડા એવા છે, ભાઈ! એને કોઈ દિ' એની ચીજ શું છે અંદરમાં... બીજાની બધાની કિંમતું કરી, ધૂળની, પૈસાની, આબરૂની, હીરા અને માણેકની. પરખ્યા.. એય..! શેઠ! 'પરખ્યા હીરા માણેક મોતીયા પરખ્યા હેમ કપુર, એક ન પરખ્યો આત્મા ત્યાં રહ્યો દીગ્મૂઢ.' બધાની કિંમતું કરી ગાયુની, ભેંસુની, આટલા, ફલાણા, .. છે, ઢીંકણું છે, દાંત છે, .. છે. એમ હોય છે કાંઈક હોં બધું બળદનું, ગાયનું. અમારા શેઠ હતા એ બહુ પરીક્ષાવાળા હતા. આ હોયને ઢીંકણું આ હોય. દામોદર શેઠ હતાને. ચિહ્ન ઉપરથી કહે કે આટલા વર્ષ થયા, આટલા વર્ષ થયા, આટલા દાંત માટે આટલા વર્ષ થયા, ઢીંકણું થયું. બધું બહુ હોશિયાર દરેક વાતમાં. સંસારમાં. ધર્મમાં નહિ. કહો, સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે જગતના હીરા, માણેકની પરીક્ષાઓ કરી, પણ આત્મા શું છે એની પરીક્ષા ન કરી. હીરા-માણેકમાં થોડો મેલ હોય તોપણ કિંમતના કરનારા એની મેલની કિંમત નથી કરતા. મેલ એની ચીજ નથી. એની ચમકતી ચીજ જે છે ચમકતી ચીજ, જેના સો પાસામાં પણ એક પાસો જો મોળો કાચો, પીળો હોય તો એની કિંમત ઘટી જાય છે. એ તો આને ખબર છે ઝવેરીને. પણ છ પાસાનો હીરો હોય ચકમક-ચકમક. ઓલી મેલની કિંમત નથી દેખો! મેલ તો સમૂળગું કિંમત ઘટાડી દે છે, ભાઈ! આહા..હા..! એમ ભગવાન ચૈતન્ય હીરો એની પુણ્ય-પાપના વિકલ્પના મેલથી એની કિંમત નથી. એ મેલનું લક્ષ કરે તો આત્માની કિંમત ઘટી જાય છે. આહા..હા..! આ શરીરથી માનવું. આ ધૂળ માટી ધૂળ છે માળા ખબર નથી? આવા તો શરીર કેટલીવાર આવ્યા અને ગયા. ફૂ થઈને ગયો. તું તો અનાદિ એનો એ છો. સમજાય છે કાંઈ? હીરાની કિંમતું પણ મેલથી ન થાય, તો ભગવાન આત્માની કિંમત શરીરવાળો છે, પુણ્યવાળો છે, આના પુણ્ય બહુ કરે છે માટે ધર્મી છે એમ ન હોય કિંમત, ભાઈ! તને ખબર નથી. સમજાય છે કાંઈ? ભગવાનજીભાઈ! મૂંઝાણો નથી માળો ખરેખર તો. એમ ને એમ પડ્યો છે આંધળો થઈને. અંદર સચ્ચિદાનંદ પ્રભુ... બીજાની પરીક્ષાની કસોટીયું કરે. સોનું ઘસીને. લ્યો! એ પંદરવલું છે, આમાં એક વલું ત્રાંબુ છે. તું કેટલા વલો છો એ ખબર છે તને? અંદર તું કોણ છો? કેવડો છો? કેમ જણાય છે? કેમ પ્રાપ્ત થાય અને કેમ ધર્મ થાય? લાલજીભાઈ! પૈસા-બૈસા ખખડાવીને લેતા હશો કે નહિ? એ તો હવે આ નોટું થઈ કાગળ. પહેલા તો આમ સીપર રાખતા. સીપર સમજાણું? પત્થર રાખતા એક કાળી પત્થર પાટ. ગાર હતીને પહેલી ગાર હતી. એ બધાને ભાષામાં સમજાવો. માટીની ગાર હતીને. મકાનમાં ગાર હતી, માટીના મકાન હતા. ત્યારે તો રૂપિયા આવે ત્યારે શી

રીતે કરવું? ખખડે એના ઉપર? પત્થરની પાટ કાળી રાખતા. ખખડાવીને લે આમ ખખડાવીને. ત્યાં માળો ખખડાવીને લે, અહીં ખખડાવીને લેતો નથી આ શું છે એ? અહીં ભગવાન આત્મા અનંતગુણની રાશી ચિદાનંદ આત્મા છે. કહે છે કે એ પુણ્યથી તો પ્રાપ્ત ન થાય. દયા, દાન, વ્રતના, ભક્તિના, પરિણામથી તો આત્મા જણાય નહિ. એ આત્મા એવો છે નહિ, પણ અનુમાનથી જણાય એવો એ આત્મા નથી. આહા..હા..! આ તે કાંઈ વિષય છે! નવરંગભાઈ!

'**બીજાઓ વડે માત્ર...**' માત્ર હોં, ભલે પછી અનુમાન હો, નિશ્ચયથી પ્રત્યક્ષ થયા પછી અનુમાન ભલે હો. કેવળ-'**માત્ર લિંગ દ્વારા જ જેનું ગ્રહણ...**' અ-લિંગ-ગ્રહણ શબ્દ ત્રણ પડ્યા છે. અ-લિંગ-ગ્રહણ એક આટલા પાંચ શબ્દના ૨૦ અર્થ કર્યા છે. ૨૦ અર્થ. અલિંગગ્રહણ. પહેલો અર્થ એ કર્યો કે ઇન્દ્રિયો દ્વારા, ઇન્દ્રિયો લિંગ છે તે દ્વારા જેને જાણવું થતું નથી. એવો પ્રત્યક્ષ અતીન્દ્રિય વસ્તુ છે. બીજો એમ અર્થ કર્યો અલિંગ દ્વારા અલિંગગ્રહણ. ઇન્દ્રિય દ્વારા જે જણાય તેવો નથી. ત્રીજો એમ અર્થ કર્યો કે ઇન્દ્રિય પ્રત્યક્ષ દ્વારા અનુમાન થઈ શકે તેવો આત્મા નથી. એ અલિંગગ્રહણમાંથી કાઢ્યું છે. અલિંગગ્રહણ. લિંગ નામ ચિહ્ન, ગ્રહણ નામ જાણવું. ચિહ્ન દ્વારા જાણવું અ નામ જેને થતું નથી. આરે.. આરે.. સમજાણું કાંઈ? આ ચોથો અર્થ એ કાઢ્યો અલિંગગ્રહણમાંથી. લિંગ એટલે અનુમાનમાત્રથી, લિંગ એટલે અનુમાનમાત્રથી આત્મા જણાય એવો એ આત્મા નથી. આહા..હા..! શી રીતે જણાય? એ પછી છઠ્ઠામાં મૂકશે. અહીં તો હજી નથી જણાય એવા પાંચ બોલ લેશે. જણાય શી રીતે? ભગવાન આત્મા આમ જ્ઞાન સ્વસંવેદન જ્ઞાન. અતીન્દ્રિય ભગવાન પ્રભુ એની જે જ્ઞાન દશા પ્રગટ છે તે જ્ઞાન અતીન્દ્રિય જ્ઞાન દ્વારા તેમાં એકાકાર થાય તો તે આત્મા જણાય અને આત્મધર્મ થાય. સમજાણું કાંઈ?

સ્વસંવેદન પ્રત્યક્ષ છે આત્મા. સ્વ-પોતાથી, સં નામ પ્રત્યક્ષ, વેદન થાય. એ જ્ઞાન જે જ્ઞાન જાણે, જેની સત્તામાં જણાય છે બીજું, જેના હોવાપણામાં જણાય છે બીજું એવો જે આત્મા જ્ઞાનમૂર્તિ તે જ્ઞાન દ્વારા જણાય છે, બાકી કોઈ રીતે જણાય એવો નથી. આહા..હા..! આ તો દરકાર કરી નહિ. એમ ને એમ ... એવું લાગે માણસને. અને ઓલા તો એમ કહે તમે આ કરો, ભક્તિ કરો, વ્રત કરો, દાન આપી દ્યો લ્યો! કરોડ-બરોડ હોય રૂપિયા તો ભાઈ દશ લાખ આપી દ્યો. દશ લાખ તો આપી દ ઝટ એવો તો હોય નહિ. પણ કદાચ દશ લાખ આપી દે તો ધૂળેય ધર્મ થાય એવું નથી અહીં તો કહે છે. એ તો માળે ધૂળ છે, જડ છે, એ જડ ક્યાં તારી ચીજ હતી તેં આપી? હું આને આપું છું એ માન્યતા જડનો સ્વામી મૂઢ જીવ છે. તંબોળી! અહીં તો જડ છે, જગતની ચીજ છે જગતની. એ આવે, જાય, રૂપાંતર થાય એ તો એના પોતાને કારણે થાય છે. શું તારે કારણે પૈસા તે આમ ગયા છે? મેં પૈસા આને આપ્યા. તું કોણ અને આને આપ્યા એ શું અને આને

એટલે શું? તું એટલે આત્મા, આને એટલે બીજો. આપ્યા. મેં આને આપ્યા. એ ચીજ તો જડ છે, બીજી ચીજ છે. જડનું આમ જવું-આવવું એ તારે કારણે છે? તું જડનો સ્વામી છો? ગોદિકાજી! કિસકા? ચૈતન્યકા સ્વામી હૈ વહ તો. અરે! એને ખબર નથી શું ચીજ છે? બેખબરો. બેખબરો એટલે? ડબલ જાણવું હશે? લોકો કહે છે કે આ બેખબરો છે. બેખબરો એટલે ડબલ જ્ઞાન હશે? બેખબરો એટલે નહિ ખબર વિનાનો, ભાન વિનાનો એમ કહેવું છે. અરે! ભગવાન! તને તારી ખબર ન મળે. તેં કોઈ દિ' તારી સામું જોયું નથી એમ કહે છે. અનંત-અનંતકાળ ગયો, નરકમાં, નિગોદમાં, બટાટા, શક્કરકંદ, ઈયળું, કીડી, મકોડા, ભવ કરી કરીને મરી ગયો અનંતા. કોઈ દિ' આમ અંતર્મુખ શું ચીજ છે એ પડખું ફેરવીને પડખું વાળ્યું નથી તેં કોઈ દિ'. એટલે શું વળી કહ્યું? આમ જોયા કરે છે. રાગ અને પુણ્યની ક્રિયાને, શરીરને અને વાણીના અસ્તિત્વને. આમ ગુલાંટ ખાયને આ પડખું બીજી ચીજ છે અંદર. એમ જ્ઞાન દ્વારા આત્માને જાણવાનો પ્રયત્ન અને પ્રયાસનું પડખું કોઈ દિ' ફેરવ્યું નથી અને એ વિના આત્માનો અનુભવ થાય નહિ અને અનુભવ વિના ધર્મ ત્રણકાળમાં થાય નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! આવો મોંઘો ધર્મ કરી મૂક્યો, કોઈ વળી એમ કહેતા લ્યો! કોણે કર્યો છે? છે જ આવું સ્વરૂપને. કરે કોણ? છે જ આવું સ્વરૂપને. તેં જોયું? આ કરવું સહેલું છે કે આ કરવું સહેલું છે? જો. આ કરવું, આ કરવું, અપવાસ કર્યો, દાન કર્યા, દયા કરી, આ કર્યું. ઉણોદરી કરી, બીજાનો વિનય કર્યો લ્યો બહુ દેવ-ગુરુ-શાસ્ત્રનો. એ સહેલું કે આ મોંઘું? એ તો અનંતા થયું. આ સમજવું એ દુર્લભ અને અશક્ય નથી, શક્ય છે પણ દુર્લભ છે. આહા..હા..!

જેના સ્વભાવમાં એકલો આનંદ અને શાંતિ પડી છે. સમજાણું કાંઈ? અરે! મૃગની ડુંટીમાં કસ્તુરી અને એની ગંધ જાણે બહારથી આવતી હોય. પામર પોતાને માની, બહારથી આવતી હોય એમ બહારમાં ઢૂંઢે જ્યાં-ત્યાં ગોતવા જાય. એમ ભગવાન આત્મા આનંદનો કંદ સચ્ચિદાનંદ અતીન્દ્રિય આનંદ રસ છે. એને મેળવવા અને પ્રાપ્ત કરવા એને સુખી થવા માટે આ પુણ્ય કરવા, પાપ કરવા, શરીરમાં જાવું, હોળી કરવી—આ કરતાં-કરતાં, જેમાં નથી ત્યાં ગોતવા જાય છે. તારામાં આનંદ છેને પ્રભુ! એ આનંદને શોધવા માટે તું અંતરની દૃષ્ટિ સમ્યગ્જ્ઞાન જ કામ આવે. એમાં અનુમાન અને બીજું કાંઈ કામ આવે નહિ એમ કહે છે. આહા..હા..! ઓહો..હો..! એ આત્મા એને કામ આવે તો ઠીક, પણ કહે છે કે એવો આત્મા નથી અહીં તો એમ કહેવું છે. આત્મા એવો નથી કે અનુમાન દ્વારા, કેવળ અનુમાન દ્વારા જણાઈ જાય એવો આત્મા જ નથીને. આત્મા એવો નથી તો એ વડે કેમ જણાય? અધિકાર શેનો ચાલે છે આ? જ્ઞેય. આ જ્ઞાન એટલે આત્મારૂપી જ્ઞેય એવું છે કે માત્ર અનુમાન દ્વારા એ જ્ઞેયનું જ્ઞાન થાય એવું એ જ્ઞેયનું સ્વરૂપ છે નહિ. આહા..હા..! અરે! ભગવાન! તારી કિંમત (તને) ખબર ન મળે. વાત સાંભળી ન મળે. વાત પણ ચાલતી ન મળે. જોડી દીધા આને આ

બિચારા હેરાન માટે. પાંચ અપવાસ કરી નાખો અને કાં બેસો બે ઘડી ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... એ બધી રાગની ક્રિયા એ આત્મા નહિ, સાંભળને હવે. સમજાણું કાંઈ? સાંજ-સવાર ઘડી બે ઘડી બેસીને નામસ્મરણ કરી લે કાં બખબખીયા વગાડી દે ભગવાનની સામે. થઈ ગયો ધર્મ. ધૂળમાંય નથી, સાંભળને. ધર્મ તે આવી ચીજ છે? સમજાણું કાંઈ?

ધર્મ તો એને કહે છે પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ, એની વાણીમાં આવેલી આ વાત છે. ભાઈ! તને અનુમાન દ્વારા પણ તું જણાય અને તને ધર્મ થાય એવો તું નથી. તું એવો નથી એમ કહે છે. શું કીધું? ..ભાઈ! એ તું એવો નથી. લે. સમજાણું કાંઈ? આ શરીર, વાણી, મનની કોઈ ક્રિયા થાય એ તો જડ છે. આમ હાલે ચાલે આમ જાય એ તો જડની અવસ્થા છે. એ દ્વારા આણે કાંઈક સારું કામ કર્યું એમ થાય, તેમ છે જ નહિ. સારું જડમાંથી થાય? આ તો માટી, જડ, અજીવ છે. એમ પુણ્ય-પાપના ભાવ કર્યા અને સારું કામ કર્યું. એ તો વિકાર છે. એ સારું ક્યાંથી આવ્યું? એ સારું આત્મા એવો છે કે અનુમાનના જ્ઞાન દ્વારા જણાય નહિ એવો આત્મા, (તો) રાગથી જણાય અને રાગથી ધર્મ થાય એવો તે છે નહિ. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! સમજાય છે કાંઈ? એમ કહે છે. એક જણો નહોતો કહેતો? 'સમજાય છે કાંઈ?' એ મહારાજ કે દિ' આવશે? અહીં તો 'સમજાય છે' એ તો વિસામાનું વાક્ય છેને આપણે અહીં. સમજાય છે? હમણાં કહેતી હતી નહિ ઓલી છોડી? સમજાય છે? કોણ કહેતું હતું નહિ કોક આવ્યું હતું. નાગરભાઈના દીકરાની દીકરી એક આવી હતી. એ વળી આમ કરીને 'સમજાય છે કાંઈ?' એ મહારાજ કહે છે. બે અઢી વર્ષની હતી. 'સમજાય છે કાંઈ?' હાથ કરીને પાછી હોં! આમ સમજાય છે કાંઈ? એમ બોલતી હતી ભાઈ આવીને. એટલે કે આ સમજવાની ચીજને સમજે છો કાંઈ? એમ કહે છે. ધીરૂભાઈ! આહા..હા..!

**'બીજાઓ વડે...'** ઓહો..હો..! પ્રત્યક્ષ કે સર્વજ્ઞ પરમાત્મા છે આ અરિહંત જ્યારે થાય. સર્વજ્ઞ પરમેશ્વર છે, એની હયાતી પણ, કહે છે કે તું અનુમાન દ્વારા જાણ એવો એ આત્મા જ નથી. આહા..હા..! કેમ? કે આત્મા તો પ્રત્યક્ષ જ્ઞાનનો સીધો વિષય છે. એ પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા પોતાને જાણે, ત્યારે બીજાને પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા જાણે કે આ સર્વજ્ઞ પરમાત્મા છે. આકરી વાત ભાઈ! ઓલામાં આવ્યુંને જો જાણે અરિહંતમાં. **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं। सो जाणदि अप्पाणं'** જેના દ્રવ્ય-ગુણ-પર્યાય, પરમાત્મા જે થયા એનું દ્રવ્ય એટલે વસ્તુ, એની શક્તિઓ અને એની દશા એ જે જાણે ત્યાં સુધી તો વ્યવહાર થયો, પરમાર્થ નહીં. એને આત્મામાં ઉતારે કે આ આત્મા સર્વજ્ઞ જે છે તેવો જ હું છું. કારણ કે આત્મામાં સર્વજ્ઞશક્તિ પડી છે એમાંથી સર્વજ્ઞ શક્તિ એને પ્રગટ થઈ છે. હું પણ એ સર્વજ્ઞ સ્વભાવી ચિદાનંદ મૂર્તિ આત્મા પરિપૂર્ણ જ્ઞાનનો ધરનાર છું. એવી

જે અંદર દશા દ્વારા આત્માને જાણે ત્યારે એણે અરિહંતને સાચા જાણ્યા એમ કહેવામાં આવે છે. આહા..હા..!

ઓલા સત્તાસ્વરૂપમાં લીધું છેને ભાઈ કે ગૃહીત મિથ્યાત્વ છોડ્યું છેને અમે. અમે આને માનતા નથી, વસ્ત્ર સહિત સાધુ માનતા નથી, પ્રતિમાને લીંગ ને ઘરેણા હોય તો માનતા નથી. માટે અમે આવી પ્રતિમાને માનીએ માટે અમારું ગૃહીત મિથ્યાત્વ ગયું છેને? તને ગૃહીત મિથ્યાત્વની ખબર નથી. બાહ્ય લક્ષણો કેવા હોય એની તને ખબર નથી. સમજાણું કાંઈ? આ તો અંતર લક્ષણની વાત છે. વાસ્તવિક દેવનું-ગુરુનું-શાસ્ત્રનું બાહ્ય લક્ષણ જે છે એ પણ જેને ખબર નથી અને એ લક્ષ થયું છે, એ ચીજને ઓળખી છે—એ વાત ખોટી છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો વ્યવહાર ત્યાં સિદ્ધ કરવો છેને.

સર્વજ્ઞ પરમેશ્વર આ જગતના... તારે સર્વજ્ઞ થાવું છે કે નહિ? એટલે કે તારે અલ્પજ્ઞ અને રાગમાં રહેવું છે? તું તો અલ્પજ્ઞ અને રાગમાં રહ્યો છો. અનંતકાળથી રખડે છો. હવે તારે સર્વજ્ઞ એટલે પૂરું જ્ઞાન થઈને વીતરાગી દશા થવી એ મુક્તિ અને એ ધર્મ. એ રૂપે તારે થવું હોય તો અરિહંત સર્વજ્ઞ અને વીતરાગ જગતમાં ક્યાં છે? કોણ છે? કેમ છે? કેમ થયા? એનું તારે જ્ઞાન કરવું પડશે. બરાબર છે? પ્રત્યક્ષસહિતની વાત હોં અહીં તો. દાખલો આપ્યો છેને ભાઈ એમાં? વૈદ્યનો. એક વૈદ્ય છે એને રોગ મટી ગયો છે. નિરોગી શરીર છે, મુદ્રા નિરોગ છે. એને પૂછ્યું વૈદને, ભાઈ! રોગ હતોને તમારે? કહે, હા. તો એ રોગ દ્વારા.. એ રોગનું ઔષધ ક્યું હતું તમારું? અને એ ઔષધ દ્વારા રોગ ક્યો મટ્યો તમારો? નિરોગતા કેમ થઈ તમારી મુદ્રા? એમ અરિહંત પરમાત્મા જગતના મહા વૈદ્ય છે. આત્મામાં સર્વજ્ઞપણું પ્રગટ જ્યાં થાય એ જ્ઞાનની મૂર્તિ આત્મા છે. ચૈતન્ય નૂરનું પૂર આખો આત્મા છે. હવે એની કિંમતની એને શી ખબર પડે? સમજાય છે કાંઈ?

મોતીનો દાખલો નહોતો આપ્યો એક ફેરી? વાણિયાનો દાખલો આપ્યો હતો. વાણિયો હતોને એક વાણિયો. મોતી સારું ઊંચુ મોતી હતું. ૨૦-૨૦ હજારના મોતી થાય છે. ૨૫-૨૫ હજારનું એક-એક મોતી. ૨૦ હજારનું મોતી તો મેં જોયું છે, આ વીરજીભાઈ કહે. એય..! શાંતિભાઈ! તમારા બાપા કહેતા હતા એક ફેરી. કલકત્તા કાંઈક ગયા હતાને. ત્યાં ૨૦ હજારનું મોતી કહે ઉંચું. મોતી તો ઘણી કિંમતના થાય છે. વાણિયો હતો તો એકાદ મોતી રહી ગયેલું. પહેલા ગામડામાં જાતાને ઉઘરાણીએ. પાંચ-દશ હજારની ઉઘરાણી નાખી આવ્યા હોય. ઉઘરાણી સમજો છો કે નહિ? ઉઘરાણી નથી સમજતા. ઉધાર. એમ સમજી લેવું થોડું-થોડું હિન્દી ભાષા. ઉઘરાણીએ જાતા હતા ત્યાં ખાટલો કણબીએ પાથરી દીધો કણબીએ. આવો આવો શેઠ. એ વખતે તો કણબીનું પાણી નહોતા પીતાને. હવે તો પીવે છે બધા. તે વખતે પિતાંબર એટલે બ્રાહ્મણને ત્યાંથી કળશો લઈ આવો. બ્રાહ્મણ પાસે કળશો લેવા જાય ત્યાં મોતી યાદ આવ્યું. જોયું. ઓલો પાણી લઈને આવ્યો એટલે શેઠ! લ્યો પાણી.

એટલે કહે છે કે આમાં પાણી બહુ છે. મોતીમાં પાણી બહુ છે. અરે! શેઠ! પાણી એમાં હોય તો પાણી મંગાવ્યું શું કરવા? એટલે ઓલો ઠગ વાણિયો હતો. કહે આમાં તો દરિયો ભર્યો છે. આમ ચમક થાયને ચમક. મોતી આવડું હતું. ચમક... ચમક... ચમક... ચમક.. લહેરી ઉઠે. જેમ ઓલા નથી થતાં વોયલ? આ વોયલ થાય છેને કપડા નહિ? હોય તો આવડું આવું વોયલ. પણ અંદર કાંપ ઉઠે. આમ દરિયા જેવા મોજા ઉઠે. હોય તો આવડું. ત્યાં ક્યાં જાડું હતું? એક તાણાવાળું. એમ આમાં મોજા એવા ઉઠે. બાપુ! કાંઈક બહુ ઉંચી કિંમત છે અને આ પાણી દરિયો ભર્યો છે, પટેલને કહે. અરે શું શેઠ ગપ્પા મારો છો. એક તો પાણી મંગાવ્યું અને પાણી આમાં હોય તો પાણી મંગાવ્યું શું કરવા? અને વળી પાછા કહે દરિયો છે આમાં ભર્યો. આહા..! આવડામાં દરિયો ગરી જતો હશે? ભાઈ! તને ખબર ન પડે. બાપુ! એની તો જેને નજરુમાં કિંમત હોય તે દરિયો ભાળે. ત્યારે મને તો ખબર નહિ. એને તો અહીં પછેડીનો છેડો અડાડીએ મોતીમાં. ભીનું થાય તો માનીએ પાણી. પણ એવા પાણી ન હોય, તને ખબર નથી. એ મોતીના પાણી એમ માપ્યા જાય નહિ. આહા..હા..! તારા કપડાને છેડે મોતીના પાણી માપ્યા ન જાય ભાઈ! એ તો દૃષ્ટિની કિંમતું એના માપને-પાણીના માપને કરે. એમ ચૈતન્ય હીરાની કિંમતું, સમજાય છે કાંઈ? એ તારા અનુમાનથી થઈ શકે નહિ એમ કહે છે. આહા..હા..! આઘો રહીને વ્યવહાર કરીને આમ અનુમાનથી આત્મા જણાય એમ છે નહિ. આહા..હા..!

આમ તો આવે છેને કે જ્ઞાન ત્યાં આત્મા અને આત્મા ત્યાં જ્ઞાન. નથી આવતું ભાઈ અનુમાનમાં? કહે છે કે એમ નક્કી કરવું કે આ જ્ઞાન છેને તે આત્મા, જ્ઞાન છે તે આત્મા. એ અનુમાન કરવું. જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં આત્મા. એ તો અનુમાન પણ પ્રત્યક્ષ થાય તો તેને અનુમાન વ્યવહાર કહેવામાં આવે છે. એવી વાત છે જરી. આવે છે કે નહિ? ચિઠ્ઠીમાં આવે છે રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં. એ ન્યાયશાસ્ત્રમાં આવે. આપણે તો સાધારણ ... આપણે તો ચોપડીમાં આવે છેને, રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં આવે છે. જ્ઞાન તે આત્મા.. જ્ઞાન તે આત્મા.. જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં આત્મા એમ અનુમાન કરવું આગમથી. સમજાણું કાંઈ? છતાં એ વસ્તુ અનુમાનથી જણાય કે અનુમાનથી અનુભવ થાય એવો આત્મા જ નથી. સમજાણું કાંઈ?

**'બીજા વડે માત્ર લિંગ દ્વારા જ જેનું ગ્રહણ થતું નથી તે અલિંગગ્રહણ છે;...'** અ નામ નહિ, લિંગ એટલે બીજા દ્વારા ચિહ્ન દ્વારા જણાય એ અનુમાન. લિંગ એટલે અનુમાન. **'આ રીતે આત્મા અનુમેયમાત્ર (કેવળ અનુમાનથી જ જણાવાયોગ્ય) નથી...'** કેવળ અનુમાનથી. પ્રત્યક્ષ થઈને પછી અનુમાન થાય એ બીજી વાત છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાનથી પ્રત્યક્ષ વેદન થાય એવો એ આત્મા છે. આહા..હા..! પુણ્ય-પાપની ક્રિયાઓ અને શરીરની ક્રિયાઓ કે સાંભળવાની વાણી (એવી) કોઈ અપેક્ષા રાખ્યા વિના અને અનુમાન કર્યા વિનાનો પ્રત્યક્ષ થાય એવો આત્મા છે. આહા..હા..! મતિ અને શ્રુતજ્ઞાન જે ભાવજ્ઞાન

છે અંદર, એ ભાવજ્ઞાન દ્વારા અંતરમાં પકડાય તેવો એ આત્મા છે. સમજાણું કાંઈ? આમાં 'નથી, નથી' આવ્યું છે અહીં સુધી તો. અસ્તિ પછી આવશે છઠ્ઠા બોલમાં.

અહીં તો કહે છે કે એ અનુમાનથી માત્ર જણાય એવું આત્માનું સ્વરૂપ જ નથી. અરૂપી જ્ઞાનઘન ભગવાન સાક્ષાત્ સ્વસંવેદનથી-સ્વ વેદનથી જણાય એવો એ આત્મા છે. જ્યારે જાણે ત્યારે જ્ઞાનથી જ્ઞાન વેદે. આ આત્મા એને આનંદનું વેદન થાય ત્યારે પ્રત્યક્ષ જ્ઞાનથી જણાય એવો છે. ત્યારે તેને સમકિત થાય અને ત્યારે તેને ધર્મ થાય. એ વિના ધર્મ હરામ છે, કહે છે, હોય તો. એય..! આહા..હા..! અહીં તો થોડા મોટા શેઠિયા હોય અને મોટા .. થોડા શબ્દ વાપરે... અમે ભાઈ ધર્મ તો કરતા નથી, પણ ધર્મ એ તો કરીએ છીએ, ફલાણું કરીએ છીએ એમ કરીને લાભ લેવા માંડે. ધૂળમાંય નથી લાભ, સાંભળને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કાર્ય કરવા માંડે? વિકલ્પ છે બધા. રાગ છે. ભાઈ! અમે જાતે તો ન કરીએ, પણ આ અપવાસ કરીને બેઠા એને આપણે અનુમોદન તો આપીએ. સંમત થઈને પૈસા-બૈસા ખર્ચીએ કે ઓહો..હો..! એમાં ત્રણકાળમાં એમાં આત્મા નથી અને એમાં ધર્મ પણ નથી લે. ભારે આકરી વાત! રાડ નાખેને. ઓલા સંપ્રદાયના માનેલા હોય ભાવવાળા એ જાણે કે આ શું? આ તો અમારું બધું નાશ થાય. તારું નાશ ક્યાં થાય? તારું છે ક્યાં તારી પાસે? સાંભળને. સમજાણું કાંઈ? આત્માને ધર્મ ક્યારે અને કેમ થાય એ વાત ચાલે છે. આત્માને પુણ્ય-પાપના વિકલ્પ અને વાસનાથી ધર્મ થાય નહિ, પણ અનુમાનથી આત્મા જણાય અને વેદાય એવો એ આત્મા નથી. આહા..હા..! અહીં તો ઓલા શુભભાવ હોય તો શુદ્ધ થાય. શુભભાવ કરે, બાપુ! કાંઈ દયા, દાન, ભક્તિ, વ્રત, તપ કરે. કરતાં-કરતાં હળવો થાય તો ધર્મ થાય. એમ અજ્ઞાનીઓએ આ રીતે કલ્પીને જગતને ઉંધે રસ્તે ચડાવ્યા છે. સમજાણું કાંઈ? એય..! ધીરૂભાઈ! આ તો આકરું પડે એવું છે. સાંભળે ત્યાં રાડ નાખે. શેમાં સાંભળે? આ ક્યાંથી કામ...? આ વાત જ ક્યાંથી હોય આ પુણ્ય વિના વાત? સમજાણું કાંઈ?

ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદકંદ આત્મા તે અનુમાનમાત્રથી જણાય એવો એ આત્મા નથી, કહે છે. એટલે અનુમાનમાત્રથી ધર્મ થાય એવો એ આત્મા નથી. જ્ઞાનને કાઢી નાખ્યું. અનુમાન જ્ઞાન જ નહિ કહે. હવે રાગ તો નહિ, પુણ્ય તો નહિ, દેહની ક્રિયા તો નહિ, પણ અનુમાનમાત્ર જ્ઞાન એ પણ કારણ નથી, જા. આહા..હા..! કહો, રતિભાઈ! સવારે ઝીણું, અત્યારે ઝીણું. ભગવાન પણ ઝીણો કેટલો છે જુઓ. કેટલો ઝીણો છે? ક્યાં છે ખબર છે તને? કેટલો ઝીણો કે જે વિકલ્પથી ખ્યાલમાં ન આવે, મનથી ખ્યાલમાં ન આવે. વચનાતીત, મનાતીત, દેહાતીત, રાગાતીત, અરે! અનુમાન જ્ઞાનાતીત. નવરંગભાઈ! વસ્તુ આવી છે, ભાઈ! તારે નક્કી કરવો અને નિર્ણય કરવો પડશે. અને એ નિર્ણય થાય

તો અનુભવમાં જશે, નહિતર આવો નિર્ણય નહિ થાય તો અનુભવમાં જઈ શકશે નહિ. છતાં તત્ત્વનો આ નિર્ણય તે પણ ખરેખર કારણ નથી. આહા..હા..! ભાષા તો એમ જ કહેવાયને. સમજાણું કાંઈ? ઓહો..હો..!

એ જ્ઞાનનો ચમત્કારી ચૈતન્યચમત્કાર પ્રભુ. જુઓને, જેના જ્ઞાનમાં ૨૫-૫૦ વર્ષની વાત યાદ હોય. ચોપડા ફેરવવા પડે પાના માટે કે ભાઈ આ ૨૫-૫૦ પાને આ છે. અહીંયા તો ૫૦ વર્ષની વાત હોય ને કાલની જેમ ફટ નીકળે. એ ક્યાંથી આવી? એ તો એકલું સ્મરણનો-જ્ઞાનનો પુંજ જ આત્મા છે. આ તો એની પર્યાયની વાત ચાલે છે. સમજાય છે? પર્યાય એટલે હાલત-દશા. કે ૫૦ વર્ષની વાત, ૬૦ વર્ષની વાત આમ અત્યારે દેખાય, આ થયું, આમ થયું. એ કોણ યાદ કરે છે? જડ? જડમાં છે તાકાત? પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે એ રાગમાં તાકાત છે એની એક સમયની દશામાં આવી તાકાત કે ૫૦-૬૦-૧૦૦ વર્ષનું યાદ કરે. સમજાણું કાંઈ? એ ક્યારે? ૯૦ વર્ષનો માણસ ૮૦ (વર્ષ પહેલાનું)નું યાદ કરે આ ભવનું. તો બીજો આત્મા ૪૦ વર્ષની ઉંમરવાળો હોય શરીર આ દેહ. તો જ્યારે ઓલો ૯૦વાળો ૮૦ની વાત યાદ કરે છે. તો એ આત્મા અને આ પણ આત્મા છે. તો આ આત્મા પણ ૫૦ વર્ષની દેહની ઉંમર છે એ પણ જો આમ આગળ જો વિચાર કરે અને લંબાવે તો આ ભવનું અને ઓલા ભવનું ભેગું મળીને એને ૮૦ વર્ષનું જ્ઞાન થાય. શું કહે છે આ? ન્યાય સમજાય છે કાંઈ?

ગોંડલવાળાનો દાખલો ન આપ્યો હમણા એક, નહિ? નેમચંદ કોઠારી. ૯૮ વર્ષ. ૯૮ વર્ષ. ૮૦ વર્ષનો દીકરો. બેય આવ્યા હતા વ્યાખ્યાનમાં—૮૦ વર્ષનો દીકરો અને ૯૮ વર્ષનો બાપ. દશાશ્રીમાળી કોઠારી આપણે .. કોઠારી! કેટલા વર્ષનું યાદ છે? ૯૦ વર્ષનું યાદ છે. ૯૮ વર્ષની ઉંમર. ૯૦ વર્ષનું યાદ રાખે. હવે અહીં તો એ સિદ્ધાંત લેવો છે કે જે આત્મામાં ૯૦ વર્ષની વાત યાદની શક્તિ છે. એ પણ પર્યાયની હોં અવસ્થાની. ગુણની વાત તો અલૌકિક વાતું છે. જે અવસ્થામાં દશામાં, હાલતમાં, પ્રગટ વ્યક્તમાં જેને ૯૦ વર્ષની યાદગીરી આમ કે એક સેકન્ડમાં ૯૦ વર્ષનું યાદ કરે. વર્ષ ગયા ૯૦ અને યાદ કરવાનું સેકન્ડ. એના જ્ઞાનની દશા કાળને ગળી જાય છે. કાળની ગણતરી ત્યાં રહેતી નથી. એવી જેની જ્ઞાનની દશામાં પણ ૯૦ વર્ષ પહેલાનું યાદ આવી જાય, એ જ આત્માની જાતનો બીજો આત્મા છે. હવે એની ઉંમર જ્યારે પચાસની હોય બીજાના શરીરની. એ જો આત્માની યાદગીરી કરવા જાય તો પચાસ કરતાં ઓલાની જેમ ૮૦ની થઈ ૯૦ની. તો આને કેમ ન થાય? પણ એને જે ૯૦નું થાય ત્યારે બીજો ભવ ભળી જાય. છતાં એ જ્ઞાનની અવસ્થા એ આત્માનું સ્વરૂપ નહિ. અરે ભગવાન! એય..! કેમકે ઓલું પરલક્ષી જ્ઞાન છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવું જ્ઞાન છે માટે આ અનુમાન કરીને આવડો મોટો આત્મા છે એમ ન જણાય, એમ કહે છે અહીં તો ભાઈ! આ દાખલો શું કરે છે સમજાણું કાંઈ? આહા..હા..! આવું

જે સ્મરણ-આટલી યાદગીરી એની દશામાં છે, માટે અનુમાન કરો કે આના જીવમાં કેટલું સામર્થ્ય છે અને એ કેવો આત્મા છે? એ એવા અનુમાનથી આત્મા જણાય એવો છે જ નહિ કહે. આહા..હા..! સમજાય છે કાંઈ?

જેના અંતર સ્વભાવની મહિમા અંતર જ્ઞાનની પ્રત્યક્ષતા થાય ત્યારે જણાય એવો છે. એય..! પોપટભાઈ! આ બધા પૈસા, વેપારીઓ, સંચા.. રળીએ છીએ એમાં ગર્વ ગળી જાય એવું છે આમાં. ધૂળેય કર્યું નથી, સાંભળને. અભિમાન કર્યા છે જ્યાં ત્યાં. પણ આ તો આવું જ્ઞાન કરે તોપણ આત્મા જણાય એવો નથી એમ કહે છે ભાઈ! આઠ ભવનું જ્ઞાન થાય. થાય છેને અત્યારે ઘણી બાયું અને દીકરીયુંને. નથી આવતું છાપામાં? ઘણાને થાય. .. પુનર્જન્મનો. જયપુરમાં છેને એક. ..બે હજારનો પગાર છે. આવ્યો હતોને અહીં આવ્યો હતો. ત્યાં પણ બે વાર આવ્યો હતો જયપુર ગયા ત્યારે. મોટો.. પણ કેટલા લાખ? વીસ લાખ પાઉન્ડ. એમ પુનર્જન્મ નક્કી કરો તમે. મારી પાસે આવ્યા હતા કે હવે અમારી સભા તૂટવાની છે. કેમકે અમે પુનર્જન્મ સિદ્ધ કરવા જઈએ છીએ. તો .. તમે પુનર્જન્મ સિદ્ધ કરો તો અમારો ધર્મ સાચો રહેતો નથી મુસલમાન અને ખ્રિસ્તી.. પુનર્જન્મ... એ સંસ્થા રાખી.. પછી મહારાજ આશીર્વાદ આપો. શેનો આશીર્વાદ? અમારી પાસે છે કાંઈ? અહીં તો આત્માની વાત છે. એ તો કુદરતે આવ્યા હતા બેવાર હોં. મહારાજ! આ સંસ્થા કાઢી નાખવાનો છે. કારણ કે હવે તો એવું થઈ જાય છે કે પુનર્જન્મ સિદ્ધ થાય છે. આ ભવ પહેલા આ હતો, આ ભવ પહેલાં આ હતો. એવા તો છ-છ ..

મુમુક્ષુ :- બબ્બે ભવના દાખલા.

ઉત્તર :- હા, કેટલાક બબ્બે-ત્રણ-ત્રણ ભવના દાખલા. છે. વસ્તુ છેને, અનાદિનો છેને. ક્યાં નથી? આપણે આવ્યો છેને. અહીં ભાઈની દીકરી. જાતિસ્મરણ. એની છોડીને. એ આવ્યો હતો અહીં. મોટી મોટર લાખ રૂપિયાની. તપાસ કરી ગયો છે કાલે. એને પૂછયું કોકે તો કહે, મને આસ્થા નથી. એય..! આહા..હા..!

અહીં તો કહે છે એ જ્ઞાન પણ ખોટું, પણ આ પોતાની જ્ઞાનની લાંબી દશા જાણી, એના ખ્યાલમાં આવી માટે આત્મા એને પ્રત્યક્ષ થઈ જાય એમ પણ નથી. એમ કહે છે અહીં તો. આહા..હા..! અભવિને વિભંગ(જ્ઞાન) હોય છેને ભાઈ! અભવિ જીવ છે તો એને મુક્તિ નથી. એને વિભંગ થાય છે. વિભંગ(જ્ઞાન) દ્વારા સાત દ્વીપ સમુદ્ર દેખે અંદર. સાત દ્વીપ અને સમુદ્ર. એવું જ્ઞાન થાય છે અજ્ઞાનીને. જન્મ-મરણ કોઈ દિ' મટે નહિ એનો. એવો જીવ થાય છે. સાત દ્વીપ સમુદ્ર દેખે અંદરમાં. પણ એ મિથ્યાત્વભાવ છે. ઓહો..હો..! એવું જ્ઞાન થાય તોપણ આત્મા જણાય એવો નથી, એમ કહે છે અહીં તો. વિભંગ(જ્ઞાન) થાય છેને. સાત દ્વીપ સમુદ્ર ભાળે અંદર.

મુમુક્ષુ :- પ્રત્યક્ષ?

ઉત્તર :- પ્રત્યક્ષ જ છે એને. એ તો વિભંગ છે. મન વિના ... અસ્તિપણે ભાળે, પણ એ તો પરલક્ષી છે. એ દ્વારા 'આત્મા છે આ' એવો એને ધર્મ થતો નથી. ઓહો..હો..! ભાઈ આ શું કહે છે આ તે? આ વિજ્ઞાનનું વિજ્ઞાન છે. વિજ્ઞાન એવો ભગવાન આત્મા ચિદાનંદ પિંડ એને જ્ઞાન દ્વારા જણાય એવો એ ભગવાન છે, સીધું જ્ઞાન દ્વારા પ્રત્યક્ષ થાય એવો એ આત્મા છે. પ્રત્યક્ષ થતાં તેને આત્માનો અતીન્દ્રિય આનંદનો અનુભવ આવે અને એનું જ્ઞાન રાગના, મનના અવલંબન વિનાનું થઈ જાય, તે જ્ઞાનથી આત્મા જણાય એવો એ આત્મા છે. એ જ્ઞાન દ્વારા આત્મા જણાય અને ધર્મ થાય ત્યારે એને ધર્મ કહેવામાં આવે છે. અરે બાપુ! અપૂર્વ વસ્તુ છે. અનંતકાળમાં નહિ કરેલી જે થાય એને માટે કોઈ અપૂર્વ વાત હશે કે નહિ? અનંતકાળ ગયા છે ચોર્યાસીના અવતારમાં. આહા..હા..! 'તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું?' આવે છેને? 'નિર્દોષ નરનું કથન માનો તેહ જેણે અનુભવ્યું.' છેલ્લો બોલ છેને એ? શું છે તમારે? 'રે આત્મ તારો આત્મ તારો શીઘ્ર એને ઓળખો.' શ્રીમદ્ રાજચંદ્ર. આ ૧૬ વર્ષે કહે છે. ૩૩ વર્ષે ગુજરી ગયા શ્રીમદ્ રાજચંદ્ર. નામ સાંભળ્યું છેને. નામ શ્રીમદ્ રાજચંદ્ર. આ ફોટો છે. ૩૩ વર્ષે .. ઘણું. સાત વર્ષે જાતિસ્મરણ છે. .. ૧૬ વર્ષે આ શ્લોકો લખ્યા છે. 'રે આત્મ તારો આત્મ તારો શીઘ્ર એને ઓળખો, સર્વાત્મમાં સમ દૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો.' સમજાણું કાંઈ? એમ બધા આત્મા આ જાતના છે એમ જાણવું જોઈએ. સમજાણું? ...પૂરું થઈ ગયું. પહેલા આ હતા. 'એ પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું' ભગવાન આત્મા અનંત સ્વરૂપને પ્રાપ્ત કરવા કોના વચન માનવા? 'નિર્દોષ નરનું કથન માનો તેહ જેણે અનુભવ્યું.' આહા..હા..! સોળ વર્ષે. સોળ વર્ષ અને ચાર માસની ઉંમર. ૩૩ વર્ષ ને ચાર મહિને દેહ છૂટી ગયો. દેહ છૂટી ગયો. સમજાણું કાંઈ? ગાંધીજીને ખ્રિસ્તી થતા અટકાવ્યા હતા.

કહે છે કે એ બધું વિભંગજ્ઞાન અને આ અનુમાનજ્ઞાન ને આવી બધી શક્તિ છે પર્યાયમાં, માટે તે આત્મા જણાણો છે એને, એ અનુમાનનો વિષય છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? સીધો મન અને રાગની અપેક્ષા રાખ્યા વિનાનો જ્ઞાન જ્ઞાનને અંતર સીધું જાણે અને અનુભવ થાય તેને આત્મા જાણ્યો અને ધર્મ થયો એમ કહેવામાં આવે છે. ઝીણી વાતું છે, બાપુ! જુગરાજજી! બહુ .. થઈ ગયા છે. શેઠને ઘણીવાર સાંભળે છે. આહા..હા..! લ્યો એ ચોથો બોલ થયો. '**અનુમેયમાત્ર નથી...**' એમ કીધુંને? એ '**(કેવળ અનુમાનથી જ જણાવાયોગ્ય) નથી એવા અર્થની પ્રાપ્તિ...**' એટલે? અલિંગગ્રહણમાંથી આવો અર્થ નીકળે છે. અલિંગગ્રહણ. લિંગ નામ અનુમાનથી, ગ્રહણ નામ જાણવું, અ નામ જેને નથી એવો આત્મા અલિંગગ્રહણ છે. આહા..હા..!

પાંચમો. '(૫) **જેને લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી...**' લિંગથી જ હોં. આમ ભાષા છે. ઓલું રાખ્યું છે થોડું થોડું. ઓલામાં પણ રાખ્યું છે હોં. એમાં પણ 'માત્ર' હતુંને.

એમાં પણ અનુમેયમાત્ર. છેને બીજી ચીજ છે સાથે. **'જેને લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી તે અલિંગગ્રહણ છે;...'** લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી. એટલે? આત્માને અનુમાન કરનારો એટલે પરને અનુમાન કરીને જાણી આત્મા શકે એવો નથી. આત્મા કેવળ અનુમાન કરનારો જ નથી. આહા..હા..! બીજા દ્વારા અનુમેય થઈ શકે એવો નથી, પણ પોતે અનુમેય કરે એવો પોતે જ નથી, અનુમેયમાત્ર આત્મા નથી. આહા..હા..! ભારે વાતું ભાઈ! એકલા ચૈતન્ય ચમત્કારના ન્યાય રેડ્યા છે. જંગલમાં રહી સંતોએ આત્માને પ્રાપ્ત કરી ચારિત્રદશામાં આનંદમાં ઝૂલતા હતા. મુનિઓને નગ્નદશા હોય છે, જંગલમાં રહે છે. એને મુનિ (કહે). એમાંથી આ વિકલ્પ આવ્યો અને આ શાસ્ત્ર થઈ ગયા સર્વજ્ઞ પરમાત્માએ કહેલા તે. ભાઈ! એ આત્મા પરને માટે એકલું અનુમાન કરે એવો નથી. સમજાણું કાંઈ?

**'આ રીતે આત્મા અનુમાતામાત્ર નથી...' '(કેવળ અનુમાન કરનારો જ) નથી...'** એમ કહે છે. પોતે હવે. ઓલા બીજા વડે હતું. બીજા વડે અનુમાનથી જણાય એવો આત્મા નથી અને પોતે અનુમાન કરનારો એકલો, એમ પણ છે નહિ. આહા..હા..! અરે! રાગવાળો નથી, શરીરવાળો નથી, પુણ્યવાળો નથી. આહા..હા..! કેવી વાત તે પણ અલૌકિક વાત છેને! અનુમાન, કેવળ અનુમાન કરનારો નથી. આહા..હા..! હવે એને પુણ્યવાળો અને ક્રિયાવાળો માનવો, એને પુણ્યની ક્રિયાથી ધર્મ માનવો. આહા..હા..! લૂંટી નાખ્યો છેને આત્માને. હેરાન કરી નાખ્યો છે. પોતે પોતાને હેરાન કર્યો છે. ભાન નથી. અહીં તો **'(કેવળ અનુમાન કરનારો જ) નથી...'** એને અમે આત્મા કહેતા નથી. આહા..હા..! **'જેને લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી...'** એટલે અલિંગગ્રહણ. એટલે? કે લિંગ નામ અનુમાન જેને અનુમાનથી જાણવું થતું નથી એવો અનુમાન કરનારો નથી. કહો, સમજાણું કાંઈ?

અરિહંતને જાણવો હોય કે સિદ્ધને જાણવો હોય તો કેવળ અનુમાનથી જાણે એવો પોતે છે જ નહિ, એ તો અનુમાનમાત્ર જીવ છે જ નહિ. એ તો પ્રત્યક્ષથી જાણે એવો જ જીવ છે. આહા..હા..! આ તે કાંઈ વાત! સ્વયંસિદ્ધ ચૈતન્યની ખાણ, ચૈતન્યરત્નાકર ભગવાન છે એ અનુમાત્ર કરનારો છે જ નહિ. આહા..હા..! સીધો જ્ઞાનને જ્ઞાનને વેદીને જ્ઞાનથી જણાય એવો છે. એ જ્ઞાનથી જાણે એવો છે એમ. ઓલામાં જણાય એવો છે. સમજાણું કાંઈ? અલિંગગ્રહણ. લિંગ એટલે કેવળ અનુમાનમાત્ર કરનારો, જાણનારો, અ-નથી એને અલિંગગ્રહણ કહેવામાં આવે છે. ગૂઢ ભાષા છે ભાઈ! શાસ્ત્રની ઉંડી ભાષા છે. લ્યો બીજો વિસ્તાર આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૧૦, સોમવાર, તા. ૨૭.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બૉલ-૬-૭, પ્રવચન-૧૩૯**

આ પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ અધિકાર. એમાં અધિકાર (છે કે) આત્મા જ્ઞેય કેવો છે અને કેમ જણાય? અને કેમ ધર્મ થાય? એ અધિકાર ઝીણો છે જરી. ભગવાન આત્મા... અહીંયા અલિંગગ્રહણના ૨૦ બોલ લે છે. આત્મા અલિંગગ્રહણ છે. લિંગ નામ ચિહ્નથી એ જણાય એવો નથી. તેના ૨૦ બોલ લીધા છે. સમજાય છે કાંઈ? પહેલું તો એમ લીધું કે આત્મા એ અનંતગુણનો પિંડ ચૈતન્યબિંબ એને ઇન્દ્રિયો દ્વારા જાણવું થતું જ નથી. ઇન્દ્રિયો દ્વારા જાણે તે આત્મા નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માટે એ આત્મા નથી. નવરંગભાઈ! ઝીણી વાત છે થોડી. કહો, સમજાય છે કાંઈ? પહેલા પાંચ બોલ ચાલ્યા છે આપણે ૨૦ બોલમાં. પહેલો બોલ એ કે આત્મા અનંત જ્ઞાનનો પિંડ ચૈતન્ય ઉપયોગકંદ એને ઇન્દ્રિયો જે પર છે અથવા જે ખંડ ઇન્દ્રિય છે એના વડે જાણવું થતું જ નથી. એના વડે જાણે તેને આત્મા જ કહેતા નથી એમ કહે છે. સમજાય છે કાંઈ? એ તો અતીન્દ્રિય જ્ઞાનમય છે, ભગવાન અતીન્દ્રિય જ્ઞાનથી જ જણાય એવો છે. એટલે ધર્મ અતીન્દ્રિય જ્ઞાનથી જ થાય છે એમ કહે છે.

મુમુક્ષુ :- એવો એનો અર્થ થયો?

ઉત્તર :- એવો એનો અર્થ થયો. આહા..હા..!

બીજામાં એમ કહ્યું કે એનું જ્ઞાન ઇન્દ્રિયથી થાતું નથી. પહેલામાં કહ્યું કે એને ઇન્દ્રિયથી જાણવું થતું નથી. બીજામાં કહ્યું કે એનું ઇન્દ્રિયથી જાણવું થતું નથી. એ અતીન્દ્રિયથી જણાય એવો જ એ આત્મા છે. સમજાય છે? ત્રીજામાં એમ કહ્યું કે ધુમાડા દ્વારા જેમ અગ્નિનું અનુમાન થાય, એમ કોઈ અનુમાન દ્વારા-ઇન્દ્રિયના પ્રત્યક્ષ ચિહ્ન દ્વારા આત્મા જણાય એવો એ આત્મા નથી. સમજાય છે કાંઈ? ચોથો બોલ એમ કહ્યો કે એ અનુમાન કરનારો એ નથી. અનુમાનથી કરનારો એ નથી. અનુમાનનો એ વિષય જ નથી. **'બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ જેનું ગ્રહણ થતું નથી તે અલિંગગ્રહણ; આ રીતે આત્મા અનુમેયમાત્ર...'** જણાવાયોગ્ય નથી. લ્યો! **'અનુમેય...'** કોઈ અનુમાન કરીને એને જાણી લે એવો આત્મા નથી. બીજા પ્રાણીઓ એનું અનુમાન કરે અને જાણે એવો એ આત્મા છે જ નહિ. (પાંચમામાં) કહ્યું કે એ પરને જાણવા માટે અનુમાનથી જાણે પરને એવો એ નથી. અનુમાન કરનારો પણ નથી અને અનુમાનથી જણાય એવો પણ નથી. ભારે વાત ભાઈ! એ પાંચ બોલ થયા છે નકારમાં.

હવે હકારનો બોલ આવે છે છઠ્ઠો. ભગવાન ચૈતન્યબિંબ શરીર, વાણી, મનથી જુદો, પુણ્ય-પાપના વિકલ્પના રાગથી જુદો અને પરને અનુમાનથી જાણે એવા ભાવથી જુદો છે. સમજાય છે કાંઈ? વસ્તુ છેને અને પ્રગટ છેને. અનંતગુણમય, અનંત ચૈતન્ય તેજ આનંદમય વસ્તુ છે. મહાપદાર્થ છે, અતીન્દ્રિય મહાન વસ્તુ છે. એ વસ્તુને પર ઈન્દ્રિયથી જાણવું ન થાય, ઈન્દ્રિય વડે જણાય નહિ, ઈન્દ્રિયના ચિહ્ન દ્વારા કોઈને પ્રત્યક્ષ થઈ શકે નહિ અને પરનું અનુમાન કરીને જાણે એવો નથી અને પર એને અનુમાન કરીને જાણે એવો એ નથી. ઓહો..હો..! ત્યારે શું છે? છઠ્ઠો હવે બોલ છે. પાંચડા પછી છે. બાબુભાઈ! પાંચડો છેને?

'**જેને લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી...**' ના. '(૬) **લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે...**' પાંચડા થઈ ગયો પછી છગડો. જેને '**લિંગ દ્વારા નહિ...**' એટલે પાંચ કીધા એ દ્વારા નહિ. ઓહો..હો..! '**સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે...**' શું કહે છે? એ તો અંદર જે એનો સ્વભાવ છે જ્ઞાન અને આનંદ અને શાંતિ, એ જ્ઞાનના સ્વભાવ વડે જણાય એવો અને ધર્મ થાય એવો છે એ આત્મા. વળી કહે ભાઈ! જણાય એવો ભલે હોય, પણ ધર્મ તો બીજી રીતે થાતો હશે કે નહિ? આહા..હા..! ચૈતન્ય જ્યોત અનંતગુણનો પિંડ આત્મા એ એવો છે કે એ સ્વભાવ વડે જ જણાય. પ્રત્યક્ષ સ્વભાવ વડે જ જણાય. એને ઈન્દ્રિયો નહિ, ઈન્દ્રિય વડે નહિ, સાંભળીને જાણે એમ નહિ. સમજાય છે કાંઈ? બીજાને સંભળાવે એ નહિ. આહા..હા..!

'**લિંગ દ્વારા નહિ...**' પાંચમા લિંગ દ્વારા.. એમ આવ્યું હતું. ત્યારે હવે શું છે? '**સ્વભાવ વડે જ જેને ગ્રહણ થાય છે...**' '**પણ સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે...**' એટલે ભગવાન આત્મા જ્ઞાનના પ્રત્યક્ષ વેદન દ્વારા, જ્ઞાનની દશા-ઉપયોગને અંતર્મુખ વાળતા એ પ્રત્યક્ષ જ્ઞાનથી જણાય એવો એ આત્મા છે. કહો, સમજાય છે કાંઈ? અનંત ચૈતન્ય આનંદધામ, અનંત-અનંત પરમાનંદની મૂર્તિરૂપ ગુણસ્થાન એ ભગવાન આત્મા તો સ્વભાવ વડે જણાય છે. એટલે ઈન્દ્રિયો વડે નહિ, આ દયા, દાન, વ્રતના, ભક્તિના પરિણામ દ્વારા જણાય નહિ, એને આશ્રયે હાથ આવે નહિ. એ તો એનો જ્ઞાનાનંદ સ્વભાવ છે, શુદ્ધ ચૈતન્ય સ્વભાવ છે, પરમપવિત્ર સ્વભાવની મૂર્તિ છે—એ પરમ પવિત્ર સ્વભાવ પર્યાય દ્વારા જણાય એવો તે આત્મા છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ત્યારે એને સમ્યગ્દર્શન થાય એમ કહે છે. આહા..હા..! લોકોને એવું લાગે આ. ઓલા બીજાએ ચડાવી દીધા છેને. આ ભક્તિ કરો, ભગવાનની પૂજા કરો, વ્રત પાળો, અપવાસ કરો. શું કહેવાય બીજા? આખડી-આખડી ને બાધાને એવા નિયમો-નિયમો આવા આવા લ્યો, એ બધે રસ્તે ચડાવી દીધા બિચારાને. એ રસ્તે આત્મા પ્રાપ્ત થાય એવો છે નહિ, અહીં તો ભગવાન કહે છે. ભાઈ! મગનભાઈ! આહા..હા..!

ચૈતન્ય પિંડ આનંદનો કંદ મહાપદાર્થ પ્રભુ, પોતાનો સ્વભાવ-અરાગીભાવ-વીતરાગી ભાવ,

પ્રત્યક્ષ જ્ઞાનનો ભાવ તે જ્ઞાન દ્વારા-તે સ્વભાવ દ્વારા જણાય એવો છે. એનો અર્થ થયો કે વિભાવ દ્વારા તો જણાય નહિ, ઈન્દ્રિયો દ્વારા જણાય નહિ, કાન અને શ્રવણ દ્વારા જણાય નહિ. ભગવાનની વાણી સાંભળે અને એ દ્વારા જણાય એવો એ આત્મા નથી એમ કહે છે. ભારે વાત ભાઈ! સમજાય છે કાંઈ? **'લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે...'** દેખો આ કારણ મૂક્યું. ફલાણા દ્વારા માણસ કહે છેને એ? વ્યવહાર મોક્ષમાર્ગે નિશ્ચય સમજાય. સમજાય છે? વ્યવહાર માર્ગ એ તો ભગવાન એ તો શુભરાગ છે, એ તો વિકલ્પ-રાગ છે, એ તો બંધનું કારણ છે, બંધના કારણથી અબંધસ્વભાવી જણાય એવું સ્વરૂપ હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો અબંધસ્વભાવી આત્મા છે. વસ્તુ બંધમાં પામે? વસ્તુ ચૈતન્ય જ્ઞાનમય વસ્તુ તે આવરણમાં કેમ આવે? આવરણ તો એક સમયની પર્યાયને નિમિત્ત થાય. વસ્તુને શું આવે? વસ્તુ જે ચૈતન્યઘન છે, જ્ઞાનપિંડ છે, આનંદનો મહાસાગર છલોછલ ભરેલો છે. એવો ભગવાન આત્મા, કહે છે કે કોઈપણ ક્રિયાકાંડના વિકલ્પ દ્વારા અને પરના અનુમાન જ્ઞાન દ્વારા એ જણાય એવી એ ચીજ જ નથી. એટલે કે એ પર દ્વારા ધર્મ થાય એવો એ આત્મા જ નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

ઓલા કહે, નિશ્ચયની કથની બંધ કરાવો. આવ્યું હતુંને ભાઈ લખાણ નહોતું આવ્યું એક ફેરી? એનો ઉત્તર આપ્યો છે આજે કાંતિભાઈએ થોડો. કાંતિલાલ મુંબઈવાળા. એલા એ જ માર્ગ છે. બંધ કરાવો શું કરો છો તમે? આજે જૈનસંદેશમાં આવ્યું છે. હવે .. લખે છેને. જૈનસંદેશમાં આવ્યું છે. ઓલું જૈનદર્શનમાં આવ્યું હતું પહેલા. આ તો કાંતિલાલ આપણા આ. એમ લખ્યું છે, નહિ? એમાં લખ્યું છે. કેમકે પહેલા આવ્યું હતુંને કોકનું? સમ્યક્ એકાંતરૂપ નિશ્ચયકા અવગ્રહણ હી અનેકાંતકા ફલ હૈ. ઓલું કીધું નિશ્ચયનયનું ગ્રહણનું વ્યાખ્યાન બંધ કરાવો.

હમણા લખ્યું છે. કાંતિલાલ છે. કાંતિલાલ શાહ મુંબઈ. કાનજીસ્વામી કહે છે એ માર્ગ વીતરાગનો જ કહે છે. એ જ માર્ગ છે. એમ કરીને. એટલે ખૂબ લખ્યું છે. એ કાંતિલાલ છે મુંબઈમાં છે. ઓલું આત્મવૈભવ નથી કાંઈ? પહેલા વિરોધ કરતા. હવે જરી આમ આવી ગયા. લખ્યું છે આખો લેખ મોટો લખ્યો છે. એ જ માર્ગ છે. તમે શું કર્યું? એ નિશ્ચય સ્થાપે છે છતાં મંદિરો, માણસો, નવા દિગંબરો જૈન એણે કર્યા. તમે ક્યાં કર્યા? વસ્તુ તો એ જ છે. એક અંશ પણ ભગવાન પ્રત્યેનો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ તે તો બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવે ખરો, હોય ખરો. હોય તો છ દ્રવ્ય જગતમાં છે. તે શું થયું? જડ અનંતા પડ્યા છે. આત્માની સંખ્યા કરતા પરમાણુ અનંતગુણા છે. હોય છે એટલે શું પણ? એમ આત્મામાં જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં સુધી શુભરાગ ભક્તિ આદિનો આવે, પણ છે એ બંધનું જ કારણ. સમજાય છે કાંઈ? એ આત્મા તો સ્વભાવ વડે જ જણાય અને સ્વભાવ વડે પ્રાપ્તિ થાય, બીજો કોઈ એનો રસ્તો નથી.

આહા..હા..! આકરું છે. કહો, શાંતિભાઈ! માર્ગ જ આ છે ભાઈ! એનું કારણ છેને. વસ્તુ મહાપ્રભુ છેને. મહાપ્રભુ, મોટો પ્રભુ, અનંતા સિદ્ધોને સંઘરી બેઠો એવો મહાપ્રભુ મોટો. ઓહો..હો..! અરે! એની સામું જોતા પૃથક્થી જણાય એવો એ આત્મા છે. પર સામું જોતા જરીએ જણાય એવો નથી, એમ મૂળ તો કહે છે. આહા..હા..! તારી નજર ત્યાં તારા સ્વભાવ ઉપર નજર પડતાં તે નજરે પડે એવો છે. કોઈથી પરના લક્ષે, વિકલ્પ અને જ્ઞાન દ્વારા બિલકુલ જણાય એવો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, માણસને એવું લાગે કે આ સોનગઢે ભારે કરી. શું કરી પણ? ભારે એટલે છે. એમ કીધું છે. આહા..હા..! ભારે કર્યું એનો અર્થ વિરોધ કરે છે. એમ કે... આહા..હા..! આવું મોંઘુ પડે છે. બાપુ! એમ નથી ભાઈ! તારી ભગવાનની તારી મહિમા જ એવી છે. તું મોટો પ્રભુ છોને નાથ! પ્રભુને પામરતાનો આશ્રય લઈને પ્રભુતા પ્રગટે એવો તું નથી એમ કહે છે. રાગ સામાન્ય છે, અનુમાનજ્ઞાન સામાન્ય છે એ પામરતા છે. એ દ્વારા જણાય એવો તું પ્રભુ નથી. એવો મહાપ્રભુ ચૈતન્ય ભગવાન. આહા..હા..! એ તો સ્વભાવ દ્વારા જણાય એવો એ આત્મા છે. આકરું તો લાગે. દુનિયાને મળ્યું નથી, સાંભળ્યું નથી અને વીતરાગનો માર્ગ પ્રણાલિકા આખી તૂટી ગઈ ઉંધી. એ રસ્તે બિચારા દોરાઈ ગયા. જિંદગી પાયમાલ કરી, અવતાર એળે કરીને ચાલ્યા જાય છે. જુગલરાજજી! આ માર્ગ છે. એનું બીજ રોપ અંદરમાં. હું ચિદાનંદ આત્મા છું. પૂર્ણ સ્વતંત્ર... પૂર્ણ સ્વતંત્ર, પૂર્ણ દ્રવ્ય અખંડાનંદ એવો ભગવાન આત્મા અંતરના પોતાનો જે કાયમ દ્રવ્ય-ગુણ સ્વભાવ છે તેની વીતરાગી સ્વભાવપર્યાય દ્વારા તે પ્રત્યક્ષ જણાય એવો છે. આહા..હા..! આ ચોથા ગુણસ્થાનથી વાત ચાલે છે હોં. વળી કોઈ કહે કે આઠમા ગુણસ્થાનની વાત અને ફલાણી એ આ નથી. આ તો આત્મા જ આવો છે પછી પ્રશ્ન શું? આહા..હા..! આત્મા જ આવો છે. ચાહે તો ચોથે ગુણસ્થાને હો, ચાહે તો પાંચમે હો કે છઠ્ઠે, આત્માની જાત જ એવી છે. આહા..હા..! પોપટભાઈ! સમજાય છે? મોટી વાત, મોટી વાતું છે હોં! પણ મોટી પ્રભુની વાત તો મોટી જ હોયને. આહા..હા..!

કહે છે, ભાઈ! જુઓ, પાછો અર્થ કેવો કર્યો છે! '**લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે...**' જેને ગ્રહણ થાય છે '**તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે...**' છે ભાઈ? મોતીલાલભાઈ! એ અર્થ છે. છઠ્ઠો. એક અલિંગ-ગ્રહણના ૨૦ બોલ કહ્યા. અમૃતચંદ્રાચાર્ય દિગંબર મુનિ મહા કુંદકુંદાચાર્ય પછી એના અર્થ કરનારા ગણધર જેવું કામ કર્યું છે એણે. એક અલિંગગ્રહણ એના ૨૦ અર્થ ઉતાર્યા. એમાં છઠ્ઠો અર્થ આ છે. અ-લિંગ-ગ્રહણ. લિંગથી નહિ પણ સ્વભાવથી ગ્રહણ થાય તેવો એ આત્મા છે. સમજાણું કાંઈ? ત્યારે સ્વભાવ શું કીધું પછી એનો ખુલાસો કર્યો. '**પ્રત્યજ્ઞ જ્ઞાતા છે...**' એનું સ્વરૂપ જ પ્રત્યક્ષ જ્ઞાતા એમ. સ્વભાવની વ્યાખ્યા કરી અને પાછું સ્વભાવ એટલે શું? કે અહીંયા જ્ઞાનનું પ્રત્યક્ષપણું સીધું થાય એ એનો સ્વભાવ છે. પ્રત્યક્ષ જ્ઞાતા

જ છે. વસ્તુ સ્વભાવે... સ્વભાવે મતિ અને શ્રુતજ્ઞાનમાં પણ પ્રત્યક્ષ જ્ઞાતા જ છે. એ પ્રત્યક્ષ મતિજ્ઞાન, (શ્રુતજ્ઞાન) પ્રત્યક્ષ દ્વારા જ જણાય એવો જ્ઞાતા આત્મા છે. સમજાણું કાંઈ? બીજી લપ કાઢી નાખ બધી, કહે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! કાને પડે નહિ આ વાત. હવે એ બિચારા ક્યારે સાંભળે અને વિચારે? કહો, સમજાણું કાંઈ? ત્યાગી થઈને પણ બિચારાને ખબર ન મળે કે શું ચીજ છે વીતરાગમાર્ગના ઘરની?

આત્મા ભાઈ! પરિપૂર્ણ પ્રભુ છોને તું. અને તારી પ્રભુતામાં તારી પર્યાયમાં પામરતા વર્તે એ પામરતા વડે પ્રભુ પકડાય એવો આત્મા નથી. આહા..હા..! એ તો પ્રભુ ભરેલો છે. ભગવાન અનંતગુણથી, એક એક ગુણની પ્રભુતા અનંતી હોં! એક-એક ગુણની પ્રભુતા અનંતી. એવા અનંતગુણનો પ્રભુ આત્મા એના અંશો જે અનંતા નિર્મળ પ્રત્યક્ષ એવા સ્વભાવ દ્વારા જણાય તેવો તે આત્મા છે. કહો, આ ચોથા ગુણસ્થાનની વાત છે. હવે ઓલા કહે કે નહિ, ચોથામાં એવું ન હોય, એ તો શ્રદ્ધામાત્ર જ હોય. અરે! ભગવાન! શ્રદ્ધામાત્ર (હોય) તો અનંતાગુણની પ્રતીતિ શી રીતે આવી? અનંતાગુણનો પિંડ છે, અનંતાગુણનો પિંડ છે એ અનંતાગુણની વ્યક્તતા-પ્રગટ વિના આ અનંતગુણ આવા છે એમ પ્રતીતિ શી રીતે આવી? સમજાય છે કાંઈ? કામ તો છે મોંઘુ, પણ છે મોટું અને સારું. આહા..હા..! સમજાણું કાંઈ? પણ અરેરે! પહેલા એમ કેમ કરી શકીએ? એમ વળી કહે. પહેલાં તો કાંઈક રસ્તો હોય કે નહિ પગથિયાનો? કે પહેલું પગથિયું જ આ છે. એમ કહે છે અહીં. સમજાય છે કાંઈ? આહા..હા..!

જુઓ, એ સ્વભાવ વડેની વ્યાખ્યા કરી અને પછી કહ્યું કે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે. એકલો મતિશ્રુતજ્ઞાનનો પર્યાય અંદરમાં વળ્યો એ પ્રત્યક્ષ થયો એનાથી તે જણાય એવો છે. જે મતિ-શ્રુત બહારનું અનુમાન કરે કે આમ કરે, તેમ કરે, ફલાણા કરે એ દ્વારા એ જણાય એવો નથી. આહા..હા..! મતિ જો મનન કરે તો પ્રત્યક્ષ થઈને કરે એવો એનો સ્વભાવ છે. શ્રુત પણ તેના વલણમાં સમાધિ અને આનંદને વેદે એવું શ્રુત જ્ઞાન અંતર વળે એનાથી તે આત્મા અનુભવાય અને જણાય એવો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ અસ્તિથી આવી વાત. પાંચ તો લીધા નાસ્તિ હતી. આનાથી ન જણાય... આનાથી ન જણાય.. આનાથી ન જણાય... આનાથી જણાય. આહા..હા..! અરે! ભાઈ! તારે કામ કરવું છે કે વાતું કરવી છે? કે કામ કરવું હોય તો તારો આત્મા તો પૂર્ણાનંદ પ્રભુ છે. એને માટે અંતર વલણ કરતા પ્રત્યક્ષપણું થાય તે તારું કામ છે. આહા..હા..! ભલે વિકલ્પ હોય, વ્યવહારુ જ્ઞાન હો, પણ એ કાંઈ મૂળ આત્માને સાધી શકે એવું નથી. સમજાણું કાંઈ?

લ્યો! '**લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે...**' ગ્રહણ એટલે જાણવું. '**તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે...**' ઓહો..હો..! એનો સ્વભાવ જ પ્રત્યક્ષ જ્ઞાતાપણું છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ પ્રત્યક્ષ તો કેવળજ્ઞાન

થાય ત્યારે થાય? અવધિ, મનઃપર્યય થાય તો? અવધિ મનઃપર્યય તો પરને વિષય કરનાર છે. કેવળજ્ઞાન તો પૂર્ણ પ્રત્યક્ષ છે. અહીં તો સાધકના પ્રત્યક્ષની વાત ચાલે છે. કેવળજ્ઞાન તો પૂર્ણ પ્રત્યક્ષ છે. અવધિ મનઃપર્યય એ તો રૂપી પદાર્થને જાણવા માટે પ્રત્યક્ષ છે અને મતિશ્રુત તો સ્વને જાણવા માટે પ્રત્યક્ષ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અમૃતના નિધાન, અમૃતનો સાગર ભગવાન અનંતા-અનંતા અમૃતના સ્વભાવના સાગરથી છલોછલ ભરેલો, કહે છે કે મતિ અને શ્રુતની નિર્મળ પ્રત્યક્ષ દ્વારા જણાય તેવો જ એ આત્મા છે. નહિતર નજરે નહિ પડે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ ત્યારે આ બધી વ્યવહારની શાસ્ત્રમાં વાતું આવે. ચરણાનુયોગમાં, પંચમહાવ્રત આમ પાળવા, અણુવ્રત આમ કરવા, ભક્તિ આમ કરવી, જાત્રા માટે આમ જાવું, ફલાણું આવે છે કે નહિ? બધું આવે છે એનું શું? એ આવે છે એને વચ્ચે જાણવાયોગ્ય છે, બંધનના કારણ છે. પૂર્ણ અબંધપણે ઠરતો નથી એથી વચમાં આવે છે, પણ એ આવે છે તે મોક્ષનો માર્ગ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

ભાઈ! કેટલાકને એવું કે આપણે પુસ્તક ખૂબ લખીએને તો જ્ઞાનનું આવરણ આપણું ઘટે. પુસ્તક વહેંચીએ દુનિયાને તો આપણું જ્ઞાનનું આવરણ ઘટે લ્યો! એ લાખ, બે લાખ, પાંચ લાખના પુસ્તક વહેંચો... તમારું જ્ઞાન વિકાસ થાય. ભગવાન કહે છે, એ રીત નથી કાંઈ. શિખરચંદજી! વાત તો આવી છે, ભગવાન! આવી તારી વાત છે. તું એવડો છો, બાપુ! તને ઓછું પાલવતું જ નથી. આહા..હા..! એની વિધિ જુદી છે. આહા..હા..! ઓલામાં આવે કે જ્ઞાનાવરણીય.. પાંચ, બે હજાર કે પાંચ હજાર આપે છેને. .. એય..! જુગરાજજી! હવે અહીં તો ઉઘાડી વાત છે. એ .. ભાઈ! આ પાંચ લાખ આપીએ પણ જ્ઞાનાવરણીયનો ક્ષય થાય કે નહિ થોડો? મગનલાલભાઈ! ભગવાન ના પાડે છે. રાગની મંદતા થાય, પુણ્ય બંધાય અને એના ફળ તરીકે વળી અનુકૂળ નિમિત્તો મળે પર. એમાં તારી દશાને કાંઈક લાભ થાય એવું એમાં નથી. આહા..હા..! એ રામજીભાઈ! શું કે ઓલી કર્મની પૂજા કરે છેને? કર્મદહન પૂજા. આવે છેને ભાઈ ..ભાઈ! ૧૪૮ પ્રકૃતિ. જ્ઞાનાવરણીય કર્મ ક્ષયાત્મ સ્વાહા, દર્શનાવરણીય સ્વાહા, મતિજ્ઞાન... કર્મદહન પૂજા. કર્મદહન પૂજા. એલા! કર્મદહન પૂજા એમ ન થાય. તને આવડતી નથી. એય..! આહા..હા..! કર્મદહન પૂજા એનું નામ કે કર્મ વિનાનો આત્મા અકર્મી તદ્દન નિરાવરણ અખંડાનંદ તેને જ્ઞાન દ્વારા પ્રત્યક્ષ કરીને ઠરવું એ કર્મદહન પૂજા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભાઈ! બીજા એકને ધર્મ પમાડે તો તીર્થંકરગોત્ર બાંધે લ્યો. .. અહીં તો બતાવે છે. શ્રીમદ્‌માં આવે છે. એક પણ જીવને સાચો ધર્મ પમાડે તો તીર્થંકરગોત્ર બાંધે. પણ શું કહ્યું એનો અર્થ? બાંધેને? એમાં અબંધપણું ક્યાં આવ્યું? સમજાણું કાંઈ? ઓલા વાંચનારા પણ ખુશી થઈ જાય. ભગવાનજીભાઈ! હા, શ્રીમદ્ બહુ સારું કહે છે. સહેલું અને સારું કહે છે. એકબીજાને ધર્મ પમાડે... શું પણ કહ્યું એનો અર્થ? કે ધર્મી હોય, સમ્યગ્દૃષ્ટિ હોય, જ્ઞાની

હોય, પોતાના આત્માને મતિ-શ્રુતથી પૃથક્ જાણ્યો હોય, એને પણ જો આવો વિકલ્પ ઉઠે તો બંધનું કારણ થાય. એવો એનો અર્થ છે. આહા..હા..! સમજાણું? આ તો ખુલવટ થાય ત્યારે તો હોય એવો અર્થ કરવો જોઈએને. ઓઘે-ઓઘે પડ્યો હોય .. તો ભલે પડ્યું એમાં. કહો, સમજાણું આમાં? તારે પડખે ચડ્યા વિના અને પરથી પડખે ખસ્યા વિના તને ધર્મ થાય નહિ એમ કહે છે. આહા..હા..! ત્યારે ઓલા માળા વિરોધી હોય પંડિતો હો..હો.. કરે અંદરથી. કર રે ભાઈ! કર બાપા! તારી સાથે કર. કોકની સાથે થાય એવું નથી. માર્ગ તો ત્રણકાળ ત્રણલોકમાં અનાદિ-અનંત પરમાત્માએ આ પ્રરૂપ્યો છે. સમજાણું કાંઈ? કેવી વાત કરી છે! ઓહો..હો..! અમૃતચંદ્રાચાર્ય દિગંબર મુનિ ૯૦૦ વર્ષ પહેલા જ્યારે ભરતક્ષેત્રમાં વિચરતા હશે. એમની ટીકા. આહા..હા..! ગજબના કામ કર્યા છેને. પણ ઓળખી ન શક્યા લોકો. સંપ્રદાયના માણસ સામે.. સંપ્રદાય તો ખડો હતો શ્વેતાંબર સામે. સ્થાનકવાસી તે દિ' નહોતા. સ્થાનકવાસી તો હમણા નીકળ્યા. પણ શ્વેતાંબર હતા. પણ આવા સંતોને ન ઓળખી શક્યા. સંપ્રદાયની દૃષ્ટિએ બંધાયેલા. સમજાય છે? એ તો દિગંબર છે, એ તો નાગા છે, એ તો દિગંબર પંથ છે. પણ એ દિગંબર પંથ એનો આત્મા પંથ છે એ તો જો. સમજાય છે કાંઈ? આહા..હા..! એમને એમ દિગંબર એ દિગંબરના શાસ્ત્રો. કેટલાક અત્યારે એમ કહે છે, એ દિગંબરના શાસ્ત્રમાં છે, આપણા શાસ્ત્રમાં તો કહ્યું છે કે મહાવ્રત નિર્જરાનું કારણ છે લ્યો. એમ કહે છે આર્જિકા નામ ધરાવનારા. આપણા શાસ્ત્રમાં પંચ મહાવ્રત પરિણામને નિર્જરા કીધા છે, સામાયિક કીધી છે. દિગંબરના શાસ્ત્રમાં બંધનું કારણ કહ્યું એ ભલે હો. એલા! વ્રતના વિકલ્પને મોક્ષનું કારણ કહે એ શાસ્ત્ર સાચા નથી, સાંભળને. એ કુશાસ્ત્ર છે. આહા..હા..! ભગવાનના શાસ્ત્ર તો એવા હોય કે રાગમાં તેને પુણ્યબંધ મનાવે અને રાગરહિત પ્રત્યક્ષ આત્માની દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા થાય તેમાં મોક્ષમાર્ગ મનાવે. એનું નામ શાસ્ત્ર છે. એનું નામ ભગવાનની વાણી, એનું નામ ભગવાન આત્મા પોતે. તો આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે. એ તો અહીં વાંધા ઉઠાવે. જ્ઞાતા છે પણ આ કોની વાત ચાલે છે? અહીં તો હજી ચૈતન્યનું પૂછ્યું છે કે મહારાજ! રાગ વિનાનો, ફલાણા વિનાનો આવો ત્યારે હવે છે કેવો? ચેતના છે કેવો એ ભગવાન? એ આવો છે. પ્રથમ દરજ્જાના શિષ્યને આમ કહે છે. આહા..હા..!

એને એ શ્રદ્ધામાં આવી મહિમા ન આવે કે આ તો પ્રત્યક્ષ મતિશ્રુત જ્ઞાન દ્વારા જણાય એવો છે, એવી શ્રદ્ધા ન બેસે ત્યાં સુધી એને મતિશ્રુત જ્ઞાનનું પ્રત્યક્ષપણું થઈને અંદરમાં જઈ શકે નહિ. કારણ કે મહિમા તો આવતી નથી એને મહિમા આમથી થાશે... આમથી થાશે... આમથી થાશે... એમ માન્યા કરે. સમજાણું કાંઈ? અને આ તો આત્માના નિજ હિતની વાત છે. આમાં કાંઈ કોઈકની વાત છે? સમજાણું કાંઈ? ભગવાન આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહા..હા..! પ્રત્યક્ષ હોય તો કેમ ન દેખાય અમને? છતો પડ્યો અને તું દેખતો

નથી, તને દેખાય નહિ એમ કહે, હવે એમાં કરવું શું? કહે છે.

ઓલા અનુભવપ્રકાશમાં નથી આવ્યું? ઘરે છોકરા ચાર. બહાર નીકળ્યો શેઠિયો શાક લેવા. કે તમારે છોકરા છે? કહે હા, છે. પણ અહીં તો નથીને? પણ મારે છોકરા છે. ઘરે છે, પણ મારે છે કે નહિ? પણ સાથે તો નથી? સાથે નથી એટલે છતાને અછતા કહું? અનુભવપ્રકાશમાં દાખલો આપ્યો છે. ઘરે છોકરો. બહાર નીકળ્યો, બાપ ફરવા નીકળ્યો. તો કહે, તમારે દીકરો છે? તમે એકલા છો. દીકરો છે નહિ કોઈ સાથે. શાક લેવા તમે નીકળ્યા તો દીકરો હોય તો કેમ (સાથે) ન હોય? બાપુ! દીકરો છે, હું શાક લેવા નીકળ્યો છું. દીકરો મારે છે. છે તો આ તમારે શાક (લેવા) નીકળવું પડે? હવે એ તો કારણે મારે નીકળવું પડે. પણ મારે દીકરો છે, પણ સાથે નથી. સાથે નથી એટલે? મારી પાસે છે, મારે ઘરે છે. એમ અહીં છતો આત્મા આનંદકંદને અછતો કેમ કહે છે? એ ન સમજાય અને ન જણાય એમ કેમ કહું? કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આખી ચૈતન્યની મૂડી ગાંઠ પડી છેને. એને પ્રત્યક્ષ જાણવાની શક્તિ તારી છે કહે છે. એ શક્તિનો સ્વભાવ તારો એવડો જ છે. એ ચીજ તું પરોક્ષથી જાણ કે આ જાણ એ તારું સ્વરૂપ જ નથી. જુઓ, કેવો આત્માને જુઓ તો ખરા એક! સમજાણું કાંઈ?

એક અબજપતિ હોય અને જો હજારપતિ કહે તો એનું મૂલ્ય આંક્યું નથી એણે. કરોડપતિને હજારપતિ કહે તો એનું મૂલ્ય આંક્યું છે? મૂલ્યાંકનમાં ફેર છે, મૂળ અંકમાં ફેર છે, મૂળ આંકવામાં ફેર છે, મૂળ ગણતરીમાં ફેર છે.

મુમુક્ષુ :- અપમાન થયું.

ઉત્તર :- અપમાન કર્યું કહેવાય. શોભાલાલજી! આહા..હા..! એમ ભગવાન આત્મા રાગથી જણાય અને પરોક્ષથી જણાય એમ કહેતા ભગવાનનું અપમાન થાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એમ કહેવું છે. એમાંથી આ નીકળે છે. આહા..હા..! ભાઈ! એ તું પ્રત્યક્ષ થઈ શકે એવો તારો સ્વભાવ છે, એવું તારું સ્વરૂપ છે. દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાયમાં ત્રણેમાં પ્રત્યક્ષ થાય તેવું તારું સ્વરૂપ છે. અહીં તો પર્યાયથી પ્રત્યક્ષ લેવું છેને? તો પ્રત્યક્ષ નામનો ગુણ અંદર છે પ્રકાશ નામનો. સમજાય છે કાંઈ? ૪૭ શક્તિ વર્ણવી છેને? એમાં પ્રકાશ નામનો એક ગુણ છે. તો એ ગુણે દ્રવ્યમાં વ્યાપ્યો છે. ગુણમાં પોતે ગુણરૂપ છે. હવે જ્યાં અંતર દૃષ્ટિ કરી એટલે એ ગુણે પર્યાયમાં પણ પ્રત્યક્ષપણાનું કાર્ય એણે કર્યું. પરની અપેક્ષા વિના, મનની અપેક્ષા વિના, વિકલ્પની અપેક્ષા વિના, સાંભળ્યું જ્ઞાન એની અપેક્ષા વિના. સાંભળ્યું જ્ઞાન એની અપેક્ષા વિના. સમજાણું કાંઈ? સીધું મતિશ્રુત જ્ઞાન દ્વારા એ પ્રત્યક્ષ થાય તે પ્રત્યક્ષપણું-એ પ્રકાશ નામનો ગુણ ત્રણેમાં વ્યાપી ગયો. દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાયમાં. કારણ કે એ પ્રત્યક્ષ થવાની શક્તિ છે અને શક્તિના ધરનારને લક્ષમાં લીધો એટલે પ્રત્યક્ષ થયો એટલે મતિશ્રુત પર્યાયમાં પ્રત્યક્ષ થઈ ગયું. પ્રત્યક્ષ થઈ ગયું એ કેવળજ્ઞાનનો અંશ છે.

એ ઓલા વાંધા ઉઠાવે. કેવળજ્ઞાનનો અંશ? એ તો ઘાતિકર્મ છે. ટળે તો આખું ટળે, નહિતર ઓછું ન ટળે. સાંભળને હવે. કઈ અપેક્ષાએ? એ તો પૂર્ણ થાય એની અપેક્ષાએ. પણ ઉઘડ્યું છે એ તો કેવળજ્ઞાનનો અંશ છે લે. સમજાણું? આ પૂર્ણ પ્રત્યક્ષ સંપૂર્ણ છે, આ ઓછું પણ પ્રત્યક્ષ પોતાની અપેક્ષાએ તો સંપૂર્ણ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' કહે છે, અલિંગગ્રહણ એમાંથી આવો અર્થ નીકળે છે. અમૃતચંદ્રાચાર્ય દિગંબર મુનિ. ભગવાન કુંદકુંદાચાર્યે જ્યારે આત્માને અલિંગગ્રહણ કહ્યો, તો કહે છે કે મને એમ લાગે છે કે આની અંદરનો આવો એક અર્થ નીકળે છે. અલિંગગ્રહણમાંથી આવો એક ભાવ નીકળે છે. આહા..હા..! એ છઠ્ઠો બોલ થયો.

સાતમો. હવે ઉપયોગ આવ્યો. અત્યાર સુધી સામાન્ય દ્રવ્યની વાત આવી. હવે '(૭) **લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થનું આલંબન નથી...**' શું કહે છે? ભગવાન આત્મા જેને એટલે આત્માને લિંગ વડે એટલે ઉપયોગ નામના લક્ષણ વડે. દેખો હવે. એ જાણવા-દેખવાનો ઉપયોગ જે લક્ષણ છે એ વડે ગ્રહણ એટલે જ્ઞેય પદાર્થનું આલંબન નથી. એના ઉપયોગમાં જણાવાયોગ્ય એનું આલંબન એનામાં છે જ નહિ. આહા..હા..! શું કહે છે? '**જેને લિંગ વડે...**' એટલે? લિંગ એટલે ઉપયોગ. આત્માને '**ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થનું આલંબન નથી...**' ઉપયોગમાં જ્ઞેય પદાર્થનું આલંબન થાય તો આત્માને ઉપયોગ છે અને આત્મા જણાય એવો નથી. જ્ઞેય પદાર્થનું જેને ઉપયોગ ને આલંબન નથી. આત્મા સિવાયના જેટલા જ્ઞેય પદાર્થો છે તેનું ઉપયોગમાં તે જ્ઞેયનું આલંબન છે જ નહિ. ઝીણી વાત છે આ તો ભાઈ! આહા..હા..! ભાઈ આ લોકાલોક છે માટે ઉપયોગ એનું આલંબનથી કામ કરે છે કે જે ઉપયોગ છે આ જગતમાં પદાર્થ છે એનું લક્ષ કરે અને એટલું આલંબન કરે છે માટે ઉપયોગ છે, એ ઉપયોગ છે જ નહિ. એને ઉપયોગ કહેતા જ નથી. આહા..હા..! ઓલાને દ્રવ્યની વાત હતી, હવે એના ઉપયોગની વાત લેવા માંડી. ભગવાનનો ઉપયોગ, જાણવા-દેખવાનો ઉપયોગ જેને પરજ્ઞેયનું આલંબન છે જ નહિ. એ ઉપયોગને તો સ્વભાવનું જ આલંબન છે. પરનું આલંબન છે જ નહિ બિલકુલ. આહા..હા..! વાત સાંભળતા એને મોટી લાગતા એને એમ થઈ જાય કે હાય.. હાય.. આ તે. પામર કલ્પ્યો છેને. છે નહિ એવો કલ્પ્યો છે. છે એવો માને તો તો એને આ બધી બેસી જાય વાત. પણ આવી હલકી જાતના માણસો, અમે આવા પંચમ આરાના પ્રાણી. પણ અહીં કહે છે કે પંચમઆરો, હલકી જાત તો એ સ્વરૂપમાં છે નહિ કોઈ દિ'. સમજાણું કાંઈ?

ભગવાન! વસ્તુ એનો જે ઉપયોગ તેને પરજ્ઞેયનું આલંબન છે જ નહિ. ઉપયોગમાં કાંઈ પરજ્ઞેયનું આલંબન હોય તો ઉપયોગ એને કહેવો. એ ઉપયોગ એને કહેવાય જ નહિ

એમ કહે છે અહીં તો. આહા..હા..! ઝીણું તો છે ભાઈ! એ દરબાર આ તો ચૈતન્ય દરબારને ખોલ્યા છે. આહા..હા..! ભાઈ! તારો ઉપયોગ પરને અવલંબે? એ ઉપયોગને અમે ઉપયોગ જ કહેતા નથી કહે છે.

મુમુક્ષુ :- ઉપયોગ...

ઉત્તર :- ... પરવસ્તુમાં ક્યાં તારો ઉપયોગ છે? વસ્તુ ત્યાં ક્યાં છે? આહા..હા..! ઉપયોગે રાગનું અવલંબન લીધું, નિમિત્તનું અવલંબન લીધું, જાણવાયોગ્ય પદાર્થનું અવલંબન લીધું, શાસ્ત્રનું આ બધું વગેરે-વગેરે.

કહે છે કે ઉપયોગ દ્વારા ગ્રહણ એટલે કે પદાર્થોનું આલંબન છે જ નહિ. નિરાલંબી ભગવાન છે. આહા..હા..! અરે! એના ચૈતન્ય રત્નના નિધાનની વાતું સાંભળવા ન મળે તો એને મહિમા ક્યારે આવે? સમજાય છે કાંઈ? બાપુ! તારે ઘરે નિધાન પડ્યા છેને ભાઈ! પણ ભાઈ! મને વાપરવા તો નથી દેતા. પણ વાપરવા દે તું નજર કર ત્યારે થાયને. કહો, બે લાખ, પાંચ પચ્ચીસ લાખની પૂંજી હોય અને બાપ મરી ગયો હોય તો મામાને આધીન હોય બધું. મહિને આપે પચાસ રૂપિયાનો ખર્ચ. પણ તારી પાસે તો કરોડ રૂપિયા છે, પાંચ કરોડ છે. પણ મારા હોય તો મને ખર્ચમાં તો આપતા નથી, પણ તું માલિક થા તો ખરો. માલિક થા તો તારી પાસે જ છે એ ચીજ. આ તો કોકને માલિક કર્યો છે તારા બાપે. એમ આત્મા અખંડાનંદ પ્રભુ છે એનો માલિક તું પરને ઠરાવ ત્યાં સુધી તારું માલિકપણું તને સૂઝશે નહિ. આહા..હા..! ક્યાં ગયો તું? કહે છે. આમ થોડું અવલંબન નિમિત્તનું હોયને, નિમિત્તનું હોયને. નિમિત્તવાળાની વાત... એનાથી થાતું નથી. અહીં સમ્યક્ થયું ત્યારે નિમિત્તનું જ્ઞાન યથાર્થ થાય છે, એમ કહે છે અહીં તો.

ભગવાન આત્મા પોતાના ઉપયોગને અવલંબે છે અંદર અથવા ઉપયોગથી અંદરમાં કામ કરે છે ત્યારે પછી પરની જે વસ્તુ છે તે એના જ્ઞાનમાં જણાઈ જાય છે. સમ્યક્ એકાંતમાં જાય ત્યારે અનેકાંતનું જ્ઞાન સાચું થાય છે. સમજાણું કાંઈ? બહારનું જ્ઞાન ઉપયોગે કર્યું માટે હવે એને સ્વનો ઉપયોગ આત્મામાં લાગુ પડશે એમ નથી, કહે છે. જાણવાના ભાવમાં શાસ્ત્રોના ઘણા પડખા લક્ષમાં લીધા જ્ઞેય અને પરને જાણવાના, માટે તે ઉપયોગ હવે આત્મામાં લાગુ પડશે એમ નથી કહે છે. આહા..હા..! પણ એ ઉપયોગ જ નથી. પરના આલંબનવાળો ભાવ ઉપયોગ તે ઉપયોગ જ નથી. ઉપયોગ સ્વલક્ષણ છે. '**उवओगलक्खणो णिच्चं**' ત્રિકાળ જ્ઞાનદર્શનના ઉપયોગથી ભરેલો ભગવાન પોતે છે એને વળી આ પરનું અવલંબન હોય તો ઉપયોગની અસ્તિ છે (એમ) વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ખરી ખાંડ છે.

ઉત્તર :- ખરી ખાંડ છે. આહા..હા..! ઓલામાં આવે છેને ઓલામાં 'તારી નજરને આળસે રે તે નીરખ્યા ન નયણે હરિ.' નજરના આળસે નિરખ્યા ન નયણે હરિ. હરિ તો

હતા પણ દેખ્યા નહિ તે. એમ હરિ ભગવાન-અજ્ઞાન અને વિકારને હરનારો એવો ભગવાન આત્મા તારી નજરું વિના તેં નિરખ્યા નહિ એને. નજર શબ્દે અહીં ઉપયોગ લેવો છે. સમજાય છે કાંઈ? જે ઉપયોગે પરનું આલંબન લીધું એ ઉપયોગ જ નહિ. આહા..હા..! શું કહે છે? બીજા સાધારણ માણસ હોય તો સમજાય નહિ એ તો એકાંત થશે. કાંઈક છે. આપણે સમજાય એવું કરો ને. શું સમજાય? હવે સમજ્યો બેઠો છે ઉંધો. ક્યાં ગયા તમારા છોકરા નથી? ભાવનગર ગયા ઠીક. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..!

'**આ રીતે આત્માને...**' જુઓ, '**બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી...**' શું કહે છે? બાહ્ય પદાર્થવાળો જે ઉપયોગ તે ઉપયોગ જ નથી. બાહ્ય પદાર્થનું જ્ઞાન તે જ્ઞાન જ નથી. આહા..હા..! આ અગિયાર અંગ ભણે, નવ પૂર્વ ભણે. સમજાય છે? એ બાહ્ય પદાર્થના આલંબનવાળું જ્ઞાન એ આત્માનું જ્ઞાન જ નથી. આહા..હા..! વ્યવહાર વિકલ્પ, કષાયની મંદતાથી પ્રાપ્ત થાય, શુભયોગથી પ્રાપ્ત થાય એ તો વળી કાઢી નાખ્યું. આહા..હા..! હવે અહીંયા જ્ઞાનના ઉપયોગની વાત લેવા માંડી. ઉપયોગે બાહ્યનું અવલંબન લીધું તે જ્ઞાન જ નથી. તે એનો ઉપયોગ જ નથી. આવી વાત પડી છે મોજુદ શાસ્ત્ર, આહા..હા..! દીવા જેવા. આમાં ક્યાં ઢાંકીને વાત રાખી છે? ટીકા કરી, ગુજરાતીમાં તો હવે થઈ ગયા, હિન્દીમાં હતા એ. પહેલા સંસ્કૃતમાં હતા, પછી ગુજરાતીમાં. હવે હિન્દીમાં થઈ ગયા, આ હિન્દીમાં આવું નથી. થોડુંઘણું થયું છે. ઓલામાં થોડાઘણા અર્થ કર્યા છે. પણ છતાં સંસ્કૃતમાં તો હતા જ. પાઠ તો પડ્યા છે બધા. અરે! આવા જોવા પણ મળે નહિ, એને અંતર જોવાનું આલંબન વિનાનું ક્યાંથી થાય? કારણ કે આ આલંબનવાળું જ્ઞાન પણ એને નથી એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? આહા..હા..!

'**આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું...**' ઉપયોગ નથી. એમ જ્ઞાન એટલે ઉપયોગ હોં! આત્માને બાહ્ય પદાર્થના આલંબનવાળો ઉપયોગ નથી. એમ જ્ઞાન એટલે ઉપયોગ હોં! આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળો ઉપયોગ નથી. જે ઉપયોગમાં બાહ્ય પદાર્થ લક્ષમાં રહે તે ઉપયોગ આત્માનો નહિ, તે જ્ઞાન આત્માનું નહિ. ઓહો..હો..! ભારે વાતું ભાઈ! કહો, સમજમેં આતા હૈ દીપચંદજી? ઐસી બાત હૈ. દેખો! ભગવાન! તારી શું મહિમા કહીએ! એમ કહે છે. તારો વેપાર પરને અવલંબે એ તારો વેપાર જ નહિ, તારું જ્ઞાન જ નહિ. આહા..હા..! તારા જ્ઞાનના વેપારના ઉપયોગની શું મહત્તા કહીએ? વસ્તુની તો કીધી, હવે એનું લક્ષણ જે ઉપયોગ છે જાણવું-દેખવું એની મહત્તાની શું વાત કરવી? જે મહત્તામાં પરતરફના વલણ છૂટીને સ્વના ઉપયોગનું કામ કરે તે તારું જ્ઞાન અને તે ઉપયોગ. બાકી જે ઉપયોગ પરપદાર્થને અવલંબે તે ઉપયોગ જ નહિને. ઉપયોગ હોય તો આનંદ આવવો જોઈએ ભેગો, એમ કહે છે. સમજાય છે કાંઈ? ઉપયોગ પોતાનો આત્માનો જે ઉપયોગ છે અને એ ઉપયોગે અંદરને પકડ્યો તો તો અનંતાગુણનો પિંડ એવો આનંદ અને અતીન્દ્રિય

આનંદનું વેદન અને અનુભવ જોઈએ અને એ એકલા ઉપયોગે બહારનું આલંબન કર્યું એ ઉપયોગ જ નથી, એ જ્ઞાન જ નથી, એ જ્ઞાન જ નથી, અજ્ઞાન છે. આહા..હા..! બહુ વાતું!

'**ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન નથી...**' એટલે 'અ'નુંને ત્યાં નાખ્યું. લિંગનું એટલે જ્ઞેય પદાર્થનું આલંબન અ-નથી. અ-લિંગ-ગ્રહણ. લિંગ એટલે બાહ્ય પદાર્થ ઉપર લક્ષ જવું એવું જે પદાર્થનું આલંબન તે જેને નથી. આહા..હા..! તેને આત્માનો ઉપયોગ કહેતા નથી. એય..! એ તો સ્વપરપ્રકાશક છેને ઉપયોગ ભગવાન! પણ એ તો સ્વનું અવલંબન લીધું અને ઉપયોગ જે થયો એ તો સ્વપરપ્રકાશક પોતાના અસ્તિત્વની પોતાની સ્થિતિ પ્રગટી એ તો. પછી પરનું જાણવું કહેવું એ તો વ્યવહાર છે. સમજાણું કાંઈ? આ તો જુઓને એ સ્થાપ્યુંને સર્વજ્ઞ સર્વદર્શી શક્તિમાં. આત્મજ્ઞાનમય શક્તિ છે એ તો, સર્વજ્ઞ આત્મજ્ઞાનમય. સર્વદશી એટલે આત્મદર્શીમય શક્તિ છે. ઉપયોગ પોતાનો એ છે. આહા..હા..! સ્વપરનો જાણવાનો ઉપયોગ એ સ્વનો જ છે, સ્વનો જ છે. એકલા સ્વનું લક્ષ છોડી દઈને જે જ્ઞાનનો ઉપયોગ પરનું આલંબન લઈને ઉપયોગ કરે તે ઉપયોગને ઉપયોગ આત્માનું લક્ષણ કહેતા નથી. કારણ કે જેનું લક્ષણ છે તેને લક્ષમાં તો લીધો નથી, એમ કહે છે. જેનું લક્ષણ છે... ઉપયોગ છેને આ? લક્ષણ કીધું છેને? જાણવાનો ઉપયોગ એ જેનું લક્ષણ છે એને તો લક્ષમાં લીધો નહિ અને એ લક્ષણે, પરનું એ લક્ષણ નથી અને એને લક્ષમાં લીધો એમ કહે છે ભાઈ! આહા..હા..! અહીં લક્ષમાં લીધો નહિ અને અહીં લક્ષમાં લીધો તો લક્ષણ તો આનું છે (અને) ગયો અહીં. આહા..હા..! ભારે વાત ભાઈ! શું પણ કહેવાની પદ્ધતિ તે આચાર્યોની! દિગંબર સંતોની રીત કેવળજ્ઞાનના કાળજા ખોલીને મૂક્યા છે. સાચો સનાતન જૈનધર્મ વીતરાગે, દિગંબર મુનિઓએ ગાયો છે. આહા..હા..! એવી વાત ક્યાંય ગંધ ન મળે બીજે હોં! અન્યમાં તો ક્યાં હોય, પણ જૈનના વાડામાં બીજે નથી આ. ઓહો..હો..! શું કહે છે? જુઓ તો ખરા એક ન્યાયથી મગજમાં લ્યો તો ખરા. કે જેનું લક્ષણ એ ઉપયોગ બીજાને લક્ષ બનાવે તે ઉપયોગ જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત ક્યાં છે? આહા..હા..! ૩૨-૪૫ ગોતો જૈનના શ્વેતાંબરના શાસ્ત્રો. ક્યાંય મળે નહિ આ વાત. સમજાય છે કાંઈ? આહા..હા..!

કહે છે '**ઉપયોગ નામના લક્ષણ...**' કીધુંને? એ વડે લક્ષણ તો લક્ષ જે આત્મા એનું લક્ષણ છે. જાણવા-દેખવાનું લક્ષણ તો લક્ષ કરવું આત્માનું એનું એ લક્ષણ છે. એને ઠેકાણે ઉપયોગમાં ફક્ત આ લક્ષ કર્યું બીજાનું, ઉપયોગમાં બીજાનું આલંબન લીધું, એ ઉપયોગ જ નહિ, તે આત્માનું જ્ઞાન જ નહિ. આહા..હા..! એ જ્ઞાનની પર્યાય આત્માની નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞેય પદાર્થના આલંબનવાળું જ્ઞાન નથી. ભગવાનને, બાહ્ય પદાર્થના આલંબનવાળું ભગવાનનું જ્ઞાન નથી. ભગવાન તો નથી આત્મા, પણ ભગવાન આત્માનું

જ્ઞાન બાહ્ય પદાર્થવાળું જ્ઞાન જ ભગવાનને નથી. ભગવાન ક્યો? આત્મા હોં! આહા..હા..! ન્યાય સમજાય છે કાંઈ? ભગવાન આત્મા વસ્તુ એનો ઉપયોગ લક્ષણ. હવે અહીં તો લક્ષણ ઉપર વાત લીધીને. ઓલી વસ્તુ તો લીધી પહેલી પાંચ બોલે અને છઠ્ઠે અસ્તિ લઈ લીધી. હવે ઉપયોગ ઉપર બોલો ઉતારશે.

તો ઉપયોગ જેનું લક્ષણ છે એ ઉપયોગ જો લક્ષને કરીને એકાકાર થાય તો તે ઉપયોગ જીવનો અને આત્માનો બરાબર છે. પણ જેનું એ લક્ષણ છે તેને લક્ષમાં ન લેતા, જેનું લક્ષણ નથી તેનું લક્ષ લઈને લક્ષ કરે છે તેને ઉપયોગ અને જ્ઞાન કહેતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો! ઓહો..હો..! અમૃત રેડ્યા છેને અમૃતચંદ્રાચાર્યે તો. આહા..હા..! વિચાર આવે છે અહીં અંદરનો. તમારે બહારનો. એ તો છે. થોડું છે. પાંચ મિનિટ છે. જુઓ તો ખરા, અહીં શું ચાલે છે? તમારા કુદરતના કરતા કાંઈક અલૌકિક વાત ચાલે છે.

અહીં કહે છે કે આ ભગવાન આત્મા જે છે અંદર. સચ્ચિદાનંદ-સત્-શાશ્વત, જ્ઞાન અને આનંદનો કંદ એ આત્મા છે. એમાં એનું લક્ષણ છે જ્ઞાન જાણવું. જાણે છે તેનું લક્ષણ છે અને લક્ષણ દ્વારા તે આત્મા જણાય. એવું જે એનું લક્ષણ છે એ જો પોતાને ન જાણે અને એ ઉપયોગ પરને જાણે તો એ આત્માનું જ્ઞાન નહિ અને એ અધર્મ છે એમ કહે છે. આહા..હા..! ફરીને. ભગવાન આત્મા... આ દેહ તો માટી છે, ધૂળ છે, જડ છે. જેને જાણનારો એવો ભગવાન ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ આત્મા દેહમાં બિરાજમાન એક એક આત્મા હોં. એ સત્ છે... સત્ છે... સત્ છે... શાશ્વત છે. જે સત્ હોય તે કર્તા એનો ન હોય અને સત્ હોય તે નાશ ન હોય. એવો ભગવાન સચ્ચિદાનંદ એનો જ્ઞાન અને આનંદ આદિથી ભરેલો પદાર્થ છે આત્મા. આ દેહમાં ભિન્ન તદ્દન. એનું જે જ્ઞાન નામ જાણવું જે છે એ જાણવું એનું લક્ષણ છે. કેમકે લક્ષણથી તે લક્ષ પકડી શકાય. એવો જે જાણવાનો વેપાર એ જાણવાનો વેપાર સ્વલક્ષને કરીને ન કરે અને એ જાણવાનો ભાવ પરને જાણવાનો વેપાર કરે, તો કહે છે એ જ્ઞાન અજ્ઞાન છે, અધર્મ છે. ઝીણી વાત છે, બાપુ! એણે અનંતકાળમાં એ કોઈ દિ' સાંભળ્યું નથી. સમજાણું કાંઈ? જેનો એ ગુણ છે, ચૈતન્ય પ્રભુ. આ તો માટી, હાડકા, જડ, ધૂળ છે. અંદર પુણ્ય-પાપના ભાવ દયા, દાન, વ્રત, ભક્તિના થાય એ શુભભાવરૂપી વિકાર છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ વાસના પાપરૂપી વિકાર છે. બેય વૃત્તિઓની વાસના પુણ્ય અને પાપની એનાથી આત્મા પર-ભિન્ન છે. એ આત્મામાં જે એનું લક્ષણ છે. રાગ પુણ્ય દયા, દાન, વ્રત, ભક્તિ એ તો વિકલ્પ એ તો એનું લક્ષણ પણ નથી અને એના સ્વરૂપમાં એ છે નહિ. પણ એનું લક્ષણ જે છે એમ ભાઈ! અહીં તો હવે. આહા..હા..! ભગવાન..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૧૧, મંગળવાર, તા. ૨૮.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૮-૯, પ્રવચન-૧૪૦**

આ પ્રવચનસાર, ૧૭૨ ગાથા. કેટલા બોલ ચાલ્યા છે? સાત. સાત ચાલ્યા છે સાત. અહીંયા એવી વાત કહેવી છે ભગવાન આત્માની કે આત્મા છે એ આનંદ અને જ્ઞાનની મૂર્તિ છે. એનું એને જ્ઞાન ઇન્દ્રિય દ્વારા થાય એવો એ આત્મા નથી. રાગ અને પુણ્યની વાત તો છે જ નહિ, કારણ કે શુભ-અશુભ જે વિકલ્પ છે રાગ એ તો આત્મામાં છે જ નહિ. એ આત્મામાં છે નહિ અને આત્માથી ઉત્પન્ન થતા નથી પુણ્ય-પાપના ભાવ. ફક્ત એનામાં જ્ઞાનસ્વભાવ જે છે આત્મા એનું જ્ઞાન ઇન્દ્રિય દ્વારા એને જાણવું થાય એવું છે જ નહિ એ. એ તો સીધું અતીન્દ્રિયજ્ઞાનથી જ્ઞાન થાય એવો જ આત્મા છે. સમજાય છે કાંઈ? એ પહેલા બોલમાં કહ્યું. બીજામાં એમ કહ્યું કે એ આત્મા જ્ઞાનસ્વરૂપ જ છે તેથી તેનું જ્ઞાન ઇન્દ્રિયથી થતું નથી. તેને ઇન્દ્રિયથી થતું નથી અને તેનું ઇન્દ્રિયથી થતું નથી. સમજમેં આયા? અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ છે. એ આત્મા કહેવાય એને. એવી આત્માની અંતરમાં શોધ ન કરે અને બહારમાં મથે. શરીરની ક્રિયા આ મારું શરીર અને મડદા. પુણ્ય અને પાપ એ મડદા છે, અચેતન. કેમકે અહીં ચેતનની વાત ચાલે છેને. ચેતનસ્વભાવથી ભરેલો સાગર આત્મા છે. શરીર, વાણી, મન તો મડદા છે મડદા. મડદા સમજો છો? શબ. પુણ્ય અને પાપની વૃત્તિઓ જે વિકલ્પ છે એ મડદા-અચેતન છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

તો કહે છે કે એવો ભગવાન આત્મા પોતાના સ્વભાવથી ભરેલો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ છે. પૂર્ણ સ્વરૂપ પરમાત્મા પોતે છે. ઇન્દ્રિય દ્વારા એને જાણવું થાય એ કેમ બને? એ તો પામર ઇન્દ્રિય પરવસ્તુ જડ છે. અને એ ખંડખંડ ઇન્દ્રિય અંશ જે વસ્તુમાં છે નહિ. એ દ્વારા એને જાણવું થાય એવો એ આત્મા નથી. ..ચંદજી! ભારે વાતું. સમજાય છે કાંઈ? એને એનું જ્ઞાન ઇન્દ્રિયથી થતું નથી. એને ઇન્દ્રિયથી થતું નથી અને એનું જ્ઞાન ઇન્દ્રિયથી થતું નથી. અતીન્દ્રિય જ્ઞાનમય ભગવાન આત્મા મન અને વિકલ્પનો સંગ છોડી પોતાના નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યદ્રવ્યને અવલંબતા નિર્વિકલ્પ જ્ઞાનની દશા થાય એના દ્વારા એ જણાય. સમજાય છે કાંઈ? એનો અર્થ કે એના દ્વારા જણાય એ ધર્મ થાય એમ. આહા..હા..! ભારે! એની એને મહત્તાની ખબર નથી. ભગવાન પૂર્ણ શક્તિનો પિંડ આખો છે. એ તો ચૈતન્ય શક્તિનું રસદળ છે. એ ચૈતન્ય શક્તિના રસદળને જાણવા માટે ઇન્દ્રિયોની જરૂર નથી. એને પુણ્ય-પાપના વિકલ્પની જરૂર નથી. એ સીધો જ જણાય એવો જ અતીન્દ્રિય જ્ઞાનમય આત્મા છે. લ્યો સમજાણું કાંઈ?

ત્રીજામાં એમ કહ્યું ઇન્દ્રિય પ્રત્યક્ષ અનુમાનનો વિષય નથી. આહા..હા..! ઇન્દ્રિયના પ્રત્યક્ષથી

જણાય કે આણે તપ બહુ કર્યા, પેટ મળી ગયા, શરીર જીર્ણ થઈ ગયા, બહુ અપવાસ કર્યા, માટે આત્મા જાણ્યો છે એણે. એમ જણાય એવો નથી. ઇન્દ્રિયના પ્રત્યક્ષથી ચિહ્ન દ્વારા જણાય એવો એ આત્મા નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? કોઈ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી તો જણાય એવો નથી એટલે ધર્મ થાય એવો નથી. આહા..હા..! પણ ઇન્દ્રિયના પ્રત્યક્ષથી અનુમાન થઈ જાય કે ઠીક આણે તો બહુ જાણે રાગ મંદ કર્યો છે ઘણો આ જીવે અને તપસ્યાઓ બહુ કરી છે, જીર્ણ થઈ ગયો છે, જંગલમાં રહે છે. એ દ્વારા એને આત્માનું જ્ઞાન થાય (અને) એ આત્માના લક્ષણ છે એમ છે નહિ. ઝીણી વાત છે આ. ડાલચંદજી! એવી વાત છે આ. મહાપ્રભુ છે એ તો. મહાપ્રભુ જેના અંતરમાં અનંત પરમાત્મા સિદ્ધ ભગવાન જેના પેટમાં-ગર્ભમાં બિરાજે છે. સમજાય છે? અનંતા-અનંત. અનંતા અનંત તે કેટલા? ભૂતકાળની જેટલી સાદિ-અનંત પર્યાય છે એનાથી અનંતગુણી ભવિષ્યની પર્યાય છે એટલા અનંતા-અનંતા સિદ્ધ પરમાત્મા જેના એક ગુણમાં, જ્ઞાનગુણમાં પડ્યા છે. સમજમેં આયા?

એક જ્ઞાનગુણમાં અનંત કેવળજ્ઞાન જે કેવળજ્ઞાન એક દશા-એક સમયની પર્યાય-એક સમયનો પરમાત્મા કેવળજ્ઞાનમય એવી અનંતી-અનંતી ભવિષ્યની પર્યાયો જે અનંતી, એ બધી જ્ઞાનની-કેવળજ્ઞાનની પર્યાય એ જ્ઞાનગુણમાં પડી છે. આહા..હા..! એવો ચૈતન્ય સાગર-ચૈતન્ય રત્નાકર ભગવાન બિરાજમાન છે. કહે છે કે એને બાહ્યના પ્રત્યક્ષ ઇન્દ્રિયના ચિહ્નથી જણાય એવો એ નથી. અતીન્દ્રિય જ્ઞાનમયથી અંદર જણાય એવો છે. વિકલ્પ નામ રાગ ને દયા, દાન આદિની ક્રિયાઓ એને છોડી અંતર્મુખ દૃષ્ટિ કરતાં એ અતીન્દ્રિય જ્ઞાનથી અનુભવાય એવો આત્મા અને એને ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! પોતાનું નિધાન પોતા પાસે, ગોતે ક્યાંક. ગોતે સમજેને? શોધતે હૈ. ઢૂંઢતે હૈ, દૃષ્ટાંત નહીં દિયા? વહ દિયા થા દો દીન પહલે. એક બાઈકી સોઈ ખોવાણી સોઈ સમજેને? સોઈ. અંધારામાં ખોવાઈ અંધેરેમેં. તો વહ સુઈ અંધેરેમેં નજર ન આયી તો અજવાળેમેં ગોતને ગયે બહાર. કે કેમ મા! ક્યા કરતે હો? કિ મેરી સોઈ ખોવાણી અંધારામાં. ત્યાં સૂઝતી નથી તો અહીં શોધું છું. ભગવાન! તારી સોઈ ત્યાં ખોવાઈ અને અહીં શોધ, અહીં ક્યા મળશે? એમ આત્મા ચિદાનંદના પ્રકાશનું નૂર, પૂર છે એને દયા, દાન, વ્રતની, ક્રિયામાંથી ગોતે કે આમાંથી મળશે. પણ ત્યાં ક્યાં ખોવાણો છો? એ તો ખોવાણો છે અજ્ઞાનમાં, ભાન નથી ત્યાં. એ અજ્ઞાન ટાળ તો સ્વરૂપ એવું ને એવું પડ્યું છે. આહા..હા..! એય..! ભગવાનજીભાઈ! ભાઈ એ ભગવાન પોતે સાક્ષાત્ પરમાત્મા પોતે જ પરમાત્મસ્વરૂપ છે તેને બહારના ઇન્દ્રિય આદિના ચિહ્નોથી આમ ઘટ્યું કે આ ફલાણું થયું, ઓછું થયું, જ્ઞાન બહોત હો ગયા બહારનું. માટે તે આત્મા છે. એવો આત્મા છે જ નહિ. સમજાય છે કાંઈ?

પછી તો એમ કહ્યું, માત્ર અનુમાનથી, બીજા દ્વારા અનુમાનથી આત્મા જણાય એવો

નથી. અનુમાન દ્વારા બીજાઓ આત્માને જાણે એવો આત્મા છે જ નહિ. બધા સૂક્ષ્મ વિષયો તો ગયા છે. આ તો થોડું ફરીને. એ તો પ્રત્યક્ષ ઈન્દ્રિયથી નહિ, પણ અતીન્દ્રિય જ્ઞાનથી જણાય એવો આત્મા છે. અનુમાનથી જણાય, બીજો અનુમાનથી જાણે કે આ આત્મા એમ પણ નહિ. આહા..હા..! એ અનુમેય તો નહિ, પણ અનુમાન કરનારો પણ નહિ. આહા..હા..! ભગવાન આત્મા એ દેહવાળો તો નહિ, વાણીવાળો તો નહિ, પુણ્ય-પાપના વિકલ્પ, દયા, દાન, વ્રતના વિકલ્પ રાગવાળો તો નહિ, પણ એ અનુમાન કરનારો નહિ, એ જ્ઞાનનો અનુમાન કરનારો નહિ. સમજાય છે કાંઈ? છેને? '**અનુમાતામાત્ર (કેવળ અનુમાન કરનારો જ) નથી...**' આહા..હા..! ભગવાન! એ તો પ્રત્યક્ષ જ્ઞાનથી જણાય એવો આત્મા છે. અનુમાન કરે બીજાનું કે પોતાનું એવો એ આત્મા છે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

ત્યારે છે કેવો હવે? એ નથી એમ કહ્યું. (પાંચ) બોલમાં નથી એમ કહ્યું. લિંગ દ્વારા નહિ, પણ સ્વભાવ વડે જે ગ્રહણ થાય. કેવો છે ભગવાન આત્મા અંદર? કે નિર્વિકલ્પ જ્ઞાન અને આનંદ દ્વારા તે જણાય એવો એ આત્મા છે. આ લોકો કહે છેને ભાઈ! વ્યવહાર કરીએ, વ્યવહાર કારણ થાય પછી જણાય-એ વાત બધી ખોટી છે કહે છે. ..ચંદજી! વ્યવહાર સાધક છે, નિશ્ચય સાધ્ય છે. આતા હૈ પંચાસ્તિકાયમાં. એ ઓલા વ્યવહારના કથન છે. પરમાત્મા તો ભગવાન એવો છે અંદર સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ આનંદ અને જ્ઞાનનું ધામ એ પોતાનો સ્વભાવ, શુદ્ધભાવ, પુણ્ય-પાપના રાગ નહિ, અનુમાન કરનારો નહિ, પણ શુદ્ધભાવ જે છે એ દ્વારા જણાય એવો છે. એ દ્વારા આત્માની પ્રાપ્તિ થાય એવો છે એ. આત્મા જ એવો છે એમ કહે છે અહીં. એને બીજી રીતે તું કલ્પવા જઈશ તો આત્મા હાથ આવશે નહિ. આહા..હા..!

'**(૬) લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે...**' છે? અમરચંદજી! ક્યાં છે આવે છે? એ ચોથે ગુણસ્થાને પ્રત્યક્ષ જ્ઞાતા હૈ એમ કહતે હૈં. ડાલચંદજી! આહા..હા..! ભગવાન! તું સુન તો સહી, તેરી મોટપ તો કિતની હૈ! આહા..હા..! અભી તો ગુજરાતી ચલતા હૈ. સવારમાં હિન્દી ચલા થા. વહ હિન્દીવાલે આયે થે ન બહુ. યહાં હિન્દી આનેવાલે કો થોડા થોડા ગુજરાતી કા અભ્યાસ કરના. ગુજરાતી મેં જૈસા આવે વૈસી હિન્દી મેં બાત નહીં આતી. ઓહો..હો..! આ દેહમાં ભગવાન બિરાજે છે. આ તો માટી છે, એ તો અજીવ છે, એ તો આત્મા છે જ નહિ. અંદર કર્મ છે આઠ કર્મ રજકણ એ આત્મા નથી. આ અંદર આત્મા હિંસા, જૂઠું, ચોરી, ક્રોધ, માન, માયાના ભાવ થાય એ કાંઈ આત્મા નથી, તેમ એમાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કરૂણા, પરોપકારની વૃત્તિ ઉઠે એ આત્મા નથી, એ વિકાર છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

કહે છે, છે કોણ ત્યારે એ? ચિદાનંદ પ્રભુ પોતાના વીતરાગી સ્વભાવ દ્વારા જણાય

એવો એ આત્મા છે. સ્વભાવ છેને? લીધો છેને સ્વભાવ? આહા..હા..! પ્રત્યક્ષ જ્ઞાતા છે. એ છાનો રહે એવો નથી. છાનો એટલે શું? કાઠિયાવાડી ભાષા. ઢંકા હુઆ નહીં રહતા. ઢંકા ન હો ઐસા રહે. પ્રગટ પ્રત્યક્ષ જ્ઞાનમેં આવે એવો આત્મા છે એમ કહે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! એ ત્રણ લોકનો નાથ નિર્વાણનાથ આત્મા છે. ભાઈ! એને ખબર નથી, ખબર નથી. પોતાની ખબર ન મળે અને બીજાની કિંમત કરવા જાય. પોતે કોણ એની ખબર ન મળે અને બીજાની ખબરું કરવા જાય કે આનું આમ છે ને આનું આમ છે ને ધૂળ છે. તું કોણ છો? ક્યાં છો? કેવડો છો? કેમ છો? ખબર છે તને? કે આપણને એ કાંઈ ખબર નથી. આંધળા છે કહે છે.

અહીં તો કહે છે કે અંદર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ થાય એ દ્વારા આત્માને લાભ થાય એમ માનનારા આંધળા છે. ચોખ્ખી વાત છે. એ વિકલ્પ-રાગ છે. એ રાગ દ્વારા-અંધારા દ્વારા આત્મા જણાય એવો છે નહિ. સૂર્યનો પ્રકાશ અને અંધારું જેમ ભિન્ન છે, એમ એ પુણ્યનો વિકલ્પ જે દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, પરોપકારની વૃત્તિ ઉઠે એ અંધકાર છે. ભગવાન જ્ઞાનની મૂર્તિ ચૈતન્ય ભિન્ન છે. આહા..હા..! સમજાય છે કાંઈ? તો કહે છે કે એ તો પ્રત્યક્ષ જ્ઞાતા જ છે. ઓલાને તો વાંધા ઉઠે એ બધાને. ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને તો શુભયોગથી જ મોક્ષમાર્ગ છે. આવે છે? .. હુકમચંદજીએ લખ્યું છે. .. અરે ભગવાન! શું કરે છે પ્રભુ તું? ભાઈ! તને ખબર નથી હોં. તું છેતરાઈ જાઈશ. આહા..હા..! આ વસ્તુ છેને ભાઈ! શુભયોગ છે એ તો રાગ છે. રાગથી આત્માને ધર્મ થાય કે મોક્ષમાર્ગ થાય કે આત્મા હાથ આવે એવી ચીજ, એ પોતે એવી ચીજ નથી. સમજાણું કાંઈ? શું થાય? ભગવાન અનંત-અનંત ચૈતન્ય પ્રકાશનો સૂર્ય બિરાજે છે અંદર. કહે છે કે એ તો પોતાના સ્વભાવથી સમજાય એવો છે. બાકી કોઈ રીતે સમજાય અને ધર્મ થાય એવો છે નહિ. સમજાય છે કાંઈ?

સાતમો બોલ. સાતમો આવ્યોને હવે? '(૭) **જેને લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન નથી...**' ઓહો..હો..! ભગવાન આત્મા. એ આવી ગયો છે કાલે. હવે આ તો થોડું ફરીને લઈને. આત્મા એને જે જાણવાનો જે ભાવ છે એ ભાવમાં બાહ્ય પદાર્થના અવલંબનનું જે જ્ઞાન થાય એ આત્માનું જ્ઞાન જ નથી. શું? ડાલચંદજી! '**जिनक्चसि**' પ્રશ્ન કિયા થા ન કલ? ભાઈએ કહ્યું હતુંને. કે જિનવાણીનું અવલંબન? જિનવાણી પણ પર છે. એના અવલંબને જે જ્ઞાન થાય તે આત્માનું જ્ઞાન નહિ. પૂનમચંદજી! ભારે વાત ભગવાન! તારી મોટપ એટલી છે કે તારી મોટપની તને ખબર નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! શું કહે છે? આત્માને બાહ્ય પદાર્થના આલંબનવાળું જ્ઞાન નથી એવો અલિંગગ્રહણમાંથી અર્થ પ્રગટ થાય છે. અ-લિંગ-ગ્રહણ. લિંગ નામ જ્ઞાનમાં બાહ્ય પદાર્થોનું જાણવું થાય એવો આત્મા છે નહિ. અથવા બાહ્ય પદાર્થના

અવલંબનવાળું જ્ઞાન એનું નથી. આહા..હા..! રાગ તો એનો નહિ, પુણ્યપાપનો વિકલ્પ એનો નહિ, શરીર માટી ધૂળના, એના ધૂળના, એના નહિ. માળે મડદાની સાથે સગાઈ કરી એણે. સમજાય છે કાંઈ? ચૈતન્યમૂર્તિ ભગવાન અરૂપી આનંદનું ધામ આત્મા. કહે છે કે એના જ્ઞાનમાં જેટલા બાહ્ય નિમિત્તના અવલંબે જ્ઞાનનો વિકાસ અંદર દેખાય એ આત્માનું જ્ઞાન જ નહિ. એ દુઃખરૂપ જ્ઞાન છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન નથી...**' તેવો ભગવાન આત્માને બાહ્ય પદાર્થના આલંબનવાળું જ્ઞાન નથી. પણ આ અનાદિથી છેને આ બધું? અગિયાર અંગ કર્યા, નવ પૂર્ણ ભણ્યો. કહે છે, એને જ્ઞાન જ નથી કહેતાને, અમે જ્ઞાન જ નથી કહેતા. સમજાય છે કાંઈ? આહા..હા..! જેના નિધાનમાં ચૈતન્યબિંબ પડ્યો છે એમાંથી નીકળે જ્ઞાન તેને જ્ઞાન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? દરિયામાં પાણી ભર્યું છેને દરિયામાં? સમુદ્ર. એ ઉછળીને કાંઠે આવે ભરતી ત્યારે એ એનું પાણી આવ્યું કહેવાય. સમજાણું કાંઈ? દરિયાના કાંઠે ૨૫ ઈંચના વરસાદ પડે અને એની નદીયુંના ધોધ ઉપરથી પડ્યા હોય, પણ એ દરિયાની ભરતી નહિ. સમજાય છે? ભરતી નહિ. ભરતી તો મધ્યબિંદુમાંથી ઉછળે ત્યારે ભરતી કહેવામાં આવે છે. અને ૨૫ ઈંચના વરસાદ માથે પડો અને બધી નદીયુંના ધોધ પડે ઓટને કાળે. ઓટ કહે છેને? શું કહે છે? પાછા ફરે એ. ભાટા. પીછે ફરેને. એ વખતે ૨૫ ઈંચ વરસાદ, ૫૦ ઈંચ પડે ને હજાર નદી પડે તો કાંઈ ભરતી લાવી શકે? સમજાય છે કાંઈ? એમ ભગવાન આત્માના મધ્યબિંદુમાં ચૈતન્યબિંબ છે એનું લક્ષ છોડી દઈને એકલા પરલક્ષી જેટલા જાણપણા થાય એને આત્માની ભરતી અને આત્માનું જ્ઞાન કહેવામાં આવતું નથી. આહા..હા..! અરે! એણે આત્મા કેવો એ સાંભળ્યો નથી. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવ સર્વજ્ઞ એમણે આવો આત્મા જોયો અને એવો કહ્યો અને એવો પ્રગટ કર્યો. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? આહા..હા..!

દરિયામાંથી મધ્યનું પાણી આવે ત્યારે ભરતી કહેવાય. બહારના પાણીએ ભરતી કહેવાય નહિ. કહેવાય? ભરતી ક્યા કહતે હૈ તુમ્હારે? જ્વાર. બાઢ આતી હૈ. બાઢ આતી હૈ. જ્વાર અને ભાટા એમ ને. અમારે ભરતી અને ઓટ અમારી કાઠિયાવાડી ભાષામાં. આવે એ ભરતી અને પીછે જાય એ ઓટ. સમજાય છે કાંઈ? ઓહો..! ભગવાન! અનંત કેવળજ્ઞાનના પરમાત્મસ્વરૂપના પિંડમાં પોતે પડ્યો પોતે છેને. આહા..હા..! એને કહે છે કે આ એક શાસ્ત્રનું જ્ઞાન અને આ વાણીનું જ્ઞાન અને આ કળાનું, ફલાણું, ૭૨ કળા અને ૬૪ કળા એવું આવે છેને બધું બહુ? ઓહો..હો..! આને તો બહુ જ્ઞાન છે. બાપુ! એ જ્ઞાન જ નથી કહે છે. એ તો અચેતન જડભાવ છે. એ જ્ઞાન હોય તો એમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો જોઈએ. સમજાય છે કાંઈ? ઓહો..હો..!

'**આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી એવા...**' અલિંગગ્રહણ એમાંથી

આવો અર્થ નીકળે છે. જુઓ, અમૃતચંદ્રાચાર્ય. સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્ય સવંત્ ૪૯માં થયા. સમજાય છે કાંઈ? અને અમૃતચંદ્રાચાર્ય આજથી ૯૦૦ વર્ષ પહેલાં, પણ અદ્ભૂત કામ (કર્યું). સાચા ભાવલિંગી સંત, સાચા ભાવલિંગી સંત અને ક્ષયોપશમ સ્વમાંથી વિકાસ થયેલો અલૌકિક અદ્ભૂત. આહા..હા..! આ ટીકા તો જુઓ! ભરતક્ષેત્રમાં ઐસી ટીકા ક્યાંય છે નહીં. સમજાય છે કાંઈ? આત્મા એ તો જ્ઞાનનો સ્વભાવનો સાગર છે. એના જ્ઞાનમાં એટલે વર્તમાન વિકાસમાં રાગની મંદતા થઈને કે બહારના લક્ષથી જે વિકાસ નામ જ્ઞાનનો પ્રકાશ જે દેખાય એ પ્રકાશ એ આત્માનો નહિ. સમજાય છે કાંઈ? એ ઘરની મૂડી નહિ એમ કહે છે. મૂડી સમજતે હૈ? પુંજી. આહા..હા..! બહુ વાત બાપુ! સમજાણું કાંઈ? '**બાહ્ય આલંબનનું જ્ઞાન નથી...**' એ આપણે સાત બોલ તો આવી ગયા.

હવે આજે આઠમો છે. સાત આવ્યા હતા કાલ સુધી. આ ચીજ તો એવી છે કે એમાં નાખે એટલું નીકળે. અલૌકિક વાત છે આહા..હા..! ભગવાન ચૈતન્ય દરિયો છેને. આહા..હા..! તારી એક સમયની પર્યાયની શું કિંમત કરવી! તો ગુણ અને દ્રવ્યની તો શું વાત કરવી! સમજાય છે કાંઈ? કહે છે કે ભગવાન આત્મા આ વસ્તુ પોતે એને બાહ્યના નિમિત્તથી વિકાસ દેખાય તો એ વિકાસ ચૈતન્યનો નહિ, એ જ્ઞાન આત્માનું નહિ, એ ઉઘાડ ક્ષયોપશમ આત્માનો નહિ. ઓહો..હો..! કહો, આ આત્માના ભાન વિનાના, સ્વના આશ્રય વિનાના જેટલા વિકાસ મોટા વકીલો આ શું તમારા વેપારીઓને... એય..! તમારા શું કહેવાય લાદીના? કહો, આ બીડીના બાળકને. બાળક બીડી. કોક કહેતું હતું કે આ બાળક બીડીવાળા? કહે હા. કોક કહેતું હતું. હા ઓલા કોક. ભીંડવાળા. સવારે. રોજ કહે છે કે બાલક બીડીવાળા બાલક બીડીવાળા. આવા ઓળખાણવાળા લ્યો! બીડીના પાંદડાથી ઓળખવો આત્માને.

ભગવાન આત્મા, પ્રભુ! તું તો મહા હીરો છો. ચૈતન્ય હીરો ભગવાન છે. અંતરના હીરાના કિરણો અંતરમાંથી આવે તે કિરણ એના કહેવાય. સમજાય છે કાંઈ? ભગવાન કહે છે કે '**લિંગને...**' હવે આઠમો બોલ આપણે. '**એટલે કે ઉપયોગ નામના લક્ષણને ગ્રહણ કરતો નથી...**' દેખો ભાષા! પોતે ક્યાંય બહારથી લાવતો નથી. શું કહે છે? ઓલામાં આલંબન નથી એટલું કહ્યું હતું. જ્ઞાનની દશામાં બાહ્યનું આલંબન નથી તેવું તેનું જ્ઞાન છે. બાહ્યના અવલંબનવાળું જ્ઞાન તે આત્માનું જ્ઞાન નહિ અને એ આત્માની દશા નહિ અને એ આત્માનો ભાવ નહિ. આહા..હા..! ભણ્યા ગણ્યા હોયને પછી વાતું કરને મોટી અગિયાર અંગ ભણ્યા. કહે છે કે એ તારા કરોડ શ્લોકો ભણી, કંઠસ્થ કરી અને જગતને સમજાવ એ જ્ઞાન નહિ તારું લે. અંતર ભગવાન ચિદાનંદ મૂર્તિ એને સ્પર્શીને અંતરમાંથી જે જ્ઞાનનો ધોધ અંદરમાંથી આનંદનો સ્વાદ આવે તેને જ્ઞાન અને તેને આનંદ અને તેને આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

હજી તો આત્મા સિવાય બહારની ચીજથી પોતાને અધિકપણે દેખાડવા માગે, ભગવાન

આત્મા સિવાય બાહ્ય ચીજ શરીર, વાણી, આબરૂ, કીર્તિ, પૈસા, મકાન, છોકરા આદિ એનાથી હું કાંઈક અધિક છું, બીજા કરતા કાંઈક મારામાં આ વિશેષતા છે એમ જે દેખાડવા માગે એ તો, કહે છે કે મૂઢ જડ છે. પણ અહીંયા તો બાહ્ય અવલંબી જ્ઞાનથી હું વધ્યો છું એમ બતાવવા માગે તો એ મૂઢ જડ છે એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ તો પરમેશ્વરના ઘરની વાતું છે. અરર..! કહો, સમજાણું કાંઈ? અડધો કલાક થઈ ગયો.

'**લિંગને એટલે ઉપયોગ નામના લક્ષણને ગ્રહણ કરતો નથી...**' એટલે કે પોતે ક્યાંય બહારથી લાવતો નથી. બાહર સે લાતા નહીં. આવે તો અંદરમાં ચૈતન્ય ખીલીને કમળ ખીલે. ભગવાન જ્ઞાનના પર્યાયમાં-અવસ્થામાં સંકોચરૂપ પરિણમન જે છે એ અંતર દૃષ્ટિ આપતા એનો વિકાસ, અંતરના લક્ષમાંથી વિકાસ આવે તે જ્ઞાન આત્માનું છે. સમજાય છે કાંઈ? આ એની લક્ષ્મી અંદર. ચૈતન્ય લક્ષ્મી અંતરમાં અનંત લક્ષ્મીનો ભંડાર આત્મા છે. એ અંતર લક્ષ્મીના ભંડારમાં અંતર પર્યાયને સ્પર્શીને જે પ્રગટ-વ્યક્ત શક્તિની વ્યક્તતા થાય તે તેનું જ્ઞાન અને તે તેનો ભાવ. સમજાય છે કાંઈ? આહા..હા..! વાત પણ કાને સાંભળવી મુશ્કેલ પડે માણસને. આ તો આ બધું નિશ્ચય-નિશ્ચય. સાંભળને, એ જ સાચું છે. તારો વ્યવહાર કે દિ' સાચો હતો? સાંભળને હવે. સમજાણું કાંઈ? આહા..હા..! ભાઈ! આપણે બહુ... ઓલા નથી કહેતા લોકો? જુવાનિયા હોય તો બે-ત્રણ હજાર રૂપિયા ખર્ચી, ચાર-પાંચ હજાર ખર્ચીને દેશાટન કરે છે બુદ્ધિ કેળવવા. અમેરિકા. લ્યો એના દીકરા ગયા હતાને એના લ્યો. સુમનભાઈ લઈ આવ્યાને, ત્યાંથી શું લઈ આવ્યા? આ ગામે નથી જતા? આ શું કહેવાય? દેશાટન. બુદ્ધિ વધે. બહુ દેશાટન દેખે, ભિન્ન સ્ત્રીઓ, ભિન્ન-ભિન્ન કપડા, ભિન્ન ભિન્ન દાગીના, ભિન્ન-ભિન્ન દેશ, ભિન્ન-ભિન્ન ઝાડ, ફલ, ફૂલ ભિન્ન-ભિન્ન દેખે તો બુદ્ધિનો વિકાસ થાય. મૂઢ છો? કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ત્યાંથી...

ઉત્તર :- ત્યાંથી લાવતું હશે જ્ઞાન, ત્યાંથી આવતું હશે? સુમનભાઈ! આ તો બીજી જાતની વાતું છે આ. આહા..હા..! શાસ્ત્રમાં જાણે બહુ ડોકીયા નાખી નાખીને જાણે જ્ઞાન કાઢું, એમ ના પાડે છે અહીં.

મુમુક્ષુ :- .. અમારો ઉત્સાહ ઢીલો થઈ જાય.

ઉત્તર :- પરમાં ઉત્સાહ ઢીલો થાય તો સ્વમાં ઉગ્ર થાશે. વસ્તુની સ્થિતિ તો એ છે. પણ જ્ઞાનને પ્રગટ કરવા અને વિકાસવા માટે ખૂબ જાણે શાસ્ત્રોનો ઉંડો આધાર નિમિત્તના અવલંબે, તો જ્ઞાન બહારથી આવતું હશે એવો આત્મા છે જ નહિ. આહા..હા..!

કહે છે, '**ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ...**' કરતો નથી. એટલે ક્યાંય પોતે બહારથી લાવતો નથી. '**તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા જે ક્યાંયથી લવાતું નથી એવા જ્ઞાનવાળો છે...**' બહારથી ન લાવે એવા જ્ઞાનવાળો છે. આહા..હા..! અંદર

સ્વભાવ સાગર ભગવાન છે, સ્વભાવનો સાગર ચૈતન્યબિંબ અજર-અમર અવિનાશી કલ્યાણની મૂર્તિ આત્મા છે. એવી અંતરમાં દૃષ્ટિ કરતાં જે જ્ઞાનનો પર્યાય પ્રગટ થાય તેને આત્મા અને જ્ઞાન કહેવામાં આવે છે. તે નિરોગી જ્ઞાન થયું. સમજાણું કાંઈ? આહા..હા..! એ નિરોગી જ્ઞાન થયું. બહારના જ્ઞાનવાળું જ્ઞાન એ રોગી જ્ઞાન છે. રોગવાળું જ્ઞાન છે. આહા..હા..! એ તને રોગ વળગ્યો છે કહે છે. બહારના જાણપણાથી મને જ્ઞાન છે એમ જે તેં માન્યું તે ભ્રાંતિ તને થઈ છે, ભ્રાંતિનો રોગ તને વળગ્યો છે. એ રોગને ટાળવાનો ઉપાય ચિદાનંદ ભગવાન અનંત આનંદકંદ છે એના ઉપર નજર નાખે પ્રગટ દશા થાય એ ભ્રાંતિનો નાશ કરે અને પોતાની શક્તિનો વિકાસ થાય છે. આહા..હા..! આવી વાતું.

ઓલા પંડિતો તકરાર કરે છે. ઓલા આગ્રામાં ગયા હતાને આગ્રામાં. એ કોક પંડિત હતો. જઈએ એટલે હજારો માણસો હોયને. પછી વ્યાખ્યાનમાં પંડિતો હતા. એ ઉભો થયો. બડી આનંદકી બાત, કરના ધરના કુછ નહીં. એક બાબુલાલ હતો આગ્રાનો. લાંબા હતા લાંબા. કરના ધરના. ક્યા કરના? કૂદના હૈ કુછ? દેહકી ક્રિયા કરના હૈ? ક્યા પુણ્ય-પાપકી ક્રિયા વિકલ્પ કરના હૈ? ઔર વહ ધરના હૈ? ઉસસે આત્મા પ્રાપ્ત હોતા હૈ? આહા..હા..! આવા ને આવા પંડિતો પણ થોથા. સમજાય છે? પંડ્યા... પંડ્યા... પંડ્યા.. ફોતરા ખંડ્યા. ફોતરા સમજેને? તુષ. તુષ ખંડ્યા હૈ. ક્યા બાહરસે કરના હૈ કુછ તુઝે? ચૈતન્યસૂર્ય બિંબ ભગવાન આત્મા વહ તો જાનન-દેખન સ્વભાવ હૈ. રાગકા વિકલ્પ મૈં કરું વહ આત્માકો સોંપના આત્માકા ખૂન હૈ. આહા..હા..! સમજમેં આયા? ઐસે પુણ્ય વિકલ્પ, ભક્તિ કા, દયા કા, દાનકા જ્યાં વિકલ્પ રાગ વહ આત્માકા કાર્ય હૈ ઔર આત્મા કર્તા હૈ, વહ આત્માકી લૂંટ હોતી હૈ. એય..! જુગરાજજી! વાત ભાઈ એને ખબર નહિ માળા રાડ પાડે. કરના ધરના.. નારણભાઈને એવું કે કાંઈક પ્રશંસા કરે છે. ઓલા શબ્દ બોલ્યાને. કિ બહુત આનંદ, કરના-ધરના કુછ નહિ. ઠીક આ તો મશ્કરી કરે છે. ભાઈ હતા કે નહિ? ચંદુભાઈ નહિ? બેઠા હતા. સાંભળતા હતા તો બરાબર. સાંભળ્યા પછી આ કહે. અરે ભગવાન! આ શું કરે છે આ પંડિતો? 'પંડિતો .. પીઓ ભર પાની.' અરે! આત્માના બળ ચૈતન્ય અંદર આનંદકંદ છે એને રાગની, વિકલ્પની ક્રિયા કરવી એ વસ્તુના સ્વભાવમાં નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! એ તો વીતરાગસ્વભાવની મૂર્તિ છે પ્રભુ, અકષાયરસનો કંદ છે. એવા આત્માને રાગની ક્રિયાના પરિણામનો કર્તા સ્વીકારવો, ખૂન કરે છે જીવનું. કહો, શાંતિભાઈ! આહા..હા..! ભાઈ! તને ખબર નથી. તારી મોટપ અને તારા ખજાનામાં કેટલી મૂડી છે એ તને ખબર નથી. સમજાય છે કાંઈ? અનંત જ્ઞાનનો ભંડાર ભગવાન છે ચિદાનંદમૂર્તિ, કહે છે કે એનું જ્ઞાન બહારથી લવાતું નથી. બાહરસે આતા નહીં. આહા..હા..! બહારમેં ક્યા જ્ઞાન? જ્ઞાન તો અંદરમેં તેરા હૈ. ભારે વાત ભાઈ! ઓહો..હો..! દિગંબર મુનિ. એમાં અમૃતચંદ્રાચાર્યે આવી ટીકાઓ કરીને ગણધર જૈસા કામ કિયા હૈ. વસ્તુકી સ્થિતિ ઐસી હૈ એમ. સમજાય છે કાંઈ? શેઠી આવ્યા

નથી. ભૂલી ગયા હશે.

**'લિંગને એટલે એટલે કે ઉપયોગ નામના લક્ષણને...'** એટલે શું કહે છે? ભગવાન આત્મા વસ્તુ અને એનું લક્ષણ ઉપયોગ એ ઉપયોગ લક્ષ્યનું લક્ષણ છે. ઉપયોગ લક્ષ્ય દ્રવ્યનું લક્ષણ છે. વસ્તુ જે લક્ષ્ય છે એનું એ લક્ષણ છે અને લક્ષણથી લક્ષ્ય જણાય છે. એને ઠેકાણે એ લક્ષણને બહારથી આવે છે એટલે બહારના લક્ષે કરીને ઉત્પન્ન થયું, મિથ્યાજ્ઞાન છે. એ જ્ઞાન જ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બધા (કથન) આવે વ્યવહારથી. એ અંદરમાં સ્વભાવનું ભાન થતાં જે જ્ઞાન પ્રગટ્યું તે જ્ઞાન છે. ભલે એક અંશે પ્રગટ્યું સમ્યક્ પાંચ સમિતિ, ગુપ્તિ, આદિનું, પણ તે જ્ઞાન મોક્ષનો કણિયો અને મોક્ષને આપનારું છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! બહારથી લવાતું નથી. બહારથી ક્યાંયથી લવાતું નથી. સમજાણું? લક્ષણ છે ઉપયોગ જીવનું-આત્માનું અને એ લક્ષણ આત્માનું અને એ લક્ષણને બહારથી કોઈ પર્યાય આવે અને એનું લક્ષણ કહેવું એમ છે નહિ. સમજાય છે કાંઈ? અરે! અહીં પુણ્ય-પાપની વિકલ્પની ક્રિયાની વાતું જ ક્યાંય ગઈ, ગંધ (ન મળે). ત્યારે વળી માળા શું કહે? લે આમ વાત કરે અને પાછા મંદિરો લાખોના, કરોડો રૂપિયા ખર્ચે, મોટા હાથી અને મોટા રથ. કોણ કરે ભગવાન? તને ખબર નથી ભાઈ! એ તો તે કાળે થવાનું હોય તે થાય છે અને કોઈને વિકલ્પ જોડે હોય તો એને નિમિત્ત કહેવાય છે, પણ એ વિકલ્પનો કર્તા પણ આત્મા નથી. ત્યારે કે એ થાય છે એને હું અટકાવું, એ કર્તા થયો. અટકાવે કોણ અને કરે કોણ? સમજાય છે કાંઈ?

પરમાણુઓ અજીવતત્ત્વ પુદ્ગલ છે એના પરાવર્તનમાં સ્વકાળે એની પર્યાય થાય તેને કોઈ કરે નહિ અને તે થતી હોય તેને રોકી શકે નહિ. સમજાય છે કાંઈ? ..જી! જુઓ આ માર્ગ. આહા..હા..! વીતરાગનો આ માર્ગ છે. 'ભાખ્યો શ્રી ભગવાન.' ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા સમવસરણમાં ઈન્દ્રો અને ગણધરો અને નરેન્દ્રની સમક્ષમાં આ વાત કહેતા હતા પ્રભુ. સમજાય છે કાંઈ? એ વાત ત્રણે કાળે પ્રસિદ્ધ છે એ વાત કરતા હતા. ભાઈ! તું આત્મા છોને પ્રભુ! અમારી નાતનો અને જાતનો તું આત્મા છો. અમે કાંઈ અમારું કેવળજ્ઞાન બહારથી લાવ્યા નથી. કેવળજ્ઞાન બહારથી આવે છે? એ તો અંતરના પ્રવાહમાંથી આવ્યું છે. સમજાય છે કાંઈ? આહા..હા..! ભારે વાત! બાહ્યલક્ષી પુણ્ય-પાપ આગંતુક વિકાર એની વાત તો છોડી દીધી ક્યાંય. એ પછી આવશે હજી આગળ. સમજાય છે કાંઈ? એ તો નહિ, પણ ભગવાન! તારી ચિદાનંદ શક્તિનું સત્ત્વ આખું છેને. મહાભંડોળ ભગવાન શક્તિનો તું છો. એવી શક્તિના આશ્રય કરીને જે પ્રગટ દશા થાય એ આત્માની દશા, આત્માનું જ્ઞાન, આત્માનો ઉપયોગ અને એને લક્ષણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઝાઝી સભામાં

આવું ન સમજે હોં! આ તો અહીં તો બધી ઝીણી વાત ચાલેને. ભાઈ! ત્યાં તો એના પ્રમાણમાં પાછું આવેને. હજારો માણસો, પાંચ-પાંચ, દશ હજાર માણસ ભેગા થાય. આ શું કહે છે લ્યો! આપણને કાંઈ સમજાતું નથી. અરે! ભગવાન! ત્યાં દૃષ્ટાંત-દાખલા કરીને અમુક વાત થાય. પણ વસ્તુ તો આ છે. સમજાય છે કાંઈ? શું કીધું સમજાણું?

એ આત્મા વસ્તુ ભગવાન છે એની જ્ઞાનની વર્તમાન પરિણતિનો ઉપયોગ જે છે એ કોઈ બહારથી થઈ શકે અને તે ઉપયોગ આત્માનો કહેવાય એમ છે નહિ. અંતર આત્મા. બહારથી જ્ઞાનનો ઉપયોગ થાય અને એ ઉપયોગ આત્માનો કહેવાય એ તો બહિરાત્મા છે. ઓહો..હો..! ભગવાન આત્મા અંતર ચૈતન્યના અંતર સ્વભાવમાં લક્ષ દેતા, લક્ષણને લક્ષમાં મૂકતા જે જ્ઞાનની દશાનો વિકાસ શાંતિ અને આનંદ સહિત આવે તેને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ કહે, ભાઈ! અમે ધર્મ સાંભળવા આવીએ. આવો ધર્મ એ ગમે તે થાતું હોય, પણ અમને ધર્મ કેમ થાય એ કહોને. આ શું વાત ચાલે છે? આ રીતે જ ધર્મ થાય, બીજી રીતે ધર્મ થાતો નથી. સમજાણું કાંઈ? લાખવાર કરોડવાર સમ્મેદશિખર જા તો ધર્મ થાતો નથી એમ કહે છે અહીં. ભગવાન અખંડાનંદ પ્રભુ ચૈતન્ય ઉપર દૃષ્ટિ કર અને અંતરથી નિર્મળતા પ્રગટે તેને ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! રાડ નાખી જાય ઓલા. અમારા વ્યવહારનો નાશ થાય છે. સાંભળને. હવે વ્યવહાર કેવો તારે? એ તો નિશ્ચયના ભાનવાળાને વિકલ્પ ઉઠે છે એને વ્યવહાર કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? અરે! ભગવાનના દર્શન કર્યા, નિહાલ થઈ ગયા જાવ. ક્યા ભગવાનના? એના કે આના? સમજાણું કાંઈ? ભગવાનના દર્શન કર્યા આહા..હા..! કે હે ભગવાન! તારજો હોં નાથ. શિવપદ દેજો અમને નાથ શિવપદ દેજો. એ વિકલ્પ છે પણ એનો અર્થ એવો નથી. અંતર સ્વરૂપ છે એ નિરૂપદ્રવી આનંદનો કંદ શિવપદ આત્મા પોતે છે. એમાં એકાગ્ર થવાની ક્રિયા થાય તેને મોક્ષની ક્રિયા અને ધર્મનો માર્ગ કહેવામાં આવે. વિકલ્પ ઉઠે એ બંધનું કારણ છે, વચ્ચે વિઘ્ન આવે, પૂર્ણ ન હોય ત્યાં સુધી એવો ભાવ આવે. આવે એટલે ખુશી થવા જેવું નથી.

મુમુક્ષુ :- એ દોષ છે.

ઉત્તર :- દોષ છે. અસ્તિ છે એટલે હોય. અશુભથી બચવા એટલો વ્યવહાર છે. તે કાળે એને આવવાને લાયક હોય તે આવે, છતાં એ કાંઈ આત્માની ક્રિયા અને સાધન છે એ કાંઈ છે નહિ. કહો એ આઠમો બોલ થયો.

હવે **'જેને લિંગનું એટલે ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતું નથી...'** ઓહો..હો..! આ જ્ઞાનાવરણીય આત્માના જ્ઞાનને હણે. ત્યાં હણે કીધું અને અહીં હણે નહિ. જ્ઞાનાવરણીય. લ્યો! જ્ઞાન આત્માનો જે ઉપયોગ છે એને જ્ઞાનાવરણીય કર્મ હણે. તો એવો આત્મા છે જ નહિ. એની પર્યાયમાં-અવસ્થામાં જે હીણી દશા પોતે કરે ત્યારે જ્ઞાનાવરણીય કર્મ નિમિત્ત થાય એ પણ આત્મા નહિ. હીણી દશા થાય અને એમાં

નિમિત્ત થાય એ પણ આત્મા નહિ. સમજાય છે કાંઈ? કહે છે કે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા પોતાના લક્ષમાં આવતા જે જ્ઞાનનો વિકાસ થાય છે એને ટાળનાર, હણનાર, લૂંટનાર જગતમાં છે કોણ? એવો ચૈતન્ય બાદશાહ ભગવાન પૂર્ણાનંદનો સહજાનંદ મૂર્તિ પ્રભુ. પોતાના અંતરમાં લક્ષ કરતાં, પોતામાં સમજે? અપનેમેં, ખુદમાં. ખુદમાં અંતરમાં આશ્રય કરતાં, દૃષ્ટિ કરતાં જે દશા પ્રગટે એને હીણી કરનાર, ઘટાડનાર, (ઘટ) કરનાર, નાશ કરનાર ત્રણકાળમાં કોઈ છે જ નહિ. મહા સ્વતંત્ર ચૈતન્યબિંબ ભગવાન બિરાજે છે. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! જોયુંને ક્યાં નાખ્યું? જ્ઞાનાવરણીય જ્ઞાનને હણે? કહે ના. કોણે કહ્યું તને એ? પર્યાયને હણાય પોતાની દશામાં? પોતાને કારણે એ પણ ક્યાં આત્માનું સ્વરૂપ છે? આહા..હા..! જુઓને. અહીં તો સ્વભાવ ચૈતન્યજ્યોત સ્વના આશ્રયે પ્રગટ થઈ, જ્ઞાનની શુદ્ધિની વૃદ્ધિ થાય એને આત્મા કહે છે. હીણું થાય અને આવરે બીજો એવું સ્વરૂપમાં છે ક્યાં? આહા..હા..! ફરીને.

મુમુક્ષુ :- ..વૃદ્ધિ થાય.

ઉત્તર :- હા, પણ એ વૃદ્ધિ થઈ છે એને હરે કોણ? ઘટાડે કોણ? હણે કોણ? ભગવાન ચૈતન્યબિંબ જેનામાંથી જ્ઞાનસૂર્યના કિરણો, સૂર્યમાંથી જેમ કિરણો પ્રકાશ નીકળે છે, એમ ભગવાન જ્ઞાનની મૂર્તિ એમાં દૃષ્ટિ આપતાં કિરણો જ્ઞાનના પ્રગટ થાય એને ઘટાડે કોણ? હણે કોણ? વૃદ્ધિ પામે છે. આહા..હા..! એને આત્મા કહેવામાં આવે છે. ભારે વાતું! એવા ભાવમાં ભાન થઈ જાય ભગવાન છું એમ. પ્રતીતિ શું? હું સાક્ષાત્ ભગવાન છું. એય..! પર્યાયમાં થયા વિના રહેશે નહિ. હું ભગવાન જ છું. પૂર્ણાનંદનો નાથ સહજાનંદની મૂર્તિ હું છું. એવું સ્વજ્ઞેયનું જ્ઞાન અને પ્રતીત થતાં એને કોઈ રોકે, હણનાર એવું જગતમાં કોઈ ચીજ છે જ નહિ. આમ કહે છેને કે જ્ઞાનાવરણીયનો ભાઈ આકરો રસ અનુભાગ ઉદય આવે. ચાર ભાગ છેને એમાં? પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ. અનુભાગ બહુ આકરો આવે એને. કહે, હાલ.. હાલ.. પ્રભુ તું છો કે પામર છો? કોણ છો તું? આહા..હા..! છો કોણ તું? હું તો ચૈતન્યસૂર્ય ભગવાન આનંદનો કંદ છું. તારી પર્યાયને કોઈ હણે અને ઘટાડે, તાકાત કોની જગતમાં છે? સમજાય છે કાંઈ? આહા..હા..! 'રણે ચડ્યા રજપૂત છુપે નહીં.' આવે છેને? રજપુત હોય એ રણે ચડ્યો તો એં.. એં.. કરતો હશે? મારફાડ કરે. 'ચંચળ નારીકા નેણ છૂપે નહીં, ચંદ્ર છૂપે નહીં બાદલ છાયા.' સૂરજ છૂપે? વાદળની છાયાથી સૂરજ છૂપાતો હશે? ઢંકાતો હશે. ગમે તેવી રાત્રી હોય, અંધારું થયું હોય, પણ એમાં ચંદ્રનું તેજ જે અંદર છે એ કાંઈ તદ્દન ઢંકાઈ જાય છે. ગમે તેટલા વાદળા હોય તોપણ સૂર્યનું તેજ છે એ કાંઈ અમુક ખ્યાલમાં આવ્યા વિના રહે છે? દિવસ હો, એ પ્રકાશ રહ્યા કરે છે.

ભગવાન આત્મા ચિદાનંદની મૂર્તિ એના પ્રકાશને કોઈ હણે (એમ) ત્રણ કાળમાં નથી. આહા..હા..! શું કહે છે આ? પર્યાયમાં હીણાપણાનું પરિણમન એ એનું સ્વરૂપ જ નથી. અને હીણાપણાનું પરિણમન હોય ત્યારે જ્ઞાનાવરણીય કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. પણ

એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જ ..માં નથી એમ કહે છે અહીં. વ્યવહાર છેને ભાઈ એ? સમજાણું કાંઈ? આહા..હા..! જ્ઞાનાવરણીયનું નિમિત્ત અને જ્ઞાનની હીણી દશા પોતાને કારણે થાય હોં. પણ એ બેય વ્યવહાર છે, હેય છે, એ આત્મા નહિ. સમજાણું કાંઈ? ભાઈ! એ ભગવાનના નાથ કરવા આત્માના મોટા નાથ છે. સમજાણું કાંઈ?

ચિદાનંદ ભગવાન આત્મા, કહે છે કે મારા જ્ઞાનને ઉપયોગ નામના લક્ષણને કોઈ ગ્રહણ એટલે પરથી હરણ થઈ શકતું નથી. બીજાથી લઈ જઈ શકાતું નથી. 'તે **અલિંગગ્રહણ છે;...**' અલિંગ-ઉપયોગ નામનું લિંગ, ગ્રહણ નામ કોઈ હરી જાય એવો નથી. અ-લિંગ-ગ્રહણ. લિંગ નામ ઉપયોગ, ગ્રહણ નામ હરવું, ન નામ નહિ. કોઈ હરે એવો આત્મા છે નહિ. ભારે આવું ભાઈ! આ તો કહે અમને કર્મ એવા આકરા ઉદય આવેને (તો) અમને બુદ્ધિ નથી ઉઘડતી, જ્ઞાનાવરણીયનો બહુ આકરો ભાવ છે. તને ભાન જ નથી, આત્મા કોણ છે એ. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! આહા..હા..! અરે! જ્યાં નજરમાં ભગવાન પડ્યા, ભગવાનના ભેટા પડ્યા, ત્યાં વળી તારી દશાને કોઈ હણે અને ઓછી કરે, લાવ્યો ક્યાંથી આ? સમજાણું કાંઈ? શૂરવીરને દેખીને તો પામર પહેલાથી મરે. મોઢા દેખે ત્યાં મરે.

મુમુક્ષુ :- તાકાત જ...

ઉત્તર :- એની તાકાત કેવી? તારી હીણાની તાકાત-તારી પર્યાયની એ પણ નહિ, એમ કહે ભાઈ. આહા..હા..! ભગવાન દ્રવ્યદૃષ્ટિએ ગયો. દ્રવ્યની દૃષ્ટિમાં 'આ દ્રવ્ય.' એની પર્યાયને કોઈ હણી શકે અને ઘટાડી શકે એ તાકાત નથી. સમજાણું કાંઈ? અરે! એને ખબર નથી પોતાની ઘરની અને વાતું કરે પરની બધી. સમજાણું કાંઈ? આ રોગ વળગ્યો છે એને, એમ કહે છે. આત્માની જ્ઞાનની દશામાં હું હીણો થઈ ગયો અને કર્મને લઈને હીણો મને થયો, મિથ્યાત્વનો રોગ તને લાગ્યો છે. ભ્રમણાનો રોગ તને વળગ્યો છે. એ ભ્રમણાનો રોગ ટાળવા માટેનો આ ઉપાય છે. જ્ઞાનાનંદ ભગવાનની દૃષ્ટિ કર, તારા જ્ઞાનની અવસ્થાને કોઈ હણે એવી તાકાત છે નહિ.

કેટલાક કહેને, ભાઈ! શું કરીએ? ક્ષયોપશમ જ્ઞાન છે. વળી એમ કહે છેને ભાઈ! કહે છેને માળા! કાંઈક કેવળજ્ઞાન છે, બાપા! ક્ષયોપશમ જ્ઞાન છેને એ હણાઈ જાય. સાંભળને. કોણે કીધું તને? પરમસ્વભાવ પારિણામિકભાવનું જે જ્ઞાન છે એ પરમપારિણામિકભાવ છે, એ પાછો હણાય અને પાછો પડે જ નહિ કહે. સમજાણું કાંઈ? આહા..હા..! ચૈતન્યના તેજે તો મન તો પહેલું મરી જાય કહે છે. ચૈતન્યના તેજે તો મન તો પહેલું મરી જાય, વિકલ્પ મરી જાય ત્યાં. નિર્વિકલ્પ જ્ઞાનપ્રકાશનો નૂર, પ્રકાશનો પૂર પ્રગટ થાય એને આત્મા કહે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! કેવી બધી વાત નાખી છે! ત્યાં ગોમ્મટસારમાં એમ કહે, જ્ઞાનાવરણીય જ્ઞાનને આવરે. એ વાત તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે વ્યવહારનું. એની પર્યાય હીણી પડે ત્યારે જ્ઞાન નિમિત્ત હતું એવું જ્ઞાન કરાવ્યું. વસ્તુની દૃષ્ટિમાં એ બેય વાત નથી.

એ પર્યાય હીણી એને પણ જ્ઞાન જાણે. આમ હું નહિ. હું તો પૂર્ણાનંદનો નાથ, એમાંથી વિકાસ થાય તે હું. સમજાણું કાંઈ? આહા..હા..! એ જ્ઞાનના દોરે બીજી અનંત શક્તિઓનો વિકાસ એક સાથે જ હોય છે. તેના ભાવને કોઈ હણી શકે? એટલે આ રીતે આત્માનું જ્ઞાન હરી શકાતું નથી. હરી-હરી જઈ શકાતું નથી એમ. હરણ છેને. હરણ-હરી શકાતું નથી, લઈ શકાતું નથી, લૂંટી શકાતું નથી. જ્ઞાન હરી જઈ શકાતું નથી. અલિંગગ્રહણમાં એવો એક અર્થ રહેલો છે એ અહીંયા ખુલ્લો કર્યો છે કહે છે. સમજાણું કાંઈ? વાત તો ભાઈ આ તો ભગવાન આત્માના ઘરની છે, એ વાત સાંભળવી પણ મુશ્કેલ છે. મહાદુર્લભ એ ચીજ છે, બાકી બધું અનંતવાર થોથા કર્યા. જન્મ-મરણ મટ્યા નહિ નાથ! જન્મ-મરણ મટવાના ઉપાય.. જન્મ-મરણ છે જ નહિ જેનામાં, જન્મ-મરણનો ભાવ જેનામાં છે જ નહિ. સમજાણું કાંઈ? જેનામાં જ્ઞાનની હીણી દશા થાય એવો એ જીવ નથી એમ કહે છે. ઓલું તો નથી, મૂકને હવે પડતું તારું.

ભગવાન આનંદનો કંદ ભગવાન એની જ્યાં નજર પહોંચતા કહે છે કે એના જ્ઞાનનો વિકાસ થાય એને કોઈ રોકે કોઈ (એમ) ત્રણકાળમાં નહિ. બીજની પૂનમ થતાં કોઈ આવીને એને તેરશ કરી દે કે બીજમાંથી હટાવી દે એવી કોઈ તાકાત જગતમાં છે નહિ. સમજાય છે કાંઈ? એમ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ જ્યાં દૃષ્ટિના બોધબીજમાં પ્રગટ્યો ભાવ એને કોઈ રોકીને પાછો પાડે અને કેવળજ્ઞાન લીધા વિના રહે, એવો આત્મા નથી કહે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા સુદ ૧૧, બુધવાર, તા. ૨૯.૦૧.૧૯૬૯
## ગાથા-૧૭૨, બોલ-૯-૧૦, પ્રવચન-૧૪૧

પ્રવચનસાર, જ્ઞેય અધિકાર. .. વર્ણન છે. આત્મા જ્ઞાનમાં જણાય એવો જે આત્મા એનું સ્વરૂપ કેવું છે? અલિંગગ્રહણમાં ૨૦ બોલ છે એમાં ૯ ચાલ્યા છે. ૯ ચાલ્યાને? .. છેને એ? ચલેગા થોડા. નવમો. આ આત્મા એવો છે કે '**લિંગનું એટલે કે ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતું નથી...**' શું કહે છે? આત્મા એને કહીએ અને તેનો જ્ઞાન, દર્શન, આનંદ ઉપયોગ એને કહીએ, કે જે હણાય નહિ, હીણો થાય, ઓછો થાય, કોઈ હરે નહિ, કોઈ ઘાતે નહિ. સમજાય છે કાંઈ? આત્મા એનો જે ઉપયોગ જાણવું-દેખવું જે ઉપયોગ છે એ ઉપયોગ આત્માનો છે એને કોઈ હરી શકે નહિ.

એટલે? કે આત્મા છે એવી જેને દૃષ્ટિમાં, અનુભવમાં આત્મા આવ્યો, એ આત્મા હવે પાછો પડે, હીણો પડે, એની દશા કોઈ હણે એવું સ્વરૂપ એનું છે જ નહિ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ થોડું થોડું આવે છે... છે ક્યાં? આ કહ્યુંને અત્યારે. એ આત્મા વસ્તુ છે, પોતે શાશ્વત એમ એની અનંત શક્તિઓ પણ શાશ્વત. આમાં ઉપયોગની પ્રધાનતાથી કથન છે. તો એ જ્ઞાન અને દર્શનનો જે ઉપયોગ છે એ ઉપયોગ હણાય, ઘટે, ઓછો થાય એવું એનું સ્વરૂપ જ નથી એમ કહે છે. સમજમેં આયા?

મુમુક્ષુ :- એ છદ્મસ્થને કહે છે.

ઉત્તર :- છદ્મસ્થની વાત જ ક્યાં છે? અહીં એ વાત જ નથી, એ પ્રશ્ન નથી. એનો ઉપયોગ જે છે, ઉપયોગસ્વરૂપ ભગવાન આત્મા એને જ આત્મા કહીએ અને એને આત્મા પ્રતીત અને અનુભવમાં લીધો. એને આત્મા કહીએ કે જેની દશા કોઈ હીણી, ઘટે નહિ, કોઈ હણનાર સામે જગતમાં કોઈ નિમિત્ત નથી. એવો આત્મા એને અહીંયા આત્મા કહેવામાં આવે છે. શું કહ્યું સમજાય છે કાંઈ? કોઈ એમ કહે કે અમને આત્મા શ્રદ્ધા-જ્ઞાનમાં આવ્યો છે. સમજાય છે? પણ કોઈ કર્મનો એવો આકરો ઉદય આવી જાય તો અમેય ચળી જોઈએ. તો તે આત્મા માન્યો જ નથી. સમજાય છે કાંઈ? આત્મા એવો છે જ નહિ. આત્મા જે છે અનંતગુણનો પિંડ, ચિદ્ ધામ, આનંદકંદ ઉપયોગમય એકલું તત્ત્વ એવો જે આત્મા. આત્મા કીધુંને ત્યાં? કે જેને પ્રતીતમાં, અનુભવમાં આવ્યો કે આ આત્મા, એ આત્મામાં સ્વભાવ એવો છે કે હવે હીણો પડે નહિ, એની દશાને કોઈ હણે નહિ, એની દશાને કોઈ હરી ને ચોરી લઈ જાય નહિ.

ખરેખર તો એ ઉપયોગમય ભગવાન એવો છે કે અનુભવમાં આવ્યો તે વૃદ્ધિને પામીને કેવળજ્ઞાન જ પામે એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આત્મા પણ શરીરરૂપ નથી, પુણ્ય-પાપના રાગરૂપ નથી અને અલ્પજ્ઞ અવસ્થા જેટલો-જેવડો એ આત્મા નથી. તો આત્મા જેને કહીએ, આત્મા જેને પ્રતીતમાં, અનુભવમાં, શ્રદ્ધા અનુભવમાં આવ્યો, કહે છે કે એ આત્મા એવો છે કે એની દશા કોઈ હણાઈ જાય એવો એ આત્મા જ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આ લક્ષ્મીવાળા છે એ દેવાળું કાઢે. લક્ષ્મીવાળા દેવાળું કાઢે છેને દેવાળું. સમજો છો? ઓછુંવત્તું થઈ જાય, ઘટી જાય, પચાસ લાખના . લાખ થઈ જાય, ૩૦ લાખ થઈ જાય, ૧૦ લાખ થઈ જાય, રાંકા પણ થઈ જાય. ચડતી-ચડતી છાયા છેને એ તો પુણ્ય-પાપની. ચડતી-પડતી છાયા. આ કહે છે કે એવો નથી આત્મા. એ ભગવાન શાશ્વત ચિદ્દ્યન છે. વસ્તુ તો ઠીક, પણ એનો જે ઉપયોગ વેપાર છે જાણવા-દેખવાનો એ હીણો પડે કે હરી જાય કે ઘટાડી દે એવું એનું સ્વરૂપ જ નથી. સમજાય છે કાંઈ? એ તો એને આત્મા અનુભવમાં આવ્યો, રાગથી ભિન્ન, શરીરથી ભિન્ન, પરિપૂર્ણ તત્ત્વ. કહે છે કે હવે

એની ઉપયોગની દશામાં હીણી થાય-ઘટે એવું એનું સ્વરૂપ જ નથી. ઉપયોગ નામનું જે લક્ષણ તેનું હરણ, પરથી હરણ થઈ શકતું નથી. પરથી અવરાતો નથી, પરથી હીણો થતું નથી, પર તેને ઘાત કરી શકતું નથી, પર તેને ઉપઘાત-ઉપદ્રવ કરી શકતું નથી એવો જે આત્મતત્ત્વ છે અને એવો એનો ઉપયોગ છે એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**લિંગનું એટલે કે ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતું નથી (-બીજાથી લઈ જઈ શકાતું નથી)...**' કોણ લે? ભગવાન! શાશ્વત ઉપયોગ ચિદાનંદ છે એવી જ્યાં દૃષ્ટિ અને અનુભવ થયો, હવે અનુભવમાં એ હીણી દશા થાય એવું એ આત્માનું સ્વરૂપ જ નથી. સમજાય છે કાંઈ? આ અગિયારમે (ગુણસ્થાન)થી પડે છે એમ કહે છેને. એ આત્મા પડે નહિ. એ અણાત્મા દશા થાય ત્યારે પડે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શનમાં આત્મા ચિદાનંદ પરિપૂર્ણ નિર્મળાનંદ જ્યાં પ્રતીત અનુભવમાં આવ્યો, એ તો આવ્યો એ આવ્યો. એ શાશ્વત સાદી-અનંત રહેશે. એ ઉપયોગ એમ ને એમ ઉઘડેલો સાદિ-અનંત રહેશે. એમ કહે છે. મતિશ્રુતજ્ઞાનમાં પણ ઉપયોગ સ્વ તરફના વલણથી જે વિકાસને પામ્યો એ કેવળજ્ઞાનપણાના ઉપયોગને પામશે, પણ એનાથી હીણી પણ દશા થાય એ આત્માના સ્વરૂપમાં છે જ નહિ એમ. કહો, જુગરાજજી! ભારે ભાઈ! આહા..હા..! એ આત્મા એને બેઠો જ નથી કહે છે. જેને આત્મા બેઠો છે અંદર અનુભવમાં, દૃષ્ટિમાં, એને એમ ન થાય કે હું કાંઈક પડી જઈશ? મરી જઈશ? તેને આત્મા બેઠો જ નથી.

આત્મા અંતર જે આત્માનું સ્વરૂપ છે એ શાશ્વત છે. એનો ઉપયોગ પણ ખરેખર ત્રિકાળી શાશ્વત છે. હવે એની જ્યાં પ્રતીત પર્યાયમાં, જ્ઞાનના ઉપયોગમાં આવી, એ ઉપયોગનું હીણુંપણું થાય (એમ) ત્રણકાળ ત્રણલોકમાં ન હોય એવો એ આત્મા છે. સમજાય છે કાંઈ? આહા..હા..! આવો આત્મા? આત્મા એવો હોય! પૂર્ણ સ્વરૂપ છે, પૂર્ણ પરમેશ્વર છે. ઓહો..હો..! જ્યાં નિમિત્તનો સ્વીકાર નથી, રાગનો સ્વીકાર નથી, અલ્પજ્ઞતાનો સ્વીકાર નથી. એવો પૂર્ણાનંદ પ્રભુ શુદ્ધ ઉપયોગમાં જે આવ્યો અને એનો સ્વીકાર ન થયો તો એ તો ખલાસ થઈ ગયો. એની દશાને કોઈ ઘટાડે, હરી શકે, આવરી શકે એવી કોઈ જગતમાં ચીજ છે નહિ. ચીજ તો નથી, પણ એ આત્મા એવો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! કપુરભાઈ! કહો, સમજાય છે કાંઈ? ... કહો, સમજાય છે આમાં?

અહીં કહે છે કે જેણે આત્માને ... ભગવાન પૂર્ણાનંદનો નાથ છેને. પોતે પરમેશ્વર છે. એની પરમેશ્વરતાની શક્તિને કોઈ હણે એવું એનું સ્વરૂપ નથી. એનું સ્વરૂપ નથી. આહા..હા..! એને કાળ લાગુ પડતો નથી કે આટલો કાળ રહેશે આ ઉપયોગ, એમ કહે છે. એ તો સદાય .. છે. સમજાય છે? જેની લક્ષ્મી ઉપયોગસ્વરૂપ છે. જાણવું, દેખવું સંપદાથી ભરેલો ભગવાન છે. એ ઉપયોગની ધારાએ જેણે આત્માને પકડ્યો, તે ઉપયોગને કોઈ હણે અને ઘટાડે એવી ચીજ એની પોતાની નથી, બીજો તો પછી. પોતે એવો છે જ નહિ આત્મા. એ રાંક અને

રાંકો આત્મા નથી એમ કહે છે. સમજાય છે કાંઈ? હીણું બતાવે, ઓછું બતાવે એવો આત્મા નથી એમ કહે છે. આહા..હા..! શું કહે છે? સમજાય છે કાંઈ?

હવે આત્મા એટલે શું? ત્રણલોકના નાથ અનંતા આત્માને જેણે કેવળીઓને જેને પેટમાં ગ્રહ્યા છે જેણે. એવી જેની સંપદા જ્ઞાન ઉપયોગની, જ્ઞાન ઉપયોગની સંપદા જેના એક સમયમાં ઉપયોગ જે છે એની સંપદા એટલી. ભલે છદ્મસ્થનો .. ઉપયોગ એ કાંઈ નહિ, પણ છતાં એના ઉપયોગની એટલી તાકાત છે કે હીણી થાય, ઘટી જાય, અવરાઈ જાય એવું એનું સ્વરૂપ જ નથી કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એવો ભગવાન આત્મા સ્વભાવથી વસ્તુના સ્વરૂપથી ભરેલો, એનો જે ઉપયોગ જાણવું-દેખવું એને કોઈ હરે (નહિ) એવો અલિંગગ્રહણ છે, એને હરે નહિ એવું અલિંગગ્રહણ છે. એના ચિહ્નોને હરી શકે, એના લક્ષણને ઘટાડી શકે એવો કોઈ આત્મા છે નહિ. એ આત્મા જ એવો નથી એમ કહે છે. આહા..હા..! જેણે સ્વભાવવાન સાથે સંબંધ બાંધ્યો, જેણે નિમિત્ત ને રાગ ને અલ્પજ્ઞની સાથે સંબંધ તોડ્યો, ત્યારે ભગવાન પૂર્ણાનંદ સાથે સંબંધ જોડ્યો, એ સંબંધ જોડ્યો એ જોડ્યો. એ સંબંધમાં હીણતા આવે કે પાછા પાની કરે. પાછા પાની સમજતે હૈં? પીછે હઠે ઐસા આત્મા નહીં હૈ. આહા..હા..! પોપટભાઈ! આવો બાદશાહ પોતાની સંપદા ખોઈને ક્યાં ભટકે માળો. એક જરી પુણ્યના પરિણામ કરે ત્યાં તો આહા..હા..! રાગના પરિણામ પાપના હિંસા, જૂઠું, ભોગના આ હોય તો મજા. અરેરે! શું થયું તને? સમજાય છે? તારે ઘરે ચક્રવર્તીના મોટા છ ખંડના આનંદના .. પડ્યા છે. અને ભિખારીની જેમ ત્યાં માગે છો કે એ મને કોઈ સારો કહો. પણ તું પૂરેપૂરો સારો (છો), તારે સારો કહેવાની જરૂર છે નહિ. ..ચંદજી! અમને કોઈ મોટો કહો. ત્યારે હીણો છો તું? હીણો છો તું? મને કોઈ બીજાથી અધિકપણે માનો બહારની ચીજે. બહારની ચીજમાં તો તું છો જ નહિ. અને જ્યાં છો ત્યાં અધિકપણું તારું અખંડાનંદ છે. હીણાપણું, ઓછાપણું ત્યાં છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આપણને કાંઈ ખબર પડે? ઢાંક્યા કર્મ ઉઘડે અને ક્યારે પડવું પડે? ભગવાનના જ્ઞાનમાં એવું ભાળ્યું હોય તો અનંતભવ હોય, ભલે સમકિત પામ્યા.. પણ આવો... એ કહે છે કે તેં આત્મા માન્યો જ નથી. શોભાલાલજી! તેં આત્માના ભંડારને જોયો નથી.

ચિદાનંદ પ્રભુ અનંત ઉપયોગની કળીથી ખીલે એ ખીલવટને કોઈ હીણી કરી શકે એવો એ આત્મા છે જ નહિ. આહા..હા..! દ્રવ્ય-ગુણને તો નહિ, પણ એની પર્યાયને હીણી કરે એવો આત્મા નથી એમ કહે છે. દ્રવ્ય-ગુણ તો શાશ્વત છે. એ અહીં કહે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! એ તો ઉપયોગ લક્ષણે વાત કરી છે, પણ એની સાથે ચૈતન્ય, વીર્ય કે આનંદ કે શાંતિ કે ચારિત્ર. સમજાય છે? સ્વચ્છતા, પ્રભુતા, કર્મ આદિ જેટલી ગુણની શક્તિઓ છે એ કોઈપણ શક્તિની પર્યાય હીણી થાય એવું એ વસ્તુનું સ્વરૂપ જ નથી. આહા..હા..! જુઓને વર્ણન કર્યું છેને પણ. ઓહો..હો..! જેને અનુભવમાં આત્મા આવ્યો

છે કે આત્મા તો આવો છે કહે છે. આત્મા આવે છે એમ અનુભવમાં આવ્યો. આવો છે. એને કોઈ કહે કે અમને અનુભવમાં આવ્યો, પણ હવે અમને શું થશે? એ તને આત્મા આવ્યો જ નથી અનુભવમાં. આત્મા છે જે રીતે, જે ભાવે, જે સ્વભાવે, જે સ્વરૂપે એ વાત તને બેઠી નથી. સમજાય છે કાંઈ?

**'લિંગનું એટલે કે ઉપયોગ નામના લક્ષણનું...'** ચિહ્નનું, એ લિંગ. **'ગ્રહણ એટલે...'** લિંગ ગ્રહણ છેને? **'એટલે કે પરથી...'** 'ન' અહીં ન અર્થ થાય છે. **'હરણ થઈ શકતું નથી...'** ઉપયોગ નામના લક્ષણને પર કોઈ હરી શકતું નથી તેવો ભગવાન આત્મા અલિંગગ્રહણ છે. અલિંગગ્રહણમાંથી એવો અર્થ પ્રગટ થાય છે. અલિંગગ્રહણ એ શબ્દ છે, પણ એનાથી આવો ભાવ ઉભો થાય છે, આવો ભાવ એનો અર્થ થાય છે. સમજાય છે કાંઈ? **'આ રીતે આત્માનું જ્ઞાન હરી જઈ શકાતું નથી...'** આહા..હા..! ઓલા તો કહે, કેવળજ્ઞાનાવરણીયે અમારી પર્યાય હણી. એ તો જાણે મૂઢ હજી. તારી પર્યાય તેં હણી છે ત્યારે કેવળજ્ઞાનાવરણીય નિમિત્ત થયું, કેવળજ્ઞાનાવરણીય. શું કીધું? શુદ્ધ ઉપાદાનની દૃષ્ટિ થાય ત્યાં પર્યાય હણાય એ વાત રહેતી નથી. પણ અશુદ્ધ ઉપાદાનની જ્યાં સુધી દૃષ્ટિ છે ત્યારે જ્ઞાનની અવસ્થા જે હણાય છે એ (કર્મ) પરિણમાવતો નથી. એ પોતે પોતાની અવસ્થાને હીણીરૂપે પરિણમાવે છે ત્યારે જ્ઞાનાવરણીયને નિમિત્ત કહેવામાં આવે છે. એની હીણી અવસ્થાના પરિણમનમાં તારું જ એક કારણ છે એની પણ જેને સ્વતંત્ર શ્રદ્ધા નથી, એને તો અવસ્થામાં હીણું મારાથી થયું એવી એને પ્રતીત નથી. એટલે પર્યાયવાળો હીણો આત્મા કેવો એની પણ એને ખબર નથી. ભાઈ! શું કીધું સમજાણું?

પર્યાય હીણીવાળો આત્મા કર્મે હણ્યો એમ માનનારને પર્યાયવાળો, હીણીવાળો આત્મા કેવડો છે એની શ્રદ્ધાની પણ એને ખબર નથી. ... ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો કહે છે, દ્રવ્ય વસ્તુ છેને. હવે તો અહીં પર્યાય ગઈ. પર્યાય હીણી અવસ્થા થતી પોતાથી એ તો ગઈ. હવે થઈ દૃષ્ટિ દ્રવ્યની. આ વસ્તુ ભગવાન જ્ઞાન ઉપયોગ આનંદકંદ છે એ ઉપયોગની પર્યાય જે શુદ્ધ આવી, હવે ઘટે અને હીણી થાય એવું વસ્તુના સ્વરૂપમાં નથી. એ તો બીજ ઉગે એ પૂનમ થયે છૂટકો. બીજ પાછી પડે અમાસ થાય અને એકમ પણ થાય. થાય? બીજ બીજ ..ચંદજી! બીજ ઉગ્યાની એકમ થાય કે નહિ પાછી? .. બીજ નથી કહેતા? બીજકા ચંદ્રમા એકમ હોતા હૈ કિ નહીં? નહીં. બીજકા ચંદ્રમા તીજ, ચોથ ઔર પૂનમ હોગા. એમ ભગવાન આત્મા, સમ્યગ્દર્શન-જ્ઞાનની કળા દ્વારા જે આત્મા પ્રતીતમાં આવ્યો એ કળાને હીણી પડે એવું એનું સ્વરૂપ છે નહિ. આહા..હા..! ભારે વ્યાખ્યા. સમજાય છે કાંઈ? એ કળા ખીલી અને કેવળજ્ઞાન લીધે છૂટકો એવો એ આત્મા છે. એય..! ભગવાનજીભાઈ! એવામાં તો પચ્ચીસ લાખ, પચાસ લાખ, કરોડ થાય.. મરી જાય.. હોય ત્યાં પડ્યા રહ્યા. હવે શું કરવું? ત્યાંથી લાવવા કે આવવા શું કરવું? .. અધિકાર નથી.

પર તો પરવસ્તુ છે.

હવે તારી નિજસંપદા ભગવાન. આહા..હા..! અખંડાનંદનો નાથ પોતે પૂર્ણ નિર્વાણનાથ, મોક્ષનો જ નાથ. સંસારનો નાથ એ છે જ નહિ. એટલે? વિકલ્પનો એ સ્વામી નથી. આહા..હા..! વિકલ્પ થાય એનો સ્વામી નથી. આત્મા સ્વામી નથી. આત્મા માને એને. એ તો મોક્ષનો સ્વામી છે. આહા..હા..! પૂર્ણ મુક્ત સ્વરૂપ છે એનો એ છે. એની મોક્ષની કળા જ્યાં ખીલી, કહે છે કે એ કળાને હીણી કરનાર, હીણી થાય એવું એનું સ્વરૂપ નથી. કરનાર બીજો .. એનું સ્વરૂપ જ એવું નથી. એય..! પોપટભાઈ! આ આત્મા આવો સાંભળ્યો પણ નથી કોઈ દિ' એણે. આહા..હા..! મહા ખજાને ભર્યા ભગવાન છેને કહે છે. અનેક સિદ્ધો પડ્યા છે તારામાં. એ સિદ્ધની દશા પાછી ફરે? અનંતા સિદ્ધની દશા એવી ગુણમાં પડી છે એવા અનંતા ગુણનો ધરનાર દ્રવ્ય છે એને આત્મા કહીએ, એને આત્મા કહીએ. એ આત્માની અંતરમાં પ્રતીત અને અનુભવ આવ્યો એને આત્મા હીણો પડે એવું આત્માનું સ્વરૂપ છે નહિ. આત્માનું ભાન નથી એને હીણો પડે એ તો આત્મા જ નથી. સમજાય છે કાંઈ? એના ગાણા તો સાંભળો. કેવા ગાણા છે એના? આહા..હા..! એની ખબર નથી, ખબર નથી. જ્યાં ત્યાં રાંકો થઈને અરેરે! અમને કર્મે રઝળાવ્યા, કર્મે રખડાવ્યા, કર્મે હેરાન કર્યા, 'કર્મે રાજા કર્મે રંક કર્મે વાળ્યો આડો અંક.' .. આ મારા. એ ... વરાંકા... 'કર્મે રાજા કર્મે રંક' ત્યાં સુધી તો ઠીક છે હજી. 'કર્મે વાળ્યો આડો અંક'. કર્મ એટલું .. થયું કે આત્માને હણી નાખ્યું. અરે! મૂઢ! તને કોણે કહ્યું આવું? તું અણાત્માપણે જ્યાં સુધી તારી પર્યાયદૃષ્ટિ છે ત્યાં સુધી તો આત્મા શું છે એ તને દૃષ્ટિમાં આવ્યો નથી, એટલે પર્યાયમાં તું હણાણો અને એ જ છો એટલે હણા છો, પરને લઈને છે નહિ. ઓહો..હો..! અમૃતચંદ્રાચાર્ય ગજબ કામ કરે છે. દિગંબર મુનિઓએ અલૌકિક કામ કર્યા. કેવળજ્ઞાનને ઊભા રાખ્યા છે. અનાદિ સ્તંભ ઉભો છેને આમ. આવા અર્થ ક્યાંથી કાઢ્યા એણે? અલિંગગ્રહણના ૨૦ અર્થ કર્યા. ... અંદર... દ્રવ્ય આવું? પછી કહે છે એને એ .. એ આવશે.

આવો આત્મા અંદરમાં બેઠો અનુભવમાં, પ્રતીતમાં ત્યારે એને સમકિત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એવો છે એવો બેસવો જોઈએને. તો આત્મા તો આવે છે એમ કહે છે. **'આ રીતે આત્માનું જ્ઞાન હરી જઈ શકાતું નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** લ્યો એ નવમો બોલ થયો. લ્યો ડાલચંદજી! થોડા બાકી થા ન? એને એમ થયુંને કે થોડું બાકી છે. આહા..હા..! દિગંબર મુનિઓના સૂત્રો અને એના અર્થો તો અલૌકિક છે. એ દિગંબર તે સંપ્રદાય નથી. સમજાય છે કાંઈ? સર્વજ્ઞ ભગવાને જોયેલું, જાણેલું સાસન પ્રગટેલું .. છે. આહા..હા..! આવી વાત બીજે ક્યાંય મળે નહિ. સમજાણું કાંઈ?

કહે છે દશમો બોલ. ભગવાન આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ આત્મા. સત્-શાશ્વત આનંદ અને જ્ઞાનની મૂર્તિ આત્મા કેવો છે? **'જેને લિંગમાં એટલે કે ઉપયોગ નામના લક્ષણમાં**

**ગ્રહણ એટલે કે સૂર્યની માફક ઉપરાગ નથી...'** આહા..હા..! શું કહે છે? જેમ સૂર્યનું ગ્રહણ હોય. ગ્રહણ સમજો છો? દિવસનો સૂર્ય હોય પણ એને આની પેઠે હોય.. શું કહેવાય એ? .. હોય છેને ચંદ્રમાં હંમેશા ઢાંકે છે. એમ સૂર્યને કોઈ એવો . .છે જ નહિ. એ તો અમુક ક્ષણે થાય એ જુદી વાત છે. સમજાય છે કાંઈ? સૂર્યમાં જેમ વિકાર જરીએ નથી, સૂર્ય અને સૂર્યના કિરણોમાં જેમ જરીએ વિકાર નથી, એમ ભગવાન આત્મા એને આત્મા કહીએ કે જેના ઉપયોગમાં, રાગ અને વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ જેના ઉપયોગમાં નથી.

આત્મા એને કહીએ મહાપ્રભુ ચૈતન્યબિંબ જેનો ઉપયોગ, જેના ઉપયોગમાં... સૂર્યમાં જેમ મેલ નથી, સૂર્યના કોઈ પ્રકાશમાં જેમ કોલસો નથી, સૂર્યના પ્રકાશમાં કિરણમાં કોઈ કાળું, કાળું કિરણ છે? કાળું કિરણ છે? કિરણ-કિરણ. કાળા સમજે? કાળા કિરણ હોતા હૈ? કાળા કિરણ નહીં હોતા હૈ, ધોળા હોતા હૈ. સાંભળ્યું નહિ? આત્માને, કહે છે કે એ શુભ-અશુભભાવ આત્મામેં હૈ હી નહીં. ઉસકી પર્યાયમેં હૈ નહીં એમ કહતે હૈ. આહા..હા..! એની પર્યાયમાં કર્મ, શરીર, વાણી તો છે નહિ. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસનાનો વિકલ્પ જે વૃત્તિ રાગની એ પણ એની પર્યાય-ઉપયોગરૂપી પર્યાયમાં નથી, પણ જેનો ઉપયોગરૂપી ભાવ એમાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ પર્યાય એના ઉપયોગરૂપ ભાવમાં નથી. એ ભાવ ઉપયોગરૂપમાં રાગ હોય તે આત્મા નહિ. ભારે વાતું ભાઈ! છે?

**'જેને લિંગમાં એટલે કે ઉપયોગ નામના લક્ષણમાં ગ્રહણ એટલે કે સૂર્યની માફક ઉપરાગ (-મલિનતા, વિકાર) નથી...'** આહા..હા..! અશુદ્ધ ઉપયોગ છેને કહે છે. પુણ્ય-પાપના ભાવને અશુદ્ધ ઉપયોગ (કહે). કે એ અશુદ્ધ ઉપયોગ આત્મા નહિ. એય..! ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપે ત્રિકાળ છે, તો એનો વેપાર જે શુદ્ધ પરિણામ જે શુદ્ધ ઉપયોગ છે તે આત્મા છે. એમાં એ પુણ્ય-પાપના પરિણામ છે નહિ. આહા..હા..! શું કહ્યું? લ્યો વળી એને એ કહે કે શુદ્ધ ઉપયોગ તો આઠમે હોય. .. ચોથે, પાંચમે, છઠ્ઠે શુભ હોય, ભગવાન! તને નથી ખબર ભાઈ! આવા શાસ્ત્રના અર્થ ન થાય. આમ આત્માનો સીધો રસ્તો ન મનાય. આહા..હા..! એ ચોથે, પાંચમે, છઠ્ઠે તો શુભ ઉપયોગ છે, શુભજોગ છે તે ધર્મ છે. આપણે આવે છે. શુદ્ધ ઉપયોગ આઠમેસે હોતા હૈ. અહીં કહે છે કે આત્મા જ્યારથી પ્રગટ્યો ત્યારથી એને શુદ્ધ ઉપયોગ જ એનો છે. રાગ એનો છે જ નહિ. સાંભળને માળા! આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! અરે! એની ખાણને ખોલીને મૂકી છે. ભગવાન! આત્મા તો એને કહે છે, ભગવાન! આત્મા તો એને કહે છે અને ભગવાન સંબોધન કરીને પણ આત્માને 'ભગવાન' સંબોધીને ભગવાન કહે છે. તારો લિંગ એટલે ઉપયોગ, એ રાગવાળો ઉપયોગ હોય તે આત્મા જ નહિ. વ્યવહારરત્નત્રયના વિકલ્પવાળો વેપાર તે આત્મા નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? કાંતિભાઈ! ક્યાં ગયા દીપચંદજી? આ બે જણા યાદ આવે

તમારે. આ બે મુનિપણું લેવાના હતા. યહ કાંતિભાઈ! ... મુનિ હોનેવાલા થા, દિગંબર મુનિ. અરે! આ સાંભળીને. ઓય માળા. હેરાન હો જાતા. .. છે હોં. કષાય મંદ હૈ. .. દીપચંદજી ત્યાં મહારાષ્ટ્રમાં દીક્ષા લેવાના હતા. દિંગબર હોં. અરે ભાઈ! દિગંબર દીક્ષા તો ક્યાં રહી, પણ સમ્યગ્દર્શનની દીક્ષા તો કોઈ અલૌકિક છે. ..ચંદજી! આહા..હા..! કહે છે કે જેને સમ્યગ્દર્શનની દીક્ષા પ્રગટી, દીક્ષા લીધી એ આત્માને રાગ અને વ્યવહારવાળો માનતો જ નથી. આહા..હા..! પોપટભાઈ! આ તો ભગવાનની સાથે વાતું છે ભાઈ! ભાઈ! તું આત્મા છો, પ્રભુ! તારામાં શુદ્ધતાના ભંડાર ભર્યા છે અને તારો ઉપયોગ જે છે એ શુદ્ધતાને અવલંબીને જે પ્રગટ થાય તે ઉપયોગવાળો આત્મા કહેવાય. નિમિત્તને અવલંબીને જે પુણ્ય-પાપના વિકલ્પ થાય કે વ્યવહારરત્નત્રય હોય, ચાહે તો ભગવાનની ભક્તિનો રાગ હોય, એ આત્માનો ઉપયોગ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલામો બોલ ચાલે છે આ? દશમો. દશમો.

'જેને...' એટલે આત્માને '**લિંગમાં એટલે કે ઉપયોગ નામના લક્ષણમાં...**' જેને એટલે આત્માને. જાણવા-દેખવાના વેપારના ઉપયોગમાં હોં, જાણવા-દેખવાના ઉપયોગના વેપારમાં. '**ગ્રહણ એટલે કે સૂર્યની માફક ઉપરાગ (-મલિનતા, વિકાર) નથી...**' સૂર્યના કિરણો પ્રકાશમયમાં કોઈ કાલિમા હોઈ શકતી નથી. એમ ચૈતન્ય ભગવાનનું નૂર પૂર પ્રકાશનું એનો ઉપયોગ તો શુદ્ધભાવ તે તેનો ઉપયોગ છે. એના પર્યાયના અસ્તિત્વમાં શુદ્ધ ઉપયોગ તે એની પર્યાયનું અસ્તિત્વ છે. દ્રવ્ય-ગુણ તો છે.. દ્રવ્ય-ગુણ જે ત્રિકાળ શુદ્ધ છે એનો જ્યાં સ્વીકાર થયો, એવો આ સત્તા આવો આત્મા છે એવો સ્વીકાર થયો એટલે એના સ્વીકારમાં પર્યાયના શુદ્ધ ઉપયોગની જ પરિણતિ હોય છે. સમજાય છે કાંઈ? એ શુદ્ધ ઉપયોગ પરિણતિ તે આત્મા. વચમાં રાગાદિ આવે, હો, પણ એ આત્મા નહિ. એ તો જ્ઞાનનું જ્ઞેય છે પરજ્ઞેય. સ્વજ્ઞેયમાં નથી આવતું એ. કર્મભાવ કહ્યું હતુંને સવારે? .. કર્મ.. સ્વ આત્મા કા દ્રવ્ય-ગુણ-પર્યાયમેં નહીં. આહા..હા..! સમજાય છે કાંઈ? ભગવાન આત્માનો ઉપયોગ... મોહનભાઈ આવ્યા છે? ક્યાં છે? અંદર છે. કાલે આવવાના છે? ઠીક. સમજાણું કાંઈ?

જેને આત્માનો, આત્માનો લિંગમાં એટલે ઉપયોગમાં, ઉપયોગ નામ જેના વેપારમાં, જેના વેપારમાં, પરિણામમાં, દશામાં, સૂર્યના કિરણોમાં જેમ કાલિમા નથી, તેમ જેના શુભ-અશુભ પરિણામની મલિનતા નથી. સમજાય છે કાંઈ? એને આત્મા કહીએ, કહે છે. આહા..હા..! '**સૂર્યની માફક ઉપરાગ નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે...**' આહા..હા..! એનો તો શુદ્ધ ઉપયોગરૂપી સ્વભાવ તે જ એનું સ્વરૂપ છે. એમ કહે છે કે ભગવાન! આ વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય. પંચાસ્તિકાયમાં આવે છે. ભગવાન! એ તો નિમિત્તની માન્યતા (કરીશ તો) ભાઈ! તું શેકાઈ જઈશ ત્યાં. સમજાય છે કાંઈ? એ વ્યવહારને જે સાધન કહ્યું છે એ તો એક નિમિત્ત કેવું

હોય એવું અહીંયા જ્ઞાન કરાવ્યું છે. શુદ્ધ ઉપયોગના જ્ઞાનમાં આવું છે એવું જાણ્યું છે. જાણ્યું છે (કે) નિમિત્ત આવી જાતનો હોય, પણ એ આત્માની પર્યાયમાં છે એમ નથી. આહા..હા..! અરે! ભગવાનના દરબારમાં શું છે એની એને ખબર નથી. ભગવાનના દરબારમાં પર્યાયમાં મલિનતા ન હોય એમ કહે છે. આહા..હા..! શોભાલાલજી! આહા..હા..! ભગવાન આત્મા એનો દ્રવ્ય ભગવાન, એના ગુણ ભગવાન, પણ એનો ઉપયોગ ભગવાન. ભગ નામ જ્ઞાનનો વાન લક્ષ્મીવાળો ઉપયોગ. ભગવાન. ભગ એટલે જ્ઞાન અને વાન એટલે વાળો. જેનો શુદ્ધોપયોગવાળો ભાવ છે. રાગ-ભાગનો વિકલ્પ તે એનો નહિ. એનો ઉપયોગ નહિ, એની પર્યાય નહિ, એનો વેપાર નહિ, એના પર્યાયમાં એ નહિ.

અહીં તો એક ન્યાય એવો છે કે શુદ્ધ પરિણતિ છેને એને પણ અહીં શુદ્ધ ઉપયોગ કીધો છે. અનુભવપ્રકાશમાં એક શબ્દ છે કે એનો તો ઉપયોગ નિર્મળ છે, પણ ચારિત્રમોહના નિમિત્તથી જે કાંઈ થાય છે, એને લઈને સવિકલ્પદશા છે, સુખ છે, દુઃખ છે, અવિશ્રામ છે, અ.. છે એમ લખ્યું છે. એ સુવર્ણ શબ્દો લખ્યા છે આ. સમજાણું? છે? અનુભવપ્રકાશ નથી ઓલા મોટા અક્ષરવાળું? આપણે એમ માને છે કે મોટા અક્ષરવાળું છે. એ મૂળ પહેલું હાથ આવ્યું હતું. પહેલું હાથ આવ્યું ૭૮માં. ૬૦ કેટલા વર્ષ થયા? ૪૭ વર્ષ. ૫૦માં ૩ ઓછા. ..

હે ભવ્ય! .. અનુભવપ્રકાશ છે. તું એક બાત સુન. એમાં એક .. કહે હોં. એક .. અનન્ય બાત કહતે હૈં. જો સ્વાનુભવદશા સ્વસમયરૂપ હૈ, શાંતિ વિશ્રામ હૈ, સુરૂપ હૈ, .. ચતુર કો સમભાવે મોક્ષભાવ.. સમ્યક્ સવિકલ્પદશા, સવિકલ્પદશા વસ્તુ ઉપયોગ નિર્મળ હૈ. અહીં વજન છે. ચિહ્ન કર્યું છે. નિર્મળનો અર્થ જ સ્વસ્વરૂપ દશા. ઐસા ઉપયોગ નિર્મળ છે એમ કીધું છે ભાઈ! ઓલા પરિણતીની અપેક્ષાએ. .. સમ્યક્ યથાર્થ કહ્યું છે. સવિકલ્પદશા રાગ ઉત્પન્ન હુઆ દયા, દાન, ભક્તિ આદિ ઐસા. યદ્યપિ .. તથાપિ યહાં ચારિત્ર પરિણામ પરાલંબ .. સવિકલ્પ હૈ. મારે તો આટલું લેવું છે અહીં. ઉપયોગ નિર્મલ હૈ તથાપિ... એમ. બસ એટલી વાત. એટલે એ વિકલ્પ છે અને ઉપયોગ નિર્મળ છે એમ કહ્યું છે. સમજમેં આયા? એનો અર્થ કે વેપાર તો અંદર શુદ્ધ પરિણતિનો જ વેપાર છે. આહા..હા..! સમજાણું?

અહીંયા જુઓ એક સિદ્ધાંત લઈએ કે જો શુદ્ધ ઉપયોગ જ્યારે નથી... આ ઉપયોગ એક વેપાર અને એકકોર રાગનું જે એને ગણવું છતાં આત્મા .. સિદ્ધ થતો નથી. એ શું કહ્યું સમજાય છે? કે રાગની દશામાં આ શુદ્ધ ઉપયોગ જો ન હોય... અહીં તો આત્મા તેને શુદ્ધ ઉપયોગ સ્વભાવી કહ્યો છે. સંકલ્પ કીધો છેને. એટલે કે ચાહે તો વિકલ્પ હો, પણ આત્મા તે પોતાના શુદ્ધ પરિણતિના ઉપયોગવાળો તેને જ આત્મા કહીએ છીએ. એ વખતે પરિણતિ, શુદ્ધ પરિણતિ છે એ શુદ્ધ જ વેપાર છે એનો. રાગનો વેપાર એનો છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવો ભગવાન આત્મા. આહા..હા..!

'**જેને લિંગમાં એટલે કે ઉપયોગ નામના લક્ષણમાં ગ્રહણ એટલે કે સૂર્યના ઉપરાગ (-મલિનતા, વિકાર) નથી. તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે...**' આનો અર્થ આ થયો કે જ્યાં આત્માનો વેપાર અંદર જ્ઞેય પકડીને શુદ્ધ ઉપયોગમાં આચરણરૂપ શુદ્ધનો પરિણમે છે એ તો ઠીક, પણ સદાય શુદ્ધ ઉપયોગી સ્વભાવ તેને આત્મા કહ્યો અહીં તો. ત્યારે જ્યારે શુદ્ધનો ઉપયોગરૂપી વેપાર નથી અને રાગના વિકલ્પમાં સવિકલ્પ ઉપયોગે થઈ ગયો છે તો રાગ નથી એ વખતે? એટલે એ આત્મા શુદ્ધના પરિણમનવાળો તે શુદ્ધ ઉપયોગી આત્મા તેને આત્મા કહીએ. સમજાય છે કાંઈ? એ સવિકલ્પ .. પછી ઘણું લેશે. .. આવી ગયું. એ શલ્ય છે એકાંત.. એ સવિકલ્પનું બહુ વર્ણવ્યું છે હોં! તથાપિ વહાં ચારિત્ર પરિણામ પરાલંબ .. સવિકલ્પ દ્વારા, તે સવિકલ્પદશા દુઃખ હૈ, .. હૈ, શુભભાવ. પુણ્ય-પાપરૂપ કલાઈ હૈ. તલાઈ ક્યા? .. કલાઈ. કલાઈ શબ્દ છે ભાઈ. કલાઈ એટલે આ ઉપરનું તળ.. પીત્તળના ઠામ ઉપર નહોતા કલઈ કરતા પહેલા? એ તો ઉપરની ચીજ છે. અંદર મૂળ ચીજ. કહો, સમજમેં આયા? કલાઈ હૈ, ક્લેશરૂપ કલાઈ હૈ. સમજ મેં આયા?

ભગવાન આત્મા દ્રવ્ય, ગુણ અને શુદ્ધ ઉપયોગ સ્વભાવમાં શુભરાગાદિ તો કલાઈ છે, ઉપરની ચીજ છે. ઉદ્વેગતા હૈ, અસંતુષ્ટ હૈ, અ.. ઐસે વિલાપરૂપ હૈ. આહા..હા..! આપણે તો ઓલો અર્થ સિદ્ધ કરવો છે. બસ એટલો. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા વસ્તુએ ત્રિકાળ શુદ્ધ, એની શક્તિઓ શાશ્વત ત્રિકાળ શુદ્ધ અને એનો અંતર વેપાર વર્તમાન, વર્તમાન શુદ્ધ પરિણતિ તે તેનો વેપાર અને તેને આત્મા કહીએ. એને શુદ્ધ પરિણતિનો વિકારનો મેલ સૂર્યના કિરણની જેમ કાલિમા નથી એમ ભગવાનના શુદ્ધ ઉપયોગમાં કાલિમા, નિર્મળ પરિણામમાં કાલિમા નથી. કાલિમાનો અભાવ છે, અભાવ છે. શુદ્ધભાવની પરિણતિનો સદ્ભાવ છે. એને આત્મા કહેવામાં આવે છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? ઝીણું છે. તમને હજી ઝીણું બહુ પડે હજી. છોકરાઓ ઝીણું સમજે નહિ. .. છે. બધાને સમજાય. આ તો પહેલું એમ કહ્યું. આઠ વર્ષના બાળક આત્મા આઠ વર્ષે કેવળજ્ઞાન પામે છે. આઠ વર્ષની ઉંમરે કેવળજ્ઞાન. સાદિ-અનંત શુદ્ધ. એને અંતર્મુહૂર્તમાં નજર નાખે છૂટકો. આમ નજર પડી અંદરમાં અને જ્યાં ઉછળ્યો, કેવળજ્ઞાન. એવી તાકાતવાળો ભગવાન છે એવી તને પ્રતીત તો આવવી જોઈએને. એને પ્રતીત રાગની અને પરની પ્રતીત આવે છે રાંકાઈની, એવી આની પ્રતીત આવવી જોઈએ. આહા..હા..!

કહે છે, ભારે વર્ણન કર્યું હોં! આ તો થોડો થોડો વિચાર કરતાં-કરતાં વધારે નીકળે છે અંદરથી. આવતા-આવતા. આ તો એમ આવ્યું મગજમાં કે આત્મા શુદ્ધ ઉપયોગ સ્વભાવી છે, એનો જો શુદ્ધ ઉપયોગરૂપી આચરણમાં શુદ્ધ ઉપયોગ લ્યો તો તો કાયમ છે નહિ. તો પછી એ વખતે આત્મા નથી? ભાઈ! પણ એનો અર્થ એ છે કે વસ્તુ અને વસ્તુના ગુણો

શુદ્ધ છે, એની પરિણતિ જે શુદ્ધ છે એને અહીંયા શુદ્ધ ઉપયોગ પરિણમન કહ્યા છે. શુદ્ધ ઉપયોગ એટલે વેપાર. શુદ્ધ વેપારની પરિણતિ તે આત્મા અને શુદ્ધની પરિણતિમાં રાગની પરિણતિનો મેલ એની પરિણતિમાં છે જ નહિ. એટલે રાગ છે તે અણાત્મા છે. ઓહો..હો..! દિગંબર સંતોએ કેવળજ્ઞાનના પેટમાં પેસીને વાતું કરી છે. ઓહો..હો..! અને તે પણ સામાન્ય બેઠો આમ ન્યાયથી. એને બેઠો એ રીતે કે આ તો આ. પણ વસ્તુ પોતે શુદ્ધ છે, ગુણ જેના શુદ્ધ છે. હવે એની પરિણતિ જ્યારે આ તો આત્મા આવો છે એમ કહેવું છે ત્યારે જેણે આત્મા જાણ્યો, એની પરિણતિમાં શુદ્ધતા પરિણતિ તે આત્મા છે. સમજાણું કાંઈ? આહા..હા..! ...

આત્માવલોકનમાં. આત્માવલોકનમાં એક કડી લીધી છે. આત્માવલોકન છે. ઉસમેં હૈ કે મુનિઓ વીતરાગભાવ મુહુ-મુહુ. વારંવાર ઉપદેશ આપે તો વીતરાગ... વીતરાગ... વીતરાગ... ગુરુનું લક્ષણ વર્ણવતા. ગુરુનું લક્ષણ વર્ણવ્યું. વારંવાર એય..! આપણા અહીંયા રામજીભાઈ વકીલ આ કાયદો કાઢીને આપે છેને. .. ચોપડી બતાવવી પડે કે ૧૫ ને ૧૫ = ૩૦ ક્યાં લખ્યા છે. આહા..હા..! ... મુહુ-મુહુ શબ્દ છે. આત્માવલોકન છે દેખો. એ દીપચંદજીએ આત્માવલોકનમાં એક કડી બનાવી છે, શ્લોક બનાવ્યો છે. તો .. યથા ઉપદેશ દેતા હૈ કિ મુહુ-મુહુ વારંવાર વીતરાગ... વીતરાગ... વીતરાગ... વીતરાગ... રાગ કરના કિ રાગ (સે લાભ) ઐસી બાત હી નહીં. .. અધિકાર લ્યો આવ્યું. જીવ અધિકાર.

वियरायं वियरायं, जियस्य णिय ससरुओ वियरायं।
मुहु मुहु गणदि वियरायं, सो गुरुपयं भासादि सिया।।२।।

'**જીવકા નિજસ્વરૂપ વીતરાગ હૈ, ઐસા બારંબાર કહતા હૈ વહી ગુરુ પદવીકો શોભિત હોતા હૈ.**' '**वीतरागं वीतरागं जीवस्य निजस्वरूपो वीतरागं मुहुर्मुहुः गृणनाति कथयति स पुरुष गुरुपदं स्थानं भासति शोभते कथयति स सदा।**' રાગ કરના ઔર રાગ સે લાભ હૈ (ઐસા) કહે વહ ગુરુ નહીં. ...જી! શ્લોક રખા હૈ. આત્માવલોકન હૈ. આત્માવલોકન હૈ. મુહુ-મુહુ શબ્દ છેને. મુહુ-મુહુ એટલે વારંવાર એમ. સંતો, ગુરુઓ, જગતને નિમિત્ત, વિકલ્પ અને અલ્પજ્ઞતા એની ઉપેક્ષા કરાવીને સ્વભાવની અપેક્ષા કરાવે એ વીતરાગનો જ ઉપદેશ આપે છે. સમજમેં આયા? જુઓ, આ શુદ્ધ ઉપયોગ તે વીતરાગભાવ છે. શુદ્ધ ઉપયોગ તે વીતરાગભાવ હૈ. સમ્યગ્દર્શનમાં ચૈતન્ય શુદ્ધ એની પરિણતિ થઈ એ ..ભાવ છે. વસ્તુ વીતરાગસ્વરૂપ, ગુણ વીતરાગસ્વરૂપ, પરિણતિ વીતરાગસ્વરૂપ. તો વીતરાગ... વીતરાગ... વીતરાગ.. માર્ગની વ્યાખ્યા છે. ભગવાન સર્વજ્ઞે વીતરાગ આત્મા કહ્યો છે, ભગવાને સર્વજ્ઞે વીતરાગ પરિણતિને ધર્મ કહ્યો છે. સમજાય છે કાંઈ? આહા..હા..! આ જુઓને. ગૃહસ્થાશ્રમમાં પણ કેટલું કામ કરી ગયા છે. સાધર્મી. .. સાધર્મી છે. સત્ય વસ્તુ હતીને. ત્યાં ગૃહસ્થાશ્રમમાં ક્યાં નડે છે? ગૃહસ્થાશ્રમ એને ઘરે રહ્યો. આહા..હા..!

ધર્માત્માઓ ગુરુ એને શોભે અને ગુરુ એને કહીએ કે જે વીતરાગભાવને કહેવાનો ઉપદેશ આપે. રાગને કહેવું અને રાગને ભોગવવું એ વાત કરે તે ગુરુ નહિ. કોમલચંદજી! બરાબર હૈ? વીતરાગ માર્ગ હૈ કિ નહીં? તો વીતરાગ માર્ગ હૈ તો વીતરાગ માર્ગ કહાં સે આયેગા? કોઈ બહાર સે આતા હૈ? વસ્તુ વીતરાગસ્વરૂપ હૈ, વીતરાગસ્વરૂપ કા અર્થ ક્યા? આત્મા અકષાયરસકંદ હૈ. ચારિત્રસ્વરૂપ હૈ ન આત્મા? ચારિત્ર ત્રિકાલ. જ્ઞાનસ્વરૂપ, દર્શનસ્વરૂપ, ચારિત્રસ્વરૂપ કહો કે વીતરાગસ્વરૂપ કહો. ગુણ હૈ કિ નહીં? તો આત્મા જ્ઞાનસ્વરૂપ, દર્શનસ્વરૂપ, આનંદસ્વરૂપ, વીતરાગસ્વરૂપ, ચારિત્રસ્વરૂપ. તો યહ વીતરાગસ્વરૂપ હી આત્મા હૈ, તો ઉસકી દૃષ્ટિ ઔર જ્ઞાનમેં વીતરાગતા પ્રગટ કરે વહ વીતરાગરૂપી પર્યાય વહી ધર્મ હૈ. એમ મુનિઓ, ગુરુઓ કહે તે ગુરુને લાયક છે. આહા..હા..! સમજાય છે કાંઈ? જુઓને આ તો ... પંચાસ્તિકાયમાં એમ લીધો છેને? શાસ્ત્રતાત્પર્ય વીતરાગભાવ. પંચાસ્તિકાયમેં આખિરમેં શાસ્ત્રતાત્પર્ય. સૂત્ર તાત્પર્ય તો ગાથાદીઠ કહા હુઆ ભાવ વહ સૂત્રતાત્પર્ય હૈ. શાસ્ત્રતાત્પર્ય, ચારેય અનુયોગ કા તાત્પર્ય, ચારેય અનુયોગકા તાત્પર્ય, ચારેય અનુયોગકા તાત્પર્ય વીતરાગભાવ હૈ. ... બતાના હો તો ઉસમેંસે વીતરાગ ભાવ નિકાલના વહી ચીજ હૈ. વ્યવહાર બતાયા તો બતાયા કિ યહ વ્યવહારકા જાનનેવાલા વીતરાગભાવ હૈ યહ બતાના હૈ. સમજમેં આયા? આહા..હા..! આ શુદ્ધોપયોગ પરથી વિચાર જરી લંબાણા. આહા..હા..!

આત્મા શુદ્ધ ઉપયોગ સ્વભાવી છે. ત્યારે એનો અર્થ છે કે જો શુદ્ધ પરિણતિ ન હોય તો તો એ આત્મા નથી. એટલે કે જે પ્રાણી શુભ-અશુભ પરિણામનો સ્વામી થઈને વર્તે છે તે આત્મા નથી. જે આત્મા શુભ-અશુભ પરિણામમાં મારાપણું કરીને વર્તે છે તે આત્મા જ નથી. બરાબર હૈ કિ નહીં? જે આત્મા દ્રવ્ય અને ગુણ વીતરાગભાવે છે એવું એને શુદ્ધ ઉપયોગરૂપી પરિણતિમાં વર્તે છે અને એ શુદ્ધરૂપી પરિણતિ-પર્યાય તે વીતરાગભાવે છે તે આત્મા. રાગ બાકી રહ્યો એનો જાણનારો છે અને આદરવાવાળો નહિ. એને આત્મા કહીએ. ઓહો..હો..! એ વળી .. કીધુંને. પરમાં થાય છે એમ કીધુંને? જાણે છે એનો અર્થ થયો કે આમાં નથી પર્યાયમાં. અદ્ધરથી થાય છે. કર્મધારા હૈ, પણ કર્મધારા જ્ઞાનધારાની પર્યાયમાં નહીં. છ દ્રવ્ય નથી? સમજાણું કાંઈ?

**'આ રીતે આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે...'** .. એલા! પણ જોતો કેવી વાત કરી છે! એ શુદ્ધનું પરિણમન તે જ આત્મા. અશુદ્ધ પરિણમન એ આત્મા નહિ, એ તો અણાત્મા, એ તો રાગ છે, આસ્રવ તત્ત્વ છે. આત્મતત્ત્વ હૈ? દયા, દાન, વ્રત આદિ વિકલ્પ તે આસ્રવતત્ત્વ હૈ કિ આત્મતત્ત્વ હૈ? વહ તો આસ્રવતત્ત્વ આત્મતત્ત્વ હૈ? આત્મતત્ત્વ અને આત્મદ્રવ્ય તો ઉસકો કહીએ કિ જો વસ્તુ શુદ્ધ અને ગુણ શુદ્ધ, એની શુદ્ધ પરિણતિની પર્યાય. ભલે રાગ હો... હો... હો... શરીર સબ હો તો ઉસમેં ક્યા હૈ? અપને મેં રહકર ઉસકો જાનના ઐસી વીતરાગ શુદ્ધ ઉપયોગી પર્યાય તે આત્મા હૈ. આહા..હા..! સમજમેં

આયા?

કહે છે કે એ અલિંગગ્રહણમાંથી આવો અર્થ નીકળે છે. કહા ન? **‘એવા અર્થની પ્રાપ્તિ થાય છે.’** છેને? અલિંગગ્રહણ. એટલે ઐસા અર્થ, ભાવ નીકલતા હૈ. આહા..હા..! અ-લિંગ-ગ્રહણ. લિંગ નામ ઉપયોગ, ઉપયોગ, અ-નહિ, વિકાર નહીં. લિંગ નામ ઉપયોગ એમાં વિકાર નહીં. અકેલા શુદ્ધ ઉપયોગ હૈ એનું નામ અલિંગગ્રહણ. આત્મા ઐસા હૈ. સમજાય છે કાંઈ? સાદી ભાષા તો છે. બહુ કાંઈ એવી નથી. એ .. સાદુ રહ્યુંને. આહા..હા..! ભારે આ ધર્મ. અહીં તો કહે છે, કોઈપણ પ્રાણી-આત્મા ત્રિકાળી દ્રવ્ય અને ગુણ અને પર્યાયને દૃષ્ટિમાં પરિણમાવ્યા વિના એકલો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામને કરે છે તેને અમે આત્મા જ કહેતા નથી. કહો, જુગરાજજી! આત્મા કહેતા નથી. અણાત્મા છે. હવે અણાત્માનું સાધન કર તો ચાર ગતિ મળશે. સમજાય છે કાંઈ? આત્માનું સાધન કર તો શુદ્ધ ઉપયોગ થશે અને મુક્તિ થશે. વ્યવહાર હોય છે, હોય તોપણ એ તો મુક્ત છે. સમ્યગ્દૃષ્ટિ વ્યવહાર સે મુક્ત હૈ. દ્રવ્યમાં રાગ નહીં, ગુણમાં રાગ નહીં, તો પર્યાયમાં રાગ નહીં, તો સમ્યગ્દૃષ્ટિકી પર્યાય મેં વ્યવહાર હૈ હી નહીં. સમજાય છે કાંઈ? આહા..હા..! **‘શુદ્ધોપયોગસ્વભાવી છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.’** બસ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૧૨, ગુરુવાર, તા. ૩૦.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૧૧-૧૨, પ્રવચન-૧૪૨**

પ્રવચનસાર. અલિંગગ્રહણ. ઓહો..હો..! કેટલા અર્થ ઉતાર્યા છે! ૧૦મો બોલ અલિંગગ્રહણનો ચાલ્યોને? શેઠી આવ્યા નથી. એ તો કહે ફરી લ્યો એમ જ કહે. આવી ગયું છે. આ તો વળી .. અહીંયા આવે છેને એનો સિદ્ધાંત. દસમા ઉપયોગમાં એમ કહ્યું કે આત્મા શુદ્ધ ઉપયોગી સ્વભાવી છે. સૂર્યની માફક, સૂર્યના કિરણમાં જેમ મેલ, કાલિમા નથી, એમ ભગવાન આત્માના ઉપયોગમાં શુભ-અશુભ પરિણામ નથી. સમજાય છે કાંઈ? એટલે આત્મા શુદ્ધ ઉપયોગ સ્વભાવી જ છે. ચાહે તો રાગાદિમાં હોય એ એનું સ્વરૂપ જ નથી. એ રાગ કે પુણ્ય-પાપ એનો ભાવ જ નથી, વસ્તુનું વસ્તુપણું નથી. વસ્તુનું વસ્તુપણું એ નથી. એટલે જ્ઞાનાનંદ સ્વભાવ જે આત્મા પુણ્ય-પાપના ભાવરહિત, સૂર્યના કિરણોમાં કાલિમા નથી, એમ ભગવાન આત્માના ઉપયોગમાં શુભાશુભભાવ છે જ નહિ. એ તો શુદ્ધ

ઉપયોગસ્વભાવી જ આત્મા છે. સમજાય છે કાંઈ?

એટલે કહે, જ્યારે શુદ્ધ ઉપયોગ ન વર્તતો હોય અને રાગાદિમાં હોય તોપણ એ શુદ્ધ ઉપયોગ સ્વભાવી જ છે. પોતાની પરિણતિ દ્રવ્ય તરફના વલણવાળી છે એ શુદ્ધ ઉપયોગ સ્વભાવી જ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? કેમકે લક્ષ્ય બાંધ્યું છે લક્ષણે લક્ષમાં. સમજાણું કાંઈ? લક્ષણ જે છે એણે લક્ષ્ય બાંધ્યું છે દ્રવ્યનું. એટલે દ્રવ્યના લક્ષે લક્ષણને લક્ષે બાંધ્યું છે. લક્ષણ જેનું તેનું લક્ષ્ય કર્યું છે. એ સદાય ચાલે છે. ... ઉપયોગ જે છે એ લક્ષણ છે. એ આત્મા તેનું લક્ષ્ય છે. એ ઉપયોગનું લક્ષ્ય રાગાદિમાં છે એ લક્ષ્ય છે જ નહિ. જ્યાં ઉપયોગે જ્ઞાનદર્શનના ઉપયોગે લક્ષ્ય દ્રવ્યનું જાણ્યું, ધ્યેયપણે પકડ્યું પછી એ ઉપયોગ લક્ષ્યમાં જ છે, એ ઉપયોગ રાગાદિમાં નથી. સમજાય છે કાંઈ? '**સૂર્યની માફક ઉપરાગ (-મલિનતા, વિકાર) નથી તે અલિંગગ્રહણ છે;...**' ભગવાન આત્મા શુદ્ધ ઉપયોગસ્વભાવી એને જ આત્મા કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એ દશમો બોલ થયો.

૧૧મો (બોલ) આજે છે. '**લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે પૌદ્ગલિક કર્મનું ગ્રહવું જેને નથી...**' એટલે શું કહે છે? ભગવાન આત્મા જાણવા-દેખવાના ઉપયોગ લક્ષણવાળો છે એવું લક્ષણ વડે કરીને લક્ષ્યને પકડ્યું છે, દ્રવ્ય-સ્વભાવને પકડ્યો છે તેથી તે ઉપયોગ રાગને પકડે અથવા કર્મબંધનનું નિમિત્ત થાય એવો ઉપયોગ છે જ નહિ. આહા..હા..! ધીરેથી સમજવા જેવી વાત છે થોડી. ... કહે છે, '**લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા...**' ઉપયોગ એટલે જાણવું જે એનું લક્ષણ છે એ લક્ષણ તો લક્ષ્યમાં ઉપર ચડ્યું છે. સમજાય છે? એથી એના દ્વારા કર્મનું ગ્રહવું હોતું નથી. શું કહે છે સમજાય છે? આત્મા છે એ વસ્તુ છે ચિદાનંદ, એનું લક્ષણ ઉપયોગ જાણવું. એ જાણવાના લક્ષણ દ્વારા જ્યાં લક્ષ્યને જાણ્યો તેને આત્મા કહીએ. એ આત્માને નવા કર્મ ગ્રહણ થાય એવું એના ઉપયોગમાં છે જ નહિ. કારણ કે લક્ષણનું લક્ષ દ્રવ્ય ઉપર છે. સમજાય છે કાંઈ? આવી ધર્મની રીત કેવી!

વસ્તુ છે સચ્ચિદાનંદ સ્વરૂપ એનું લક્ષણ ઉપયોગ છે. એ ઉપયોગ જ્યારે લક્ષણ છે તો એ લક્ષણ તો લક્ષ્ય-દ્રવ્યનું છે. અને એ લક્ષણને લક્ષ્ય સાથે જોડ્યું છે. ચાહે તો કોઈપણ પરિણામમાં વર્તતો હોય શુભ-અશુભમાં, પણ એનું લક્ષણ તો લક્ષ્ય સાથે જ બંધાયેલું છે. કોનું? ધર્મીનું. અહીં આત્માની વાત ચાલે છે કે નહિ? એને આત્મા કહીએ. સમજાય છે કાંઈ? એને આત્મા જ્ઞેય કહીએ. જ્ઞેય એને કહીએ. આત્મારૂપી જ્ઞેય એને કહીએ કે જેનો ઉપયોગ જ્ઞેય સાથે બંધાયેલ છે એવો જે આત્મા એને કર્મનું ગ્રહણ હોઈ શકે જ નહિ કારણ કે ઉપયોગ પરમાં છે નહિ. પોતાના લક્ષ સિવાય એ ઉપયોગ પરમાં તો છે નહિ એટલે કર્મના ગ્રહણનો સંબંધ આત્માને, આત્મા જાણ્યો એને, આત્મા અનુભવ્યો એને હોતો નથી એમ કહે છે. આહા..હા..! જુગરાજજી! ભારે વાત! આ તો સવારનું આવ્યું છે. સવારમાં

આવ્યું હતુંને શું? જ્ઞાનથી પરિણમન .. એ આવી ગયુંને સવારમાં? સવારમાં હતાને. જ્ઞાનસે પરિણમન રુક જાતા હૈ. હવે આ તો બીજી ઢબે આવ્યું. અહીં એ ઢબે આવ્યું કે ભગવાન આત્મા આ શરીર, કર્મ, રજકણો એ તો પરવસ્તુ રહી. વસ્તુ છે એ ચિદાનંદસ્વરૂપ આત્મા ધ્રુવસ્વરૂપ છે એ લક્ષ્ય છે અને એનું જાણવું-દેખવું જે વેપાર ઉપયોગ છે તે લક્ષણ છે. છે એમ હૈ સમજી લેવું થોડું-થોડું. એ ઉપયોગ લક્ષણ લક્ષ્યનું છે-આત્માનું છે. શેઠી અહીં આવો ત્યાં .. કહો, સમજાય છે કાંઈ? કેટલી વાત વઈ ગઈ લ્યો! શરીરનું કારણ હશે... કહો, સમજાય છે કાંઈ? બેય વાત છે. શરીરનું કારણ હોય, મરડાનું કારણ હોય એમાં શું કરે? મરડો સમજો છોને? શરીરનો રોગ હોય છે. એ ન હોય અને અમથા પ્રમાદમાં રોકાઈ જાય તો એ દોષ કહેવાય.

અહીં કહે છે... આહા..હા..! યાદ કર્યા હતા. ચાલી ગઈ વાત પા કલાક. હવે ગઈ વાત એ. એ ગઈ એ આવે નહિ. હવે અહીંયા ૧૧મો બોલ ચાલે છે આપણે. સમજાણું કાંઈ? **'લિંગ દ્વારા એટલે...'** આ તો શાંતિથી સમજવાની ચીજ છે. આ કોઈ કથા-વાર્તા લૌકિક જેવું નથી. આ તો ભગવાન આત્માની કથા છે. ભાગવત કથા છે આ. ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદસ્વરૂપ. અસ્તિ-સત્તા જ્ઞેય-જ્ઞાનને જાણવા લાયક છે. તો અહીંયા ભગવાન કહે છે કે એ આત્મા કેવો છે? કે એનો જે ઉપયોગ લક્ષણ છે-જાણવું-દેખવું જે લક્ષણ છે એ તો દ્રવ્યનું લક્ષણ સ્વનું છે. તો એ લક્ષણનો લક્ષ્યની સાથે સંબંધ કર્યો છે. તો જ લક્ષણ કહે છે, નહિતર લક્ષણ કહેતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે. અંદરની વાતને ભાષામાં લાવીને ... કરી નાખી. એટલે જ્ઞાન ઉપયોગ-જાણવાનો ઉપયોગ છે જે લક્ષણ છે, એ લક્ષણ છે તે દ્રવ્યના લક્ષે જાય તો જ એને લક્ષણ કહેવાય. રાગ ઉપર જાય તો એ લક્ષણ નથી એટલે એને આત્માનું ભાન નથી, ઉપયોગનું ભાન નથી અને ઉપયોગના સાધ્યરૂપ ધ્રુવ-લક્ષ્ય એનું પણ એને ભાન નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

આત્મા, એને પરમેશ્વર તેને આત્મા કહે છે અથવા આત્માનો ઉપયોગ એટલે કહે છે કે જે ઉપયોગ જાણન... જાણન... જાણન... જાણન... જાણન... જાણન... ભાવ એ પોતાનું દ્રવ્ય જે લક્ષ્ય એનું એ લક્ષણ છે. તો લક્ષણથી લક્ષ્યને પકડ્યું છે તો એ ઉપયોગને કર્મગ્રહણનું નિમિત્તપણું છે જ નહિ. આહા..હા..! અરે! સંતોની કથન પદ્ધતિમાં પણ દ્રવ્યને કેમ પરથી ભિન્ન બતાવે છે. સમજાણું કાંઈ? કહે છે. આપણે કાલે તો ઘણી આવી ગયું છે. ૮ અને ૯માં. અહીં તો **'લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે પૌદ્ગલિક કર્મનું ગ્રહવું જેને નથી...'** નવા કર્મ ગ્રહે એવો એ ઉપયોગ જ નથી. કેમકે ઉપયોગ લક્ષણ છે, જાણવું એ તો લક્ષણ દ્રવ્યનું છે. દ્રવ્ય સાથે સંબંધ કર્યો છે તો ઉપયોગ નામના લક્ષણથી નવું કર્મ આવે છે એમ નથી. એટલે કે ઉપયોગ નામના લક્ષણથી

લક્ષ્યને પકડ્યું તેને કર્મગ્રહણ છે જ નહિ, તેને કર્મસંબંધ નથી, અબદ્ધસ્પૃષ્ટ છે એમ કહે છે લ્યો! આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વસ્તુ છે આનંદકંદ, સચ્ચિદાનંદ, પૂર્ણાનંદ. એનો જે ઉપયોગ-જાણન ઉપયોગ વેપાર છે એ વેપારથી નવા કર્મનું ગ્રહણ થતું નથી. કેમ નથી થતું? કે ઉપયોગ લક્ષણ છે એને તો લક્ષ્ય સાથે સંબંધ છે-દ્રવ્ય સાથે સંબંધ કર્યો છે. તો ઉપયોગથી (કર્મ) ગ્રહણ થાય એમ છે નહિ. એ ઉપયોગ જ્યારે રાગમાં જાય છે, જેનું લક્ષણ નથી એમાં જાય છે, એ તો ઉપયોગ જ નથી. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના ભાવમાં જે ઉપયોગ જતો હતો તે તો ઉપયોગ જ નથી, એ ઉપયોગ જ નથી. આહા..હા..! ઉપયોગ લક્ષણ છે જેનું. એ જાણન-દેખન ઉપયોગ, લક્ષણ જેનું લક્ષ્ય છે તેની સાથે સંબંધ રાખે છે અને એ ઉપયોગથી કર્મનો સંબંધ થતો નથી. કર્મનું ગ્રહણ આત્મામાં છે જ નહિ. આહા..હા..! આત્મા જ્ઞાનાવરણીય... ગોમ્મટસારમાં આઠ કર્મની વાત બધી છેને. એ આ રીતે છે ભાઈ! એક તો તારો ઉપયોગ લક્ષ્યની સાથે સંબંધ નહિ કરતા એ ઉપયોગ ફોગટ જેમાં રાગાદિ નથી, એનું લક્ષણ નથી તો એની સાથે સંબંધ કરે તો રાગ-દ્વેષ થાય અને નવા કર્મ બંધાય. એ તો બધો વ્યવહાર થઈ ગયો આખો. સંસાર ઉભો થયો બધો. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા સમ્યગ્દર્શનમાં જ્યારે આત્માનો ખ્યાલ આવ્યો તો એ ઉપયોગ જાણન ઉપયોગવાળો આત્મા તો ઉપયોગલક્ષણથી તો ભગવાન આત્માનું લક્ષ કર્યું છે. તો એ ઉપયોગથી નવા કર્મનું ગ્રહણ થાય છે એમ છે જ નહિ. તો એને કર્મનો સંબંધ છે જ નહિ. ..ચંદજી! ચોથા ગુણસ્થાનથી કર્મનો સંબંધ નથી એમ કહે છે. રાડ નાખે માણસો તો. અરે! દશમા સુધી, અરે! ચૌદમા સુધી ચાર કર્મનું નિમિત્ત છે. સાંભળ તો ખરો પ્રભુ! એ તો બધી વ્યવહારની વાત છે. પરમાર્થે આત્મા પોતાનો શુદ્ધ ચિદાનંદસ્વભાવ વીતરાગસ્વરૂપ, એ વીતરાગસ્વરૂપ જ આત્મા છે. કષાયભાવ એનું સ્વરૂપ નથી. વીતરાગભાવ એનો ઉપયોગ લક્ષણ એ લક્ષ્યને પકડ્યું તો વીતરાગ ઉપયોગ થઈ ગયો. સમજાણું કાંઈ? આહા..હા..! વીતરાગ ઉપયોગથી અને વીતરાગ લક્ષણથી કર્મ બંધાય છે, એવો કર્મનો સંબંધ છે જ નહિ. સમજાય છે કાંઈ? ભારે માર્ગ બાપા! આહા..હા..!

ભગવાન નિરાળો અંદર ચિદાનંદ કંદ પડ્યો છે. એના લક્ષણે લક્ષ જ્યાં કર્યું ત્યારે લક્ષણ કહેવામાં આવે છે. જાણન-દેખન ઉપયોગ વેપાર ભગવાન આત્માને ધ્યેય બનાવ્યું, કહે છે કે એ ઉપયોગ વડે કર્મ કેવી રીતે ગ્રહણ થાય? એના ઉપયોગમાં દૃષ્ટિ તો લક્ષ્ય-દ્રવ્ય ઉપર છે. દ્રવ્ય તો અબંધ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ઓહો..હો..! દિગંબર સંતોની કથની અલૌકિક વસ્તુ. હથેળીમાં આત્મા બતાવે છે હથેળી. કહે છેને? હથેળીમાં કહે છે કે નહિ? શું કહે છે તમારે? આમ લાવે છે. અમારે તો 'હથેળીમાં' (કહે). એમ કે આગળ દેખાય જેમ દેખાય એમ હાથ કરી શકાય. આહા..હા..! કહે છે ભાઈ! એકવાર સાંભળ તો ખરો.

તારી ચીજનો શું સ્વભાવ! શું મહિમા! ભગવાન આત્મા... ભગવાન અમૃતચંદ્રાચાર્ય મહારાજ. અલિંગગ્રહણ ઓહો..હો..! દિગંબર મુનિ ભરતક્ષેત્રમાં વિચરે છે. ... એવા ટીકાકાર. એટલી ક્ષયોપશમની હદ કે જેના એક એક શબ્દમાં આખો આત્મા અને એનો ઉપયોગ સિદ્ધ કરીને કર્મનો સંબંધ એને છે નહિ. અત્યારે છે નહિ. આહા..હા..! વર્તમાનમાં છે નહિ. સંબંધ રહ્યો એ તો જ્ઞાનનું જ્ઞેય રહી ગયું. સમજાણું કાંઈ?

ભગવાન! વ્યવહારવાળા માણસને આ વાત બેસવી કઠણ પડે. આમ બધી એની દૃષ્ટિ બહારમાં છેને. અંતર આત્મા, અંતર આત્મારામ વસ્તુ અખંડ વીતરાગભાવ વસ્તુ એનો ઉપયોગ લક્ષણ, લક્ષણ જેનું છે. એ લક્ષણથી લક્ષ કર્યું એને જ લક્ષણ કહેવામાં આવે છે. લક્ષણથી લક્ષ ગયું લક્ષ્યમાં તો લક્ષણ કહેવામાં આવે છે. આહા..હા..! એ લક્ષણથી પોતાનું લક્ષ છોડી દીધું અને રાગમાં .. એ તો લક્ષણ પણ રહ્યું નથી. સમજાણું કાંઈ? લિંગ વડે એટલે? એટલેનો અર્થ અર્થાત હોયને તમારે? અર્થાત્ થાય છે. ઉપયોગ નામના લક્ષણ વડે એટલે ગ્રહણ નામ પૌદ્ગલિક કર્મનું ગ્રહણ જેને નથી. ઓહો..હો..! .. એમ આવે છેને પ્રવચનસારમાં ભાઈ, નહિ? જ્ઞાન અને દર્શન ઉપયોગ અને એના બે પ્રકાર શુભાશુભ અને શુદ્ધ. એમ લીધું છે ત્યાં. ઉપયોગથી ત્યાં લીધું છે કર્તા. એને ઠેકાણે પાછું ... જોડી દીધો શુભાશુભમાં... સમજાણું? એ તો પ્રવચનસારમાં છે. આહા..!

અહીં તો ઉપયોગ એને કહીએ જે પર તરફથી ખસી, હઠી અને જેનું એ લક્ષણ છે તેને પકડ્યું છે ત્યારે તેને લક્ષણ કહીએ. સમજાય છે કાંઈ? એવો ભગવાન આત્મા ઉપયોગથી પોતાના સ્વરૂપને લક્ષમાં લીધું, લક્ષ કર્યું, કર્મગ્રહણ છે જ નહિ. કર્મનો સંબંધ છે જ નહિ. ભગવાન આત્મા કર્મના બંધરહિત, અસંબંધસહિત છે. અમરચંદજી! લ્યો હવે આ કહે દશમે ગુણસ્થાન સુધી છે, ચૌદમા સુધી છે. છે સાંભળ તો ખરો. એ તો બધું વ્યવહારનું જ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ? વાદવિવાદે પાર પડે એવું નથી વસ્તુ એવી છે. 'સદ્ગુરુ કહે સહજકા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' આ વાદ આ તો ચીજ એવી છે એમાં વાદવિવાદ કેવો? સમજાણું કાંઈ?

ભગવાન ત્રણ લોકનો નાથ ચૈતન્યમૂર્તિ પ્રભુ, કહે છે કે એનો જે ઉપયોગ નામનો વેપાર છે એને અમે વેપાર કહીએ છીએ કે જેનાથી કર્મગ્રહણ ન હોય. એનો અર્થ શું? સુનો વાત. સમજાય છે કાંઈ? ઝીણું પડે છેને થોડું.. બબ્બે-ચાર-ચાર વાર આવે છે વાત. જ્યારે પ્રશ્ન ઉઠ્યો. ઉઠ્યો સવારમાં પહેલા કે તો પછી આ રાગાદિમાં લક્ષણ જાય અને શુદ્ધ ઉપયોગ વર્તતો નથી ત્યારે એને લક્ષણ નથી? એ લક્ષણ સદાય છે એને. શુદ્ધ પરિણતિએ લક્ષ્યને પકડીને શુદ્ધ પરિણતિ થઈ છે, એ ઉપયોગમાં રાગાદિ હોય તો એ એની ચીજ જ નથી. એ એની ચીજ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિમાં ઉપયોગ જ્યારે રાગાદિમાં જાય છે, શુભાશુભ સવિકલ્પ ઉપયોગ હોય છે,

ત્યારે તેને ઉપયોગ તરફ અંતરમાં લક્ષ હોતું નથી. .. એમાં એ આચરણ ઉપયોગરૂપ રહે ત્યાં વર્તે, પણ મૂળ લક્ષણનો ઉપયોગ તો અંતરમાં પડ્યો છે લક્ષ્યમાં એ ખસતો નથી. સમજાણું કાંઈ? એ લક્ષણ વડે જ્યારે લક્ષ્યને પકડ્યું, કર્મનો સંબંધ છે જ નહિ. સમ્યગ્દષ્ટિને કર્મનો સંબંધ છે જ નહિ. આ ઉપયોગને કર્મનો સંબંધ નથી. તો ઉપયોગ વડે આત્માને પણ કર્મસંબંધ છે નહિ અથવા ઉપયોગ એનું લક્ષણ છે એવા લક્ષ્યને પકડ્યું તો ઉપયોગવાન ધર્મીને કર્મનો સંબંધ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જરી વિષય ઝીણો છે આજ થોડો. થોડો ઝીણો છે. બહુ એવું ઝીણું નથી પાછું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. વાત તો એવી છે. સૂર્ય જેવી વાત છે.

ઉપયોગનું લક્ષ ક્યાં છે? સમજાણું કાંઈ? ધર્મીનું અથવા આત્માના ઉપયોગનું લક્ષ ક્યાં છે? દ્રવ્ય ઉપર છે. જેનું લક્ષણ છે એના ઉપર લક્ષ છે. કયા કારણે? આત્મામાં જે ઉપયોગ છે તેનો, કર્મગ્રહણનો સંબંધ ઉપયોગ (સાથે) છે જ નહિ. દ્રવ્યને તો છે જ નહિ, ગુણને નથી, જે ઉપયોગ નામના ભાવ અને લક્ષણને કર્મનો સંબંધ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? દ્રવ્ય વસ્તુ જે છે તેને તો કર્મનો સંબંધ જ નથી. સમજાણું કાંઈ? ગુણ જે ત્રિકાળ છે એને તો કર્મનો સંબંધ છે જ નહિ. હવે પર્યાયમાં જે ઉપયોગ છે એ ઉપયોગ તો લક્ષ કરે છે જેનું લક્ષણ છે એનું લક્ષ કર્યું છે. તો પર્યાયમાં-ઉપયોગમાં કર્મનો સંબંધ એને છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ડાલચંદજી! એવી ચીજ છે. વાદવિવાદ કેટલાક કરે, આમ છે. તેમ છે. કરો બાપા કરો ભાઈ! એ વસ્તુ તો એવી છે. તારી દષ્ટિમાં એ બેસે ત્યારે આત્મા અને ઉપયોગ બેઠા કહેવાય. આહા..હા..! સમજાણું કાંઈ?

'**લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે પૌદ્ગલિક કર્મનું ગ્રહવું...**' ઓહો..હો..! દર્શનમોહનું ગ્રહણ નહિ એ ઠીક, પણ કોઈ કર્મનું ગ્રહણ નહિ? સમજાણું કાંઈ? પ્રશ્ન તો એ છે કે નહિ? પણ દર્શનમોહનો ગ્રહણ પણ ચારિત્રમોહ...? નથી, ભગવાન! ઉપયોગમાં ચારિત્રમોહ છે જ નહિ. ઉપયોગ તો જે જ્ઞાનનો ઉપયોગ છે લક્ષણ એ તો લક્ષ્યમાં પડ્યું છે, અંદરમાં ધ્યેયમાં પડ્યું છે. સમજાણું કાંઈ? એ ઉપયોગમાં ચારિત્રનો દોષ જ નથી. એ તો નિર્મળ ઉપયોગ છે. સમજાણું કાંઈ? એ ઉપયોગની સાથે જડકર્મનો નિમિત્ત સંબંધ છે જ નહિ. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એને છે જ નહિ. ઓહો..હો..! સમજાય છે કાંઈ? આહા..હા..!

'**આ રીતે...**' જોયુંને! '**ગ્રહવું જેને નથી...**' એમ છેને? જેને એટલે આત્માને. આ ઉપયોગના લક્ષણને કારણે એમ. '**જેને નથી તે અલિંગગ્રહણ છે;...**' અહીં આત્માની વાત છેને ભાઈ! શું કહ્યું સમજ્યા? ઉપયોગમાં નથી એમ નહિ, જેને નથી ને (એટલે) આત્માને. જેમાં ઉપયોગ જાણવા-દેખવાના લક્ષણવાળો એવો જે ઉપયોગ પોતાના દ્રવ્યના

લક્ષમાં પડ્યો છે તે આત્માને ઉપયોગમાં કર્મનો સંબંધ છે જ નહિ. જેને એટલે આત્માને કર્મનું ગ્રહવું છે જ નહિ. સમજાણું કાંઈ? ઉપયોગ વડે ગ્રહવું નથી તો આત્માને ગ્રહણ છે જ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

**'આ રીતે આત્મા દ્રવ્યકર્મથી અસંયુક્ત છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** અલિંગગ્રહણમાંથી એવો અર્થ નીકળે છે, એમ કહે છે. અલિંગગ્રહણમાંથી લિંગ નામ ઉપયોગ જેનું લક્ષણ છે એવો જે ભગવાન લક્ષ્ય તેને ઉપયોગ નામના લક્ષણથી કર્મનું ગ્રહણ નથી, તો આત્માને કર્મનું ગ્રહણ નથી, એવું અલિંગગ્રહણમાંથી અર્થ નીકળે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ધીમે ધીમે સમજાય એટલે એમ નહિ કે સમજવું જ જોઈએ. જેવું છે એવું સમજવું. વિશેષ ભલે સમજાય નહિ બીજી કોઈ અમુક વાત, પણ જેવી વાત છે એ તો બરાબર સમજમાં આવવી જોઈએ. સમજાણું કાંઈ? ચાહે તો શાસ્ત્રની અનેક પ્રકારની વાતું કરે અને આ તે. હોય, એમાં વ્યવહાર. વસ્તુમાં તો આ ઉપયોગલક્ષણવાળો ભગવાન જ્યાં પક્કડમાં આવ્યો, તો કહે છે કે ઉપયોગમાં જેમ (કર્મ) ગ્રહણ નથી તો આત્માને કર્મનો સંબંધ છે જ નહિ. એવી વાત છે કે નહિ? પંડિતજી! ચિરંજીવી ભાઈ! આ ચિરંજીવી આત્મા છે. ત્રિકાળ ચિદાનંદ ઉપયોગ લક્ષણ **'उवओगलक्खणो णिच्चं... सव्वणु णाण दिठ्ठो..'** આહા..હા..! એ સમયસારમાં આવે છેને ૨૪મી ગાથા. **'सव्वणु णाण दिठ्ठो..'** સર્વજ્ઞ ભગવાને જોયું છે નિત્ય ઉપયોગ ભગવાન. નિત્ય ઉપયોગ ભગવાન રાગરૂપ કેમ થઈ શકે? નિત્ય ઉપયોગ ભગવાન રાગ(રૂપ) કેમ થઈ શકે? પુણ્ય-પાપ(રૂપ) કેમ થાય? નિત્ય ઉપયોગ લક્ષણવાળો ભગવાન છે રાગ(રૂપ) કેમ થઈ શકે? એમ કહે છે. ત્યાં જીવ અધિકાર છેને? જીવ અધિકાર છેને. ૨૪ ગાથા. આહા..હા..! જીવ અધિકાર છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ જીવ જ છે. એમાં રાગ કેવો? આહા..હા..! આ તો રાગ તો નહિ... પણ આ તો બધા કંઈક ખેંચી લાવ્યા છે. ... ખોટું છે. આવ્યું તો નથી ત્યાં બહારમાંથી... કાંઈ, પણ આમ... આ બીડીયું અમારી, તમાકુ અમારા, આ મકાન અમારા, આ શું કહેવાય? મોટરું અમારી. આ શું કહેવાય તમારે? કારખાના અમારા. એય..! પોપટભાઈ! ફેક્ટરી. કોક તો એમ કહેતા હતા. ઓલામાં ત્યાં છેને ઓલા? .. ચલાવે છે. આ મકાનમાં. .. નીકળેને અંદરથી .. આપણે કામ આવશે મજુરને. મકાન છેને આગમ મંદિર. આપણે આગમ મંદિર ઓલીકોર છેને. .. જેવું. વસ્તુ એવી છે. ફેક્ટરી. અહીં તો આગમની ફેક્ટરી છે. અહીં ક્યાં... ... એક આગમની ફેક્ટરી નવી બની છે. ડાલચંદજી એ કહ્યુંને, સમયસાર આદિ. આરસપહાણ. આરસપહાણ કહે છે કે સંગેમરમર? આરસનો પથરો.. ૮૦ બાય ૪૦નું મકાન મુંબઈ તરફથી બને છે. એ પૂરું ત્યાં થાય પછી આવશે. કરશે તો .. ૮૦ બાય ૪૦. ૮૦ આટલો લાંબો અને ૪૦ આટલો (પહોળો). બધા શાસ્ત્ર સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય.

વગેરે. ઓલું અષ્ટપાહુડ કેમ બહાર પડતું નથી? એમ પ્રશ્ન થયો. હિંમતભાઈ નથી કરતા. કહેતા. ડાલચંદજી કહેતા હતા. એ .. જે કરે એ. ઓહો..હો..!

આ સાધકસાર, અષ્ટ કર્મનો સાર. ભગવાન આત્મા એમાં કર્મ છે નહિ. આહા..હા..! એવી રીતે કોણ કબુલે? એ આત્મા કબુલે. આહા..હા..! સમજાણું કાંઈ? મને કર્મનો સંબંધ નથી કોણ કરે? કોણ માને? ઉપયોગ જ્ઞાનાનંદસ્વરૂપ, ઉપયોગ જ્ઞાનસ્વરૂપ પોતાના લક્ષે ત્યાં છે એ દ્રવ્યમાં કર્મનો સંબંધ નથી અને એના ઉપયોગમાં પણ કર્મનું ગ્રહણ નથી. આહા..હા..! આત્માનું જ્ઞેય એવું છે. આત્મા જ્ઞેય છેને અહીંયા. જ્ઞેયતત્ત્વ છે કે નહિ? જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન. તો આત્મા જ્ઞેય એવો છે કે એના ઉપયોગથી કર્મગ્રહણ થાય એવો એનો ઉપયોગ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા. જ્ઞેય તો બધા જ્ઞેય છેને? દ્રવ્ય જ્ઞેય છે, ગુણ જ્ઞેય છે, પર્યાય જ્ઞેય છે. બધા જ્ઞેય છે કે નહિ? આત્માનો જાણન ઉપયોગ જે જ્ઞેય છે તે જ્ઞેયનો એવો સ્વભાવ છે કે કર્મગ્રહણનો સંબંધ કરે એવો સ્વભાવ જ નથી. ભારે વાત ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો એટલું થયું. ૧૧ થયો. ૧૧ બોલ થયા.

હવે બારમો. ઓલા જુગલકિશોર કહે કે અબદ્ધસ્પૃષ્ટ આત્મા? તો બદ્ધસ્પૃષ્ટ ક્યાં ગયું? એવી તકરાર કરે છે. જુગલકિશોરજી છેને મુખત્યાર. ... ૧૦ની સાલમાં લેખ આવ્યો હતો. ખબર નહિ બિચારાને. ...અમે લાઠી હતા. ત્યાં આવ્યા કહે, અબદ્ધસ્પૃષ્ટ જો આત્મા પાંચ બોલ કહે છે ૧૫મી ગાથામાં તો ત્રણ બોલ છે. પાંચ બોલ ક્યાં રહ્યા? તમે સર્વથા અબદ્ધસ્પૃષ્ટ કહો તો આખું બદ્ધસ્પૃષ્ટ ક્યાં ગયું? અરે સાંભળ તો ખરો ભગવાન! ભાઈ! એ બહારની પંડિતાઈ ઉપર તો પાણી ફરી જાય છે અહીં તો. એ આવે છે હોં! સમ્યગ્જ્ઞાન દીપિકામાં. સમ્યગ્જ્ઞાન દીપિકામાં એ ક્ષુલ્લક બ્રહ્મચારી થયા ધર્મદાસક્ષુલ્લક. એ કહે જ્યારે આત્મા સમ્રમ થઈ જાય છે તો પંડિતાઈ ઉપર પાણી ફરી જાય છે. હું આત્મા જ્ઞાન ઉપયોગ સંપન્ન પરમાત્મા હું છું. એવા જે ઉપયોગથી, પરથી ભિન્ન થઈને પોતાનો પત્તો ખાધો તો છ દ્રવ્યથી આત્મા ભિન્ન થઈ ગયો. સાતમો થઈ ગયો. છમાં રહેતા છતાં, છમાં રહેતા છતાં કંઈ સાતમું દ્રવ્ય નથી. પણ છ દ્રવ્યમાં રહેતા છતાં, એકકોર છ દ્રવ્ય જ્ઞેય અને એકકોર જ્ઞાતાદ્રવ્ય એકલું. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા તો એને અબદ્ધ કેમ કહ્યું? માટે બીજી ચીજ છે એમાં. અરે શું છે, સાંભળ તો ખરો. બદ્ધસ્પૃષ્ટ તો વ્યવહારનયનો વિષય જાણવાલાયક એ કહ્યો. આદરવાલાયક તો આ એક જ ચીજ છે. સમજાણું કાંઈ? અને આત્મા અબદ્ધસ્પૃષ્ટ અને ઉપયોગથી કર્મ સાથે સંયુક્ત નથી. એવું જ્યાં ભાન થયું તો થોડો જે રાગ રહ્યો અને સંયુક્ત છે એને જ્ઞાનમાં જ્ઞેય આવું છે એવું જ્ઞાન થયું. પોતાની પર્યાયમાં છે એમ નથી. પર છે એવું જ્ઞાનમાં જ્ઞેયનું જ્ઞાન થયું. એવો સ્વ રૂપી જ્ઞેય એવો જ્ઞેય છે. સમજાણું કાંઈ? આહા..હા..! બહુ પ્રકાર લીધો. હજી હમણા લીધું. એ પાછું પહેલામાં લખાણમાં હતુંને. સામાવાળાએ નાખ્યું છે એમાં બીજા પંડિતોએ. જુઓ, જુગલકિશોર પણ કાનજીસ્વામીનો

વિરોધ કરે છે. ભાઈ! અમારો તો કોઈ વિરોધ કરતા જ નથી. સમજાણું કાંઈ? અહીં વિરોધ છે જ નહિ. વિરોધ કોઈ કરી શકતા જ નથી. કોણ વિરોધ કરે? એની દૃષ્ટિમાં ન બેસે તો એનો વિરોધ કરે છે. જુગલકિશોર જેવા પણ એમ કહેતા હતા. હવે ભાઈ! જુગલકિશોર એટલે કોણ? ભગવાન આત્મા એવો છે એનો ખ્યાલ નથી અને ભાન નથી, એ ચાહે તે કહે એ વસ્તુનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? શું કહે છે અહીંયા? જુઓ.

**'આત્મા દ્રવ્યકર્મથી અસંયુક્ત છે...'** જેને નથી તે અલિંગગ્રહણ આત્મા દ્રવ્યકર્મથી અસંયુક્ત છે. એક શબ્દ નથી લીધો અહીંયાથી. ધર્મચંદજી! શું કહ્યું જુઓ, અસંયુક્ત છે તો એટલી વાત ચાલે છે એવો જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય, એવો ને તેવો. એ બધી વ્યવહાર નિમિત્ત-નૈમિત્તિક સંબંધની વ્યવહાર વાત કરે છે. દૃષ્ટિમાં જ્યાં આત્માનો અનુભવ થયો, સંબંધ રહ્યો તે જ્ઞાનના પરજ્ઞેય તરીકે રહી ગયો. પોતાની પર્યાયમાં છે એમ નથી. અરે ભગવાન! શું કરે? સમજાય છે કાંઈ? જેને નથી એવો ભગવાન આત્મા **'દ્રવ્યકર્મથી અસયુંક્ત છે એવા અર્થની પ્રાપ્તિ** અલિંગગ્રહણમાંથી થાય છે.'

બારમો બોલ. '(૧૨) **જેને લિંગો દ્વારા એટલે કે ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ઉપભોગ નથી...'** ઓહો..હો..! જુઓ તો ખરા! ભગવાન આત્મા, તેને ભગવાન આત્મા કહે છે કે જેને રાગ અને રાગનું કરવું અને રાગનું ભોગવવું વસ્તુમાં છે જ નહિ. સમ્યગ્દૃષ્ટિને વિષયનો ભોગ છે જ નહિ. આહા..હા..! કેમકે દૃષ્ટિ આત્મા ઉપર પડી છે અને એ આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે. રાગ પણ નથી તો રાગનું કરવું અને રાગની અશુદ્ધતા, રાગની અશુદ્ધતા પર્યાયમાં નથી તો રાગનું થવું અને રાગનો અનુભવ થવો આત્માની પર્યાયમાં નથી, તો સમકિતીને પણ નથી. સમજાણું કાંઈ? ભારે વાત! ઓહો..હો..! જંગલમાં આ જ્યારે ચાલતું હશે અમૃતચંદ્રાચાર્યને. નગ્નમુનિ દિગંબરમુનિ જંગલમાં સિંહની જેમ સિદ્ધ સાથે વાતું કરતા હતા. કહે છે કે ભગવાન આત્મા એને અમે કહીએ છીએ કે જે આત્માને સમજાણું કાંઈ? લિંગ દ્વારા નામ ઇન્દ્રિય દ્વારા વિષયોમાં ઉપભોગ નથી. ઇન્દ્રિયો પર, ખંડ ઇન્દ્રિય પર, જડ ઇન્દ્રિય પર. પોતાના અસ્તિત્વમાં નથી. તો એનો રાગ એને ભોગવવો અને એનું કરવું આત્મામાં ક્યાંથી આવ્યું? આહા..હા..! સમજાણું કાંઈ? એ છન્નું હજાર સ્ત્રીમાં પડ્યો સમકિતી. ઇન્દ્રિયનો ભોગ એને છે જ નહિ એમ કહે છે. ભગવાનજીભાઈ! આ તો અજર પ્યાલાની વાતું છે. અણિન્દ્રિય ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ એવો જ્યાં દૃષ્ટિમાં આવ્યો, તો અતીન્દ્રિય આનંદનો ભોક્તા તે વિષયનો ભોક્તા છે જ નહિ. સમજાણું કાંઈ?

**'જેને લિંગો દ્વારા...'** લિંગો વડે. આ કાન વડે કે ખંડ ઇન્દ્રિય વડે સાંભળવાનો રાગ અને ભોગ છે જ નહિ, આંખ વડે રૂપ જોવું, ઇન્દ્રિય વડે આ ઠીક છે એવો રાગ થવો, રાગનો અનુભવ આત્મામાં છે જ નહિ. (તો) આત્માની દૃષ્ટિવંતને પણ છે જ નહિ.

આત્માને છે નહિ એનો અર્થ એ થયો. આહા..હા..! ભગવાન આત્મા પોતાની પર્યાયમાં દ્રવ્યના લક્ષે જે શુદ્ધ પરિણમન થયું તો શુદ્ધ પરિણમનનો જ એ કર્તા અને શુદ્ધ પરિણમનનો ભોક્તા એ પણ ભેદ પાડીને કહેવું ઉપચારથી કહેવામાં આવે છે. આહા..હા..! એમ પાંચ ઇન્દ્રિયો વડે ભોગ. ઇન્દ્રિય છે જ નહિ એમાં. એના અસ્તિત્વમાં છે જ નહિ. અસ્તિ સત્તામાં છે જ નહિને. ખંડ ઇન્દ્રિય-ભાવેન્દ્રિય એની સત્તામાં છે જ નહિ. સત્તામાં નથી તો એનો ભોક્તા આત્માને કેમ કહો? સમજાય છે કાંઈ? ભગવાનજીભાઈ! આવી વાતું કોક દિ' સાંભળવા મળે હોં! આહા..હા..!

આત્મા આત્મારૂપે થઈને જ્યાં થયો, એ આત્મા તો એનું નામ છે કે અણિન્દ્રિય આનંદકંદ પ્રભુ એવું જ્યાં લક્ષણ લક્ષમાં લઈને દૃષ્ટિ થઈ તો કહે છે કે આત્માને, એવા આત્માને ઇન્દ્રિયના વિષયને ભોગવવું છે જ નહિ. એનો અર્થ એમ છે કે જ્યાં સુધી ઇન્દ્રિયના સંબંધમાં છે તો એ ભોક્તા છે એમ નથી. આ એવો અર્થ કરે છે ભાઈ ઓલામાં. ૭૨ ગાથામાં આવે છેને. સવારમાં. ૧૭૨. સમયસાર. ૧૭૨. ત્યાં એમ આવે છેને. ત્યાં એ લોકો એવા ઊંધા અર્થ કરે છે કે જુઓ એમાં તો એમ કહ્યું છે કે ધર્મી તો આસ્રવોથી નિવૃત્ત હોય છે. જો આસ્રવથી નિવૃત્ત ન થયા તો એ જ્ઞાની જ નથી. એનો અર્થ શું? તને ખબર નથી એનો અર્થ. ૧૭૨ ગાથા ચાલે છેને એમાં એવો અર્થ છે.

અહીં તો એમ કહે છે કે જે જ્ઞાન છે એ પોતામાં લાગેલું છે. તો જ્ઞાનમાં પુણ્ય-પાપના આસ્રવનો અભાવ છે. અભિપ્રાય આસ્રવથી નિવર્તે નહિ અને આસ્રવ ઉપર અભિપ્રાય છે, તો જ્ઞાન જ નથી. સમજાણું કાંઈ? અહીં તો એમ કહે છે કે જ્ઞાન એને કહેવું કે જે આસ્રવથી નિવૃત્ત થાય છે. એનો અર્થ શું? પુણ્ય-પાપનો વિકલ્પ જે થાય છે એનાથી ઉપયોગ હઠી જાય છે, જ્ઞાન એનાથી હઠી જાય છે, ભેદજ્ઞાન થાય છે. ભેદજ્ઞાન થયું તો પોતાનું જ્ઞાન પોતામાં વર્તે છે. એ જ્ઞાનમાં પરમાં વર્તતું નથી. પોતાનું માનીને વર્તતો નથી તે આસ્રવથી નિવૃત્ત થયો. સમજાણું કાંઈ? આહા..હા..! આ વજન છેને? હવે ક્યાં છે? એનું અસ્તિત્વ શું છે? આત્માનું અસ્તિત્વ દ્રવ્ય-ગુણ-પર્યાય એની તો તને ખબર નથી. એના આત્માનું દ્રવ્ય, એનો ગુણ અને પર્યાયનું હોવું કેવું છે એની તો તને ખબર નથી અને તું કહે છે કે આ વિષયનો ભોક્તા છે. એ ક્યાંથી લાવ્યો? સમજાણું કાંઈ? ઝીણું છે. પોપટભાઈ! સમજાય એવું છે? હા પાડશે.

કહે છે કે ભગવાન! તું આત્મા છોને. આત્મા એટલે શું? આત્મા એટલે અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ. એવું જ્યાં દૃષ્ટિમાં આવ્યું, ઇન્દ્રિયનો વિષય ભોગ આત્માને હોતો જ નથી, સમ્યગ્દૃષ્ટિને હોતો નથી. સમજાણું કાંઈ? કેમકે દૃષ્ટિમાં તો ભગવાન વર્તે છે. ધર્મીની દૃષ્ટિમાં તો આત્મા વર્તે છે. ઇન્દ્રિયનો વિષય વર્તતો નથી. આહા..હા..! ચૈતન્ય મહાધામ ભગવાન, અજર અમર અવિનાશી પરમાત્મા પોતે. એવી જ્યાં દૃષ્ટિ આત્માની

થઈ તો એને આત્મા કહે છે. તેને આત્મા કહે છે. એ આત્મા છે તેને ઇન્દ્રિય વડે ગ્રહણ... શું આત્મા વડે આનંદનો અનુભવ છે? કે ઇન્દ્રિય વડે આત્મા ભોક્તા છે એ ત્રણ કાળમાં બનતું નથી. ઇન્દ્રિય વડે ભોક્તા છું એમ માને તે અણાત્મા છે. પર વડે? પર વડે? જડ વડે? પર તો તારામાં છે નહિ તો કેમ માન્યું પર વડે તેં? સમજાણું કાંઈ? અજર અમરનો ખેલ છે આ. સમજાણું કાંઈ?

આત્મા એને કહે છે ભગવાન કે જેની પર્યાયમાં લક્ષ તો ભગવાન સાથે બંધાણું છે દ્રવ્ય સાથે. વિષયનો ભોગ, વિષયનો સંબંધ એના અસ્તિત્વમાં નથી. સમજાણું કાંઈ? કહે છે કે વિષયનું ઇન્દ્રિય વડે ગ્રહણ, ઇન્દ્રિય વડે ભોગ, ઇન્દ્રિય વડે ઉપભોગ, ઇન્દ્રિય વડે વાસનાનું વેદન છે જ નહિને. ઓહો..હો..! ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વભાવથી આત્મા સિવાય કોઈ (બીજો) આત્મા નથી. એ ભાવ અને ઇન્દ્રિય ક્યાં છે એને કે જે રાગ વડે કે ઇન્દ્રિય વડે વેદન થાય? એ એમાં છે જ નહિ તો એ વડે કેમ થાય? સમજાણું કાંઈ? એમાં છે તો જ્ઞાન વડે, આનંદ વડે આનંદનો ભોક્તા છે. આહા..હા..! આ ચોથા ગુણસ્થાનથી વાત ચાલે છે. આ કોઈ પાંચમા, આઠમા, દશમા અને ફલાણા એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ નિર્મળ દ્રવ્ય ઉપર પડી છે. પરિણમન દ્રવ્ય ઉપર પડ્યું (કે) હું શુદ્ધ ચિદાનંદ છું. તો તે ઇન્દ્રિયને સ્પર્શતો જ નથી, ઇન્દ્રિયને અડતો જ નથી. અજ્ઞાની પણ ઇન્દ્રિયને અડતો નથી, પણ ઇન્દ્રિય ઉપર લક્ષ રાખીને રાગ આવે છે, રાગનો ભોક્તા છે, મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્માથી ભિન્ન ઇન્દ્રિય એના અસ્તિત્વ ઉપર દૃષ્ટિ રાખીને રાગ ઉત્પન્ન કરીને રાગનો કર્તા થાય છે એના અસ્તિત્વમાં નથી અને કર્તા થાય છે. એ એકત્વ થાય, લ્યો એનો અર્થ એ છે. રાગ એમાં નથી અને કર્તા થાય છે તો એકત્વ થાય છે અને રાગનો અનુભવ કરે છે. એ તો અણાત્મા છે. સમજાણું કાંઈ? કાંતિભાઈ! આ એવો આત્મા સાંભળ્યો નથી. દિલ્હીમાં છે ત્યાં? આત્મા તો બધે ઠેકાણે એવો છે. આહા..હા..! સમજ્યા વિના પડી જાય છેને, પછી હોળીમાંથી નીકળવું કઠણ પડે. દ્રવ્યલિંગી. કુંદકુંદાચાર્ય કહે છે. કુંદકુંદાચાર્ય નયાચારમાં કહે છે, મારા દુશ્મનને પણ કુલિંગ ન હો. ડાલચંદજી! કુંદકુંદાચાર્ય. અરે! મારા દુશ્મનને પણ કુલિંગ ન હો. કેમકે કુલિંગ જો પકડી લીધું તો એનાથી છૂટવું ભારે મુશ્કેલ છે. ચારેકોર દૃષ્ટિમાંથી એમ પકડી લીધું. કહે છે કે મહારાજ! તમે આવા છો... તમે આવા છો... તમને આ ન ખપે, તમને આ ન ખપે. દૃષ્ટિ તો થઈ નથી. પછી હઠમાં જિંદગી કાઢવી, મિથ્યાત્વની પુષ્ટિ થવી. કુંદકુંદાચાર્ય ભગવાન કહે છે, અરે! મારો દુશ્મન હોય તેને પણ કુલિંગ અને દ્રવ્યલિંગ એવું ખોટું ન હો. શેઠી! બરાબર છે? શાંતિભાઈ! શાંતિભાઈને તો અનુભવ થઈ ગયોને હવે તો બરાબર. એય..! દીપચંદજી! એક મહારાષ્ટ્ર અને દિલ્હી. એ કહે છે કે અરે! ત્યાં (સોનગઢમાં) મુનિ થવાનો નિષેધ કરે છે. અરે ભગવાન! મુનિ

થવું એ તો પરમેશ્વરપદ છે, ભાઈ! આહા..હા..! ધન્ય અવતાર! ધન્ય જીવન! ધન્ય પ્રાણ છે. મુનિ થવું એ તો પરમેશ્વરપદમાં મળવું છે. ગણધર જેને નમસ્કાર કરે. ચારિત્ર પ્રગટ્યું! ઓહો..હો..! જ્યાં ભગવાન આત્માને રાગનો સંબંધ નહિ, વિષય સંબંધ નહિ, રાગને ભોગવવું નહિ અને રાગને કરવું નહિ એવો આત્માનો અનુભવ થયો તો તેને સ્વરૂપમાં ઠરવાની ભાવના તો કાયમ રહે છે. ન લઈ શકે, સંયમ ન લઈ શકે પણ સંયમની ભાવના તો કાયમ છે. સમજાણું કાંઈ? પણ સંયમ આ લોકો માને છે એ આ સંયમ નથી. શેઠી! વાત એવી છે. સહેલુંસટ પડેને બાર વ્રત લઈ લીધા. અમારે બાર વ્રત છે અમને આ ખપે, અમને આ ન ખપે, હઠ છે. એમ તો છે નહિ. દૃષ્ટિ તો થઈ નથી. .. અમે પડિમાધારી છીએ. અમને અગિયાર પડિમા છે, સાત પડિમા છે. આ ન ખપે, આ ખપે. એમ હઠમાં રોકાય છે. સમજાણું કાંઈ? શોભાલાલજી! મોટા શેઠિયાને પણ ભાન નહોતું. કાંઈ ખબર નહોતી. દુકાને ત્યાગી દેખે તો જયનારાયણ એમ કરે.

મુમુક્ષુ :- એણે...

ઉત્તર :- ન લે. કે પોતાને કપડા વિના ચાલે નહિ. તો કપડા વિના જોવે તો જય મહારાજ! એય..! પ્રેમચંદજી! ભગવાન! અહીં તો કપડા નામ વિકલ્પ જે લાગણી છે એ પોતામાં છે નહિ. એવી દૃષ્ટિ થવી તે દિગંબર સમ્યગ્દૃષ્ટિ છે. આહા..હા..! ચૈતન્ય સ્વરૂપ કેવું હોય? અતીન્દ્રિય આનંદમય પ્રભુ, અતીન્દ્રિય સહજાનંદનો નાથ જેમાં અતીન્દ્રિય અનંત આનંદ, એક સમયમાં અનંત આનંદ કેવળીને થાય એવો અનંત આનંદ. એની એક આનંદ નામની શક્તિમાં એવો અનંત આનંદ પડ્યો છે એવી જ્યાં દૃષ્ટિ થઈ, કહે છે કે ભગવાન આત્માને વિષયનો ભોગ નથી. એનો અર્થ? જ્યાં જ્યાં એ વિષયના સંબંધમાં દેખાય તો એ સંબંધ એને છે નહિ એમ કહે છે. તું સંબંધમાં જો માટે છે એમ નથી. સમજાણું કાંઈ? અને કોઈ નગ્ન આદિ થઈ ગયો અને શિષ્ય નથી લેતો તો તેને વિષય છૂટી ગયો એમ છે જ નહિ. કેમકે રાગ અને વિકલ્પને પોતાનો માન્યો છે એ જડનો ભાવ કર્યો છે. એ રાગને પોતાનો માનીને વ્યભિચારનું સેવન કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ઉપભોગ નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા વિષયોનો ઉપભોક્તા નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** અલિંગગ્રહણમાંથી એવો અર્થ નીકળે છે. આહા..હા..! ભગવાન આત્મા ઇન્દ્રિય એમાં નથી તો ઇન્દ્રિયનો સંબંધ નથી. તો એના સંબંધે રાગ અને ભોગ છે જ નહિ. આહા..હા..! એ બધો વિકલ્પ આદિ સંબંધ છે એ તો પોતાના અનુભવના જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે જ્ઞાતાને જણાય છે, પણ પરનો ભોક્તા આત્મા તો છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૧૩, શુક્રવાર, તા. ૩૧.૦૧.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૧૨-૧૩, પ્રવચન-૧૪૩**

આ પ્રવચનસાર છે. ભગવાન સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વર તીર્થંકરદેવને કેવળજ્ઞાન થયું એ કેવળજ્ઞાનમાં આ આત્માનો સ્વભાવ વાસ્તવિક કેવો છે એ જાણ્યો, તેવો કહ્યો છે. આત્મા કોને કહીએ એ આ વાત છે. સમજાય છે કાંઈ? આત્મા અંદર આત્મા જે જ્ઞાનાનંદ શક્તિ... શક્તિ કહો કે એનો સ્વભાવ કહો. જ્ઞાન-દર્શન આનંદ આદિ એનો સ્વભાવ છે આત્માનો. એ ત્રિકાળ સ્વભાવમૂર્તિ છે. એવા આત્માને ઈન્દ્રિયોથી જાણવું તો થતું નથી, પણ ઈન્દ્રિયનો એને ભોગ પણ નથી. એને આત્મા કહે છે. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે અત્યારે. સવારથી ઝીણી છે. અત્યારે અધિકાર જ ઝીણો છે. ભગવાન તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્માએ એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા એવું વાણીમાં આવ્યું. જેવું જણાણું એવું વાણીમાં આવ્યું. જરી ઝીણી વાત છે. એણે અનંતકાળથી આત્મા શું છે એનો એણે ખ્યાલ કર્યો નથી. અહીં ભગવાન કહે છે કે ભાઈ! તું અંદર આત્મા છોને. એ આત્મામાં બેહદ શક્તિ અંદર જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, વીર્ય, સ્વચ્છતા, પ્રભુતા એવી અનંત શક્તિઓ આત્મામાં પડી છે. એ શક્તિ અનંત શક્તિનું એ સત્ત્વ છે. સત્... સત્ એટલે આત્મા ત્રિકાળ રહેનારું સત્ છે. એનું સત્ત્વ એટલે એમાં પણું. સત્‌નું સત્‌પણું જ્ઞાન, દર્શન, આનંદ આદિ એના પણું, એના ગુણો છે એ એનું સત્‌પણું છે. અનંતકાળથી એ આત્મા ઈન્દ્રિયથી જાણે એ જ્ઞાન મારું છે એમ એ અજ્ઞાની માને છે અનાદિથી.

અહીં તો ભગવાન કહે છે કે ભાઈ! આ તો અપૂર્વ વાત છે. અનંતકાળથી એને સમ્યગ્દર્શન શું અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કેમ થાય એની એને ખબર નથી. સમજાય છે કાંઈ? અહીં તો ભગવાન કહે છે, ભાઈ! તું આત્મા છોને અને વસ્તુ છે, તો વસ્તુમાં વસેલી, વસેલી-રહેલી શક્તિઓ છે. વસ્તુ એને કહીએ. જેમ અનંત આત્માઓ છે, આ અનંત પરમાણુ છે માટી. આત્માની સંખ્યા કરતાં ભગવાને પરમાણુની સંખ્યા અનંતગુણી જોઈ છે. આ પરમાણુ છે માટી છેને આ. એના કટકા કરો તો છેલ્લો પરમાણુ આવે. એવા પરમાણુની સંખ્યા પરમેશ્વરે આત્માની અનંત સંખ્યા કરતા અનંતગુણી સંખ્યા જોઈ છે. સમજાય છે કાંઈ? અને એના કરતાં ત્રણકાળના સમય ભગવાને અનંતગુણા જોયા છે. ઝીણી વાત છે થોડી. આહા..હા..! એણે આત્મા શું ચીજ છે એણે કોઈ દિ' દૃષ્ટિમાં લીધો જ નથી. અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો, સમજાય છે? બહારની ક્રિયાકાંડો દયા, દાન, વ્રત, ભક્તિ એવા પરિણામ અનંતવાર કર્યા, પણ એ બધો વિકલ્પ છે, રાગ છે, પ્રભુ! તારી ચીજ તો જુદી છે. પરમેશ્વર

એમ કહે છે કે ભાઈ! તું કેવડો છો? કે જેટલા જીવની સંખ્યા ભગવાને જોઈ છે એમાં પરમાત્માએ-પરમેશ્વરે એમ જોયું કે છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ સિદ્ધપદને પામે. શોભાલાલજી! ભગવાનના જ્ઞાનમાં-કેવળજ્ઞાનમાં એમ આવ્યું છે કે આ સંખ્યા જે જીવની છે એમાંથી અઢી દ્વીપની અંદરમાં. અઢી દ્વીપમાં જ મનુષ્ય છેને? ... ત્યાં મનુષ્ય નથી, પશુ છે, બાહ્ય દેવ છે, નરક છે. તો એમાંથી છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ સિદ્ધપદને પામે. એવું ભગવાનના જ્ઞાનમાં આવ્યું છે. એવા ૬૦૮ જીવ છ મહિના અને આઠ સમયમાં પામે એવો તો અનંતકાળ ચાલ્યો ગયો. તો એવા અનંતા-અનંતા સિદ્ધ ભગવાન બિરાજે છે. તો એ સિદ્ધ ભગવાનની સંખ્યા કરતા સંસારી જીવની સંખ્યા અનંતગુણી છે. સમજાણું કાંઈ?

એક બટાટાની કટકી લ્યો. બટાટા સમજતે હૈ? આલુકી કટકી લ્યો તો એક કટકીમાં ભગવાને અસંખ્ય ઔદારિક શરીર જોયા છે. એ એક શરીરમાં અત્યાર સુધી જે સિદ્ધ ભગવાન થયા એથી અનંતગુણા જીવ ભગવાને જોયા છે. એમ છે. એટલે સિદ્ધની સંખ્યા કરતા જ્યારે સંસારીની સંખ્યા અનંતગુણી છે. એથી અનંતગુણા તો પરમાણુઓ છે આ રજકણ, માટી, ધૂળ બધા જગતના. એથી અનંતગુણા ત્રણ કાળના સમય છે. ત્રણ કાળ-ભૂત, વર્તમાન, ભવિષ્ય. ભગવાને પરમાણુથી અનંતગુણા સમય જોયા. એનાથી આકાશના અનંતગુણા પ્રદેશ ભગવાને જોયા છે. આકાશ છેને સર્વવ્યાપક. આ ચૌદ બ્રહ્માંડ-ચૌદ રાજલોક તો અસંખ્ય યોજનમાં છે. પછી ખાલી ભાગ છે. ખાલી... ખાલી... ખાલી... ખાલી... દશે દિશા ખાલી. જેને ભગવાન અલોક કહે છે. આ ચૌદ બ્રહ્માંડને લોક કહે છે. એ લોકમાં (રહેલું) આકાશના પ્રદેશ એમ ને એમ ચાલ્યા જાય. આકાશ... આકાશ... આકાશ... આકાશ... આકાશ... કોઈ ઠેકાણે પછી આકાશ નથી એમ ક્યાંય આવતું નથી. એવા આકાશના પ્રદેશ ત્રણ કાળના સમય કરતા ભગવાને અનંતગુણા જોયા છે. અને એ અનંતગુણા આકાશના પ્રદેશ કરતા એક આત્મામાં અનંતગુણા ગુણ ભગવાને જોયા છે. ભગવાન જાણે સાંભળ્યું પણ ન હોય કોઈ દિ' જિંદગીમાં (કે) આ શું આત્મા છે. સમજાય છે કાંઈ? અહીં બીજું સિદ્ધ કરવું છે ભાઈ! ઉપયોગ તો સિદ્ધ કરવું છેને અહીંયા. ૧૩મો બોલ છે.

એ આત્મામાં અનંતગુણ છે અંદર. આટલા અનંત હોં! દરેક આત્મામાં. આહા..હા..! એવું જે અંદરમાં ચૈતન્યમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ જે સ્વભાવ એવા અનંતા ગુણો પડ્યા છે. કહે છે ભગવાન કે ભાઈ! એવો જે આ આત્મા ઇન્દ્રિયોથી ભોગ લે એ આત્મા નહિ. આહા..હા..! કેમકે આ જડ ઇન્દ્રિયો પર છે, માટી છે, એક ભાવ ઇન્દ્રિય ખંડખંડ શબ્દરૂપ આદિને જાણે ખંડ ઇન્દ્રિય જેને ભાવઇન્દ્રિય કહેવાય છે. એ પણ આત્માના સ્વભાવમાં નથી. તો કહે છે કે એ ઇન્દ્રિયોથી એને જાણવું થતું નથી અને જ્યાં સુધી ઇન્દ્રિયથી જાણે એમ રહે ત્યાં સુધી તો એને આત્મા કહેતા નથી. આહા..હા..! આવી વાત છે. સમજાણું

કાંઈ? ભાઈ! આત્મા એને ભગવાન કહે છે. ૧૨મો બોલ આવ્યો છે.

'**જેને લિંગો દ્વારા એટલે કે ઈન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ઉપભોગ નથી...**' ઝીણી વાત ભાઈ! આત્મા એને કહીએ, પરમાત્મા કહે છે કે અંદર સમ્યગ્દર્શનમાં, સમ્યગ્દર્શનમાં કેવો આત્મા અનુભવમાં આવે કે જે-આનંદનો અતીન્દ્રિય આનંદનો ભોક્તા એ આત્મા છે. એ ઈન્દ્રિયના વિષય તરફના વલણની ભોગની વૃત્તિઓ તે વિકાર છે. એ વિકાર તે આત્માનો સ્વભાવ નથી. ખરેખર તે આત્માના ત્રિકાળી આ ગુણો જે કીધા એમાં એ વિકાર નથી. સમજાય છે કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો આત્મા બીજી જાત છે, ભાઈ! લોકોને સંપ્રદાયમાં, શું પડી છે ચીજ એની ખબર નથી. આહા..હા..! અહીં કહે છે કે ભગવાન ચૈતન્ય પ્રભુ પરમેશ્વરે જે અનંતગુણ જોયા એમાં એક આનંદ ભોગ નામનો આનંદ નામનો ગુણ જોયો ભગવાને. તો આત્મા એને કહીએ કે જે ઈન્દ્રિયો પાંચ અને એ દ્વારા વિષયની વાસનાને ભોગવે એ તો વિકાર છે, આસ્રવ છે, ઈન્દ્રિય જડ છે. તો એ દ્વારા ભોક્તા એને આત્મા જ કહેતા નથી. આહા..હા..! શોભાલાલજી! ઝીણી વાત છે ભાઈ! આમ જીવને અજીવ માને તો મિથ્યાત્વ અને અજીવને જીવ માને તો મિથ્યાત્વ એમ તો ગડીયા તો ગોખ્યા છે ઘણા અનંતકાળથી. પણ અહીં ભગવાન પરમેશ્વર કહે છે, ભાઈ! તું આત્મા છોને પ્રભુ! અને તારા આત્મામાં એ રાગની વાસના ઉઠે છે ભોગની, એ તારું સ્વરૂપ નથી અને એનો ભોક્તા છો એમ તું માન ત્યાં સુધી તું આત્મા નથી એટલે કે સમ્યગ્દૃષ્ટિ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..! આ તે કઈ ચીજ છે? આ તે શું હશે આવું? આ તે પરમેશ્વર વીતરાગે આવું કહ્યું હશે? ભાઈ! વીતરાગે શું કહ્યું હશે, તને ખબર નથી. પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર સર્વજ્ઞ પરમાત્મા તો બિરાજમાન છે, મહાવિદેહક્ષેત્રમાં તો વર્તમાન બિરાજમાન છે. મહાવીર ભગવાન આદિ તો ણમો સિદ્ધાણંમાં ગયા તો અરિહંતપદે એ નથી. એ તો સિદ્ધપદમાં ગયા. સીમંધર ભગવાન મહાવિદેહમાં બિરાજે છે, એ અરિહંતપદમાં બિરાજે છે. સમજાય છે કાંઈ? એના મુખમાંથી એમ આવ્યું છે વાણીમાં-પરમાગમમાં. ભાઈ! કે આ ઈન્દ્રિયો જે પરવસ્તુ છે અને એનાથી તેને ભોગવવાની વાસના ઉઠે એ રાગ છે. એ વિકારનો ભોક્તા, એ અચેતન રાગનો અનુભવ એ આત્મા નહિ. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! આત્મા પરમેશ્વર સર્વજ્ઞે જે કહ્યો એ આત્મા કોઈ જાત જુદી છે. એ વિના આત્મા-આત્મા તો બધા કરે છે. અન્યમતમાં પણ આત્મા-આત્મા કરે, વેદાંતમાં પણ આત્મા કરે. એ આત્મા નહિ. ભગવાન સર્વજ્ઞ કહે છે તે આત્મા. એવો આત્મા બીજે ક્યાંય હોઈ શકે નહિ.

કહે છે કે '**લિંગો દ્વારા એટલે કે ઈન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ભોગ...**' આ પરવસ્તુ છે અને ઉપભોગની વૃત્તિ ઉત્પન્ન થાય છે એ પણ વિભાવ છે. સમ્યગ્દૃષ્ટિને અથવા આત્મામાં એવું વિષયની ભોગની વાસનાવાળી વૃત્તિ અને ઈન્દ્રિયો એ દ્વારા આત્મા ભોગવે એવો આત્મા નથી, સમ્યગ્દૃષ્ટિ એવા આત્માને માનતા નથી. ભાઈ!

આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનવાળો સમકિતી. શ્રાવક તો વળી પાંચમું ગુણસ્થાન. એ દશા તો કોઈ જુદી છે. અને મુનિ છઠ્ઠે-સાતમે એ તો એણે સાંભળી નથી શું એને કહેવાય. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે વિષય નામ ઈન્દ્રિયોની હયાતી છે આ પાંચ. એ તો અજીવ છે. ખંડ ઈન્દ્રિય છે એ અંશ છે, એ તો વિકલ્પની ઉત્પત્તિનું કારણ છે. એ દ્વારા રાગને ભોગવે તો રાગ તો વિકાર છે. વિકાર છે. સ્વરૂપમાં એ નથી. તો રાગનો અનુભવ અને રાગને ભોગવવું એ આત્મા નથી એમ કહે છે અહીં તો. આહા..હા..! ભારે વાત ભાઈ!

અજીવ દ્વારા વિભાવનું ભોગવવું એ આત્મા નથી એમ કહે છે. આત્મા એને કહીએ કે વિષયોનો ઉપભોક્તા નથી. એટલે વસ્તુ ભગવાન આનંદમૂર્તિ પ્રભુ અતીન્દ્રિય આનંદનો રસકંદ એની અંદર દૃષ્ટિ કરતાં, સમ્યગ્દૃષ્ટિની આત્મા ઉપર દૃષ્ટિ પડતાં આત્મા આનંદમય અતીન્દ્રિય આનંદરસ છે. એની દશામાં .. ભોક્તા. તેને આત્મા અને તેને સમકિતી કહીએ. આહા..હા..! સમજાય છે કાંઈ? વજુભાઈ! ભારે વાતું આકરી. ત્યાં કલકત્તે ક્યાંય મળે એવું નથી. અહીં ક્યાંય મળે એવું નથી. આકુળતા છે, બાપુ! આ તો કોઈ બીજી વાત છે, ભાઈ! આહા..હા..! અરે! અનંતકાળનો આથડ્યો જગતમાં. 'અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યા નહિ અભિમાન.' તું એ આત્મા છો પરમેશ્વરે કહેલો અને એને આત્મા કહીએ અને એ માનેલા આત્માને માનનારા કેવા જીવ હોય એવી એને ખબર નથી. આહા..હા..!

કહે છે કે પાંચ ઈન્દ્રિયો જેના અસ્તિત્વમાં નથીને. આત્મામાં હોં! એ તો પર છે. અને ખંડ ઈન્દ્રિયનું અસ્તિત્વ પણ વસ્તુના સ્વભાવમાં નથી. તો એ દ્વારા રાગના વિષય વાસના વિકલ્પને ભોગવે, એ વિભાવને અનુભવે એ આત્મા હોય? શોભાલાલજી! ભગવાનની વાત ઝીણી છે, પ્રભુ! લોકોને નથી મળી એટલે લોકો બિચારા બહારથી ભટક્યા કરે. અહીંથી લઉં.. અહીંથી લઉં... પણ આત્મા શું ચીજ છે પરમેશ્વરે કહેલી, એનું જ્ઞાન નથી, એની ઓળખાણ નથી, એનો ભરોસો નથી, એમાં રમણતા કેમ કરવી એનું ભાન નથી. સમજાણું કાંઈ? .. આવો આત્મા! ભારે વાત ભાઈ! આહા..હા..! જુઓ, કે વિભાવ જે વિકલ્પ છેને વિભાવ... એને સ્વભાવ માનવો એટલે કે એને આત્મા માનવો એ તો મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? અને આત્માનો જ્ઞાયકસ્વભાવ ત્રિકાળ શુદ્ધ છે વસ્તુ, એને વિભાવરૂપે માનવો એ મિથ્યાત્વ છે. એ આત્મા નહિ. એને આત્માની શ્રદ્ધાનું ભાન નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! મોંઘી નથી પ્રભુ! તારા ઘરની છે, પણ તેં કોઈ દિ' જોઈ નથી, તે સાંભળી નથી. પરમેશ્વર પરમાત્મા ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ વીતરાગ પરમાત્માએ કહેલા તત્ત્વને તેં કોઈ દિ' સાંભળ્યું નથી. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ?

અહીં કહે છે. લોકોને એમ થઈ જાય કે અરરર! ત્યારે એ આત્મા કેવો હશે? શેઠી! લ્યો, આ તો તમે જયપુરના જૂના માણસ મોટા ૮૦ વર્ષના. ત્યાં પણ સાંભળ્યું નહોતું

જયપુરમાં પણ. એ નહિ બોલે. એ વિચારીને બોલશે. જૂના માણસ છે મીઠાલાલ જેવા. એ ..થી બોલે એમ કે ત્યારે અમે સાંભળવા અહીં આવ્યા છેને. ભાઈ! ભગવાન ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ એનું કહેલું આત્મતત્ત્વ એ કોઈ જુદી જાત છે, ભાઈ! દુનિયા માને છે તેમ નથી. સમજાય છે કાંઈ? કહે છે, એ ઇન્દ્રિયો દ્વારા જેને ઉપભોગ નથી. આહા..હા..! એને અમે આત્મા કહીએ છીએ. '**આ રીતે આત્મા વિષયોનો ઉપભોક્તા નથી...**' અ-લિંગ-ગ્રહણ એ શબ્દ પડ્યા છે આટલા. કે આત્મા કેવો છે? કે લિંગથી ગ્રહણ થઈ શકે નહિ. આટલા શબ્દના અર્થ આ ૨૦ ચાલે છે. એક અ-લિંગ-ગ્રહણ. એના તો ૨૦ અર્થ નીકળે છે. એમાં આ ૧૨મો બોલ ચાલે છે. લિંગ નામ ઇન્દ્રિયો, એ દ્વારા ગ્રહણ નામ ભોગવવું, ગ્રહણ નામ ભોગવું, અ નામ નહિ. અલિંગગ્રહણ. એટલે ભગવાન આત્મા એને કહીએ કે જેને જડથી ભિન્ન અને પુણ્ય-પાપના રાગની વાસનાથી ભિન્ન એવું ચૈતન્યસ્વરૂપ જ્ઞાયકમૂર્તિ ભગવાન જેને અનુભવમાં, પ્રતીતમાં આત્મા આવ્યો છે એવા સમ્યગ્દૃષ્ટિ આત્માને રાગનો અનુભવ એને હોતો નથી. સમજાણું કાંઈ? એક મ્યાનમાં બે તલવાર ન રહે. એમ જે રાગની વિકૃતદશાને વેદે એ પણ આત્મા અને રાગરહિત આત્માને વેદે એ આત્મા બે હોઈ શકે નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

વસ્તુ છે તેના અનંતા જે ગુણો પડ્યા છે. એટલા બધા ગુણો છે. એના તરફની દૃષ્ટિ કરીને એવા આત્માને પ્રતીતમાં, અનુભવમાં લેવો ત્યારે તો તેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ એને અનુભવમાં આવે. જે દ્રવ્યમાં આનંદ છે, દ્રવ્ય એટલે વસ્તુ, ગુણમાં આનંદ છે અને એની પર્યાય. પર્યાય એટલે અવસ્થા. એ આનંદ ત્રણમાં વ્યાપે અને એ આનંદનો ભોક્તા તે જ આત્મા. તેને આત્મા ભગવાન કહે છે. આહા..હા..! મહેલ ધૂળના મહેલ મકાન ભોગવે છે, આ શરીર ભોગવે છે, સ્ત્રીના માંસ અને હાડકા જીવ ભોગવે. અરે ભગવાન! શું કહે છે? ભાઈ! એ તો બધા જડ છેને નાથ! તું તો અરૂપી છો. તું તો રૂપી હાડકા, જડ રંગ, ગંધ, રસ, સ્પર્શ. એને આત્મા અડે કોઈ દિ'? ભોગવે આ જડને? સમજાય છે કાંઈ? પણ એ દ્વારા લક્ષ કરીને રાગને, પુણ્ય-પાપના વિકલ્પને, વાસનાને વેદે તો કહે છે કે એ આત્મા નહિ, એ અણાત્મા છે. એણે અણાત્માને આત્મા માન્યો છે. ભારે વાતું ભાઈ! આ તો કાંઈ કોના ઘરની હશે? આ તો જિનની હશે? વીતરાગની હશે? સમજાણું? કોઈ દિ' જિંદગીમાં સાંભળવા મળે નહિ અને શું કહે છે એ વાત પકડવામાં ઝટ આવે નહિ. એક, બે, પાંચ, દશ કલાકમાં ઝટ પકડાય એવી વાત આ નથી. આહા..હા..! અરે! દુનિયા મેટ્રીક જેવી પરીક્ષા ધૂળધાણી માટે પણ પાંચ-સાત વર્ષ ગાળે છે. લ્યો, ૧૪ વર્ષ. વળી તમારો તો ક્યાંય હેરાન થાતો હતો. અમેરિકા. કેટલા વર્ષ? એ તો ઘણા વર્ષ હશે, નહિ? અમેરિકા ભણવા ગયોને સુમન? અઢી વર્ષ ત્યાં. હેરાન-હેરાન થઈને. એ પગાર મળ્યો પાંચ હજારનો, દશ હજારનો, આઠ હજારનો. શેના પગાર? સાંભળને ભગવાન! એ તો ધૂળ છે, એ તો માટી છે. એ

માટી તારી પાસે આવે છે? માટી માટી થઈને રહી છે. તારા થઈને કોઈ દિ' માટી રહે છે એ તને ખબર છે? આ ઈન્દ્રિયો ઈન્દ્રિયો થઈને રહી છે અહીં એમ કહે છે, સાંભળ. ભગવાન કહે છે કે આ ઈન્દ્રિયો ઈન્દ્રિય થઈને, જડ થઈને રહી છે. એ દ્વારા ત્યાં લક્ષ કરીને રાગને ભોગવે બાપુ! એ આત્મા નહિ. આહા..હા..! ..ભાઈ! ઝીણી વાતું છે હોં! પૈસા-બૈસા ભેગા કરવા.

મુમુક્ષુ :- .. આપી જાય છે.

ઉત્તર :- આપી જાય છે, એનો બાપ આપી જાય છે. અહીં ક્યાં ભેગા કર્યા છે? કહો, સમજાણું કાંઈ? આપી કોને જાય? મમતા લઈને એ પણ વયા ગયા અને આ મમતા લઈને બેઠો છે. ... પચાસ લાખને ધૂળ લાખ. આંકડા ગણવા છેને. માટીના કાંકરા ઘણા પડ્યા છે. એ તો એના થઈને રહ્યા છે. ક્યાં તારા છે? અહીં તો પરમેશ્વર જુદી વાત કરે છે. અરેરે! જે રાગની વાસના ઉઠે છેને પાપની અશુભની કે શુભની એનો ભોગવટો, એનો અનુભવ એ આત્મા નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! ગજબ વાત કરે છેને! સમજાણું કે નહિ?

ઈન્દ્રિયો દ્વારા જેનો ભોક્તા નથી. અરેરે! પ્રભુ શું કહેવું છે..? ભાઈ! તું તો અતીન્દ્રિય સ્વરૂપ છોને પ્રભુ! આ ઈન્દ્રિયોથી તો પાર તારું સ્વરૂપ છે. આ તો .. જડ, માટી છે. આ તો અજીવ છે અને તું તો જીવ છે. એ અજીવ દ્વારા જીવનો અનુભવ થાય? એ જીવ કહેવાય? સાચી વાત છે. પોપટભાઈ! કહો, ભગવાનજીભાઈ! વીતરાગનો માર્ગ એવો છે ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વરે કહેલી અનાદિની વાત છે. દુનિયા જાણે, ન જાણે તેથી કાંઈ માર્ગ ફરી જાય નહિ. આહા..હા..!

કહે છે કે સમ્યગ્દષ્ટિ થયો એણે આત્માને જાણ્યો. કેવો જાણ્યો? કે ઈન્દ્રિય વિનાનો જાણ્યો, રાગના વિકલ્પ વિનાનો (જાણ્યો). કારણ કે રાગ તો આસ્રવ છે. એના વિનાનો જાણ્યો કે એક સમયની દશા નહિ એવો આખો અખંડાનંદ જાણ્યો. એવો આત્મા રાગને ભોગવે એવું સમ્યગ્દષ્ટિને હોતું નથી. આહા..હા..! શું કહે છે આ? ગજબ વાત છે. હજી તો ગળે ઉતરવું કઠણ પડે. અરે પ્રભુ! વસ્તુ તો આવી છે ભાઈ! જ્યારે તારે કરવું હશે કલ્યાણ તે દિ'. આ જ માર્ગ છે. બીજો કોઈ કલ્યાણનો માર્ગ છે જ નહિ ત્રણ કાળમાં. સમજાય છે કાંઈ?

'**વિષયોનો ઉપભોક્તા નથી...**' ત્યારે કહે અહીં વિષયને ઉપભોગ ભોગવીએ છીએને. ભગવાન! તને ખબર નથી ભાઈ! વિષયની વાસના જે પુણ્ય વિકલ્પની છે એ તો રાગ છે. અને આ ઈન્દ્રિયો તો અજીવ છે આ જડ. એનું લક્ષ કરીને, એનું લક્ષ કરીને જેનો તને પ્રેમ ઉપજ્યો છે રાગનો, એ રાગ તો વિકાર છે, વિભાવ છે, આત્માના સ્વભાવથી વિરૂદ્ધભાવ છે. એનો અનુભવ તે આત્મા નહિ. આહા..હા..! આત્મા એને કહે છે પરમેશ્વર

અને આત્મા એને માનનારો સમ્યગ્દષ્ટિ એને કહે છે. નવા હોય તો એવું લાગે આ તો કેવી વાત કરે છે? એલ.એલ.બી.ને. વાત આખી ફરી ગઈ છે પહેલેથી. વીતરાગમાર્ગનું સ્વરૂપ જે મૂળ છે એ આખું ફેરફાર ઉંધે કાંધ નાખી દીધું છે કહેનારાએ અને સાંભળનારાએ બેય. સમજાય છે કાંઈ?

અહીં તો ત્રણલોકના નાથ પરમેશ્વરની વાણીમાં-ધ્વનિમાં આવ્યું કે ભાઈ! ઈન્દ્રિયો આત્માથી પર છે, ભાવ ઈન્દ્રિય પર છે. વિષય-વાસનાનો વિકલ્પ વિકાર અને મેલ છે. એ તો સવારમાં આવ્યું હતું. એ મેલનો અનુભવ એ તો આસ્રવનો અનુભવ, એ અણાત્માનો અનુભવ, એ આત્મા નહિ. સમજાણું કાંઈ? સવારમાં આવ્યું હતું. જળમાં શેવાળ તે મેલનો અનુભવ છે. બીજી રીતે, ત્યાં જીવનું અસ્તિત્વ કર્તાકર્મનું સિદ્ધ કરવું છે. અહીં એકલો આત્મા સિદ્ધ કરવો છે. આત્મા આનંદ જ્ઞાનમૂર્તિ પ્રભુ અરૂપી આનંદઘન એવી જે સમ્યગ્દષ્ટિને-ધર્મી જીવને ધર્મની દૃષ્ટિમાં આત્મા પવિત્ર આનંદ જે દૃષ્ટિમાં આવ્યો છે તેથી ધર્મી ધર્મના આનંદનો ભોક્તા એ છે. એને આત્મા માન્યો કહેવાય અને એણે આત્મા જાણ્યો કહેવાય અને એનો આત્મા તે આત્મા છે. સમજાણું કાંઈ? એ પ્રભુ બિરાજે છેને અંદર. એ વસ્તુ છે કે નહિ? પદાર્થ છે કે નહિ? અનાદિ-અનંત છે કે નહિ? શાશ્વત છે કે નહિ? કે કોઈએ કર્યો છે? કરેલો છે? એનો કોઈ કર્તા છે? નાશવાન છે? અકર્તા અનાદિ-અનંત છે. એવો નિત્યાનંદ ભગવાન એમાં અનંતા ગુણો ઠસોઠસ ભર્યા છે કીધા એટલા. એવા ગુણનો ધરનારો આત્મા એના ઉપર દૃષ્ટિ સમકિતીની પડતા તેને આનંદનો ભોક્તા છે, વિષયનો ભોક્તા છે નહિ. ઓહો..હો..! ભારે વાતું ભાઈ!

'ધાર તલવારની સોહ્યલી દોહ્યલી ચૌદમા જિનતણી ચરણસેવા, ધાર પર નાચતા દેખ બાજીગરા સેવના ધાર પર રહે ન દેવા' ભગવાનની આજ્ઞાનો ધર્મ દેવો પણ કરી શકતા નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! 'ધાર પર નાચતા દેખ બાજીગરા.' તલવારની ધાર ઉપર બાજીગરો નાચે, જાદુગર હોય એ. એમ ભગવાનની આજ્ઞાનો ચૈતન્ય આત્મા એ રાગના પુણ્ય-પાપના વિકલ્પની વાસનાથી ભિન્ન તત્ત્વ એને દૃષ્ટિમાં લઈને એને અનુભવવો 'ધાર તલવારની સોહ્યલી, દોહ્યલી ચૌદમા જિનતણી ચરણસેવા.' આ પરમાત્માની આજ્ઞાનું સેવન દુર્લભ છે. આહા..હા..! શોભાલાલજી! આવા તમારા બંગલા બંગલા ને ધૂળ ક્યાંય ગયા. .. ગયા? છ લાખનો બંગલો છે એમને ઘરે. છ લાખ રૂપિયાનો બંગલો છે હજીરો મોટો આરસપહાણનો. સાગરમાં. એવા કેટલાય મકાન છે એમને. છ લાખનું તો એક મકાન છે. આરસપહાણનું. આરસપહાણ કહે છેને અમારે. તમારે શું કહે છે? સંગેમરમર. અમારે અહીં આરાસપહાણ કહે છે. છ લાખનો. ત્રણ લાખનું આમને. ગોદીકાજી. એના ઘરે ઉતર્યા હતાને. ત્રણ લાખનું આરસપહાણનું. આરસપહાણનું. આહા..હા..! કેમ છે કેમ? .. થતી નથી. અમે તો એને (ઘરે) ગયેલા છીએ જયપુર. બે વર્ષ પહેલાં ગયા હતાને જયપુર? ૧૧ દિ' રહ્યા,

૧૬ લાખ ખર્ચ્યા એમણે. ૧૧ દિ'માં ૧૬ લાખ. ગોદીકા, પૂનમચંદ ગોદીકા. આવ્યા હતાને હમણા. પાંચ લાખનો તો હોલ બનાવ્યો છે મોક્ષમાર્ગ પ્રકાશક, ટોડરમલજી. પાંચ લાખ એમાં આપ્યા. ૧૧ દિ' રહ્યા એમાં છ લાખ ખર્ચ્યા. મોટો. એ કીધું હતું એને, કહ્યું હતું કે હોં ૧૬ લાખમાં તમને ધર્મ થાય એમ નથી. ૧૬ લાખ તો માટી જડ છે. સમજાણું કાંઈ? એમાં રાગની મંદતા કરી હોય શુભભાવ, (તો) પુણ્ય છે, ધર્મ તો નહિ. અહીં તો જ્યાં દાન આપે ત્યાં પચાસ હજાર અને પચ્ચીસ હજાર ધર્મધરુંધરંનું બિરૂદ લખી નાખે. તકતીમાં. તકતી સમજ્યાને? તકતી. એ તક્તી કહેવાય છે. મહેનત કરીને .. બિચારો. આરસપહાણની તક્તી. એ તક્તી .. મહેનત કરી છે. મારું નામ નાખ્યું કે નહિ? મેં પચ્ચીસ હજાર આપ્યા છે. અરે! હોળી તારી. પચ્ચીસ હજાર કે દિ' તારા હતા? એ તો જડ છે. સમજાણું કાંઈ? એય..! વજુભાઈ! ભેગા રહેતાને તમે ત્યાં. અમદાવાદ મારે .. ૨૦ હજાર આપ્યા, ઓલાએ ૨૫ હજાર આપ્યા સુમનભાઈએ. એ તો રાગની મંદતાનો વિકલ્પ હો એટલી વાત છે. એ ચીજ જવી એ કાંઈ આત્માના આધારે નથી અને તે ૨૫ લાખ અને તારા દસ લાખથી ધર્મ થાય, હરામ વાત છે. વીતરાગ માર્ગમાં રાગથી ધર્મ ત્રણ કાળમાં છે નહિ. આહા..હા..! અહીં તો કહે છે કે એ રાગનો-વિકલ્પનો અનુભવ કરવો એ આત્મા નહિ. એ તો અનાત્માનો અનુભવ છે, વિકારનો અનુભવ છે. આહા..હા..! આ તે પણ.

**'આ રીતે આત્મા વિષયોનો ઉપભોક્તા નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** અલિંગગ્રહણમાંથી એવો ભાવ નીકળે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અપાર વાત છે, ભાઈ! એક એક શબ્દમાં એટલું ભર્યું છે અંદર. ઘણું ઘણું ભર્યું છે. ઓહો..હો..! ... સમ્યગ્દષ્ટિ રાગનો ભોક્તા નહિ, રાગનો સ્વામી નહિ અને રાગનો કર્તા અને રાગનો ભોક્તા નહિ એમ કહે છે. આહા..હા..! અરે! ભગવાન! ભાઈ! ચૈતન્યમૂર્તિ પ્રભુ છેને. ચૈતન્યનો પૂર નૂર પ્રકાશમય આત્મા ભગવાને જોયો. એવો તું અંદર જો અને જાણ અને તેની શાંતિનું વેદન કર તો તેં આત્મા માન્યો અને આત્મા જાણ્યો કહેવામાં આવે. સમજાણું કાંઈ? આહા..હા..! લ્યો એ બારમો બોલ થયો. થયો હતો કાલે હોં, પણ વિશેષ કર્યું શેઠી! કાલે તો થયો હતો એ.

હવે ૧૩મો બોલ છે આજે જરી. શું કહે છે ૧૩મો બોલ? જુઓ, આ તો એકલા અધ્યાત્મના ભગવાન રત્નચિંતામણિના શબ્દો છે બધા. ભગવાનના પરમાત્માના શ્રીમુખેથી નીકળેલા ઈન્દ્રોએ ગણધરોએ ઝીલેલા અને ગણધરોએ શાસ્ત્રમાં રચેલા. સમજાય છે કાંઈ? આહા..હા..! કુંદકુંદાચાર્ય સંવત્ ૪૯માં આ ભરતક્ષેત્રમાં થયા. દિગંબર મુનિ હતા, વનવાસમાં રહેતા. સંવત્ ૪૯ ભગવાન પાસે ગયા હતા. હજી બિરાજે છે, એ ભગવાન બિરાજે છે. કારણ કે કરોડ પૂર્વનું આયુષ્ય છે પરમાત્માનું. કરોડપૂર્વ. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર કરોડ વર્ષ જાય. રાડ નાખી જાય માણસ એવી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આજ્ઞા તો માગે છે હે સીમંધર ભગવાન! નથી કહેતા? ... વર્તે છે. કોણ છે એ સીમંધર ભગવાન એનું ભાન ન મળે કાંઈ. ભગવાન બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં, સમવસરણની મધ્યમાં અત્યારે. પાંચસો ધનુષનો દેહ છે-બે હજાર હાથના ઊંચા છે અત્યારે મનુષ્યપણે. ચાર કર્મ બાકી, ચાર કર્મ નાશ થયા, દિવ્યધ્વનિ વાણી છૂટે છે. સમજાય છે કાંઈ? વીસ તીર્થંકર બિરાજે છે મનુષ્યક્ષેત્રમાં. એ ભગવાનનું આ કહેણ છે. એની પાસે કુંદકુંદાચાર્ય ગયા હતા. સંવત્ ૪૯માં દિગંબર મુનિ કુંદકુંદાચાર્ય. આ માથે છે એ. ત્યાં ગયા હતા. આઠ દિ' રહ્યા હતા. ભગવાન પાસે આઠ દિ' રહી... ત્યાં તો પાંચસો ધનુષ્યનો દેહ છે. આ ચાર હાથના ઉંચા. સંવત્ ૪૯. મદ્રાસથી ૮૦ માઈલ આ બાજુ એક વંદેવાસ નામનું ગામ છે. વંદેવાસથી પાંચ માઈલ એક પોન્નુરહીલ નામની ટેકરી છે. ત્યાં રહેતા હતા. ત્યાંથી ભગવાન પાસે ગયા હતા. આઠ દિ' ભગવાન પાસે રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર રચ્યા છે. ત્યાં કહ્યું હતું. ત્યાં ગયા હતાને બે વાર ગયા છીએ. ત્યાં પણ કહ્યું હતું કે જુઓ ભગવાન પાસે જઈને આ રચ્યા છે બધા. સમજાણું કાંઈ? એ ભગવાન પાસેથી આ લાવ્યા છે. આહા..હા..! ત્રિલોકનાથ સીમંધર પરમાત્મા પરમેશ્વર વીતરાગ સર્વજ્ઞદેવ કેવળજ્ઞાનપણે બિરાજમાન છે. એનું આયુષ્ય કરોડપૂર્વનું છે. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ અને ૫૬ હજાર કરોડ વર્ષ ચાલ્યા જાય છે. એટલું ભગવાનનું આયુષ્ય છે. આવડા મોટા .. એવા તો અનંતા ભવ ગયા, સાંભળને. સમજાણું કાંઈ? આ એના વાક્યો છે.

૧૩મો બોલ છે હવે જુઓ. શું કહે છે? '**લિંગ દ્વારા એટલે કે મન અથવા ઈન્દ્રિય વગેરે લક્ષણ દ્વારા ગ્રહણ એટલે જીવત્વને ધારણ કરી રાખવું જેને નથી...**' આહા..હા..! શાંતિથી, ધીરજથી સમજવું બાપુ! આ તો. આ તો પરમેશ્વરની કથા છે. પરમાત્મા ત્રિલોકનાથની આત્માની કથા આત્મા છે. કહે છે કે આ આત્મા પાંચ ઈન્દ્રિયો, મન, વચન, કાયા, શ્વાસ અને આયુષ્ય એવા પ્રાણથી જીવે જીવન એ આત્માના નથી. આ ૧૩મો બોલ ચાલે છે. ઓલો ૧૨મો થઈ ગયો. '**લિંગ દ્વારા એટલે કે મન અથવા ઈન્દ્રિય...**' અહીં એક મન છે અહીં છાતીમાં. આત્મા વિચાર કરેને. તેમ આત્મા જાણે છે કે છે .. છેને જડ, માટી, ધૂળ? આ તો માટી છે રેતી. અંદર જોનાર છે એ આત્મા છે જ્ઞાનના અસ્તિત્વમાં-જ્ઞાનના હોવામાં.. આ નિમિત્ત છે. જુઓ, એમ વિચાર કરે આત્મા એમ છાતીમાં એક મન છે. અનંત પરમાણુનું બનેલું ખીલ્યા પાંખડીને આકારે કમળ એવું મન છે છાતીમાં. એ મન અને આ ઈન્દ્રિયો એના દ્વારા જીવતર આત્માને નથી. આહા..હા..! ભારે વાતું! ...

'**મન અથવા ઈન્દ્રિય વગેરે...**' વગેરેમાં ભાઈ બધું લીધું. મન દ્વારા, વચન દ્વારા, કાય દ્વારા. બધા દશે પ્રાણો. પાંચ ઈન્દ્રિય, મન, વચન, અને કાયા, શ્વાસ અને આયુષ્ય દશ પ્રાણ છે એ જડના ધર્મ. એ દશ પ્રાણે જીવતર જેનું નથી એવો આત્મા છે. 'લિંગ

**દ્વારા એટલે કે મન અથવા ઈન્દ્રિય વગેરે લક્ષણ દ્વારા ગ્રહણ એટલે જીવત્વને ધારણ કરી રાખવું...'** આ દશ પ્રાણે જીવવું અને જીવપણું થવું એ આત્મા નથી. એ તો જડ છે. સમજાણું કાંઈ? એટલે કે '**શુક્ર અને આર્તવને અનુવિધાયી...'** આત્મા નથી. એટલે શું કહે છે? વીર્યનું બિંદુ અને આર્તવ નામ ઋતુનું, એનાથી જે શરીર ઉત્પન્ન થાય છે માતાના પેટમાં એના પછી મન, ઈન્દ્રિયો હોય છે અંદર. પાંચ ઈન્દ્રિયો, મન, વચન અને કાયા, શ્વાસ, આયુષ્ય. એ દ્વારા જીવન જીવવું એટલું. એ તો પરનું જીવન છે. ..ભાઈ! આવી વાતું કઈ જાતની? ભાઈ! તું આત્મા છોને, પ્રભુ! આત્મામાં તો જ્ઞાન, જાણવું આનંદ, દેખવું, બળ, આત્મબળ હોં! શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવા ગુણોના પરિણમન દ્વારા આત્મા જોયો તેને આત્મા કહે છે. શું કહ્યું સમજાણું કાંઈ?

પાંચ ઈન્દ્રિયો, મન છે આ, આ વાણી જડ, માટી ધૂળ છે આ. વાણી નીકળે એ જડ છે. જુઓને ધૂળ છેને. એ ક્યાં અરૂપી આત્મા છે? કાયા, વાણી, મન, પાંચ ઈન્દ્રિયો, શ્વાસ જડ છે. આ જડ છે લ્યો. જડ છે એ આત્મા છે? ... .. એની પાછળ આમ .. છેને આમ છોડ્યું. અત્યારે ચાલે છે અહીં. ડુંટી પાસેથી. પછી જ્યારે મૃત્યુનો કાળ આવશે ત્યારે આ ડુંટી નાભી છેને નાભી? ત્યાંથી શ્વાસની ગતિ .. છૂટી જશે ઉપરથી. તેને, લૌકિક ડાહ્યા માણસો હોય .. એ એને કહે કે શ્વાસે ઘર છોડ્યું છે એમ કહે. કિશોરભાઈ! એ તો ખબર છે કે નહિ તમને? છેલ્લી સ્થિતિ થાયને. ઓલો શ્વાસ ઉભો થાય ને ઉભો? એનો અર્થ એ છે કે શ્વાસે નાભીથી સ્થાન છોડી દીધું છે. એ જડ છે પરમાણુ, એ આત્મા નહિ. આહા..હા..! એ શ્વાસનો ખ્યાલ હોય કે નાભીથી સ્થાન છોડ્યું. નહિ મૂકી શકે એ હેઠે. ભગવાન! તું તો આત્મા છો. એ તો પરમાણુની ક્રિયા છે જડની. આહા..હા..! સમજાય છે? એ શ્વાસની ક્રિયા મારાથી ચાલે છે એ માનનારો અજીવને જીવ માને છે એમ કહે છે. અને શ્વાસને લઈને જીવનું જીવન છે એમ માને એ તો એમ કહે છે ભાઈ! જેટલા શ્વાસ લેવાના હશે એટલા લઈશું. એમ કરીને આ બધા વાતું કરે. આપણે સાંભળી હોય. આપણે કોઈ દિ' મરણ.. જોયું નથી. નાની ઉંમરમાંથી લોકો વાતું કરે કે ભાઈ જેટલા શ્વાસ લેવાના હશે એ લેવાશે. પણ શ્વાસ તો જડ છે. શ્વાસને આધારે જડનું જીવન છે, આત્માનું જીવન નથી. અને એ ખરેખર શ્વાસને આધારે જીવન નથી, એ તો આયુષ્યને આધારે જીવન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો ભગવાન એમ કહે છે કે આત્મા અમે એને કહીએ છીએ કે જે મન અને ઈન્દ્રિયો દ્વારા જીવે છે તે આત્મા નહિ. એ તો જડ છે. આત્માનું જીવન, જીવનું જીવન, જીવનું જીવવું આનંદ અને જ્ઞાનસ્વરૂપે જ્ઞાતા-દૃષ્ટાપણે જીવે એવી દશાવાળાને અહીં જીવ કહે છે. આહા..હા..! એય..! આવી વાત છે ભાઈ! એકેય વાતનો મેળ ન મળે ક્યાંય. 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર,' એ ભગવાન કહે, તારે અને મારે ભાવે ભાવે ફેર. તને

ખબર નથી ભાઈ! અમારા કહેલા તત્ત્વ શું છે. અહીં તો કહે છે કે પાંચ ઈન્દ્રિય અને પ્રાણે જીવવું એ જીવન નહિ. હવે અદ્ધરથી જીવતો હશે એ? અરે ભગવાન! તારું ટકવું તો અંદર જે છે એ જ્યાં દૃષ્ટિ પડી ચૈતન્ય ઉપર પૂર્ણાનંદનો નાથ સહજાનંદમૂર્તિ, આત્મા ચિત્સ્વરૂપી છે, એવી દૃષ્ટિ પડી તો એનું જ્ઞાન, સત્તા, આનંદના હોવાપણે જીવે તેને જીવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ બધું ઉડી જાય છે આમાં. અરે ભગવાન! તારામાં ક્યાં છે ભાઈ! તું તો એવી ચીજ છોને. તને ખબર નથી એટલે કાંઈ ખબર નથી એટલે કાંઈ બીજું બીજામાં થઈ જાય? આ મન, ઈન્દ્રિયો અને પ્રાણ, કહે છે કે એનાથી જીવ છો? કેમ કે એ વીર્ય અને આર્તવથી ઉત્પન્ન, વીર્યથી ઉત્પન્ન થયેલું શરીર તે આત્મા જ નથી. એ તો શરીર ઉત્પન્ન થયું છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા તો વીર્યના બિંદુ અને લોહીના-આર્તવથી ભિન્ન ભગવાન છે. એ આત્મા પોતાના જ્ઞાન, સત્તા, શાંતિ, આનંદ એ શક્તિના સ્વરૂપના જીવનથી જીવે તેને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શાંતિભાઈ! આવી વાતું તો ક્યાંય .. .. આહા..હા..! દિગંબર(મુનિ) થવાના હતા. નગ્ન મુનિ થવાના હતા દિગંબરમુનિ. ભાન ન મળે કાંઈ અને થઈ જાય નાગા. પણ નાગા થયે શું થયું પણ? કોને કહેવો આત્મા? કોને કહેવું સમ્યગ્દર્શનની ખબર ન મળે. ત્યાં ચારિત્ર થઈ ગયા? સમજાય છે કાંઈ? લૂગડાં ફેરવ્યા તો થઈ ગયું ચારિત્ર? બાપુ! તને ખબર નથી, ચારિત્રના મોઢા કેવડા છે એ. આહા..હા..!

અહીં તો કહે છે, સમ્યગ્દૃષ્ટિ જીવને આત્મા જાણવામાં આવ્યો છે. તે સમ્યગ્દૃષ્ટિ જીવન જ્ઞાન અને આનંદે જીવી રહ્યો છે, એમ કહે છે. આઠ વર્ષની બાલિકા હોય તો સમ્યગ્દર્શન પામે છે. સમજાય છે? પશુ પણ સમ્યગ્દર્શન પામે છે. ભગવાનના સમવસરણમાં પશુ પણ જાય છે. બાર જાતની સભા હોય છે સમવસરણમાં. હાથી જુઓ આ છે. લંકાનો હાથી છે. ...ત્રિલોકમંડન હાથી જુઓ સામે રહ્યો બારણા ઉપર. મોટો હાથી છે, ભરત, રામ, લક્ષ્મણ, શત્રુઘ્ન એ ચારેય વંદન કરવા નીકળ્યા જુઓ હાથી જોડે. મુનિને વંદન કરવા નીકળ્યા છે. ભરત એનો ભાઈ હતોને. .. મુનિ થઈ જાય. એ પૂર્વનો મિત્ર હતો હાથી. દીક્ષા લઈ લીધી. નગ્ન મુનિ આનંદકંદમાં એટલે હાથીને વિચાર આવ્યો કે આ ઓહો..! આ તો મારા મિત્ર હતા. હાથીપદે.. એ જ્યારે દીક્ષા લે છે .. કરે છે. જાતિસ્મરણ થઈ જાય છે એને. ત્રિલોકમંડન હાથી. ચોર્યાસી લાખ હાથી રાવણના હતા એમાં મોટો. અયોધ્યા જ્યારે લંકા જીત્યું રામે ત્યારે એ ત્રિલોકમંડન હાથી અયોધ્યા લાવ્યા હતા. એ અયોધ્યામાં .. મુનિ આવ્યા હતા ધર્માત્મા. વનમાં વિચરતા સંતો આવતા ત્યારે વંદન કરવા જાતા. ... એ હાથીને જ્ઞાન થયું જાતિસ્મરણ. લ્યો કાઢી નાખ્યા લૂગડાં. દાગીના તો.. એના માણસો ... લે છે કે લ્યો ભાઈ અનાજ આદિ. એ શાસ્ત્રમાં છે એનો લેખ લખેલો. એ સમકિતી થયા હતા. ... તો જડ છે એમાં ભાન થઈ ગયું અંદરનું, કહે છે કે પશુનું જીવન અને મનુષ્યનું જીવન એ આત્માનું

નહિ એમ કહે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! અસંખ્યાતા શ્રાવક પડ્યા છે અઢીદ્વીપ બહાર. પશુ હોં પશુ. અસંખ્યાતા આત્મજ્ઞાની, આત્મધ્યાની, અનુભવી અઢીદ્વીપ બહાર અસંખ્યાતા સ્વયંભૂરમણસમુદ્રમાં પડ્યા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પંચમ ગુણસ્થાનવાળા. કોઈને જાતિસ્મરણ, કોઈને અવધિજ્ઞાન એવા અસંખ્ય તિર્યંચ પડ્યા છે બહાર. અઢીદ્વીપ બહાર અસંખ્યાતા શ્રાવક છે. .. પણ આત્માના ભાન .. એવા હોં. વાડાના બાંધેલા એ નહિ. આહા..હા..! હાથી, ઘોડા, મગરમચ્છ અસંખ્ય પડ્યા છે બહાર. અઢીદ્વીપ બહાર (છે એમ) ભગવાનના જ્ઞાનમાં આવ્યું છે. શાસ્ત્રમાં લેખ છે બધો. પશુ મનુષ્ય તો અસંખ્યાતા છે અઢીદ્વીપમાં થોડા છે. .. મનુષ્ય છે. ઝાઝા નથી. ઓલા તો અસંખ્ય છે. એને ભાન છે કે અમે આત્મા આનંદકંદમાં જીવનારા છીએ. અમે આ બાહ્ય ઈન્દ્રિયથી, પાંચ ઈન્દ્રિયથી જીવન એ જીવન અમારું નથી. આહા..હા..! નજરમાં ફેર છે. કોકને એમ થાય કે અરે! આ પશુ! તને ખબર નથી. ધર્મીને પશુજીવન અને મનુષ્યજીવન છે જ નહિ. સમજાણું કાંઈ?

કહે છે **'મન અથવા ઈન્દ્રિય વગેરે લક્ષણ દ્વારા ગ્રહણ એટલે જીવત્વને ધારણ કરી રાખવું જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા શુક્ર...'** નામ વીર્ય **'આર્તવ...'** નામ લોહીનો બિંદુ એનાથી જે શરીર ઉત્પન્ન થાય અને એનાથી શરીર ટકે એ આત્મા નહિ. આહા..હા..! ક્યાંથી ક્યાં નાખી દીધું. બહુ વાત .. વાત છે ભાઈ! આ તો પુદ્‌ગલ છે, આ તો માટી છે. એની જીવની ઉત્પત્તિ એ કાંઈ તારું છે? એ તો જુદી ચીજ છે. સમજાણું કાંઈ? આત્માનું જીવન, જીવનું જીવત્વ, જીવનું સત્‌નું સત્ત્વ, જ્ઞાન આનંદનું ધામ સહિતનું જ્ઞાન અને આનંદથી જીવે તે તેનું જીવતર છે. કહો, સમજાણું કાંઈ? છ ખંડના રાજમાં સમકિતી પડ્યો હોય, છન્નું હજાર સ્ત્રી હોય સમકિતીને, છતાં એ પોતાના જ્ઞાન અને આનંદના જીવનને જીવનારો છે. શરીર અને મન અને ઈન્દ્રિયો અને પ્રાણથી જીવે એ મારું જીવન નથી. સમજાણું કાંઈ? બહુ વાત કરી છે. એક બોલમાં તો આખું જૈનદર્શન સમાડી દીધું છે આટલામાં. આહા..હા..! ભગવાન આત્મા જૈન સ્વરૂપ જ એ છે. વીતરાગસ્વરૂપ જ આત્મા છે. રાગ અને વિકલ્પનો અભાવ કરીને વસ્તુનો અનુભવ કરે એ જૈન. એ જૈન. સમજાય છે કાંઈ? કહો, આટલી બધી વાત ક્યારથી? કહે છે. કે જ્યારથી આત્મા થાય ત્યારથી. થાય ત્યારથી એટલે? કે રાગ, વિકલ્પ, પુણ્ય-પાપની ઈન્દ્રિયોથી પર-ભિન્ન પાડીને આત્મા આત્મા તરીકે જાણ્યો, જડને જડ તરીકે જાણ્યો, વિકારને વિકાર તરીકે પૃથક્ જાણ્યા એવા સમકિતીનું જીવન ઈન્દ્રિયો અને પ્રાણથી જીવવું એ એનું જીવન નથી. સમજાણું કાંઈ? એ કહે, આ તો જાણે કેવી વાતું છે આ? આ તો હજી સમકિતી ધર્મીની વાત છે. શોભાલાલજી! તારી શોભા, એ ઈન્દ્રિયોથી અને રાગથી પ્રાણથી જીવવું એ તારી શોભા નહિ. એ આત્માની

શોભા નહિ ભગવાન! આહા..હા..! નજરના નિધાન જ્યાં આવ્યા અંદરમાં, ભાવશ્રુતના નયણે નિધાન જોયા જ્યાં અંદર ચિદાનંદ ભગવાન આત્મા, કહે છે કે પોતાના જ્ઞાન, જાણવું, દેખવું, શાંતિ, આનંદ એ ધર્મીનું જીવન છે, એ જીવનું જીવપણું છે, એ આત્માનું આત્માપણું છે. ધર્મીની દૃષ્ટિમાં આ વસ્તુ વ્યાપી છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! બાપુ! ધર્મ તે કોઈ અલૌકિક ચીજ છે. એક સેકન્ડનો ધર્મ જન્મ-મરણને નાશ કરે છે. આ તે ધર્મ એવી ચીજ હશે? આ સાધારણ ચાલી નીકળ્યા સાધારણ માણસો. સમજાણું કાંઈ? એક સેકન્ડમાત્રમાં આવો આત્મા જ્યાં અનુભવમાં આવ્યો, જન્મ-મરણ નથી હવે. એનું જીવન જીવવાની જાત બદલી ગઈ એમ કહે છે. કહો, શેઠી! ભારે કામ.

**'આ રીતે આત્મા શુક્ર અને આર્તવને અનુવિધાયી (-અનુસરીને થનારો) નથી...'** એને અનુસરીને શું થાય? આહા..હા..! અનંતગુણનો પિંડ પ્રભુ એની અંતર દૃષ્ટિ આત્માની- ધર્મીની થઈ તો સ્વભાવને અનુસરીને જીવનારો છે. કહો, સમજાય છે કાંઈ? એને આત્મા કહેવાય છે અને એને આત્માનું જીવન ગાળ્યું, એણે આત્માના જીવન ગાળ્યું શાંતિમાં, એને આત્મા કહેવાય છે. એને ધર્મી સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૧૪, શનિવાર, તા. ૦૧.૦૨.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૧૩-૧૪-૧૫, પ્રવચન-૧૪૪**

આ પ્રવચનસાર. જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન. અલિંગગ્રહણના અર્થ ચાલે છે. આ આત્મા કેવો છે અને કેમ અનુભવે તો એ આત્મા કહેવાય? એના ૧૩ બોલ તો ચાલ્યા છેને. ૧૩ ચાલ્યા? ૧૩મો શું છે જુઓ. આ આત્મા જે વસ્તુ છે એ **'લિંગ દ્વારા એટલે કે મન અથવા ઈન્દ્રિય વગેરે લક્ષણ દ્વારા ગ્રહણ એટલે જીવત્વને ધારણ કરી રાખવું જેને નથી...'** અહીં મન અને ઈન્દ્રિયો અને પ્રાણ જે છે મન, વચન, કાયા, શ્વાસ એને ધારી રાખે એ જીવનું જીવત્વ નથી. સમજાણું? આ દશ પ્રાણ છે, મન, વચન, કાયા... પ્રાણ અને પાંચ ઈન્દ્રિય અને શ્વાસ અને આયુષ્ય એ દશ પ્રાણથી, દશ પ્રાણને ધારી રાખે એવું જીવત્વ એનું નથી, એ જીવતર એનું નથી. એ તો જડનું જીવન છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ટકવું. આ .. પાંચ ઈન્દ્રિયો, મન, વચન અને કાયા, શ્વાસ અને આયુષ્ય એનું એના પણે જીવવું એટલે ટકવું એના કારણે છે. આત્મામાં એ જીવન છે નહિ. .. વાત

કરીએ તો એ આત્મા એને કહીએ કે પાંચ ઈન્દ્રિય, મન, વચનથી તો જીવે નહિ, ટકે નહિ, એને ટકાવે નહિ, બીજાથી ટકે નહિ. પણ આત્મા એને કહીએ કે પોતાનું જ્ઞાન, દર્શન, સત્તા, સુખ-આનંદ આદિ સ્વભાવ છે તેનાથી જીવવું, જીવે એને આત્મા કહીએ. લ્યો એ જીવો અને જીવવા દ્યો એ યાદ આવ્યું. આવે છેને ભાઈ! ઓલા મહાવીરનો સંદેશ-જીઓ ઔર જીને દો. ભાઈ એ જીવો અને જીવવા દ્યો એ ભગવાનનો સંદેશ નથી. લે એ તો ભાઈ અંગ્રેજીનું કહે છે. અંગ્રેજીનું છે, અહીં ભગવાનનું નથી. અહીં એ વળી યાદ આવી ગયું.

અહીં તો શરીર, ઈન્દ્રિયો આ પાંચ, આ માટી આ તો જડ છે, અજીવ છે. શ્વાસ એ અજીવ છે, આયુષ્ય પણ અજીવ છે. એમ મન અને વચન, મન પણ અહીં જડ છે, વાણી જડ છે, કાયાનું બળ જડ છે, કાયાનું બળ છે, વાણીનું બળ, મનનું બળ એ બધા જડ છે કહે. તેનાથી ઉત્પન્ન થાય છે, એનાથી જીવ જીવે એવું સ્વરૂપ જ જીવનું નથી. સમજાણું? જીવો અને જીવવા દ્યો એનો અર્થ આ રીતે જીવવું એમ નહિ. એ તો એનું જીવન જ નથી. શોભાલાલજી! આતા હૈ ન. તમારા બહુ માણસ ભેગા થાયને પછી મહાવીર કા સંદેશ જીઓ ઔર જીને દો. કોણ જીવાડે? કોણ જીવે? ભગવાન! તને ખબર નથી. આ ઈન્દ્રિયો આદિનું ટકવું, આમ રહેવું એ તો એના જડને કારણે છે. એને બીજો ટકાવે કે બીજો ટકે એ દ્વારા એમ છે નહિ. આહા..હા..! ત્યારે ભગવાનનો આદેશ એ છે કે જીવવું, ભગવાન આત્મા જ્ઞાનપ્રાણ, દર્શનપ્રાણ, આનંદપ્રાણ, હોવાવાળું સત્તાપ્રાણ એ વડે જીવનું જીવનું તેને આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? જુઓ, આ આત્મા એને કહીએ. અલિંગગ્રહણ. આ જીવનથી જીવે એ જીવનું જીવન નથી. કોને જીવાડે અને કોનાથી જીવે?

ભગવાનનો આદેશ અને ભગવાન આત્માનું જ્ઞેયપણું એવું ભગવાને કહ્યું છે. જ્ઞેય એટલે જ્ઞાનમાં, કેવળજ્ઞાની પરમાત્માના જ્ઞાનમાં આ આત્મા જ્ઞેય એવો આવ્યો અને જણાણો છે, એ પોતાના જાણવા, દેખવા અને આનંદના પ્રાણે જીવે તેને જીવ એવો ભગવાને જોયો છે. આહા..હા..! પુણ્ય-પાપના, દયા, દાન, વ્રત આદિના પરિણામ એનાથી જીવવું એ પણ આત્માનું સ્વરૂપ જ નથી, એ તો વિકાર છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ભારે વાત! ભાઈ! તું આત્મા છોને. તો આત્મા છો તો એને આત્મા કહીએ. શરીર, વાણી, ઈન્દ્રિય, શ્વાસને આત્મા કહેવાય? અને પુણ્ય-પાપના, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય એ તો રાગ છે, એને આત્મા કહેવાય? હિંસા, જૂઠું, ચોરી, વિષય, વાસનાના ભાવ કહેવા એ કાંઈ આત્મા હોય? એ આત્મા નથી. આત્મા તો વિકારી પરિણામ અને શરીરાદિના અંશની સ્થિતિ આદિથી ભિન્ન તત્ત્વ છે. એને આત્મા કહે છે કે જે પોતાના શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવના ધ્યેયે પોતાની પરિણતિમાં-પર્યાયમાં આનંદ અને જ્ઞાનથી ટકી રહે, જીવ તેને ભગવાન આત્મા કહે છે. ભાઈ! આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! એની વ્યાખ્યા તો જુઓ! આહા..હા..!

જેને આત્મા કહીએ એ આત્મા તો અનંત જ્ઞાન, દર્શન આદિ ગુણનો પિંડ છે. ભગવાન આત્મા આ દેહાદિના રજકણને તો અડ્યો પણ નથી. આ શરીર, વાણી, મન જડ એને તો કોઈ દિ' ઘૂર્યો નથી, જોતો પણ નથી આત્મા કોઈ દિ'. ગિરધરભાઈ! સાચું હશે આ? આ શરીર માંસનું પિંડ જડ છે, વાણી જડ છે, મન જડ છે. આયુષ્ય જડ છે, શ્વાસ જડ છે. કહે છે કે ભગવાન આત્મા એને અડ્યો પણ નથી, .. નથી, .. નથી. એ કેવું હશે? એણે પોતાના આત્માની ભેટમાં એણે .. નથી કરી એણે. સમજાય છે કાંઈ? ભેટ સમજો છો? અમારી ગુજરાતી ભાષા છે. આમ ભેટા નથી કરતા સગાવ્હાલા ભેગા થાયને ત્યારે? કહે છે, પ્રભુ! એકવાર સાંભળને પ્રભુ! આત્મા તો એને અમે કહીએ છીએ, પરમેશ્વર કહે છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવ વીતરાગ પરમાત્મા કેવળજ્ઞાની એણે જ્ઞેય એટલે આત્મા એવો છે એમ કહ્યો છે, જોયો છે અને એવો છે. તો એ તો પાંચ ઈન્દ્રિય અને શ્વાસથી જીવવું એ આત્મા જ નહિ. એને રાખે, ગ્રહણ રાખે... એમ છેને જુઓને, ધારણ કરી રાખે. એવા જીવને ધારણ કરી રાખે એ આત્મા જ નહિ. આહા..હા..! શ્વાસને રાખું, આયુષ્યને રાખું, આ ઈન્દ્રિયો પાંચ એને રાખું. કોને રાખે? ભગવાન! એ તો જડ છેને. એ જડનું એક-એક રજકણ સ્વતંત્ર છે. એને કારણે રહ્યો છે, એને કારણે બગડે છે, એને કારણે જાય છે અને એને કારણે આકારને ફેરવે છે. આહા..હા..! જીવ-અજીવનું ભેદજ્ઞાન શું છે એની ખબર નથી એને. આમ વાતું કરે. સમજાણું કાંઈ?

કહે છે કે મન, ઈન્દ્રિય વગેરે જીવત્વને ધારી રાખે એ જીવ જ નહિ. એ જીવ છે જ નહિ એને. જીવવું એવું છે નહિ. શ્વાસને ધારી રાખે, આયુષ્યને ધારી રાખે, મનને, વાણીને, પાંચ ઈન્દ્રિય સરખી રાખે આમ. એ માટી જડ છે. તેને ધારી રાખવું, ટકાવવું, ગ્રહવું એ તો જડનું સ્વરૂપ છે, આત્માનું સ્વરૂપ નથી. આહા..હા..! ભારે વાત! આ કારખાનાને ભાવતો હશે કે નહિ એ? અહીં નજીકની વાત કરે છે ત્યાં વળી ઓલાની વાત ક્યાં રહી? આહા..હા..! ભગવાન આત્મા તો અરૂપી છેને પ્રભુ! એમાં તો રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી. તો આ રંગ, ગંધ, રસ, સ્પર્શવાળા મન, વાણી, દેહ, પ્રાણ, આયુષ્ય, શ્વાસ એને કેમ અડે? એ આત્મા એને અડ્યો નથી, એ આત્માને અડ્યા નથી. બરાબર હશે આ? .. આત્મા .. અને પરવસ્તુ આત્માને ક્યાંથી હોય? આહા..હા..! આત્મા એને કહીએ અને આત્મા માન્યો એને કહીએ. સમજાય છે કાંઈ? આત્મા ભગવાન એને કહે છે અને આત્માની શ્રદ્ધા થઈ માન્યો એને કહેવાય કે જે આ પ્રાણથી જીવવું એ મારું નહિ. અને જ્ઞાન, દર્શન, આનંદના સ્વભાવથી ભરેલો પરમાત્મા પોતે પરમસ્વરૂપ છે એનો આશ્રય લઈને જે જ્ઞાન, દર્શન, આનંદ આદિ પ્રાણ જે પ્રગટ કરે, એનાથી જીવે એણે આત્મા માન્યો અને એને આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! ભગવાનજીભાઈ! ભારે વાત ભાઈ!

એક અલિંગગ્રહણ શબ્દમાંથી ૨૦ અર્થ કાઢ્યા અમૃતચંદ્રાચાર્યે. દિગંબર મુનિ વનમાં રહેલા,

આ આત્માના આનંદની છોળું ઉડાડતાં. ભગવાન! તું તો આનંદસ્વરૂપ છોને નાથ! તારા જીવનમાં વિષયના ભોગની વાસનાનું ભોગવવું એ તારું જીવનું જીવન નહિ. આહા..હા..! ભગવાન! તારું જીવનું જીવપણું એવું જીવવું, જીવને ધારી રાખવું એ સ્વરૂપ તો એવું છે. અનંતગુણનો ધણી ભગવાન આત્મા એનો એક-એક ગુણ જ્યાં આત્મા થઈને આત્મા જ્યાં, જાણ્યો અને જોયો અને અનુભવ્યો, તો એના અનંતા જે ગુણો જેટલા છે એની બધી શુદ્ધ પરિણતિએ ટકવું, એનું પરિણમવું થાય. તેને આત્મા કહેવાય અને તેને આત્મા આવો થયો અને એણે આત્માને માન્યો કહેવાય. ..ભાઈ! ભારે વાતું આકરી! સમજાણું કાંઈ?

ભાઈ! તારામાં ટકેલા અનંતા ગુણો છે. પ્રાણજીવન તે ચૈતન્યનું જીવન છે. એને ચૈતન્યના સ્વભાવ ... પ્રભુ આનંદ અને શાંતિથી, શુદ્ધ શ્રદ્ધા અને જ્ઞાનથી, પોતાના વીર્ય અને સ્વભાવની રચનાથી જે જીવે એને આત્મા કહીએ અને આવું જીવે એણે આત્મા માન્યો, અનુભવ્યો એમ કહીએ. ..ભાઈ! એય..! સ્વરૂપચંદભાઈ! આવું ક્યાંય મંડળીમાં મળે નહિ ત્યાં. સમ્મેદશિખરે ચડી જાય લાંઘણું છે. પાલિતાણે ૯૯ જાત્રા કરે તો આમ થશે. કહે હરામ થાય તો, સાંભળને હવે. એ તો રાગ છે. ૯૯ જાત્રા કરે તો કલ્યાણ. ધૂળેય કલ્યાણ નહિ થાય, સાંભળને. આ તો જડ છે, માટી છે. ઊંચી-નીચી ક્રિયા જડની થઈ એમાં તારે શું થયું? તને તો રાગની મંદતાનો શુભભાવ થયો તો એ પુણ્ય-વિકાર રાગ છે. એ આત્મા નહિ. કહો, સમજાણું? એમાં સામાયિક, પોષામાં બેઠા. આમ કર્યું, તેમ કર્યું, ફલાણું કર્યું. એ તો જડની ક્રિયા છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોણ બચાવે? કોને બચાવે, કોણ બચાવે? તને ખબર નથી. તારો આત્મા મરી જાય એની તને ખબર નથી. હું આ શરીરની ક્રિયા આમ કરું છું. મેં આ કર્યું, મેં આ પાના, આ લૂગડાં ફેરવ્યા, કપડાં ફેરવ્યા, આમ જોવું છું, આમ કરું, એકલો બેઠો છું. આ તો જડની ક્રિયા છે, એને હું કરું છું એ માન્યતા જ ચૈતન્યના ખૂનની છે. મિથ્યાત્વ માન્યતા ચૈતન્યના પ્રાણને હણી નાખે એવી માન્યતા છે એ. ..જી! આવી વાત છે. વેદનમાં.. આવી? અરે! ભગવાન! તારી પાસે છોને પ્રભુ! તું તો પોતે છોને. આહા..હા..! અરે! તારી નજરે તું તને ચડ્યો નહિ? સમજાય છે? નજરનો કરનારો પોતે અને જોવે પરને એકલાને. કહે છે કે એ પરને જોવું એ તારું ખરું એકલું સ્વરૂપ નથી. તને નજરે નિહાળ અંદરમાં. આહા..હા..! ભાવશ્રુતના નયણે નાથને નિહાળ ત્યારે આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. સમજાય છે? એવા ભગવાન આત્મામાં તો પુણ્ય-પાપ નથી, શરીર, કર્મ નથી, હલવું, ચલવું, બેસવું, ટકવું, ખસવું એ બધું આત્મામાં છે જ નહિ. એ બધી જડની ક્રિયાઓ છે. ગીરધરભાઈ! ભારે વાતું ભાઈ! અમે બધા કાર્યકરો મોટા મોટા કામ કરીએ છીએ. ભગવાન! અમે આ બધા.. ભાઈ! વાંકાનેર.. કામ કર્યા. આ ત્યાં રાજકોટમાં કરે. .. માણસો .. જાતા. ખબર છે કે નહિ? ... .. જાવું પડ્યું. આહા..હા..! ભગવાન! તું વાણીમાં આવે છો? વાણી તારી

છે? આ શરીર તારું છે? તો શરીરમાં હલન-ચલન ક્રિયા છે એ તારી છે કે તું બીજાને સલાહ આપ? આહા..હા..! ભારે વાત ભાઈ!

અહીં તો ભગવાન આત્મા માન્યો એને કહીએ, આત્મા જાણ્યો એને કહીએ, આત્મા શ્રદ્ધયો, રુચિમાં, પ્રતીતમાં લીધો એને કહીએ કે જે આયુષ્યને કારણે જીવવું એ મારું તો નહિ, પણ પુણ્ય-પાપના ભાવથી ટકવું અને જીવનને ટકાવું હું એ પણ મારામાં નહિ. આહા..હા..! પુણ્ય-પાપ અને દયા-દાન વ્યવહારના થાય એને હું રાખું, રાખું એ પણ જીવના નથી. શેઠી! આહા..હા..! કહે છે, મન ઈન્દ્રિય જે લક્ષણ એ તો પરના લક્ષણ છે. તારા ક્યાં હતા એ? એનાથી જીવત્વને ધારણ કરી રાખવું, જેને એટલે ભગવાન આત્માને એ નથી. તે અલિંગગ્રહણ છે. '**આ રીતે આત્મા શુક્ર...**' નામ વીર્ય. '**આર્તવ...**' નામ લોહીનું બિંદુ એનાથી અનુસરીને થનારો છે જ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? જીવી જાણ્યું ..નાથે. આવે છે? ભજનમાં નથી આવતું? 'જીવી જાણ્યું મેં નાથે જીવન ...નાથે જીવન' એ જીવી જાણ્યું જીવન એટલે શું? આત્મા અંદર રંગ અને રાગથી રહિત, પણ અનંત શાંતિ અને આનંદથી સહિત છે. એવા આત્માને નજરમાં, દૃષ્ટિમાં, અનુભવમાં, વેદનમાં લઈ અને વેદન આનંદનો આવ્યો એવો આખો આત્મા આવો જ છે એમ જેને પ્રતીત, જ્ઞાન, રમણતામાં શાંતિ આદિના વેદન થયા એ જીવનું એટલે આત્માનું વેદન એ આત્મા. એ આત્મા. સમજાય છે કાંઈ? એ સમ્યગ્દૃષ્ટિનો આત્મા આ રીતે જીવે છે એમ કહે છે. આહા..હા..! કહો, છ ખંડના રાજ હોય છેને, છન્નું હજાર સ્ત્રી હોય છે. એ તો એના ઘરે રહી, અહીં ક્યાં ગરી ગઈ હતી એમાં? આહા..હા..! સ્વરૂપચંદભાઈ!

પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ ફરમાવે છે, આત્મા એણે જાણ્યો અને માન્યો કહીએ કે જેને આત્માના જ્ઞાન અને આનંદથી ભરેલો પ્રભુ એના અનુભવથી જેને જ્ઞાન, શ્રદ્ધા, શાંતિ પ્રગટ્યા છે, એને ટકાવે છે અને એની વૃદ્ધિ કરે છે એને આત્મા કહીએ અને એણે આત્મા માન્યો કહીએ. આહા..હા..! સમજાય છે કાંઈ? વીતરાગનો માર્ગ વીતરાગભાવથી ઊભો થાય છે. શરૂઆતથી વીતરાગભાવથી ઊભો થાય છે. આહા..હા..! કેમકે ભગવાન આત્મા વીતરાગસ્વરૂપ જ છે. આત્મા વીતરાગસ્વરૂપે ત્રિકાળ જીવન જીવે છે. એવા વીતરાગભાવને સ્પર્શી અને વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિના વેદનની પર્યાયમાં પરિણમે તે એના જીવન છે, એ જીવી જાણ્યું. સમજાય છે કાંઈ? એણે પરમાત્માના ભેટા કર્યા છે. એને સમકિતી કહીએ, એને ધર્મી કહીએ, એણે ધર્મી એ આત્મા આવો અનુભવ્યો માટે આત્મા માન્યો કહીએ. સમજાય છે? આહા..હા..! ભારે વાતું ભાઈ આ. એ વાત તો થઈ ગઈ છે.

હવે આજે આપણે ૧૪મો બોલ છેને. હવે શું છે? અલિંગગ્રહણના અર્થ ચાલે છે આ. અ-નહિ, લિંગ ગ્રહણ. ૧૪મો છે. '**લિંગનું એટલે કે મેહનાકારનું...**' ધીરેથી સાંભળજો. આ પુરુષના ઈન્દ્રિયનો જે આકાર છે અને સ્ત્રીનો આકાર છે ઈન્દ્રિયનો, એ આકાર જડનો

છે. ભગવાન આત્મામાં એ જડના આકાર છે જ નહિ. સમજાય છે કાંઈ? મેહન-આકાર. લિંગ એટલે મેહનાકાર, પુરુષના લિંગ અને સ્ત્રીના લિંગનો આકાર. એ તો રજકણની દશા છે ભગવાન! એ તો. એ પરમાણુ માટીના દળ, જડના પરમાણુ છે એ તો. સમજાય છે કાંઈ? કહે છે **'મેહનાકારનું ગ્રહણ જેને નથી...'** શું કહે છે? એ પુરુષ હોય શરીર જેનું, તો પુરુષના શરીર ને ઇન્દ્રિયને આત્માએ ગ્રહ્યો જ નથી. શાંતિથી સમજવાનું છે. સ્ત્રીનો આત્મા હોય તો એના શરીરના આકારો જે ઇન્દ્રિયના છે એ આત્મા ઇન્દ્રિયવાળો જ નથી. એને આત્મા કહીએ કે એને પકડ્યા નથી, એને ગ્રહ્યા નથી અને એ દ્વારા ક્રિયા થાય તે આત્માની નથી. આહા..હા..!

ભગવાન આત્મા એને કહે છે. પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા એને આત્મા કહે છે. કે આ ઇન્દ્રિયો જે સ્ત્રીની અને પુરુષની કે નપુંસક-પાવૈયા-હીજડાની એ બધી જડની પર્યાયો ઇન્દ્રિયોને જીવે ગ્રહી નથી. એની ચેષ્ટા જીવ કરતો નથી, એ ચેષ્ટાના સાધન વડે જીવને દીકરા-દીકરીને ઉત્પન્ન કરતો નથી. આહા..હા..! બાપુ! અહીં તો આત્માની વાત છે. ભગવાન આત્મા આનંદની મૂર્તિ પ્રભુ છે એના દરબારમાં તો શાંતિ અને આનંદ ભર્યા છે. એ આનંદ અને શાંતિનું સાધન થઈને... અહીં સાધન કીધું છેને. એ લૌકિક સાધન એને નથી. આહા..હા..! શું કહે છે? સંતોની આત્માને કહેવાની કથનીની રીત તો જુઓ! દિગંબર સંતો વનમાં વસતા જંગલમાં. આત્મા કેવો ભગવાને કહ્યો અને અમે કેવા છીએ અને તમે કેવા છો?

કહે છે કે **'મેહનાકારનું (-પુરુષાદિની ઇન્દ્રિયના આકારનું)...'** સ્ત્રીના અને નપુંસક આદિના આકારનું **'ગ્રહણ જેને નથી તે અલિંગગ્રહણ છે;...'** એટલે? કે એ ઇન્દ્રિયોને હલાવતો નથી, ઇન્દ્રિયોને પકડતો નથી, ઇન્દ્રિયને અડ્યો પણ નથી. આહા..હા..! ઇન્દ્રિયની કોઈપણ ચેષ્ટા તેના સાધનથી થતી નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે પણ. એવું માન્યું છેને એણે. આ જુદો આત્મા કેમ છે એની ખબર ન મળે. સમજાય છે કાંઈ? આત્મા એને કહીએ કે એ સાધન જેને એ નથી. લિંગ પુરુષનું અને સ્ત્રીનું લિગનું સાધન આત્માને નથી. એ તો જડનું સાધન છે. આત્માનું ક્યાંથી હોય? આહા..હા..! જે એમ માને કે આ મારું સાધન છે તે આત્મા નથી. મૂઢ જેવો આત્મા છે. પોપટભાઈ! અજર પ્યાલાની વાતું છે આ તો. આ ઇન્દ્રિયો શરીરની, પુરુષલિંગ કે સ્ત્રીલિંગ એ દ્વારા ચેષ્ટા હું કરું છું અને એ ચેષ્ટા મારામાં થાય છે અને હું આનો સ્વામી છું. જડ છે, એ આત્મા નહિ. સમજાણું કાંઈ? બીજી વાત તો પહેલા આવી ગઈ હતી ભોક્તાની તો. આ તો આ સાધનની અત્યારે વાત ચાલે ભાઈ! પહેલી વાત તો આવી ગઈ કે જે ઓલો વિકલ્પ ઉઠેને વાસનાનો, એનો હું ભોક્તા (એમ) માને તે આત્મા નહિ. કારણ કે વિકલ્પ જે ઉઠે એ રાગ છે. ભગવાન રાગમાં નથી. સ્વરૂપચંદભાઈ! કોઈ દિ' આખી જિંદગીમાં સાંભળ્યું નહિ હોય આવું. આહા..હા..!

ભાઈ! તું આત્મા છોને. તો આત્મામાં શું છે? આત્મામાં શું નથી અને શું છે? આ ઈન્દ્રિયોના આકારો વગેરે એનામાં નથી અને એના ઈન્દ્રિયના આકારને કાળે જે વૃત્તિ ઉઠે રાગ વાસના એ પણ આત્મામાં નથી. એ તો અણાત્મા આસ્રવતત્ત્વ છે. એટલે કે ઈન્દ્રિયના આકારનું સાધન મને છે એ માને એ પણ આત્મા નથી અને એનાથી જે રાગ થયો એનામાં લક્ષ થઈને એનો હું અનુભવ કરનારો છું એ આત્મા નહિ. આ સ્વરૂપની વાત ચાલે છે સ્વરૂપચંદભાઈ! આહા..હા..! આત્મા તો એને કહીએ કે જે શુભરાગથી ભિન્ન ચૈતન્યસ્વરૂપને જેણે દૃષ્ટિમાં લીધો છે તેને તો શાંતિ અને આનંદનો ભોક્તા છે તેને આત્મા કહીએ. રાગને ભોગવે એ આત્મા નહિ. રાગ હો, પણ પોતાના અનુભવના જ્ઞાનમાં પોતાને ભોક્તા રાગનું જ્ઞાન કરે તે આત્મા, રાગને એક કરીને ભોગવે તે આત્મા નહિ. સમજાય છે કાંઈ? આવી કઈ જાતનો આત્મા? ઓલા જીવાજીવના પલાખા શીખી ગયા. જગુભાઈ! આવે છેને? જીવ વિકાર, અજીવવિકાર હાંકે રાખ્યા ગાડા. અરે! તને જીવ કોને કહેવો એની ખબર નથી.

કહે છે, એ '**ગ્રહણ જેને નથી...**' એ ઈન્દ્રિયના આકારની ચેષ્ટા એ જીવ કરતો નથી. ઓહો..! એ આત્માના પર્યાયમાં એ ઈન્દ્રિયનો આકાર અને ઈન્દ્રિય નથી. દ્રવ્ય, ગુણમાં તો નથી, પર્યાયમાં નથી. આહા..હા..! સમજાય છે? '**આ રીતે આત્મા લૌકિકસાધનમાત્ર નથી...**' એ વિષયનું સાધન જે ઈન્દ્રિય એ એનું નથી. એ લૌકિકમાપ-પ્રમાણ એનામાં છે જ નહિ. ભગવાન આત્મા રાગ અને ઈન્દ્રિયોથી પાર અણિન્દ્રિય ભગવાન આત્મા છે. એણે આત્માને જાણ્યો, માન્યો કહેવાય કે એ અણિન્દ્રિય આત્માના અનુભવમાંથી લોકોત્તર સાધનવાળો એ છે. લૌકિક સાધન નહિ, પણ લોકોત્તર સાધન એનામાં છે. આહા..હા..! પ્રજા ઉત્પન્ન કરે છો, જ્ઞાન-દર્શન-આનંદની. જ્ઞાન, દર્શન અને આનંદની પ્રજાને ઉત્પન્ન કરનારો લોકોત્તર સાધનવાળો આત્મા છે. સ્વરૂપચંદભાઈ! સમજાય છે આમાં? આ તો ન્યાય સમજાય એવું છે હોં. ન સમજાય એવું નથી, પણ અંદર પરિણમવું, ધરવું... આ શું કહે છે એ તો સમજાય કે નહિ? આહા..હા..! કહે છે '**આ રીતે આત્મા લૌકિકસાધનમાત્ર નથી...**' એ લૌકિક સાધનવાળો નથી. લૌકિક સાધન એનામાં છે જ નહિ. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ સંસારના છ ખંડના રાજમાં પડ્યો દેખાય, છન્નું હજાર સ્ત્રીમાં ભોગના કાળમાં દેખાય પણ એ એમાં નથી, એ કાળે એમાં નથી. આહા..હા..! એની દૃષ્ટિમાં ભગવાન આત્મા તરવરે છે અને શાંતિનું વેદન ત્યાં હોય છે. એ વખતે પણ રાગ અને એ ક્રિયામાં એ આત્મા નથી. અને એ રાગ અને ક્રિયા એ આત્માના નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? જુઓ, આત્મા આવો માન્યો કહેવાય. ભારે વાત ભાઈ! અમે તો જીવ છીએ એમ માનીએ. લ્યો, ત્રણે કાળે જીવ છીએ. એમ નહિ. એ તો નાસ્તિક સિવાયના બધા આત્મા આત્મા કરે છે. સમજાણું કાંઈ? એમ આત્મા નહિ. આહા..હા..!

અહીં તો આત્મા ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એને આત્મા કહે છે અને

એણે આત્માને માન્યો કહે છે કે જેણે આ ઇન્દ્રિયો .. અને શરીર ઇન્દ્રિયોનો આકાર મારામાં નથી. એના તરફના વલણવાળી વૃત્તિઓમાં હું નથી અને મારામાં એ વૃત્તિ અને ઇન્દ્રિયનો આકાર છે નહિ. હું એક આનંદ અને જ્ઞાનની મૂર્તિ છું, ચૈતન્યબિંબ આત્મા છે. એવા આત્માને જાણે અને માને તેણે આત્મા માન્યો, જાણ્યો કહેવાય છે. કહો, સમજાણું આ? આહા..હા..! કહો, શિખરચંદજી! ભારે! આવી વાત તો મૂળની છેને સાચી. લોકોને બેસે નહિ એટલે લોકો હાંકે ગાડા. હાંકી દીધા. આ પ્રવૃત્તિ કરો, એ પૂજા કરો, વ્રત કરો, દાન કરો, દયા કરો ને મરી જાવ એમ કરીને. એ બધો રાગ છે, સાંભળને! આહા..હા..!

ભગવાન આત્મા. સવારમાં આવ્યું હતું નહિ? 'તન મંદિરમાં . દેવ જિન.' સજ્ઝાયમાં આવ્યું હતુંને. ભગવાન ચિદાનંદ ભગવાન તો બિરાજે છે, દેવાધિદેવ તું છો. આહા..હા..! એને રાગ અને પુણ્ય-પાપના વિકલ્પ અને ક્રિયાથી ભિન્ન જાણી અને આત્માની શ્રદ્ધા.. છે નહિ. આ રાગ ... ઇન્દ્રિય દ્વારા તો નહિ, પણ રાગ દ્વારા એ આત્મા નહિ. સમજાણું કાંઈ? આ તો અજર પ્યાલા છે. સંસારનો અંત લઈને મોક્ષની દશા પ્રગટે ધર્મની એની વાત છે. સમજાણું કાંઈ?

'**આ રીતે આત્મા લૌકિકસાધનમાત્ર નથી...**' અલિંગગ્રહણમાંથી આવો એક અર્થ ઊભો થાય છે. એમ આચાર્ય મહારાજ અર્થ કાઢે છે એમાંથી. અરે! ભગવાન! તું જેને જો છો એ તારામાં નથી. રાગને જો છો, શરીરની ઇન્દ્રિયને જો છો, ભગવાન! એ તારામાં નથી. એ તો જડ છે, એ તો માટી છે. સમજાણું કાંઈ? ઇન્દ્રિયોની ચેષ્ટા થાય આ માટી, આ તો પુદ્‌ગલ જડ છે. એની ચેષ્ટાને તું જો કે આ થઈ મારાથી. ભગવાન! તને જોતા નથી આવડતું. એ જડની ચેષ્ટાથી પાર તું જડની ચેષ્ટાને અડ્યો પણ નથી, એ તારું સાધન પણ નથી, એનાથી દીકરો થાય તને એ તું નહિ. ..ભાઈ! આરે ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દીકરો ક્યાં થાતો હતો? કોણ થાતો હતો? એ તો આત્મા ક્યાંક હતો એ અહીં આવે છે. શરીર, માટીના રજકણો ધૂળના છે એ શરીરપણે થાય છે. આ જન્મે કોણ અને મરે કોણ? એ દ્રવ્યને ઉપજાવે આત્મા? દીકરાના આત્માને ઉપજાવે? એના શરીરને ઉપજાવે? અહીં તો કહે છે કે તારી ઇન્દ્રિયની ચેષ્ટાને તું કરી શકતો નથી ત્રણકાળ ત્રણલોકમાં. એ તો જડ અવસ્થા છે, માટી ધૂળ છે, મડદા છે. એ મડદાનું સાધન માનીને બેસ કે આ દ્વારા મેં પ્રજાને ઉ.. કરી, અમે વંશપરંપરા રાખી. કારણ કે અમારા બાપાએ અમને જન્મ આપ્યો છે, તો અમારે રાખવો. નહિતર વંશપરંપરા તૂટી જશે એમ કહે છે. વાતું કરે છે કેટલાક નહિ? મણિભાઈ! વાતું ઘણી સાંભળી છે. કે આમ રાખવી જોઈએ. ઋષભદેવ ભગવાન પણ જુઓ ઓલાને જીવતર શીખવ્યું હતું. અસિ, મસિ, કૃષિ કહો, જુગલિયાને વંશ રાખવા માટે. અરેરે! એમ નથી, એમ નથી, સાંભળને. એ ક્રિયા જ ભગવાને કીધી નથી, એ વાણી

ભગવાનની નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ કે જીવવાનું સાધન નહોતું. અસિ, મસિ, કૃષિ લખે છેને? કેમ ધંધો કરવો, કુંભારનું કરવું, સુથારનું કરવું—એ ભગવાને શીખવ્યું છે. અહીં ના પાડે છે એ આત્મા જ નહિ. આત્માએ શીખવ્યું જ નથી એને. એ તો વાણીની ક્રિયા જડ હતી. ભગવાન એનાથી ભિન્ન ભાળતા હતા એને.

મુમુક્ષુ :- કરવું બધું ને ભિન્ન...

ઉત્તર :- કોણ કરે? ધૂળ કરે?

મુમુક્ષુ :- ભાવ કરે.

ઉત્તર :- ભાવ તો વિકલ્પ હતો, એ પણ એનો નથી. વિકલ્પમાં એ આત્મા નથી. એ તો અણાત્મા છે. વિકલ્પમાં આત્મા નથી, આત્મામાં વિકલ્પ નથી. ક્રિયામાં આત્મા અને આત્મામાં ક્રિયા નથી જડની. આહા..હા..! અરે! તત્ત્વની એવી વાત છે જરી. લખાણ શાસ્ત્રમાં આવે નિમિત્તના એ ઘણા હોય, પણ એને સમજે નહિ ને બેસાડી દે. ભગવાને આમ કર્યું હતું... ભગવાને આમ કીધું... આપે છેને ખબર છેને. જુઓ ભગવાને આમ કર્યું હતું માટે આપણે પણ આમ કરવું. .. વળી કરશે ધર્મ બર્મ... આહા..હા..!

અહીં તો કહે છે કે પ્રભુ! તારું પરમેશ્વરપણું, લોકના આ સાધન દ્વારા તારે પરમેશ્વર(પણું) નથી. અને રાગાદિ થાય એ પણ તારું સાધન પરમેશ્વર થવાનું સાધન એ નથી. આ તો લૌકિક સાધનમાત્ર નથી, એ તો લોકોત્તર સાધન છે એમ ગુલાંટ ખાઈને વાત કરી છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! એને આત્મા પરમ બાદશાહ આનંદની મૂર્તિ પરમાત્મા છે. 'જિન સો હી હૈ આત્મા અન્ય સો હી હૈ કર્મ, યહી વચનસે સમજ લે જિન પ્રવચનકા મર્મ.' ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવે આત્મા આનંદ અને જ્ઞાનની મૂર્તિ અનંતગુણનો પિંડ જોયો છે. એમાં પુણ્ય-પાપ, દયા-દાનના વિકલ્પો એ આત્માના નથી એમ જોયા છે. એ તો આસ્રવ છે. સમજાય છે? તો એ આસ્રવ અને અજીવની ક્રિયાથી પાર આત્મા છે એને જાણે અને અનુભવે એને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! મુનિઓએ પણ શું કર્યું છે! જંગલમાં રહીને આનંદમાં હતા એ. કર્યું નથી એણે. એને ... કેટલું વર્તે છે! સમજાણું? આહા..હા..!

ભાઈ! તું આત્મા જેને કહે છો એ આત્મા એટલે શું? એ આત્મા વસ્તુ છે. તો વસ્તુમાં તો સ્વભાવ છે કે નહિ? હોવાપણાના કોઈ ગુણો છે કે નહિ? હોવાપણાના. જાણવું, દેખવું, આનંદ, શાંતિ એવા ગુણો છે. એના હોવાપણામાં કે આ શરીરની ક્રિયાઓ એના હોવાપણામાં છે એમ છે નહિ. જુઓને મરવા ટાણે .. બાપા કંઈ બોલો. હાથથી લખી દ્યો. બોલી શકે નહિ. કારણ કે વાણી તો જડ છે. એ ક્યાં આત્મા બોલે છે? એ તો જડ છે. લોકો એમ નથી કહેતા કે વાચા બંધ થઈ ગઈ? સ્લેટ આપો. માળા સ્વાર્થના સગા છે કાંઈક પૂછવું હોય તો. ઘરેણું ક્યાં મૂક્યું? હવે હોળી કરી મૂકી. જવા દેને બિચારાને અહીંથી. સ્લેટમાં

લખો સ્લેટમાં. એ પણ હાથ ચાલે નહિ. હાથ ન ચાલે નહિ. વીજુબહેનને લખવું હતું તો ન ચાલ્યો. ઘણાને એવું છે. અહીં તો જડ છે. એ કાંઈ આત્માની ઈચ્છા છે માટે શરીર કામ કરે (એમ) છે જ નહિ. શરીર તો શરીરની ક્રિયાથી કામ કરે છે. આત્માની ઈચ્છાને કારણે શરીર ચાલે અને લખે એ ત્રણકાળ ત્રણલોકમાં બનતું નથી. મૂઢ માનીને બેઠો છે વચમાં માળો. સમજાણું કાંઈ?

'**આ રીતે આત્મા લૌકિકસાધનમાત્ર નથી...**' લૌકિક સાધન જેવડો-એટલો નથી. એ તો બીજી જાતનો છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ ૧૪મો બોલ થયો. ૧૫મો હવે. ત્યારે કોઈ એમ કહે કે એ લૌકિકસાધન જેટલો શરીર પ્રમાણે નથી તો આખા લોક પ્રમાણે વ્યાપે છે. એમ કહે આત્માને. અને એટલામાં નથી આત્મા કાંઈ એનું કામ કરતો નથી ત્યાં. પણ એટલામાં વ્યાપક છે આત્મા. સમજાય છે? વેદાંત કહે છેને, વ્યાપક આત્મા લોકપ્રમાણ છે. અહીં આચાર્ય કાઢી નાખે છે. '**લિંગ વડે એટલે કે અમેહનાકાર...**' અને શરીરના માપના આકાર પ્રમાણે નથી, કારણ કે એ ક્રિયા એની નથી એટલે એને... અમેહનાકાર. ઈન્દ્રિયના આકારમાં એટલો નથી, એ તો જુદો મોટો વ્યાપક હશે. '**અમેહનાકાર વડે જેનું ગ્રહણ એટલે કે લોકમાં વ્યાપવાપણું નથી...**' આત્મા લોકમાં વ્યાપી જાય એવો આત્મા નથી. કહો, સમજાણું કાંઈ? એ પોતાના અસંખ્ય પ્રદેશમાં વ્યાપીને રહેલો છે. કેટલાક કહે છેને કે લોકમાં વ્યાપે તે આત્મા કહેવાય. આહા..હા..! .. પ્રશ્ન થતો હતો ત્યાં નહિ? .. ૬૮માં પ્રશ્ન થયો ૬૮. દિશાએ જતા હતા. આવો આવો. આ નિત્ય વસ્તુ, વ્યાપક હોય એ નિત્ય હોય. આટલામાં હોય એ નિત્ય હોય કાંઈ? એ પ્રશ્ન કર્યો હતો. સંવત્ ૧૯૬૯. ગઢડામાં. .. હતાને. ડેલીમાં અમારે જોડે દિશાએ જવાનું... એમ ન હોય, કીધું. શરીર પ્રમાણે વસ્તુ હોવા છતાં નિત્ય છે. સમજાય છે? .. વ્યાપક છે માટે નિત્ય છે એમ છે નહિ. નિત્ય દેખાતું નથી શરીર પ્રમાણે આત્મા? વિચાર કરવો હોય કે ધ્યાન કરવું હોય ત્યારે આમ કરે છે કે આમ જાય છે? એકાગ્ર થવું હોય તો આમ જાય છે? કે આમ જાય છે અંદર? એટલામાં છે ત્યાં એકાગ્ર થવા માગે છે. આ શરીર પ્રમાણે આત્મા ભિન્ન છે. સ્વરૂપચંદભાઈ! ન્યાય સમજાય છે કે નહિ? કોઈ કહે આમ લાંબુ કરે આમ લાંબુ થાય. એમ નથી. સમજાણું કાંઈ?

આ આત્મા '**અમેહનાકાર વડે જેનું ગ્રહણ એટલે લોકમાં વ્યાપવાવાળું નથી...**' એ આવ્યું ને? '**આ રીતે આત્મા પાખંડીઓને પ્રસિદ્ધ...**' ભાષા દેખો! છે કે નહિ? મગનભાઈ! મગનલાલ દફતરી. પાંચની સાલ. નાનાલાલભાઈને કીધું હતું. ૧૯ બોલ ચાલ્યા હતા. .. બોલ આવ્યા હતા. એટલે આવ્યા ડહાપણ બતાવવા. પ્રમાણે.. વિચિક્ષણ માને હુશિયાર પોતાને. બોલ્યા.. ત્યાં પાટે. .. હવે કેટલા વખત સાંભળ્યું તોપણ સૂઝ ન આવે. એવા કેટલાક ક્ષત્રિય માને પોતાને કે જાણે બધું અમે બહુ જાણીએ છીએ. આવજે, સાંભળજે

કીધું સવારે હવે. .. છે કે નહિ? એ આ બોલ તે દિ' આવ્યો હતો. પાંચની સાલની વાત છે. ૨૦ વર્ષ પહેલાં. ... બધું એક જ છે. જૈન પરમેશ્વર કહે છે, વેદાંત કહે છે બધું એક છે. અરે! એક નથી, કીધું, ઉગમણો-આથમણો ફેર છે. એક કેવો? ત્યાં તો એક જ આત્મા કહે છે. અહીંયા તો એક એક આત્મા શરીર પ્રમાણે બધા અનંત આત્માઓ છે. એથી અનંતગુણા પરમાણુઓ છે. સમજાય છે? અને એક એક આત્મામાં અનંતા-અનંતા ઠસોઠસ ભરેલા અપરિમિત ગુણો છે અનંત. આહા..હા..! પણ ચીજ ખબર ન મળે. ખબર કરવા જાય તો લાંબાલસ.. બીજે વયા જાય આઘા. એને આપણે બહુ હુશિયાર છીએ. એમ નથી. એક જ આત્મા છે અને લોકપ્રમાણે વ્યાપે તો આત્મા કહેવાય. બિલકુલ જૂઠી વાત છે. સમજાણું કાંઈ? ખબર નથી પડતી તને કે આમ અંદરમાં એકાગ્ર થાય તો અંદરમાં જેટલું ક્ષેત્ર છે એનું તેટલામાં જ્ઞાનની એકાગ્રતા થાય છે. શરીર વ્યાપક છે આત્મા. શરીર વ્યાપક એટલે? શરીરમાં નહિ, પણ શરીરથી જુદો, વ્યાપક પોતાના સ્વરૂપમાં છે. સમજાણું? શરીરના આકાર પ્રમાણે એનો આકાર પોતાનો ભિન્ન છે અંદર. સમજાણું કાંઈ? બહુ આવી મોટી વાતો આવેને ત્યારે કેટલાકને એમ થઈ જાય કે આ તો વેદાંત જેવી વાતું લાગે. પણ તને સાંભળ્યું નથી હવે જૈનનું તત્ત્વ, સાંભળને. જૈન એટલે કોઈ ચીજ સંપ્રદાય નથી. વસ્તુનું દર્શન છે. વિશ્વદર્શન છે. જગતના જે તત્ત્વ છે. જિન એટલે આત્મા, વીતરાગની મૂર્તિ એટલે આત્મા. એને રાગ નહિ, પુણ્ય નહિ, વિકલ્પ નહિ, શરીર નહિ, વાણી નહિ, દ્વેષ નહિ, .. એવો જે આત્મા વીતરાગની મૂર્તિ પોતે. વીતરાગ શબ્દે અકષાય સ્વભાવનું સ્વરૂપ. બસ, અકષાયસ્વરૂપ આત્મા એનો આશ્રય કરીને જે અકષાયદશા પ્રગટ કરે એને જૈન કહીએ, એ જિન છે. એ કોઈ સંપ્રદાય નથી. સમજાય છે કાંઈ? ઓહો..હો..!

**'લિંગ વડે એટલે કે અમેહનાકાર...'** અમેહનાકાર એટલે મર્યાદાના આકારે નહિ. ઓલું મર્યાદામાં હતુંને શરીર પ્રમાણે? .. એટલે લોકમાં વ્યાપવાપણું નથી. કેટલાક એમ કહે છે. શરીર છૂટી જાયને ભાઈ! એટલે પછી અનંતમાં અનંત ભળી જાય. આ વાડામાં બેઠેલાને ભાન ન મળે કેટલાકને. તે દિ' કહ્યું હતુંને ૯૫માં. આ .. .. દેરાસર.. જ્યોતમાં જ્યોત ભળી ગઈ. સિદ્ધ થાય એટલે જ્યોતમાં જ્યોત ભળી જાય. મોક્ષ થયો તો એટલે આત્માનો નાશ થયો? કે આત્માનો અજ્ઞાનની અશુદ્ધિ ટળીને શુદ્ધિ થઈ કે આત્માનો નાશ થયો. એ મોક્ષ થયો એટલે શું થયું? પોતાની સત્તા અહીંયા ભિન્ન રાખતો મેલમાં, મહેલમાં અશુદ્ધતામાં, દુઃખમાં. દુઃખ અને અશુદ્ધતા ટળી ત્યારે પોતાની સત્તાનો નાશ થયો એ મોક્ષ થયો કે એનો અભાવ થયો? એક આત્મામાં બીજો આત્મા ભળી જાય તો અભાવ થયો. એમ છે નહિ. ખબર ન મળે ખબરું કાંઈ. શોભાલાલજી! મજૂરી કરે આખો દિ' ધંધાની. નવરો કલાક, બે કલાક થાય અને સાંભળવાના ગપ્પા જેવા મળે એને માની લે ધર્મ. સુમનભાઈ!

ભાઈ! ભગવાન પરમેશ્વર સર્વજ્ઞ. પ્રવચનસાર છે આ. પ્રવચનસાર. પ્ર-વચન. પ્ર એટલે

ઊંચા વચનો, પ્રધાન વચનો, દિવ્ય વચનો, દિવ્ય ધ્વનિ. ભગવાન પરમેશ્વરની તીર્થંકરદેવની દિવ્યધ્વનિ એમાં નીકળેલો આ સાર છે. સમજાણું કાંઈ? આ આત્મા શરીર પ્રમાણે ભિન્ન છતાં શરીરના આકારે નહિ. આકાર એનો ભિન્ન છે. છતાં શરીર છૂટી જાય ત્યારે વ્યાપક થઈને બીજામાં ભળી જાય એવો નહિ. સ્વરૂપચંદભાઈ! આ બધા સુધરેલા હોયને એ એવું સમજે લાંબુ-લાંબુ. .. ક્રિયાકાંડવાળો દેખો .. ચાલો ત્યાં જઈએ. અરે! ભાઈ! પરમેશ્વરે કહ્યું એ વસ્તુ પૂરેપૂરી પૂરી ભરી છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

દીવો છે દીવો. એમાં જો ઢાંકણ હોય ત્યાં સુધી તો દીવાનો પ્રકાશ એમાં રહે, પણ ઢાંકણ કાઢી નાખે તો દીવો ફેલાઈ જાય કે નહિ? એમ આ શરીર માટી જડ છે ત્યાં સુધી એમ ને એમ બરાબર. પણ અંદરમાં ... થયો પછી તો શરીરમાં રહ્યો નહિ. ફેલાઈ જાય કે નહિ? નહિ. બિલકુલ નહિ. એ તો પોતે ભગવાન અસંખ્ય પ્રદેશી સત્ ચિદાનંદ ઘન છે એ પોતાના અસંખ્ય પ્રદેશમાં જ વ્યાપેલો છે. સિદ્ધમાં પણ અસંખ્ય પ્રદેશમાં રહેલો છે આત્મા. બીજા સિદ્ધની સાથે ભળેલ નથી. એક સિદ્ધ બીજા સિદ્ધમાં.. જ્યોતિમાં જ્યોતિ મિલાય એમ કહે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો એક જગ્યોએ હોય. હોય તે શું છે? એક જગ્યોએ હોય એટલે એક થઈ ગયા? સમજાણું કાંઈ? આ રજકણો એક જગ્યાએ નથી? આત્મા છે ત્યાં રજકણો છે. તો શું આત્મા રજકણરૂપ થઈ ગયો? આ રજકણ આત્મારૂપ થઈ ગયા? એ તો ભિન્ન-ભિન્ન સૌના કાર્ય ભિન્ન છે. ..ભાઈ! ... આહા..હા..! એ આત્મા જ એવો છે કે જેમાં જન્મ-મરણ છે નહિ એમ કહે છે અહીં. જન્મ-મરણનો ભાવ અને જન્મ-મરણ એ આત્મા છે જ નહિ. એને આત્મા કહીએ એમ કહે છે અને એ આત્માને જન્મ-મરણ અને રાગ નથી તો એવો થયો તો રહે છે એના ને એના ક્ષેત્રમાં. પહોળો થઈને ભળી જાય છે એમ છે નહિ. સમજાણું કાંઈ? ભાષા કેવી કરી જોયું આચાર્યે!

.. સંસ્કૃત છે. ..નો અર્થ એ છે. અહીં તો શું કહે છે? કે લૌકિક ક્ષેત્ર હોય તો આત્મા મોટો કહેવાય, એ અજ્ઞાનીને ભાન નથી, કહે છે. મોટું ક્ષેત્ર હોય તો જ મોટો કહેવાય એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? સાત હાથનું શરીર હોય તોપણ આત્મા પોતે એનાથી ભિન્ન પડીને કેવળજ્ઞાન સાત હાથમાં લઈ શકે છે. અને પાંચસો ધનુષનો દેહ હોય, સવા પાંચસો ધનુષનો. બાહુબલીજીને સવા પાંચસો ધનુષનો. બાહુબલીજીને. આ ૠષભદેવ ભગવાનના પુત્ર બાહુબલજી સવા પાંચસો ધનુષનો દેહ હતો. તો .. સવા પાંચસો ધનુષ .. ત્યાં. મોટું શરીર છે એટલે મોટું કેવળજ્ઞાન થઈ જાય? સાત હાથના છે તો કેવળપાન નાનું હશે? ક્ષેત્રના મોટાથી ભાવને શું છે એમ સિદ્ધ કરે છે અહીંયા. ક્ષેત્રની મોટપથી આત્માની મોટપ નથી. એના સ્વભાવે .. મોટપ છે. ... અસંખ્ય પ્રદેશ છે સૌને ભિન્ન. અનંત જ્ઞાન, અનંત દર્શન,

પરમ શાંતિ, કેવળજ્ઞાન થાય. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ આ બધી નિશ્ચયની વાતું સાંભળેને પછી ઘણાને વેદાંત ઉપર વયું જાય છે. જૈનના સુધરેલા લોકો. સમજાણું?

ઓલા હતાને તમારે .. વકીલ. ..ભાઈ. પહેલા એમાં વયા ગયેલા, પછી વળી આમાં આવેલા, વળી પાછા માન માટે મૂકી દીધું. .. પછી એના માટે .. નાગરભાઈને. .. પછી પાછા ..હતા, પછી પાછા ફરી ગયા. .. અરે! પ્રકૃતિના.. આત્મા વસ્તુ છે ભગવાન. શરીરના રજકણોથી જુદો, છતાં શરીરના પ્રમાણમાં એનું માપ જુદું છે. જેમ પાણીનો લોટો હોય પાણીનો લોટો, તો લોટાનો આકાર અને પાણીનો આકાર બે ભિન્ન છે. લોટાને કારણે આ પાણીનો આકાર નથી. લોટામાં પાણી છે એટલે લોટાના આકારે પાણી છે કે લોટાને કારણે આકાર થયો એમ નથી. પાણીના આકારે પાણી પોતાને કારણે છે. એમ આ શરીરરૂપી લોટો છે. આ જુઓ લોટો છે કે નહિ આ? આ કાશીનો લોટો છે. એમ ભગવાન આત્મા જ્ઞાન અને આનંદની મૂર્તિ ભિન્ન વર્તે છે અંદર. સમજ્યા? પણ એનો આકાર જુદો અને આનો આકાર જુદો. ભલે ક્ષેત્ર સરખું હોય પણ આકાર બેના જુદા. મૃત્યુ થાય તોપણ એનો આકાર એના પ્રમાણમાં રહે છે. વ્યાપીને આવતો નથી. વ્યાપીને માને છે એને આત્માનું ભાન નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૧૫ રવિવાર, તા. ૦૨.૦૨.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૧૬-૧૭, પ્રવચન-૧૪૫**

આ પ્રવચનસાર ચાલે છે. જ્ઞેય અધિકાર. જ્ઞેય (અધિકાર)માં આ આત્મા જ્ઞેય કેવો છે એનું વર્ણન ચાલે છે. ૧૫મો બોલ આવ્યોને? કે આત્મા શરીરના આકાર જે ઈન્દ્રિય આદિ છે એનો એ કર્તા કે એના વડે કામ લે એવો એ આત્મા નથી. પણ એ આત્મા શરીરવ્યાપક છે. લોકવ્યાપક કોઈ માને છે એવો એ નથી. સમજાય છે? જુઓ પંદરમો એ આવ્યો. '**લિંગ વડે એટલે કે અમેહનાકાર વડે જેનું ગ્રહણ એટલે કે લોકમાં વ્યાપવાપણું નથી...**' કોઈ કહે કે ભાઈ! શરીર અને ઈન્દ્રિયોના આકારનું કામ એનું નથી. તો પછી એ લોકવ્યાપક હોઈ શકે કે નહિ? આખા લોકમાં પ્રસરે એવો આત્મા છે? કે ના. એ તો શરીરના આકાર પ્રમાણે શરીરથી ભિન્ન ચૈતન્ય આનંદમૂર્તિ પોતામાં વ્યાપીને રહેલો છે. કહો, સમજાય છે કાંઈ? એ વાત આવી ગઈ છે.

હવે આજે ૧૬મો બોલ છે. '**જેને...**' એટલે આ આત્માને. આ આત્મા એને કહીએ કે '**લિંગોનું એટલે સ્ત્રી, પુરુષ અને નપુંસક...**' એવા જે આ શરીરના આકાર દ્રવ્યવેદ

અને અંદર ભાવવેદની વાસના એ આત્માને નથી. સમજાય છે કાંઈ? આત્મા જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિ એમાં આ સ્ત્રી, પુરુષ અને નપુંસકના લિંગ જે શરીરના આકાર એટલે દ્રવ્યવેદ એ એને નથી, તેમ ભાવવેદ પણ એની વસ્તુમાં નથી. ભાવવેદ એ વાસના વિકૃત અવસ્થા છે. એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. એને આત્મા કહેતા નથી. સમજાય છે કાંઈ? જેને એટલે આત્માને. સૂક્ષ્મ વાત છે, ભાઈ! '**લિંગનું એટલે કે સ્ત્રી, પુરુષ અને નપુંસક વેદોનું ગ્રહણ નથી...**' એટલે કે આ ત્રણ ચિહ્નોને તે અડતો નથી, ગ્રહતો નથી, તેના સ્વરૂપમાં એ વેદ નથી. તેમ જે ભાવવેદ કહેવાય સ્ત્રી, નુપંસકની વૃત્તિ એ આત્મામાં નથી, એ આત્માની નથી. જેણે આત્મા માન્યો, જેણે આત્મા જાણ્યો એનો આત્મા એવો છે કે એ દ્રવ્યવેદ અને ભાવવેદની વૃત્તિ ને આકાર વિનાનું એનું તત્ત્વ છે. સમ્યગ્દૃષ્ટિને એવો આત્મા જાણવામાં, અનુભવમાં આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ક્યાં નહોતા ત્યાં?.. ઠીક. કહો, સમજાણું કાંઈ?

આત્મા એને કહીએ કે જેમાં નિર્વિકારી આનંદ અને શાંતિથી ભરેલો પદાર્થ છે આત્મા. સમજાય છે કાંઈ? ધર્મીની દૃષ્ટિ ધર્મ ધરનાર, વીતરાગસ્વભાવ ધરનાર એવો આત્મા તેમાં એની દૃષ્ટિ હોવાથી ધર્મી એવા આત્માને માને છે કે જેમાં દ્રવ્યવેદ અને ભાવવેદની વાસના જ નથી. ભગવાનજીભાઈ! ભારે વાત ભાઈ! આહા..હા..! સમજાય છે કાંઈ? એને આત્મા કહીએ અને એણે આત્મા માન્યો, એવો માન્યો કહીએ કે જેની દૃષ્ટિમાં આત્મા વેદની વાસના અને આકારની વૃત્તિઓનો જેમાં અભાવ છે. નવનીતભાઈ! આહા..હા..! કેમ? કે આ દ્રવ્યવેદ એ જડ છે. એ તો જડની પર્યાય છે, એ કોઈ આત્મામાં નથી. એ તો અજીવની દશા છે આ દ્રવ્યલિંગો. એ સ્ત્રીના લિંગ, પુરુષ, નપુંસકના એ તો માટીના આકાર જડના, ધૂળના, પુદ્‌ગલના છે. એ કાંઈ આત્માની પર્યાયમાં નથી. દ્રવ્ય-ગુણમાં તો નથી, પણ એની પર્યાયમાં પણ આ નથી. હવે પર્યાયમાં જે વિકલ્પની વાસના સ્ત્રી, પુરુષ, નપુંસકની છે એ પર્યાયદૃષ્ટિવાળો એમ માને છે કે આ મારામાં છે. એટલે શું કહ્યું? કે જેની દૃષ્ટિ વિકૃત અવસ્થાઓ ઉપર છે એ એમ માને છે કે હું વેદ-વાસનાવાળો મારો આત્મા છે. એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એને કહેવાય છે, એને કહે છે અને ભગવાને એને-જાણેલા જીવને આવો જીવ જાણે એણે જીવને જાણ્યો અને માન્યો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! ક્યારે? આ ક્યારે? અવેદી થાય ત્યારે? અહીં વસ્તુ પોતે ત્રિકાળ અવેદી છે. દ્રવ્યવેદ અને ભાવવેદની વૃત્તિ વિનાનું એ તત્ત્વ છે. કેમકે દ્રવ્યવેદ છે એ અજીવની પર્યાય છે, ભાવવેદ છે તે આસ્રવતત્ત્વની વિકલ્પ મેલી દશા છે. સમજાય છે કાંઈ?

તો '**લિંગોનું એટલે કે સ્ત્રી, પુરુષ અને નપુંસક વેદોનું...**' એવા વેદનું જેને ગ્રહણ નથી. લિંગ ગ્રહણ નથી. લિંગ એટલે વેદની વાસના અને દ્રવ્યની આકૃતિ એ લિંગ. ભગવાન આત્મામાં તે ચિહ્ન નથી. એ એંધાણ એના નથી, એ એના સ્વરૂપની જાત નથી. તેથી આત્મા અલિંગગ્રહણ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! ક્યારે? જ્યારે જાણે આત્માને

ત્યારે. આત્માને જાણ્યો ત્યારે કહેવાય... સ્વરૂપચંદભાઈ! આત્માને જાણ્યો, માન્યો, ઓળખ્યો, પ્રતીતમાં લીધો, વિશ્વાસે આવ્યો ત્યારે કહેવાય કે જે દ્રવ્યવેદના આકારો એ તો અજીવની પર્યાય છે, જીવમાં નથી. સ્ત્રીલિંગ અને સ્ત્રીવેદનો વિકલ્પ, પુરુષનો અને નપુસંક પાવૈયા એ વિકલ્પ જે વાસના છે એ કાંઈ જીવના દ્રવ્ય-ગુણમાં તો નથી, પણ જ્યારે દ્રવ્ય લક્ષમાં લીધું ત્યારે એની પર્યાયમાં પણ એ વાસના નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? ઓહો..! બસ, આત્મા અવેદી થઈ ગયો? અવેદી થયો નહિ, અવેદી છે. સમજાણું કાંઈ? જ્યારે એ આત્માને માને, સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવ આત્માને માને ત્યારે એ આત્મા આવો માને છે. ભારે વાત! સમજાણું કાંઈ?

એ '**વેદોનું ગ્રહણ નથી...**' એટલે તેની પર્યાયમાં નથી. આહા..હા..! દ્રવ્ય-ગુણ જે ત્રિકાળ વસ્તુ છે એમાં તો નથી, પણ પર્યાય જે છે એ નિર્વિકલ્પ અવેદી પર્યાયના લક્ષણ દ્વારા જેણે લક્ષ્યને પકડ્યો આત્માને, એમાં તો વેદની વાસનાનો તે સમયની પર્યાયમાં અભાવ છે અને જડની પર્યાયનો તો સ્પષ્ટ અત્યંત અભાવ છે. સમજાણું કાંઈ? ભાઈ! આત્મા જાણવો, માનવો, ઓળખવો એ કોઈ અપૂર્વ ચીજ છે. સમજાય છે કાંઈ? આમ આત્મા અમે માનીએ છીએ, આત્મા આવા ભેદવાળા. ૫૧૩ જીવના ભેદ છે અને ફલાણું છે ને ઢીંકણું છે. એમ નહિ. ભગવાન એને આત્મા કહેતા જ નથી. છ કાયના શરીર માથે એને આત્મા કહેતા નથી. છ કાયના જે જીવ કહ્યાને? છ કાયના જીવ... છ કાયના જીવ... છ કાયના જીવ... ભગવાન કહે છે કે છ કાય તો શરીર છે, માટી છે. એવો જીવ છે? એવો તો નથી, પણ ઈન્દ્રિય જે ખંડખંડ છે એવો એ જીવ છે? ભાવ ઈન્દ્રિય અને દ્રવ્ય ઈન્દ્રિયનો જેનામાં અભાવ છે તેને આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાત. સમજાય છે કાંઈ?

ધર્મીને ધર્મ ક્યારે થાય છે? કે જ્યારે એ આત્માને, જડની વેદની અવસ્થાનું હોવાપણું મારામાં નથી અને વેદની વિકૃત અવસ્થા એ આત્મામાં છે જ નહિ. છે તો નિર્વિકારી શુદ્ધ આનંદકંદ આત્મા છે. એમ જ્યારે અંતર પ્રતીતમાં ધ્યેય કરીને અનુભવમાં આવે ત્યારે તેણે આત્માને માન્યો, જાણ્યો, ઓળખ્યો કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા તો અતીન્દ્રિય આનંદ અને શાંતિના રસથી ભરચક છલોછલ ભરેલો છે. દરિયો જેમ પાણીથી-જળથી ભર્યો છે. એ ખારનું સ્વરૂપ એ કાંઈ ખરું જળનું સ્વરૂપનું નથી. સમજાય છે? ખારો દરિયો કહેને? દરિયો ખારો હોય નહિ, સાંભળ! દરિયો ગંધાણો. એકફેરી વાંધો ઉઠ્યો હતો. માછલા બહુ થયા હતાને પોરબંદરમાં. મરી ગયા. ગંધાણો. નારાયણભાઈને .. દરિયો ગંધાય નહિ. .. ૮૭. દરિયો ગંધાય નહિ. કોણ કહે છે દરિયો ગંધાય? આ માછલાને.. દરિયો નહિ. કહો, સમજાણું કાંઈ? એ વીંછીયા ૮૭ની વાત છે. વાત ઓલા પોરબંદરથી કોક આવ્યા હશે બિચારા. ગંધ મારી હશે, કાંઈક માછલા મરી ગયા. કોઈ તડકો આકરો પડ્યો હોય ઉપર એટલે નીચે જરી ગરમી લાગી માછલા મરી ગયા દરિયામાં. પછી ગંધ મારી

હશે ગંધ. નહિ, દરિયો ગંધાય નહિ. મગજમાં ઓલામાં. વાત સાચી, આત્મા ગંધાય નહિ.

ભગવાન જ્ઞાનસમુદ્ર પ્રભુ એ રાગની વાસનાથી ગંધાય નહિ, વિકારી થાય નહીં એને આત્મા કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..! સમ્યગ્દષ્ટિને છન્નુ હજાર સ્ત્રી હોય છેને. અરે! કોણ કહે છે એને સ્ત્રી છે? કોણે કહ્યું તને? એને વેદ અને ચિહ્ન જ્યાં નથી આના ત્યાં વળી ... ક્યાંથી લાવ્યો તું? મગનભાઈ! પણ શાસ્ત્રમાં તો એવું આવે છન્નું હજાર સ્ત્રી, એમાં પદ્મણી એક મોટી હોય, એની હજાર દેવ સેવા કરે. વાતું બહુ આવે લાંબી. કહે છે કે એ સમ્યગ્દષ્ટિ છે, ચક્રવર્તી (માને) છે આ મારા આત્મામાં આ દેવીઓ તો નથી, રાણીઓ તો નથી, પણ આ દ્રવ્યલિંગના ચિહ્નો એ મારા નથી, મારામાં નથી, એ હું મારા માનતો નથી. તેમ વેદની વૃત્તિઓ ઉઠે એ મારામાં નથી, મને નથી, મારાથી ભિન્ન ચીજ છે એ. હું એનાથી ભિન્ન છું અને મારાથી એ ભિન્ન છે. આહા..હા..! સમજાય છે કાંઈ? જુઓ, આત્મા-આત્મા બધા વાતું કરે, પણ એમ આત્મા ન હાથ આવે કહે છે. બધા કહે, નાસ્તિક સિવાય બધાય આત્મા છે... છે.. કહે. પણ એનું વાસ્તવિક પૂરું એકરૂપ અખંડસ્વરૂપ શું છે? એ સર્વજ્ઞે કહેલો આત્મા હોં, પણ પાછો બીજા વાત ભલે કહે. સર્વજ્ઞ પરમેશ્વરે (કહેલો). શરીર વ્યાપક, આકૃતિ શરીરને કારણે નહિ, પોતાના અનંતગુણમાં વ્યાપકથી અસંખ્ય પ્રદેશમાં રહેલો પ્રભુ, કહે છે કે એનું વ્યાપવું (એમાં) વેદની વાસના અને આકૃતિ જડની ઈન્દ્રિયોમાં છે જ નહિ. અત્યારે નથી. અત્યારે નથી. નથી તેને નથી તરીકે જાણીને, અસ્તિ તરીકે જાણે ત્યારે તેણે આત્મા જાણ્યો, માન્યો, અનુભવ્યો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'વેદોનું ગ્રહણ નથી...'** મારા આ તે નવમા ગુણસ્થાનની વાત કરે છે? સાંભળને ભગવાન! એ વાસના વિકલ્પ છે એ આત્મા ક્યાં છે? એ તો આસ્રવ છે. અને આ દેહના આકારો આ બધા ઈન્દ્રિયના, શરીરના એ આત્મા ક્યાં? આ તો માટી છે, જડ છે. અગ્નિમાં બળે તો રાખ થઈ જશે. ઈન્દ્રિય સળગે, શરીર સળગે. આ તો માટી છે. ઈન્દ્રિયો જેટલી છે આ શરીરની, એ તો માટીની દશા છે, એ આત્માની છે? આત્મામાં છે? આત્માને અડે છે? આત્મા એને અડ્યો છે? ભારે વાત! સમજાણું કાંઈ? **'લિંગોનું એટલે...'** ઓહો..હો..! શું પણ જુઓને. સંતોએ આત્માને હથેળીમાં બતાવ્યો કે જો આ આત્મા. એ સિવાય આત્મા બીજો નહિ, બીજી જાત નહિ. એમ આત્માને અંતર દૃષ્ટિમાં લક્ષમાં લઈ અને આનંદ ને શાંતિ ને અવિકારી વસ્તુ અને ગુણ, તેનું પરિણમન અવિકારી તેને આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ મોંઘો થઈ ગયો આત્મા કહે લ્યો! એ તો આવો છે. મોંઘો માન કે સોંઘો માન, ભાઈ! જેવો છે એવો છે. તને ખબર નથી એટલે કાંઈ આત્મા બીજી ચીજ થઈ જાય? ભગવાન અમૃતચંદ્રાચાર્ય અલિંગગ્રહણનો એક આ અર્થ કાઢે છે એમાંથી. બધા ૨૦ અર્થ. આ તો આપણો ૧૬મો બોલ. ૧૫ તો થઈ ગયા છેને. ઘણાં દિ'થી ચાલે છે.

અ-લિંગ-ગ્રહણ. એના ૧૬ અર્થ. લિંગ ગ્રહવું જેને નથી, લિંગ જેમાં નથી, લિંગથી-ઈન્દ્રિયથી, ચિહ્નથી જાણવું જેને નથી. ઈન્દ્રિયથી, ચિહ્નથી જણાય એવો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા... ત્યાં અમે ગયા હતા ત્યાં ..માં. ત્યાં મુનિઓની વાત આવેલી. પાંડવો. ઉપયોગને જેનો છે એની સાથે જોડ્યો છે. ઉપયોગને-જાણવા-દેખવાના ઉપયોગને જેનો છે લક્ષ્યનો, તેમાં જોડ્યો છે. હવે કહે છે કે દુર્યોધનનો ભાણેજ આવીને એને લોઢાના દાગીના પહેરાવ્યા પાંડવોને. લોઢાના કડા. રાજ લેવું હતુંને તમારે અમારું? લ્યો હવે રાજ. એમ કરીને. દુર્યોધનનો ભાણેજ આવીને. મુગટ લોઢાનો ધગધગતો. કહે છે કે જે જાણવાનો ઉપયોગ જેનો છે એની સાથે જોડ્યો છે, હવે તું એનો નાશ કરી શકે, હરિ શકે, દૂર કરી શકે એ ચીજમાં છે જ નહિ હવે. આહા..હા..! સમજાય છે કાંઈ? એણે પોતાના ઉપયોગને લક્ષ્યમાં, લક્ષવાળું જે દ્રવ્ય છે એમાં જોડી દીધું. .. નથી કોઈ એને સળગાવે શરીરને. તોપણ શરીર એનું ક્યાં છે તે સળગે એ? અને શરીરની દશા થવાથી એને દુઃખ થાય એ વસ્તુમાં છે જ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? એ દુઃખની વિકૃત અવસ્થા, આત્માના આનંદના ઉપયોગવાળો જ્યાં આત્મા જોડી દીધો છે ત્યાં વિકૃત અવસ્થાનો આનંદની દશામાં અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! દુનિયા એમ જાણે છે કે અરે! આ જુઓને દુઃખી. આ ગજસુકુમાર દુઃખી, આ દુઃખી. ભગવાન! તું એને દુઃખી ન કહે, એને ગાળ ન દે. એમ વસ્તુનું સ્વરૂપ ત્યાં એમ નથી. તને જોવાની દૃષ્ટિમાં ફેર છે. આત્માના જોનારા પોતાને પણ દુઃખની અને વિકૃત અવસ્થાના અભાવવાળો આત્મા જાણે અને અનુભવે છે. તો એ જે રીતે અનુભવે એવી દૃષ્ટિથી તું એને (આત્માને) જો. સમજાણું કાંઈ? એની જે દૃષ્ટિ છે અને એનું જે કામ ચાલે છે તે રીતે તું જો. આહા..હા..! અરેરે! દુઃખી બિચારા. અમને કેટલી સગવડતા જુઓ! સુંવાળી તળાઈ ને બેઠા હોય, માથે પંખા ફરે, પાણીમાં બરફ નાખીને પાય. અરેરે! મુનિઓને કાંઈ છે? અરે માથે અગ્નિ! આહા..હા..! અરે! એમ દયા ન ખા. તું મિથ્યાત્વને સેવે છો ભાઈ! એય..! ગીરધરભાઈ! ભગવાન! એનો આત્મા અને એની જે દૃષ્ટિ ત્યાં કામ કરે છે એ રીતે તું જો, એમ બીજી રીતે ન જો. આત્મા બીજી જાતમાં જાય એવો છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

ઉપયોગનું હરણ આવ્યું હતુંને ભાઈ આપણે, એ છોડી દીધું હતું. ઓલા આવ્યા હતા એય..! આનંદજી! ઓલા .. આવ્યા હતા ત્યાં. બરાબર બેઠા અને નીકળ્યા ઉપરથી. તો ઉભા રહ્યા. મેં કીધું, હું સોનગઢ.. બિચારા ઉભા રહ્યા. વૃદ્ધ નહિ? અહીં આપણે આવ્યા હતા તમારી સાથે. ખાનદાન માણસ છે પણ હવે એને .. બિચારા ઉભા રહ્યા થોડીવાર. વૃદ્ધ છે. ઉભા રહ્યા... શું કરે? તત્ત્વની વસ્તુ. વાડામાં બંધાઈ ગયા. બિચારા નરમ માણસ. વૃદ્ધ છે વૃદ્ધ. .. ... બહારથી દીક્ષા લઈ લીધી. આ સાંભળ્યું, ઓય માળે! તત્ત્વ તો બીજું છે આ. નીચે બેઠો હતોને હાથી પાસે. ત્યાં નીચે આમ જોયું. તમે કોણ છો? કહે દિવ્યવિજય...

મેં કીધું સાચી વાત છે. અરે ભગવાન! આત્મા શું કરે છે અને આત્માનું શું કાર્ય છે એ ખબર ન મળે. કહે છે, એ વિકૃત જાત્રાનો વિકલ્પ છે એ પણ આત્મામાં નથી એમ સમકિતી જોવે છે. અરે! ભગવાન! આહા..હા..! આ તો લોકો તો રાડ નાખે એવું છેને. ભાઈ! તને આત્મા હાથ આવ્યો નથી. એ ચૈતન્ય હીરો. આહા..હા..!

અનંત-અનંત અતીન્દ્રિય આનંદથી છલોછલ અપરિમિત સ્વભાવથી ભરેલો ભગવાન છે. એવા આત્માને પકડતા, એવા આત્માને લક્ષમાં લેતા એ આત્મા એવો જણાય કે જેમાં દુઃખ અને રાગની અવસ્થાનો અભાવ છે એવો આત્મા છે. સમજાય છે કાંઈ? આહા..હા..! એ દુઃખની વિકૃત અવસ્થા તો રાગ છે, વિકલ્પ છે, એ આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા લિંગ વિનાનો છે કહે છે. એટલે શું? આ ચાલતા અર્થમાં. કે એ જીવને વિકલ્પનું ચિહ્ન છેને અને જડનું ચિહ્ન છેને? એ આત્મામાં એ ચિહ્ન જ નથી, એ આત્માનું લિંગ જ નથી, એ આત્માનું લક્ષણ નથી, આત્માના કોઈપણ અંશમાં, અસંખ્ય પ્રદેશમાં કે પર્યાયમાં છે જ નહિ એ. ચંદુભાઈ! ભારે વાત ભાઈ! અરે! આ તો બધા વિકારના રસમાં ગલગલિયા કરતા હોય. ભગવાન! એ આત્મા નહિ હોં. જે કાંઈ પુણ્ય અને પાપના વિકલ્પના પ્રેમમાં ફસાયેલો છે, એમાં રસ કરીને પડ્યો છે એ આત્મા નહિ, એ તો અણાત્મા છે. એ આત્મા કેવો? આહા..હા..!

જેને પુરુષ વેદ અને સ્ત્રીનું લિંગ છે દેહનું એ તો નહિ, પણ વાસનાનો પ્રેમ છે જેને, એ દુઃખની વૃત્તિઓનો વાસનાનો પ્રેમ છે જેને એને આત્મા પ્રત્યેનો દ્વેષ છે. આહા..હા..! સ્વરૂપચંદભાઈ! આવો તો આત્મા સાંભળ્યો નહિ હોય ત્યાં કોઈ દિ'. મુંબઈ સાંભળ્યો છે? ભગવાનને નામે બધા કહે. ભગવાન આમ કહે, ભગવાન આમ કહે. પણ ભગવાન શું કહે છે બાપા! તને ખબર નથી, ભાઈ! ભગવાનના ઘર મોટા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ જેને પરમાત્મશક્તિ પ્રગટ થઈ છે. એની વાણીમાં આત્મદરબાર એવો આવ્યો ને કહ્યો ને જોયો છે કે જે સમ્યગ્દૃષ્ટિ એવો જ જોવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આમ તો બધા કહે, આત્મા માનીએ છીએ, આત્મા કરીએ છીએ. અરે! શું કરે? બાપા! તને ખબર નથી ને ભાઈ! દયા કરીએ છીએ, દાન કરીએ છીએ, વ્રત કરીએ છીએ. ભાઈ! એ તો બધો વિકલ્પ છેને. એ તો રાગ છે. રાગના અસ્તિત્વમાં આત્મા છે એ તો જડ છે. મિથ્યાદૃષ્ટિ ચૈતન્યનું ખૂન કરે છે કહે. આહા..હા..! નટુભાઈ! ભારે વાત! કહો, મગનભાઈ!

ભગવાન આત્મા ભગવાને એવો કહ્યો છે, એવો છે અને સમ્યગ્દૃષ્ટિ જીવ એવો જાણે અને માને છે કે મારામાં વેદનો વિકલ્પ એનો અભાવ છે, તો એની મીઠાશ અને રસ એ તો ક્યાંથી હોય? સમજાય છે કાંઈ? જેને વિષયની વાસનામાં પ્રીતિ અને મીઠાશબુદ્ધિ છે એને આનંદમૂર્તિ પ્રત્યેનો દ્વેષ અને આનંદનો વેરી છે એ. આહા..હા..! જેને ઈન્દ્રાણી જેવી

સ્ત્રી, પદ્મણી જેવી કે જેના શરીરની સુગંધે ભમરા ફરતા હોય. કહે છે કે એવી સ્ત્રીનું હાડકાનું શરીર, એને દેખીને જેને વાસના ઉત્પન્ન થાય છે કે આને ભેટો કરું. એવી વાસના પ્રત્યેનો જેને પ્રેમ અને રુચિ અને મીઠાશ છે એ આત્મા નહિ. એય..! ધીરૂભાઈ! આવો આત્મા હશે? એય..! કાંતિભાઈ! અરે ભગવાન! ભાઈ! આત્મા એટલે? એ તો અતીન્દ્રિય આનંદ અને શાંતિનો દરિયો છે. અજર-અમર અખંડાનંદ પ્રભુ, જેની પર્યાયમાં વેદ-વાસનાની ગંધ નથી, ગંધ નથી. જેની ગંધ અતીન્દ્રિય આનંદની જેમાં ગંધ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

આ કહે છે, અમે બાયડી છોડી, સ્ત્રી છોડી. ભગવાન! તે શું છોડ્યું એ તને ખબર નથી. એના પ્રત્યેની વાસનાની વૃત્તિની મીઠાશ છે એણે આત્મા છોડ્યો છે. આત્માને છોડ્યો છે. એ ધર્મનો ત્યાગી છે. ભારે વાતું આવી ગીરધરભાઈ! 'ઝંડા હમારા રહે ઊંચા.' ..માં આવતું હતું અમારે. ઝંડા હમારા રહે ઊંચા. નહિ આપણે ત્યાં હતા નહિ ઓલામાં? એય..! તમારા ગામમાં શું? સોમપરાના મકાનમાં. ક્યા સોમપરા? ..સોમપરાના. પછી આ બધું નીકળ્યું હતું ... છે એના બાપ. ૯૯ની વાત છે. 'ઝંડા ઊંચા રહે હમારા.' આ બધા નીચે પડી જાય. અરે ભગવાન! શું તું કરે છો? ખબર ન મળે શું કરે? એમ કે આવી ક્રિયા કરીએ છીએ મહાવ્રતની અને આ રાગની આ ક્રિયા એ અમારા ઝંડા ઊંચા રહે. ભગવાન! એ રાગની ક્રિયા એ અમારી છે અને એમાં અમે ઊંચા છીએ અને કાંઈક ઠીક કરીએ છીએ ભગવાન! એમાં મિથ્યાત્વનો દોષ (છેને). આત્માનું ખૂન થાય છે. પોપટભાઈ! એ તો હવે તમે જાગ્યા, ત્યાં પહેલા તો ક્યાં હતા? એના મંદિર ત્યારે ક્યાં હતા ત્યાં? એ તો પછી આ જોરાવરથી જાગ્યા. બહુ વઢવાણમાં .. હતી. ૯૯માં. આહા..હા..!

ભાઈ! પ્રભુ! પરમેશ્વર ચૈતન્ય જિનચંદ્ર, જિનસૂર્ય પરમાત્મા ત્રિલોકનો નાથ. જેની દિવ્યવાણી પ્રવચનસાર. પ્રવચન-દિવ્ય, વાણીનો સાર એમાં ભગવાન ફરમાવે છે કે એને અમે આત્મા કહીએ છીએ કે જેને શરીરની ઈન્દ્રિયોનો તો પ્રેમ નથી. (કેમકે) પ્રેમ છે ત્યાં એકત્વ છે. પ્રેમ છે ત્યાં એકત્વ છે. પણ વેદની વાસનાનો પ્રેમ નથી. જે પ્રેમ છે તે સ્વભાવ સાથે એકત્વ છે. આહા..હા..! ન્યાય સમજાય છે? ધર્મીને પ્રેમ તો રુચિ અંતર આનંદમાં એને પ્રેમ પડ્યો છે. સમજાણું કાંઈ? એને વેદની વાસનાના અને એ તો બધું જ્ઞેયમાં-પરજ્ઞેયમાં જાય છે. મારા દ્રવ્ય-ગુણની પર્યાયમાં નથી એવો આત્મા છે. આહા..હા..! ભારે વાત ભાઈ! અરે! વેદની વાસનાથી લેપાઈ જાય, ખરડાઈ જાય, એ વાસનામાં એકત્વ થાય, કહે છે કે એ આત્મા નહિ હોં. આત્મા નહિ ભાઈ! સમજાણું કાંઈ?

'**આ રીતે આત્મા દ્રવ્યે તેમજ ભાવે સ્ત્રી, પુરુષ અને નપુંસક નથી...**' આહા..હા..! આ એના શબ્દાર્થ એવા છે. સ્વરૂપચંદભાઈ! એવા શબ્દાર્થ. જુઓ કેટલું ભર્યું છે! એક આત્મામાં એ ભર્યું છે હોં. ઉપરથી નથી કહેતા હોં પાછું કોઈ કહે. જાદવજીભાઈ! આહા..હા..! ભગવાન!

તારી મોટપ બધી ભરી છે એમાં, વાચકમાં હોં! વાચ્ય તો તારી પાસે છે. કહે છે, જેને ગ્રહણ નથી. વેદ-વાસના અને જડ ઇન્દ્રિયનું પકડવું નથી, એકત્વ નથી, ભિન્ન છે. તો તે રીતે આત્મા દ્રવ્યવેદ અને ભાવવેદ એનાથી રહિત છે એ તો. અત્યારે હોં આત્મા જાણ્યો ત્યારથી. આત્મા એવો છે. આહા..હા..! ભાઈ! '**जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं**' ૩૧મી ગાથા. ઓહો..હો..! ભાવ ઇન્દ્રિય અને દ્રવ્ય ઇન્દ્રિય એનાથી રહિત એને જીતી. જીતીનો અર્થ? એનાથી ભિન્ન જ્ઞાનસ્વભાવથી અધિક નામ ભિન્ન એવો આત્મા જાણે તેણે આત્મા જાણ્યો અને તેને જિતેન્દ્રિય, સમકિતી, ધર્મી કહેવામાં આવે છે. આહા..હા..! અરે! મૂળ વાતની ખબર ન પડે અને ઉપર ચડી ગયા. અમે ચારિત્ર લીધા, મહાવ્રત.. અરે ભગવાન! પોલું થાય છે હોં! એ માર્ગ એમ નહિ હાથ આવે. જ્યાં પડ્યો છે ત્યાં જાતો નથી અને બીજે ભટકે છો. સમજાણું કાંઈ?

કહે છે, એ ત્રણ વેદનું જેને ગ્રહણ નથી, પક્કડ નથી, એકત્વ નથી. તેથી તે ત્રણ વેદ વિનાનો છે એવા અર્થની પ્રાપ્તિ અલિંગગ્રહણમાંથી આવે છે. જાદવજીભાઈ! ત્યાં કલકત્તે આવું કોઈ દિ' હતું આ? ત્યાં તો ઓલા કહે દયા પાળવી, આમ કરવું, આમ કરવું... 'કર્મે રાજા કર્મે રંક, કર્મે વાળ્યો આડો અંક.' આહા..હા..! અહીં કહે છે કે એવું જે માને છે એ આત્મા નથી-એમ કહે છે. એમ આવ્યું છેને ઓલા ..માં. કર્મને લઈને આત્મા હણાય એવું અશુદ્ધનયમાં પણ નથી. સમજાય છે કંઈ? એ તો પોતાને કારણે હણાય છે ત્યાં. કર્મને લઈને નહિ. (અને) હણાવું એ પણ પર્યાયદૃષ્ટિમાં છે, દ્રવ્યદૃષ્ટિમાં હણાવું વસ્તુ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? દ્રવ્યમાં તો શું હણાય? ધૂળ હણાય? ભગવાન ચિદાનંદ પ્રભુ જેનું લક્ષણ છે તેને લક્ષમાં લીધા એ તે લક્ષ્યને લક્ષની સાથે.. આવ્યું હતું ઓલા રામચંદ્રજી... નહોતું શું કહેવાય? પુલ બાંધે છે દરિયામાં. બાંધ્યો હતોને આમ પથરા (મૂકીને). એમ આ પુલ બાંધ્યો. લક્ષણે લક્ષ્યમાં જઈને પુલ બાંધ્યો અંદર રમવાનો. જાણવાનું લક્ષણ એ લક્ષ્ય દ્રવ્યમાં ત્યાં જઈને પુલ બાંધ્યો, એકાકાર થયો, એમાં હવે રમતું ચાલે છે જીવની. સમજાણું કાંઈ? આહા..હા..! એનું નામ આત્મરામ કહેવાય. શશીભાઈ! ત્યાં આત્મા 'નિજપદ રમે સો રામ કહીએ.' કહે છે, ભગવાન આત્મા તો રામ જ છે. એ વિષય-વાસનામાં રમે એ આત્મા જ નહિ, એ રામ નહિ. આહા..હા..! એની દૃષ્ટિમાં એટલો બધો ત્યાગ આવી જાય... એટલું ગ્રહણ થઈ જાય કે આખો આત્મા અને ત્યાગ એટલો આવી જાય કે વિષયની વાસના અને પુણ્યનો વિકલ્પ પણ જેનામાં નથી એવો ત્યાગ આવે દૃષ્ટિમાં. આહા..હા..! ત્યારે એણે મિથ્યાત્વનો ત્યાગ કર્યો અને સ્વભાવનું ગ્રહણ કર્યું. એ વિનાના ત્યાગી છે એ બધા ધર્મના ત્યાગી છે. બોલાય તો એમ (કે) ધર્મના ત્યાગી છે આ લોકો. સમજાણું કાંઈ? લ્યો! એ ૧૬મો બોલ થયો.

૧૭મો. '(૧૭) **લિંગોનું એટલે કે ધર્મચિહ્નોનું ગ્રહણ જેને નથી તે અલિંગગ્રહણ**

છે;...' શું કહે છે? આ મુનિનું દ્રવ્યલિંગ નગ્ન હોય છે. મુનિનું દ્રવ્યલિંગ નગ્ન હોય છે. વસ્ત્રવાળું લિંગ એ તો દ્રવ્ય(લિંગ) પણ નહિ, એ ધર્મનું નિમિત્ત ચિહ્ન પણ નહિ. પણ નગ્નદશા જે છે અને અંદરમાં પંચ મહાવ્રતના વિકલ્પનું જે લિંગ-ચિહ્ન છે એ ધર્મચિહ્ન આત્માનું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ઓલા તો (માને કે) અમે નગ્ન થયા છીએ, અમે સાધુ છીએ, અમે પંચ મહાવ્રત પાળીએ. ભગવાન! એ નગ્ન પણ જડની દશા છે, એ ક્યાં તારામાં આવી ગયું? અને તું ક્યાં ત્યાં આવી ગયો? અને પંચ મહાવ્રતના વિકલ્પો છે એ ક્યાં ચૈતન્યમાં આવ્યા છે અને એ ચૈતન્ય ક્યાં રાગમાં આવ્યો છે? આત્મા એને કહીએ કે જેને ધર્મ ચિહ્નોનો અભાવ છે. સમજાણું કાંઈ? બેય છે હોં! ઓલો વિકલ્પવાળું ચિહ્ન અને આ નગ્ન મુનિપણું...

અહીં .. કરીને જે વિકલ્પ ઉઠે છે વૃત્તિ એ રાગ પણ ચિહ્ન છે અને આ જડનું ચિહ્ન નગ્ન છે. કહે છે કે '**લિંગોનું એટલે કે ધર્મચિહ્નોનું...**' ધર્મચિહ્ન દેખો! ધર્મના ચિહ્નો. એનું '**ગ્રહણ જેને નથી...**' એ આત્માએ વિકલ્પને અને નગ્નપણાને પકડ્યું જ નથી. વિકલ્પ અને નગ્નપણું આત્મામાં છે જ નહિ. સમજાણું કાંઈ? '**બાહ્ય પશ્યતિ લિંગં.**' એવું આવે છે યશોવિજયમાં. અજ્ઞાની ભેખને દેખે. હા, ત્યાગી છે. મધ્યમ દૃષ્ટિવાળા કાંઈક આચરણ ઠીક હોય કષાય મંદનું તો એ દેખે. ધર્મી એની દૃષ્ટિ ક્યાં પડી છે અને કોને .. એને દેખે. સમજાણું કાંઈ? આ ચિહ્ન છેને ધર્મનું? '**બાહ્ય પશ્યતિ લિંગં.**' અજ્ઞાનીઓ લિંગને દેખે છે કે આ નગ્ન છે માટે મુનિ. સમજાણું કાંઈ? જૈનદર્શનમાં મુનિઓનું લિંગ નગ્ન જ હોય છે, જડની દશા નિમિત્ત તરીકે, પણ એ કાંઈ મુનિપણું નથી. સમજાય છે કાંઈ? અને મુનિઓને એની ભૂમિકાના પ્રમાણમાં અઠ્યાવીશ મૂળગુણ વિકલ્પ હોય છે. દયા, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, એકવાર આહાર, ઉભા ઉભા આહાર, શયન નીચે એવા અઠ્યાવીશ પ્રકારના શુભવિકલ્પ હોય છે. કહે છે કે એ ધર્મ ચિહ્ન આત્મામાં છે જ નહિ. આહા..હા..! કારણ કે નગ્નપણું એ અજીવદશા છે અને વિકલ્પ છે એ આસ્રવદશા છે. ભગવાન આત્મામાં એ બેય છે નહિ. આહા..હા..! સંપ્રદાયના માણસો જે જે સંપ્રદાયનો વેશ હોય એને દેખીને (કહે), આ મારા મહારાજ છે.

ભાઈ! તને સાધુપણું કોને કહીએ અને સાધુ કેવા હોય તો સાધુ થાય (એની ખબર નથી). એણે તો આત્માને નગ્નદશા અને પુણ્યના વિકલ્પથી પાર આત્માને અનુભવ્યો હોય છે. એ ચિહ્ન મારા છે એમ જ્ઞાની-ધર્મી માનતો નથી. અને એવા ચિહ્ન દ્વારા પોતે સાધુ છે એમ બીજાને મનાવતો નથી. સમજાણું કાંઈ? કહો, ધીરૂભાઈ! આહા..હા..! વસ્ત્રવાળું ચિહ્ન છે એ તો સાધુનું નિમિત્ત ચિહ્ન પણ નથી. એ તો કુલિંગ છે. સમજાય છે કાંઈ? મુહપતિ .. એ તો કુલિંગ છે. એ દ્રવ્યલિંગ પણ નથી. ભારે વાત ભાઈ! જૈનધર્મનું એ નિમિત્ત લિંગ, વ્યવહાર જ નથી. જૈનધર્મનું વ્યવહાર બાહ્યલિંગ તરીકે હો, પણ નગ્નદશા તે લિંગ મુનિનું કહેવાય. એ પણ ચૈતન્યમાં નથી. ધર્મી એને ચિહ્ન પોતાનું માનતો જ નથી. સમજાય

છે કાંઈ? અને એ પંચ મહાવ્રતના, અઠ્યાવીશ મૂળગુણ વિકલ્પ છે એ મારું ચિહ્ન છે, મારું સ્વરૂપ છે એમ જ્ઞાની માનતો નથી. ધર્મી જીવ પણ પોતાના આત્માને રાગ અને નગ્ન ચિહ્ન વિનાનો જોવે છે. એ ધર્મી પણ એ મુનિને એવી રીતે જોવે છે કે એનું રાગ અને નિમિત્ત ચિહ્ન છે એ વિનાનો આત્મા છે એમ ધર્મી જોવે છે. એને એ વંદન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? રાગ અને નગ્નપણું વંદનિક હોય? વ્યવહારે હોં. વ્યવહારે (પણ) નહિ. આહા..હા..!

અહીં તો કહે છે કે **'લિંગોનું એટલે કે ધર્મચિહ્નોનું...'** .. ત્યાં ધર્મચિહ્નો. આ ધર્મચિહ્ન છેને? આહા..હા..! સમજાણું? પુણ્યને ધર્મ કહ્યો છેને? શાસ્ત્રમાં કહ્યું છે નહિ? પુણ્યભાવને ધર્મ કહ્યો. ધર્મ એટલે વ્યવહાર ધર્મ એટલે કે વાસ્તવિક ધર્મ નહિ. ધર્મ, અર્થ, મોક્ષ અને કામ ચાર આવેને? એમાં ધર્મ, પુણ્યને ધર્મ કહે શુભભાવને. ધર્મ એટલે ધર્મ નથી, પણ નામ ધર્મ છે એથી એને ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! એમ આ ધર્મચિહ્ન શબ્દ વાપર્યો છે. ધર્મ તો ચિહ્ન છે કે નહિ? ધર્મના લક્ષણોથી ચિહ્નનું એંધાણ છે કે નહિ? કેટલાક કહે જુઓ આ ભાઈ આ ઓઘો એ અમારું ચારિત્ર છે, ઓલા કહે જુઓ નગ્ન અને મોરપીંછી એ અમારું મુનિપણું છે. કમંડળ અને મોરપીંછી મુનિપણું છે. આ બધું કહે છે. માને છેને. અહીં તો બધું ઘણું જાણ્યું છેને. આહા..હા..!

ભગવાન કહે છે કે આત્મા જેને કહીએ અને જેણે આત્માને જાણ્યો અને અનુભવ્યો છે એ બાહ્ય ચિહ્ન મારામાં છે અને મારા છે એમ માનતો નથી અને એ બીજાને એમ મનાવતો નથી કે આ મારા બાહ્ય ચિહ્ન છે એને તું માન. એ તો બહારની ચીજ છે. સમજાણું કાંઈ? ચરણાનુયોગની ક્રિયા હોય એનાથી ધર્મી ઓળખાય. દ્રવ્યાનુયોગથી કેમ ઓળખાય? એમ કહે છે કેટલાક. ચરણાનુયોગની ક્રિયા હોય તો એનાથી ઓળખાય કે આ ધર્મી. એ વાત જ ખોટી છે તારી, એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? કહે છે કે એ ધર્મના ચિહ્નોનું ગ્રહણ, એકત્વ, પક્કડ આત્મામાં નથી.

**'તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માને...'** એના ભેદ પાડે છે હવે. **'બહિરંગ (બાહ્ય) યતિલિંગોનો અભાવ છે...'** બહિરંગ-બાહ્ય યતિલિંગોનો અભાવ છે. જુઓ, બેય બાહ્યમાં જાય છે. નગ્નદશા અને પંચ મહાવ્રતના વિકલ્પો બધા બાહ્યમાં જાય છે. અંતર આત્મામાં છે નહિ. આ સાધન અને સાધ્ય ત્યાં એમ લગાડે. છે શાસ્ત્રમાં. વ્યવહારનય છે. અહીં તો કહે છે **'લિંગોનું એટલે કે ધર્મચિહ્નોનું ગ્રહણ જેને નથી...'** જેને એટલે? આત્માને. તે અલિંગગ્રહણ ભગવાન આત્મા છે. જ્ઞાનબિંબ ચૈતન્યસૂર્ય અનાકુળ આનંદનો રસકંદ ભગવાન એમ જેણે દૃષ્ટિમાં આવો આત્મા છે એમ લીધો છે, એવા ધર્મીને બાહ્ય વ્યવહાર વિકલ્પ અને લિંગ એ ધર્મીને છે જ નહિ. કહો, સમજાણું આમાં? હવે એ તો મોટી મહેનત છે, એના ઉપર તો આખો આધાર છે કહે. સમજાણું? અમારે કહેતા .. જુઓ ચિહ્ન જુઓ.

ગમે તેવા ભ્રષ્ટ હોય પણ મુહપતિ રાખે તો એ સાધુ સાચો. શ્રદ્ધા તો સારી છે એની, વળી એમ કહેતા. અરે ભગવાન! એમ કહેતા સંપ્રદાયમાં. આ રાખે ને પછી ગમે તેવો ફેરફાર કરે, પણ એટલી તો શ્રદ્ધા ખરીને એને. અરે ભગવાન! શું કહે છે? કપડું જડ છે આ ધૂળ. એ ચિહ્ન ક્યાં આત્મા છે? એ ચિહ્ન તો નિમિત્ત તરીકે પણ સાચું નથી એ તો. સમજાય છે કાંઈ? એ તો બાહ્ય (ચિહ્ન) પણ નથી. આહા..હા..!

વીતરાગ પરમાત્માના માર્ગમાં, જૈન પરમેશ્વર ત્રિલોકનાથના કહેલા ધર્મપંથમાં નિમિત્ત તરીકે શ્રાવકને હોય તો લંગોટી આદિ કે બાહ્ય વ્રત અને વિકલ્પ અને મુનિ હોય તો એને નગ્નપણું અને અઠ્યાવીશ મૂળગુણના રાગ-વિકલ્પ, પણ એ આત્મામાં નથી. આત્મા ધર્મી એને પોતાના માનતો નથી. ધર્મી તેમાં એકાકાર નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ! આવા આત્માની વ્યાખ્યા તે આ કઈ જાતની છે આ? એના ભગવાન આત્માના દરબારમાં તો પવિત્રતા ભરી છે. જડપણું ભર્યું છે? મલિનતા ભરી છે? પંચ મહાવ્રત આદિ વિકલ્પ તો મલિન છે, આસ્રવ છે એમ કીધુંને. જળમાં શેવાળ છે એમ. જેને એટલે આત્માને, એને આત્મા કહીએ કે જેને નિમિત્તના ચિહ્નો અને વિકલ્પના બાહ્ય ભાવો દયા, દાન, વ્રતના એ એને નથી. એને નથી તેને આત્મા કહીએ. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! શાંતિભાઈ! આવું બધું ત્યાં હતું ત્યાં? દિલ્હી-બિલ્હીમાં સાંભળ્યું હતું. દિલ્લીબિલ્લી આવીને. ડબલ . આવે તો બિલ્લી થઈ ગઈ. .. તો દિલ્લી બિલ્લી થઈ ગઈ.

અરે ભગવાન! પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા આત્માના દરબારમાં, ધર્મચિહ્નોનો અભાવ છે એમ વર્ણવે છે. સમયસારમાં આવે છેને ભાઈ છેલ્લે. 'जहित्तु लिंगे' એ 'जहित्तु' એટલે? એ મારામાં નથી. પંચ મહાવ્રતના વિકલ્પો અને નગ્નપણું 'जहित्तु' એ આત્માને આશ્રયે (છોડે છે) આમાં આવે છે. છેલ્લી ગાથાઓમાં. ૪૧૦-૧૧-૧૨-૧૩ 'जहित्तु लिंगे'. છેને ગાથા? 'जहित्तु'નો અર્થ? છોડી દઈને. એટલે? તે મારામાં નથી, આને આદરજે, એ મારામાં નથી. સમજાણું કાંઈ? છેને એ? સમયસાર. અહીં આવે તો યાદ આવે ત્યારે થાયને આ? શું છે? પાખંડી .. જુઓ. 'जहित्तु' જુઓ. ૪૧૧ 'जहित्तु लिंगे'

तम्हा जहित्तु लिंगे सागारणगारएहिं वा गहिदे।
दंसणणाणचरित्ते अप्पाणं जुंज मोक्खपहे।।४११।।

'तम्हा जहित्तु' 'તેથી તજી સાગાર કે આગારા-ધારિત લિંગને,...' 'છોડીને' અર્થ? લો છોડી દો એમ છે? એ વિકલ્પો અને દ્રવ્યલિંગ મારામાં નથી. હું દર્શન-જ્ઞાન-ચારિત્રનો સેવનાર (છું), એ લિંગને સેવનારો નથી એમ. સમજાણું કાંઈ? નગ્નપણું ક્યાં મૂકી દે? પંચ મહાવ્રત વિકલ્પ ક્યા કર્યા છે તે છોડે? એનો અર્થ છે કે બાહ્ય વિકલ્પો જે છે કે જે નગ્નદશા છે એની દૃષ્ટિ છોડી દે અને ચિદાનંદ ભગવાન વિકલ્પ અને લિંગ વિનાનો છે તેને અનુભવ. ત્યારે તે આત્મા જાણ્યો અને અનુભવ્યો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે વાત!

ઓલા વ્યવહારવાળા તો એવા તકરાર કરે 'વાદવિવાદ કરે સો અંધા.' આહા..હા..! 'સદ્ગુરુ કહે સહજકા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' સાંભળને ભગવાન! તારી ચીજ એવી છે. તને ખબર નથી, ઓળખાણ નથી. ઓળખાણ નથી અને ખાણ આ આત્મા છે એમ માની લીધો તેં. સમજાય છે કાંઈ? આહા..હા..! ભારે વાતું! પણ આ બધા કહેતા હશે એ ખોટા હશે? વળી એમ પાછું કહે. તો આ એક જ સાચું? એ ..જી! કહે કે નહિ? આ મોટા મોટા .. ફરે એ ખોટા હશે? ઓળખને બાપુ! ખોટા-સાચા તું કર નક્કી. સ્વરૂપચંદભાઈ! .. મોટા હોય મોટા ભગવાન સાચા હોય. ભાઈ! ભગવાન કોને કહેવાય? નાથ! એ તો રાગના વિકલ્પના ચિહ્નથી પાર એવા અંતર આનંદના મહિમાને અનુભવે એને આચાર્ય, એને ઉપાધ્યાય એને સાધુ કહેવાય. એ પાંચેય પદ આત્માના છે. કે રાગના અને નિમિત્તના છે?

યોગસારમાં આવ્યું હતું નહિ કાલે? આત્મા તે અરિહંત છે, આત્મા તે જ સિદ્ધ છે, આત્મા તે આચાર્ય, આત્મા તે ઉપાધ્યાય, આત્મા તે સાધુ. પાંચ પદ આવ્યા હતા. આત્મા એટલે પણ શું? કે એ પંચમહાવ્રતનો વિકલ્પ અને નગ્નદશા એ આત્મા નથી. આત્મા તે આચાર્ય અને સાધુ છે. એટલે? કે રાગ વિનાની આત્માની દૃષ્ટિ કરીને સ્થિરતા, શ્રદ્ધાને, આનંદને અનુભવે છે તે આત્મા. તે આત્મા તે સાધુ. એને સાધુ કહીએ. રાગને સેવે અને કર્તા તરીકે સ્વીકારે તે સાધુ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આત્માને બહિરંગ યતિલિંગોનો અભાવ છે...'** એટલે લાલસા છોડી દઉં એમ છે આ? એનો અર્થ કે દૃષ્ટિમાં આત્મા આવતા, તે હો, પણ મારા સ્વભાવમા નથી. હું એવો નથી, એ મારામાં નથી, મેં તેને ગ્રહ્યા નથી. કે મુનિપણું ગ્રહવું જોઈએને, બાહ્યલિંગ ગ્રહવા જોઈએને. આવે છે પ્રવચનસારમાં. હે નાથ! મને બાહ્ય અને અભ્યંતર મુનિપણું ગ્રહણ કરાવો. લ્યો એવું આવે છે ઠીક! ચરણાનુયોગમાં આવે છે એય..! પ્રવચનસારમાં. આમાં એમાં જ આવશે છેલ્લે. એ તો વ્યવહારના કથન હોય ત્યારે એવું આવે, સમજાવવું હોય ત્યારે. અહીં કહે કે વ્યવહારનું લિંગ અને નિમિત્ત એ આત્મા છે નહિ. ગ્રહણ કોને કરવું? લે કોની પાસે અને માગણી કોની પાસે કરે? ભારે વાત ભાઈ! **'આત્માને બહિરંગ યતિલિંગોનો અભાવ છે...'** એવા અલિંગગ્રહણમાંથી આવો અર્થ નીકળે છે. સમજાણું કાંઈ?

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૧, સોમવાર, તા. ૦૩.૦૨.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૧૮, પ્રવચન-૧૪૬**

પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ અધિકાર. અલિંગગ્રહણના ૧૭ બોલ ચાલ્યા છે. ૧૭ ચાલ્યા છેને? આત્મા એને કહીએ કે જેને ધર્મના ચિહ્નોનું ગ્રહણ નથી. છેને ૧૭મો બોલ? આ જે પંચ મહાવ્રતના વિકલ્પો છે એ રાગ છે અને દેહની નગ્નદશા છે એ તો જડ છે. જે ચૈતન્ય તો જ્ઞાયકસ્વરૂપ એવી અભેદ દૃષ્ટિ કરતાં એ આત્મા અને એ આત્મામાં એણે મહાવ્રતના વિકલ્પોને, નગ્નપણાને પકડ્યા નથી, એનામાં છે નહિ, એના અસ્તિત્વમાં એની નાસ્તિ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અનંત ગુણસંપન્ન દ્રવ્ય-વસ્તુ અભેદ એકાકાર એવી દૃષ્ટિ થતાં અને એ આત્મા, એનું નામ આત્મા. અને એ આત્મા જેણે જ્ઞાનમાં એવા જ્ઞેયને જાણ્યો એ આત્માએ પંચમહાવ્રતના વિકલ્પ કે નગ્નપણું ગ્રહણ કર્યું છે એ છે નહિ. એ તો ચીજ પર છે. સમજાય છે કાંઈ? એ ૧૭મો બોલ કહ્યો.

૧૮. ઝીણું હવે આવ્યું હવે. આ ત્રણે બોલ ઝીણા છે ૧૮-૧૯ અને ૨૦. '(૧૮) **લિંગ એટલે કે ગુણ...**' શું છે કહે છે હવે? ભગવાન આત્મા વસ્તુ તરીકે અનંત જ્ઞાન, દર્શન, આનંદનો પિંડ વસ્તુ છે વસ્તુ. એમાં આ શરીરાદિનો ભેખ નથી, પંચ મહાવ્રતાદિના વિકલ્પો નથી-એ તો કહ્યું. હવે કહે છે કે ગુણભેદ પણ નથી આમાં. ત્યાં સુધી વાત આવે છે. જરી ઝીણું છે. '**લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ...**' એટલે પદાર્થજ્ઞાન. અહીં જ્ઞાનની પ્રધાનતાથી કથન કર્યું છે. બાકી ગુણી(માં) જેટલા ગુણ છે, એના જેટલા ગુણ છે, એ ગુણ અને ગુણી એવો ભેદ જ વસ્તુમાં નથી એમ કહે છે ભાઈ! આહા..હા..! સમજાય છે કાંઈ? '**લિંગ એટલે કે ગુણ...**' જેમ કે જ્ઞાન. તો જ્ઞાન તે આત્મા એવો ભેદ વસ્તુમાં નથી. દૃષ્ટિ સમ્યગ્દર્શનનો વિષય... ભારે વાત! સમ્યગ્દર્શન એટલે ધર્મની પહેલી સીઢી, પહેલી શ્રેણી એનો જે વિષય એ તો એકરૂપ વસ્તુ છે. કહે છે કે એ આત્મામાં પુણ્ય-પાપના વિકલ્પો તો નથી, એને આત્મા કહીએ, (જેમાં) બાહ્ય ભેખ નથી એને કહીએ, પણ જેમાં ગુણ અને ગુણી એવો ભેદ નથી. વસ્તુ એકલી જ્ઞાયકભાવ સ્વરૂપ ચિદાનંદ પ્રભુ ... આ એમ ને એમ કોઈ એકદમ સાંભળે અને નવું સાંભળ્યું હોય, એને એમ કહે કે આ વિચાર કરવા.. એમ ન બેસે. એને વારંવાર એનું મનન અને શ્રવણ જોઈએ. સમજાય છે કાંઈ? પાધરો પહેલું બોલે ત્યારે નિહાળવું-જોવું. પહેલું વહેલું સાંભળીને. એને તો બરાબર પહેલું હજી શી રીતે વસ્તુ છે? કેમ વસ્તુ છે? (એ જાણવું). આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલી અને ચીજ જે છે તે છે.

જેને ધર્મ કરવો છે, ધર્મ એટલે અહીંયા સમ્યગ્દર્શન પહેલો ધર્મ. તો એ સમ્યગ્દર્શનનો વિષય કહે છે કે આત્મા વસ્તુ છે એને ગુણ એટલે કે જ્ઞાન એવો '**અર્થાવબોધ તે જેને નથી...**' રાડ પાડી નાખેને જુઓને. એ આત્મામાં જ્ઞાન નથી એમ કહે છે. એય..! રાગ નથી, પુણ્ય નથી, વ્યવહાર નથી, નિમિત્ત નથી, પણ ગુણ નથી કહે છે. કઈ રીતે વિસ્તાર કરશે હોં. એમ ને એમ નહિ જવા દે. આહા..હા..! સમજાય છે કાંઈ? જેમ સાકર અને એનું ગળપણ. એ સાકર જે છે એમાં જે ઓલો મેલ છેને એ મેલ તો એનામાં નથી, તેમ એ સાકર જે ઠામમાં રહે એ ઠામ પણ એમાં નથી. બરાબર છે? સ્વરૂપચંદજી! ન સમજ્યા? સાકર છેને સાકર? સાકરમાં ગળપણ છેને મીઠાશ એ સાકર. હવે એ સાકરમાં ઓલો મેલે છેને. આ દૂધ નાખીને ધોવે છેને? બુરુ નથી કરતા? બુરુ તો નથી કરતા, કરે છે તો સારું, પણ બુરુ કહે છે એને. દૂધ નાખીને... તો કહે છે કે ઓલો મેલ છેને એ તો સાકરમાં નથી. જો હોય તો નીકળે નહિ. બરાબર છે? અને સાકર જે ઠામમાં પડી છે એ ઠામ પણ સાકરમાં નથી. ઠામ સાકરમાં છે?

મુમુક્ષુ :- સાકર તો ઠામમાં છેને.

ઉત્તર :- એમાં પણ નથી. એ તો પ્રશ્ન જ ક્યાં છે? આહા..હા..! જેમ એ સાકર ગળપણનો પિંડ, ગળપણ ગુણ છે એમ સાકર તે ગુણ છે. હવે એ સાકરમાં, સાકરનો ગાંગડો આવો, એમાં એ મેલ તો નથી. એટલે કે આત્મામાં એ પુણ્ય અને પાપનો મેલ (નથી) અને સાકરમાં મેલ એ સાકરમાં નથી. તેમ જે વાસણમાં મૂકી હોય કે હાથમાં હોય, તે હાથમાં સાકર નથી. સાકર તો સાકરમાં છે. તેમ હાથ સાકરમાં નથી. છે? એમ ભગવાન આત્મા આ શરીરાદિ વાસણ છે એમાં તો નથી અથવા આ શરીર એમાં નથી. એમ પુણ્ય અને પાપના મેલ વિકલ્પો છે... આહા..હા..! ભારે! લોકોને તો પહેલે વહેલું જ આવું? પણ પહેલું વહેલું સમ્યગ્દર્શનમાં આત્માની માન્યતા જ આવી હોય છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપ તો ક્યારે ટળે? એ તો કેવળી થાય ત્યારે ટળે. એ ક્યાં પ્રશ્ન છે? ટળવાની અસ્થિરતા ટળવાનો પ્રશ્ન નથી. એ આત્મામાં એ છે નહિ તો ટળે છે, માટે પહેલું નથી એમ જ્યારે અનુભવ કરે ત્યારે પછી ઠરીને ટળે. સમજાણું કાંઈ? કહે છે કે એ આત્મા વસ્તુ... જેમ સાકર છે એ તો એકલો મીઠાશના, રસનો પિંડ છે. એમાં મેલ નથી, હાથ આમ રાખ્યો એ હાથ પણ નથી, ડાબલી, ડાબલો એમાં નથી. પણ એ સાકરને મીઠાશવાળી કહેવી એવો ભેદ પણ સાકરમાં નથી. એ તો મીઠાશરૂપ જ અખંડ છે, એકરૂપ છે. આહા..હા..! એમ સાકર એટલે પ્રભુ આત્મા અતીન્દ્રિય આનંદનો ગાંગડો છે એકલો. સાકર તો ધૂળ છે. આ તો અતીન્દ્રિય રસનો સ્વાદ, જેવો સિદ્ધને સ્વાદ એવો અતીન્દ્રિય સ્વાદનો પિંડ આત્મા છે.

કહે છે કે એ આત્માને લિંગ એટલે ગુણ એવું ગ્રહણ એટલે કે અર્થાવબોધ તે જેને

નથી. તે જેને નથી. જેને એટલે આત્માને નથી. એટલે શું નથી? કે આ જ્ઞાન અને આ જ્ઞેય આત્મા એવો ભેદ આત્મામાં નથી. એટલે આત્માને જ્ઞાન નથી એમ કહે છે. ઝીણી વાત છે, બાપા! આ ત્રણ બોલ તો ઝીણા પડશે, પણ સાંભળવા તો પડે, એને સમજવા તો પડશે કે નહિ? સમજાણું કાંઈ? આ તો ગળપણ અને સાકર પછી એ ભેદ ક્યાં છે વસ્તુમાં? ગળપણ કાઢી નાખો તો સાકર રહે નહિ અને સાકર કાઢી નાખો તો ગળપણ રહે નહિ એ તો એક જ છે. એમ આત્મા એને જે જ્ઞાન, દર્શન, આનંદ આદિ અહીં બધા ગુણોની વાત છે, વાત ભલે જ્ઞાનની લીધી. પણ આ જ્ઞાન, દર્શન, આનંદ એ ગુણ અને આ ગુણી. એવો આત્માને આ ગુણ અને ગુણી એવો ભેદ અંદરમાં વસ્તુમાં નથી. સમજાય છે કાંઈ? ચૈતન્યધાતુ અનાકુળ આનંદનો પિંડ એકરૂપ વસ્તુ. એમ આ જ્ઞાન અને આ આત્મા એવો ભેદ નથી એમાં. આહા..હા..! હજી તો ઓલો વ્યવહાર નથી એમ (કહો) રાડ પાડે છે. શેઠી! પુણ્ય ધર્મ નથી, આત્મામાં નથી (કહે) તો રાડ નાખે છે. હાય.. હાય.. અરર! આ તો ધર્મી એવો આત્મા એનો ધર્મ જે ગુણ છે, ધર્મ ગુણ, સ્વભાવ, સ્વભાવવાનનો સ્વભાવ. કહે છે કે સ્વભાવવાનમાં સ્વભાવ નથી. નથી એટલે? ભેદ નથી એમ. આહા..હા..! સમજાણું કાંઈ?

'લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ...' આહા..હા..! આચાર્યોએ કેવી રીતે આત્માને હથેળીમાં બતાવ્યો, જો! ભાઈ! આ આત્મા. અંદર વસ્તુ છેને મહારાજા ચૈતન્ય રાજા ભગવાન. એની આ ગુણની વસ્તી, એ વસ્તીવાળો એમ પણ નથી એમ કહે છે અહીં તો. ભેદ નથી. કારણ કે જો જ્ઞાન આ અને આત્મા એમ લક્ષ કરવા જાય છે ત્યાં ભેદ ઉઠે છે અને વિકલ્પ ઉઠે છે અને રાગ ઉઠે છે. એને ધર્મ થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ ભાઈ અપૂર્વ છે. એ દુનિયામાં ક્યાંય નથી અને આ સિવાય ક્યાંય સત્ પણ બીજે હોઈ શકે નહિ. આહા..હા..! કહે છે કે ગુણ એવું જે લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ. ગ્રહણ એટલે? પદાર્થજ્ઞાન નથી. પદાર્થજ્ઞાન નથી, એટલે જ્ઞાન એને નથી, એટલે ગુણ એને નથી. આહા..હા..! અ-લિંગ-ગ્રહણ. લિંગ એટલે ગુણ, ગ્રહણ એટલે ગ્રહવું, પકડવું એવો ભેદ એમાં નથી. કહો, શેઠી! ભારે વીતરાગનો માર્ગ! અરેરે! સાંભળવાને મળે નહિ, એ વિચારે ક્યારે? અને અંદરમાં ઉતરીને ક્યારે પહોંચે એને? પણ ભાઈ! જો આ જ્ઞાન છેને, જાણે છેને. જાણવું. અને એનો ધરનાર આધાર આત્મા. એવો આધાર અને આધેય અને આ ગુણ અને ગુણી એવો ભેદ કરવા જઈશ તો વસ્તુમાં ભેદ નથી, વસ્તુમાં અસંખ્ય પ્રદેશમાં આખું એકરૂપ વસ્તુ છે. ભેદ નથી. સમજાય છે? પણ ભેદ કરવા જઈશ તો તો વિકલ્પ ઉઠશે, રાગ થશે, પુણ્ય બંધાશે. અબંધતત્ત્વમાં બંધ થશે. મગનભાઈ! આહા..હા..!

વસ્તુ જે છે આત્મા તેને, કહે છે કે પદાર્થનું જ્ઞાન નથી. એટલે કે તેને ગુણ નથી, એટલે કે તેને ગુણગુણીનો બે ભેદ એવું વસ્તુમાં નથી. અરે! આકરું ભારે આવું તો સાંભળ્યું

ન હોય કોઈ દિ'. જુઓ, સ્વરૂપચંદભાઈ! પહેલીવાર છે. વાત સાચી. માર્ગ એવો છે, ભાઈ! તત્ત્વ એવું છે. સર્વજ્ઞે જોયું, જાણ્યું, કહ્યું પણ વસ્તુ એવી છે ત્યારે જોઈ છેને? આહા..હા..! તો પરમેશ્વર વીતરાગદેવ એમ કહે છે કે ભાઈ! તું જે છોને તું. ત્યાં ત્યાં શરીર, કર્મ તો નથી, પણ ત્યાં પુણ્ય દયા, દાન, વ્રત આદિના પરિણામ એમાં નથી. એ તો બીજી ચીજ છે, જુદી છે. તારે તને, તારો તને ભરોસો અને અનુભવ કરવો હોય તો ત્યાં મેલ પણ નથી, પણ પદાર્થનું જ્ઞાન અને આત્મા એવા ભેદ પણ ત્યાં નથી.

આનંદ અને આત્મા ભેદ નથી કહે છે. અહીં તો જ્ઞાનની વાત કરી છે. પદાર્થજ્ઞાન જેને નથી, એટલે આત્માને પદાર્થનું જ્ઞાન નથી, એટલે કે આત્માને જ્ઞાનગુણ નથી, એટલે કે ગુણ અને ગુણી જુદા નથી, એમ. આહા..હા..! મગનભાઈ! આત્મા એકરૂપ વસ્તુ એની અંદર દૃષ્ટિ આપતા, એમાં આ જાણનાર જ્ઞાન છે અને આ જાણનારનો આધાર આત્મા છે. એવું છે એમાં? લ્યો! સમજાણું કાંઈ? જાણનાર આત્મા જ્ઞાન અને આત્મા જ્ઞાની એવા ભેદ છે એમાં? શેઠી! કહો, આ અમારે જૂના માણસ છે આ તો દિગંબરમાં. તો એને હેં.. હેં.. થઈ જાય છે. નિર્ધાર... અહીં કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. વસ્તુ છે આત્મા એ વસ્તુ તરીકે દ્રવ્ય, પદાર્થ અને એની શક્તિઓ, સ્વભાવ ગુણ તરીકે ભાવ. તો એ ભાવવાળો છે એ ભેદ પડી જાય છે કહે છે. એ જ્ઞાનવાળો છે, આ જ્ઞાનસ્વરૂપે જ્ઞાનવાળો છે. તો જ્ઞાનવાળો એટલે એક આત્મા અને જ્ઞાનવાળો બે ભેદ પડી જાય છે. મગનભાઈ! બીજા ધર્મ અપૂર્ણ છે એમ હતુંને પહેલું? મગનભાઈ! ઘણાં વર્ષ પહેલા વાત થાતી. (સંવત) ૮૨. બીજાને અપૂર્ણ કહો, ખોટા નહિ. શ્રીમદ્ અપૂર્ણ કહ્યું. પણ એ અપૂર્ણનો અર્થ ખોટા છે. કારણ કે અપૂર્ણને પૂર્ણ એણે માન્યા એટલે ખોટું છે એમ. આ વસ્તુ જ આ છે. સર્વજ્ઞ પરમેશ્વરે જોયેલી (અને) કહેલી આ રીતે વસ્તુ હોય, તો આત્મા પદાર્થ છે વસ્તુ અને વસ્તુમાં વસેલી શક્તિઓ અનંત છે. પણ કહે છે કે ગુણ આ અને ગુણી આ. એવો ભેદ પાડતાં અભેદ દૃષ્ટિ રહેતી નથી. ત્રુટક થઈ જાય છે. શું? સમજાય છે કાંઈ? અભેદ ચૈતન્યવસ્તુ આ જ્ઞાયક એકલો ભગવાન એમ દૃષ્ટિ આપતાં એની સમ્યગ્દૃષ્ટિનું સ્થાન ત્યાં રહે છે. કારણ કે એવી વસ્તુ છે એટલે સમ્યક્ પ્રતીતિનો વિષય અભેદ એમ રહે છે. વિષય રહે છે નહિ, સમ્યક્ પ્રતીતિ ત્યાં ઠરે છે. પણ આ આત્મા અને આ જાણનાર એવા ભેદ પાડતા સમ્યક્ શ્રદ્ધાનો વિષય રહેતો નથી અને સમ્યગ્દર્શન થતું નથી. કહો, તુરખીયાજી! આવી વાત છે. હવે અહીં તો ઓલા તો હજી ક્યાંય રોકાણા બિચારા. આ દયા પાળવી અને આ ધર્મ કરવો. અરે! એ તો વિકલ્પ અને રાગ પર ઉપર જાવું. સાંભળને! ઓલો પડ્યો ભગવાન એને તો જો. સમજાણું કાંઈ? કેટલાક વખતે તો આમાં નહિ હોય. આમાં આવે ત્યારે હોયને. કાંઈ દર વખતે તો ન હોય. એ વાંચતા-વાંચતા આવ્યું હોય ત્યારે હોય.

છેલ્લો અભેદસ્વરૂપ ભગવાન આત્મા, કહે છે અંદર તારું જ્ઞાન જોતા એ રાગને જોવે

એ જ્ઞાન નહિ, એ દર્શન નહિ. નિમિત્તને જોવે એકલું એ જ્ઞાન નહિ, એ દર્શન નહિ. ગુણને અને ગુણીને ભેદ પાડીને જોવે તો સમ્યગ્જ્ઞાન નહિ. એ સમ્યક્ જેવું સ્વરૂપ છે તેવી પ્રતીતિ નહિ. સમજાય છે કાંઈ? આહા..હા..! આ બધા શેઠિયાઓએ સાંભળ્યું ન હોય ત્યાં. બધા જિંદગીયું કાઢતા હોય એમ ને એમ. ચાલો ધર્મ કરીએ ફલાણાના બહાને. શોભાલાલજી! એવી વાત છે, ભાઈ! આ તો અલૌકિક ત્રણ બોલ છે. કરતાં... કરતાં... કરતાં... હવે અર્થ કરતાં ૧૮ સુધી આવ્યા. જુઓ, આ તો ટાકણે બરાબર આમાં આવ્યા તમે. કહે છે કે આત્માનું સ્વરૂપ એકરૂપ અનંતગુણનો પિંડ એકરૂપ છે. એની ઉપર દૃષ્ટિ આપતાં પ્રતીત-સમ્યગ્દર્શન થાય છે. એમાં આ જ્ઞાન જાણવાવાળો, આ જાણવાવાળું જ્ઞાન, આ આત્મા એમ ભેદ પાડતા, વસ્તુમાં ભેદ નથી તેથી સમ્યગ્દર્શન થતું નથી. શેઠી! આહા..હા..!

ભગવાન! આ તો તારા નિહાલ થવાની વાત છે. અરે! રખડે છે અનંતકાળથી. એ દુઃખી છે, એ દુઃખી આત્મા હોં! કહે છે કે દુઃખ લાગતું નથી. એક ભાઈ સવારમાં પૂછતા હતા. ભાઈ! ક્યાંથી દુઃખ લાગે? એક ભાઈ કહેતા હતા. અગ્નિને .. હાથમાં નાખે? ભાઈ કહેતા હતા. મનસુખભાઈ ભાવનગરવાળા. સવારમાં. આ બાળક છે તો અગ્નિમાં હાથ નાખે તો બળે તો ફરીને ન નાખે. આ માળો રાગ-દ્વેષની અગ્નિમાં નાખ્યા જ કરે છે હાથ. એ સવારમાં કહેતા હતા. મનસુખભાઈ આ ફરતા હતાને. બહાર નહોતા ગયા. ભાઈ! કીધું જાણ્યું નથી ખરેખર તો. આમ આકુળતા છે આ. શુભ-અશુભભાવ થાય એ બધી આકુળતા અગ્નિ છે. કોણ જાણે? ખબર નથી. એના વિનાની ચીજ શીતળ... શીતળ... શીતળ... શીતળ... શાંત રસથી ભરેલો ભગવાન છે. વીતરાગમૂર્તિ ઉપશમરસનો કંદ છે. એના ખ્યાલ વિના અગ્નિ એને લાગતી નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- એ અગ્નિના અંગારા..

ઉત્તર :- અગ્નિના અંગારા અંદરમાં જ ઉપજ્યા હોય. એને શું લાગે? ખબર નથીને એની.

કહે છે કે આ આત્મા વસ્તુ છે આમ અનંતગુણનું એકરૂપ... એકરૂપ. એને જો આ જાણવાવાળું જ્ઞાન એને નથી એમ કહ્યું અહીંયા તો. એને નથી. એટલે કે ભેદ નથી એમ. જેને નથી એમ કીધું છેને અહીં તો. આત્માને જ્ઞાન નથી એમ કહે છે. સાતમી ગાથામાં નથી આવ્યું? અહીં બીજી રીતે કહે છે. ત્યાં રાડ નાખે છે. સાતમી ગાથામાં આવ્યું છે સમયસારમાં.

ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त दंसणं णाणं।
ण वि णाणं ण चरित्तं ण दंसणं जाणगो सुद्धो।।७।।

એકલો જ્ઞાયકભાવ તે આત્મા. જ્ઞાનીને જ્ઞાન નથી, સમકિત નથી, ચારિત્ર નથી. હવે ઓલો કહે જ્ઞાનીને જ્ઞાન-દર્શન-ચારિત્ર નથી ત્યારે જડને હોય? એ બિચારો..

મુમુક્ષુ :- સમયસારની.

ઉત્તર :- હા, સમયસારની. પ્રવચનસારની નહિ. સમયસાર, સાતમી ગાથા. '**વવહારેણુવદિસ્સદિ**' વ્યવહારથી આત્માને જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે. નિશ્ચયથી આત્માને જ્ઞાન-દર્શન-ચારિત્ર નથી. એટલે કે નિશ્ચયથી તે ત્રણ ભેદ એકમાં નથી એમ. ભેદ નથી. સમજાણું કાંઈ? એમાં રાડ નાખે. એક જણો સ્થાનકવાસી સાધુ મોટો આચાર્ય હતોને. વાંચ્યુંને આ. લ્યો શું જ્ઞાનીને જ્ઞાન નથી? આ માળા શાસ્ત્ર કેવા? કારણ કે એના શાસ્ત્રમાં તો કાંઈ આવે નહિ એવું. ૩૨-૪૫ વાંચે તો ક્યાંય ન મળે એકેય વાત સાચી. આ જ્યાં વાંચ્યું. આચાર્ય એક હતો મોટો. અને એક ઓલી નિયમસારની. જીવને ક્ષાયિકભાવ નથી. જીવને ક્ષાયિકભાવ નથી. જીવને ક્ષાયિકભાવ નથી તો ત્યારે કોને હોય? પણ ખબર નથી. પણ ક્ષાયિકભાવ તો એક સમયની અવસ્થા છે. વસ્તુમાં ક્ષાયિકભાવની પર્યાય ક્યાં રહી? એ તો ત્રિકાળ પરમપારિણામિક સ્વભાવનો પિંડ છે. આહા..હા..! પણ એ વાત એમાં છે જ નહિ. સાચી વાત જ નથી. એ ઉપરથી કલ્પિત બનાવેલા શાસ્ત્રો અને પછી ચલવ્યા વાડા. બિચારા એમાં પડ્યા એને કાંઈ ખબર ન મળે. સ્વરૂપચંદભાઈ! આહા..હા..!

કહે છે કે '**લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ એટલે કે...**' પક્કડ એટલે કે ભેદ '**અર્થાવબોધ તે જેને...**' એટલે આત્માને નથી. તેથી તે આત્માને અલિંગગ્રહણ કહેવામાં આવે છે. ગુણનું ગ્રહણ, ભેદનું ગ્રહણ આત્માને નથી માટે તેને અલિંગગ્રહણ કહેવામાં આવે છે. આ તે વાત શું કહે છે આ? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ રીત હૈ. એમ છે જુઓ, મીઠાલાલ એમ બોલ્યા. સરખું હોય તો બોલે એ. 'વાડા બાંધી બેઠા રે પોતાનો પંથ કરવાને.' બધા વાડા બાંધીને બેઠા આ અમારા. આહા..હા..! ભગવાન આત્મા સર્વજ્ઞદેવ પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ ઈન્દ્રોની, ગણધરની સમક્ષમાં ભગવાન એમ ફરમાવતા હતા કે ભાઈ! ... એ આ સંતોએ કહ્યું છે એમ. આત્મા અંદર વસ્તુ છે, પદાર્થ છે. શક્તિઓ અને સત્ત્વ એટલે સત્‌નું સત્ત્વ, સત્ એનું સત્ત્વ, ભાવવાનનો ભાવ, ગુણીનો ગુણ એ વસ્તુ છે, પણ આ ગુણ અને ગુણી એવું જુદાંપણું એમાં નથી. જો તારું લક્ષ એમ રહે કે આ જાણે એ જ્ઞાન અને આ આત્મા. તો એ વિકલ્પ ઉઠશે. સમ્યગ્દર્શન નહિ થાય. આહા..હા..! ભલે પુણ્ય થાય છે ત્યાં, પણ એ પુણ્ય રાગ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! આવા માર્ગને... સમજાય છે?

શ્રીમદ્ એકવાર કહે કે ભાઈ વાતને કોણ દાદ દેશે? અરે! પરમાત્માનો આવો માર્ગ એને કોણ સાંભળશે અને કોને રુચશે? 'વીરલા જાણે તત્ત્વને, વીરલા સાંભળે કોઈ.' આવે છેને? યોગસારમાં આવ્યું હતું કાલે. 'વીરલા જાણે તત્ત્વને, વીરલા સાંભળે કોઈ. વીરલા સાંભળે કોઈ, વીરલા ધ્યાવે તત્ત્વને, વીરલે શ્રદ્ધા જોઈ.' આવે છેને શ્લોક આવ્યો હતો કાલે. સમજાણું

કાંઈ? તમે તો પછી આવ્યાને? કાલે સ્વાધ્યાય હતોને. સ્વાધ્યાય પછી આવ્યા તમે. સ્વાધ્યાય પછી આવ્યા. સમજાણું કાંઈ? કહે છે, ભાઈ! તું છોને આત્મા. આત્માને ધર્મ કરવો છેને. તો એ ધર્મ કરનારો ધર્મથી ખાલી છે? એટલે સ્વભાવથી ખાલી છે? સ્વભાવથી ખાલી હોય તો ધર્મ ક્યાંથી થશે એને? ધર્મ તો સ્વભાવ છે. વસ્તુનો સ્વભાવ તે ધર્મ. જુઓ હવે ક્યાં વાત લીધી? વસ્તુ ભગવાન આત્મા એનો સ્વભાવ. જ્ઞાન, દર્શન, આનંદ એ સ્વભાવ, એ એનો ધર્મ. એટલે? કે ધર્મ અને ધર્મી બેની એકતા દૃષ્ટિ કરતાં જે ધર્મમાંથી પર્યાય પ્રગટ થાય તેને ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? નહિતર પણ ધર્મ... એ વસ્તુ છે, અંદર ગુણ છે, વીતરાગતા છે, આનંદ છે અને વસ્તુ એનો ધરનાર—એવા બે ભેદ પણ જેની દૃષ્ટિમાં નથી. અભેદ ભગવાન બિરાજે છે એવી અંતર દૃષ્ટિ કરતાં વસ્તુ એવી છે તેથી તેની નિર્વિકલ્પ પ્રતીત-સમ્યગ્દર્શન અને સ્વસંવેદન જ્ઞાન ત્યાં પ્રગટે છે. સ્વ નામ પોતાનું અને સં નામ પ્રત્યક્ષ અને વેદન નામ વેદવું, અનુભવવું. સમજાય છે કાંઈ?

વસ્તુ ભગવાન આત્મા... આ રજકણો તો ક્યાંય રહી ગયા એને ઘરે, એ તો એના થઈને રહ્યા છે. પુણ્ય-પાપના વિકલ્પો એ મેલ થઈને રહેલ છે. પણ આત્મા ગુણ થઈને રહેલ છે, ગુણી ગુણમાં રહેલ છે અને ગુણ ગુણીમાં રહ્યા છે. એવો ભેદ પણ કહે છે એમાં નથી. આહા..હા..! શોભાલાલજી! આહા..હા..! વિકલ્પ હોતા હૈ. દ્વિધા હોતી હૈ દ્વિધા. કે આ જ્ઞાન અને આ આત્મા, આ જ્ઞાન અને આ આત્મા એ દ્વિધા થઈ. એકડે એક અને બગડે બે. દ્વિધામાં બગડ્યું વિકલ્પ ઉત્પન્ન થયો. ભારે વાત ભગવાનની ભાઈ! આહા..હા..! સમજાય છે કાંઈ? બગડે બે. એ આવે છે ત્રગડે ત્રણ. બાયડી હતી તો બે થયા, છોકરો થયો તો ત્રણ થયા. તગડે ત્રણ પછી તગડા તગડ, હવે રખડી મર. એમ અહીં કહે છે એકમાં જો બે થયા તો બેથી બગડ્યો. સમજાણું કાંઈ? આહા..હા..! વ્યવહાર થયો તો ભેદ પડ્યો અને ભેદ પડ્યો તો બગડ્યું એમ કહે છે. આત્મા ગુણી અને અનંત એમાં ગુણ એમ જ્યાં ભેદ પડ્યો તો બગડ્યો-વિકલ્પ ઉઠ્યો. બંધનમાં રાગની દૃષ્ટિ ઉભી થઈ. આહા..હા..!

ભગવાન આત્મા જેને ગુણ નથી એટલે કે ગુણનો ભેદ નથી. જેને ભેદ નથી એવો જે આત્મા એની દૃષ્ટિ કરતાં તે આત્મા તે રીતે જાણવા અને પ્રતીતમાં આવે તેને આત્મા જાણ્યો, માન્યો અને અનુભવ્યો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! 'તે તે રંગ શાના રે બીબે બીજી ભાતું પડે.' કહે છે કે ભગવાન આત્માનો રંગ લાગ્યો એને. જેને આત્માનો રંગ લાગ્યો. એકરૂપ ચૈતન્ય અંદર છું એવી દૃષ્ટિ થઈ, ભાત પડી ગઈ. પ્રત્યક્ષ જ્ઞાનનું વેદન અને પ્રતીતિ થઈ ગઈ એને સમ્યગ્દર્શન. ધર્મ થયો એને. સમજાણું કાંઈ? ભારે! આ બિચારા તરફડે છે બધા. અરર! આ સોનગઢ તે! સોનગઢવાળાની વાત છે કે આ ભગવાન કહે છે આ શું કહે છે? સાંભળ તો ખરો. અમારે નહોતુંને. તને ભાન નહોતું અને આ બીજું આવ્યું એટલે તમને સોનગઢનું થઈ ગયું? કોણ જાણે હે આમ થાય, હે ઢીંકણું થાય, ફીંકણું થાય.

કરો બાપા શું થાય ભાઈ! ટાણા આવ્યા અને ચૂકશો તો ટાણા પાછા નહિ મળે આવા. ઓલા નાણાના વચન નથી કહેતા? એવું બોલે. .. બોલે ત્યાં શ્વેતાંબરમાં બહુ બોલે 'નાણા મળશે પણ ટાણા નહિ મળે ભાઈ કરો કરો બોલો.' શું કહેવાય એ? શું કહેવાય એ બોલે? ઉછામણી શું કહેવાય એ? ઉછામણી. ઉછામણી બોલો. બોલો ભગવાનનું ઘી. ઓલો કહે ૧૦૧, ઓલો કહે ૨૦૧, ઓલો કહે ૧૦૦૦, ઓલો કહે ૨૦૦૦, ૩૦૦૦ હજાર. અગાસમાં એટલું કહે છે ભાઈ! અગાસમાં એક ગૃહસ્થ છે. ચડતા ભાવ રાખો એમ છે એ બધું એને. એમ કહે. ચડતા ભાવ રાખો. નાણા મળશે ટાણા નહિ મળે. એમ બોલે પાછા. સ્વરૂપચંદભાઈ! સાંભળ્યું છે? તમે તો બધું સાંભળ્યું હોયને? આહા..હા..! અહીં તો કહે નાણા પણ તારા નહિ અને આ જ્ઞાન પણ તારું નહિ. જ્ઞાન એટલે જ્ઞાન એમ નાણા. આ જ્ઞાન અને આત્મા એ ભેદ નથી તારામાં. આહા..હા..! આ તે કાંઈ વાત!

ભગવાન તો એમ કહે, અમને માનવામાં તમને વિકલ્પ ઉઠે છે, લે. માટે તું તારી સામું જો. તારું સામું જોવામાં પણ ગુણગુણી ભેદ કર્યો તો વિકલ્પ ઉઠે છે, લે. એમ કહે છે. આહા..હા..! અરે શું કરે? વીતરાગ ત્રણ લોકના નાથનો માર્ગ જગતને કાને પડે નહિ, સાંભળે નહિ, સાંભળવા મળે નહિ અને જિંદગીયું ચાલી જાય. પાયમાલ, હેરાન થઈને મનુષ્યનો અવતાર એળે જાશે. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલી વાત કરે છે આ? ભગવાન! તમે વાત કરો છો. કોણ વાત (કરે)? તમે કોણ .. આત્મા? રચનાર કોણ છે? એ તો વાણી છે. વિકલ્પ ઉઠ્યો છે એ પણ મારામાં નથી, એ તો પર છે. પણ તમે જ્ઞાનથી વાત કરો છોને ક્ષયોપશમજ્ઞાન. તો કહે ના. જ્ઞાન અને ગુણી બે ભેદ તો અમે ભાળતા નથી. અમે તો અભેદ દેખીએ છીએ. એમ છે. મગનભાઈ! આવી વાત તો કેટલાકને જિંદગીમાં પહેલી કાને પડી હોય લ્યો! પરમ સત્ય.

ભાઈ! તારે નજર જ્યાં નાખવી છે આત્મામાં. જે નિધાનને કોઈ દિ' જોયું નથી ત્યાં તારે નજર નાખવી છે. તો એ નજરમાં આત્મા એકલો રહે સામાન્ય એકરૂપ. ભેદ નહિ. એને અહીંયા આત્મા કહે છે અને એને સામાન્ય કહે છે અને તેની દૃષ્ટિમાં વિષયને સામાન્ય કહે છે, તે દૃષ્ટિ કરનારને તે દૃષ્ટિ સમકિત છે, તે સાચી દૃષ્ટિ છે. અભેદ છે તેવી દૃષ્ટિ થઈ માટે સાચી દૃષ્ટિ છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, દૃષ્ટિ તો પ્રતીતરૂપ છે, પણ તે ક્ષણે જ્ઞાન જે છે એ સ્વસંવેદન જ્ઞાન થાય છે. સ્વ નામ પોતાનું અને સં નામ પ્રત્યક્ષ. સં એટલે પ્રત્યક્ષ. સ્વ પ્રત્યક્ષ વેદન આનંદનું થાય તેનો વિષય અભેદ અને એકરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલું તો હજી શું કહે છે? આવો તે માર્ગ હશે આપણો વીતરાગનો? વીતરાગનો માર્ગ તો એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા, ત્રણ ઈન્દ્રિયા, ચૌ ઈન્દ્રિયા, પંચેન્દ્રિયા વિવહિયા... જીવિયા વવરોવિયા મિચ્છામી દુક્કડમ.

તસ્સઉતરી કરણેણં.. એય..! શીખ્યા છો કે નહિ સ્વરૂપચંદજી! એ સામાયિકમાં આવેને. તસ્સઉતરી કરણેણં .. તાવકાયં ઠાણેણં માણેણં જાણેણં અપ્પાણં આત્મા વોસરે. આત્મા વોસરે તો રહેશે શું તારું એમાં? ત્યાં એમ કહે છે કે ભગવાન આત્મા એકાકાર છે એની દૃષ્ટિ કરતાં કાયોત્સર્ગ નામ રાગ અને વિકલ્પનો અભાવ થતાં, પણ એનો અભાવ થતાં જે દશા પ્રગટે છે શાંતિ અને આનંદની, એને અમે કાયોત્સર્ગ અને એને ધ્યાન અને એને ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કાયોત્સર્ગ એમ આવે છેને? ખબર પણ ક્યાં છે કાયોત્સર્ગ એટલે શું? લાલજીભાઈ! આવું બધું ચાલતું હશે? આ બધા ડાહ્યા બધા કહેવાતા હશેને લોકો. કાયોત્સર્ગ તો એને કહે છે ભગવાન, કે કાયા નામ શરીર, કાયા નામ કર્મ, કાયા નામ વિકલ્પ અને કાયા નામ ગુણગુણીના ભેદનો વિકલ્પ એ બધી કાયા છે. એને છોડીને અભેદ ઉપર દૃષ્ટિ કરતાં જે સ્થિરતા થાય તેને કાયોત્સર્ગ અને તેને તપ ધર્મ કહે છે. સમજાણું કાંઈ? એવી વ્યાખ્યા છે.

આ લખે છેને, એક અપવાસ કરવો એ તપ. એ તપ નહિ. કહે છે લ્યો આમાં આવે છેને આપણે. આત્માવલોકનમાં આવે છેને છેલ્લે. તપ કોને કહેવું, દયા કોને કહેવી એ વ્યાખ્યા આવે છે. બધી વ્યાખ્યા છે. આત્માવલોકન. છેને. દીપચંદજી સાધર્મીએ લખ્યું. જુઓ છેલ્લા. શું કહે છે? જુઓ, દયાનું લક્ષણ. દયા કોને કહેવી વીતરાગ માર્ગમાં? કે 'વિકારમય પરિણામો દ્વારા અપને નિજસ્વભાવકા ઘાત નહીં કરના.' દયા, દાનનો જે વિકલ્પ ઉઠે છે એનાથી આત્માનો ઘાત થાય છે. જુઓ 'વિકારમય પરિણામો દ્વારા અપને નિજસ્વભાવકા ઘાત નહીં કરના, અપને સ્વભાવકા પાલન કરના વહ દયા હૈ.' જ્ઞાન, દર્શન, આનંદરૂપી ભગવાન એની એકાકાર દૃષ્ટિ અભેદ કરીને ઠરવું, નિર્વિકારી દશા એને દયા કહે છે. ભગવાનના માર્ગમાં એ અહિંસા પરમો ધર્મ છે. સમજાણું કાંઈ? અને એમાં તપની વ્યાખ્યા છે. .. તપ તપ કોને કહે. જુઓ તપ કોને કહે? 'શરીર, પરિગ્રહ, ભોગ, કુટુંબ, ઈષ્ટ મિત્ર, શત્રુરૂપ પરજ્ઞેયોકો છોડના ઔર ઉસમેં મમતારહિત પરિણતિ હોના, રાગરહિત દશા હોના ઔર ઉનમેં તૃષ્ણારહિત હોના, વિકલ્પરહિત હોના, અપને સ્વભાવમેં સ્થિરતા હોના ઐસી તપસ્યાકો ભગવાન તપ કહતે હૈં.' બાકી લાંઘણ કહતે હૈં. પણ એ તો આવી ગયુંને અસ્તિમાં નાસ્તિ આવી ગઈ. બધી વ્યાખ્યા કરી.

વ્રતનું લક્ષણ જુઓ, વ્રત. 'ઇન્દ્રિય, મન ઔર ભોગાદિ કી ઓર જાને સે અપને પરિણામ કો રોકના, પુણ્ય-પાપ તરફ જાનેસે અપને પરિણામકો રોકના ઉસકા નામ વ્રત કહલાતા હૈ.' બધાને લક્ષણ માન્યું છે. આત્માવલોકન પુસ્તક છે. દીપચંદજી ગૃહસ્થ જ્ઞાની દિગંબરમાં થઈ ગયા છે એમણે બનાવ્યું છે. સમજાણું કાંઈ? કહે છે. આહા..હા..! પહેલું માણસને સાંભળતા ઓલું થઈ જાય કે આ સમજાતું નથી. કરવું શું પણ આમાં? આ અંદર વસ્તુ છે એ કેવી છે? દ્રવ્ય શું છે? ગુણ શું છે? પર્યાય શું છે? વિકાર એ પહેલા સમજવું. સમજીને પછી

સ્વભાવ ઉપર એકાકાર દૃષ્ટિ કરવી એનું નામ કરવું, એ આત્માને સમ્યગ્દર્શન છે.

મુમુક્ષુ :- કરને કા...

ઉત્તર :- કરના તો યહ હૈ. કહો, સમજાય છે કાંઈ?

**'આ રીતે આત્મા ગુણવિશેષથી નહિ આલિંગિત...'** જુઓ, ભાષા! શું કહે છે? ભગવાન આત્મા ગુણ જે જ્ઞાન દર્શન, આનંદ આદિ ગુણો છે એ એનામાં છે. એનાથી નહિં આલિંગિત, નહિ સ્પર્શિત, દ્રવ્ય-વસ્તુ છે તે ગુણના ભેદને અડતું જ નથી. આવી ભાષા તો કોઈ દિ'. કેમ ચિરંજીવીલાલ! આવું છે ક્યાંય કીશનગઢમાં? ભગવાનના ઘરનો છે એ. આહા..હા..! શાંતિથી સાંભળ ભાઈ! આત્મા તો ભગવાન એને કહે છે કે વસ્તુ જે છે એ ગુણના ભેદને સ્પર્શતી નથી, અડતી નથી, છૂતી નથી. એવી ચીજ ભગવાન આત્મા એની દૃષ્ટિ કરવી અંતરમાં તેને ભગવાન સમ્યગ્દર્શન અને જ્ઞાન કહે છે. આહા..હા..! અને પછી સ્વરૂપમાં રમણતા, આનંદનો અતીન્દ્રિય આનંદનો સ્વાદ ઉત્કૃષ્ટ લેવો એને ભગવાન ચારિત્ર કહે છે. અરે! વ્યાખ્યા જ બધી એકે એક ખોટી જગતની. સમજાણું કાંઈ? કેટલાક કહે, નવો ધર્મ કાઢ્યો સોનગઢવાળાએ. એમ કહે છે. એ નવો નથી ભાઈ! તેં સાંભળ્યો નથી તો નવો થઈ ગયો? મિંદડીના બચ્ચાને ૪૯ દિ'એ આંખ ઉઘડે. ત્યારે એને એમ થાય કે આહા..હા..! દુનિયા હવે દેખાય છે! દુનિયા તો પહેલેથી હતી જ. તને આંખ બંધ હતી તો દેખાતી નહોતી. એમ આ માર્ગ નવો નથી, અનાદિનો પરમાત્માએ કહેલો એ માર્ગ છે. તને આંખ ઉઘડશે ત્યારે ખબર પડશે કે ઓહો..! માર્ગ તો આ છે. સમજાણું કાંઈ? બિલ્લી સમજતે હૈ ન. બિલ્લીકા બચ્ચા હોતા હૈ ન. સાત-સાત દિવસે બિલ્લીના બચ્ચાને ફેરવે બિલ્લી. એક ઠેકાણે કાયમ ન રહે. છોકરા જાણી જાય તો પાછા હેરાન કરે. હેતુ તો એ છે. મિંદડી હોય ને એના બચ્ચાને સાત દિવસે ફેરવી નાખે. શું કરવા? હેવા ટેવાઈ જાયને બધા તો બચ્ચાને.. તો ૪૯ દિવસ થાય ત્યારે આંખ ઉઘડે એની આહા..હા..! સાત-આઠ ઠેકાણે ફરે. ઓહો..હો..! આ પૃથ્વી કે દિ'ની હતી? અમે તો આજ દીઠી. દીઠી એટલે કાંઈ આજ થઈ ગઈ? એ તો પહેલેથી છે. એમ આવો માર્ગ કે દિ'નો હતો? કે તું જાણ તે દિ'નો છે. નહિ જાણ તો તને ખબર નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! કહો, ભગવાનભાઈ! ક્યાં ગયા તમારા? ભગવાનજી ક્યાં ગયા? છોકરા પણ નથી. ભાવનગર ગયા છે. કહો, સમજાણું આમાં? કેમ ભગવાનભાઈ! શું કર્યું અત્યાર સુધી આ?

વસ્તુ આમ શું છે એની હજી ઓળખાણ ન મળે, શ્રદ્ધા ન મળે, ઠરવાની ક્રિયા ક્યાંથી આવે? સમજાણું કાંઈ? કેવો અર્થ કાઢ્યો જોયું! **'આ રીતે આત્મા ગુણવિશેષથી નહિ આલિંગિત...'** ગુણના વિશેષો-ભેદો, પ્રકારો એનાથી નહિ સ્પર્શેલો, નહિ અડેલો, નહિ આલિંગિ કરેલો **'એવું શુદ્ધ દ્રવ્ય છે...'** એકલું શુદ્ધદ્રવ્યની દૃષ્ટિ, આત્મા દ્રવ્ય શુદ્ધ છે એવી પ્રતીત અનુભવ થાય તેને પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શનની કળા ધર્મની કહે છે. કહો, સમજાણું કાંઈ?

કહો, શાંતિભાઈ! આ શાંતિભાઈ બહુ વાંચતા હતા. કરાંચીમાં નહિ? કરાંચીમાં ક્યાં? કલકત્તા? કલકત્તા કહે. આ તો માર્ગ બીજો નીકળ્યો કહે. ભાઈ! ભગવાનનો માર્ગ બાપુ અપૂર્વ છે. એ ક્યાંય અન્યમતમાં હોય નહિ. જૈનના વાડામાં એને ખબર નથી કે ભગવાનનો શું માર્ગ છે?

કહે છે ઓહો..હો..! વસ્તુ જે છે એ નિમિત્ત એટલે જડને, પરને તો આલિંગન નામ સ્પર્શી નથી. શું કીધું? આલિંગિત શબ્દ છેને? આલિંગન કરવું. આમ આલિંગન કરવું, ચુંબન કરવું. નથી કરતા? કહે છે કે આત્મા જે વસ્તુ છે એણે શરીર, કર્મ જડને તો આલિંગન કર્યું નથી કોઈ દિ' ત્રણ કાળમાં અજ્ઞાનભાવમાં પણ. એને પુણ્ય અને પાપનું આલિંગન છે એ મિથ્યાત્વભાવને લઈને આલિંગન છે. સ્વભાવમાં નથી. અહીં તો કહે છે કે ગુણ અને ગુણી એવા ભેદનું આલિંગન-સ્પર્શ આત્માને નથી. ઓહો..હો..! સમજાણું કાંઈ? આલિંગન શબ્દ વાપર્યો છે. છે? શેઠિયાને પાછું પૂછે તો એં...એં.. થઈ જાય, પાછું રાતે પૂછે તો. એ ખ્યાલ રહેને કે ભાઈ આ પૂછતા હતા. આત્મા વસ્તુ એને કહીએ કે જે ગુણવિશેષ-ગુણના પ્રકારો-ગુણના ભેદો એને જેણે આલિંગન નહિ, એને સ્પર્શતો નથી એવી અભેદ શુદ્ધ દ્રવ્ય-વસ્તુ તેને ભગવાન આત્મા કહે છે. એ આત્માની અંતર દૃષ્ટિ કરવી તેને સમ્યગ્દર્શન કહે છે. અને સમ્યગ્દર્શન વિના જ્ઞાન સાચું હોય નહિ, વ્રત, ચારિત્ર હોય નહિ, તપ-બપ હોય નહિ, બધી એકડા વિનાના મીંડા પોક મૂકવા જેવું હોય. સમજાણું કાંઈ?

એ દાનની વ્યાખ્યા છે હોં. આ તો દાનની કરી. દાન એટલે. તમારા પૈસાબૈસાના દાન નહિ હોં. દાનની વ્યાખ્યા કરી છે આમાં. 'દાન કા લક્ષણ' દાનનું સ્વરૂપ વર્ણવ્યું છે. 'નિજસ્વભાવ ભાવશક્તિરૂપી જીવદ્રવ્ય હૈ. નિજસ્વભાવ ભાવશક્તિરૂપ જીવદ્રવ્ય હૈ. અવ્યક્ત નિજસ્વભાવભાવ ઉસકે અભિવ્યક્ત હો જાને પર, જો સમય અપનેરૂપ પરિણમન કરના વહી દાન હૈ.' આહા..હા..! ભગવાન શુદ્ધ ચિદાનંદ આનંદકંદ. એય..! મગનભાઈ! આ સંપ્રદાન આવ્યું. હમણા પૂછતા હતા છ કારકનું. એક સમયની એક પર્યાયમાં છ કારક. કીધું, એક પર્યાયમાં, એક એક ગુણની એક એક પર્યાયમાં છ કારક. ગુણ વિના. સમજાણું કાંઈ? જુઓ, આ દાનની વ્યાખ્યા. નિજસ્વભાવ એનું અભિવ્યક્ત થવું, પ્રગટ હોવું, આનંદ જ્ઞાનનું પ્રગટ હોવું, પ્રગટ હોઈને રહેવું એનું નામ દાન છે. લ્યો આ તમારા પૈસા-ફૈસાના દાન, એ ક્યાં પૈસા તમારા હતા તે દાન તમે કરો એ?

મુમુક્ષુ :- .. કરેને.

ઉત્તર :- કોણ કરે? .. કરે? કોણ કરે? પૈસા ક્યાં એના હતા? પૈસા ક્યાં એમાં હતા? તારામાં ક્યાં પૈસા હતા? અહીં તો રાગ તારામાં નથી, પણ ગુણગુણી પણ ભેદ તારામાં નથી, પછી શું કરવું છે તારે? આહા..હા..! બધી વ્યાખ્યા કરી છે હોં. બહુ ઘણું વર્ણવ્યું છે. લોકો કહેને આ છે. અરે! સાંભળને ભગવાન. વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથના માર્ગની

રીત જ દુનિયાથી તદ્દન નિરાળી છે. જૈનમાં જન્મ્યા એને જૈનની ખબર ન મળે તો અન્યને તો ખબર ક્યાંથી હોય? આવો માર્ગ સનાતન સિદ્ધ છે અનાદિનો. કહે છે... આ રાડ નાખે એટલે વધારે સ્પષ્ટ કરીએ છીએ હોં! કે ભગવાન આત્મા સામાન્ય જે છે, વસ્તુ છે, ધ્રુવ છે, ધ્રુવ છે, અભેદ છે, એક છે. એ એક તે બીજાને સ્પર્શ્યો નથી, ગુણને સ્પર્શ્યો નથી, વિશેષપણું એમાં નથી. સામાન્ય છે. સમ્યગ્દર્શનનો વિષય એકલો સામાન્ય.

શું છે? '**શુદ્ધ દ્રવ્ય છે...**' આત્મા ગુણના વિશેષથી, ગુણ વિશેષ છે અને આત્મા વિશેષ્ય. આ વિશેષણ, વિશેષ્ય એવો ભેદ નથી. આ તો અદ્વૈત થઈ ગયું. પણ આ રીતે અદ્વૈત. લોકો કહે છે એવું અદ્વૈત નહિ. સમજાણું? અ-દ્વૈત. એકરૂપ વસ્તુ અદ્વૈત છે એ અદ્વૈત. બધા થઈને એક થઈ ગયો અને અદ્વૈત એવું ત્રણકાળમાં હોઈ શકે નહિ. એ તો વાત આવી ગઈ છે માથે. 'પાખંડીઓને પ્રસિદ્ધ' વાત આવી ગઈ છે. સમજાણું કાંઈ? '**આ રીતે આત્મા...**' જેને પદાર્થજ્ઞાન નથી એવો આત્મા, તેને ગુણના વિશેષથી-ભેદથી જેનું સ્પર્શવું નથી '**એવું શુદ્ધ દ્રવ્ય છે એવા અર્થની પ્રાપ્તિ...**' અલિંગગ્રહણમાંથી આવો ભાવ નીકળે છે. આહા..હા..! શબ્દ આટલા. અ-લિંગ-ગ્રહણ. કેટલા અક્ષર થયા? છ થયા. અ-લિંગ-ગ્રહણ. છ અક્ષર. છ અક્ષરમાંથી આવું નીકળે છે કહે. જગત શબ્દ ત્રણ છે. જગત શબ્દ ત્રણ છે એમાં છ દ્રવ્ય-ગુણ-પર્યાય આખું સમાઈ જાય છે. બધું આવી જાય છે કે નહિ? કે બાકી રહે છે જગતમાં? એમ અહીં કહે છે, અલિંગગ્રહણ એમાંથી એવો અર્થ ભગવાન કહેવા માગે છે કે એ વસ્તુ શુદ્ધ દ્રવ્ય છે, ભેદ પાડવો તે અશુદ્ધતા થઈ જાય છે. આહા..હા..! આ જ્ઞાન અને આત્મા, આ આનંદ અને આ આત્મા, એ અશુદ્ધતા ઉત્પન્ન થાય છે. વસ્તુ એમ નથી એમ કહે છે. એ વસ્તુ ગુણના ભેદોને અડતી નથી તેવી અભેદ ચીજ છે. પરમાત્મા સચ્ચિદાનંદ પ્રભુ પોતે એકરૂપ છે એને આત્મા કહીએ અને એવા આત્માને અંદર માને, અનુભવે તેને આત્મા અનુભવ્યો અને જાણ્યો કહેવાય. એણે જીવતત્ત્વ જાણ્યું એમ કહેવાય. આહા..હા..! જીવતત્ત્વ આવું છે. આ તો બધા જીવતત્ત્વ (એટલે) નારકીના જીવ, દેવના જીવ, ઢોરના જીવ, ફલાણા. એ કોઈનો નથી સાંભળને. ૧૮ બોલ થયા. આ તો ૧૮ બોલ, એક બોલમાં ગયું આટલો ઘણો અર્થ.

હવે ૧૯મો. એ બધા ત્રણે ઝીણા છે. બધાય આવ્યા છો બરાબર સરખા માથે. ભાઈ વળી આવ્યા નહિ. ઠાકોરભાઈના ઘરે આવ્યા હતા. સાંભળે તો ખરા કે આ શું છે આમાં? જૈનદર્શનમાં.. માંડીને બેઠા છે બહારથી તે. આહા..હા..! વસ્તુ ભગવાન આત્મા અમૂર્ત ચૈતન્ય દ્રવ્ય બિરાજે છે આખું. એમાં પ્રદેશભેદ છે? જ્ઞાન, દર્શન, આનંદ અને આત્માની વચ્ચે અંશભેદ, ક્ષેત્રભેદ, પ્રદેશભેદ છે? વસ્તુ તો એક જ છે એમ કહે છે. સમજાય છે કાંઈ? સાકરને અને ઓલા મેલને તો પ્રદેશભેદ છે, એમ આત્મામાં વિકાર પરિણામને અને આત્માને પ્રદેશભેદ છે એમ કહે છે. આહા..હા..! ભારે! આત્મા અને આ શરીરાદિને પ્રદેશભેદ છે એ

તો જુદી ચીજ, પણ પુણ્ય-પાપના ભાવ અને આત્મા બે વચ્ચે પ્રદેશભેદ છે, વસ્તુ ભિન્ન છે. એમ ગુણ અને ગુણી વચ્ચે પ્રદેશભેદ નથી. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા! આવો ધર્મ. ગુણોનું આવું માંડ્યું એક કલાક તો બિચારા ભાગી જાય. ન હોય એને તો એના પ્રમાણમાં... શું થાય? અરે ભગવાન! માર્ગ તો આ છે નાથ! તને તારી ખબર ન મળે એટલે કાંઈ માર્ગ બીજો થઈ જાય ભાઈ! અનંત ગણધરોએ, સંતોએ, મુનિઓએ, સમકિતીઓએ, શ્રાવકોએ આ માર્ગ સાધ્યો છે. આ રીતે સાધ્યો છે. આથી વિરૂદ્ધ રીતે કોઈ સાધતા નથી. એ (વિરૂદ્ધ સાધે) શ્રાવક હોઈ શકે નહિ, સમકિતી હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? લ્યો એ તો એક બોલમાં થઈ ગયું પૂરું લ્યો. હવે ઓલું લેશે પછી લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૨, મંગળવાર, તા. ૦૪.૦૨.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૧૮-૧૯, પ્રવચન-૧૪૭**

આ પ્રવચનસાર છે, જ્ઞેયતત્ત્વ અધિકાર. ૧૭૨ ગાથા. ૧૮મો બોલ ચાલ્યો છે. ૧૮મો ચાલ્યો છેને? શું ૧૮મો હતો? શું ૧૮મો હતો? શું વિશેષ પણ? ગુણવિશેષ એમ. એટલું યાદ રહેતું નથી હવે. ઓલા બધા .. ને યાદ રહે છેને. એમ કહે છે જુઓ ફરીને ૧૮. આ એક અલિંગગ્રહણમાં ૨૦ બોલ છે. આત્મા કેવો છે? એવું જે ભગવાને આત્મા જ્ઞાનમાં જ્ઞેયરૂપે જોયો એવો આત્મા જ્ઞેય કેવો છે અને કેવો જાણ્યે એણે આત્મા જાણ્યો કહેવાય? એની વાત ચાલે છે. પહેલેથી ચાલ્યું આવે છે. આ તો ૧૯મો બોલ છે. જુઓ! ૧૮મો લ્યો પહેલો. જુઓ, આત્મા શરીર, કર્મ અને આ વાણી આદિ છે એ તો અજીવતત્ત્વે રહેલા, એનાથી આત્મા જુદો અને અંદર પુણ્ય અને પાપના ભાવ થાય એનાથી ભિન્ન તત્ત્વ છે. એવા તત્ત્વને કઈ રીતે જાણે-માને સમકિત થાય? કે એવું તત્ત્વ અંદર વિકલ્પ જે રાગ છે એનાથી જુદો, એવા સ્વજ્ઞેય જ્ઞાનસ્વરૂપ અભેદને દૃષ્ટિ કરવાથી આત્મા જાણવામાં આવે અને એને સમ્યગ્દર્શન કહેવામાં આવે.

અહીં હવે વિશેષ લે છે. 'લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ...' કાલે તો એક કલાક ચાલ્યો હતો પોપટભાઈ! આ એક બોલ એક કલાક ચાલ્યો હતો. કહો, શેઠી! એમાં મહેનત ક્યાં હતી આમાં? મહેનત એટલે શું? આ વસ્તુ છે આવી એમાં સીધી વાત છે. વસ્તુ છે, પદાર્થ છે. અનંત-અનંત શક્તિ સ્વભાવ ગુણસંપન્ન વસ્તુ છે. એવી જે વસ્તુ એને અહીંયા ૧૮માં એમ કહે છે કે વસ્તુ જે અનંતગુણરૂપ વસ્તુ છે એ એકરૂપ દ્રવ્ય છે, વસ્તુ-

દ્રવ્ય એકરૂપ છે. એ વસ્તુ '**લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ તે જેને નથી...**' એટલે કે જાણવાનો જે જ્ઞાનભાવ, એ જ્ઞાનભાવ જાણવું તે આત્માને નથી. ઝીણી વાત છે, શેઠ! વસ્તુ છે એને જાણવાનો જે ગુણ છે એમ શ્રદ્ધવાનો જે ગુણ છે, ઠરવાનો જે ગુણ છે એ ગુણ જેને નથી, આત્માને નથી. એટલે શું? સમજાય છે કાંઈ? માર્ગ એવો છે કે લોકોને સાંભળવા મળે નહિ હવે એને વિચાર યાદ પણ રહે નહિ એને કરવું શું? પોપટભાઈ!

મુમુક્ષુ :- હાથે બતાવે...

ઉત્તર :- બતાવે કોણ? એને એમ ગરજ થાય, રસ પડે. જેમાં જેને રસ પડે તેમાં તે લીન-એકાગ્ર થયા વિના રહે નહિ. સમજાય છે કાંઈ? એમ આત્મા આ શું ચીજ છે આ? ભગવાને, પુણ્ય-પાપના વિકલ્પ જે છે એનાથી રહિત કીધી તો એ આસ્રવથી રહિત કીધી. કર્મ, શરીર વિનાનો એ આત્મા છે. એ તો ઠીક પણ કહે છે કે શુદ્ધ દ્રવ્ય જે વસ્તુ છે પદાર્થ એમાં જે આ જાણવાનો જે ગુણ છે એ ગુણ વિશેષ છે, દ્રવ્ય સામાન્ય છે. એ વસ્તુ છે એ ગુણવિશેષ એવા ભેદને સ્પર્શતી નથી. અભેદ વસ્તુ છે એમ સિદ્ધ કરવું છે. સ્વરૂપચંદભાઈ! ભારે વાતું ભાઈ! વસ્તુ એવી છે. સર્વજ્ઞે કહી છે, પણ વસ્તુ એવી છે. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અસંખ્ય પ્રદેશી વસ્તુ, જેમાં અસંખ્ય પ્રદેશમાં અનંતગુણ છે, પણ એ ગુણ ને આ ગુણી એવો વસ્તુમાં ભેદ નથી. આહા..હા..! ભારે કામ! હવે એને આ શરીરની ક્રિયા કરનારો માનવો, એને પાપના પરિણામ કરનારો, જ્ઞેયતત્ત્વ છેને? કરનારો એટલે એ મારું તત્ત્વ છે એમ માનવું એ તો મહા વિપરીત માન્યતા છે. હજી માન્યતાના ઠેકાણા નથી એને ઠરવાના ઠેકાણા ક્યાંથી હોય? સમજાણું કાંઈ? ઠરવું એટલે? કે સામાયિક, ચારિત્ર, શાંતિ, આનંદ વગેરે. એ ચારિત્ર સમ્યક્ હજી ચીજ શું છે? અને ચીજની સ્થિતિ શું છે? એવી જ્યાં પ્રતીતમાં, જ્ઞાનમાં, જ્ઞેય તરીકે વાસ્તવિકતા ન આવે તો જેમાં ઠરવું છે એ વસ્તુની તો ખબર નથી. સમજાય છે કાંઈ?

તો કહે છે કે વસ્તુ એને કહીએ છીએ કે '**લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ...**' એટલે પદાર્થને જાણવાનો બોધ-જ્ઞાન એટલે કે ગુણ એટલે કે જે વસ્તુ છે એ શુદ્ધ દ્રવ્ય છે સામાન્ય એકરૂપ, એને ગુણના ભેદનું સ્પર્શવું દ્રવ્યને નથી. આહા..હા..! એ કર્મને, શરીરને તો સ્પર્શતો નથી, પણ એ વસ્તુ જે છે એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામને પણ અડ્યો અને સ્પર્શ્યો નથી એ ચીજ. ભારે! એ તો નથી, પણ એ ચીજમાં રહેલા ગુણ અને પોતે ગુણી-એવો ગુણીગુણના ભેદને સ્પર્શે એવું એ દ્રવ્ય નથી. આહા..હા..! બહુ વાત! અરે! એને મૂળ ચીજનું જ્યાં સુધી સત્પણું, સત્પણું- એનું હોવાપણું જેમ છે તેમ લક્ષમાં ન આવે તો તેના તરફ એની દૃષ્ટિનું વલણ ન થાય. સમજાય છે કાંઈ? અને દૃષ્ટિના વલણ વિના, સમ્યગ્દર્શન વિના જે કાંઈ કરે એ બધું રખડવા માટે

છે ચાર ગતિમાં. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે આ તો બધી નવી જાતની વાત છે. શેઠ ભગવાનદાસ! જુઓ એમાં તમે વાંચો તો સમજાય એવું નથી. નવરા ક્યાં ત્યાં પાના ઉઘાડવા એ? ૧૮મો બોલ છે. શું છે વાંચો. બસ એ બરાબર હવે આવ્યું. અહીં અલિંગગ્રહણ શબ્દ છે. અ-લિંગ-ગ્રહણ. હવે એમાંથી આ ૧૮મો બોલ કાઢવો છે. એટલે કે લિંગ-ગ્રહણ નથી. એટલે કે આત્મામાં જાણવાનું જ્ઞાન જે વિશેષ છે-ભેદ છે તે લિંગ, તે દ્રવ્યને નથી. દ્રવ્યમાં તે વિશેષ-ભેદ નથી. સમજાય છે કાંઈ? લિંગ એટલે ગુણ એવું જે ગ્રહણ, ગ્રહણ એટલે અર્થાવબોધ-જાણવું. ગુણ પણ જે છે તેનું જે જાણવું, જ્ઞાનનું જાણવું. જાણવું, દેખવું, ઠરવું એવા જે ભાવ અને ભાવવાન વસ્તુ, એ ભાવવાન વસ્તુ એવા ગુણવિશેષને નહિ આલિંગિત-સ્પર્શતી નથી એને શુદ્ધ દ્રવ્ય કહેવામાં આવે છે. એવું છે. અલિંગગ્રહણ આ રીતે આત્મા ગુણવિશેષથી, ગુણના ભેદથી, ગુણના પ્રકારથી, ગુણની અનેકતામાં તે આલિંગન નથી કરતો. આહા..હા..! એવી વાત વર્ણવી, શું કહે છે આ! સમજાણું કાંઈ? એ તમને વળી પહેલું પૂછાઈ ગયું આમાં કે યાદ છે કે નહિ. આ તે શું કરે છે?

વસ્તુ પદાર્થ જેને કહીએ. અહીં કીધું છેને **'એવું શુદ્ધ દ્રવ્ય છે...'** એવું શુદ્ધ દ્રવ્ય છે વસ્તુ. કે જે વસ્તુ એકરૂપે છે તે તેના ગુણના પ્રકારને, વિશેષને તે અભેદ સ્પર્શતું નથી. એવા શુદ્ધ દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેવાથી સમ્યગ્દર્શન થાય છે. ભગવાનજીભાઈ! આ બધા શેઠિયાઓની પરીક્ષા લેવી પડે થોડી-થોડી. કહો, સમજાણું આમાં? આહા..હા..! ભાઈ! આવી વાત બાપા! અનંતકાળે મળવી મુશ્કેલ છે. ભાઈ! એ ચીજ શું છે એને ક્યાં ખબર છે? બીજું બધું ગમે તે કરતો હોય, પણ એ કરવાની ક્રિયામાં જે વસ્તુ જ્ઞાનસ્વરૂપ છે તે રાગની ક્રિયામાં આવતી નથી. જડની દશામાં એ આવતી નથી એ તો ક્યાંય રહી ગઈ વાત. આહા..હા..! પણ ભગવાન આત્મા વસ્તુ છે અને એમાં અનંતગુણ છે, પણ કહે છે કે ગુણ જે વિશેષ છે, પ્રકાર છે, ભેદ છે, એ શુદ્ધદ્રવ્ય તે ભેદને અડતું નથી એવું એ શુદ્ધ દ્રવ્ય છે. નવનીતભાઈ! કહો, સમજાય છે કાંઈ? આવો આત્મા! આવો આત્મા છે એમ કહે છે. તું આત્મા-આત્મા કહે અને આત્મા માન ત્યારે કહેવાય કે એ રાગ તો એના દયા, દાન, વિકલ્પ, પુણ્ય-પાપ તો એ રાગને અડતો નથી, દેહને અડતો નથી, કર્મને અડતો નથી, પણ એ અભેદ વસ્તુ છે એ ગુણના ભેદને સ્પર્શતું નથી, એને આલિંગન કરતું નથી. આહા..હા..! મગનભાઈ! એટલે શું? કે એક વસ્તુ ધ્રુવ ચૈતન્ય દ્રવ્ય છે, એમાં આ ગુણ છે અને આ ગુણી છે એવો ભેદ પાડતા વસ્તુ દૃષ્ટિમાં રહેતી, આવતી નથી અને મનની ચંચળતા ઉત્પન્ન થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? પરની દયા, દાન અને વ્રત, ભક્તિમાં તો મનની વિકલ્પની ચંચળતા છે એ તો એકકોર રહી. આ વસ્તુ છે, એકરૂપતત્ત્વ છે, પદાર્થ છે, તદ્દન નિરાળી ચીજ છે, નિર્લેપ એક વસ્તુ છે એવી દૃષ્ટિ દેતા એનું મનનું ચંચળપણું ટળી અને અચંચળ એવી

નિર્વિકલ્પ દૃષ્ટિ થાય છે. સમજાય છે કાંઈ?

એ આત્મા દ્રવ્ય એટલે વસ્તુ અને એના ગુણો-શક્તિ. સ્વભાવ. એ ભાવવાન અને આ ભાવ એવા ભેદને જો લક્ષમાં લે તો એને ચંચળતા ઉત્પન્ન થાય છે. મનનો વિકલ્પ થાય છે. કેમ? કે વસ્તુ અભેદ છે. અભેદ છે એવી દૃષ્ટિ થતાં અચંચળ નામ નિર્વિકલ્પ દૃષ્ટિ થાય. આ આત્મા, આ ગુણ એમ બેના ભેદમાં રહેતા વસ્તુ એવી નથી. એમ. સમજાણું કાંઈ? એનું જ્ઞાન એની દશા વર્તમાન એમાં ક્યારે ઠરે? કે પરથી તો હઠી જાય એ જ્ઞાનદશા. પણ આ આત્મા છે અને એમાં ગુણો અનંત છે-એવું જો લક્ષમાં લે તો એ વસ્તુ એમ નથી. વસ્તુ અભેદ છે. એમ ગુણના ભેદને લક્ષમાં લેવા જતાં એને રાગની ઉત્પત્તિ થાય છે, મનનો સંગ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં એને પુણ્યબંધન થાય છે. એમાં એને ધર્મ થતો નથી. આહા..હા..! મગનભાઈ! ભારે વાત! અહીં તો ઓલા રાડું પાડે પહેલેથી નીચે. એય..! અમારી ભક્તિ, અમારી પૂજા, અમારા દાન, દયા.. અરે! સાંભળને! તારા હતા કે દિ'? એ તો વિકલ્પ છે, રાગ છે, આસ્રવ છે. આસ્રવ એટલે એમાં નહોતા ને ઉભા થયા છે. આ તો એમાં છે અને એ છે એ ગુણવાળો છે, વિશેષવાળો છે, એમ કહેતા પણ રાગ ઉત્પન્ન થાય છે કહે છે.

વસ્તુ એક શુદ્ધ દ્રવ્ય છે. ગુણના વિશેષને નહિ આલિંગિત. અભેદ એકરૂપ ચીજ તે ભેદને નહિ અડતી, નહિ સ્પર્શતી એવી એ ચીજ શુદ્ધ દ્રવ્ય વસ્તુ છે એને આત્મા કહીએ અને એવો આત્મા દૃષ્ટિમાં લે ત્યારે એને સમ્યક્ શ્રદ્ધા-જેવી છે એવી શ્રદ્ધા તેને થઈ. સમજાણું કાંઈ? આ બીજી ગમે તે વાત હોય, પણ કહે છે કે આવો આત્મા દૃષ્ટિમાં લે ત્યારે સમ્યગ્દર્શન થાય. કેમકે સમ્યક્ નામ પ્રશંસનીય પ્રતીતિ, જેવું છે તેવું પ્રતીત કરે તો પ્રશંસનીય પ્રતીતિ કહેવાય, નહિતર મિથ્યા શ્રદ્ધા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! જાહેર કર્યું છેને આચાર્યોએ. પ્રસિદ્ધ મૂક્યું બહારમાં. આ કાંઈ ગોપવવા માટે રાખ્યું છે? ભગવાન! તું આવો છોને પ્રભુ! અને વસ્તુ છેને. અનંત-અનંત શક્તિવંત, અનંત-અનંત શક્તિવંત એકરૂપ વસ્તુ એને અહીં શુદ્ધ દ્રવ્ય-વસ્તુ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

જે રીતે ગુણવિશેષથી... ભગવાન આત્મા એવો ગુણી એટલે શુદ્ધદ્રવ્ય એ ગુણવિશેષ એટલે એના ગુણના પ્રકારોથી નહિ સ્પર્શિત. ગુણના ભેદથી સ્પર્શિત નથી. અસંખ્ય પ્રદેશે ગુણી તે અભેદ વસ્તુ એ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી ધર્મકથા કઈ જાતની? બાપુ! ધર્મકથા આ કહેવાય. જે કોઈ એમ માને કે અમને અંદર શુભ-અશુભભાવથી અમને ધર્મ થાય અને એનાથી તને ધર્મ થાય એ ધર્મકથા નથી, પણ પાપકથા છે. વિકથા, પાપકથા, દંસણભેદણી કથા છે-સમકિતને તોડનારી એ કથા છે. આહા..હા..! એમ આ આત્મા ભેદ વડે કરીને જણાય એમ માનવું એ પણ સત્ય નથી કહે છે. આહા..હા..! ભગવાન વસ્તુ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય-વસ્તુ જે છે એ એકરૂપ વસ્તુ એ ભેદને અડતી નથી, સ્પર્શતી નથી એવું

શુદ્ધ દ્રવ્ય છે. એવા દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકવાથી એને સમ્યગ્દર્શન અને પ્રશંસનીય સ્વસંવેદનજ્ઞાન એને પ્રગટ થાય છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? **'એવું શુદ્ધ દ્રવ્ય છે એવા અર્થની...'** એટલે કે અલિંગગ્રહણમાંથી આવો અર્થ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? અલિંગગ્રહણ ચાલે છે આ. એક અલિંગગ્રહણ છ અક્ષરમાંથી ૨૦ અર્થ કાઢ્યા છે. એમાં ૧૮મો ચાલે છે આ.

મુમુક્ષુ :- અમારે કેટલા યાદ રાખવા?

ઉત્તર :- એ એક જ યાદ રાખવું કે આત્મા અખંડાનંદ પૂર્ણ છે, એમાં રાગ નથી, પર નથી, ભેદ નથી એવું એક છે એને યાદ રાખવું. શેઠી!

મુમુક્ષુ :- મૂળ જ્ઞાન છે.

ઉત્તર :- મૂળ વસ્તુ ઐસી હૈ. લ્યો એ બોલ તો કહેવાઈ ગયો હતો કાલે. હવે એટલું ચાલ્યું આજે.

હવે આજે ૧૯મો બોલ. '(૧૯) **લિંગ એટલે કે પર્યાય એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધવિશેષ...'** એટલે કે પદાર્થના જ્ઞાનની વિશેષતા પર્યાય. એ જાણવાની દશા, શ્રદ્ધવાની દશા એવી જે વિશેષ અવસ્થા '**તે જેને...**' આત્માને નથી. તે પર્યાય આત્માને નથી. એકકોર કહે '**પર્યય વિજુત્ત દવ્વં**' પર્યાય વિનાનું દ્રવ્ય ન હોય. આગળ કહી ગયા છે. પર્યાય વિનાનું દ્રવ્ય ન હોય અને દ્રવ્ય વિનાની પર્યાય ન હોય. એ અપેક્ષાએ તો સિદ્ધ કરી છે વાતને. પણ અહીંયા દૃષ્ટિના વિષયમાં વાસ્તવિક તત્ત્વને સિદ્ધ કરવા તે પર્યાય તે દ્રવ્યમાં નથી. કેમકે ભેદ નથી એમ સિદ્ધ કરવું છે. અવસ્થા જે જ્ઞાનની છે, જ્ઞાનની અવસ્થા પર્યાય છે એ ઉપર જો લક્ષ રાખે તો તો પર્યાયનો એક અંશ લક્ષમાં આવ્યો, આખી વસ્તુ લક્ષમાં આવી નહિ. સમજાણું કાંઈ? તો પર્યાયબુદ્ધિ થઈ એ તો. અંશબુદ્ધિ એ તો મિથ્યાબુદ્ધિ છે. આહા..હા..! આખી ચીજ છે એનો એક અંશ જે જ્ઞાનાદિ પર્યાય છે એ પર્યાયનું લક્ષ રાખે, રાગ અને પુણ્યને એકકોર રાખો, પણ એ પર્યાયનું લક્ષ રાખે તોપણ મિથ્યાબુદ્ધિ છે, કારણ કે દ્રવ્ય એટલું નથી. આહા..હા..! ભારે!

**'લિંગ એટલે કે પર્યાય એવું જે ગ્રહણ એટલે કે અર્થ...'** નામ પદાર્થનું અવબોધ. પદાર્થનું અવબોધ એટલે જ્ઞાન. અર્થ-અવબોધ. અર્થ નામ પદાર્થ, એનું જે જ્ઞાનવિશેષ. એ તો જ્ઞાનથી વાત કરી છે, પણ અનંતગુણની જે પર્યાય છે, તે પર્યાય ઉપર દૃષ્ટિ દેતા રાગ ઉત્પન્ન થાય છે. તો એ આત્મા જે છે તો પર્યાયના ભેદને સ્પર્શતો જ નથી. ગુણના ભેદને આલિંગન કરતો નથી એમ પર્યાયના ભેદને સ્પર્શતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગનો કેવળી તીર્થંકરનો હશે આ? ભાઈ આપણે તો અત્યાર સુધી એવું કોઈ દિ' સાંભળતા નહોતા. આ તો લીલોતરી ખાવી નહિ, કંદમૂળ ખાવા નહિ, આ વ્રત પાળવા, અપવાસ કરવા આઠમ, પાંખીના, તપ કરવા, એનાથી તમને નિર્જરા થાશે. આવું સાંભળ્યું હતું ભાઈ અમે તો. એ બધી મિથ્યાશ્રદ્ધાની વાત છે. એય..! પોપટભાઈ!

અહીં તો ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ એમ ફરમાવે છે કે આ વસ્તુ છે એ એક સમયની પર્યાયના ભેદને સ્પર્શતી નથી. એ તો અભેદ ચીજ છે. એક સમયના પર્યાયને અડતી નથી. આ ભારે વાત ભાઈ! રાગને તો અડતી નથી, પુણ્યને અડતી નથી, શરીર ને કર્મને અડતી નથી, પણ પર્યાયને અડતી નથી. કારણ કે પર્યાયને અડે તો એક અંશ જેટલો દ્રવ્ય થઈ જાય. ભાઈ! ઝીણી વાત છે. આહા..હા..! એક સમયનો પર્યાય છે એટલું જો દ્રવ્ય થઈ જાય તો એક અંશ જેટલું દ્રવ્ય થઈ જાય, (પણ) દ્રવ્ય તો એવું નથી. 'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી વીતરાગ.' ભગવાન ભાખ્યો છે ભાઈ! એને ખબર નથી. ત્યારે કહે, આટલા બધા કોઈ કહેતા નથી માટે આવું કાંઈક નવું હશે? અને અમારો માર્ગ ખોટો નીકળ્યો આ? ખોટા-સાચાની વાત આ છે. સાચું છે, બાકી બધું ખોટું છે એમ સમજે. આહા..હા..!

પહેલી શ્રદ્ધામાં અને જ્ઞાનમાં.. ઓઘશ્રદ્ધા હોં, અનુભૂતિની શ્રદ્ધા નહિ. ઓઘશ્રદ્ધા ને જ્ઞાનમાં એમ લે કે આ આત્મા એક સમયની પર્યાય જેટલો નથી. એ તો ત્રિકાળ દ્રવ્ય અખંડ અભેદ છે એ એક અભેદ તે અંશને અડતો નથી એટલે અભેદ ઉપર દૃષ્ટિ દેતા સમ્યગ્દર્શન ને ધર્મની દશા થાય છે એવી પહેલી શ્રદ્ધા જ્ઞાનમાં એણે પાક્કું કરવું. સમજાણું કાંઈ? ઓહો..હો..! એકકોર કેટલા ગુણો છે? કે અનંતા અનંત કોટી સંખ્યા. આકાશના પ્રદેશથી અનંતા અનંત ગુણો. ઓહો..! એક વસ્તુ અનેકમાં કેમ આવી જાય? અને એક દ્રવ્યસ્વરૂપ તે ગુણને કેમ સ્પર્શે? એમ એક સમયની અનંતી પર્યાયો, કહે છે કે એ અંશ તરફ દૃષ્ટિ આપતા તો પર્યાયબુદ્ધિ છે. વસ્તુ એ અખંડ છે એ પર્યાયને આલિંગન જ કરતી નથી, અડતી નથી. આખું દ્રવ્ય જો પર્યાયને આલિંગન કરે તો પર્યાય એક સમય જેટલું જ દ્રવ્ય થઈ જાય. સમજાણું કાંઈ? આરે આવી ભારે વાત. આ ત્રણ બોલ તો અલૌકિક છે છેલ્લા. ૧૮, ૧૯ અને ૨૦. બધાય બોલ એવા છે પણ આ...

કેટલાક કહે છેને, ભાઈ! સમ્યગ્દર્શનમાં દ્રવ્ય અને પર્યાય બેય એનો વિષય છે. કહો, ચાલ્યું હતુંને બહુ વચ્ચે હમણા? મુંબઈમાં ચાલ્યું છે એય..! જુઓ અહીં ના પાડે છે. વિષય, પર્યાયને અડતી નથી એવું એક જ દ્રવ્ય છે તે જ સમ્યગ્દર્શનનો વિષય છે. સમજાણું કાંઈ? એય..! વજુભાઈ! સાંભળ્યું હતું? શું? .. આ મુંબઈમાં ચાલ્યું નહોતું વર્ષ દોઢ વર્ષથી. દ્રવ્ય અને પર્યાય એમ બે થઈને સમકિતનો વિષય છે. અહીં દોઢ વર્ષ સાંભળ્યું કે આવું ત્યાં ચાલે છે. આપણને શી ખબર હોય ત્યાં? વળી પછી અહીં ખુલાસો થયો, ભાઈ! એમ નથી ભાઈ! એ તો એકલો ધ્રુવ ભગવાન ચિદાનંદ પ્રભુ એકરૂપ વસ્તુ એને પકડ. એ પકડે પર્યાય, પણ પર્યાયનો વિષય પર્યાય નહિ, પર્યાયનો વિષય ધ્રુવ છે, દ્રવ્ય છે. સમજાણું કાંઈ? સાંભળ્યું હતું બાબુભાઈ! તમને ખબર છે? ક્યાં? કોણે કીધું હતું? યાદ રાખ્યું. .. પછી બિચારા અહીં ફરી ગયા હતા પાછા. સમજાણું?

તો આ ચીજ એવી છે. કહે છે કે ભાઈ! એ વસ્તુ જે ધ્રુવ દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય...

દ્રવ્ય... દ્રવ્ય... એ તો એક સમયના પર્યાયને અડતી નથી એવું દ્રવ્ય છે. સમજાણું? પરિણમનનો જે અંશ છે, વસ્તુ પરમપારિણામિક પદાર્થ છે. સહજ... સહજ... સહજ... વસ્તુ મહાભંડાર, અનંત આનંદનો ભંડાર એકરૂપ વસ્તુ. કહે છે કે એ એક સમયના પરિણમનને અડતું નથી. એવું એ શુદ્ધ દ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? લિંગ એટલે કે પર્યાય. એક લિંગના ૨૦ અર્થમાંથી કોઈ વખતે ગુણ, કોઈ વખતે ઉપયોગ એમ ઘણાં-ઘણાં લીધા. એવું જે ગ્રહણ-ગ્રહવું એટલે કે અર્થ નામ પદાર્થનું અવબોધ એટલે જ્ઞાન. એ આત્માને પદાર્થનો બોધ એવો વિશેષ તે જેને એટલે આત્માને નથી તે અલિંગગ્રહણ છે. તેને આત્માને અલિંગગ્રહણ આ રીતે કહેવામાં આવે છે. આહા..હા..!

**'આ રીતે આત્મા પર્યાયવિશેષથી નહિ આલિંગિત...'** ઓલા ગુણવિશેષથી નહિ આલિંગિત હતું. આ પર્યાય-અવસ્થાવિશેષથી નહિ સ્પર્શે **'એવું શુદ્ધ દ્રવ્ય છે...'** એવો શુદ્ધ ભગવાન શુદ્ધ દ્રવ્ય છે તેને આત્મા અહીંયા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો આત્મા દૃષ્ટિમાં લે ત્યારે એણે આત્મા માન્યો અને અનુભવ્યો કહેવામાં આવે છે. ભારે મોટો આત્મા ભાઈ! પરમેશ્વર પોતે છે એમ કહે છે. આખો પ્રભુ પોતે છે. સમજાણું કાંઈ? પૂરેપૂરો પરમેશ્વર એમ. એને પર્યાયના ભેદ પણ જેમાં નથી એવો પરમેશ્વર એ છે. આહા..હા..! કેમ બેસે એને? બહારમાં રખડ્યા રખડ કરે. કહે છે કે ભગવાન આત્મા પર્યાયના વિશેષને નહિ સ્પર્શતું, નહિ આલિંગન કરતું, નહિ અડતું એવું એ શુદ્ધ દ્રવ્ય છે, એને અહીંયા આત્મા કહેવામાં આવે છે. એવા આત્માને દૃષ્ટિમાં લેતા તેને સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ? લ્યો એ ૧૯(મો) બોલ થયો. **'એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'**

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો આવ્યું એટલું આવ્યું. કાંઈ અંદર તૈયાર છે કાંઈ? કાલે તો એક કલાક આવી ગયો. બધા દર વખતે કલાક આવી જાય છે કાંઈ? ઘણાં ભેગા આવી ગયા હતા કાલે. કહો, સમજાણું આમાં?

જુઓ હવે આપણે શરૂઆતથી લઈએ થોડું અને ૨૦મો પછી પૂરો કરીએ. ઠીક! આત્મા એવો છે કે જેને ઇન્દ્રિયથી જાણવું થતું નથી તેને આત્મા કહીએ. ઇન્દ્રિયથી જાણવું થાય તે આત્મા નહિ અને તે આત્માનું જ્ઞાન નહિ. પહેલો બોલ છે. આત્મા એને કહીએ કે જેને લિંગ એટલે ઇન્દ્રિય, ઇન્દ્રિયથી જેને જાણવાનું થતું નથી તેને અમે આત્મા કહીએ. એટલે કે એ અતીન્દ્રિય જ્ઞાનથી જાણે છે, અતીન્દ્રિય જ્ઞાનથી જાણવું કરે છે તેને આત્મા કહીએ. આહા..હા..! બીજો બોલ. જેનું ઇન્દ્રિયથી જ્ઞાન થતું નથી. પહેલો બોલ એમ હતો કે જેને ઇન્દ્રિયથી જાણવું થતું નથી. બીજો એમ છે કે જેનું ઇન્દ્રિયથી જ્ઞાન થતું નથી. એ અતીન્દ્રિય જ્ઞાનથી જેનું જ્ઞાન થાય છે એવો એ આત્મા છે. સમજાણું કાંઈ?

જેને.. ત્રીજો બોલ. ઇન્દ્રિય પ્રત્યક્ષના ચિહ્નથી, એંધાણથી, ઇન્દ્રિય પ્રત્યક્ષના અનુમાનથી

આત્મા જણાય એવો આત્મા નથી. આ બોલ પહેલા આવી ગયા છે આમાં. સમજાણું કાંઈ? ઈન્દ્રિય પ્રત્યક્ષના અનુમાનથી. આહા..હા..! આણે તપસ્યા બહુ કરી, શરીર જીર્ણ થઈ ગયું માટે એને નક્કી આત્મા જાણ્યો છે. કે એ એના લક્ષણ છે જ નહિ. સમજાણું કાંઈ? ઈન્દ્રિય પ્રત્યક્ષના ચિહ્નથી એ જણાય એવો નથી. ચોથો. જેને બીજાઓ અનુમાનથી જાણી શકે એવો એ આત્મા નથી. સમજાણું કાંઈ? જેને એટલે આત્માને બીજાઓ અનુમાન વડે જાણે એવો એ આત્મા નથી. સમજાણું કાંઈ? એ ચોથો બોલ થયો.

પાંચમો. આત્મા અનુમાન કરનારો એકલો નથી. આત્મા અનુમાન કરે કે આ જ્ઞાન તે આ એવો અનુમાન કરનારો તે આત્મા નથી. સમજાણું કાંઈ? કેટલા બોલ થયા? પાંચ થયા. છઠ્ઠો બોલ. ભગવાન આત્મા સ્વભાવ વડે જણાય એવો આત્મા છે. ઓલા નકાર હતા પાંચમાં. કેવો છે ભગવાન આત્મા? કે જ્ઞાન એનો સ્વભાવ છે. એ સ્વભાવ દ્વારા સીધો જણાય એટલે કે જ્ઞાતા, પ્રત્યક્ષ જ્ઞાતા છે એટલે જ્ઞાતા-દૃષ્ટા છે એવો એ આત્મા છે. એ અસ્તિથી વાત લીધી. સ્વભાવ વડે જણાય એવો આત્મા છે. સમજાણું કાંઈ? એટલે કે પ્રત્યક્ષ જ્ઞાતાદૃષ્ટા છે. આહા..હા..! કહો, કેટલા થયા? સાતમો. જેનો ઉપયોગ... હવે ઉપયોગ આવ્યો, ઓલું દ્રવ્ય હતું. હવે એનો જાણવાનો જે ઉપયોગ છે એ ઉપયોગને જ્ઞેયનું આલંબન જેને નથી એવો ઉપયોગ છે એનો. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એને જાણવાનો જે ઉપયોગ છે એ ઉપયોગને જણાવાયોગ્ય જ્ઞેયનું આલંબન એને નથી. જ્ઞેયના આલંબનના ઉપયોગવાળાને ઉપયોગ કહેતા નથી. સમજાણું કાંઈ? ઉપયોગ એને કહે છે કે સ્વજ્ઞેયને અવલંબીને જે પ્રગટ થાય તેને ઉપયોગ કહે છે. જુદી જાતની આ વાત છે.

મુમુક્ષુ :- જુદી જાતની છે એટલે?

ઉત્તર :- આ ત્યાં ક્યાં છે એને સાગરમાં?

મુમુક્ષુ :- એને તો ઘરબાર...

ઉત્તર :- અહીં મકાન નાખ્યા છેને એણે? સમજાય છે કાંઈ?

એ સાતમો બોલ થયો. ઉપયોગ જે છે જાણવાનો એ ઉપયોગ જીવનો, આત્માનો છે. એ જીવના લક્ષે થાય ઉપયોગ તે આત્મા કહેવાય. તેને ઉપયોગ કહેવાય. એ ઉપયોગ જ્ઞેયના અવલંબને જે જાણવું થાય એ આત્માનું નહિ, એ ઉપયોગ જ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? જેના ઉપયોગને બહારથી લાવી શકાતું નથી એવો એ ઉપયોગ છે. જાણવું, ઉપયોગ જે જાણવું છે એ બહારથી એટલે જ્ઞેયના જ્ઞાનથી નીપજ્યો એટલે નિમિત્ત થઈને ઉપયોગ થયો એ ઉપયોગ જ નથી. ઉપયોગ દ્રવ્યનો છે તો દ્રવ્યના લક્ષે જે ઉપયોગ થાય તે ઉપયોગ એનું લક્ષણ છે. લક્ષણ છે તે લક્ષ્યના સંબંધે ઉત્પન્ન થાય તે ઉપયોગ છે. લક્ષણ એનું અને બીજાને લક્ષ્ય કરીને જે જ્ઞાન થાય એ બહારથી લાવેલું જ્ઞાન, એ બહારથી લાવેલું જ્ઞાન ઉપયોગ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ઉપયોગ એવો જાણવાનો ઉપયોગ તેનું

કોઈ હરણ કરી શકતું નથી. સમજાણું કાંઈ? કેટલામો થયો એ? નવમો. હરણ કરી શકતું નથી જુઓ. એટલે શું? હરણની વ્યાખ્યા ઘણી થઈ.

મુમુક્ષુ :- જ્ઞાનાવરણાદિ...

ઉત્તર :- જ્ઞાનાવરણીય તો હણે નહિ, પણ જે દશા પડતી છે એ ઘટે નહિ એવો એ આત્મા છે. સમજાણું કાંઈ? મગનભાઈ! આત્મા એનો જે ઉપયોગ છે, ઉપયોગને લક્ષ્ય સાથે સંધિ કરી છે અને લક્ષ્ય એટલે દ્રવ્ય, એની સાથે ઉપયોગની સંધિ કરી એ ઉપયોગ દ્રવ્ય ફરે તો ઉપયોગ ઘટે, દ્રવ્ય ફરે નહિ એને ઉપયોગ હણાય નહિ. એ ઉપયોગ એને દ્રવ્ય સાથે સંધિ કરતા એ ઉપયોગની વૃદ્ધિ થઈને કેવળજ્ઞાન થાય, પણ ઉપયોગ પાછો ફરી જાય એવો એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- થોડું વિશેષ કહો.

ઉત્તર :- કહ્યુંને. આત્મામાં જે જાણવાનો જે ઉપયોગ છે એ ઉપયોગ દ્રવ્યનો ઉપયોગ છે, લક્ષ્યનો ઉપયોગ છે. લક્ષણ લક્ષ્યનું છે એટલે લક્ષણને લક્ષ્યથી પકડતાં, લક્ષણથી લક્ષ્યને પકડતાં તે ઉપયોગને કોઈ હણી શકે, અનુભવ થયો સમ્યગ્દર્શનનો, જ્ઞાનના લક્ષણે લક્ષ્યને પકડ્યો, હવે એ અનુભવ પાછો ફરે કે હણાય કે ઘટે એવો આત્મા છે જ નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આમાં હતા કે નહિ? અરે! દ્રવ્ય સાથે જેણે સેતુ બાંધ્યો લક્ષણે, પુલ બાંધ્યો એણે. જાણવાના લક્ષણે જ્ઞાનનું લક્ષ્ય જે દ્રવ્ય એની સાથે સંધિ કરી એને ઉપયોગ કહીએ એ ઉપયોગ કેમ હણાય? એ ઉપયોગ હણાય એવી એનામાં લાયકાત જ નથી. એ ઉપયોગ વધે એવી લાયકાત છે એનામાં. સમજાણું કાંઈ? કેટલાક એમ કહે છેને કે ભાઈ! આત્મા સમકિત થયું, પણ પાછું પડી જાય તો? તેં આત્મા માન્યો જ નથી. પડી જવાની જેને શંકા છે તેણે આત્મા માન્યો નથી. આત્મા એવો નથી. આહા..હા..!

મુમુક્ષુ :- એ દોર તૂટે નહિ.

ઉત્તર :- તૂટે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

ઉપયોગ હરી શકાતો નથી એવો આત્મા છે, એવો જ ઉપયોગ છે. આહા..હા..! જાણવાના ઉપયોગ દ્વારા... એ લક્ષણ છે એ લક્ષ્ય દ્રવ્યનું, એ લક્ષણ વડે દ્રવ્યને પકડતા એ લક્ષની ધારા ઉપયોગ છોડે નહિ તેને ઉપયોગ કહીએ. સમજાણું કાંઈ? અને એ ઉપયોગનું હણવું નામ ઘટવું થાય એવો ઉપયોગના સ્વરૂપ-સ્વભાવ જ નથી. મગનભાઈ! આહા..હા..! અરે! આત્માના કેટલા, એક અલિંગગ્રહણના આટલા અર્થ છે ૨૦. સમજાણું કાંઈ? પછી? ઉપયોગમાં વિકાર નથી કહે છે. જેમ સૂર્યમાં વિકાર નથી, એના કિરણમાં અને એનામાં વિકાર નથી, મેલપ નથી. એમ ભગવાનનો ઉપયોગ એને કહીએ કે જેમાં શુભ-અશુભભાવ નથી. જેનો શુદ્ધ સ્વભાવ છે એનો શુદ્ધ આચરણરૂપી ઉપયોગ તેને આત્માનો ઉપયોગ કહેવામાં આવે છે. એટલે? કે આત્મા ત્રિકાળી શુદ્ધ છે એનું જે આચરણ શુદ્ધ ઉપયોગ થયો તે આચરણ

શુદ્ધ ઉપયોગી સ્વભાવી છે. શુભ અને અશુભ જે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે તે ઉપયોગ એનો નહિ, એની ચીજ નહિ, પરની ચીજ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઈતને મેં ક્યા..?

ઉત્તર :- ઈતને મેં થોડે સમજે? એમ કહે છે. કહ્યું હતુંને એ વખતે કહ્યું હતું. કે સૂર્યને જેમ વિકાર નથી, એમ ભગવાન આત્મા શુભાશુભ પરિણામ નથી. એટલે વસ્તુ જે શુદ્ધ ચૈતન્ય છે એનો જે વેપાર શુદ્ધોપયોગ છે તેને આત્મા કહીએ. ત્યારે કોઈ કહે, પણ એવો શુદ્ધ ઉપયોગ ખસીને જ્ઞાનીને પણ શુભ-અશુભ પરિણામ થાય છેને? કહે ના. ના, એ ઉપયોગ પોતાના શુદ્ધ પરિણમન છે તેવો ઉપયોગ સદાય વર્તે છે. સમજાય છે કાંઈ? વ્યવહારના દયા, દાન, વ્રત આદિના દેવ-ગુરુ-શાસ્ત્રનો વિકલ્પ એમાં ઉપયોગ આવ્યો માટે ઉપયોગ મેલો થયો? કહે ના. એ જુદી ચીજ રહી ગઈ. દ્રવ્યને અવલંબીને જે શુદ્ધ ઉપયોગ છે, તે શુદ્ધ પરિણમન છે તે જ એનો ઉપયોગ છે અને તેને આત્મા કહીએ. કોઈ કહે કે પણ જ્ઞાનીને જ્યારે રાગમાં જાય ત્યારે એનો આત્મા એને કહીએ કે નહિ? પણ રાગમાં જતો નથી. શુદ્ધ ઉપયોગ તો, દ્રવ્યને આશ્રયે શુદ્ધ ઉપયોગ તો સદાય ચાલે જ છે. સમજાણું કાંઈ? ભારે વાત! કહો, કેટલા થયા? અગિયાર. આ દશમો થઈ ગયો. અગિયાર.

એટલે ઉપયોગથી આત્મા કર્મગ્રહણ કરે એવો આત્મા નથી. આહા..હા..! જેનો જાણવાનો વેપાર સ્વભાવ સન્મુખનો છે તે ઉપયોગ રાગ અને પુણ્ય વિનાનો છે. તે કર્મ કેમ ગ્રહણ કરે? તેથી તે કર્મના સંબંધરહિત ઉપયોગ છે તેને ઉપયોગ કહીએ. આહા..હા..! ભારે વ્યાખ્યા ભાઈ! અહીં તો કર્મસહિત છેને? ના. અબદ્ધસ્પૃષ્ટ છે. કર્મના સંગરહિત, સ્વભાવના સંગ્રહસહિત, કર્મના સંગ્રહરહિત એને ઉપયોગ અને એને આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! ઉપયોગસંગ્રહ થઈ ગયોને. એનો અર્થ કે કર્મનો સંબંધ નથી એટલે અસંબંધ છે, એનો અર્થ કે રાગ નથી એને. રાગ નથી એટલે કર્મનો સંબંધ છે નહિ. રાગનો સંબંધ નથી, તો પછી કર્મનો સંબંધ ક્યાંથી આવ્યો? આહા..હા..! એને આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! કહો, શેઠી! એ અગિયાર થયો.

બારમો. કર્તા ગ્રહણનો. ભગવાન આત્મા એને કહીએ, આત્મા એને કહીએ કે પાંચ ઈન્દ્રિયો તો નથી એને, પણ ઈન્દ્રિય તરફની વિકલ્પની વાસનાનો ભોગ આત્માને નથી એને આત્મા કહીએ. પાંચ ઈન્દ્રિયના વિષયોનો ભોક્તા આત્મા નથી. એટલે? કે ઈન્દ્રિયો, ખંડ ઈન્દ્રિય, જડ ઈન્દ્રિય તો નથી, પણ ઈન્દ્રિય તરફના વલણવાળો વિકલ્પ થાય છે તે એનું કરવું અને ભોગવવું એનામાં નથી. એ ભગવાન આત્મા તો આનંદને ભોગવે એવો ભોક્તા આત્મા છે. કેટલાકને એમ લાગે કે આ શું પણ ધર્મ આવો? ભગવાન! તને ખબર નથી, ભાઈ! ધર્મનું રૂપ અને ધર્મનું સ્વરૂપ શું છે. સર્વજ્ઞે કહેલું આત્માનું ઉપયોગ એની વાત અહીં ચાલે છે. આવો આત્મા જાણે એ તો બધા દ્રવ્ય ને જગતમાં શું છે, એની એક સમયની પર્યાયમાં

છએ દ્રવ્યનું જ્ઞાન એને થઈ જાય છે. સમજાય છે કાંઈ? લ્યો! આત્મા જાણ્યો એવો કે એ ઈન્દ્રિયના વિષયનો ભોક્તા નથી. પણ આ ઈન્દ્રિયના વિષય ભોગવે છેને. તો એને આત્મા નથી જાણ્યો, એ એમ નથી. ભોગવે છે એ આત્મા નથી. એ વિકલ્પની દશા જે થાય છે એ આત્માના અંતર ઉપયોગના અનુભવમાં, આનંદના ઉપભોગમાં એ ભાવ આવતો જ નથી. ભિન્ન રહી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાતું ભાઈ!

સમ્યગ્દૃષ્ટિ પોતાના સ્વરૂપની દૃષ્ટિને લઈ જે શાંતિ અને અવિકારી પર્યાયનો ભોક્તા છે તેને આત્મા કહીએ. પણ વિષયની વાસનાનો ભોક્તા આત્મા છે એમ આત્મા હોઈ શકે જ નહિ. રાગનું ભોક્તાપણું જેણે આત્માનું માન્યું એ અણાત્મા છે, એ આત્મા છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! આવો આત્મા તો ધોયેલ મૂળા જેવો ગયો ક્યાં? કહે. અમારે રામજીભાઈના મિત્ર એક હતા. ભગવાનજી વકીલ. ૯૯-૯૯માં. પહેલા આવે અને પછી ન આવે. મહારાજ બહુ વખાણ કરે, પણ આવો ગયો ક્યાં? ગયો ક્યાં શું તે સંતાડ્યો છે. ક્યાં જાય? છે એ છે. આવા બધા વકીલ. કોણ જાણે શું કરતા હશે? આહા..હા..! કહે છે, ભાઈ! તું ચીજ છોને, વસ્તુ છેને. અને વસ્તુ છે એ તો નિર્દોષ, નિર્વિકારી પરમાનંદની મૂર્તિ આત્મા છે. એવો આત્મા જેણે જાણ્યો એ તો શાંતિનો અવિકારીભાવનો ભોક્તા છે, વિકારનો ભોક્તા ભિન્ન રહી જાય છે. એની પર્યાયમાં ભોક્તાપણું છે નહિ. ઓહો..હો..! સમજાણું કાંઈ? એ બાર થયા.

તેરમો. જેને મન, ઈન્દ્રિયો... પાંચ ઈન્દ્રિયો, મન, દશ પ્રાણ, સાતમું આયુષ્ય એ વડે જેનું જીવન નથી. એ વડે જેનું જીવવું-ટકવું એ વડે નથી. કેમકે એ દ્વારા ઉત્પન્ન થયો નથી માટે એનું એ જીવન છે નહિ. સમજાણું કાંઈ? પાંચ ઈન્દ્રિયો, દશ પ્રાણ એટલે ઈન્દ્રિય, મન, વચન અને કાયા, ... આયુષ્ય. એ વડે જીવન છે એ તો શરીરનું, લોહીનું, વીર્યનું જીવન છે. એ આત્માનું જીવન નથી. સમજાય છે? અને એ દ્વારા આત્મા ઉપજ્યો નથી. પાંચ ઈન્દ્રિય અને દશ પ્રાણમાં આત્મા આવ્યો નથી. ભારે!

મુમુક્ષુ :- આખી દુનિયાથી જુદું.

ઉત્તર :- આખી દુનિયાથી જુદો. મથુરાનો પેંડો કહેવાયને લોકો સૌથી જુદો-નિરાળો. એમ ભગવાનનો માર્ગ દુનિયાથી ન્યારો છે ભાઈ! સમજાણું કાંઈ? એ દશ પ્રાણ વડે જીવન જેનું નથી. પણ જેનું જીવન આનંદ અને જ્ઞાન પ્રાણ વડે જીવે તેને જીવવું અને તેને જીવતર કહેવામાં આવે છે. એને આત્માનું જીવન કહેવામાં આવે છે. સમજાણું? તે દિ' કહ્યું હતું નહિ? મહાવીરનો સંદેશ 'જીવો અને જીવવા દ્યો.' ભગવાન કહે છે કે એ મારો સંદેશ છે જ નહિ. મારો સંદેશ એ છે કે જ્ઞાનાનંદ સ્વરૂપી આત્મા એ પોતાના આનંદ અને જ્ઞાનના અનુભવે જીવે તે જીવ છે. એ રીતે તું જીવ અને એ રીતે બીજો જીવે તો જીવ કહેવાય છે. ભારે! નારા લગાવે છે કે નહિ? શું કહેવાય નારા? અવાજ. અમારે હતાને, આ લગાવતા

હતા કૈલાસચંદજી. મહાવીરનો સંદેશ એક જણો બોલે 'જીવો અને જીવવા દ્યો.' શું જીવો અને જીવવા દ્યો? શરીરનું જીવન, આયુષ્યનું જીવન? એ તો શરીરનું ધૂળના જીવનની અવસ્થા છે. એ જીવવા દ્યો એમ ભગવાન કહે છે?

મુમુક્ષુ :- બીજાને મારો નહિ, બીજાને હેરાન કરો નહિ.

ઉત્તર :- હા એમ. અમને કોઈ મારે નહિ અને બીજાને અમે મારીએ નહિ એમ એટલે ઓશિયાળું જીવન આવું. અરે! એ જીવન જીવવું છે જ નહિ ભગવાન કહે છે એ. શેઠ! તમારે ત્યાં બધા માણસ ભેગા થાય તો એવું બોલતા હશે કે નહિ? હા..હો.. હા..હો... કરે. એને ક્યાં ખબર છે? કઈ જાતનો? બધા માણસ ભેગા થાય અને હા.. હા.. હા.. આપણે સભા મોટી થઈ પછી આપણે આમ લખાવ્યું. શું ઉંધું માર્યું એ તો એને ખબર ન હોય. શોભા વધે કે નહિ પણ? મોટા મોટા માણસ આવેને. સભા ભરાય દશ-દશ હજાર માણસમાં મોટા પંડિત આવીને બેઠો હોય અને ભાષણ કરે તો. આહા..હા..! આપણે તારણસ્વામી જયંતી ઉજવી હોં. શેઠ! બધી વાત આવે તો ભાઈ આવે. કહે છે એમ ઉજવાય નહિ. સમજાણું કાંઈ? પણ ઉંધું મારતો કાંઈકનું કાંઈક કર્તાબુદ્ધિ અને ફલાણુ બુદ્ધિ. તારણસ્વામી (તો) લોકાશા થઈ ગયા, કબીરપંથી થઈ ગયા. એવા એ થઈ ગયા. અરે! ઉંધુ માર્યું એણે. તમે એને ક્યાં અનુમોદો છો? આ અમારે શોભા થઈ. એ તો .. લખ્યું છેને. શેઠે લખાવ્યું છે. લખ્યું હતું આ ઉંધું શું માર્યું આમાં કીધું? ક્યાં ક્યાં કબીર અને ક્યાં તારણસ્વામી? તારણસ્વામી તો પાક્કા જૈન હતા. સમજાય છે? બીજાની સાથે કાંઈ મેળ ખાય એવું નથી. શોભાલાલજી! ભાઈ વાત તો બધી આવે ત્યારે આવે એમાં. કહ્યું હતું શેઠને. ઓલા પુસ્તક છેને તમારે ત્યાં. એમાં લખ્યા છે. એ વખાણ કરે કે હા! પણ આ વખાણ શેના કર્યા? ઉંધું માર્યું બધું. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એને કહે છે કે જેને ઇન્દ્રિયો અને વિષયના પ્રાણથી જેનું જીવવું એ આત્મા નહિ. આહા..હા..! ભગવાન આત્મા જેના સત્તા, જ્ઞાન, દર્શન, આનંદ, બળ એટલે શક્તિ એવા સ્વભાવથી જીવે છે, ટકે છે, સ્થિર છે એને જીવ કહેવામાં આવે છે. કહો, સમજાય છે આમાં? જુઓ, કેટલા કીધા? ૧૩.

ચૌદમો. જેને પુરુષની ઇન્દ્રિય અને સ્ત્રીની ઇન્દ્રિયનું ગ્રહણ નથી. આ તો જડ છે, માટી આ તો ધૂળ છે, અજીવ છે. પુરુષનું લિંગ અને સ્ત્રીનું લિંગ એ તો માટી જડ છે, પુદ્ગલ છે, માટીની સડેલી પર્યાય છે. એ આત્મા કેમ એને ગ્રહણ કરે? આહા..હા..! આત્મા તો અરૂપી ભગવાન ભિન્ન છે. સમજાણું કાંઈ? એ ઇન્દ્રિયના સાધનવાળો આત્મા નથી. આહા..હા..! ભગવાન આત્મા લોકોત્તર સાધનવાળો છે. આ ઇન્દ્રિય જડ, માટીની અને ઇન્દ્રિયની ચેષ્ટા બધી લૌકિક સાધન, જડ સાધન, માટીના સાધન, અજીવના સાધન છે. એ સાધનથી આત્મા કામ લે એવો આત્મા નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો લોકોત્તર સાધનને સાધનારો છે. સમ્યગ્દષ્ટિ અંતરના આત્મતત્ત્વને લોકોત્તર જ્ઞાનાનંદ

સાધનથી સાધે છે. આ સાધન એનું એ માનતો જ નથી. કે આ મારી ઇન્દ્રિયથી મેં વિષય લીધો, મને પુત્ર આવ્યો એ અજ્ઞાની માને છે. જ્ઞાની માનતો નથી. સમજાણું કાંઈ? એ ચૌદ થયા. બાકી રહ્યા થોડા.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૩, બુધવાર, તા. ૦૫.૦૨.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૨૦, પ્રવચન-૧૪૮**

.. હો ગયા .. પૂરા. હો ગયા સબ. બહુત અચ્છી તરહસે હો ગયા પહલે. આ તો ઉપરથી જરી વાત લીધી. વહ કહા ન, પંદરમેં ક્યા થા એ ખબર હૈ તુમકો? અચ્છી તરહ નહીં હુઆ, ક્યા બોલકા અચ્છી તરહસે નહીં હુઆ યહ બતાઓ. આ અલિંગગ્રહણ એ શબ્દના ૨૦ અર્થ છે. સમજાણું કાંઈ? એનો આપણે ૨૦મો બોલ બાકી રહ્યો છે. પંદર બોલ તો ઉપરથી કાલે કહ્યા હતા. પંદરમાં બોલમાં શું હતું? જુઓ લ્યો! કે લોકમાં આ આત્મા છે એ જ્યારે ઇન્દ્રિયના આકારવાળો અને ઇન્દ્રિય આકારથી કામ લેનારો નથી, તો પછી વ્યાપક છે લોક પ્રમાણે? કે એ પાખંડીઓને લોકપ્રસિદ્ધ વ્યાપક છે. એ વસ્તુનું સ્વરૂપ એમ છે નહિ. શરીર વ્યાપક (છતાં) શરીરથી ભિન્ન એવો અસંખ્ય પ્રદેશી ભગવાન આત્મા પોતાના સ્વરૂપથી પ્રસિદ્ધ છે. વ્યાપકથી પ્રસિદ્ધ છે એમ નથી. સમજાણું કાંઈ? એ પંદર બોલ થયા.

સોળમો. ઉપરથી છેને. આ તો બધી વ્યાખ્યા થઈ ગઈ છે બધી. આત્મા એને કહીએ કે જેમાં શરીરના આકારો છે આ વેદના. સ્ત્રી, પુરુષ, નપુંસકના આકાર આ તો જડના છે. એ તો અજીવની હયાતીમાં છે આકાર. અને અંદર ભાવવેદનો વિકાર છે, સ્ત્રી, પુરુષ, નપુંસકની વાસના જે વિકલ્પો છે એ તો આસ્રવતત્ત્વ છે, બીજું તત્ત્વ છે. આત્મા એ દ્રવ્યવેદ અને ભાવવેદથી રહિત છે. એને આત્મા કહીએ. સમજાય છે કાંઈ? આ શરીરના રજકણો અને એના ઇન્દ્રિયોના આકારનું અસ્તિત્વ એ તો જડનું છે અને પર્યાયમાં વિકૃત અવસ્થા વિકારની છે એ તો મલિન, અભાવ, દુઃખરૂપ અશુદ્ધ દશા છે. એ આત્મા એવો નથી. આત્મા એને કહીએ કે દ્રવ્યવેદ અને ભાવવેદથી રહિત નિર્વિકારી અનાકુળ આનંદના ગુણના વેદનસહિત એને આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? કહો, શેઠ! વહ બોલ કલ ચલ ગયે થે. તુમ તો હજી કલ આયે ન. ભાઈએ સુના હૈ. પણ એને કાંઈ યાદ રહે? સમજમેં આયા?

અલિંગગ્રહણ. હવે એક અલિંગગ્રહણમાં સવારે શેઠને પૂછ્યું હતું તો એં..એં.. થઈ ગયું હતું. આ ભાવનું અને કાળનું પૂછ્યું હતું ત્યાં એં...એં.. થઈ ગયું હતું. અનંત છે તે ભાવ છે અને અનાદિ-અનંત એ કાળ છે. એ શું વળી ભાવ અને કાળ? લે ફિર તમારો બચાવ કરીને. આમ ભાવવસ્તુ ભગવાન આત્મા જ્ઞાન, દર્શનનો પિંડ સ્વભાવ અનંત મહા અમાપ સ્વભાવ છે એ તો ભાવની વાત થઈ, પણ અનાદિ-અનંત રહે છે એ તો કાળની વાત થઈ. એ ભાવ અનાદિ-અનંત રહે છે. એમ આત્મા... શરીરની આકૃતિના વેદનો વિકાર તો ક્ષણિક જડનો છે વિકાર. અને આ જડ છે. ઓલો વિકાર પણ જડ ખરેખર અચેતન વિકૃતભાવ છે. આત્માનો સ્વભાવ નથી. જેનો સ્વભાવ લિંગના વેદ અને દ્રવ્યવેદથી રહિત છે. એવો ભગવાન આત્મા જ્ઞાન, દર્શનનો પિંડ અંતર્મુખ જોતા એકલો જ્ઞાયકભાવનો પિંડલો આત્મા છે. એને જાણવો, માનવો, અનુભવવો એનું નામ આત્મા કહેવાય છે. કહો, સમજાણું કાંઈ? ભાઈ પુસ્તક છે કે નહિ? પછી.

ધર્મ ચિહ્નનું જેને ગ્રહણ નથી. એ ૧૭મો બોલ થયો. એટલે? આ નગ્નવેશ કે લંગોટીનો વેશ ક્ષુલ્લકનો કે જે જડનો છે એ તો જડવેષ છે. એ આત્મામાં નથી, એ આત્માનો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? ધર્મના ચિહ્નો જે કહેવાય લિંગ નગ્નપણું, ક્ષુલ્લકનું લંગોટીપણું કે અંદરમાં વિકલ્પો જે છે સાધુને અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પો, શ્રાવકને એ જાતના બાર વ્રતના વિકલ્પો-એવા ધર્મના ચિહ્નોથી તો આત્મા રહિત છે.

મુમુક્ષુ :- જુઓ, સાથે ચિહ્ન તો ધર્મનું કીધુંને.

ઉત્તર :- ધર્મ ચિહ્ન કીધું, ચિહ્ન કીધું. પણ નહિ એને, એમ કહે છે. પુણ્યને ધર્મ કહ્યો, એમ આ ધર્મ ચિહ્ન કહ્યા, પણ એ આત્મામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મચિહ્નો જેમાં નથી. વસ્તુ તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે એમાં એ પાંચ મહાવ્રતના વિકલ્પરૂપી ધર્મચિહ્નો-એંધાણ એ આત્માના નથી, એ આત્માનું લક્ષણ નથી. કહો, સમજાણું કાંઈ? બાહ્યવેષ અને અંતરમાં વિકલ્પનો ભેખ બેય ભગવાન આત્મામાં નથી. એનાથી અતીત-નિરાળો ભગવાન છે. એવા આત્માને અંતર દૃષ્ટિમાં લઈ અને અનુભવવો એને આત્માનો અનુભવ અને એને સમ્યગ્દર્શન કહેવાય છે. કહો, સમજાય છે કાંઈ? કેટલા સત્તર થઈ ગયા?

હવે કાલે આવી ગયો હતો એ બે. પરમ દિ' આવ્યો હતોને. ગુણ-ગુણ. છેને? હવે આત્મા જેને ગુણ એવું વિશેષણ, અર્થાવબોધ એવું વિશેષ અલિંગ્રહણ, ગુણવિશેષથી નહિ આલંગિત. એટલે? આત્મા એને કહીએ વસ્તુ તરીકે કે એ વસ્તુ છે પરમાત્મા પોતે જ્ઞાનાનંદ, પણ એ જ્ઞાનનો ગુણ અને આત્મા બે જુદી ચીજ નથી, એથી એકરૂપ વસ્તુ જે શુદ્ધ દ્રવ્ય છે એ ગુણના વિશેષના ભેદને અડતું નથી, આલિંગન કરતું નથી એવું એ શુદ્ધ દ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ કોઈ દિ' સાંભળ્યું ન હોય. જૈનમાં જન્મ્યા એને ખબર ન હોય. કહો, આ બધા જૈન સમાજ શેઠિયા કહેવાય. શું કહેવાય? સમાજ ભૂષણ. એ

તો સમાજના પ્રમાણે એની આબરૂ ઘણી છે. પણ અહીં આબરૂ જોઈએને આત્મામાં? સ્વરૂપચંદભાઈ! કહે છે કે આ ભગવાન આત્મા જે છે અંદર એને અમે આત્મા કહીએ છીએ કે જેને ભાવવેદનો વિકાર અને દ્રવ્યવેદની આકૃતિ તો એનામાં છે જ નહિ. એને અમે આત્મા કહીએ. એવા આત્માની દૃષ્ટિ કરે તો તેને જાણ્યો અને માન્યો કહેવાય. સમજાય છે કાંઈ? પણ એ આત્મામાં... હવે ત્રણે બોલ તો બહુ ઝીણા છે, તદ્દન છેલ્લા. ૧૮-૧૯ અને ૨૦.

તો કહે છે કે જે આમ જ્ઞાનમાં જણાય છેને ચીજ એવો ભેદ છે જ્ઞાન-અર્થાવબોધ. અર્થ નામ પદાર્થનું જાણવું. સ્વ અને પરપદાર્થનું જાણવું એવું જે જ્ઞાન. અથવા સ્વપદાર્થમાં ઠરે એવી ચારિત્રદશા અથવા માનવું એવી શ્રદ્ધા એવો જે ગુણ, એવો જે ગુણ અને આત્મા એ ગુણના ભેદને અડતો નથી, સ્પર્શતો નથી. અભેદ એ વસ્તુ છે. ભારે વાત! ભારે ઝીણું છે ભાઈ! છેને છેલ્લું? '**લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ (પદાર્થજ્ઞાન) તે જેને નથી...**' રાડ જ નાખે. પુણ્ય-પાપનો રાગ એમાં નથી, શરીર એમાં નથી, કર્મ એમાં નથી, પણ વસ્તુ છે તેને ગુણ નથી, વસ્તુ છે તેને ગુણ નથી. એટલે? કે આ ગુણી ભગવાન આત્મા અને આ ગુણ એવો ભેદ એમાં નથી. ભેદ છે એ રાગનું કારણ છે. અભેદ શુદ્ધદ્રવ્ય એકલું ચૈતન્યમૂર્તિ એવું જે દ્રવ્ય એટલે વસ્તુ, એની દૃષ્ટિ કરતાં અભેદ વસ્તુ અનુભવમાં આવે તેને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત! કહો, પ્રવિણભાઈ! લ્યો આ આત્મા આવો કહે છે. ગુણનું વિશેષણ... વિશેષણ... વિશેષ... વિશેષ એટલે ભેદ. વસ્તુ દ્રવ્યસ્વરૂપ એકરૂપ અખંડ એના ભેદને એ સ્પર્શતો નથી (એવી) અભેદ વસ્તુ છે. એ અભેદ વસ્તુને આત્મા કહેવામાં આવે છે અને એ અભેદની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. ભારે વાતું! સમજાણું કાંઈ? એવું શુદ્ધ દ્રવ્ય છે. એ આવી ગયું છે આપણે.

હવે ૧૯મો બોલ. '**(૧૯) લિંગ એટલે કે પર્યાય એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધવિશેષ જેને નથી...**' જેને પર્યાય નથી, હવે તો કહે છે. વસ્તુ જે શુદ્ધ ચૈતન્ય મૂર્તિ છે એના ઉપર દૃષ્ટિ આપતાં પર્યાયનો ભેદ એમાં નથી. અવસ્થાનો ભેદ નથી. આહા..હા..! અવસ્થા છે તે એક સમયની છે અને દૃષ્ટિ કરવી છે એ દૃષ્ટિનો વિષય છે તે અભેદ છે. એમાં પર્યાય ક્યાં છે? સમજાણું કાંઈ? આહા..હા..! અલિંગગ્રહણ. લિંગ એટલે પર્યાય, ગ્રહવું એટલે જેમાં, જેને-આત્માને, અ નામ નથી. પર્યાયનું વિશેષપણું જેમાં નથી. એ તો સામાન્ય શુદ્ધ દ્રવ્ય એકરૂપ છે તેને આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અર્થાવબોધવિશેષ એટલે અર્થ નામ પદાર્થ અને અવબોધ એટલે જ્ઞાનવિશેષ એની પર્યાય. ઓલું અર્થાવબોધ... ઓલામાં હતુંને અર્થાવબોધ જેને નથી તે અર્થાવબોધ કેવો? ગુણવિશેષ એમ. ત્યાં ગુણવિશેષ હતું અહીંયા અર્થાવબોધ વિશેષ, જ્ઞાનવિશેષ, એમ. ગુણની પર્યાય જે છે. આહા..હા..! કર્મ તો નથી, શરીર તો નથી, કોઈનું કરે એવું એનામાં નથી, કોઈમાં નથી,

કોઈથી નથી, રાગથી નથી, પુણ્યથી નથી, પાપથી નથી, પણ ગુણ અને પર્યાયના ભેદથી પણ એ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

અખંડ પ્રભુ એકરૂપ ચૈતન્ય છે એવો આત્મા પર્યાયને સ્પર્શતો નથી એટલે પર્યાયના અંશમાં આવતો નથી એવી અભેદ ચીજ છે. આવું તે આત્માનું સ્વરૂપ! કહો, શેઠ! કે દિ' સાંભળ્યું છે આ? આ તો વીતરાગના ઘરની ચીજ છે પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથે કહેલી. ભાઈ! તું આત્મા એને કહીએ અમે કે જે વસ્તુ છે શુદ્ધ વસ્તુ, તેના ગુણભેદો જેમાં નથી, એ તો અભેદ વસ્તુ છે, તેમ પર્યાયભેદ નથી, એ અભેદ વસ્તુ છે. આહા..હા..! હજી તો રાડ નાખે. આસ્રવ અને અજીવવાળો માને એ તો મિથ્યાત્વ છે, પણ આ તો પર્યાય અને ગુણના ભેદવાળો માને તો વિકલ્પ ઉઠે છે એ વસ્તુસ્વરૂપ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**લિંગ એટલે કે પર્યાય એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધવિશેષ...**' વસ્તુ અખંડાનંદ પ્રભુ અભેદ ચીજ છે એમાં પર્યાય જે વિશેષ જેને નથી, આત્માને નથી. તો પર્યાય કોને હતી? પર્યાય કોને હોય? જડને હોય? કહે છે. ... પર્યાય છે ઓલો કહે. ભાઈ! અહીંયા તો દ્રવ્ય શુદ્ધ છે, એકરૂપ છે એવી દૃષ્ટિ કરાવવી છે. સમજાણું કાંઈ? એકરૂપ વસ્તુ જ્ઞાયક અંતર્મુખ જોતા, અંતર્મુખ જોતા, સામાન્યનું અભેદનું લક્ષ થતાં પર્યાયનો ભેદ રહેતો નથી. અહીં તો સમજાવવું છે કે એમ સમજેને તે શુદ્ધ દ્રવ્ય છે, પણ આ શુદ્ધ દ્રવ્ય છે એવું પણ ત્યાં લક્ષ નથી. અહીં તો પર્યાય અવસ્થા એમાં ભળતાં, સામાન્ય અને એકરૂપ (થઈ) જાય છે તેથી તેને શુદ્ધ દ્રવ્ય કહ્યું, પણ એ શુદ્ધ દ્રવ્ય આ રીતે છું એવો ત્યાં વિકલ્પ નથી. સમજાણું કાંઈ? અંતર્મુખ જોતા, અંતર્મુખ જોતા, પર્યાયને અંતર્મુખ વાળતા એમાં તો એકરૂપતા છે ત્યાં પર્યાય જાય છે. પછી એકરૂપ કહો, સામાન્ય કહો, અભેદ કહો, પણ આ સામાન્ય છે, દ્રવ્ય છે તે ઉપર પર્યાય જાય છે એવું ત્યાં (ભેદ) નથી. ભારે! નવનીતભાઈ! સમજાણું કાંઈ?

'**પર્યાય એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધવિશેષ તે જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પર્યાયવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે...**' આ ૧૯ બોલ તો થઈ ગયા છે આપણે વિસ્તારથી થઈ ગયા છે. હવે ૨૦મો. સમજાણું? આમાં અત્યાર સુધી તો દ્રવ્ય-દ્રવ્ય લીધું. શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાયકભાવ. ત્યારે અમારે પ્રશ્ન ઉઠ્યો એ પાંચની સાલમાં. ૨૦ વર્ષ થયા. એ મગનલાલ દફતરી હતા. કે આ મારા દ્રવ્ય-દ્રવ્ય કરે છે, પણ ૨૦માં બોલમાં પર્યાયમાં શું લેશે? કહે. અત્યાર સુધી દ્રવ્ય-દ્રવ્ય, વસ્તુ-વસ્તુ, એકરૂપ વસ્તુ-એકરૂપ વસ્તુ (લીધી). આ પર્યાયનો શું અર્થ કરશે? સાંભળજોને એ વખતે થાય એ. પાંચમી સાલની વાત છે. ૨૦ વર્ષ પહેલાં આ વંચાતું હતું નાનાલાલભાઈના મકાનમાં. નાનાલાલભાઈના.

અત્યાર સુધી તો ૧૯ બોલમાં તો ઇન્દ્રિય વડે જાણે નહિ, ઇન્દ્રિયથી જણાય નહિ

આદિ એમ નકાર-નકાર થઈને સ્વભાવથી જણાય (એવો) જ્ઞાતા-દૃષ્ટા છે, શુદ્ધ ઉપયોગ સ્વભાવી છે. દ્રવ્યે, ભાવે નહિ, ફલાણું નહિ કરતાં-કરતાં નકાર કરીને હકાર લઈ ગયો શુદ્ધ ઉપયોગ સ્વભાવી છે અને સ્વભાવથી જણાય છે. હવે આ ગુણ અને પર્યાયમાં પણ ભેદ કાઢીને દ્રવ્ય છે એમ સિદ્ધ કર્યું, એકલું દ્રવ્ય છે. હવે ૨૦માં એકલી પર્યાય છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? જુઓ, ૨૦. '**લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધસામાન્ય...**' એટલે દ્રવ્ય. અર્થાવબોધસામાન્ય એટલે દ્રવ્ય '**તે જેને નથી...**' આત્માને દ્રવ્ય નથી એમ કહે છે. હાય.. હાય.. '**લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું...**' આ છે તે આ રહ્યું, આ હતું તે આ છે, પહેલું હતું તે આ છે એ દ્રવ્ય. પહેલું હતું તે આ છે એ દ્રવ્ય. એ પ્રત્યભિજ્ઞાનનું કારણ. '**પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ...**' અર્થ-અવબોધ, પદાર્થ બોધ સામાન્ય એટલે જ્ઞાનસામાન્ય, ધ્રુવસામાન્ય, દ્રવ્યસામાન્ય તે જેને આત્માને નથી. '**તે અલિંગગ્રહણ છે;...**' સમજાણું કાંઈ? શું સમજ્યા? પણ આ દ્રવ્ય નથી એવું સમજાયું. અત્યાર સુધી તો કહ્યું કે દ્રવ્ય વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... અભેદ છે. હવે તો કહે છે, શેઠી! કે આ વાંચો છો કે નહિ ઘરે? ત્યાં વાંચ્યું છે કે નહિ પહેલા કોઈ દિ'?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- યે કહાંસે આયા? સુનો.

કહે છે કે ભગવાન આત્મા વસ્તુ જે ધ્રુવ દ્રવ્ય છે એ આત્માને દ્રવ્ય નથી. એટલે? કે આત્મા જે વસ્તુ છે એનો અનુભવ થયો, આનંદનું વેદન થયું, અતીન્દ્રિય આનંદનું વેદન પર્યાયમાં થયું, એ વેદન જે વેદનપર્યાય છે તે આત્મા છે એમ કહે છે. કેમકે વેદનપર્યાય દ્રવ્યને અડતી નથી. ફરીને કહીશું હોં! આ કાંઈ એમ ઝટ દઈને નહિ ચાલે. આ તો અલૌકિક વાતું છે, બાપુ! એને કાને પડી નથી ભગવાન કોણ છે અંદર? અહીં તો કહે છે કે વસ્તુ તો અખંડ એકરૂપ અભેદ છે, પણ એ અભેદની દૃષ્ટિ થઈને જે વેદન થયું આનંદનું, જ્ઞાનનું, શાંતિનું, સ્વચ્છતાનું, પ્રત્યક્ષતાનું એ પર્યાયમાં વેદન છે. તો અહીં તો કહે છે કે પર્યાયનું વેદન છે તે અમારો આત્મા. કારણ કે એ પર્યાય દ્રવ્યને અડતી નથી. કારણ કે દ્રવ્યનું વેદન હોતું નથી. શું કીધું? સ્વરૂપચંદજી! વસ્તુ છે એનું વેદન હોય? એ તો ધ્રુવ છે. એ પર્યાયનું... અતીન્દ્રિય આનંદ વસ્તુ છે ત્રિકાળી, અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ વસ્તુ ત્રિકાળી, પણ એની દૃષ્ટિ આપતા જે પર્યાયમાં, શક્તિ હતી અનંતગુણની એ વ્યક્ત થઈ અને પર્યાયમાં અનંતગુણની વ્યક્તતા વેદાય છે તે પર્યાય છે, તે પર્યાય તે દ્રવ્ય છે, તે આત્મા છે એમ. તે આત્મા છે એમ. અને તે પર્યાય આત્મા દ્રવ્યને અડતો નથી, અનુભવમાં દ્રવ્યને અડતો નથી. જાદવજીભાઈ! આહા..હા..! સમજાણું કે નહિ આમાં? હજી નથી સમજાણું.

'**લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ...**' પ્રત્યભિજ્ઞાન એટલે આ હતું તે આ છે,

આ દ્રવ્ય હતું તે આ દ્રવ્ય છે, આ છે એ. એટલે દ્રવ્ય કહો કે વસ્તુ. એવું જે દ્રવ્ય એનું ગ્રહણ એટલે કે અર્થાવબોધસામાન્ય એટલે પદાર્થનું જ્ઞાનરૂપી સામાન્ય વસ્તુ, સામાન્ય વસ્તુ. જ્ઞાન અહીં એકલું જ્ઞાન નથી લેવું. એ તો ત્રણેમાં અર્થાવબોધ-અર્થાવબોધ. લીધો છે. ગુણમાં પણ અર્થાવબોધ, પર્યાયમાં પણ અર્થાવબોધ, દ્રવ્યમાં પણ અર્થાવબોધ. એટલે સામાન્ય વસ્તુ જે ત્રિકાળ ધ્રુવ છે એ વેદનની પર્યાયમાં ધ્રુવપણું આવતું નથી, માટે વેદ્યો આત્મા, વેદનમાં આવ્યો એ આત્મા. ધ્રુવપણું એને અડતું નથી. ભાઈ! સમજાય છે કાંઈ? એ ખાવામાં અનુભવમાં કામ આવે એ મારો આત્મા, કહે છે અહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અવલંબનનું અહીં કામ નથી, અવલંબન ભલે ધ્રુવનું લીધું, પણ વેદાય છે પર્યાય. ધ્રુવ વેદાતું નથી. અને ધ્રુવ વેદાય તો એક સમયમાં ધ્રુવ વેદાય તો બીજે સમયે ધ્રુવ ચાલ્યું જાય. વેદન છે એ વેદન પર્યાયનું છે, વેદન અવસ્થાનું છે, વેદન ધ્રુવનું નથી. આનંદનું, ધર્મનું અનુભવ-વેદન પર્યાયમાં છે, દ્રવ્યમાં નથી. પર્યાયને ભલે દ્રવ્ય આલંબન હો, પણ અનુભવ દ્રવ્યને અડતું નથી. કારણ કે પર્યાય દ્રવ્યને અડે તો પર્યાય દ્રવ્ય એક થઈ જાય છે. આહા..હા..! અલૌકિક વાતું છે ભાઈ આ તો. શેઠ! જૈસે પહલે દ્રવ્ય અને પર્યાય એક હો જાતી હૈ એમ કીધું, આ તો પર્યાય અને દ્રવ્ય એક હો જાયે.

ફરીને. વસ્તુ છે એ તો ત્રિકાળ આનંદસ્વરૂપ, ધ્રુવસ્વરૂપ, અચળસ્વરૂપ, દ્રવ્યસ્વરૂપ. હવે એ વસ્તુ છે તો વસ્તુ છે. એ વસ્તુ એક સમયની પર્યાયના વેદનમાં એ વસ્તુ આવી છે? વેદન- અનુભવ છે એ તો પર્યાયનો છે. અનુભવ પર્યાયનો હોય, અનુભવ દ્રવ્યનો ન હોય. સમજાણું કાંઈ? આહા..હા..! વીતરાગના માર્ગમાં શું વસ્તુ છે એને સાંભળવા મળે નહિ, એ કે દિ' વિચારીને ગોઠવે અને મેળવે? એમ ને એમ અનાદિથી... અહીં તો કહે કે અમને અનુભવમાં આવ્યો એ આત્મા. દ્રવ્ય એને અનુભવ અડતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ગાંડા જેવી વાતું લાગે બીજાને ઓલાને. ગાંડાની નથી, બાપુ! આ તો અંતરની વાતું છે. સમજાણું કાંઈ? મીરાંબાઈનું ભાઈ નાટક જોયું હતું એકફેરી. ૬૬ની સાલ હશે લગભગ એમ લાગે છે. સંવત્ ૧૯૬૬. ભરૂચ-ભરૂચ. સાધુ આવ્યા હતા તો જોવા ગયા હતા. દુકાનેથી સામાન લેવા ગયા હતા. તો નવરા હતા તો કહે ચાલો જોવા જઈએ. મીરાંબાઈનું નાટક હતું. પછી મીરાંબાઈ એમાં (કહે), 'ઘેલા થયા રે અમે ઘેલા થયા, રાણા સાધુડાની સંગે અમે ઘેલા થયા. સાધુની સંગે અમે ઘેલા થયા.' બાઈ! ઘેલી છો? કહે, ઘેલી છું, સાંભળને હવે. 'સાધુની સંગે હું ઘેલી થઈ રે રાણા હું ઘેલી થઈ.' અમે તો આત્માના આનંદના ભોગવવામાં દ્રવ્યના નહિ એમાં ગાંડા થયા છે. સ્વરૂપની લીનતાવાળા, અમે આત્મા છીએ. આત્મામાં અમે દ્રવ્યને અડતા નથી એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? ગીરધરભાઈ! આવો તે આત્મા! ભારે વાત!

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે સભામાં દિવ્યધ્વનિ દ્વારા પ્રવચન-વચનો દિવ્ય કહેલા એનું અહીંયા કુંદકુંદાચાર્યે શાસ્ત્રમાં સંગઠન કર્યું. સમજાણું કાંઈ? ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ સમવસરણમાં આમ કહેતા હતા. આહા..હા..! રાગનું વેદન એ આત્મા નહિ, ભાઈ! એમ સિદ્ધ કરવું છે. પુણ્ય-પાપના વિકલ્પો છે અને એમાં હરખ-શોક થાય એ આત્મા નહિ. એ વિકાર તો અણાત્મા છે. ત્યારે હવે અહીં વેદનમાં આત્મા કોણ? એ સિદ્ધ કરવો છે અહીં. સમજાય છે કાંઈ? શરીર, આ જડ, લક્ષ્મી ને લાડવા એનું તો એને વેદન છે જ નહિ જીવને. કારણ કે એ તો જડ છે, માટી છે. હવે એમાં હરખ-શોકના પરિણામ થાય એ વિકલ્પ અને રાગ છે, વિકાર છે. એ આત્માનું વેદન છે? અણાત્માનું વેદન છે, એ તો જડનું વેદન છે. ત્યારે હવે આત્માનું વેદન શું? એમ સિદ્ધ કરે છે. આહા..હા..! આત્માનું વેદન વિકારનું નહિ, દ્રવ્યનું નહિ. સમજાય છે? એ દ્રવ્યની દૃષ્ટિ થઈ અને જે શક્તિની વ્યક્તતા પર્યાયમાં અનંતગુણી પ્રગટતાં, જેવા અનંતગુણ છે, અનંતગુણ છે, છતી શક્તિ છે એવી અંતર દૃષ્ટિ આપતાં, અનંતગુણનો સર્વગુણાંશ તે સમકિત, અનંતગુણના અંશો બધા પ્રગટ થયા એનું વેદન છે એ આત્મા. સમજાણું કાંઈ? આહા..હા..!

અમે લક્ષ્મીને ભોગવીએ છીએ. ભાઈ! ભગવાને આપ્યું તો ભોગવીએ. જડ છો? લક્ષ્મી ક્યાં તારી હતી તે તું ભોગવ? એ તો જડ છે. શેઠ! શોભાલાલજી! અહીં તો એવી વાતું છે, ભાઈ! મોટા દશ-દશ લાખના હજીરા. હજીરો એટલે શું? આ બંગલો. એ માથે ખાટલા હોય અને ફર્નિચર નાખ્યા હોય, માથે ભોગવીને ભાઈ! પૈસા ભગવાને આપ્યા તો ભોગવીએ. ધૂળ ભોગવે છો? જડ છો તું? કોણ છો તું? ત્યારે કહે અમે મજા કરીએ છીએ રાગના ભાવમાં. રાગની મજા અને હરખ-શોકની મજા. ભગવાન! કહે છે કે એલા! તું અચેતન અનુભવે છો? અચેતન છો? તારી ઘરમાં કોઈ મૂડી છે કે નહિ? આહા..હા..! સમજાણું કાંઈ? માસ્તર! આ તો જુદી જાત છે આ દુનિયાથી હોં. આહા..હા..! ભગવાન! તું તારા ગુણ અને આનંદથી ખાલી છો? તારા ઘરમાં કાંઈ ભર્યું છે કે નહિ? લ્યો!

ઓલા માગવા આવેને લોટ. ન હોય તો કહે, લોટ ઘણો છે એમ કહે. કરી નાખો. ખબર છે? ઓલા માગવા આવે ને માગવા બ્રાહ્મણ. બહુ નાની ઉંમરમાં સાંભળેલું. અમારે ઘરે આવેને બ્રાહ્મણ લોટ માગવા. અહીં અમે સાધારણ અને એ વળી ઠીક હતા. તોપણ એ માગવા આવે એને રિવાજ ખરોને. લક્ષ્મી પ્રસન્ન. લોટ ઘણો છે. એટલે વયા જાય. લોટ સમજ્યાને? આટા. આટા ન હોય ઘરે અથવા હજી આવવાનો હોય દળીને. ન હોય એમ ન કહેવાય. ... તો નિર્ધન કહેવાય. લોટ વિનાનો થઈ ગયો. લોટ ઘણો છે. એટલે એને જવાબ એમ આપે કે લોટ ઘણો છે. અહીં તો આનંદ ઘણો છે કહે છે. ઓલો નકાર કરે છે એમ નથી એને હા કહે છે, અહીં છે એની હા છે એને. આહા..હા..!

ભગવાન આત્મા અતીન્દ્રિય રસનો ડુંગર પડ્યો છે મોટો. અતીન્દ્રિય આનંદનો ડુંગર

છે. એની એકાગ્રતા થતાં એ ડુંગરમાંથી ઝરણા આનંદના ઝરે, શાંતિના ઝરે એ વેદન થાય પર્યાયનું તેને તો અમે ઘર કહીએ અને આત્મા કહીએ છીએ લ્યો! આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આ પથરા-બથરાનું વેદન નહિ, છ છોકરાના ખુશીપણાનું વેદન નહિ એમ કહે છે. એનું તો નહિ, પણ દ્રવ્યનું નહિ. દ્રવ્યનો અનુભવ હોય? દ્રવ્યનું જ્ઞાન હોય. ત્રિકાળી વસ્તુ છે, ગુણ છે, પર્યાય—એ ત્રણેનું જ્ઞાન હોય, જાણવું ત્રણેનું હોય, પણ વેદનમાં આખું દ્રવ્ય વેદાઈ જાય તો બીજે સમયે રહે શું? સમજાય છે કાંઈ? જુઓ આ ૨૦મો બોલની વ્યાખ્યા. મારા અત્યાર સુધી કહે દ્રવ્ય, હવે કહે પર્યાય તે આત્મા. એય..! વજુભાઈ! અમારે તો આનંદમાં, વેદનમાં આવ્યો એ આત્મા લે, કહે. દ્રવ્ય તો છે આલંબનમાં. લક્ષ તો ત્યાં ધ્રુવ (૫૨) ભલે રહ્યું. પણ લક્ષ છે એ ચીજ ધ્રુવ કાંઈ વેદનમાં આવી જાય છે? સમજાય છે કાંઈ? અનંતજ્ઞાન બેહદ ભરેલું, બેહદ આનંદ, પણ એની એકાગ્રતા થતાં જે પર્યાયમાં પ્રગટ જ્ઞાન અને આનંદ થાય તે વેદનની દશા તેને પ્રસિદ્ધ અને પ્રગટ છે. આહા..હા..! એ દ્વારા પ્રસિદ્ધ થયો આ, પણ વેદન આનું છે. સમજાણું કાંઈ?

'**લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ...**' એટલે? પ્રત્યભિજ્ઞાનનું કારણ એ સમજે નહિ પાછા. પ્રત્યભિનો અર્થ મેં આ માણસને કાલે જોયો હતો તે આ. એમ. કાલે જોયો હતો તે આ. એમ દ્રવ્ય કોને કહીએ? દ્રવ્ય જે કાલે હતું તે આ. અનંતકાળથી હતું તે આ, એમ. સમજાણું કાંઈ? ગયા કાળના જ્ઞાનને અને વર્તમાનના જ્ઞાનને જોડણી કરીને બતાવવું કે આ દ્રવ્ય, આ દ્રવ્ય-વસ્તુ. અનંતકાળથી હતો તે આ. બાળપણના વિચારો યાદ આવે તોપણ દ્રવ્ય છે એ તો આ છે, દ્રવ્ય છે તો આ છે. એ દ્રવ્ય આ. એવું જે દ્રવ્ય ભૂતકાળના જ્ઞાન ને વર્તમાનના જ્ઞાનથી ત્રિકાળી સંધિવાળું દેખાય તે દ્રવ્ય. છે? '**પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધસામાન્ય...**' એટલે કે દ્રવ્યનું ગ્રહવું, એટલે કે દ્રવ્યનું જાણવું, એટલે કે દ્રવ્યનું વેદવું '**જેને નથી...**' આત્માને તે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું દ્રવ્ય એનું જેને વેદન નથી. આહા..હા..! છે એમાં અર્થ છે એમાં એ. લખ્યું નથી આ? શું લખ્યું છે?

'**લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ...**' એટલે કે ધ્રુવને બતાવનારું જ્ઞાન એવું જે ધ્રુવ. એવું જે ગ્રહણ એ ધ્રુવને એટલે કે અર્થાવબોધ સામાન્યને '**તે જેને...**' એટલે આત્માને તે દ્રવ્ય નથી. '**તે અલિંગગ્રહણ છે;...**' લિંગ એટલે ધ્રુવ. લિંગ એટલે ધ્રુવ. ગ્રહણ એટલે જેને ગ્રહવું, જેને વેદવું આમાં નથી. ધ્રુવ એવું લિંગ, ધ્રુવ એવું લિંગ. પહેલા ગુણ અને પર્યાય લીધી. અહીં ધ્રુવ એવું લિંગ જેને એટલે વેદનમાં આત્માને નથી. તે વેદનવાળો આત્મા-પર્યાય તેને આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! આ તો અલૌકિક વાતું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દ્રવ્ય. વેદન એ પર્યાય છે. દ્રવ્યકા વેદન નહીં એમ કહે છે. આત્માને દ્રવ્યનું

વેદન નથી, આત્માને દ્રવ્યનું વેદન નથી. એટલે કે આત્મા પર્યાયને વેદતા જે પ્રત્યભિ એટલે ધ્રુવ છે તે આત્માને વેદનમાં નથી. તેવો આત્મા તેને પર્યાયવાળો આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! કહો, પ્રવિણભાઈ! ઓલા મગનભાઈને રહેવું હતું, પણ પાછા વયા ગયા ઘરે. એ ત્રિભોવનભાઈ વયા ગયા ખરાને. આ શું પાછું ૨૦માંનું આવ્યું? કીધું હતું. વયા ગયા. રહેવું હતું. ભાઈએ કીધું હતું. નવનીતભાઈને કાલે કહ્યું, શાંતિભાઈએ કીધું હતું. ત્યાં સુધી વાત આવી. પણ એ બધા ઝાલાવાડી માણસને. ત્રિભોવનભાઈ ગયાને. એને ત્યાં સૂતા હતા. ભાઈ આંખ બતાવવા ગયા એ વયા ગયા. મને કહ્યું હતું. હું કાંઈ કહું કે રહી જાવ સાંભળવા? નવનીતભાઈએ કહ્યું હતું તે કાલે અમારે ત્યાં.. એમ કીધું હતું એણે. વિચારે છે બહુ હોં. બહુ વિચારે. વાંચે થોડું, પણ વિચાર બહુ વિચાર. મંથન બહુ ચાલે. કહો, સમજાણું? હમણાં તો કહે બહુ વાંચી સાંભળીને. આહા..હા..! અરે આ અત્યાર સુધીના વર્ષ ક્યાં ગયા? કહે. એના એ શાસ્ત્રો વાંચતા અત્યારે વાંચીએ છીએ, અંદરથી સાંભળતા પ્રેમ થઈ જાય છે. અંતર જો ભાઈ! તું જો તો ખરો. વસ્તુ છે, પદાર્થ ભગવાન છે આત્મા. એને અંતર્મુખ જોતાં... તે દ્રવ્ય છે તે વસ્તુ છે, પણ એને જોનારી દૃષ્ટિ એને વેદવાનું જે જ્ઞાનપર્યાય જોનારી છે એ પર્યાયમાં વેદન છે. શાંતિનું, અનાકુળતાનું, સ્વચ્છતાનું, પ્રભુતાનું એ બધું વેદન છે એ પર્યાયમાં છે. અનંતા ગુણો છે એની પ્રગટ વ્યક્ત અવસ્થા એક ક્ષણની, એક સમયની તેનો અનુભવ હોય છે. તો કહે છે કે એ અમારે તો અનુભવ તે આત્મા. તે અનુભવ દ્રવ્યને અડતું નથી એમ કહે છે. આહા..હા..! સમજમેં આયા? નક્કી કરો. આ વાત છે. અભ્યાસ જ નહિ આ ચીજનો.

એમ કહે છે, પહેલો ખ્યાલમાં ફેરવી નાખવું જોઈએ. ખ્યાલમાં લેવું જોઈએ કે એક આ વસ્તુ આત્મા છે કે નહિ? વસ્તુ છે કે નહિ? પદાર્થ છે કે નહિ? એ નિત્ય છે કે અનિત્ય છે? વસ્તુ છે તે નિત્ય છે. હવે એની અવસ્થા છે એ એને જાણે કે ધ્રુવ એને જાણે? ધ્રુવ તો કૂટસ્થ છે, એકરૂપ છે. તે જાણવાનું કામ, વેદવાનું કામ ધ્રુવ ન કરે. કાર્ય પર્યાયમાં છે. ધ્રુવમાં કાર્ય છે? ધ્રુવ તો વસ્તુ છે. આમ રાગનું અને પુણ્ય-પાપના વિકલ્પનું કર્તાપણું વેદન હતું. તે વેદન તો હતું કે નહિ? અસ્તિ હતી કે નહિ? એ દુઃખનું વેદન, એ સંસાર, એ વિકાર, એ વિભાવ. સમજાણું કાંઈ? હવે એ વિકાર વેદન એ હું નહિ આ. આ વિકારનું વેદન એટલો એ હું નહિ. હું એ ત્રિકાળ.. આમ દૃષ્ટિ ફરી. આમ જે વિકાર ઉપર દૃષ્ટિ હતી અનાદિની. શુભ-અશુભ રાગ, હરખ-શોકનો વિકલ્પ-વૃત્તિઓ જે છે એના ઉપર દૃષ્ટિ હતી. એટલે એનું વેદન એને વિકારનું હતું એટલે દુઃખનું હતું. દુઃખનો અનુભવ એ સંસાર. હવે એ વેદન ટળ્યું આ ગયું. હું આટલો નહિ, આ નહિ. હું ત્રિકાળી નિત્યાનંદ આત્મા છું. એમ નિત્યાનંદ ઉપર દૃષ્ટિ જતાં વેદનમાં જે વિકારનું વેદન હતું એ નિર્વિકાર વેદન થયું. સમજાણું કાંઈ? વેદન હતું કે નહિ? પણ વેદન દુઃખનું હતું એ ગયું. તો કાંઈક

વેદન રહે કે નહિ ત્યાં? એનું અસ્તિત્વ હતું. સમજાણું કાંઈ? આત્મા ત્રિકાળી આનંદસ્વરૂપ હોવા છતાં સચ્ચિદાનંદ-સત્‌શાશ્વત, ચિદ્-જ્ઞાન, આનંદસ્વરૂપ. તો એના ઉપર જો નજર હોય, દૃષ્ટિ હોય તો તો અનાદિ સંસાર રહે નહિ આ. એની દૃષ્ટિ એના ઉપર અનાદિની નથી. અનાદિની દૃષ્ટિ સંયોગ અને પુણ્ય અને પાપના વિકલ્પ ઉપર અને કાં એક સમયની અવસ્થાનો અંશ જે પર તરફનું જ્ઞાન કરે એના ઉપર દૃષ્ટિ છે. હવે એ દૃષ્ટિ જ્યારે ફરે છે કે હું તો જ્ઞાયક ત્રિકાળી ચૈતન્ય વસ્તુ છું, પરમાનંદની મૂર્તિ ધ્રુવ છું. એમ જ્યારે આ દૃષ્ટિ અહીં ગઈ ત્યારે પર્યાયમાં ફર્યું કે નહિ? પર્યાય જે રાગના વેદનની દુઃખની હતી એ રાગના અભાવનું આનંદસ્વરૂપ ઉપર દૃષ્ટિ જતાં આનંદનું અનાકુળ શાંતિનું વેદન તે આત્માનો અનુભવ. એ અનુભવ તે પર્યાય અને પર્યાય તે આત્મા. મારે તો આનંદનો પ્રત્યક્ષ વેદન થાય તે આત્મા. ઓલો આત્મા એ વેદનને અડતો નથી, ધ્રુવને અડતો નથી. એમ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સંભળાય છે? સમજાય છે લ્યો ઠીક.

બે અંશો છે વસ્તુમાં—એક ધ્રુવ અંશ અને એક ઉત્પાદ-વ્યય અંશ. અવસ્થા ઉપજે, અવસ્થા જાય, ઉપજે-જાય... ઉપજે-જાય અને એકરૂપ રહે એમ બે ભાગ છે. નવી નવી અવસ્થા ઉપજે, જૂની અવસ્થા જાય, વસ્તુ તો રહે ધ્રુવપણે. હવે કહે છે કે નવી અવસ્થા ઉપજે અને જૂની જાય એ તો અનાદિની વિકારની વેદનની નવી અવસ્થા ઉપજે અને જૂની વિકારની વેદનની જાય. એવું અનાદિનું હતું એકેન્દ્રિયથી માંડીને છેક નવમી ગ્રૈવેયક સુધી. અનંતવાર સાધુ થયો તોપણ વેદન વિકારનું હતું. દૃષ્ટિ મિથ્યાત્વ હતીને. એ વિકલ્પ છે તે મારી ક્રિયા છે, દેહની ક્રિયા તે હું છું એટલે ત્યાં વેદન દુઃખનું હતું. જૈન સાધુ અઠ્યાવીશ મૂળગુણ પાળીને નવમી ગ્રૈવેયક ગયો. તોપણ એને વેદન દુઃખનું હતું. આહા..હા..! હજારો રાણી છોડી, સાધુ થયો, પણ અંદર દૃષ્ટિ જે તત્ત્વ છે એની ઉપર કરી નહિ અને જે છોડવાનું છે વિકલ્પની એકતા એ છોડી નહિ અને વિકલ્પની એકતાને પકડી રાખી. ભાવ ઘણો શુભ થયો, શુક્લ નવમી ગ્રૈવેયક ચાલ્યો ગયો. માખી પાંખે ઉડીને ઊંચે લાકડે જાય, એથી કાંઈ મોટી થઈ ગઈ? એમ માણસથી મોટી થઈ ગઈ માખી? એમ આત્માના ભાન વિના પંચ મહાવ્રતના પરિણામ શુક્લલેશ્યા, દેહની ક્રિયાનો, રાગનો ભાવ મારો છે. કારણ કે અસ્તિત્વ આખું છે, એનું હોવાપણું ભાસ્યું નહિ તો ક્યાંક હોવાપણે તો રહેવું તો જોઈએને એને. તો એને પંચમહાવ્રતના પરિણામ રાગાદિના હોવાપણું, કર્તાપણું, ભોક્તાપણું માની રહ્યો એ દુઃખના વેદનમાં હતો. હવે જ્યારે ધર્મ પ્રગટે ત્યારે એ વેદનમાં પલટો ખાય કે નહિ? આહા..હા..! તો ધર્મ શેનો જો વેદન ન પલટે તો? સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ આ. કહો, આ બુદ્ધિવાળાને પકડવું કઠણ પડે તો બધા સાધારણ બિચારી બાયડીયું, બાયડીયું... એમ કે બાયડીનો આત્મા છે એ કાંઈ બાયડી છે? આત્મા બાયડી નથી અને પુરુષ પણ નથી, આત્મા તો સચ્ચિદાનંદ અનાદિ-અનંત આનંદકંદસ્વરૂપ છે. એવો આત્મા પોતે પોતાના

ઘરમાં આવ્યો, સમજાણું કાંઈ? પરઘરમાં ફરતો વિકલ્પની જાળમાં ત્યારે વેદન દુઃખનું હતું. હવે આત્મા ત્રિકાળી આનંદકંદમાં જ્યાં આવ્યો, તો વેદન ફર્યું એટલે પર્યાયમાં ફેરફાર થયો. ધ્રુવ તો એનું એ છે. આહા..હા..! પહેલું પકડવું જોઈએ કે આ શું કહે છે? એટલી વાત. પ્રયોગ તો પછી કરે. આહા..હા..! સ્વરૂપચંદભાઈ!

કહે છે, ભાઈ! ધર્મ પામ્યો તો કાંઈ વેદન થયું છે કે નહિ? અધર્મ હતો અને વેદન હતું અને ધર્મ થયો તો કાંઈક વેદન ફરે છે કે નહિ? તો વેદન ફર્યું એ પર્યાયમાં ફર્યું છે કે દ્રવ્યમાં ફર્યું છે? દ્રવ્ય તો એનું એ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમ જે ચક્ર હતું લક્ષનું એ આમ ગયું. એ પર્યાય ફરી આમ, તો પર્યાયમાં વેદન આનંદનું આવ્યું. છે એક સમયનું વેદન. એ કાંઈ ધ્રુવનું વેદન નથી, તેમ રાગનું નથી. તેમ નિમિત્તનું નથી. એ વેદન શાંતિનું, શ્રદ્ધાનો આનંદ, જ્ઞાનનો આનંદ, ચારિત્રનો આનંદ, આનંદનો આનંદ, સ્વચ્છતાનો આનંદ, પ્રભુતાનો આનંદ, અનંતગુણનો આનંદ. એવું જે એક સમયમાં અનંતગુણની શક્તિની વ્યક્તતા પર્યાયરૂપે પરિણમી. શક્તિ તો એમ ને એમ રહી. આહા..હા..! સમજાણું કાંઈ? એ એક સમયની પર્યાય થઈ એ આનંદમાં વેદનમાં આવી, એથી એમ નક્કી કર્યું કે આ આખો આત્મા આનંદમય છે. પણ એ નક્કી કરેલી પર્યાય છે, એ કાંઈ નક્કી કરેલું દ્રવ્ય નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

જુઓ, આવી વાત આચાર્યોએ જંગલમાં મૂકી. આ ગૃહસ્થોને, આખા જનતાને થવા માટે મૂકી છે કે નહિ? જગતની જનતા પાસે મૂકી છે. અરે! ભગવાન! તું આવો છોને નાથ! તને ખબર નથી તારી? આહા..હા..! ત્યારે કહે ધર્મ પામ્યો છે કે નથી પામ્યો એનું કોઈ ચિહ્ન, લક્ષણ છે કે નહિ તારી પાસે? એમ કહે છે. સમજાણું? જ્યારે અધર્મ હતો, અજ્ઞાન હતો, મૂઢ હતો, મિથ્યાત્વ હતું, એના કરતાં ધર્મ પામ્યો તો કાંઈક વેદનમાં ફર્યું છે કે નહિ? અને વેદન ફર્યું તો એ પર્યાય ફરી છે કે ધ્રુવ? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાન...**' પ્રત્યભિજ્ઞાન સમજાણું? જે જ્ઞાન ભૂતકાળના લક્ષથી આ વર્તમાનને જોડે. કે આ છોકરો કાલે જોયો હતો એ લાગે છે આ. એ પ્રત્યભિજ્ઞાન કહેવાય. સમજાય છે? સામી ચીજને પહેલાથી વર્તમાનમાં જોડીને 'આ જે છે' એવા જ્ઞાનનું કારણ તે દ્રવ્ય છે. એવું જે દ્રવ્ય. કારણ કહ્યું છેને? એવા જ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ, એવા જ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ. '**એટલે કે અર્થાવબોધસામાન્ય...**' એટલે કે અર્થ-પદાર્થ સામાન્યજ્ઞાન, સામાન્યજ્ઞાન એટલે સામાન્યદ્રવ્ય, સામાન્યશક્તિ '**તે જેને નથી...**' એ આત્માને નથી. સમજાણું કાંઈ? '**તે અલિંગગ્રહણ છે;...**' તે અલિંગગ્રહણ છે. '**આ રીતે આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત...**' ભાષા દેખો! ઓહો..હો..! વજુભાઈ! '**આ રીતે આત્મા...**' આ પ્રકારે આત્મા વસ્તુ તે '**દ્રવ્યથી નહિ આલિંગિત...**' એ આત્મા એ દ્રવ્યને નહિ સ્પર્શેલો, આત્મા એ દ્રવ્યને નહિ અડેલો, એ આત્મા દ્રવ્યને નહિ છૂતો, (નહિ) સ્પર્શ કરતો, એવો

શુદ્ધ પર્યાય છે. સમજાય છે કાંઈ? શાંતિભાઈ! આહા..હા..! કેમ દેવજીભાઈ!

વસ્તુ છે એનું ધર્મપણું પ્રગટ્યું. ધર્મ તો વસ્તુનો સ્વભાવ ત્રિકાળ છે. હવે પ્રગટ તો હતો વિકાર, એમાં નહોતો એ. હવે જ્યારે એ દૃષ્ટિ અહીં ગઈ અને ધર્મ પ્રગટ્યો. શક્તિમાંથી વ્યક્તતા પ્રગટ થઈ જે જાત છે તે જાત થઈ. તો એ જાતમાં કાંઈ વેદન થયું કે નહિ? આહા..હા..! કહે છે કે એ અનુભવનો જે આનંદ તે આત્મા, અનુભવના આનંદને વેદતો તે આત્મા પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે દ્રવ્ય તેને તે આત્મા અડતો નથી. એ આત્મા આલિંગન કરતો નથી, અનુભવમાં આવેલો આત્મા દ્રવ્યને આલિંગન કરતો નથી. આ તો સમજાય એવી છે. ભાષા તો કાંઈ બહુ ઝીણી કે આકરી નથી આવતી. કેમ? મોહનભાઈ! આહા..હા..! સમજાણું? વસ્તુ પોતે શાશ્વત છે. હવે એ શાશ્વતની દશામાં, અવસ્થામાં એનું લક્ષ શાશ્વત ઉપર નથી અનાદિનું. શાશ્વત ઉપર હોય તો તો એને આનંદનો અનુભવ થઈને મુક્તપણે રહેતો હોય, મુક્તપણે રહે. રાગપણે અટકેલો ન રહે. શાશ્વત વસ્તુ છે, પોતે સત્-શાશ્વત ધ્રુવ એના ઉપર લક્ષ નથી એટલે લક્ષ આમ પર છે તો લક્ષ પર છે એ દ્રવ્યનું લક્ષ છે કે પર્યાયનું? પર્યાયનું લક્ષ પર ઉપર છે. જેની પર્યાય છે, જેની પર્યાય છે. એની પર્યાય એના ઉપર લક્ષ ન કરતા પર ઉપર લક્ષ કરે છે. પરિણમન બદલે છે. આ રાગ, પુણ્ય, આ પાપ ને અસંખ્ય પ્રકારના દયા, દાનના ભાવ. અસંખ્ય પ્રકારના ભાવ એનું એને લક્ષ છે, એનું એને જ્ઞાન છે અને એમાં એ રમે છે. એનું નામ અધર્મમાં રમે છે, એનું નામ મિથ્યાત્વમાં રહેલો છે, એમ એની મિથ્યાત્વદશામાં રહ્યો છે, એમ કહેવામાં આવે છે. કહો, બરાબર છે? હવે એ દશા ગુલાંટ ખાય છે. આમ જે લક્ષ હતું એ લક્ષ આમ ફેરવ્યું. ઓહો..! વસ્તુ અભેદ દ્રવ્ય શુદ્ધ છે. એવી જે શ્રદ્ધા, જ્ઞાન (આદિ) પ્રગટ્યા ભાવ એ ભાવ તો પર્યાય છે. સમજાય છે? ધ્રુવ પ્રગટ વસ્તુ છે એ બહાર આવે છે? વસ્તુ તો ધ્રુવ ત્રિકાળ એકરૂપ રહી છે.

કહે છે કે એ કૂટસ્થ જે ધ્રુવ છે એની દૃષ્ટિ કરતા, એને જ્ઞેય બનાવતા... બનાવે છે પર્યાય. એના ઉપર લક્ષ જતાં જે વેદનમાં વિકાર હતો એ વ્યય થતાં નિર્વિકારી આનંદનો ઉત્પાદનો જે અનુભવ થયો, તે અનુભવ આત્મા અનુભવે છે. માટે તે આત્મા દ્રવ્યને અનુભવતો નથી, માટે તે આત્મા અનુભવની પર્યાયવાળો તે આત્મા ધ્રુવને આલિંગન કરતો નથી. સ્વરૂપચંદભાઈ! આ કોલેજની વાત આવે તો મારા ફટ બેસી જાય. ગપ્પવાળી બધી વાત હોય. ગપ્પવાળી એકદમ .. મારું .. પણ એ તો બધું સમજવા જેવું હોય. કહો, સમજાણું કાંઈ? એય..! વજુભાઈ! કહે આમ માપ છે. હવે સાંભળને તારા માપ. .. એને માપ્યું છે, હવે સાંભળને. હવે તને એ માપ ને... આ માપ તો કર તને. આને સ્વને જાણ્યું ત્યારે પરનું શું છે તને જ્ઞાન સાચું થાશે. હવે ત્યાં ક્યાં હતી? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પૂર્ણાનંદનો ડુંગર પોતે ધ્રુવ ડુંગર, ધ્રુવ ડુંગર છે... છે... છે... છે...

છે... છે... છે... કહે છે કે એ છે છે ઉપર નજર જતાં. નજર તો પર્યાય છે. એ આમ જે નજર હતી તેના વેદનમાં દુઃખ હતું. આમ ગુલાંટ ખાઈને નજરમાં આવે છે ત્યારે વેદનમાં આનંદ આવે છે. સમજાણું કાંઈ? બસ, કહે છે, એવો ભગવાન આત્મા પોતાની નિર્મળ આનંદની દશાને વેદે અને અનુભવ કરે તે આત્મા દ્રવ્યને નહિ આલિંગન કરતો, અનુભવનું વેદન કરનાર આત્મા દ્રવ્યને નહિ છૂતો, વસ્તુને નહિ સ્પર્શતો એવો શુદ્ધપર્યાય આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલા ૧૯માં જરી અભેદ-અભેદમાં હતું. આ શું છે? કહે. એ તે દિ' પ્રશ્ન થયો હતો અમારે. સમજાણું? કે આ શું કહે છે? એ વળી એક દફ્તરી હતા બહુ ડાહ્યા માનતા.

**'એવો શુદ્ધ પર્યાય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** અલિંગગ્રહણમાં લિંગ નામ દ્રવ્ય, દ્રવ્ય, લિંગ નામ દ્રવ્ય, પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું સામાન્ય તે આત્માને વેદનમાં પર્યાય આવે છે માટે તે આત્મા વેદનની પર્યાયમાં દ્રવ્યને અડતો નથી એવો આત્મા શુદ્ધ પર્યાય છે. કહો, આ ૨૦મા બોલનો અર્થ થયો લ્યો પૂરો થયો આજે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૪, ગુરુવાર, તા. ૦૬.૦૨.૧૯૬૯**
**ગાથા-૧૯૨, પ્રવચન-૧૪૯**

પ્રવચનસાર. જ્ઞેયતત્ત્વની ૧૯૨ ગાથા. **'હવે, ધ્રુવપણાને લીધે...'** શું કહે છે? આ આત્મા ધ્રુવ છે. બાકી બધું આત્માને માટે અધ્રુવ છે. શરીર, વાણી, મન, કર્મ, પુણ્ય-પાપના ભાવ, સુખ-દુઃખના સંયોગ અને સુખ-દુઃખની કલ્પના-એ બધું અધ્રુવ છે, નાશવાન છે, અનિત્ય છે. આત્મા ધ્રુવ ઉપયોગ જ્ઞાનાનંદ સ્વરૂપ તે આત્મા તે ધ્રુવ છે. એ જ આદરણીય અને પ્રાપ્ત કરવા જેવો છે. કહો, સમજાય છે? એ વાત ૧૯૨માં કહે છે.

**एवं णाणप्पाणं दंसणभूदं अदिंदियमहत्थं।**
**धुवमचलमणालंबं मण्णेऽहं अप्पगं सुद्धं।।१९२।।**

**એ રીત દર્શન-જ્ઞાન છે, ઈન્દ્રિય-અતીત મહાર્થ છે,**
**માનું હું—આલંબન રહિત, જીવ શુદ્ધ, નિશ્ચળ, ધ્રુવ છે. ૧૯૨.**

એનો અન્વયાર્થ. જુઓ ધર્મી પોતાના આત્માને... ધ્રુવ જાણન-દેખન એવો જેનો સ્વભાવ ત્રિકાળ ધ્રુવ છે. એ જ પ્રાપ્ત કરવાલાયક, એને પહોંચી વળવા લાયક, એમાં પ્રીતિ-રુચિ કરીને એને પરિણમવા લાયક છે. એ સિવાય કોઈ ચીજ આત્માને હિતને માટે (લાભકારી) નથી. દેહ, ધન, લક્ષ્મી, આબરૂ એ તો બધી પરચીજ છે, નાશવાન છે. કાં પોતે હોયને નાશ

થઈ જાય, કાં પોતે મૂકીને ચાલ્યા જાય. પોતે હોયને બધું નાશ થઈ જાય અને કાં પોતે આ બધું પડ્યું રહે અને પોતે અહીંથી ચાલ્યો જાય છે. નાશવાન ચીજ છે એની સાથે કાંઈ સંબંધ નથી.

મુમુક્ષુ :- કાંઈ સંબંધ નથી કે ક્ષણિક સંબંધ..

ઉત્તર :- કાંઈ સંબંધ નથી. ક્ષણિક સંબંધ એ સંબંધ જ નથી. સુખ-દુઃખની કલ્પના, સુખ-દુઃખનો સંયોગ, લક્ષ્મી ધન આદિ અને દ્રવ્ય શરીર એ બધું નાશવાન, ક્ષણે ક્ષણે પલટતું. અશરણભૂત છે, અધ્રુવ છે, આત્માને આશ્રય કરવાલાયક નથી.

જુઓ, એનો અન્વયાર્થ. ધર્મી એમ વિચારે છે કે '**હું આત્માને...**' અન્વયાર્થ. '**એ રીતે જ્ઞાનાત્મક,...**' જ્ઞાનસ્વરૂપ '**દર્શનભૂત, અતીન્દ્રિય મહા પદાર્થ,...**' ભગવાન આત્મા અતીન્દ્રિય મહાપદાર્થ છે. કેમકે મોક્ષપદાર્થને સાધનારો એ આત્મા છે. મોક્ષ મહાપદાર્થ છે તો આત્મા પણ અતીન્દ્રિય મહાપદાર્થ છે. સમજાણું કાંઈ? ધર્મ, અર્થ અને કામ. ધર્મ એટલે પુણ્ય, અર્થ એટલે લક્ષ્મી, કામ એટલે વિષય, વાસના આદિ એ બધું નાશવાન છે. એ કોઈ મહાપદાર્થ નથી. ભગવાન આત્મા અતીન્દ્રિય મહાપદાર્થ વસ્તુ એની દૃષ્ટિ કરીને, એને પ્રાપ્ત કરવા જેવો છે. કહો, સમજાણું? '**મહા પદાર્થ, ધ્રુવ, અચળ, નિરાબંલ અને શુદ્ધ માનું છું.**' ધર્મી એમ કહે છે કે હું આ આત્માને ધ્રુવ, અચળ, નિરાલંબ, જ્ઞાન-દર્શનસંપન્ન અતીન્દ્રિય મહાપદાર્થ (છું). સમજાણું? એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત. સાત વિશેષણ થયા. છે? શેઠી! ધર્મી આત્માને સાત વિશેષણવાળો માને છે. જ્ઞાનસ્વરૂપ છું, દર્શનભૂત છું, અતીન્દ્રિય મહાપદાર્થ છું, ધ્રુવ છું, અચળ છું, નિરાલંબન છું અને શુદ્ધ છું.

મુમુક્ષુ :- એક શબ્દ ન આવ્યો.

ઉત્તર :- એ નહિ. અતીન્દ્રિયનું કાંઈ કામ નથી અહીં. કહો, સમજાણું? 'એક' એનો અર્થ જ કરશે. અર્થ કરશે. શુદ્ધ છે કેમ? કે એક છે માટે. ધ્રુવ છે (એવું) કેમ આલંબન કરે? એક છે માટે, શુદ્ધ છે અને માટે ધ્રુવ છે એમ અર્થ કરશે. આત્મા પરથી ભિન્ન એક છે. આમ પરથી જુદો બતાવવો છેને? પરથી ભિન્ન એક છે તેથી તે શુદ્ધ છે અને તેથી તે ધ્રુવ છે. સમજાણું કાંઈ? એ શુદ્ધ માનું છું. હવે એ તો શુદ્ધ કેમ છે? એ સિદ્ધ કરવા. શુદ્ધ અને ધ્રુવ કેમ છે એ માટે સિદ્ધ કર્યું છે અહીં તો. શુદ્ધ અને ધ્રુવ કેમ છે? કે એક છે સ્વતંત્ર વસ્તુ માટે તે શુદ્ધ છે અને માટે તે ધ્રુવ છે એમ. સમજાણું કાંઈ?

જુઓ, એમાં આવે છે '**ટીકા :- શુદ્ધ આત્મા...**' જુઓ અહીં શુદ્ધ આત્મા એમ. '**સત્ અને અહેતુક હોવાને લીધે...**' ભગવાન આત્મા શુદ્ધ એને કહીએ કે સત્ છે, હયાતીવાળો છે, અસ્તિત્વવાળો છે, મોજુદગીવાળો પદાર્થ છે. '**અહેતુક = જેનું કોઈ કારણ નથી એવો;...**' છે. વસ્તુ છે એને કારણ કોણ હોય? એનો કોઈ કર્તા છે કે એને કોઈએ બનાવ્યો છે એમ છે? '**શુદ્ધ આત્મા સત્...**' હયાતી, મોજુદગીવાળો હોવાથી અને '**અહેતુક હોવાને**

લીધે...' એનું કોઈ કારણ નહિ હોવાને લીધે આ કારણે **'અનાદિ-અનંત...'** એમ. આ કારણે અનાદિ-અનંત. સત્ છે અને એનું કોઈ કારણ નથી માટે અનાદિ-અનંત છે. કહો, સમજાય છે કાંઈ? **'અને સ્વતઃસિદ્ધ છે...'** અનાદિ-અનંત છે અને સ્વતઃસિદ્ધ છે. કાળથી અનાદિ-અનંત છે, વસ્તુ સ્વતઃસિદ્ધ છે. પદાર્થ ચિદાનંદ ભગવાન અનાદિ-અનંત. કેમ? કે સત્ અને અહેતુક હોવાને કારણે. હયાતીવાળો, કારણ વિનાનો હોવાને કારણે અનાદિ-અનંત સ્વતઃસિદ્ધ પોતાથી જ વસ્તુ છે. કહો, બરાબર છે? કોઈ એનો ઈશ્વરકર્તા, કોઈ બ્રહ્મા એને ઉત્પન્ન કરે, વિષ્ણુ પાળે, શંકર નાશ કરે એવું હશે? સ્વતઃસિદ્ધ વસ્તુ છે.

**'તેથી આત્માને શુદ્ધ આત્મા જ ધ્રુવ છે,...'** જુઓ, પાઠના શબ્દો સાથે મેળવે છે હવે. શુદ્ધ આત્મા વસ્તુ હોવાવાળી, કારણ વિનાની, તેથી અનાદિ-અનંત અને તેથી સ્વતઃસિદ્ધ. અનાદિ-અનંત છે સ્વતઃસિદ્ધ જ હોય. કહો, બરાબર છે? કોની વાત ચાલે છે આ? આત્માની. **'તેથી આત્માને...'** આ કારણે આત્માને **'શુદ્ધ આત્મા જ ધ્રુવ છે,...'** પોતાનું શુદ્ધપણું છે એ જ ધ્રુવ છે. સમજાણું કાંઈ? **'બીજું કાંઈ પણ ધ્રુવ નથી.'** કેમકે અનાદિ-અનંત છે, સ્વતઃસિદ્ધ છે, કારણ વિનાની છે, હયાતીવાળી ચીજ છે તેથી એને ધ્રુવપણું છે. બીજી કોઈ રીતે એને ધ્રુવ છે? સાથે રહેનાર છે કોઈ? રાગ દયા, દાનના પરિણામ અનાદિ-અનંત સાથે રહેનાર છે? સત્ છે એ? એ તો અસત્ છે, એક ક્ષણની અવસ્થા છે. સહેતુક છે. વિકાર આદિના પરિણામ સહેતુક છે, અહેતુક નથી. નિમિત્ત છે એનાથી ઉત્પન્ન થયેલા વિકાર છે. આત્મા કાંઈ નિમિત્ત છે અને ઉત્પન્ન થયેલો એવો નથી. સમજાણું કાંઈ?

**'આત્મા શુદ્ધ એટલા માટે છે...'** એથી આત્માને શુદ્ધ આત્મા આવો શુદ્ધ ત્રિકાળી અનાદિ-અનંત, સ્વતઃસિદ્ધ એક ધ્રુવ છે. બીજું કાંઈ ધ્રુવ નથી. **'આત્મા શુદ્ધ એટલા માટે છે...'** હવે શુદ્ધ એટલા માટે એમ સિદ્ધ કરે છે જરી. **'તેને પરદ્રવ્યથી વિભાગ...'** છે. પરદ્રવ્યથી જુદો છે. **'સ્વધર્મથી અવિભાગ હોવાને લીધે એકપણું છે.'** લ્યો! શુદ્ધ એટલા માટે છે એમ સિદ્ધ કરે છે. **'શુદ્ધ એટલા માટે છે...'** અને શુદ્ધ આત્મા ધ્રુવ છે એ શુદ્ધ એટલા માટે છે કે **'તેને પરદ્રવ્યથી વિભાગ...'** છે. તદ્દન પુણ્ય-પાપના વિકલ્પ, શરીર આદિથી તો તદ્દન જુદો છે. **'સ્વધર્મથી અવિભાગ હોવાને લીધે...'** પોતાનો જે ધર્મ છે જ્ઞાન, દર્શન, આનંદ આદિ એનાથી અવિભાગ છે-એનાથી જુદો નથી. બરાબર છે? બે ભાઈ તો ભેગા હશે કે નહિ? રાગ ભેગો નથી એ તો ઘડીક આવે જાય... આવે જાય.. આવે જાય... એ તો અધ્રુવ છે બધું. ભગવાન આત્મા જ્ઞાન, દર્શન આદિથી ભરેલો તે ધ્રુવ છે. અને ધ્રુવનું અવલંબન કરતાં જે પર્યાય આવે એ પણ એમાં ભળી જાય છે. એટલે શુદ્ધનયનો વિષય બધો એને ગણે છે આમ. સમજાણું કાંઈ?

**'પરદ્રવ્યથી વિભાગ...'** ભગવાન આત્મા છે અસ્તિ-અસ્તિ મહાપદાર્થ. એ પરવસ્તુથી

જુદી '**અને સ્વધર્મથી અવિભાગ...**' પોતાના સ્વભાવો છે એનાથી જુદો નથી. સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવથી અવિભાગ-જુદો નથી. એને '**લીધે એકપણું છે.**' એને લીધે એકપણું છે, બેપણું નથી એમાં. એકપણું છે માટે શુદ્ધ છે અને શુદ્ધ છે માટે ધ્રુવ છે. સમજાણું કાંઈ? આ તો સહેલી ગાથા છે. આ તો કાંઈ બહુ ઓલી નથી. અલિંગગ્રહણમાં તો હજી બહુ... પર્યાયને દ્રવ્ય સ્પર્શે નહિ, દ્રવ્યને પર્યાય સ્પર્શે નહિ. '**તે એકપણું આત્માના...**' એ એકપણું, હવે એકપણાને સિદ્ધ કરે છે આટલા પ્રકારે. એકપણું છે માટે શુદ્ધ છે અને શુદ્ધ છે માટે ધ્રુવ છે અને ધ્રુવ છે માટે પ્રાપ્ત કરવાલાયક છે. સમજાણું કાંઈ આમાં?

હવે એ એકપણું કેટલા પ્રકારે છે? કઈ રીતે એકપણું એમાં સિદ્ધ છે? '**એકપણું આત્માના, (૧) જ્ઞાનાત્મકપણાને લીધે,...**' એ જ્ઞાનસ્વરૂપપણાને લીધે એક છે. અને જ્ઞાનસ્વરૂપ હોવાથી એક છે, એક છે માટે શુદ્ધ છે, શુદ્ધ માટે ધ્રુવ છે. '**(૨) દર્શનભૂતપણાને લીધે,...**' દર્શનપણું કાયમ હોવાને લીધે. આત્મામાં દર્શનપણું, દેખવાપણું કાયમ હોવાને લીધે એક છે. એકને લઈને શુદ્ધ છે, શુદ્ધ છે માટે ધ્રુવ છે. સમજાણું કાંઈ? હવે તો બહાર પુસ્તકો કેટલા પડ્યા છે ઓહો..હો..! વાંચવાની લોકોને આળસ હોય એટલે રહી જાય. આ જુઓને કેટલા બહાર આવ્યા જુઓને. હવે તો બે ટીકાઓ સહિત પ્રવચનસાર બહાર આવ્યું લ્યો પહેલું. બે ટીકાઓ સહિત. ભલે સંસ્કૃત ન આવડે, પણ આ તો આવડે કે નહિ વાંચતા? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ હોય? વાંચે તો, ધીરેથી વાંચે તો બધું આવડે. આત્મામાં કેવળજ્ઞાન લેવાની તાકાત છે તો હવે આમાં શું છે? દરકાર નથી. પોપટભાઈ! આનું ફળ આ સંસારમાં શું આવશે એની ખબર નથી, આનું ફળ આ શું છે એનું ફળ આવો પ્રગટ શું ફળ આવશે? આનંદ આવશે એની ખબર નથી. આ બધું આયખું ૨૫-૫૦ વર્ષ કરીને મરતાં ઓહો..હો..! લ્યો ચાલ્યા. બધું મૂકીને, પાપ અને પુણ્યના ભાવ સાથે લઈને, ભ્રમણા સાથે લઈને ચાલ્યો. ... ભવમાં ભમવા ચાલ્યો. કહો, શેઠ!

મુમુક્ષુ :- દરકાર નથી કરી.

ઉત્તર :- દરકાર. હવે ઘણું થઈ ગયું. ૬૫-૬૬ વર્ષ થઈ ગયા. હવે ૬૯. કેટલા થયા? હવે એમ કે ઘણું કર્યું છે હવે. ૭૦. ૭૦ થયા એટલે ઓલા છોકરાઓ એમ કહે હવે ઘણું કર્યું. હવે પછી કરે છે એ. આપણે પણ એ બધું એવડા થઈએ ત્યારે કરીશું. એમ છોકરા કહે છે. એ કહેતા હતા બાપ એના. આ ૬૫ વર્ષે તમે જાગ્યા છો આ કરવા. અત્યાર સુધી કરતા હતા કાંઈ? તો અમે હજી ૨૦ વર્ષમાં કરવા માંડીએ? સ્વરૂપચંદભાઈ! બધું રળ્યા, કર્યા આ બધું વિષય-વાસના-ભોગ બધું હો..હા.. મમતા કરી કરીને પોટલા બાંધ્યા. હવે પાંસઠ

વર્ષે જાગ્યા. અમને હજી ૨૦ વર્ષ થયા ત્યાં જઈએ. હવે થવા દ્યો તમારી જેટલું. પાંચ વર્ષ ઓછા તમારાથી લ્યોને ભાઈ! પણ અહીંયા શું કામ છે? ૬૫ વર્ષ માળા જ્યારથી જાગ ત્યારે તૈયાર. શેઠી! આહા..હા..! ઉંમર નાની-મોટી છે કોની? કયે ક્ષણે પૂરું થશે ખબર છે? વૃદ્ધ પડ્યા રહે અને જુવાન ચાલ્યા જુઓ. ચાલ્યા જાય છે કે નહિ? આહા..હા..! હમણાં તો પણ કેટલા સાંભળીએ. એક... એક.. એક.. આ જુઓ પ્રેમચંદભાઈ તો પોણા બે કલાકમાં ચાલ્યા ગયા. આપણે અહીંયા પ્રેમચંદભાઈ તો એક સેકન્ડમાં ચાલ્યા ગયા. પ્રેમચંદ મગન. એક સેકન્ડ. કાંઈ નહિ હોં. પાણી પીધું. આમ સૂવે છે તો ફૂ. થઈ રહ્યું. આમ જોવે છે ત્યાં મડદું. હેં! આમ! આ શું જુઓને. ડોક્ટરને બોલાવોને. ક્યાં હતું? એક સેકન્ડ! છોકરો. આ પ્રેમચંદભાઈ મહાજન નાઈરોબી. પોણા બે કલાક. છેલ્લી પા કલાકમાં ખબર પડી. ફૂ. લ્યો, આ બધા પૈસા, છોકરા, એજન્સી, મોટી દુકાનો, લાખોની પેદાશું, લાખોના મોટા વેપારો પડ્યા રહ્યા. નિવૃત્તિ લેવાનો ભાવ હતો. અહીંયા આવીને રહેવું હતું. મકાન લીધું. ભરોસો છે ક્ષણનો? કોને આયુષ્ય કહેવું? કાંઈક આમ થયું ઉં.. થયુંને, જાવ ઉપડો. માટે કરવાનું તો જુવાન અવસ્થા કે વૃદ્ધ કે બાળક એ જોવાનું નથી. આત્મા છે તેને કરવું છે. તો આત્માને અવસ્થા છે નહિ. કહો, સમજાણું આમાં?

કહે છે કે હું એક જ્ઞાનસ્વરૂપ છું. માટે એક છું. એમાં બીજાનો ભેળ નથી અને એક છું માટે હું શુદ્ધ છું, શુદ્ધ છું માટે ધ્રુવ છું. દર્શનભૂત છું માટે એક છું, એક છું માટે શુદ્ધ છું, શુદ્ધ છું માટે ધ્રુવ છું. '(૩) **અતીન્દ્રિય મહા પદાર્થપણાને લીધે,...**' અતીન્દ્રિય મહા પદાર્થ છું. ઈન્દ્રિયથી ગ્રાહ્ય એવો હું નથી. અતીન્દ્રિય મહા પદાર્થ અથવા અતીન્દ્રિય મોક્ષના સાધનનો કરનારો હું મહાપદાર્થ છું. તેથી એક છું. અતીન્દ્રિય મહાપદાર્થ એક છું, એક છું તેથી શુદ્ધ છું, શુદ્ધ છું તેથી ધ્રુવ છું. ધ્રુવ છું માટે પ્રાપ્ત કરવાલાયક છું. ધ્રુવ તે પ્રાપ્ત કરવાલાયક છે, નાશવાન તે પ્રાપ્ત કરવાલાયક નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**અચળપણાને લીધે...**' અચળ છું હું. ચળું નહિ કાંઈ. પોતાની ચીજથી કોઈ દિ' ચળતો નથી એટલે પરમાં ભળતો નથી. રાગમાં જાતો નથી. અચળ છું... અચળ છું... અચળ છું... અચળપણાને લઈને એક છું, એકને લઈને શુદ્ધ છું, શુદ્ધને લઈને ધ્રુવ છું. કહો, સમજાણું આમાં? '**અને (૫) નિરાલંબપણાને લીધે છે.**' એમ. શુદ્ધ એટલા માટે છે એમ. માથે આવ્યુંને? શુદ્ધ એટલા માટે છે કે આ કારણે શુદ્ધ છું. એક છું માટે શુદ્ધ છું એમ. શુદ્ધ એટલા માટે છે કે એક છું માટે શુદ્ધ છું. એ એક કેમ છે? કે આટલા કારણે હું એક છું. એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે એનો વિસ્તાર કરે છે જરી. એ સાધારણ બોલ મૂક્યા. હવે બે બોલ એક સાથે મૂકે છે. જ્ઞાન અને દર્શન. પહેલા બે બોલ છેને? અહીં પાંચ લીધા એમાં. સમજાણું? અને ઓલો ધ્રુવ અને શુદ્ધ એમ કરીને સાત થયા, પણ આ પાંચ છે તે એકપણે છે અને એકપણે

માટે શુદ્ધ છે અને શુદ્ધ માટે ધ્રુવ છે એમ. એમ કહ્યું. સમજાણું કાંઈ? 'ત્યાં (૧-૨)...' એટલે જ્ઞાન અને દર્શન. એક અને બે છેને? **'જે જ્ઞાનને પોતામાં ધારણ કરી રાખે છે...'** દેખો! ભગવાન આત્મા જ્ઞાનપણું પોતામાં ધારણ કરી રાખે છે. એ રાગને ધારણ કરી રાખે એવું દ્રવ્ય નથી, શરીરને ધારણ કરી રાખે એવું દ્રવ્ય નથી. સમજાણું કાંઈ? કેવો છે આત્મા વસ્તુ? કે જ્ઞાનને ધારણ કરી રાખે છે. ત્રિકાળ જ્ઞાનસ્વરૂપને ધારણ કરી રાખે એવો આત્મા છે.

**'અને જે પોતે દર્શનભૂત છે...'** દર્શનભૂત છે. ત્રિકાળ દર્શનસ્વરૂપ જ છે. એમ બે ફેરવ્યા શબ્દ. જ્ઞાનને ધારણ રાખે છે, દર્શનસ્વરૂપ છે. એનો અર્થ કે દર્શનને પણ ધારી રાખે છે. સમજાણું કાંઈ? **'એવા આત્માને...'** કેવા આત્માને? કે જે જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસ્વરૂપ જ્ઞાનને ધારી રાખે છે અને દૃષ્ટાભૂત-દર્શનભૂત છે. એવા આત્માને દર્શનસ્વરૂપ છે એમ. **'અતન્મય પરદ્રવ્યથી વિભાગ છે...'** સમજાણું? અતન્મય=જ્ઞાનદર્શનમય નહિ એવું. પરદ્રવ્ય છે. પરદ્રવ્યમાં અતન્મય છે. તન્મય છે નહિ. **'અતન્મય પરદ્રવ્યથી વિભાગ છે...' 'જ્ઞાનદર્શનમય નહિ એવું...'** સામું ચીજ. આત્મામાં જ્ઞાનદર્શન તન્મય છે અને શરીર અને રાગાદિમાં જ્ઞાનદર્શન તન્મય નથી. **'અતન્મય પરદ્રવ્યથી વિભાગ છે...'** જ્ઞાનદર્શન તન્મય મારો સ્વભાવ, એવા જ્ઞાનદર્શનનો અભાવ રાગાદિમાં છે તેવા પરદ્રવ્યથી મને વિભાગ છે. એનાથી હું જુદો છું. કહો, સમજાણું આમાં? જુઓ આ આત્માનો ધર્મ, અનુભવ કરનાર આત્માને આ રીતે અનુભવે અને માને છે. લ્યો આ તો સવારે એવું આવ્યું. સમજાણું? ઓલા અલિંગગ્રહણમાં આવ્યું હતું.

**'અને સ્વધર્મથી અવિભાગ છે...'** પરવસ્તુમાં તન્મય નથી કે જે પરમાં પુણ્ય-પાપ, દયા, દાન, વિકલ્પ શરીર, વાણી, જેમાં જ્ઞાન દર્શન તન્મય નથી. તન્મય તો અહીં છે. આમાં છે એ એમાં નથી, માટે એનાથી અતન્મય એવા જે પરદ્રવ્ય, એનાથી મારો વિભાગ છે, એનાથી મારી જુદાઈ છે અને મારા સ્વસ્વભાવથી અવિભાગ છે. મારો જાણવા-દેખવાનો જે સ્વભાવ છે એનો ભાગ નથી, અવિભાગ છે, અભેદ છે. આહા..હા..! કહો, આવો આત્માને કોઈ દિ' વિચાર્યો પણ નથી. લાલજીભાઈ! આહા..હા..! અને ધર્મ એને થઈ જાય. શી રીતે થાય?

**'સ્વધર્મથી અવિભાગ છે તેથી તેને એકપણું છે;...'** શું કીધું? આત્માને જ્ઞાનને ધારી રાખવું, દર્શનસ્વરૂપ, એને લઈને અતન્મય-એની સાથે નથી જે તન્મય અથવા જ્ઞાન, દર્શન, જેનામાં નથી, એવા જે પુણ્ય-પાપના આદિ ભાવ અને શરીર, વાણી, આદિ એનાથી આત્મા જુદો અને પોતાના સ્વભાવથી અવિભાગ છે—પોતાના સ્વભાવથી જુદો નથી. આ કારણે એકપણું છે. આ કારણે આત્માને એકપણું છે. એકપણું છે માટે એને શુદ્ધ છે. બેપણું હોય તો અશુદ્ધ થાય. સમજાણું કાંઈ? બગડે બે. રાગાદિ, પુણ્યાદિવાળો હોય તો અશુદ્ધ

થાય અને અશુદ્ધ થાય તો એ ડબલ-બગડો બે થયો તો અશુદ્ધ છે. આ કારણે અશુદ્ધ છે. જ્ઞાન-દર્શન સ્વભાવથી અવિભાગ છે અને જેનામાં જ્ઞાન, દર્શન આદિ નથી એવા અતન્મય પદાર્થથી મારું તદ્દન જુદાપણું છે અને મારા સ્વભાવથી મારું જુદાપણું નથી. સમજાણું કાંઈ? આવો એકપણાને કારણે એકમાં બીજું નથી માટે, આવો ભગવાન આત્મા જ્ઞાન-દર્શન સ્વરૂપે એકપણું. કેમકે બીજા ભાવ રાગાદિ પરથી ભિન્નપણું, પોતાના સ્વભાવથી અભિન્નપણું, તેથી તે એકપણું, એકપણું તેથી શુદ્ધપણું, તેથી તે ધ્રુવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સ્વધર્મથી અવિભાગ છે તેથી તેને એકપણું છે;...**' બે બોલ લીધા. પાંચમાંથી બે લીધા. પાંચ બોલે એકપણું છે એમ સિદ્ધ કરવું છે અને એકપણું છે માટે શુદ્ધ છે. એક હોય તે શુદ્ધ હોય, બે હોય તો અશુદ્ધ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ભાઈ ધીરા થઈને સમજવાની વાત છે. આ કાંઈ ઉપરથી કોઈ બહારથી આવી જાય એવી વસ્તુ નથી. અહીં તો વસ્તુ આત્મા... માથે એ હતુંને મથાળું? '**ધ્રુવપણાને લીધે શુદ્ધ આત્મા જ ઉપલબ્ધ...**' અનુભવ કરવાલાયક છે. એમ હતુંને માથે મથાળું? ઉપલબ્ધ-અનુભવ કરવાલાયક છે, એને અનુસરીને થવાલાયક છે એમ. કેમ? કે ભગવાન આત્મા જ્ઞાન, દર્શનથી ધારેલો તે સ્વરૂપે આત્મા છે, તે સ્વરૂપે હોવાથી જેમાં જ્ઞાન, દર્શન નથી એવા પદાર્થથી તે ભિન્ન છે. એટલે ખરેખર તો પુણ્ય-પાપના વિકલ્પમાં જ્ઞાન-દર્શન નથી. આહા..હા..! આ બહારના ધૂળના સુખ-દુઃખની કલ્પનામાં જ્ઞાન-દર્શન છે ત્યાં? કહો, જાદવજીભાઈ! આહા..હા..!

જ્યાં જ્ઞાનદર્શનથી ભરેલો હું, મારા સ્વભાવથી અવિભાગ છે એટલે વહેંચાયેલો એવો નથી. હું એક છું. એ અવિભાગ છે, તેથી એક છું. પરથી તો વિભાગ છે. તેથી બેકલાપણું એમાં નથી. સમજાણું કાંઈ? કહો, હવે આમાં દેવ-ગુરુ-શાસ્ત્ર તો આવતા હશે કે નહિ અંદર? દેવ-ગુરુ-શાસ્ત્ર તો શુદ્ધ છે. એય..! ગાંધી! આ દેવ-ગુરુ તો શુદ્ધ છે કે નહિ? તો શુદ્ધ આત્મામાં આવે કે નહિ અહીં? એ શુદ્ધ છે અને આ પણ શુદ્ધ છે. વિશુદ્ધ તો એની પાસે રહ્યું, એનાથી તો આ જુદો છે. એ અહીં કહેશે અંદર. સમજાણું કાંઈ? આહા..હા..! એ ૧૦ની સાલમાં પ્રશ્ન થયો હતો તમારે ત્યાં બોટાદ. સમજાણું? કે દેવ-ગુરુ? એ શુદ્ધ જુદાં? અનંતવાર જુદાં. વીરચંદભાઈએ પ્રશ્ન કર્યો હતો. દશની સાલમાં આપણે ત્યાં ઉતરતાને પહેલાં તો. .. ચીમનલાલભાઈ હતાને ત્યાં એના ઓલા પ્રમુખ હતા. દેવ-ગુરુ એ જુદાં? એ શુદ્ધ છે કે નહિ? હા જુદા. અને શુદ્ધ તો એના ઘરના શુદ્ધ. અહીંના ક્યાં શુદ્ધ? અહીં તો એકપણાને લઈને શુદ્ધ છે, બીજાપણાને લઈને શુદ્ધ છે એમ છે નહિ. સમજાણું કાંઈ? મૂળ વાત એ છે કે જૈનમાં પડ્યા પણ જૈનપણું એટલે વીતરાગ શું કહે છે? અને વસ્તુ શું છે? કાંઈ દરકાર નહિ, એમ ને એમ હો..હા.. હો..હા.. કરીને જિંદગી પાયમાલ કરીને ચાલ્યા જાય છે. આહા..હા..! સમજાણું? બે બોલ થયા પાંચમાંથી.

'(૩) **વળી જે પ્રતિનિશ્ચિત સ્પર્શ-રસ-ગંધ-વર્ણરૂપ ગુણો...**' પ્રતિનિશ્ચિત એટલે

'દરેક ઈન્દ્રિય પોતપોતાના નિયત...' એટલે નિશ્ચય '**વિષયને ગ્રહે છે; જેમ કે ચક્ષુ વર્ણને ગ્રહે છે.**' આંખ તો વર્ણને જાણે એમ. .. '**પ્રતિનિયત...**' એટલે પ્રત્યેક ઈન્દ્રિય સ્પર્શ-રસ-ગંધ-વર્ણરૂપ ગુણો '**અને શબ્દરૂપ પર્યાયને ગ્રહણ કરનારી...**' એટલે જાણનારી છે. એ '**અનેક ઈન્દ્રિયોને અતિક્રમીને,...**' ભગવાન આત્મા અતીન્દ્રિય પદાર્થ સિદ્ધ કરવો છેને હવે? એને અતિક્રમીને. એક-એકને ગ્રહે એવી ઈન્દ્રિયોને છોડી દઈને. '**અનેક ઈન્દ્રિયોને અતિક્રમીને,...**' છોડી દઈને, ઓળંગી જઈને. '**સર્વ સ્પર્શ-રસ-ગંધ-વર્ણરૂપ ગુણો અને શબ્દરૂપ પર્યાયને ગ્રહણ કરનારો...**' એક એકને ગ્રહણ કરનારી ઈન્દ્રિય એને છોડી દઈને. બધા ગુણો ..ને એક સાથે જાણનારો. સમજાણું કાંઈ? કેવો છો હું? જુઓ, ધર્મી આ રીતે આત્માને વિચારીને આત્માની શુદ્ધતાની પ્રાપ્તિ કરે છે. આહા..હા..! 'આત્માને ઓળખ્યા વિના રે...' નહોતું આવ્યું? ભવભ્રમણ ટળે નહિ. એ મીરાંબાઈનું છે. સમજાણું?

કહે છે કે ભાઈ! તું કોણ? કે હું જ્ઞાન-દર્શનસંપન્ન. હું જ્ઞાન-દર્શનસંપન્ન તો તેથી એક અને પરદ્રવ્યથી જુદો અને પરદ્રવ્ય છે એનાથી મારો ભાગ જુદો છે. મારા સ્વભાવથી મારો ભાગ જુદો નથી. ધ્યાન રાખવાનું હા પાડવા અને ના પાડવા માટે. સમજાણું કાંઈ? હું આત્મા જાણવા-દેખવાના સ્વભાવસ્વરૂપે અવિભાગ. સ્વભાવ અને સ્વભાવવાનનો ભાગ નથી અને સ્વભાવથી વિરૂદ્ધ પુણ્ય-પાપના ભાવ, શરીરાદિ એનાથી વિભાગ છે, એનાથી જુદો છું. જુદો છું માટે એક છું, એક છું માટે શુદ્ધ છું, શુદ્ધ છું માટે ધ્રુવ છું, ધ્રુવ છું માટે પ્રાપ્ત કરવાલાયક છે. કહો, શેઠ! આ તો એકડાની જેમ ઘુંટાય છે. કેમ? સ્વરૂપચંદભાઈ! આહા..હા..! પ્રત્યેક ઈન્દ્રિયોને એક-એક વિષયને જાણવાનું છે. આ કેવો છે? સર્વ સ્પર્શ. જગતના બધા સ્પર્શ. બધા રસ, બધા ગંધ, બધા રંગ એવા ગુણો. એ ચારને ગુણ લીધા અને શબ્દરૂપ પર્યાય. શબ્દ છે એ પર્યાય છે જડની. એને ગ્રહણ કરનારો-એ બધાને જાણનારો. લ્યો! અતીન્દ્રિય શબ્દ છેને પાઠમાં? એટલે ઈન્દ્રિયના એક એકને ગ્રહણ કરનારી ઈન્દ્રિય એનાથી ભિન્ન મારું સ્વરૂપ છે. દરેકને એક સાથે જાણનારો, એક સાથે જાણનારો. સર્વ રસ, ગંધ, રંગ, ગુણો ને પર્યાયને ગ્રહણ કરનારો. કહો, સમજાણું કાંઈ?

એક-એક ઈન્દ્રિયમાં તો એક ગંધનું જ્ઞાન થાય, અહીં રૂપનું થાય, અહીં શબ્દનું થાય, અહીં રસનું થાય, અહીં સ્પર્શનું થાય. પણ આત્મા તો બધા સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દની પર્યાય બધાને એક સાથે જાણનારો છે. બરાબર છે? એક લાલન હતા પંડિત લાલન. પંડિત લાલન. સાંભળ્યું છેને તમે ભાઈ? તમે તો સાંભળ્યું હશે. પંડિત લાલન તમને ખબર હશે. આપણે મંદિર આવતા વારંવાર લાંબાને.. એ કહે કે માળું આપણે સિદ્ધ થાવું હોય મોક્ષમાં જાવું, પણ આપણે ઓસામણ વિના ન ચાલે જાણે. હંમેશા ચોખા અને લચકો દાળ મગની અને ઓસામણ ઉનું-ઉનું. ઓસામણ સમજો છો કે નહિ? ઓસામણ. ઓસામણ શું? તમારે શું કહે છે? પાણી? દાલ કા પાની. વહ ચૂલાની આગમેં રખતે હૈ ન ઉના-

ઉના નીચે. અગ્નિ ઉપર. ઉનું-ઉનું આપે ઓસામણ. કાંઈ ટાઢું ઓસામણ ઠીક ન લાગે દાળમાં. ઓસામણ મળે તો સિદ્ધ થવું, ઓસામણ ન મળે સિદ્ધ ન થવું. માળું ઓસામણ વિના ચાલે નહિ કહે. મારું ઓસામણ ત્યાં હશે કે નહિ? અરે! ત્યાં તો કહે ઓસામણ શું? બધી જાત છે. બધાનું જ્ઞાન છે. અહીં શું કરે છે? દાળનું પાણી પતલા હોતા હૈ ન? ક્યાં શું ખાય છે આત્મા? એને જાણે છે કે આ છે એટલું. પણ જ્ઞાનમાં મારો આત્મા બધા સ્પર્શને, બધા રંગને, બધા ગંધને, બધી પર્યાયને, એક સમયે જાણે એવો મારો આત્મા છે. અહીં શું ખાવા વખતે એને જાણે છે. ખાઈ શકે છે એ? બહુ તો લક્ષ કરે, રાગ ખાય છે બહુ તો એ. આહા..હા..! સમજાણું? ઓહો..!

હું કેવો છું? અતીન્દ્રિય. આહા..હા..! મહાપદાર્થ. **'એક સત્ મહાપદાર્થ છે...'** એક સત્ એમ. ઓલા પાંચ-પાંચ ભંગ હતાને? શબ્દ એ પર્યાય, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ચાર ગુણો એને જાણનારી એક એક ઈન્દ્રિય. હું તો એક સત્ મહાપદાર્થ. બધાને એક સાથે જાણનારો સત્ મહાપદાર્થ છું. એવા આત્માને, એવો જે હું **'ઈન્દ્રિયાત્મક પરદ્રવ્યથી વિભાગ છે...'** ઈન્દ્રિયસ્વરૂપ... ત્યાં ઈન્દ્રિયો પરદ્રવ્ય છે બધી. એનાથી ભગવાન આત્મા જુદો છે. કહો, બરાબર છે? **'એવા આત્માને ઈન્દ્રિયાત્મક પરદ્રવ્યથી વિભાગ છે અને સ્પર્શાદિના ગ્રહણસ્વરૂપ...'** દેખો! એ પાંચ ઈન્દ્રિય અને જે શબ્દ આદિ પર્યાય છે એને જાણવાસ્વરૂપ ભાઈ! અહીં પર્યાય લીધી. એટલે એ પર્યાયસહિત આવી પર્યાય છેને એ? તો એ આવું છે માટે એક છે અને એક છે માટે શુદ્ધ છે અને શુદ્ધ માટે એને ધ્રુવ કીધું છે. સમજાણું કાંઈ?

ધ્રુવને અવલંબે પર્યાય પ્રગટી, એમાં એકાકાર થઈ માટે એને પણ ધ્રુવ કહેવામાં આવ્યું છે. જ્ઞાનપ્રધાન કથન છેને. સમ્યગ્દર્શનનો વિષય આ છે એમ અહીંયા નથી લેવું હોં. આહા..હા..! સમ્યગ્દર્શનનો વિષય તો ધ્રુવ છે એટલે જે શુદ્ધ ને ત્રિકાળ પરમશુદ્ધ એમ લેશે, પણ અહીં તો એ પર્યાયસહિતવાળાને શુદ્ધનય કહે છે. આહા..હા..! એને હોય છેને એની દશા, માટે એને શુદ્ધનયવાળો આત્મા, ધ્રુવ આત્મા કહે છે. સમજાણું કાંઈ? ઈન્દ્રિયસ્વરૂપ... આત્માને... આ ઈન્દ્રિયો સ્વરૂપ પરદ્રવ્ય છે એનાથી તો જુદો.

**'અને સ્પર્શાદિના ગ્રહણસ્વરૂપ...'** જે સ્પર્શ, રસ, ગંધ, રંગ અને શબ્દપર્યાય એનું જે જ્ઞાન એવો જે મારો સ્વધર્મ, એનાથી અવિભાગ છે. એ મારા સ્વધર્મથી જુદો નથી. જુદો નથી, અવિભાગ છે. સમજાણું કાંઈ? કહો, આ ભાગ વહેંચ્યા. આહા..હા..! ઈન્દ્રિયસ્વરૂપ પરદ્રવ્યથી જુદાપણાને લીધે અને સ્પર્શાદિના જ્ઞાનથી જુદાપણાને નહિ, જુદાપણાને નહિને લીધે **'તેથી તેને...'** આ કારણે. તેને એટલે આત્માને **'એકપણું છે;...'** સમજાણું કાંઈ? શું કહ્યું આ? કે આ ચાર ઈન્દ્રિય જે છે. આંખ, નાક, જીભ, સ્પર્શ. સમજાય છે? રસ. એ ગુણને ગ્રહણ કરે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ. સ્પર્શથી લીધું છેને નીચે અને આ કાન છે

એ શબ્દની પર્યાયને જાણે બસ એટલું. પણ હું એ પાંચ ઈન્દ્રિયથી અતિક્રમ-જુદો એવો જે આત્મા એ બધા સ્પર્શ, રંગ, ગંધની પર્યાયને એક સાથે જાણનારો એવો જે મારો ભાવ તે ઈન્દ્રિયો તે પરદ્રવ્ય છે એનાથી જુદો અને મારા સ્વભાવથી જુદો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સમજાય એવું છે. પણ એણે મનન કે દિ' કર્યું છે? સ્વાધ્યાય જ કરી નથી એણે સ્વાધ્યાય. સ્વલક્ષી આ આત્મા આ છે.

આ આત્મા.. પહેલા જ્ઞાન દર્શનને લઈને તો વાત કરી, પણ હવે અહીં ઈન્દ્રિયથી પાર અતીન્દ્રિય મહાપદાર્થની વ્યાખ્યા ચાલે છે. અતીન્દ્રિય મહાપદાર્થ કેમ? કે આ ઈન્દ્રિયાત્મક જે વસ્તુ છે તે એક-એક વિષય ગ્રહણ કરે છે, એ તો ખંડ ખંડ છે, એમાં તો અનેકપણું છે, ભેદપણું છે, અશુદ્ધપણું છે, અનિત્યપણું છે, નાશવાનપણું છે. એવા ઈન્દ્રિયના ચાર ગુણો અને શબ્દની પર્યાય એનાથી જુદો, જુદાને કારણે બધા સ્પર્શ, રસને એક સાથે જાણનારો એવો મારો જે સ્વભાવ તે પરદ્રવ્યથી જુદો છે. મારા સ્વભાવથી હું જુદો નથી, જુદો નથી માટે એક છું, એક છું માટે શુદ્ધ છું, શુદ્ધ છું માટે ધ્રુવ છું, ધ્રુવ છું તે અનુભવ કરવાલાયક છે એમ કહે છે. સમજાણું કાંઈ? શું ચાલે છે આ? ધર્મકથા ચાલે છે આ? આત્માને ધર્મ કેમ થાય એ વાત ચાલે છે. ધર્મ એમ થાય એટલે સુખી એમ થાય. ધર્મ એટલે સુખી એમ થાય, એની વાત ચાલે છે. સુખી એમ થાય કે જ્ઞાન-દર્શનસ્વરૂપે હું છું. સમજાય છે કાંઈ? અને જેમાં જ્ઞાન-દર્શન નથી એવી ચીજોથી હું તદ્દન વિભાગ-જુદો છું અને મારા જ્ઞાનદર્શનથી જુદો નથી. એવી અંતર દૃષ્ટિ કરવાથી સુખી થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? એવા એકને બેકલો માને, રાગવાળો માને, જેનું જ્ઞાન થાય એ જ્ઞાન મારું ખરું, પણ એ ચીજ મારી છે એમ માને, બેકલો માને તે અશુદ્ધ અને દુઃખી છે. એ દુઃખને પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ! આ તો મોટા લાખો-કરોડો જુઓ કેટલા પૈસા. કરોડના કાંકરા કેટલા હશે? બાથ ભીડીને બેઠો છે જ્યાં, હું એક નહિ, હું અનેક છું. કઈ રીતે અનેક છો? એ આ બીજી ચીજો છે એ મારા સંબંધમાં છે કે નહિ? સંબંધ છેને? બંધ છેને મને? બંધ છે તો તું એકલો ન રહ્યો. સમજાય છે? બંધવાળો થયો, સંબંધવાળો થયો, અશુદ્ધ થયો, દુઃખી થયો. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! કઈ શૈલીએ વાત કરે જુઓને. એ જ્ઞેય આવું છે. જ્ઞેય છેને આ તત્ત્વ. આત્માનું જ્ઞેય આવું છે એ સિદ્ધ કરે છે.

આ ઈન્દ્રિયો જે છે એ પર છે અને તેનાથી ગ્રહણ થાય તો એક એક વિષયનું એક એક ઈન્દ્રિય ગ્રહણ કરે અને કાન છે એ એ શબ્દની પર્યાય જાણે. એનાથી તો અતિક્રમેલો મારો આત્મા ભિન્ન રહેલો, છૂટેલો, છોડેલો તે ઈન્દ્રિયથી. એવો અતીન્દ્રિય સત્, તે પણ સત્ હોવાવાળો મહાપદાર્થ છે. અતીન્દ્રિય હોવાવાળો મહાપદાર્થ છે. એ મહાપદાર્થ ઈન્દ્રિયોના વિષયને એક સાથે બધાને જાણે એવા જ્ઞાન, એ જ્ઞાનથી મારો ભાગ નથી, જુદો નથી, પણ તે ઈન્દ્રિયો અને પરદ્રવ્ય એનાથી મારો ભાગ છે-જુદો છે. એમાં મારો ભાગ નથી

એટલે? એનાથી હું જુદો છું એમ. આહા..હા..! સમજાણું કાંઈ? માટે હું એક છું. આ કારણે હું એક છું. જુઓ, ઓલા જ્ઞાનદર્શનમાં એકપણું ઠરાવ્યું, હવે આમાં અતીન્દ્રિય મહાપદાર્થને ઇન્દ્રિયના જ્ઞાનથી (ભિન્ન) બધું એક સાથે જ્ઞાન, એવા જ્ઞાનવાળા હોવાને લઈને અતીન્દ્રિય સત્ મહાપદાર્થ છું, માટે એક છું. મારા એકમાં બીજો છે નહિ માટે શુદ્ધ છું, શુદ્ધ છું માટે ધ્રુવ છું. એમાં જાણવા-દેખવાનો વેપાર કોઈ દિ' જાય નહિ, નાશ ન થાય. સમજાણું કાંઈ?

હવે શું આવ્યું? એ અચલં. અચળ-અચળ. '**णाणप्पाणं दंसणभूदं अदिंदियमहत्थं।**' સમજાય છે? અતીન્દ્રિય મહા પદાર્થ છું. મહા પદાર્થ છું. ઓહો..હો..! કેમ? કે હું તો બધાને જાણનારો એક. બધાને જાણનારો એક એવો અતીન્દ્રિય મહાપદાર્થ. સમજાણું કાંઈ? હવે અચળ સિદ્ધ કરવું છે. ધ્રુવ તો એમાં લીધું છે, પણ એ એકપણું છે તેથી શુદ્ધ છે અને તેથી ધ્રુવ છે એમ સિદ્ધ કરવું છેને? તો ધ્રુવ વિશેષણ છે એને છેલ્લું લીધું એણે. ભાઈ! સમજાણું? ધ્રુવ વિશેષણ છે ગાથામાં, પણ એને આ રીતે '**णाणप्पाणं दंसणभूदं अदिंदियमहत्थं। ध्रुवमचलमणालंबं**' એવો એક હોવાને લઈને એ શુદ્ધ છું માટે ધ્રુવ છું એમ. '**मण्णेऽहं अप्पगं सुद्धं।**' આવાને હું શુદ્ધ જાણું છું માટે એવાને હું ધ્રુવ જાણું છું એમ. માળે ભારે! ટીકા પણ! કેટલી ગંભીરતા ભરી છે!

હું અચળ છું. એટલે શું? '(૪) **વળી ક્ષણવિનાશરૂપે પ્રવર્તતા જ્ઞેયપર્યાયોને...**' આ જાણવાયોગ્ય જે જ્ઞેય છેને ક્ષણે ક્ષણે વિનાશરૂપે પ્રવર્તતા. '**(ક્ષણે ક્ષણે નાશ પામતા જણાવાયોગ્ય પર્યાયોને) ગ્રહવા-મૂકવાનો અભાવ હોવાથી...**' જગતના જ્ઞેયો રાગાદિ, શરીર આદિ, લક્ષ્મી આદિ, સ્ત્રી, કુટુંબ આદિ બધું આખી દુનિયા. જે ક્ષણવિનાશરૂપે પ્રવર્તે છે. ક્ષણે ક્ષણે વિનાશ... વિનાશ... વિનાશ... વિનાશ... વિનાશ... વિનાશ થાય છે. સમજાણું કાંઈ? '**ક્ષણવિનાશરૂપે પ્રવર્તતા જ્ઞેયપર્યાયોને...**' એટલે જણાવાયોગ્ય દશાઓને. '**(ક્ષણે ક્ષણે નાશ પામતા જણાવાયોગ્ય પર્યાયોને) ગ્રહવા-મૂકવાનો અભાવ હોવાથી...** ' એને ગ્રહવું-છોડવું મારામાં નથી, માટે અચળ છું. સમજાણું કાંઈ? મેં રાગને ગ્રહ્યો નથી અને રાગને મૂકતો નથી એવો અચળ છું. જેટલા જણાવાયોગ્ય પદાર્થ છે, પુણ્ય-પાપના વિકલ્પથી માંડી, શરીર, વાણી, કર્મ જે કાંઈ ક્રિયા થાય તે બધા જ્ઞેયપર્યાયો છે. તે જ્ઞેયપર્યાયોને ગ્રહવા-મૂકવાનો મારો અભાવ છે. મેં એને ગ્રહ્યા પણ નથી અને મેં એને મૂક્યા પણ નથી. ગ્રહવું મૂકવું નથી માટે અચળ છું. આહા..હા..! કહો, આ છોડે છેને કે મેં આ બાયડી-છોકરા છોડ્યા. પણ કે દિ' ગ્રહ્યા હતા તે છોડ્યા? એમ કહે છે. હું આત્મા અચળ છું. અચળ છું એટલે? અચળ છું એટલે એક છું અને એક છું માટે શુદ્ધ છું અને શુદ્ધ છું માટે ધ્રુવ છું અને ધ્રુવ છું માટે પ્રાપ્ત કરવાલાયક છે. વજુભાઈ! ઓહો..હો..! ધર્મી જીવ પોતાને આત્માને આવો જાણે છે. મારા સિવાય જે જણાવાયોગ્ય જ્ઞેયો છે, પુણ્ય-પાપના વિકલ્પો, શરીર, વાણીની આ ક્રિયાઓ થાય તે. આમ મંદિરો આદિ થાય તે. છોકરા.. પર્યાયો થાય ક્ષણે ક્ષણે નાશવાન

તે બધી ચીજોને મારો આત્મા તેને ગ્રહવું અને છોડવું એવા અભાવ (સ્વભાવે) છે. આહા..હા..! ... શાંતિભાઈ! છોકરાને .. ..

મારું આ ગ્રહવું, સદોષ આહાર છોડવો એવું રહ્યું એમાં? કહે છે કે ભગવાન! તારામાં એ ચીજ નથી. એ તો ક્ષણિક ચીજ છે. એ પરચીજ તો ક્ષણે ક્ષણે નાશવાળી ચીજ છે. શરીર, વાણી, લક્ષ્મી, દાળ, ભાત, રોટલા, મકાન, દાગીના, તારી આબરૂ બધી ચીજો ક્ષણે ક્ષણે નાશવાનવાળી ચીજ છે, એ ચીજને મેં ગ્રહી નથી અને મેં મૂકી નથી. મારામાં તેને ગ્રહવા અને મૂકવાનો અભાવ હોવાથી, તે અચળ આત્મા છે. આહા..હા..! ભારે! એવા આત્માને પરને ગ્રહવાવાળો અને મૂકવાવાળો માનવો એ એકલો ન માનતા બેકલો માન્યો, બેકલો માન્યો એટલે અશુદ્ધ માન્યો, અશુદ્ધ માન્યો તો અધ્રુવ માન્યો અને અધ્રુવ માન્યો તો મિથ્યાત્વી છે. આહા..હા..! એય..! ..ભાઈ! આ પણ શું હશે? ઓહો..હો..! ધર્મી, સમ્યગ્દષ્ટિ પોતાને ધ્રુવપણાને અવલંબીને ધ્રુવને પ્રાપ્ત કરે છે. ધ્રુવને પ્રાપ્ત કેમ કરે છે? કે તે શુદ્ધ છે માટે. શુદ્ધ કેમ છે? એકપણું છે માટે. સમજાણું? એકપણું કેમ છે? કે જે જણાવાયોગ્ય જ્ઞેય પદાર્થ છે તેમાં મારે ગ્રહવા-મૂકવાનો અભાવ છે એવો અચળ છું, તેથી આત્માને એકપણું છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? હજી એકપણાની વ્યાખ્યા બાકી છે.

અહીં તો હજી એવા આત્માને. કેવા આત્માને? કે મારા સિવાય જે પુણ્ય-પાપના વિકલ્પો ક્ષણે ક્ષણે નાશવાળા છે, થાય ને જાય... થાય ને જાય... થાય ને જાય... શરીરની અવસ્થા ક્ષણે ક્ષણે બદલતી, વાણીની અવસ્થા, પુણ્ય-પાપની, આ દાળભાતની, રોટલાની, બાયડી, છોકરાના આત્માની એના શરીરની. ક્ષણે ક્ષણે બદલતી અવસ્થાવાળી એ ચીજને મારે ગ્રહવા લેવા-મૂકવાનો અભાવ છે, બીજી ભાષાએ કહીએ તો, એ ચીજને લેવું-મૂકવું એવો મારામાં અભાવ છે. આહા..હા..! '**અભાવ હોવાથી જે અચળ છે એવા આત્માને...**' અચળ છે એવા આત્માને '**જ્ઞેયપર્યાયોસ્વરૂપ પરદ્રવ્યથી વિભાગ છે...**' દેખો! એ પુણ્ય-પાપનો રાગ અને શરીર, વાણી બધી ચીજો એ જ્ઞેયની પર્યાયો છે એનાથી હું જુદો, એનાથી મારે ભાગ છે, વિભાગ છે. કહો, બરાબર હશે આ? આ સમાજ છે એ પર્યાયથી જુદો છે? સમાજ ભૂષણ છે એ જ્ઞેયની પર્યાય છે એમ કહે. જ્ઞેયની પર્યાય છે. ડાલચંદજી! એ પણ આની અપેક્ષાએ જ્ઞેયની પર્યાય છે અને તે ક્ષણે ક્ષણે બદલતીવાળા છે બધા. એવા ક્ષણ ક્ષણ વિનાશીક પર્યાયનું મારામાં લેવા-મૂકવાનો અભાવ છે. આહા..હા..! આત્માએ તે જ્ઞેયની દશાને કોઈ દિ' ગ્રહી નથી, છોડી નથી. તેથી તે આત્મા અચળ છે. કહો, સમજાણું આ? કેવા આત્માનું વર્ણન કરે છે કેવો (એ) જોવો તો ખરો આ. આહા..હા..! ભગવાન બાદશાહમાં બધી ... આ છોડીયુંનું વળાવે ત્યારે કરિયાવર મૂકે છેને. કરિયાવર એટલે આ દિકરીને લગનમાં નથી આપતા દહેજ-દહેજ શું કહેવાય? દાયજો. એવા .. એમ. દેખાડવા. ઓલા કહે જો તારા ભગવાન આત્માનો દાયજો આ છે. તારો ઘરવખરો આ છે. સમજાણું કાંઈ? આ એનું

આણું છે મોક્ષમાં જવા માટે. .. જા મોક્ષમાં હવે. એમ કહે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! બાવો થઈ જાય તો સમજાય આવું. અમારે પ્રશ્ન નારદ છેને ..લાલ. ..વાળા નથી? આવે તો કહે, મારે બાવા થવું છે. પણ બાવો તો છો. અહીં તો કહે છેને, પરવસ્તુને ગ્રહવા-મૂકવાનો તો અભાવ છે તારામાં, અચળ છો. ખબર નહિ. પણ એને .. પણ એ તું કોણ છો એની તને ખબર નથી. તારી તને ખબર નથી. કેવડો, ક્યાં, કેમ છો? ખબર નથી, પરથી જુદો કેમ છો ખબર નથી, તારાથી એ જુદી ચીજ કેમ છે એની ખબર નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે!

કહે છે કે હું અચળ .. અચળ છું. કેમ? કે જેટલી મારા સિવાયની હીણી પર્યાય .. પર્યાયો પુણ્ય-પાપ હોં.. વ્યવહારરત્નત્રયની પર્યાય ક્ષણે ક્ષણે નાશવાન જ્ઞેયની પર્યાય છે. એને મેં ગ્રહી નથી, તેમ છોડતો પણ નથી. આહા..હા..! મારામાં એ વ્યવહાર રત્નત્રયના વિકલ્પથી માંડીને શરીર, વાણી, મન, કર્મ નહિ. એ કર્મને મેં ગ્રહ્યા પણ નથી અને કર્મને મારે છોડવા પણ નથી એમ કહે છે. કર્મ હું બાંધતો પણ નથી અને કર્મ હું છોડતો નથી એવો હું છું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અચળ છું. આહા..હા..! કેમ અચળ છું? ચળ્યો નથી કેમ? પોતાના ભાવથી ખસ્યો નથી કેમ? કે મારાથી જુદી પર્યાયને લેવા-મૂકવાનો તો મારામાં અભાવ છે, માટે હું અચળ છું, એમ ને એમ છું. આહા..હા..!

તેથી '**જ્ઞેયપર્યાયોસ્વરૂપ પરદ્રવ્યથી વિભાગ છે...**' એ પુણ્ય-પાપની પર્યાયો, શરીર, વાણીની દશાઓ બધા પરદ્રવ્ય છે, એનાથી હું જુદો. '**તન્નિમિત્તક જ્ઞાનસ્વરૂપ સ્વધર્મથી અવિભાગ છે તેથી તેને એકપણું છે;...**' લ્યો! આહા..હા..! તે તે પુણ્ય-પાપના વિકલ્પો છે તેનું અહીં જ્ઞાન મારામાં છે, તે જ્ઞાનથી એ ચીજ જુદી છે, એનાથી જુદો, પણ તે સંબંધીનું જ્ઞાન છે એ મારાથી જુદું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેથી તેને એકપણું છે;...**' આ કારણે એક છે તે શુદ્ધ જ હોય, બે હોય તો અશુદ્ધ થાય. આહા..હા..! અને શુદ્ધ છે માટે ધ્રુવ છે, માટે ધ્યેય અંતર અનુભવ કરવાલાયક છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન-૧૫૦ ઉપલબ્ધ નહિ હોવાથી લેવામાં આવેલ નથી.**

**વૈશાખ વદ ૧૦, રવિવાર, તા. ૧૧.૦૫.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૧, પ્રવચન-૧૫૧**

આ પ્રવચનસાર. જ્ઞેય અધિકાર, એની ૧૭૨ ગાથા. પ્રશ્ન છે શિષ્યનો **'હવે ત્યારે જીવનું,...'** જીવ ઔદારિક શરીર આદિથી જુદો છે એમ કહ્યું છે ૧૭૧માં. આ આત્મા પાંચ શરીર જે છે એનાથી જુદો છે. શરીર શરીરપણે, અજીવપણે રહ્યા, એ અજીવથી જીવપણું જુદું છે. એમ જ્યારે કહ્યું ત્યારે શિષ્યને પ્રશ્ન થયો કે **'જીવનું, શરીરાદિ સર્વ પરદ્રવ્યોથી વિભાગના-જુદા પડવાના સાધનભૂત, અસાધારણ સ્વલક્ષણ શું છે...'** પરથી ભિન્ન પડે અને પોતાનો સ્વભાવ સાધે એવું અસાધારણ સ્વલક્ષણ પરથી જુદા પડવાનું, વિભાગ થવાનું, ભેદજ્ઞાન થવાનું સાધન શું છે? એમ પૂછે છે. એનો ઉત્તર કહે છે. આવી જેને જિજ્ઞાસા છે, શરીરથી ભિન્ન-વિભાગ સાધન, જુદા પડવાનું, વિવેક કરવાનું, ભેદજ્ઞાન કરવાનું સાધન શું છે? એવી જેને અંતર જિજ્ઞાસા છે એને આ ગાથા ઉત્તર તરીકે કહેવામાં આવે છે.

अरसमरूवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं।
जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं।।१७२।।
છે ચેતનાગુણ, ગંધ-રૂપ-રસ-શબ્દ-વ્યક્તિ ન જીવને,
વળી લિંગગ્રહણ નથી અને સંસ્થાન ભાખ્યું ન તેહને. ૧૭૨.

એની **'ટીકા :- આત્મા (૧) રસગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...'** ૧૭૨. આત્મા રસગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી અરસપણું છે. એમ હોવાથી અરસપણું છે એ આગળ લેશે. છેલ્લો શબ્દ છે એનો. **'આત્માને પુદ્‌ગલદ્રવ્યથી વિભાગના સાધનભૂત (૧) અરસપણું,...'** છે. એમ કહે છે. છેને છઠ્ઠી લીટી? આત્મા વસ્તુ એને રસગુણનો અભાવરૂપ સ્વભાવ, એમ. રસગુણનો જે સ્વભાવ એનો અભાવરૂપ સ્વભાવ છે. એવો હોવાથી **'આત્માને પુદ્‌ગલદ્રવ્યથી વિભાગના સાધનભૂત અરસપણું,...'** છે. અરસપણું છે. કહો, સમજાણું કાંઈ? **'(૨) રૂપગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...'** રૂપગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી **'અરૂપપણું,...'** છે. એમ **'(૩) ગંધગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...'** **'અગંધપણું,...'** છે. એમ **'(૪) સ્પર્શગુણરૂપ વ્યક્તતાના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...'** **'અવ્યક્તપણું,...'** છે.

'(૫) **શબ્દપર્યાયના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...'** ભગવાન આત્મા... એ શબ્દ એ પર્યાય છે. ઓલા ચારને ગુણ લીધા. શબ્દની પર્યાયનો અભાવ આત્મામાં. શબ્દની પર્યાય થાય તેનો અભાવ. એ-રૂપ સ્વભાવવાળો હોવાથી, શબ્દની પર્યાયના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી તે અશબ્દપણું છે. આત્મામાં અશબ્દપણું છે. કહો, સમજાણું? આત્મા શબ્દ કરતો નથી, શબ્દની પર્યાયના અભાવ-સ્વભાવવાળો અશબ્દ છે. અશબ્દપણું એ પુદ્‌ગલથી ભિન્ન પડવાનું સાધન છે. સમજાણું? વિભાગ કરવાનું. અશબ્દપણું.

અને '(૬) **તે બધાને કારણે (અર્થાત્ રસ-રૂપ-ગંધ વગેરેના અભાવરૂપ સ્વભાવને કારણે)...'** ત્યારે એમાં નાખ્યું પહેલું સાધારણ. '**લિંગ વડે અગ્રાહ્ય હોવાથી...'** એવા લિંગ વડે અગ્રાહ્ય હોવાથી. પહેલો સાધારણ અર્થ કરે છે, પછી અલિંગગ્રહણનો વિશેષ અર્થ પછી કરશે. સાધારણ ભેગું નાખે છે આ બધું. '**તે બધાંને કારણે...'** રસપણું, રૂપપણું, ગંધપણું વગેરે અભાવરૂપ વડે '**લિંગ વડે અગ્રાહ્ય હોવાથી...'** ચારપણે ગ્રહવું તેનો અભાવ હોવાથી તેનામાં અલિંગગ્રાહ્યપણું છે. તેનામાં અલિંગગ્રાહ્યપણું છે. છેલ્લા શબ્દો છે બધા જુઓ. એ લિંગાદિ-રસ, રૂપ, ગંધ, શબ્દ, સ્પર્શ આદિ જે છે એવા લિંગો-ચિહ્નોથી અગ્રાહ્ય હોવાથી તેનામાં અલિંગગ્રાહ્યપણું (છે એટલે) એવા લિંગ વડે ગ્રહાય એવો એ નથી. શબ્દ વડે જણાય કે ગ્રહાય એવો એ નથી. કેમકે શબ્દ છે એ પુદ્‌ગલની પર્યાય છે, એનો આત્મામાં અભાવ છે, તેથી તે લિંગ દ્વારા આત્મા જણાય એવો એ નથી. અલિંગગ્રાહ્ય છે અને અસંસ્થાનપણું. છેલ્લું. '**સર્વ સંસ્થાનોના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...'** સર્વસંસ્થાન એટલે આકાર. શરીર આદિના આકાર એનો અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી '**અસંસ્થાનપણું છે.'** છેલ્લો શબ્દ છે. સાતમો. એ પુદ્‌ગલથી ભિન્ન પડવાના સાધનની વાત કરી. આત્માને પુદ્‌ગલદ્રવ્યથી વિભાગના સાધનભૂત આ છે. આત્માને પુદ્‌ગલદ્રવ્યના જુદાંપણાના કારણરૂપ, આવા અરસપણું, અશબ્દપણું, અગંધપણું, અવ્યક્તપણું, અલિંગગ્રાહ્યપણું અને અસંસ્થાનપણું એ પુદ્‌ગલથી આત્માને જુદો પાડવાના કારણરૂપ સાધન છે. કહો, સમજાણું કાંઈ?

હવે બીજો બોલ. '**પુદ્‌ગલ તેમ જ અપુદ્‌ગલ એવા સમસ્ત અજીવદ્રવ્યોથી વિભાગનું સાધન...'** ઓલા તો પુદ્‌ગલથી ભિન્ન પડવાનું સાધન કહ્યું. અરસપણું, અગંધપણું, અસ્પર્શપણું વગેરે. હવે પુદ્‌ગલ અને અપુદ્‌ગલ '**એવા સમસ્ત અજીવદ્રવ્યોથી...'** શુભ-અશુભભાવો એ બધા પુદ્‌ગલ કે અપુદ્‌ગલ ... એટલે એ પણ અપુદ્‌ગલ એટલે છે તો પુદ્‌ગલ, પણ આ પુદ્‌ગલની જાતથી જુદી. તેથી એને અપુદ્‌ગલ એવા સમસ્ત અજીવદ્રવ્યો... બધા અજીવ છે. જુદાંપણાનું સાધન '**તો ચેતનાગુણમયપણું છે;...'** ઓલામાં એમ હતું કે અરસપણું આદિ છે. અને આ ચેતનાગુણમયપણું છે. ભગવાન... પાઠમાં છે ખરુંને ચેતનાગુણ. ચેતના... જાણવા-દેખવાનો ગુણ એ દ્વારા પુદ્‌ગલ અને અપુદ્‌ગલ બધાથી જુદું પડવાનું સાધન એ ચેતનાગુણ છે, ચેતનાગુણમયપણું છે.

'**અને તે જ, માત્ર સ્વજીવદ્રવ્યાશ્રિત હોવાથી...**' ચેતના-જાણવું-દેખવું એવી ચેતના ગુણમય એ સ્વજીવદ્રવ્યાશ્રિત, સ્વજીવદ્રવ્યાશ્રિત એટલે પાછું દરેકના સ્વજીવદ્રવ્યાશ્રિત એમ. ચેતનાગુણમયપણું એ માત્ર સ્વજીવ આશ્રિત. કારણ કે પોતે પુદ્ગલ છે એથી ભિન્ન, પછી અપુદ્ગલમાં તો બધા જીવ છે એનાથી પણ ભિન્ન આવ્યું. સમજાણું? '**પુદ્ગલ તેમજ અપુદ્ગલ...**' ધર્માસ્તિ, અધર્માસ્તિ અને જીવો તે બધા, રાગાદિ બધાય. એનાથી ભિન્નપણું તે ચેતનાગુણમયપણું છે. જાણવા-દેખવા ગુણમયપણું '**તે જ, માત્ર સ્વજીવદ્રવ્યાશ્રિત હોવાથી...**' જાણવા-દેખવાનો ભાવ માત્ર સ્વજીવદ્રવ્ય, સ્વજીવવસ્તુ એને આશ્રિત ચેતનાગુણમયપણું હોવાથી '**સ્વલક્ષણપણું ધરતું થકું,...**' એ જાણવા-દેખવાનો ભાવ સ્વલક્ષણપણાને ધરતું થકું. '**આત્માનો શેષ અન્યદ્રવ્યોથી વિભાગ સાધે છે.**' આત્માનો શેષ અન્ય દ્રવ્યો એટલે જીવો અને અજીવો, એનાથી વિભાગ નામ જુદાપણું સાધે છે. એ સામાન્ય અર્થ છે પહેલો. અલિંગગ્રહણનો પણ થોડો એમાં નાખી દીધો એક સાધારણ અર્થ.

હવે એનો વિસ્તાર કરે છે. ''**અલિંગગ્રાહ્ય' એમ કહેવાનું છે...**' કહે છે કે લિંગો દ્વારા જણાય નહિ, ગ્રહાય નહિ એમ કહેવામાં આવે છે. '**ત્યાં જે 'અલિંગગ્રહણ' એમ કહ્યું છે તે ઘણા અર્થોની...**' પ્રાપ્તિ '**ઘણા અર્થોની પ્રતિપત્તિ (પ્રાપ્તિ, પ્રતિપાદન) કરવા માટે છે.**' નહિતર તો અલિંગગ્રાહ્ય છે. લિંગથી ગ્રહાય, જણાવાયોગ્ય નથી. પણ અલિંગગ્રહણ કહીને ઘણાં અર્થોની એમાં પ્રતિપત્તિ-જ્ઞાન કરાવવા અલિંગગ્રહણ શબ્દ વાપર્યો છે. સમજાણું આમાં? શું કહ્યું એમાં? એય..! ચંદ્રકાંતભાઈ! લે ઘડીકમાં સમજાય.. ઘડીકમાં સમજાય.. આ અમારે બે મોઢા આગળ બેસનારા છેને ત્યાં. સાથે ને સાથે રહેનારા છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ શું આવ્યું? શું કીધું એમ કીધું પાછું.

અલિંગગ્રાહ્ય કહેવા માગે છે. છતાં અલિંગગ્રહણ જે કહ્યું છે, અલિંગગ્રાહ્ય ન કહેતા અલિંગગ્રહણ કહ્યું છે એ ઘણા અર્થોના જ્ઞાન કરાવવા માટે તેને અલિંગગ્રહણ કહેવામાં આવ્યું છે. કહો, સમજાણું આમાં? નથી સમજાતું લ્યો. એય..! પાઠમાં અલિંગગ્રહણ છે જુઓ. કહે છે કે અલિંગગ્રહણ શબ્દ કેમ કહ્યો? નહિતર તો લિંગ દ્વારા ન જણાય એવું અલિંગગ્રાહ્ય કહેવામાં આવે છે. કહેવા એ માગે છે કે લિંગ વડે ગ્રાહ્ય નથી, પર વડે જણાય એવો નથી, પરના ચિહ્ન દ્વારા જણાય એવો નથી. એમ કહેવા માગે છે. છતાં એટલું એક ન કહેતાં અલિંગગ્રહણ શબ્દ વાપર્યો છે એ ઘણા અર્થોનું જ્ઞાન. પ્રતિપત્તિ એટલે જ્ઞાન. અલિંગગ્રહણમાં ઘણા ભાવોનો સમાવેશ થાય છે. માટે તેને અલિંગગ્રાહ્ય ન કહેતા અલિંગગ્રહણ કહેવામાં આવ્યું છે. કહો, હવે ત્રણવાર કહ્યું. કહો, મહેન્દ્રભાઈ! હીરા-માણેકમાં કેમ ઝપટ મારે છે? સમવસરણ બનાવ્યું છે, કીધું, ૨૦ લાખનું આખું. એ ચાર દિ' રાત મહેનત કરીને રાતમાં. આ રસ્તા માણેકના રસ્તા, ફલાણા, ઢીકણા મોતીના. એક થાળીમાં ૨૦ લાખ. ત્યાં તો

બધે ચાર દિ' બહુ મહેનત કરી હતી. આ તો ત્રણવાર કહ્યું તો હજી કોને? શું કહ્યું એમાં?

અહીંયા અલિંગગ્રાહ્ય શબ્દ કહેવાનો છે. કેમકે લિંગ દ્વારા આત્મા પરલિંગ. રાગ, શરીર, વાણી, કર્મ વગેરે. પરજીવ, પરજીવના લક્ષણો બધા, એ દ્વારા આત્મા જણાય એવો નથી એમ કહેવા માગે છે. છતાં અલિંગગ્રાહ્ય શબ્દ ન વાપરતા અલિંગગ્રહણ કહ્યું, એ અલિંગ નામ લિંગોથી-ઘણાં લિંગોથી, ઘણાં પ્રકારના લિંગોથી જણાય એવો નથી એવા ઘણા અર્થનો સમાવેશ કરવા અલિંગગ્રહણ શબ્દ વાપર્યો છે. કહો, ચંદ્રકાંતભાઈ! હવે તો બોલો આવડે છે કે નહિ આમાં કાંઈ? ત્યાં એં.. એં.. થઈ જાય. જુઓ, શું કીધું? **'અલિંગગ્રાહ્ય એમ કહેવાનું છે...'** ભગવાન આત્મા પોતાના ચૈતન્ય લક્ષણ સિવાય કોઈપણ લક્ષણ દ્વારા જણાય એવો નથી એમ એમાં કહેવું છે. છતાં પાઠમાં કુંદકુંદાચાર્ય મહારાજે અલિંગગ્રહણ શબ્દ વાપર્યો, અલિંગગ્રાહ્ય ન વાપરતા અલિંગગ્રહણ વાપર્યો એ લિંગોના ઘણા અર્થો સમજાવવા માટે, લિંગના ઘણા ભાવોનું જ્ઞાન કરાવવા માટે અલિંગગ્રહણ શબ્દ વાપર્યો છે. આ તો ચાર ચોપડી ભણેલો હોય એને પકડાય એવું છે શબ્દ. શબ્દો તો પકડાયને કે શું કહે છે એ. આહા..હા..! મુંબઈમાં ન હોય. મુંબઈમાં બધું વંચાતું હશે? કહો, સમજાણું આમાં?

શું કહ્યું? ફરીને જુઓ, કે **'અલિંગગ્રાહ્ય એમ કહેવાનું છે...'** અહીંયા લિંગ દ્વારા જણાય નહિ એમ કહેવા માગે છે. છતાં ત્યાં અલિંગગ્રહણ શબ્દ વાપર્યો છે તે ઘણાં અર્થનું, લિંગમાંથી ઘણા ભાવો કાઢવા છે, એક લિંગમાંથી ઘણા અર્થો કાઢવા છે, ઘણાં અર્થોનું જ્ઞાન કરાવવું છે. એ ઘણાં અર્થોનું જ્ઞાન કરાવવા માટે અલિંગગ્રાહ્ય શબ્દ ન વાપરતા અલિંગગ્રહણ શબ્દ વાપર્યો છે અથવા અલિંગગ્રહણ શબ્દ આવ્યો છે. સમજાય છે કાંઈ? કહો, હવે **'તે આ પ્રમાણે છે :'** હવે તે અલિંગગ્રહણ. છ અક્ષર છે. એમાંથી ૨૦ અર્થ કાઢશે. છ અક્ષરમાંથી ૨૦ અર્થ. એ માટે અલિંગગ્રહણ શબ્દ વાપરવામાં આવ્યો છે.

હવે **'(૧) ગ્રાહક (-જ્ઞાયક)...'** આ જ્ઞાયકસ્વભાવભાવાળો આત્મા, જાણનારો આત્મા, જ્ઞાયક એવો આત્મા **'જેને...'** એટલે આત્માને જ્ઞાયક એવા આત્માને **'જેને લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ (-જાણવું) થતું નથી...'** એ પોતે જાણનાર એવો ભગવાન આત્મા જ્ઞાયક, એને ઇન્દ્રિય વડે જાણવું થતું નથી. કેમકે જ્ઞાયક એવો આત્મા તેનું જ્ઞાનલક્ષણ તે લક્ષ્ય દ્રવ્યનું લક્ષણ છે, એ લક્ષણ ઇન્દ્રિયને લક્ષ બનાવીને જાણવું થાય તેને જ્ઞાન કહેતા નથી. સમજાય છે કાંઈ? જાણવું એવું જે લક્ષણ, જાણવું, જ્ઞાયકભાવનું જાણવું એવું લક્ષણ એ લક્ષ્ય દ્રવ્યનું છે, ચૈતન્ય જ્ઞાયકનું છે લક્ષણ. જ્ઞાયક એવા જીવને જેને-જેને લિંગ વડે ઇન્દ્રિયો જે લક્ષણનું લક્ષ્ય નથી. પાંચ ઇન્દ્રિયો એ લક્ષણ જ્ઞાન એનું એ લક્ષ્ય નથી. લક્ષણનું લક્ષ્ય તો દ્રવ્ય છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કહીએ છીએને. હળવે હળવે કહીએ છીએને. એય..!

જ્ઞાન જ્ઞાયક એવા જેને, જાણનાર એવા જેને, જાણનાર એવો ભગવાન જેને ઈન્દ્રિયો જે આત્માના લક્ષણ અને લક્ષ્યથી જુદી ચીજ છે. પાંચ ઈન્દ્રિયો અને ખંડ-ખંડ ઈન્દ્રિય-ભાવ ઈન્દ્રિય. એ બધો પરભાવ છે, પરવસ્તુ છે. એ જ્ઞાનલક્ષણનું લક્ષ્ય નથી. જ્ઞાનલક્ષણ ત્યાં લક્ષ કરીને એ જાણવું થાય તે જ્ઞાન નથી. તે જ્ઞાન નથી. સમજાણું કાંઈ? જ્ઞાયક એવા જેને, જાણનાર એવા જેને લિંગ વડે એટલે પાંચ ઈન્દ્રિય વડે જાણવું થતું નથી. પાંચ ઈન્દ્રિયો જેમાં નિમિત્ત છે અને રાગની મંદતા થઈને જે જ્ઞાનનો ક્ષયોપશમ થાય છે એ જ્ઞાન નથી, એ જ્ઞાન નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

**'ગ્રાહક એવા જેને...'** ભગવાન જાણનાર એવા જેને, ગ્રાહક-જાણનાર એવા જેને ઈન્દ્રિય વડે ગ્રાહ્ય થાય છે જાણવું, એ જાણવું એનું નથી. એ જાણવું જ્ઞાન નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? મહેન્દ્રભાઈ! ઈન્દ્રિયથી દેખે એ જ્ઞાન જ નથી. કારણ કે ઈન્દ્રિયનું લક્ષ... જ્ઞાનલક્ષણ દ્રવ્યનું છે. એ લક્ષણ લક્ષ્યમાં ન જતાં પરલક્ષે કરીને થાય તે લક્ષણનું લક્ષ ત્યાં ગયું છે એનાથી થતું જ્ઞાન એ જ્ઞાન જ નથી એમ કહે છે. આહા..હા..! એય..! જ્ઞાન તો અતીન્દ્રિય જ્ઞાયકભાવ એના લક્ષે જે જ્ઞાન થાય એને જ્ઞાયકનું જ્ઞાન, ગ્રાહકનું જ્ઞાન કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? દ્રવ્યની વાત છે, પછી ઉપયોગની કહેશે, સાતમા બોલથી. **'ગ્રાહક એવા જેને...'** એમ. આત્માને એમ કહેવું છે. ઉપયોગનું કહેશે પછી. ઉપયોગને બાહ્ય જ્ઞેયનું આલંબન નથી. એ તો ઉપયોગને બાહ્ય જ્ઞેયનું આલંબન નથી. બાહ્ય જ્ઞેયનું આલંબન હોય તે ઉપયોગ નથી. એ સાતમામાં કહેશે. એના લક્ષણની વાત. આ તો લક્ષણ ધરનારો એવો લક્ષ્ય એવો જે જ્ઞાયક, એવો જે ગ્રાહક, ગ્રાહક-જાણનારો, જાણનારો એને ઈન્દ્રિયના નિમિત્તથી થતું જ્ઞાન તે જ્ઞાન એને નથી. એનામાં એ નથી. આહા..હા..!

અનાદિકાળથી નવ ગ્રૈવેયક ગયો તો અનંતવાર એને નવ પૂર્વ અને અગિયાર અંગ જાણવું થયું. એ જાણવું-જાણવું જ નથી એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? અગિયાર અંગ અને નવ પૂર્વનો જે વિકાસ થયો એ સ્વલક્ષ્ય એવું જે દ્રવ્ય-ગ્રાહકને લક્ષમાં લીધા વિના જે આ થયું તે જ્ઞાન એનું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પૈસા એના નહિ, શરીર એનું નહિ, રાગ એનો નહિ. અહીં તો કહે છે કે આ ઈન્દ્રિયના લક્ષે નિમિત્તથી જાણવાનો જે ભાવ પર્યાયમાં થાય તે જાણવું એ પર્યાય એની નથી. એ આત્માની પર્યાય જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ગ્રાહક એવા જેને...'** અહીં તો દ્રવ્ય લેવું છેને પહેલું? છ બોલમાં દ્રવ્ય લેશે અને સાતમા બોલમાં એનું લક્ષણ ઉપયોગ લેશે. આહા..હા..! કેટલી ટીકા કરી છેને ઝીણી! ભગવાન આત્મા આમ જ્ઞાયક-જાણનાર એવો ભગવાન ઈન્દ્રિય વડે જાણે, એ જાણવું એને કહેવામાં આવતું નથી. એ જાણવાનું જ્ઞાન એનું નથી. એ પરાધીન. કેમકે અગિયાર અંગ અને નવ પૂર્વનો ક્ષયોપશમ થયો એમાં શાંતિ ન આવી. એકલો જ્ઞાનનો ઉઘાડ એમાં દ્રવ્ય ન આવ્યું.

દ્રવ્ય લક્ષમાં ન આવ્યું એટલે ઉઘાડ સાથે અનંતા ગુણનો પર્યાય આવવો જોઈએ, સ્વલક્ષ વિના ન આવ્યો. પરલક્ષે ઉઘાડ થયો તેને જ્ઞાન કહેતા નથી. સમજાણું કાંઈ? જેના મધ્યબિંદુમાં એકલો જ્ઞાનરસ પડ્યો છે, જેની શક્તિમાં એકલો જ્ઞાન સ્વભાવ અપરિમિત સ્વભાવ પડ્યો છે એવો જે જ્ઞાયક-ગ્રાહક એને ઇન્દ્રિયના નિમિત્તના અવલંબે કાંઈક ઉઘાડ જે સાંભળીને દેખાય, વાણી સાંભળીને જે ઉઘાડ દેખાય તે ઉઘાડ જ્ઞાન આત્માનો નથી. આત્માનું જો એ જ્ઞાન હોય તો આત્માના જેટલા ગુણો છે એ બધા ગુણોનો અંશ તેના જ્ઞાન સાથે આવવો જોઈએ. સમજાણું કાંઈ? આ તો અત્યારે ગુજરાતી ચાલે છે. પછી વળી હવે. કહો, સમજાણું આમાં? એ વિના સ્પષ્ટ બહુ ન થાય વાત આવી. આ તો અંદરથી આવતું હોય જેમ ધીમે-ધીમે. ઓલો હિન્દી ગોતવા જાય ત્યાં ઓલો ભાવ પડ્યો રહે. આહા..હા..!

ભગવાન ગ્રાહક-ગ્રાહક એટલે કે જાણનારો. ગ્રાહક-ગ્રાહ્ય કરનારો એટલે જાણનારો એવો આત્મા, જાણનાર એવા આત્માને, જાણનાર એવા ગ્રાહક આત્માને એટલે જ્ઞાયક આત્માને, ઇન્દ્રિયો જે પર છે તેના અપેક્ષિત, તેની અપેક્ષાએ થયેલું જાણવું તે જાણવું આત્માનું નથી. તે જાણવું દુઃખદાયક છે. કહો, સમજાણું કાંઈ? આત્માનું એ નથી. જો આત્માનું હોય તો ભેગું સ્વલક્ષ્ય દ્રવ્ય છે એ લક્ષણ દ્રવ્યનું છે. ગ્રાહક જે આત્મા તેના લક્ષણથી, તેના લક્ષે જો થયું હોય તો અનંતા ગુણ સાથે એના જાણવામાં આનંદ આદિ દ્રવ્યના જેટલા ગુણો છે તે બધા ગુણોની પ્રગટતા એને આવવી જોઈએ. તો ગ્રાહકને જ્ઞાન લક્ષ્યથી થાય છે, તો દ્રવ્યથી થાય છે. ઇન્દ્રિયોથી થતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો કહે છે, શરીર એનું નહિ, વાણી એની નહિ, રાગ-શુભરાગ એનો નહિ, પણ ઇન્દ્રિયથી થતો ઉઘાડ પણ જીવનો નહિ. આહા..હા..! આ તો પરના લક્ષે થતું જ્ઞાન એ આસ્રવ જ છે. એ વિકલ્પના ઘુંટણવાળું જ્ઞાન છે એનું. એ વિકલ્પવાળું જ્ઞાન છે. બાર અંગનું એ વિકલ્પવાળું છે. આહા..હા..! સમજાણું કાંઈ? જો એમ માની બેસે, થોડાઘણા જાણપણા થયા, ઉઘાડ થયો અને માને કે આ જ્ઞાન છે અમને. એ જ્ઞાન નથી. સમજાણું કાંઈ? '**ગ્રાહક એવા જેને,...**' જાણનાર એવા જેને ઇન્દ્રિયથી જાણવું થતું નથી. ઇન્દ્રિયથી જાણવું થતું નથી. પણ ઇન્દ્રિયથી જાણે છેને. એ જાણવું જ નથી એમ કહે છે. એમાં તો પરાધીનતા, પરાલંબી, પરસત્તાવલંબીનો ઉઘાડ, પરસત્તાવલંબીનો વિકાસ, દુઃખદાયક છે. જો દુઃખદાયક ન હોય તો એ જ્ઞાનમાંથી... આમ તો એમ કહે છે કે ભાઈ ઉઘાડ છે એ તો સ્વભાવનો અંશ છે. આવ્યું છે કે નહિ? એનાથી બંધ થાય નહિ એમ કહ્યું છે. કઈ અપેક્ષા છે એમ જાણવી જોઈએને અહીંયા? એ કઈ અપેક્ષાની વાત છે? ઉઘાડનો અંશ છે એ વિકાસ છે એટલો અંશ, પણ એ વિકાસનો અંશ છે એ પરલક્ષી છે એ આત્માનો જ નથી, અહીં તો કહે છે. એ તો સ્વલક્ષ થતાં એ ઉઘાડ સ્વલક્ષીના પરિણમનમાં ભળી જાય છે અને એ આગળ વધીને કેવળજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ઝીણું પડે

ઉત્તર :- ઝીણું પડે એવું, પણ પાતળું કરીને તો અપાય છે. ઝીણું છે એ ઝીણું કરીને કહેવાય છે. કહો, સમજાય છે કે નહિ આમાં? ઓહો..હો..! પાંચ ઇન્દ્રિયો જેમાં નિમિત્ત પડે એવો જે ઉઘાડ એ આત્માનો નહિ, એને જ્ઞાન કહેતા નથી. આહા..હા..! વીતરાગ માર્ગનું જ્ઞાન જુઓ. એમાં તો રાગ આવ્યો ભેગો. રાગવાળું જ્ઞાન એ જ્ઞાન જ નથી. વીતરાગી જ્ઞાન તે જ્ઞાન, વીતરાગી જ્ઞાન એ તો સ્વદ્રવ્યના લક્ષે જ્ઞાન થાય તે વીતરાગી જ્ઞાન છે. કહો, ભગવાનના સમવસરણમાં ગયો અને ભગવાનની સાંભળી અને જે જ્ઞાનનો ક્ષયોપશમ પોતાને કારણે ત્યાં થયો તે ક્ષયોપશમ પણ આત્માનો નહિ, એમ કહે છે. આત્માનો હોય તો તે ક્ષયોપશમ દ્વારા ક્ષાયિક જ્ઞાન થવું જોઈએ. એ ક્ષયોપશમ જ્ઞાન પાછું ઢંકાઈ ગયું, મંદ પડી ગયું. નિગોદની દશા પાછી થઈ ગઈ. ક્ષયોપશમમાં અગિયાર અંગ, નવ પૂર્વ જેટલો ક્ષયોપશમ થયો, પણ પાછી દૃષ્ટિ પર ઉપર હતી તેથી તે જ્ઞાન અવરાઈને નિગોદની દશા જેવું અક્ષરના અનંતમા ભાગ જેટલું રહી ગયું. તો એ બધું ઘટવું થયું એ આત્માનું જ્ઞાન નહિ માટે ઘટવું થયું. આત્માનું જે જ્ઞાન હોય એ ઘટે નહિ, હરાય નહિ, હણાય નહિ, ઓછું થાય નહિ. સમજાણું કાંઈ? આ સમજાય એવું છે. એમાં કાંઈ ન સમજાય એવું નથી. ઝીણી વાત છે. ઘણા પ્રકારથી આવે છેને. આવી ઝીણી વાત ત્યાં ન આવે મુંબઈમાં એમ કહે. ઝટ દઈને આવે.. તો હળવે હળવે બધી વાતું આવે. મુદ્દા આવે રકમ. કોઈ વિરોધ કરે છે. ઘણાં .. વિરોધ ચાલે. બધું ચાલે ભાઈ!

અરે ભાઈ! તને સ્વદ્રવ્યની દૃષ્ટિ વિના જ્ઞાન નહિ, શ્રદ્ધા નહિ અને શાંતિ ક્યાંથી આવશે તને? તપ અને ત્યાગ, આ ત્યાગ કરું ને તપ કરું, અરે તપ અને ત્યાગ તે સમ્યગ્દર્શન વિના આવ્યા ક્યાંથી? જ્યાં સ્વદ્રવ્યનું લક્ષ જ થયું નથી અને સ્વદ્રવ્યના લક્ષે લક્ષણ પ્રગટ થયું નથી. એના વિના ઠરવું આવે ક્યાંથી? સમજાણું કાંઈ? બાહ્ય ત્યાગ... બાહ્ય ત્યાગ... કૈલાસચંદજી હવે મંડ્યા છે. ત્યાં પાછા .. પુરુષાર્થસિદ્ધિ ઉપાય બહાર છાપ્યું છેને ભાઈ! .. ગાંધી. એને પુરુષાર્થસિદ્ધિ છાપ્યું. એનો કેટલો ખર્ચ થયો. .. કર્યો છે. એણે ખર્ચ્યો છે. કૈલાસજીએ ઉત્તર આપ્યો. આ લખાણ આમ ન હોય, આમ જોઈએ, આમ ન હોય. અશુભથી બચવા શુભ વ્યવહાર નાખવો જોઈએ. નાખવો જોઈએ. વ્યવહાર સર્વથા સત્યાર્થ અને હેય કહો છો, પણ એમ નહિ. કથંચિત્ ઉપાદેય છે એમ થોડું-થોડું કહ્યું હતું. ન હોય નવરા બેસે તો ભગવાન... ભગવાન... ભગવાન... કરે. માળા ગણે. માળા કોની અને ભાવ કોના? સાંભળને હવે. એ માળા જડ, આંગળી છે આ જડ. પોતાનો ઉપયોગ શુભમાં જાય તો કેટલો સાવધાન થઈને. એમ. સમજાણું? ... વિકલ્પ થયા કરે. રાગ. અને એ રાગથી, આ રાગનું મારું કર્તવ્ય છે અને હું ક્યાંય બહાર ન જઈ શકું એટલે શુભરાગમાં આવું છું. આવ્યો છે મિથ્યાત્વમાં. આહા..હા..! રાગની સાથે દૃષ્ટિ એમાં રાગ ઉપર પડી છે. રાગ ઉપર

પડી છે અને રાગ શુભ કર્યા કરે છે. એના વખાણ કર્યા છે કૈલાસચંદજીએ. જુઓ, સાંજે માળા ગણતા હતા માટે સાવધાન હતા. પણ એ શુભ પોતે જ અશુભ છે. એ શુભ પોતે જ પરને આશ્રયે થયેલું છે. અરે! ઉઘાડ થયેલો પરને આશ્રયે પોતે એ અશુભ છે, સાંભળને. આહા..હા..! હવે એને કથનની..

ભગવાન આત્મા અખંડાનંદ ચૈતન્યજ્યોત છે એવું જ્યાં અંતર દૃષ્ટિ થઈ નથી અને અંતર દૃષ્ટિ વિનાના રાગની મંદતા અને ક્ષયોપશમભાવ એ બધા આત્માનો ભાવ નહિ. આત્માનો ભાવ નહિ એ આત્માને લાભ કરે એમ બને નહિ. જીવ નથી, અજીવ છે એમ કહે છે લ્યો! એ પાંચ ઈન્દ્રિયના નિમિત્તથી થતો ઉઘાડ એ જીવ નહિ. આહા..હા..! જીવ હોય તો એને આનંદ આવવો જોઈએ. રાગથી પૃથક્ પડીને આનંદ આવવો જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ? જ્યાં મિથ્યાત્વનો ત્યાગ નથી એટલે કે રાગ અને સ્વભાવની એકતા પડી છે ત્યાં મિથ્યાત્વનો ત્યાગ નથી. મિથ્યાત્વનો ત્યાગ નથી ત્યાં સ્વભાવની એકતા નથી અને સ્વભાવની એકતા નથી તેથી તેને ધર્મ હોતો નથી. ચાહે તો ગમે તે ક્રિયાકાંડમાં, રાગમાં જોડાય આખો દિ' ધ્યાન રાખે.. આખો દિ' રહી શકે નહિ એમાં એટલે બધો ત્યાગ કરે. છતાં શુભની મુખ્યતા રહે કરે તો એ દૃષ્ટિ શુભની મુખ્યતા એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. શુભરાગની મુખ્યતા રહે તે દૃષ્ટિ મિથ્યાત્વ છે. દ્રવ્ય અખંડાનંદ અભેદ દૃષ્ટિમાં રહે, મુખ્ય દ્રવ્ય રહે તે દૃષ્ટિ સમ્યક્ છે. સમજાણું કાંઈ? ભારે! અરે! આ એકાંત છે, આમ છે. મુંબઈમાં.. બાપુ!.. દુનિયા રાજી થશે અને દુનિયાને રાજી કરવાનો ભાવ પ્રગટ્યો હોય એથી આત્મા રાજી નહિ થાય. આહા..હા..! આત્મા રાજી નહિ થાય એટલે એને આનંદ આવશે નહિ. એ સમ્યગ્દર્શન એટલે મુક્તિનો માર્ગ અને મુક્તિનો સ્તંભ છે. એ સમ્યગ્દર્શન એટલે મુક્તસ્વરૂપ છે. આહા..હા..! મુક્તસ્વરૂપ ભગવાન આત્મા જ્યાં દૃષ્ટિમાં નથી આવ્યો અને બંધરૂપભાવ લક્ષમાં રહે છે ત્યાં સુધી મુક્તસ્વરૂપ ભગવાન આત્માનો એ અનાદર કરે છે. સમજાણું કાંઈ? ચાહે તો ઈન્દ્રિયના લક્ષે થતું જ્ઞાન એ અણિન્દ્રિય એવો ભગવાન આત્મા એનો અનાદર કરે છે અને ઈન્દ્રિયથી જ્ઞાનની અધિકતા એને માને છે. સમજાણું કાંઈ?

ઈન્દ્રિયથી થતું જાણવું એમાં કાંઈક ભલે ક્ષયોપશમ વધી ગયો હોય, જ્ઞાની સમકિતીના જ્ઞાનમાં સ્વના લક્ષે જ્ઞાન, સ્વને પકડવાનું અને અનુભવવું થોડું હોય, એ કરતાં અજ્ઞાનીને જ્ઞાનના ક્ષયોપશમ દ્વારા પરલક્ષી ઉઘાડ વધ્યો હોય એ પણ આત્માનું જ્ઞાન નહિ, તે જીવભાવ નહિ, તે અજીવભાવ છે, એ દુઃખદાયક છે, એને અધિકપણે જીવના સ્વભાવથી વિશેષપણે મને કાંઈક થયું એમ અધિક માને એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ આમાં? એય..! ચંદ્રકાંતભાઈ! ત્યાં ક્યાં ઓલા પિત્તળમાં ઓલું બધું કરે છે. સંચો છે. સ્ટીલનો લઈ ગયા હતાને. એ સંચા બધા એ લઈ ગયા છે. દુકાને લઈ ગયા હતા? કારખાને લઈ ગયા. દુકાને.. કોણ જાણે બબ્બે ઠેકાણે લઈ ગયા હશો. ... આહા..હા..! કોણ જાણે આપણને

તો યાદ પણ નથી. આહા..હા..! સમજાણું અહીં?

આ પહેલા બોલમાં કેટલું નાખ્યું જુઓ તો ખરા. અરે! અરે! તું તો કહે છે કે ભગવાન! શરીર, વાણીની ક્રિયાની પર્યાયથી તો જુદો છો. શરીર, વાણી, કર્મની પર્યાય વર્તમાન વિદ્યમાન થાય, વર્તે હોય, એનાથી તો જુદો, એમાં તારો અધિકાર નહિ, એમાં તું નહિ, પણ દયા, દાનના વિકલ્પો વર્તે છે તે તારામાં નહિ, તું તેમાં નહિ, તે તારી પર્યાય નહિ. પણ એના રાગની મંદતાથી કાંઈક ક્ષયોપશમજ્ઞાન વધ્યું તેનામાં તું નહિ, તે તારી પર્યાય નહિ, તે તારો ભાવ નહિ, તે અજીવનો ભાવ છે. આહા..હા..! સમજાણું કે નહિ?

**'ગ્રાહક એવા...'** એ તો ખુલાસો કર્યો પછી ગ્રાહક ન સમજે એટલે જ્ઞાયક એવો ભગવાન **'એવા જેને...'** જાણનાર જેને **'લિંગ વડે એટલે...'** અલિંગગ્રહણ શબ્દ છેને? અલિંગગ્રહણ. જાણનાર એવા જેને. આવું થાય તો આ બધો લોપ થઈ જશે, માણસ એમ કહે. પણ એ લોપ ખોટાનો થાય ત્યારે સાચો જાગશે. સાંભળને! લોપ ખોટાનો કર્યા વિના સાચો જાગે એવો નથી. એને વ્યવહાર કરી કરીને ખોવે છે એટલે જાણપણું થાય. એ વ્યવહાર તો છેને, વ્યવહાર સાચું જ્ઞાન તો છેને. તો એના લક્ષ્યમાં આવ્યું છે આત્મા આવો છે.. આત્મા આવો છે.. જે ઉઘાડ થયો એનું એટલું જ્ઞાન તો આવ્યું છેને. એ જ્ઞાન જ નથી એમ કહે છે. એવા ઉઘાડ દ્વારા અંતર લક્ષ્યમાં જવાશે નહિ એમ કહે છે. કેમકે આત્મા તો અતીન્દ્રિય જ્ઞાનમય છે. એમ એનો સરવાળો લે છેને? એનો સરવાળો લે છે. કેમ લિંગ વડે જણાય નહિ? (ગ્રહણ) થતું નથી એથી અલિંગગ્રહણ એને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ તો શબ્દોના પાછળ વાચ્ય કેટલો ભર્યો છે? આચાર્ય અમૃતચંદ્રાચાર્યે એક અલિંગગ્રહણમાંથી ૨૦ અર્થ કાઢ્યા. આ તો પહેલો એક અર્થ છે હજી આનો. અલિંગગ્રહણ. ગ્રાહક ભગવાન જ્ઞાયક એવો આત્મા એને લિંગ દ્વારા. લિંગ છેને? લિંગ દ્વારા ગ્રહણ નથી. અ-લિંગ દ્વારા ગ્રહણ-અ, ગ્રહણ-અ એટલે, લિંગ દ્વારા જાણવું નથી, લિંગ દ્વારા જાણવું નથી. એટલે કે ઇન્દ્રિયો દ્વારા જેને જાણવું થતું નથી. ઇન્દ્રિયો દ્વારા જણાય તેને આત્માનું જ્ઞાન કહેતા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે! આ સાંભળી શકે નહિ. આ બાજુમાં .. ઓલીકોર ક્યાંક વાંધા ઉઠ્યા છે કલકત્તા, દિલ્હી... ખળભળાટ.

ન્યાયથી તો એને જોશેને. ન્યાયથી તો તું હા પાડ કે ભગવાન આત્મા એકલો જ્ઞાનસાગર છે. એ જ્ઞાનના સ્વભાવના એકલા સત્ત્વથી સત્ ભરેલું છે. જ્ઞાયક એવો ભાવ, જ્ઞાયક એવું દ્રવ્ય એ જાણવાના સ્વભાવના સત્ત્વથી અપરિમિતપણે જેનો સ્વભાવ એકલું જ્ઞાનપણું છે, એવા જ્ઞાનપણાના લક્ષ વિના જે જ્ઞાન થાય એ આત્માનું જ્ઞાન નહિ, કારણ કે એ આત્માના સત્‌ના સત્ત્વથી આવ્યું નથી. આત્માનું સત્, એનું સત્ત્વ એટલે પણું, એનું જ્ઞાનપણું એટલે જ્ઞાયકપણું એમાંથી એ જ્ઞાન આવ્યું નથી. એ બધા પુણ્યથી ધર્મ ન થાય એમાં રાડ નાખે છે. અહીં તો આનાથી ધર્મ ન થાય, સાંભળને હવે. રાડ નાખે. અરે ભગવાન! બાપુ! તારી

મહિમા અપાર છે, તારી મહિમા મૂકી અને રાગ અને ઈન્દ્રિયના જાણવાની મહિમા કરીશ તે મિથ્યાત્વભાવ છે. એમ કહે છે. આહા..હા..! એનું સાંભળો નહિ, એનું સાંભળવું નહિ, કેટલાક એમ કહે. ક્યાંથી સાંભળે? ભાગ્ય જોઈએને તારા. એ જાતની યોગ્યતા ન મળે, ભાઈ! બાપુ! આ તો ભગવાનની વાણી, ભગવાન થવા માટેની છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનની તો કિંમત જ નહિ જાણે. એ ખાસ સમ્યગ્દર્શન માણેક મોતી કરતાં જેની કિંમત છે. ઓલા બે લાખનું, ૨૦ લાખનું દેખતાને લોકો. આહા..હા..! એલા પણ આહા..હા..! કે ચૈતન્ય હીરો આહા..હા..! ચૈતન્ય હીરો એને જાણે છે આ ૨૦ લાખ, કરોડ લાખ, બે લાખ, પચાસ લાખ, ધૂળ લાખ. બધાનું જ્ઞાન એને એના લક્ષ વિના થાય છે. એનું જ્ઞાન એના લક્ષ વિના થાય છે. એ જ્ઞાન એના લક્ષે થાય તે જ્ઞાન નથી. એવો ભગવાન આત્મા સ્વના લક્ષે થતું જ્ઞાન એમાં એ જાતનું જ્ઞાન પોતાના અવલંબે થયેલું જ્ઞાન આવે, પણ એના લક્ષે થતું જ્ઞાન તેને જ્ઞાન કહેતા નથી. આહા..હા..! અરે! સત્‌સ્વરૂપ એવો ભગવાન આત્મા એને, અસત્ એવી જે ઈન્દ્રિયો એના લક્ષે જ્ઞાન તેને અસત્ જ્ઞાન કહેવામાં આવ્યું. એ જૂઠું જ્ઞાન એને કહેવામાં આવ્યું. એંઠુ જ્ઞાન છે. એંઠુ એંઠવાડ છે. એંઠવાડ સમજો છો? જૂઠા. આહા..હા..! સમજાણું?

**'ગ્રાહક એવા જેને...'** જેને એટલે આત્માને. આત્માથી ભિન્ન અને જુદી એવી ઈન્દ્રિયો. એ દ્વારા એટલે કે ઈન્દ્રિયો વડે જાણવું-ગ્રહણ. છેને? અલિંગગ્રહણ. એને ગ્રહવું એટલે જાણવું ઈન્દ્રિય વડે જેને જાણવું થતું નથી અને જાણવું ઈન્દ્રિય વડે થાય તે આત્માનું જ્ઞાન નથી, તેને જ્ઞાન કહેતા નથી. આહા..હા..! આ પછી ભણવું અને ભણાવવું બધું શું હશે આ તે? ભારે આકરું. સાંભળને ભાઈ! એ ભણવામાં પણ આ કહ્યું છે. એના તરફનું જે જ્ઞાન તે જ્ઞાન નહિ, કારણ કે એ તો પરલક્ષી ઉઘાડ થયો. પરસત્તાવલંબી-પરની સત્તાના અવલંબે થયેલું છે. સ્વસત્તાના અવલંબે થયેલું એ જ્ઞાન નથી. પોતાના હોવાપણાના જ્ઞાનને આશ્રયે જે જ્ઞાન તેને જ્ઞાન કહેવામાં આવે. ભલે થોડું જ્ઞાન હો, પણ થોડું પણ પોતાનું સત્તા-હોવાપણાનું જ્ઞાન એના અંતરલક્ષ વડે થઈને થાય તે જ્ઞાન મોક્ષનું કારણ છે. એ જ્ઞાન સુખરૂપ અને તેને જ્ઞાન કહેવામાં આવે છે. નિમિત્તથી થાય એ તો કાઢી નાખ્યું, રાગથી થાય એ કાઢી નાખ્યું, પરથી ઉઘાડ થાય એ કાઢી નાખ્યું. અરે! ભારે આકરું કામ જગતને. ઓલા કહે નિમિત્તથી થાય, નહિતર નિમિત્ત અકિંચિત્કર થઈ જાય છે. એ વળી ઓલું ડોક્ટરનું કૈલાસચંદજી. બધાને સારું લગાડવું, બધાને સારું. આ બધા સાધુ છે, વ્યવહાર ક્રિયા કરે છે. હવે ધૂળેય નથી સાંભળને. હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નથી. અરે! સમ્યગ્દર્શન કેમ થાય એના ઠેકાણા નથી.

મુમુક્ષુ :- એ વાત હજી રુચતી નથી.

ઉત્તર :- હજી તો રુચતી નથી, એ વાત ગોઠતી નથી આ. નહિ... નહિ... નહિ...

અમને આ ક્રિયા કરીએ છીએ, અમે આ ફલાણું, દયા ને દાન, ઢીંકણું, ફીંકણું, નગ્નપણું, આ ભાવ. એ બધો ભાવ મિથ્યાત્વનો છે સાંભળને. ક્ષણે ક્ષણે સ્વભાવના આશ્રય વિના જેટલી ક્રિયાકાંડમાં રાગ થાય તેમાં એકતાબુદ્ધિ એની વર્તે છે. અને એમાં જ પોતાનું સર્વસ્વ -પોતે છે એમ માને છે અને એ સાધન છે એમ માને છે. એટલે સ્વભાવ સાધનનો એ અનાદર કરે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? માર્ગ એવો છે ભાઈ! અરે! સાધુ તો કોને કહીએ? આહા..હા..! ધન્ય અવતાર છેને. ચારિત્ર જે આત્માના આનંદને લક્ષે સમ્યગ્દર્શન થયું અને પછી સ્વરૂપમાં રમણતાની ઝમવટ જામે, અતીન્દ્રિય આનંદના પ્રચુર સ્વસંવેદન, પ્રચુર સ્વસંવેદનના ઉભરા પર્યાયમાં આવે. ઓહો..! એ ચારિત્ર અને એ મુનિપણાની દશાની શું વાત! સમજાય છે? એ તો ભગવાન થયો અને એ ભગવાન એ કેવળજ્ઞાન અલ્પકાળમાં થવાનો, ભગવાન અને એમાં કાંઈ આંતરો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, ઓહો..હો..! આવી તે ટીકા! એ અમૃતચંદ્રાચાર્યની આ ટીકા! આ ભરતક્ષેત્રમાં આવી ટીકા ક્યાંય નથી. એ તો એમાં છે એ. આ એમાં છેને ભાવ. આહા..હા..! આવી વાત છેને. એ અમૃતચંદ્રાચાર્ય પોતે મુનિપણા, આચાર્યપદમાં વર્તે. આચાર્યપદની વ્યાખ્યા? વીતરાગી દશાના આનંદના ઘોલનની દશા તેને આચાર્યપદ કહે છે. એ પંચ મહાવ્રતના વિકલ્પ અને ઉપદેશ કરે અને શાસ્ત્ર લખે એ કાંઈ આચાર્યપદ નથી. એ એનું પદ જ નથી. આહા..હા..! સમજાણું? દુનિયા એમ કહે છેને કે બહુ બહોળો અનુભવ થાય, પરદેશમાં જઈએ, ભિન્ન-ભિન્ન ક્ષેત્રના માણસો, ભિન્ન-ભિન્ન ક્ષેત્રના વાણી, એના પહેરવેશ, એની બોલણી, એવા બધાનો અભ્યાસ ઘણો થાય. આ ફરવા જાય છેને ઘણાં? દેશાટન રખડવા. આગબોટ શું કહેવાય એને? છ-છ હજાર ખર્ચીને એક એક નહિ મોટું? ટ્રેનમાં. આહા..હા..! એક-એકના છ-છ હજાર. ૨૦૦ માણસ લઈ ફરે યુરોપમાં બધે. દેશાટન કરી આવ્યા. બુદ્ધિનો વિકાસ થાય. બધા મૂર્ખાઓ માને છેને. એય..! આ દવા માટે પણ બહુ ફરવા જાય. બીજા દેશોમાં કેવી દવા કેમ આપે છે? તમારા ઘડિયાળવાળો કેટલા રખડેને જુઓને શાંતિલાલ. આ ઘડિયાળવાળા જુઓને હમણા ગયા છે ત્યાં. પૂનમભાઈ ક્યાં ગયા? સ્વીત્ઝર્લેન્ડ. ખુશી થયેલા. ઓલી ગાડી મોકલીને. આ ગાડી અહીં આવી ગઈ હતી. મેં કીધું આ ગાડી કોની છે? પૂનમભાઈની. શું કહેવાય? મોટી લાખ રૂપિયાની. ઈમ્પાલા. નામ પણ આપણને ક્યાં આવડે છે. આ ગાડી આવી ગઈ હતીને પછી ઓલા ઉતર્યા પ્લેનમાં. એટલે ગાડી ન મળે તો એ ગાડી આવી મોટી. પૂનમભાઈએ મોકલી. પૂનમભાઈ ક્યાં છે? કહે સ્વીત્ઝર્લેન્ડ ગયા છે. આહા..હા..!

મુમુક્ષુ :- જ્ઞાનનો વિકાસ થાય.

ઉત્તર :- ધૂળનો પણ વિકાસ ન થાય એમ કહે છે. બહુ સંચાઓ અને બહુ સંચાઓની રીત. એમાં પહેલો ઉમેદવાર થાય, પછી જોવે અને જાણે ત્યારે ઉઘાડ થાય. એ દુઃખદાયક ઉઘાડ છે. આત્માને નુકસાન કરનારો ઉઘાડ છે એમ કહે છે. ઉઘાડ થયો, ઉઘાડ શેનો? પરને

જાણવાનો. એ દુઃખદાયક છે. સ્વને જાણવાનું થયુંને? એ સ્વનું જાણવું નથી, એ સ્વનું જ્ઞાન જ નથી. સમજાણું કાંઈ? એકાંત એમ ન હોય, અનેકાંત આમ હોય. આ અનેકાંત જ આમ હોય. ઈન્દ્રિયથી જાણવું તે જ્ઞાન નથી અને સ્વલક્ષી જ્ઞાન થાય તે જ્ઞાન છે એનું નામ અનેકાંત છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! ભગવાન! તારા સત્‌માં, સત્ત્વની ખાણમાં ક્યાં કમી છે? ઓહો..હો..! વસ્તુ છે અને વસ્તુ છે તે એનું વસ્તુપણું છે કે નહિ? વસ્તુપણા વિના વસ્તુ હોય? વસ્તુ છે એ દ્રવ્ય છે અને એનું પણું છે એ એનો ભાવ છે. તો જ્ઞાન અને આનંદ જેનું વસ્તુપણું છે. વસ્તુનું વસ્તુપણું જ્ઞાન અને આનંદ છે. એવા સત્‌ના સત્ત્વના લક્ષે, એવા સત્‌ના સત્ત્વના લક્ષે અથવા સત્ત્વના સત્‌ના લક્ષે જે સત્ વિકાસ થાય તેને જ્ઞાન અને મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

એટલે '**લિંગ વડે એટલે કે ઈન્દ્રિયો વડે જેને જાણવું થતું નથી...**' ત્યારે એ જાણવું થાય છેને. એ જાણવું થાય છે એ આત્માનું નહિ. અહીં તો ઈન્દ્રિયો વડે જાણવું થતું નથી. પ્રત્યક્ષ દેખાય છે. પ્રત્યક્ષ દેખાય છે કે ઈન્દ્રિયો હોય, આંખ હોય તો અંદર જાણવું રૂપનું થાય, આંખ ફૂટી જાય તો રૂપનું જાણવું થાતું નથી. જુઓ, આ પ્રત્યક્ષ જાણવું થાય એમ લોકો કહે છેને? સાંભળને હવે! આંખ હોય તો, જુઓ, આ રૂપનું જાણવું થાય. ન હોય તો કેવી રીતે?

મુમુક્ષુ :- ન હોય તો રૂપ નથી એમ તો જાણવું થાય છેને.

ઉત્તર :- અને રૂપ નથી એવું ખ્યાલમાં પણ રૂપ આવું છે એવો અભાવ છે એમ બતાવે છે. એ પણ જ્ઞાન ઈન્દ્રિયથી થયેલું, એ આત્માનું નહિ. આહા..હા..! પણ પ્રત્યક્ષ ઈન્દ્રિયથી થાય છેને. અહીં તો કહે છે ઈન્દ્રિયો વડે જાણવું થતું નથી. ઈન્દ્રિયો વડે જાણવું થતું નથી, એય..! મહેન્દ્રભાઈ! આ ઈન્દ્રિય વડે જાણવાનું આમ જ્ઞાન... અતીન્દ્રિય આત્મા જ્યાં સુધી ન થાય ત્યાં સુધી ઈન્દ્રિય વડે જાણવું હોય છે નહિતર એ આત્મા રહેતો નથી. એમ કહે છે. એ આત્મા જ નથી પણ, સાંભળને. આહા..હા..!

મુમુક્ષુ :- જ્ઞાયક જ્ઞાયકને લક્ષ કરીને...

ઉત્તર :- લક્ષ કરીને થાય તે તો એનું લક્ષણ છે. એનું લક્ષણ છે તેને લક્ષે થાય તો એ લક્ષણનું કાંઈ લક્ષ્ય ઈન્દ્રિયો છે? લક્ષણ જે જ્ઞાન જ્ઞાયકનું તેનું લક્ષ્ય ઈન્દ્રિયો છે કે જેને લક્ષે જાણવું થાય? સમજાણું કાંઈ? આહા..હા..! રાગ તો બંધનો માર્ગ, પણ ઈન્દ્રિયથી થતું જાણવું એ બંધનો માર્ગ છે, એ આત્મા અબંધ પરિણામી એનું જ્ઞાન નહિ, આત્મા અબંધ સ્વરૂપી, એનો ગુણ અબંધ અને એના પરિણામ અબંધ પરિણામ થવા જોઈએ. એ સ્વને આશ્રયે અબંધ પરિણામ થાય, એ અબંધ દ્રવ્ય, અબંધ ગુણ અને અબંધ પર્યાય તેને આત્મા કહેવામાં આવે છે. પણ જે જ્ઞાનના ઉઘાડ ઈન્દ્રિય દ્વારા થાય એ બંધ પરિણામવાળું જ્ઞાન તે અબંધનો પર્યાય નહિ, એ અબંધ દ્રવ્ય-ગુણની પર્યાય નહિ. સમજાણું કાંઈ? જુઓ,

ઘણા અર્થો તો નીકળ્યા એમાંથી. હિન્દીમાં એટલું બધું ન આવે. થોડું થોડું આ નીકળ્યુંને એ. લ્યો! છે, પણ એમાં છે કે નહિ? જુઓને પાઠ લઈને બેઠા છે. પુસ્તક ઘણાં કાઢ્યા હતા. એય..! નેમચંદભાઈ! શું છે કે નહિ એમાં? આહા..હા..!

'**આ રીતે આત્મા...**' લ્યો હવે એનો અર્થ કરશે. આમાંથી અર્થ નીકળ્યો શું? આમ કહેવામાં, અલિંગગ્રહણમાં ભાવ શું નીકળ્યો? કે એ ભાવ નીકળ્યો કે '**આત્મા અતીન્દ્રિયજ્ઞાનમય છે આ અર્થની પ્રાપ્તિ થાય છે.**' અતીન્દ્રિય જ્ઞાનમય ભગવાન, અતીન્દ્રિય જ્ઞાનમય દ્રવ્ય, અતીન્દ્રિય જ્ઞાનમય ગુણ, એવા અતીન્દ્રિય જ્ઞાનના લક્ષે થતી પર્યાય-અતીન્દ્રિય જ્ઞાનમય પર્યાય તેને આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? લ્યો! આ રીતે, આ પ્રકારે આત્મા, એમ. આ રીતે અને આ પ્રકારે અને આ વિધિએ આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય છે, ભગવાન ઇન્દ્રિયજ્ઞાનમય છે જ નહિ એમ કહે છે. સીધો નકાર કરી દીધોને અલિંગગ્રહણમાં? નથી, ત્યારે છે કેવો એ? એ તો અતીન્દ્રિય જ્ઞાનમય છે. આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય દ્રવ્ય, ગુણ અને પર્યાય અતીન્દ્રિય છે અને એની પર્યાયમાં અતીન્દ્રિય જ્ઞાનલક્ષણ દ્વારા જે જ્ઞાન થાય એવો અર્થ અલિંગગ્રહણમાંથી નીકળે છે. એ અતીન્દ્રિય જ્ઞાનમય આત્મા છે એવો એમાંથી ભાવ નીકળે છે. એવા અર્થની એટલે એવા ભાવની, એવા પ્રયોજનની પ્રાપ્તિ અલિંગગ્રહણમાંથી, અતીન્દ્રિય જ્ઞાનમય આત્મા એવો ભાવ એમાંથી ઉભો થાય છે. લ્યો એક બોલ થયો. થઈ ગયો વખત.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વૈશાખ વદ ૧૧, સોમવાર, તા. ૧૨.૦૫.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૨-૩, પ્રવચન-૧૫૨**

પ્રવચનસાર. ૧૭૨ ગાથા. અલિંગગ્રહણ. આત્મા અલિંગગ્રહણ છે એવો અર્થ અહીંયા કરે છે. પહેલો બોલ આવી ગયો છે. જાણનાર એવો ભગવાન આત્મા લિંગો વડે એટલે ઇન્દ્રિયો વડે જેને જાણવું થતું નથી. એ પહેલો બોલ આવી ગયો કાલે. હિન્દી છે હિન્દી? કે ગુજરાતી છે? ઠીક. હવે આજે બોલ બીજો છે. હિન્દી હૈ. ગ્રાહ્ય હવે જ્ઞેય. આત્મા જે જ્ઞેય થાય છે એ ઇન્દ્રિય દ્વારા જ્ઞેય થવાયોગ્ય નથી. આત્મા પ્રમેય થાય છે, જ્ઞાનમાં જણાવાલાયક આત્મા છે. છે નામ હૈ એ થોડું સમજી લેવુંને. એ જ્ઞેય, આત્મા જ્ઞેય થાય છે એ ઇન્દ્રિય દ્વારા જ્ઞેય થતો નથી, તેમ ઇન્દ્રિય દ્વારા જાણેલા જ્ઞાન દ્વારા જ્ઞેય થતો નથી. કહો, સમજાય છે કાંઈ?

પાંચ દ્રવ્ય ઈન્દ્રિય છે અને ખંડ (ઈન્દ્રિય) એ દ્વારા આત્મા પ્રમેય એટલે કે જ્ઞાનમાં આવવા લાયક નથી. ઈન્દ્રિયોથી થતાં જ્ઞાનમાં કે ઈન્દ્રિયોથી આત્મા પ્રમેય થાય—જ્ઞેય થાય, જણાવાયોગ્ય થાય, ઈન્દ્રિયના જ્ઞાનથી કે ઈન્દ્રિય વડે, ઈન્દ્રિયના પ્રત્યક્ષપણે કે ઈન્દ્રિયના નિમિત્તથી થતું જ્ઞાન, એ જ્ઞાન વડે આત્મા જ્ઞેય નામ પ્રમેય થાય, એવો આત્મા નથી. ૧૭૨. પહેલા બોલમાં એમ હતું કે જેને ઈન્દ્રિયથી જાણવું થતું નથી. જેને એટલે આત્માને ઈન્દ્રિયથી જાણવું થતું નથી. ઈન્દ્રિયથી જાણવું થાય તે આત્મા નહિ અને તે જ્ઞાન નહિ. બીજા બોલમાં, જેનું, જેનું ઈન્દ્રિયથી જ્ઞાન થતું નથી. બેમાં શું ફેર પડ્યો? જેને ઈન્દ્રિય દ્વારા જાણવું થતું નથી અને જિસકા એમ. જેનું, જેનું એટલે જ્ઞેય થવાયોગ્ય એનું. જ્ઞેય થવાયોગ્ય એવો આત્મા, એનું. એનું એટલે શું? ઉસકા અર્થને? જિસકા. એ તો જિસકા શબ્દ હે થોડા.

'**લિંગો વડે એટલે કે ઈન્દ્રિયો વડે ગ્રહણ (-જાણવું) થતું નથી...**' એનો અર્થ એ છે કે આત્મા ચૈતન્ય જ્ઞેયસ્વરૂપ છે એ અતીન્દ્રિય જ્ઞાન દ્વારા જ્ઞેય થઈ શકે છે. એવો જ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? અતીન્દ્રિય જ્ઞાન દ્વારા જ્ઞેય થઈ શકે એવો જ વસ્તુ સ્વભાવ છે. ઈન્દ્રિયોના નિમિત્તથી, ઈન્દ્રિય દ્વારા કે ઈન્દ્રિયના નિમિત્તથી થતાં જ્ઞાન દ્વારા જ્ઞેય-જણાવાયોગ્ય થાય એવો એ આત્મા જ નથી. ઝીણું ભારે ભાઈ! આહા..હા..! સમજાય છે કાંઈ? બાહ્યથી ઈન્દ્રિયના નિમિત્તથી જાણેલું જ્ઞાન, ઈન્દ્રિયના નિમિત્તથી થયેલું જ્ઞાન, એ જ્ઞાનથી આત્મા જ્ઞેય થઈ શકે એવો નથી એમ કહે છે. સમજાય છે કાંઈ? એકલું ધારણામાં મતિ દ્વારા ઈન્દ્રિયના નિમિત્તથી જે કાંઈ જ્ઞાનમાં ભાવ થયો એ દ્વારા આત્મા જ્ઞેય થઈ શકે એવો એ આત્મા નથી. એવી વાત છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શાસ્ત્ર વાંચવાથી...

ઉત્તર :- શાસ્ત્ર વાંચવાથી નહિ પણ શાસ્ત્રના લક્ષે થતાં જ્ઞાનથી પણ જણાવાયોગ્ય નથી એમ અહીં તો કહે છે. એવો છે એ. કહો, વજુભાઈ! આહા..હા..!

જેને ઈન્દ્રિયથી તો જ્ઞાન થતું નથી, પણ જેનું ઈન્દ્રિયથી જ્ઞાન થતું નથી, એમ. સમજમેં આયા ન? 'ગ્રાહ્ય...' એટલે જ્ઞેય થવાને લાયક, જણાવાને લાયક. આત્મા પ્રમેય, પ્રમાણ જ્ઞાનમાં, જ્ઞાનની પર્યાયે પ્રમાણ એમાં જણાવાલાયક એવો જે આત્મા તે પ્રમાણ-એનું અતીન્દ્રિય જ્ઞાનપ્રમાણ તે દ્વારા જણાવાયોગ્ય છે. ઈન્દ્રિયથી થતાં ક્ષયોપશમના વિકાસનો ભાવ એ દ્વારા આત્મા જ્ઞેય થઈ શકે, પ્રમેય થઈ શકે એવો એ આત્મા જ નથી. સમજાય છે કાંઈ? જણાવાયોગ્ય એવું જે જ્ઞેય, સ્વજ્ઞેય. પોતાની ઈશ્વરતા, પૂર્ણ પરમાત્મસ્વભાવની પોતાની નિજ ઈશ્વરતા એ જે જણાવાયોગ્ય થાય, ઈશ્વરતા સ્વ એનું જ્ઞેયપણું થાય તે ઈન્દ્રિયના લક્ષે થતાં જ્ઞાન દ્વારા તે ઈશ્વરતાનું જ્ઞેયપણું થતું નથી. ઈન્દ્રિયના નિમિત્તથી થતું જ્ઞાન એ પામર જ્ઞાન છે. સમજાય છે કાંઈ? એ પામરથી પરમેશ્વર પ્રેમયમાં-જ્ઞેયમાં આવી શકતો નથી. એમ કહે છે. ભારે વાત ભાઈ! ભાષા સમજાય છે? થોડું થોડું સમજી લેવું.

રાગથી આત્મા પ્રમેય-જ્ઞેય થઈ શકતો નથી, એમ ઇન્દ્રિયથી થનાર જ્ઞાન વડે પણ આત્મા પ્રમેય-જ્ઞેય થઈ શકે નહિ. દીપચંદજી! શું કહે છે! આહા..હા..! ભગવાન આત્મા એમ છે કે, પ્રમેય થવાલાયક ભગવાન ચૈતન્ય એવો છે કે જે બાહ્ય પદાર્થ .. ખંડ ખંડ ઇન્દ્રિય એનાથી થતું જ્ઞાન, એ જ્ઞાન વડે આત્મા જ્ઞેય થઈ શકે એવો આત્મા છે જ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? આત્મા... આ જગતમાં પદાર્થ છેને તે પ્રમેય છે, પ્રત્યેક પદાર્થ પ્રમેય છે. પ્રમેય એટલે જ્ઞેય છે. જ્ઞેય છેને? જ્ઞાનમાં જણાવાયોગ્ય પ્રમેય છે. તો આત્મા જ્ઞેય, જાણવાલાયક, જણાવાયોગ્ય, પ્રમેય થવાયોગ્ય છે. પણ એ પ્રમેય થવાયોગ્ય અતીન્દ્રિય જ્ઞાન વડે પ્રમેય થવાલાયક છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ... તકરાર જગતને. ઓલા કષાયની મંદતા શુભ ઉપયોગ વડે આત્મા જણાય અને શુભરાગ વડે ક્રમે ક્રમે... આત્માને પહેલો અશુભ ટાળવો અને પછી શુભ કરવો, પછી શુભ ટાળીને શુદ્ધ કરવું. એ વાત તો પછી, અહીંયા તો પહેલી દૃષ્ટિના વિષયની વાત ચાલે છે. સમજાય છે કાંઈ? દૃષ્ટિનો વિષય એવો જે આત્મા સમ્યક્ શ્રદ્ધા એનું જે ધ્યેય, એનો જે વિષય એ જ્ઞાયકભાવ પૂર્ણ સ્વભાવ એ વિકલ્પથી તો જાણવાલાયક છે જ નહિ. દ્રવ્ય વસ્તુસ્વભાવ એવો છે. રાગથી આત્માને જાણે એમ તો છે જ નહિ. શુભરાગથી આત્મા પ્રમેય થઈ શકે અને પોતાનું જ્ઞાન થાય એમ તો છે જ નહિ, પણ ઇન્દ્રિય જ્ઞાન વડે આત્મા પ્રમેય (એનું) જ્ઞાન થઈ શકે એવો આત્મા નથી. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ?

'**(જણાવાયોગ્ય) એવા જેનું,...**' એટલે જેનું. હિન્દી છે હિન્દી? આ હિન્દી છે એ? જેનું લ્યો એમ જ શબ્દ છે. જેનું. જેને લિંગો વડે એમ હતું પહેલા. જેને લિંગો વડે, ઇન્દ્રિયો વડે જાણવું નથી થતું. જેને લિંગો વડે એટલે ઇન્દ્રિય વડે પોતામાં જાણવું થતું જ નથી. તો ઇન્દ્રિય જ્ઞાન પરાધીન અને પામર અને પરસત્તાવલંબી, દુઃખદાયક અને પરને જ્ઞેય બનાવનાર એવા ઇન્દ્રિયજ્ઞાનથી આત્મા જ્ઞાન કરતો જ નથી. પણ અહીં બીજામાં ઇન્દ્રિયજ્ઞાન વડે આત્મા જણાવા યોગ્ય, પ્રમેયયોગ્ય, અનુભવયોગ્ય થઈ શકતો જ નથી એમ કહે છે. સમજાય છે કાંઈ?

'**ગ્રાહ્ય (જણાવાયોગ્ય)...**' અથવા જ્ઞેય થવાયોગ્ય, અથવા પ્રમેય ગુણ એમાં છે. આત્મામાં એક પ્રમેયગુણ છે. છેને? છ દ્રવ્યમાં. છ ગુણો સર્વ દ્રવ્યમાં છે. છ. પ્રમેયત્વ. તો આત્મામાં પણ પ્રમેયત્વ નામનો ગુણ છે. પણ એ પ્રમેયત્વ ગુણ છે તો ઇન્દ્રિયજ્ઞાન વડે એ પ્રમેય થઈ શકે એવો એનો ગુણ નથી એમ કહે છે અહીંયા. આહા..હા..! સમજાણું કાંઈ? એ પ્રમેયત્વ ગુણ છે તો ગુણનો ધરનાર, ગુણ છે એ તો ગુણનો ધરનાર તો આત્મા છે. ગુણ તો દ્રવ્યમાં સર્વ અવસ્થામાં વ્યાપક છે. પ્રમેય નામનો ગુણ દ્રવ્યમાં સર્વ અવસ્થામાં વ્યાપક છે. સર્વ અવસ્થામાં વ્યાપક છે એટલે સર્વ ભાગમાં અને સર્વ અવસ્થામાં. તો સર્વ ભાગમાં એટલે સર્વક્ષેત્ર થયું. સર્વ અવસ્થામાં દરેક અવસ્થામાં ગુણ પ્રમેય વ્યાપક છે. એ

પ્રમેય નામનો ગુણ તે સર્વક્ષેત્રમાં એટલે ભાગમાં, સર્વ અવસ્થામાં વ્યાપક છે, પણ પ્રમેય જે થવાલાયક છે તે ઈન્દ્રિયથી અગિયાર અંગ આદિ ભણી લે, નવ પૂર્વ પણ પરલક્ષે ભણી લે, તો એનાથી પ્રમેય થાય-એ જ્ઞાનમાં આવવાલાયક થઈ જાય એવો એ છે જ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ! ભારે મોંઘું પડેને ત્યારે આ માણસને? એ આત્મા જ એવો છે. એમાં કરવું શું? એ ચીજ જ એવી છે કે પોતાના અતીન્દ્રિય જ્ઞાનથી જ્ઞેય થઈ શકે છે. અહીં તો નિષેધથી વાત છે. સમજાણું કાંઈ? અહીં કારણનું અર્થ તો એ બતાવે છે.

આપણે જેનું. જિસકે પહેલું હતું એમાં જેને હતું. અહીં જેનું એટલે જિસકા એટલે આત્માનું જ્ઞાન લિંગો વડે એટલે કે ઈન્દ્રિયો વડે. જુઓ, લિંગ એટલે ઈન્દ્રિય વડે અથવા ઈન્દ્રિયથી થતા જ્ઞાન વડે એ લઈ લેવું ભેગું. આત્માને ઈન્દ્રિયો વડે જાણવું નથી થતું. ઈન્દ્રિયો વડે ગ્રહણ નામ જાણવું નથી થતું. અલિંગગ્રહણ. લિંગ નામ ઈન્દ્રિય જ્ઞાન વડે, અ નામ નહિ, ગ્રહણ નામ જ્ઞેય થતું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? તે અલિંગગ્રહણ છે. તેને અલિંગગ્રહણ કહેવામાં આવે છે. **'આ રીતે આત્મા ઈન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી...'** ઈન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી. ઈન્દ્રિયથી પ્રત્યક્ષ કહે છેને કે આ જોયું... આ જોયું... એમ પ્રત્યેક્ષ થતો જ નથી. અતીન્દ્રિય જ્ઞાનથી પ્રત્યક્ષ થાય એવો એનો સ્વભાવ છે. સ્વભાવ અથવા એ આત્મા જ એવો છે.

મુમુક્ષુ :- જ્ઞાનમાં ધોળું દેખાય છે.

ઉત્તર :- ધોળું શું? એ તો જડ છે. ધોળું દેખાય છે. એક કહેતો હતો કે આત્મા પહેલો દેખાય રાતો અને પછી દેખાય ધોળો. આહા..હા..! એ સાત પડીમાવાળો આવ્યો હતો. સાત પડીમાધારી. શ્રાવક નામ ધરાવે. આત્મા કેવા રંગનો છે? પહેલો રાતો દેખાય અને પછી ધોળો દેખાય. પહેલા રાતો દેખાય છે. રાતો સમજ્યા? લાલ. પછી સફેદ દેખાય. રાતો, સફેદ તો રંગ જડ છે. જડ દેખાય શું એ આત્મા છે? એ તો જડ છે. ઓહો..હો..! અહીં તો કહે છે કે ઈન્દ્રિયો જે જડ છે અથવા ખંડ ઈન્દ્રિય છે એનાથી જે જ્ઞાન થયું એ જ્ઞાન પણ ખરેખર તો જડ છે. અજીવભાવ છે એ. આહા..હા..! એ જીવભાવ નથી. જીવભાવ તો અતીન્દ્રિય જ્ઞાનની પર્યાય એ વડે આત્મા પ્રમેય થાય તો એનું નામ જીવભાવ, અતીન્દ્રિય જ્ઞાનનું નામ જીવભાવ. અને અતીન્દ્રિય જ્ઞાન, દ્રવ્ય પોતે પ્રમેય છે તે પોતાનું જ્ઞાન અતીન્દ્રિય વડે પ્રમેય થઈ શકે છે. નિર્વિકલ્પ જ્ઞાન વડે આત્મા પ્રમેય થાય છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

**'જિસકા લિંગોકે દ્વારા અર્થાત્ ઈન્દ્રિયોં કે દ્વારા ગ્રહણ (-જાનના) નહીં હોતા વહ અલિંગગ્રહણ હૈ; ઈસપ્રકાર આત્મા ઈન્દ્રિયપ્રત્યક્ષકા વિષય નહીં હૈ...'** લ્યો ઈન્દ્રિયથી જાણેલું જ્ઞાન એનાથી આત્મા પ્રત્યક્ષ થઈ જાય એવો આત્મા નથી. **'ઈસ અર્થકી**

પ્રાપ્તિ હોતી હૈ.' લ્યો! અલિંગગ્રહણ શબ્દમાંથી. અલિંગગ્રહણ. તો લિંગ નામ ઈન્દ્રિય પ્રત્યક્ષનું જ્ઞાન અથવા ઈન્દ્રિયપ્રત્યક્ષથી અણિન્દ્રિય. એનાથી અ નામ નહિ, આત્માનું પ્રમેયપણું-જ્ઞેયપણું થતું જ નથી. અલિંગગ્રહણ એમાંથી એવો અર્થ કાઢ્યો. ઓહો..હો..! કેટલી ધીરજ જોઈએ. હજી તો રાગની મંદતાથી આત્મા અનુભવમાં આવે, સમ્યગ્દષ્ટિમાં આવે એ વાત તો ક્યાંય રહી ગઈ. એવો આત્મા છે જ નહિ. પણ એ રાગનું પણ જ્ઞાન, રાગ છે એનું જ્ઞાન, એ જ્ઞાન વડે પણ આત્મા જણાતો નથી. એવું આત્માનું સ્વરૂપ જ છે. એ કોઈએ બનાવ્યું છે એમ નથી. .. દુર્લભ કરી દીધો એમ વળી કેટલાક કહે છે. એવો આત્માનો સમ્યગ્દર્શનનો વિષય પણ બહુ દુર્લભ કરી દીધો. કર્યો કોણે? છે જ એવો. એમ કહે છે. સોનગઢવાળાએ સમ્યગ્દર્શનનો વિષય બહુ દુર્લભ કરી દીધો. કરે કોણ? વસ્તુનું સ્વરૂપ જ એવું છે. સર્વજ્ઞ પરમેશ્વરે જાણેલો આત્મા. એની વાત છે. સર્વજ્ઞ સિવાય વેદાંત કે અન્ય આદિ અજ્ઞાની આત્માની વાત કરે છે એ તો બધું ખોટું અને બધું પૂર્ણ જૂઠું છે.

.. જ્ઞાનની દશા પોતાના પૂર્ણ ત્રિકાળી દ્રવ્યને, ગુણને જાણે છે અને પોતાની ત્રિકાળી પર્યાયને જાણે છે એમાં પરદ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રિકાળી પોતાની પર્યાયમાં (જણાય). પોતાની પર્યાય ત્રિકાળી જાણવામાં આવી એમાં એ ત્રિકાળી દ્રવ્ય-ગુણ-પર્યાય પણ જણાઈ જાય છે. એવો ભગવાન આત્મા, એવો સર્વજ્ઞ પરમેશ્વરે આત્મા છે એવો જોયો અને છે એ આત્મા પોતાના અતીન્દ્રિય જ્ઞાન વડે જણાય એવો આત્મા છે. કહો, સમજાણું કાંઈ? એ ગુરુથી પણ જણાતો નથી, શાસ્ત્રથી પણ જણાતો નથી, શાસ્ત્રના જ્ઞાનથી પણ જણાતો નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વૈશાખ વદ ૧૨, મંગળવાર, તા. ૧૩.૦૫.૧૯૬૯
## ગાથા-૧૭૨, બોલ-૨-૪, પ્રવચન-૧૫૩

આ ગુજરાતી છે. હિન્દી છે પ્રવચનસાર? પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ અધિકાર ચાલે છે. ૧૭૨ ગાથા. શું કહ્યું? જુઓ. આત્મા અલિંગગ્રહણ છે એમ અહીંયા કહેવામાં આવે છે. બીજા દ્રવ્યો, આત્મા સિવાય છ દ્રવ્ય છે બીજા તેને જાણવા એ કાંઈ મુખ્ય પ્રયોજન નથી. પોતાના આત્મા સિવાય બીજા આત્માઓ કે બીજા પાંચ દ્રવ્યો એનું જાણવું તો એક સમયની પર્યાયમાં થાય છે. એ તો પર્યાયબુદ્ધિમાં પણ થાય છે. એ કોઈ વસ્તુ નથી. પોતાની ચીજ પૂર્ણ

શું છે તેને જાણવું એ જ મોક્ષનો માર્ગ છે. .. તોપણ નહિ. છ દ્રવ્યનું જાણવું થયું તો એ વડે આત્મા જણાય એમ પણ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ...જ્ઞાનમાં તો આત્માનું જ્ઞાન તો આવી ગયું.

ઉત્તર :- એ નથી આવ્યું. એ પર્યાયનું જ્ઞાન. છ દ્રવ્ય એટલે આત્મદ્રવ્ય ન આવ્યું. છ દ્રવ્ય એટલે પોતાનું દ્રવ્ય મૂકીને પણ પાંચ દ્રવ્ય એમ પહેલો અર્થ કર્યો હતોને. પોતાનો નિજ આત્મા છોડીને બીજા આત્માઓ અનંત અને બીજી અનંત ચીજ. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એક એક અને એ પરમાણુ અનંત. એને જાણવું એ તો દ્રવ્ય ઈન્દ્રિયના લક્ષે તે જણાય છે, પણ એનાથી કાંઈ આત્મા જણાતો નથી. એવું તો અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો તો છ દ્રવ્યનું જ્ઞાન (થયું) પોતાનું સ્વદ્રવ્યનું કર્યા વિના. આમ તો સ્વદ્રવ્યનું એમ તો જાણ્યું હતું કે એક દ્રવ્ય છે. પણ સ્વદ્રવ્ય અખંડ અભેદ ધ્રુવ તરફ લક્ષ કરીને જાણવું જોઈએ એ જાણ્યું નથી. આમ તો પોતાનો આત્મા પણ છે એમ જાણ્યું છે. હું એક દ્રવ્ય છું. પણ એ પર્યાયલક્ષમાં આ દ્રવ્ય છું, ગુણ છું, પર્યાય છું, એમ જાણ્યું હતું. પર્યાયબુદ્ધિમાં. વર્તમાન ક્ષયોપશમ જ્ઞાનમાં પરનું અને સ્વનું જાણવું થયું, પણ સ્વદ્રવ્ય જે ધ્રુવ છે નિત્યાનંદ ધ્રુવ એ તરફની દૃષ્ટિ કરીને જાણ્યું નથી તો એ પરને પણ યથાર્થપણે જાણ્યું નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? પોતાનું અખંડ દ્રવ્ય કેવું છે? કે પહેલા ત્રણ બોલ આવી ગયા કે જે આત્મા છે તે ઈન્દ્રિયથી જણાતો નથી અથવા ઈન્દ્રિયથી જાણવું એને થતું નથી. પહેલો બોલ છે. છે? જુઓ.

‘**ઈન્દ્રિયોંકે દ્વારા ગ્રહણ (-જાનના) નહીં હોતા...**’ ‘**જિસકે લિંગોંકે દ્વારા અર્થાત્ ઈન્દ્રિયોંકે દ્વારા ગ્રહણ (-જાનના) નહીં હોતા વહ અલિંગગ્રહણ હૈ; ઈસ પ્રકાર આત્મા અતીન્દ્રિયજ્ઞાનમય હૈ...**’ ઈન્દ્રિયનું લક્ષ કરીને... જ્ઞાન થયું તેને જ્ઞાન જ કહેવામાં આવતું નથી. .. કહે છે. ઓહો..હો..! કેમકે એ તો અતીન્દ્રિય જ્ઞાનમય આત્મા છે. અતીન્દ્રિય જ્ઞાનમય. તો અંતરમાં અતીન્દ્રિય જ્ઞાન છે તો પોતાની પર્યાયમાં અતીન્દ્રિય પર્યાય પ્રગટ થઈ... અતીન્દ્રિય .. એ તરફ વલણ હોય તો એણે અતીન્દ્રિય આત્માને જાણ્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- તો દ્રવ્યલિંગ ક્યાં ગયું?

ઉત્તર :- કાંઈ જાણ્યું નહિ. શું જાણ્યું કહે છે? એ જાણ્યું એ પરને જાણ્યું. એ પરને જાણ્યું એ યથાર્થપણે નહિ. સ્વને જાણ્યા વિના પરનું જાણવું યથાર્થ હોતું નથી. કેમકે સ્વપરપ્રકાશક એનો સ્વભાવ છે. આ વકીલાતની પરીક્ષા અને આ પ્રોફેસરની પરીક્ષા એમ કહે છે. એ વકીલ છેને? .. કહેતા હતા મીંડા છે. સમજાણું કાંઈ?

જે જ્ઞાનપુંજ વસ્તુ છે જ્ઞાનનો પુંજ સત્ત્વ-સત્ત્વ, એનો આશ્રય કરીને, દૃષ્ટિ કરીને જે જ્ઞાન થાય તે જ જ્ઞાન. સમજાણું કાંઈ? આત્મા જ્ઞાયક એટલ જ્ઞાનસ્વરૂપ, ધ્રુવ ચિદાનંદ

સ્વરૂપ જેમાં સંયોગી ચીજ તો નથી, રાગાદિ તો નથી પણ એક સમયની પર્યાયનો પણ ધ્રુવમાં અભાવ છે. સમજાણું કાંઈ? જાણનારી પર્યાય છે, પણ એ પર્યાયનું ધ્યેય ધ્રુવ છે. એ પર્યાયને જાણનારી પર્યાય પણ ધ્રુવમાં નથી. શું કહે છે સમજાણું કાંઈ? આત્મા છે દ્રવ્ય વસ્તુ છે. વસ્તુ છે, નિત્ય સત્ત્વ છે. નિત્ય સત્ત્વ છે. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... એવો અપરિમિત સ્વભાવસ્વરૂપ આત્મા ધ્રુવ છે. તો એવા ધ્રુવમાં પરવસ્તુનો તો અભાવ છે જ. પરવસ્તુ તો છે જ નહિ. રાગાદિ પણ નથી. એ તો નથી, પણ એક સમયની પર્યાય પ્રગટ છે એ પર્યાય પણ ધ્રુવ ત્રિકાળ એકરૂપમાં નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પર્યાય તો એની છે.

ઉત્તર :- એની છે. પર્યાયની પર્યાય છે, ધ્રુવની પર્યાય નથી. એવી ચીજ છે. સમજાણું કાંઈ? આહા..હા..! બે અંશ છે. એક સમયની અવસ્થા કાર્યરૂપ પ્રગટદશા. તો ખરેખર તો પર્યાય પર્યાયની કર્તા અને પર્યાય પર્યાયનું કારણ. ધ્રુવ જે વસ્તુ છે એ તો ખરેખર પર્યાયનો કર્તા પણ નથી અને પર્યાયનું કારણ પણ નથી. એવી ચીજ છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે. સાંભળી નથી. એ વાત કદી ચાલી નથી. આહા..હા..!

ભગવાન આત્મા વસ્તુ છે કે નહિ? વસ્તુ છે તો વસ્તુમાં વસેલી, રહેલી, ટકેલી શક્તિઓ છે કે નહિ? તો એ શક્તિવાન આખો પદાર્થ ધ્રુવ જ છે. ધ્રુવ નામ સદશ સ્વભાવનો પિંડ છે. એ આત્મા વર્તમાન પ્રગટ અવસ્થાનો અંશ જે કાર્યરૂપ પર્યાય છે, એ પર્યાય પણ વસ્તુ કારણ ત્રિકાળ ધ્રુવ છે એમાં છે નહિ. ધ્રુવમાં ક્યાં છે? ધ્રુવમાં એ પર્યાય હોય તો ધ્રુવ પર્યાયરૂપ થઈ જાય. લ્યો ધન્નાલાલજી આવ્યા. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! એ વસ્તુની એવી વસ્તુ છે. ઓહો..! નિત્ય-નિત્ય. બે અંશ છે. એક નિત્ય અંશ છે અને એક અવસ્થા અંશ છે. સમજાય છે? એક નિત્ય અંશ છે અને એક અનિત્ય અવસ્થા અંશ છે. એ બેમાં દ્રવ્ય સમાપ્ત છે. પરવસ્તુ તો એમાં છે જ નહિ. અહીંયા તો કહે છે કે ધ્રુવ નિત્ય જે છે નિત્ય, એ પર્યાય વર્તમાનથી જે જાણવાલાયક જણાય છે એ પર્યાય પણ એમાં નથી. કેમકે પર્યાયનો સમય એક છે અને ધ્રુવનો સમય ત્રિકાળ છે. આહા..હા..!

મુમુક્ષુ :- .. મોટું અંતર થઈ ગયું.

ઉત્તર :- સમજાણું કાંઈ? એ આગળ આવશે. દ્રવ્ય પર્યાયને સ્પર્શતો જ નથી. આલિંગન કરતો નથી એમ કહે છે આગળ. આહા..હા..! ધ્રુવ વસ્તુ એકલો આનંદનો રસકંદ ધ્રુવ છે તે, પોતાની વર્તમાન પ્રગટ અવસ્થા છે એનો પણ પર્યાયનો દ્રવ્યમાં તો અભાવ છે. તો એવો આત્મા. સમજાણું કાંઈ? ભાષા તો હિન્દી થાય છે હવે તો સમજાવું જોઈએ કે નહિ? ભાષા હિન્દીમાં થાય એટલે.

મુમુક્ષુ :- ધ્રુવ ધ્રુવ છે.

ઉત્તર :- ધ્રુવ ધ્રુવ છે. ધ્રુવમાં પર્યાયનો અંશ વિશેષ છે. વિશેષ સામાન્યમાં નથી. સામાન્ય જે ધ્રુવ છે એમાં વિશેષ નથી અને વિશેષની અવસ્થામાં ધ્રુવ નથી. નહિતર બે અંશ સિદ્ધ નહિ થાય. સમજાણું કાંઈ? તો કહે છે કે એ આત્મા, ઇન્દ્રિયથી જેટલું જણાય એ ઇન્દ્રિયથી જાણે એ આત્મા જ નથી એમ કહે છે અહીંયા તો. પહેલો બોલ છે. છે? ક્યાં છે? વાંચો. **'જિસકે લિંગો દ્વારા અર્થાત્ ઇન્દ્રિયો કે દ્વારા ગ્રહણ (-જાનના) નહીં હોતા...'** એનો અર્થ છે. સમજાણું કાંઈ? છેને ધન્નાલાલજી! પહેલો બોલ છે. અહીંયા ૧૭૨. અલિંગગ્રહણ. જેને નામ આત્માને, જેને નામ આત્માને **'લિંગો દ્વારા અર્થાત્ ઇન્દ્રિયોકે દ્વારા ગ્રહણ (-જાનના) નહીં હોતા...'** ઇન્દ્રિયો નિમિત્ત પડે એમાં જાણવું થાય એ આત્મા નથી. તેને અણાત્મા કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિમિત્ત ઇન્દ્રિય હોય અને નિમિત્ત સાપેક્ષ વિકાસ હોય એ વિકાસ આત્માનો નથી. એ જ્ઞાન આત્માનું નથી. એ જ્ઞાન ફાલતું, અજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કેમ કે **'ઇસપ્રકાર આત્મા અતીન્દ્રિયજ્ઞાનમય હૈ...'** એ તો અતીન્દ્રિય જ્ઞાનમય વસ્તુ, વસ્તુ એવી છે. જે અંતરમાં અતીન્દ્રિય વસ્તુ છે એનો આશ્રય કરીને જે પર્યાય પ્રગટ થઈ તે પર્યાય અતીન્દ્રિય છે અને અતીન્દ્રિય પર્યાયથી તે જણાય છે. અતીન્દ્રિયથી જાણે છે, ઇન્દ્રિયથી જાણતો નથી એટલું પહેલા લેવું છે. અતીન્દ્રિયથી આત્મા જાણે છે. ઇન્દ્રિયથી જાણે તે આત્મા નથી. પોતાનું સત્ત્વ તે પરદ્રવ્યના સત્ત્વના નિમિત્તને લઈને જે અપેક્ષિત વિકાસ છે તે પોતાનો વિકાસ જ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. ચૈતન્ય સત્ત્વ છે જ્ઞાનનો પુંજ જ્ઞાનપુંજ વસ્તુ છે, આનંદનું ધામ છે, પૂર્ણાનંદનો રસકંદ છે. એવો જે આત્મા. ઇન્દ્રિયો પર છે, ખંડ ઇન્દ્રિય એ પણ પર છે. ભાવ ઇન્દ્રિય છેને ભાવઇન્દ્રિય? તો ભાવઇન્દ્રિયથી જણાય એ આત્મા નથી. ભાવ ઇન્દ્રિયથી જાણે તે આત્મા નથી. આહા..હા..! દ્રવ્ય ઇન્દ્રિય નિમિત્ત પડે છે એનાથી જણાય એ આત્મા નથી. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. નિશાળમાં તમારા પ્રોફેસર ભણાવે એ કરતા બીજી ચીજ છે અહીંયા. આહા..હા..!

મુમુક્ષુ :- બધું મૂકી દેવું પડશે?

ઉત્તર :- મૂકી દે શું છે જ ક્યાં એમાં? માની રાખ્યું છે. માની રાખ્યું છે કે ઇન્દ્રિયનું જ્ઞાન તે મારું જ્ઞાન છે. એ તો માન્યું છે. છે નહિ એમાં. સમજાણું કાંઈ? એટલો નિરપેક્ષ અતીન્દ્રિય જ્ઞાન ભગવાન પોતાના અતીન્દ્રિય જ્ઞાનથી જણાય છે. એ ઇન્દ્રિયથી જાણતો જ નથી. ઇન્દ્રિયથી જાણતો જ નથી. ઇન્દ્રિયથી જણાય એ આત્મા જ નથી, તે આત્માનું જ્ઞાન જ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એક બોલ થયો એ.

બીજો. **'ગ્રાહ્ય (જાણવાયોગ્ય) એવા જેનું...'** ગ્રાહ્ય નામ જ્ઞેય. ભગવાન આત્મા જ્ઞેય થવામાં **'જેનું, લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ (-જાણવું) થતું નથી...'** જ્ઞેય ઇન્દ્રિય વડે જાણવામાં નથી આવતું. આત્મા જ્ઞેય... એમાં તો એમ કહ્યું હતું કે ઇન્દ્રિય

વડે જાણતો નથી. પહેલા એમ કહેતા હતા. પહેલા ઇન્દ્રિય વડે જાણવું થતું નથી. હવે ઇન્દ્રિય વડે જાણવામાં આવતો નથી. એ બીજો બોલ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો મૂળ વાત છે, ભાઈ! બધા છ દ્રવ્ય હોય તો એને ઘરે. સર્વજ્ઞનું જ્ઞાન-કેવળી પરદ્રવ્ય છે એનું જ્ઞાન એ પણ ઇન્દ્રિયના લક્ષે કેવળજ્ઞાનનું જ્ઞાન (થાય) તેને જ્ઞાન જ કહેતા નથી એમ કહે છે અહીંયા તો. સમજાણું કાંઈ?

આ ભગવાન આત્મા નિત્ય ધ્રુવ ભગવાન એ અતીન્દ્રિય જ્ઞાનમય ચીજ છે. તે અતીન્દ્રિય જ્ઞાનથી જાણવામાં આવે છે અને અતીન્દ્રિય જ્ઞાનથી જાણે છે. પહેલા (કહ્યું કે) ઇન્દ્રિયથી જાણતો નથી, તે અતીન્દ્રિયથી જાણે છે. હવે આત્મા ઇન્દ્રિયો વડે ગ્રહણ થતો નથી એમ બીજો બોલ છે. આત્મા ઇન્દ્રિય વડે ગ્રહણ થતું નથી અથવા ઇન્દ્રિયના લક્ષે જે જ્ઞાન થયું તે જ્ઞાન વડે આત્મા જ્ઞેય થઈ શકે નહિ એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- એવો આત્મા કઠણ છે?

ઉત્તર :- એવો આત્મા સીધો અને સરળ છે એમ કહે છે. જેને પરની અપેક્ષા નથી. પરની અપેક્ષાથી પરાધીન થઈ જાય છે. સમજાણું કાંઈ? એવો આત્મા છે જ નહિ. સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા પરમેશ્વર વીતરાગ એણે જે આત્મા જાણ્યો એ આત્મા ઇન્દ્રિયથી જણાતો નથી એમ કહે છે. ઇન્દ્રિયથી જાણતો તો નથી, પણ ઇન્દ્રિયથી આત્મા જણાતો નથી. ઇન્દ્રિયથી પોતાનું જ્ઞેય થઈ શકતું નથી. જ્ઞેય ભગવાન આત્મા તે અતીન્દ્રિય જ્ઞાનથી જ્ઞેય થઈ શકે છે. ઇન્દ્રિયના જ્ઞાનથી જ્ઞેય થઈ શકતું નથી. આહા..હા..! કેટલી એમાં ધીરજ જોઈએ! કેટલો પુરુષાર્થ જોઈએ! એ પુરુષાર્થની તો કિંમત નથી. બહારનું કરે છે, આ દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા, આચરણ. ભક્તિ બહુ કરે છે. એની કિંમત લ્યો!

મુમુક્ષ :- સરળ છે.

ઉત્તર :- સરળ ક્યાં, એ તો આગમથી ઓલી વાત નથી કરી પરમાર્થ વચનિકામાં? આગમપદ્ધતિ સુલભ છે. કેમકે બહારની ક્રિયા છે. રાગની મંદતા એ ક્રિયા એ માને છે અને કરે છે. ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાનનો પિંડ પ્રભુ તે અતીન્દ્રિય જ્ઞાનથી જ જણાય છે. ઇન્દ્રિયજ્ઞાનથી ગ્રહણ થતું નથી. આહા..હા..! રાગથી, વિકલ્પથી, દયા, દાન, ભક્તિથી. કહે છેને કે આપણે પહેલા વ્રત, દયા, દાન કરો અને પછી એનાથી જણાય. પછી નહિ. એ પહેલા અને પછી એ વ્રત, દાન આદિ ક્રિયાનો ભાગ રાગનો છે તેનાથી આત્મા જણાતો જ નથી. તેનાથી આત્માનું જ્ઞાન થતું જ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વ્રત કરો, તપ કરો. આ અજ્ઞાનના તપ હોં! પંચ મહાવ્રત, અહિંસા પાળે, દયા પાળે, વ્રત. કોની દયા અને કોની અહિંસા? એ તો વિકલ્પ રાગ છે. પરની અહિંસા અને સત્ય બોલવું એ તો બધો રાગભાવ છે. શરીરથી બ્રહ્મચર્ય પાળવું એ પણ શુભરાગ છે. સમજાણું કાંઈ? બ્રહ્માનંદ ભગવાન આત્મા એ રાગની ક્રિયા વડે અનુભવમાં આવે એવો આત્મા નથી, એવો

આત્મા નથી. અને રાગથી આત્મા જણાય એવો રાગ નથી. ઈન્દ્રિયથી જણાય એવો આત્મા નથી અને ઈન્દ્રિયમાં એવી તાકાત નથી કે એનાથી આત્મા જણાય. ઈન્દ્રિયની તાકાત નથી, ઈન્દ્રિયના જ્ઞાનની તાકાત નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બે બોલ થયા.

ત્રીજો બોલ. ત્રીજો બોલ પણ કાલે થઈ ગયો. પણ થોડો એક બોલ રાતે યાદ આવી ગયો હતો. ચરણાનુયોગનું. ત્રીજો. '**જેમ ધુમાડા દ્વારા અગ્નિનું ગ્રહણ થાય છે...**' જેમ ધુમાડા દ્વારા અગ્નિનું ગ્રહણ થાય છે. ધુમાડો થાય છેને ધુમાડો? ધુમાડો છે તો અગ્નિ છે, ધુમાડો છે તો અગ્નિ છે. એવું જ્ઞાન થાય છે. એ બરાબર છે કહે છે. '**તેમ લિંગ દ્વારા એટલે કે ઈન્દ્રિયગમ્ય દ્વારા (-ઈન્દ્રિયોથી જાણવાયોગ્ય ચિહ્ન દ્વારા) જેનું...**' નામ આત્માનું જ્ઞાન નથી થતું. કહો, શરીર કૃશ થઈ જાય, બહારની ક્રિયા કરે, વ્રત પાળે તો એ જ્ઞાની છે અને આત્મા તેને જાણ્યો એમ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? ઘણા કહે છેને કે ચરણાનુયોગ અનુસાર આચરણ કરે તો એ માપ અંતરનું માપ કરવાની ચીજ છે. એય..! સમજાણું કાંઈ? અહીં ના પાડે છે. ચરણાનુયોગ અનુસાર ક્રિયા આદિ પાળે તો એ માપ અંતરનો ધર્મી છે એવું માપનો દંડ છે-માપદંડ છે. સમજાણું કાંઈ? અહીં ના પાડે છે. એ બાહ્ય ઈન્દ્રિયગમ્યથી જણાય કે આ વ્રત પાળે, બ્રહ્મચર્ય છે, વસ્ત્રો છોડ્યા, નગ્ન છે તો એને આત્મા જાણવામાં આવ્યો અને ધર્મી છે એવું માપ કરવાની ચીજ નથી. એ ના પાડે છે. ખોટી વાત છે. સમજાણું કાંઈ? માળે ભારે ધર્મ ભાઈ!

'**ધુમાડા દ્વારા અગ્નિનું ગ્રહણ થાય છે તેમ લિંગ દ્વારા ઈન્દ્રિયગમ્ય...**' ઈન્દ્રિયગમ્ય એટલે '**(ઈન્દ્રિયોથી જાણવાયોગ્ય ચિહ્ન દ્વારા) જેનું...**' નામ આત્માનું '**ગ્રહણ (-જાણવું) થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા ઈન્દ્રિયપ્રત્યક્ષપૂર્વક...**' જુઓ, '**ઈન્દ્રિયપ્રત્યક્ષપૂર્વક અનુમાનનો વિષય નથી...**' એટલા-એટલા વ્રત પાળે છે, માસખમણ કરે છે, બાળબ્રહ્મચારી છે. શરીરથી સ્ત્રી સેવન કર્યું નથી. એવા આચારણથી આત્માનું જ્ઞાન, આત્મા એને ગ્રહણ થયો છે અને તે ધર્મી છે એવું માપ થતું નથી. સમજાણું કાંઈ? એ તો બાહ્ય ચીજ છે. એ તો રાગની મંદતાની, જડની ક્રિયા છે.

મુમુક્ષુ :- બહારથી નક્કી કરી લે છે કે આત્મા વયો ગયો.

ઉત્તર :- એ ક્યાં માને? એ તો બીજી વાત છે. એ તો વળી અહીં નથી એટલું. પણ આ આત્મા છે એવું ક્યાં આવ્યું? એ તો અહીંયા ક્ષેત્રથી ક્ષેત્રાંતર થયું એવું અનુમાન કર્યું. પણ આ આત્મા છે, આ ચીજ આત્મા છે એવું ક્યાં આવ્યું એમાં? .. આત્મા નીકળી ગયો, પણ આત્મા કોણ? ક્યાં? એની તો ખબર નથી એને. એ તો પવન નીકળ્યો જોડે આત્મા ગયો એમ માન્યું છે. આત્મા છે તે ઈન્દ્રિયગમ્ય ચેષ્ટાથી જણાય એવો આત્મા છે જ નહિ. ઈન્દ્રિય પ્રત્યક્ષનો અનુમાનનો વિષય આત્મા નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ... અનુમાન નથી.

ઉત્તર :- નહિ. જુઓ એક જણો કહેતો હતોને? આ મહિનાના અપવાસ કરે છે એ શું સમ્યગ્દર્શન વિના કરે છે? એમ પ્રશ્ન આવ્યો હતો પત્રમાં. સમજાણું કાંઈ? અધ્યાત્મ પત્રાવલીમાં એ પ્રશ્ન આવ્યો હતો. આ મહિનાના અપવાસ કરીને બેઠા તો શું શ્રદ્ધા વિના કરે છે? પણ શ્રદ્ધા કઈ? સમ્યગ્દર્શનની ચીજ જ નથી. મહિનાના અપવાસ કરે કે છ મહિનાના કરે એ તો રાગની મંદતા હોય અને મિથ્યાત્વભાવ હોય તો એમાં એવું થાય છે. સમજાણું કાંઈ? મેં અપવાસ કર્યો એ તો મિથ્યાત્વભાવ છે. રાગની મંદતા અને મેં આહાર છોડ્યો એનો સ્વામી થાય છે એ તો.

મુમુક્ષુ :- રાગની મંદતા તો થાય છે.

ઉત્તર :- થાય છે એનો સ્વામી થાય છે તે મિથ્યાત્વ છે. એ તીવ્ર મિથ્યાત્વ છે. તીવ્ર કષાય છે. રાગની મંદતા એ ચારિત્રમોહનો મંદભાવ છે, પણ એનાથી મને ધર્મ થાય છે એવો મિથ્યાત્વનો તીવ્ર કષાયભાવ છે. કારણ કે દૃષ્ટિ ત્યાં પડી છે. રાગ જ પોતાનો આત્મા છે અને રાગથી જ પોતાના આત્માને લાભ થાય છે. આખા આત્માને એનાથી લાભ થયો એમ માન્યું તો એ વિપરીત માન્યતા એ તો મોટો કષાય છે. એ જ મોટો કષાય છે. જરી ઝીણી વાત છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા.

કહો, છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં સમકિત પડ્યા હોય અને ભોગની વાસનાનો વિકલ્પ પણ હોય. તો વિકલ્પ છે અને એ ક્રિયા છે એના ઉપરથી જાણ્યું કે આ અજ્ઞાની છે અને મિથ્યાત્વી છે એમ છે? એમ નથી. કેમકે એ તો વિકલ્પ છે અને જે ક્રિયા થાય છે એનાથી ખસીને સ્વભાવની દૃષ્ટિમાં સ્વસ્વામીપણું ત્યાં પડ્યું છે. ધર્મીની દૃષ્ટિમાં સ્વશુદ્ધ ચૈતન્ય ધ્રુવ એ મારું સ્વ અને એનો હું સ્વામી એવી દૃષ્ટિ છે. તો રાગાદિ થયો અને એ ક્રિયા થઈ એનો એ સ્વામી નથી. અજ્ઞાની માને છે કે જુઓ, એમાં આમ થયું. એમાં થયું જ નથી. થયું છે જડમાં. સમજાણું કાંઈ? ભારે વાત!

આત્મા પોતાની દૃષ્ટિમાં જ્યારે ધ્રુવસ્વરૂપ અખંડાનંદ પ્રભુ એવી દૃષ્ટિ જ્યાં ધ્રુવ ઉપર જામી ગઈ તો ધ્રુવ સ્વ પોતાનું છે અને ધ્રુવનો જ્ઞાની સ્વામી છે. એને એક સમયની રાગની પર્યાય એવી આવી અને ક્રિયા થઈ એનો સ્વામી નથી અને એની પર્યાયમાં છે નહિ. એ રાગ અને દેહની ક્રિયા, ભોગની એની પર્યાયમાં નથી. તો એ પર્યાય એની છે અને એનાથી આત્માનું માપ કરે છે કે આ તો અજ્ઞાની આત્મા છે. એમ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અને સ્ત્રીને છોડીને નગ્ન સાધુ થયો, જંગલમાં રહે છે, મહિના-મહિનાના અપવાસ કરે છે. તો એ ક્રિયા વડે ધર્મી છે એવું માપ છે જ નહિ. એ તો રાગની મંદતા થઈ અને દેહની ક્રિયા એમ થવાની હતી તો થઈ છે. અને દૃષ્ટિ તો ત્યાં પડી છે (કે) રાગ અને દેહની ક્રિયા એ મારું સ્વ છે અને એનો હું સ્વામી છું એટલે એનાથી મને લાભ થશે. તો એ મારી ચીજ છે એમ માન્યું.

મુમુક્ષુ :- દેહ અને રાગનો સ્વામી થયો?

ઉત્તર :- દેહ અને રાગનો સ્વામી થયો. કષાય.. શું આવ્યું? કાયા, કષાય એ તો નિમિત્ત... એ તો ભાષા થઈ. કષાય જડ અને વિકાર-આસ્રવ, કાયા એટલે અજીવ અને આસ્રવ એટલે કષાય એ તો રાગ. આહા..હા..! જેની દૃષ્ટિમાં રાગ જ છે અને જડની ક્રિયા છે એ તો અજીવનો સ્વામી અજીવ થઈને રહ્યો છે. એ જીવ થઈને રહ્યો જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને જેની દૃષ્ટિમાં ધ્રુવ જ્ઞાયકમૂર્તિ છે એ મારો સ્વ-સ્વામી, તો એ રાગનો ભાવ થયો અને ક્રિયા થઈ એમાં એ છે જ નહિ. અને એનો સ્વામી નથી અને એમાં એ છે નહિ. અને એ છે તે આત્મામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બાહ્યની ક્રિયાથી અંદરના ધર્મનું માપ થાય એમ ના પાડે છે ભગવાન. એવી ચીજ છે નહિ. એ તો અક્રિય રાગથી ભિન્ન ચિદાનંદ અતીન્દ્રિય સ્વરૂપ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, તે આવું હોય તો આવું નિમિત્ત હોય એમ કીધું. પણ એથી કરીને આત્મા ક્યાં આવ્યો ત્યાં? અશુભરાગ હોય સામે નિમિત્ત સ્ત્રી, કુટુંબનું હોય. શુભરાગ હોય તો પૂજા, ધર્મ કે દયા કરો એવી વાત. એ તો પરનું જ્ઞાન કરાવવા માટે વાત કહી. પણ એમાં આત્માનું જ્ઞાન ક્યાં થયું? ઝીણી વાત છે. ઝીણી વાત, સત્ય વાત એ જ છે. ભગવાન આત્મા, કહે છે કે ઇન્દ્રિયના અનુમાનથી જાણવાયોગ્ય છે જ નહિ. અનુમાનનો વિષય કરીને, આ આત્મા છે તો આત્મા છે એવી ક્રિયા કરે છે, એવા વ્રત પાળે છે. તો તેને આત્માનું સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન આત્મા છે. સમ્યગ્દર્શનનું અહીંથી માપ થાય એવું છે જ નહિ. સમ્યગ્દર્શનનું માપ તો અંતર ધ્રુવ તરફ દૃષ્ટિ જામી છે અને રાગથી દૃષ્ટિ હટી ગઈ છે. વિકલ્પથી દૃષ્ટિ હટી ગઈ છે, સંયોગથી હટી ગઈ છે અને ત્રિકાળ ધ્રુવમાં દૃષ્ટિ ઘુસી ગઈ. કહો, સમજાણું કાંઈ?

એ .. કહ્યું હતું નહિ કાલે? મક્ષીમાં છે. .. હતું? આ ન આવ્યા બ્રહ્મચારી ભાઈ. ક્ષુલ્લક આવવાના હતા. આવ્યા? ક્ષુલ્લક આવવાના હતાને એ દયાસાગર. પાંચ જણ આવવાના હતા. બહુ મોડું થઈ ગયું. બાર-તેર છે ખબર નથી. તેર-ચૌદ નહિ, બાર-તેર. અને એને તો દશમી તારીખ કહી હતી. આજ .. ... પ્રતિષ્ઠા થઈ ગઈ. વદ સાતમ. બપોરે વ્યાખ્યાન અઢી થી સાડા ત્રણ હતું. .. ત્યાં. થોડું વ્યાખ્યાન.. હું ૧૦મી તારીખે પહોંચીશ સોનગઢ. તો કહે અમે પણ ૧૦મી તારીખે આવશું એમ કહ્યું હતું. ભાઈને કહ્યું. સાથે એને ભોજન કરાવનાર હોય ત્યારે આવી શકેને. એકલા કેવી રીતે આવી શકે? બીજાને મેં કહ્યું હતું કે ત્યાં કોઈ વ્રતધારી માનીને આહાર દઈ શકે એવું ત્યાં કોઈ છે નહિ. ત્યાં પરીક્ષક લોકો વસે છે તો એવા વ્રત બહારથી લઈ લીધા તો વ્રતધારી છે, તો વ્રતધારીને આહાર દેવો એવા કોઈ ત્યાં નથી. તમારી સાથે કોઈ હોય તો એની સાથે આવો. તમને આહાર બનાવી દે

અને તમે લ્યો એવા કોઈ વ્યક્તિ તમારી સાથે હોય તો જુદી વાત છે. સમજાણું કાંઈ? હજી સમ્યગ્દર્શન કેમ થાય, સમ્યગ્દર્શન શું ચીજ છે એની ખબર નથી, તો સમ્યગ્દર્શન વિના વ્રત આવ્યા ક્યાંથી? એ તો બહારની વૃત્તિ અભિમાન થયા છે. સમજાણું? એ કહ્યું હતું ત્યાં છેલ્લે દિવસે. 'ગ્રહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન, ગ્રહે નહિ પરમાર્થને...' આ શ્લોક કહ્યો હતો. 'લેવા લૌકિક માન.' એ શ્રીમદ્‌નું વાક્ય છે. 'લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું.' મારી પરિણતિ શું છે એની તો ખબર નથી. શુદ્ધ પરિણતિ શું છે, અશુદ્ધ પરિણતિ શું છે અને અશુદ્ધ પરિણતિ કોને આધારે થાય છે? એની તો ખબર નથી અને 'લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન.' અમે વ્રતધારી છીએ, અમે ત્યાગ કર્યો છે, અમારો એટલો આદર કરો અને અમારી સગવડતા એટલી પૂરી કરો. મિથ્યાત્વનું પોષણ કરે છે. એમાં તો માન પોષાય છે. સમજાણું કાંઈ? 'લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું.' વૃત્તિ સમજ્યાને? પરિણતિ. 'ગ્રહ્યું વ્રત અભિમાન.' તો અભિમાન ગ્રહણ કર્યું. મેં ત્યાગ કર્યો, હું બ્રહ્મચારી છું, બે પડિમાવાળા છીએ, ચાર પડિમાવાળા છીએ. અભિમાન લીધું છે. અને પછી દુનિયા જો આદર ન કરે તો એનો એને ખેદ થાય છે. અમારી પદવી પ્રમાણે તમે આદર ન કરો? તારી પદવી જ નથીને. એય..! નેમીચંદજી! પદવી તારી મિથ્યાત્વમાં છે. આહા..હા..! આકરું કામ ભાઈ! અને એ પદવી માની લીધી બહારથી સાધારણ એકલી. લૂગડા ફેરવી નાખ્યા થોડા. આવું ખાવું નહિ અને પીવું નહિ એમ લઈ લીધા વ્રત. એ વ્રત છે જ નહિ. રાગનો-વિકલ્પનો સ્વામી થઈને જ્યાં પર્યાયનું પરિણમન પણ સ્વતંત્ર થાય છે અને દ્રવ્ય સ્વતંત્ર ધ્રુવ છે એવા અનુભવ વિના તેને વ્રતનો વિકલ્પ વ્યવહારે પણ આવતો નથી. વિકલ્પ આવે એ પણ જડ અને અચેતન છે. વ્રતનો વિકલ્પ પણ અચેતન છે, રાગ છે. એ તો પોતાનું સ્વરૂપ જાણતો નથી રાગ અને રાગ આત્માને જાણતો નથી. એ તો પર વડે જણાય છે. તો જેને આત્માનું ભાન છે એ રાગને જાણે છે કે આ રાગ છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. લૌકિક જેવી વાત નથી.

કહે છે કે આત્મા ઇન્દ્રિયથી ચિહ્ન દ્વારા... લ્યો શરીર જીર્ણ થઈ ગયું. બહુ આચરણ સવાર, બપોર બરાબર ઈચ્છામી પડિક્કમણું બોલે છે, ઉભા રહે છે. ચાર બાજુ ચાર દિશામાં વંદન કરીએ છીએ, સામાયિક કરીએ છીએ. જુઓ એને માટે બનેલું ભોજન નથી લેતા, એકવાર ખાય છે, શરીર જીર્ણ થઈ ગયું. તો એવા અનુમાનથી આત્મા તેને જાણવામાં આવ્યો છે કે ધર્મી છે એવું માપ નથી. એય..! પરમાર્થની વાત તો આ છે. કોઈ વ્યક્તિ માટે નથી, પણ વસ્તુનું સ્વરૂપ એવું છે. વસ્તુના સ્વરૂપની ખબર નથી અને એમ માની લે કે જુઓ, પણ આટલું કરીએ છીએ એમાં કાંઈક તો છે કે નહિ? વ્યવહાર કરીએ છીએ એમાં કાંઈક છે તો નહિ? છે કાંઈક મિથ્યાત્વ છે. વ્યવહાર મારો છે અને વ્યવહાર હું કરું છું એ માન્યતા જ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? કઠણ કસોટી છે. કસોટી તો કઠણ જ હોયને. લાકડા

ઉપર સોનાને ઘસે છે? કસોટી પત્થર હોય છે પાક્કો. પાક્કો પત્થર હોયને છેને એમાં સોનાની કસોટી થાય. આહા..હા..! ઇન્દ્રિયગમ્ય દ્વારા જેનું ગ્રહણ નથી થતું. લ્યો ત્રણ બોલ થયા. **'આ રીતે આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષપૂર્વક અનુમાનનો વિષય નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** ત્રણ બોલ થયા.

હવે ચોથો બોલ. **'(૪) બીજાઓ વડે માત્ર લિંગ વડે જ જેનું ગ્રહણ થતું નથી...'** લ્યો! આત્મા એવો છે કે બીજાઓ વડે માત્ર અનુમાનથી જાણવામાં નથી આવતો. કે આ ધર્મી છે એ માત્ર અનુમાનથી બીજા જાણે એવો આત્મા નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઓલી પોતાની હતી, આ બીજાની.

ઉત્તર :- આ બીજાની વાત હવે. જુઓ.

**'બીજાઓ વડે...'** ઓહો..હો..! અમૃતચંદ્રાચાર્ય જૈનતત્ત્વનું રહસ્ય ખોલે છે. આમ છે. **'બીજાઓ વડે માત્ર લિંગ વડે...'** આત્મા જેને પ્રત્યક્ષ થયો હોય અને એ પ્રત્યક્ષ વડે બીજાનું અનુમાન કરે એ બીજી વાત છે. પણ એકલા અનુમાન વડે (નક્કી કરે કે) આ આત્મા છે અને આ આત્મા જાણનાર છે તો એવો આત્મા છે જ નહિ. સમજાણું કાંઈ? **'બીજાઓ વડે માત્ર લિંગ વડે...'** લિંગ એટલે? જેનું ગ્રહણ .. અલિંગગ્રહણમાં. લિંગ એટલે? ચિહ્ન દ્વારા. માત્ર લિંગ એટલે અનુમાન એમ. **'આ રીતે આત્મા અનુમેયમાત્ર (કેવળ અનુમાનથી જ જણાવાયોગ્ય) નથી...'** આહા..હા..! બીજાના વિકલ્પથી પર આત્મા એનાથી જણાય એમ નથી, પણ માત્ર અનુમાનથી આ આત્મા છે એમ જણાય એવો આત્મા નથી. ઓહો..હો..! સમજાણું કાંઈ? બીજાઓ વડે અનુમાનથી અનુમેય થઈ જાય એવો આત્મા નથી.

ફરીને વિશેષ સ્પષ્ટ કરવું પડશે. આ તો માત્ર રહસ્ય જૈનદર્શનનું છે. જૈનદર્શન વસ્તુનું સ્વરૂપ. ભગવાન આત્મા બીજાઓ વડે માત્ર લિંગ અનુમાન વડે જણાવાયોગ્ય છે એવો આત્મા નથી. બીજો અનુમાન કરે કે આ આત્મા, તો અનુમાન કરવાયોગ્ય આત્મા છે જ નહિ. આહા..હા..! જેને પ્રત્યક્ષ આત્મા થયો હોય તે પ્રત્યક્ષ વડે બીજાનો પ્રત્યક્ષ આ આત્મા છે એમ જાણે છે. પછી અનુમાન કરે. પ્રત્યક્ષ થાય તો અનુમાન તે વ્યવહાર છે, પણ પ્રત્યક્ષ આત્મા થયો નથી અને અનુમાન વડે બીજાનું અનુમાન કરે એવો આત્મા છે જ નહિ. વજુભાઈ! ભારે ઝીણું ભાઈ! આહા..હા..! વસ્તુ તો આત્મા છે, તેને જાણવું અને અનુભવ કરવો એ જ ધર્મ છે. બીજી ચીજ તો પર છે. તો એ આત્મા બીજાઓ વડે અનુમેય થઈ શકે, અનુમાનથી જ્ઞાન થવાયોગ્ય, બીજા વડે અનુમાનથી જ્ઞાન થવાયોગ્ય તે આત્મા છે જ નહિ. ઓહો..હો..! સમજાણું કાંઈ?

ધવલમાં આવે છે કે આ પ્રાણી ભવિ છે કે અભવિ? ભાઈ આવે છેને? સર્વાર્થસિદ્ધમાં તો એમ આવે છે સર્વાર્થસિદ્ધમાં, મતિજ્ઞાનના વિષયમાં કે આ કાઠિયાવાડી છે કે દક્ષિણી છે? એવો પહેલા .. પછી વિશેષ વિચાર કરે અને પછી નિર્ણય કરે અને પછી ધારણા

કરે છે. એ સાધારણ વાત લીધી છે. પણ ધવલમાં તો મતિજ્ઞાનમાં તો એમ લીધું છે કે આ જીવ ભવિ છે કે અભવિ? એવો જ્યારે અર્થાવગ્રહ કરે છે, અવગ્રહ કરે છે. પહેલા આ ભવિ કે અભવિ? તો એ ભવિ-અભવિનો નિર્ણય તો એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું છે સાચું, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે સાચું થયું છે એ વડે અનુમાન કરે છે બીજા. પણ જેને તેનું પ્રત્યક્ષ જ્ઞાન થયું છે તે બીજાનું એવું અનુમાન કરે છે. તો સમ્યગ્દૃષ્ટિ જીવ ત્યાં સુધી નિર્ણય કરે છે બીજાનો કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો છે, અનુભવ છે. રાગથી ભિન્ન પોતાના સ્વભાવનું સ્વસંવેદન જ્ઞાન અને નિર્વિકલ્પ પ્રતીતિ, ચારિત્ર એવો નિર્ણય સમ્યગ્દૃષ્ટિ જીવ બીજાનો, આ ભવિ જીવને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એવો નિર્ણય કરે છે.

મુમુક્ષુ :- પ્રત્યક્ષ

ઉત્તર :- હા, એને પ્રત્યક્ષ પોતાનું જ્ઞાન છે તો જ્ઞાનમાં પોતે પ્રત્યક્ષ થયો છે તો પ્રત્યક્ષસહિત એવું પરનું જ્ઞાન કરી શકે છે. એવા જ્ઞાનના સ્વભાવમાં એટલી શક્તિ છે. સમજાણું કાંઈ? દૃષ્ટાંત નહોતું આપ્યું? એ વખતે આપ્યું હતું આપણે ત્યારે મુંબઈમાં. વૈશાખ સુખ ૨-૩ ભગવાનને આહાર. ઋષભદેવ ભગવાનને શ્રેયાંસકુમારે આહાર આપ્યો. આવે છે કે નહિ? શ્રેયાંસકુમાર રાજકુમાર છે. અને આહાર દીધો. વૈશાખ સુદ ત્રીજ. ભગવાન આવ્યા. જોયું. સપનું આવ્યું હતું. ખ્યાલ હતો કે આજે ભગવાન આવવાના છે. કલ્પવૃક્ષ સુકાઈ ગયું છે. એવો ખ્યાલ આવ્યો હતો સપનામાં. નિમિત્તજ્ઞાનીએ કહ્યું કે આજે કોઈ મહાપુરુષ આવશે તમારે આંગણે. કહે ઠીક આહાર લેવા. પણ આહાર કેમ દેવો એ વિધિની ખબર નથી. તો એમ જોઈને ... સમજાણું કાંઈ? ભંવરલાલજી એમ કહે છે. મને સીમંધર ભગવાન અને કુંદકુંદાચાર્યદેવને જોઈને એવો વિચાર આવ્યો. ભંવરલાલજી એ ઈંદોરવાળા. બે હજારની સાલ. આમ જોવે છે તો કહે, આ શું? સીમંધર ભગવાન અને કુંદકુંદાચાર્ય બેય સાથે અત્યાર સુધી તો ક્યાંય જોયું નથી. કોઈ મંદિરમાં કે કોઈ સ્થાનમાં આમ. ભંવરલાલજી છેને. કોણ કહેવાય? વિનોદમીલના માલિક. ઉજ્જૈન. અહીં ઈંદોરમાં રહે છે. એ કહે કે આમ જોઈને હું પહેલા તો પા કલાક વિચારમાં પડી ગયો કે આવા ભગવાન સીમંધર પ્રભુ પરમાત્મા એની પ્રતિમા અને કુંદકુંદાચાર્યદેવ. બેયની સંધિ આખા હિન્દુસ્થાનમાં એક સ્થાને અમે આવી રીતે જોઈ નથી. તો મને એવો વિચાર આવ્યો કે નક્કી આ આત્માને એ બેની સાથે કોઈ સંબંધ હશે, નહિતર એવું બને નહિ. એમ વિચારતા. એય..! હમણા કહ્યું હતું. .. મૂકવા આવ્યા હતાને જ્યારે મુંબઈ. ઈંદોરથી મુંબઈ આવવું હતું પ્લેનથી. ઘણા માણસ બેઠા હતા. હું પા કલાક વિચારમાં પડી ગયો. આ શું છે! ભગવાન સીમંધર તીર્થંકર હોય તો સાથે વળી કુંદકુંદાચાર્ય એવું બે એક સાથે કેમ? નહિતર તો કુંદકુંદાચાર્યની પ્રતિમા છે અહીં બડવાની. અને સીમંધર ભગવાનની પ્રતિમા પણ ક્યાંક ક્યાંક છે. બયાનામાં છે. ૪૦૦-૫૦૦ વર્ષ પહેલાની. બયાના છેને બયાના?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો વચ્ચે વળી ૫૦૦ વર્ષ પહેલાની. 'સાક્ષાત્ જીવંત સ્વામી' લખ્યું છે. અમે ગયા હતાને. એ લોકોને ખબર નથી કાંઈ. પણ એને તો આ બેનો મેળ કેમ? એમ શ્રેયાંસકુમારને જ્યાં એવો વિચાર થયો, ભગવાનને જોઈને જાતિસ્મરણ થઈ ગયું.

મતિજ્ઞાનની ધારણાની સ્પષ્ટતા એટલી થઈ કે આઠ ભવ પહેલા એ પતિ હતા અને શ્રેયાંસકુમારનો આત્મા પત્નીનો હતો. અને પતિ-પત્નીએ સંત દિગંબર મહામુનિ ભાવલિંગી તેને આહારદાન દીધું હતું. એ યાદ આવી ગયું. નહિતર અહીં તો શ્રેયાંસકુમાર રાજકુમાર રતનની પૂતળી જેવા કરોડો... રાજ એટલે પૈસાની ક્યાં કમી હોય? સુંદર. પછી ભાન કરી લે ભગવાન પાસે. કહે આ શું? જાતિસ્મરણ થયું તો એ મતિજ્ઞાનની ધારણાની એટલી નિર્મળતા થઈ કે જે શરીરને જોવે છે એ શરીર તો પૂર્વે નહોતું. આ શરીર દેખાય છે તો આ શરીર પણ પૂર્વે નહોતું. પૂર્વે આત્મા અને આ આત્મા બે હતા અને અમે બેય પતિ-પત્ની તરીકે આહાર લીધો એટલું નક્કી કર્યું. સમજાણું કાંઈ? એવી ધારણાની મતિની નિર્મળતા એવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પતિ હતા અને હું પત્ની હતી અને મુનિને આહાર દીધો હતો એ યાદ આવી ગયું. તિષ્ઠ-તિષ્ઠ. સ્મરણમાં આવી ગયુંને. તિષ્ઠ. જળ શુદ્ધ છે, આહાર શુદ્ધ છે. તો રસ હતો. રસ સમજ્યાને? શેરડીનો. શેરડીનો રસ હતો ઘરે. એ રાજા હતાને ... ગયા. ગન્ના સમજો છોને? શેરડી. રસ... ઈક્ષુ. અહો દાનં, મહા દાનં. દેવથી દુદુંભી થઈ. કહો, આ કોઈ મતિજ્ઞાનની એટલી નિર્મળતા! કે આ આત્મા એ પતિ હતા અને પત્ની હતી. જે શરીર હતું એ શરીર છે નહિ. આ શરીર નહોતું અને એ શરીર હતું તે શરીરના પરમાણુ નાશ પામ્યા છે. અને આના નાશ પામ્યા છે. એ આત્મા છે અને હું આત્મા છું એવું મતિજ્ઞાનની નિર્મળતાથી જાતિસ્મરણ નક્કી થઈ ગયું. સમજાણું કાંઈ?

એમ અહીંયા કહે છે કે પર વડે, પરના અનુમાન વડે આત્માનો નિર્ણય થઈ શકે એવો આત્મા નથી. પ્રત્યક્ષ જેને આત્મા છે તે પરને પ્રત્યક્ષ કરીને અનુમાન કરીને નિર્ણય કરી શકે છે કે આ આત્મા છે. અને તે આત્મા ધર્મી છે, સમ્યગ્દૃષ્ટિ છે, જ્ઞાની છે, ચારિત્રવંત છે. એવો નિર્ણય મતિજ્ઞાનના વિષયમાં (થાય એમ) ધવલમાં આવ્યું છે. સમ્યગ્દૃષ્ટિ પરનો નિર્ણય પાક્કો કરે છે કે આ સમ્યગ્દૃષ્ટિ જ છે, સમ્યગ્જ્ઞાન છે, સમ્યક્ ચારિત્ર છે માટે ભવિ છે. સમજાણું કાંઈ? એવી મતિની પ્રત્યક્ષતા પોતામાં થઈ એ વડે પરનો પણ અનુમાનથી એવો નિર્ણય કરી શકે છે. એકલા અનુમાનથી નિર્ણય કરી શકે એવો આત્મા નથી એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? પોતાનો આત્મા પ્રત્યક્ષ થયા વિના એકલા અનુમાનથી પરને જાણી શકે એવો આત્મા છે જ નહિ. ઓહો..હો..! ભારે ગૂઢ વાતું! આ સમજ્યા વિના એમ ને એમ આ વ્રત લઈ લે, તપ લઈ લીધા અને પડિમા આવી ગઈ. લ્યો! ક્યાંથી? હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નથી, સમ્યગ્દર્શન કેમ થાય અને સમ્યગ્દર્શન પહેલા કેવી શ્રદ્ધા, દશા હોય? એના ઠેકાણા નથી. આવે છેને ત્યાં, નહિ? વ્યવહારરૂપે પરિણમવું તે મારો સ્વભાવ

નથી. સમ્યગ્દર્શન થયા પહેલા નિર્ણય કરે છે.

મુમુક્ષુ :- ૭૩ ગાથા.

ઉત્તર :- ૭૩. કહ્યું હતું ત્યાં. દસ હજાર માણસની વચ્ચે કહ્યું. ભંવરલાલજીએ એમ કહ્યું ઓહો..હો..! આ સાંભળીને મારી ભૂલ ઘણી ચાલી ગઈ.

સમ્યગ્દર્શન થયા પહેલાં સમ્યક્ નિર્વિકલ્પ અનુભવ જે આત્માના આનંદનો સ્વાદ આવવો અને એમાં પ્રતીતિ થવી તે સમ્યગ્દર્શન. તે સમ્યગ્દર્શન થયા પહેલાં વિકલ્પથી નિર્ણય કરે છે વિકલ્પ-રાગથી. કે હું કોણ છું? કે હું પુણ્યાદિક વ્યવહાર મારું એ સ્વ અને હું એનો સ્વામી અને સ્વયં હું સ્વામી થઈને પરિણમું એવો હું છું જ નહિ. સમ્યગ્દર્શન થયા પહેલા એવો નિર્ણય કરે છે કે જે વ્યવહાર આવશે એ વ્યવહાર મારું સ્વ છે અને હું એનો સ્વામી એ રૂપે પરિણમું એવો હું છું જ નહિ. હું વ્યવહાર પ્રત્યે નિર્મમ છું એવો વિકલ્પથી નિર્ણય કરે છે. સમ્યગ્દર્શન પહેલા. આહા..હા..! સમજાણું કાંઈ? આ લોકો પછી હા-ના. પછી કોઈ નિષેધ કરનારા નહોતા. .. સાંભળતા હતા. ન સમજે તોપણ. કોઈ વિરોધ કરનાર નહોતા. દશ હજાર માણસ હતાને. અમે ગયા હતા. બે-ચાર વ્યાખ્યાન થયા. બે દિવસમાં ચાર વ્યાખ્યાન. કોઈ ના પાડે નહિ. ગડબડ કરે કોક બીજે ઠેકાણે. જયપુર હોય કે કલકત્તા હોય તો. એકાંત છે રે એકાંત છે એમ કહે. હવે સાંભળને એકાંત તારું. તને એકાંતની ખબર નથી. એકાંત મુર્દાબાદ, અનેકાંત જિંદાબાદ. એમ કહેતા હતા. કલકત્તામાં અમે ગયાને મંદિરે દર્શન કરવા. અનેકાંત જિંદાબાદ. કીધું હા આપણે બોલો અનેકાંત જિંદાબાદ. અનેકાંત કોને કહેવું એની ખબર નથી. અનેકાંત એ (લોકો) કહે છે કે વ્યવહારથી પણ થાય અને નિશ્ચયથી પણ ધર્મ થાય એનું નામ અનેકાંત છે. અહીં ના પાડે છે. વ્યવહાર થાય નહિ અને નિશ્ચયથી થાય તેનું નામ અનેકાંત છે. સમજાણું કાંઈ? એ તો ભગવાનના દર્શન કરવાથી, પૂજા કરવાથી પણ સમ્યગ્દર્શન થાય છે, ધર્મ થાય છે તો એને અનેકાંત કહેવામાં આવે છે. આ તો ના પાડે છે. ભગવાનના દર્શન આદિ. અરે ભગવાનના દર્શન શું? સાક્ષાત્ ત્રણ લોકના નાથ પરમાત્મા તીર્થંકર હોય અને એના દર્શનથી જે વિકલ્પ ઉઠે તેનાથી પણ સમ્યગ્દર્શન થતું નથી. સમજાણું કાંઈ? એનાથી થતું નથી અને પોતાના સ્વદ્રવ્યના આશ્રયે થાય છે એનું નામ અનેકાંત છે. પણ સ્વદ્રવ્યને આશ્રયે પણ થાય અને પરદ્રવ્યને આશ્રયે પણ થાય છે (એવી) અનેકાંતની વ્યાખ્યા કરે છે. એ અનેકાંતની વ્યાખ્યા નથી, એકાંતની વ્યાખ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સમવસરણમાં કેટલીવાર જઈ આવ્યો છે.

ઉત્તર :- અનંતવાર ગયો. અનંતવાર પૂજા કરી. ભગવાનના સમવસરણમાં મણિરત્નના દીવાથી પૂજા કરી છે. એમાં શું છે? એ તો શુભરાગ છે. પરદ્રવ્ય અનુસારી પ્રશસ્ત રાગ છે. રાગથી પોતાને લાભ માને તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. અધિગમજ...

ઉત્તર :- અધિગમજનો અર્થ? એ સાંભળવામાં આવ્યું પછી એનું લક્ષ છોડીને તત્કાલ સ્વભાવમાં જાય છે તો તેને સમ્યગ્દર્શન થાય છે તેને અધિગમજ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- જિનબિંબના દર્શન.

ઉત્તર :- નહિ. નહિ. દર્શન-બર્શનથી થતું જ નથી. જિનબિંબ આ આત્મા. આહા..હા..! જિનબિંબના દર્શન તો અનંતવાર કર્યા છે. કેમ ન થયું?

મુમુક્ષ :- સાક્ષાત્ ભગવાનના કર્યાને.

ઉત્તર :- સાક્ષાત્ કીધુંને. સાક્ષાત્ ત્રણ લોકના નાથ સમવસરણમાં અનંતવાર ગયો. એ તો કહ્યુંને હમણાં. એમાં મણિરત્નના દીવાથી પૂજા કરી. જય નારાયણ, જય પ્રભુ, જય પ્રભુ. .. કહો, વજુભાઈ! તો શું થયું? એ તો પરદ્રવ્ય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. નહિ. ઊલટો પુરુષાર્થ હતો. પરદ્રવ્ય અનુસારી વૃત્તિથી ધર્મ ત્રણ કાળમાં કોઈ દિ' થતો જ નથી. પરદ્રવ્ય અનુસાર વૃત્તિ એ તો રાગ છે. કાંઈ રાગથી સમ્યગ્દર્શન થાય છે? પોતાનું લક્ષ કરવાથી, પરનું સાંભળ્યું એનું લક્ષ છોડીને, આ પરને સાંભળવામાં જે જ્ઞાન થયું તેનું લક્ષ છોડીને. પોતાના જ્ઞાયકસ્વભાવ ધ્રુવ ઉપર લક્ષ દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. ઠીક છે પ્રોફેસર.. જિનબિંબ દર્શનથી થાય છે. ધવલમાં આવે છે. જિનબિંબના દર્શનથી મિથ્યાત્વનો ટૂકડો થાય છે. એ જિનબિંબ કોણ? આ જિનબિંબ આત્મા. એ તો નિમિત્ત છે. એને છોડીને અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના પરિણામ થાય છે તો પરનું લક્ષ કરીને થાય છે? ભગવાનના .. એનાથી થાય છે? તેને છોડીને સ્વસ્વભાવના લક્ષે જે અપૂર્વ અધઃકરણ, અનિવૃત્તિકરણ પરિણામ થાય છે તે સ્વના લક્ષે થાય છે. ત્યારે પોતાના અનુભવમાં સ્વનો આશ્રય થયો તો અનુભવ સમ્યગ્દર્શન થાય છે. પરમાં ત્રણ કાળ, ત્રણ લોકમાં તીર્થંકર અને તીર્થંકરની વાણી અને વાણીથી થયું જ્ઞાન, એનાથી આત્માનું જ્ઞાન સમ્યક્ થતું નથી. આહા..હા..!

અંતરમાં જાવું છે તો બહારનું લક્ષ રાખીને અંતરમાં જઈ શકે? બે વાત હોઈ શકે? ધ્રુવને સ્પર્શ કરવો છે. નિત્યાનંદ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ પૂર્ણ હું. પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... એ તો શબ્દ છે. પૂર્ણ કાંઈ.. પણ પૂર્ણ અખંડ છું એવી અંતર ઉપર દૃષ્ટિ થયા વિના, અંતર્મુખ લક્ષ કર્યા વિના કદી દ્રવ્યનો આધાર હોતો નથી અને સમ્યગ્દર્શન થતું નથી. પરદ્રવ્યથી શું, પરદ્રવ્યની ભક્તિના ભાવથી પણ સમ્યગ્દર્શન નથી થતું. આહા..હા..! સમજાણું કાંઈ? પરમાત્મપ્રકાશમાં લખ્યું છે. ભવે ભવે જિન પૂજીયો એવું આવે છે. ભવે ભવે જિનની પૂજા કરી અનંતવાર. શું થયું? એ તો શુભરાગ છે. આવે છેને? બે બોલ કાંઈક આવે છે. ભવે ભવે જિન પૂજિયો સમજાણું? અને દાન દીધું.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શનમાં .. ભગવાનને તો અનંતવાર જોયા છેને.

ઉત્તર :- જોયા છેને. કે અનંતવાર જોયા એ નહિ. ભવે ભવે પૂજિયો એ તો વિકલ્પથી પૂજા. આત્માને શું એનાથી? શું એ આત્મા છે? ... બધી પર્યાયને, પરને તો ભૂલવું, વિકલ્પને તો ભૂલવું, પણ પર્યાયમાં ઉભા રહેવું ભૂલી જવું. પરિણામમાં ટકવું ભૂલી જાવું. આહા..હા..! પરિણામમાં ટકે છે અને લક્ષ પરિણામમાં છે ત્યાં સુધી સમ્યગ્દર્શન થતું નથી. સમજાણું કાંઈ? પ્રેમચંદજી! આહા..હા..! ભારે વાત ભાઈ! લ્યો આજે સોગાનીનો દિવસ છે આજે. દેહ છૂટી ગયો હતો આજે. વૈશાખ વદ ૧૨. પાંચ વર્ષ થયા. કહો, સમજાય છે કાંઈ?

પર્યાયમાં લક્ષ છે, પોતાની પર્યાયમાં લક્ષ છે, તોપણ ધ્રુવ ઉપર લક્ષ વિના સમકિત થતું નથી. તો પરનું લક્ષ છે અને સમ્યગ્દર્શન થાય અને રાગનું લક્ષ છે અને સમ્યગ્દર્શન થાય એમ ત્રણ કાળમાં બનતું નથી. સમજાણું કાંઈ? પોતાની પરિણતિ છે પરિણતિ. પરિણતિનું લક્ષ પરિણતિ ઉપર હોય તોપણ સમ્યગ્દર્શન થતું નથી. કેમકે પર્યાયનું લક્ષ પર્યાય ઉપર છે. તો પર્યાય તો ફરે છે અને ધ્રુવ જે ચીજ છે એ તો દૃષ્ટિમાં આવી નથી. ધ્રુવ ચીજ જે ધ્રુવ છે નિત્યાનંદ પ્રભુ પૂર્ણ પૂર્ણ પરમેશ્વર. એ પર્યાયનું ધ્યેય ધ્રુવ ઉપર છે. તે પર્યાય, પર્યાયનું લક્ષ છોડીને, પર્યાય ધ્રુવનું લક્ષ કરે છે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. તો પર્યાય પરનું લક્ષ કરે અને સમ્યગ્દર્શન થાય, જિનબિંબના દર્શન કરવાથી સમ્યગ્દર્શન થાય એ જિનબિંબ આ.

મુમુક્ષુ :- એ તો નિમિત્ત કહેવાય.

ઉત્તર :- એ તો નિમિત્તથી કથન છે. સમજાણું કાંઈ? વેદનાથી સમ્યગ્દર્શન થાય છે. આવે છે કે નહિ? સર્વાર્થસિદ્ધમાં આવે છેને? વેદનાથી થાય છે, જાતિસ્મરણથી થાય છે, દેવઋદ્ધિથી થાય છે, દેવઋદ્ધિ બહુ દેખે એનાથી થાય. એ તો નિમિત્તનું કથન છે. પોતાના સ્વભાવથી ઋદ્ધિ અંદરમાં ધ્રુવને જોતા સમ્યગ્દર્શન થાય છે. ત્યારે બહારનું નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે કથન છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! શું કહે છે?

‘**બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા**...’ એમ. પ્રત્યક્ષ હોય અને પછી અનુમાન વ્યવહાર થાય એ જુદી વાત છે. ‘**માત્ર લિંગ દ્વારા જ જેનું**...’ નામ આત્માનું. ‘**ગ્રહણ નથી થતું તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અનુમેયમાત્ર**...’ જુઓ, અનુમેયમાત્ર ‘(**કેવળ અનુમાનથી જ જાણવાયોગ્ય) નથી**...’ હવે પરથી તો જ્ઞાન થવાયોગ્ય નથી, પણ અનુમાનથી પણ જ્ઞાન થવાયોગ્ય નથી. આમ કહે છે જુઓને. છે કે નહિ એમાં? જુઓ. ભગવાનથી પોતાના આત્માનું જ્ઞાન થાય એમ તો નથી, વિકલ્પ જે ઉઠે છે ભગવાનની ભક્તિ આદિનો એનાથી આત્માનું જ્ઞાન થાય એ તો નથી, પણ અનુમાનજ્ઞાનથી, માત્ર અનુમાનજ્ઞાન અંદર કરવાથી આત્માનું જ્ઞાન થાય છે એવો આત્મા છે નહિ. ઓહો..હો..! સમજાણું કાંઈ? એ તો સ્વસંવેદન પ્રત્યક્ષ થઈને પોતાનું જ્ઞાન થાય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

બહુ દુર્લભ અને મોંઘુ કર્યું કહે છે. પણ મોંઘુ એવું વસ્તુનું સ્વરૂપ જ એવું છે. મોંઘુ શું? વસ્તુ એવી જ છે. રાગ અને મનની અપેક્ષા છોડીને સીધું નિરપેક્ષ સ્વસંવેદનજ્ઞાન વડે એ આત્મા જણાય છે. પ્રત્યક્ષ થાય છે. સમજાણું કાંઈ? એ તો ૭૩ ગાથામાં કહ્યું હતુંને? પહેલા એવો નિર્ણય કરે છે. જુઓ, ૭૩માં પહેલા આવ્યું હતુંને? આ આત્મા પ્રત્યક્ષ અખંડ આનંદ ચિન્માત્ર જ્યોતિ હું છું. હું પ્રત્યક્ષ છું. પરોક્ષ-ફરોક્ષ નથી. રાગ અને અનુમાનથી જણાવાલાયક હું નથી. એવું તો સમ્યગ્દર્શન થયા પહેલાં રાગમિશ્રિત વિચારમાં નિર્ણય કરે છે. હું તો પ્રત્યક્ષ આત્મા છું. વસ્તુ છે એ પરોક્ષ કેમ રહે? વસ્તુ પરોક્ષ કેમ રહી શકે?

ભગવાન આત્મા સીધો પોતાના જ્ઞાનની પ્રત્યક્ષ મતિશ્રુતની પર્યાય વડે આત્મા પ્રત્યક્ષ જ થાય છે, પ્રત્યક્ષ જ થાય છે. એ આત્મા પ્રત્યક્ષ જ છે. પરોક્ષને આત્મા કહેતા નથી. પરોક્ષને આત્મા કહેતા નથી લ્યો! અનુમાનથી જણાય એ નહિ. ભારે! સમજાણું કાંઈ? પરમ સત્યસ્વરૂપ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદ આત્મા એ પોતાના પ્રત્યક્ષ વેદનથી જણાય છે. અનુમાનથી પણ જાણવામાં આવતો નથી. એવો એનો સ્વભાવ સ્વતઃ છે એ માટે તેને અલિંગગ્રહણ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વૈશાખ વદ ૧૩, બુધવાર, તા. ૧૪.૦૫.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૪-૬, પ્રવચન-૧૫૪**

સમજાણું કાંઈ? ઇન્દ્રિયથી જાણવું થાય તે આત્મા નથી એમ અહીં તો કહ્યું. એનો અર્થ? કે ઇન્દ્રિયથી જે જાણવામાં આવે છે તે જ્ઞાન અહિતકર છે. પોતાનું હિત સાધનાર નથી.

મુમુક્ષુ :- તો કાંઈ નહિ, હિત ન સાધે તો.

ઉત્તર :- તો કાંઈ નહિ. એ તો કહે છે. જેને હિત કરવું હોય એની વાત ચાલે છે. સત્યનું શરણ લેવું હોય અને જેવો આત્માનો સ્વભાવ છે એવું તેનું જ્ઞાન કરવું હોય તેની વાત ચાલે છે. અનાદિથી અજ્ઞાની ઇન્દ્રિયથી જાણે છે અને હું જાણું છું એમ માને છે. તો માનો. એ તો મિથ્યાત્વભાવ છે, દુઃખભાવ છે, પરિભ્રમણભાવ છે, અહિતકર છે. જેને હિત કરવું હોય, આત્મા જેવો છે એવો જાણવો હોય તો એ તો હિતકર જાણવું થયું. સમજાણું

કાંઈ? કહે કે ઈન્દ્રિયથી જણાતો નથી એનો અર્થ? કે ઈન્દ્રિયથી જણાય તે આત્માને હિતકર નથી.

મુમુક્ષુ :- આ સમજાય નહિ અને ઓલું સમજાય એવું કરવાનું આત્માને ગ્રહણ થાય નહિ.

ઉત્તર :- પણ ન સમજાય એ કોણ કહે છે? ન સમજાય એમ ના પાડે છે કોણ? પરમેશ્વર થવાની તાકાત છે અને આ ન સમજાય એમ કોણ કહે? સમજાણું કાંઈ? પંચેન્દ્રિય પ્રાણીનો જ્ઞાનનો ક્ષયોપશમ એટલો તો છે જ. જે તરફ વાળે એ તરફ વળી શકે છે. પર તરફનો જે ઝુકાવ છે એ પોતા તરફ ઝુકાવ કરે તો કરી શકે એવી તાકાત છે એમાં. એકેન્દ્રિયમાં, બે ઈન્દ્રિયમાં એવી તાકાત નથી. કેમકે એટલો ક્ષયોપશમ નથી. અને એટલો ક્ષયોપશમ નથી એ પણ એના અપરાધનું કારણ છે. સમજાણું કાંઈ? પંચેન્દ્રિય જે થયો તિર્યંચ, મનુષ્ય, નારકી અને દેવ. સાતમી નરકમાં પણ એટલો ઉઘાડ છે. સાતમી નરક અપયઠાણે રવ-રવ નરકે પડ્યા પ્રાણી એને પણ ક્ષયોપશમ છે. તો એ ક્ષયોપશમને બહિર્મુખ જે ભાવ છે તે અંતર્મુખ કરી શકે છે.

મુમુક્ષુ :- નારકીમાં?

ઉત્તર :- નારકીમાં. ત્યાં તો એક પાણીનો બિંદુ નથી, અન્નનો દાણો નથી. સૂવાની જગ્યા નથી, હવા-પાણી નથી. એકલું શીત... શીત... શીત... અનંતી શીત... જેના શીતનો એક કણિયો પણ જો લાવે સાતમી નરકનો, તો આજુબાજુમાં દશ હજાર યોજનમાં માણસ મરી જાય એટલી શીતળતા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એટલી શીતળતા?

ઉત્તર :- એટલી શીતળતા છે ત્યાં.

મુમુક્ષુ :- કોણે જોઈ?

ઉત્તર :- ભગવાને જોઈ. આ જ્ઞાને જોઈ. પણ ન્યાયથી તમે તુલના કરોને. કે જેટલી પ્રતિકૂળતા એ જીવે બીજાને આપી છે, જેટલી પ્રતિકૂળતા તે જીવે પરિણામમાં બીજાને આપી છે એટલી પ્રતિકૂળતા જ્યાં છે એવા સ્થાનમાં ઉપજવું તેનું નામ નરકમાં ઉપજવું છે. લોજિકથી તો સમજે કે નહિ? ન્યાય સમજાણો? જે જીવ એક પંચેન્દ્રિયને મારવાનો ભાવ કરે છે એ પણ પ્રતિકૂળ છે કે નહિ? તો એના પરિણામમાં એટલું જોર આવી જાય કે મારા વિરૂદ્ધમાં જે અનંત પ્રાણી પંચેન્દ્રિય હોય અને મારું આયુષ્ય જો અબજ વર્ષનું હોય તોપણ મને પ્રતિકૂળતા દેનારાની સંખ્યાને-બધાને હેરાન કરું, બધાને મારું. એવા પરિણામમાં ઉગ્રતા-ઉત્કૃષ્ટતા એટલી છે અનંત પ્રાણીને દુઃખ દેવાની, મારવાની, તો એ પરિણામનું ફળ એટલી પ્રતિકૂળતા જ્યાં હોય ત્યાં જન્મે એ એનું ફળ છે. ન્યાયથી સમજાય છે? લોજિકથી તો વાત સમજવી જોઈએ કે નહિ?

મુમુક્ષુ :- જ્ઞાને જોયું.

ઉત્તર :- અને એ જ્ઞાને જોયું. ન્યાય સમજાણો કે નહિ? જ્ઞાને જોયું કે એટલી પ્રતિકૂળતા એણે પરને આપી. માંસ, દારૂ, હરણને કાપી ફડાકા ઉડાવતો હોય હરણનો. હરણ સમજો છો? મારનારા. આહા..હા..! એક તો અમારે ત્યાં આવ્યા હતા. એ ચમાર ગામ છે. હવે નદીપુરા નામ પાડ્યું. પાલેજથી ભરૂચની વચ્ચે એક ચમાર ગામ. નદીપુરા હવે. એક ફેરી ગોરો આવ્યો હતો ગોરો. પછી હરણને માર્યું અને હરણ ઉછળેને તો એ પોતે કૂદતો હતો. આહા..હા..! માર્યુંને હરણને આમ. ઘણા વર્ષની વાત છે આ ૬૦ વર્ષ પહેલાની. કૂદકો મારે અંદર કૂદકો. ચોરણો હોયને. શું કહેવાય? ચોરણો ન કહેવાય એને. પાટલુન કહેવાય.

મુમુક્ષુ :- ખિસ્સામાં હાથ નાખી.

ઉત્તર :- હા, ખિસ્સામાં હાથ નાખી કૂદતો હતો. આહા..હા..! એક હરણનો પ્રાણ આમ પીડાતો હતો. આકરી પીડા. તો એ પીડા દેવાનો ભાવ તેને પીડા જોવાની ના પાડે છે. એ પીડા મારે જોવી નથી. એનો અર્થ એમ કે મારા જ્ઞાનમાં જે વિકાસ છે એ જોવાનો વિકાસ ન રહો, એ વિકાસ ન રહો, એ વિકાસ અવરાઈ જાવ. સમજાણું કાંઈ? એનું નામ હિંસા છે. પરની હિંસા તો ક્યાં રહી. પોતાના જ્ઞાનમાં પરને પીડા દેવાનો જે ભાવ થાય છે એને મારે નથી જોવી, મારે નથી જોવી. .. તો એનો અર્થ કે જ્ઞાનમાં અનંત પ્રાણીને પીડા દેવાનો ભાવ અને પીડા જે થાય છે એને જોવાનો ભાવ નથી. તો જ્ઞાનમાં આવરણ કરી લેવાનો એનો ભાવ છે. તો એ જ્ઞાન એટલું આવરણથી હીણું થઈ જાય છે કે જ્યાં પ્રતિકૂળતા અનંતી છે ત્યાં અવતરે છે. પીડા... પીડા... એવી સ્થિતિમાં પણ સમ્યગ્દર્શન પામી શકે છે એમ મારે તો કહેવું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અનુકૂળતા હોય તે પામે નહિ...

ઉત્તર :- આ તો પ્રતિકૂળતા એટલી હોય ત્યાં પણ અંદરથી ઓહો..! અરે! આ શું છે? આ શું છે? આ વેદન! આ પ્રતિકૂળતા! આ શું ચીજ છે? ઓહો..! આવી ચીજ મારા વેદનમાં આવે છે અને કેટલો કાળ રહેવાનું? આ શું ચીજ છે? એમ વિચાર કરતાં-કરતાં અંદરમાં ઉતરી જાય છે. સમજાણું કાંઈ? આવે છેને શાસ્ત્રમાં નહિ? વેદના સમકિતમાં નિમિત્ત છે, વેદના. આ વેદના. એટલી વેદના થાય, અસહ્ય વેદના. પછી આહા..હા..! કેટલો કાળ? આ ક્ષેત્રમાં કેટલો કાળ રહેવાનું? હજી તો હમણા જન્મ્યા. કેટલો કાળ રહેવાનું? રાડ પાડે. અને પૂર્વે સાંભળ્યું હોય ધર્માત્મા પાસે કે ભગવાન! તારી ચીજ તો અંદર શુદ્ધ આનંદ છે. સાંભળ્યું હોય તો સાંભળવામાં લક્ષ થયું જાતિસ્મરણ અંદરમાં. એટલી પીડાના સંયોગના ક્ષેત્ર-કાળમાં એ પોતાનો આત્મા ક્ષયોપશમને અંતરમાં વાળી શકે છે અને અનુભવ કરીને સમ્યગ્જ્ઞદર્શન પામે છે. સમજાણું કાંઈ? અહીંયા તમારે ક્યાં એટલી પ્રતિકૂળતા છે? અહીં તો ખાવું, પીવું બધા સાધન છે. એવી પ્રતિકૂળતામાં સમ્યગ્દર્શન પામે છે, આત્માનું હિત

કરી લે છે. સમજાણું કાંઈ? એ નારકીનો જીવ. સાતમી નારકીનો જીવ. લોકોને વિચાર ક્યાં છે કે આત્મા છે કે નહિ? તો અનાદિથી આત્મા આવી પ્રતિકૂળતામાં અનંતવાર જન્મ્યો છે અને સ્વર્ગમાં પણ અનંતવાર જન્મ્યો છે. (લાગે) ભલે અનુકૂળતા, પણ છે તો આકુળતા. પરની અનુકૂળતા તરફ લક્ષ જાય છે તો એ આકુળતા છે. પ્રતિકૂળતા તરફ લક્ષ જાય એ આકુળતા, અનુકૂળતા તરફ લક્ષ જાય એ પણ આકુળતા. બેય આકુળતા જ છે. એટલી આકુળતાના સ્થાનમાં અને કાળમાં પણ ભગવાને બતાવ્યું કે સંતોએ કહ્યું. ઓહો..! હું આનંદની ગાંઠ છું. અતીન્દ્રિય આનંદની ગાંઠડી છું હું. એમાં જેટલો એકાગ્ર થાઉં એટલો આનંદ ખુલી જાય એવી હું ચીજ છું. એવો હું અનુભવ કરવાલાયક છું. અને એ નિર્ણયને નિર્ણય કહે છે. જે નિર્ણયમાં આનંદ આવ્યો તે નિર્ણય સાચો. સમજાણું કાંઈ? ઓહો..! આ શું? અરે! હું નિત્યાનંદ પ્રભુ અરે! આ કઈ આકુળતામાં હું પડ્યો છું? આ આકુળતા તો હું નથી, પણ આકુળતા સંબંધી જે પરલક્ષી જ્ઞાન થાય છે એ પણ હું નથી. હું તો અંદર ચિદાનંદ ભગવાન વસ્તુ છું, નિત્ય છું, પદાર્થ છું, અસ્તિ છું, સત્તાવાન પદાર્થ છું. એવી સત્તા-મહાસત્તા ઉપર દૃષ્ટિ પડતાં નિર્ણય થાય અને નિર્ણય સાથે આનંદ આવી જાય છે. દુઃખનો નાશ થઈ જાય છે, મિથ્યાત્વનો નાશ થાય છે, દુઃખનો નાશ થાય છે, સમ્યક્ થાય છે અને આનંદ આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સાતમી નારકીમાં પણ?

ઉત્તર :- દૃષ્ટાંત શું કરવા આપ્યું? આત્મા છે કે નહિ ત્યાં? આત્મા આનંદમૂર્તિ છે. આત્મામાં દુઃખ છે? વસ્તુમાં દુઃખ છે? દુઃખ તો ક્ષણિક કૃત્રિમ અવસ્થા છે. કહો, સમજાણું કાંઈ?

આત્મામાં... સાતમી નરકમાં પણ પોતાનો આત્મા છે કે નહિ? તો અતીન્દ્રિય આનંદમૂર્તિ આત્મા છે. તો એ તરફની દૃષ્ટિ કરીને વિકલ્પ જે રાગાદિ છે એ મારો નથી, સંયોગી ચીજ હું નથી, સંયોગમાં જે પ્રતિકૂળતા ઉત્પન્ન થાય એ હું નથી, હું એક સમયની દશા જેટલો નથી. સમજાણું કાંઈ? એવો આત્મા સાતમી નરકમાં પણ સમ્યગ્દર્શન કરી શકે છે. તો આ મનુષ્યમાં કેમ ન કરી શકે? એવી તાકાત નથી એમાં? અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લઈ શકે એવી તાકાત છે. તો અહીંયા આચાર્ય મહારાજ કહે છે કે ભગવાન આત્મા અલિંગગ્રહણ છે. સમજાણું કાંઈ? એ ઇન્દ્રિયથી, જ્ઞાનથી જાણવામાં આવતો નથી. અથવા ઇન્દ્રિયથી જાણવું એ આત્માનું કાર્ય નથી. એમ કેમ કહ્યું? કે ઇન્દ્રિય જડ છે, માટી છે અને ખંડ ઇન્દ્રિય પણ એક અંશ છે. એનાથી જે જણાય એ તો દુઃખરૂપ છ, અહિત છે, અશ્રેય છે. તો ઇન્દ્રિય જણાય એ આત્મા જ નથી એમ કહે છે અહીંયા. તને આત્મા જોઈએ છે કે નહિ? તારે હિત કરવું છે કે નહિ? તો હિત કરવું હોય તો ઇન્દ્રિયથી જણાય એ ચીજ તારી નથી. એ આત્માનું જ્ઞાન નથી. અણિન્દ્રિય ભગવાન આત્મા છે. અણિન્દ્રિમય આત્મા છે. તો રાગ અને ઇન્દ્રિયથી

લક્ષ છોડીને અતીન્દ્રિય ભગવાન અખંડાનંદ પ્રભુ એના ઉપર દૃષ્ટિ દેતાં સમ્યગ્દર્શન થાય છે. તો સમ્યગ્દર્શન થયો તે ધર્મ છે. એ વિના ધર્મ થતો નથી. કહો, સમજાણું કાંઈ? એ પહેલો બોલ કહ્યો. બીજા બોલમાં પણ એ જ આવ્યુંને?

**'ઇન્દ્રિયો વડે ગ્રહણ થતું નથી...'** પહેલામાં એમ કહ્યું કે ઇન્દ્રિયથી જાણતો નથી. બીજામાં એમ કહ્યું કે ઇન્દ્રિયથી જણાતો નથી. આહા..હા..! તો કહે ક્યો આત્મા? એવો આત્મા ક્યાં છે? ભગવાન! એ તો જ્ઞાનરસ આત્મા છે, ચૈતન્ય રસ ધ્રુવ આનંદકંદ છે. એ પોતાના જ્ઞાનાનંદ રસથી જ જણાય છે. સમજાણું કાંઈ? ઇન્દ્રિયથી જણાય કે ઇન્દ્રિયના જ્ઞાનથી આત્મા જણાય એવો આત્મા નથી. એટલે કે ઇન્દ્રિયથી જણાય તે આત્મા નથી. અણિન્દ્રિય.. ભગવાન આત્મા રાગ દયા, દાન વિકલ્પનું પણ લક્ષ છોડીને, પોતાની એક સમયની અવસ્થાનું અસ્તિત્વનું લક્ષ એ ઉપરથી હટાવી, અંતર ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાનીએ જેવો જોયો છે એવા આત્મા ઉપર દૃષ્ટિ પડવાથી અતીન્દ્રિયથી આત્મા જણાય છે. અથવા અતીન્દ્રિયથી આત્માને ધર્મ થાય છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સિદ્ધમાં .. હશે આત્માનું?

ઉત્તર :- એ વસ્તુનું સ્વરૂપ એવું છે. વસ્તુનું સ્વરૂપ એવું છે. કાલે પ્રશ્ન કરતા હતાને પ્રોફેસર કે આ શું છે? પણ ઇન્દ્રિયથી જણાય નહિ એનો અર્થ કે આત્માનું હિત ઇન્દ્રિયના જ્ઞાનથી થતું નથી. ચાહે તો શાસ્ત્ર ભણી ગયો એ પણ બધું ઇન્દ્રિયજ્ઞાન છે. એ આત્માનું જ્ઞાન નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ પરમાત્મા પરમેશ્વર સ્વરૂપ જ આત્મા છે. એવી દૃષ્ટિ અણિન્દ્રિય જ્ઞાનથી થાય છે. ઇન્દ્રિયજ્ઞાનથી એ જાણવામાં આવતો નથી. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અણિન્દ્રિય જ્ઞાન છે. એનાથી આત્મા જણાય છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. કદી સાંભળી નથી, રુચિમાં લાવ્યો નથી. અનાદિથી એમ ને એમ પરિભ્રમણ કરે છે. આહા..હા..!

કેમ એવો છે ? શું તારે હિત કરવું છે કે નહિ? હિત તો આત્મા જેવો છે એવો અનુભવ કરે તો હિત થાય છે. તો આત્મા તો આનંદમય છે. એ જ્ઞાનમય છે. અજીવતત્ત્વથી તો ભિન્ન અને દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ જે આસ્રવ તત્ત્વ છે એનાથી પણ ભિન્ન છે. તો એનાથી જણાતો નથી, પણ ઇન્દ્રિયજ્ઞાનથી આત્મા જણાતો નથી. તારે હિત કરવું હોય તો, એની વાત ચાલે છે. આત્મા આત્મારૂપ થવું હોય, આત્મા છે એવું થવું હોય, એમ રહીને થવું હોય તો એની વાત ચાલે છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે. એ બીજો બોલ થયો. ચાર બોલ ચાલી ગયા છે. પણ બીજી રીતે ઓલો કાલે પ્રશ્ન ઉઠ્યો હતોને તમારે એમાંથી કે આ શું વાતું કરે છે?

ત્રીજો બોલ. **'ધુમાડા દ્વારા અગ્નિનું ગ્રહણ થાય છે...'** આવે છે કે નહિ? તેમ

ઈન્દ્રિયના અનુમાન વડે આત્માનું હિત નથી થતું. જ્ઞાન કરીને એવું હિત નથી થતું. આમ શરીર જીર્ણ થઈ ગયું, સમજાણું? અને ચરણાનુયોગ પ્રમાણે ક્રિયા કરતા હોય બાહ્ય દયા, દાન, વ્રતાદિ. તો એનાથી આ આત્મા છે અને એનાથી તેને આત્માનો ધર્મ છે એમ ન થઈ શકે. એ તો બાહ્ય ક્રિયાકાંડ છે. સમજાણું કાંઈ? એ ઈન્દ્રિયના અનુમાનથી, ચિહ્નથી આત્મા હિતકર છે એમ એ ચિહ્નથી જણાતું નથી. સમજાણું કાંઈ? હિત કરવું હોય એની વાત છે. સમ્યગ્દર્શન એ હિતકર વસ્તુ છે. તો સમ્યગ્દર્શનની વ્યાખ્યા? અતીન્દ્રિય આનંદ જ્ઞાનમય અંતર અનુભવમાં, સ્વભાવમાં પોતાની શ્રદ્ધાને સ્વભાવ સન્મુખ કરીને નિર્મળ સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ કરવી અને આનંદ થવો એનું નામ સમકિત છે અને એનું નામ આત્મા છે અને એનું નામ હિતકર છે. સમજાણું કાંઈ? આહા..હા..! આત્મા કોણ છે અને શું છે? ખબર નથી અને અમને ધર્મ થયો. ધૂળમાંય ધર્મ નથી. અનાદિથી મરી ગયો એમ કરી કરીને.

મુમુક્ષુ :- દિગંબર ...

ઉત્તર :- દિગંબર કોને કહેવા? દિગંબર-દિગ્ નામ આકાશ, અંબર વસ્ત્ર. તો રાગ પણ આત્મામાં નથી. નિરાલંબી ચૈતન્યબિંબ ભગવાન આત્મા છે. જેને ઈન્દ્રિયના જ્ઞાનની અપેક્ષા હોય તો આત્મા હિત કરી શકે એવો આત્મા નથી. સમજાણું કાંઈ? અને અનુમાનથી જણાય કે આ આત્મા એવું અનુમાન, અગ્નિ જેમ ધુમાડાથી જણાય એમ આત્મા બહારની ચેષ્ટાથી આ આત્મા છે અને આ ધર્મી છે એવું અનુમાન નથી કરી શકતા. કારણ કે ધર્મની દૃષ્ટિ અંતરમાં છે. એ ત્રણ બોલ થયા.

ચોથો બોલ. '**બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ જેનું ગ્રહણ થતું નથી...**' બીજા વડે ભગવાન આત્મા અનુમાનથી જાણવામાં નથી આવતો. ચોથો બોલ છે. અલિંગગ્રહણ. લિંગ નામ અનુમાન વડે તે જાણવામાં નથી આવતો. બીજા અનુમાનથી જણાય એવો આત્મા છે જ નહિ. આત્મા તો રાગથી, દયા, દાન આદિ વિકલ્પથી ભિન્ન થઈને પોતાના પ્રત્યક્ષ જ્ઞાન વડે આત્મા જણાય છે, અનુમાનથી જણાતો નથી. પ્રથમ સમ્યગ્દર્શનમાં. સમજાણું કાંઈ? અનુમાન વડે '**બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ જેનું ગ્રહણ થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અનુમેયમાત્ર (કેવળ અનુમાનથી જ જણાવાયોગ્ય) નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' એ ચાર બોલ થયા છે.

હવે પાંચમો બોલ. '**જેને લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી...**' સમજાણું કાંઈ? શું કહે છે? એ પરનું જ્ઞાન અનુમાનથી આત્માને નથી થતું. આહા..હા..! પર વડે અનુમાનથી જણાતો નથી, પણ આત્મા પરના અનુમાનથી જાણે એવો આત્મા નથી. જ્ઞાનચંદજી! આ જરી ઝીણી વાત છે. શું કહે છે? પાંચમો છે જુઓ. '**જેને...**' એટલે આત્માને '**લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અનુમાતામાત્ર**

**નથી...**' અનુમાન કરનારો માત્ર આત્મા નથી. એ તો પ્રત્યક્ષ થનારો આત્મા છે. આહા..હા.! સમજાણું કાંઈ? આત્મા અથવા ધર્મ જેને થાય છે તે પ્રત્યક્ષ આત્માનો ધર્મ થાય છે. મતિ અને શ્રુતજ્ઞાન વડે પ્રત્યક્ષ આત્માનો અનુભવ થાય તે આત્મા. અનુમાન વડે આત્મા જણાય છે, અનુમાન કરનારો આત્મા છે, એકલો અનુમાન કરનારો આત્મા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આત્મા અનુમાતામાત્ર (કેવળ અનુમાન કરનારો જ) નથી...**' પ્રત્યક્ષ થઈને અનુમાન કરે એ બીજી વાત છે, પણ એકલા અનુમાન કરવાથી આત્મા કેવળ અનુમાન કરનારો છે એમ નથી.

મુમુક્ષુ :- અનુમાનવાળો હોય તો તો...

ઉત્તર :- વ્યવહાર થઈ ગયો. એ તો વ્યવહાર થઈ ગયો. આહા..હા..! ગજબ વાત છે. ભગવાન આત્મા અખંડાનંદ ચિદાનંદ મૂર્તિ સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાનીએ પૂર્ણાનંદ આત્મા જોયો. એવો આત્મા અનુમાનથી જાણવામાં આવતો નથી અને અનુમાન કરનારો નથી. અનુમાન કરનારો આત્મા નથી. એ તો પ્રત્યક્ષ થનારો આત્મા છે તેને આત્મા કહે છે, તેને ધર્મ કહે છે. અનુમાન કરે આ જ્ઞાન તે આત્મા... આ જ્ઞાન તે આત્મા... એવું અનુમાન કરનારો આત્મા નથી. એમ કહે છે. આહા..હા..! રાગ તે આત્મા નથી, પુણ્ય તે આત્મા નથી, દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ એ તો રાગ, બંધનું કારણ, ઝેર છે એ તો આત્મા નથી, પણ જ્ઞાન.. આ જ્ઞાન તે આત્મા. એવો અનુમાનથી આત્મા અનુમાન કરનાર નથી. આહા..હા..! ભેદથી જણાય તે આત્મા નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આ જ્ઞાનલક્ષણ છે અને આ આત્મા લક્ષ્ય છે. રાગથી તો નહિ, પણ જ્ઞાનલક્ષણ છે અને લક્ષ્ય છે આત્મા ત્રિકાળ. એવા અનુમાનથી અનુમાન કરનાર આત્મા નથી. એ વ્યવહાર થયો, ભેદ થઈ ગયો. સમજાણું કાંઈ? આહા..હા..! આ હળવે-હળવે પોચું તો થાય છે પણ હવે... પોચું સમજો છો? પણ લોકોને તત્ત્વનો અભ્યાસ જ નથી. વાસ્તવિક તત્ત્વ સમ્યગ્દર્શન શું અને સમ્યગ્દર્શનનો વિષય શું એની ખબર જ નથી. માની લીધું, અમે દેવ-ગુરુ-શાસ્ત્રને માનીએ છીએ તો અમને સમ્યક્ત્વ છે. ધૂળેય નથી સાંભળતો ખરો. એવી માન્યતા તો મિથ્યાત્વ છે. પરદ્રવ્યની માન્યતા કરવી એ તો મિથ્યાત્વ છે. સ્વદ્રવ્ય જ્ઞાયકમૂર્તિ...

અહીં તો ત્યાં સુધી પાંચમા બોલમાં કહે છે કે કેવળ અનુમાન કરનારો (નથી). આ જ્ઞાન તે આત્મા, જાણે તે આત્મા-એવું અનુમાન કરનારો કેવળ આત્મા છે જ નહિ. આહા..હા..! આત્માનું સ્વરૂપ એવું છે જ નહિ. કહો, પ્રોફેસરજી! આ એવો અધિકાર આવ્યો છે, ઝીણો અધિકાર આવ્યો છે. એ આત્માના પ્રોફેસર થવું સૂક્ષ્મ છે એમ કહે છે. બહારમાં તો બકવાસ બહુ કરે છે. આહા..હા..! અહીં તો આત્મા, રાગથી જણાય એવો તો આત્મા નથી, નિમિત્તથી જણાય એવો આત્મા નથી, પણ અનુમાનથી આત્મા અનુમાન કરનારો છે એવો પણ આત્મા

નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અનુમાન તો ભેદ થઈ ગયો. આ જ્ઞાન અને આ આત્મા—એ તો પર્યાયમાં રહીને, પર્યાયમાં રહીને, 'આ દ્રવ્ય' એમ તો પર્યાયમાં ઉભા-ઉભા એ વાત કરે છે. પર્યાયમાં રહીને આ આત્મા અનુમાનથી (જણાય) એવો તો આત્મા નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

આમ જાણે છે એ આત્મા, જાણે એ આત્મા. રાગાદિ વિકલ્પ તો આત્મા નથી. તો જાણે એ આત્મા એવો અનુમાન કરનારો, કેવળ અનુમાન કરનાર આત્મા નથી. કેમકે એ તો ભેદ છે. ભગવાન તો ચિદાનંદસ્વરૂપ અભેદ છે. એ તો પોતાની જ્ઞાનની પ્રત્યક્ષ દશા વડે અનુભવમાં આવનાર છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. લોકોએ તો સાંભળી નથી. બહારથી માની લીધું આ દયા પાળો, વ્રત કરો, પૂજા કરી, ભક્તિ કરી, ધર્મ થઈ ગયો. ધૂળમાંય ધર્મ નથી.

મુમુક્ષુ :- ભગવાનના દર્શન કરવાથી ધર્મ થાય.

ઉત્તર :- ભગવાનના દર્શન પણ ધર્મ નથી. ભગવાન તો તારો અહીં ભગવાન છે. એ ભગવાનના દર્શન તો શુભભાવ છે. એ શુભભાવ છે, પુણ્ય છે, ધર્મ નથી. તારા ભગવાનના દર્શન કરવાથી ધર્મ થાય છે. ભગવાન આનંદકંદ પ્રભુ સચ્ચિદાનંદ સિદ્ધ સમાન છે. જેવો સર્વજ્ઞે પ્રગટ કર્યો એવો જ બધાનો આત્મા છે. સમજાણું કાંઈ? એ આત્મા અનુમાન કરનારો નથી, માત્ર અનુમાન કરનારો નથી. ઓહો..હો..! શું વાત કરે છે! આત્મા રાગવાળો નથી, શરીરવાળો નથી, સંયોગવાળો નથી, ઉપાધિવાળો નથી, કર્મવાળો નથી, પણ એકલો અનુમાન કરનારો પણ આત્મા નથી એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ?

**'જેને લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અનુમાતામાત્ર (કેવળ અનુમાન કરનારો જ) નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** એવા અર્થ, અલિંગગ્રહણમાંથી એવો ભાવ નીકળે છે. ભગવાન આચાર્ય કહે છે કે અલિંગગ્રહણ શબ્દ પડ્યો છે એમાંથી લિંગ નામ અનુમાન. કેવળ અનુમાન કરનારો અ-નથી. અનુમાનથી ગ્રહણ નામ જ્ઞાન કરે એવો અ-નથી. એમ અલિંગગ્રહણમાંથી એવો ભાવ નીકળે છે. સમજાણું કાંઈ? એ પાંચ બોલ થયા. એ નાસ્તિ હતા, હવે અસ્તિથી કહે છે. આહા..હા..! જેને આત્માનું હિત કરવું હોય, જન્મ-મરણથી છૂટવું હોય અને રાગ, પુણ્ય, દયા, દાનના વિકલ્પની એકતાથી છૂટવું હોય એની વાત ચાલે છે. એકતામાં પડ્યો છે એ તો અનાદિથી છે જ, એ તો છે જ. એમાં અહિત તો કરે જ છે. હવે હિત કેમ થાય? પોતાને સુખ કેમ થાય? પોતાની સ્વાધીનતા-પ્રતીતમાં, અનુભવમાં કેમ આવે? એ વાત ચાલે છે. સમજાણું કાંઈ?

છઠ્ઠો બોલ. **'લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે તે અલિંગગ્રહણ છે;...'** લ્યો! આહા..હા..! ભગવાન આત્મા ઇન્દ્રિયોથી જાણતો નથી, ઇન્દ્રિયોથી જાણવામાં આવતા નથી, એકલા ઇન્દ્રિય પ્રત્યક્ષગમ્યથી જણાતો નથી, અનુમાન બીજા વડે, બીજા વડે

અનુમાનથી અનુભવમાં આવતો નથી, કેવળ પોતે અનુમાન કરનારો નથી. એ તો નાસ્તિથી વાત કરી. તો છે કેવો? આત્મા ભગવાન આત્મા છે કેવો? કેમ? કે શરીર, વાણી, કર્મ તો અજીવતત્ત્વ છે. બરાબર છે? અને દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઉઠે છે એ પુણ્યતત્ત્વ, આસ્રવતત્ત્વ છે. હિંસા, જૂઠું, ચોરી વિષયનો વિકલ્પ ઉઠે છે, એ પાપતત્ત્વ, આસ્રવતત્ત્વ છે. તો આસ્રવતત્ત્વ ને અજીવતત્ત્વથી જ્ઞાયકતત્ત્વ ભિન્ન છે. તો આસ્રવતત્ત્વથી આત્મા જણાય એવો આત્મા છે નહિ અથવા આસ્રવતત્ત્વથી આત્માને લાભ થાય એવો આત્મા નથી. સમજાણું કાંઈ? ત્યારે કેમ આત્માને લાભ થાય?

'**લિંગ દ્વારા નહિ...**' એ પાંચ કીધા એ. '**પણ સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે...**' ઓહો..! જ્ઞાનાનંદ ભગવાન સ્વભાવ શુદ્ધ જ્ઞાન આનંદસ્વભાવ, શુદ્ધ જ્ઞાનપર્યાય, શુદ્ધ—એ વડે આત્મા પ્રત્યક્ષ થનારો સ્વભાવ વડે જણાય છે. સમજાણું કાંઈ? '**લિંગ દ્વારા નહિ...**' પાંચ દ્વારા નહિ. '**પણ સ્વભાવ વડે...**' સ્વભાવ. જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ, શાંતિસ્વભાવ, વીતરાગસ્વભાવ. ત્રિકાળી આત્મા વીતરાગસ્વભાવનો પિંડ છે આત્મા. તો વીતરાગી પર્યાય પ્રગટ થાય છે એ વીતરાગ સ્વભાવમાંથી આવે છે. તો વીતરાગસ્વભાવ જે ત્રિકાળી છે તેની વીતરાગી પર્યાય વડે તે આત્મા સ્વભાવ અનુભવમાં આવે છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે ગ્રહણ...**' નામ જાણપણું. પોતાનો શુદ્ધ ચૈતન્યમૂર્તિ જે ધ્રુવસ્વરૂપ છે, નિત્ય રહેનારો ભગવાન આત્મા એ પોતાનો નિર્મળ સ્વભાવ વીતરાગી પર્યાય, શુદ્ધ દશા, શુદ્ધભાવ વડે એ સીધો અનુભવમાં આવે છે. બીજા વડે આત્માને સમ્યગ્દર્શન થતું નથી.

મુમુક્ષુ :- બધું આવી ગયું આમાં.

ઉત્તર :- આ સ્વભાવ છે તો ધ્રુવ આવેને. દ્રવ્યસ્વભાવ, ગુણસ્વભાવ અને શુદ્ધ નિર્મળ પર્યાય. સ્વભાવ વડે જાણવામાં આવે છે. તો રાગ સ્વભાવ નથી એનો. પુણ્ય-પાપનો વિકલ્પ છે એ કોઈ સ્વભાવ નથી. નિર્વિકલ્પ સ્વભાવ શુદ્ધ ચિદાનંદ.. શુભ ઉપયોગથી જાણવામાં નથી આવતો, અશુભથી તો જાણવામાં નથી આવતો કેમકે એ તો આસ્રવતત્ત્વ છે. આત્મતત્ત્વ આત્મતત્ત્વથી જાણવામાં આવે છે એમ કહે છે અહીંયા હવે. સમજાણું કાંઈ? શુભ-અશુભ વિકલ્પ જે છે. વ્રત દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ એ શુભભાવ છે, એ આસ્રવ છે. તો એ આસ્રવતત્ત્વથી આત્મા-જીવતત્ત્વ જાણવામાં નથી આવતો. અને પાપતત્ત્વ એ પણ આસ્રવ છે એનાથી પણ આત્માનો અનુભવ અને સમ્યગ્દર્શન થતું નથી. તો થાય કેમ? આહા..હા..!

જુઓ, '**સ્વભાવ વડે...**' સ્વભાવ વડે. ભગવાન આત્મા પોતાનો સ્વ આનંદ અને જ્ઞાન ત્રિકાળી સ્વભાવ છે. સ્વભાવવાન ભગવાન, સ્વભાવવાન ભગવાન આત્મા પોતાનો અને જ્ઞાનસ્વભાવ, જાણનસ્વભાવ, ત્રિકાળી સ્વભાવ-એ સ્વભાવની પર્યાય વડે પ્રત્યક્ષ જ્ઞાન

વડે એ જણાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો હજી સમ્યગ્દર્શન, ચોથું ગુણસ્થાન પ્રાપ્ત કરવામાં વિધિ કઈ એ બતાવે છે. પંચમ ગુણસ્થાન અને મુનિદશા એ તો કોઈ ઓર અલૌકિક દશા છે. સમ્યગ્દર્શનના હજી ઠેકાણા નથી અને તેને મુનિપણું અને ચારિત્ર આવી જાય અને વ્રત થઈ જાય એ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પંચમ કાળમાં એમ જ થાય.

ઉત્તર :- પંચમ કાળમાં એમ થાય કેમ? પંચમ કાળમાં ઉંધા માથે ચાલતો હશે. ચોથા આરામાં પગથી ચાલતા હોય. એમ હોય છે? આહા..હા..! ઉંધે રસ્તેથી પંચમકાળમાં ધર્મ થાય છે. ચોથે કાળે સુલટા રસ્તાથી થાય એમ હોય છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' પરમાર્થ સ્વરૂપ વીતરાગ કેવળજ્ઞાની પરમાત્માનો એક જ પંથ અનાદિ-અનંત સનાતન માર્ગ છે કે પોતાનો આત્મા સ્વભાવ વડે. ભાષા એમ લીધી છેને? સ્વભાવ વડે. ત્રિકાળી ધ્રુવસ્વભાવ એનો આશ્રય કરો તો એ સ્વભાવ વડે... જાણવામાં આવ્યો એમ કહેવામાં આવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

'**લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે...**' ઓહો..! સ્વભાવ તો જ્ઞાન-જાણન, દેખન, આનંદ એ સ્વભાવ છે અથવા અકષાયસ્વભાવ આત્મા છે. પુણ્ય-પાપના ભાવ તો કષાય છે. શુભ-અશુભભાવ તો કષાયભાવ છે. આ અકષાયસ્વભાવ છે. અકષાયસ્વભાવ વડે જાણવામાં આવે છે એમ કહે છે.

મુમુક્ષુ :- તો સ્વભાવ અને સ્વભાવવાન એવો ભેદ પડ્યો કે નહિ?

ઉત્તર :- ભેદ પણ નથી આમાં. અહીં તો અકષાયસ્વભાવ વડે જાણવામાં આવે છે બસ એટલું. જાણવામાં આવે છે. ભેદ ક્યાં છે? આ અકષાયભાવ અને આ અકષાયદ્રવ્ય એમ નથી. અકષાયસ્વભાવ વડે આ આત્મા છે એમ અનુભવમાં આવે છે બસ સીધું. ભેદ નહિ. સ્વભાવ વડે ગ્રહણ નામ જાણવામાં આવે છે. એનો અર્થ શું? કે રાગની અપેક્ષા છોડીને, પુણ્ય-પાપના વિકલ્પની અપેક્ષા છોડીને, જ્ઞાતાની અપેક્ષા જ્યાં કરી તો નિર્મળ પર્યાયથી પ્રત્યક્ષ જણાય છે, એમ. એનું નામ સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ સ્વભાવ છે અને આ સ્વભાવવાન એવા ભેદની વાત અહીંયા નથી. આ તો સ્વભાવ દ્વારા આ આત્મા એમ અનુભવમાં આવે છે બસ. ભારે વાત, ભાઈ! સર્વજ્ઞનો પંથ અલૌકિક માર્ગ છે, ભાઈ! 'સર્વજ્ઞનો ધર્મ સુશરણ જાણી આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી.' પણ સર્વજ્ઞ શું કહે છે એની ખબર નથી. માની બેઠા પોતાની કલ્પનાએ, અનાદિથી રખડે છે ચોર્યાસીમાં.

કહે છે કે આત્માને ધર્મ કેમ થાય છે? એમ કહે છે. હિતપણું કેમ થાય? આત્મામાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ શાંતિ વીતરાગીદશા કેમ થાય? કે નિર્મળ વીતરાગી પર્યાય વડે આત્મા જાણે તો વીતરાગી પર્યાય થાય એનું નામ ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મામાં નિત્ય અને અનિત્ય બે અંશ છે એમાં. નિત્ય અંશ ધ્રુવ છે, અનિત્ય

અંશ પર્યાય છે. પર્યાય સમજાણું? પલટવું-પલટવું. તો કહે છે કે પર્યાયે પણ સ્વભાવ ધ્રુવ છે એ (તરફ) લક્ષ જ્યાં કર્યું તો એ લક્ષમાં સ્વભાવના રાગ વિના પ્રત્યક્ષ પર્યાય થઈ. એ સ્વભાવ(રૂપ) રાગ વિનાની પ્રત્યક્ષ પર્યાય થઈ. એ પ્રત્યક્ષ જ્ઞાન વડે આત્મા અનુભવમાં આવે છે. આહા..હા..!

અહીંયા જ્ઞાનની પ્રધાનતાથી વાત છે. દૃષ્ટિ સમ્યગ્દર્શન એ તો નિર્વિકલ્પ પ્રતીતિ છે. નિર્વિકલ્પ પ્રતીતિ પોતાના પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા આત્મામાં જાણવામાં આવી તો એ પ્રતીતિને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! એ માર્ગ જ અત્યારે આમ જાણે બધો લોપ થઈ ગયો હોય, ગુમ થઈ ગયો હોય એમ માન્યો એટલે લોકોને આ શું ચીજ સત્ય છે એ કાને પડવી મુશ્કેલ પડી. અને શું કહેવાય છે, શું કહે છે એ ગ્રાહ્ય થવું મુશ્કેલ પડી ગયું છે. એવી સત્ય વાત પણ ગ્રાહ્ય થવી કઠણ પડી ગઈ. કેમકે અસત્યને પંથે દોરાઈ ગયા છે. ભગવાન આત્મા વસ્તુ છે કે નહિ? પદાર્થ છે કે નહિ? છે તો એ પ્રગટ છે કે નહિ? કે ગુપ્ત છે? જ્ઞાનાનંદ અનંત સ્વભાવને ધરનાર ભગવાન પ્રગટ વસ્તુ છે. તો એ વસ્તુ પોતાની નિર્મળ વીતરાગી પર્યાય વડે, પ્રત્યક્ષ શુદ્ધ ઉપયોગ વડે જણાય છે એમ કહેવામાં આવે છે. જુઓ અર્થ કરશે પછી. સમજાણું કાંઈ? આહા..હા..! ઓહો..હો..!

૭૩ ગાથામાં કહ્યું હતું પહેલા ત્યાં. આ આત્મા પ્રત્યક્ષ અખંડ અનંત ચિન્માત્ર જ્યોતિ છે. પહેલો જ બોલ છે ૭૩માં. આત્મા એવો છે કે એ જ્યારે સ્વનું લક્ષ કરે છે, સ્વના ધ્યેયમાં દૃષ્ટિમાં પડે છે, ધ્રુવમાં દૃષ્ટિ પડે છે ત્યારે એની અવસ્થા પ્રત્યક્ષ થઈ જાય છે. રાગ અને પુણ્યના વિકલ્પ વિનાનું મતિશ્રુતજ્ઞાન ત્યાં પ્રત્યક્ષ થઈ જાય છે. સમજાણું કાંઈ? વિકલ્પ જે છે એની સાથે એકતા છે ત્યારે તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? અને શુભભાવથી... શુભભાવ વિકલ્પ છે એ પણ વિકાર છે. એની સાથે એકતા છે તે મિથ્યાત્વ છે. ત્યારે સમ્યગ્દર્શનમાં શું થાય છે? કે આત્મા જ્ઞાનની પર્યાયથી આત્મા પ્રત્યક્ષ જાણવામાં આવે છે. પ્રત્યક્ષ જ્ઞાતા-દૃષ્ટા છે. એ રાગની અપેક્ષા અને વ્યવહારની અપેક્ષા એને છે નહિ એવો આત્મા છે. રાગની અપેક્ષા નથી એવો આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? અભ્યાસ ન મળે. સત્યનો અભ્યાસ ન મળેને. બધા ઉંધા અભ્યાસ. ભગવાન કહે છે એનાથી ઉલટો અભ્યાસ અને માને કે ભગવાન કહે છે એનો અમે અભ્યાસ કર્યો છે. ધૂળેય કર્યો નથી સાંભળને. કહે છે જેને એટલે આત્માને '**લિંગ વડે નહિ પણ સ્વભાવ વડે...**' જુઓ, એ સ્વભાવને અહીં લિંગ નથી કહ્યું ભાઈ! સ્વભાવ લિંગ નથી. અનુમાન લિંગ, ઈન્દ્રિયજ્ઞાન લિંગ એ બધાને લિંગ કહ્યું. એ અહીં નથી. અહીં તો જ્ઞાયક સુધા..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બીજી વાત છે. એ તો ઉપયોગની વ્યાખ્યા. આ તો આત્માની અત્યારે વ્યાખ્યા ચાલે છે. આત્માનો ઉપયોગ કેવો એ પછી વાત ચાલશે આત્માનો ઉપયોગ કેવો

એ ચાલશે. આ તો હજી આત્મા કેવો એની વાત ચાલે છે. આત્મા કેવો છે એની વાત ચાલે છે. પછી આત્માનો ઉપયોગ કેવો એ વાત ચાલશે. સાતમા બોલથી. સમજાણું કાંઈ?

પોતાની વર્તમાન જે પર્યાય છે એ પર્યાયમાં લક્ષ રહે તો તો વિકલ્પ જ ઉઠે છે. સમજાણું કાંઈ? તો શુભ વિકલ્પ જ ઉઠે છે. એ તો પુણ્ય છે, ધર્મ નથી. તો ધર્મ કેમ થાય? કે એ આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા-દૃષ્ટા છે. પોતાનો શુદ્ધ સ્વભાવ ત્રિકાળી આનંદમૂર્તિ પ્રભુ એ પોતાની નિર્મળ, રાગ અને વિકલ્પની અપેક્ષા રાખ્યા વિના નિરપેક્ષ પ્રત્યક્ષ જ્ઞાન એનાથી પ્રત્યક્ષ જ્ઞાતા-દૃષ્ટા છે. સમજાણું કાંઈ? અલૌકિક વાત છે, ભાઈ! આ તો અપૂર્વ વાત છે. અનંતકાળમાં એણે સાંભળી નથી. લીધી તો નથી, પણ સાંભળી નથી. શું ચીજ છે એ તો પ્રાપ્ત કરી નથી, પણ એ વાત સાંભળી નથી. યથાર્થ સાંભળે તો એ ભાવ આવ્યા વિના રહે નહિ. આહા..હા..! વાદવિવાદ ઝઘડાની વાત એમાં છે જ નહિ. એવી જ્ઞાનજ્યોતિ પ્રભા ચૈતન્યબિંબ પ્રભુ મન અને રાગની અપેક્ષા રાખ્યા વિના સીધો પ્રત્યક્ષ જાણે એવો જ આત્માનો સ્વભાવ છે, એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? કેમકે એમાં (પ્રકાશ) નામનો એક ગુણ પડ્યો છે પ્રકાશ નામનો. આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ એવી અનંત શક્તિઓ પડી છે. એવી એક પ્રકાશ નામની શક્તિ આત્મામાં છે. શક્તિ કહો કે ગુણ કહો કે ભાવ કહો કે સ્વભાવ કહો. તો એ શક્તિસ્વભાવ પ્રકાશગુણનું કાર્ય શું છે? કે આત્માને એ પ્રત્યક્ષ કરી દે એ તો સ્વભાવ ગુણનું કાર્ય છે. જાદવજીભાઈ! આ તો વાતું એવી છે. આહા..હા..!

આત્મામાં જેમ જ્ઞાનગુણ છે. જાણન... જાણન... જાણન ગુણ છેને? એવી એક પ્રકાશ નામની ગુણ-શક્તિ છે. શક્તિ, સામર્થ્ય, સ્વભાવ આત્મામાં એક પ્રકાશ નામનું સામર્થ્ય સ્વભાવ ગુણ છે. કે જે ગુણનું કાર્ય, ગુણ છે તો કાર્ય હોય કે નહિ? તો એ ગુણને ધરનારો આત્મા એવી જ્યાં દૃષ્ટિ થઈ તો એ ગુણનું કાર્ય પ્રત્યક્ષ આત્મા થયો. મતિશ્રુતથી પ્રત્યક્ષ થયો તે ગુણનું કાર્ય છે. ગુણના કાર્યનો અર્થ ગુણની પર્યાય. અરે ભગવાન! ફરીને. વસ્તુ જે ભગવાન આત્મા છે એ તો દ્રવ્ય છે દ્રવ્ય. હવે એ દ્રવ્ય છે એ તો સ્વભાવવાન છે. તો એનો સ્વભાવ શું? જેમ સાકર છે તે સ્વભાવવાન. તો એનો સ્વભાવ શું? કે મીઠાશ, સુંવાળપ, સફેદાઈ એ સ્વભાવ. કાંઈ સ્વભાવ વિનાની સ્વભાવવાન ચીજ હોય? સ્વભાવ વિનાની સ્વભાવવાન ચીજ હોય છે? એમ ભગવાન આત્મા એ તો સ્વભાવવાન છે. સ્વભાવવાન-સ્વભાવવાળો. તો કહે સ્વભાવ શું? જેમ ત્રિકાળી રહેનારો આત્મા છે, એમ કાયમ સ્વભાવ ત્રિકાળી રહે અવો સ્વભાવ શું? કે એનું ત્રિકાળી જ્ઞાન, આનંદ, શાંતિ એટલે વીતરાગતા, ચારિત્ર એ વીતરાગતા સ્વભાવ હોં કાયમ ત્રિકાળી છે, એમ પ્રકાશ નામનો ગુણ, આત્મા જેમ ત્રિકાળી છે, એમ પ્રકાશ નામનો ગુણ પણ આત્મામાં ત્રિકાળી છે. તો એ ગુણનું કાર્ય શું? એનો ગુણ જ એવો છે કે પ્રત્યક્ષ થવું એ જ એનો ગુણ છે. પરોક્ષ રહેવું એવો એનામાં ગુણ જ નથી. ભારે આકરું કામ! સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મામાં એક પ્રકાશ નામની શક્તિ છે-ગુણ છે. સમજાણું કાંઈ? આ સમયસાર છેને? આ તો પ્રવચનાસર છે. આ શું છે? એ પ્રવચનસાર ગુજરાતી હશે. સમયસાર નથી? સમયસાર એકેય નથી આમાં? આ એક છે. હિન્દી છે હિન્દી. આ હિન્દી છે જુઓ. શક્તિ તો હશેને શક્તિ. .. શક્તિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તો શક્તિની વાત ચાલે છેને આપણે અહીં. જુઓ શક્તિ. '**સ્વયં પ્રકાશમાન વિશદ (-સ્પષ્ટ) એવી સ્વસંવેદનમયી પ્રકાશશક્તિ.**' આત્મામાં.. આત્મા દ્રવ્ય છે, વસ્તુ છે. તો એમાં સ્વભાવ જાણન-દેખન, આનંદ એ કાયમ સ્વભાવ છે. એવો એક પ્રકાશ નામનો ગુણ-શક્તિ સ્વભાવ કાયમ છે. જેમ ચીજ કાયમ છે એમ ગુણ પણ કાયમ છે. એ શું છે? સ્વયં પ્રકાશનમાન. જુઓ. પોતાથી આત્મા પ્રકાશમાન થાય, ઇન્દ્રિયથી નહિ, રાગથી નહિ, વિકલ્પથી નહિ, પુણ્યથી નહિ, વ્યવહારથી નહિ.

મુમુક્ષુ :- નિમિત્ત.

ઉત્તર :- નિમિત્ત તો આવી ગયું બહારનું. આ વ્યવહારથી વિકલ્પ દયા, દાન, વ્રતાદિ એનાથી આત્મા જણાતો નથી, ધર્મ થતો નથી.

મુમુક્ષુ :- જ્ઞાનાવરણીય કર્મ..?

ઉત્તર :- જ્ઞાનાવરણીય કર્મ એના ઘરે રહ્યા. આત્મામાં છે ક્યાં? કર્મ તો જડ છે. જડ આત્મામાં છે? જડની તો આત્મામાં નાસ્તિ છે. જડમાં આત્માની નાસ્તિ અને આત્મામાં જડની નાસ્તિ. દ્રવ્ય ભિન્ન-ભિન્ન છે.

અહીંયા તો કહે છે કે ભગવાન આત્મામાં એવો એક ગુણ છે શક્તિ. સ્વયં પ્રકાશમાન વિશદ્-સ્પષ્ટ-પ્રત્યક્ષ એવો ગુણ છે. રાગ વિના, શુભ-અશુભ વિકલ્પના આશ્રય વિના સ્વયં પ્રકાશમાન સ્પષ્ટ. વિશદ્ નામ સ્પષ્ટ. એવી સ્વસંવેદનમયી પ્રકાશશક્તિ છે. સ્વસંવેદનમય. સ્વ નામ પોતાથી, સં-પ્રત્યક્ષ વેદન થાય. સં-પ્રત્યક્ષ વેદન થાય એવી ગુણ શક્તિ છે. તો સમ્યગ્દર્શન થવામાં એ સ્વસંવેદન પ્રત્યક્ષ આત્મા થાય છે ત્યારે એ સ્વસંવેદન પર્યાયમાં પ્રતીતિ થઈ એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! જેવો આત્મા છે એવી પ્રતીત થાય તો દર્શન છે. આત્મા તો એવો છે. સ્વસંવેદન પ્રત્યક્ષ થાય એવો આત્મા છે. એવો આત્મા પ્રત્યક્ષમાં આવ્યો નથી અને પ્રતીત થઈ એ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન એટલે જેવો આત્મા છે એવું પ્રતીતમાં આવવું. સમ્યક્...

ભગવાન આત્મા આહા..હા..! આ તો અધ્યાત્મની વાત અનંતકાળે એણે સાંભળી નથી, કરી નથી. વીતરાગના પંથમાં અનંતવાર જન્મ્યો અને બહારનો ત્યાગ પણ અનંતવાર કર્યો. પણ મીંડા વળ્યા. મિથ્યાત્વ રાખીને કર્યું. શું ચીજ છે સમ્યગ્દર્શનનું ભાન નથી. તો કહે છે કે સ્વાનુભવમયી પ્રકાશશક્તિ છે જુઓ. આહા..હા..! સ્વ-અનુભવમયી. પહેલા કળશમાં

આવ્યુંને. '**नमः समयसाराय स्वानुभूत्या चकासते**' પહેલો કળશ છે સમયસારનો પહેલો. કેવો છે ભગવાન આત્મા? કે સ્વાનુભૂતિથી પ્રકાશમાન થાય એવો આત્મા છે. આહા..હા..! જેવો છે એવો માને નહિ, અનુભવે નહિ અને આત્મા મેં જાણ્યો અને આત્મા આ છે. કપોળકલ્પિત વાત છે બધી. સમજાણું કાંઈ? દુર્લભ પડે, મોંઘુ પડે, પણ વસ્તુ તો એવી છે. સમજાણું કાંઈ? પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ કેવળજ્ઞાની એવા આત્માને આત્મા કહે છે કે જે આત્મા સ્વયં પ્રકાશમાન પોતાથી થાય, સ્વસંવેદનમયી પ્રત્યક્ષ થાય એવો એમાં ગુણ છે અને એ ગુણને ધરનારો એવો આત્મા છે. એવો આત્મા પ્રત્યક્ષ પોતાની શુદ્ધ પર્યાયથી થાય છે તેને આત્મા કહે છે. સમજાણું કાંઈ? પણ આમ હોય કે તેમ હોય, અમારે શું કામ? લ્યો કોઈ કહે. ગમે તેવો હોય. અમારે તો ધર્મ કરવો છેને. પણ ધર્મ આમ થાય. આત્મા જેવી ચીજ છે એવી દૃષ્ટિમાં લેતા, અનુભવમાં આવવાથી ધર્મ થાય છે. ધર્મ કોઈ બહારની ચીજ નથી. લટકતી નથી કે બહારથી આવી જાય. ધર્મ એ પોતાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? તો પોતાના સ્વભાવમાં સ્વસંવેદન પ્રકાશ નામનો ગુણ સ્વભાવ પડ્યો છે. તો એ ધર્મની પર્યાયમાં પ્રગટ થાય, એ ધર્મને પર્યાયમાં પ્રગટ કરવું એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ? એટલે કે ધર્મ આત્મામાં છે એટલે કે આનંદ આત્મામાં છે. એ ધર્મ છેને એનો? આનંદ આત્મામાં છે. એ આનંદનો પર્યાયમાં આનંદ આવવો એ પ્રગટ આનંદ છે. તે ધર્મ છે. આહા..હા..! ક્યાંય ધર્મ પુણ્ય-પાપના વિકલ્પમાં, પરમાં માનવો તો ત્યાં સુખ નથી. જ્યાં ધર્મ નથી ત્યાં સુખ માન્યું તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? સ્વસંવેદન આવીને શક્તિ એટલે. આહા..હા..!

તારો ધર્મ ક્યાં છે? કે તારો ધર્મ ધર્મી આત્મામાં ધર્મ છે. ત્રિકાળી. એ ત્રિકાળી ધર્મ જે છે એ તો સ્વભાવ છે. એ સ્વભાવ પર્યાયમાં પ્રત્યક્ષ થાય એવો આત્મા છે. સમજાણું કાંઈ? પકડવું કઠણ પડે હજી તો કે શું કહે છે. માથા ફરી જાય. માથું ફેરવતો નથી માળો એ. ભગવાન આત્મા વસ્તુ છે કે નહિ? અસ્તિ છે કે નહિ? સત્તાવાન છે કે નહિ? હોવાપણે છે કે નહિ? અનાદિ છે કે નહિ? અનંતકાળ રહે છે કે નહિ? તો એવી અનાદિ-અનંત વસ્તુ, તો એવો અનાદિ-અનંત એમાં રહેનારી સ્વભાવ અને શક્તિ છે કે નહિ? તો અનાદિ-અનંત શક્તિ એમાં આનંદ છે, પ્રકાશ છે, સ્વચ્છતા વગેરે શક્તિઓ અનાદિ-અનંત છે. તો અનાદિ-અનંત શક્તિઓ એ એનો ધર્મ (અર્થાત્) ધર્મીનો સ્વભાવ એમ. હવે એ ધર્મીનો ધર્મ સ્વભાવ એની વર્તમાન પર્યાયમાં પ્રત્યક્ષ જ્યારે થાય ત્યારે ધર્મ પ્રગટે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે. એને નગ્ન થઈ જવું હતું. દિગંબર થઈ જવું હતું એને. ખબર છે તમને? સાધુ થઈ જવું હતું. સાધુ કોને કહેવું? દિગંબર થાય. લૂગડાં કાઢી નાખે એટલે સાધુ. ધૂળેય સાધુ નથી સાંભળને હવે. નગ્ન તો આ ઢોર પણ

નગ્ન રહે છે.

મુમુક્ષુ :- આ તો લૂગડાં પહેલા પહેર્યા હતા એ ઉતાર્યા.

ઉત્તર :- પહેર્યા હતા એ ઉતર્યા નથી અને પહેર્યા પણ નથી. એ તો પર જડ છે. જડ પહેરે કોણ અને ઉતારે કોણ? એ તો જડની દશા છે. શરીર રાખે કોણ અને ટાળે કોણ? એ જડની દશા છે. પુણ્ય કરે કોણ અને ટાળે કોણ? એ તો વિકારની દશા છે. આત્માની છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે '**સ્વયં પ્રકાશનમાન સ્પષ્ટ એવી.**' પ્રત્યક્ષ થાય. આત્મા પોતાના જ્ઞાનની દશામાં પરની અપેક્ષા રાખ્યા વિના સ્વસંવેદનથી પ્રત્યક્ષ થાય તે સ્વભાવથી જણાય. એ પર્યાય છે તે સ્વભાવ છે. એ દ્વારા જ આત્મા જણાય એનું નામ સમ્યગ્જ્ઞાન, એનું નામ સમ્યગ્દર્શન, એનું નામ સ્વરૂપાચરણ સ્થિરતા સાથે છે, તેને ચારિત્ર કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ સ્વભાવ એવો છે. એ સ્વભાવ તો ત્રિકાળી છે. સ્વસંવેદનમયી શક્તિ પ્રકાશ. એ તો ત્રિકાળી દ્રવ્ય છે અને ત્રિકાળી શક્તિ છે. વસ્તુ છે ધ્રુવ અને એની શક્તિ એ પણ ધ્રુવ છે. વસ્તુ એક છે અને શક્તિ અનેક છે, પણ અનેક પણ ધ્રુવ છે. વસ્તુ એક છે અને શક્તિ અનંત છે, પણ અનંત પણ ધ્રુવ છે. તો એ અનંતમાં પ્રકાશ નામનો એક ગુણ છે એ પણ ધ્રુવ છે. તો ધ્રુવની પ્રતીત ક્યારે થાય? એ ધ્રુવની પ્રતીત ક્યારે થાય? કે એની પર્યાય રાગની અપેક્ષા છોડીને સમ્યગ્જ્ઞાન દ્વારા સીધું ધ્રુવનું લક્ષ કરે ત્યારે તેનું યથાર્થ જ્ઞાન થાય છે અને તેને યથાર્થ પ્રતીતિ થાય છે. આહા..હા..! ભારે કામ! આ કામ લેવું પરથી અને આત્મા થઈ જાય સ્વથી (પ્રત્યક્ષ). એમ બનતું નથી. એ તો જડ છે. શરીર, માટી તો ધૂળ અજીવતત્ત્વ છે. ત્યાં અજીવ છે તો જ્ઞાન થાય છે કે નહિ? શરીર ન હોય તો જ્ઞાન એકલું થાય? જ્ઞાન આત્માનું છે કે શરીરનું? શરીરથી જ્ઞાન થતું જ નથી, ઇન્દ્રિયથી જ્ઞાન થતું જ નથી. જ્ઞાન, જ્ઞાનથી થાય છે. જેમાં જ્ઞાન છે એમાંથી જ્ઞાન આવે છે. જડમાં જ્ઞાન છે? અહીં તો કહે છે કે જડના લક્ષે જે જ્ઞાનનો વિકાસ દેખાય એ પણ જડ જ્ઞાન છે. એ ચૈતન્ય જ્ઞાન છે જ નહિ. આહા..હા..!

'**લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે...**' જુઓ, આત્મા એને કહીએ કે જે પ્રત્યક્ષજ્ઞાતા છે તેને આત્મા કહે છે. પરોક્ષ રહે તે આત્મા નથી. આહા..હા..! વસ્તુ પ્રત્યક્ષ વસ્તુ છે ચિદાનંદ પ્રભુ, ભગવાન સર્વજ્ઞે અનાદિ-અનંત આત્મા અનંત જોયો છે તો એ આત્મા તો પ્રત્યક્ષ થાય તેનું નામ આત્મા કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' લ્યો! એ છઠ્ઠા બોલનો અર્થ છે. સમય થઈ ગયો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વૈશાખ વદ ૧૪, ગુરુવાર, તા. ૧૫.૦૫.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૭-૮, પ્રવચન-૧૫૫**

આ પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ અધિકાર. ૧૭૨ ગાથા. અલિંગગ્રહણનો અર્થ ચાલે છે. છ બોલ ચાલ્યા છ. હવે સાતમો બોલ છે આજે અત્યારે. આ જ્ઞેયતત્ત્વ અધિકાર છેને? આત્મા વસ્તુ છે એ જ્ઞેય કેવું છે અને એના ઉપયોગરૂપી જે જ્ઞેય છે એ પણ કેવું છે એનું વર્ણન છે. સમજાણું કાંઈ? આત્મા જ્ઞાનમાં જ્ઞેય થવાલાયક છે, એનું દ્રવ્ય, ગુણ અને પર્યાય જ્ઞેય છે. તો એ જ્ઞેય કેવું છે? કે એ ઈન્દ્રિયથી જાણવું થાય એ જ્ઞેય એવો આત્મા છે નહિ. ઈન્દ્રિયથી જાણવું થાય એવો આત્મા છે જ નહિ. ઈન્દ્રિયથી જાણતો જ નથી. ઈન્દ્રિયથી જાણવું તે સ્વજ્ઞેય વસ્તુ નથી. ભારે ઝીણું! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યદ્રવ્ય જ્ઞાયકસ્વરૂપ એ ઈન્દ્રિયથી જાણે એ સ્વજ્ઞેય જ નથી. એ આત્મા જ નથી અને ઈન્દ્રિયથી જણાય એવો એ આત્મા જ્ઞેય નથી. સમજાણું કાંઈ? અને એ આત્મા ઈન્દ્રિયના અનુમાન ચેષ્ટાથી જણાય એવું એ જ્ઞેય નથી. એ બાહ્યની ક્રિયા આમ કરે ને આમ કરે છે, ચરણાનુયોગ પ્રમાણે એની વિધિ બરાબર પાળે છે. તો એ માપથી આત્મા એનો જ્ઞાની છે કે આત્મા ધર્મી થયો છે એવું માપ થતું જ નથી. ઈન્દ્રિય પ્રત્યક્ષથી ચરણાનુયોગની ક્રિયા જોતાં તેને આત્માનું અનુમાન થઈ જાય કે એ આત્મા સમ્યગ્દૃષ્ટિ છે અને ધર્મી છે એવો એ આત્મા છે જ નહિ. સમજાણું કાંઈ? અને એ આત્મા.. ચોથો બોલ કહ્યોને એ? બીજાઓ વડે અનુમાનથી જણાય એવો આત્મા નથી. બીજા વડે અનુમાનથી આત્મા જણાય એવો આત્મા જ્ઞેય છે નહિ. અને એ આત્મા પરનું અનુમાન કરે એવો પણ આત્મા નથી. સમજાણું કાંઈ? અનુમાનથી આત્માને જાણે એ આત્મા નથી એમ કહે છે અહીંયા. આહા..હા..! સમજાણું કાંઈ? એ પાંચ બોલ થયો. છઠ્ઠો બોલ અસ્તિમાં લીધો. ભગવાન આત્મા શું કહે છે જુઓ, **'લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે ગ્રહણ થાય છે...'** ગ્રહણ થાય છે અને પરથી ગ્રહણ થતું નથી તેનું નામ અનેકાંત છે. એ વિકલ્પથી પણ ગ્રહણ થાય છે, શુભોપયોગથી પણ જાણવામાં આવે છે અને શુદ્ધોપયોગથી પણ જાણવામાં આવે એવો એ આત્મા નથી. એ એકાંત છે. સમજાણું કાંઈ? એ કહે છે કે પ્રત્યક્ષ જ્ઞાતા-દૃષ્ટા છે. પ્રત્યક્ષ જ્ઞાતા છે. આત્મા વસ્તુ છે, પ્રત્યક્ષ મોજુદ છે. તો એ પ્રત્યક્ષ થાય તેને આત્મા કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ શુદ્ધ ઉપયોગ પછી લેશે. અહીંયા તો પ્રત્યક્ષ જ્ઞાતા છે. મતિ-શ્રુતજ્ઞાન

વડે પ્રત્યક્ષ જ્ઞાતા થાય છે તેનું નામ આત્મા. પરોક્ષ રહે એ આત્મા જ નથી. મોજુદ ચીજ છે, સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ આનંદધામ એ મોજુદ જ છે, પ્રત્યક્ષ છે. તો એનું મતિશ્રુત જ્ઞાન દ્વારા પ્રત્યક્ષ જ્ઞાતા થાય એવો જ આત્મા છે. સમ્યગ્દર્શનમાં મતિશ્રુતજ્ઞાન વડે પ્રત્યક્ષ (થાય) આત્મા તેને સમ્યગ્દર્શન અને તેને આત્મા કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? મોજુદ વસ્તુ છે કે નહિ? એમ કહે છે. છે, તો છે એ પ્રત્યક્ષ કેમ ન થાય? જે છે જ્ઞાયકસ્વરૂપ અનંત શાંતરસ અને અનાકુળ આનંદનું ધ્રુવ-ધ્રુવ તત્ત્વ. તો એ મોજુદ ચીજ છે. છે, તો એ પ્રત્યક્ષ થાય તો જ આત્મા કહે છે. સમજાણું કાંઈ? વિકલ્પથી જાણવામાં આવે એ આત્મા નથી. એ અણાત્મા છે. શુભરાગથી અનુમાન કરે કે આત્મા એવો છે.. એવો છે.. એ આત્મા નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ધારણાથી કરે મતિ અને અજ્ઞાન ધારણામાં કે આત્મા એવો છે, શુદ્ધ ધ્રુવ છે, આનંદ છે. એવી ધારણાથી (નિર્ણય) કરે તે આત્મા નથી. ઝીણી વાત છે. આ ક્યાંય તમારે પ્રોફેસરમાં આવ્યું પણ નહિ હોય આવું. ત્યાં ક્યાં આવે? આ વાત ક્યાં છે ત્યાં? આહા..હા..!

મુમુક્ષુ :- આવી નથી અને આવે જ નહિ.

ઉત્તર :- ત્યાં ક્યાં આવે? આ વાત ક્યાં છે ત્યાં? આહા..હા..!

અહીં તો ભગવાન આત્મા સ્વપરપ્રકાશક જ્ઞાનદર્શનનો પિંડ વસ્તુ છે. તે વસ્તુ પ્રત્યક્ષ જ્ઞાતા થાય તો (એને) આત્મા કહે છે. સમજાણું કાંઈ? એ શુભરાગમાં રહીને જાણે કે આ આત્મા છે એણે આત્મા જાણ્યો જ નથી. અને પર્યાયના એક અંશમાં રહીને આત્મા જાણે તે આત્મા નથી એમ કહે છે. એ પર્યાય જે છે એ દ્રવ્ય તરફ પ્રત્યક્ષ જ્ઞાન, સમ્યગ્જ્ઞાન, મતિ-શ્રુત જ્ઞાન, પૂર્ણમાં કેવળજ્ઞાન. નીચેમાં પ્રત્યક્ષ મતિ-શ્રુતજ્ઞાન વડે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા જ છે, તેને આત્મા કહે છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! તો એને ધર્મ કહે છે એમ કહે છે. આત્મા પુણ્ય-પાપના વિકલ્પથી રહિત સીધો જ્ઞાનના સ્વસંવેદનથી પોતાના શુદ્ધ સ્વભાવથી સીધો અનુભવમાં આવે એવો જ આત્મા છે. આહા..હા..! તો એણે આત્મતત્ત્વ જાણ્યું અને આત્મા એવો છે એમ માન્યું. સમજાણું કાંઈ? ભારે વાત!

જુઓ, '**લિંગ દ્વારા નહિ...**' એટલે પાંચ બોલ કહ્યા એ વડે નહિ. '**પણ સ્વભાવ વડે ગ્રહણ થાય છે...**' એ તો શુદ્ધ આનંદ અને જ્ઞાનની દશા વડે જ અનુભવમાં આવે છે. આહા..હા..! લોકો કહે છેને... તો પછી જરાક પ્રશ્ન થયો હતોને કે તત્ત્વાર્થસૂત્રમાં મતિશ્રુતજ્ઞાનને તો પરોક્ષ કહ્યું છે અને અહીંયા તો કહે છે કે પરોક્ષ તે આત્મા જ નથી. સમજાણું કાંઈ? ત્યાં કહ્યું છે તે પરની અપેક્ષાએ કહ્યું છે. આ સ્વની અપેક્ષા અપવાદ એમાં બાકી છે. તત્ત્વાર્થસૂત્રમાં મતિશ્રુતને પરોક્ષ કહ્યું છે તે પરની અપેક્ષાએ કહ્યું છે. સ્વની અપેક્ષા એમાં અપવાદ બાકી છે. તો અહીંયા કહે છે કે ભગવાન આત્મા પોતાના જ્ઞાન કણથી, જ્ઞાનની દશાથી સીધો, પ્રત્યક્ષ વેદનમાં આવે, જાણવામાં આવે તેને જ આત્મા કહે છે.

આહા..હા..! સમજાણું કાંઈ? સમજાય છેને? આ શું કહે છે એ સમજાય છે કે નહિ? આ તો હિન્દી ભાષા છે.

મુમુક્ષુ :- હિન્દી, પણ અપરિચિત વિષય છે.

ઉત્તર :- અપરિચિત વિષય, પણ વિષય શું કહે છે એ તો ખ્યાલમાં આવવું જોઈએને. આહા..હા..! આ રજકણો કર્મના, આ શરીરના એ તો નહિ, એનું અવલંબન નહિ, શરીરનું નહિ, કર્મનું નહિ, વિકલ્પનું નહિ. રાગની મંદતાના અવલંબને જણાય એ આત્મા નથી. આહા..હા..! અહીં તો કહે છે કે એ વ્યવહાર વિકલ્પથી જણાય તે આત્મા નથી. આત્મા પ્રત્યક્ષ પોતાના જ્ઞાનસ્વભાવથી, આનંદસ્વભાવથી, શાંતિ-વીતરાગપર્યાય સ્વભાવથી, નિમિત્ત અને રાગની અપેક્ષા રાખ્યા વિના સીધો પ્રત્યક્ષ જ્ઞાતા-દૃષ્ટા છે તેને આત્મા કહે છે. ઓહો..હો..!

મુમુક્ષુ :- આ દ્રવ્યની વાત છે કે પર્યાયની વાત છે?

ઉત્તર :- આ દ્રવ્યની વાત છે. દ્રવ્યને જાણે આ રીતે ત્યારે એ જ્ઞાતા-દૃષ્ટા પર્યાયમાં થયો. દ્રવ્યનો સ્વભાવ એવો છે. સમજાણું કાંઈ? અહીં આત્માની વાત છેને દ્રવ્ય-દ્રવ્ય. દ્રવ્યનો સ્વભાવ છે કે પ્રત્યક્ષ જ્ઞાતા થાય એ એનો સ્વભાવ છે. આહા..હા..! કાલે કહ્યું હતુંને એ? પ્રકાશ નામનો ગુણ છે. પ્રકાશ ગુણ છે એનો અર્થ એ. પ્રકાશ નામની શક્તિ છે એમાં. તો એ શક્તિનું કાર્ય સ્વયં સ્વસંવેદનમાં આત્મા આવવો એ જ એનો ગુણ અને એ ગુણનું એ કાર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? પરોક્ષમાં રહે એ આત્મા નથી. એણે આત્માને જાણ્યો નથી અને આત્માની પ્રતીત એને છે નહિ. એમ કહે છે. જે ચીજ જ્ઞાનમાં પ્રત્યક્ષ થઈ નથી અને પ્રતીત આવે એમ અહીં ના પાડે છે. ૧૭-૧૮ ગાથા કહે છેને એ. સમજાણું કાંઈ?

જે આત્મા પોતાની જ્ઞાનની દશામાં પરની અપેક્ષા છોડીને સીધો આત્મા જ્ઞેય થઈ શકે એનું નામ આત્મા છે. સમજાણું કાંઈ? પ્રત્યક્ષ થાય એ જ આત્મા છે અને પ્રત્યક્ષ થાય ત્યારે પ્રતીત થઈ કે આ આત્મા. પ્રત્યક્ષ થયા વિના પ્રતીત કોની? જે ચીજ જ્ઞાનમાં આવી નથી તેને પ્રતીત કરો, શ્રદ્ધા રાખો. કોની શ્રદ્ધા રાખે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- લોકો કહે છેને?

ઉત્તર :- લોકો કહે એમાં શું? એના ખ્યાલમાં ભાવ તો આવ્યો નથી. પ્રતીત કરો. આત્મા તો .. મચ્છર-મચ્છર. મચ્છરનું દૃષ્ટાંત દીધું હતું એક ફેરી એ કુવાડવામાં. કુવાડવામાં. એક મચ્છર-મચ્છર. મચ્છર સમજો છો? નાનું મચ્છર હતું. તો બાળકોને મચ્છર સમજાવ્યું. ચાર લાંબા પગ કરીને સમજાવ્યું કે પગમાં એટલી રૂંવાટી છે આમ... આમ... આમ... સમજાવ્યું. એ લોકોએ હાથી નહોતો જોયો. મચ્છરને દેખાડ્યું. મચ્છર હતા. ત્યાં કુવાડવા છે પાંચ ગાઉ રાજકોટથી. એક હાથી આવ્યો. તો બાળક કહે એય..! માસ્તરસાહેબ! એ મચ્છર આવ્યું. કેમકે ઓલા લાંબા પગથી બતાવ્યું હતુંને. નાનું શરીર બતાવીને લાંબા પગ કર્યા. કેમ કે પગમાં

રૂંવાટી હોય. રૂંવાટી... રૂંવાટી... રૂંવાટી... ઝીણી. એ કેવી હોય છે એ બતાવવા માટે જરી પગ પહોળા અને લાંબા કર્યા હતા. નિશાળમાં. ચિત્ર. તો ચિત્ર બનાવીને એને કહ્યું કે આવું મચ્છર હોય છે. તો મચ્છર શું અને હાથી શું એની ખબર ન મળે. તો હાથી આવ્યો તો એના લાંબા પગ જોઈને, જુઓ માસ્તર સાહેબ આપ તે દિ' મચ્છર નહોતું બતાવતા? એ મચ્છર આવ્યું. આ બનેલી વાત છે. રાજકોટથી પાંચ ગાઉ નિશાળ છે. નાનું ગામ છે.

એમ જે ચીજ જેવી છે તેવી જ્ઞાનમાં આવ્યા વિના પ્રતીત ક્યાંથી થઈ? એમ કહેવું છે. સમજાણું કાંઈ? જ્ઞાનમાં તો ભાસન થયું નથી. કાશીના બોર હોય છેને કાશીના બોર. કાશીના બોર નથી? તો કાશીનું મોટું બોર જોઈને આ તો કેરી છે એમ માની લીધું. કેરી છે. કાશીના બોર હોય છેને ઉંચા. બેર. એને જોઈને કહે આ કેરી છે. જોઈ નથી કે કેરી કેવી હોય. ખ્યાલમાં આવ્યા વિના આ કેરી છે કે બોર છે એની ખબર કેમ પડે? જ્ઞાનમાં એ ચીજ આવી નથી તો પ્રતીતિ કેવી? એમ ભગવાન આત્મા પોતાની જ્ઞાનની પર્યાયમાં આ આત્મા (એમ) પ્રત્યક્ષ આવ્યા વિના, આ આત્માની પ્રતીત કરે ક્યાંથી? આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! **'આ રીતે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** અલિંગગ્રહણમાંથી એવો અર્થ નીકળે છે. એવો ભાવ એમાંથી નીકળે છે. છ બોલ થયા.

હવે સાતમો. **'જેને લિંગ વડે...'** હવે લિંગની વ્યાખ્યા ઉપયોગ કરી અહીંયા. જેનો ઉપયોગ છે જાણન-જાણન ઉપયોગ. એ લક્ષણ વડે ગ્રહણ નથી. શું કહે છે? હવે અહીં છ સુધીમાં તો દ્રવ્ય લીધો હતો આત્મા. આ લિંગ વડે જણાતો નથી, સ્વભાવ વડે જણાય છે. હવે એ આત્માનો જે ઉપયોગ છે, જ્ઞાનદર્શન ઉપયોગ છે. જે લક્ષણ છે તે લક્ષ્ય-દ્રવ્યનું લક્ષણ છે. દ્રવ્યનું લક્ષણ છે. ખરેખર દ્રવ્ય એ ઉપયોગસ્વરૂપ જ છે ત્રિકાળી. ત્રિકાળી ઉપયોગસ્વરૂપ છે અને એનું વર્તમાન જાણવું-દેખવું જે લક્ષણ ઉપયોગ છે એની વાત અહીં છે. જાણવું-દેખવું જે લક્ષણ છે એ વડે ગ્રહણ નથી. **'એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન નથી...'** જાણવું-દેખવું જે જ્ઞાનનું લક્ષણ છે એમાં જે પરપદાર્થનું જાણવું થાય છે તે ઉપયોગ નથી. સમજાણું કાંઈ? જેનું લક્ષણ છે તે લક્ષણ લક્ષ કરીને પોતાનો ઉપયોગ પ્રગટ કરે એ તો લક્ષણ એનું બરાબર છે. પણ એનું દ્રવ્ય જે લક્ષ્ય છે એ તરફ લક્ષણ વળ્યા વિના એકલા જાણવા-દેખવામાં, શાસ્ત્રનો અભ્યાસ, બાહ્ય જ્ઞેયનું આલંબન લઈને જે (જ્ઞાન) ઉત્પન્ન થાય તે ઉપયોગ નથી. તે અનુપયોગ છે. વિશેષ સ્પષ્ટ કરીએ છીએ હોં ધીમે-ધીમે. સમજાણું કાંઈ?

પહેલા તો આત્માની વાત કરી, હવે આત્માનું લક્ષણ જે છે એની વાત કરે છે. આત્માનું લક્ષણ છે. તો લક્ષણ જાણન-દેખન લક્ષણ છે. જાણન-દેખન લક્ષણ પોતાનું લક્ષ કરીને ઉત્પન્ન થાય એ તો બરાબર છે, પણ એ ઉપયોગ પરનું લક્ષ કરીને સાંભળવાથી, દેખવાથી

પરદ્રવ્ય, છ દ્રવ્ય આવું છે... આવું છે... એવા પરના જ્ઞાન... ઉપયોગમાં જે જ્ઞાન થાય છે તે ઉપયોગ જ નથી. એ તો અણુપયોગ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બહુ આપની પરીક્ષા આકરી છે બહુ.

ઉત્તર :- એય..! ધન્નાલાલજી! શું આ આપણી પરીક્ષા છે કે આ વસ્તુની છે? જડની છે? એય..! દેવાનુપ્રિયા! છે કે નહિ એમાં? જુઓ.

'જેને...' એટલે આત્માને. '**લિંગ વડે...**' નામ ભગવાન આત્માને '**ઉપયોગ નામના લક્ષ વડે ગ્રહણ...**' નામ પરના અવલંબનથી જ્ઞાન થતું નથી. આહા..હા..! '**એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન નથી...**' જુઓ, સ્વજ્ઞેયનું લક્ષણ છે જ્ઞાન. તો એ સ્વજ્ઞેયને પકડીને જે ઉપયોગ થાય એ તો ઉપયોગ આત્માનો. પણ સ્વલક્ષ્ય જ્ઞેયને પકડ્યા વિના એકલા જાણવામાં પરનું લક્ષ થયું તે ઉપયોગ ઉપયોગ જ નથી. અણુપયોગ અજીવ છે.

મુમુક્ષુ :- પોતાને જાણે છે, પરને જાણે..

ઉત્તર :- એ નહિ. એ બીજું. એ તો પોતામાં ઉપયોગ આવ્યો તો પરને જાણવું થયું. એનાથી આવ્યું છે એ. પરથી નથી આવ્યું. સ્વનું લક્ષ કર્યું તો (ઉપયોગ) સ્વ-પરપ્રકાશક થયો તો સ્વનો આવ્યો. સમજાણું કાંઈ? ઝીણી વાત છે ભાઈ! આ તો તત્ત્વની તત્ત્વદૃષ્ટિ એવી ઝીણી છે. એ દૃષ્ટિ થયા વિના તેને સમ્યગ્દર્શન થતું નથી અને સમ્યગ્દર્શન વિના એનું જ્ઞાન અને ચારિત્ર ફારિત્ર કાંઈ થતું નથી. અભિમાન કરી લે કે અમે વ્રતધારી છીએ અને અમે સંયમી છીએ. હો, એમાં શું થયું? સમજાણું કાંઈ? આમાં એ લખ્યું છે જુઓ એમ કે દયાસાગર અહીંથી નીકળી ગયા છે ત્યાં આવવા માટે. એમ લખ્યું છે સાગરવાળાએ. આવ્યા નથી અહીંયા. ક્ષુલ્લક. સમજાણું કાંઈ? શું કહે છે?

આત્મા પદાર્થ છે, વસ્તુ. અને એનું લક્ષણ જાણન... જાણન... જાણન... જાણન... દેખન એ ઉપયોગ. તો એ ઉપયોગમાં જેટલા પરદ્રવ્યના અવલંબને જે કામ થાય છે તે જ ઉપયોગ લક્ષણ અને લક્ષ્ય પર થઈ ગયું. તો એ ઉપયોગનું લક્ષ્ય છે જ નહિ. ઉપયોગનું લક્ષ્ય તો દ્રવ્ય છે. સમજાણું કાંઈ? જાણવા-દેખવાના ઉપયોગનું લક્ષણનું લક્ષ્ય તો દ્રવ્ય છે. તો દ્રવ્યનું લક્ષ કર્યા વિના એકલો ઉપયોગ પરલક્ષે ગ્રહણ થાય છે. ચાહે તો અગિયાર અંગનો ઉપયોગમાં વિકાસ થાય, શાસ્ત્રના અભ્યાસથી વિકાસ થાય એ ઉપયોગ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કારણ કે ઉપયોગ છે જીવનો, લક્ષણ છે લક્ષ્યનું. દ્રવ્યનું લક્ષણ છે. તો એ સ્વનું લક્ષ ન કરતાં એકલા પરના આલંબને જે જ્ઞાનમાં વિકાસાદિ થાય છે તે ઉપયોગ જ નથી. તે અણુપયોગ છે. સમજાણું કાંઈ? એનું ફળ તો એને બંધનમાં છે. ભગવાન આત્મા લક્ષણ જ્ઞાન અને એનું લક્ષ્ય દ્રવ્ય. તો અબંધસ્વભાવી દ્રવ્યમાં ઉપયોગ જાય છે તો પરિણામ, અબંધ પરિણામ ઉત્પન્ન થાય છે. સ્વલક્ષથી ઉપયોગ અબંધ પરિણામ થાય છે, તેને ઉપયોગ કહે છે. સમજાણું કાંઈ?

જે ઉપયોગ લક્ષણ પોતાનું લક્ષ્ય છે તેને છોડીને, તેનાથી ચ્યુત થઈને કેવળ બાહ્ય પદાર્થના અવલંબને જે ઉપયોગ થાય છે તે ઉપયોગ જ નથી. તે અણુપયોગ છે. એ આત્માનું લક્ષણ નથી. સાંભળ્યું છે ક્યારેય? પ્રોફેસરમાં ક્યાંય વાત આવી હતી? હજી તો શું કહે છે .. વિકલ્પ ઉઠે છે એમ કહે છે. શું કરે પણ હવે અહીં સાંભળવું તો પડે.

અહીંયા તો અસ્તિપણું વસ્તુ જે છે એ અસ્તિ છે, સત્તા. અને એનું લક્ષણ પણ છે. સત્તા જાણન-દેખન લક્ષણ. તો જાણન-દેખનની અસ્તિ સ્વના લક્ષે જો હોય તો જાણન-દેખનની અસ્તિનું લક્ષણ ઉપયોગ બરાબર છે. કેમકે એ ઉપયોગમાં સ્વલક્ષથી આનંદ આદિ જ્ઞાનની દશા ઉત્પન્ન થઈ, તો તો તેને ઉપયોગ કહે છે. પણ જો પોતાનો ઉપયોગ સ્વનું લક્ષ કરતાં પરના અવલંબને જ્ઞેય સાંભળવાથી ભગવાનની વાણી સાંભળી અને ઉપયોગ જ્ઞાનમાં જાણ્યું, શાસ્ત્રના અભ્યાસથી જાણ્યું, ગુરુ પાસે સાંભળ્યું અને જાણ્યું. કહે છે કે તે ઉપયોગ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જે ઉપયોગમાં અનંત આનંદકંદ એવો આત્મા તે ઉપયોગ જે સ્વનું થાય તો... પર્યાય ... સ્વલક્ષે થયું નથી. પરલક્ષથી ગ્રહે તો લક્ષ્ય પરનું તો છે નહિ. પરલક્ષે જે ઉપયોગ ઉત્પન્ન થયો તે તો પરલક્ષનું લક્ષણ નથી. માટે પરના લક્ષથી જે ઉઘાડ દેખાય તેને ઉપયોગ જ કહેતા નથી. તેને આત્માનું લક્ષણ પણ કહેતા નથી. સમજાણું કાંઈ? એ વ્યભિચાર ઉપયોગ ઉત્પન્ન થયો છે.

મુમુક્ષુ :- બહુ આકરો શબ્દ વાપર્યો.

ઉત્તર :- વાપર્યો ક્યાં?

મુમુક્ષુ :- ૨૦૩માં આવે છે.

ઉત્તર :- આવે છે કે નહિ? નિર્જરા અધિકારમાં નથી આવતું? નિર્જરા અધિકારમાં? નિર્જરા અધિકારમાં આવે છે. જેટલું પરાલંબી છે એ બધો વ્યભિચાર છે. સમજાણું કાંઈ? ભાઈ! બહુ સૂક્ષ્મ વાત છે. એમ સમ્યગ્દર્શન અને એવો ધર્મ ને બાપુ! એ સૂક્ષ્મ વાત છે, ભાઈ! આત્માની પ્રતીત અને આત્માના ઉપયોગની પ્રતીત એ કોને કહેવી? એ ઉપયોગ જે જાણન લક્ષણ છે એ (સ્વ)લક્ષ્યને પકડીને જે વેપાર ઉપયોગમાં થયો તેને ઉપયોગ કહે છે. તેને સ્વઉપયોગ કહે છે. સ્વજ્ઞેયરૂપ ઉપયોગ. અને જે ઉપયોગ પરના લક્ષે સાંભળવાથી, વાંચવાથી, ભણવાથી, પરના અવલંબને ઉઘાડ થાય તે ઉપયોગ જ નથી. કેમકે એનાથી આત્મા જાણવામાં આવતો નથી. સમજાય છે? ઝીણી વાત તો છે ભાઈ! પણ અહીં અભ્યાસ કરવા માટે આવ્યા છો તો થોડું સાંભળવું તો જોઈએ કે નહિ. કેમકે અમે સમજ્યા. ઉંધું સમજ્યો છો અનાદિથી. તો એ વાત કહે કે સત્ય સમજાવાની વાત છે કે ખોટું સમજવાની વાત છે? ખોટું તો અનાદિ સમજતો આવ્યો છે. હવે સાચી સમજણ શું છે એ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એય..! દીપચંદજી! સાંભળ્યું છે કોઈ દિ'? નથી સાંભળ્યું. થઈ જાઓ સાધુ નગ્નદિગંબર. લ્યો, કપડા છોડી દ્યો. નાગા તો ઢોર પણ રહે છે. બેમાં

ફેર છે એમ કે આ વસ્ત્રસહિત છે. વિશેષ ફેર છે. હું છોડું છે તે દઢ મિથ્યાત્વને સેવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયા ભગવાન સાતમા બોલમાં ફરમાવે છે કે ભગવાન આત્મા ચૈતન્ય ઉપયોગસ્વરૂપ ત્રિકાળ છે એ બીજી વાત. એના લક્ષણરૂપ પર્યાય જે ઉપયોગ છે એ ઉપયોગમાં જેટલું... છેને? '**જ્ઞેય પદાર્થોનું આલંબન...**' જેટલું જ્ઞેય પદાર્થનું આલંબન. આહા..હા..! ભગવાન ત્રિલોકનાથ દેખાય ઉપયોગમાં તો એ ઉપયોગમાં પરનું આલંબન થયું. તે ઉપયોગ નથી.

મુમુક્ષુ :- ભગવાનના દર્શન કરેને.

ઉત્તર :- એ દર્શન કરે એ ઉપયોગ જ નથી. અહીં તો એ વાત છે. આહા..હા..! અરે! ભારે ભગવાન! સમજાણું કાંઈ? જાણન-દેખનમાં આ ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ છે અને આ પ્રતિમા છે. એવો ઉપયોગ પર તરફ લક્ષ જાય છે તો એ ઉપયોગ જ નથી, એમ કહે છે. એનાથી તો ઉત્પન્ન થયો નથી. ઉત્પન્ન થયો છે પોતાથી. પણ પરલક્ષી ઉત્પન્ન થયો તો એ ઉપયોગ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં એમ કહે કે ભગવાનને જોવાથી જ્ઞાન થયું. એ તો વાત અહીં છે જ નહિ. પણ અહીંયા તો જ્ઞેયનું આલંબન લીધું છે નિમિત્ત ભાઈ! એ એનાથી ઉત્પન્ન થયો એ તો પ્રશ્ન જ નથી. સમજાણું કાંઈ? ભગવાન ત્રિલોકનાથ બિરાજે છે સમવસરણમાં. તો જ્ઞાનના લક્ષમાં જાય તો ભગવાન... ઉત્પન્ન થયો પોતાની પર્યાયમાં પોતાથી. એ તો નિમિત્ત આલંબન નિમિત્ત છે. પણ કહે છે કે એ ઉપયોગ જ નથી. જેમાં પરનું નિમિત્ત અને આલંબન હોય તે ઉપયોગ આત્માનો ઉપયોગ જ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- તો આલંબન કોનું?

ઉત્તર :- નિરાલંબી, બધાથી જુદી ચીજ છે. ભગવાન પોતાનું સ્વરૂપ જેનું લક્ષણ છે એવા દ્રવ્યનું લક્ષ કરીને જે અંતરમાં જાણવું-દેખવું ઉત્પન્ન થાય એ તો જ્ઞાતા-દૃષ્ટા પર્યાય સ્વના લક્ષે ઉત્પન્ન થઈ. એને એ રૂપ ધર્મ છે. સમજાણું કાંઈ? દુનિયાની વ્યવહારું વાતું કરતાં તદ્દન જુદી જાતની વાત છે, ભાઈ! આહા..હા..! દુનિયાને ગળે ઉતારવી કઠણ. આહા..હા..! એવી પક્કડ માની રાખી છેને કે .. વિકલ્પથી ધર્મ થાય. વ્યવહાર કરતાં-કરતાં (નિશ્ચય થાય એ) મહામિથ્યાત્વ છે, પણ એ રાગ અને પરનું જ્ઞાન થયું, આ રાગ છે અને આ ભગવાન છે. એવું પરાલંબી જ્ઞાન થયું તે જ્ઞાન એ ઉપયોગ જ નથી એમ કહે છે. એને તો ઉપયોગ જ કહેતા નથી. કેમકે જેનું લક્ષણ છે એ તો લક્ષમાં આવ્યું નથી. અને જેનું લક્ષણ નથી એની ઉપર એનું લક્ષ ગયું. આહા..હા..! પ્રવિણભાઈ! ભારે ઝીણું! એ બધા ભગવાન-ભગવાન જપે અને એય..! ધૂન લગાવી દે જાવ. ભગવાન... ભગવાન... લગાવો ધૂન. એવી ધૂન લગાવો કે એકાકાર થઈ જાય. શેમાં? રાગમાં. ત્યાં ક્યાં.. હે ભગવાન! હે ભગવાન! ભગવાન-ભગવાન તારી દ્યો. ભગવાન તમારામાં અમે એકાકાર થઈ જઈએ છીએ.

લ્યો! ઓલો કહેતો હતોને. શ્રીમદ્નું મને સ્વપ્નું આવ્યું તો એકાકાર થઈ ગયા હતા. એમ કહેતા હતા ભગવાનજીભાઈના ઘરે. કાંઈ ખબર ન મળે. ભક્તિ ભગવાનની ભક્તિ અને ગુરુની ભક્તિ. એવી ભક્તિ લગાવવી કે એકાકાર થઈ જાય. કોની સાથે એકાકાર? એ તો વિકલ્પની સાથે એકાકાર છે. સમજાણું કાંઈ?

સ્વદ્રવ્યનો આશ્રય થયો નથી તો પરદ્રવ્યના આશ્રયે વિકલ્પ થયો અને એમાં ખ્યાલ આવ્યો તેને અહીં ભગવાન ઉપયોગ કહેતા જ નથી. આહા..હા..! ભક્તિ તો એને કહે છે કે પોતાના જ્ઞાયકસ્વભાવ તરફ ઉપયોગ ઢળીને એકાકાર થાય તેનું નામ આત્માની ભક્તિ છે. આહા..હા..! અને એ ભક્તિ નિર્જરા અને શુદ્ધતાનું કારણ છે. પરની ભક્તિ વિકલ્પ બંધનું કારણ છે. આહા..હા..! વળી તમારે આમ કહેવું અને છતાં પાછી પ્રતિમા સ્થાપવી. એ લોકોને એમ લાગે છે. પણ સાંભળ તો ખરો. ઉપયોગ પોતાના લક્ષે કામ કરતાં છતાં જ્યાં સુધી ઉપયોગ સ્થિર ન થાય ત્યાં સુધી શુભરાગ આવે છે તો લક્ષ પર ઉપર જાય છે. છતાં એ બધું હેય છે. આહા..હા..! હેયપણું પણ આવે છે. સમજાણું કાંઈ? એવું ન આવે વ્યવહાર વિકલ્પ તો તો વીતરાગ થઈ જાય અને કાં એકલો અજ્ઞાની રહે. સમજાણું કાંઈ? અને એ હેયપણે જો ન હોય તો ઉપાદેયપણે જે શુદ્ધ ચૈતન્ય છે એની પૂર્ણતા તો થઈ નથી. તો પૂર્ણતા થઈ નથી અને હેયબુદ્ધિએ રાગ ન થાય તો ત્યાં એણે પૂર્ણતા માની લીધી. સમજાણું કાંઈ? અને ... એ રાગ મને લાભદાયક છે તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ?

'હરિનો માર્ગ છે શૂરાનો કાયરના નહિ કામ ત્યાં.' 'પ્રભુનો માર્ગ છે શૂરાનો.' ચૈતન્યની ખાણમાં પડેલી અનંત આનંદ આદિ શક્તિઓ એનો વેપાર ઉપયોગ તેને ઉપયોગ કહે છે. હવે બાહ્ય પરદ્રવ્યનું અવલંબન અને એનો સંબંધ... જેમાં પરદ્રવ્યનો સંબંધ ઉપયોગને નથી. દ્રવ્યને નથી, ગુણને પરદ્રવ્યનો સંબંધ નથી. છતાં પરદ્રવ્યનું લક્ષ કરીને જે ઉપયોગ થાય તેને અનુપયોગ કહે છે. ભગવાન આત્માનો ઉપયોગ કહેતા જ નથી એને. આહા..હા..! અગિયાર ભણી લે, નવ પૂર્વનું જાણપણું થઈ જાય પરલક્ષી આલંબનથી, તો એ ઉપયોગ જ નથી. જો ઉપયોગ હોય તો જન્મ-મરણનો અંત આવવો જોઈએ અથવા શુદ્ધિની અનુભૂતિ થવી જોઈએ. સમજાણું કાંઈ? ભારે! એવી વાત! હજી એ વસ્તુ કેમ પ્રાપ્ત થાય તો સમ્યક્ કહેવાય એની ખબર નથી તો એને સમ્યક્ ક્યાંથી થાય? અને સમ્યક્ વિના તેને વ્રત અને ચારિત્રનો વ્યવહાર વિકલ્પ પણ કેમ થાય? સમજાણું કાંઈ? આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય આહા..હા..! સંતોએ પણ માર્ગને ખુલ્લો મૂકી દીધો છે ખુલ્લો, દુનિયાની શરમ રાખ્યા વિના. દુનિયા કેમ માનશે? આ વાત કહેતા સમાજ સમતોલ રહેશે કે નહિ? એ વિરોધ થઈ જશે કે નહિ? દુનિયા દુનિયાની જાણે. માર્ગ તો એવો છે. સમજાણું કાંઈ?

તો પોતે કહે છે કે અમે આવું અલિંગગ્રહણ કહીએ છીએ. અમારું સાંભળવામાં ઉપયોગ

જો ત્યાં હોય તો તે ઉપયોગ જ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કારણ કે ભાષા સાંભળવાનો ઉપયોગ છેને... તે ઉપયોગ તો સ્વનો છે અને એ ઉપયોગ ત્યાં કામ કરે છે એ તરફમાં, સાંભળવામાં. સાંભળવાનો વિકલ્પ થયો તેનો ઉપયોગ છે. તેને ભગવાન ઉપયોગ કહેતા નથી. ભાઈ! વાતું કઠણ પડે. એને પરિણમાવવું અંદરમાં. આહા..હા..! વાત સાંભળી નથી કે સત્ય શું છે? આહા..હા..!

શું કહે છે જુઓ એમાં. '**જેને...**' એટલે આત્માને '**લિંગ વડે...**' આત્માને '**ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ...**' નથી. જુઓ, ગ્રહણ નથી. ગ્રહણ નથી એનો અર્થ? '**લિંગ વડે ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ...**' નથી. ગ્રહણ નથીનો અર્થ? જ્ઞેય પદાર્થનું આલંબન નથી, એમ. અ છેને નથી. એટલે પરજ્ઞેયોનું આલંબન નથી. એમ ગ્રહણ (નથી). પરજ્ઞેયો એટલે સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા હોય અને એની વાણી હોય, તોપણ જે ઉપયોગ અને પરજ્ઞેયનું આલંબન થાય તેને ઉપયોગ જ નથી. તેને ઉપયોગ કહેતા નથી. આહા..હા..! એકાંત થઈ જાય છે. વળી કાલે ઓલો કહે ઇન્દ્રિયથી જ્ઞાન થાય છે. હવે સાંભળ તો ખરા. ઇન્દ્રિયથી તો નહિ. જ્ઞાન તો જ્ઞાનથી થાય છે. એ (ઇન્દ્રિય) પણ નિમિત્ત. પણ ઇન્દ્રિયના લક્ષે પરમાં જે જ્ઞાન પરજ્ઞેયાવલંબી છે તે ઉપયોગ નથી. આહા..હા..! હજી તો અહીં તો કહે છે કે એ ઇન્દ્રિયો છે તો જ્ઞાન થાય છે. તો તો હજી અશુદ્ધ ઉપાદાનમાં પોતાની પર્યાયમાં પોતાથી જે જ્ઞાન થાય છે તેમાં ઇન્દ્રિયો નિમિત્ત છે. તો નિમિત્તથી થયું છે એમાં? એ નિમિત્તનું કાર્ય છે? નિમિત્તનું કાર્ય નિમિત્તમાં થયું. જાણવાનું કાર્ય જાણવામાં થયું, પણ એ ઇન્દ્રિયથી થયું તો જ્ઞાન થયું એ તો સ્થૂળ મિથ્યાદૃષ્ટિ છે. પણ ઇન્દ્રિયનું નિમિત્ત અને પોતાથી જ્ઞાનની પર્યાય પરાવલંબી થઈ એ પણ પોતાનો ઉપયોગ છે એમ માનવું તે મિથ્યાદૃષ્ટિ છે. વજુભાઈ! એમાં એવો અર્થ છે કે નહિ? લે કાઢ્યો. ..

મુમુક્ષુ :- પણ હતો એ કાઢ્યો છેને.

ઉત્તર :- આમાં છે કે નહિ? જુઓ. તેથી તો કહીએ છીએ.

'**જેને...**' એટલે આત્માને. '**લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે...**' બે અર્થ થઈ ગયા. જેન ઉપયોગ નામના લક્ષણ વડે '**ગ્રહણ...**' નથી. ગ્રહણ નથી એટલે શું? એટલે શું? '**જ્ઞેય પદાર્થોનું આલંબન નથી...**' એમ. ગ્રહણ નથી એટલે અલિંગગ્રહણ. જેને એટલે આત્માને લિંગ નામ ઉપયોગમાં અ-નહિ-ગ્રહણ નથી. એટલે કે પરજ્ઞેયનું આલંબન નથી. એટલે કે પરદ્રવ્યના આલંબનવાળું જ્ઞાન એ આત્માનું નથી. આહા..હા..! છે કે નહિ ભાઈ! આ હિન્દુસ્તાની સાંભળે છે કે નહિ? અંદર છે કે નહિ એ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ સંસ્કૃતનો એ અર્થ છે. એનો તો અનુવાદ છે. સાતમા બોલનો અનુવાદ છે જુઓ. '**न लिंगेनोपयोगाख्यलक्षणेन ग्रहणं ज्ञेयार्थालम्बनं यस्येति**

**बहिरर्थालम्बनज्ञानाभावस्य।**' એનો તો અર્થ છે. આહા..હા..! નહિતર કરો નિર્ણય. નિર્ણય હજી યથાર્થ નિર્ણય કરવાના ઠેકાણા નથી એને સમ્યગ્દર્શન ક્યાંથી થાય? અને સમ્યગ્દર્શન વિના સાચું જ્ઞાન ક્યાંથી થાય? અને એ વિના ચારિત્રની રમણતા જેમાં રમવું છે એ તો દૃષ્ટિમાં આવ્યું નથી. તો રમવું તો એમાં છે. એનું નામ ચારિત્ર છે. આહા..હા..! જે ચીજમાં ઠરવું છે, રમવું છે તે ચારિત્ર છે. તો ચીજ શું છે એ તો દૃષ્ટિમાં આવી નથી. પ્રત્યક્ષ જ્ઞાનમાં જ્ઞેયપણે તો આવ્યું નથી. તો આમાં ઠરવું એ ક્યાંથી આવ્યું. ક્યાંથી તને ચારિત્ર થયું? આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણું છે. દુનિયાથી ઊલટી વાત છે.

વસ્તુ એવી ચીજ છે, ભગવાન! ઓહો..! ઉપયોગ લક્ષણવાળો ભગવાન, એ ભગવાન આત્માને ઉપયોગ લક્ષણમાં પરનું ગ્રહણ નથી. તેને પરનું ગ્રહણ નથી એનો અર્થ કે પરના આલંબનવાળું જ્ઞાન તેને છે નહિ. એટલે કે પરના આલંબનવાળું જ્ઞાન છે તે ઉપયોગ નથી. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ?

મુમુક્ષુ :- .. ઉપયોગ જ નથી.

ઉત્તર :- એ ઉપયોગ જ નથી, અણુપયોગ છે. એ તો જડ છે, અચેતન છે. અચેતન છે. જે ઉપયોગમાં ચૈતન્ય ભગવાન લક્ષમાં આવ્યો નથી અને એ ઉપયોગ જેનું લક્ષણ છે તેને છોડીને પરને લક્ષ્ય બનાવીને. જેનું લક્ષણ નથી તેને લક્ષ્ય બનાવીને જે આલંબન ઉત્પન્ન થાય છે તે આલંબન આત્મામાં છે જ નહિ. એ ઉપયોગનું આલંબન છે જ નહિ. તો આલંબનથી ઉત્પન્ન થયો તે ઉપયોગ જ નથી એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- .. સમ્યગ્દૃષ્ટિ નથી થયું.

ઉત્તર :- સમ્યગ્દર્શન નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મિથ્યાદૃષ્ટિ છે એ વાત છે. પરલક્ષ છે. એ વાત છે. અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણે છે. પણ એ તો પરાવલંબી જ્ઞાન છે. એ ઉપયોગ જ નથી. એ ઉપયોગ નથી. ઉપયોગે તેને ગ્રહણ કર્યું એ ઉપયોગ જ નથી. પરના અવલંબને ઉપયોગ થયો તે ઉપયોગ જ નથી એમ કહે છે. જુઓ. લક્ષણ વડે ગ્રહણ જ નથી. એમ કહે છે. પરના જ્ઞેયના અવલંબને થયું તે ઉપયોગ જ નથી. તે ઉપયોગ પરને ગ્રહણ કરતા નથી. કરે છે એમ માનવું એ ઉપયોગ અણુપયોગને બતાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ક્યાં ગયા નેમિચંદજી? ત્યાં બેઠા ઠીક. અહીં બેઠા નહિ એટલે.

આ ઉપયોગ છે જુઓ. આહા..હા..! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ ફરમાવે છે એ જ વાત કુંદકુંદાચાર્ય કહે છે. એ જ વાત ઠીક આવી. સમજાણું કાંઈ? એ જ વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા..! અહીંયા તો હજી પરલક્ષી જ્ઞાન થાય એમાં એમ માને કે મને જ્ઞાન થયું છે, મને જ્ઞાન થયું છે, હું બીજાથી સમજદાર છું. મિથ્યાત્વ છે. અધિકપણું એ ઉપયોગ

નથી, તેણે ઉપયોગમાં અધિકપણું માન્યું. ઉપયોગમાં દ્રવ્ય છે. રાગથી આ ઉપયોગ પણ ભિન્ન એમ .. આવ્યું નથી. જેમાં અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતા કેવળી અથવા અનંતા સિદ્ધ પડ્યા છે. આત્મામાં અનંતા સિદ્ધ પડ્યા છે. સિદ્ધની પર્યાય છેને. તો અનંતી સિદ્ધની પર્યાય આત્મામાં પડી છે. સમજાણું કાંઈ? સિદ્ધની પર્યાય ક્યાંથી પ્રગટ થશે? અંદરમાં છે તે થાય છે કે ક્યાંય બહારથી આવે છે? એ અનંતા સિદ્ધનું ભગવાન પેટ અંદર વસ્તુ છે. એનો ઉપયોગ જે જ્ઞાન છે તે પોતાનું લક્ષ્ય જે અનંતા સિદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા છે તેનો .. તે ઉપયોગ પરલક્ષી કામ કરે તો કહે છે કે એ ઉપયોગ જ નથી. એ ગ્રહણ કરતા જ નથી, અહીં તો એમ જ કહ્યું છે. એ લક્ષણ વડે ગ્રહણ નથી. જ્ઞેય પદાર્થનું આલંબન નથી એમ કહે છે. એ આલંબન છે જ નહિ. એ આલંબન લીધું અને જ્ઞાન થયું એ આલંબન છે જ નહિ. આહા..હા..! આ તે વાત! સમજાણું કાંઈ?

આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાનાનંદ શુદ્ધ પૂર્ણાનંદ તે વસ્તુનું જાણન લક્ષણ, જાણન લક્ષણ. તો એ લક્ષણ લક્ષ્યને પકડીને લક્ષ ધ્રુવમાં ગયું ત્યારે ઉપયોગને ઉપયોગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? છે તો ઉપયોગ પર્યાય અહીંયા. પણ એ પર્યાય ધ્રુવમાં જ્યારે ગઈ, સ્થિર થઈ ત્યારે ઉપયોગ કહેવામાં આવે છે. એ ઉપયોગ જેમાં નથી એવું પરજ્ઞેયનું આલંબન લઈને... એવું આલંબન છે જ નહિ. અહીં તો ના પાડીને? અહીં તો ઉપયોગ નથી એમ નહિ એને આલંબન છે જ નહિ એમ કહ્યું. **'જ્ઞેય પદાર્થોનું આલંબન નથી...'** જુઓ, **'આ રીતે આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી...'** આહા..હા..! ત્રણલોકના નાથની વાણી સાંભળે અને જે જ્ઞાન થાય તે પરાલંબી જ્ઞાન છે. આહા..હા..! એ જ્ઞાન કાંઈ પોતામાંથી થયું નથી. એ વિકાસ અને ઉઘાડ, ઉઘાડ તેને ઉપયોગ જ કહેતા નથી. આહા..હા..! અને એ અનુપયોગમાં ઉપયોગમાં માને કે મને એટલો ઉઘાડ થયો છે. બીજાથી તો અમે વિશેષ જાણીએ છીએ કે નહિ? મારા ખ્યાલમાં ઉઘાડ ઘણો થયો છે કે નહિ? તો એ બધું અભિમાન, અનુપયોગમાં પોતાનો આત્મા માનવો, બાહ્યના આલંબનવાળા જ્ઞાનને પોતાનું જ્ઞાન માનવું એ વિપરીત દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો જેને આત્માના લક્ષે પરના અવલંબન વિના જે ઉપયોગ થયો તે ઉપયોગ યથાર્થ છે. તો એવા ઉપયોગવાળામાં વિશેષ જાણપણાનો ઉપયોગ ન જોતાં... વિશેષ પોતાનો ઉપયોગ જાણવામાં પરનું આલંબન વિશેષ છે તો .. એ જાણે. એને જ્ઞાન ક્યાં છે? એને તો જ્ઞાન નથી. જેનું જ્ઞાન છે એનું જ્ઞાન નથી એમ માનનારો છે અને પોતાનું જ્ઞાન નથી એ હું જ્ઞાન છું એમ માને છે. વિપરીત માન્યતા છે. સમજાણું કાંઈ? ન્યાય સમજાય છે? લોજિકથી તો વાત ચાલે છે. આહા..હા..! વાત તો જુઓ, કેવો ઉપયોગને ઉતાર્યો છે!

મુમુક્ષુ :- એનું નામ જ ઉપયોગ.

ઉત્તર :- એનું નામ ઉપયોગ, ભાઈ! ઉપયોગ. ઉપ નામ સમીપમાં ભગવાનના સમીપમાં

જાય જે વેપાર થાય. જેમાં અલ્પ ભલે જ્ઞાન થાય, પણ પોતાના લક્ષે જેને ધ્રુવના ધ્યાને, ધ્રુવ ભગવાનની પક્કડથી જે જ્ઞાનના ઉપયોગમાં જાણવું થયું તે ઉપયોગ. સમજાણું કાંઈ? થોડું જાણ્યું તોપણ એ ઉપયોગ અને એ જ્ઞાનમાં સ્વલક્ષ વિના પરલક્ષી આલંબન થયું તો કહે, નહિ, એ આત્મા નથી. એ આત્માનો ઉપયોગ નથી. એણે આત્માને જાણ્યો જ નથી. આહા..હા..! કઈ કથની! અમૃતચંદ્રાચાર્યને કેટલો ક્ષયોપશમ છે! જુઓ, ટીકામાં તો કેટલી શૈલી છે. ઉપયોગનું પણ વર્ણન કરે. ઓહો..! એ પરના આલંબનવાળું જેટલું જ્ઞાન છે એવો ઉપયોગ જ નથી. ભગવાન આત્મા ધ્રુવ નિશ્ચય સ્વભાવ એનું આલંબન લઈને, જેનું લક્ષણ છે એ લક્ષણ જેના લક્ષે એકાકાર થયો અને એ જાણન ઉપયોગ છે તે આત્મા અને તે આત્માનો ઉપયોગ. સમજાણું કાંઈ?

અહીં તો થોડુંક પુસ્તકનું જ્ઞાન આવે અને થોડુંઘણું થોડકા યાદ આવે અને પછી ચર્ચા કરે તો એને એમ થઈ જાય કે આહા..હા..! આપણે તો જ્ઞાનમાં વધી ગયા. અને અમને તો બીજાને સમજાવવાની કેટલી શક્તિ છે! અરે! બીજાને સમજાવાની શક્તિ શું? તારી છે એ? સાંભળ તો ખરો. આહા..હા..! એ તો વિકલ્પ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. સમ્યગ્દર્શન પર્યાય..

ઉત્તર :- .. જ્ઞાનની પર્યાય. આ જ્ઞાનની પર્યાય. પણ એ માને છે કે સ્વના લક્ષે થાય તો જ્ઞાનની પર્યાય એમ. તે જ્ઞાનની પર્યાય છે. પણ સ્વલક્ષે ઉત્પન્ન થાય તે શુદ્ધ જ્ઞાનની પર્યાય એ ઉપયોગ. પણ જે ઉપયોગમાં પરનું અવલંબન થઈને ઉત્પન્ન થાય તે ઉપયોગ જ નથી. મિથ્યાત્વ છે અને અજ્ઞાન છે. આહા..હા..! ગજબ વાત છે. સમજાણું કાંઈ? એવી ચીજ, સંતો દિગંબર મુનિઓ સિવાય એવી ક્યાંય ચીજ છે નહિ. સમજાણું કાંઈ? સંતોએ કેવળજ્ઞાનના માર્ગ થંભી રાખ્યા છે. દિગંબર મુનિઓ, આહા..હા..! આભના થોભ, ધર્મના થાંભલા, ધર્મના સ્તંભ. એવો ધર્મસ્તંભ ભગવાન આત્મા તેના લક્ષે, અવલંબને જે જ્ઞાન થાય તેને ઉપયોગ કહે છે. આહા..હા..! શું પણ યથાર્થ વાત! કેવી સત્યાર્થ વાત! કેવો સત્યસ્વરૂપનો ઉપયોગ! આહા..હા..! સમજાણું કાંઈ? અરે! આવી વાત પણ મહાભાગ્ય હોય તો સાંભળવા મળે એવી છે. એવી વાત છે.

મુમુક્ષુ :- જ્ઞાનની સાથે સમ્યગ્જ્ઞાનની પર્યાય થઈ તો સમ્યગ્દર્શન ક્યારે થયું?

ઉત્તર :- સાથે જ છે. પણ અહીં ઉપયોગની વ્યાખ્યા છેને. એટલે ઉપયોગ (એકલું) દર્શન નથી. ઉપયોગ જ્ઞાનદર્શન છે. પણ એ સમ્યગ્દૃષ્ટિનું જ જ્ઞાન ઉપયોગ સ્વથી થયો તેને ઉપયોગ કહે છે. મિથ્યાદૃષ્ટિનો ઉપયોગ પરના અવલંબને ઉપયોગ છે જ નહિ એમ કહે છે. તો જ્ઞાન નથી તો દૃષ્ટિ સાચી નથી. ખોટી દૃષ્ટિ છે. એ તો પહેલા કહ્યુંને. પરના અવલંબને જે ઉઘાડ થયો તેને માને કે મને ઉઘાડ થયો તો દૃષ્ટિ મિથ્યા છે. સમ્યગ્દૃષ્ટિ થઈ નથી. સમ્યગ્દર્શનમાં તો પૂર્ણ જ્ઞાયકભાવ અખંડ ધ્રુવ છે એ દૃષ્ટિમાં તો આવ્યો તો ઉપયોગે લક્ષ્યને

પકડ્યો છે. તો એ ઉપયોગને ઉપયોગ કહે છે અને તેને સમ્યગ્દષ્ટિ કહે છે. સમજાણું કાંઈ? લ્યો ભાઈ એક બોલમાં ઘણો વખત ગયો. ૫૦. ૫૦ મિનિટ. એક બાકી રહ્યું છે એય..! આહા..હા..!

મુમુક્ષુ :- એમ કાંઈ પૂરું થાય?

ઉત્તર :- એ ભગવાન પૂરું કરે. આત્મા પૂરું કરે. બાકી બહારથી પૂરું થાય એવું નથી. એ તો કહે છે અહીંયા. આહા..હા..! ભાઈ! તારી શક્તિમાં તો એવા ઉપયોગની અનંતી-અનંતી ઉપયોગની પર્યાય પડી છે અંદરમાં. જાણન-દેખનની ઉપયોગ પર્યાય કેવળજ્ઞાનની પણ અનંતી પડી છે તારામાં.

મુમુક્ષુ :- ભાષાવર્ગણા...

ઉત્તર :- નહિ, ભાષાવર્ગણા શું કરે? જડ અને ચૈતન્ય ભિન્ન વેરી છેને. ચૈતન્યથી જડને વિરોધ છે. ભાષામાં કેટલી વાત ચૈતન્યની કરે? પણ છે, સ્વપર વાર્તા કહેવાની ભાષામાં એવી તાકાત છે. ભાષામાં સ્વપર વાર્તા કહેવાની તાકાત છે. સમજાણું કાંઈ? ભાષા ભાષાથી પ્રમાણ છે. ભાષા સ્વથી પ્રમાણ છે. એવી વાત સૂક્ષ્મ વાત છે. એ જ્ઞાની છે તો ભાષા છે તો જ્ઞાનને કારણે ભાષા પ્રમાણ છે એમ નથી. એ તો પરાશ્રિત પ્રમાણ થયું. પણ ભાષામાં પણ સ્વપરપ્રકાશક કહેવાની શક્તિ છે, તો એ પણ પ્રમાણરૂપ સ્વથી છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! એ તો અમૃતનો ભંડાર ભગવાન એના ખજાનામાંથી નીકળીને જે ઉપયોગ થાય તેને ઉપયોગ કહે છે. ભગવાન! કે જે ઉપયોગ મોક્ષનું કારણ છે. જે ઉપયોગ વર્તમાન શુદ્ધ સંવર અને નિર્જરારૂપ છે. આહા..હા..! જેના જાણવામાં પરનું અવલંબન છે જ નહિ. અહીં તો ના જ પાડી છે. પરનું અવલંબન નથી. ત્યારે પરનું અવલંબન થાય છેને? એ આત્મા નથીને. એ આત્માનો ઉપયોગ જ નથીને. આહા..હા..! સંસ્કૃત ટીકામાં છે. ઉપર છે જુઓ. '**न लिंगेनोपयोगाख्यलक्षणेन ग्रहणं ज्ञेयार्थालम्बनं यस्येति बहिरर्थालम्बनज्ञानाभावस्य।**' બાહ્ય જ્ઞેયના અવલંબનનું ઉપયોગમાં કહેવામાં આવતું નથી. ઓહો..હો..! તેને બાહ્ય શાસ્ત્રનું જ્ઞાન આદિના નિમિત્તથી (જ્ઞાન) હોય પોતાથી ભલે, પણ એને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ થયો એમાં જે ઉપયોગ થયો, તેને જે પોતાનો ઉપયોગ માને તો કહે છે કે એ તો અણુપયોગ છે. આહા..હા..! જેમ આત્માને અણાત્મા માનવો, તેમ ઉપયોગને અણુપયોગ માનવો અને અણુપયોગને ઉપયોગ માનવો એમ અહીંયા લીધું છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! અલિંગગ્રહણ. આચાર્ય કહે છે કે ભાઈ! કહેવું છે તો અલિંગગ્રાહ્ય. લિંગથી જણાતો નથી એમ કહેવું છે. છતાં ભગવાન કુંદકુંદાચાર્ય વાણીમાં અલિંગગ્રહણ આવ્યું. તો અલિંગગ્રહણમાં ઘણા અર્થનો સમાવેશ થાય છે એ કારણે અલિંગગ્રહણ શબ્દ આવ્યો છે.

મુમુક્ષુ :- એમાં છે.

ઉત્તર :- એમં અર્થ છે.

'**જેને લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે...**' એ લિંગનો અર્થ કર્યો. '**જેને...**' એટલે આત્માને '**ગ્રહણ...**' નથી. આત્માને ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ નથી. ગ્રહણ નથી એટલે જ્ઞેયપદાર્થનું આલંબન નથી. પરજ્ઞેયનું ઉપયોગમાં આલંબન નથી, બસ એટલી જ વાત છે. આલંબનવાળું જ્ઞાન થયું એ અણુપયોગ એમ એમાંથી કાઢવી છે નાસ્તિ. બાકી તો જ્ઞેય પદાર્થના આલંબનવાળો ઉપયોગ નથી. બસ એટલું. આહા..હા..! સમજાણું કાંઈ? તો શું કરવું એમાં એ આવે છે. કે જે જાણન ઉપયોગ છે તે લક્ષ્યને પકડીને જે ઉપયોગ થાય તે આત્માનો ઉપયોગ છે અને તે શુદ્ધ છે અને તે ધર્મનું રૂપ છે. એ ઉપયોગ ધર્મનું રૂપ છે. બાહ્ય ઉપયોગમાં પરાલંબી છે તે અધર્મનું રૂપ છે. કેમકે એમાં કાંઈપણ શુદ્ધિ આવી નથી. તો શુદ્ધિ નથી આવી તો બંધનું જ કારણ છે. બંધનું કારણ લક્ષણ હોતું જ નથી, કેમકે દ્રવ્ય અબંધ કારણ વસ્તુ છે. ગુણ અબંધ છે તો એનું લક્ષણ અબંધ પરિણામી લક્ષણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જેને લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ...**' નથી એમ કહે છે. ઉપયોગ નામનું લક્ષણ જેને ગ્રહણ નથી. હવે અહીં તો કહે, ઉપયોગ વડે જેને ગ્રહણ નથી. જેને એટલે આત્માને ઉપયોગ વડે ગ્રહણ નથી. એટલે શું ત્યારે? ગ્રહણનો અર્થ કર્યો. ગ્રહણ નથી એટલે શું? કે જેના ઉપયોગમાં જ્ઞેયપદાર્થ પરનું-નિમિત્તનું આલંબન છે જ નહિ. બસ એટલું કાઢ્યું. ઉપયોગમાં પરપદાર્થનું આલંબન છે જ નહિ. હવે જેટલો પરપદાર્થના આલંબનથી ઉપયોગ છે તે ઉપયોગ જ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! લ્યો એ સાતમો બોલ થયો.

'**આત્માને બાહ્ય પદાર્થોના...**' જુઓ, ઓલા સ્વ સિવાય બાહ્ય પદાર્થો થયા. ચાહે તો વાણી હોય, ભગવાન હોય, શાસ્ત્ર હોય. સમજાણું? એ આલંબનવાળું જ્ઞાન નથી. હે ભગવાન! અમને આલંબન છે લ્યો! એ લોકો કહે છે. અત્યારે આગમ અને મૂર્તિ બે આલંબન છે. એય..! ક્યાં ગયા? આનંદજી! કહે છે કે નહિ? શું કહે છે? અત્યારે ભાઈ આપણને આગમ અને મૂર્તિ બેનો આધાર છે કહે છેને એ લોકો? શ્વેતાંબર એમ કહે. આગમ અને ભગવાનની પ્રતિમા બેનું આલંબન આધાર છે, ભાઈ! પંચમ આરામાં. આધાર છે એમ કહે છે એ સાંભળ્યું છે. અહીં તો કહે એ પરના આધારવાળું જ્ઞાન તે આત્મા જ નથી. આહા..હા..! અરે ભારે વાત ભાઈ! એ લોકો તો વ્યવહારથી ઉપાડી છેને આખી ચીજ. આ તો સંતોની દિગંબર મુનિઓની અંતરની ચીજ છે. સમજાણું કાંઈ? એવી વાણી ત્યાં હોતી જ નથી. સમજાણું કાંઈ? આવી વાણી ત્યાં શ્વેતાંબરમાં હોતી જ નથી. આહા..હા..!

અહીં તો કહે છે કે ભગવાનની મૂર્તિ અને ભગવાન સાક્ષાત્ ભલે નથી. આગમવાણી છે, પણ એના આલંબને જે બોધ થાય છે ઉપયોગ, તે ઉપયોગ આત્માનો નથી એમ કહે

છે. એ આત્મા ગ્રહણ કર્યો નથી એમ કહે છે. એ તો અદ્ધરથી ઉત્પન્ન થયેલો .. આહા..હા..! એને એ કહે એટલે આકરું લાગે. અરેરે! આ ભગવાનનું આલંબન તમે માનતા નથી. સ્થાનકવાસી તો આલંબન નથી માનતા લ્યો! પણ તમે તો આલંબન માનો છોને? અરે! સાંભળ તો ખરો! એ તો શુભરાગ હોય ત્યારે લક્ષ જાય છે એટલું આલંબન છે, પણ એ આલંબનથી જે જ્ઞાન થયું તે જ્ઞાન જ નથી. આહા..હા..! હેય બુદ્ધિએ એ ભાવ થયા વિના રહેતો નથી. અરે ભગવાન! આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર એની પરંપરાની પદ્ધતિ આત્માની પ્રાપ્તિમાં આ વસ્તુ છે ભાઈ!

**'આ રીતે આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું...'** જેને કીધું છેને? કે જેને એટલે આત્માને ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ નથી. ઉપયોગ નામના લક્ષણ વડે પરપદાર્થનું ગ્રહણ જ નથી. એટલે પરનું આલંબન એને છે જ નહિ. એય..! પછી પરપદાર્થના આલંબનથી .. આત્મા ઉપયોગ નથી એ પછી આપણે એમાંથી કાઢ્યું. પણ અહીં તો આલંબન છે જ નહિ. આહા..હા..! **'એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** લ્યો! એ સાતમા બોલનો અર્થ થયો. આઠમાનો કહેશે...

**જ્યેષ્ઠ સુદ ૧, શનિવાર, તા. ૧૭.૦૫.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૭-૯, પ્રવચન-૧૫૬**

આ પ્રવચનસાર. જ્ઞેયતત્ત્વ અધિકાર. ૧૭૨ ગાથા. સાતમો બોલ ચાલ્યો. આઠમો. સાતમા બોલમાં એમ કહ્યું. લ્યો બેય આવ્યા. એ આવ્યા અને મૂળચંદભાઈ આવ્યા. જુઓ, સાતમા બોલમાં શું આવ્યું? આ જ્ઞેય અધિકાર છે. જે આ આત્મા છે આ આત્મા. તેનો જે ઉપયોગ છે જાણવા-દેખવાનો ઉપયોગ, એ ઉપયોગને બાહ્ય પદાર્થનું, જ્ઞેયનું આલંબન નથી. એવા ઉપયોગને ઉપયોગ કહે છે. શું કહ્યું? આત્મા જ્ઞાન-દર્શન ઉપયોગ શક્તિ-સત્ત્વ છે. અને એનો જે જ્ઞાન-દર્શન વેપાર, વર્તમાન ઉપયોગ વેપાર છે એ વેપારમાં બાહ્ય જ્ઞેયો—સર્વજ્ઞની વાણી, શાસ્ત્ર કે બહારથી સાંભળતા બાહ્ય જ્ઞેયનું અવલંબને ઉપયોગ થાય છે એમ નથી.

મુમુક્ષુ :- ભગવાનની દિવ્યધ્વનિ સાંભળવા જાવું નહિ પડે.

ઉત્તર :- જાવાનો તો વિકલ્પ હોય છે એ સ્થાનની યોગ્યતા પ્રમાણે, પણ ઉપયોગ બહારથી આવતો નથી. અહીં તો હજી આલંબન નથી.

મુમુક્ષુ :- બહારથી આવતું નથી એ તો હજી હવે આવશે.

ઉત્તર :- એ તો હવે આવશે, પણ એ બાહ્યનું આલંબન જ નથી પહેલા એ શબ્દમાં. જાણન-દેખન ભગવાન આત્મા એનો કાયમી ઉપયોગ સ્વભાવ, જે કાયમી ઉપયોગ સ્વભાવ જાણન-દેખન ધ્રુવ સ્વભાવ અને એનો વર્તમાનમાં જે જાણવા-દેખવાનો ઉપયોગ છે એવા ઉપયોગને બાહ્ય પદાર્થનું અવલંબન નિમિત્ત હોય અને ઉપયોગ થાય એવો ઉપયોગ નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..! આલંબન નથી, આવ્યુંને? જુઓ, '**આલંબનવાળું જ્ઞાન નથી...**' ભગવાન સમવસરણમાં બિરાજમાન હોય અને એની દિવ્યધ્વની છૂટતી હોય, સાંભળનારો સાંભળે. તો એ સાંભળવાથી જ્ઞાનમાં ઉપયોગ આવે તે ઉપયોગ જ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? કેમકે ઉપયોગ લક્ષણ લક્ષ્ય દ્રવ્ય વસ્તુનું છે. તો વસ્તુનું લક્ષ કરીને જે ઉપયોગ પરિણમન કરે તેને નિરાલંબી ઉપયોગ કહેવામાં આવે છે.

પોતાની ચીજ આનંદ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ ખરેખર તો આત્મા જ્ઞાન અને દર્શન ઉપયોગસ્વરૂપ નિત્ય છે વસ્તુ. વસ્તુમાં જ્ઞાન અને દર્શન ઉપયોગ તે ધ્રુવ નિત્ય છે. એ ઉપયોગને લક્ષે જે વર્તમાનમાં ઉપયોગ થાય છે તેને આત્માનો ઉપયોગ, આત્માનો વેપાર અને આત્માની પર્યાય અને આત્માનું કાર્ય કહેવામાં આવે છે. કઠણ વાત છે. લોકોને એમ (થાય) કે ત્યારે આ બધું ઉડી જાય છે. ભગવાનની વાણી સાંભળવી, વિચારવું, શાસ્ત્ર વાંચવું, શાસ્ત્ર વાંચવાના અવલંબને કાંઈક જ્ઞાન થાય એ તો અહીં ના પાડે છે. એય..! એ હોય, પણ એ વસ્તુસ્થિતિ નથી. એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? પર સાંભળવાથી જે જ્ઞાન થાય છે તે વ્યવહાર છે. પોતાનું પરમાર્થ જ્ઞાન નથી. આહા..હા..! વ્યવહારનો અર્થ જ અણુપયોગ છે, ઉપયોગ નથી. કેમકે ચૈતન્યનું સત્ત્વ વસ્તુ જે સત્ છે દ્રવ્ય એનું સત્ત્વ જે ઉપયોગ જાણવું-દેખવું એ ત્રિકાળ સ્વભાવ અપરિમિત સર્વજ્ઞ અને સર્વદર્શીપણું પડ્યું છે. એના લક્ષે જે જ્ઞાનદર્શનનો વેપાર થાય તેને ઉપયોગ કહે છે. તેને આત્માનું કાર્ય જાણવા-દેખવાનું કહેવામાં આવે છે.

જેટલો પરના લક્ષે અને અવલંબને ઉઘાડ દેખાય તે ઉપયોગ જ નથી. પરાલંબી ઉપયોગ છે. આહા..હા..! રાગ તો નથી, પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, વિકલ્પ એ તો સ્વરૂપ ઉપયોગમાં છે નહિ, દ્રવ્યમાં નથી, પણ પરના અવલંબને જે ઉપયોગનો વિકાસ થાય તે ઉપયોગ એ પોતાનો ઉપયોગ નથી. તો આ બધું ભણવું... શાસ્ત્રમાં તો એમ આવે છે કે સ્વાધ્યાય કરે તો નિર્જરા થાય. વળી લ્યો! સ્વાધ્યાય મોટું તપ છે. પરમતપ વળી. સ્વાધ્યાય કોને કહે? એ તો સ્વાધ્યાય વિકલ્પથી સ્વાધ્યાય એને જ કહે છે. અષ્ટપાહુડમાં લખ્યું છેને. મુનિને તો ધ્યાન અને સ્વાધ્યાય બે કર્તવ્ય છે. જો ધ્યાનમાં ન રહી શકે તો સ્વાધ્યાય કરે. કેમકે સ્વાધ્યાયમાં પણ વસ્તુ તો જે કહેવી છે એ ખ્યાલમાં આવે છે. એમ લીધું છે. છેને પંડિતે લખ્યું છે આ બાજુના પાને ક્યાંક છે ખરું. અત્યારે ક્યાં. ઘણા વખતનું મગજમાં છે. ઓલા જયચંદ પંડિતે લખ્યું છે. આ બાજુના પાનામાં સ્વાધ્યાયનું છે. ઘણા મહિના થઈ ગયા. એમાં લખ્યું

છે હોં!

સ્વાધ્યાય... મુનિને તો ધ્યાન પોતાના નિજજ્ઞેયને લક્ષ બનાવીને અંતરમાં આનંદમાં, ધ્યાનમાં રહેવું એ જ મુનિનું કર્તવ્ય છે, પણ એમાં રહી શકે નહિ તો સ્વાધ્યાય કરવો એ બીજા નંબરનો વ્યવહાર છે. બીજા નંબરનો વ્યવહાર. ઓલો પહેલા નંબરનો નિશ્ચય અને બીજા નંબરનો વ્યવહાર એમ. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! અને આમાં તો એ આવે છે વળી શ્વેતાંબરમાં તો ચોખ્ખું. ૨૯મું અધ્યયન આવે છે. ૭૩ બોલ આવે છે. .. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય. અહીં ના પાડે છે. અરેરે! સુસ્વાધ્યાય. સ્વ જે જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન એનો સ્વ અધ્યાય એમાં એકાગ્રતા કરવી તે સુસ્વાધ્યાય છે. શાસ્ત્રના ભણતર આદિ સ્વાધ્યાય છે તે વિકલ્પાત્મક તેને વાસ્તવિક આત્માનું જ્ઞાન-દર્શન ગણવામાં આવ્યું નથી. એવી વાત બહુ છે. સમજાણું કાંઈ? એય..! નેમિચંદજી! શું કરવું આમાં? આ બધા શિબિર કાઢે, આ શિક્ષણ કરે. તો એનાથી એને જ્ઞાન થશે. અહીં ના પાડે છે કે એને નહિ થાય.

મુમુક્ષુ :- થાય છેને.

ઉત્તર :- લે. એય..! ઈંદોરમાં અને ભોપાલમાં જાય. એ તો વ્યવહાર છે તો થાય છે, પણ વાસ્તવિક તત્ત્વ નથી. આહા..હા..! ભગવાન આત્મા સત્-શાશ્વત ચિદ્-આનંદ, જ્ઞાન અને આનંદનો ભંડાર પડ્યો છે. એ તરફની એકાગ્રતા થવાથી સ્વાવલંબી જે ઉપયોગ છે તેને જ ઉપયોગ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે કામ ભાઈ! લોકોને એવું લાગે કે આ બધું નિશ્ચય-નિશ્ચય. પણ નિશ્ચય એટલે સત્ય. વ્યવહાર નામ ઉપચારથી અને આરોપથી કહેવામાં આવે છે. એમ છે નહિ. તો આવ્યું નહિ તમારું વ્યવહાર? વ્યવહાર એટલે કહે. કે આમ સ્વાધ્યાય કરે. પણ એમ ખરી રીતે છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! વાંચણી લેવી. નથી? સ્વાધ્યાયના બોલ નથી આવતા? સ્વાધ્યાયના પાંચ બોલ આવે છે કે નહિ? વાંચણી, પૂછવું,... અનુપ્રેક્ષા અને ધર્મકથા. પાંચ બોલ આવે છે લ્યો! અમારે તો બહુ ચાલતા હતા શ્વેતાંબરમાં. વ્યાખ્યાનમાં. હું ૨૯મું અધ્યયન વધારે લેતો. કારણ કે એમાં ઘણા બોલ ખરાને. ૨૯માં ૭૩ બોલ આવે છે. સમજાણું? ... ત્યાં તો, પ્રશસ્ત યોગથી નિર્જરા થાય એમ આવે ત્યાં તો. .. કર્મ ક્ષય થાય. અહીં કહે છે કે પરાલંબીજ્ઞાનથી જ્ઞાન થતું જ નથી. એય..! ઓહો..હો..! છે કે નહિ એમાં? શું છે?

**'જેને લિંગ વડે...'** સાતમો બોલ. લિંગ **'એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે...'** એટલે કે જાણવું-દેખવું જે ઉપયોગ છે. જાણવું-દેખવું જે ઉપયોગ છે **'લક્ષણ એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન નથી...'** એટલે કે પરનું આલંબન લક્ષણમાં છે નહિ. ગ્રહણનો અર્થ એ છે. પરનું આલંબન છે જ નહિ. સીધું સ્વનું આલંબન લઈને જે ઉપયોગ કામ કરે છે, ધ્યેયને પકડીને જે જ્ઞાન-દર્શન ઉત્પન્ન થાય છે, તેને જ આત્માનું લક્ષણ અને ઉપયોગ કહેવામાં આવે છે અને એ જ શુદ્ધ અને એ જ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? ચાહે

તો પરલક્ષી અગિયાર અંગ કે નવપૂર્વનું જે ક્ષયોપશમ હોય તે ચીજ નથી એમ કહે છે. આહા..હા..! કેટલીક વાત તો સોગાની લખે છેને. અમારે ક્ષયોપશમની જરૂર નથી. એય..! દેવાનુપ્રિયા! ખબર છે?

મુમુક્ષુ :- આત્માની જરૂર નથી...

ઉત્તર :- અમારે ક્ષયોપશમ જ્ઞાન વધારવાની જરૂર નથી, અમારે તો આત્મા ચિદાનંદ ધ્રુવ એનું અવલંબ લઈને ધ્યાનમાં રહેવું એ અમારું કામ અને કર્તવ્ય છે. એય..! દેવાનુપ્રિયા! સોગાની. આવ્યુંને બીજું પુસ્તક? સમજાણું કાંઈ? એણે ખૂલ્લુ મૂકી દીધું છે. લોકોને નિશ્ચયાભાસ જેવું લાગે એવું છે. બાપુ! વ્યવહાર હોય, પણ એ વ્યવહાર બંધનું કારણ છે. સમજાણું કાંઈ? એ પરાલંબી જ્ઞાન ઉપયોગ. અહીં ઉપયોગ પણ કહ્યો નથીને. ઉપયોગ તો એને કહીએ કે નિજલક્ષ્યના ધ્યેયથી ઉત્પન્ન થયું. પોતાની પર્યાય ધ્યાનમાં ધ્યેયને પકડીને જે ઉપયોગ જ્ઞાન-દર્શનનો વેપાર થાય તે સ્વાવલંબી ઉપયોગને ઉપયોગ કહે છે. આહા..હા..! તેનું નામ જ્ઞાન-દર્શન ભગવાન કહે છે. તો આ ભગવાનની પ્રતિમા જોઈને જે જ્ઞાન થાય એ જ્ઞાન જ નથી એમ કહે છે અહીંયા તો. આહા..હા..! સમજાણું કાંઈ? કે આ ભગવાન એવો છે. સર્વજ્ઞ પરમાત્મા સમવસરણમાં બિરાજતા હોય ધર્મસભામાં લ્યો, તો એને પણ જોઈને આહા..હા..!

ઈન્દ્ર ત્રણ જ્ઞાનના ધણી ભગવાનના જન્મકલ્યાણકમાં આવે છે જુઓ. સાંભળ્યું છેને? બે હાથમાં બાળકને લઈને. તો (બે) આંખથી તૃપ્તિ નથી થતી. હજાર આંખ બનાવે છે. સાંભળ્યું છે? ઈન્દ્ર. શક્રેન્દ્ર છે એકભવતારી. એક ભવે મોક્ષ જનારા. સુધર્મદેવલોકના ઈન્દ્ર છે વર્તમાનમાં અને એની પત્ની શચી ઈન્દ્રાણી. બેયનો છેલ્લો દેવનો ભવ છે. ત્યાંથી નીકળીને મનુષ્યભવ થઈને કેવળજ્ઞાન લઈને મોક્ષ જશે. સ્ત્રીનો આત્મા પણ પુરુષ થશે. પત્ની છે ઈન્દ્રની ઈન્દ્રાણી. ૩૨ લાખ વિમાન. સુધર્મ દેવલોકમાં ૩૨ લાખ વિમાન. કેટલાક વિમાનમાં એક-એકમાં તો અસંખ્યદેવ. કોઈ વિમાન નાનું હોય. એનો સ્વામી ઈન્દ્ર અને એની ઈન્દ્રાણી. ભગવાને જ્ઞાનમાં જોયું છે કે એની એટલી લાયકાત છે કે છેલ્લો મનુષ્ય ભવ લઈને કેવળ પામશે બેય પતિ-પત્ની. એ જ્યારે ભગવાનના જન્મકલ્યાણકમાં આવે છે. (બે) આંખથી નથી જોતા. હજાર આંખ કરવી પડે છે. તો આચાર્યે એમ પણ કહ્યું કે અહો! એના આંખની સફળતા, પલકારો ન મારવો. એમ નહિ? દેવને એમ ન હોય. એનો પલકારો નહિ મારવાની સફળતા, ભગવાનને જોયા ત્યારે સફળ થઈ. આ વ્યવહારની વાત છે. એય..! આંખની તો સફળતા નહિ, પણ ભગવાનનું રૂપ બહુ સુંદર છેને બહુ પુણ્ય પ્રકૃતિ. પૂર્ણ પુણ્ય પ્રકૃતિનું ફળ શરીર અને પૂર્ણ આત્માના સ્વભાવનું પૂર્ણ સ્વભાવ કેવળજ્ઞાન થશે એ ભવમાં. પવિત્રતામાં પણ પૂરા અને પુણ્યમાં પણ પૂરા. અહીં તો બીજું કહેવું છે કે એમ જોતાં... જોતાં... જોતાં... જોતાં... જોતાં... જોતા... જે જ્ઞાન થાય છે એ જ્ઞાન જ નથી એમ કહે છે અહીં તો.

આહા..હા..! એય..! હમણાં જ વ્યાખ્યાનમાં નહોતું આવ્યું પદ્મનંદીમાં? અમદાવાદમાં, મુંબઈમાં આવ્યું હતું. હતા કે નહિ મુંબઈમાં? હોંકારામાં હતા. પૈસા ખર્ચવામાં નહોતા બહુ હોં ત્યાં. ખરું? કોક એમ કહેતું હતું.

મુમુક્ષુ :- ત્યાં ખર્ચ્યા હતાને.

ઉત્તર :- ત્યાં ખર્ચ્યા પણ એને સંચો અહીં છે મુંબઈ એમ કોક કહેતું હતું લ્યો. સંચો અહીં છે, પૈસા અહીં છે અને અહીં કેમ ખર્ચ્યા નહિ? એમ કોક કહેતું હતું. ભાઈ! સાંભળનારા અને સંભળાવનારા ઘણા હોય. કોક એમ કહેતું હતું હોં! કોક માણસ કહેતું હતું. કોણ હોય? ઘણા માણસ આવેને.

મુમુક્ષુ :- ચંદ્રકાંતભાઈ

ઉત્તર :- ચંદ્રકાંતભાઈ કહેતા હતા લ્યો વળી એને ખબર છે. ચંદ્રકાંતભાઈ કહે, પૈસા ત્યાં બે-અઢી કરોડ ત્યાં છે મુંબઈમાં. અમદાવાદમાં તો પૈસા નથી. પૈસા તો અહીં છે. સંચો અહીં છે. ત્યાં કેમ ખર્ચ્યા? ભાઈ માણસને...

અહીં તો બીજી વાત કહેવી છે કે એ ભગવાનના દર્શન કરે છેને ઈન્દ્ર, હજાર આંખ કરીને. એમાં એને ખ્યાલ આવ્યો કે ઓહો..હો..! શું સુંદરતા ભગવાનની? એક-એક સુંદર. જગતમાં જેટલા શાંતરસના પરમાણુ છે, પર્યાયમાં પરિણમવા લાયક એ ત્યાં બધી પરિણમી ગઈ છે. ભક્તામરમાં આવે છેને. ત્યાં પુણ્ય પ્રકૃતિ એવી છે તો પરમાણુ પણ શાંત... શાંત... અંદર તો શાંતિ છે, પણ પરમાણુની પર્યાય પણ શાંતરૂપ પરિણમી ગઈ છે. સમજાણું કાંઈ? પરમાણુની પર્યાય શાંત.. શાંતરૂપ છે. શાંત એટલે જડની પર્યાય શાંત હોં. આમ ઠરેલી. હજાર આંખથી ઈન્દ્ર જોવે છે, તો કહે છે કે એ ઉપયોગ જ નથી. ભારે વાત! એય..! વજુભાઈ! દુનિયા સાથે ક્યાંય મેળ ખાય એવું નથી. આહા..હા..! વ્યવહારની ભક્તિમાં પદ્મનંદી આચાર્ય એમ બોલે. પદ્મનંદિ મહામુનિ સંત. ભાવલિંગી છઠ્ઠે-સાતમે ગુણસ્થાને બિરાજમાન. કે ઓહો..! ઈન્દ્રને પણ હજાર આંખથી ભગવાનને જોતા પણ તૃપ્તિ થઈ નહિ. એવી ભક્તિ હોય, વ્યવહારની વાત હોય તો એમ ચાલે. પણ એ ઉપયોગ પર ઉપર છે અને એ ઉપયોગને પરનું અવલંબન છે, એ ઉપયોગ પોતાનો નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- એ વખતે ઈન્દ્ર જાણે છેને.

ઉત્તર :- જાણે છે. ઈન્દ્રને પ્રતીતમાં છે. એ ક્ષણે ઈન્દ્રને પણ પ્રતીતમાં છે. મારો ઉપયોગ અંતર ધ્રુવના ધ્યેયે જે પ્રગટ થાય છે તે જ મારો ઉપયોગ છે. ઉપયોગમાં પરનું આલંબન આવે એ ઉપયોગ નથી એમ ઈન્દ્ર, ત્રણ જ્ઞાનના ધણી, ક્ષાયિક સમકિતી છે. ક્ષાયિક સમકિતી છે ઈન્દ્ર. જાણે છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! મારું જ્ઞાન-મારી ચીજમાં પરચીજનું અવલંબન એ મારી ચીજ ક્યાંથી? એમ કહે છે. જ્ઞાન-દર્શન તો મારી ચીજ છે. મારી ચીજમાં જ્ઞાન-દર્શન પૂર્ણ ભર્યું છે. તો એનો જે જ્ઞાન-દર્શનનો વર્તમાન વેપાર એમાં નિમિત્ત અવલંબન

હોય અને ઉપયોગ વેપાર થાય એ ઉપયોગ જ નથી. આહા..હા..! એ સાતમો બોલ.

આઠમો બોલ આજ. '**જે લિંગને એટલે ઉપયોગ નામના લક્ષણને...**' હવે આઠમો બોલ. ભગવાન આત્મા ચૈતન્યબિંબ છે. જ્ઞાન, દર્શન. એ નિયમસારમાં આવે છેને. ત્રિકાળી ઉપયોગ અને વર્તમાન. બે આવે છેને? બે છેને? વસ્તુ બે છેને? ત્રિકાળ પણ ઉપયોગ છેને. જ્ઞાન-દર્શનનો ઉપયોગ ધ્રુવ. જાણન-દેખન ધ્રુવ. એ પણ સર્વને જાણવા-દેખવાનો સ્વભાવ જ છે એને. સમજ્યાને? (સર્વને) દેખવાનો સ્વભાવ(રૂપ) ભલે કાર્ય ન હોય, પણ એનો સ્વભાવ જાણવા-દેખવાનો જ છે. એવો એનો સ્વભાવ ભગવાન આત્માનો. જાણન-દેખન ઉપયોગ સ્વરૂપ ત્રિકાળ ધ્રુવ છે. એ તો ધ્રુવ છે જ, પણ એ ધ્રુવના અવલંબને જે જાણવું-દેખવું થાય તે જાણવા-દેખવાનો વેપાર બહારથી લાવી શકતા નથી. એ જાણવા-દેખવાનો વેપાર બહારથી આવતો નથી, બહારથી લાવી શકાતો નથી. એ આઠમો બોલ છે. છે? જુઓ.

'**જે લિંગને...**' અહીં તો સાત દિ'માં ઘણા વ્યાખ્યાન ગયા ઊંચા. પણ ક્યાં સલવાઈ ગયા કોણ જાણે શું થયું? ત્યાં વરસાદ છે એમ ધારીને. એ વળી ત્યાં અને આને વળી કાંઈક હતું. જુઓ આ વેપાર આત્માનો જોયો. આહા..હા..! સમજાણું કાંઈ? લોકો કહે છેને કે બહુ દેશાટન કરે, બહુ જુદી-જુદી પ્રકૃતિવાળા માણસોનો ખ્યાલ કરે, એનું લક્ષ કરે તો એનું જ્ઞાન ખુલી જાય છે.

મુમુક્ષુ :- એવું બને છે.

ઉત્તર :- ના, ના. બનતું નથી. ખુલે છે તો પરાવલંબીનું બંધનનું જ્ઞાન ખુલે. આત્માનું જ્ઞાન છે નહિ. કરે છેને દેશાટન નથી કરતા? એક હતા એ . .લેખક. છ-છ હજાર, સાત-સાત હજાર એક-એક માણસ (પાસેથી) લઈને દેશાટન. યુરોપ, અમેરિકા, જાપાન, ફલાણે, ઢીકણે રખડતા. રખડતા રામ. બહુ રખડે તો એને મગજમાં ઘણો ખ્યાલ આવે. હુશિયારી આવે. હુશિયારી બહુ પરદેશમાં પર્યટન કરે તો હુશિયારી આવી જાય. તો કહે છે કે એ હુશિયારી હુશિયારી જ નથી એમ કહે છે અહીં તો. એ પરાલંબી (જ્ઞાન) આત્માનો ઉપયોગ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ ઉમેદવારી નથી કરતા પહેલા? કોઈ હીરા માણેકના ધંધા હોય, સંચાના ધંધાના હોય તો પહેલા ઉમેદવારી કરે છે કે નહિ થોડી? તમે શીખી લ્યો પછી આપણે વેપાર કરીએ. તો એ કહે છે કે એ શીખવામાં જે આવ્યું એ ઉપયોગ આત્માનો નથી એમ કહે છે અહીંયા તો. આહા..હા..! સમજાણું કાંઈ? થોડું શીખી લ્યો એમ કહે. પછી અમે ઉમેદવારી કરી લ્યો. મફત કરે. ડોક્ટર હોયને પહેલા થોડું કામ મફત-ઓનરરી કરે. પછી એને ખ્યાલ આવી જાય કે આમ ઈંજેક્શન દેવાનું, આમ હોય ને તેમ હોયને. તો કહે છે કે એ ખ્યાલ વધ્યો તેને અહીંયા ઉપયોગ જ કહેતા નથી, આત્મા જ કહેતા નથી. આત્માનું લક્ષણ જ નથી એ.

મુમુક્ષુ :- તો ગયું ક્યાં એ?

ઉત્તર :- ઞ્યું અજ્ઞાનમાં એ. સમજાણું કાંઈ? એય..! ચંદુભાઈ! આ શું છે આ? ભારે વાત ભાઈ!

ભગવાન ફરમાવે છે-ત્રિલોકનાથ પરમેશ્વર સર્વજ્ઞદેવ ફરમાવે છે કે તારા જાણવા-દેખવામાં જેટલા પરના લક્ષે ઉપયોગ ઉત્પન્ન થાય એ ઉપયોગ નથી. બહારથી ઉપયોગ લવાતો નથી. આહા..હા..! ગજબ વાત છેને. લિંગ નામ ઉપયોગ જાણવા-દેખવાનો સ્વભાવ પોતાનો તે લક્ષણને ગ્રહણ નથી કરતો. લક્ષણને ગ્રહણ નથી કરતો એનો અર્થ સ્વયં બહારથી નથી લાવતો. બહારથી લવાતો નથી. આહા..હા..!

મુમુક્ષુ :- બહાર છે ક્યાં...

ઉત્તર :- લોકો કહે છેને. દેખાયને, કીધુંને કે આ ડહાપણ થયું. આમ થયું. આ વાંદરાને કાપે, ઓલા દેડકાને ડોક્ટરો. એ બુદ્ધિ ખીલીને પહેલા? ખીલીને જુઓ. ખીલી છે કે નહિ? પહેલા ઉપયોગ નહોતો અને પછી બુદ્ધિ આવી. પહેલા બુદ્ધિ નહોતી. પછી એ દેડકાને આમ કરે, આમ મારે. દેડકા હોયને મંડુક? એને ખીલો મારીને ચીરે, પછી મેળવે. તો એવી બુદ્ધિ પહેલા નહોતી ને થઈ, એ ઉપયોગ જ નથી. એ તો પાપનો ઉપયોગ છે. પણ અહીં તો શાસ્ત્રમાં ઉપયોગ લગાવે તો એ ઉપયોગ નથી એમ કહે છે. આહા..હા..! એ વાત તો ક્યાંય રહી ગઈ. ઘણા શાસ્ત્રો ભણ્યો અને બહુ વાંચન કર્યું, બહુ વાંચ્યું. આહા..હા..! પર્યટન કરવા, ખૂબ પર્યટન કરવું ધારણાનું. ધારી રાખવા માટે. સમજાણું કાંઈ? યાદ કરવા માટે. .. પૂછો... પૂછો... પૂછવાથી જ્ઞાન વધે છે. કહે, ના. એ પૂછવાથી જ્ઞાન વધે તે જ્ઞાન જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વાંચણી, પૂછણા પછી અનુપ્રેક્ષા. અનુપ્રેક્ષા કરે વિકલ્પથી હોં વિચારમાં અને ધર્મકથા. ભાઈ ધર્મકથા કરતાં-કરતાં લાભ થશે. લ્યો!

અમારે એમ કહેતા. હીરાજી મહારાજ એમ કહેતા. પહેલા હીરાજી મહારાજ કહેતાને. દીક્ષા થઈ. હું વાંચતો નહિ વ્યાખ્યાન. પછી માણસ જ્યાં હોય ત્યાં વ્યાખ્યાન વાંચે, કાનજીમુનિ વ્યાખ્યાન વાંચે એમ લોકો કહે. .. પછી એક ફેરી મહારાજ કહે કે ભાઈ તું વાંચને. આ લોકો બહુ કહે છે તો. સમજ્યાને? તને એમ હશે કે હું એકલો બેસીને કામ લઉં. પણ વાંચતા-વાંચતા તને જ્ઞાન ઉઘડશે. ભાઈ એમ કીધું હતું. હીરાજી મહારાજની વાત છે. ૭૧-૭૨ની વાત. દીક્ષા લઈને. વાંચવાની મેં ના પાડી હતી. હું વાંચવા નથી નીકળ્યો હોં! હું તો મારું કરવા નીકળ્યો છું. તમે જ્યાં હોય ત્યાં વાંચવાનું કહો. લોકો કહે છે, (પણ) વાંચવા હું નીકળ્યો નથી કાંઈ. હું વાંચવાનો નથી. તરત જ આવ્યું ૭૪થી. ગુજરી ગયા અને માથે નાખ્યું બધાએ. વાંચોને. કહ્યુંને હીરાજી મહારાજે કે તમે એકાંત બેસીને સ્વાધ્યાય કરે છો, એ કરતા તને એમ લાગે છે કે વાંચવામાં મારો વખત જાય છે. પણ વાંચનમાં નવું-નવું જ્ઞાન સ્ફૂરશે. લોકોને તર્ક શું છે, લોકોને એ વાત બેસે કે કેમ? એટલે જ્ઞાનમાં વાંચનનો લાભ થશે માટે તું વાંચ એમ કરીને કહેતા. બધી વ્યવહારની વાતું છે. એને ક્યાં ખબર

હતી અને આને ક્યાં ખબર હતી ત્યાં. એય..! એ કહેતા હતા ત્યારે હું વાંચવા નથી નીકળ્યો. હું તો મારા આત્માનું કામ કરવા માટે નીકળ્યો છું. વાંચવા-બાંચવાનું મને નહિ કહેવાનું. કેટલા માણસો ગામોગામ હજારો બોલે. કાનજીમુનિ વાંચે... કાનજીમુનિ વાંચે.. હું કાંઈ વાંચવા નીકળ્યો નથી.

એ વાંચનથી કોઈ જ્ઞાન ખીલે, કહે છે કે એ ઉપયોગ નથી. ઓહો..હો..! ગજબ વાત વીતરાગની. અહીં તો વીતરાગ માર્ગ તે વીતરાગ એમ કહે છે. ઉપયોગમાં વીતરાગતા આવે સ્વલક્ષે એ ઉપયોગ વીતરાગી છે. જે ઉપયોગમાં રાગભાવ આવે અને ઉપયોગ ખીલે એ ઉપયોગ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં કહે છેને એ .. આરાધના આવે. ભાઈ! જુઓ બીજાને દેતા-દેતા બુદ્ધિ ખીલી જાય એવું આવે વ્યવહારમાં. કારણ કે બુદ્ધિ ખૂટે નહિ બીજાને દેવી તો એમાં પોતાની બુદ્ધિમાં .. દાન કહેવાય. એવું બધું આવે. વ્યવહારના ગ્રંથમાં આ વસ્તુ એવી છે. ભગવતી આરાધનામાં બહુ લીધું. અહીંયા .. અધિકારમાં. એના ફળ બતાવે. કરતાં-કરતાં દેતાં-દેતાં ખીલે છે. કોઈને દાન દેતાં-દેતાં જેમ એની લક્ષ્મી વધે, એમ આને દેતાં-દેતાં જ્ઞાન ખીલી જાય છે. સમજાણું? પણ દેતાં-દેતાં અને વિકલ્પથી દે એમાં જ્ઞાન ખીલે એ જ્ઞાન જ નથી એમ કહે છે અહીં તો. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? એવી વાત છે.

'**જે લિંગને એટલે કે ઉપયોગ...**' જાણવું-દેખવું. આ ઇન્દ્રિય તો જડ છે, રાગ એ વિકાર છે. પણ જાણવા-દેખવાનો જે ભાવ છે તે '**લક્ષણને ગ્રહણ કરતો નથી એટલે કે પોતે (ક્યાંય બહારથી) લાવતો નથી...**' બહારથી લાવી શકાય નહિ એવી ચીજ એ છે. એ તો અંતરમાંથી ઉપયોગ કરીને અંદર ધ્યાનમાં-આનંદમાં જે જ્ઞાન થયું. જ્ઞાનમાંથી જ્ઞાનનો વિકાસ થયો. અંતર ધ્યાન નામ ધ્યેયમાંથી જે જ્ઞાનને સ્વ અને પરપ્રકાશકનું જ્ઞાન પ્રગટ થયું તેને ઉપયોગ અને તેને જ્ઞાન અને દર્શન કહે છે. આહા..હા..! લ્યો! આ તો કહે ભગવાનની ભક્તિ કરો, ગુરુની ભક્તિ કરો. ગુરુની એવી ધૂન લગાવવી કે કર્મક્ષય થાય. અહીં તો ભગવાન ના પાડે છે. તારો ઉપયોગ પરમાં જાય છે એ ઉપયોગ જ નથી એમ કહે છે. આહા..હા..! બહુ દુનિયાને લાગે આકરું. આ શ્રીમદ્‌ના ઘણા ભક્તો તો એ જ બસ. ભક્તિ-ભક્તિ કરો. એક જણો તો વળી ત્યાં સુધી કહેતો હતો. ખોજા આવ્યા હતા ખોજા, નહિ? બાવળાના. અહીં હીરાભાઈ આવ્યા હતા. કાસમભાઈ તો નાનો. હીરાભાઈ મોટો. હીરાભાઈ તો કહે કે અમારે તો કાંઈ નહિ. અમે તો એ ગુરુને સોંપ્યું એ ગુરુ અમારો મોક્ષ કરી દેશે હવે. અમારે કાંઈ બીજું જાણવું રહ્યું નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ગુરુભક્તિ તો એવી જ હોયને.

ઉત્તર :- ગુરુભક્તિ પણ ગુરુની એવી ગાંડી ભક્તિ? તારું કાર્ય તો પરાવલંબનથી તો નથી તો વળી ભગવાન તને દઈ દે અને ગુરુ તને દઈ દે એ તો વાત છે જ નહિ.

આહા..હા..! તારા જ્ઞાનનો વેપાર પણ પરલક્ષે થાય એ પણ જ્ઞાન નથી, તો પર તને દઈ દે એ તો વાત છે જ નહિ. સમજાણું કાંઈ? જે જ્ઞાનનો ક્ષયોપશમ વિકાસ નિમિત્તનું લક્ષ કરીને રાગ મંદ થઈને પરાલંબી થાય છે તેને પણ અહીંયા ઉપયોગ કહેવામાં આવતો નથી. અને બીજો કોઈ દઈ દે એવી વાત તો ત્રણ કાળમાં છે નહિ. સમજાણું કાંઈ? કહો, મોહનભાઈ! આવું છે આ. ભારે વાત ભાઈ! આહા..હા..! ઉપયોગ પણ વીતરાગી હોય છે એમ કહે છે. વીતરાગી ઉપયોગ હોય છે. ઉપયોગ વીતરાગી, એ વીતરાગસ્વરૂપ ભગવાન આત્મા એના લક્ષ અને ધ્યેયથી જે વીતરાગ ઉપયોગ ઉત્પન્ન થાય તે જ પોતાનો ઉપયોગ છે. કે જે શુદ્ધ છે અને મોક્ષનું કારણ છે. પરાલંબી ઉપયોગ તેને ઉપયોગ કહ્યો જ નથી. ઉપયોગને ગ્રહણ કર્યો જ નથી એમ કહે છે અહીં તો. એ **'ગ્રહણ કરતો નથી એટલે કે પોતે (ક્યાંય બહારથી) લાવતો નથી...'** તે પરાલંબી જ્ઞાન પોતામાં મેળવતો જ નથી એમ કહે છે મૂળ તો વાત. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પોતે (ક્યાંય બહારથી) લાવતો નથી તે અલિંગગ્રહણ છે; આ પ્રમાણે આત્મા જે ક્યાંયથી લવાતું નથી...'** નિમિત્તના અવલંબને ઉપયોગ લવાતો નથી. **'એવા અર્થની પ્રાપ્તિ...'** અલિંગગ્રહણમાંથી થાય છે. આહા..હા..! મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છેને. ભાઈ, આ વાંચનનું અને એમાંથી આમ... સમજ્યાને? પરાલંબી બુદ્ધિ વ્યભિચારી છે ને આમ છે. પણ એમ કહેતા જે શાસ્ત્રને કોઈ વાંચતો નથી, સમજતો નથી એ પણ એવું છોડી દે તો તને નુકસાન થશે. ત્યાં એમ કહ્યું છે મોક્ષમાર્ગપ્રકાશકમાં. એમ કે વાંચનથી અને પરથી તો જ્ઞાન થતું નથી. સમજાણું કાંઈ? તો શાસ્ત્રજ્ઞાન કરે છે, પણ અનુભવ કરતો નથી તો તને શાસ્ત્રજ્ઞાનથી કાંઈ લાભ છે નહિ. તો વાંચન કરવાથી પણ તને લાભ નહિ થાય એમ કહ્યું તો એમ જાણીને કોઈ શાસ્ત્ર વાંચે જ નહિ (અને) આ પકડી લે. એમ લીધું છે ત્યાં. એય..! છે એમાં? મોક્ષમાર્ગપ્રકાશકમાં છે. ક્યાંક ક્યાંક બહુ લીધા છે બોલો. ઓહો..હો..! એણે તો ચારેકોરના બોલને સંગ્રહ કર્યા છે. એ પણ વ્યવહાર-વાંચન છોડી દેશે તો વ્યવહારું જ્ઞાન જે છે એ પણ એને થશે નહિ અને તે વ્યવહારું જ્ઞાન હોય તો નિશ્ચય થશે એમ પણ નથી. ભારે વાતું! આહા..હા..!

નિશ્ચયાભાસનું વ્યાખ્યાન બહુ આપ્યું હતું ભાઈએ. મોક્ષમાર્ગપ્રકાશકમાં. નિશ્ચયાભાસનું નહિ? એણે ખૂબ આપ્યું છે. શાસ્ત્રને વિકલ્પ ઠરાવે છે, પ્રતિમાને આ ઠરાવે છે, પ્રતિજ્ઞાને ક્લેશ ઠરાવે છે સમજ્યાને? એમ કરીને. .. પછી પડ્યો રહે અને એકલો નિશ્ચયાભાસ થઈ જાય. એ તો સ્વભાવનું અવલંબન નથી અને એકલા પરના અવલંબનને પણ છોડી દે છે તો એને બહારનું જે જ્ઞાન છે એ વ્યવહારું જ્ઞાન પણ એને થતું નથી. એ વાત કહે છે. સમજાણું કાંઈ? અહીં તો વાસ્તવિક જ્ઞાન જે પોતાનું છે એ તો અંતર ઉપયોગ જ્ઞાનસ્વરૂપમાં લગાવે છે તો ઉપયોગ પ્રાપ્ત થાય છે. જેમાં નથી અને જેનાથી નથી, જેમાં નથી અને જેનાથી

નથી એ તરફના ઉપયોગને અહીંયા ઉપયોગ લાવ્યો એમ કહેવામાં આવે છે.

**'આત્મા જે ક્યાંયથી લવાતું નથી એવા જ્ઞાનવાળો છે...'** અથવા બહારના ક્ષયોપશમથી જે (જ્ઞાન) થયું તે ધર્મી જીવ પોતાના ઉપયોગમાં મેળવતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે કામ! વીતરાગનું દર્શન નિશ્ચય સત્ છે. એ શું છે એ સમજવું અપૂર્વ પુરુષાર્થ છે. એ કોઈ સાધારણથી મળી જાય એવી ચીજ નથી. સર્વજ્ઞ પરમાત્મા... વીતરાગ સ્વરૂપી આત્મા અને સર્વજ્ઞ સ્વભાવી પણ આત્મા એનું અંતર ધ્યેય કરવાથી, લક્ષ કરવાથી અથવા પોતાના આત્માને જ વિષય બનાવતા, પોતાની વર્તમાન પર્યાયમાં ત્રિકાળ ધ્રુવને વિષય બનાવવાથી જ ઉપયોગ નિર્મળ થાય છે. એ ઉપયોગને ઉપયોગ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો જરી જાણપણું સંસારનું કાંઈક હોય તો એ વિશેષ ડાહ્યો કહેવાય. અમારું ચલણ હતું ત્યાં, અમારું ચલણ હતું. એમ બોલે. એ હુશિયાર કાંઈક હોય, એ રસવાળો બહુ હોય એનું ચલણ હોયને એ વખતે ત્યાં. રસ ન હોય એનું ચલણ ન હોય ત્યાં. અમારું ચલણ હતું. તમારી બુદ્ધિમાં બારદાન જેવા હતા .. ઠેકાણા વિનાના. પણ હવે પુણ્યને લઈને એય..! મોહનભાઈ! દુકાનના વેપારમાં અમારા ચલણ હતા. અમે ત્યાં મોઢા આગળ નામ નમાવ્યું. અમે બધાને આમ કરો... આમ કરો... અરે, એ બુદ્ધો તારો નહિ, સાંભળને! એ તો પાપની બુદ્ધિ પણ અહીં તો શાસ્ત્રની બુદ્ધિ. શાસ્ત્રને વાંચી લે એ બુદ્ધિને વ્યભિચારીણી કહી છે. ... અરેરે! ભગવાનની વાણીને વ્યભિચારી કહી. વાણી નહિ. વાણી તરફનું લક્ષ જાય છે તે લક્ષ બુદ્ધિ વ્યભિચારિણી છે. એ તો પર છે. અરે, ક્યાંકના ક્યાંક લગાવે મારા. સમજાણું કાંઈ? જે પરવિષય છે કુટુંબાદિ ભોગમાં, એમ વાણી, ભગવાન આદિ વિષય પર જ છે. ફક્ત પર વિષયમાં શુભરાગ છે, આ પરવિષયમાં અશુભરાગ છે, પણ છે તો પરવિષય. સમજાણું કાંઈ? આટલું બધું સિદ્ધ કરે અને વળી મૂર્તિ સ્થાપે, મંદિરો સ્થાપે, મંદિરો કરે, એમ કહે છે. મેળ ખાતો નથી એમ માણસ કહે. કેટલા મંદિર અને કેટલા કરોડો રૂપિયા ખર્ચ્યા. લ્યો! હમણાં-હમણાં ત્રણ ઠેકાણે અમદાવાદ, રણાસણ અને મુંબઈ લ્યો! કેટલા! આહા..હા..! તમારે પાંચ લાખ થયાને પાંચ લાખ, દશ લાખ ત્યાં મુંબઈમાં પંદર. સાડા ત્રણ લાખ, ચાર લાખ અહીં થયા રણાસણ. ૨૦ લાખ, ૨૫ લાખનો ખર્ચ... રૂપિયાનો. એ આવ્યા જાય એના ખર્ચ બીજા હોય એ જુદા. મોટી ધામધુમ અને મોટી પ્રભાવના. આહા..હા..! અરે ભાઈ!

તારો આનંદકંદ ભગવાન ચિદાનંદમાં લીન થઈને જે ઉપયોગ થાય તે પ્રભાવના છે. સમજાણું કાંઈ? આહા..હા..! બહારની પ્રભાવના એ તો વિકલ્પ છે. એ ખરેખર પોતાનો સ્વભાવ નથી. એનાથી ભિન્ન ભાવ રહે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! અમૃતચંદ્રાચાર્યે. સવારની વાત અમૃતચંદ્રાચાર્યે ૭૫માં. ગજબ કામ અમૃતચંદ્રાચાર્યનું કામ તીર્થંકરના ગણધરો જેમ કામ કર્યું, એમ કુંદકુંદાચાર્યના ગણધર તરીકે કામ કર્યું છે. અલૌકિક વસ્તુ. વસ્તુ સત્ય

જ એવી છે. આહા..હા..!

મુમુક્ષુ :- કુંદકુંદાચાર્ય તીર્થંકર થવાના છે.

ઉત્તર :- થવાના એમ કહ્યું, પણ તીર્થંકર જેવા એમ. કામ કર્યું છે. થવાના એમ નહિ. સમજાણું કાંઈ?

કહે છે, આઠમો બોલ એ. એ ઉપયોગ બહારથી લવાતો નથી. કેમ પ્રેમચંદજી! બરાબર છે? તો પછી આ સમજવું-બમજવું અને સાંભળવું ક્યાં ગયું? સાંભળવું શું અને વિચાર કરતાં... કરતાં... કરતાં... કરતાં... ઉઘાડ-ક્ષયોપશમ થઈ જાય. વિચારમાં તો વિકલ્પ છે. કહે છે કે એ વિકલ્પ છે અને એના અવલંબને વિકાસ, એ વિકાસ છે જ નહિ. જે વિકાસમાં આનંદ નથી, જે વિકાસમાં શાંતિ નથી, જે વિકાસમાં અનંતા ગુણની પર્યાયની પ્રગટતાનું વેદન નથી તે વિકાસને વિકાસ કહેતા નથી. વિકાસ સમજાણું? ક્ષયોપશમ. એ આઠમો બોલ થયો.

નવમો. **'જેને લિંગનું એટલે કે ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ...'** આ ઉપયોગ હવે લક્ષણની વાત. પહેલા દ્રવ્યની હતી. આ લક્ષણની છે. **'ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતું નથી...'** આ મુંબઈમાં પહેલું કહ્યું હતું નહિ? મુંબઈમાં કહ્યું હતુંને. મુંબઈમાં પહેલું કહ્યું હતું. મુંબઈમાં પહેલા મંગળિકમાં આ કહ્યું હતું. મુંબઈ ગયા હતાને. ચૈત્ર વદ ૧૧. વૈશાખ વદ આ તમારી. શું કહે છે? કહે છે કે પોતાનો ઉપયોગ જાણવા-દેખવાનું જે લક્ષણ છે એનું કોઈ હરણ નથી કરી શકતું અથવા કર્મથી ઘાત નથી થતો. આહા..હા..! લ્યો! ઘાતિકર્મ કહે છેને. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય જ્ઞાન અને દર્શનને ઘાત કરે. લ્યો આવે છે કે નહિ? એ તો વાત પર્યાયમાં પોતાની હીણી પર્યાય કરનારો કરે છે અને એમાં જ્ઞાનાવરણીય નિમિત્ત છે, બસ એટલું. પણ અહીં તો હીણી પર્યાય જે જ્ઞાનદર્શનની થાય છે તે લક્ષણ જ પોતાનું નથી. કેમકે જાણન-દેખન લક્ષણ એ તો ધ્યેય લક્ષ્યનું છે. તો જેમ લક્ષ્ય પાછું ફરતું નથી, દ્રવ્યનો અભાવ થતો નથી તો દ્રવ્યનું લક્ષણ જે છે એ પણ લક્ષણ પાછું ફરતું નથી. પાછું ફરે નહિ, હરણ થાય, બીજો લૂંટે નહિ અને બીજો એને નુકસાન કરી શકે નહિ. સમજાણું કાંઈ?

અહીં તો એમ કહે છે કે લક્ષણ જે જ્ઞાન દર્શન છે એ લક્ષણનું લક્ષ્ય તો દ્રવ્ય છે. તો એ લક્ષણ લક્ષ્યથી જે ઉત્પન્ન થયું તે પાછું ફરે જ નહિ. એ તો લક્ષણથી કેવળજ્ઞાન જ પ્રગટે એને. એમ કહે છે. ફરીને. થોડું-થોડું. જે જાણવું-દેખવું લક્ષણ છે એ લક્ષણ તો લક્ષ્ય દ્રવ્યનું છે. તો દ્રવ્યના લક્ષે જે લક્ષણ પ્રગટ્યું અથવા લક્ષણથી લક્ષ લીધું, તો દ્રવ્ય જેમ પાછું ફરતું નથી, અભાવ થતો નથી તેમ દ્રવ્યના લક્ષણનો પણ અભાવ થતો નથી. ત્યારે કહે પાછો ફરે છેને. ફરે તે આ લક્ષણ નથી, તે આત્મા નથી. અહીં તો એવી વાત કરી છે. અપ્રતિહત લક્ષણને જ લક્ષણ કહે છે. ફરીને થોડી-થોડી વાત.

કે ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાનદર્શન ઉપયોગસ્વરૂપ ત્રિકાળ તે ધ્રુવ. અને એનું લક્ષણ, વર્તમાન જ્ઞાનલક્ષણ તેનું હરણ નથી થતું. હરણ નામ એ લક્ષણ ઘટતું નથી, લક્ષણમાં હીનતા આવતી નથી, લક્ષણમાં નબળાઈ રહે એવું લક્ષણ જ નથી. તો કોઈ નબળાઈ નિમિત્તથી થઈ એમ નથી, પણ પોતામાં પોતાથી નબળાઈ થઈ છે એનું નામ લક્ષણ નથી, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ફરીને. '**ઉપયોગ નામના લક્ષણનું...**' ભગવાન આત્મા એનું જાણવું-દેખવું જે લક્ષણ એનું પરથી હરણ નથી થતું. અથવા નિમિત્તનું લક્ષ થઈ જાય અને પરથી પોતાની પર્યાયમાં ઘટી જાય એ લક્ષણ નથી. પરથી તો નહિ, પણ પરનો સંબંધ કરવાથી લક્ષણ હટી જાય, ઘટી જાય એ લક્ષણ જ નથી. એ પરથી ઘટવું અને નિમિત્ત એ તો બેય વ્યવહાર થયો. વ્યવહાર એ આત્મામાં છે નહિ. સમજાણું કાંઈ? જાણવું-દેખવું જે લક્ષણ એ લક્ષ્ય દ્રવ્યનું છે. તો એ દ્રવ્યને ધ્યેય બનાવ્યું તેને લક્ષણ કહે છે. તો એ લક્ષણ ઓછું થાય, પોતાથી ઘટે અને પર ઘટવામાં નિમિત્ત થાય એવી એ ચીજ જ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો અધ્યાત્મના શાસ્ત્ર છે. અધ્યાત્મના થર એમાં પડ્યાં છે. આહા..હા..!

ભગવાન આત્મા ચૈતન્યનો થર પડ્યો છે અંદરમાં જ્ઞાન-દર્શન પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... એવો ભગવાન આત્મા એનું લક્ષણ જે જાણવું-દેખવું તે ઘટતું જ નથી. કોઈ હરણ કરી શકતું જ નથી. કહ્યુંને. જ્ઞાનાવરણીયને જ્ઞાનાવરણીય તો હરતું નથી, પણ પોતાની પર્યાય હીણી થાય તે પોતાનું લક્ષણ નથી. સમજાણું કાંઈ? કારણ કે દ્રવ્ય જે છે એ અખંડાનંદ ધ્રુવ વસ્તુ છે. તો એમાં કોઈ હીણાપણું થતું નથી. તો એનું જાણવા-દેખવામાં હીણાપણું થતું જ નથી એમ કહે છે. પુલ બાંધ્યો. લક્ષણને લક્ષ્યથી સાથે લઈને પુલ બાંધ્યો.. તો જેવું દ્રવ્ય અપ્રતિહત છે એવું લક્ષણ અપ્રતિહત છે. પાછું ફરે નહિ તેને લક્ષણ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ... ઘટે નહિ.

ઉત્તર :- ઘટે જ નહિ, અહીં કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ઉપયોગ જ નથી. એ ઉપયોગ જ નથી. અહીંયા તો ઉપયોગ એને કહે છે કે જે ધ્રુવ ધ્યેયનું લક્ષણ છે તેનું લક્ષણ બાંધ્યું તેને ઉપયોગ કહે છે. એકેન્દ્રિયને તો સ્વનું લક્ષ છે નહિ. એને ઉપયોગ જ નથી. ઉપયોગ કહે છે, બહારનો, ફલાણો એ તો સાધારણ ઉપયોગ છે. તે ખરેખર ઉપયોગ નથી. આહા..હા..! ઝીણી વાત છે. અહીં તો લક્ષણ દ્રવ્યનું લક્ષણ છે ઉપયોગ. તો ઉપયોગ લક્ષણ છે દ્રવ્યના લક્ષમાં. તો દ્રવ્યમાં લક્ષણ બાંધ્યું તો એ દ્રવ્ય પણ ફરતું નથી, એમ લક્ષણ પણ ફરતું નથી. તેને લક્ષણ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. નિર્વિકલ્પ છે.

ઉત્તર :- નિર્વિકલ્પની વાત એકકોર. રાગરહિત છે. પણ એ શુદ્ધ ઉપયોગ છે તે સ્વના લક્ષે ઉત્પન્ન થાય એમ કહે છે. એ ઘટતું નથી એમ કહે છે. ઘટતું નથી. ઘાત તો નથી કરતું, પણ પોતામાં ઘટતું નથી તેનું નામ લક્ષણ છે એમ કહે છે. ત્યાં લક્ષણનો ધરનાર ભગવાન આત્મા છે એમાં ખામી છે? તો એના લક્ષથી જે લક્ષણ પ્રગટ્યું તેમાં ઓછપ નથી તેને લક્ષણ કહે છે. એ લક્ષણને કોઈ હરી શકે એમ છે નહિ. સમજાણું કાંઈ? કેમકે નિમિત્ત કર્મ અને પોતાની પર્યાય હીણી થાય એ બે તો વ્યવહાર થયો. પર્યાય સાથે નિમિત્તને સંબંધ છેને. ગુણ અને દ્રવ્ય સાથે સંબંધ નથી. શું કહે છે સાંભળો.

હીણી પર્યાય છે તે પોતાની પર્યાય અને એની સાથે નિમિત્તનો સંબંધ. પર્યાયની સાથે સંબંધ છેને? તો હીણી પર્યાય ને નિમિત્ત બેય વ્યવહાર થયો. તે વાસ્તવિક લક્ષણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણો વિષય છે. બહુ વિષય ગજબ કામ કર્યું છે ઓહો..હો..! લક્ષણે લક્ષ્યને પકડીને પુલ બાંધ્યો છે કહે છે. સમજાણું કાંઈ? પુલ સમજો છો? પુલ. એ પુલ હટે નહિ. જુઓ દરિયામાં રામચંદ્રજીએ પુલ બાંધ્યો હતોને લંકાએ જવા. એમ રામ ભગવાન આત્મા પોતાનો રામ આત્મરામ. એનું જાણવા-દેખવાનું લક્ષ આત્મા સાથે બાંધ્યું એની ઉપર આત્મા તરીને કેવળજ્ઞાનને પામી લે છે. સમજાણું કાંઈ? લંકાને લૂંટીને સીતાને લાવે છે. સમજાણું કાંઈ? એ આત્મરામ. પોતાની પર્યાય હીણી પોતાથી થતી હતી એમાં નિમિત્ત પડ્યું હતું એ બેયને હેય કર્યું. એ લક્ષણ જ નથી. લક્ષણ ધ્યેય આત્માનું લક્ષણ છે. આહા..હા..! ભારે ભાઈ! અમૃતચંદ્રાચાર્યે તો કોઈ કેવળજ્ઞાનનો ઉકેલ કર્યો છેને. આહા..હા..! શાંતિથી સમજવું જોઈએ. આ વાત બહુ સાંભળે તો સમજે એમ નથી. વાસ્તવિકતા શું છે, યથાર્થતા શું છે, સત્યતા શું છે એ સમજવું.

તો કહે છે કે ભગવાન આત્મા વસ્તુ છે અનંત-અનંત ગુણસ્વરૂપ પિંડ છે. એમાં ઉપયોગ નામ જાણવા-દેખવાની શક્તિ પણ ત્રિકાળ છે. એ જાણવા-દેખવાની શક્તિનું લક્ષ કરીને જે લક્ષણ ઉત્પન્ન થયું તે લક્ષણ હરી શકે, ઘટે, હરાય, હણાય, પોતાની પર્યાયમાં હણાય તે લક્ષણ નથી. આહા..હા..! નિમિત્ત તો હરી શકે નહિ, પણ પોતાની પર્યાય હીણી થાય એ લક્ષણ નથી એમ કહે છે. આહા..હા..! એય..! વજુભાઈ! થોડું મંગલાચરણ કર્યું હતું ત્યાં મુંબઈમાં, શરૂઆતમાં પહેલે દિ' મુંબઈમાં.

જાણવા-દેખવાનો ભાવ લક્ષણ લક્ષ્યનું છે, દ્રવ્યનું. દ્રવ્ય એ અપ્રતિહત દ્રવ્ય પાછું ફરે? દ્રવ્ય ઘટે છે? દ્રવ્યમાં કાંઈ ઓછું થાય છે? દ્રવ્યનો કોઈ અભાવ કરી દે છે? તો એ દ્રવ્યનું લક્ષ કરીને જે લક્ષણ ઉત્પન્ન થયું તે લક્ષણને પણ કોઈ હરી શકે એમ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અલિંગગ્રહણે સૂક્ષ્મ તત્ત્વને ખોલી દીધું છે. આહા..હા..! ભાઈ! આખો દિ' આ સ્વાધ્યાયમાં રહે છેને. બહુ જ ઉત્તમ. ત્યાં લોકો વાત કરતા હતા કે આ તો આખો

દિ' બસ સ્વાધ્યાયમાં જ રહે છે. વાંચન... વાંચન... વાંચન... વાંચન... માટે ઘણું નિવૃત્તિવાળું જીવન છે. અહીં ના પાડે છે. એય..! દેવાનુપ્રિયા! આવું છે અહીં તો. ભગવાનના ઘરની વાત એવી છે. મલુકચંદભાઈ!

કહે છે કે '**ઉપયોગ નામના લક્ષણનું...**' ઉપયોગ જેનું નામ-સંજ્ઞા એવું લક્ષણ. એ ગ્રહણ પરથી હરણ થતું નથી. પરથી હરણ થાય તે ઉપયોગ નથી. સમજાણું કાંઈ? એણે લક્ષણ નક્કી કર્યું જ નથી. દ્રવ્યનું લક્ષણ છે એ. ભગવાન આત્માનું લક્ષણ છે. ત્રિકાળી જ્ઞાન-દર્શન સ્વભાવ ભગવાન એનું એ લક્ષણ છે. એવું લક્ષણ જ્યારે હોય તો એ લક્ષણ પાછું ફરે, હરણ થાય, ઘટી જાય, કોઈ વિઘ્ન કરે તેને લક્ષણ કહેતા જ નથી. સમજાણું કાંઈ? લક્ષણમાં લક્ષ બનાવ્યું ત્યારે તેને ઉપયોગને કહેવામાં આવે છે. એકેન્દ્રિયમાં છે ને? કે એમાં ઉપયોગ નથી. સ્વ ઉપયોગ નથી. સ્વ ઉપયોગ નથી તો તેને ઉપયોગ કહેતા નથી. લ્યો! એ તો વ્યવહાર ઉપયોગ છે. અભૂતાર્થ, અસત્યાર્થ ઉપયોગ. આહા..હા..! સમજાણું કાંઈ? જે ઉપયોગમાં આત્મા આવ્યો નથી તે ઉપયોગ જ નથી એમ કહે છે અહીંયા. આહા..હા..! એમ કહે છે. જે જાણન વેપારમાં ધ્રુવ ધ્યેયમાં ન આવ્યું તે ઉપયોગ નથી. ધ્યેય ધ્યાનમાં આવ્યું ઉપયોગમાં, એ ઉપયોગને કોઈ હરી શકે એવી કોઈ ચીજ .. તેને ઉપયોગ કહેતા જ નથી. એ ઉપયોગ જાણન-દેખન છે પોતાના આત્માના લક્ષે ઉત્પન્ન થયું તો જાણન-દેખન સર્વજ્ઞ થઈને રહેશે. એ સર્વજ્ઞ અને સર્વદર્શી થઈને ઉપયોગ રહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ સુદ ૨, રવિવાર, તા. ૧૮.૦૫.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૯ થી ૧૧, પ્રવચન-૧૫૭**

પ્રવચનસાર. જ્ઞેયતત્ત્વ અધિકાર. નવમો બોલ ચાલ્યો. જુઓ, નવમાં શું આવ્યું? થોડું લઈએ. આત્મ લક્ષ્ય છે દ્રવ્ય અને જ્ઞાનદર્શન એનું લક્ષણ ઉપયોગ છે. તો એ ઉપયોગનું હરણ નથી થઈ શકતું. '**જેને લિંગનું એટલે કે ઉપયોગ નામના લક્ષણનું...**' જાણવું-દેખવું જે લક્ષણ છે એ લક્ષણ છે આત્માનું. એ આત્માનું લક્ષણ છે એ લક્ષણ એને કહ્યું કે લક્ષ્યને પકડે તો લક્ષણ કહ્યું. એણે લક્ષણ વડે પકડ્યું તો એ લક્ષણનું હવે હરણ નામ ઘટવું કે નાશ નથી થતો. '**હરણ થઈ શકતું નથી...**' આત્માનું જ્ઞાન હરણ થઈ શકતું નથી. કેમકે એ જ્ઞાન લક્ષણથી જે દ્રવ્યને પકડ્યું છે ધ્રુવનું લક્ષ કરીને, તો એ ધ્રુવમાંથી

ઉપયોગ હટે નહિ એનું નામ ઉપયોગ લક્ષણ કહે છે. અને હટી જાય તો એ ઉપયોગ લક્ષણ રહ્યું જ નહિ. સમજાણું કાંઈ? વસ્તુ સત્તા ચૈતન્યઘન સત્તા ચૈતન્યધામ એનું જે લક્ષ કરીને લક્ષણ જે જ્ઞાનદર્શનનો વેપાર છે એ જ્ઞાનદર્શનના વેપારને કોઈ હરણ નથી કરી શકતું. એનો અર્થ કે દ્રવ્યનું લક્ષ કરીને લક્ષણ થાય, તો એમાં દ્રવ્યનો કદી અભાવ થતો નથી તો લક્ષણનો પણ અભાવ થતો નથી. તેને આત્માનું લક્ષણ કહે છે. .. સત્ ભાવ બતાવ્યો. ચૈતન્યદ્રવ્ય એ ધ્યેય જે લક્ષ કર્યું છે લક્ષ્યમાં તો એ જાણવા-દેખવાનો ઉપયોગ લક્ષણ... એ જાણવા દેખવાનો ઉપયોગ પછી લેશે. શુદ્ધ ઉપયોગને પણ લક્ષણ ફરીને કહેશે. .. જાણવા-દેખવાનો ઉપયોગ.

**'ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતું નથી...'** લક્ષણ દ્રવ્યનું છે અને દ્રવ્યના લક્ષે લક્ષણ કામ કરે છે તેને લક્ષણ કહે છે. એ લક્ષણનું ઘટવું, હટી જવું, હીણું થવું, અભાવ થવો એમ થતું નથી. સમજાણું કાંઈ? આ હરણનો પ્રશ્ન ચાલ્યો છે તમારે. આત્માનું જ્ઞાન એટલે આત્માનું લક્ષણ એટલે આત્માનો ઉપયોગ એમ. એ શબ્દ આવ્યોને છેલ્લે? **'આ રીતે આત્માનું જ્ઞાન હરી જઈ શકાતું નથી...'** પહેલા લીધું કે ઉપયોગાત્મક લક્ષણનું ગ્રહણ. એનો ખુલાસો કર્યો કે ભાઈ ઉપયોગનું લક્ષણ .. એ જાણવું-જાણવું લક્ષણ છે એ જાણવું એ આત્માનું જ્ઞાન, લક્ષણ આત્માનું છે. એ જ્ઞાન વડે, એ લક્ષણ વડે લક્ષ્યને પકડ્યું છે તો એ જ્ઞાનને.. જ્ઞાન ઘટી જાય તો ઉપયોગનો અભાવ થાય, ઘટી જાય એમ છે નહિ. સમજાણું કાંઈ? પંડિતજી! કહો, સમજાણું કાંઈ?

**'ઉપયોગ નામના લક્ષણનું...'** હિન્દીમાં. હિન્દી? સમજાણું કાંઈ? જેવી વસ્તુ સત્તા મહાધ્રુવ એકરૂપ રહે છે, સત્તાનો અભાવ થતો નથી. એવી મહાસત્તા ચૈતન્યનું લક્ષણ જ્ઞાન છે. ઉપયોગ શબ્દે જ્ઞાન લીધું. જ્ઞાન-દર્શન બેય ઉપયોગ છે. શબ્દ જ્ઞાન લીધું ખુલાસામાં. જ્ઞાન છેને જ્ઞાન-જાણન લક્ષણથી આ આત્મા, એવા લક્ષણથી જ્યારે લક્ષ્યને પકડ્યું તો એ આત્માનું લક્ષણ, એનું હરણ નથી થતું અથવા આત્માનું જ્ઞાન ઘટતું નથી. અથવા અભાવ નથી થતો. એ લક્ષણથી લક્ષ્યને પકડ્યું તો જ્ઞાન વધીને કેવળજ્ઞાન જ થશે, એમ કહે છે. સમજાણું કાંઈ? એ લક્ષણ કહ્યું. હવે ઉપયોગમાં લક્ષણ લઈને શુદ્ધ ઉપયોગમાં કહેશે. કેમકે છે તો ઉપયોગ જાણન લક્ષણ. પછી દસમા બોલમાં શુદ્ધ ઉપયોગ કહેશે. છે તો લક્ષણ જાણન. શુદ્ધ ઉપયોગ ચારિત્ર છે એ એનું લક્ષણ નથી.

**'જેને લિંગમાં એટલે કે ઉપયોગ નામના લક્ષણમાં...'** દસમા બોલમાં આવે છે. ત્યાં આગળ પણ બીજી વાત લેશે. ઉપયોગ જે છે જાણવા-દેખવાનો ઉપયોગ શુદ્ધરૂપે પરિણમે તે એનું સ્વભાવ લક્ષણ છે એમ કહે છે. સમજાણું કાંઈ? **'લિંગમાં એટલે કે ઉપયોગ નામના લક્ષણમાં...'** જાણવું એવો ઉપયોગ નામનું લક્ષણ એમાં **'સૂર્યની માફક ઉપરાગ (મલિનતા, વિકાર) નથી...'** સૂર્યમાં જેમ મલિનતા નથી, સૂર્યના કિરણમાં મલિનતા નથી,

એમ ભગવાન આત્મા જાણન લક્ષણમાં મલિનતા નથી. સમજાણું કાંઈ? જાણન લક્ષણ વડે લક્ષ્યને પકડે તો જાણન લક્ષણમાં મલિનતા છે જ નહિ. વસ્તુ નિર્મળ છે તો એના લક્ષણે એને પકડ્યું તો એ લક્ષણને તો શુદ્ધ ઉપયોગ જ કહ્યો. છે તો જાણન સ્વરૂપ. '**લિંગમાં એટલે કે ઉપયોગ નામના લક્ષણમાં ગ્રહણ...**' ત્યાં ઉપયોગને પહેલા જ્ઞાન કહ્યું હતું. અહીંયા '**સૂર્યની માફક ઉપરાગ...**' મલિનતા નથી. '**આ રીતે આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે...**' શું કહ્યું સમજાણું કાંઈ? ના પાડે છે. ... એમ કહ્યું કે જે જાણન લક્ષણ છે એ આત્માનું. એ જાણન લક્ષણમાં મલિનતા નથી. કેમકે લક્ષણ લક્ષ્યનું છે, દ્રવ્યનું છે, ધ્યેય ધ્રુવ છે એનું લક્ષણ છે. તો એ લક્ષણમાં મલિનતા નથી. જાણન ઉપયોગ શુદ્ધ ઉપયોગ જ છે. એમ કહે છે અહીં. નહિતર અહીં જાણન તો શુદ્ધ ઉપયોગનું લક્ષણ લીધું. ઉપયોગની સાથે મલિનતા નથી. જેમ સૂર્યના કિરણમાં મલિનતા નથી, સૂર્યના સ્વભાવમાં મલિનતા નથી, પણ એના કોઈ કિરણમાં મલિનતા નથી. એમ ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય એનો જાણન જે ઉપયોગ, લક્ષણથી મલિનતા નથી, મલિનતા નથી તો એ જાણન ઉપયોગ શુદ્ધ ઉપયોગ છે. શુદ્ધ ઉપયોગ છે તેને અહીંયા ઉપયોગ કહેવામાં આવ્યો છે. તેને આત્માનો ઉપયોગ કહેવામાં આવે છે. શુભ અને અશુભ એ આત્માનો ઉપયોગ જ નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

વ્યવહારરત્નત્રય શુભોપયોગરૂપ પરિણમવું એ આત્માનો ઉપયોગ જ નથી. એ તો અણુપયોગ છે. સમજાણું કાંઈ? ચેતન નથી. અહીં તો ચોખ્ખી કરી નાખી વાત. છે તો જાણન લક્ષણ વાત. એ તો લીધી છે. જાણન લક્ષણ એને જ્ઞેયનું અવલંબન નથી. પહેલા બોલ એવો લીધો. જ્ઞાન કરે છે. જ્ઞેયના અવલંબનથી જ્ઞાન એ જ્ઞાન નથી. પરના જ્ઞેયના અવલંબનથી જ્ઞાનનો ઉપયોગ નથી. સ્વના જ્ઞેયના અવલંબથી જ્ઞાન કરે તે જ્ઞાનોપયોગ છે. પરના અવલંબને જે ઉપયોગ છે એ તો અણુપયોગ છે, અચેતન છે, જડ છે, આત્માની એ ચીજ જ નથી. સમજાણું કાંઈ? પહેલા એમ લીધું. પછી કહે ઉપયોગ બહારથી લવાતો નથી. ઉપયોગની વ્યાખ્યા કરે છે એવી વ્યાખ્યા કરે છે. આત્માનો ઉપયોગ બહારથી આવતો નથી. એ તો અંતરનું લક્ષ કરીને જે ઉપયોગનું પરિણમન થાય એ તો ઉપયોગ અંતરથી આવ્યો છે. બહારથી જેટલો જ્ઞેય અવલંબનથી ઉપયોગથી જ્ઞાનની વૃદ્ધિ આદિ થાય છે તે આત્મા જ નથી. તે આત્માનો ઉપયોગ જ નથી. ક્ષયોપશમમાં બહારના અવલંબે, નિમિત્તના લક્ષે પરસત્તાવલંબી જે ઉપયોગ છે તેને અહીંયા અણુપયોગ જ કહ્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા સાથે જે ઉપયોગ રમત કરે છે એ ઉપયોગમાં મલિતના નથી એમ કહે છે મૂળ તો. એ પરનું લક્ષ કરીને જે શુભ-અશુભ રાગ થાય છે એ તો ઉપયોગ જ નથી. એ આત્માનો ઉપયોગ નથી, એ જડનો ઉપયોગ છે એમ કહે છે. આહા..હા..! ધન્નાલાલજી! ભગવાન ઉપયોગ સ્વરૂપ જ છે ત્રિકાળી. ત્રિકાળી. આ લક્ષણ તો પર્યાયનું છે. પણ ત્રિકાળી જે જ્ઞાનદર્શનની સત્તા મહાસત્તા ધ્રુવ લક્ષ્ય જેનું છે, એનું લક્ષણ જાણન જ્ઞાન. તો કહે

છે કે એ જ્ઞાન પરથી આવતું જ નથી અને પરથી આવે તેને જ્ઞાન કહેતા નથી. જ્ઞાન તો અંતરની ઝાંયનું લક્ષ કરીને જે જ્ઞાન ઉત્પન્ન થાય તેને આત્માનો ઉપયોગ અને જ્ઞાન કહે છે. સમજાણું કાંઈ? આ તો હજી સમ્યગ્દર્શનની વાત ચાલે છે એમાં. ... એક જણો કહે... વાત છે. ત્યાં બહુ આવતા માણસો મુંબઈમાં... નીચલા દરજ્જાની. પણ આ જ નીચલા દરજ્જાની વાત છે. વસ્તુનું સ્વરૂપ જ એવું છે. આત્મા શુદ્ધ ચૈતન્યકંદ છે તો એનો જાણન ઉપયોગ શુદ્ધરૂપે પરિણમે તેને આત્માનો ઉપયોગ કહે છે. વ્યવહારરૂપે પરિણમે તે આત્માનો ઉપયોગ નથી અને એ ઉપયોગ તે અનુપયોગ જ છે. કેટલી સ્પષ્ટતા કરે છે! છે એમાં? પંડિતજી! જુઓ એ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તે પણ વિચારીને કાઢી શકે કે નહિ? ન્યાયથી વિચાર કરે. ન્યાયથી તો વિચારવું તો પડેને. પહેલી ધારણામાં પણ જ્યાં સ્પષ્ટતા નથી, એને યથાર્થ સત્યનો અનુભવ થાય એ ત્રણ કાળમાં બની શકે નહિ. સમજાણું કાંઈ? જેની ધારણામાં જ ગડબડ છે. ધારણાજ્ઞાનમાં ગડબડ છે. અહીં તો ધારણા સાચી હોય તોપણ એ જ્ઞાનનો ઉપયોગ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જે જ્ઞાનના વેપારમાં સ્વલક્ષથી જ્ઞાન ન થયું અને એકલી પરલક્ષે ધારણા અંદરમાં થઈ, સાચી ધારણા હોં, તોપણ એ ઉપયોગ નહિ અણુપયોગ છે. આહા..હા..! તો જ્યાં પરલક્ષી ધારણામાં વિપરીતતા છે ત્યાં તો આત્માનો સમ્યગ્દર્શન અને અનુભવ એનો નિમિત્તરૂપે, તેનો અભાવ કરીને ઉત્પન્ન થયું એવું નિમિત્ત જ ત્યાં નથી. સમજાણું કાંઈ? વાત તો એવી છે. અહીંયા કહે છે કે ભગવાન આત્મા એનો જે ઉપયોગ નામનું લક્ષણ એમાં સૂર્યની જેમ. સૂર્યના પ્રકાશપુંજમાં ક્યાંય મેલ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ગ્રહણ-ફ્રહણ સૂર્યને નથી. એ ગ્રહણ નથી. મલિનતા છે જ નહિ એમાં. ગ્રહણ તો બહાર રહી જાય છે. અહીં તો ગ્રહણ-ફ્હણ છે જ નહિ. સૂર્યને ગ્રહણ હોતું જ નથી. એ થાય છે તો નીચે થાય છે. એની અંદર પર્યાયમાં થાય છે? શું ગ્રહણ થાય છે? ગ્રહણની વ્યાખ્યા કરે છે. સૂર્ય તો એના કિરણોથી પ્રદીપ્ત જ છે. એ તો લોકોની નજર નથી પડતું અને આડું આવે એટલે કહે કે ગ્રહણ છે. એની પર્યાયમાં ગ્રહણ એ ગ્રહણ જ છે જ નહિ. એ તો નીચે. નીચે. એની છાયા શું કહેવાય? તારો. .. એની નીચે આવી જાય છે તો એ દેખાતો નથી. એ તો એની પર્યાયમાં, ત્યાં પર્યાયમાં આ ગ્રહણ નથી. બહાર એ તો નીચે છે. એ તો નીચેની દૃષ્ટિવાળા તેને સ્પષ્ટ જોઈ શકતા નથી માટે એને છાયા કહે છે. પણ મૂળ ચીજમાં શું છે? એ સૂર્ય, સૂર્ય શક્તિ, સૂર્યની વર્તમાન પૂર્ણ પર્યાય એમાં તો મલિનતા નથી. એ કહે છે. મલિનતા જે દેખાય છે એ નીચલી દૃષ્ટિવાળાને એની આડમાં દેખાય છે. એમાં નથી. ત્યાં છે? સમજાણું કાંઈ?

ચૈતન્યસૂર્ય પોતાના જાણન લક્ષણથી જે જાણ્યું અને લક્ષ્યને જ્ઞાને પકડ્યું, તો કહે છે કે એ જ્ઞાનમાં મલિનતા જ નથી. મલિનતા જ નથી. સૂર્યમાં બિલકુલ મલિનતા નથી. સમજાણું કાંઈ? મલિનતા નીચે રહી જાય અશુચિ શુભરાગની. એ પર્યાયમાં આવતી નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! તો એને આત્માનો ઉપયોગ કહે છે. કે જે આત્મા શુદ્ધ ધ્રુવ છે તેનું શુદ્ધ આચરણરૂપી ઉપયોગ હોય તો તેને જ ઉપયોગ કહે છે. પહેલા જાણન ઉપયોગ છે ... એનું લક્ષ તો એ જાણનલક્ષણવાળો ભાવ શુદ્ધરૂપે હોય તો આત્માનું લક્ષણ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારને તો અહીંયા પર બતાવ્યું. ... સ્થાન છે. વ્યવહાર વ્યવહાર તરીકે સત્ય છે. સમજાણું કાંઈ? પણ વ્યવહાર પોતાના નિજ ઉપયોગમાં આવતો નથી એમ કહે છે. ... લોકાલોક છે કે નહિ? લોકાલોક હોય તો એની અપેક્ષાએ સત્ય છે. તો શું કેવળજ્ઞાનની પર્યાયમાં લોકાલોક આવી જાય છે? અને લોકાલોક છે તો કેવળજ્ઞાનની પર્યાય છે? એમ નથી. એ રીતે વ્યવહાર છે તો અહીંયા શુદ્ધોપયોગ છે એમ છે જ નહિ. વ્યવહારનો રાગ છે તો પોતાને શુદ્ધોપયોગ છે જ નહિ, (શુદ્ધોપયોગ હોય તો) રાગ છે જ નહિ એમ કહે છે.

આત્મા જે શુદ્ધ ચિદાનંદસ્વરૂપ એનો વેપાર જાણન હોય તો એ જાણવામાં મલિનતા આવતી જ નથી. કેમકે સ્વલક્ષે ઉપયોગ ચાલે છે તો એ ઉપયોગ શુદ્ધ ઉપયોગ તો સ્વભાવિક ઉપયોગ છે. શુદ્ધ ઉપયોગ એ સ્વભાવિકને જ ઉપયોગ કહેવામાં આવે છે. લ્યો આ લોકો રાડ પાડે છે. શુભોપયોગ ચોથે, પાંચમે, છઠ્ઠે થાય છે. ભાઈ! જુઓ અહીંથી નીકળ્યું જુઓ. આત્માનો ઉપયોગ તે શુદ્ધોપયોગ તેને આત્મા કહે છે. એ ચોથે ગુણસ્થાનથી શુદ્ધ ઉપયોગરૂપી પરિણમન એ જ આત્માનો ઉપયોગ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા જાણન લક્ષણથી પોતાના લક્ષ્યને પકડ્યું તો એ લક્ષણ જાણન શુદ્ધ જ છે. શુદ્ધ જ છે, એ શુદ્ધ છે તેને જ આત્માનો ઉપયોગ કહેવામાં આવે છે. વિકલ્પ જે છે એ આત્માનો ઉપયોગ છે જ નહિ. એ તો અનુપયોગ પરચીજ છે. પરસંબંધી પોતાના જ્ઞાનમાં જ્ઞાન આવે, પણ એ જ્ઞાન તો શુદ્ધ જ્ઞાન છે, નિર્મળ છે. આહા..હા..! ... કહો, સમજાણું કાંઈ? ... આવે છેને. ... આહા..હા..! એવી ચીજ છે. ભગવાન આત્મા પોતાની સ્વસત્તામાં જ્યાં ઉપયોગ લગાવ્યો તો એ ઉપયોગ શુદ્ધ જ છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ જ્ઞાન ... છે જ નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જેને લિંગનું એટલે કે ઉપયોગ નામના લક્ષણમાં ગ્રહણ એટલે કે સૂર્યની માફક ઉપરાગ (-મલિનતા, વિકાર) નથી તે અલિંગગ્રહણ છે;...'** તેનું નામ આત્માનો ઉપયોગ કહેવામાં આવે છે. એ અપેક્ષાએ અલિંગગ્રહણ. ઉપયોગમાં રાગનું ગ્રહણ નથી, મલિનતા નથી. તેનું નામ ઉપયોગને અલિંગગ્રહણ કહેવામાં આવે છે. આહા..હા..! અહીં તો પહેલાથી છે કે પછી વળી આઠમા ગુણસ્થાને અને સાતમા ગુણસ્થાને? એય..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ લખ્યું છે એ પહેલાથી લખ્યું છે. ઉપયોગ એને કહીએ, શુદ્ધ ઉપયોગ તેને ઉપયોગ કહે છે. પછી પ્રશ્ન ક્યાં રહ્યો? સમજાણું કાંઈ? જાણન ઉપયોગ શુદ્ધ હોય તેને જ ઉપયોગ કહે છે. હવે એ પહેલા દરજ્જાની વાત છે. આ જાણે ઉપયોગ એટલે આઠમાની વાત, સાતમાની વાત. એ ક્યાં વાત છે? અહીં તો આત્માનો શુદ્ધોપયોગ એને જ કહે છે કે જેમાં મલિનતા નથી. તો ઉપયોગ આત્મામાં થયો તો તે શુદ્ધ ઉપયોગમાં પ્રતીતિ થઈ તો એ શુદ્ધ ઉપયોગ એ મલિનતારહિત જ ઉપયોગ છે. શુભ છે જ નહિ. પ્રથમ સમ્યગ્દર્શનમાં આત્માનો ઉપયોગ શુદ્ધ થઈ જાય છે એમ કહે છે. આહા..હા..! સમ્યક્‌નો અર્થ આત્મા જેવો છે એવો અને એનું લક્ષણ ઉપયોગ છે એવો. તો બેની અસ્તિત્વની શુદ્ધિ તે એનું અસ્તિત્વ છે. તો અસ્તિત્વની પ્રતીતમાં પહેલાથી જ શુદ્ધ ઉપયોગ એ જ આત્મા છે એમ કહે છે. સમજાણું કાંઈ? પહેલાથી નહિ, પણ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. વળી પહેલા-પછીનો પ્રશ્ન ક્યાં રહ્યો? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્ય સત્ સત્ પ્રભુ એનો વેપાર જે છે એ તો શુદ્ધ ઉપયોગ જ એનો વેપાર છે. એ તો આત્માનો વેપાર જ છે. આત્માનો ઉપયોગ જ એને કહે છે. એટલે શુભની દલીલની વાત જ અહીંયા છે નહિ. કે પહેલા શુભ છે અને પછી શુદ્ધ છે. એ શુભ એનો ઉપયોગ જ નથી પછી પ્રશ્ન ક્યાં રહ્યો? આહા..હા..! સમજાણું કાંઈ? છે કે નહિ એમાં? જુઓ. એવું વસ્તુનું સ્વરૂપ જ છે. વસ્તુ ખ્યાલમાં ન આવે અને લક્ષમાં ન લે અને બીજી રીતે લક્ષમાં લે તો એની ધારણા પણ વિપરીત છે. સમજાણું કાંઈ? એ ધારણા જો સત્ય ન હોય તો એનું લક્ષ છોડીને... એ તો ધારણા હોય તો એની અપેક્ષા રાખીને શુદ્ધોપયોગ નથી થતો એમ કહે છે. આહા..હા..! ધારણા જ જ્યાં જૂઠી છે તો એની અપેક્ષા છોડવી એ તો ત્યાં રહેતું જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

જિસે એટલે 'જેને...' અમારી ગુજરાતી ભાષા. '**જેને લિંગમાં એટલે કે ઉપયોગ નામના લક્ષણમાં...**' ઉપયોગ નામના લક્ષણ, ભાવ, જાણન ઉપયોગ લક્ષણ છે એના ભાવમાં '**સૂર્યની માફક ઉપરાક (-મલિનતા, વિકાર) નથી...**' તો (મલિનતા) છેને? એ ઉપયોગ આત્માનો ઉપયોગ જ નથી. આહા..હા..! તો અણુપયોગ અચેતનમાં જાય છે. આત્મામાં નહિ. આત્માના દ્રવ્યમાં નહિ, ગુણમાં નહિ, એની પર્યાયમાં પણ શુદ્ધ ઉપયોગ જ છે, રાગ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..! વ્યવહારની તકરાર... તકરાર... તકરાર... ચોથે, પાંચમે, છઠ્ઠે તો એકલો વ્યવહાર સમ્યગ્દર્શન જ છે. વ્યવહાર સમ્યગ્દર્શન છે એમ કહે છે. અરે ભગવાન! શું કરે છે તું? ચોથે, પાંચમે તો અણાત્મા જ હોય એમ કહે છે. આચરણ પછી સાતમે થઈ જાય કે આઠમે થઈ જાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાધારણ આત્માથી આત્મા થઈ જાય છે. અરે ભગવાન! અહીં તો પહેલાથી ભગવાન આત્મા સ્વલક્ષથી ઉત્પન્ન થયેલું લક્ષણ છે. ત્યારે લક્ષણ કહ્યું. તો એ લક્ષણમાં તો મલિનતા છે જ નહિ. આત્મા અને આત્માનો ઉપયોગમાં પ્રતીતિ થઈ તો શુદ્ધ ઉપયોગરૂપી પ્રતીતમાં આવ્યો. આત્મા શુદ્ધ ઉપયોગરૂપ જ પર્યાયમાં છે. દ્રવ્ય તો શુદ્ધ છે. આહા..હા..! એમ અહીં વાત કરે છે. દ્રવ્ય તો શુદ્ધ છે, ગુણ તો શુદ્ધ છે, પણ એનું પરિણમન વેપાર એ શુદ્ધ ઉપયોગ છે એ જ એનું પરિણમન છે. તેને યોગ્ય પર્યાય છે. સમજાણું કાંઈ? સમ્યક્ ભાન થયું ત્યારથી એ શુદ્ધ પર્યાય જ એની છે. શુભ પર્યાય એની છે જ નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ભાવ જ નથી. ભાવ છે જ નહિ, પછી અભાવ ક્યાં? દ્રવ્ય તરફનો ઉપયોગ. દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ અને એનો ઉપયોગ થયો તો શુદ્ધ જ છે. શુદ્ધ ઉપયોગ જ છે. તેને જ શુદ્ધ પર્યાય અને શુદ્ધ ઉપયોગ આત્માનો કહે છે. રાગનો ઉપયોગ એને છે જ નહિ. પહેલા હતું અને પછી થયું એવો પ્રશ્ન અહીંયા છે નહિ. શુભોપયોગ હતો અને એનો અભાવ કરીને શુદ્ધ થયો એમ છે જ નહિ. એમાં છે જ નહિ પછી પ્રશ્ન શું? સમજાણું કાંઈ? આ તો સીધો ભગવાન આત્માને જેણે જ્ઞાનમાં પકડ્યો એ જ્ઞાન શુદ્ધ જ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો શુદ્ધ જ છે. વેપાર એનો શુદ્ધ જ છે. દરેક સમયનું લક્ષણ એનું શુદ્ધ જ છે એમ કહે છે. પહેલા ભલે ઉપયોગ... અહીં તો રાગમાં કદાચ ઉપયોગ દે તોપણ એ ઉપયોગ નથી. જે લબ્ધરૂપ રહ્યું એ ઉપયોગ પરમાં ગયો નથી. જ્ઞાનરૂપ અંદર રહ્યો. આચરણરૂપે ભલે પરમાં ચાલ્યો ગયો, પણ એ ખરેખર પરમાં ગયો જ નથી એમ કહે છે અહીં તો. આહા..હા..! એ શુદ્ધનું પરિણમન છે એ જ એનું પરિણમન, એ જ એની પર્યાય છે એમ કહે છે. એ રાગમાં ગયો અને વિષયકષાયાદિ... કહે છેને? તો એ વિષયકષાય ઉપયોગ છે એ વડે અશુદ્ધ. એ અશુદ્ધ ઉપયોગ અહીં છે જ નહિ. ઓહો..હો..! શુદ્ધ પરિણમન જે છે એ જ આત્માની પર્યાય છે એમ કહે છે. .. શુભ આદિ છે એનો તો એમાં અભાવ છે. અભાવ છે તો ભાવમાં અહીંયા અશુદ્ધતા છે એમ નથી. છે તો એ પરમાં છે. લોકાલોક છે તો શું થયું? એમાં નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. ના પાડે છે એ. એક પર્યાયના બે ભાગ. એમાં એક ભાગ બીજાનો છે જ નહિ એમ કહે છે. સાંભળો. એ અશુદ્ધ પર્યાય એની છે જ નહિ, એનો વેપાર નથી, એનું આચરણ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એનો જ્ઞાન ઉપયોગ એમાં મલિનતા નથી. મલિનતા નથી એ જ ઉપયોગ.

મલિનતા છે ... એક પર્યાયના બે ભાગ. એટલું લક્ષ કરીને શુદ્ધોપયોગ થયો એ એની પર્યાય છે અને શુભ રહે છે એ એક સમયની પર્યાયમાં એ છે જ નહિ. પર્યાયના બે ભાગમાં એક ભાગ નથી અને એક ભાગ છે એમ કહે છે. એનું નામ અનેકાંત છે. આહા..હા..! ધન્નાલાલજી! સોનગઢનું?

મુમુક્ષુ :- આ સોનગઢનું છે.

ઉત્તર :- સોનગઢનો અર્થ? આત્મામાં અનેકાંતની સ્થિતિ એવી છે. એકાંતે ભાવરૂપ છે કે નહિ? તો ભાવ તો ક્યાંય રહે કે નહિ? કે સોનગઢમાં રહે છે? એ તો (એના) આત્મામાં રહે છે. આહા..હા..! વસ્તુ તો એવી જ છે. અહીંયા તો કહે છે. આત્માની વાત કરી એ પહેલા છદ્મસ્થની.. સાતમેથી ઉપયોગ છે તો ઉપયોગ એને કહે છે એમ કહે છે. પર્યાય એને કહે છે. અહીં તો પર્યાયની વાત ચાલે છે. સમજાણું કાંઈ? છ બોલ સુધી તો દ્રવ્ય લીધું પહેલા. સાતમા બોલથી ઉપયોગ લીધો. એ વસ્તુ જે છે એનો જે જાણન વેપાર છે તે શુદ્ધ જ છે. શુદ્ધ છે તેને ઉપયોગ કહે છે. તેને આત્માનો ઉપયોગ કહે છે, તેને આત્માનું લક્ષણ કહે છે, તેને આત્માની પર્યાય કહે છે, તેને આત્માનું પરિણમન કહે છે. છે એમાં? એમાં છે. જુઓ.

'**લિંગમાં...**' '**જેને...**' એટલે આત્મામાં, તેના ઉપયોગમાં. જુઓ, હવે આત્મામાં તો સ્થિર થયો. જેને આત્માને લિંગમાં, આત્માના લિંગમાં એટલે કે '**ઉપયોગ નામના લક્ષણમાં...**' ઉપયોગ નામના લક્ષણમાં અહીં તો લીધું. પર્યાયની વાત છે. આહા..હા..! '**ગ્રહણ એટલે કે સૂર્યની માફક...**' જુઓ, એ લક્ષણ... એ સૂર્યને ગ્રહણ ક્યાં છે? ... લક્ષણ છે. તો નીચેવાળા ઉપર જોવે છે એ અપેક્ષાએ છે. સીધું ત્યાં સૂર્યને જોવે તો ત્યાં ગ્રહણ-ફહણ છે? સીધો જે સૂર્યને જોવે છે તેમાં ગ્રહણ છે? પર્યાયમાં ગ્રહણ છે? સૂર્યને આવરણ પર્યાયમાં છે? સમજાણું કાંઈ? એ તો નીચલી મિથ્યાદષ્ટિવાળો આત્માને જોવે તો રાગવાળો જોવે છે એમ કહે છે. સમજાણું કાંઈ? પણ આત્મા આત્મા થઈને જોવે તો આત્મામાં રાગ છે જ નહિ, શુદ્ધોપયોગ જ છે. સમજાણું કાંઈ? સૂર્યને દેખે તો કેમ જોવે સૂર્યને? પર્યાયમાં ગ્રહણ છે એમ જોવે છે? ગ્રહણ છે? ત્યાં રાહુ છે રાહુ? રાહુ-બાહુ ક્યાં રહ્યો ત્યાં? સમજાણું કાંઈ? .. પરમેશ્વર કહે છેને. ... રાહુ-બાહુ કર્મનું ગ્રહણ નથી. ઉપયોગમાં કર્મનું ગ્રહણ જ નથી. ઉપયોગ એને કહીએ કે જેમાં કર્મનું ગ્રહણ નથી, ઉપયોગ એને કહીએ કે ઉપયોગમાં કર્મનો સંબંધ જ નથી ભાઈ! એ પછી કહેશે. એ પહેલી વાત ઉપાડી મલિનતા નથી ને પછી કર્મનો સંબંધ નથી એમ કહેશે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ગુણસ્થાન...

ઉત્તર :- ગુણસ્થાન-ગુણસ્થાન એ આત્મા નથી. ગુણસ્થાન એ ભેદ છે. આત્મા એવો છે અને આત્માનો ઉપયોગ એવો છે. પછી ગુણસ્થાન-ગુણસ્થાનનું શું કામ? આત્મા એવો

છે એ તો દ્રવ્ય અને એનો ઉપયોગ એવો છે. પછી ગુણસ્થાન-ગુણસ્થાનનો પ્રશ્ન ક્યાં રહ્યો? એ તો ગુણસ્થાનનો ભેદ એ તો કથન વ્યવહારનું છે. પણ અહીં તો ચીજ જ એવી છે. સમજાણું કાંઈ? કાઢી નાખ્યું બધું. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' કોઈ પર્યાય બાકી રાખી નથી. શુદ્ધ ઉપયોગ એ આત્મા. શુદ્ધ ઉપયોગ એ શુદ્ધ પરિણમન એ જ ચોથા ગુણસ્થાનમાં આત્મા એ જ એનો ઉપયોગ. શુદ્ધ પરિણતિ છે એ જ આત્મા અને એ જ એની પર્યાય. ગુણસ્થાન .. કહ્યું. અહીં તો પર્યાયની વાત ચાલે છે. સમજાણું કાંઈ? એ શુદ્ધ ઉપયોગ દ્રવ્યના લક્ષે જે શુદ્ધ પરિણમન છે તો તેને નીચલી દરજ્જામાં તેને સમકિત કહે છે, સાધક કહે છે. વસ્તુમાં તો સાધક-ફાધક છે જ ક્યાં દ્રવ્યમાં? પર્યાયમાં સાધક છે તો જાણવાલાયક છે એમ કહ્યું. રાગ છે એ જાણવાલાયક છે. વ્યવહાર છે એમ જાણવાલાયક છે. બારમી ગાથામાં આવ્યું નહિ? સમજાય છે? છે એટલું જાણવું. પણ મારામાં છે એમ નથી. વ્યવહાર વ્યવહારમાં છે એમ જાણવું એ જાણવું પોતામાં છે. વ્યવહાર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એય..! દેવાનુપ્રિયા! તમે વ્યવહાર .. વજુભાઈ. ... તારી મહિમા તો જો. એને જ આત્મા કહે છે. પોતાનો ભગવાન પોતાનું સત્તાસ્વરૂપમાં જ્યાં ઉપયોગ લગાવ્યો તો તેને લક્ષણ કહ્યું અને એ લક્ષણમાં તો શુદ્ધતા જ છે. શુદ્ધતાને જ લક્ષણ કહ્યું. રાગને લક્ષણ? સમજાણું કાંઈ? રાગ લક્ષણ અને આત્મા લક્ષ્ય? એય..! પંચાસ્તિકાયમાં કહ્યું છે. કહ્યું કે નહિ? ... રાગ ... લક્ષણ છે નહિ. .. પરથી ભિન્ન પોતાના અસ્તિત્વમાં ... અહીંયા તો વિકલ્પથી પણ ભિન્ન તેને જ આત્મા કહે છે. આહા..હા..! કઈ અપેક્ષાનું કથન છે એ જાણવું જોઈએને. વિભાવરૂપ પરિણમન થાય છે એ પોતાની સત્તામાં છે, પરની સત્તામાં નથી. પોતાના અસ્તિત્વમાં છે. કઈ અપેક્ષાએ? પરના અસ્તિત્વથી ભિન્ન પડવાની અપેક્ષાએ. પણ જ્યાં સ્વભાવની દૃષ્ટિમાં અને સ્વભાવ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવમાં પકડ્યો તો પોતાના અસ્તિત્વમાં (વિભાવનું) અસ્તિત્વ છે જ નહિ. આત્મા કહ્યોને અહીંયા. આત્મા અને આત્માની દૃષ્ટિવંત કહો. બેય કહો. આત્માને શુદ્ધ ઉપયોગ છે અને સમ્યક્ દૃષ્ટિવંતને શુદ્ધ ઉપયોગ જ એનો છે, શુદ્ધ પરિણમન જ એનું છે. વસ્તુ પરિણમન એનું છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, દીપચંદજી! સમજાય છે કે નહિ? અહીં તો ભણવા-બણવાનું કાંઈ રહેતું નથી. શુદ્ધ ઉપયોગ આઠમે થાય છે, આત્મા તો શુભ છે એમ કહે છે એ લોકો. અરે ભગવાન! શું કરે છે પ્રભુ! એવી તારી ચીજ નથી. છે નહિ અને લગાવે છો તો કલંક લગાવે છે આત્માને. સમજાણું કાંઈ? જે ભાવ કલંકિત છે એવો ભાવવાળો આત્મા માનવો એ મોટું મિથ્યાત્વનું કલંક છે. .. એની રીત ..

ભગવાન આત્મા ચૈતન્યદળ ધ્રુવ, એના લક્ષે થયેલો વેપાર તેને શુદ્ધ ઉપયોગ જ કહે છે, શુદ્ધ વેપાર જ કહે છે. શુદ્ધ ઉપયોગ એ જ આત્માનો અથવા એ જ ઉપયોગ આત્માનો અથવા એ જ ઉપયોગ, એ જ ઉપયોગ. આહા..હા..! સમજાણું કાંઈ? ... એ ઉપયોગ

જ છે. પોતાનું શુદ્ધ પરિણમન છે એ જ એનો ઉપયોગ છે. રાગાદિ છે એ એનો ઉપયોગ છે જ નહિ. પોતાનો વેપાર જ નથી. સમજાણું કાંઈ? દ્રવ્યસ્વભાવ એકલો શુદ્ધ પરમ પવિત્રનો પિંડ ભગવાન અને એનો વેપાર પણ એકલો પવિત્ર, એનું નામ આત્માનો વેપાર નામ ઉપયોગ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વિકાર નથી તે અલિંગગ્રહણ છે. '**આ રીતે આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે...**' એનો ઉપયોગ જ શુદ્ધ ઉપયોગસ્વભાવી છે. આત્મા જ શુદ્ધોપયોગસ્વભાવી એમ કહ્યુંને પાછું? શુદ્ધ ઉપયોગ એવો સ્વભાવ જ આત્મા છે. શુદ્ધ ઉપયોગસ્વભાવી જ આત્મા છે. ચાહે તો એમ કહે કે શુદ્ધ ઉપયોગ જો ન હોય, વિકલ્પમાં ગયો તો. એ ગયો જ નથી એવી વાત છે અહીં તો. આહા..હા..! સમજાણું કાંઈ? એ શુદ્ધ પરિણમન જે શુદ્ધ રાગરહિત જે પરિણમન છે એને જ શુદ્ધોપયોગ કહેવામાં આવે છે. સમજાણું? એમ કે જ્ઞેયજ્ઞાયક ભેદ છોડીને ઉપયોગ એ વાત અહીં નહિ. અહીં તો એનો જે વેપાર જાણવા-દેખવાનો છે તે શુદ્ધ જ છે. સદા શુદ્ધ છે. ઉપયોગ જ શુદ્ધ છે. ઉપયોગ શુદ્ધ ઉપયોગ સ્વભાવી આત્મા છે. એવો શુદ્ધ ઉપયોગ સ્વભાવ જ આત્મા છે. સમજાણું કાંઈ?

શું લડાઈમાં હોય અને સ્વરૂપાચરણ રહે છે? એમ પ્રશ્ન કરે છે. લડાઈમાં હોય અને સ્વરૂપાચરણ રહે છે? અરે! શુદ્ધ ઉપયોગ સદાય રહે છે. સાંભળ તો ખરો. શુદ્ધ ઉપયોગનો અર્થ સ્વરૂપાચરણની સ્થિરતા સદાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ પ્રશ્ન કરે છે. સ્વરૂપાચરણ ચોથે ગુણસ્થાને? તો લડાઈમાં હોય તોપણ સ્વરૂપાચરણ? હવે લડાઈમાં છે જ નહિને. એ તો લડાઈમાં છે જ નહિ. ક્રિયામાં નથી અને લડાઈનો ઉપયોગના વિકલ્પમાં નથી. એ તો પોતાના શુદ્ધ ઉપયોગમાં, પરિણતિમાં જ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વરૂપના આચરણરૂપ ઉપયોગ કદી ન થાય. ન હોય તો એ આત્મા રહેતો નથી. એ આત્મા જ નથી. સમજાણું કાંઈ? એ તો અગમ-નિગમની વાત છે. આહા..હા..!

ચૈતન્ય દ્રવ્ય વસ્તુ. એ પણ વસ્તુ લીધી છે. કહે છે કે શુદ્ધ ઉપયોગસ્વભાવી છે. પર્યાય શુદ્ધ ઉપયોગ, પર્યાય શુદ્ધ ઉપયોગ સ્વભાવવાળો આત્મા છે એમ કહ્યું એમાં. સમજાણું કાંઈ? અરે, અહીંયા આચરણ શું, આત્મા છે ત્યાંથી શરૂ થાય છે. ચોથા-બોથાની વાત નથી. જ્યાં આત્મા છે અને આત્માનો ભાવ થયો ત્યાંથી શુદ્ધોપયોગ છે. આત્માથી આત્માસ્વરૂપ. અહીં શું કહે છે? ગુણસ્થાનની વાત કરતા નથી. આત્માનો ઉપયોગ કોને કહે છે? આત્માનો ઉપયોગ કોને કહે છે? બસ, એ તો પ્રશ્ન જ નથી. આત્મા જ્યાં છે એનો ઉપયોગ વેપાર કોને કહે છે? એ શુદ્ધ ઉપયોગસ્વભાવી આત્મા છે. શદ્ધ ઉપયોગ પર્યાય છે. પણ એ શુદ્ધોપયોગ સ્વભાવી જ આત્મા છે. સમજાણું કાંઈ? એવી વાત છે. કેટલાકને તો કાને પહેલું પડતું હશે. કે આ શું છે? .. પહેલા પડે છે તમારે શરૂથી નહિ. ... અગિયાર અંગ ભણે તોપણ, કહે છે કે પરલક્ષી વસ્તુ એ શુદ્ધોપયોગ નહિ. આહા..હા..! બાર અંગ વિકલ્પરૂપ છે. આવ્યું કે નહિ? કળશટીકામાં. એમાં પણ શુદ્ધાત્માનુભૂતિને આત્મા કહ્યો છે. આહા..હા..!

મુમુક્ષુ :- શુદ્ધ ઉપયોગ.

ઉત્તર :- શુદ્ધ અનુભૂતિ કહો કે શુદ્ધ ઉપયોગ કહો કે શુદ્ધભાવ કહો-એક જ વાત છે. અહીં તો કાયમ રહે તો એ કાયમ શુદ્ધાત્માનુભૂતિ છે. સાંભળ તો ખરો. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એનું લક્ષણ શું? એનો ઉપયોગ કોને કહીએ? એનું નામ આત્માનું. ઉપયોગરૂપ પરિણમન થાય એ જ એનો ઉપયોગ, એનો વેપાર, એનું પરિણમન, એની એ પર્યાય એ જ છે. ચાહે તો સમ્યગ્દૃષ્ટિ લડાઈના વિકલ્પમાં દેખાય, પણ એ વિકલ્પમાં છે જ નહિ, એ તો શુદ્ધ પરિણતિમાં જ છે એમ કહે છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! છન્નું હજાર સ્ત્રીના વૃંદના ભોગમાં પડેલો સમકિતી દેખાય. તો કહે છે કે એ ભોગમાં છે જ નહિને. એ વિકલ્પમાં આત્મા આવ્યો જ નથીને. આવે એ આત્મા જ નથીને. અહીંયા તો આત્માને કોને કહીએ? આહા..હા..! સમજાણું કાંઈ? મોટી ચીજ છે. કહે નિજ સ્વરૂપ. ગ્રાહ્ય નિજ સ્વરૂપ ગ્રાહ્ય ઉપયોગ એક સ્વભાવી .. પણ જેને આત્મા પ્રતીતમાં આવ્યો. આત્મા થયો તે શુદ્ધોપયોગ જ થયો, ત્યારે આત્મા કહે છે. આહા..હા..!

આસ્રવ એ આત્મા છે? શુભોપયોગ એ આત્મા છે? એ આત્માનો વેપાર-ઉપયોગ છે? શુભ એ આત્માનો ઉપયોગ છે? એ તો અણાત્મા છે. એ આત્માની પર્યાય પણ નથી એમ કહે છે. નિરપરાધી ભગવાન આત્માની પર્યાયમાં, અપરાધ એ પર્યાયમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા નિરપરાધી સચ્ચિદાનંદ પ્રભુ, પોતાના ચૈતન્ય સ્થળમાં શાંતિ અને આનંદથી ભરેલો પ્રભુ એનો ઉપયોગ શુદ્ધ ઉપયોગ સ્વભાવી જ આત્મા છે. પરિણમન એનું શુદ્ધ એ આત્મા છે એમ કહે છે. ... સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વસ્તુ છે. વિચારે નહિ અને મધ્યસ્થ થઈને સ્વાધ્યાય પણ કરે નહિ. મધ્યસ્થ થઈને શું સત્ય છે એ .. સત્યનું સ્વરૂપ કેવા પ્રકારનું છે? એવા એના સાધનની .. હોયને પહેલા? એનો અર્થ કે દૃષ્ટિનો અનુભવ થશે નહિ. કેમકે જેવો આત્મા છે એવો ખ્યાલમાં આવ્યા વિના આત્માનો ઉપયોગ શુદ્ધ કેમ થાય? એને શુભરાગવાળો માને તો એવો આત્મા છે નહિ. સમજાણું કાંઈ શુભરાગવાળો માને તો એવો આત્મા નથી. ભગવાને એમ કહ્યું જ નથી. એ તો જે દ્રવ્ય છે એનો શુદ્ધ ઉપયોગ છે એ એનો ઉપયોગ છે. એવો શુદ્ધ સ્વભાવી આત્મા, સ્વભાવનો ધરનાર આત્મા, એવો શુદ્ધ ઉપયોગ સ્વભાવનો ધરનાર આત્મા છે. સમજાણું કાંઈ? કેમ ભાઈ! ... એ સાધક છે. તો એટલો રાગાદિ જે છે એ એનો ભાવ ... એ નિમિત્ત. લોકાલોકનું જ્ઞાન .. એ નિમિત્ત. સમજાણું કાંઈ? આહા..હા..! કેમકે .. પર્યાય છે એ તો .. પ્રગટ થાય છે. વસ્તુ છે એનું જ્ઞાન અને રાગાદિ વ્યવહાર છે એ સંબંધી પોતામાં પ્રગટેલું શુદ્ધ પરિણમન, એ શુદ્ધ પરિણમનસ્વભાવ જ આત્મા છે.

આહા..હા..! સમજાણું કાંઈ? એવો વેપાર કરવો અંદર એમ કહેવામાં આવ્યું છે.

અંતર્મુખ થઈને શુદ્ધ પરિણમન કરવું એ જ આત્માનો સ્વભાવ છે, બીજો કોઈ સ્વભાવ છે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? જેને આત્માનું હિત કરવું છે. પરિણામ-પરિણામી બહુ કહે છે લ્યો! આ સિદ્ધગિરીમાં .. આપણું કલ્યાણ થશે. આપણું શરીર .. પણ કલ્યાણ ત્યાં ક્યાં સિદ્ધગિરીમાં છે? ચૈતન્ય વિના ક્યાં કલ્યાણ છે? કોઈ કહેતા હતાને. ... દૃષ્ટિ પડેને સિદ્ધગિરી શેત્રુંજય. આ શેત્રુંજય છે. શેત્રુંજય સમજ્યાને? સિદ્ધગિરી કહે છે શેત્રુંજયને. રાગ હજો. સિદ્ધગિરી આ આત્મા સિદ્ધગિરી છે. ત્યાં ક્યાં સિદ્ધગિરી છે? અનંતા સિદ્ધપણું પોતાની પર્યાયમાં ગુણમાં પડ્યો છે. અનંતા સિદ્ધ પોતાના ગુણમાં પડ્યો એ સિદ્ધગિરીમાં આત્મા છે. એની સમીપમાં વાસ હોય તો એની મુક્તિ થશે, એનું કલ્યાણ થશે. ત્યાં પર્વતની પાસે જઈને કલ્યાણ થશે એમ છે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- સમ્મેદશિખર જાય તો..

ઉત્તર :- ધૂળમાંય કાંઈ નથી. સમ્મેદશિખર શું? ત્રણ લોકના નાથ સમવસરણમાં બેઠા હોય એનું લક્ષ ત્યાં રહે તોપણ કલ્યાણ નથી એમ કહે છે. કારણ કે એનું લક્ષ ત્યાં રહે એ શુભભાવ છે અને શુભ પોતાનો ઉપયોગ છે જ નહિ. આહા..હા..! આચાર્ય પણ અમૃતચંદ્રાચાર્યે કામ કર્યું છેને જુઓને! કેવળજ્ઞાનીના પેટ ખોલીને મૂક્યા છે. વસ્તુ તો ઠીક પણ એના ઉપયોગરૂપ સ્વભાવ એ સ્વભાવવાન... આત્મા, એને આત્મા કહીએ. શુદ્ધ પરિણમન કરનારો સ્વલક્ષી એવા શુદ્ધ ઉપયોગસ્વભાવવાળો આત્મા છે. બીજાને આત્મા કહેતા નથી. તો જેમાં આત્મા માનવામાં આવે છે, આવું માને તો એણે આત્મા માન્યો કહેવાય. રાગ .. વાળો માને .. એણે આત્મા જ માન્યો નથી. અને આત્માનો ઉપયોગ શુદ્ધ છે તેને પણ તેને માન્યો નથી. સમજાણું કાંઈ? **'આ રીતે આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે...'** જુઓ, ભાષા એમ લીધીને? એ પ્રકારે. આ જે પ્રકાર કહ્યો કે એના ઉપયોગમાં મલિનતા નથી એવું અલિંગગ્રહણ એ પ્રકારે આત્મા એ શુદ્ધોપયોગસ્વભાવી છે. ઓહો..હો..! .. એમાં શુદ્ધ ઉપયોગસ્વભાવી આત્મા એ જ આત્મા છે. બીજો શુભવાળો આત્મા એ આત્મા નથી. પહેલાથી સમ્યગ્દર્શનમાં .. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં તો એને આત્મા કહેતા જ નથી. એને તો આત્મા કહેતા જ નથી. જેનો શુદ્ધ ઉપયોગ થયો એ શુદ્ધ ઉપયોગ સ્વભાવી એને આત્મા કહે છે. (બીજાને) આત્મા જ કહેતા નથી એમ છે. તો એકેન્દ્રિયને? દ્રવ્ય છેને? કે દ્રવ્ય નથી. દ્રવ્યનો ઉપયોગ જામ્યો ત્યારે તેને દ્રવ્ય કહેવામાં આવ્યું છે. ત્યારે તેને શુદ્ધ ઉપયોગ અને આત્મા કહ્યો એમ છે. સમજાણું કાંઈ? આહા..હા..! દ્રવ્ય તો દ્રવ્ય છે, પણ દ્રવ્યનો શુદ્ધ વેપાર હોય ત્યારે શુદ્ધ ઉપયોગી સ્વભાવ દૃષ્ટિમાં આવ્યો, ત્યારે શુદ્ધ ઉપયોગીને આત્મા કહે છે. સમજાણું કાંઈ?

એકેન્દ્રિય આદિને પર્યાયમાં શુદ્ધ ઉપયોગ છે જ નહિ, એ આત્મા જ નથી એમ કહે છે. એ અણાત્મા છે. વ્યવહાર આત્મા છે. વ્યવહાર આત્મા કહો કે અભૂતાર્થ કે અસત્યાર્થ આત્મા કહો. આહા..હા..! સત્યાર્થ આત્મા, ભૂતાર્થ આત્મા, સાચા શ્રાવકને પણ આત્મા એ તો પોતાના શુદ્ધ ઉપયોગ વેપારથી પરિણમે એવા સ્વભાવવાળાને જ આત્મા કહે છે. સમજાણું કાંઈ? એ વાત તો સવારમાં આવી ગઈ.

..દ્રવ્ય કોને? કોને? દ્રવ્ય તો શુદ્ધ છેને પરનું. પરનું દ્રવ્ય શુદ્ધ છેને. પણ કોને? જેનો ઉપયોગ દ્રવ્ય તરફ વળેલો છે અને શુદ્ધતા પર્યાયમાં આવી છે એ શુદ્ધતા પર્યાય વડે આ શુદ્ધ એમ નક્કી કર્યું છે. પર્યાયમાં શુદ્ધતા આવ્યા વિના આ શુદ્ધ છે, દ્રવ્ય તો શુદ્ધ છે, પણ કોને? સમજાણું કાંઈ? તો ... શુદ્ધ ઉપયોગ છે કે નહિ? ના. સમજાણું કાંઈ? '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**' દ્રવ્ય તો શુદ્ધ છે સર્વ કાળ. કહે ના. આ દ્રવ્ય તો છેને શુદ્ધ સર્વને. કે ના. રાગથી હટીને શુદ્ધતાની સમીપની સેવના કરે છે, ત્યારે તેને શુદ્ધ દ્રવ્ય છે એવી શુદ્ધ પર્યાયમાં પ્રતીતિ થઈ. ત્યારે તેને શુદ્ધ કહેવામાં આવે છે. એ દ્રવ્ય શુદ્ધ ત્યારે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? .. શુદ્ધ દ્રવ્ય છે. દ્રવ્ય ક્યાં છે? ભાવમાં તો આવ્યું નહિ અને આ દ્રવ્ય શુદ્ધ છે એમ ક્યાંથી આવ્યું? એ સમયના જ્ઞાનમાં 'આ શુદ્ધ છે' એવી પર્યાયમાં શુદ્ધ છે એવો ભાસ તો થયો નથી. તો શુદ્ધ દ્રવ્યની ધારણા કરવી છે? સમજાણું કાંઈ? એમ કહે છે. પરથી હટીને, સ્વ દ્રવ્યની ઉપાસના કરવાથી. ઉપાસના તો પર્યાય થઈ. શુદ્ધ પર્યાયમાં દ્રવ્યની ઉપાસના થઈ ત્યારે દ્રવ્ય શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. દ્રવ્ય શુદ્ધ હોં ત્યારે શુદ્ધ. ..ભાઈ! એમ જ્યારે શુદ્ધોપયોગ છે ત્યારે એ શુદ્ધ ઉપયોગી સ્વભાવ પ્રતીતમાં આવ્યો એમ કહેવામાં આવે છે. આખું દ્રવ્ય શુદ્ધ ઉપયોગી છે એમ છે નહિ. એ આત્મા જ નથી. આહા..હા..! કેવી શૈલી તો જુઓ.

પ્રગટ ભગવાન બિરાજમાન ચૈતન્યબિંબ, મહાસત્તા ધામ એ તરફની દૃષ્ટિ થઈ ત્યારે સ્વભાવ શુદ્ધ ઉપયોગરૂપ પરિણમ્યો ત્યારે તેને શુદ્ધ ઉપયોગસ્વભાવી આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! આચાર્યોના હૃદય ઘણા ગંભીર. એવા દિગંબર સંત વિના એવી વાત કોઈ દિ' નીકળે નહિ. સમજાણું કાંઈ? દિગંબર સંતોના હૃદય પરમાત્માના પેટ ખોલીને રાખી દીધા છે. સમજાણું કાંઈ? નગ્ન છે એવો ઉપયોગ... પણ અંદરમાં રાગથી ભિન્ન થઈને પોતાનું સ્વરૂપ જેવું છે એવું જાણે છે. ચારિત્ર નથી. .... શુભ ઉપયોગ સ્વભાવી આત્મા.. શુભ ઉપયોગી સ્વભાવીને આત્મા કહેતા જ નથી. પંચ મહાવ્રતના વિકલ્પ છેને. ધર્મીને કહે ના એને છે નહિને. આહા..હા..!

પોતે આચાર્ય છે. પણ આચાર્ય છે એ પોતાના સ્વરૂપની શુદ્ધતામાં એનો આચાર છે. વિકલ્પમાં અને બહારમાં આચાર-ફાચાર છે નહિ. વ્યવહાર આચાર અમારો નહિ એમ કહે છે. આહા..હા..! લ્યો! કહેતા હતાને. સમિતિ, ગુપ્તિ અને ભગવાન. સમિતિ, ગુપ્તિ, એ બધી

સમિતિ, ગુપ્તિ વ્યવહારનો વિકલ્પ તે સમિતિ નથી. સમજાણું કાંઈ? સંવર અધિકારમાં છે ત્યાં મોક્ષમાર્ગ પ્રકાશકમાં. સંવર અધિકારમાં. પરની રક્ષા કરવી તે સમિતિ નથી. પોતાના પ્રમાદરહિત પરિણતિ થાય એમાં એ રાગનો પ્રમાદ ન થાય એનું નામ સમ્યક્ શુદ્ધ સમિતિ કહેવામાં આવે છે. એવી વાત છે. આ તો સમિતિ સમજ્યા વિના .. જોઈને ચાલવું એ સમિતિ. એ સમિતિનો અર્થ એમ કરે. એવો અર્થ છે નહિ. જડને જોઈને ચાલવું એ તો છે નહિ, પણ વિકલ્પ ઉઠે છે કે બરાબર (જોઈને ચાલું) એ પણ વાસ્તવિક સમિતિ નથી. સમિતિ—સમ્યક્ પ્રકારે અંતરમાં રાગરહિત શુદ્ધ પરિણતિ થવી એ સમિતિ છે. સમજાણું કાંઈ? શુભાશુભ વિકલ્પથી ગુપ્ત થઈને અંદર પરિણમન નિર્મળ થાય તેનું નામ ગુપ્તિ છે. સમજાણું કાંઈ? તો અહીંયા શુદ્ધોપયોગસ્વભાવી એને કહીએ કે પોતાના સ્વભાવ સન્મુખ થઈને શુદ્ધ પરિણતિ થઈ તેને શુદ્ધ ઉપયોગ સ્વભાવી આત્મા કહે છે. લ્યો એ બોલ થયો. ૧૦મો બોલ થયોને? ૧૦મો.

હવે ૧૧મો. **'લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે પૌદ્ગલિક કર્મનું ગ્રહવું જેને નથી...'** તેને ઉપયોગ કહીએ કે જેમાં કર્મમાં નિમિત્તપણું ન હોય. કર્મ આવવામાં નિમિત્તપણું છે ઉપયોગ નથી એમ કહે છે, ભાઈ! આહા..હા..! કર્મ તો આવે છે, પણ એમાં નિમિત્તપણું રહે એ તો વિકલ્પ છે. એ આત્મા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ આત્માનો ઉપયોગ નથી. જે ઉપયોગ કર્મ.. કર્મ તો કર્મને કારણે થાય, પણ એમાં ઉપયોગ નિમિત્ત પડે તે ઉપયોગ આત્માનો નથી. અણાત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે પૌદ્ગલિક કર્મનું ગ્રહવું જેને નથી...'** જીવ અને જીવનો ઉપયોગ કર્મના ગ્રહણમાં નિમિત્ત થાય તે જીવનો ઉપયોગ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અરે! તો તો નિર્મળતા જ રહી નહિ. એનો ઉપયોગ તો નિર્મળ છે. નિર્મળ કર્મગ્રહણમાં નિમિત્ત થતું નથી. અહીં તો જ્ઞાનીને કર્મગ્રહણનું નિમિત્તપણું છે જ નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? થોડો રાગ રહે છે અને એ સંબંધે કર્મનું નિમિત્ત પડે છે એ આત્માની પર્યાય નથી. જ્ઞાનીમાં નહિ, આત્મામાં નથી, એના ઉપયોગમાં નથી તો ઉપયોગ કરનારો આત્મા એવા સમ્યગ્દ્રષ્ટિને પણ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

**'લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા...'** જાણન લક્ષણ આદિ જે શુદ્ધ છે તેને ગ્રહણ, તેનું નિમિત્ત પામીને પુદ્ગલ ગ્રહણ છે જ નહિ. ઓહો..હો..! સમજાણું કાંઈ? ધર્મી આત્માનો શુદ્ધ ઉપયોગ પરિણમન છે તેને કર્મગ્રહણમાં નિમિત્ત ઉપયોગ છે જ નહિ. ઓહો..હો..! તેને ઉપયોગ કહેતા નથી. પહેલાથી અહીં તો વાત છે, સમ્યગ્દર્શનથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા એનો ઉપયોગ એ કર્મગ્રહણ કરતો જ નથી.

એટલે કે એનો શુભ ઉપયોગ એ આત્માનો ઉપયોગ નથી. એ શુદ્ધ વેપાર કરનારો આત્માનો શુદ્ધ ઉપયોગસ્વભાવી ભગવાન ઉપયોગ... આત્મા તો નહિ, પણ એ શુદ્ધ ઉપયોગ કર્મગ્રહણમાં નિમિત્ત નથી. તો એના ઉપયોગમાં કર્મનો સંબંધ છે એમ છે નહિ. ધર્મીજીવને કર્મનો સંબંધ છે નહિ. પર્યાયમાં એમ નથી એમ કહે છે. એ તો મલિન પર્યાય નિમિત્ત અને કર્મ નૈમિત્તિક, એ મલિન અને નૈમિત્તિક બેય ધર્મની પર્યાયમાં નથી. એને કર્મનો સંબંધ નથી. એ વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ સુદ ૩, સોમવાર, તા. ૧૯.૦૫.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૧૧-૧૨, પ્રવચન-૧૫૮**

પ્રવચનસાર. જ્ઞેયતત્ત્વ. આત્મા કેવો છે તે અલિંગગ્રહણ દ્વારા તેનો ભિન્ન-ભિન્ન પ્રકારે વર્ણન કરે છે. આત્મા એને કહે છે. આત્મા એને કહીએ કે જેના ઉપયોગ વડે... વિકાર નથી ઉપયોગમાં. આત્મા એનું લક્ષણ જાણવું-દેખવું છે. જાણવા-દેખવામાં શુદ્ધ ઉપયોગ તે આત્મા. કેમકે જે રાગાદિ છે એ તો આસ્રવ છે, એ તો અણાત્મા છે. આત્મા એને કહીએ જેની દૃષ્ટિ આત્મા ઉપર પડી છે અને એનું લક્ષણ જાણન-દેખન થયું, તો એ લક્ષણથી એમાં વિકાર થાય, લક્ષણમાં એમ નથી. સૂર્યમાં જેમ વિકાર નથી એમ ભગવાન આત્મા એનો જાણવા-દેખવાનો ઉપયોગ, જાણવા-દેખવાનો વેપાર, જાણવા-દેખવાની પર્યાય એમાં વિકાર નથી. વિકાર નથી એને આત્મા કહે છે. સમજાણું કાંઈ? શુદ્ધ ઉપયોગ છે એ સંવર-નિર્જરા છે અને એ સ્વભાવની દૃષ્ટિ થતાં શુભોપયોગ જે થયો તે સહિતને આત્મા કહ્યો છે. એ શુભરાગાદિ છે તે આત્મા નથી. એ વ્યવહારમાં ગયો તો પોતાના જ્ઞાનમાં જ્ઞેય તરીકે હોય. સમજાણું કાંઈ? વ્યવહાર જે શુદ્ધ યોગ આદિ છે તે નિમિત્ત છે અને પોતાનો આત્મા ચૈતન્ય લક્ષણથી લક્ષિત એમાં જે નિર્મળતા છે તે નિર્મળતા છે એ જ આત્મા. અને એમાં જે મલિનતા છે તે આત્મા નથી. પોતાની શુદ્ધ ઉપયોગની પરિણતિમાં વ્યવહાર જે દેખાય છે તે નિમિત્ત છે અને શુદ્ધ જ્ઞાનની પરિણતિ એમાં નૈમિત્તિક થઈ. સમજાણું કાંઈ? નૈમિત્તિક જે શુદ્ધ પરિણતિ છે તે શુદ્ધ ઉપયોગ એ જ આત્મા. રાગ વચ્ચે જે નિમિત્ત છે એ આત્મા નથી. સમજાણું કાંઈ?

૧૧માં એ કહે છે જુઓ, '**લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે પૌદ્ગલિક કર્મનું ગ્રહવું જેને નથી...**' સમજાણું કાંઈ? ૧૧મો બોલ

ચાલે છે. કે લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે. ભગવાન આત્મા એનો જાણવા-દેખવાનો જે ઉપયોગ એ લક્ષણ વડે કર્મનું ગ્રહણ નથી. કેમકે કર્મ જે આવે છે તેમાં વિકલ્પ નિમિત્ત છે. તો વિકલ્પ જે છે એ પોતાનો ઉપયોગ નથી. સમજાણું કાંઈ? એ **'લિંગ દ્વારા...'** ૧૧મો બોલ ચાલે છે. તે ઉપયોગ નામનું લક્ષણ... ભગવાન ચૈતન્યપદાર્થ અનાકુળ આનંદ રસસ્વરૂપ ભગવાન આત્મા તેનું જાણન લક્ષણ, જે જાણન લક્ષણ જ્ઞાન. એ લક્ષણમાં કર્મનો સંબંધ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એ લક્ષણમાં છે જ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

**'પૌદ્‌ગલિક કર્મનું ગ્રહવું જેને નથી...'** જાણવા-દેખવાનો જે ઉપયોગ છે તે પુદ્‌ગલ કર્મગ્રહણ થાય અને એમાં નિમિત્ત થાય એવો તો ઉપયોગ છે નહિ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અનંત જ્ઞાન-દર્શન ચૈતન્ય પિંડ એનું લક્ષણ જાણવાનો ઉપયોગ તે લક્ષણ વડે કર્મનું ગ્રહવું થાય એમ નથી. તો ઉપયોગમાં કર્મનો સંબંધ છે એમ પણ નથી. આહા..હા..! ઝીણું છે. ભગવાન આત્મા તો ચૈતન્ય સ્વભાવ, આનંદ સ્વભાવ એનો જાણન ઉપયોગ એ ઉપયોગમાં, કર્મ પરમાણુ આવે એની શક્તિથી, પણ એમાં નિમિત્ત થવું તે ચૈતન્યના ઉપયોગમાં તો નથી. સમજાણું કાંઈ? તો એ ચૈતન્ય ઉપયોગ કર્મના ગ્રહણમાં નિમિત્ત થાય એમ છે નહિ. તો ચૈતન્ય ઉપયોગમાં કર્મનું ગ્રહવું છે જ નહિ ઉપયોગમાં. ઓહો..હો..! હવે આ તો આઠ કર્મ ગ્રહે અને બાંધે એ બધી વાત છેને? સમજાણું કાંઈ?

એ વાતમાં, જ્ઞાનમાં પણ ચૈતન્ય ઉપયોગ જે છે એ તો કર્મગ્રહણમાં નિમિત્ત છે જ નહિ. એ લક્ષણવાળું લક્ષ જ્યાં થયું તો એને બંધ છે જ નહિ. જરી આસ્રવની પર્યાય વિકલ્પ રહ્યો એ તો ઉપયોગમાં છે નહિ, દ્રવ્યમાં નથી, ગુણમાં નથી. ઉપયોગમાં નથી એટલે પર્યાયમાં નથી. તો ઉપયોગમાં જે નિમિત્ત થતું હતું કર્મગ્રહણમાં એ તો રાગ નિમિત્ત થતું હતું. રાગ તો આત્મામાં છે જ નહિ. જાણન ઉપયોગમાં રાગ છે નહિ. સમજાણું કાંઈ? રાગ રહ્યો અને કર્મગ્રહણમાં નિમિત્ત થાય તો એ રાગના જ્ઞાનનો ભાગ થવો એ નૈમિત્તિક ઉપયોગ ચૈતન્ય લક્ષણ છે, પણ રાગ લક્ષણ એનું તો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સમયસાર અને ગોમ્મટસાર એ બધા કેટલા... એ તો પર્યાયમાં વિકલ્પ જે છે વિકાર એ વિકાર કર્મગ્રહણમાં નિમિત્ત પડે છે. તો વિકાર અને એ નિમિત્ત બેય ચીજ આત્માના ઉપયોગમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? તેને આત્મા કહે છે. આહા..હા..! **'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं'** બદ્ધસ્પષ્ટપણું એમાં છે જ નહિ. ભાવબંધ છે નહિ, દ્રવ્યબંધ નિમિત્ત એવું છે જ નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ નોકર્મ તો નિમિત્ત બહારમાં રહ્યું. આ તો ભગવાન **'जो पस्सदि अप्पाणं'** જે કોઈ આત્માને કર્મના અને વિકારના પર્યાયના બંધથી ભિન્ન જોવે. ભિન્ન જોવે આત્માને, કેમકે આત્મા એવો છે. એવા આત્માને જાણે-દેખે તેણે જૈનશાસન જોયું. આહા..હા..! **'पस्सदि**

**जिणसासणं सव्वं**' આખું જૈનશાસન એણે જોયું. કેમકે જે આત્મા છે જ્ઞાયક ચૈતન્યદળ, ચૈતન્યદળ, પિંડ દળ એમાં જે ઉપયોગની પર્યાય છે એ ઉપયોગની પર્યાયમાં તો રાગ છે નહિ. એ તો જાણન લક્ષણ ઉપયોગ છે. સમજાણું કાંઈ? વ્યવહાર વિકલ્પ તો છે નહિ. તો એ કર્મગ્રહણમાં નિમિત્ત થાય અને કર્મનો સંબંધ ઉપયોગ સાથે રહે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જૈનદર્શન એનો કહેલો આત્મા અલૌકિક છે. એવી વાત વીતરાગ સિવાય કોઈ ઠેકાણે છે જ નહિ. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે જે આત્મા જોયો, જાણ્યો અને કહ્યો એવી ચીજ ક્યાંય ત્રણ લોકમાં બીજે હોઈ શકે નહિ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ક્યાંય પાંચ ઈન્દ્રિયમાં નથી અને ધૂળમાંય નથી. કેમકે દર્શનમાં તો એક આત્મા જ દર્શન છે. સમજાણું કાંઈ? જુઓને ન્યાયથી તો સમજો તમે. કે ભગવાન આત્મા વસ્તુ છે કે નહિ વસ્તુ? વસ્તુ છે. સ્વતંત્ર છે. સ્વતંત્ર સત્તા છે. સ્વતંત્ર સત્તા છે તો એની આદિ અને અંત નથી. તો એને બનાવનાર કોઈ હોય અને નાશ થઈ જાય એવી ચીજ નથી. તો વસ્તુ છે તો એમાં વસ્તુનો સ્વભાવ હોય કે નહિ? વસ્તુ છે તો એનો સ્વભાવ કાયમી સ્વભાવ, કાયમી રહેનારી ચીજ છે. તો કાયમી સ્વભાવ રહેનારો હોય કે નહિ? પણ સ્વભાવ વિના સ્વભાવવાન કોને કહેવું? તો કાયમી સ્વભાવ જાણન-દેખન આનંદ, શાંતિ આદિ જે કાયમી સ્વભાવ અસલી અવિનાશી છે. એનો અવિનાશી સ્વભાવનો જે વર્તમાન ઉપયોગમાં જાણન ઉપયોગ થાય છે, તે સ્વભાવનો જે જાણન ઉપયોગ થાય છે એ જાણન ઉપયોગ તો પર્યાય છે. દ્રવ્ય વસ્તુ છે ત્રિકાળી, અનંત સ્વભાવ એની શક્તિઓ છે અને એ તરફનું મનન નામ ચિંતન ઉપયોગ એ તો જ્ઞાનની પર્યાય છે. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા, એવી ચીજ પર્યાય છે અને એવા અનંત ગુણો છે અને એવા ગુણને ધરનાર એક દ્રવ્ય છે એવી ચીજ જ હોઈ શકે છે. એ સિવાય એવી ચીજ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એવું પૂર્ણ અસ્તિત્વ છે. એનું જે જાણન-દેખન પૂર્ણ અસ્તિત્વ જે હોય છે તે પર્યાય છે, અવસ્થા છે. વર્તમાન શુદ્ધ આત્માના જ્ઞાનનો વેપાર છે. તો જ્ઞાનનો વેપાર કર્મગ્રહણમાં નિમિત્ત થાય એમ પણ નથી. સ્વભાવની પર્યાય કર્મગ્રહણમાં નિમિત્ત કેમ થાય? એટલે કે સ્વભાવની પર્યાયને કર્મનો સંબંધ છે જ નહિ. સમજાણું કાંઈ? જે થોડું બાકી રહ્યું રાગાદિ કે નિમિત્ત સંબંધ એ તો પોતાની પર્યાયમાં અભાવ છે. અભાવ છે તે પોતાની પર્યાયમાં છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? છે ભાઈ એમાં? જુઓ એવી સૂક્ષ્મ વાત છે. જૈનદર્શનની ચીજ એવી ચીજ આ તો અલૌકિક વાત છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ કેવળજ્ઞાનમાં જે આત્મા જોયો અને જેવો છે એવો કહ્યો. એ કોઈ અલૌકિક ચીજ છે. લોકમાં ક્યાંય મળે નહિ. લોકોત્તર ભગવાનનો પંથ છે, આત્માનો પંથ છે એમાં એ મળે. સમજાણું કાંઈ? ઓહો..હો..! આત્મા એને કહીએ. અહીં તો આત્માનો ઉપયોગ એને કહીએ ભાઈ!

આત્મા તો ઠીક પણ આત્માનો ઉપયોગ જાણન ઉપયોગ એને કહીએ કે જેમાં કર્મનું નિમિત્ત હોય એવી પર્યાય ઉપયોગમાં છે જ નહિ એને. આહા..હા..! જેવું દ્રવ્ય શુદ્ધ છે, જેવી શક્તિઓ શુદ્ધ છે એવો ઉપયોગ પણ શુદ્ધ છે. તો શુદ્ધ કર્મના (ગ્રહણમાં) નિમિત્ત થાય એમ કેમ બને? તો ઉપયોગમાં કર્મનું ગ્રહણ નથી તો ઉપયોગમાં કર્મનો સંબંધ નથી. ન્યાય સમજાય છે કાંઈ? ન્યાયથી, લોજિકથી તો સમજવું પડશે કે નહિ એને. ન્યાયમાં નિ ધાતુ છે. 'નિ' ધાતુ છેને નિ? દોરી જવું. જેવું સ્વરૂપ છે એ તરફ જ્ઞાનને લઈ જવું. એનું નામ ન્યાય છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમાત્મા ન્યાયથી વાત કરે છે. એમ (અદ્ધરથી) માની લે એમ નહિ. ન્યાયથી, તારા ન્યાયમાં ખ્યાલ આવે કે આવી ચીજ હોય તો તું માન. સમજાણું કાંઈ? અમે કહીએ માટે માનો એમ નથી. આહા..હા..!

કહે છે ઓહો..હો..! અમૃતચંદ્રાચાર્ય સંત, મુનિ, દિગંબર વનવાસી સંત હતા. એણે આખું જૈનશાસન અલિંગગ્રહણમાં સમાવી દીધું. કહે છે કે સમ્યગ્દૃષ્ટિનો આત્મા એને આત્મા કહે છે. લ્યો ફરીને લઈએ. કેમ કે ઉપયોગ જાણન છે. જાણન વડે દ્રવ્યસ્વરૂપનું લક્ષ કર્યું. તેને ઉપયોગ કહે છે. એ ઉપયોગમાં દ્રવ્યના લક્ષે જે જાણવું થયું તે સમ્યગ્દૃષ્ટિને જાણન ઉપયોગ છે. તે જાણન ઉપયોગ, કર્મ પરમાણુ છે તો એની પર્યાય તેને કારણે થાય છે, પણ એમાં નિમિત્ત થવું (અને) ગ્રહણ થાય એમ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'લિંગ દ્વારા...'** ૧૧ બોલ છે. **'એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા...'** આ તો સાદી ચીજ છે. એમાં અંગ્રેજી કે વ્યાકરણ અને સંસ્કૃત ભણેલો હોય તો સમજાય એવી કોઈ ચીજ નથી. આ તો સ્વભાવનો સહજનો ધંધો છે. 'વાદવિવાદ કરે સો અંધા સદ્‌ગુરુ કહે સહજકા ધંધા.' વાદવિવાદ ક્યાં છે એમાં? આહા..હા..! ન્યાયથી, વસ્તુની સ્થિતિથી, મર્યાદાથી. અહીં તો કહે છે કે કોઈ એમ કહે કે આત્મા છે. તો જે આહાર લે છે, પાણી લે છે, ગ્રહણ કરે છે. પણ એ ગ્રહણ છે જ નહિ. એ ખબર નથી તને. આહા..હા..! અહીં તો કર્મનું ગ્રહણ નથી પછી આહાર લે, પાણી લે એ તો એને કારણે આવે, જાય, એનો ગ્રહણ-ત્યાગ આત્મામાં છે જ નહિ. આહા..હા..! શું કરે પણ વસ્તુની ખબર નથી. ઉપરથી હાંકે પોતાની કલ્પનાથી કે આત્મા એવો છે ને એવો છે. સમજાણું કાંઈ? દુનિયા એમ કહે કે જુઓ, ભાઈ! ચોવીસ કલાકમાં બધાની જરૂર પડે છે આત્માને—આહારની, પાણીની, કપડાની, મકાનની, નોકરની, પશુની, દૂધની, ભેંસની વગેરે. અરે ભગવાન! શું કહે છે તું? પ્રભુ તને તત્ત્વની ખબર નથી. એ ચીજ જગતની છે તે એને કારણે ટકે છે, એને કારણે બદલે છે. આત્માને એની સાથે સંબંધ છે નહિ. આહા..હા..! અહીંયા તો એ નોકર્મનો સંબંધ તો છે નહિ. દુનિયા ઉંધે રસ્તે એટલા દોરી જાય. આપણે તો બીજાથી થાય છે, બીજાને કાંઈ દેવું. શું લે અને દે? લેવું-દેવું આત્મામાં છે જ નહિ. અમે તમારા તરફથી આહાર લઈએ છીએ તો .. ઉપદેશ દઈને .. શું કહે છે? પ્રયોજન. સાટું વાળવું એમ કહે છે અમારે

કાઠિયાવાડમાં. સાટું વાળવું શું કહે છે? બદલો. બદલો લેવો. અમારે કાઠિયાવાડમાં સાટું વાળવું. એટલે તમે આહાર-પાણી આપો છો, અમારે ઉપદેશ દેવો. ઉપદેશ કોણ દે? ઉપદેશ તો જડની પર્યાય છે ભાષાની. આત્મા ઉપદેશ દે એવી ચીજ જ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો ભાષા થાય છે અને શરીરાદિની ક્રિયા થાય છે તેને જાણન લક્ષણ વડે પરને સ્પર્શ્યા વિના પોતામાં રહીને જાણે છે, પરને સ્પર્શ્યા વિના. આહા..હા..! અરે ભગવાન! તને ખબર નથી તારી ચીજની. સમજાણું કાંઈ? એવી લોકોએ ગડબડ કરી દીધી છે. વીતરાગ સર્વજ્ઞપંથ સિવાય એવી ગડબડ કરી એવી ઉંધી. ધન્નાલાલજી! બાયડી છોકરાની પાછળ તો .. ... એને ... ખરું કે નહિ? કહો, આહાર-પાણી બનાવી દે, સ્ત્રી-કુટુંબ મોટો પરિવાર. તો એના માટે કરવું પડે કે નહિ? અરે ભગવાન! તને ખબર નથી. કોણ દે અને કોણ લે? આહા..હા..! એ જગતની ચીજ તો એના અસ્તિત્વમાં રહી છે. આત્માના અસ્તિત્વમાં છે નહિ. તો પોતાના અસ્તિત્વમાં એનું નિમિત્તપણું થાય એવો ભાવ પણ પોતામાં નથી એમ કહે છે. નોકર્મ અને કર્મનું નિમિત્તપણું રાગના વિકલ્પની મલિન પર્યાયને નિમિત્તપણું થાય છે. તો મલિનપણાનો વિકલ્પ પણ આત્માની પર્યાયમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અરે ભગવાન! શું કરે? શું કહે? એ ચીજ જ એવી છે, પણ એને મળી નથી, સમજમાં આવી નહિ અને કાંઈક ઉંધે રસ્તે ગયો અનાદિકાળથી. અહીં તો ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જે ત્રણ કાળ ત્રણ લોક પોતાના જ્ઞાનની પર્યાયમાં, પોતાની પર્યાયને જોઈ એમાં ત્રણકાળ ત્રણલોક જણાયો. પરને જોવું નથી. સમજાણું કાંઈ?

પોતાની નિર્મળ જ્ઞાનની દશા પૂર્ણ જ્યાં પ્રગટ થઈ તો પૂર્ણને જોઈ એમાં ત્રણકાળ, ત્રણલોકની જ્ઞેયાકાર પરિણમન જ્ઞાનની પર્યાયમાં થયું તે જ્ઞાનની દશા છે. એ જ્ઞાનની દશામાં બધું જાણ્યું, ઈચ્છા વિના વાણી નીકળી. એ વાણીમાં આવ્યું કે અરે ભગવાન! અરે આત્મા! કર્મ બીજી ચીજ તો ક્યાંય રહી ગઈ, નોકર્મ—શરીર ને સ્ત્રી, કુટુંબ ને પરિવાર, ગામ ને ધામ ને દેશ ને નાત ને જાત એ તો ક્યાંય ભિન્ન ચીજ રહી ગઈ. એને અને તારે કોઈ સંબંધ નથી. એને તારા જાણન ઉપયોગની સાથે કાંઈ સંબંધ નથી. પણ જે કર્મ રજકણ જેને આઠ કર્મ કહે છે કે ભાઈ! અમે પુણ્ય-પાપ કર્યા એવું કર્મ બંધાણું. એ પુણ્ય-પાપનો વિકલ્પ પણ તારી પર્યાયમાં નથી. કેમકે એ મલિન છે. ભગવાન આત્મા તો નિર્મળાનંદ ચૈતન્ય ઉપયોગવાળો છે. સમજાણું કાંઈ?

એવા ઉપયોગમાં પૌદ્‌ગલિક કર્મનું ગ્રહણ જેને નથી. ઓહો..હો..! શાતાવેદનીય બંધાય, અશાતા બંધાય, જ્ઞાનાવરણીય બંધાય. આઠ કર્મ ભગવાન! આઠ કર્મ જે છે એ તો જડની પર્યાય છે. એ જડની પર્યાયમાં નિમિત્ત થવું. ઉપાદાન તો નહિ, એ તો એને કારણે આવ્યું. પણ એમાં નિમિત્ત થવું એ તો મિથ્યા કલ્પના મેલ એ નિમિત્ત થાય છે. તો મિથ્યા કલ્પના

અને મેલ એ તો ચૈતન્ય ઉપયોગમાં છે નહિ. ચૈતન્ય ઉપયોગ જાણન લક્ષણથી જ્યાં ભગવાન આત્મા જ્ઞેય થઈને પકડ્યું તો જાણન ઉપયોગમાં કર્મનું ગ્રહણ થવું, નિમિત્ત થઈને કર્મ ગ્રહણ થવું એવી ચીજ ઉપયોગમાં જ નથી. દ્રવ્યમાં તો નથી, ગુણમાં તો નથી, પણ એની નિર્મળ જાણન પર્યાયમાં કર્મનું નિમિત્તપણું છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? છે? એનો અર્થ એમ છે કે નહિ? જુઓ. આહા..હા..! એટલો અર્થ ભરી દીધો છે એમાં. અમૃતચંદ્રાચાર્ય મહારાજ ૯૦૦ વર્ષ પહેલાં દિગંબર વનવાસી સંત આત્માના પ્રચુર સ્વસંવેદનમાં રહેનારા. આહા..હા..! એ મુનિને બહારમાં નગ્નદશા તો હોય છે. ભાવલિંગી જ્યાં સત્ય થયું તેને નગ્નદશા તો સહજ જડને કારણે જડની દશા થાય છે. સમજાણું કાંઈ? અને એને જે અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ છે તે, કહે છે કે પોતાના ઉપયોગમાં તો એ નથી. જાણન ઉપયોગમાં વિકલ્પ ક્યાંથી આવ્યો? આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ ધર્મીને એટલો કર્મનો બંધ છે, એટલી પર્યાયની મલિનતા અને બંધ છે. બેય ચીજ પર્યાયમાં નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અસ્તિરૂપ, સત્તારૂપ, હોવારૂપ. અનંત-અનંત જ્ઞાનદર્શન સ્વભાવિક વસ્તુ આત્મા છે. અને એનું જાણન લક્ષણ, વેપાર, ઉપયોગ એ તો શુદ્ધ છે. શુદ્ધ વિના જાણન ઉપયોગ કહેવામાં આવતો જ નથી. એ તો પહેલા શુદ્ધ ઉપયોગ કહી ગયા પછી આ વાત લીધી છે. દશમા બોલમાં શુદ્ધ ઉપયોગ સ્વભાવી કહ્યુંને? શુદ્ધ ઉપયોગ સ્વભાવી કહ્યો પછી આ લીધું છે. ક્રમસર આવ્યું છે. કુદરતી ક્રમસર છે એમ અહીં કહ્યું છે. આહા..હા..! આત્મા વસ્તુ છે કે નહિ? પદાર્થ છે કે નહિ? તો એનો કોઈ સ્વભાવ છે કે નહિ? કાયમી સ્વભાવ છે કે નહિ? નિત્ય ભગવાન આત્મા તો એનો નિત્ય સ્વભાવ જ્ઞાનાનંદ. તો નિત્ય સ્વભાવ છે એની પર્યાય એમાં મનન, ચિંતવન જે ઉપયોગ વડે થાય છે. ચિંતન વિકલ્પની અહીં વાત નથી. જાણન... જાણન... જાણન... જાણન... જાણન... આ આત્મા જાણન ઉપયોગવાળો છે. એવી જાણન પર્યાય જે છે તો એમાં નવા કર્મનું નિમિત્ત હોય અને કર્મગ્રહણ થાય એમ છે જ નહિ. બસ આત્માનું ભાન થયું તો એને કર્મ અને સંબંધ કાંઈ છે જ નહિ? છે જ નહિ. ઓહો..હો..! સમજાણું કાંઈ? જડના સંબંધે રાગ જે અચેતન છે તે નિમિત્ત થાય છે. શુભરાગાદિ. એ અચેતન શુભરાગ જાણન ઉપયોગમાં તો છે નહિ. અને જાણન ઉપયોગ તો ત્રિકાળી જ્ઞાયક તરફના લક્ષે જાણવાથી થાય છે. સમજાણું કાંઈ?

આખા ચૌદ બ્રહ્માંડમાં સત્ત્વરૂપ સાર તારો હોય તો એ જ્ઞાયક શુદ્ધ આત્મા છે. એવો જ્યાં ઉપયોગ થયો, બસ એ ઉપયોગમાં કર્મનો સંબંધ હોય અને કર્મગ્રહણ હોય એમ છે જ નહિ. તો છેને થોડું? શાસ્ત્રમાં ચાલે છેને. એ અણુપયોગરૂપ જે રાગ છે એ રાગનું પણ જ્ઞાન કરે છે ઉપયોગમાં, રાગ પણ વ્યવહાર છે, નિમિત્ત છે અને એ સંબંધી પોતાના જ્ઞાનલક્ષણમાં ચૈતન્ય ઉપયોગમાં જે જ્ઞાન થાય છે તે ઉપયોગ પોતાની પર્યાય છે. રાગાદિ અને રાગ

જે કર્મમાં નિમિત્ત થયું તે પોતાની પર્યાયમાં છે નહિ. સમજાણું કાંઈ? ન્યાયથી સમજાય છે કે નહિ? ન્યાયથી અને લોજિકથી તો વસ્તુ એવી છે. આહા..હા..! પણ ભારે ભૂંસાડીયો વાળો છો તમે. આત્માને કર્મ નથી, કર્મનો સંબંધ નથી. તો શું જડ સાથે સંબંધ છે? ભીંત સાથે સંબંધ છે? સાંભળને! સંબંધ જ નથી. એ રાગની સાથે સંબંધ (નથી કેમકે) રાગ અચેતન છે. ઉપયોગ બંધનમાં નિમિત્ત થાય છે? એ તો પહેલા આપણે આવી ગયું નહિ? ૭૩માં આવી ગયુંને? ૭૪-૭૪.

આત્મા દુઃખનું ફળ નથી. કોઈપણ પુદ્‌ગલ પરિણામમાં નિમિત્ત થાય એ આત્મા નથી. એ તો કાલે આવી ગયું ૭૪માં. આવી ગયું કે નહિ? આ તો પ્રવચનસાર છે. એ સમયસારમાં ૭૪માં આવી ગયું.

**जीवणिबद्धा एदे अधुव अणिच्चा तहा असरणा य।**
**दुक्खा दुक्खफल त्ति य णादूण णिवत्तदे तेहिं।।७४।।**

એથી અહીં કહ્યું કે ભગવાન! પુણ્ય-પાપનો વિકલ્પ આસ્રવ જે છે એ વર્તમાન દુઃખરૂપ છે. શુભ-અશુભભાવ વર્તમાન દુઃખરૂપ છે અને નવા પુદ્‌ગલ પરિણામ બંધાય છે એમાં નિમિત્ત છે. તો પુદ્‌ગલ પરિણામ કેવા છે? કે ભવિષ્યમાં આકુળતાને ઉપજાવનારા છે. સમજાણું કાંઈ? આત્મા પુદ્‌ગલ પરિણામનું નિમિત્ત થાય એવો આત્મા છે જ નહિ. આહા..હા..! એ પહેલા આવી ગયું છે. પહેલા હતા કે નહિ? ભગવાન આત્મા પોતાના જાણન ઉપયોગ વડે જે આત્મા તે કર્મનું નિમિત્ત થાય એમ છે નહિ. એ આવી ગયું છે એમાં. પાંચમી ગાથામાં આવે છેને? જીવ કર્મમાં નિમિત્ત થાય એમ છે જ નહિ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ બધે છે, એ તો વાત છે તેને જુદી-જુદી સિદ્ધ કર્યું છે. ભગવાન ચૈતન્યદ્રવ્ય જ્ઞાયકમાં જાગૃતસ્વભાવ, જાગૃત સ્વભાવનો પિંડ પ્રભુ આત્મા અને એની જાણન શક્તિ એ જાગૃતભાવ છે. એ જાગૃતભાવ ઉપયોગ છે. એ ઉપયોગમાં કર્મનું નિમિત્ત થાય અથવા જીવ કર્મમાં નિમિત્ત થાય એમ છે નહિ. સમજાણું કાંઈ? ઓહો..હો..! આખા કર્મકાંડના બંધનની ક્રિયા અને એમાં નિમિત્તમાં થનારો રાગ તે આત્મસ્વરૂપમાં છે નહિ એમ કહે છે. સૂક્ષ્મ વાત છે. આમ (ઉપરથી) સમજી લે તો સમજાઈ જાય એવી વસ્તુ નથી. જો સમજી જાય તો ન્યાલ થઈ જાય. એવી વાત છે. ન્યાલ થઈ જાય. કેવળજ્ઞાન અને કેવળદર્શન થયા વિના રહે નહિ એવી ચીજ સાંભળે તો. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો જૈનશાસન એમાં છે. ઉપયોગ તો વીતરાગભાવ તો જૈનશાસન કહ્યો. ૧૫મી ગાથામાં. તો રાગ જૈનશાસન છે? જિનશાસન, વીતરાગી શિખામણ છે, વીતરાગી ભાવ એ તો પોતાનો જ્ઞાયકસ્વભાવ શુદ્ધ ચિદાનંદ ભગવાન એને આશ્રયે જે વીતરાગી પર્યાય થઈ તે કર્મબંધથી રહિત, વિશેષથી રહિત સામાન્ય સ્વરૂપની દૃષ્ટિ કરે છે, વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય તેને ત્રણલોકનો નાથ

સર્વજ્ઞ જૈનશાસન કહે છે. જૈનશાસન કાંઈ બહાર રહેતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? તો જૈનશાસનમાં પરિણમનારને પોતાની પર્યાયમાં શાસન છે, કે બહાર શાસન છે? સમ્મેદશિખરમાં જૈનશાસન છે? શેત્રુંજયમાં છે? સમવસરણમાં છે? રાગમાં છે? આહા..! શૈલી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. ..બંધ એમ કહ્યુંને ભાઈ! કેવા એ? ...બંધ પહેલા જાનો, પછી આત્મા. અહીં કહે ..બંધ આત્મામાં છે જ નહિ. અરે સાંભળ તો ખરો. સમજાણું કાંઈ? એ કહે કે અમારા મહારાજ એમ કહી ગયા. એમ કહે છે. સમજાણું કાંઈ? અરે ભગવાન! અહીં લખાણ કરે. જૈનદર્શનના પુસ્તકમાં લખાણ લખે. કાંઈ સમજણ નહિ. અરે પ્રભુ! શું કરે? જૈનશાસન એટલે કે એ તો વીતરાગીદશા જૈનશાસન છે. કોઈ સંપ્રદાય નથી જૈનશાસન. સમજાણું કાંઈ? એ કોઈની માનેલી ચીજ નથી. એ તો આત્મા જ શુદ્ધ વીતરાગ પિંડ આત્મા અકષાય સ્વભાવસ્વરૂપ છે એની અનુભવ દૃષ્ટિ થઈ તો વીતરાગ પર્યાય થાય છે. એ વીતરાગી અકષાય પર્યાય તે જૈનશાસન છે. એ તો આત્માની પર્યાય એ જૈનશાસન છે. તો આત્મા જ એવો છે.

કોઈ પૂછતા હતા. જૈનશાસન.. કોણે કીધું, નહિ? મક્ષીમાં. મક્ષીમાં પૂછયું. દશ હજાર માણસ હતાને. ઘણા માણસ હતા. અમે ગયા હતાને હમણાં. .. ઘણા માણસો હતા. એક છોકરાએ કહ્યું કે આ જૈનશાસનની સ્થાપના ક્યારે થઈ? કીધું, આત્મા જ્યારથી ધ્યાનમાં આવ્યો અનાદિથી ત્યારથી શાસનની સ્થાપના થઈ. સ્થાપના કોઈ બીજી ચીજ છે? વસ્તુ જ આત્મા નિર્દોષ આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ, વીતરાગ નામ નિર્દોષ સ્વભાવનો પિંડ છે આત્મા. કાંઈ વસ્તુ સદોષપણે છે? પર્યાયમાં જે સદોષપણું છે એ તો કૃત્રિમ પરલક્ષી ઉપાધિ છે. તો જ્યાં મનન ઉપયોગ ચૈતન્યના લક્ષે થયો તો રાગાદિ આત્મામાં છે જ નહિ. દ્રવ્યમાં નથી, શક્તિમાં નથી, વર્તમાન ઉપયોગની પરિણતિમાં રાગ છે નહિ. રાગસંબંધીનું જ્ઞાન પોતાના ઉપયોગમાં છે. આહા..હા..!

મુમુક્ષુ :- વિકલ્પમાં છે...

ઉત્તર :- એ તો સવારે ચાલે છેને. આવી વસ્તુ છે શું કરે? જગતને સાંભળવા મળે નહિ જૈન શાસનનું વસ્તુસ્વરૂપ. એ માની લે કે અમને ધર્મ કરીએ છીએ. કોણ ના પાડે, ભાઈ! સ્વતંત્ર ચીજ છે અનાદિની. એને કોણ સમજાવી શકે? એ સમજવાની લાયકાત હોય તો સમજાય એવી ચીજ છે. કોઈ એને સમજાવી દે એવો આ આત્મા જ નથી એમ કહે છે. સમજાવી દે તો વિકલ્પ થયો. તો વિકલ્પ ઉઠે અને એ સમજે એવી એ ચીજ જ નથી. પંડિતજી! અને સમજાવનારો સમજાવે એવો વિકલ્પ છે એ આત્મા નથી. આહા..હા..! ભગવાન! એ જે વિકલ્પ છે તે આત્મા નથી. એ આત્માનો ઉપયોગ નથી, પ્રભુ! એમ કહે છે. કોણ કોને સમજાવે અને કોણ કોનાથી સમજે? એવો સ્વતંત્ર ભગવાન આત્મા સ્વતંત્ર

ચીજ છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે...**' લિંગ કહેવું છેને? અલિંગગ્રહણ. ઉપયોગથી ગ્રહણ થતું નથી. તો કોનું ગ્રહણ નથી થતું? કે દ્રવ્યકર્મનું ગ્રહણ નથી થતો. તો દ્રવ્યકર્મથી અસંબંધ છે. તો દ્રવ્યકર્મ પુદ્ગલ કર્મનું ગ્રહણ જેને નથી. જેને નામ આત્માનો ઉપયોગ ને અલિંગગ્રહણ. '**આ રીતે આત્મા...**' આત્મા હવે. છે તો ઉપયોગની વ્યાખ્યા ત્યાં. એવા ઉપયોગવાળો આત્મા '**દ્રવ્યકર્મથી અસંયુક્ત (અસંબંધ) છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' અલિંગ ગ્રહણમાં એવો ભાવ પ્રાપ્ત થાય છે. એવો અર્થ એમાંથી નીકળે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કરવું શું? કરવું એ જાણન ઉપયોગ અંદરમાં લગાવવો. બસ એ જ કરવાનું છે. બીજું કાંઈ કરવાનું નથી. સમજાણું કાંઈ? શુદ્ધ ઉપયોગ અંદરમાં લગાવ્યો તો ઉપયોગમાં બંધ નથી, ઉપયોગમાં અશુદ્ધતા છે નહિ. ઉપયોગ નિર્મળ થયો એ જ ધર્મ અને મોક્ષનો માર્ગ કહે છે. આહા..હા..! વાત પણ એવી છે. લોકોએ બધા શાસ્ત્ર ભણી ભણીને અંદરથી .. નિમિત્ત-ઉપાદાનના ઝઘડા, નિશ્ચય-વ્યવહારના ઝઘડા, ક્રમબદ્ધ હોવાના ઝઘડા. પાંચ ઝઘડા. ક્રમબદ્ધ થાય છે. નહિ એમ નથી. નિમિત્ત વિના ઉપાદાન હોય ખરું? નિમિત્ત નિમિત્તમાં છે. નિમિત્ત છે, પણ નિમિત્ત ઉપાદાનમાં કાર્ય કરે છે કે નહિ? એમ નહિ. તો નિમિત્ત અકિંચિત્કર થઈ જાય છે. વ્યવહાર વિના નિશ્ચય થાય છે? કે વ્યવહારનો અભાવ થઈને નિશ્ચય થાય છે, વ્યવહારથી નિશ્ચય થતો નથી લ્યો! એ વાંધા. એ બધાનો નિકાલ કરી નાખ્યો છે. તારો વ્યવહાર-ફયવહાર ઉપયોગમાં છે જ નહિ, સાંભળ તો ખરો. સમજાણું કાંઈ? શાસ્ત્ર શું કહે છે એની ખબર નથી, ગુરુ શું કહે છે એની ખબર નથી અને ગુરુએ સર્વજ્ઞે કહ્યું એ કહે છે. તો દેવ-ગુરુ-શાસ્ત્રની પણ ખબર નથી. સમજાણું કાંઈ?

'દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો કેમ રહે? કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો, શુદ્ધ શ્રદ્ધાન બિન સર્વ ક્રિયા કરે, છાર પર લીંપણું તેહ જાણો. દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો.' સાંભળ. દેવ સર્વજ્ઞ પરમાત્મા, પરમેશ્વર જેને એક સમયમાં ત્રણકાળને જાણવાની પર્યાય પ્રગટ થઈ છે. એ પરમાત્માની વાણીમાં તો એમ આવ્યું કે તારો ઉપયોગ, કર્મનો સંબંધ કરે એવો ઉપયોગ છે નહિ. સંબંધ કરે તે રાગ છે અને એ રાગ તારા ઉપયોગમાં છે નહિ. રાગ તો અણાત્મા છે, આસ્રવ છે. એકલા ઉપયોગમાં, આત્માના ઉપયોગમાં અણાત્મા છે નહિ. એમ ભગવાને કહ્યું, ગુરુએ એવું .. કહ્યું, શાસ્ત્ર એમ કહે છે. હવે ત્રણેની વાત માને નહિ અને .. આમ થાય છે તો ત્રણેની શ્રદ્ધાના ઠેકાણા નથી. સમજાણું કાંઈ? 'દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો કેમ રહે, કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો.' ઉપયોગ શુદ્ધ જે સ્વભાવ પકડીને પ્રગટ થયો તે ઉપયોગ કર્મમાં નિમિત્ત નથી. એવું જ વસ્તુનું સ્વરૂપ છે. ભાન થયું ત્યારથી એવી ચીજ છે. એમ

શાસ્ત્ર કહે છે, ગુરુ કહે છે, તીર્થંકર સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે. હવે એને બીજી રીતે માને તો ત્રણેને માન્યા નથી. આત્મા છે એમ પણ માન્યું નથી. સમજાણું કાંઈ?

'શુદ્ધ શ્રદ્ધાન બિન સર્વ ક્રિયા કરે.' પછી આ દયા, દાન, વ્રતની ક્રિયા 'છાર પર લીંપણું.' છાર સમજો છો? રાખ. રાખ નથી હોતી? રાખ. ગાર ગાર કરેને. શું કહે છે? લીંપણ. લીંપણ કરે. રાખ ઉપર લીંપણ કરે. એમ કરે તો પોપડા ઉખડે. નીચે એક હાથ સુધી રાખ કરે, પછી ગાર કરે લીંપણ. પણ લીપણું ક્યાં રહેશે તારું? દયા, દાન, વ્રત, પૂજાની ક્રિયા તારી છાર પર લીંપણું છે. આત્મા શું છે, વસ્તુ શું છે, એની શ્રદ્ધા શું છે, એનો શુદ્ધોપયોગ શું છે એની તને ખબર નથી અને આ ક્રિયાથી તને ધર્મ થઈ જશે. છાર પર લીંપણું છે. રાખ પર લીંપણ કરવું. અમારે ગાર કહે છે અહીંયા અમારે કાઠિયાવાડમાં. ગાર સમજ્યાને? .. આમ થાપે. ગાર કરને બાયું ગાર? એ હાથ મારે તો જરાક ઉખડે. પોપડા ઉખડે તારા, ત્યાં ગાર શેની રહેતી હતી તારી? સાંભળને. આહા..હા..!

ભગવાન નક્કોર ચીજ શુદ્ધ ચિદાનંદ ઘન ઉપયોગમાં નક્કોર છે. જેમાં રાગનું નિમિત્તપણું નથી. આહા..હા..! એવી નક્કોર ચીજની પ્રતીતિ શુદ્ધ અનુભવમાં આવી નથી. તો ધર્મ ક્યાંથી થશે તને? આહા..હા..! સમજાણું કાંઈ? હજી તો આ ચીજ સાંભળવા મળવી કઠણ પડે. અને સમજાવે તો તો કહે કે આ શું કહે છે? શું કહે છે એ સમજાતું નથી. એની માનેલી વાત ઉપર કુહાડો પડે છેને. કુહાડો સમજો છો? કુહાડી કરે છેને. .. થઈ જાય એને. નહિ .. સાધુ નામ ધરાવે, એલક નામ ધરાવે, ક્ષુલ્લક નામ ધરાવે, બ્રહ્મચારી, પણ વસ્તુની દૃષ્ટિ શું અને વસ્તુનું સ્વરૂપ શું એની તો ખબર નથી. નામ ધરાવે તો શું થયું? ભાવ તો એમાં આવ્યો નથી. ઓહો..હો..! અમૃતચંદ્રાચાર્યે પણ કામ કર્યું છેને જુઓને! એક અલિંગગ્રહણ... પ્રવચનસાર છેને આનું નામ? ભગવાનના કહેલા શાસ્ત્રનો સાર. પ્રવચન. પ્ર-વચન દિવ્યધ્વનિ. પ્ર-ઉત્કૃષ્ટપણે .. વચન. દિવ્યધ્વનિ. સર્વજ્ઞ પરમેશ્વરને કેવળજ્ઞાન થયું, દિવ્યધ્વનિ ઉઠી. ૐ ધ્વનિ આખા શરીરમાંથી. વીતરાગ ભગવાન પૂર્ણાનંદની પ્રાપ્તિ થઈ... તેને પ્રવચન કહે છે. એ પ્રવચનનો સાર આ છે. દિવ્યધ્વનિમાં તો આ સાર આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સાક્ષાત્ ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. સીમંધર પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિકાળજ્ઞાની .. ઉપયોગવાળા પરમાત્મા બિરાજે છે. એની પાસે ગયા હતા કુંદકુંદાચાર્ય. સંવત ૪૯. સમજાણું કાંઈ? સંવત્ ૪૯. પોન્નુરહીલ ટેકરી છે. મદ્રાસથી એંસી માઈલ આ બાજુ વંદેવાસ ગામ છે એની પાંચ માઈલ છેટે પોન્નુરહીલ ટેકરી છે. ત્યાંથી ગયા હતા. ત્યાં ધ્યાનમાં રહેતા હતા કુંદકુંદાચાર્ય. સંવત્ ૪૯. દિગંબર સંત મુનિ. આત્માના પ્રચુર સ્વસંવેદનમાં (હતા). ભગવાનના વિરહનો વિકલ્પ આવ્યો અને ત્યાં ભગવાન પાસે ગયા. સમજાણું કાંઈ? અને ત્યાં આઠ દિવસ રહ્યા અને ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! કોણ

માને આ? કોણ માને શું, ઈતિહાસ જ એવો છે.

ભગવાન! એ પવિત્ર ચીજ એવી બની છે. સમજાણું કાંઈ? તો શાસ્ત્ર ત્યાં પોન્નુરહીલમાં લખી લીધું. તમને બતાવ્યું કે ભાઈ અહીં શાસ્ત્ર લખવામાં આવ્યું છે. .. ધવલ. ધવલગીરી. ધવલગીરીમાં જયધવલ અને ધવલ બનાવ્યું છે. વ્યવહારના, નિશ્ચયના ગ્રંથ બે નજીકમાં બન્યા છે. ધવલગીરી. છે તો જૈનનું પહેલા. પછી શંકરનું થઈ ગયું ધવલ, જયધવલ ત્યાં લખ્યું છે. ધવલગીરી છે ત્યાં. પોન્નુરહીલ .. બધું લખેલું છે. આ ધવલગીરી એમાં વ્યવહાર ગ્રંથની રચના કરી. આ પોન્નુરહીલ નિશ્ચય.. થયું છે. સમજાણું કાંઈ? એ પરમાત્માનો સંદેશ લઈને આ બનાવ્યું છે. હવે એ પરમાત્માને માને નહિ, ગુરુને માને નહિ, શાસ્ત્રને માને નહિ. પોતાની કલ્પનાએ અર્થ કરે. એ તો તારી કલ્પનાનો અર્થ છે. ભગવાનનું કહેલું, સંતના કહેલા આ અર્થ છે નહિ. આહા..હા..! ઓહો..હો..!

કહે છે, એવા અર્થની પ્રાપ્તિ થાય છે, અલિંગગ્રહણમાં. ભગવાન! વસ્તુ વસેલી, રહેલી એવી શક્તિઓ એ ગુણ અને એની સન્મુખ થયેલું પરિણમન તે ઉપયોગ છે. ઉપયોગને લિંગ કહ્યું. એ લિંગ વડે કર્મનું ગ્રહણ નથી થતું. શુદ્ધ ઉપયોગ છે એમાં ગ્રહણ આત્મા છે. ઉપયોગમાં તો ગ્રહણ તો આત્મા છે. તેમાં કર્મનું ગ્રહણ થતું નથી. એવા ઉપયોગને અહીં ઉપયોગ કહે છે અને એ ઉપયોગને આત્મા ... કર્મનો સંબંધ નથી. ઉપયોગ કર્મના ગ્રહણમાં નિમિત્ત નથી તો કર્મનો સંબંધ ઉપયોગમાં નથી. તો સરવાળો શું કર્યો જુઓ. છે?

**'આત્મા દ્રવ્યકર્મથી અસંયુક્ત છે...'** ભાઈ! એમ લઈ લીધું. ઉપયોગ પહેલા લઈ... પહેલા ઉપયોગનું નામ લીધું છે. તે અંદર અભેદ છે. આત્માને કર્મનો સંબંધ છે જ નહિ. જ્યારથી ઉપયોગથી આત્મા જાણવામાં આવ્યો, ત્યારથી આત્માના ઉપયોગને કર્મસંબંધ નથી તો આત્મા ઉપયોગ ધરનારને પણ કર્મસંબંધ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો ૧૧ બોલ થયો એ. ૧૧ થયો ૧૧. ૨૦ બોલ છે. અહીં તો ભગવાને તો ગાગરમાં સાગર ભરી દીધો છે. સમજાણું કાંઈ? સંતોની શક્તિ એણે જે આવા ભાવ બનાવ્યા એ ભાવ કોઈ અલૌકિક છે. એ તો અસ્તિપણે સત્તા સ્વભાવ એવી ચીજ છે. સમજાણું કાંઈ? વાણી તો વાણીને કારણે નીકળી ગઈ. વિકલ્પ પણ વિકલ્પને કારણે આવ્યો, એ વિકલ્પનો આત્મા કર્તા નથી. કર્તા અહીં નથી લેવું. વિકલ્પ આત્મા નથી. કર્તા-કર્મ સવારે ચાલે છેને? અહીં વિકલ્પ આત્મા નથી. એ આત્માનું દ્રવ્ય નથી અને આત્માની શક્તિ નથી, આત્માની પર્યાય નથી. આહા..હા..! જુઓ, આ સંતોની વાણી! સમજાણું કાંઈ? સંતોએ માર્ગ સહેલો કરી દીધો છે. ૧૧ બોલ થયો.

૧૨. ખરેખર તો રાગનો કર્તા નથી એમ નથી લેતા. રાગના અસ્તિત્વમાં એમ લેવું છેને? નહિતર તો રાગનો કર્તા નથી, રાગનો ભોક્તા નથી તે હવે લે છે. એ શૈલીથી વાત કરી છે. એ અસ્તિથી લીધુંને? અસ્તિથી .. જ્ઞેયનું અસ્તિત્વ છે. તો પોતાના જ્ઞેયનું અસ્તિત્વ

કેટલું? કે જાણન ઉપયોગમાં લક્ષણવાળો એ એનું અસ્તિત્વ છે. એના અસ્તિત્વમાં રાગ નથી અને રાગ જે કર્મમાં નિમિત્ત થાય એ બેય ચીજ આત્માના ઉપયોગમાં નથી. એવો એ આત્મા જ્ઞેયતત્ત્વ છે. પંડિતજી! અરે! એકવાર સાંભળે તો ખરો. વિરોધ કરે છે, વિરોધ કરે છે. પણ એકવાર સાંભળ તો ખરો આઠ દિવસ. શું છે અને શું કહે છે? સમજ્યા વિના વિરોધ-વિરોધ. એકાંત છે. અરે એકાંત છે, સાંભળને! એકાંત મોક્ષનો માર્ગ છે. એનાથી મોક્ષ મળશે, એકાંત મળશે. અનેકાંતની ખબર નથી ને અનેકાંત છે એમ કહે. સમજાણું કાંઈ?

હવે બારમો બોલ. '**જેને લિંગો દ્વારા એટલે કે ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ઉપભોગ નથી...**' ઓહો..! શું કહે છે? પાંચ ઇન્દ્રિયના જડ પરમાણુ અને ખંડ-ખંડ ઇન્દ્રિય તે આત્મા નથી. તે વિષયનો ભોક્તા પરચીજ છે. ઇન્દ્રિયો, સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસા, લક્ષ્મી એ બધું-એનું લક્ષ થઈને જે રાગ આવે છે એ રાગનો ભોક્તા અજ્ઞાનદશામાં છે. આત્માનું ભાન નથી ત્યાં છે, એમ કહે છે. તો એ આત્માનો રાગ તો આત્મામાં નથી. તો આત્મા રાગનો ભોક્તા છે એમ પણ નથી. આહા..હા..! શું કહે છે? ફરીને. '**જેને લિંગો દ્વારા એટલે કે ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ઉપભોગ નથી...**' ખાય છે, પીવે છે. અરે એ છે જ નહિ આત્મામાં. સાંભળ તો ખરો. વિષય સંબંધી વિકલ્પ જે છે એ તારી પર્યાયમાં કહેવામાં આવ્યો એ વ્યવહાર છે. અને પરની ક્રિયા તો પરથી થાય છે. અહીંયા તો કહે છે કે જે ભોક્તાનો રાગ છે એ ભોક્તાપણાનો રાગ એ ચીજ નિમિત્ત ભોગ્ય અને ભોક્તા-એવી ચીજ ઉપયોગમાં છે જ નહિ. અહીં તો ભોક્તાનો પણ જે વિકલ્પ છે એ તો આસ્રવ છે. અને ભોગ્ય જે નિમિત્ત કહેવામાં આવે છે એ તો પરચીજ છે. બેય ચીજ પોતાના ઉપયોગમાં નથી. તેને ઉપયોગ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે આત્મા ઇન્દ્રિયો વડે... પહેલા કહ્યું હતું કે ઇન્દ્રિયોથી આત્મા જાણતો નથી એમ કહ્યું હતું પહેલા બોલમાં. ઇન્દ્રિયો વડે જાણવાથી ઇન્દ્રિય નિમિત્ત પડે અને જ્ઞાન થાય એ જ્ઞાન નથી. એ જ્ઞાન નથી. ઇન્દ્રિયો નિમિત્ત પડે અને કર્મ નિમિત્ત પડે અને જે ભાવ વિકાસ થાય તે જ્ઞાન નથી, અજ્ઞાન છે, અચેતન છે. એને જાગૃત ચૈતન્યની રુચિ નથી. આહા..હા..! અહીં તો કહે છે કે '**ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ઉપભોગ નથી...**' ઇન્દ્રિયો નિમિત્ત છે અને એમાં રાગાદિ ભોગ જે થયો એ આત્માની પર્યાય નથી. આહા..હા..! એ તો આસ્રવની પર્યાય છે. અને નિમિત્ત પરવસ્તુ છે. તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જ પોતાના ઉપયોગમાં નથી. સમજાણું કાંઈ? એવું નિમિત્ત એમાં નથી. પણ જે ભોગનો વિકલ્પ છે એ સંબંધીનું પોતાનું જ્ઞાન છે તે જ્ઞાનને આત્મા ભોગવે છે, પણ રાગને ભોગવતો નથી. આહા..હા..!

મુમુક્ષુ :- .. રોટલા વગર થઈ ગઈ?

ઉત્તર :- રોટલાની તો વાત જ ક્યાં છે? ધૂળને કોણ ભોગવે? એ તો પુદ્ગલની પર્યાય છે. રોટલી, સ્ત્રીનું શરીર, માખણ, મોસંબી, પાંચ-પાંચ, દશ લાખના હજીરા. હજીરા એટલે મકાન, બંગલા, એમાં હીંડોળા-ખાટ સોનાની હોય, એને તો જીવ ત્રણ કાળમાં ભોગવતો નથી. એ તો જડ છે. જડ અરૂપી ભગવાન આત્મા એ રૂપીને કદી અડતો જ નથી. શું ગ્રહણ કરે અને શું ભોગવે? અરૂપી ભગવાન જડને ભોગવે એમ ત્રણ કાળમાં નથી. એ તો વાત જ નથી, પણ એ સંબંધીનું લક્ષ જે વિકલ્પ થાય છે શુભરાગાદિ એ પોતાના ઉપયોગમાં નથી તેને આત્મા કહે છે. રાગ તો આસ્રવતત્ત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને પરચીજ તો આત્માના-જીવના અભાવવાળી ચીજ છે. ચાહે તો બીજો આત્મા હોય કે ચાહે તો શરીરાદિ હોય, પણ પોતાના જીવનો તો એમાં અભાવ છે. તો એ અપેક્ષાએ બધાને અજીવ કહેવામાં આવે છે. તો અજીવનો આત્મા ભોક્તા અને આત્મા અજીવ ગ્રહણ કરે એ ત્રિકાળ જૂઠી છે.

મુમુક્ષુ :- એ અપેક્ષાએ તો સાચું છે.

ઉત્તર :- એ અપેક્ષાએ, વ્યવહાર અપેક્ષાએ, મિથ્યાદૃષ્ટિની વ્યવહાર અપેક્ષાએ, માને છે એ અપેક્ષાએ વ્યવહાર સાચો. મિથ્યાત્વ એનું સાચું એમ. કીધુંને મિથ્યાત્વ તરીકે મિથ્યાત્વ તરીકે સાચું, ઉંધી માન્યતા તરીકે. સમજાણું કાંઈ? આહા..હા..! 'અલખ નામ સુણી ગગનમેં મગન ભયા મન મેરા.' અરે ભગવાન! આત્મા રાગને ભોગવે? એ આત્મા? આત્મા તત્ત્વ છે એ આસ્રવતત્ત્વને ભોગવે? એ તત્ત્વ ભિન્ન છે, આ તત્ત્વ ભિન્ન છે. ભગવાન જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ ચિદાનંદ આત્મા એ પરને ભોગવે એ તો છે નહિ. પરને ગ્રહણ કરે એ તો છે નહિ. કેમકે એ ચીજ એમાં આવે-જાય એની દશામાં. પણ એમાં રાગ થયો એનો પણ આત્મા તો ભોક્તા નથી. રાગને ભોક્તા માને છે એ આત્મતત્ત્વને માનતો નથી. સમજાણું કાંઈ? કેમકે રાગ છે, વિકલ્પ છે તે આસ્રવતત્ત્વ છે. એ મેલતત્ત્વ છે. એ મેલને ભોગવનારો ભોક્તા આત્મા નથી. એ આત્મા નથી, એ તો અણાત્મા મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

વસ્તુ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ ચૈતન્ય જ્ઞાનજ્યોતિ એવું જે એના લક્ષથી જે જાણન ઉપયોગ થયો, એ ઉપયોગમાં રાગનો ભોક્તા ક્યાંથી આવ્યો? એ રાગ હોય, પણ એ વખતે ક્રિયા રાગના નિમિત્તમાં હોય, એ સંબંધીનું પોતામાં રહીને જ્ઞાન થાય છે એ જ્ઞાનનો આત્મા ભોક્તા છે. રાગનો ભોક્તા અને ઇન્દ્રિયના વિષયનો ભોક્તા આત્મા નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! અમે પાણી પીએ છીએ, અમે આહાર લઈએ છીએ, અમે ખજુર ખાઈએ છીએ. ખજુર ખાય છે. ઓલા ..આવેને બહુ. ખજુર ખાઈએ છીએ. ખજુર સમજો છો? ખજુર હોય છેને. ખારેક હોય છે. તેને સૂકવીને ખારેક થાય છે ખારેક. સુકાઈ જાય તો ખારેક થઈ જાય. ખારેકની બહુ જાત હોય છે. અમારે ખારેકનો વેપાર હતોને એટલે. .. ખારેક બહુ.. ઘણા ગૃહસ્થ. ખારેક એમાં સુકાઈ.. સાકરી ખારેક ને ઢીંકણી ખારેકને. સાકરી

ખારેક. સાકરી ખારેકનું શાક કર્યું હતું ઓલા આઠમ હતીને તો સાકરી ખારેકનું શાક કર્યું. ખારેકનો મોટો વેપાર મોટો. દશ લાખની તો ઉપજ છે બાર મહિને. ખજુરના મોટા વેપારી. ખજુરને સુકવવાની રીત છે. ત્યાં પરદેશમાં જાયને તો આરબ દેશ... મુસલમાન. તો એ ખજુર એવા ઉંચા લાવે. એવા ખજુર મીઠા. ખજુર ખાઈ શકે છે? મેં ખજુર ખાધો એ માન્યતા મૂઢ જીવની છે. કેમકે એ ખાઈ શકતો નથી. મેં રોટલી ખાધી, દાળ લીધી, મોસંબી પીધી એ જડની પર્યાય મેં લીધી અને મે કરી, મૂઢ મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે.

મુમુક્ષુ :- ચા-પાણી તો પીધા.

ઉત્તર :- ચા-પાણી ધૂળમાંય પીધા નથી. એની તો વાત અહીંયા છે નહિ. પણ એ સંબંધી જે વિકલ્પ ઉઠે છે એનો પણ આત્મા ભોક્તા માનવો એ મિથ્યાદષ્ટિ છે, એ આત્મા માનતો નથી. પોતાની ચીજને છોડીને રાગથી પરચીજને ભોગવે એ આત્મા નથી એમ કહે છે. નિજઘરનો સ્વભાવ છોડીને પરઘરના વિકલ્પના રાગને (ભોગવે) એ આત્મા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'લિંગો દ્વારા એટલે એટલે કે ઇન્દ્રિયો...'** પાંચેય ઇન્દ્રિયો હોં આ પાંચ. એ તો જડ છે, આ માટી છે. એના વડે આમ કરવું... આમ કરવું... એ પણ કરી શકતો નથી. એના અસ્તિત્વથી એ ક્રિયા થાય છે. આત્માના અસ્તિત્વથી એની ક્રિયા થાય છે એમ છે નહિ. કેમકે આત્માના અસ્તિત્વથી એનું હોવાપણું છે નહિ. એ તો એને કારણે એના અસ્તિત્વની પર્યાય છે. એ પર્યાય મારાથી થઈ એ વાત તો છે નહિ. એ પર્યાયનો ભોક્તા એ તો વાત નથી, તો એ સંબંધીનો વિકલ્પ ઉઠે છે એનો ભોક્તા માનવું એ આત્મતત્ત્વને છોડીને વિકલ્પનો ભોક્તા છે એ આત્મા નથી, અણાત્મા મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

**'ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ઉપભોગ નથી...'** આહા..હા..! કહે છે કે એવો જો આત્મા હોય અને એને ભાન થયું, તો પછી લગન કેમ કરે છે સમકિતી? અરે સાંભળ તો ખરો. સમ્યગ્દષ્ટિ છે એ આત્માના અનુભવને માને છે. રાગનો હું ભોક્તા નથી. તો પછી લગન શું કરે છે સ્ત્રી સાથે? સાંભળ તો ખરો. એ લગન કરતા જ નથી. એ સંયોગથી જે ચીજ આવવાની છે તે આવી છે અને એ સંબંધીનો વિકલ્પ જરી ઉઠ્યો છે એ બેયનો જ્ઞાની જ્ઞાતા છે. સમજાણું કાંઈ? એક સમયમાં એ જ આસ્રવનું જ્ઞાન કરનારી પર્યાય સત્ ઉત્પન્ન થનારી હતી. જ્ઞાન એ જ સમયમાં એ રાગનું જ જ્ઞાન, દેહની ક્રિયા, એ સમયનું સત્ છે, જડનું, રાગનું અને પરનું. એ સંબંધીના સત્‌માં, એ સંબંધીનું જ જ્ઞાનની પર્યાય એ સમયે ઉત્પન્ન થનારું સત્ હતું. સમજાણું કાંઈ? ભારે જગતને દુનિયાને મેળ ખાવો. જગતને અને ભગતને. આહા..હા..! તે આત્મા વિષયોનો ભોક્તા નથી. આહા..હા..! તેને આત્મા કહે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ સુદ ૪, મંગળવાર, તા. ૨૦.૦૫.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૧૨-૧૩, પ્રવચન-૧૫૯**

પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન. જ્ઞેય નામ આત્મા કેવો છે. ખરેખર આત્માનું સ્વરૂપ સત્યથી, નિશ્ચયથી કેવું છે એ કહે છે. ૧૨મો બોલ ચાલ્યો છે ૧૨. કહે છે કે '**લિંગો દ્વારા એટલે કે ઈન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ઉપભોગ નથી...**' લ્યો! ત્યારે કોઈ કહે કે આ વિષયોને ઉપભોગ જડ કરે છે? જડ કરેનો અર્થ શરીરની ક્રિયા તો જડ છે, પણ એમાં જે રાગ ઉત્પન્ન થયો એ પણ અચેતન છે. અંતર સ્વભાવ આત્માની દૃષ્ટિથી અનુભવ જોતા અને આત્માને જોતાં એ રાગનું જ્ઞાન આત્મામાં છે, રાગનો ભોક્તા આત્મામાં નથી. વ્યવહાર છે ખરો. સમજાણું કાંઈ? વ્યવહાર વ્યવહાર તરીકે રાગનું વેદન પર્યાયમાં છે એટલો વ્યવહાર જાણવામાં આવે છે, પણ એ વેદન પોતાની પર્યાયમાં-નિર્મળ પર્યાયમાં નથી. કેમકે જે રાગ છે એ આસ્રવતત્ત્વ છે, મલિનતત્ત્વ છે. ચાહે તો શુભ હો કે અશુભ હો. આત્મા એને કહીએ કે જે પાંચ ઈન્દ્રિયના વિષયનો ભોક્તા નથી. ત્યારે કહે છે, આ ભોગવે એ જડ ભોગવે, અમને તો કાંઈ છે નહિ. એમ સ્વચ્છંદી થઈ જશે. અરે ભગવાન! સાંભળને ભાઈ!

આત્મા આત્મા તરીકે જેણે જાણ્યો.. અહીં તો આત્મા જ એવો છે એમ કહે છે. આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ એની જ્યાં દૃષ્ટિ થઈ ત્યારે આત્મા થયો, ત્યારે આત્મા થયો. તો એ આત્મામાં અશુભરાગાદિ જે ભોક્તાપણું છે એ વ્યવહારમાં જાય છે, અભૂતાર્થમાં, અસત્યાર્થમાં જાય છે. છે. એ સંબંધીનું જ્ઞાન જે છે એ પોતામાં છે. શું કહે છે?

મુમુક્ષુ :- .. રાગનો ભોક્તા નથી?

ઉત્તર :- રાગનો ભોક્તા છે જ નહિ. એ તો વ્યવહાર અસદ્ભૂત વ્યવહારનું જ્ઞાન કરાવ્યું છે. ઉપચારથી, અશુદ્ધનયનું જે પરિણમન છે એ પરમાં, વ્યવહારમાં ગયું. એ પણ ખરેખર અસદ્ભૂત રાગ. આત્માની દૃષ્ટિ થઈ અને આત્મા છે એ તો આનંદનો ભોક્તા છે. સમજાણું કાંઈ? અધ્યાત્મમાં એવી વાત પર્યાયની લીધી છે. બે પર્યાય નથી. વસ્તુનો એવો સ્વભાવ છે. ભગવાન આત્મા, આત્મા જ એને કહે છે કે જે અણિન્દ્રિય પ્રભુ આત્મા છે. અને એમાં રાગાદિ, વિકલ્પાદિ, નિમિત્ત તો એમાં છે જ નહિ, એવો આત્મા પાંચ ઈન્દ્રિયના વિષયનો ભોક્તા છે જ નહિ. ત્યારે કહે છે ભોગવે છે કોણ જડ? એનો અર્થ કે જડની ક્રિયા જડમાં થાય છે ત્યારે સ્વતંત્ર એનું અસ્તિત્વ છે. અને રાગ પણ પોતાની નબળાઈને લઈને થયો એને પરમાં નાખી દીધો. એ અચેતનમાં નાખ્યું. કેમકે અતીન્દ્રિય આનંદ ઉપર

ધર્મીની દૃષ્ટિ છે અથવા આત્માની વસ્તુસ્થિતિ એવી છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સમજાતું નથી.

ઉત્તર :- ફરીને કહીએ, ન સમજાય તો. આત્મા એટલે કે અતીન્દ્રિય આનંદરસસ્વરૂપ તે આત્મા. તો એવો આત્મા તેની જેને દૃષ્ટિ થઈ આત્માની કે આ આત્મા. એવું સમ્યગ્દર્શન-જ્ઞાન થયું તો એ આત્મા પાંચ ઈન્દ્રિય તરફના વલણવાળો જે વિકલ્પ છે એ એનો છે જ નહિ. સમજાણું કાંઈ? વ્યવહાર છે, એ વ્યવહાર છે, પણ વ્યવહાર પરમાં ગયું. અધિકપણે રાગથી અને પરથી અધિકપણે પોતાના આનંદ અને જ્ઞાનનો અનુભવ પર્યાયમાં ઝૂલે છે તેને આત્મા કહે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અંતર ચૈતન્ય અનાકુળ અતીન્દ્રિય છે. તે આત્મા. સ્વભાવ.. છે. એવા સ્વભાવવાન એવી ચીજ છે. તો એ આત્મા દૃષ્ટિ જ્યારે આત્મા ઉપર થઈ તો એ આત્મા પંચેન્દ્રિય સંબંધીની જડની ક્રિયા અને થોડો રાગાદિ શુભ ભાવ એ બધું પોતાની પર્યાયમાં નથી આવ્યું. વ્યવહાર છે એ નિશ્ચયની પર્યાયમાં નથી આવ્યો. વ્યવહાર સંબંધીનું પોતાનું જ્ઞાન, એ રાગનું જ્ઞાન એનો ભોક્તા. એ જ્ઞાનને આત્મા ભોગવે છે. એ શુદ્ધતાનો પણ ભોક્તા છે, પણ પાંચ ઈન્દ્રિયના વિષયનો ભોક્તા આત્મા નથી અથવા ધર્મી નથી. તો આત્મા નથી એટલે ધર્મીની દૃષ્ટિ પણ એ ઉપર નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ ખાય છે? ધૂળ ખાય કોણ? એ ક્રિયા તો જડમાં, જડના અસ્તિત્વમાં થાય છે આમ... આમ... આમ.. એ તો જડના અસ્તિત્વમાં છે. હવે એ વિકલ્પ ઉઠે છે. એ વિકલ્પ ઉઠે એ દ્રવ્યસ્વભાવમાં નથી, ગુણમાં નથી. તો એવી દ્રવ્યદૃષ્ટિ જ્યારે થઈ ત્યારે આત્મા છે એમ અનુભવમાં આવ્યો. તો એવો આત્મા પાંચ ઈન્દ્રિય તરફના વિકલ્પનો ભોક્તા છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે અતીન્દ્રિય આનંદની મીઠાશમાં આત્મા જણાયો છે. ભગવાન આત્મા... એ રાગના ભોગની વાસના છે તો ઝેર દુઃખરૂપ વાસના છે. સમ્યગ્દૃષ્ટિ પણ છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં ભોગની વાસનામાં દેખાય, તો એ વાસનામાં છે જ નહિ. એમ કહે છે. વાસના છે એ રાગ છે અને ભગવાન આત્મા રાગથી ભિન્ન છે. એવા અનાકુળ આનંદ સ્વભાવના ધ્યાનમાં ધ્યેય જ્યાં આવ્યો તો એ આત્મા રાગનો ભોક્તા છે જ નહિ. અધ્યાત્મની સમ્યગ્દૃષ્ટિમાં એક જ પર્યાયનો ભોક્તા ગણવામાં આવે છે. એ વેદન થોડું છે તો એ વેદન ગણવામાં આવ્યું જ નથી. ... સમજાણું કાંઈ? આહા..હા..! વસ્તુ એવી છે.

કોઈ એમ કહે સ્વચ્છંદી થઈને... સમજાણું કાંઈ? પોતાની અનાકુળ આનંદની દૃષ્ટિ થઈ નથી, સ્વભાવનું ભાન થયું નથી અને પછી કહે કે એ તો ઈન્દ્રિયનો ભોગ કરે છે. અજ્ઞાનીને જ્યારે રાગ થાય છે તો રાગમાં ભોક્તાની મીઠાશ છે એને. મીઠાશ છે તો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? એ ભોગના વિકલ્પની વાસનામાં પ્રેમ અને મજા જોવે છે તે ઝેરને અનુભવે છે. સમજાણું કાંઈ? હળાહળ ઝેરને પીવે છે અને માને છે કે અમને મજા છે.

સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ આવવાની હોય...

ઉત્તર :- એ આવવાની હોય તો કોને પણ? કોને? જેને સત્ જ્ઞાયકભાવ પરિપૂર્ણ શુદ્ધ છે એવી દૃષ્ટિ જામી ગઈ છે તેને જે ભાવ આવવાનો છે તે આવ્યો, એને એની યોગ્યતા ક્રમબદ્ધમાં આવનારનું જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? એકલું ક્રમબદ્ધ-ક્રમબદ્ધ કરે અને આવનારો આવનારો એ તો પર્યાયદૃષ્ટિ થઈ, એ તો પરરૂપ દૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ફરીથી. ભાઈએ લખ્યું છે. સોગાનીએ લખ્યું છે એક પત્રમાં. કે થવાનું છે... થવાનું છે.. એ મને ખટકે છે. થવાનું છે, થવાનું છે-એ મને ખટકે છે. જેની દૃષ્ટિ... અહીંયા આત્માની વાત ચાલે છે કે નહિ? તો આત્મા પૂર્ણાનંદ પ્રભુ અનંતગુણનું એકરૂપ એવી જ્યાં દૃષ્ટિ થઈ તો એ સમયે જે રાગ થવાનો હોય તે થાય છે એમાં નિમિત્ત એ છે. તો એની દૃષ્ટિમાં રાગ અને નિમિત્ત છે નહિ. દૃષ્ટિ તો જ્ઞાયક ઉપર છે. એ કારણે થનારી જ્ઞાનની પર્યાય થનારનું જ્ઞાન કરે છે. થનારનું જ્ઞાન કરે છે રાગનું. કેમકે સ્વનું જ્ઞાન છે એ થનાર રાગનું જ્ઞાન કરે છે. એકલા રાગ ઉપર જ્યાં દૃષ્ટિ છે અને થવાનું તે થયું છે (એમ માને છે) એ તો મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અશુભરાગ થયો, ભોગની વાસના થઈ, દૃષ્ટિ ત્યાં પડી છે. તેને થવાનું છે એ ત્યાં ઉભું છે. સમજાણું કાંઈ? એની મીઠાશ તો રાગમાં છે. તો પર્યાયબુદ્ધિમાં, વિકલ્પમાં પ્રેમ માને છે, વિકલ્પમાં મજા માને છે તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. અને થનારનું જ્ઞાન છે જ નહિ એને. સમજાણું કાંઈ? કર્તૃત્વબુદ્ધિ તો છે. એને કરું... કરું છે, ત્યાં ક્રમબદ્ધ અને થવાની પર્યાય આવી ક્યાંથી? આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! એમ સ્વચ્છંદ થઈને માની લે એવી ચીજ નથી. સમજાણું કાંઈ?

કાલે ત્રણે બોલ .. જુઓ એમાં ક્રમબદ્ધ થવાનું છે .. વિકલ્પ. .. કરતા હતાને એને? થાય છે પણ કોને? જેને પોતાના જ્ઞાયક ચિદાનંદ નિર્મળાનંદ પ્રભુ દૃષ્ટિમાં આવ્યો તો જ્ઞાયક સ્વભાવમાં દૃષ્ટિ પરિણમી, તેને થનારની યોગ્યતા પ્રમાણે રાગ આવે છે તો રાગનું જ્ઞાન કરે છે અને એટલો તીવ્ર રાગ પણ એને થતો જ નથી. રાગની મીઠાશમાં એકતા છે તો અનંતાનુબંધીનો રાગ છે. જેમાં અશુભ રાગ આવ્યો. મીઠાશ.. એ તો અનંતાનુબંધી છે. અને સાથે મિથ્યાત્વ પડ્યું છે. સમજાણું કાંઈ? એને રાગવાળો માન્યો અને રાગનો આનંદ મારો છે એમ માની લીધું. આહા..હા..! ચીજ એવી છે ભાઈ! સમજાણું કાંઈ? ચૈતન્ય ભગવાન.. સમજાણું કાંઈ? ... સાંભળ્યું છે.. ..છે. ... ખટકે છે. મને ખટકે છે. ભાષા બોલે છેને. વાત સાચી છે. અહીં છે. આ બાજુ પહેલા પાને. શું છે? ઉપર આ બાજુ. આ તો આ લોકો કહે છેને. ક્રમબદ્ધ થશે જ થશે. .. આવવાનો હતો એ આવ્યો, આવવાનો હતો એ આવ્યો, કોને? જેને આત્મા ચિદાનંદ સમ્યક્ થયું છે, અનુભવ થયો છે, એ તરફનું જ્ઞાન થયું છે, તો અંતર દ્રવ્યને જોવે છે, તેને આવવાનો રાગ છે તેને જાણે છે એ. તો એને

તીવ્ર રાગ તો થતો જ નથી. અનંતાનુબંધી રાગ એને થતો જ નથી. રાગની એકતાબુદ્ધિ તો છે નહિ, રાગની મીઠાશ નથી, આવી મીઠાશ એ મીઠાશ આનંદ આત્મામાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવું કથન .. ક્રમબદ્ધ થવાનું હશે તે થાશે. મરી જઈશ. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે થવાનું હશે તે થાશે. એમ કહે છે ક્રમબદ્ધમાં આવે છે. પણ કોને ક્રમબદ્ધમાં આવે છે? તને કર્તાબુદ્ધિ છે, રાગ ઉપર દૃષ્ટિ છે, યોગ્યતા થવાની છે એવી યોગ્યતાનું જ્ઞાન તો તને છે નહિ. કેમકે પોતાના જ્ઞાન વિના યોગ્યતાનું જ્ઞાન થતું નથી. પોતાના જ્ઞાયકસ્વભાવનું ભાન થયા વિના એ યોગ્યતાનું જ્ઞાન, પર્યાયનું જ્ઞાન (ને) દ્રવ્યનું જ્ઞાન થયા વિના થતું જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? .... ... વસ્તુ એવી છે. અંતરમાં જ્ઞાયકભાવ, દ્રવ્યભાવ, ધ્રુવભાવ, ત્રિકાળી સ્વભાવભાવ એમાં જ્યાં ચોટ લાગી, પછી રાગ હોય તો .. તો તીવ્ર રાગ તો એને છે નહિ. અનંતાનુબંધીનો તો રાગ છે નહિ. મંદરાગ થશે એ રાગની યોગ્યતાનું જ્ઞાન કરે છે. રાગ ઉપર દૃષ્ટિ નથી. પર્યાય ઉપર જ્ઞાનીની દૃષ્ટિ હોતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કોઈ કહે કે લ્યો ભોક્તા નથી? આ ભોગવે એ જડ ભોગવે છે? અરે જડ પણ ભોગવતો નથી, સાંભળ તો ખરો, પ્રભુ! જ્યાં ચૈતન્ય સંપદા ભગવાન આત્મા, ચૈતન્ય અનાકુળ આનંદ આદિ સંપદાનો ધણી, સ્વભાવનો સ્વામી થયો, ધર્મી આત્માનો સ્વામી છે. કેમકે ધર્મી આત્મામાં એક સ્વસ્વામીસંબંધ નામનો ગુણ અનાદિથી પડ્યો છે. તો એ ગુણનું ભાન ક્યારે હોય? કે ગુણના ધરનાર ગુણી ઉપર અનુભવ થાય ત્યારે એનું ભાન થાય. તો એ ગુણના ભાનમાં પોતાના દ્રવ્યસ્વભાવનો સ્વામી, ગુણનો સ્વામી અને નિર્મળ પર્યાય શુદ્ધ આનંદની હોય એનો એ સ્વામી છે. રાગનો સ્વામી નથી. અરેરે! સમજાણું કાંઈ? અને પ્રેમ અને ઉલ્લાસથી રાગમાં જાય અને કહે કે અમને થવાનું હતું તે થયું. મૂઢ છો? મિથ્યાદૃષ્ટિ છે, પામર છે, નરક-નિગોદનું સાધન છે એ. આહા..હા..! સમજાણું કાંઈ? મિથ્યાત્વભાવ છે. મિથ્યાત્વભાવ તો નરક-નિગોદનું કારણ છે. આચાર્ય મહારાજે કહ્યોને કે એક વસ્ત્રનો તાણો રાખે તો એ પ્રકારનો રાગ રહે છે. અને મુનિપણું માને તો નિગોદ જશે. એ કાંઈ એને કારણે છે? એ તત્ત્વની દૃષ્ટિ ઉલટી થઈ ગઈ એની.

મુમુક્ષુ :- આકરું છે.

ઉત્તર :- આકરું નથી, વસ્તુની સ્થિતિ એવી છે. સમજાણું કાંઈ? સમજાણું? એવું કુંદકુંદાચાર્યે કહ્યું કે એક તાણો પણ વસ્ત્રનો રાખે અને મુનિપણું માને નિગોદ ગચ્છઈ, નિગોદ જશે. એનો અર્થ શું? જ્ઞાયક ભગવાન આત્મા એમ જો દૃષ્ટિમાં લીધું હોય તો તો રાગની એટલી મંદતા થઈ જાય મુનિને કે જેમાં રાગ વસ્ત્ર લેવાનો વિકલ્પ પણ ન હોય. એવી ભૂમિકાની સ્થિતિ છે. તો એવો આત્માની દૃષ્ટિનો અભાવ થયો, એમાં રાગમાં મુનિપણું માન્યું, તો આત્માનું ભાન પણ વિરૂદ્ધ થયું અને એમાં તો રાગની મંદતાનો વિકલ્પ થાય છે. એમાં

તીવ્ર થયો તો આસ્રવના તત્ત્વની દૃષ્ટિ પણ વિરૂદ્ધ થઈ ગઈ અને આસ્રવને રોકે જે સંવર, આ તો સંવરની દશામાં એટલો રાગ થતો જ નથી. છઠ્ઠા ગુણસ્થાનની સંવર દશામાં એટલો રાગ વસ્ત્ર લેવાનો થતો જ નથી. તો સંવર નથી એને સંવર માની લીધો. રાગ આસ્રવ તીવ્ર છે એને મંદ માની લીધો અને જેને એવો વસ્ત્રનો વિકલ્પ છે તેને સંયોગમાં વસ્ત્ર આવે છે. તો અજીવનો સંયોગ થયો તો અજીવનો સંયોગ જ્ઞાનીને એવો થતો જ નથી. તો અજીવની શ્રદ્ધા પણ એની વિપરીત થઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શું કહે છે? ચીભડાના ચોરને ફાંસી. એમ આવે છેને. અમારા કાઠિયાવાડમાં આવે છે. હા એ. છેને? કેવું ગજબ લખ્યું છે! અહીં છે જુઓ. પાંચસો બોલમાં .. રાગને જ્ઞાનનું જ્ઞેય, જ્ઞાનનું જ્ઞેય કહે છે અને લક્ષ રાગ તરફ છે તો સાચા જ્ઞાનનું જ્ઞેય નથી. જ્ઞાનનું જ્ઞેય તો અંદરમાં સહજરૂપ થઈ જાય છે. લક્ષ બહાર પડ્યું છે અને જ્ઞાનનું જ્ઞેય એમ બોલે તો મને તો ખટકે છે. સમજાણું કાંઈ? લક્ષ તો બહાર પડ્યું છે... અને જ્ઞાનનું જ્ઞેય છે. એ જ્ઞેય ક્યાંથી આવ્યું? સ્વના જ્ઞાન વિના રાગનું જ્ઞેય ક્યાંથી આવ્યું? એમ બોલે તો મને ખટકે છે. એમ યોગ્યતા, ક્રમબદ્ધ વગેરેમાં લક્ષ બહાર પડ્યું છે ... એ તો મને ખટકે છે. સમજાણું કાંઈ? ન્યાયથી સમજે. એ .. આવે છે. એ દ્રવ્યદૃષ્ટિપ્રકાશ છે. ગ્રંથનું નામ એવું છે. બીજો ભાગ બહારમાં થોડું સ્પષ્ટ રીતે બહાર નથી આવ્યું. સમજાણું કાંઈ? એવી ચીજ છે. અજર પ્યાલા છે એમાં. એ કહે છે. આહા..હા..!

એનો અર્થ એ છે. લક્ષ તો બહાર રહ્યું, રાગ ઉપર રહ્યું, નિમિત્ત ઉપર રહ્યું અને પર્યાય ઉપર રહ્યું અને કહે કે મને રાગ આવવાનો હોય તે આવે છે, એ ક્રમબદ્ધમાં જે આવવાનું હતું તે આવ્યું, યોગ્યતા હતી તો આવ્યું. મૂઢ છે. સ્વના જ્ઞેયનું જ્ઞાન તો કર્યું નથી અને પરનું જ્ઞાન કરે એ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે ભાઈ! આ તો વસ્તુની સ્થિતિ એવી છે. ભગવાને કહ્યું માટે આત્માને કરાવ્યું એમ નથી. આત્મા તો એવો જ છે. આહા..હા..! ભાઈ! ભગવાન આત્મા અનાકુળ આનંદસ્વરૂપ એવી જ્યાં દૃષ્ટિ અંતરમાં થઈ પછી રાગ આવવાનો છે એનું જ્ઞાન કરે છે. ભોગની, વાસનાની વૃત્તિ જ્ઞાનીને થઈ એ તો વ્યવહારથી કહેવામાં આવે છે. એની પર્યાયમાં એ છે જ નહિ. કારણ કે અધ્યાત્મ સ્વભાવમાં એક પર્યાયમાં એક પર્યાય .. ગણવામાં આવે છે. બીજો ભાગ ગણવામાં આવતો નથી. સમજાણું? વ્યવહારનો ભાગ જે ઉત્પન્ન થયો એમાં છે એમ કહેવામાં આવે છે. જ્ઞાન કરાવવું હોય તો એમ કહેવામાં આવે કે વ્યવહાર છે. પણ એ વ્યવહાર નિશ્ચયનો નિષેધ કરીને વ્યવહારનું જ્ઞાન કરે છે એમ નથી. નિશ્ચયને રાખીને વ્યવહારનું જ્ઞાન કરે ત્યારે પ્રમાણજ્ઞાન થાય છે. શું કહ્યું એ? પોતાના નિશ્ચય સ્વભાવની દૃષ્ટિ થઈ તો રાગનો મારામાં અભાવ છે, રાગના ભોક્તા (પણા)નો અભાવ છે. એવું ભાન થયું તે નિશ્ચય. પછી રાગનું જ્ઞાન થયું એ વ્યવહાર. પણ એ પ્રમાણ જ્ઞાન નિશ્ચયનો નિષેધ કરીને પ્રમાણ જ્ઞાન કરે એમ નથી. કે આ વાત જૂઠી

છે અને વાત સાચી છે એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રમાણ તો નિશ્ચયને રાખીને જ્ઞાન કરે છેને? અને વ્યવહારને વ્યવહાર રાખીને જ્ઞાન કરે છે. વ્યવહારને નિશ્ચયમાં મેળવીને જ્ઞાન કરે છે? તો પ્રમાણજ્ઞાન કોને કહે? પ્રમાણજ્ઞાન એ નિશ્ચય છે કે હું જ્ઞાયક છું, શુદ્ધ છું, દ્રવ્યસ્વભાવ છું. એવું જ્ઞાન થયું, શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ થઈ એ નિશ્ચયનું જ્ઞાન તો એવું જ છે. પછી રાગ બાકી રહ્યો એની યોગ્યતાનું જ્ઞાન કરે છે એ વ્યવહારજ્ઞાન, પણ એ વ્યવહારજ્ઞાન, નિશ્ચય બેય ભેગા થઈને પ્રમાણ થાય છે. તો પ્રમાણજ્ઞાનમાં પ્રમાણ છે એ નિશ્ચયનો નિષેધ નથી કરતું કે નિશ્ચય આમ છે ને આમ નથી. આ હું જાણું એવો વ્યવહાર... એ નિશ્ચય એમ માન્યું છે? નિશ્ચય જે છે એવા નિશ્ચયને તો એમ જ જાણ્યું છે. અને વ્યવહારે વ્યવહારને એમ જાણ્યું તો એને પ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે.

અરે ભગવાન! શું કરે? આ માર્ગની રીત. લૂંટાઈ રહ્યો છે અને માને કે મને લાભ થાય છે, કમાઉં છું. હવે શું કરે? કમાવાનો રસ્તો તો, ભગવાન આત્મા વસ્તુ સ્વભાવ ચિદાનંદ ચૈતન્ય પ્રભુ એના ઉપર જ્યારે દૃષ્ટિ થઈ ત્યારે એ આત્મા થયો, નહિતર તે આત્મા નથી. રાગને, વ્યવહારને પોતાનો માને, એનાથી લાભ માને એ તો આત્મા નથી એમ કહે છે. અહીં આત્માની વાત ચાલે છેને ભાઈ! તો આત્મા એવો છે એમ કહે છે. રાગનો વિકલ્પ જે અણાત્મા અને નિમિત્તનો કર્તા હોય, એવી માન્યતા છે એ તો આત્મા નથી. એ તો અણાત્મા છે, જડ છે, વ્યવહારે આત્મા જડ છે. આહા..હા..! આ સ્યાદ્વાદનો ખીચડો કર્યો. ભગવાનનો માર્ગ સ્યાદ્વાદ છે. પણ સ્યાદ્વાદનો અર્થ શું? જે નિશ્ચય છે તેને નિશ્ચય કહે છે અને વ્યવહાર હોય તેને વ્યવહાર કહે છે અને જાણે છે એનું નામ સ્યાદ્વયાદ છે. નિશ્ચયથી અને વ્યવહારથી લાભ થાય છે એમ માને એ નિશ્ચય અને સ્યાદ્વયાદ છે? અને નિશ્ચય છે તો વ્યવહાર એ કારણે ઉત્પન્ન થયો એનું નામ સ્યાદ્વાદ છે? સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભગવાન! એ સમજાવાની .. નહિ પછી ઝીણી વાત એમ કરીને. પોતાને આવડતું નથી બીજાને સમજાવતા અને પોતા સમજ્યા નથી માટે ઝીણી છે એમ કરીને કાઢી નાખે. બહુ આવી વાત બાપા! ભગવાનનો સરવાળો આવશે ત્યારે તને ખબર પડશે. એમ ને એમ નહિ ખબર પડે. આહા..હા..! બાપુ! એવી વાત છે. શું કરીએ પણ તમે સમજવાને લાયક નથી એમ કહીએ એને? અને તું મિથ્યાત્વ, ગૃહીત મિથ્યાત્વમાં પડ્યો એને નિશ્ચય અને વ્યવહારની ખબર ક્યાં છે. પડે શેની? એ તો દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય એની ખબર નથી અને એને નિશ્ચય-વ્યવહારનું ભાન થઈ જાય? આહા..હા..! આ તો અજર પ્યાલા છે, ભાઈ! સમજાય છે કાંઈ?

કહે છે કે આત્મા. એમ કહ્યુંને? **'જેને લિંગો દ્વારા એટલે કે ઈન્દ્રિયો દ્વારા...'** જેને એટલે આત્માને. આત્માને. તો આત્મા જે છે એ તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. એ રાગ અને નિમિત્ત સ્વરૂપ છે? સમજાણું કાંઈ? એનો અર્થ એ છે કે આત્માને **'વિષયોનો**

**ઉપભોગ નથી તે અલિંગગ્રહણ છે;...**' એટલે કે જ્ઞાનીને વિષયનો ઉપભોગ નથી એનું નામ આત્મા કહે છે. આત્મા તો એને કહ્યો. આત્મા. શુદ્ધ ચિદાનંદમૂર્તિ આનંદકંદ અનાકુળ સ્વરૂપનો રસ એ આત્મા. એ આત્મામાં આત્માની દૃષ્ટિ થઈ ત્યારે તે આત્મા થયો. નહિતર તો રાગને પોતાનો માને, નિમિત્તથી લાભ માને, પરથી મારી પર્યાય થઈ એને માને એ તો પરમાં એકત્વબુદ્ધિ થઈ. રાગથી લાભ માન્યો તો રાગમાં સ્વભાવની એકત્વબુદ્ધિ થઈ. જેને કાર્ય પોતાનું માન્યું, અભેદ માન્યા વિના કાર્ય મારું છે એમ માની શકે નહિ. સમજાણું કાંઈ? વિકલ્પનું કાર્ય મારું છે તો રાગ અને પોતાના સ્વભાવને એક માન્યા વિના કર્તા થઈ શકે નહિ. તો અહીં તો આત્મા કહે છે આત્મા. તો રાગથી ભિન્ન પડીને, નિમિત્તથી ભિન્ન થઈને આત્મા એમ જ્યાં થયું એ આત્મા વિષયનો ભોક્તા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એવા સમ્યગ્દૃષ્ટિ એ જ આત્મા છે. એ સમ્યગ્દૃષ્ટિ વિષયના ભોક્તા નથી.

મુમુક્ષુ :- છન્નું હજાર સ્ત્રીઓ...

ઉત્તર :- ભલેને રહી. એ તો નીકળી જાય. એ તો જડ છે. પરવસ્તુ .. નીકળી જાય છે? એ તો પર છે અને એમાં પોતાની નબળાઈને કારણે થોડો રાગ ઉત્પન્ન થયો એ પણ એના ચૈતન્યના આશ્રયે થયો નથી. એ તો પર છે. અને એ તીવ્ર તો થતો નથી. કારણ કે એકત્વબુદ્ધિ છે નહિ. દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ છે, આનંદનો અનુભવ તો સાથે છે. તો એ આનંદના અનુભવવાળો જીવ કહો કે આત્મા કહો, એ રાગનો ભોક્તા, વિષયનો ભોક્તા છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનચંદજી! કહો, તારા હિતનો વેપાર શું છે એ બતાવે છે. આત્માનો વેપાર, રાગ એ આત્માનો વેપાર છે? એ આત્મા છે? એ તો આસ્રવ છે. શુભ-અશુભ બેય આસ્રવ છે. તો આત્મા આસ્રવરૂપ થાય એનું નામ આત્મા કહે છે? આત્મા. આસ્રવથી, નિમિત્તથી લક્ષ હટાવીને પોતાનો આત્મા જેવો છે એવું લક્ષ કર્યું તો એમાં જ્ઞાન થયું, દૃષ્ટિ સમ્યક્ થઈ, આનંદનો અનુભવ થયો એવો આત્મા, એ આત્મા વિષયનો ભોક્તા નથી. સમજાણું કાંઈ? કેમ નહિ? કે સ્વભાવ સન્મુખની દૃષ્ટિમાં તો આનંદ અને શાંતિનો ભોક્તા છે. પર્યાયના બીજામાં ભાગમાં થોડો છે તો એને એની પર્યાય ગણવામાં આવતી નથી. એ વ્યવહારમાં છે, અભૂતાર્થ, અસત્યાર્થ છે, પોતામાં નથી. પોતાની અપેક્ષાએ હોં! એની અપેક્ષાએ છે. રાગની અપેક્ષાએ રાગ ત્યાં છે. હોય, તો એનું જ્ઞાન છેને? છે એનું જ્ઞાન છે કે નથી એનું જ્ઞાન છે? આહા..હા..! સમજાણું કાંઈ?

જે આત્માને '**લિંગો દ્વારા એટલે કે ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ઉપભોગ નથી...**' પકડતા નથી, રાગને પોતામાં મેળવતા નથી તો રાગનો ભોક્તા એને કહેતા નથી. સમજાણું કાંઈ? વાત તો એવી છે. સૂક્ષ્મ ધાર ચૈતન્યની ધાર જ્યાં પ્રગટ થઈ, આહા..હા..! ત્યાં કહે છે કે એ આત્મા થયો. આત્મા થઈને જ્યાં પરિણમન થયું એ પરિણમનમાં વિષયનો ભોક્તા રાગનું પરિણમન ક્યાંથી આવ્યું? દ્રવ્યસ્વભાવમાં અશુદ્ધના પરિણમનનો સ્વભાવ

છે? એવો કોઈ ગુણ છે કે અશુદ્ધરૂપે પરિણમ્યો? શુદ્ધભાવ પરમેશ્વર થવાનો ગુણ છે, શુદ્ધરૂપે પરિણમે એવો ગુણ છે. તો શુદ્ધરૂપે પરિણમન થયું એ આત્મા અશુદ્ધનો ભોક્તા નથી. સમજાણું કાંઈ? એ તો ધીમે ધીમે વાત તો ચાલે છે. એવી છે વસ્તુસ્થિતિ. .. હોય છે. .. સ્પષ્ટ થાય છે કે નહિ?

આત્મા હોંશિયાર જ છે. અહીં તો કહે છે, આત્માને મૂઢતા ક્યાં છે? ઓહો..હો..! પહેલા લીધું કે કર્મનો સંબંધ નથી. ૧૧માં. આ સંબંધ છેને? વ્યવહારની સાથે. વ્યવહારનયથી છે. ત્યારે અસંબંધ જ્યાં આત્માનું ભાન થયું તેને વ્યવહારથી સંબંધ એનું જ્ઞાન છે. સમજાણું કાંઈ? એ વાત આવી છેને જુગલકિશોર. દિલ્હીવાળા હતાને. જુઓ, આત્માને અબદ્ધસ્પૃષ્ટ અનન્ય છે તો બદ્ધસ્પૃષ્ટ આદિ ગયું ક્યાં? હવે ગયું એને ઘરે. આત્માના ઘરમાં છે નહિ. આ બધા પંડિતના લખાણ આવે પછી. જુગલકિશોર હતાને દિલ્હીમાં નહિ? એય..! દેશસેવા મંડળ ત્યાં ઉતર્યા હતાને આપણે પહેલા. દિલ્હી પહેલા આવ્યા ત્યારે. ૧૩ની સાલમાં. દિલ્હી. શોભાલાલ ગયા હતાને? એ બહાર. ... અરે ભગવાન! શું કરે છે?

એ તો કર્મનું નિમિત્ત કહેવું, કર્મને નિમિત્તપણું છે એવો આત્મા જ નથી. તેને આત્મા કહેતા નથી. ઓહો..હો..! વિકલ્પ જે નિમિત્ત છે. ...એ બેય વ્યવહાર આત્મામાં નથી. અને આત્મામાં જો એટલો પર્યાયનો સંબંધ રહી ગયો એ વ્યવહારમાં ગયો. એનું જ્ઞાની જ્ઞાન કરે છે. તેને આત્મા કહે છે. આહા..હા..! ભારે વાતું ભાઈ! વીતરાગ માર્ગ પરમેશ્વરનો, ચૈતન્યનો માર્ગ એને ખ્યાલમાં છે. એમ માની લે, માને .. ભગવાન આત્મા કર્મનો સંબંધ નથી. હવે આખા જૈનદર્શનમાં પ્રક્રિયા બધી કર્મની. કર્મ-કર્મ આ જ્ઞાનાવરણીય, ૧૪૮ પ્રકૃતિ, એનાથી આ થાય. પણ વ્યવહારથી છે એનો અર્થ કે પરમાર્થથી નથી. વ્યવહારથી છે અને પરમાર્થથી નથી. જ્ઞાનીને. અજ્ઞાનીને તો જ્ઞાનની ખબર નથી. એને તો કર્મસંબંધમાં રાગના સંબંધમાં જ દૃષ્ટિ છે. તો એને તો સંબંધ છે મિથ્યાદૃષ્ટિને તો. એણે તો સંબંધ માન્યો છે. સમજાણું કાંઈ? રાગનો, નિમિત્તનો સંબંધ માન્યો તો એ તો માન્યતા છે. વ્યવહારે માન્યતા બરાબર છે એની મિથ્યાત્વની. સમજાણું કાંઈ? પરથી, રાગથી, નિમિત્તથી હટીને જ્ઞાયકભાવ ઉપર જ્યાં આવ્યો તો એ આત્મા છે. તો આત્માની પર્યાયમાં કર્મનો સંબંધ ગ્રહણ કરે એવી આત્માની પર્યાય છે નહિ. રાગ એ આત્માની પર્યાય છે? એ વિકલ્પ છે, વિકાર છે. સમજાણું કાંઈ? એવો નિશ્ચય પોતાનો અનુભવ હોય, સ્વલક્ષમાં પડ્યો હોય તો વ્યવહારનો, રાગનો સંબંધ છે એટલું એને સાચું જ્ઞાન થાય છે. ત્યારે બે મળીને પ્રમાણજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બેય પડખાનું જ્ઞાન નથી. વ્યવહાર, નિશ્ચય ક્યાંથી આવ્યો? અને પ્રમાણ નિશ્ચયનો નિષેધ ક્યાં કરે છે? એની સાથે વ્યવહાર છે એનું જ્ઞાન કરાવે છે. પ્રમાણજ્ઞાન એમ કહે છે કે નહિ, અભેદસ્વરૂપ છે તે નિશ્ચય સત્ય નથી? નિશ્ચયથી તે સત્ય જ છે, પણ એમાં

રાગાદિનો સંબંધ નથી તે અસત્ય છે એની અપેક્ષાએ. તો એની અપેક્ષાએ અસત્ય છે અને એની અપેક્ષાએ છે એ સત્ છે. વ્યવહારજ્ઞાન વિષય છે કે નહિ? નય છે તો વિષય છે કે નહિ? તો વિષયનું અસ્તિત્વ છે કે નથી? વ્યવહારનયનો રાગ અને વિષય છે તો સંબંધ છે. નયનો વિષય છે. સ્વભાવની દૃષ્ટિમાં એ છે નહિ. પણ વ્યવહારનયનો વિષય રાગ અને કર્મનો સંબંધ એટલો છે. તો વ્યવહારનય જ્ઞાન કરે છે એમ જાણે. આહા..હા..! સમજાણું કાંઈ? પંડિતજી! વાત તો એવી છે ભાઈ! આજ માને, કાલે માને, પણ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. પંડિતજી! એમાં વાદવિવાદનો પ્રશ્ન જ ક્યાં છે?

અહીં તો ત્યાં સુધી કહ્યું કે જુઓ, .. એક ચીજ બીજામાં આવી નથી .. ... એ રામકૃષ્ણ. એમ કે જુઓ, .. ના પાડો પણ એ.. અરે ભગવાન! સાંભળ તો ખરો. એ તો દ્વેષ થયો. જડની પર્યાય શું નુકસાન કરે છે તને? અને જાણવાનું ખંડજ્ઞાન છે એ તો જાણે છે. એમાં નુકસાન શું છે? તને રાગ આવ્યો તો તારા કારણે આવ્યો. એ તો રાગને કાઢવો જોઈએ એને ઠેકાણે આંખ ફોડે, મિથ્યાદૃષ્ટિ છે. શું પ્રશંસા કરે એની? જડનો દોષ છે? એ તો જડની પર્યાય છે. એ સમયે એ જ પર્યાય જડની .. પરિણમી એ સમયે .. એમાં શું છે? એના અસ્તિત્વમાં છે. આંખ તો ફોડી તો રાગ ગયો નથી. પણ રાગ ક્યાં જાય? બીજી ચીજના નાશથી એનો નાશ ક્યાંથી થાય? ... ... પોતાનો સ્વભાવ તો એવો ને એવો છે. ઘટનો નાશ થતા દીવો નાશ થાય છે? અને દીવાનો નાશ થતાં ઘટ નાશ થાય છે? બેય ભિન્ન ચીજ છે. સમજાણું કાંઈ? એમ જ્ઞાનની પર્યાયનો નાશ કરે છે તો શું શરીરમાં પ્રતિકૂળતા થઈ જાય છે? શરીર તો એવું ને એવું રહે છે. એમાં શું છે?

.. કરે રાગ મારો છે અને .. એવી દૃષ્ટિ મિથ્યાત્વ કરે તો જ્ઞાન ક્યાંથી થાય? તો નાશ થયો તો શું શરીરનો નાશ થયો? શરીરની ક્રિયાનો નાશ થયો? શરીરની ક્રિયા તો એવી ને એવી થઈ. પરની દયા પાળે અને .. એમાં શું છે? શરીરની ક્રિયા તો એવી જ રહેશે, પણ તારો નાશ તો અંતર દૃષ્ટિમાં થયો છે. સમજાણું કાંઈ? અને દૃષ્ટિમાં નાશ ન થયો અને શરીરનો નાશ થયો ક્રિયા મંદ.. અંતર ચૈતન્ય જાગૃત છે. આ નાશ થવાથી આનો નાશ થાય છે? ગરબો કહે છે અમારે. નહિ, ગરબો હોય છેને? ગરબો હોય છેને. આહા..હા..! આસોમાં. એમાં દીવો રાખે પછી .. ગરબાનો નાશ થતાં અંદર દીવાનો નાશ થાય છે? દીવો તો એવો ને એવો છે. દીવાનો નાશ થાય તો ગરબાનો નાશ થાય છે? ગરબો એવો ને એવો રહે છે. એમાં શું છે? એ તો ... છે. એ ક્રિયા તો જડની પર્યાય થવાની હોય તે થાય ભલે, પણ દૃષ્ટિમાં રાગ તો આવ્યો, દૃષ્ટિ મિથ્યાત્વ થઈ. સ્વભાવનો નાશ થયો. પરની ક્રિયા એવી ને એવી જોવે. દયા પાળવાની, બોલવાની, ભક્તિની. .. એમાં શું છે? સમજાણું કાંઈ? એ બહારની ક્રિયા મંદ પડી ગઈ. .. એના ઉપર દૃષ્ટિ છે તો પોતામાં ..

અહીં તો આત્મા ને શરીર જુદા. અત્યારે પણ જુદા હોય? અરે ભગવાન! જુદા ...

તારી પર્યાય તારાથી થઈ અને શરીરની પર્યાય શરીરથી. આહા..હા..! ... ભગવાન.. આહા..હા..! એ શું દુનિયા માનશે .. સમજાણું કાંઈ? રાગથી અધિક ભિન્ન ચૈતન્ય છે એવી મોટપ આવ્યા વિના તારી મોટપ રહેશે નહિ. દુનિયા તો માને ઓહો..હો..! ભારે મોટો છે. ... એમાં તારું શું ગયું? વસ્તુ બહારમાં રહી.

**'આત્મા વિષયોનો ઉપભોક્તા નથી...'** જડનો જડ ભોક્તા છે? અરે સાંભળ તો ખરો. જડ જ ભોક્તા છે. આહા..હા..! રાગ જડ છે. રાગ ક્યાં ચૈતન્ય છે? રાગમાં ક્યાં જ્ઞાન છે? અશુભરાગ થયો એમાં જ્ઞાન ક્યાં છે? આત્મા તો જ્ઞાનમૂર્તિ છે. એનું જ્ઞાન દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં પ્રસરેલું છે. આત્મા આત્માપણે જ્યાં દૃષ્ટિ થઈ તો જ્ઞાન દ્રવ્યમાં છે, ગુણમાં અને પર્યાયમાં જ્ઞાન પ્રસર્યું છે. જ્ઞાન પ્રસર્યું છે. રાગમાં પ્રસર્યું છે? રાગમાં આત્મા છે? સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! એ બાર બોલ થયા. બારમો વિસ્તારથી...

૧૩મો. **'લિંગ દ્વારા એટલે કે મન અથવા ઈન્દ્રિય વગેરે લક્ષણ દ્વારા ગ્રહણ એટલે જીવત્વને ધારણ કરી રાખવું જેને નથી...'** આહા..હા..! એ દશ પ્રાણથી જીવવું તે જીવ નથી. અશુદ્ધ દશ પ્રાણથી જીવવું તે જીવ નથી. પાંચ ઈન્દ્રિય... સમજાણુંને? જુઓ, મન એમ ન લીધું. પાંચ ઈન્દ્રિય અને મન. એ પાંચ ઈન્દ્રિય દ્વારા જડ જે છે એ વડે પ્રાણ છે. પાંચ (ઈન્દ્રિય), મન અને પછી વચન, કાયા .. મન ઈન્દ્રિય વિના .. એ આત્મા જ નથી. એટલે મન ને ઈન્દ્રિય જડ છે એ તો પર્યાય જડની, એના તો આત્મા નથી. પણ પોતાની યોગ્યતા જે છે. મન અને ઈન્દ્રિય તરફની ભાવઈન્દ્રિય મનમાં જે યોગ્યતા છે પર્યાયમાં, એ પણ આત્મા નથી. એનાથી જીવે તે આત્મા નથી. એ પર્યાયબુદ્ધિવાળો છે, દ્રવ્યબુદ્ધિ નથી થઈ એની. સમજાણું કાંઈ?

**'લિંગ દ્વારા એટલે કે મન અથવા ઈન્દ્રિય વગેરે...'** ઈન્દ્રિય આદિમાં બધું આવી ગયું, શ્વાસ, આયુષ્ય વગેરે. સમજાણું? દશ પ્રાણ છેને. પાંચ ઈન્દ્રિય, મન, વચન અને કાયા, શ્વાસ ને આયુષ્ય. **'મન અથવા ઈન્દ્રિય વગેરે લક્ષણ દ્વારા...'** ઓહો..હો..! **'જીવત્વને ધારણ કરી રાખવું જેને નથી...'** આત્મા.. બાહ્ય મન, પાંચ ઈન્દ્રિય, શ્વાસ અને આયુષ્ય એને ગ્રહણ તે જીવ નથી. એ તો જડની પર્યાય છે. તો પોતાની પર્યાયમાં આયુષ્ય પ્રમાણે અહીંયા પર્યાયની યોગ્યતાથી રહે પોતાની યોગ્યતાથી. મનના, જડના સંગમાં પોતાના મનની યોગ્યતા જેટલી છે પ્રાણની. પાંચ ઈન્દ્રિય જડમાં જેટલી યોગ્યતા છે પોતાની પાંચ ઈન્દ્રિયની અને શ્વાસમાં જેટલી શ્વાસ લેવાની યોગ્યતા. કરી શકતો નથી,... કરી શકતો નથી. પણ એની .. તો થઈ છેને વિકૃત. શ્વાસ આમ ચાલે છે. એ બધાથી જીવવું તે જીવ નથી. સમજાણું કાંઈ? એય..! અંદરથી ભાવથી જીવવું ઈન્દ્રિય, મનથી એ પણ નહિ અને દ્રવ્યથી જીવવું એ જીવમાં નથી. ઓહો..હો..! સમજાણું કાંઈ? કહે છેને તમારે મહાવીરનો સંદેશ. જીવો અને જીવવા દો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના પાડે છે. એવી ચીજ છે જ નહિ. એય..! ધન્નાલાલજી! મહાવીરનો સંદેશ. પોતાની જીવત્વ શક્તિ છે એના ભાવપ્રાણથી જીવો એ (મહાવીર)નો સંદેશ છે. સમજાણું કાંઈ? બહુ નારા લગાવે છેને? મોટા મોટા ... મહાવીરનો સંદેશ જીવો અને જીવવા દો. ઓહો..હો..! ક્યાં જીવવા દે? આયુષ્યથી જીવે ... કોણ જીવાડે? અહીં તો કહે છે કે મનથી અને ઈન્દ્રિયથી જીવવું એ આત્માનો સ્વભાવ જ નથી. સમજાણું કાંઈ? આયુષ્ય અને પાંચ ઈન્દ્રિયથી અને મનથી જીવે તે જીવ નથી. તેને ભગવાન જીવ કહેતા જ નથી. કેમ જીવે? અને પાંચ ઈન્દ્રિયના વલણવાળી ભાવેન્દ્રિય પાંચ છે. મન, ભાવ .. આદિ છે. સમજાણું કાંઈ? અને સાથે આયુષ્યને યોગ્ય પોતાની પર્યાય છે તો એ બધું જીવપણું નથી. એનાથી જીવે છે તે જીવ નથી. એ મહાવીરનો સંદેશ છે જ નહિ. મહાવીરનો સંદેશ. જીવત્વ શક્તિ પોતામાં આનંદ, જ્ઞાન આદિ પ્રાણ પડ્યા છે. એવા ધરનારા ભગવાન એ જીવતર શક્તિ, આનંદ આદિ પ્રાણ છે. પ્રાણને ધરનારા જીવ છે. એ જીવતર શક્તિ હોવાથી એ જીવત્વ શક્તિની પર્યાયમાં વ્યાપકતા આનંદ અને જ્ઞાનની પ્રાપ્તિ થાય એનાથી પર્યાયમાં જીવે તેને આત્મા જીવે છે એમ કહેવામાં આવે છે. બહુ લાંબુ થઈ ગયું.

આત્મા ચૈતન્ય પ્રાણ જીવત્વશક્તિ છે. ભાવપ્રાણ અંદરમાં ત્રિકાળ પડ્યો છે. તો ત્રિકાળ પ્રાણને ધરનારો ભગવાન આત્મા છે. એવા દ્રવ્યમાં, ગુણમાં તો એ પ્રાણ જ પડ્યો છે. પણ જ્યારે દૃષ્ટિ જીવત્વશક્તિને ધરનાર ઉપર થઈ તો જીવત્વ શક્તિની પર્યાયમાં ભાવપ્રાણનું પરિણમન થયું. જ્ઞાનનું, આનંદનું, હોવાપણાની શાંતિનું પરિણમન થયું. એ ભાવપ્રાણથી જીવે તેને જીવ કહે છે. સમજાણું કાંઈ? કાને પહેલી વહેલી વાત પડતી હશે કેટલાકને તો. કદી સાંભળી નથી. આહા..હા..! વીતરાગનું દર્શન એ આત્માનું દર્શન. એવી વસ્તુ છે. આહા..હા..! પાછી એની ટીકા કરે. જુઓ, મહાવીર 'જીવો અને જીવવા દો' કહે છે. એ વાત ભગવાનની નથી. એમ ટીકા કરે લ્યો! અરે સાંભળને! ભગવાન કહે છે આત્મા જીવ છે એમાં આનંદ, જ્ઞાન, શાંતિ આદિ પ્રાણ શક્તિત્વ પડી છે. એવી શક્તિવાનની દૃષ્ટિ કરવાથી આનંદ અને શાંતિથી પ્રગટ પર્યાય થઈ તેનાથી જીવે તેને જીવ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાતે વાતે ફેર. મહાવીરે એમ કહ્યું. ભાઈ! આ તો ભગવાનનો માર્ગ. આત્મા ભગવાન. પામરનો માર્ગ નથી આ. પ્રભુતા જેમાં પડી છે, અનંતી પરમેશ્વરતા આત્મામાં પડી છે. અનંતી પરમેશ્વરતા હોં! પ્રભુતા ગુણનું અનંતું સામર્થ્ય છે. સ્વતંત્ર થઈને પરથી ખંડિત ન થાય અને સ્વતંત્રતાથી પોતાના જ્ઞાન અને આનંદની પરિણતિ કરીને દ્રવ્યના લક્ષે પોતાના જીવનમાં શાંતિ અને આનંદની પર્યાય થાય તેના જીવનને નિશ્ચય, યથાર્થ જીવન અને જીવ કહે છે. સમજાણું કાંઈ?

નિશ્ચય એટલે સત્ય. વ્યવહાર એટલે આરોપિત ચીજ ... હોય. વસ્તુ તો છે. એની અપેક્ષાએ આરોપિત કથન અને એની અપેક્ષાએ વસ્તુ તો છે. સત્રૂપ રહેનારી .. સંબંધ

છે. અને જ્ઞાન... અને ઇન્દ્રિયો, પર .. છે. હોય, તો એના અસ્તિત્વમાં છે. જીવના અસ્તિત્વમાં બેય નથી. યોગ્યતા જે છે એ ભાવપ્રાણ. બાહ્ય જીવન જેનું. જીવ તો જડ છે. એમાં .. અસ્તિત્વ નથી. .. એની યોગ્યતા પણ ચૈતન્યની અંદરમાં નથી. .... જીવવા દ્યો એ જીવત્વ શક્તિ. તારું સ્વરૂપ આમ જીવે તેને જીવ કહે છે. બીજા જીવ પણ આમ જીવે તેને જીવ કહે છે. આહા..હા..! પોતાનામાં અનંત જ્ઞાન, શાંતિ આદિ પ્રાણ પડ્યા છે વસ્તુમાં. અનંત જ્ઞાન, દર્શન, સત્તા ચૈતન્ય પ્રાણ. .. સ્વભાવ તે ભાવપ્રાણ છે. તો ભાવપ્રાણ સ્વરૂપમાં ત્રિકાળી પડ્યો છે. અને પ્રાણ ધરનાર એ ભાવ તો દ્રવ્ય છે. તે જીવ છે. તો એ જીવની દૃષ્ટિ થઈ તો ભાવપ્રાણનું પરિણમન નિર્મળ થાય તેનાથી આત્મા જીવે તેને જીવ કહેવામાં આવે છે. યોગ્યતાથી જીવે તે જીવ નથી, ઇન્દ્રિય મનથી જીવે તે જીવ નથી. અહીં તો એમ કહે છે. જીવો આયુષ્ય પ્રમાણે જીવો અને આયુષ્ય પ્રમાણે જીવવા દો. કોણ જીવે? સાંભળ તો ખરો. .. આવે છે કે નહિ? સાંભળ્યું છે કે નહિ? નારા લગાવે છે. .. નીકળે છે. મહાવીરનો સંદેશ, પછી બધા બોલે જીવો અને જીવવા દ્યો. બહુ સારી વાત છે.

મુમુક્ષુ :- ભગવાનની આજ્ઞા છે.

ઉત્તર :- ભગવાનની આજ્ઞા તો આ છે. આયુષ્યને કારણે ત્યાં જડની અવસ્થા થાય છે? અને પોતાની યોગ્યતાને કારણે આત્મા રહે છે. આયુષ્ય છે તો ત્યાં એટલી યોગ્યતા છે તો એમ છે નહિ. એવી યોગ્યતાથી જીવે એ પણ જીવ નથી, અહીં તો કહે છે. આહા..હા..! 'પ્રભુનો માર્ગ છે શૂરાનો, કાયરના નહિ કામ.' સમજાણું કાંઈ? વીર્યહીન પોતાની શક્તિ કબુલે નહિ અને રાગ અને પોતાથી જીવવું માને, પામર પ્રાણી, મિથ્યાદૃષ્ટિ, ચાલતું શબ છે. મડદું છે એમ કહે છે. સમજાણું કાંઈ? જેને જીવતા જીવને જીવવું છે. તો તેને જીવસ્વરૂપ ત્રિકાળી આનંદકંદની દૃષ્ટિ કરીને જે શુદ્ધ પરિણમન થયું તેમ જીવે તેને જીવ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**લિંગ દ્વારા એટલે મન અથવા ઇન્દ્રિય વગેરે...**' બધું. લક્ષણ એ બધું .. એ વડ... પરનું લક્ષણ છે એ તો. જીવનું લક્ષણ નથી. એ પરના લક્ષણ વડે... છે? ગ્રહણ નથી. '**જીવત્વને ધારણ કરી રાખવું જેને નથી...**' એ જીવનું જીવપણું ધારણ કરવું એ જેને નથી. મન, ઇન્દ્રિય, શ્વાસથી જીવને ધારણ કરવો એવું જીવમાં છે જ નહિ. ઓહો..હો..! સમજાણું કાંઈ? '**આ રીતે આત્મા શુક્ર અને આર્તવને અનુવિધાયી નથી...**' જુઓ લ્યો! શુક્ર નામ વીર્ય અને રજ નામ ઋતુ. વીર્યનું બિંદુ એને '**(અનુસરીને થનારો) નથી...**' કહે છે જુઓ, માતાના પેટમાં એક વીર્યનું બિંદું અને ઋતુ બિંદુ એમાં જીવ આવ્યો. જીવ આવ્યો તો એમાં .. ના, એ જીવન જીવનું નથી. ઓહો..હો..! માતાના પેટમાં સમ્યગ્દૃષ્ટિ ત્રણ જ્ઞાન છે ભગવાનને. એ માતાના પેટમાં છે? કહે ના. પાંચ ઇન્દ્રિય, મનથી જીવે છે કે ના. એ ઋતુ, લોહી અને વીર્યથી જેનું જીવન થયું. શરીરનો બાંધો? કે નહિ. પાંચ ઇન્દ્રિયમાં

બંધાણીને પહેલા? ... એ બંધાણો તે આત્મા જ નથી. તે રીતે જીવે તે જીવ આત્મા જ નથી. એ પેટમાં પણ ભગવાનનો આત્મા પોતાના ચૈતન્ય ભાવપ્રાણથી પરિણમન કરે તેને જીવ કહે છે. આહા..હા..! ભારે વાતું ભાઈ! એ અજીવમાં જાય છે. સમજાણું? આયુષ્યથી જીવવું અને આયુષ્યની યોગ્યતાથી પોતામાં થાય એ તો બધું અજીવમાં જાય છે.

ભગવાન આત્મા આનંદસ્વરૂપથી જીવે છે. જ્ઞાનની પર્યાયમાં નિર્મળ સ્વસંવેદનથી જીવે છે અને આત્મા દર્શન શક્તિની વ્યક્તતા કરીને પોતાના દર્શન ઉપયોગથી જીવે છે અને પોતાની સત્તા શુદ્ધ છે એવી નિર્મળ, એવી નિર્મળ શુદ્ધ સત્તાની પરિણતિથી જીવે છે તેને જીવ કહે છે. એ તો ગૃહસ્થાશ્રમમાં જીવે છે. ગૃહસ્થાશ્રમ આત્મામાં છે જ નહિ, સાંભળ તો ખરો. ગૃહસ્થાશ્રમ કોને કહે છે? રાગમાં રહેવું, ઘરમાં રહેવું તે ગૃહસ્થાશ્રમ છે? એવું ગૃહસ્થાશ્રમ આત્મામાં છે? આત્મા કહો કે સમ્યગ્દૃષ્ટિ કહો, એનું જીવન ગૃહસ્થાશ્રમમાં છે એમ નથી, એમ કહે છે. એ તો પોતાનું જીવન અંતર ચૈતન્ય દૃષ્ટિ લક્ષથી નિર્મળ પરિણમન તે જીવનું જીવત્વ છે, એનાથી તે જીવે છે. આહા..હા..! .. તો પર્યાય છે. પર્યાયમાં છે એકલો? દ્રવ્યની દૃષ્ટિ થઈ અને પછી નિર્મળ થયો એમાં એ છે. પર્યાયમાં હોં! સમજાણું કાંઈ? અરેરે! ઝઘડા... ઝઘડા... ઝઘડા... શાસ્ત્રને સમજે નહિ, આત્માને સમજે નહિ. શાસ્ત્રનું શું હાર્દ છે અને શાસ્ત્રને શું કહેવું છે? કયા અભિપ્રાયથી શાસ્ત્ર નીકળ્યું છે એ અભિપ્રાયની ખબર નથી. સમજાણું કાંઈ? અને પોતાના અભિપ્રાયથી શાસ્ત્રના અર્થ કરે. આહા..હા..! શું કરે? ભગવાન તો .. જે અભિપ્રાયે શાસ્ત્ર આવ્યું એ અભિપ્રાયથી શાસ્ત્રનો અર્થ કરવો જોઈએ. સમજાણું કાંઈ?

તો અહીં કહે છે કે ભગવાનના અભિપ્રાયમાં તો એ આવ્યું કે આત્મા એને કહીએ, જીવ એને કહીએ કે મન અને ઈન્દ્રિય, શ્વાસ અને આયુષ્યથી જીવે તે જીવ નથી. તેને જીવ કહેવામાં આવતો જ નથી. જીવનું જીવન ત્રિકાળી જ્ઞાન, આનંદ, સત્તા, બોધ આદિ સ્વભાવ તેનાથી નિર્મળ પર્યાય પરિણતિ થઈને જીવે તો એ જ્ઞાનાદિ આનંદ પ્રાણ એ દ્રવ્યમાં જેમ વ્યાપક છે, તેમ ગુણમાં વ્યાપક છે અને દૃષ્ટિ દ્રવ્ય ઉપર હોવાથી પર્યાયમાં પણ તે ભાવપ્રાણથી વ્યાપક થયો. નિર્મળ સમ્યગ્જ્ઞાન, દર્શન, શાંતિ એ ભાવપ્રાણનું પરિણમન તે જીવનું જીવન છે. સમજાણું કાંઈ? ધર્મીનું જીવન એ છે. કહે છે કે ધર્મીનું જીવન .. વિકલ્પ .. સમજાણું કાંઈ? હોય, પણ એ જીવનું જીવન નથી. ષટ્ આવશ્યક છે કે નહિ શ્રાવકના? જુઓ, વ્યવહારનયના ગ્રંથમાં આવે છે. તો કહે છે કે એ વિકલ્પ છે તે જીવનું જીવન નથી. આહા..હા..! એ તો જ્ઞાનાનંદ ભગવાન ચૈતન્યબિંબ છે તેનું લક્ષથી જે નિર્મળ પર્યાય થઈ, એમાં રાગ થયો એ સંબંધીનું જ્ઞાન પોતાનું જીવન છે. એ રાગ પોતાનું જીવન નથી. એ આત્મા જ એવો છે અને એવો આત્મા દૃષ્ટિમાં આવ્યો તો એવું જીવન હોય છે. બીજું જીવન હોતું નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન-૧૬૦માં અવાજ અસ્પષ્ટ હોવાથી લેવામાં આવેલ નથી.**

**જ્યેષ્ઠ સુદ ૬, ગુરુવાર, તા. ૨૨.૦૫.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૧૬-૧૮, પ્રવચન-૧૬૧**

દ્રવ્ય અને ભાવ જેમાં વેદ નથી એવા આત્માને આત્મા કહે છે. અહીં તો કહેને વેદ તો નવમા ગુણસ્થાન સુધી વેદ હોય છે. દ્રવ્યવેદનો ભાવ તો ચૌદમા ગુણસ્થાન સુધી હોય છે.

મુમુક્ષુ :- એ તો શરીરનું વેદ...

ઉત્તર :- પણ છેને એમ કહે. વેદ-દ્રવ્યવેદ ચૌદમા ગુણસ્થાને હોય. પુરુષનો વેદ હોય છેને. વેદ તો જડની પર્યાય છે. કેવળજ્ઞાન થયું તોપણ દ્રવ્યવેદ પુરુષ આકાર છે એ ક્યાંય ચાલ્યો જાય છે? એ તો જડ છે. અને નવમા ગુણસ્થાન સુધી વેદનો ઉદય છે એ તો પરચીજ છે. આત્માની ચીજ નથી એમ બતાવવું છે અહીંયા તો. આહા..હા..! સમજાણું કાંઈ?

'**લિંગોનું એટલે કે સ્ત્રી, પુરુષ અને નપુંસક વેદોનું ગ્રહણ નથી...**' હવે ચૌદમા ગુણસ્થાન સુધી વેદ એને-આત્માને નથી. આત્માને નથી. પહેલાથી નથી. એ તો જડની પર્યાય છે વેદના આકાર આ શરીરના. સમજાણું કાંઈ? તો સ્ત્રી કે પુરુષ... સ્ત્રીનું જે શરીર છે તેને તો પાંચમા ગુણસ્થાન ઉપર હોઈ શકે નહિ. એ તો પોતાની પર્યાયની યોગ્યતા છે તે કારણે છે. કોઈ સ્ત્રીનું શરીર મળ્યું, એવું નિમિત્ત છે તો અંતર પંચમ ગુણસ્થાન ઉપર ન જઈ શકે એમ નથી. ભારે આવ્યું લ્યો! એકકોર એમ કહો કે સ્ત્રી અને પુરુષનું શરીર જડ છે. એ આત્માને કોઈ બાધા કરતું નથી. તો વળી કહે છે કે સ્ત્રીનું શરીર હોય તેને મુનિપણું આવતું નથી. અને પુરુષના શરીરની આકૃતિ એ તો ચૌદમા ગુણસ્થાન સુધી રહે છે. એ તો પર છે. અને ગુણસ્થાનમાં જે નવ ગુણસ્થાન સુધી વેદનો ઉદય છે, બાહ્યમાં પુરુષવેદ હોય ને અંતરમાં સ્ત્રીવેદનો ઉદય નવમા ગુણસ્થાન સુધી હોય. તેને આત્મામાં એ વેદનો વિકલ્પ નહિ. વેદવિકલ્પ છે એ તો આસ્રવતત્ત્વ છે. આત્મા જ્ઞેય તરીકે સમ્યગ્દર્શનમાં પ્રતીત લેવી હોય તો એ આત્મા એવો છે નહિ.

'**લિંગોનું એટલે કે સ્ત્રી, પુરુષ અને નપુંસક વેદોનું ગ્રહણ નથી...**' ભગવાન આત્મા જ્ઞાન-આનંદ સ્વરૂપ એમાં ભાવવેદ અને દ્રવ્યવેદ ગ્રહણ કર્યો જ નથી. ઓહો..હો..! સમજાણું કાંઈ? તો પછી એમ નથી તો, કહે છે કે ભાઈ સમ્યગ્દૃષ્ટિ થયો, મુનિ થયો તેને પણ સ્ત્રીનો સંગ નહિ કરવો, વાડ પાળવી એમ નથી કહ્યું? વેદ નથી તો પછી એને આ પાળવું ક્યાં

રહ્યું? સાંભળ તો ખરો. ભગવાન આત્મા અંતરમાં જે વેદનો વિકલ્પ છે એનાથી રહિત શુદ્ધ છે એવી દૃષ્ટિ થાય ત્યારે આત્મામાં સમ્યગ્દર્શન થાય છે. પછી એ રાગ છે... સમજાણું કાંઈ? એ તો ચારિત્રના દોષ તરીકે છે, આત્માની દશા તરીકે અને આત્મામાં છે નહિ એ. શું થાય? એવી ચીજ છે કહે. સમજાણું કાંઈ? તો કહે છે કે ત્રણ વેદનો આકાર અને ત્રણ વેદનો વિકાર, ત્રણ વેદનો આકાર અને ત્રણ વેદનો વિકાર આત્મામાં નથી. સમજાય છે કે નહિ આમાં મલુકચંદભાઈ! તો આ બધા છોકરા અને પૈસા ક્યાંથી આવ્યા? એમ કહે. આહા..હા..!

ચૈતન્ય સત્તા જેનું હોવાપણું જ્ઞેય એ તો વેદનો વિકલ્પ-આસ્રવ અને જડની અવસ્થા બેથી તો ભિન્ન છે. એ તો જ્ઞાયકતત્ત્વ જ્ઞેય ગણ્યુંને અહીંયા? તો જ્ઞાયકતત્ત્વ તો પોતાનું સ્વરૂપ રાગથી, વેદથી અને દ્રવ્યની ક્રિયાથી ભિન્ન છે. એવા આત્માને દૃષ્ટિમાં લે તો એ આત્મા જ્ઞેય તરીકે એને જાણવામાં આવે છે. રાગ તરીકે અને નિમિત્ત તરીકે લે તો એને આત્મા જ જાણવામાં આવ્યો નથી. સમજાણું કાંઈ? અને આત્મા જણાયા વિના એ રાગ અને નિમિત્તની ક્રિયાનું જ્ઞાન પણ અહીંયા યથાર્થ થતું નથી. પોતામાં છે નહિ. પણ એ સંબંધીનું જ્ઞાન તો પોતામાં થાય છે. સમજાણું કાંઈ? તો એ જ્યાં સુધી નિશ્ચય.. સ્વજ્ઞેય, રાગ અને વેદ અને પરથી ભિન્ન એમ અંતરમાં જ્ઞેયરૂપ... જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન છેને? તો આત્માનું સ્વજ્ઞેય એવું લક્ષમાં લીધા વિના તેને આત્મજ્ઞાન થતું નથી અને એને રાગ બાકી રહે અને દેહની ક્રિયાનું જ્ઞાન પણ પોતાથી થાય એ પણ નથી થતું. સમજાણું કાંઈ? અલિંગગ્રહણમાં તો આખું જૈનશાસન ભરી દીધું છે. જૈનશાસન તો વીતરાગભાવ છે કે જૈનશાસન રાગભાવ છે? એમ કહે છે. સમજાણું કાંઈ? દૃષ્ટિની મહાકિંમત છે અને દૃષ્ટિના વિષયની તો મહાકિંમત છે.

ભગવાન આત્મા પૂર્ણાનંદ અભેદ આનંદસ્વરૂપ અનંત શક્તિઓ સમર્થરૂપ પ્રભુ એવો (ભાવ) વેદ અને દ્રવ્યવેદ બેયથી રહિત અભાવરૂપ જેના સ્વભાવમાં બેયનો અભાવ છે. તો એ રાગાદિ વેદ અને પરના જ્ઞાનની પર્યાયનું અસ્તિત્વ પોતામાં છે, પણ એ અસ્તિત્વ પોતાના આત્મામાં નથી. તેને અલિંગગ્રહણ આત્મા કહે છે. નિશ્ચયવાદીને પણ વ્યવહાર કરવો પડે છે એમ કહે. જુઓ મલ્લિનાથ તીર્થંકર થયા. તે સ્ત્રી હતા એમ કહે છે લ્યો! અને એને પણ કેવળજ્ઞાન થયું તો રાત્રે સ્ત્રીની સાથે સંથારો ન કર્યો. પુરુષની સાથે સંથારો કર્યો લ્યો! એકેએક વાત જૂઠી.

મુમુક્ષુ :- સંથારો ક્યાં છે?

ઉત્તર :- રાતે સંથારો પછી કરે એ લોકો શ્વેતાંબર. એ પણ રાતે સંથારો કરે અને ... બધા કરે.

મુમુક્ષુ :- કેવળજ્ઞાનીને સંથારો હોય?

ઉત્તર :- પણ કેવળજ્ઞાન થયું તો સ્ત્રીવેદ જ તીર્થંકરના પુરુષમાં હોતું નથી. દ્રવ્યવેદ,

તીર્થંકર હોય તેનું દ્રવ્યવેદ પુરુષ જ હોય છે. સમજાણું કાંઈ? તીર્થંકર હોય અને સ્ત્રી દ્રવ્યવેદ હોય એમ ત્રણકાળમાં બને નહિ.

મુમુક્ષુ :- પાંચમા ગુણસ્થાને હોયને.

ઉત્તર :- પાંચમા ગુણસ્થાનમાં દ્રવ્યવેદ ક્યાં આવ્યું? સાધુપણું તો નહિ, છઠ્ઠું ગુણસ્થાન આવતું નથી. એની એવી યોગ્યતા છે. એ કોઈ પક્ષની, સંપ્રદાયની વાત નથી. આહા..હા..! શું કરે પણ? ભગવાન! વ્યવહારથી લાભ નથી, પણ વ્યવહાર કરવો પડે કે નહિ? વેષ લીધો એમ વળી. એ આવ્યું હતું, અમારે દીક્ષા થઈને જ્યારે. ભરતજી ઘરમાં વૈરાગી. એમ આવે છેને. અરીસાભવનમાં ગયા તો કેવળજ્ઞાન થયું. પછી ઈન્દ્ર આવે. સાહેબ! મારે વંદન કરવા છે. વેશ પહેરો તો વંદન કરું નહિતર વંદન નહિ કરું. સમજાણું કાંઈ? દીક્ષા થઈને જ્યારે ૫૬ વર્ષ પહેલા. એ પણ મોટા ઠાઠમાઠથી થઈ હતીને દીક્ષા. તો લોકો તો ઓહો..હો..! સુંદર શરીર એને એવું. ભરતજી વૈરાગી. .... આહા..હા..! 'દેવતાએ દીધો ઓઘો મુહપતિ જિનશાસનના રાગી.' એમ આવે છે. હે ભગવાન! કેવળજ્ઞાન થયું એ પણ વસ્ત્રાદિ વેશ પહેરે તો સાધુપણાને વંદન બીજા કરે. આ તે કાંઈ ગજબ વાત છે! આહા..હા..!

મુમુક્ષુ :- ચાલે છેને.

ઉત્તર :- ચાલે છેને. આમાં નાખ્યું છે. દલીલ નાખી છે પુસ્તકમાં. આટલી મહેનત કરી છે તો આપણે જુઓ તો ખરા, કેવી રીતે ખર્ચ કરે છે. આહા..હા..! અરે ભગવાન! શું કરે છે પ્રભુ તું? સમજાણું કાંઈ? કહે છે કે આત્મા જેને કહે અંદર આત્મા, એ તો સચ્ચિદાનંદ જ્ઞાનાનંદનો દરિયો સ્વભાવ છે આત્માનો. એ આત્મામાં શરીરનો જે વેદ આકાર છે એ તો એમાં છે જ નહિ. આ તો જડનો આકાર છે, માટીનો છે, ધૂળનો. આ પુરુષનો આકાર છે એ તો જડની-માટીની પર્યાય, પુદ્‌ગલની જડ અવસ્થા છે. એ કાંઈ ચૈતન્યમાં છે નહિ. અને એમાં વિકલ્પ આદિ ઉઠે છે સ્ત્રી પુરુષ, નપુંસકની વાસના વિકારની, એ પણ કલ્પના સ્વભાવમાં નથી. પોતાના સ્વભાવમાં એ છે જ નહિ. એવા આત્માને આત્મા કહે છે. એવા આત્માને દૃષ્ટિમાં લઈને અનુભવ કરે તો તેણે આત્માનું જ્ઞાન અને અનુભવ કર્યો એમ કહેવામાં આવે છે. એવી વાત છે. સમજાણું કાંઈ?

એ કહ્યું લ્યો! ભાવદ્રવ્ય... હવે એમાં કેટલા વિચાર આવ્યા. ઓલો કહે આ થાય, ઓલો કહે આ થાય. ઠીક છે. અરે ભગવાન! શું કહે છે તું? અહીં તો ભાવવેદ જે વિકલ્પ છે એ આનંદની દૃષ્ટિમાં વિકલ્પનો એમાં અભાવ છે. દ્રવ્યમાં અભાવ છે, સ્વભાવમાં અભાવ છે અને પોતાની પર્યાયમાં પણ રાગ આવ્યો તો વિકલ્પ વેદનો એના આનંદની અવસ્થા થઈ એમાં અભાવ છે. આહા..હા..! જેની શુદ્ધતા દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાયમાં શુદ્ધતા છે તેને આત્મા કહે છે. અશુદ્ધતા એ આત્મા છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? તો અશુદ્ધતા સંબંધી પોતામાં સ્વપરપ્રકાશક જ્ઞાન છે તો પરપ્રકાશનું જ્ઞાન થાય છે. પણ એ

અશુદ્ધતા આત્મામાં છે એમ નથી. તો આત્મતત્ત્વ અનુભવમાં આવતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૧૬મો બોલ થયો.

હવે ૧૭મો આવે છે જુઓ, **'લિંગોનું એટલે કે ધર્મચિહ્નોનું ગ્રહણ જેને નથી...'** હવે શું કહે છે જુઓ, ભગવાન આત્મા અનંત-અનંત શાંત અવિકારી વીતરાગી રસસ્વરૂપ આત્મા છે. તે આત્મામાં ધર્મચિહ્ન-બાહ્ય નગ્નપણું કે કોપીનપણું ક્ષુલ્લક એ બધા ચિહ્નો આત્મામાં છે જ નહિ. એ તો જડની પર્યાય છે. સમજાણું કાંઈ? અને મુનિને જ્યારે અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ ઉઠે છે અને ક્ષુલ્લક આદિને જે બાર વ્રતનો વિકલ્પ ઉઠે છે એ પણ બાહ્ય ધર્મચિહ્ન આત્મામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ ભેખ આત્મામાં નથી. વ્યવહારનય કહ્યુંને? નિશ્ચયમાં લિંગ છે જ નહિ. તો કહે છે **'લિંગોનું એટલે કે ધર્મચિહ્નોનું...'** એ ધર્મચિહ્નનો અર્થ બાહ્ય હોં! બહિરંગ. એ બધા બહિરંગ શબ્દે વિકલ્પ ઉઠે છે એ પણ બહિરંગ છે. અંતરંગ સ્વરૂપ નથી. અને જે દેહની ક્રિયા, નગ્નપણું થયું કે ક્ષુલ્લકને કોપીન આદિ રહી ગયું એ ચિહ્નો આત્મામાં નથી. સમજાણું કાંઈ?

**'ધર્મચિહ્નોનું ગ્રહણ...'** જુઓ, ધર્મચિહ્નોનું ગ્રહણ. ધર્મના ચિહ્નો જે વ્યવહારે ગણવામાં આવે છે તેને નથી. એનું નામ અલિંગગ્રહણ છે. એવા આત્માને ધર્મચિહ્નોનું લિંગની પક્કડ એકત્વ નથી એવા આત્માને અલિંગગ્રહણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? હવે એનો કોઈ એવો અર્થ કરે. જુઓ, કે **'આ રીતે આત્માને બહિરંગ યતિલિંગોનો અભાવ છે...'** અહીં તો યતિની વાત લીધી છે. મુનિને બહિરંગ યતિલિંગોનો તો અભાવ છે. લે! એમ નહિ. હજી એ કહેવું છેને. એમ નથી. મુનિનો વેષ તો નગ્નપણું જ હોય છે અને અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ હોય છે. વસ્ત્ર રાખવાનો અને વસ્ત્ર છે એ તો નિમિત્તપણું બાહ્યલિંગ પણ નથી.

મુમુક્ષુ :- લિંગ તો છે.

ઉત્તર :- લિંગ છેને. અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ એ લિંગ છે. નગ્નપણું તે લિંગ છે, પણ એ લિંગ આત્મામાં નથી. પણ એ નથી તો બીજું લિંગ ત્યાં હોય બીજી જાતનું એમ પણ નથી.

મુમુક્ષુ :- એ તો સંપ્રદાયની વાત છે.

ઉત્તર :- સંપ્રદાયની નહિ. વસ્તુની સ્થિતિ એવી છે. સમજાણું કાંઈ? યતિપણું અંતરમાં ઉત્પન્ન થયું, ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ એવી અનુભવદૃષ્ટિ ઉપરાંત પ્રચુર સ્વસંવેદનદશા ઉત્પન્ન થઈ એ આત્મા અને એ આત્માનું ચિહ્ન અને લક્ષણ. સમજાણું કાંઈ? આગળ તો ઓલાપણે આવ્યું નહિ પરમાત્મપ્રકાશમાં? ભાવલિંગનું ચિહ્ન છે એ પણ આત્મા નહિ એમ ત્યાં તો લીધું છે. ત્યાં તો દ્રવ્યથી સિદ્ધ કરવું છે. અહીં તો દ્રવ્યથી પર્યાયને-વિકારી પર્યાયને કાઢવી છે. પરમાત્મપ્રકાશમાં. આત્મા શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છે એવી દૃષ્ટિમાં તો દ્રવ્યલિંગ વિકલ્પ

તો નહિ, બાહ્ય નગ્નપણું તો નહિ, પણ ભાવલિંગ જે નિર્મળ મોક્ષમાર્ગની પર્યાય એ પણ દ્રવ્યમાં નથી. એમ દ્રવ્ય સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? અહીં એટલું સિદ્ધ નથી કરવું. અહીં તો આત્મા એ લિંગનું વિકલ્પ અને નિમિત્ત છે એ આત્મામાં નથી. સમજાણું કાંઈ? બહિરંગ શબ્દ પડ્યો છેને? ત્યાંના લખાણમાં તો દ્રવ્ય સિદ્ધ કરવું છે પરમાત્મપ્રકાશમાં. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાયકધ્રુવ ચૈતન્યબિંબ એમાં યતિનું નગ્નપણાનું લિંગ તો નથી, અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ તો છે નહિ, પણ ધ્રુવમાં ભાવલિંગ જે મોક્ષમાર્ગની એક સમયની પર્યાય પણ દ્રવ્યમાં છે નહિ. આહા..હા..! તેને દ્રવ્ય ધ્રુવ કહેવામાં આવે છે જે સમ્યગ્દષ્ટિનું ધ્યેય છે. આહા..હા..!

અહીં તો એટલું કહેવું છે કે '**લિંગોનું એટલે કે ધર્મચિહ્નોનું ગ્રહણ જેને નથી...**' ત્યાં સુધી તો હજી ભાવલિંગ પણ આવી જાય. એટલે ખુલાસો કરવો પડ્યો છે. '**આ રીતે આત્માને બહિરંગ યતિલિંગોનો અભાવ છે...**' એ ખુલાસો કરવો પડ્યો છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા... અહીં તો સંવર-નિર્જરાની પર્યાય સહિતના આત્માને આત્મા કહ્યો છે. જેને સ્વભાવ જ્ઞાયકમૂર્તિની દૃષ્ટિ થઈ અને સ્વભાવની સેવા જ્યાં નિર્મળ થઈ એ સહિતને અહીંયા આત્મા કહેવામાં આવ્યો છે. ચાહે તો એ લિંગ હોય, અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ હોય, નગ્નદશા હોય, પણ એ પોતાની પર્યાયમાં એ નથી અને એ સંબંધીનું જ્ઞાન એ પોતાની પર્યાયમાં છે. એ અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ છે પંચ મહાવ્રતાદિ, એ સિવાય બીજો વિકલ્પ ત્યાં હોતો જ નથી. છતાં એ વિકલ્પ છે એ પણ પોતાની પર્યાયમાં નથી. ઓહો..હો..! નગ્નપણું સિવાય મુનિને બાહ્ય ચિહ્ન બીજું હોતું જ નથી. સમજાણું કાંઈ? સ્ત્રીલિંગ હોય(ને) બાહ્યમાં કેવળ થઈ જાય કે મુનિપણું થઈ જાય એમ છે નહિ. આ તો વસ્ત્ર રાખવાનો ભાવ છે અને વસ્ત્ર પડ્યું છે અને અંતરમાં ભાવથી કેવળજ્ઞાન થઈ જાય, મુનિપણું થઈ જાય એમ છે નહિ. તો એ વસ્ત્ર છે તો મુનિપણું ન હોય, માટે વસ્ત્ર રોકે છે એમ નથી. સમજાણું કાંઈ? એ સંબંધીનો જે રાગ છે એ રાગ એને વૃદ્ધિમાં રોકે છે. જ્યારે મુનિપણું થયું છે તો અંદરમાં આનંદસ્વરૂપ, પ્રચુર આનંદ. આહા..હા..! જેને નિદ્રા પણ પોણી સેકન્ડની અંદર આવે છે, સાચા સાધુને. પોણી સેકન્ડની અંદર. આહા..હા..!

મુમુક્ષુ :- ક્યારે આવે?

ઉત્તર :- પાછલી પહોર, પાછલી રાતે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. આવે છે કે નહિ? ક્યાં કહ્યું? છ ઢાળામાં. 'પીછલી રયણ મેં..' હોય, એ તો બરાબર પીછલી રયણમાં એક થોડીવાર આવી જાય. સમજાણું કાંઈ? પણ નિદ્રાની પ્રમાદની પર્યાય આત્મામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બાપુ! ભગવાન પરમેશ્વરનો અંતરનો માર્ગ અલૌકિક છે. વ્યવહારવાળો ઝઘડો કરે એમાં કોઈ માર્ગ ફરી જાય એમ નથી.

અશુદ્ધ સંસ્કાર છોડવાનો, શુભ સંસ્કારને ગ્રહણ કરવા પહેલા તપ, ત્યાગ, ક્રિયાકાંડ કરો તો એનાથી આત્માનો અનુભવ નિશ્ચય થાય છે. બિલકુલ જૂઠું છે. સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે કોઈ એવા શુભરાગને ક્રિયાકાંડનો નિષેધ કેમ કરે છે? કે અનંતવાર કર્યું માટે. તો અનંતવાર સ્ત્રીનો વિષય નથી લીધો એણે? તો પછી સ્ત્રી સાથે લગન કરે તો એના ભોગનો નિષેધ કેમ નથી કરતા? એમ કહે છે.

મુમુક્ષુ :- પાપનો નિષેધ નથી કરતા?

ઉત્તર :- હા એ નિષેધ નથી આવતો? પાપનો નિષેધ તો પહેલાથી છે. એમ કે અનંતવાર સાધુપણું લીધું એમ તમે કહો તો એનો તમે નિષેધ કરો છો. એ ક્રિયાકાંડ નથી. તો અનંતવાર સ્ત્રી.. સાધુપણું લીધું એ કરે છે... વાત તે પણ એવી ... અનંતવાર સ્ત્રીની સાથે લગન કર્યા. તો એના લગનનો નિષેધ કરો. કે નહિ જૂઠું છે. જૂઠું જ છે એ તો પહેલાથી કહે છે. લગન-ફગન કેવા? અને શુભભાવ પણ આત્મામાં છે નહિ. જેની દૃષ્ટિ આત્મા ઉપર છે એને અશુભભાવ પણ એમાં નથી. સમજાણું કાંઈ? શુભભાવ થાય છે. અશુભપણું ઘણું મંદ અશુભ થાય છે. મંદ અશુભનું પણ એ જ્ઞાન કરે છે. આહા..હા..! અશુભ થાય છે, પણ એથી કરીને અશુભ છે તો એના આત્મામાં અશુભ સંસ્કાર છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વાતે વાતે વાંધા, વાતે વાતે સીધા એવી વાતું છે. વાંધા ને સીધા. અરે ભગવાન! ભાઈ! તારી ચીજ સર્વજ્ઞ પરમેશ્વરે જોઈ છે અને તું એવો છો. ભગવાન આત્માને યતિલિંગો બાહ્ય, વિકલ્પ અને બાહ્ય બેય નથી.

એ કહે છેને. લાલન કહેતા હતા. સમાધિશતકમાં છેને? કે જેને આગમના લિંગનો આગ્રહ છે એ મિથ્યાદૃષ્ટિ છે. તો જુઓ, લિંગ ચાહે ગમે તે હોય, એમ નથી. એ તો સમાધિશતકમાં ..એક લાલન હતા પંડિત. શ્વેતાંબરના મોટા છે. ૯૫ વર્ષના હતા. ગુજરી ગયા. ૯૫ વર્ષ. નવની સાલમાં રહેતા હતા. ઘણો અભ્યાસ શાસ્ત્રનો. ૧૬ વર્ષની ઉંમરથી ૯૫ વર્ષ સુધી અભ્યાસ શાસ્ત્રનો. એટલો અભ્યાસ... અભ્યાસ... અભ્યાસ... હજારો શાસ્ત્રોનો. દૃષ્ટિ વિપરીત-ઉલટી. અહીં બેસતા હતા. .. રહેતા હતા. રોવે પછી. સાચી વાત. આહા..હા..! એ એકવાર એમ કહેતા હતા. સમાધિશતક વાંચેલું. શ્વેતાંબરના પંડિત હતા. જામનગરના મોટા વૃદ્ધ હતા. ૯૫ વર્ષના. ૯ની સાલમાં ગુજરી ગયા. એ કહેતા હતા, આગમના આગ્રહની ના પાડે છેને સમાધિશતકમાં. પૂજ્યપાદસ્વામી. જેના આગમમાં એવો વેશ છે તો વેશનો આગ્રહ કરવો એ આગમ નથી. એનો અર્થ શું? કે એ વેશ છે નગ્નપણું કે વિકલ્પ એ મોક્ષનું કારણ છે એવો આગ્રહ ન કરવો. એમ બીજો વેષ થઈ જાય કે બીજી લિંગ આદિથી મુક્તિ થઈ જાય કે વસ્ત્રાદિથી મુક્તિ થઈ જાય એવી વાત ત્રણ કાળમાં નથી. સમજાણું કાંઈ? બહુ તકરાર કરતા હતા માળા. લ્યો! અમારા જ્યોર્જ છે, અત્યારે જ્યોર્જ છેને, એને એક રાણી. ભણેલા બહુને પછી એમ બોલતા હતા કોઈ વખતે. અહીં બેસતા હતા. આંખ આમ થઈ ગઈ. તમારા

મકાનમાં રહેતા હતા મોઢા આગળ, તમારા મકાનમાં. ગુજરી ગયા નવની સાલમાં. એ કહેતા હતા એકવાર કે અરે! તમે કહો છો કે તીર્થંકર ચક્રવર્તી સમકિતી અને છન્નું હજાર રાણી. કેટલા વ્યભિચારી! અમારા એડવર્ડ અને આ જ્યોર્જને એક રાણી. એક રાણી સિવાય બીજી નહિ. જુઓને છેને?... હમણાં (ગાદી) છોડાવી દીધી. એના પ્રમાણે રાણી બીજા વંશની હતી.

મુમુક્ષુ :- એડવર્ડે ગાદી છોડી દીધી.

ઉત્તર :- હા એણે ગાદી છોડી દીધી. જે ગાદીએ બેસે એને એના વંશની સ્ત્રી સાથે લગન કરવા જોઈએ. એના લગન બીજી સ્ત્રી સાથે થયા. તો એ કારણે એણે ગાદી છોડી. ગાદી છોડી શકું પણ હું સ્ત્રીને છોડું નહિ. એ કારણે રાજ છોડી દીધું. જ્યોર્જે નહિ? એડવર્ડે. એડવર્ડ. ઘણા વર્ષ પહેલા. આખા ઈંગ્લેન્ડનું રાજ છોડી દીધું. કારણ કે એણે રાજકુમારી જે હોવી જોઈએ એ વંશની ન લાવ્યો તો બીજી લાવ્યો. તો બીજી લાવે તો તેને રાજ ન મળે. એ લાવ્યો તો કહે હું રાજ છોડું, પણ આ છોડું નહિ. તો એણે એક સ્ત્રી જ હતી. અમારા એડવર્ડ એક સ્ત્રી કરે અને તમારા ભરત ચક્રવર્તી છન્નું હજાર સ્ત્રી કરે. અરે! સાંભળ તો ખરો, કીધું. આ શરીરમાં કોઈના પરમાણુ પાતળા હોય. સુરેન્દ્રજી! લ્યો આમ એનું શરીર પાતળું હોય અને આ અમારા મલુકચંદજી જેવા જાડા હોય, ડબલ શરીર હોય લ્યો. તો ઝાઝા રજકણ માટે ત્યાં ઝાઝી મમતા એમ છે? મમતાની વ્યાખ્યા પરમાણુની સંખ્યા ઉપર છે? એમ એક રાણી અને છન્નું હજાર રાણી સંખ્યામાં વધી ગઈ તો મમતા એના પ્રમાણે છે? ધર્મી સમકિતીની મમતા, છન્નું હજાર હોય તોપણ અલ્પ મમત્વ છે. અને અજ્ઞાની મિથ્યાદૃષ્ટિને એક જ છે પણ એ મારી છે અને મારા સુખ-દુઃખમાં નિમિત્ત છે, એનાથી મને સુખ થાય છે. મહામિથ્યાત્વનો મહા મમત્વભાવ છે. સમજાણું કાંઈ? તો એક સ્ત્રીવાળો સારો અને છન્નું હજાર સ્ત્રીવાળો ખરાબ એવી ચીજ નથી. કોઈનું શરીર બહુ જાડું હોય લ્યો, તો ઘણા પ્રમાણમાં પરમાણુ છે. તો ઘણા પરમાણુવાળો બહુ મમતાવાળો અને અલ્પ શરીર થોડા પરમાણુવાળાને ઓછી મમતા એવું કોઈ પ્રમાણ છે? કે એમ છે નહિ. એ તો બહારની ચીજ છે. સંખ્યા ઉપરથી મમત્વનું પ્રમાણ નથી. મમતા એમાં એકત્વબુદ્ધિ છે કે અસ્થિરતા છે એના ઉપર એની મમતાનું પ્રમાણ છે. સમજાણું કાંઈ? તો આ મુનિને એવું લિંગ હોય છે નિમિત્તમાં, આત્મામાં નથી. તો એવું લિંગ કેમ કહ્યું, બીજું કેમ નહિ? પણ એવું લિંગ જ હોય છે. મુનિ દશા જ્યારે અંદરમાં આવે છે તો નગ્નપણાની દશા જડમાં સ્વતંત્ર સ્વયં થઈ જાય છે. આવ્યું હતુંને સવારમાં આવ્યું હતું. સમજાણું કાંઈ? નગ્નપણાનો કર્તા નથી. આવ્યું હતુંને સવારમાં?

મુમુક્ષુ :- ભગવાનને...

ઉત્તર :- ભગવાનને... કર્તા નથી. (કપડા) ઉતારવાનો કર્તા નથી તો આ વિકલ્પનો કર્તા

નથી, હવે અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પનો કર્તા નથી આ લૂગડાં કોણ ઉતારે? પણ જ્યારે આત્માની ભૂમિકા અંતર સ્વરૂપમાં સમ્યગ્દર્શનમાં આત્માનું ભાન થયું તો મિથ્યાત્વ રહેતું નથી. મિથ્યાત્વ રહેતું નથી તો તેને કુગુરુ, કુદેવના નિમિત્તની શ્રદ્ધા પણ રહેતી નથી. એવા સ્વરૂપમાં જ્યારે રમણ થઈ જાય છે ચારિત્રમાં ત્યારે તેને વિકલ્પની અઠ્યાવીશ મૂળગુણની મંદતા જ વિકલ્પ હોય છે. તો એને વસ્ત્ર અને સ્ત્રીનો સંબંધ હોતો નથી. શરીર ઉપર પણ વસ્ત્ર રહી જાય, પાત્ર રહી જાય અને કેવળજ્ઞાન થઈ જાય, મુનિપણું થઈ જાય એમ છે નહિ. સમજાણું કાંઈ?

એ કારણે વળી એક એમ કહેતા હતા. ભાઈ! ઓલા નહિ? જુઓ આવ્યું કે નહિ? એ નિમિત્ત થયું ત્યારે કેવળજ્ઞાન થયું... એમ નથી. ભારે વાત! ત્યાં આવે છેને ગોમ્મટસારમાં. ગોમ્મટસારમાં આવે છે. નગ્નલિંગ હોય તો તેને ભાવલિંગ મુનિપણું આવે. નગ્ન વિના નહિ આવે. પણ નગ્નમુનિ હોય તો એકદમ ભાવલિંગ જ આવે. પણ એ નગ્નપણું છે તો આવે એમ નથી. ગોમ્મટસારમાં છે. બંસીધરજી સાથે ઘણી ચર્ચા થઈ હતી તેરની સાલમાં. આપણા ઈંદોરવાળા. પાઠ છે ગોમ્મટસારમાં એક લિંગ એવું છે કે એકદમ પહેલા ગુણસ્થાનમાં હોય તો એકદમ સાતમે આવી જાય. સમજાણું કાંઈ? પણ સાતમે આવે એની દશામાં નગ્નપણું પહેલા હોવું જોઈએ. નગ્નપણું ન હોય અને સાતમે આવી જાય એમ બને નહિ. ત્યારે કહે કે જુઓ નગ્નપણું સાતમે... કહે એ નહિ. એ કારણ નથી. એ તો પોતાના સ્વભાવ ઉપર એકદમ દૃષ્ટિ પલટીને જ્યાં સ્થિર થયો તો એને સાતમું ગુણસ્થાન આવે અપ્રમત્તદશા. તો એ સમયમાં નિમિત્ત નગ્નદશાની હતી બસ. પણ એ હતી માટે સાતમું ગુણસ્થાન આવ્યું, એમ નથી. આરે ભારે વાત! સમજાણું કાંઈ?

તો કહે છે કે કે **'લિંગોનું એટલે કે ધર્મચિહ્નોનું ગ્રહણ...'** નામ જેને પક્કડ નથી. પકડ્યું જ નથી. આત્માની પર્યાયમાં વિકલ્પ લાવ્યો જ નથી અને નગ્નદશા બનાવી જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'બહિરંગ યતિલિંગોનો અભાવ છે...'** એ કારણે એ કહે છેને કે પંદરભેદે સિદ્ધ થાય. શ્વેતાંબરમાં એમ કહે છે. સ્ત્રીલિંગે સિદ્ધ થાય, ગૃહસ્થલિંગે સિદ્ધ થાય, બાવાના લિંગે સિદ્ધ થાય, પરમ.. લિંગે સિદ્ધ થાય. એમ પંદર ભેદ કહે. એ તમે તો ના પાડો છો કે યતિલિંગનો તો આત્મામાં અભાવ છે. ચાહે તે લિંગ હોય, એમ નથી. અહીં તો આત્મામાં ભાવલિંગીને જે વિકલ્પ ઉત્પન્ન થાય છે, વિકલ્પ વ્યવહારલિંગ અને જે દ્રવ્યલિંગમાં નગ્નપણું છે એનો અહીં અભાવ છે એ બતાવવું છે. માટે દ્રવ્યલિંગમાં બીજું લિંગ હોય અને આત્મામાં યતિપણું આવી જાય એમ બનતું નથી. ભારે ભાઈ! તકરાર-તકરાર વાંધા. શું કરે પણ? ભાઈ! તને ન્યાયની ખબર ન મળે અને આ વસ્તુની સ્થિતિ. એ વસ્તુ તો નિમિત્ત નગ્નપણું, અઠ્યાવીશ મૂળગુણે જ થાય છે. પણ ક્યારે? એનાથી દૃષ્ટિ હટાવીને આનંદ સ્વરૂપનું સ્વસંવેદન પ્રગટ થયું એવા આત્માના ભાવમાં દ્રવ્યલિંગ અને બાહ્ય

વિકલ્પ છે જ નહિ. પણ છે નહિ તો ત્યાં વ્યવહારમાં નથી એમ નથી. બાહ્યમાં છે. બહિરંગ કીધુંને? બહિરંગ યતિલિંગ છે તો ખરું. સમજાણું કાંઈ? અલિંગગ્રહણમાં તો ઘણી વાત ભરી દીધી છે. આખું જૈનશાસન. વસ્તુનું સ્વરૂપ એવું છે.

**'આત્માને બહિરંગ યતિલિંગોનો અભાવ છે...'** ભગવાન આત્મા શુદ્ધ ચિદ્‌બિંબ આનંદ એવી જ્યાં દૃષ્ટિ થઈ એ આત્મામાં... ત્યારે તેને આત્મા કહ્યો. એવા આત્મામાં પંચમહાવ્રતના વિકલ્પનો વ્યવહારનો પણ અભાવ અને નિમિત્ત દ્રવ્યલિંગ નગ્નપણાનો પણ અભાવ. એ તો ભગવાને સમયસારમાં ન કહ્યું છેલ્લે? વ્યવહારથી બે લિંગ છે, નિશ્ચયમાં બે ભેદ છે જ નહિ. કહો, **'એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** અલિંગગ્રહણમાંથી એવો ભાવ નીકળે છે. સમજાણું કાંઈ? એમાં યતિ (સંબંધીનો) વિકલ્પ અને પંચ મહાવ્રતનો રાગ અને શરીરની નગ્નદશા ભગવાન આત્મામાં છે નહિ. અલિંગગ્રહણમાંથી એવો અર્થ નીકળે છે. આ તો એ કારણે બીજું યતિલિંગ હોય એવી વાત અહીં છે નહિ. શું થાય? જ્યાં દૃષ્ટિની ખબર ન મળે, દૃષ્ટિના વિષયની ખબર ન મળે અને એની નિર્મળપર્યાય કેટલી થાય છે અને ત્યારે કેટલો રાગ મંદ થાય છે અને કેટલો નિમિત્તનો સંબંધ છૂટી જાય છે અને કેટલો સંબંધ રહે છે—એની ખબર નથી તેને નવેય તત્ત્વની ખબર નથી. આહા..હા..! શું કરે? એ ૧૭મો બોલ થયો.

હવે ત્રણ બોલ થોડા સૂક્ષ્મ આવશે. ગુણ, પર્યાય અને દ્રવ્ય. ગુણ, પર્યાય નથી અને પછી દ્રવ્ય નથી એમ કહેશે. **'લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ...'** ૧૮મો બોલ. **'લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ (પદાર્થજ્ઞાન)...'** એટલે ગુણ એમ. મૂળ તો ગુણ. અર્થાવબોધ—અર્થ નામ પદાર્થનું અવબોધ-જ્ઞાન. ભાષા પદાર્થજ્ઞાનમાં અર્થાવબોધ લીધો છે. પણ સર્વ ગુણ એવા ગુણીમાં ગુણનો ભેદ છે નહિ. ધીરેથી સમજવું થોડું. **'લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ (પદાર્થજ્ઞાન)...'** એટલે કે એકલું જ્ઞાન નહિ પણ સર્વગુણના ભાવ, ગુણરૂપભાવ **'તે જેને નથી.'** એ ગુણી પદાર્થમાં ગુણનો ભેદ છે નહિ, તેને આત્મા કહે છે. ધીરેથી સમજવું. ફરીને લઈએ.

વિકલ્પ અને બાહ્યની ક્રિયાનો તો અભાવ છે, પણ અભેદ ભગવાન આત્મા ગુણી એકરૂપ સ્વરૂપ છે એમાં આ જ્ઞાનગુણ અને આ શ્રદ્ધાગુણ એવા ગુણ-ગુણીના ભેદને દ્રવ્ય સ્પર્શતું જ નથી. સમજાણું કાંઈ? લિંગ નામ **'લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ (પદાર્થજ્ઞાન) તે જેને નથી.'** ગુણ જેને છે જ નહિ. એ દ્રવ્ય એને કહે છે અલિંગગ્રહણ આત્માને કે જેને ગુણ નથી, રાગ નથી, નિમિત્ત નથી, લિંગ નથી, પણ જેમાં ગુણ નથી, અખંડ અભેદ છે એમાં આ ગુણ અને આ ગુણી એવો ભેદ છે જ નહિ એમ કહે છે, તેને આત્મા કહે છે. આ ગુણ અને આ ગુણી એવો આત્મા છે નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અખંડ જ છે.

ઉત્તર :- એ અખંડ ભલે હો પણ એ નહિ. અહીં તો આત્મા. એ ગુણરૂપ છે એમ નથી (કેમકે) ભેદ થઈ ગયો. અનંતા ભલે ગુણ હોય, અહીં તો ગુણ અનંતા પણ બધા અર્થાવબોધના નામ લીધા છે. એક જ્ઞાન નહિ પણ સર્વ ગુણ, આ ગુણી એ ગુણરૂપ છે. એમ નથી. અભેદ એકાકાર છે. આહા..હા..! જેને રાગ, વિકલ્પ, વ્યવહાર તો નથી, નિમિત્ત તો નથી જડની પર્યાય, પણ ગુણ-ગુણીનો ભેદ નથી. એમ લે છે. ગુણી ગુણના ભેદને આલિંગન નથી કરતો, એમ કહે છે. આલિંગન નથી કરતો એવો શબ્દ છે. સમજાણું કાંઈ? 'અનાલીઢ' શબ્દ પડ્યો છે. 'અનાલીઢ' નામ આલિંગન નથી, ચુંબતો નથી. આત્મા ગુણરૂપ-બોધરૂપ જેને નથી, બોધ પદાર્થનું જ્ઞાન જેને નથી. અર્થ નામ પદાર્થનું જ્ઞાન જેને નથી. અથવા ગુણીને ગુણરૂપ ભેદ નથી. તેને અલિંગગ્રહણ કહે છે. ઝીણી વાત છે. ત્રણ બોલ તદ્દન સૂક્ષ્મ છે. ૧૮, ૧૯, ૨૦.

એકરૂપ ભગવાન આત્મા અભેદ ચિદાનંદ સ્વરૂપ એકરૂપ તેને આત્મા કહે છે. આ આત્મા દ્રવ્ય અને આ જ્ઞાનાદિગુણ એવા ભેદને અભેદ ચીજ અડતી નથી, આલિંગન કરતી નથી, એવા દ્રવ્યને આત્મા કહેવામાં આવે છે. ઓહો..હો..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? આત્મા વ્યવહારને તો સ્પર્શતો નથી, આલિંગન કરતો નથી, નિમિત્ત જડની અવસ્થા નગ્નને આલિંગન-સ્પર્શ કરતો નથી. તેમ ભગવાન આત્મા ગુણને આલિંગન કરતા નથી, ગુણને સ્પર્શતો નથી, ચુંબતો નથી. ભારે! એકરૂપ એવો ભગવાન આત્મા એવા આત્માની દૃષ્ટિ થવાથી આત્મા ગુણરૂપ ભેદને સ્પર્શે એ વસ્તુમાં નથી. ગુણગુણીનો ભેદ થઈ જાય તો વિકલ્પ ઉઠે છે. આ ગુણી ભગવાન અને એમાં જ્ઞાનાદિ ગુણ એવા બે ભેદ થઈ જાય તો એમાં રાગ ઉત્પન્ન થાય છે, એ આત્મા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અઠ્યાવીશ મૂળગુણ અને દયા, દાનનો વિકલ્પ તો આત્મા નથી. કેમકે એ તો વિકલ્પ, રાગ છે. એને તો આલિંગન, આલિંગન, આત્મા રાગને આલિંગન કરતો જ નથી. ચુંબતો નથી, અનાલીઢ છે. રાગથી આત્મા અનાલીઢ છે. આલિંગન નથી. સમજાણું કાંઈ? જેમ બાળકને આલિંગન કરે છે કે નહિ? તેના પિતા કે માતા આલિંગન કરે છેને, ચુંબે છે. એમ ભગવાન આત્મા રાગને કદી ચુંબતો જ નથી. તેને આત્મા કહે છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અને એને તો નહિ, પણ ગુણરૂપ ભાવ જેને નથી. એટલે કે '**આ રીતે આત્મા ગુણવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે...**' ગુણ જે વિશેષરૂપ ભાવ છે... એ સામાન્ય વસ્તુ જે છે. તે વિશેષને આલિંગિત નહિ કરતું એનું નામ શુદ્ધ આત્મદ્રવ્ય કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રોફેસરજી! સમજાણું નથી હજી. ખબર છે. કહે છે કે વસ્તુ જે છે એકરૂપ અભેદ દ્રવ્ય. જુઓ, '**ગુણવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે...**' એમ કહેવું છેને? શુદ્ધદ્રવ્ય. શુદ્ધદ્રવ્ય. શુદ્ધદ્રવ્યનો અર્થ એમાં રાગ તો

નથી, નિમિત્ત તો નથી, અને ગુણગુણીનો ભેદ કરવો એ શુદ્ધદ્રવ્યમાં નથી. ભેદ કરવાથી અશુદ્ધ થઈ જાય છે, વિકલ્પ ઉત્પન્ન થાય છે. આ દ્રવ્ય અને આ ગુણ વચ્ચે રાગ આવ્યો. ભેદ પડ્યો તો એમાં રાગ આવ્યો. એ આત્મા નથી. આહા..હા..!

જુઓ, સમ્યગ્દર્શનમાં આત્મા ગુણ-ગુણીના ભેદને સ્વીકારતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાણું એમ ન બોલ્યા. વાત તો એવી છે. છેને એમાં જુઓને. જુઓ. લિંગ નામ ગુણરૂપ ગ્રહણ, લિંગ નામ અલિંગગ્રહણ છેને. '**લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ...**' અર્થાત્ જ્ઞાન અથવા દર્શન અથવા આનંદ અથવા ચારિત્ર એવું જે નથી. એ આત્મામાં ગુણભેદ નથી. શુદ્ધ વસ્તુ દ્રવ્ય એકરૂપ છે એમાં ગુણભેદ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ સમ્યગ્દર્શનનો વિષય શુદ્ધદ્રવ્ય છે. આ ગુણી અને આ ગુણ એ વિષય સમ્યગ્દર્શનનો નથી. આહા..હા..! અથવા તે આત્મા જ નથી. એવા આત્માની દૃષ્ટિ કર્યા વિના તેને સમ્યગ્દર્શન નથી. સમજાણું કાંઈ? બીજો પણ આત્મા છે. અસ્તિ છેને. ભગવાન પદાર્થ શુદ્ધ દ્રવ્ય, શુદ્ધ દ્રવ્ય. વસ્તુ છેને, પદાર્થ છેને, અસ્તિ છેને, સત્તા છેને. હોવાપણે છેને? અસ્તિગુણ છેને એમાં નહિ? જેના કારણે-અસ્તિગુણને કારણે કદી નાશ થતો નથી. આવે છેને છ ગુણમાં? છોકરાને સમજાવે છે. અસ્તિત્વગુણનું શું કાર્ય? જે દ્રવ્ય કદી નાશ પામતું નથી. નાશ થતું નથી એટલે એ સત્તા એવી ને એવી એકરૂપ છે. સમજાણું કાંઈ? એમાં આ દ્રવ્ય ને આ ગુણ ને આ પર્યાય એવો ભેદ નથી.

અલિંગગ્રહણ. લિંગ નામ ગુણ, ગ્રહણ. ગુણ. લિંગ એટલે ગુણ. પછી ગ્રહણ. એટલે કે પદાર્થનો બોધ અથવા પદાર્થના ગુણ જેને નથી. આત્મામાં-શુદ્ધ દ્રવ્યમાં ભેદ નથી. એનો અર્થ કે ગુણવિશેષ, જે સામાન્ય વસ્તુ છે, ધ્રુવવસ્તુ છે, એકરૂપ સદૃશ્ય વસ્તુ છે એમાં ગુણવિશેષનો ભેદ છે નહિ. ગુણવિશેષને શુદ્ધદ્રવ્ય સ્પર્શતું જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? હવે કેટલા વર્ષ દિગંબરમાં જન્મ થયો, વાંચે તોપણ આની ખબર નહિ. આ તો હમણાનું નથી. આ તો બે હજાર વર્ષ પહેલાનું શાસ્ત્ર અને ટીકા એક હજાર વર્ષ પહેલાની છે, ૯૦૦ વર્ષ પહેલાની. અમૃતચંદ્રાચાર્ય મહામુનિ સંત, વીતરાગી વનશાસ્ત્ર બનાવ્યા. સમજાણું કાંઈ? એય..! દીપચંદજી! સાંભળ્યું નથી. જૈનના સાધુ થઈ જાઓ. સાધુ થઈ જાઓ. થઈ ગયું. હજી તો વાંધા વ્યવહારના. વ્યવહાર કરે, વ્યવહાર કરે. વ્યવહાર આમ કરે. સાધુએ કર્યા. વ્યવહાર કરે એ તો મિથ્યાદૃષ્ટિ છે. રાગનો કર્તા એ તો મિથ્યાદૃષ્ટિ છે. કેમકે વ્યવહાર અને નિશ્ચયને એક માન્યો તો કર્તા થાય છે. વ્યવહાર અને નિશ્ચયને ભિન્ન માને એ વ્યવહારનો કર્તા થતો જ નથી. એ તો જ્ઞાતા થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ સૂક્ષ્મ વાત છે, ભગવાન! પૂર્ણાનંદ સ્વરૂપ દ્રવ્યસ્વભાવ... આ સાકર અને સાકરની મીઠાશ બે ભેદ થઈ ગયા. સાકર અને મીઠાશ બે ભેદ થઈ ગયા. એમ ભગવાન આત્મા દ્રવ્ય અને આ જ્ઞાનગુણ આદિ વિશેષ. વિશેષને સ્પર્શતો નથી એવો શુદ્ધ દ્રવ્ય આત્મા તેને આત્મા કહે છે. કહો,

સમજાણું કાંઈ? આ તો મોટી ઉંમરના છે. આ તો પ્રોફેસર વિદ્વાન છે. તો તમે આવી વાત નથી સાંભળી? સાંભળી છે કે નહિ? આહા..હા..!

અહીં તો કેવી વાત છે! આહા..હા..! ભગવાન આત્મા વસ્તુ છેને. શુદ્ધદ્રવ્ય. શુદ્ધદ્રવ્ય. શુદ્ધદ્રવ્ય એને કહીએ... પર્યાયની શુદ્ધતાની અહીં વાત નથી. આ તો ત્રિકાળ વસ્તુ એવી દૃષ્ટિ કરવાથી આ ગુણી અને આ જ્ઞાનગુણ એ શુદ્ધદ્રવ્યમાં એવો ભેદ છે જ નહિ. ભેદ જોવામાં આવે ત્યાં સુધી શુદ્ધદ્રવ્ય દૃષ્ટિમાં આવ્યું નથી. અને ભેદદૃષ્ટિ છૂટી ગઈ અને દ્રવ્ય તે વસ્તુ અખંડ છે એવી દૃષ્ટિથી આત્માને સમ્યગ્દર્શન થાય છે. પંડિતજી! આહા..હા..! છેને. એમાં લખ્યું છે જુઓ. સંસ્કૃત ટીકામાં છે, હિન્દીમાં છે. સમજાય નહિ. અરે ભગવાન! જ્ઞાન તારી પાસે છે અને તને જ્ઞાન ન થાય! તારી પાસે રાગાદિ નથી. તારી પાસે તો જ્ઞાન ભર્યું છે. તો જ્ઞાન ભર્યું છે અને જ્ઞાન મારી પાસે નથી. સમજાણું કાંઈ?

એ દૃષ્ટાંત લીધું હતુંને? માછલી... માછલી... માછલી... એક પંડિત હતો. એક માણસ પંડિતને પૂછવા ગયા ભાઈ અમને આત્મા બતાવો.. આત્મા બતાવો... ઠીક! કે અમારી પાસે નથી માછલી પાસે જાવ. માછલી. સમુદ્રમાં દરિયામાં માછલી રહે છે ત્યાં જાવ. એક મોટો પંડિત છે માછલી તને આત્મા બતાવશે. માછલી પાસે ગયો. ભાઈ! એક પંડિતે અમને કહ્યું છે કે તમે મને આત્મા બતાવો. ઠીક વાત છે. આત્મા તારે જોવો છે? મને ઘણા સમયથી બહુ તરસ લાગી છે. તો એક લોટો પાણી ક્યાંકથી લાવો. અરે! આ શું કહે છે? પાણીમાં પડી છે અને પાણીનો લોટો લાવો. શું કહે છે? તો તું જ્ઞાનમાં પડ્યો છે અને આત્મા લાવ એમ કેમ કહે છે? માછલીએ કહ્યું. એ તો દૃષ્ટાંત આપ્યું છેને સમજાવવા માટે. સમજાણું કાંઈ? માછલી પાસે ગયો તો માછલી કહે, તમે મોટા પંડિત લાગો છો હોં! મારી પાસે સાંભળવા-સમજવા આવ્યો. મોટો પંડિત લાગે છે. શોધ કરી કરીને ક્યાં આવ્યો દરિયામાં? પંડિત મોટો છે. મારું એટલું કામ કરો. એક લોટો પાણી લઈ આવો. ઘણા દિવસની તૃષા છે. અરે! માછલી શું કહે છે? આમ નજર લગાવને. આમ નજર કર તો ત્યાં પાણી પડ્યું છે. તો તું ત્યાં નજર કરને. આત્મા જ પડ્યો છે અંદર. સમજાણું કાંઈ? તારી નજર રાગ ને વિકલ્પ ને ભેદ ઉપર છે. નજર લગાવ અંદર અભેદ આત્મા અંદર પડ્યો જ છે. મારી પાસે સમજવા આવ્યો? પંડિતજી! એ અનુભવપ્રકાશમાં દૃષ્ટાંત આપ્યું છે દીપચંદજીએ. દીપચંદજી છેને? સાધર્મી. અનુભવપ્રકાશ, ચિદ્‌વિલાસ, આત્માવલોકનમાં ઘણું ભરી દીધું છે. કહે કે છેને અંદર? જાણનારો કોણ છે? તું પૂછે છે કે મને આત્મા બતાવો. તો એ જાણનારો કોણ છે અંદર? જાણનારો આત્મા છે. નજર કરને ત્યાં. ઓહો..! ભાઈ!

કહે છે કે ભગવાન આત્મા રાગમાં નથી, પરમાં નથી. જ્યાં છે ત્યાં શોધતો નથી અને નથી ત્યાં શોધે છે. અને અંદર જ્ઞાનગુણ અને આ ગુણી એવા ભેદમાં પણ દ્રવ્ય નથી એમ કહે છે. ભેદમાં શોધવા જઈશ તો રાગ મળશે ત્યાં. ગુણી દ્રવ્ય નહિ મળે એમ કહે

છે. આહા..હા..! સમજાણું કાંઈ? ગુણરૂપ વિશેષ એમ શબ્દ લીધોને? આત્મા ગુણવિશેષ. જુઓ, ગુણવિશેષ સમયસાર. સાતમી ગાથામાં આવ્યુંને? જ્ઞાન નથી, દર્શન નથી, ચારિત્ર નથી. આત્મામાં જ્ઞાનદર્શન છે નહિ. છે નહિ. કોઈ કહે કે આત્મામાં જ્ઞાન-દર્શન નથી તો શું જડમાં છે? હવે સાંભળ તો ખરો. એક સાધુ કહેતા હતા. સમજ્યા વિનાના બિચારા શું કરે? અહો! 'ભવજળ તારણહાર' ભગવાન આત્મા પોતાનો. ભવ ચોર્યાસીના જળમાં ડૂબેલો છે. એ ચીજ એવી નથી. એ તો ડૂબવાની પર્યાયનો વ્યય કરે એવો પણ નથી. એ તો ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ શુદ્ધદ્રવ્ય જેમાં સામાન્યપણું એકરૂપ છે. એમાં ગુણના ભેદરૂપ વિશેષ, ભેદ કહો, વિશેષ કહો, એ ગુણી વસ્તુ જે શુદ્ધદ્રવ્ય. તે વિશેષને આલિંગન કરતું જ નથી. આલિંગન કરતો નથી એટલે કે એકરૂપ થતો જ નથી. ગુણ અને ગુણીનો ભેદ એકરૂપ થઈ જાય એવી વસ્તુ જ (નથી). અખંડ અભેદ ચિદાનંદ સ્વરૂપ છે. આહા..હા..! હવે એવા આત્માને પરની દયા પાળવાનું કહેવું. સમજાણું કાંઈ? દયા પાળે તે આત્મા. અરે ભગવાન! શું કહે છે? ભાઈ! ત્યારે હિંસા કરવી? પણ કરે કોણ હિંસા-દયા? ભાઈ! બીજાનું કરવું એ તો વિકલ્પ છે, એ આત્મા નથી, તો વળી પરનું કરી શકે એ પ્રશ્ન નથી. પહેલા વ્યવહાર સુધારો, પછી નિશ્ચય.

અહીં તો કહે છે કે કોલસાને ધોળો કરવો હોય તો અગ્નિમાં નાખવો. તો કોલસો ધોળો થઈ જશે. કોલસાને દૂધમાં નાખી કે સાબુ દઈને ધોળો થાય એમ કદી નહિ થાય. દીવાસળી. દીવાસળી સમજો છોને? લગાવો, ધોળો થઈ જશે. સફેદ રાખ થઈ જશે. એમ પુણ્ય-પાપ અને ભેદ મારામાં છે જ નહિ. લગાવો અગ્નિ, તારો આત્મા શુદ્ધ અંદર પડ્યો છે, તારી દૃષ્ટિમાં આવશે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! આચાર્ય ક્યાં લઈ જાય છે! ક્યાં લઈ જાય છે? કે ક્યાં લઈ જાય? જ્યાં તું છો ત્યાં લઈ જાય છે. જ્યાં તું પડ્યો છો ત્યાં લઈ જાય છે એમ કહે છે. આહા..હા..!

હજી તો બહારના વાંધા. આમ નથી કર્યું, આમ કર્યું. અરે ભાઈ! તેં શું નવું કર્યું? છોડને બાપુ! આહા..હા..! આ ચક્રવર્તી રાજા. જો એણે સુખ ન માન્યું હોય તો છ ખંડના રાજમાં કેમ રહે છે? છોડી દેને. ભગવાન! આ શરીર મારું નથી એવો અનુભવ થયો તો શું શરીર છૂટી જાય છે? કેવળજ્ઞાની હોય તોપણ છૂટતું નથી. સંયોગથી છૂટતું નથી. અંદરથી તો છૂટી ગયું છે. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા... છોડી દ્યો. પણ કોને છોડે? છૂટો જ પડ્યો છે. એમાં ગુણભેદ જ નથી એમ કહે છે અહીંયા તો. આહા..હા..! એવો ભગવાન આત્મા **'લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ...'** અર્થાવબોધ તો એક જ્ઞાન શબ્દ લીધો છે. એકલું જ્ઞાન છે એમ ન લેવું. અર્થાવબોધનો અર્થ એવો છે- અર્થ-પદાર્થનો અવબોધ. પદાર્થનો અવબોધ. એમ શબ્દ પડ્યો છે. પણ અર્થાવબોધનો અર્થ એકલું જ્ઞાન ન લેવું. અર્થાવબોધના જ્ઞાનનો ભાવ બતાવીને બધા ગુણ અને આ ગુણી એવો

ભેદ નથી. ગુણી એક વસ્તુ સામાન્ય છે એ અનંતગુણને વિશેષરૂપે સ્પર્શતો નથી. એમ લેવું છે. એકલા જ્ઞાનમાત્રથી આલિંગન નથી. એવો પાઠ પડ્યો છે. એ પાઠનો ભાવ એવો છે. સમજાણું કાંઈ? ઓહો..હો..!

'**(પદાર્થજ્ઞાન)**...' શબ્દ તો એટલો જ છે. '**તે જેને નથી**...' આત્માને નથી. ત્યારે શું બીજો ગુણ છે? એ જ્ઞાન નથી તો બીજો ગુણ છે? એ તો જ્ઞાન સર્વને જાણે છે એ અપેક્ષાએ જ્ઞાનગુણ અને ગુણી એવો ભેદ નથી. આહા..હા..! શુદ્ધદ્રવ્યમાં ગુણ-ગુણીનો ભેદ નથી તેને આત્મા અને શુદ્ધ આત્મા કહેવામાં આવે છે. '**આ રીતે આત્મા ગુણવિશેષથી નહિ આલિંગિત એવું**...' જુઓ, હજી ગુણવિશેષમાં પણ એક નથી થતો, સ્પર્શ નથી કરતો. ઓહો..હો..! એ રાગને સ્પર્શે છે, તે નિમિત્તને સ્પર્શે છે. લગાવો અગ્નિને હાથ અને દાઝે નહિ તો બતાવો કોઈ, એમ કહે છે. કહો, પણ લગાવે કોણ? એની દાઝવાની પર્યાય પોતામાં થઈ ત્યારે નિમિત્ત અગ્નિ હોય છે.

મુમુક્ષુ :- .. તો ન પણ બળે.

ઉત્તર :- પણ એ તો એમ કહે, ન બળે તોપણ પોતાની પર્યાયથી. અગ્નિથી નહિ. અગ્નિથી ઉનું થયું એમ પણ નથી. એમ કહે છે જુઓ. નિમિત્તથી થાય. નિમિત્તથી થતું નથી. પડો કૂવામાં અને મૃત્યુ ન થાય તો કહો. ઝેર ખાવ અને પ્રાણ રહી જાય તો બતાવો એકવાર. એક નમૂનો તો બતાવો કે નિમિત્તથી નથી થતું એમ. અમે તો નિમિત્તથી થાય એમ કહીએ છીએ લ્યો! આંધળો બતાવે. અહીં તો ગુણ-ગુણીના ભેદથી પણ આત્મા દૃષ્ટિમાં નથી આવતો એમ કહે છે. તારું રાગ અને નિમિત્ત તો ક્યાંય રહ્યું. સમજાણું કાંઈ? એ ૧૮મો બોલ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ સુદ ૭, શુક્રવાર, તા. ૨૩.૦૫.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૧૮-૧૯, પ્રવચન-૧૬૨**

આ પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન, અલિંગગ્રહણ ચાલે છે. અલિંગગ્રણના ૧૮ બોલ ચાલ્યા. આજે ૧૯મો બોલ છે. ૧૮માં શું આવ્યું? જુઓ, અહીં પરનિમિત્તપણું તો કાઢી નાખ્યું, પાપના અને પુણ્યના પરિણામ પણ કાઢી નાખ્યા, પણ અહીંયા તો ગુણગુણીનો ભેદ પણ કાઢી નાખ્યો. અભેદ ઉપર દૃષ્ટિ હોય ત્યારે સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ?

લિંગ આવ્યુંને? ગુણરૂપ ગ્રહણ. વસ્તુ ધ્રુવ સામાન્ય વસ્તુ છે, ચૈતન્યવસ્તુ, તેની દૃષ્ટિ કરાવવા તેને આત્મા કહ્યો છે અને એમ છે. જેને આત્મા દૃષ્ટિમાં લેવો હોય અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં ધ્યેય શું છે એ સમજવું હોય તો પ્રથમ સમ્યગ્દર્શનમાં ધ્યેયમાં એકલું સામાન્ય દ્રવ્ય આવે છે. એમાં રાગાદિની કષાયની મંદતા હોય તો તેને સમ્યગ્દર્શન થાય એમ છે નહિ. એ તો સવારમાં ઘણી વાત આવી ગઈ. અહીંયા તો કહે છે કે વસ્તુ જે છે અખંડ અભેદ, એના ઉપર દૃષ્ટિ ગયા વિના ગુણ-ગુણીના ભેદથી પણ વિકલ્પ ઉઠે છે. ગુણી ભગવાન આત્મા અને આ જ્ઞાન-દર્શન-આનંદ આદિ ગુણ છે? ના. એવો ભેદ છે નહિ. એવી સામાન્ય ચૈતન્ય અભેદ ઉપર દૃષ્ટિ કરતા શુદ્ધ દ્રવ્ય તેને કહે છે. શુદ્ધ દ્રવ્ય. ભેદ ન કરવો તેવા દ્રવ્યને શુદ્ધ દ્રવ્ય કહે છે. ગુણ-ગુણીનો ભેદ કરવાથી પણ અશુદ્ધતા ઉત્પન્ન થાય છે. ભારે ઝીણું! સમજાણું કાંઈ?

દયા, દાન, વ્રત, ભક્તિ કરવાથી તો પુણ્ય ઉત્પન્ન થાય છે અને એનાથી લાભ માને તો મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? અહીંયા તો ભગવાન આત્મા ગુણવિશેષને આલિંગન નહિ કરતો થકો શુદ્ધ દ્રવ્ય કહેવામાં આવ્યું છે. આહા..હા..! સાધારણ માણસને તો .. વ્યવહાર કરીએ તો થાય, આ દયા, દાન, વ્રત, કાંઈક પરિણામ કરીએ સારા તો સમ્યગ્દર્શન થાય. તો આત્માનું કાંઈક... ચિત્ત ઉજળું હોય તો અરીસામાં મોઢું દેખાય. અરીસો ચોખ્ખો હોય તો. નહિ?

એક આ ખાતો હતો ચિકાશવાળો.. દૂધ, દહીં, ખાંડ, સાકર. આ લૂખી રોટલી ખાય છે. પછી દૃષ્ટાંત આપ્યું છે. એક અરીસો છે. અરીસામાં જે દાળ રાખીને ખાતો હતો. તે ચોપડી. .. ખાશે? મોઢું.. આહાર લૂખ્ખો ખાતો હતો તે રોટલી અરીસા ઉપર ઘસે તો લૂખ્ખો થઈ જશે. લૂખ્ખો આહાર કરનારને આત્મા દેખાય? દલીલ છે.

મુમુક્ષુ :- અરીસામાં રોટલીને ઘસાય?

ઉત્તર :- હા, .. રોટલો-રોટલી. રોટલો તો તેલ વિનાનો, ઘી વિનાનો હોય. રોટલી કે રોટલો હોય. રોટલો હોય છેને. એ ખાતો હતો. એ ખાતો હતો તેને અરીસા ઉપર ઘસ્યો.

મુમુક્ષુ :- પછી .. બતાવ્યું.

ઉત્તર :- .. ખરું. એમ રસકસ ખાનારને સમ્યગ્દર્શન નથી થતું એમ કહે છે. અરે ભગવાન! સાંભળ તો ખરો. ક્યાંનું ક્યાં લઈ જાય છે? ચીકાશ થાય છે. અરીસામાં એ ચૈતન્યને જોવામાં તે ચીકાશ છે. અરે ભાઈ! એ ખાય કોણ? એ રજકણની અવસ્થા પોતાની. વિકલ્પ ઉઠે છે એ સંબંધી ઉપર પણ ધર્મીની દૃષ્ટિ છે નહિ. આહા..હા..! છન્નું હજાર સ્ત્રીમાં રહેવા છતાં સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ શુદ્ધ દ્રવ્ય ઉપર પડી છે. સમજાણું કાંઈ? રાગ ઉપર પણ નહિ, નિમિત્ત ઉપર પણ નહિ અને ભેદ ઉપર પણ નથી. હોય તેને જાણે છે. ભારે વાત આકરી! સમજાણું કાંઈ? જુઓ આ દૃષ્ટાંત દઈ અને આ સિદ્ધ કરે કે જુઓ ભાઈ! વ્યવહારથી નિશ્ચય થાય છે.

મુમુક્ષુ :- .. અરીસો કદી ...

ઉત્તર :- પહેલા તો .. ક્યાં કાચ છે? કાચ તો ભિન્ન છે. કાચને શું કહે છે? .. ઉપર કાચને ચોપડે તો એ ભિન્ન ચીજ છે. કદી એક થઈ નથી. એક હોય તો છૂટી પડે ક્યાંથી? પોતાના જ્ઞાયકસ્વભાવની અભેદ દૃષ્ટિ કરતાં મિથ્યાત્વની ઉત્પત્તિ જે ભેદમાં અને રાગમાં હતી એ દૃષ્ટિ તેને નથી થતી. એનું નામ સમ્યગ્દર્શન અને એનું નામ ધર્મ કહે છે. સમજાણું કાંઈ? આમાં તો ઘણું આવ્યું હતું. એક સમય .. અર્થી કે એને દ્રવ્ય ધ્રુવ ઉપર દૃષ્ટિ કરવી બસ એક જ વાત. બીજી વાત છે નહિ. એનો સાર એવો, એમ. અને તે સમયે જે થાય છે એ થશે જ, થશે જ. એવું જ્ઞાન પણ દ્રવ્યદૃષ્ટિ કરવાથી થાય છે. પર્યાયનું જ્ઞાન દ્રવ્યનું જ્ઞાન કરવાથી થાય છે. અશુદ્ધતાનું જ્ઞાન, વ્યવહારનું જ્ઞાન, દ્રવ્યનું જ્ઞાન થવાથી થાય છે. અશુદ્ધતાનું જ્ઞાન કરવાથી દ્રવ્યનું જ્ઞાન થતું નથી. અશુદ્ધતાથી શુદ્ધતા થાય એ તો વાત છે જ નહિ. આહા..હા..! વ્યવહારના જ્ઞાનથી નિશ્ચયનું જ્ઞાન નથી થતું. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે પર્યાયના જ્ઞાનથી દ્રવ્યનું જ્ઞાન નથી થતું. પર્યાયનું જ્ઞાન તો અનાદિનું છે. અનાદિથી છે ... પર્યાય બુદ્ધિ તો. અંશબુદ્ધિ તો અનાદિની છે. તો શું અંશબુદ્ધિથી દ્રવ્યબુદ્ધિ થાય છે? એ અંશનું જ તેને વાસ્તવિક જ્ઞાન નથી. સમજાણું કાંઈ? ધ્રુવ ચૈતન્ય ભગવાન જે ગુણના વિશેષને, ભેદને આલિંગન કરતો નથી. એવો અભેદ ભગવાન શુદ્ધ દ્રવ્ય, બસ એની દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ આ રીતે થાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- .. કે દિ' આવશે?

ઉત્તર :- કે દિ' આવશે ભાઈ આવું? પણ આવે કે દિ'? એની અંતરમાં દ્રવ્યમાં ઉગ્રતા જ્યાં આશ્રય લે છે, સ્થિરતા, શાંતિ, આનંદ જ્યારે વધી જાય તે ભૂમિકામાં બાર વ્રત આદિ કે પંચ મહાવ્રતનો વિકલ્પ ઉઠે છે, તેનાથી રહિત પરિણમન થાય તે પોતાનું પરિણમન છે. વિકલ્પનું પરિણમન એ પોતાનું છે નહિ. આવે. આવે તો ઠીક, ત્યાં તો હજી રાગને ઠીક માને છે. એ ઠીક માને છે તો એની દૃષ્ટિના પણ ઠેકાણા નથી. પછી આવશેને? પછી મને નુકસાન થાય એવો ભાવ આવશેને? સમજાણું કાંઈ? વ્રતાદિ તો વિકલ્પ છે. વિકલ્પ તો રાગ છે, ઝેર છે, કર્મજન્ય ઉપાધિ છે. આહા..હા..! આવશેને? આવશે એનો અર્થ કે મને મેલ પછી આવશેને? પણ મેલ મારામાં નથી, વિકલ્પ મારામાં નથી (અને) ગુણભેદ પણ મારામાં નથી. એવી દૃષ્ટિ થયા વિના એને ધર્મની પહેલી સીઢી-સમ્યગ્દર્શન થતું નથી. શું થાય? .. અરર! આમાં વ્યવહાર હતોને. એ વ્યવહારની દૃષ્ટિ ઉઠાવ્યા વિના તને દ્રવ્યદૃષ્ટિ થશે નહિ. હજી તો વ્યવહાર પણ ક્યાં છે? સમજાણું કાંઈ? આહા..હા..! બહુ સૂક્ષ્મ વાત. ..માર્ગ અપૂર્વ માર્ગ તો એવો જ હોયને.

કહે છે કે ઓહો..હો..! ૧૮મો બોલ ઘણો ઝીણો. ૧૭ સુધી તો લીધું કે ધર્મચિહ્નોનો અભાવ છે એ તો ઠીક પડે. વિકલ્પોનો અભાવ અને નગ્નપણાનો પણ વસ્તુસ્વરૂપમાં અભાવ

છે. એ તો ઠીક. અહીં તો હવે ગુણ-ગુણી ભેદનો અભાવ. આહા..હા..! લિંગ નામ ગુણરૂપ ગ્રહણ. આ જ્ઞાન છે, આ આનંદ છે, આ શાંતિ છે વગેરે ગુણભેદ. એવો અર્થાવબોધ- અર્થ નામ પદાર્થનું જ્ઞાન અથવા પદાર્થનો ગુણ. એમ લેવું. જેને નથી. અભેદ એવો પદાર્થ એમાં ગુણભેદ જેને નથી. એમ લેવું. સમજાણું કાંઈ? તે અલિંગગ્રહણ કહે છે. તેને ભગવાન અલિંગગ્રહણ કહે છે. ગુણભેદ ગ્રહણ ન કર્યા, અભેદને ગ્રહણ કર્યો. તો ગુણભેદ ગ્રહણ ન કરવા એ લિંગને ગ્રહણ ન કરવા, ભેદને ગ્રહણ ન કરવા તેનું નામ અલિંગગ્રહણ છે. આહા..હા..! અમૃતચંદ્રાચાર્યે કેટલી વાત છેક આખા જૈનશાસ્ત્રનો મર્મ મૂકી દીધો એક અલિંગગ્રહણમાં. ઓહો..હો..!

ભગવાન આત્મા ચૈતન્યબિંબ પ્રભુ આનંદકંદ છે, અભેદ ચીજ છે. એમાં ભલે ગુણ હોય, પણ એ ગુણ અને ગુણી એવો ભેદ કરવાથી તો આત્મા પમાતો નથી. સમજાણું કાંઈ? જ્યાં સુધી વિકલ્પ, ભેદમાં રહે ત્યાં સુધી નિર્વિકલ્પ દૃષ્ટિ થતી નથી. એમ સાતમી ગાથામાં આવ્યું છે. **'ववहारेणु दिस्सइ णाणिस्स...' 'णवि णाणं ण चरित्तं ण दंसणं जणगो सुद्धो'** જ્ઞાનીને દર્શન-જ્ઞાન-ચારિત્ર વ્યવહારથી કહેવામાં આવ્યું, ભેદથી કહેવામાં આવ્યું. .. જ્ઞાનીને જ્ઞાન-દર્શન-ચારિત્ર છે જ નહિ. એનો અર્થ? જ્ઞાનીને ભેદ છે નહિ એમ કહેવું છે. આહા..! ત્યારે એ વાંચીને કેટલાક કહે લ્યો! જ્ઞાનીને જ્ઞાન-દર્શન-ચારિત્ર નથી તો શું જડને જ્ઞાન-દર્શન-ચારિત્ર છે? અરે ભાઈ! ધર્મીને અભેદમાં ભેદ નથી દેખાતો. કેમકે ભેદ દેખાય તો અભેદ દેખાતો નથી. અભેદ જ્યાં દેખાય તો એમાં ગુણ હોવા છતાં અભેદ નિર્વિકલ્પ દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી. તો અભેદમાં ભેદ છે નહિ એમ કહ્યું છે. એની ધૂન અભેદ ઉપર જવી જોઈએ. સમજાણું કાંઈ? પર્યાયની ધૂન ધ્યેય ધ્રુવ ઉપર જવી જોઈએ. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' આવે છેને? છે? એમાં એ લે છે. છ ઢાળામાં કેટલું ભરી દીધું છે જુઓ! એમાં પણ ઉંધા અર્થ કરે છે માળા. સ્વરૂપાચરણ પછી આવ્યુંને? તો સ્વરૂપાચરણ સાતમેથી થાય, આઠમેથી થાય, નીચેથી નહિ. એ તો ... આવ્યું છે. સ્વરૂપાચરણ ચોથેથી છે ભાઈ! તને ખબર નથી. ગુણ-ગુણીનો ભેદ નથી એવી અભેદ ઉપર દૃષ્ટિ થઈ તો અનંતગુણની પરિણતિ શુદ્ધ થઈ ગઈ. સમજાણું કાંઈ?

ગુણરૂપ ગ્રહણ નથી. આ રીતે આત્મા ગુણવિશેષથી આલિંગિત નથી થતો. વિશેષતા ભેદને સ્પર્શતો નથી એમ કહે છે. તેને આત્મા કહે છે. ભેદને સ્પર્શે તેને આત્મા કહેતા નથી. એ વિકલ્પ છે. આહા..હા..! આહા..હા..! સમજાણું કાંઈ? વાંચે નહિ, વિચારે નહિ. પોતાનું હિત કેમ થાય? શાસ્ત્રનો અર્થ શું છે એ ધ્યાનથી સમજવું જોઈએ.

મુમુક્ષુ :- આમાં વાંચે તો સમજાય એવું ક્યાં છે?

ઉત્તર :- સમજાય એવું તો સમજે, પણ વાંચે ત્યારેને. કૈલાસચંદજી કહેતા હતા કે નિશ્ચયની વાત આવે તો અમે છોડી દઈએ. પહેલા આવ્યા હતાને જ્યારે વિદ્વતપરિષદ. વિદ્વતપરિષદ.

ત્રણની સાલમાં. ૨૨ વર્ષ થયા. નિશ્ચયની વાત આવે તો અમે છોડી દઈએ. એ અહીં .. ત્યાં. ઉપાદાનનું ત્યાં છેને પાછળ. વ્યવહારની વાત આવે તો વિસ્તાર કરીએ. હજી તો એમ છે. આહા..હા..! અશુભથી બચવા માટે પહેલા શુભ કહો, શુભ કહો. પણ પહેલાં શુભ-અશુભ મારામાં નથી એવો તો નિર્ણય કરો. મારામાં નથી. એ તો નથી, પણ ગુણ-ગુણીનો ભેદ પણ મારામાં નથી. હવે ક્યાં એ? નવરા હોય તો ગણો. ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... એ તો શુભવિકલ્પ છે, એ તો રાગ છે, એ તો બંધનું કારણ છે અને એનાથી મને લાભ થાય (એમ માને) તો મિથ્યાત્વનો લાભ થાય છે. 'ણમો અરિહંતાણં...' પરદ્રવ્ય ઉપર લક્ષ ગયું. એ શુભરાગ છે અને શુભરાગથી મને લાભ થાય એ મિથ્યાત્વભાવ છે. આસ્રવથી વીતરાગભાવ થશે. રાગ એ આસ્રવભાવ છે એનાથી મને સમ્યગ્દર્શન વીતરાગી પર્યાય થશે. તો વિકારથી નિર્વિકાર થશે. મિથ્યાત્વભાવ છે. ભારે વાતું આકરી. સમજાણું કાંઈ?

અહીં તો એનાથી આગળ વાત કરે છે. હવે એ તો તારું ક્યાંય .. રહ્યું. દૃષ્ટિ કરવા, પહેલી ચીજની દૃષ્ટિ કરવા અને દૃષ્ટિને ધ્રુવમાં પ્રસરાવવા. ગુણ-ગુણીના ભેદને પણ લક્ષમાં લેવો નહિ, એમ કહે છે. ભગવાન પૂર્ણ છું. તો આ પૂર્ણ વસ્તુમાં, સામાન્યમાં અંદર જ્ઞાન છે અને દર્શન છે એવો વિચાર છોડી દેવો. એમ કહે છે. સમજાણું કાંઈ? આ દ્રવ્ય છે. એમાં જ્ઞાન છે, આનંદ છે. આ દ્રવ્ય છે અને આ ગુણ છે એ તો ભેદ થઈ ગયોને? આ દ્રવ્ય છે અને એમાં જ્ઞાન છે, આનંદ છે, શાંતિ છે-એમ કરવાથી તો ભેદ થઈ ગયો. પણ વસ્તુ એવી છે નહિ. એ તો ભેદથી સમજાવવામાં આવ્યું છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં આવ્યું નહિ? મોક્ષમાર્ગપ્રકાશક, નહિ? નવમું અધ્યયનમાં. એમ કે ભેદથી સમજાવવામાં આવ્યું છે. જ્ઞાન, દર્શન, આત્મામાં ભેદ છે નહિ. આવ્યું હતુંને કાલે નહિ ભાઈ!

મુમુક્ષુ :- .. નું લક્ષણ શું?

ઉત્તર :- આ લક્ષણ બતાવ્યું છે, પણ એ છે નહિ. ભેદથી સમજાવ્યું છે, પણ ભેદ નથી. આવ્યું હતું. આહા..હા..! વાત આવી હતી તો ઘણી. આ ભાઈ લાવ્યા હતાને. છેને એ વાત તો બધે. એમ કે શરીરવાળો આત્મા, એકેન્દ્રિય આત્મા, બે ઇન્દ્રિય આત્મા, પણ એમ ન માનવું. એમ કહ્યુંને એમાં? એમ જ્ઞાન-દર્શન-ચારિત્ર એવો ભેદ ન માનવો. વસ્તુમાં ભેદ નથી. લખ્યું છે. છેને એમાં તો ઘણું છે. સ્પષ્ટીકરણ ઘણું કર્યું છે, પણ હવે પોતાની દૃષ્ટિ રાખીને વાંચે તો તો એનો ભાવ સમજાશે નહિ. શું કરે? મોક્ષમાર્ગપ્રકાશકના સાતમા અધ્યાયમાં તો એટલું ભર્યું છે. ઓહો..હો..! આખા જૈનદર્શનમાં દિગંબરમાં આવવા છતાં મિથ્યાદૃષ્ટિ કેમ રહે છે એનો ખુલાસો છે. સમજાણું કાંઈ? પહેલા જ્યારે અમે સાતમો અધ્યાય જોયો તો... અમે પુસ્તક તો માગતા નહિ, રાખતા નહિ. કોઈને પાસે માગતા પણ નહિ. માંગે તો આપે, પણ એવી વૃત્તિ જ નહોતી ઉઠતી. તો સાતમા અધ્યાયમાં .. થયું. ૮૪ની સાલ. સમજાણું કાંઈ? ૪૧ વર્ષ થયા. સંવત્ ૮૪. .. પછી ૪૧ વર્ષ પહેલાં જોયું. ત્યાં

સાતમો અધ્યાય છે. એ સાતમા અધ્યાયમાં એવી ચીજ ભરી દીધી છે. એકલો ભગવાન આત્મા અભેદ ચીજ શું છે એની દૃષ્ટિ વિના તેને સમ્યગ્દર્શન થતું નથી. સમજાણું કાંઈ? સાતમો ચાલે છેને બપોરે? સાતમા અધ્યાયમાં ઘણું ભર્યું છે.

અહીંયા કહે છે કે ગુણવિશેષથી આલિંગન નથી. વસ્તુ ભગવાન આત્મા છે તે ગુણને સ્પર્શતો નથી, એમ કહે છે. લે! ગુણને આલિંગન કરતો નથી. આલિંગન નામ એકતા કરીને ચોંટતો નથી એમ કહે છે. આહા..હા..! **'એવું શુદ્ધ દ્રવ્ય છે...'** શુદ્ધ દ્રવ્ય, નિષ્ક્રિય ધ્રુવ. રાગની પર્યાય તો એમાં નથી, પણ શુદ્ધ પર્યાય જે છે એ પણ નથી. એ પછી પર્યાયની વાત છેને. તો ગુણ પણ એમાં નથી, ભેદ નથી, વિશેષને ધ્રુવ આલિંગિત કરતું નથી એવા દ્રવ્યને શુદ્ધ દ્રવ્ય કહે છે અને એ શુદ્ધ દ્રવ્ય જ સમ્યગ્દર્શનનો વિષય છે. સમજાણું કાંઈ? હજી તો પહેલા દરજ્જાની સમ્યગ્દર્શનની વાત ચાલે છે. એ સમ્યગ્દર્શન પછી જ્ઞાન પોતામાં સ્વસંવેદન સ્વના લક્ષે થાય છે અને સ્વમાં આનંદ અને ઘણું લીન થવું, લીન અતીન્દ્રિય આનંદમાં ઘૂસી જવું, ખૂબ લીન થવું તે ચારિત્ર છે. ચારિત્ર કોઈ બાહ્ય ક્રિયા કે વિકલ્પ એ કોઈ ચારિત્ર નથી. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો ઉગ્ર સ્વાદ આવવો, અતીન્દ્રિય આનંદના ધ્રુવના ધ્યેયથી અતીન્દ્રિય આનંદનું ઉગ્ર પ્રચુર વેદન, સંવેદન થયું તેને પરમાત્મા ચારિત્ર કહે છે. આહા..હા..! શું કહે? લ્યો! એ ૧૮મો બોલ થયો.

૧૯. **'લિંગ એટલે કે પર્યાય એવું જે ગ્રહણ...'** એ તો એના એ શબ્દો છે. માત્ર ઓલામાં ગુણરૂપ ગ્રહણ, અહીં પર્યાયરૂપ ગ્રહણ. **'એટલે કે અર્થાવબોધવિશેષ...'** ઓલામાં પણ અર્થાવબોધ અને અર્થાવબોધ-પદાર્થજ્ઞાન બસ એટલું ત્યાં હતું. અર્થાવબોધ ત્યાં હતું, પછી કૌંસમાં પદાર્થજ્ઞાન નાખ્યું. બાકી અર્થાવબોધ.. અહીં ભગવાન આત્મામાં લિંગ અથવા પર્યાયરૂપ ગ્રહણ **'એટલે કે અર્થાવબોધવિશેષ તે જેને નથી...'** જુઓ વાત. ઓલામાં વાંધા ઉઠ્યા હતાને? મુંબઈમાં. ... પર્યાય પણ સમ્યગ્દર્શનનો વિષય છે. એમ ત્યાં ચાલ્યું હતું. મુંબઈમાં દોઢ વર્ષ. વિમલચંદજી છેને. ... અહીં તો ... ધવલનું વાંચન ઘણું. છે નાની ઉંમર. એવું વાંચન આટલી ઉંમરમાં બીજા કોઈને નથી. વાંચન ઘણું. .. એવી વસ્તુદૃષ્ટિમાં.. દોઢ વર્ષ ચલાવ્યું કે દૃષ્ટિ સમ્યગ્દર્શનમાં દ્રવ્ય અને પર્યાય બે વિષય કરે. સમજાણું કાંઈ? તો અહીં અમને ખબર નહિ, પણ ચર્ચા કરતાં-કરતાં એનો પ્રશ્ન કરતા હતા એમાં એ દાહોદવાળા. એણે કહ્યું આ શું છે? આ ગડબડ ક્યાં ઉઠી? કહે. એ મુંબઈથી છે. એમ કે આખી વસ્તુ દૃષ્ટિમાં આવવી જોઈએ. જો પર્યાય રહી જાય તો દ્રવ્ય આવતું નથી. એમ કરીને સ્પષ્ટ કરતા હતા. એમ છે નહિ. સમજાણું કાંઈ?

પર્યાય જે છે એ સમ્યગ્દર્શનની. એ પર્યાયનો વિષય એકલો ધ્રુવ. પર્યાય-પર્યાય છે નહિ. સમજાણું કાંઈ? પર્યાય તો વિષય કરનાર છે. પર્યાય વિષય કરનાર તો પર્યાયને પર્યાય વિષય કરે? સમજાણું કાંઈ? પર્યાય એક સમયની છે તે આમ ધ્રુવ તરફ જાય છે. પર્યાયવિશેષનું

ધ્યેય સામાન્ય દ્રવ્ય છે. એનું વિશેષ છે.. પણ વિશેષ તો પર્યાય પોતે વિશેષ છે. સ્વયંની વિશેષ છે. તો વિશેષની વિષય વિશેષ છે એમ નથી. સમજાણું કાંઈ? ઘણો ઝીણો બોલ છે. આ ત્રણે બોલ સૂક્ષ્મ છે. લાખ વાતની વાત પણ નિશ્ચય ધ્રુવ છે એની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. કરોડો, લાખો શાસ્ત્ર ભણ્યા હોય, વાંચ્યા હોય અને વ્રત ને નિયમ કર્યા હોય, પણ આ ચીજ વિના તેને સમ્યગ્દર્શન થતું નથી. અને સમ્યગ્દર્શન વિના ધર્મની શરૂઆત કદી થતી નથી.

કહે છે કે પર્યાયરૂપ ગ્રહણ '**એટલે કે અર્થાવબોધવિશેષ...**' લ્યો! અર્થાવબોધવિશેષ. જોયું! અર્થાવબોધ ઓલામાં લીધું હતું પણ પછી લીધું હતું. ઓલામાં પાછળથી. પહેલા એમ લીધું '**ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ...**' બસ. ત્યાં વિશેષ શબ્દ ન લીધો. '**જેને નથી...**' પછી એનો અર્થ .. કર્યો છે લ્યો! '**આત્મા ગુણવિશેષથી નહિ આલિંગિત...**' પછી વિશેષ લીધું. અહીંથી પહેલા એવી પર્યાય છે તો વિશેષ પહેલા લીધું. એટલો બેમાં ફેર છે. સમજાણું કાંઈ? '**પર્યાય એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધવિશેષ...**' એમ. નહિતર એ ગુણ પણ અર્થાવબોધવિશેષ છે. પણ એમાં પહેલા ન લીધું. પછી લીધું. સમજાણું કે નહિ? ગુણ પણ વિશેષ છે, પણ પહેલા અર્થાવબોધ એટલું લીધું. વસ્તુ અને જ્ઞાન. વસ્તુ અને ગુણ, બસ એટલું. એ જેમાં નથી. એટલું આત્મામાં ગુણવિશેષ નથી. પણ સ્વભાવ નથી લીધો. આત્મામાં ગુણવિશેષ નથી એમ લીધું. અહીં તો વિશેષ બે પ્રકારે લીધું.

'**લિંગ એટલે કે પર્યાય એવું જે ગ્રહણ...**' ઓહો..હો..! ટીકા કેટલી કરી જુઓ! સમજાણું કાંઈ? '**न लिंगं गुणो ग्रहणमर्थावबोधो यस्येति गुणविशेषानालीढशुद्धद्रव्यत्वस्य। न लिंगं पर्यायो ग्रहणमर्थावबोधविशेषो**' એમ શબ્દ. સંસ્કૃતમાં બે વાત કરી. '**यस्येती पर्यायविशेषानालीढशुद्धद्रव्यत्वस्य।**' એય..! ધ્યાન રાખે તો પકડાય એવી ચીજ છે. આ કોઈ કથા નથી. ભગવાન આત્મા ગુણમાં અને પર્યાયમાં સંસ્કૃતમાં ફેર કર્યો. આત્મા વસ્તુ છે અને ગુણ તો છે ખરા, પણ એ ગુણ ભેદરૂપ છે. તો એ ભેદને દ્રવ્ય ગ્રહતું નથી. કેમ? કે ગુણવિશેષ એમાં નથી. એમ લીધું. ગુણવિશેષ નથી-ભેદ નથી એવો આત્મા શુદ્ધ દ્રવ્ય છે. એ શુદ્ધદ્રવ્ય જ સમકિતનું ધ્યેય છે. સમ્ગ્દર્શનની પર્યાય ધ્રુવમાં પ્રસરે છે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યારે એ દ્રવ્યનું જ્ઞાન થાય છે. ત્યારે પર્યાયનું જ્ઞાન અંશે થાય છે. તો શુદ્ધ દ્રવ્યનું જ્ઞાન થાય છે ત્યારે પર્યાય એક અંશ છે એનું જ્ઞાન ત્યારે થાય છે. દ્રવ્યના જ્ઞાન વિના પર્યાયનું જ્ઞાન થતું નથી. એટલે કે દ્રવ્યના જ્ઞાન વિના વ્યવહાર વિકલ્પનું જ્ઞાન પણ પોતામાં વ્યવહાર કેટલો છે અને એનું જ્ઞાન શું છે એ એને હોતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પર્યાય એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધવિશેષ...**' લ્યો! જેને અર્થ નામ પદાર્થનો બોધવિશેષ એમ. જેને નામ ભગવાન આત્માને નથી તે '**તે અલિંગગ્રહણ છે;...**' આહા..હા..!

પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી એમ કહે છે. આલિંગન લીધું છેને? સમજાણું કાંઈ? '**આત્મા પર્યાયવિશેષથી નહિ આલિંગિત...**' નથી. ઓહો..હો..! રાગથી, નિમિત્તથી તો આત્મા એક થતો નથી, પણ આત્મા અહીંયા જેને કહીએ એ તો પર્યાયને પણ આલિંગિત નથી કરતો, ભાઈ! આહા..હા..! અરે પણ પર્યાય સહિતનો આત્મા લ્યોને. કે નહિ. જુઓ, સમજાણું કાંઈ? ધ્રુવ ભગવાન આત્મા સામાન્ય વસ્તુ સત્... સત્... સત્... સત્... એકરૂપ ધ્રુવ .. એ ધ્રુવ દ્રવ્ય આત્મા, તે શુદ્ધદ્રવ્ય આત્મા એ ધ્રુવને જ શુદ્ધદ્રવ્ય આત્મા કહે છે. ધ્રુવને જ શુદ્ધદ્રવ્ય આત્મા કહે છે. એ શુદ્ધદ્રવ્ય આત્મા એને કહે છે. એ પર્યાયને સ્પર્શતું નથી એમ કહે છે. વીતરાગી નિર્મળ પર્યાયને પણ દ્રવ્ય સ્પર્શતું નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પંડિતજી! રાગ વિકલ્પને તો સ્પર્શતું નથી. એ તો પરવસ્તુ, પરદ્રવ્યની પર્યાય છે. એ તો પરદ્રવ્યની પર્યાય છે. એને તો આત્મા સ્પર્શતો નથી, પણ એ સંબંધીનું જ્ઞાન પોતાની પર્યાયમાં થાય છે તો તે પર્યાયને દ્રવ્ય અડતું નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિર્મળ પર્યાય એ વ્યવહાર વિકલ્પને સ્પર્શતી નથી. ભિન્ન, અત્યંત ભિન્ન છે. એ સંબંધીનું પોતામાં રહીને એ જ્ઞાન છે એ જ્ઞાનની પર્યાય.. વિકલ્પ જે વ્યવહાર છે તેને આલિંગન કરતી નથી. એ તો પહેલા વાત આવી ગઈ, પણ એ સંબંધીનું નિર્મળ પર્યાયનું જ્ઞાન થયું. એ પર્યાયની નિર્મળતાને દ્રવ્ય સ્પર્શતું નથી. આહા..હા..! આમાં કાંઈ એની મેળાએ વાંચે તો કાંઈ સમજાય એવું નથી. પ્રોફેસરજી! શું છે આ? કહે છે, એની મેળાએ સમજાય એવું નથી. આ શું કહે છે?

કહે છે કે પર્યાયરૂપ ગ્રહણ આત્મા. જુઓ, ભાષા શું કરી? '**પર્યાય એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધવિશેષ તે જેને નથી...**' આત્માને પર્યાય છે જ નહિ. '**આ રીતે આત્મા પર્યાયવિશેષથી નહિ આલિંગિત...**' આહા..હા..! આત્મા જે દ્રવ્ય ધ્રુવ છે તે પર્યાયને સ્પર્શતો નથી. વીતરાગી નિર્મળ નિર્દોષ મોક્ષમાર્ગની પર્યાય તેને ધ્રુવ સ્પર્શતું નથી એમ કહે છે. એય..! વૈદરાજ!

મુમુક્ષુ :- નીકળી.

ઉત્તર :- એ નીકળી-નીકળી.. ભેદથી કથન છે. એવી વાત છે. પર્યાય-પર્યાય. વસ્તુ તો અક્રિય ધ્રુવ છે. વસ્તુ ધ્રુવ તો અક્રિય છે. એમાંથી પર્યાય, એ દ્રવ્યમાંથી પર્યાય આવતી નથી. પર્યાય તો પર્યાયથી થાય છે. પર્યાયનું કારણ પર્યાય છે, પર્યાયનું કારણ દ્રવ્ય નથી. મોક્ષમાર્ગની પર્યાયનું કારણ દ્રવ્ય નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અહીં .. એ તો ત્યાં દ્રવ્ય એની પર્યાયને પ્રાપ્ત થાય છે. અભેદસ્વરૂપની વાત. અહીં તો આખી વાત બીજી લેવી છે. જે અપેક્ષાએ વાત હોય તે લેવી પડેને. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ પોતાની નિર્મળ પર્યાયને પ્રાપ્ય, વિકાર્ય, નિવર્ત્યરૂપ પરિણમે છે.

નિર્મળપણે હોં! એ બીજી વાત છે. એ તો નિર્મળપણે રાગરૂપે પરિણમતો નથી, પરરૂપે પરિણમતો નથી, પરદ્રવ્યની પર્યાય નથી, સ્વદ્રવ્યની પર્યાયપણે પરિણમે છે એટલું સિદ્ધ કરવું છે. આહા..હા..! અહીં તો સ્વદ્રવ્ય પોતાની પર્યાયપણે પણ આલિંગન કરતું નથી એ સિદ્ધ કરવું છે. એટલે કે પર્યાયમાં લક્ષ રાખીને ધ્રુવ ઉપર દૃષ્ટિ થાય એમ નથી. એમ કહે છે ભાઈ! સમજાણું કાંઈ? આ પર્યાય.. આ પર્યાય.. એ પર્યાય.. આ પર્યાય આ દ્રવ્ય ઉપર એવો ભેદ નથી. કેમકે દ્રવ્ય પર્યાયને સ્પર્શતું જ નથી. આહા..હા..! ગજબ વાત છે. પર્યાય ભિન્ન રહી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શુદ્ધ પદાર્થ શુદ્ધ આત્મા એને કહે છે કે જે શુદ્ધદ્રવ્ય છે તે પર્યાયને આલિંગન નથી કરતું અથવા પર્યાય અને દ્રવ્ય એક નથી થતું. ભિન્ન રહે છે એમ કહે છે. વિકલ્પ અને રાગ અને પરદ્રવ્ય તો ભિન્ન રહે છે. પોતાની પર્યાયથી પરદ્રવ્યની પર્યાય તો ભિન્ન રહે છે. એક વાત. પોતાના મોક્ષમાર્ગની પર્યાયથી વ્યવહાર વિકલ્પની પર્યાય ભિન્ન રહે છે, બે વાત. આ તો શુદ્ધ પર્યાય છે પોતાના દ્રવ્યની એનાથી પણ દ્રવ્ય ભિન્ન છે. દ્રવ્ય પર્યાયને આલિંગન કરતું નથી. છે એમાં જુઓ. કદી સાંભળ્યું જ નથી, પંડિતજી! ઝીણી વાત છે.

મુમુક્ષુ :- પંડિત લોકોને ક્યાંથી સૂક્ષ્મ લાગે?

ઉત્તર :- અભ્યાસ જ નથી. સ્થૂળ આધાર કરી લે ચરણાનુયોગમાં આમ ને તેમ ને. વૈદરાજજી! આ તો મૂળ તત્ત્વ શું છે, અહીં તો આત્મા દ્રવ્ય શું છે એની વાત ચાલે છે. ભગવાન આત્મા શુદ્ધ જે દ્રવ્ય છે એ પર્યાયને ગ્રહતું નથી, શુદ્ધદ્રવ્ય પર્યાયરૂપ થતું નથી. જો પર્યાયરૂપ હોય તો એક સમયનું દ્રવ્ય થઈ જાય. દ્રવ્ય જે પર્યાયરૂપ હોય તો એક સમયનું દ્રવ્ય થઈ જાય. એક સમયનું દ્રવ્ય, દ્રવ્ય પર્યાયરૂપ જો ત્યાં થાય તો દ્રવ્યની સ્થિતિ પણ એક સમયની થઈ જાય.

મુમુક્ષુ :- ... ત્યારે સમજાય.

ઉત્તર :- હળવે હળવે આવે ત્યારે આવે ને. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્ય ધ્રુવ સત્... સત્... સત્... સત્... સત્... એ સત્ પ્રભુ એક સમયની પર્યાયમાં આવે તો એક સમયનું દ્રવ્ય થઈ જાય. પર્યાયનો અંશ ભિન્ન છે અને દ્રવ્યનો અંશ ભિન્ન એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? શાંતિથી વિચારે નહિ અને વ્યવહારના ઝઘડા... ઝઘડા... વ્યવહારના દાખલા આપે છે હોં. વ્યવહારના દાખલા તો અનંતા છે, સાંભળને! તમે કેમ સમજાવો છો ત્યારે? તમે એમ કહો છો કે બીજાથી જ્ઞાન થાય નહિ તો સમજાવો છો કેમ? હવે સાંભળને. સમજાવે કોણ? એ તો ભાષાને કારણે ભાષા નીકળે અને વિકલ્પ કાળે વિકલ્પ હોય એને સમજવાની એની યોગ્યતા હોય ત્યારે આવું નિમિત્ત હોય. સમજવાનું ઉપાદાન તો એનું છે. એની યોગ્યતા પ્રમાણે સમજે છે. વાણી પ્રમાણે સમજે તો બધાને એક જાતનું જ્ઞાન થવું જોઈએ. એક જાતનું જ્ઞાન થવું

જોઈએ જો વાણીથી, નિમિત્તથી જ્ઞાન થાય તો. અહીં તો સવારમાં વાત આવી.. બફમ થઈ જાય. શું કહ્યું ભાઈ? ... અને બધું ધ્રુવ છે. આમ સત્ છે. આઘી-પાછી કોઈ પર્યાય થતી નથી. એમાં તો ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર અને ક્રમબદ્ધ પાંચેય આવી ગયું હતું. પાંચેયનો ખુલાસો એક ગાથામાં થઈ ગયો હતો. સમજાણું કાંઈ? જે સમયે થવાનું હોય તે સમયે થાય એ પ્રાપ્ય. વિકાર્ય એ તો ક્રમબદ્ધમાં આવી ગયું અને રાગને આત્મા સ્પર્શતો નથી તો રાગ નિમિત્ત છે, નિશ્ચય, ઉપાદાન છે એ નિમિત્તથી થયું એમ છે નહિ. અને પોતાની પર્યાય પોતાથી છે તો નિમિત્તથી છે એમ નથી. કારણ કે એ સમયે એ પ્રાપ્ય, વિકાર્ય, નિવર્ત્યની પર્યાય પોતાથી છે. એ તો નિર્મળની વાત છેને. રાગ પણ એ સમયે એની પર્યાયમાં આવે છે તો રાગના કાળે રાગ આવે છે. એ રાગસંબંધી જ્ઞાન પોતાનું છે. રાગ પોતાનો નથી. ... પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય આવે છેને સમયસારમાં, નહિ? ૧૦૭. .. અત્યારે તો દ્રવ્યમાં ... પોતાને રાગથી ભિન્ન એ જ દ્રવ્યને દ્રવ્ય કહેવું છે. ત્યાં તો પછી .. પર્યાય .. સ્વતંત્ર છે.. સમજાણું કાંઈ? એની સાથે... ૧૦૭માં. ૧૦૭ સમયસારની. સમયસારની ૧૦૭. .. પ્રવચનસાર.. પુણ્ય-પાપની ૧૦૭.

ચિદ્‌બિંબ ધ્રુવનું સત્ત્વ, ધ્રુવ સત્ સામાન્ય સત્ ભેદજ્ઞાન સત્ સદશ સ્વભાવરૂપ સત્ તે પર્યાયને સ્પર્શતું નથી. એક સમયની અવસ્થા ભેદવિશેષ છે તે સામાન્યવિશેષમાં આવતું નથી. સામાન્ય વિશેષને સ્પર્શતું નથી એમ કહે છે. એ તો આવ્યુંને એમાં નહિ? આત્મમીમાંસામાં. ધર્મ અને ધર્મી બે ભિન્ન છે. જુઓ એમાં ને એમાં. ધર્મ અને ધર્મી બે ભિન્ન છે. બે ભિન્ન સિદ્ધ કર્યા વિના આ ધર્મ એનો અને આ ધર્મીનો ધર્મ એમ સિદ્ધ થશે નહિ. પહેલા નિરપેક્ષ સિદ્ધ હોવું જોઈએ. સમજાણું કાંઈ? ધર્મ અને ધર્મી, પર્યાયરૂપ ધર્મ અને ધર્મી દ્રવ્ય બેય અંશ ભિન્ન છે. આત્મમીમાંસામાં આવે છે. આત્મમીમાંસામાં એમાં છે. ધર્મી જે દ્રવ્ય છે અને ધર્મ એની એક સમયની પર્યાય છે. સમજાણું કાંઈ? બેય ભિન્ન છે.

મુમુક્ષુ :- એકરૂપ ભિન્ન...

ઉત્તર :- ભિન્ન ન હોય તો બે ક્યાંથી આવી? બે—સામાન્ય અને વિશેષ, ધ્રુવ અને વિશેષ, ધ્રુવ અને પર્યાય, દ્રવ્ય અને અવસ્થા, અવસ્થાયી અને અવસ્થા. બે (ભેદ) પડ્યા એમાં એમ આવ્યું કે બે સ્વતંત્ર અંશ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે પર્યાયને દ્રવ્ય આલિંગન કરતું નથી. તો ભેદ નથીને? આહા..હા..! શું કહે છે? જેને પ્રદેશભેદ છે. આવે છેને ભાઈ નહિ? પ્રવચનસાર. તેને તો પૃથક્ હોય, અપૃથક નહિ. .. સમજાણું કે નહિ? અશુદ્ધ પર્યાય જે છે વિકારી, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ, એને તો અહીંયા પ્રદેશથી ભિન્ન ગણી. એનો પ્રદેશ જ જુદો. એનો પ્રદેશ જુદો, સ્વભાવ ભગવાન આત્માનો પ્રદેશ જુદો. ઓહો..હો..! અસંખ્ય પ્રદેશમાં જે મલિન પર્યાય છે એટલા પ્રદેશને પણ ભિન્ન ગણવામાં આવ્યો. નિર્મળ પ્રદેશ જે પોતાનો શુદ્ધ છે તેને નિજ પ્રદેશ ગણવામાં

આવ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? વળી એકમાં વળી બીજું આવ્યું.

ભગવાન આત્મા... અહીં તો એમ કહેવું છે કે એ પ્રદેશભેદ નથી છતાં પર્યાયભેદ છે. એમ કહેવુ છે. ભાવભેદ છે. સમજાણું કાંઈ? ભાવભેદે વસ્તુ ભિન્ન કહેવામાં આવી. આહા..હા..! ભગવાન આત્મા વસ્તુ ચિદાનંદ પ્રભુ એમાં એ રાગાદિ વિકલ્પ વ્યવહારરત્નત્રય જેને કહો, તો અહીં તો કહે છે કે એ વિકલ્પનો પ્રદેશ જ જુદો છે. એનું ક્ષેત્ર જુદું, એનું દ્રવ્ય જુદું, એનો ભાવ જુદો, એનો કાળ છે એક સમય, પણ એનો કાળ એમાં રહ્યો, અહીં નથી આવ્યો. સમજાણું કાંઈ? તો અહીં તો એને વિશેષ કહે છે. ભગવાન આત્મા ચિદાનંદની મૂર્તિ પ્રભુ ધ્રુવ એમાં એક સમયની પર્યાય પ્રદેશભેદ નથી. કેમકે એ પર્યાયના પ્રદેશ તો એ જ છે. અસંખ્ય પ્રદેશ છે એ જ ધ્રુવના પ્રદેશ છે અને એ જ નિર્મળ પર્યાયના પ્રદેશ છે. એમ એક ક્ષેત્ર હોવા છતાં પણ બેનો ભાવ-સ્વરૂપભાવ ભિન્ન છે. આહા..હા..! કેટલી વાત કરે છે! સમજાણું કાંઈ? અસદ્ભાવ કહ્યુંને (એટલે) એ નથી. એ દ્રવ્ય પર્યાયરૂપ નથી, દ્રવ્ય ગુણરૂપ નથી, ગુણ દ્રવ્યરૂપ નથી, પર્યાય દ્રવ્યરૂપ નથી. સમજાણું કાંઈ? પહેલા આવી ગયું છે પ્રવચનસારમાં.

શાંતિથી ભગવાન! એ યથાર્થ વસ્તુ એવી છે કે જ્યાં ધ્રુવપણું છે ત્યાં પ્રદેશમાં, અસંખ્ય પ્રદેશમાં શુદ્ધ પર્યાયનો પ્રદેશ તો એ જ છે. બેનું ક્ષેત્ર એક છે, કાળ પણ ધ્રુવ રહે છે ત્રિકાળ, આ એક સમય રહે છે એટલો (ફેર). પણ બેનો ભાવભેદ છે. એક સમયની શુદ્ધ પર્યાય એ જ સમયે ધ્રુવ. એમાં ભેદ નથી કાંઈ. ભલે કાળભેદમાં એટલો કાળ ભેદ છે. પણ જે સમયે શુદ્ધ પર્યાય છે એ જ સમયે ધ્રુવ છે. અસંખ્ય પ્રદેશમાં જે સમય ધ્રુવનો છે ક્ષેત્રમાં એ જ પ્રદેશ ક્ષેત્રમાં પર્યાય છે. સમજાણું કાંઈ? એવો ધ્રુવનો સ્વભાવભાવ એક સમયની પર્યાયરૂપ ભાવ તેને સ્પર્શતો નથી. સમજાણું કાંઈ? છે કે નહિ એમાં? એનો અર્થ થાય છે. સમયસાર તો બહુ વાંચે છે માણસો.

મુમુક્ષુ :- આ તો પ્રવચનસાર છે.

ઉત્તર :- આ પ્રવચનસાર. પ્રવચનસાર પણ વાંચે છેને. પ્રવચનસાર શબ્દ .. ... હિન્દીમાં જોવે છે સમયસાર એમ માગણી કરે છે. કીધું આપો. શું છે? .. હોય તો છાપેને. પછી અહીં પડ્યા રહે છે ઘણા. .. ગ્રાહક ન હોય તો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, માગણી કરીને આંકડો કરે તો છપાય. નહિતર તો પડ્યા રહે. કેટલાય પુસ્તક પડ્યા છે. તમારી છેને .. માગણી? પૂછ્યા વિના વિશેષ છાપવા નહિ. વાત સાચી. સમયસાર તો ઘણા.. એટલા હિન્દીમાં અને ગુજરાતીમાં છાપ્યા છેને. કેટલા ગ્રાહક છે. પાંચસો-સાતસો ખપે અને પછી પડ્યા રહે. ઘણા પડ્યા છે. .. ૮૦ હજારની કિંમતના પડ્યા છે. મૂળ કિંમત દોઢ લાખ સમયસાર. પૂછી લઈએ કેટલા છે. શું છે? કેટલા છે? પ્રવિણભાઈ

ધ્યાન રાખે છે વધારે. આપણા છેને મેનેજર. ધ્યાન રાખે. ઠીક!

અહીં તો કહે છે કે ભગવાન! ઓહો..! મોક્ષમાર્ગની પર્યાય જે છે એ એક સમયની દશા છે. તેને ત્રિકાળી ધ્રુવ અડતું નથી, સ્પર્શતું નથી, આલિંગન કરતું નથી, એક થતું નથી. સમજાણું કાંઈ? મનુભાઈ! બહુ ઝીણું છે આ. સમજવું પડશે. સવારે પૂછયું હતું ખરું પણ બફમ થઈ ગયું. સવારમાં ૭૭મી ગાથામાં શું આવ્યું એ કાંઈ નહિ. રાગથી જુદું પડ્યું એટલું આવ્યું. કીધું મને સમજાણું નહિ. એ સવારમાં આવ્યું હતું એ સમજાણું નહિ. એ રાગથી જુદું બતાવ્યું. રાગથી જુદું તો હવે ઘણીવાર બોલીએ છીએ. આ તો વાત જ બીજી છે. સમજાણું કાંઈ? આ તો ભાઈ ધ્યાન રાખે તો સમજાય એવી ચીજ છે. આ કાંઈ...

મુમુક્ષુ :- સાર છે...

ઉત્તર :- ના, ના, એમ નથી કહ્યું. સાર તો ક્રમબદ્ધ, નિમિત્ત-ઉપાદાન ભિન્ન, વ્યવહાર-નિશ્ચય ભિન્ન અને જે સમયે જે થાય છે તેમ અહીંયા થનારું, દ્રવ્ય જડમાં અને ચૈતન્યમાં એવો વ્યવહાર થશે. તો એવું જ્ઞાન કોને છે? જેને જ્ઞાયકની દૃષ્ટિ થઈ એને એવું જ્ઞાન છે. એવું બધું એમાંથી કાઢે છે. બધું એમ જ છે. સમજાણું કાંઈ? જે સમયે નિર્મળ થવાની હોય તે જ સમયે થશે. જે રાગ થવાનો હોય એ જ સમયે થશે.

મુમુક્ષુ :- જે પ્રકારનો ...

ઉત્તર :- જે પ્રકારનો જે પર્યાય જડ અને ચૈતન્યમાં નિર્મળ-મલિનમાં હશે એ જ થશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બિલકુલ આઘું-પાછું થતું નથી. પણ એનું જ્ઞાન કોને છે? એ વાત ચાલી હતી. જાણનારો જ્ઞાયક જ્યારે દૃષ્ટિમાં આવ્યો, પર્યાયમાં જેટલી યોગ્યતા છે એટલું જાણે છે. સમજાણું કાંઈ? દ્રવ્યનું જ્ઞાન હોય તો પર્યાયની યોગ્યતા અથવા રાગને જ્ઞેય કરે છે, રાગને જ્ઞેય કરે છે. કોણ? પોતાના જ્ઞેયનું જ્ઞાન થયા વિના રાગને જ્ઞેય કરે એ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? ઝીણી વાત હતી. બહુ ઝીણી હતી આવી ગઈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, બહુ સારી વાત. ઓહો..હો..! ૭૬-૭૭ ગાથામાં આચાર્યે એટલું ભરી દીધું છે. બધો ખુલાસો કર્યો. સ્પષ્ટ. ક્રમબદ્ધનો, નિમિત્ત-ઉપાદાનનો, નિશ્ચય અને વ્યવહારનો. બધું એક ગાથામાં ખુલાસો કરી દીધો. મનન કરવું નહિ, વિચાર કરવો નહિ, વાચ્યમાં શું ભાવ છે, વાચકમાં શું વાચ્ય છે, કઈ અપેક્ષાએ કહે છે એ સમજે નહિ. ભાઈ! સ્વતંત્ર જીવ છેને. અનાદિનો રખડે છે ચોર્યાસીમાં. કોઈ શરણ નથી.

ભગવાન આત્મા શુદ્ધ ધ્રુવ એ જ પર્યાયને શરણ છે. પર્યાય ત્યાં થંભી ગઈ. પર્યાય પર્યાયમાં થંભશે નહિ. પર્યાય રાગમાં થંભશે નહિ. નિમિત્તને તો અડતું નથી તો થંભે ક્યાંથી? કહે છે કે ભગવાન આત્મા એ પર્યાય દ્રવ્યમાં થંભે એની તો ના, પણ એ દ્રવ્ય પર્યાયને

સ્પર્શતું નથી, ભિન્ન રહે છે. ભિન્ન ન રહે તો એક સમયના અંશમાં આખું દ્રવ્ય આવી જાય, દ્રવ્યનો નાશ થઈ જાય. સમજાણું કાંઈ? એક સમયની પર્યાય બીજે સમયે બીજી થશે. જો એક સમયમાં સ્પર્શી જાય તો બીજે સમયે ધ્રુવ પણ બીજું થવું જોઈએ. સમજાણું કાંઈ? તો એ શું કહ્યું? એક સમયની નિર્મળ પર્યાય-નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય અને દ્રવ્ય એક થઈ જાય, તો પર્યાય જેમ પલટે છે તો દ્રવ્ય પણ પલટી જાય, ધ્રુવ પણ પલટી જાય. એમ થતું નથી. ન્યાયથી સમજાય છે? આ તો વીતરાગનો માર્ગ ન્યાયથી, સમ્યગ્જ્ઞાનથી સમજાય એવી ચીજ છે ભાઈ!

અહીં તો એ કહ્યું. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં તો એ કહ્યું નહિ? આત્મા આત્માને જાણે, જ્ઞાયક જ્ઞાયકને જાણે. એનું તારે શું કામ છે? એ વ્યવહારથી તારું પ્રયોજન શું સિદ્ધ થશે? એનાથી તને લાભ શું થશે? એક જાણવાથી લાભ શું છે એમ કહે છે. ઓલા વ્યવહારથી તો લાભ નથી, વિકલ્પથી તો આત્મામાં લાભ નથી, ગુણ-ગુણીનો ભેદ કરવાથી પણ લાભ નથી, પણ જ્ઞાયક જ્ઞાયકને જાણે, આત્મા આત્માને જાણે. ચેતયિતા. એ કેવું જ્ઞાન? આ આને જાણે... આ આને જાણે.. આ એને જાણે... એવો ભેદ પાડવાથી તને લાભ શું છે? આહા..હા..! અહીં તો કહે છે કે વ્યવહાર કરીએ તો અમને લાભ થાય. વ્યવહાર કરીએ તો અમને નિશ્ચય... ધૂળેય નહિ થાય. મિથ્યાત્વ થશે તને. સાંભળતો ખરો. કહ્યું નહિ એ બનારસીદાસે? અસંખ્યાતભાવ, નથી કહ્યું? મિથ્યાત્વભાવ કેવલી ઉક્ત હૈ... વ્યવહાર... વ્યવહાર વ્યવહાર..વ્યવહાર આવે છે. ભાઈ! તું તો ભગવાન છો હોં! પણ મૂંઝાઈને આવા દાખલા આપે.

મુમુક્ષુ :- .. એ પણ ભગવાન છેને.

ઉત્તર :- હા, એ પણ ભગવાન છે. એની અશુદ્ધતા પણ મોટી. શુદ્ધતા પણ મોટી. આવે છેને એ અનુભવપ્રકાશમાં? તારી શુદ્ધતા તો મોટી, પણ અશુદ્ધતા પણ તારી મોટી છે. અનંત તીર્થંકરો આવે તોપણ ન સમજે એવી તારી અશુદ્ધતા મોટી છે. સમજાણું કાંઈ? બંધ અધિકારમાં છેને? બંધ અધિકારમાં છે. એ વ્યવહાર કહ્યો જુઓ. 'અસંખ્યાત લોકપ્રમાણ જે મિથ્યાત્વભાવ તે વ્યવહાર ભાવ કેવલી ઉકત હૈ.' અહીં તો સ્પષ્ટ કરી નાખ્યું એણે. 'અસંખ્યાત લોકપ્રમાણ જે મિથ્યાત્વભાવ તે વ્યવહાર ભાવ કેવલી ઉકત હૈ.' એ આત્માનો ભાવ નથી. અને આત્માનો નથી એને પોતાનો માને છે એટલો મિથ્યાત્વભાવ છે.

મુમુક્ષુ :- વ્યવહાર...

ઉત્તર :- એમ કહે છે. જેટલો વિકલ્પનો વ્યવહાર છે... અહીં તો નિર્મળ પર્યાય દ્રવ્યની નથી એ તો બીજી વાત થઈ. અહીંયા તો બંધ અધિકારની વાત. સમયસાર બંધ અધિકારનો કળશ ૧૭૩.

सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनै-
स्तन्मन्ये व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः।

सम्यङ्निश्चयमेकमेव तदमी निष्कम्पमाक्रम्य किं
शुद्धज्ञानघने महिम्नि न निजे बन्धन्ति सन्तो धृतिम्।।१७३।।

અમૃતચંદ્રાચાર્યનો કળશ છે. અલિંગગ્રહણ બતાવે છે એ જ એનો કળશ છે. આ પ્રવચનસાર છે. જુઓ, 'અસંખ્યાત લોકપ્રમાણ' જેટલો વ્યવહાર છે એટલું મિથ્યાત્વ છે એમ કહે છે અહીં તો. કેમકે એ પરને પોતાનું માને છે. સમજાણું કાંઈ? એનો જ અર્થ છે. નહિતર તો આ સીધું કહ્યુંને. વ્યવહાર એ મિથ્યાત્વ... વ્યવહાર એ મિથ્યાત્વ... પણ એનો અર્થ કે જેટલો વિકલ્પ અને વ્યવહાર છે તેને પોતાનો માને એટલું મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનચંદજી! આ ત્યાંના પંડિત છે અમારા દિલ્હીના. 'અસંખ્યાત લોકપ્રમાણ જે મિથ્યાત્વભાવ તે વ્યવહારભાવ.' તે વ્યવહારભાવ.. રાડ નાખે છે ઓલા. એની વિરૂદ્ધ કર્યું હતું બનારસીદાસ સામે શ્વેતાંબરી એક સાધુએ. વિરોધ કર્યો હતો. પુસ્તક લખ્યું હતું વિરોધનું. શું છે? કોણ છો તું ભાઈ? વ્યવહાર, જેમ અજીવ ભિન્ન છે એમ સ્વભાવના નિશ્ચયની પરિણતિથી વ્યવહાર તદ્દન ભિન્ન અજીવ છે. એ અજીવને જીવની પર્યાયમાં છે અને પોતાની પર્યાયમાં લાભ છે એમ માનવું એટલું મિથ્યાત્વ છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ વ્યવહારભાવ અજીવ, અચેતન છે. તો અચેતન છે એ મારી પર્યાયમાં છે ભાઈ એમ કહેવું છે મૂળ તો. સમજાણું કાંઈ? મારી નિર્મળ પર્યાયમાં એ અચેતનભાવ છે તો એટલો મિથ્યાત્વભાવ છે. પર્યાયમાં ક્યાંથી આવ્યું અચેતન? સમજાણું કાંઈ?

'જિનકો મિથ્યાત્વ ગયો સમ્યક્ દરશ ભયો તે નિયત લીન વ્યવહાર સો મુક્ત હૈ.' સમ્યગ્દૃષ્ટિને કહે છે. રાગ તો આસ્રવ છે, એ તો વિકલ્પ છે, ઝેર છે, દુઃખ છે, આનંદને લૂંટનારી ભિન્ન ચીજ છે. એય..! ધન્નાલાલજી! ભાઈ! 'જિનકો મિથ્યાત્વ ગયો સમ્યક્ દરશ ભયો, તે નિયત લીન...' નિર્વિકલ્પ પોતાનું શ્રદ્ધા જ્ઞાન એ જ મારી ચીજ છે. લીન એમાં છે. રાગમાં લીન નથી. વ્યવહારમાં લીન એકતા છે જ નહિ. સમ્યક્ ચોથા ગુણસ્થાનની વાત આ છે. બ્રહ્મચારીજી! કહો. બનારસીદાસ સ્પષ્ટ કરે છે તો રાડ નાખે છે. અરર!

મુમુક્ષુ :- એ પણ પંડિત છે...

ઉત્તર :- પંડિત ક્યાં છે? એ તો વીતરાગની વાત સ્પષ્ટ કરે છે. જડની કરે છે? સર્વજ્ઞની વાત સ્પષ્ટ કરે છે. 'નિર્વિકલ્પ નિરૂપાધિ આતમ સમાધિ સાધિ...' જુઓ, વ્યવહાર સાધિ નહિ. 'નિર્વિકલ્પ નિરૂપાધિ આતમ સમાધિ સાધિ, સાધિ જે સુગુન મોખ પંથકો ઢુકત હૈ, તેઈ જીવ પરમ દસામૈં થિરરૂપ વ્હૈકે, ધરમમેં ધુકે ન કરમસૌ રૂકત હૈ.' અહીં તો ચોથા ગુણસ્થાનની વાત કરે છે, ભાઈ! બાપા! સમ્યગ્દર્શન કોઈ અલૌકિક ચીજ છે. સમજાણું કાંઈ? વ્યવહાર-ક્ષ્યવહારને પોતાનો ગણતા નથી. અહીં તો કહે છે કે દ્રવ્ય છે તે પર્યાયને અડતી નથી. તેને શુદ્ધ દ્રવ્ય કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ સુદ ૯, રવિવાર, તા. ૨૫.૦૫.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૧૯-૨૦, પ્રવચન-૧૬૩**

પરમાત્મા આત્મા કોને કહે છે? અને આત્મા જેવો છે એવો જાણવામાં આવે તો એવો આત્મા હોય છે એની વાત ચાલે છે. છેલ્લા ત્રણ બોલ. ૧૮માં બોલમાં એમ આવ્યુંને? ૧૭ બોલ ચાલ્યા છે. આત્મા વસ્તુ છે અનંત ગુણસ્વરૂપ પિંડ વસ્તુ. તો કહે છે કે એવું જે શુદ્ધ દ્રવ્ય તેમાં અર્થાવબોધરૂપી જે જ્ઞાન અથવા ગુણ, આ ગુણી અને આ ગુણ એવો ગુણવિશેષ જેને નથી, એવા આત્માને અલિંગગ્રહણ કહેવામાં આવે છે. શું સમજ્યા? ભગવાનજીભાઈ! શું સમજ્યા? આત્મા તેને કહે છે શુદ્ધદ્રવ્ય, જે સમ્યગ્દર્શનનો વિષય નામ ધ્યેય છે કે જે આત્મા પોતાનું અનંત જ્ઞાન આદિ અપરિમિત સ્વભાવભૂત એકરૂપ શુદ્ધ દ્રવ્ય છે. એ આત્મા પોતાના ગુણી અથવા દ્રવ્ય અને ગુણ એટલે ભેદરૂપ વિશેષ તેને આલિંગન કરતો નથી. અભેદ, ભેદને આલિંગન કરતો નથી. કહો, સમજાણું કાંઈ? દ્રવ્ય શુદ્ધ દ્રવ્ય છે એના ઉપર દૃષ્ટિ દેવાથી અભેદ, પર્યાયનો વિષય અભેદ એ જ સ્પર્શાય છે. આ જ્ઞાન છે અને આ આત્મા છે. આ આનંદ છે અને આ આત્મા છે એવો ગુણભેદ વિશેષરૂપ, જેની દૃષ્ટિમાં અભેદ આવ્યું તેને એવો ભેદ સ્પર્શતો નથી. અને ભેદ સ્પર્શતો નથી એનું નામ અભેદ આત્મા શુદ્ધ દ્રવ્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! અહીં તો ત્રસ, સ્થાવર જીવ, રાગ કરે તે જીવ, પુણ્ય કરે તે જીવ, પાપ કરે તે જીવ. એ તો જીવ છે જ નહિ.

વસ્તુ એકરૂપ ચિદાનંદ અખંડ અભેદ સામાન્ય શુદ્ધ દ્રવ્ય-શુદ્ધ પદાર્થ એવી દૃષ્ટિમાં ગુણી અને આ ગુણ, આ શક્તિવાન છે અને આ શક્તિ-એવા ભેદને શુદ્ધ દ્રવ્ય આલિંગન કરતું નથી. રતિભાઈ! સમજાણું કાંઈ? અહીંયા શુદ્ધદ્રવ્ય.. શુદ્ધદ્રવ્ય છે ત્યાં સુધી તો. પછી ૧૯માં બોલમાં ભગવાન આત્મા પર્યાયવિશેષ, અવસ્થાવિશેષ, નિર્મળ વીતરાગી સ્વભાવરૂપ આત્મા એની વીતરાગી પર્યાયવિશેષ, એ વિશેષરૂપે પર્યાય તેને આલિંગન કરતા નથી, તેને શુદ્ધદ્રવ્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ તો જુદા દેશની ભાષા છે.

ઉત્તર :- એ જુદા દેશની નહિ, આત્માના દેશની ભાષા છે. આત્મા આત્મારૂપે થઈને બોલે તો એ આત્મભાષા કહેવામાં આવે છે. એમ શ્રીમદ્‌માં છે. શ્રીમદ્‌માં એક પત્ર છે. શ્રીમદ્ રાજચંદ્ર. સમજાણું કાંઈ? વસ્તુ છેને આત્મા? પદાર્થ છે કે નહિ? તે દ્રવ્ય છે, ચૈતન્યતત્ત્વ છે, મહાપ્રભુ છે. એવું સામાન્ય જે ધ્રુવ દ્રવ્ય છે એ અપેક્ષાએ દૃષ્ટિમાં જ્યાં દ્રવ્ય ધ્રુવ આવ્યું

તો ભેદ દૃષ્ટિમાં રહેતો નથી. તો ભેદને દ્રવ્ય સ્પર્શતું નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા... પોતાની પર્યાયમાં નિર્મળ અવસ્થા છે એ પણ એક સમયનો અંશ પર્યાય છે તેને, શુદ્ધ દ્રવ્ય જે છે એ એક સમયની પર્યાયને આલિંગન-સ્પર્શતું નથી. જો સ્પર્શે તો આખું દ્રવ્ય એક સમયમાં આવી જાય અથવા એક સમયની પર્યાય ધ્રુવ થઈ જાય. સમજાણું કાંઈ? માર્ગ એવો છે. સમ્યગ્દર્શનનો વિષય તો દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી તેને શુદ્ધદ્રવ્ય કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? વ્યવહાર કરવો અને વ્યવહારથી થાય છે એ તો ક્યાંય વાત રહી ગઈ. પણ ભેદના લક્ષે અભેદ થવું એ પણ છે નહિ. આ ગુણી છે ભગવાન, આ ગુણ છે અથવા આ પર્યાય છે એવો ભેદ, આ પર્યાય આ દ્રવ્યને હું પકડું એવો પણ ત્યાં ભેદ થઈ ગયો. આ પર્યાય અને આ દ્રવ્યને પકડું એ પણ ભેદ થઈ ગયો, એમ કહે છે.

શુદ્ધદ્રવ્ય ઉપર દ્રવ્યદૃષ્ટિ... પર્યાય-વર્તમાન અવસ્થા શુદ્ધદ્રવ્યની સન્મુખ જતાં એ દ્રવ્ય પોતાની પર્યાયને, સામાન્ય દ્રવ્ય સિવાય વિશેષને સ્પર્શતું નથી. ભારે માર્ગ ભાઈ! આટલી બધી અંદર પુરુષાર્થની જાગૃતિ કરવા નવરો ક્યાં છે? બહારથી માની લે કે ચાલો આપણે ધર્મ કરીએ છીએ. સમજાણું કાંઈ? વસ્તુ છેને ભગવાન! પરમાત્મા પોતે પરમસ્વરૂપ પરમાત્મા છે. 'અપ્પા સો પરમ અપ્પા.' આત્મા એ જ પરમાત્મા છે પોતાનો. એ પરમાત્મા વસ્તુસ્વભાવે શુદ્ધરૂપ દ્રવ્ય જે છે એ પર્યાય-એક સમયની અવસ્થાને, સામાન્ય તે વિશેષને સ્પર્શતું નથી. એવું એ શુદ્ધ દ્રવ્ય છે તેને અહીંયા આત્મા કહેવામાં આવે છે. એવો આત્મા દૃષ્ટિમાં લે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે, ત્યારે જન્મ-મરણનો અંત આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ૧૯ બોલ તો ચાલ્યા. ૨૦મો આજે છે. પાંચની સાલમાં એ બોલ ચાલ્યો હતો. પછી કહે મહારાજ! એક મગનભાઈ એક હતા. મગનભાઈ દફ્તરી હતા. વાઈસરોયે જેના વખાણ કર્યા હતા. વાઈસરોય ને? ગવર્નર? ગવર્નર. મુંબઈમાં ગવર્નરે વખાણ કર્યા હતા. બોલતા આવડતું હોય, લોકોએ વખાણ કર્યા. લોકોને ક્યાં? એ પછી આમાં આવ્યા હતા થોડા. આવતા આવતા વેદાંતનો અભ્યાસ. છતાં વળી વેદાંતની વાર્તા કીધી થોડી. પાખંડીને .. આવ્યું હતુંને? પછી એ કહે કે આ અત્યાર સુધી મહારાજ ૧૯ બોલમાં ... પાંચની સાલની વાત છે. વજુભાઈ! તે દિ' રતિભાઈ નહોતા. એ નહોતા. ત્યારે તો ધંધામાં ૨૦ વર્ષ ત્યાં રહ્યા. આ એક ગાથા ૨૮ દિ' ચાલી હતી. પાંચની સાલ. આ એક ૧૭૨ ગાથા અઠ્યાવીસ દિવસ ચાલી હતી. એક સવા મહિનો રહ્યા હતા. ૨૮ આ અને ૧૯૨ ગાથા. આવશ્યકની. ૧૯૨ આઠ દિ'. ૩૬ વ્યાખ્યાન સવા મહિનો સુધી ચાલ્યા. બે ગાથાના. તે દિ' તો વિસ્તાર કરવો પડેને, શરૂઆત હોય એટલે. સાધારણ માણસને. નાનાલાલભાઈના મકાનમાં. પાંચની સાલની વાત છે. પછી કહે આ મહારાજ અત્યાર સુધી દ્રવ્ય-દ્રવ્ય કરે, પણ ૨૦માં પર્યાય આવી એનું શું કહેશે? એમ કહેતા હતા. હવે ૨૦મો બોલ આવ્યો. પર્યાયને

આત્મા કહે છે અહીંયા. એય..! શશીભાઈ!

અહીં તો કહે, પર્યાયનો અનુભવ કરનારો આત્મા એ આત્મા દ્રવ્યને આલિંગન કરતું જ નથી. જુઓ, ૧૯ બોલ તો કાલે ચાલ્યો હતો. જુઓ. '**લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ...**' પ્રત્યભિ નામ આ જ દ્રવ્ય છે, એ જ દ્રવ્ય છે, એ જ દ્રવ્ય છે... એ છે.. એ છે... '**એવું પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધસામાન્ય...**' એટલે દ્રવ્ય. અર્થ નામ પદાર્થબોધ અહીંયા લીધું છે, પણ આખું દ્રવ્ય લેવું. અર્થાવબોધ. નહિતર અર્થનું અવબોધ એવું જ્ઞાન. એમ નથી લેવું. પણ એ જ્ઞાનરૂપ સામાન્ય લેવું. એકલું સામાન્ય. જ્ઞાન સામાન્ય એટલે કે આખું દ્રવ્ય સામાન્ય. '**પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધસામાન્ય તે જેને નથી...**' આત્માને દ્રવ્ય નથી. આત્માને દ્રવ્ય જ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સમજાવો.

ઉત્તર :- એ કરીએ છીએને. હળવે હળવે આવે છેને. આવે છેને અર્થ ચાલે છેને પંડિતજી! એટલું નહિ લઈએ. સ્પષ્ટીકરણ ઘણું આવશે. પછી છોડીશું. કેમ? ભગવાન આત્મા તો અનંતગુણનું સામાન્ય દ્રવ્ય છે. એ દ્રવ્ય આત્માને નથી. આ દ્રવ્ય આ... આ... આ... પ્રત્યભિજ્ઞાનના કારણરૂપ. પૂર્વે હતું તે અત્યારે છે. પૂર્વે હતું તે અત્યારે. એવું જે પ્રત્યભિજ્ઞાનના કારણરૂપ દ્રવ્ય. પ્રત્યભિ અર્થાવબોધ નામ જ્ઞાન. જ્ઞાન નામ આખું દ્રવ્ય. જ્ઞાનગુણ ત્રિકાળી એમ સામાન્ય દ્રવ્ય. સામાન્ય ધ્રુવ '**તે જેને નથી...**' એ સામાન્ય દ્રવ્ય આત્માને નથી. આત્માને દ્રવ્ય નથી. '**તે અલિંગગ્રહણ છે;...**' તેનો અર્થ શું થયો? કે '**આ રીતે આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત એવો શુદ્ધ પર્યાય છે...**' શું કહે છે? અનુભવમાં આનંદ આદિ જે પર્યાય આવી તે પર્યાયનો અનુભવ છે, દ્રવ્યનો અનુભવ નથી. તો અનુભવની પર્યાય એ જ આત્મા. એ આત્મા અનુભવની પર્યાયને સ્પર્શે છે, પણ એ અનુભૂતિ છોડીને દ્રવ્યને સ્પર્શતું નથી. કેમકે ધ્રુવને તો અનુભવ છે નહિ. થોડું ઝીણું છે. થોડું કહીએ છીએ હોં! બહુ ઝીણું છે એમ નથી. ફરીને લઈએ છીએને ધીમે... ધીમે... ધીમે... તેને સ્પષ્ટ કરીએ છીએ.

જુઓ, '**લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે...**' આ દ્રવ્ય... આ દ્રવ્ય... આ દ્રવ્ય... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... પ્રવાહ. પ્રવાહરૂપ જે પ્રવાહરૂપ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એ દ્રવ્ય. '**એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધસામાન્ય...**' અર્થાવબોધ નામ પદાર્થ એમ લેવું. એવું સામાન્ય '**તે જેને નથી...**' આત્માને સામાન્યપણું નથી. કેમ? કે ભગવાન આત્મા પોતાના આનંદ આદિ પર્યાયનો અનુભવ કરે છે. તો આનંદ આદિ પર્યાયનો અનુભવ કરનાર દ્રવ્યનો અનુભવ નથી કરતા તો અનુભૂતિમાં દ્રવ્ય આવ્યું નથી. તો એ આત્માને અનુભૂતિમાં અનુભૂતિ સિવાય દ્રવ્ય નથી. ફરીને. સમજાણું કાંઈ? ભગવાન આત્મા વેદનમાં તો આનંદની, જ્ઞાનની, શાંતિની આદિ અનંતગુણની પર્યાય વેદનમાં

આવે છે. અનુભવ વેદનમાં પર્યાય છે. વેદનમાં ધ્રુવ છે? વેદનમાં ધ્રુવ હોય તો એક સમયનું વેદન પલટી જાય તો આખું ધ્રુવ પણ પલટી જાય. વેદનમાં દ્રવ્ય નથી. વેદનમાં પર્યાય છે. સમજાણું કાંઈ? કેમકે વેદન અનુભવ જે છે એ તો પર્યાય છે. તો આત્માને અનુભૂતિની પર્યાય વેદનમાં છે એ આત્મા દ્રવ્યને આલિંગિત નથી કરતું. એટલે કે અનુભૂતિમાં દ્રવ્ય આવતું નથી. એટલે દ્રવ્ય ધ્રુવ એ બાજુ રહી જાય છે. તો અનુભૂતિના કાળે દ્રવ્ય આત્માના ધ્રુવને આત્મા સ્પર્શતો નથી. ફરીને. પંડિતજી! આ તો વીતરાગની વાણી છે બાપા આ તો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પ્રતીતિ બીજી વાત. પ્રતીતિ તો પર્યાય થઈ. અનુભૂતિ પર્યાયની હોય કે દ્રવ્યની? ધ્રુવનો અનુભવ હોય? વેદનમાં અનુભવમાં ભોક્તામાં ભોગ્ય તો પર્યાય હોય છે. દ્રવ્ય ભોક્તા અને પર્યાય ભોગ્ય એમ પણ નથી અહીં તો. પર્યાય જ ભોક્તા છે આત્મા. રતિભાઈ! સમજાણું કાંઈ? લ્યો! સોગાની તો પર્યાય-પર્યાયને કાઢી નાખે છેને. અહીં વળી પર્યાય... એ તો અનુભૂતિની અપેક્ષાએ પર્યાય છે. દ્રવ્ય ધ્રુવ ચૈતન્ય છે એકલો આનંદનો સામાન્ય ધ્રુવ. એના ઉપર દષ્ટિ દેવાથી દષ્ટિની પર્યાય, આનંદની પર્યાય વેદનમાં આવે છે. પર્યાયનું વેદન છે, દ્રવ્યનું વેદન નથી. ધ્રુવનું વેદન ક્યાંથી હોય? સમજાણું કાંઈ? જ્ઞાનચંદજી! આહા..હા..! અલૌકિક માર્ગ છે, ભાઈ!

ભગવાન આત્મા... અહીં પરનું વેદન તો નથી, રાગનું-વ્યવહારનું વેદન નથી અને ધ્રુવનું વેદન નથી. આહા..હા..! એ માર્ગ તો વીતરાગનો એવો છે. પ્રભુ ચૈતન્યની ખાણ આનંદની છે. તો આનંદ એમાંથી ઝર્યો પર્યાયરૂપ થયો એનો અનુભવ છે. ધ્રુવને તો અડતું જ નથી. અનુભૂતિ, ધ્રુવ. પર્યાય અનુભવ દ્રવ્યને કેમ સ્પર્શે? કેમકે દ્રવ્ય ધ્રુવનો તો અનુભવ કદી થતો જ નથી. કાર્ય, વેદન, અનુભૂતિ, આનંદનો ભોક્તા એ બધું પર્યાયમાં થાય છે. ન્યાય સમજાય છે? આહા..હા..! જુઓ, એક આચાર્યે આહા..હા..! ગજબ વાત કરી છે. અમૃતચંદ્રાચાર્ય એવી વાત હિંદુસ્તાનમાં એવી ટીકા પરમાત્માના પેટ ખોલીને રાખ્યા છે. સમજાણું કાંઈ?

ભગવાન! તું તો આત્મા છોને. છે. એમાં બે અંશ છેને. એક ધ્રુવ અંશ છે, એક અનુભૂતિની પર્યાય અંશ છે. તો કહે છે કે અલિંગગ્રહણ. લિંગ નામ દ્રવ્ય જો આ છે... છે... છે... છે... એવું પ્રત્યભિજ્ઞાનનું કારણ તેને આત્મા અનુભૂતિની પર્યાયનું વેદન કરે છે તે દ્રવ્યનું વેદન કરતા નથી. તો દ્રવ્યને આલિંગન કરતા જ નથી. અનુભૂતિને આલિંગન કરીને વેદન કરે છે. દ્રવ્યનું આલિંગન.. દ્રવ્ય-લિંગ આત્માને તો છે નહિ. આહા..હા..! સમજાણું કે નહિ? એય..! મલુકચંદભાઈ! આ શેઠિયાઓને જરી... આત્મામાં રાગનું વેદન એ આત્મા નથી. જડનું વેદન નથી. કેમકે જડ તો રંગ, ગંધ, સ્પર્શવાળો છે. એનું વેદન નથી. તો વેદન અજ્ઞાનીને વેદન થાય છે તે વિકારનું વેદન છે. તો વિકારનું વેદન તો આત્મા છે નહિ. અજ્ઞાની પણ દ્રવ્યનું વેદન તો કરતો નથી. સમજાણું કાંઈ? ધ્રુવસ્વરૂપ ભગવાન સદશરૂપે ધ્રુવ પડ્યો છે

તેના ઉપર અજ્ઞાનીની પણ દૃષ્ટિ નથી. એનું દ્રવ્યનું વેદન તો એને પણ નથી. એને વેદન છે તો પરનું નથી. સ્ત્રીના શરીરનું, દાળ, ભાતનું, મકાનનું, અજ્ઞાનીને વેદન જડની પર્યાયનું હોતું નથી. વેદનમાં આવે છે તો રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ ઝેર જે વિકલ્પનું વેદન અજ્ઞાનીને છે. એ તો આત્મા છે નહિ. એ તો અણાત્મા આસ્રવ થયો. સમજાણું કાંઈ? એય..! સુજાનમલજી!

મુમુક્ષુ :- આનંદની ...

ઉત્તર :- આનંદની પર્યાયનું વેદન છે, આનંદગુણનું નહિ એમ કહે છે. આહા..હા..! એ વાત વીતરાગ સર્વજ્ઞ સિવાય એવા સત્યની પ્રસિદ્ધિ થતી નથી. આહા..હા..! ભગવાન આત્મા આત્મા એને કહીએ કે જે ભગવાન આત્મા પોતાના શુદ્ધ દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોવાથી આત્મા થયો. નહિતર તો રાગ ઉપર દૃષ્ટિ હોવાથી તો આત્મા હતો નહિ. એ તો અણાત્મા હતો. કેમકે રાગ અણાત્મા છે તેને પોતાનો માને તો તે અણાત્મા છે. સમજાણું કાંઈ? હવે એક સમયની પર્યાય જે વેદનમાં છે એ પર્યાયનું વેદન છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેવાથી દ્રવ્યસ્વભાવ સામાન્ય એવો છે તો પરિણમનમાં આનંદ અને શાંતિ અને સમ્યગ્દર્શન જ્ઞાન એ પર્યાય થઈ, એ પર્યાયના વેદનમાં પર્યાયને આત્મા આલિંગન કરે છે. પોતાની વીતરાગી પર્યાયને આલિંગન, સ્પર્શ, ગાઢ પ્રીતિથી એમાં એકાકાર થાય છે. એ આત્મા પોતાની શુદ્ધ પર્યાયને છોડીને દ્રવ્ય જો આ... આ... આ... આ... આ... ધ્રુવ પ્રવાહ છે એને આલિંગન કરતા નથી. કેમકે ધ્રુવનો અનુભવ થઈ શકતો નથી.

મુમુક્ષુ :- સમજાણું નહિ.

ઉત્તર :- હજી આવ્યું નહિ. કહો આટલા હુશિયાર માણસને. આ વૈદરાજ છેને. વાતું બહુ કરતા હતા. તમે દિગંબરમાં જન્મ્યા છો કે નહિ તમે?

મુમુક્ષુ :- આ જુદી જાતની વાત છે.

ઉત્તર :- દ્રવ્ય છે. નહિ... નહિ... નહિ... ગૌણ કરીને નહિ. દ્રવ્યનો અનુભવ કોઈને થતો જ નથી. દ્રવ્ય તો ધ્રુવ છે. જે એક સમય છે એનો અનુભવ છે. જો દ્રવ્યનો અનુભવ હોય તો સમયની પર્યાય બદલાઈ જાય છે તો દ્રવ્યનો પણ નાશ થઈ જાય. ધ્રુવનો અનુભવ થઈ શકતો જ નથી. નક્કી કરીએ. હજી વિશેષ કહીએ. અહીં કાંઈ છોડી નહિ દઈએ. સમજાણું કાંઈ? જે જ્ઞાન-દર્શન-આનંદ આદિ આ છે... આ છે... આ છે... એવું જે ધ્રુવ, એ ધ્રુવમાં પલટવું તો છે નહિ, અવસ્થા તો છે નહિ. સમજાણું કાંઈ? અનુભૂતિ તો પર્યાયને વેદે છે. અનુભૂતિ પર્યાય દ્રવ્યને અડતી નથી. દ્રવ્યને ક્યાંથી સ્પર્શે? દ્રવ્યને કેમ સ્પર્શે? એ તો ધ્રુવ છે. ધ્રુવનો અનુભવ થઈ શકે નહિ. એય..! દાસ! ઓલા ૧૯ બોલ આવ્યા ત્યાં સુધી વાંધો ન આવ્યો. આ આવ્યો ત્યાં ... મને આનંદનો અનુભવ જે ભોગવટો થયો તે હું. બસ એટલું.

મુમુક્ષુ :- ધ્રુવ શું કામ કરે છે?

ઉત્તર :- ધ્રુવ છે. કામ શું કરે? છે બસ એ કામ. છે એમાં પર્યાય ગળે છે? એમાંથી પર્યાય આવે છે? પર્યાય તો પર્યાય છે. ધ્રુવ તો ધ્રુવ છે. આહા..હા..! ધ્રુવ તો અક્રિય છે એક ન્યાયે. પરિણતિ એ સક્રિય છે. પરિણમન આનંદનો અનુભવ તે સક્રિયદશા છે. રાગની અપેક્ષાએ સક્રિય નથી. એની અપેક્ષાએ .. રાગની અપેક્ષાએ નિર્મળ અનુભૂતિ ધર્મની તે અક્રિય છે, પણ ધ્રુવની અપેક્ષાએ નિર્મળ પરિણતિનો અનુભવ સક્રિય છે, પરિણમે છે એ અપેક્ષાએ. માળે ભારે ભાઈ! ફરીને લઈએ.

મુમુક્ષુ :- ધ્રુવ પરિણમતું નથી.

ઉત્તર :- ધ્રુવ પરિણમન નથી કરતું, પર્યાય પરિણમન કરે છે તો પર્યાયનું પરિણમન અનુભવમાં આવે છે. દ્રવ્ય ધ્રુવ અનુભવમાં આવતું નથી. લક્ષમાં હોય, પ્રતીતમાં હોય, પણ લક્ષ અને પ્રતીત એ તો પર્યાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

આત્મામાં બે અંશ. શરીર, વાણી તો છે નહિ. રાગ પણ એમાં નથી. હવે બે અંશ રહ્યો. એક ધ્રુવ અંશ રહ્યો, કાયમી ટકાઉ અંશ રહ્યો. કાયમી ટકતો અંશ. ટકતો અંશ, ધ્રુવ અંશ, સામાન્ય અંશ, સદશ અંશ, નિત્ય અંશ. તો નિત્યનો અનુભવ ક્યાંથી થાય? અનુભવમાં તો નિત્યની દૃષ્ટિ થતાં દૃષ્ટિ જે પર્યાય છે, જ્ઞાનની પર્યાય છે, આનંદની પર્યાય છે, ચારિત્રની પર્યાય છે, તો અનંતગુણની પર્યાય જે પ્રગટ છે એનું વેદન છે. વેદન ધ્રુવનું હોતું જ નથી. આહા..હા..! એય..! અજીતકુમારજી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ ધ્રુવનું વેદન કેમ થાય? ધ્રુવનું વેદન ન હોય. ધ્રુવ તો સદશ એકરૂપ વસ્તુ છે. કાંઈ પરિણમતી નથી, અવસ્થા થતી નથી એનું વેદન કેમ થાય? વેદનમાં તો પર્યાયનું જ વેદન થાય છે. સંસાર, મોક્ષમાર્ગ, બંધમાર્ગ અને મોક્ષ એ તો બધી પર્યાય છે. સમજાણું કાંઈ? સંસાર મિથ્યાત્વરૂપી પર્યાય, મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી પર્યાય, મોક્ષ શુદ્ધ પૂર્ણ પર્યાય—એ તો પોતાની પર્યાય છે. ધ્રુવ તો ધ્રુવ ત્રિકાળ રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા આહા..હા..! જુઓને. કહે છે કે જે દ્રવ્ય છે પ્રત્યભિજ્ઞાનનું કારણ અથવા આ છે, આ હતું હવે આ છે. પહેલા હતું તે આ છે, પહેલા હતું તે આ છે. પર્યાયમાં પહેલા હતું એ આ છે એમ નથી. દ્રવ્ય જે છે આ પહેલા હતું તે આ છે. પહેલા હતું તે આ છે. પ્રત્યભિજ્ઞાનનું કારણ. એનું જ્ઞાન સાથે વર્તમાનમાં સંધિ કરનારું આ છે. આ છે આ છે. આ દ્રવ્ય આ છે. આ દ્રવ્ય આ છે. એવું જે દ્રવ્ય સામાન્ય, ધ્રુવ નિત્ય સદશ અક્રિય, પર્યાયરૂપ નહિ થનારો એવો જે સામાન્ય ધ્રુવ અંશ છે તેને આત્મા આલિંગન નથી કરતું. કેમ? કે એનો અનુભવ નથી.

મુમુક્ષુ :- લક્ષ તો એનું છે.

ઉત્તર :- લક્ષ પર્યાય છે. લક્ષ ધ્રુવનું છે, પણ લક્ષ કર્યું તો પર્યાયે છે. શ્રદ્ધાએ દ્રવ્ય ધ્રુવ લીધું ધ્યેયમાં, પણ શ્રદ્ધા તો પર્યાય છે.

મુમુક્ષુ :- પ્રત્યભિજ્ઞાનનું અવલંબનનું ક્યાં છે?

ઉત્તર :- આલંબન થયું, પણ આલંબન થયું તો પર્યાયમાં થયુંને? પર્યાયે આલંબન કર્યું કે ધ્રુવે કર્યું? તો પર્યાયનો અનુભવ છે. કહો, હવે અહીં સાંભળનારને હજી આ બધા .. જેવા લાગે. કહો, સમજાય છે કાંઈ? હવે આવું મુંબઈમાં તો ચાલે શી રીતે ત્યાં? હવે તો ત્યાં પણ ચાલે છે. આ ફેરે ગયા તો કહેતા હતા. તમારા કહેતા હતા, સુમનભાઈ કહેતા હતા. સુમનભાઈ કહેતા હતા કે હા આવું તો મુંબઈમાં સાંભળ્યું નહોતું. એવું સાંભળ્યું. સુમનભાઈ. બહુ બુદ્ધિવાળા છે. પકડવાની શક્તિ છે. આમના દીકરા છે. માસિક આઠ હજારનો પગાર છે. એમ કહે છે. આપણને ક્યાં ખબર? કોક કહેતું હતું. એને પણ ખબર નહિ હોય એના બાપને પણ. સમજાણું કાંઈ? બહુ વિનયવાળા છે. ત્યાં ભોજન કર્યું હતું એક દિવસ. આ મુંબઈમાં આવું વ્યાખ્યાન તો કદી સાંભળ્યું નથી. મુંબઈમાં એવું વ્યાખ્યાન આવ્યું એમ કહેતા હતા. આ ... એસોમાં નોકરી છે. એસો સમજાણું? .. ભાઈ કહેતા હતા, બેલ્જિયમ. મોટા ઓફિસર છેને. ૪૬-૪૭ વર્ષ થયા હશે નહિ ભાઈ? ૪૬-૪૭ વર્ષ. ૪૬-૪૭. ઓહો..હો..! એ કહેતા હતા કે આવું વ્યાખ્યાન મુંબઈમાં સાંભળ્યું નથી. એમ કહેતા હતા હોં એ. મુંબઈમાં સ્પષ્ટ કરતા હતા બધું ભાઈ! આ તો બહુ સૂક્ષ્મ માર્ગ છે. અહીં તો અધિકાર બધા ચાલે ત્યાં તો બધું આવેને.

તો શું કહે છે જુઓ. શબ્દાર્થ જુઓ. એક એક શબ્દનો અર્થ કરો. '**લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ...**' પ્રત્યભિજ્ઞાન નામ આ છે, આ છે, આ છે, આ છે. એ પૂર્વની સંધિથી વર્તમાનમાં સંધિ કરે તે પ્રત્યભિજ્ઞાન. એનું કારણ દ્રવ્ય ધ્રુવ. '**પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધસામાન્ય...**' પ્રત્યભિજ્ઞાનના કારણરૂપ સામાન્ય. પ્રત્યભિજ્ઞાનના કારણરૂપ ત્રિકાળી ધ્રુવ સામાન્ય '**તે જેને નથી...**' આત્માને નથી. આત્માને છે જ નહિ. કેમકે અનુભવની પર્યાય આત્માની છે. એમ અહીં ક્હેવામાં આવે છે. અનુભૂતિમાં અનુભૂતિ કરનાર આત્માને દ્રવ્ય છે જ નહિ. કેમકે દ્રવ્ય અનુભૂતિમાં આવતું નથી. સમજાણું કાંઈ? અરેરે! હવે જ્યાં ઓલા દ્રવ્યની વાત આવી ત્યાં એ કહેતા હતા હોં બિચારા મગનભાઈ હોં! કે ૧૯ સુધીમાં આવો દ્રવ્ય-દ્રવ્યનો અર્થ કર્યો, પણ પર્યાયમાં શું અર્થ કરશે હવે? કીધું ત્યાં સાંભળજો. ૨૦ વર્ષ પહેલાની વાત. ૨૦ વર્ષ પહેલા. પાંચની સાલ.

કહે છે, ઓહો..હો..! પોતાના આનંદનું વેદન થયું એ હું. ધ્રુવનું વેદન થતું નથી. ધ્રુવ તો આત્મા વેદનની અપેક્ષાએ સ્પર્શ કરતું નથી. તો આત્માને ધ્રુવ છે જ નહિ વેદનની અપેક્ષાએ. કહો, સમજાણું કાંઈ? એ મૂકવાનું કારણ? કે અજ્ઞાની એ પર્યાયને માનતા જ નથી. સમજાણું

કાંઈ? પર્યાય છે જ નહિ. એ તો કૂટસ્થ નિત્ય છે. તો કૂટસ્થ નિત્યમાં વેદન હોતું નથી. સાંભળ તો ખરો. સમજાણું કાંઈ? આ કૂટસ્થ નિત્યમાં કાર્ય થતું નથી. આ તો પર્યાયરૂપી કાર્ય થયું છે. ત્રિકાળી પરમાત્મા ભગવાન કારણપરમાત્મા. તો કારણપરમાત્મા એ તો દ્રવ્ય થયું. તો કારણપરમાત્માનો અનુભવ નથી. દૃષ્ટિ એની હોય તો કાર્ય થાય એનો અનુભવ થાય છે. તો કાર્ય તો પર્યાયમાં થાય છે. શું દ્રવ્યમાં કાર્ય થાય છે? ભલે એ કાર્યનું કારણ હોય, અવલંબન હોય, ધ્યેય હોય, ધ્યાનમાં એના લક્ષમાં રાખો, પણ લક્ષમાં ધ્યાનની પર્યાય ત્યાં કાંઈ દ્રવ્યનું વેદન છે? ધ્રુવનું વેદન છે? લક્ષ અને જ્ઞાનની પર્યાયનું વેદન છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- જ્ઞાનમાં વેદન આવ્યું એ બધા જોવે છે.

ઉત્તર :- બધું જોવે, પણ કેવળીને પણ એક પર્યાયનું વેદન છે. જ્ઞાનમાં જોયું ત્રિકાળ, પણ વેદન એક સમયની પર્યાયનું છે કે ધ્રુવનું વેદન છે? કેવળીને પણ એક સમયનું જ વેદન છે, સિદ્ધને પણ એક સમયનું જ વેદન છે. જ્ઞાન ત્રિકાળ થાય, પણ વેદનની દશા તો એક સમયની છે. વેદન ધ્રુવનું થતું જ નથી. સદશ પડેલી વસ્તુ, કૂટસ્થ પડેલી વસ્તુ એનું વેદન કેમ થાય? સમજાણું કાંઈ? અંકુર ફૂટે, અંદર પર્યાય પરિણમે એનું વેદન થાય. આહા..હા..! સિદ્ધને પણ ધ્રુવનો અનુભવ છે જ નહિ, ધ્રુવનું જ્ઞાન થાય એ જુદી વાત છે. આ ત્રિકાળ વસ્તુ છે એવું પર્યાયમાં જ્ઞાન થયું, પણ એ પર્યાય એક સમયની છે. એ ત્રિકાળ ધ્રુવનું જ્ઞાન થયું, પણ ત્રિકાળનું વેદન એક સમયમાં નથી. કારણ કે એવું ને એવું વેદન બીજે સમયે હોય, પણ એ નથી. એ નથી, પણ બીજા સમયનું વેદન. એ નહિ, બીજા સમયનું વેદન, ધ્રુવનું નહિ. સમજાણું કાંઈ? ભારે આવી વાતમાં નવરાશ ક્યાં? વીતરાગ શું કહે છે? સર્વજ્ઞ શું કહે છે? વાડામાં જન્મ્યા. કરો સામાયિક અને પોષા, આ કરો ભક્તિ ને પૂજા, જાત્રા. નિર્મળ આ ખાવું ને આ ન ખાવું એમાં પડી ગયા. એવી ક્રિયામાં ભેદ પડી ગયો. બાપા! એ ચીજ નથી, ભાઈ! આહા..હા..!

વસ્તુ ધ્રુવ સામાન્ય છે એકરૂપ રહેનારી છે અને એક સમયની પર્યાય—બે થઈને પ્રમાણનો વિષય છે. બરાબર છે? સામાન્ય ધ્રુવ છે દ્રવ્ય. એ દ્રવ્યાર્થિકનયનો એક વિષય છે. દ્રવ્ય જેનું પ્રયોજન એવો દ્રવ્યાર્થિકનય જ્ઞાનનો વિષય. તો એક સમયની પર્યાય છે એ પર્યાય નયનો વિષય, બે મળીને પ્રમાણનો વિષય. હવે અહીંયા પર્યાયનો વિષય છે એ જ વેદનમાં આવે છે. દ્રવ્યનો વિષય વેદનમાં આવતો નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? લ્યો!

'**લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાન...**' એટલે કે આ છે... આ છે... એ છે.. આ થાવ એ છે. એવો બોધ. અર્થાવબોધ એનું સામાન્ય. અર્થાવબોધની વ્યાખ્યા જ સામાન્ય કરી. નહિતર અર્થ-અવબોધ, પદાર્થરૂપ જ્ઞાન એમ લે છે, પણ એ પદાર્થના જ્ઞાનનો અર્થ જ્ઞાનસામાન્ય, ગુણસામાન્ય એટલે દ્રવ્યસામાન્ય. એવું સામાન્ય જેને નથી. આત્માને સામાન્ય નથી. કેમ?

કે તે અલિંગગ્રહણ તે સામાન્યને પકડતા નથી. સામાન્યને વેદનમાં લેતા નથી એ માટે તેને અલિંગગ્રહણ કહેવામાં આવે છે. ખુલાસો કર્યો. '**આ રીતે આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત...**' ભગવાન આત્મા પોતાના દ્રવ્યને આલિંગન સ્પર્શતો નથી, અડતો નથી. કેમ? કે સ્પર્શ તો પર્યાયનો છે. વેદન તો પર્યાયનું છે. આનંદ પર્યાયના વેદનમાં ભગવાન આત્મા દ્રવ્યને આલિંગન, સ્પર્શ કરતા જ નથી. કહો, જ્ઞાનચંદજી!

મુમુક્ષુ :- સાચી દ્રવ્યદૃષ્ટિ...

ઉત્તર :- દ્રવ્યદૃષ્ટિ ઉડી નથી. એમાં દ્રવ્યદૃષ્ટિમાં પર્યાયનું વેદન છે. દૃષ્ટિમાં એ બતાવે છે. દ્રવ્યદૃષ્ટિમાં કાંઈ ધ્રુવનું વેદન છે એમ નથી. એમ બતાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એક સમયની પર્યાયનું બધું મહત્ત્વ છે.

ઉત્તર :- કાર્ય તો એમાં થાય છેને. દ્રવ્યમાં કાર્ય ક્યાં થાય છે? દ્રવ્ય તો ત્રિકાળી છે, ધ્રુવ છે. મહત્ત્વ તો દ્રવ્યનું છે, પણ દ્રવ્યના મહત્ત્વમાં અનુભૂતિ દ્રવ્યની નથી થતી. સમજાણું કાંઈ? એનું મહત્ત્વ કર્યું તો પર્યાયે કર્યુંને? કે દ્રવ્યે કર્યું? આહા..હા..! ભગવાન પૂર્ણાનંદ ધ્રુવ સામાન્ય વસ્તુ ચૈતન્ય એવી મહિમા પર્યાય કરે છે. ધ્રુવ કરે છે? ધ્રુવ તો સદૃશ છે. મહિમા જેમાં થઈ એની અનુભૂતિ છે. એ મહિમાનો અનુભવ છે તે અનુભૂતિ દ્રવ્યને સ્પર્શતી નથી. અનુભૂતિ કહી. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ?

'**આ રીતે...**' આ રીતે કહ્યુંને? કે પ્રત્યભિનો આ... આ... આ... એવું સામાન્ય આત્માને નથી. કેમ નથી? કે '**આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત...**' કરતું. કેમ? કે પોતાની પર્યાય-શુદ્ધ પર્યાય જ આત્મા છે. શુદ્ધ પર્યાય હોં! અશુદ્ધની અહીં વાત જ નથી. શુદ્ધ વીતરાગી આનંદની પર્યાય, કેવળજ્ઞાનની થઈ. આનંદ (આદિ) અનંતચતુષ્ટય. કેવળજ્ઞાનીને અનંત કેવળજ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય આદિ છે, તો એનું વેદન કેવળીને છે. શું કેવળીને વેદન ધ્રુવનું-દ્રવ્યનું છે? કોઈને દ્રવ્યનો અનુભવ થતો નથી. વેદન થતું નથી, દ્રવ્યનું જ્ઞાન થાય જુદી વાત છે. એ દ્રવ્ય ત્રિકાળી છે એવું જ્ઞાન પોતામાં થયું. પણ એક સમયની પર્યાયમાં વેદન ત્રિકાળીનું-ધ્રુવનું આવ્યું એમ નથી. ત્રિકાળીનું વેદન આવે તો એક સમયની પર્યાય તો પલટી જાય છે, (તો) દ્રવ્યનો અભાવ થઈ જાય. દ્રવ્યનો અભાવ થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ, ત્રિલોકનાથ પરમાત્મા ઈન્દ્રોની સમક્ષ આ કહેતા હતા. ગણધરોની સમક્ષ.

મુમુક્ષુ :- બધાનો એક જ માર્ગ છે.

ઉત્તર :- એ માર્ગ જ એવો છે. વસ્તુનું સ્વરૂપ એવું છે. ભગવાને કર્યું છે? બનાવ્યું છે? કર્યું નામ બનાવ્યું છે? ભગવાન કર્તા છે? એ તો ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રણ કાળ, ત્રણ લોકને જાણે છે. જાણે છે એમાં જાણવાની પર્યાયનું વેદન કરનારા છે, ધ્રુવનું નહિ

એમ કહે છે અહીં તો. આહા..હા..! કેમકે એક સમયની પર્યાય તો બીજા સમયે .. કેવળજ્ઞાનની પર્યાય પણ એક સમય રહે છે બીજે સમયે કેવળજ્ઞાનની પર્યાય રહેતી નથી. શું? કેવળજ્ઞાન પણ એક સમયમાં રહે છે. કેમકે કેવળજ્ઞાન પર્યાય છે, ગુણ નથી.

મુમુક્ષુ :- અનંતકાળ... લીધુંને?

ઉત્તર :- નહિ... નહિ... નહિ... એ તો એવી ને એવી હોય છે એ અપેક્ષાએ અનંત. બાકી એ અપેક્ષાએ કૂટસ્થ કહ્યું છે. પણ સમય સમયમાં ભિન્ન-ભિન્ન કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. કેવળજ્ઞાન પણ કેવળીને સમયે સમયે ઉત્પાદ નવો-નવો થાય છે. એ કહેતા હતા. સિદ્ધને પણ પર્યાયનું પૂંછડું રહી ગયું. અરે ભગવાન! વસ્તુનો સ્વભાવ છે. બદલવું, પર્યાયરૂપ થવું તો સમય સમય ઉત્પાદ-વ્યય દ્રવ્ય જેવું ધ્રુવ છે એવું ઉત્પાદ-વ્યય અનાદિ-અનંત છે. અનાદિ-અનંત છે. સિદ્ધમાં પણ સાદિ-અનંત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, આનંદની અનુભૂતિ, જ્ઞાનાનંદ અનુભૂતિ આખા દ્રવ્યની પર્યાયની અનુભૂતિ. અનંતા ગુણની અનુભૂતિ. આહા..હા..! અનુભૂતિ તે પર્યાય છે કે અનુભૂતિ તે દ્રવ્ય છે? પર્યાય છે. પર્યાયનું વેદન છે તો પર્યાયનું વેદન કરનારો આત્મા દ્રવ્યને સ્પર્શતું નથી, આલિંગન કરતું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એનું પર્યાય ઉપર લક્ષ છે એમ નથી, હોં! લક્ષમાં તો ધ્યેય તો દ્રવ્ય ઉપર છે. આહા..હા..! પર્યાય ઉપર લક્ષ છે એની અહીં વાત નથી. લક્ષમાં ધ્યેય તો ધ્રુવ છે, પણ ધ્રુવનું લક્ષ કરનારી જે પર્યાય છે એનું વેદન છે, ધ્રુવનું નહિ. એમ કહે છે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? લ્યો એમાં ઘણો કાળ ગયો. ૪૦ મિનિટ તો એમાં ચાલી ગઈ. સમજાણું કાંઈ? સાદી ભાષા છે. આમાં કોઈ એવું નથી. આ... આ... આ... આ... આ.. એવું ધ્રુવ હોવારૂપ. એ તો સદૃશ ચીજ છે. સદૃશમાં વિસદૃશતા ઉત્પાદ-વ્યય નથી. ઉત્પાદ-વ્યય છે એ તો પર્યાયમાં છે. તો વેદન તો પર્યાયનું છે. ત્રિકાળનું છે? ત્રિકાળનું હોય તો એક સમયનું વેદન થયું તો પર્યાય પલટી જાય છે. ધ્રુવનું વેદન હોય તો ધ્રુવ પણ પલટી જાય છે. પણ ધ્રુવનું વેદન છે નહિ. કહો, સમજાય છે કે નહિ? એય..! પ્રવિણભાઈ!

મુમુક્ષુ :- ન સમજાય એવી વાત કરે અને પછી કહે...

ઉત્તર :- ન સમજાય એવી વાત છે જ નહિ. આચાર્યને ખબર નથી કે સમજનારને અમે કહીએ છીએ? રાગને કહીએ છીએ? જડને કહીએ છીએ? સમજવાની યોગ્યતા છે એને અમે કહીએ છીએ, એમ કહે છે. ન સમજાય એમ કેમ બને? સમજાણું કાંઈ? કહો, સમજાણું કાંઈ? સમજાય એમ તો કહેવાય છે. આહા..હા..! આબાળ-ગોપાળ ભગવાન આત્મા. આઠ વર્ષની દેહની સ્થિતિ હોય. આત્માની સ્થિતિ ક્યાં છે? એ તો અનાદિ-અનંત છે. પર્યાયની સ્થિતિ એક સમયની છે. સમજાણું કાંઈ? પર્યાયની સ્થિતિ એક સમયની છે. ધ્રુવની સ્થિતિ

અનાદિ—અનંત છે. શરીરની સ્થિતિ એની સ્થિતિ પ્રમાણે છે. એ તો પરમાં ગયું. આત્મામાં શું છે? આહા..હા..! સમજાણું કાંઈ? એ બાળક પણ સમજી શકે હોં! એવું નથી, ન સમજાય એવી વાત નથી.

કહે, આત્માને સામાન્ય નથી. જુઓ, પાઠ શું છે? આત્માને દ્રવ્ય નથી, આત્માને ધ્રુવ નથી. એમ કહ્યું. છે ભાષા? **'લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધસામાન્ય તે જેને...'** એટલે આત્માને. **'તે અલિંગગ્રહણ છે; આ રીતે દ્રવ્યથી નહિ આલિંગિત...'** આત્મા દ્રવ્યને નહિ સ્પર્શનારો. પોતાના દ્રવ્યને નહિ સ્પર્શનારો. પરદ્રવ્યની તો વાત જ ક્યાં છે? આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા દ્રવ્ય નામ વસ્તુથી નહિ આલિંગિત, એકરૂપ વેદન કરનારું નહિ એવી **'શુદ્ધ પર્યાય છે...'** એવો આત્મા **'દ્રવ્યથી નહિ આલિંગિત એવો શુદ્ધ પર્યાય છે...'** આત્મા શુદ્ધપર્યાય છે એમ કહે છે. આત્મા શુદ્ધપર્યાય છે. દ્રવ્યને નહિ સ્પર્શતો થકો આત્મા શુદ્ધપર્યાય છે કેમ? અનુભવ-વેદનની શુદ્ધપર્યાય છે. તો એ આત્મા. બસ ખલાસ. મને તો અનુભવમાં આવ્યો તે આત્મા. અનુભવમાં નથી આવતો તો દ્રવ્યને હું સ્પર્શતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વેદાંતમાં આવ્યું...

ઉત્તર :- વેદાંતીને આ ક્યાં ભાન હતું કાંઈ? વેદાંતને ખબર કેટલી.. નહોતું આવ્યું શબ્દ? .. પ્રસિદ્ધ આવ્યું હતુંને. લોકવ્યાપક. આચાર્યે તો સ્પષ્ટ કરી દીધું છે. એમાં શું છે? કોઈને ઠીક લાગે, ન ઠીક લાગે. સ્પષ્ટ કર્યું છે. સત્ય તો આ છે. લોકવ્યાપી આત્મા માનનારા પાખંડીઓને પ્રસિદ્ધ છે એ તો.

મુમુક્ષુ :- એ તો પરથી છોડાવા માટે તો એમ કહેને.

ઉત્તર :- એ તો એની દયા કરૂણા આવી. ભાઈ! એવી ચીજ નથી. આ ..વાદ નથી. વસ્તુનું એવું સ્વરૂપ જ છે. ભગવાન આત્મા પોતાના ગુણ-પર્યાયમાં વ્યાપક છે. પરક્ષેત્રમાં, પરદ્રવ્યમાં લોકાલોકમાં વ્યાપક નથી.

અહીંયા તો કહે છે કે પરમાત્મા પોતાનું સ્વરૂપ, તે ધ્રુવ એને અડતું નથી. કેમ? કે વેદનમાં તો પર્યાય આવે છે. વેદનમાં એક સમયની અનુભૂતિ થાય છે. એ અનુભૂતિ તે આત્મા. તે અનુભૂતિ તે આત્મા શુદ્ધ પર્યાય. તે અનુભૂતિ આત્મા શુદ્ધ પર્યાય. એ આત્મા દ્રવ્ય નથી. સમજાણું કાંઈ? અનુભૂતિની અપેક્ષાએ. આહા..હા..! આ ૧૯ બોલ કહીને ૨૦મા બોલમાં જુઓ, ફળ બતાવી દીધું. એવો આત્માને જાણે તેને આનંદની વેદન દશા થાય તે પર્યાયનું વેદન છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પર્યાય નાખે.

**'દ્રવ્યથી નહિ આલિંગિત એવો...'** કોણ? આત્મા. **'શુદ્ધ પર્યાય છે...'** શબ્દ એવો

છે? **'આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત...'** પોતાના દ્રવ્યને આત્મા નહિ સ્પર્શનારો એવો આત્મા શુદ્ધ પર્યાય છે. એવા અર્થની અલિંગગ્રહણમાંથી પ્રાપ્તિ થાય છે. લ્યો ૨૦ થઈ ગયા. સમજાણું કાંઈ? હવે થોડું પહેલાથી લઈ લઈએ. હજી પા કલાક છેને. સરવાળો. આત્મા ઇન્દ્રિયથી જાણતો નથી. ઇન્દ્રિયથી જાણે તે આત્મા નથી, અણાત્મા છે. આત્મા તો પોતાના જ્ઞાનના લક્ષે જાણે તે આત્મા. ત્યારે ઇન્દ્રિય આદિ પરવસ્તુની અપેક્ષાએ જાણે એ આત્મા છે શું? નહિ. એ પહેલો બોલ થયો. બીજા બોલમાં ઇન્દ્રિયો વડે આત્મા ગ્રહણ થતો નથી. પહેલા બોલમાં ઇન્દ્રિય વડે જાણતો નથી. પોતાથી જાણે છે અતીન્દ્રિય આત્મા. પોતાના અતીન્દ્રિયથી જાણે તે આત્મા. ઇન્દ્રિયથી જાણે તે આત્મા નથી. એક બોલ.

બીજો. ઇન્દ્રિયો વડે જણાતો નથી. ભગવાન આત્મા ઇન્દ્રિયોથી જણાય એવો છે જ નહિ. એ તો અતીન્દ્રિય જ્ઞાનથી જણાય છે. ત્રીજો. આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષના અનુમાનનો વિષય નથી. બાહ્ય ઇન્દ્રિયથી ચિહ્ન પક્કડમાં આવે અનુમાનથી કે આ શરીર જીર્ણ થઈ ગયું, આમ થઈ ગયું, ઘણા અપવાસ કર્યા છે તો એવા અનુમાનથી, ચરણાનુયોગની ક્રિયા ઘણી કરે છે તો તેને આત્મા જણાયો એવું અનુમાનમાં આવતું નથી. સમજાણું કાંઈ? એ ત્રીજો બોલ છે.

ચોથો. આત્મા બીજા વડે અનુમાન કરવાયોગ્ય નથી. ચોથો બોલ. આત્મા બીજા વડે અનુમાન કરવાલાયક નથી. બીજા વડે પણ પ્રત્યક્ષ પોતે હોય તે બીજાને પ્રત્યક્ષ જાણી શકે છે. સમજાણું કાંઈ? પાંચમો બોલ. આત્મા બીજાને અનુમાનથી જાણે એવો આત્મા નથી. ચોથામાં બીજા એને અનુમાનથી જાણે એવો અનુમેય નથી. પાંચમામાં પોતાનો આત્મા પોતાના અનુમાનથી, એ અનુમાનથી જાણે તે આત્મા જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પાંચ બોલ થયા.

છઠ્ઠો. આત્મા પોતાના સ્વભાવથી જણાય છે. અસ્તિ સિદ્ધ કરી. ઓલા પાંચમાં નાસ્તિ કરી હતી. આત્મા પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. કહો, સમજાણું કાંઈ? છઠ્ઠો. આત્મા ઉપયોગમાં, બાહ્યના ઉપયોગમાં બાહ્ય જ્ઞેયનું આલંબન નથી. જેના જ્ઞાનના વેપારમાં જ્ઞેયનું આલંબન છે તે આત્માનો ઉપયોગ નથી, આત્મા નથી. શબ્દ દિવ્યધ્વનિથી સાંભળવામાં આવ્યા તે જ્ઞાન બાહ્ય જ્ઞેયનું આલંબન થયું તો તે આત્મા નથી, તે ઉપયોગ નથી. આત્માનો ઉપયોગ નથી. ઓહો..હો..! (સાતમો). જેના ઉપયોગમાં બાહ્ય જ્ઞેયનું આલંબન નથી એવો આત્માને અલિંગગ્રહણ કહેવામાં આવે છે. લિંગ નામ ઉપયોગમાં બાહ્યનું આલંબન નથી, ગ્રહણ નથી. આહા..હા..! રાડ નાખે છે. ભગવાનની વાણીથી પણ સાંભળવામાં ન આવે? દિવ્યધ્વનથી સાંભળવામાં નથી આવતું? ના. પરથી નથી જણાતો. ઉપયોગ પોતાનો છે તો ઉપયોગ લક્ષ તો દ્રવ્યને કરે છે. તો ઉપયોગ જેનો નથી એનું લક્ષ કરે તો તે આત્મા જ નથી, તે ઉપયોગ જ નથી. સમજાણું કાંઈ? આઠમો બોલ. આત્માનો

ઉપયોગ બહારથી લવાતો નથી. સમજાણું કાંઈ?

આઠમો બોલ. આત્માનો ઉપયોગ બહારથી લવાતો નથી. એટલે બહુ ભણતર કરે અને શાસ્ત્ર ભણે માટે ઉપયોગ થઈ જાય એમ નથી. પર્યટન કરે તો નહિ. આહા..હા..! પોતાનો ભગવાન જ્ઞાનની મૂર્તિ છે તેનું લક્ષ કરે, ધ્યેય કરે તો ઉપયોગ ઉપયોગરૂપ થાય છે. ત્યારે એ ઉપયોગને બહારથી લાવવો પડતો નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? નવમો. આત્માના ઉપયોગનું કોઈ હરણ કરી શકતું નથી. કોણ હરણ કરે? ભગવાન! ઉપયોગ જ્ઞાન જેનું લક્ષણ છે તેને પકડ્યું છે, તેને ઉપયોગ કહે છે. તો ઉપયોગ દ્રવ્યથી લક્ષ હટતું નથી તો ઉપયોગમાં હરણ, ઘટે એ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? આહા..હા..! જાણવું-દેખવું પોતાનો જે ઉપયોગ એ લક્ષ્ય-દ્રવ્ય તેનો ઉપયોગ છે. તો એવા ઉપયોગ લક્ષ્યમાં જ્યારે આવ્યો તે ઉપયોગનું હરણ કેમ થાય? દ્રવ્યનો અભાવ કેમ થાય? તો તેના ઉપયોગનો પણ અભાવ નથી થતો. તેને અલિંગગ્રહણ આત્માનો ઉપયોગ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

દશમો બોલ. આત્માના ઉપયોગમાં વિકાર નથી. સૂર્યના કિરણમાં વિકાર નથી. સૂરજમાં વિકાર નથી. છે? ગ્રહણ થાય છેને? ગ્રહણ હોય છેને. ગ્રહણ સૂર્યમાં કેવું? એ તો નીચે છે. એ દુનિયાની દૃષ્ટિથી છે. વસ્તુમાં છે નહિ. સૂર્યના કિરણમાં, સમજાણું કાંઈ? વિકાર નથી. એમ ભગવાન આત્માના ઉપયોગમાં શુભ-અશુભ વિકલ્પ છે જ નહિ તેને ઉપયોગ કહે છે. તે ઉપયોગ-શુદ્ધ ઉપયોગ સ્વભાવી આત્મા છે. આહા..હા..! શુભનો વિકલ્પ એ પણ આત્મા નથી. અહીં તો કહે વ્યવહાર કરતા કરતા નિશ્ચય થાય. આ તો કહે અણાત્માથી આત્મા થાય એવી તારી ચીજ છે. સમજાણું કાંઈ? વિકાર નથી. એવો ઉપયોગ-શુદ્ધ ઉપયોગ સ્વભાવી ભગવાન આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અગિયારમો બોલ. ઉપયોગ કર્મને ગ્રહણ કરતો નથી. કર્મ આવવામાં ઉપયોગ નિમિત્ત નથી. જે નિમિત્ત છે રાગ-દ્વેષ તે ઉપયોગ નથી. જાણવું-દેખવું, પોતાનો ઉપયોગ પોતાના લક્ષ્યમાં આવ્યો તો ઉપયોગ કર્મગ્રહણમાં નિમિત્ત થાય તે ઉપયોગ જ નથી. તો આત્માના ઉપયોગમાં એવું ગ્રહણ નથી તો આત્મામાં કર્મનો સંબંધ નથી આત્મા કર્મના અસંબંધવાળો છે. ઓહો..હો..! રાડ નાખે. અત્યારે? હા અત્યારે. નહિતર એ આત્મા દૃષ્ટિમાં આવ્યો નથી. સમજાણું કાંઈ? આત્મા ઇન્દ્રિયથી ભોક્તા નથી એનું નામ આત્મા. એ બારમો બોલ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ઇન્દ્રિયોથી ભોક્તા નથી. એ તો અતીન્દ્રિય આનંદનો ભોક્તા છે ભગવાન. ઇન્દ્રિયથી ભોગવે તે આત્મા નથી. તો ઇન્દ્રિય તો નિમિત્ત છે, ભોક્તા તો રાગનો થાય છે. રાગ તો આસ્રવતત્ત્વ છે, ઇન્દ્રિય અજીવતત્ત્વ છે અને જીવનું ખંડતત્ત્વ છે. સમજાણું કાંઈ? તો એનાથી આત્મા ઇન્દ્રિયો વડે ભોક્તા જ નથી એવા આત્માને આત્મા કહે છે. સમજાણું કાંઈ?

તેરમો. મન અને ઈન્દ્રિય આદિથી જીવનું જીવન નથી. મન અને ઈન્દ્રિયથી જીવનું જીવન નથી. દશ પ્રાણથી, અજીવ પ્રાણ અને યોગ્યતાના પ્રાણ એ જીવનું જીવન નથી. જીવો અને જીવવા દો. આ હમણા આવ્યું પાછું. ભગવાનનો સંદેશ જીવો અને જીવવા દો. અરે પ્રભુ! શું કરે છે તું આ? ભગવાન તો કહે છે કે તારી જીવત્વ શક્તિમાં ચૈતન્યભાવ પ્રાણ પડ્યો છે. એનાથી તારું જીવવું થાય તેને જીવ કહેવામાં આવે છે. મન અને ઈન્દ્રિયથી જીવે, આયુષ્ય હોય અને મન ઈન્દ્રિયથી જીવે તે જીવ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? તેરમો બોલ.

ચૌદમો બોલ. મેહનાકાર લૌકિક સાધનમાત્ર નથી. ચૌદમો બોલ. ભગવાન આત્મા મેહનાકાર ઈન્દ્રિય વિષય છેને ઈન્દ્રિય? સ્ત્રીની ઈન્દ્રિય અને પુરુષની ઈન્દ્રિય એ તો જડ છે. એ આત્માનું સાધન છે જ નહિ. લૌકિક સાધનમાત્રથી રહિત એવો ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? ચૌદમો બોલ. પંદરમો અમેહનાકાર. તો ઈન્દ્રિયને આકાર નથી તો વ્યાપક થઈ જાય. લોકપ્રમાણે વ્યાપક થઈ જાય અમેહનાકાર. મેહ એટલે ઈન્દ્રિયથી રહિત. આખા લોકનો.. એમ નથી. લોકમાં વ્યાપવુંપણું જેમાં નથી તેવો અમેહનાકાર પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ કેવો આત્મા છે. એ લોકવ્યાપક છે એ વાત તદ્દન જૂઠી છે. સમજાણું કાંઈ? એ પંદરમો બોલ થયો.

સોળમો. ભગવાન આત્મા દ્રવ્ય અને ભાવ વેદરહિત છે. દ્રવ્ય અને ભાવ બે વેદ છે નહિ. વેદ વિકલ્પ વિકાર છે. વિકાર સ્વભાવમાં છે નહિ. પર્યાયમાં પણ નથી. આહા..હા..! દ્રવ્ય અને ભાવ વેદરહિત છે. એવા આત્માને અલિંગગ્રહણ કહેવામાં આવે છે. એ આત્મા બાહ્ય ધર્મના ચિહ્નથી રહિત છે. સમજાણું કાંઈ? શું કહ્યું? આ વેશ મુનિનો, યતિનો અને બાહ્ય અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ જેને નથી, યતિનું બાહ્ય ચિહ્ન જેને નથી એવા આત્માને આત્મા કહેવામાં આવે છે. કેટલા થયા? સત્તર. અઢાર. અઢાર. ભગવાન આત્મા અર્થાવબોધ એવો જે ગુણ, એવો જે વિશેષ તેને સ્પર્શતો નથી એવું શુદ્ધદ્રવ્ય છે. એ અઢારમો બોલ. શુદ્ધદ્રવ્ય સ્વભાવ આત્માને ગુણવિશેષનો સ્પર્શ છે નહિ. પહેલા વિશેષ નહોતું લીધું. પહેલા એમ લીધું કે અર્થાવબોધરૂપ. તો પછી ગુણવિશેષ... પર્યાયને વિશેષ ખાસ પ્રગટ છે એમ લીધું હતું. આ ગુણને ધ્રુવ.. છેને? ઓલો ભેદ છે એ અપેક્ષાએ પછી વિશેષ કર્યું. સમજાણું કાંઈ? તો એવા અર્થાવબોધરૂપી ભેદ જેને નથી એવું શુદ્ધદ્રવ્ય છે.

અને ભગવાન આત્મા, ઓગણીસમો બોલ. પર્યાયવિશેષને નહિ સ્પર્શનારું એવું શુદ્ધદ્રવ્ય છે. કહો, સમજાણું કાંઈ? છેલ્લો બોલ તો ઘણો ચાલ્યો. તો ભગવાન આત્મા દ્રવ્યને સ્પર્શનારો નથી એવી અનુભૂતિરૂપ શુદ્ધ પર્યાયમાત્ર આત્મા છે. આ વીસમો બોલ. ઘણા દિ'નું થોડું-થોડું કહ્યું. અત્યારે નવું ક્યાં લેવું? સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના દ્રવ્યને અનુભૂતિની પર્યાયમાં નહિ લાવનાર, તેને નહિ સ્પર્શનારો એવા શુદ્ધપર્યાયની અનુભૂતિમાત્ર આત્મા કહેવામાં આવે છે. એવા આત્માનું સ્વરૂપ દૃષ્ટિમાં લેવું તેનું નામ સમ્યગ્દર્શન છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)




: પ્રકાશક :

**શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

વિલે પાર્લા, મુંબઇ.

www.vitragvani.com